૩. આ ગુચ્છકમાં સાતમા ગુચ્છકની જેમ મોટે ભાગે સ્તોત્રો છે કે સર્વાંશે એ તો આ ગુચ્છક જોવા મળ્યે કહી શકાય તેમ હોઇ આ કામચલાઉ ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨) 'તપા' ગચ્છના વિજયદાનસૂરિના શિષ્ય જગમાલે વિ. સં. ૧૬૩૧ કે વિ. સં. ૧૬૬૧માં રચેલો **સ્તોત્રકોશ.**

(૩) જયકેસરિસૂરિકૃત **સ્તોત્રાવલી.**

આ ત્રણે રચનાઓની નોંધ **જિ. ૨. કો.** (વિ. ૧)માં અનુક્રમે પૃ. ૧૪૫, ૪૫૩ અને ૪૫૪માં લેવાઇ છે.

જૈ. સં. સા. ઇ. (ખંડ ૨, ઉપખંડ ૧)ના પ્રકરણ ૨૮-૩૦માં વિવિધ સ્તુતિસ્તોત્રોનો મેં પરિચય આપ્યો છે અને ૩૧મા તથા ૩૨મા પ્રકરણોમાં અનુક્રમે પાદપૂર્તિરૂપ અને અનેકાર્થી સ્તુતિઓ વિષે નોંધ કરી છે.

જૈનસ્તોત્રસન્દોહ ([૧]ભા. ૧)માં ૧૨૫ સ્તોત્રો છે અને [૨]૪૨ સ્તોત્રકારોનો સંસ્કૃતમાં પરિચય છે જ્યારે ભા. ૨માં ૬૨ સ્તોત્રો છે અને [૩]૩૮ સ્તોત્રકારોનો ગુજરાતીમાં પરિચય છે. બંને પરિચયના લેખક શ્રીચતુરવિજયજી છે.

સ્તોત્રકર્ત્રી– જૈન કૃતિઓ રચનારા મોટે ભાગે પુરુષો અને તે પણ શ્રમણો છે એમ ઉપલબ્ધ જૈન સાહિત્ય જોતાં જણાય છે. આથી સાત પદ્યનું **આદિનાથસ્તોત્ર** અને પાંચ પદ્યોનું અજિત
P. ૪૮ **નાથસ્તોત્ર** જે પ્રવર્તિની **મેરુલક્ષ્મી**એ રચ્યાં છે તે [૪]અપવાદરૂપ ગણાય. આ બંને સ્તોત્રો "જૈ. સ. પ્ર." (વ. ૧૯, અં. ૮)માં છપાયાં છે.

વિશેષતા– સ્તુતિ-સ્તોત્રોની રચના એવી છે કે એમાં વિવિધ શબ્દાલંકારોને સ્થાન આપી શકાય. આનો યથેષ્ટ લાભ જૈન સ્તોત્રકારો એ લીધો છે. અનુપ્રાસ, યમક, ચિત્ર, શ્લેષ, વક્રોક્તિ અને પુનરુક્તાભાસ એમ છ જાતના શબ્દાલંકારો છે. એ પૈકી ખડ્ગાદિ બંધરૂપ 'ચિત્ર'થી અલંકૃત રચના જિનપ્રભસૂરિનાં ઉપલબ્ધ સ્તુતિ-સ્તોત્રરૂપ સાહિત્યમાં દૃષ્ટિગોચર થાય છે પરંતુ ભોજ્યાદિનામગર્ભિત કે માયાવી ચોરસોથી અંકિત એવું એક પણ સ્તોત્ર જિનપ્રભસૂરિએ રચ્યાનું જણાતું નથી એથી આશ્ચર્ય થાય છે. મારું તો ચોક્કસ માનવું છે કે એમણે રચેલાં અનુપલબ્ધ સ્તોત્રોમાં આ જાતની રચનાઓ હશે જ. અદ્યાપિ જૈન ભંડારો પૂરેપૂરા તપાસાયા નથી તો આ મહત્ત્વનું કાર્ય સવેળા થવું ઘટે કે જેથી આપણને ઘણું નવું જાણવાનું મળે,

પાદપૂર્તિરૂપ કાવ્યો કિંવા સમસ્યા-કાવ્યો

એશિયા, યુરોપ વગેરે ખંડોમાં જે જાત-જાતનું સાહિત્ય રચાયું છે તેમાંનો એક પ્રકાર તે પાદપૂર્તિરૂપ સાહિત્ય છે. એ રચના તે સામાન્ય રીતે અન્યકર્તૃક પાદની-ચાર ચરણના પદ્યના એક

૧. આ ભાગમાં ઇ. સ. ૧૯૩૨માં છપાયેલાં સ્તુતિ સ્તોત્રોનાં પ્રતીકો એના નામાદિપૂર્વક અપાયાં છે.

૨-૩. ૧૪૦ સ્તોત્રકારોનાં નામ વિષે મેં પૃ. ૪૩માં નિર્દેશ કર્યો છે.

૪. **અંજણાસુન્દરીચરિય** (પૃ. ૨૬૫), **રેંટિયાની સજ્ઝાય** અને **કનકવતી–આખ્યાન** એ અનુક્રમે મહત્તરા ગુણસમૃદ્ધિ, શ્રાવિકા રતનબાઇ અને સાધ્વી હેમશ્રીની રચના છે. વિશેષ માટે જુઓ મારા લેખ નામે "રતનબાઇનો રેંટિયો" તથા "સાધ્વીઓ અને સાહિત્ય" આ લેખો અનુક્રમે "ગુ. મિત્ર તથા ગુ. દર્પણ"ના તા. ૧૨-૫-'૪૬ના અંકમાં અને "આ. પ્ર." (પુ. ૬૧, અં. ૧૨)માં છપાયા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચરણની અન્ય ત્રણ ચરણો રચી એ જ છંદમાં કરાયેલી પૂર્તિરૂપ છે.[૧] એમાં જે ચરણની પૂર્તિ કરાઈ P. ૪૯
હોય તેના ભાવને અનુરૂપ અર્થ રહેલો હોવો જોઈએ એ દેખીતી વાત છે. આમ હોવાથી એ [૨]સમસ્યાના ઉકેલની ગરજ સારે છે અને એથી એને 'સમસ્યા-કાવ્ય' પણ કહે છે.

અમરકોશ (કાંડ ૧, વર્ગ ૬, શ્લો ૭)માં 'સમસ્યા' શબ્દ છે અને એના પર્યાય તરીકે અહીં 'સમાસાર્થા' શબ્દ છે. આની એક ટીકામાં કહ્યું છે કે– ''या समासार्था पूरणीयार्था कविशक्ति-परीक्षणार्थमपूर्णतयैव पठ्यमानार्था वा सा समस्या.''[૩] **શબ્દકલ્પદ્રુમકોશ**માં આ સંબંધમાં નીચે મુજબ ઉલ્લેખ છે :–

''भिन्नाभिप्रायस्य श्लोकादेस्तदीयत्वेन प्रत्यभिज्ञायमानानां भागानां स्वकृतेन परकृतेन वा भागान्तरेण समसनं-सन्धानं समस्या''[૪]

કહેવાનું તાત્પર્ય એ છે કે જેનો અર્થ પૂરણીય એટલે કે પૂરો કરવાનો છે તેને 'સમસ્યા' કહે છે અથવા કવિની શક્તિની પરીક્ષા માટે અપૂર્ણપણે જ જે અર્થ કહેવાયો હોય તેને 'સમસ્યા' કહે છે અથવા ભિન્ન ભિન્ન અભિપ્રાયવાળા અપૂર્ણ શ્લોક વગેરેના તે (મૂળ કૃતિના) રૂપે જણાતા ભાગોને પોતે કે અપર જને કરેલા અન્ય ભાગ વડે જોડવું તે 'સમસ્યા' છે. આ જાતનું સાહિત્ય યુરોપમાં રચાયું P. ૫૦
હોય એમ લાગતું નથી, બાકી એશિયાઈ પ્રજાઓની વાત જુદી છે. ભારતવર્ષે આ દિશામાં પુષ્કળ ફાળો આપ્યો છે એમ એનું સંસ્કૃત સાહિત્ય જોતાં જણાય છે. આ જાતના સાહિત્યનો ઉદ્‌ભવ રાજદરબારમાં 'શીઘ્ર કવિ' તરીકે નામના મેળવવાની વૃત્તિને આભારી હશે. ગમે તેમ પણ આ ક્ષેત્રમાં જૈન ગ્રંથકારોએ મહત્ત્વનું કાર્ય કર્યું છે એમ એમણે પોતાના તેમ જ અન્ય સંપ્રદાયનાં કાવ્યોની પૂર્તિરૂપે કરેલી રચનાઓ જોતાં જણાય છે. *મેઘદૂત જેવાનાં પ્રત્યેક પદ્યનાં ચારે ચરણની પાદપૂર્તિરૂપકાંવ્ય* જેવી રચના મૂળ કૃતિના સંરક્ષણનું કાર્ય પણ સંપૂર્ણપણે કરે છે.

પ્રારંભ– કાવ્યશાસ્ત્રમાં વર્ણવેલા અલંકારો પૈકી પાદપૂર્તિ પણ એક અલંકાર છે. આથી કરીને આવા અલંકારનો પ્રથમ કોણે પ્રારંભ કર્યો એ કહેવું મુશ્કેલ છે કેમકે એક તો પ્રાચીનમાં પ્રાચીન અલંકારશાસ્ત્ર કયું છે અને તે કોણે રચ્યું છે તે જાણવું જોઈએ. વળી આ ઉપરાંત પહેલવહેલું પાદપૂર્તિરૂપ કાવ્ય કોણે રચ્યું એનો પણ નિર્ણય કરવા તેના કર્તાનો સમય નિર્ણીત હોવો જોઈએ.[૫] એથી કરીને આ પ્રશ્નોનો અન્તિમ નિર્ણય તો હું કરી શકું તેમ નથી છતાં એ દિશામાં કંઈક પ્રકાશ પાડવા મેં પ્રયત્ન કર્યો છે.

૧. અન્ય પ્રકારો માટે જુઓ પૃ. ૨૩.

૨. 'સમસ્યા' નામના લેખમાં શ્રી. જનક દવેએ સમસ્યાના પર્યાયો, પ્રકારો ઇત્યાદિ વિષે માહિતી આપી છે. આ લેખ ''ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક'' (પુ. ૩૨, અં. ૧-૨)માં છપાયો છે.

૩-૪. આ બંને અવતરણો ''સિ. જૈ. ગ્રં.''માં પ્રકાશિત **દેવાનન્દ-મહાકાવ્યના** ''સંક્ષિપ્ત સારાર્થ'' (પૃ. ૧૦)માં અપાયાં છે.

૫. **મેઘદૂત**ની પાદપૂર્તિરૂપ કાવ્ય રચવાના કાર્યની શરૂઆત જૈનોએ કરી છે એવો ''જૈન આત્માનંદ ગ્રંથરત્નમાલા'' તરફથી બહાર પડેલા **જૈનમેઘદૂત**ની પ્રસ્તાવનામાં ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્તમ રચના– પાદપૂર્તિરૂપ કાવ્ય રચવું એ બાળકનો ખેલ નથી. મૂળ કાવ્યમાં જે જે વિશિષ્ટ ગુણોનો સદ્‌ભાવ હોય તે તે ગુણોથી વિભૂષિત કાવ્ય રચવું એ પ્રતિભાશાળી જ મનુષ્ય કરી શકે એમ
P. ૫૧ કહેવું ખોટું નહિ ગણાય, કેમકે 'લાકડે માંકડું' વળગાડ્યાનો દોષ પોતાને શિરે ન આવે એટલા માટે પાદપૂર્તિ તરીકે લીધેલા પાદમાંથી નીકળતા અર્થનું અનુસન્ધાન કરવા તરફ પણ લક્ષ્ય આપવાની આવશ્યકતા રહે છે એ ભૂલવા જેવું નથી વળી તેમાં પણ કોઈ મહાવ્યક્તિનું ચરિત્ર સાંગોપાંગ આલેખવું એ તો પ્રતિભાની પરાકાષ્ઠા સૂચવે છે. આમાં પણ ખરી ખૂબી તો ત્યારે જ ગણાય કે જ્યારે પાઠકને તે કાવ્ય અન્ય કોઈ કાવ્યની પાદપૂર્તિરૂપ છે એમ ન ભાસે પરંતુ તે અભિન્ન કાવ્ય છે એમ જ લાગે. આને માટે શબ્દરચના ઉપર પણ ધ્યાન આપવાની જરૂર રહે છે.

નોંધ–ભક્તામર-સ્તોત્ર પૂરતી પાંચ પાદપૂર્તિઓની નોંધ મેં "શ્રીભક્તામર-સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહ" (ભા. ૧, પૃ. ૨૭)માં ઈ. સ. ૧૯૨૬માં લીધી હતી. ત્યાર બાદ ઈ. સ. ૧૯૩૩માં પ્રકાશિત "જૈનધર્મવરસ્તોત્રાદિકૃતિત્રિતય" ઉપરની મારી સંસ્કૃત પ્રસ્તાવના (પૃ. ૧-૨)માં આ પાંચ પાદપૂર્તિરૂપ કાવ્યો ઉપરાંતનાં અન્ય એ જાતનાં વીસેક કાવ્યોની મેં નોંધ લીધી છે અને ઉપર્યુક્ત પ્રસ્તાવના (પૃ. ૩)માં **જૈનધર્મવરસ્તોત્ર** જેવાં ત્રણ કાવ્યોનો ઉલ્લેખ કર્યો છે. **ભક્તામરસ્તોત્ર**ની પાદપૂર્તિરૂપ તેર કાવ્યોનો સંક્ષિપ્ત પરિચય મેં ઈ. સ. ૧૯૩૨માં પ્રકાશિત ભક્તા.સ્તોત્રત્રયની મારી ભૂમિકા (પૃ. ૧૩-૧૫)માં આપ્યો છે.[1] **સ્તુતિ-ચતુર્વિંશતિકા**ની મારી ભૂમિકા (પૃ. ૨૮)માં મેં પાદપૂર્તિરૂપ બે કાવ્યોની નોંધ લીધી છે.

P. ૫૨ આ ઉપરથી હું જૈનોને હાથે રચાયેલાં પાદપૂર્તિરૂપ કાવ્યોની એક સૂચી મૂળ કૃતિના પ્રણેતાના સંપ્રદાય અનુસાર એને બે વર્ગમાં વિભક્ત કરી નીચે મુજબ રજૂ કરું છું :–

(૧) અજૈન કૃતિઓની પાદપૂર્તિરૂપ કાવ્યો.

(૨) જૈન કૃતિઓની પાદપૂર્તિરૂપ કાવ્યો.

[૧]

પ્રથમ વર્ગમાં (૧) મહાકાવ્યો, (૨) સ્તોત્ર, (૩) પ્રકીર્ણક પંક્તિઓ, (૪) વ્યાકરણ અને (૫) કોશ એમ પાંચને અંગેનાં પાદપૂર્તિરૂપ કાવ્યોનો સમાવેશ થાય છે. એ અનુક્રમે નીચે મુંજબ છે :–

(અ) મહાકાવ્યોની પાદપૂર્તિ (૧૧)

નામ	પ્રણેતા	પૃષ્ઠાંક
૧. રઘુવંશ (સ.૩)ની પાદપૂર્તિ (૧)		
૧. જિનસિંહસૂરિપદોત્સવકાવ્ય	સમયસુન્દરગણિ	૪૪૬

૧. મુખ્યતયા આને સામે રાખી શ્રી. અગરચંદ નાહટાએ પાદપૂર્તિરૂપ સાહિત્યને અંગે ઈ. સ. ૧૯૪૨માં "જૈન પાદપૂર્તિ-સાહિત્ય" નામનો લેખ લખ્યો હતો. એ "જૈ. સિ. ભા." (ભા. ૩, કિ. ૨-૩)માં છપાયો હતો. આ ઉપરાંતનાં પાદપૂર્તિરૂપ કાવ્યોની નોંધ એમણે "ભાવારિવારણ-પાદ-પૂર્ત્યાદિ-સ્તોત્રસંગ્રહ"ની હિન્દી પ્રસ્તાવના (પૃ. ૧-૨)માં વિ. સં. ૨૦૦૪માં લીધી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

	નામ	પ્રણેતા	પૃષ્ઠાંક	
	૨. મેઘદૂતની પાદપૂર્તિ (૭)			
૧.	ચન્દ્રદૂત	વિમલકીર્તિગણિ	૪૫૧-૪૫૩	
૨.	ચેતોદૂત	?	૫૦૫	
૩.	નેમિદૂત (નેમિચરિત)	વિક્રમ	૪૪૮-૪૫૦	
૪.	પાર્શ્વાભ્યુદય-કાવ્ય	દિ. જિનસેનસૂરિ પહેલા	૪૪૭	
૫.	મેઘદૂત-સમસ્યા-લેખ	મેઘવિજયગણિ	૫૦૧-૫૦૨	
૬.	શીલદૂત	ચારિત્રસુન્દરગણિ	૪૫૧	
૭.	[1]હંસપાદાંકદૂત (?)	?	૪૫૩	P. ૫૩
	૩. કિરાતાર્જુનીયની પાદપૂર્તિ (૧)			
૧.	કિરાત-સમસ્યા-પૂર્તિ	મેઘવિજયગણિ	૪૫૩	
	૪. શિશુપાલવધની પાદપૂર્તિ (૧)			
૧.	દેવાનન્દામહાકાવ્ય (દિવ્યપ્રભા)	મેઘવિજયગણિ	૪૫૪-૪૫૫	
	૫. નૈષધીયચરિત (સ. ૧)ની પાદપૂર્તિ (૧)			
૧.	શાન્તિનાથચરિત્ર (નૈષધીયમસ્યા)	મેઘવિજયગણિ	૪૫૬-૪૫૮	
	(આ) સ્તોત્રની પાદપૂર્તિ (૪)			
	૧. [2]મહિમ્ન-સ્તોત્રની પાદપૂર્તિ (૪)			
૧.	ઋષભમહિમ્નઃસ્તોત્ર (સમસ્યામહિમ્નઃસ્તોત્ર)	ઋષિવર્ધનસૂરિ	૪૫૮	
૨.	ઋષભમહિમ્નઃસ્તોત્ર (સમસ્યામહિમ્નઃસ્તોત્ર)	વિશાલરાજ	૪૫૯	
૩.	[3]ઋષભમહિમ્નઃસ્તોત્ર ([4]મહિમ્નઃસ્તોત્ર)	રત્નશેખરસૂરિ	૩૯૧	

૧. **વિદ્વદ્-રત્ન-માલા** (પૃ. ૪૯)માં આનો ઉલ્લેખ છે પરંતુ આ કાવ્ય હોવા વિશે શંકા રહે છે.

૨. રઘુનાથે વિ. સં. ૧૮૫૭માં જે **પાર્શ્વમહિમ્નસ્તોત્ર** રચ્યું છે તે **મહિમ્નસ્તોત્ર**ના અનુકરણરૂપ છે પરંતુ પાદપૂર્તિરૂપ નથી.

૩. આ પ્રકાશિત કૃતિનાં નામાંતર માટે જુઓ પૃ. ૫૪, ટિ. ૧. = 22 ટિ. ૧.

૪. આ નામની કૃતિ **સત્યશેખરગણિએ** રચ્યાનો ઉલ્લેખ વિચારણીય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૫૪ ૪. [1]શાન્તિજિનમહિમ્નઃસ્તોત્ર [2]**સિદ્ધાન્તસાર**

આ મહિમ્નઃસ્તોત્રના પ્રત્યેક પદ્યની ચરણની પાદપૂર્તિરૂપ સ્તોત્રમાં ૩૫ પદ્યો છે. એ
P. ૫૫ શાન્તિનાથના ગુણોત્કીર્તનરૂપ છે. એના આદ્ય અને અંતિમ પદ્યો અનુક્રમે નીચે મુજબ છે :–

''महिम्नस्ते भावी सुरवरनराधीशविहित—
स्तुतीनां चेतस्सु प्रथितकुतुकानामपि सताम् ।
समारम्भः शान्ते ! जिनवर ! मनोभूक्षयविधौ
ममाप्ये(? प्ये)ष स्तोत्रे हर ! निरपवादः परिकरः ॥१॥''

''इत्थं किञ्चिदपि स्तुतः प्रमदतस्तीर्थेश ! सल्लोचना—
नन्दे सोम ! जयश्रियं वितर मे भावद्विषां संहतेः ।
सद्बोधिद्रुमवर्धने जलधरः श्रीइन्दनन्दिप्रदः
पादाम्भोजनिषेवणे रतिजुषां सर्वाङ्गभाजां भुवि ॥३५॥''

૨૬મું પદ્ય અને એની વિવૃત્તિ નોંધપાત્ર છે કેમકે એમાં [3]અજૈન દેવો અને [4]ઋષિઓ તો નામમાત્રથી તે તે ગુણવાળા છે જ્યારે હે શાન્તિનાથ ! તમે તો ખરેખર તેવા છે એમ અત્ર કહ્યું છે.

---

૧. આ સ્તોત્ર શ્રીવિજયકસ્તૂરસૂરિજીના પ્રશિષ્ય અને પં. શ્રીયશોભદ્રવિજયજી ગણિ (હાલ સૂરિ)ના શિષ્ય પં. શ્રીશુભંકરવિજયગણિકૃત **ભદ્રંકરોદયા** નામની સંસ્કૃત વ્યાખ્યા અને હિન્દી પદાર્થ તથા ભાવાર્થ સહિત શ્રી. કોઠારી લક્ષ્મીચંદ હજારીમલજીએ બેંગ્લોરથી વિ. સં. ૨૦૧૭માં ''શ્રીયશોભદ્રશ્રેણિ''ના ગ્રન્થાંક ૧૩ તરીકે પ્રકાશિત કરી છે. આના સંપાદક વ્યાખ્યાકારના શિષ્ય **સૂર્યો**દયવિજયજી છે. પ્રાક્કથનમાં **આદિજિનમહિમ્નઃસ્તોત્ર**ની એક હાથપોથી પોતાના પ્રગુરુના ગુરુ **શ્રીવિ**જયકસ્તૂરસૂરિજી પાસે હોવાનું અને એના ઉપર આ સૂરિએ વિવૃતિ રચ્યાનો ઉલ્લેખ કર્યો છે. એ હાથપોથી વ્યાખ્યાકાર તરફથી જોવા મળતાં નિમ્નલિખિત બાબતો જાણી શકાઈ છે :–
આ સ્તોત્રનું નામ **યુગાદીશ્વરમહિમ્નઃસ્તોત્ર** છે એના કર્તા **૨ત્ન**શેખર છે. એમાં ૪૧ પદ્યો છે. એની વ્યાખ્યાતા(ટીકા)નું નામ **સુબોધિકા** છે. આ સ્તોત્રના અન્વય અને અનુવાદ આપેલા છે. એનું આદ્ય પદ્ય એ છે કે

''महिम्नः पारं ते परमलभमाना अपि विभो !
भवन्ति स्तोतारः समवसृतिभूमौ समुदिताः ।
यदीन्द्राद्यास्त्वां तज्जिनवृषभ ! भक्त्या स्तवयतो
ममाप्येष स्तोत्रे हर ! निरपवादः परिकरः ॥१॥''

પાર્શ્વજિનમહિમ્નઃસ્તોત્રની એક હાથપોથી ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધનમન્દિરમાં હોવાનો ઉપયુક્ત પ્રાક્કથનમાં ઉલ્લેખ છે તે શું સમુચિત છે ?

૨. એઓ **સોમ**વિજયના શિષ્ય **ઈન્દ્ર**નન્દિના શિષ્ય થાય છે. આ **સિદ્ધાન્તસારે** વિ. સં. ૧૫૭૦માં **દર્શનરત્નરત્નાકર** રચ્યો છે. એમણે પ્રસ્તુત સ્તોત્રના અંતિમ પદ્યમાં પોતાના ગુરુ અને પ્રગુરુનાં નામ આડકતરી રીતે દર્શાવ્યાં છે.

૩. જિન (વિષ્ણુ), ભૂતસ્વામી (શિવ), ગુરુ (બૃહસ્પતિ), જગચ્ચક્ષુ (સૂર્ય), પરમેષ્ઠી (બ્રહ્મા) અને મહાતેજસ્ (કાર્તિકેય).

૪. કાવ્ય (શુક), પરમર્ષિ (કપિલ) અને કમનજિત્ (બુદ્ધ).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(ઇ) પ્રકીર્ણક સમસ્યાપૂર્તિ (૬)

આ છ પૂર્તિઓ પૈકી ૧-૫ વિષે પૃ. ૩૩૭, ૪૦૬, ૪૦૭, ૪૫૯ અને ૪૬૦માં મેં નોંધ લીધી છે. એથી અહીં તો આ પૈકી પાંચમી કૃતિના નામાંતર તરીકે [1]**પાર્શ્વનાથસમસ્યાસ્તોત્ર**નો ઉલ્લેખ કરું છું. એનાં પદ્ય ૧૦ અને ૧૧ નિમ્નલિખિત એક જ પંક્તિની પૂર્તિરૂપ છે :– P. ૫૬

"धनुःकोटौ भृङ्गस्तदुपरि गिरिस्तत्र जलधिः"

પદ્યો ૧-૧૦ ભિન્ન ભિન્ન પંક્તિઓની પૂર્તિરૂપ છે. છઠ્ઠા પદ્યનું ચતુર્થ ચરણ નીચે મુજબ છે :–

"ठंठं ठठं ठंठ ठठं ठठं ठः"

પાદપૂર્તિરૂપ પંક્તિના ભિન્ન ભિન્ન અર્થો પણ કેટલીક વાર કરાયા છે. જુઓ પૃ. ૪૫૭ અને ૫૭૬. અજૈન કૃતિઓમાંની છ કૃતિઓ પૈકીના પ્રત્યેકના આદ્ય પદ્યનું અન્ય અર્થમાં ઘટન કરી પાર્શ્વનાથની સ્તુતિ કરાઈ છે. જુઓ પૃ. ૪૧૦

[2]**સુભાષિતરત્નભાંડાગાર** (પ્રકરણ ૪)માં એક, બે અને ત્રણ ચરણની એમ ત્રણ જાતની સમસ્યાઓ તેમ જ વાક્યસમસ્યાઓ અપાયેલી છે. એ આ પ્રકીર્ણક સમસ્યાઓના તુલનાત્મક તેમ જ વિશેષ અભ્યાસ માટે ઉપયોગી છે.

(ઇ) વ્યાકરણની પાદપૂર્તિ (૧)

'કલાપ' વ્યાકરણનાં સન્ધિસૂત્રોની પાદપૂર્તિ

	નામ	કર્તા	પ્રકાશન
૧.	ઋષભદેવસ્તુતિ ?	જૈ. સં. સા. ઇ. (ખંડ ૧, પૃ. ૨૭૩)	

(ઉ) કોશની પાદપૂર્તિ (૧) P. ૫૭

અમરકોશ (શ્લો. ૧)ની પાદપૂર્તિ

	નામ	કર્તા	પ્રકાશન
૧.	'શંખેશ્વર' પાર્શ્વનાથસ્તુતિ	ક્ષમાકલ્યાણ	સૂક્તરત્નાવલી

[૨]

દ્વિતીય વર્ગમાં સ્તોત્ર અને સ્તુતિ તેમ જ પ્રકીર્ણક પંક્તિઓ એમ ત્રણને અંગે રચાયેલાં પાદપૂર્તિરૂપ કાવ્યોનો અંતર્ભાવ થાય છે.

---

૧. આ વિ. સં. ૧૯૭૯માં પ્રકાશિત **સિદ્ધાન્તસારાદિસંગ્રહ** માં પૃ. ૧૪૮-૧૫૦માં છપાવાયું છે. આ પુસ્તકમાં આ ઉપરાંત કેટલાંક સ્તોત્રો છે.

૨. આ નામની જે કૃતિ શ્રી.વિષ્ણુદેવ સાંકલેશ્વર પંડિતના ગુજરાતી અનુવાદ સહિત "સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય" તરફથી વિ. સં. ૨૦૧૩માં છપાવાઈ છે તેમાં સમસ્યાઓનો અનુવાદ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(અ) સ્તોત્રોની પાદપૂર્તિ

[૨]

૧. 'ઉવસગ્ગહર'થોત્તની પાદપૂર્તિ (૩)

૧.	?	જિનપ્રભસૂરિ	
૨.	મઇસુરસૂરિથોત્ત	તેજઃસાગર પ્રિયંકરનૃપકથા	(ઘ-પરિશિષ્ટ)
૩.	?	લક્ષ્મીકલ્લોલ	

૨. 'કલ્લાણકન્દં'ની પાદપૂર્તિ (૨)

૧.	[1]પાસનાહથુઇ (ગા. ૪)	[2]ચતુરવિજયજી	આત્મકાન્તિપ્રકાશ
૨.	[3]વીરજિણથુઇ (ગા. ૪)	[4]ચતુરવિજયજી	આત્મકાન્તિપ્રકાશ

P. ૫૮

૩ કલ્યાણમન્દિર-સ્તોત્રની પાદપૂર્તિ (૧૩)

	નામ	પ્રણેતા	પૃષ્ઠાંક
૧.	કલ્યાણમન્દિરપાદપૂર્તિસ્તવન	કાન્તિવિજયગણિ	૪૩૧
૨.	કલ્યાણમન્દિરપાદપૂર્તિસ્તવન	પ્રેમજી (મુનિ)	૪૩૧
૩.	કલ્યાણમન્દિરપાદપૂર્ત્યાત્મક સ્તોત્ર	ગિરધરશર્મા	૪૩૨
૪.	કલ્યાણમન્દિરસ્તોત્ર પાદપૂર્તિ	લક્ષ્મીસેન	૪૨૮
૫.	જૈનધર્મવરસ્તોત્ર	ભાવપ્રભસૂરિ	૪૨૯-૪૩૦
૬.	પાર્શ્વજિનસ્તવન	?	૪૩૧
૭.	પાર્શ્વનાથ સ્તોત્ર	?	૪૩૧

૧. આ ત્રીજા ચરણની પાદપૂર્તિરૂપ સ્તુતિ "આત્મ-કાન્તિ પ્રકાશ" (પૃ. ૧૧૦-૧૧૧)માં ઇ.સ. ૧૯૧૮માં છપાઇ છે.

૨. એઓ પ્રવર્તક કાન્તિવિજયજીના શિષ્ય થાય છે.

૩. આ ચોથા ચરણની પાદપૂર્તિરૂપ સ્તુતિ ટિ. ૧માં નિર્દેશેલ આ. ક. પ્ર. (પૃ. ૧૪૧)માં છપાઇ છે.

૪. જુઓ ટિ. ૨.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

	નામ	પ્રણેતા	પૃષ્ઠાંક
૮.	પૂજ્યગુણાદર્શકાવ્ય	સ્થા. ઘાસીલાલ	૪૩૨
૯.	વિજયક્ષમાસૂરિલેખ	?	૪૨૮
૧૦.	વિજયાનન્દ-સૂરીશ્વર-સ્તવન	ચતુરવિજયજી	૪૩૨
૧૧.	વિજ્ઞપ્તિકાગત પાદપૂર્તિ (શ્લો. ૯૯)	લાભવિજય	૪૩૩
૧૨.	વીરજિનસ્તુતિ	?	૪૩૨
૧૩.	વીરસ્તુતિ	?	૪૩૧

૪. ભક્તમર-સ્તોત્રની પાદપૂર્તિ (૨૩)

૧.	આત્મ-ભક્તામર	હીરાલાલ હંસરાજ	૪૩૯	
૨.	ઋષભ-ચૈત્યવન્દન	જ્ઞાનવિમલસૂરિ	૪૩૬	
૩.	ઋષભજિનસ્તુતિ	?	૪૩૮	
૪.	ઋષભ-ભક્તામર	સમયસુન્દરગણિ	૪૩૪	
૫.	કાલુ-ભક્તામર	તેરા.કાનમલ્લસ્વામી	૪૪૦	P. ૫૯
૬.	કાલુ-ભક્તામર	તેરા.સોહનલાલસ્વામી	૪૪૦	
૭.	[1]ચન્દ્રામલકભક્તામર	[2]જયસાગરસૂરિ	૪૩૮	
૮.	જિન-ભક્તામર	?	૪૩૮	
૯.	દાદા-પાર્શ્વ-ભક્તામર	રાજસુન્દર	૪૩૫	
૧૦.	નવકલ્લોલ-પાર્શ્વ-ભક્તામર	?	૪૩૮	
૧૧.	નેમિભક્તામર	ભાવપ્રભસૂરિ	૪૩૭	
૧૨.	નેમિભક્તામર (પ્રાણપ્રિયકાવ્ય)	રત્નસિંહસૂરિ	૪૩૫-૪૩૬	
૧૩.	પાર્શ્વ-ભક્તામર	વિનયલાભગણિ	૪૩૫	
૧૪.	પાદપૂર્ત્યાત્મક-સ્તોત્ર	વિવેકચન્દ્ર	૪૩૯	

૧-૨. આ કૃતિ તેમ જ એના કર્તા વિષે મને શંકા છે. આગમોદ્ધારકના શિષ્ય જયસાગરજીએ વિ.સં. ૧૯૯૦માં ૭૭ પદ્યોમાં જે ચન્દ્રામલસ્તોત્રમ્ (મહાવીરસ્તોત્રમ્) રચ્યું છે અને જે અમૃતલાલ મોહનલાલ સંઘવીએ વિ. સં. ૧૯૯૨માં છપાવ્યું છે તે તો આ નથી ? જો એમ જ હોય તો એ કંઈ પાદપૂર્તિરૂપ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

	નામ	પ્રણેતા	પૃષ્ઠાંક
૧૫.	ભક્તામર-પાદપૂર્ત્યાત્મક સ્તોત્ર	ગિરધરશર્મા	૪૪૦
૧૬.	ભક્તામર-શતદ્વયી	લાલારામ શાસ્ત્રી	૪૪૦
૧૭.	વલ્લભ-ભક્તામર	વિચક્ષણવિજયજી	૪૩૯
૧૮.	વિજ્ઞપ્તિકાગત પાદપૂર્તિ (શ્લો. ૧૦૦)	લાભવિજય	૪૪૧
૧૯.	વીર-ભક્તામર	ધર્મવર્ધનગણિ	૪૩૬
૨૦.	શાન્તિ-ભક્તામર	લક્ષ્મીવિમલ	૪૩૮
૨૧.	સરસ્વતી-ભક્તામર	ધર્મસિંહ	૪૩૭
P. ૬૦ ૨૨.	સૂરીન્દ્ર-ભક્તામર	ચતુરવિજયજી	૪૩૯
૨૩.	[1]હરિ-ભક્તામર	કવીન્દ્રસાગરજી	૪૪૦

૫ ભાવારિવારણ-સ્તોત્રની-પાદપૂર્તિ (૧)

૧.	જિન-સમસ્યા-સ્તોત્ર	પદ્મરાજગણિ	૪૪૩

(આ) સ્તુતિઓનીપાદપૂર્તિ (૧૨)

૧ સંસાદરદાવાની પાદપૂર્તિ (૫)

૧.	જિન-સ્તુતિ	?	૪૪૨
૨.	પાર્શ્વસ્તવન	લક્ષ્મીવલ્લભ	૪૪૨
૩.	પ્રથમ-જિન-સ્તવન	સુમતિકલ્લોલ	૪૪૨
૪.	પ્રમદ-પાર્શ્વ-જિન-સ્તવન	સિદ્ધાન્તરુચિ	૪૪૧-૪૪૨
૫.	'સંસારદાવા' પાદપૂર્તિ	જ્ઞાનસાગર	૪૪૨

૨ સ્નાતસ્યાની પાદપૂર્તિ (૩)

૧.	જિનસ્તોત્રકોશાન્તર્ગત પાદપૂર્તિ	વિનયહંસગણિ	૩૩૬
૨.	વિજ્ઞપ્તિગકાગત પાદપૂર્તિ (શ્લો. ૯૭)	લાભવિજય	૪૪૫
૩.	વીર-જિન-સ્તુતિ	?	૪૪૫

૧. આ નામ મેં આ સ્તોત્ર જિનહરિસાગરસૂરિજીના ગુણોના વર્ણનરૂપ હોવાથી યોજ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

	નામ	પ્રણેતા	પૃષ્ઠાંક
	૩ 'સકલકુશલવલ્લી'ની પાદપૂર્તિ (૧)		
૧.	શાન્તિ-જિન-સ્તુતિ	?	૪૪૫
	૪ રત્નાકરપંચવિંશતિકાની પાદપૂર્તિ (૨)		
૧.	આત્મબોધપંચવિંશતિકા	વિજયધર્મધુરંધરસૂરિજી	૪૪૪
૨.	પાર્શ્વ-જિન-સ્તુતિ	?	૪૪૪
	૫ જ્ઞાનપંચમીસ્તુતિની પાદપૂર્તિ		P. ૬૧
૧.	જ્ઞાનપંચમી-સ્તુતિ-પાદપૂર્તિ		૪૪૫
૨.	વિજ્ઞપ્તિકાગત પાદપૂર્તિ (શ્લો. ૯૮)	લાભવિજય	૪૪૫
	૬ વરકનકની પાદપૂર્તિ (૧)		
૧.	[1]પાર્શ્વજિનસ્તુતિ	જિનસૂરિ	

(ઈ) પ્રકીર્ણક પંક્તિઓની પાદપૂર્તિ

પ્ર. ચ.ના અગિયારમાં શૃંગનો શ્લો. ૪૫૬ એ વ્યાકરણના સૂત્રરૂપ ચાર અક્ષરવાળી ચાર સમસ્યાની પાદપૂર્તિરૂપ છે. એ સમસ્યાની પૂર્તિ કરનાર તરીકે **બપ્પભટ્ટસૂરિ**નો ઉલ્લેખ છે. આ શૃંગમાં અન્ય સમસ્યાઓ અને એની પૂર્તિ અપાઈ છે. જુઓ **પ્ર. ચ.** (પૃ. ૮૬).

પ્રબન્ધચિન્તામણિમાં ભૂપતિ **ભોજ** અને **ભીમ**ને લગતા પ્રબન્ધમાં ભોજ એક વિદ્વત્કુટુંબની વ્યક્તિઓને વારાફરતી સમસ્યાઓ પૂછે છે અને એ વ્યક્તિઓ પાદપૂર્તિ કરે છે.

ચ. પ્ર.માંના **અમરચન્દ્રસૂરિપ્રબન્ધ** (પૃ. ૧૨૯)માં વિવિધ કવિઓ દ્વારા પુછાયેલી ૧૦૮ સમસ્યાઓ **અમરચન્દ્રસૂરિ**એ પૂર્યાનો ઉલ્લેખ છે. **ચ. પ્ર.**ના પૃ. ૧૨૭-૧૨૮માં એ પૈકી ચાર સમસ્યાઓને અંગેની પાદપૂર્તિરૂપે ચાર પદ્યો છે.

શ્રીપાલ નરેશ્વરનાં ચરિત્રોમાં પણ સમસ્યાપૂર્તિઓ નજરે પડે છે.

આ ઉપરથી એ હકીકત ફલિત થાય છે કે જૈન ગ્રંથકારોમાં દિ. **જિનસેન** પહેલાએ પાદપૂર્તિરૂપ કાવ્ય રચવાની પહેલ કરી લાગે છે. **બપ્પભટ્ટિસૂરિ** પછી આ જાતની રચના થોડોક વખત થંભી ગઈ P. ૬૨
હોય અને પછી વિક્રમની પંદરમી સદીમાં શરૂ થઈ હોય એમ લાગે છે. ગમે તેમ પણ વિક્રમની ૧૭મી-૧૮મી સદીમાં તો એ ખૂબ વેગવંતી બનેલી જોવાય છે. આજે પણ આ જાતની રચનાઓ ઓછે-વત્તે

૧. આ મારા સંપાદન નામે **પ્રિયંકરનૃપકથા** પૃ. ૫૮માં છપાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંશે કરાતી જોવાય છે. આમ જૈન જગત્ પૂરતું તો આ પ્રકારના સાહિત્યનું ક્ષેત્ર બારેક સૈકા થયા તો ન્યૂનાધિક પ્રમાણમાં ખેડાતું રહ્યું છે.

ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યો સૌથી વધુ પ્રમાણમાં રચાયાં છે.

અનેકાર્થક સાહિત્ય

જૈન સાહિત્યના બે વર્ગ પાડી શકાય : (૧) એકાર્થક અને (૨) અનેકાર્થક જૈન આગમો પાઇયમાં રચાયેલાં છે. એનાં સૂત્રો અનેકાર્થક છે. એ ચારે અનુયોગોના સૂચક ગણાય છે. આનું એક ઉદાહરણ **જિનપ્રભસૂરિએ આવસ્સય**ની નિજ્જુત્તિની ૩૩૬મી ગાથાના નિરૂપણ દ્વારા પૂરું પાડ્યું છે. અનાગમિક સાહિત્યગત કેટલીક કૃતિઓ અનેકાર્થક છે અહીં હું 'અનેકાર્થક' શબ્દ વ્યાપક અર્થમાં વાપરું છું અને એથી તો નીચે મુજબની રચનાઓને અનેકાર્થક ગુણું છું :–

(૧) દ્વ્યાશ્રયકાવ્યો. (૨) અનેકસન્ધાનકાવ્યો. (૩) પાદપૂર્તિરૂપકાવ્યો. (૪) અનેકાર્થી કૃતિઓ.

દ્વ્યાશ્રય કાવ્યો બે ભિન્ન ભિન્ન વિષયને એકસાથે રજૂ કરે છે. અનેકસન્ધાન-કાવ્યો પ્રાયઃ ચરિત્રાત્મક છે. એ એક કરતાં વધારે વ્યક્તિઓનાં ચરિત્રો પૂરાં પાડે છે. પાદપૂર્તિરૂપ કાવ્યો પૈકી કેટલાં
P. ૬૩ યે એવાં છે કે જેમાં જે ચરણની એ પૂર્તિરૂપ હોય તે ચરણનો ચાલુ અર્થમાં ઉપયોગ ન કરતાં અન્ય અર્થનો દ્યોતક બનાવાયો હોય છે અનેકાર્થી કૃતિઓ એક જ પદ્ય જેવાના જાતજાતના અર્થોથી અલંકૃત હોય છે.

જયસુન્દરે કોઈક પદ્યની શતાર્થી રચી છે અને એ પદ્યમાં નિમ્નલિખિત અંશો હશે એમ **અર્થરત્નાવલી** (પૃ. ૭, ૯ અને ૧૧)માંના ઉલ્લેખો જોતાં જણાય છે :–

जयवृषभावः, नमतांसदावी અને तरांतस्य ।

આ પુસ્તકમાં **માન**સાગરીય **શતાર્થી** વિષે સંક્ષિપ્ત માહિતી છપાઈ ગયા બાદ ''આગમોદ્ધારક ગ્રન્થમાલા''માં ૨૧મા રત્ન તરીકે વિ. સં. ૨૦૧૯માં ''शतार्थविवरणम्''ના નામથી પ્રકાશિત થયેલી આ શતાર્થી મારા જોવામાં આવી છે એટલે કેટલીક બાબતો એમાં ઉમેરું છું. આનાં આદ્ય ૧૦૬ પદ્યો **યોગશાસ્ત્ર** (પ્ર. ૨, શ્લો. ૧૦)ના ૧૦૬ અર્થો પૂરાં પાડે છે. એનો વિષય વિગેરે નીચે મુજબ છે :–

વિષય	અર્થસંખ્યા	વિષય	અર્થસંખ્યા
ઋષભદેવાદિ ૨૪ તીર્થંકરો	[1]૩૪	જિનવાણી	૧
સર્વ જિન	૧	શાસનદેવી	૧

૧. ૨ + ૩ + ૨ + ૧ + ૨ + ૧ + ૨ + ૧ + ૧ + ૨ + ૨ + ૧ + ૧ + ૧ + ૧ + ૨ + ૧ + ૧ + ૧ + ૧ + ૧ + ૧ + ૧ + ૧ + ૨ અર્થાત્ બીજા તીર્થંકર અંગે ૩ તથા ૧, ૩, ૫, ૭, ૧૦, ૧૧, ૧૫ અને ૨૪ એ ક્રમાંકવાળા તીર્થંકર પરત્વે બબ્બે અને બાકીના પંદર માટે એકેક અર્થ કરાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષય	અર્થસંખ્યા	વિષય	અર્થસંખ્યા
પંચપરમેષ્ઠી	[1]૮	અકબર	૧
બ્રહ્મા	૧	સાધારણ નૃપ	૨
વિષ્ણુ	૨	પ્રવર્ધમાન પુરુષ	૨
મહેશ્વર	૨	ગ્રહ	૧
પાર્વતી	૧	સૂર્યાદિ નવ ગ્રહ	[2]૧૪
લક્ષ્મી	૧	મુખ્ય અર્થ	૧
સરસ્વતી	૧	સુર	૧
જ્ઞાન	૧	આઠ દિક્‌પાલ	[3]૯
કામ	૩	રામ	૧
હીરવિજયસૂરિ	૧	ચૌદ સ્વપ્નો	૧૪
વિજયસેનસૂરિ	૧	બુદ્ધિસાગર	૧

P. ૬૪

વિજ્ઞપ્તિપત્રો (૩૪)

જૈન વિજ્ઞપ્તિપત્રો તાડપત્ર તેમ જ કાગળ ઉપર લખાયેલાં મળે છે. સૌથી પ્રાચીન વિજ્ઞપ્તિપત્ર વિ. સં. ૧૨૫૦ના અરસાનું છે અને એ તાડપત્ર ઉપર લખાયેલું છે. એનું એક જ પત્ર મળે છે. એના પ્રણેતા **પ્રભાચન્દ્રગણિ** છે. ત્યાર પછી લગભગ ૨૦૦ વર્ષે લખાયેલું વિજ્ઞપ્તિપત્ર મળે છે.

કોણે કોના ઉપર વિજ્ઞપ્તિપત્ર મોકલ્યું–કોણે એ રચ્યું એ બાબત નીચે મુજબ હું દર્શાવું છું:– P. ૬૫

નામ	**પ્રેષક=પ્રણેતા**	**ગ્રાહક**	**વૈક્રમીય રચનાવર્ષ**
વિજ્ઞપ્તિપત્ર	પ્રભાચન્દ્રગણિ	ભાનુપ્રભગણિ	લ. ૧૨૫૦
વિજ્ઞપ્તિલેખ	લોકહિતસૂરિ	જિનોદયસૂરિ	લ. ૧૪૩૦
વિજ્ઞપ્તિમહાલેખ	જિનોદયસૂરિ	લોકહિતસૂરિ	૧૪૩૧
ત્રિદશતરંગિણી	મુનિસુન્દરસૂરિ	દેવસુન્દરસૂરિ	ઉ. ૧૪૬૬

૧. ૧ + ૨ + ૧ + ૧ + ૩ અર્થાત્‌ સિદ્ધ માટે બે અને સાધુ માટે ત્રણ જ્યારે બાકીના મટે એકેક અર્થ કરાયેલ છે.

૨. સૂર્ય અને રાહુ માટે બબ્બે, ચન્દ્ર માટે ચાર અને બાકીના છ ગ્રહો માટે એકેક અર્થ કરાયેલ છે.

૩. ઈન્દ્ર માટે બે તથા અગ્નિ, યમ, નૈઋત, વરુણ, વાયુ, વૈશ્રમણ અને ઈશાન માટે એકેક અર્થ કરાયેલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

	નામ	પ્રેષક=પ્રણેતા	ગ્રાહક	વૈક્રમીય રચનાવર્ષ
	વિજ્ઞપ્તિત્રિવેણી	જયસાગર	જિનભદ્રસૂરિ	૧૪૮૪
	વિજ્ઞપ્તિપત્રિકા	કીર્તિવિજય	વિજયસેનસૂરિ	ઉ. ૧૬૭૨
	આનન્દલેખ	વિનયવિજયગણિ	વિજયાનન્દસૂરિ	૧૬૯૪
	વિજ્ઞપ્તિકા	વિજયસિંહસૂરિ	વિજયાનન્દસૂરિ	૧૬૯૯
	વિજ્ઞપ્તિપત્ર	ઉદયવિજય	?	૧૬૯૯
	વિજ્ઞપ્તિકા	વિનયવર્ધનગણિ	વિજયસિંહસૂરિ	૧૭૦૩
	વિજ્ઞપ્તિકા	વિનયવર્ધનગણિ	વિજયસિંહસૂરિ	૧૭૦૪
	વિજ્ઞપ્તિકા	ધનવિજયગણિ	વિજયદેવસૂરિ	૧૭૦૪
	વિજ્ઞપ્તિકા	ધનવિજયગણિ	વિજયદેવસૂરિ	૧૭૦૪
	વિજ્ઞપ્તિકા	અમરચન્દ્રગણિ	વિજયસિંહસૂરિ	ઉ. ૧૭૦૯
	વિજ્ઞપ્તિકા	કમલવિજયગણિ	વિજયસિંહસૂરિ	ઉ. ૧૭૦૯
	વિજ્ઞપ્તિકા	લાવણ્યવિજયગણિ	વિજયસિંહસૂરિ	ઉ. ૧૭૦૯
	વિજ્ઞપ્તિકા	રવિવર્ધનગણિ	વિજયદેવસૂરિ	ઉ. ૧૭૧૩
	વિજ્ઞપ્તિકા	વિનયવર્ધનગણિ	વિજયદેવસૂરિ	ઉ. ૧૭૧૩
	વિજ્ઞપ્તિકા	મેઘવિજયગણિ	વિજયદેવસૂરિ	ઉ. ૧૭૧૩
	વિજ્ઞપ્તિકા	નયવિજયગણિ	વિજયપ્રભસૂરિ	૧૭૧૭
P. ૬૬	વિજ્ઞપ્તિપત્રિકા	ઉદયવિજયગણિ	વિજયપ્રભસૂરિ	૧૭૧૮
	વિજ્ઞપ્તિકા	ઉદયવિજયગણિ	વિજયપ્રભસૂરિ	?
	વિજ્ઞપ્તિકા	ઉદયવિજયગણિ	વિજયપ્રભસૂરિ	?
	ઇન્દુદૂત	વિનયવિજયગણિ	વિજયપ્રભસૂરિ	લ. ૧૭૧૮
	વિનયવિજ્ઞપ્તિ	વિનયવિજયગણિ	વિજયદેવસૂરિ	ઉ. ૧૭૨૩
	વિજ્ઞપ્તિકા	રાજવિજયગણિ	જિનચન્દ્રસૂરિ	૧૭૨૭
	મેઘદૂતસમસ્યાલેખ	મેઘવિજયગણિ	વિજયપ્રભસૂરિ	લ. ૧૭૩૦
	વિજ્ઞપ્તિ	મેરુવિજય	?	ઉ. ૧૭૪૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિજ્ઞપ્તિકા	લાભવિજય	વિજયપ્રભસૂરિ	ઉ. ૧૭૪૩
વિજ્ઞપ્તિકા	આગમસુન્દરગણિ	વિજયપ્રભસૂરિ	ઉ. ૧૭૪૭
વિજ્ઞપ્તિકા	લાવણ્યવિજયગણિ	વિજયપ્રભસૂરિ	ઉ. ૧૭૭૧
વિજ્ઞપ્તિકા	દયાસિંહ	જિનસુખસૂરિ	લ. ૧૭૭૧
વિજ્ઞપ્તિપત્ર	વિજયવર્ધનગણિ	જિનસુખસૂરિ	લ. ૧૭૭૧
વિજ્ઞપ્તિપત્રી	મેરુવિજય	?	?
ચેતોદૂત	?	?	?

આ ઉપરથી જોઈ શકાશે કે વિજયસેનસૂરિ ઉપર મહોપાધ્યાય કીર્તિવિજયગણિએ એક વિજ્ઞપ્તિપત્ર લખ્યો હતો. એવી રીતે વિજયદેવસૂરિ ઉપર વિજયસિંહસૂરિએ, ધનવિજયગણિએ, રવિવર્ધનગણિએ, વિનયવર્ધનગણિએ, મેઘવિજયગણિએ તથા વિનયવિજયગણિએ, વિજયસિંહસૂરિ ઉપર વિનયવર્ધનગણિએ (બે વાર), અમરચન્દ્રગણિએ, કમલવિજયગણિએ તથા લાવણ્યવિજયગણિએ તેમ જ વિજયપ્રભસૂરિ ઉપર નયવિજયગણિએ, ઉદયવિજયે (ત્રણ વાર), વિનયવિજયગણિએ, મેઘવિજયગણિએ, લાભવિજયે, આગમસુન્દરગણિએ તથા લાવણ્યવિજયગણિએ વિજ્ઞપ્તિપત્ર લખેલ. P. ૬૭ આમ અહીં ચાર સૂરિઓનો ઉલ્લેખ છે.

પટ્ટાવલીસમુચ્ચય (ભા. ૧) ગત **પટ્ટાવલીસારોદ્ધાર** (પૃ. ૧૬૦-૧૬૨)માં વિજયસેનસૂરિ, વિજયસિંહસૂરિ, વિજયદેવસૂરિ અને વિજયપ્રભસૂરિ એ ચારે વિષે નીચે મુજબની સંક્ષિપ્ત માહિતી અપાઇ છે :–

વિજયસેનસૂરિનો જન્મ વિ. સં. ૧૬૦૪માં નારદપુરીમાં થયો હતો. એમના પિતાનું નામ કર્મા અને માતાનું નામ કોડેમદે હતું. આ સૂરિએ વિ. સં. ૧૬૧૩માં દીક્ષા લીધી હતી. એઓ વિ. સં. ૧૬૨૮માં 'પંડિત' પદથી અને એ જ વર્ષમાં 'ઉપાધ્યાય' પદવી પછી 'સૂરિ' પદવીથી વિભૂષિત બન્યા હતા. વિ. સં. ૧૬૩૨માં એમણે સુરતમાં શ્રીભૂષણ નામના દિગંબરાચાર્યને પરાજિત કર્યા હતા. વિ. સં. ૧૬૭૧માં એ સૂરિનો સ્વર્ગવાસ થયો હતો.

વિજયદેવસૂરિનો જન્મ વિ. સં. ૧૬૩૪માં થયો હતો એમનાં માતાપિતાના નામ અનુક્રમે રૂપા અને થિરા હતાં. વિ. સં. ૧૬૪૩માં દીક્ષા લઈ વિ. સં. ૧૬૫૫માં 'પંન્યાસ' પદ અને વિ. સં. ૧૬૫૬માં સૂરિ બનનાર વિજયદેવસૂરિ વિ. સં. ૧૭૧૩માં સ્વર્ગે થયા.

આ સૂરિ વિષે મેં ''વિ. સં. ૧૬૩૪માં જન્મેલા અને વિ. સં. ૧૭૧૩માં સ્વર્ગે સંચરેલા શ્રીવિજયદેવસૂરિનું રેખાચિત્ર'' નામના [1]લેખમાં કેટલીક વિશેષ માહિતી આપી છે.

---

૧. આ લેખ ''શ્રી ગોડી પાર્શ્વનાથ સાર્ધ શતાબ્દી સ્મારક ગ્રન્થ''માં વિ. સં. ૨૦૧૮માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિજયસિંહસૂરિનો જન્મ સાહ નથમલ્લની પત્ની નાયકદેને પેટે વિ. સં. ૧૬૪૪માં થયો હતો.
P. ૬૮ વિ. સં. ૧૬૫૪માં એમણે દીક્ષા લીધી હતી. એમને વિ. સં. ૧૬૭૩માં 'વાચક' પદ અને વિ. સં. ૧૬૮૨માં 'સૂરિ' પદ પ્રાપ્ત થયાં હતાં. એઓ વિ. સં. ૧૭૦૯માં સ્વર્ગે સંચર્યા હતા.

વિજયપ્રભસૂરિને શિવગણની પત્ની ભાણબાઇએ વિ.સં. ૧૬૭૭માં જન્મ આપ્યો હતો. વિ. સં. ૧૬૮૬માં દીક્ષા લઇ વિ. સં. ૧૭૦૧માં 'પંન્યાસ' પદ અને વિ. સં. ૧૭૧૦માં 'સૂરિ' પદ પ્રાપ્ત કરનારા એઓ વિ. સં. ૧૭૪૩માં સ્વર્ગે સંચર્યા.

દૃશ્ય કાવ્યો કિંવા નાટકાદિ રૂપકો

મહાવીરસ્વામી સામે સૂર્યાભદેવે નાટક યોજ્યું હતું તે તેમ જ ચન્દ્ર નામના ઇન્દ્ર વગેરેનાં પણ નાટકો અનુપલબ્ધ છે એટલું જ નહિ પણ વિક્રમની દસમી શતાબ્દી સુધીમાં જે કોઇ અન્ય નાટક-રૂપક સ્વતંત્ર સ્વરૂપે રચાયું હશે તે પણ મળતું નથી. વિ. સં. ૯૨૫માં શીલાંકસૂરિએ **ચઉપન્નમહાપુરિસચરિય**માં પ્રસંગોપાત્ત **વિબુધાનન્દ** નામનું નાટક રચ્યું તે જૈન ઉપલબ્ધ નાટકોમાં પ્રથમ છે.

'કલિ.' હેમચન્દ્રસૂરિના વિદ્વાન વિનેય રામચન્દ્રસૂરિએ રચેલાં જાતજાતનાં આઠેક રૂપકો એ શ્વેતાંબરીય [1]ઉપલબ્ધ સ્વતંત્ર રૂપકોમાં અગ્ર સ્થાન ભોગવે છે. એમણે રચેલાં યાદવાભ્યુદય અને રાઘવાભ્યુદય અદ્યાપિ અપ્રાપ્ય છે. રામ, નળ, હરિશ્ચન્દ્ર અને ભીમ અજૈન વ્યક્તિએ ગણાય છે. તેમ છતાં એમને લક્ષીને પણ રૂપક આ રામચન્દ્રસૂરિએ રચ્યાં છે.

[2]મુદ્રિતકુમુદચન્દ્રપ્રકરણ, મોહરાજપરાજય અને દ્રૌપદીસ્વયંવર એ ત્રણે જૈન શ્વેતાંબર ગૃહસ્થોની કૃતિઓ છે. કોઇ દિ. ગૃહસ્થે કોઇ જાતનું રૂપક રચ્યું હોય તો તે જોવા-જાણવામાં નથી.

P. ૬૯ અજૈન લલિત સાહિત્યનાં જૈન સંસ્કૃત વિવરણો

અજૈન લલિત સાહિત્યમાંની જે નોંધપાત્ર કૃતિઓ તરફ જૈન ગ્રન્થકારોનું સવિશેષ લક્ષ્ય ગયું તેનાં વિવરણો તેમણે રચ્યાં છે. આવી કૃતિઓને મેં છ વિભાગમાં વિભક્ત કરી છે. તેમાં મહાકવિઓનાં કાવ્યો અગ્ર સ્થાન ભોગવે છે.

કાલિદાસની **રઘુવંશ** અને **કુમારસંભવ** એ બે કૃતિઓ તેમ જ ભારવિ, માઘ અને શ્રીહર્ષની એકેક રચના નામે અનુક્રમે કિરાતાર્જુનીય, શિશુપાલવધ અને નૈષધીયચરિત એમ એકંદરે જે પાંચ કૃતિઓ છે તેને અજૈનોનાં પાંચ મહાકાવ્ય તરીકે ઓળખાવાય છે. આજે અજૈન પંડિતો દ્વારા જૈન શ્રમણો અને ક્વચિત્ શ્રમણીઓ આ મહાકાવ્યોનો અભ્યાસ કરે છે. તેવી પરિસ્થિતિ કેટલાક સૈકાઓ પૂર્વે પણ હતી એમ મુનિભદ્રસૂરિકૃત શાન્તિનાથચરિત્ર જોતાં લાગે છે. આ મહાકાવ્યોનો અભ્યાસ કરાય

૧. બધાં ઉપલબ્ધ રૂપકો છપાવાયાં છે ખરાં ?

૨. આમાં દિગંબર વિદ્વાન કુમુદચન્દ્ર સાથેના વાદની હકીકત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તેમાં વાંધો નથી પરંતું એમ કર્યા બાદ જૈન મહાકાવ્યોનો તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરવા તરફ જેવી જોઈએ તેવી તમન્ના રખાતી જણાતી નથી તે જૈન જગત્ માટે ઠીક ન ગણાય.

રઘુવંશના ઉપર ૧૬ **કુમારસંભવ** ઉપર ૧૩, **કિરાતાર્જુનીય** ઉપર ૩, **શિશુપાલવધ** ઉપર ૨ અને **નૈષધીયચરિત** ઉપર ૪ જૈન વિવરણો રચાયાં છે. આમ પાંચે મહાકાવ્યો જૈન વિવરણોથી વિભૂષિત છે તેમ છતાં આ વિવરણોમાંથી ભાગ્યે એકાદ છપાયું હશે. જો એમ જ હોય તો આ શોચનીય સ્થિતિનો સત્વર અંત લાવવો જોઈએ.

રઘુવંશના વિવિધ વિવરણો જે જૈન મુનિઓએ રચ્યાં છે એ સૌ માં વિ. સં. ૧૫૧૦માં વિદ્યમાન 'ખરતર' ગચ્છીય **ચારિત્રવર્ધન**ગણિ પ્રથમ છે જ્યારે સૌથી મોટું વિવરણ (૧૩૦૦૦ શ્લોક, P. ૭૦ જેવડું) રચનાર 'ખરતર' ગચ્છના **સુમતિવિજય** છે.

કુમારસંભવનાં વિવરણો પણ [૧]જૈન મુનિઓનાં જ છે, નહિ કે કોઈ શ્રાવક કે શ્રાવિકાનાં. તેમાંનું એક તો દિગંબરનું છે. સૌથી પ્રથમ વિવરણ **જિનપ્રભસૂરિ**નું વૈક્રમીય ચૌદમી શતાબ્દીનું છે. કોઈ પણ વિવરણ પહેલા છ સર્ગ કરતાં ઓછાનું નથી.

કિરાતાર્જુનીય ઉપર વિ. સં. ૧૬૧૩ની જે ટીકા છે તે જ પ્રથમ હોય એમ લાગે છે.

શિશુપાલવધ ઉપર સૌથી ઓછી– બે જ ટીકા રચાઈ છે. એમાં **રઘુવંશ**ના ટીકાકાર **ચા**રિત્રવર્ધન પ્રથમ છે.

નૈષધીયચરિત ઉપર વિ. સં. ૧૧૭૦ની આસપાસમાં એક ટીકા રચાઈ છે તે સૌથી પ્રથમ છે જ્યારે 'ખરતર' ગચ્છના **જિ**નરાજસૂરિની ટીકા સૌથી મોટી– ૩૬૦૦૦ શ્લોક જેવડી છે. આ સંખ્યા ખરી હોય તો પાંચ મહાકાવ્યોની વિવિધ જૈન ટીકાઓમાં આ સૌથી મોટી ગણાય.

અત્યાર સુધીમાં તો કોઈ જૈને (મુનિવરે કે ગૃહસ્થે) પાંચે મહાકાવ્યો ઉપર એકેક ટીકા પણ રચી નથી જોકે **નૈષધીયચરિત** ઉપર વિ. સં. ૧૧૭૦ના અરસામાં ટીકા રચાતાં પાંચ મહાકાવ્યોની ટીકાના શ્રીગણેશ મંડાયા હતા.

કાલિદાસે મહાકાવ્યની જેમ બે લઘુ-કાવ્યો પણ રચ્યાં છે. તેમાં **મેઘદૂત**તો એમની કૃતિ છે જ જ્યારે **ઋતુસંહાર** માટે મતભેદ છે. ગમે તેમ પણ આ બંને જૈન વિવરણોથી વિભૂષિત છે. **મેઘદૂત** P. ૭૧ ઉપર ૧૬ વિવરણો છે. એ પૈકી ૧૧ની **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૧૪)માં નોંધ છે જ્યારે ક્રમાંક ૨, ૭, ૯, ૧૪ અને ૧૬ વાળી ટીકાનો એમાં ઉલ્લેખ નથી. **ઋતુસંહાર** ઉપર એક જ ટીકા છે.

કાલિદાસનાં પાંચે શ્રવ્ય કાવ્યો ઉપર ન્યૂનાધિક સંખ્યામાં જૈન ટીકાઓ છે પરંતુ એમના એક પણ [૨]દૃશ્ય કાવ્ય માટે એક પણ જૈન ટીકા નથી. **ભા**રવિ અને **મા**ઘની **ભ**ટ્ટિની જેમ એકેક જ કૃતિ

૧.આમાં તપા, ખરતર અને ઉપકોશ એમ ત્રણ ત્રણ ગચ્છના મુનિઓનો સમાવેશ થાય છે.

૨. અભિજ્ઞાનશાકુન્તલ, માલવિકાગ્નિમિત્ર અને વિક્રમોર્વશીય

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે અને એ બંને જૈન ટીકાઓથી અલંકૃત છે. **ભટ્ટિકૃત ભટ્ટિકાવ્ય** ઉપર જૈન જયમંગલસૂરિની ટીકા હોવાનું જે કહેવાય છે તે વિચારણીય છે.

કવિરાજે **રાઘવપાંડવીય** રચ્યું છે. એના ઉપર બે જૈન ટીકા છે એવો ઉલ્લેખ જોવાય છે. પરંતુ **જિ. ૨. કો.** (વિ. ૧)માં એકે ટીકાનો નિર્દેશ નથી તો તેનું શું કારણ ? **વાક્પતિરાજે** [1]**ગઉડવહ** રચ્યો છે. એના ઉપર જ [2]**હરિપાલે** ટીકા રચી છે. તેઓ જૈન છે કે કેમ તેનો નિર્ણય થયો નહિ હોવાથી મેં આ પુસ્તકમાં એની નોંધ લીધી નથી.

સંસ્કૃત સાહિત્યમાં ચંપૂઓની સંખ્યા ઇતર કાવ્યાદિની અપેક્ષાએ ગણીગાંઠી છે. **ત્રિવિક્રમભટ્ટે નલચંપૂ** કિવા **દમયન્તીકથા** રચી છે. એ ચાર જૈન વિવરણોથી મંડિત છે. એમાં એકના કર્તા તો જૈન ગૃહસ્થ **ચંડપાલ** છે અને એમની રચના પ્રકાશિત પણ છે તે આનંદનો વિષય ગણાય. **સુબન્ધુની**
P. ૭૨ **વાસવદત્તા** ઉપર **સિદ્ધિચન્દ્રગણિની** અને દ્વિકર્તુક **કાદંબરી** ઉપર પણ એમના ગુરુએ શરૂ કરેલી એકેક ટીકા છે.

'ખંડકાવ્યો' તરીકે ઓળખાવાયેલા વિભાગમાં એકંદર આઠ કૃતિઓ છે. એ પૈકી નિમ્નલિખિત પાંચની ટીકા તો એક જ વ્યક્તિએ નામે **શાન્તિસૂરિએ** રચી છે :–

ઘટકર્પર, મેઘાભ્યુદય, રાક્ષસકાવ્ય, વૃન્દાવન અને **શિવભદ્ર.**

સૌથી પ્રથમ **વૃન્દાવન**ની ટીકા રચાઈ છે. આ તેમ જ ઉપર્યુક્ત ચાર કૃતિઓ યમકોને લઈને દુર્ગમ છે.

'શતકો' તરીકે **ભર્તૃહરિકૃત શતકત્રય, અમરુકૃત અમરુશતક** અને **મયૂરકૃત સૂર્યશતક**ના નિર્દેશપૂર્વક એ બધાંની ટીકાઓનો ઉલ્લેખ મેં કર્યો છે. **ધનસારની શતકત્રય** ઉપરની ટીકા એને અંગેની અન્ય ટીકાઓમાં રચનાવર્ષની અપેક્ષાએ આદ્ય સ્થાન ભોગવે છે. એ વિ. સં. ૧૫૩૫ની રચના છે.

'સ્તોત્રો' તરીકે **મહિમ્નસ્તોત્ર, ત્રિપુરાસ્તોત્ર, ગંગાષ્ટક** અને **ગાયત્રી** વિષે થોડુંક કહી એ પ્રત્યેકની એકે ટીકાનો મેં નિર્દેશ કર્યો છે. એમાં ગાયત્રીનું વિવિધ ભારતીય દર્શનો અનુસારનું વિવરણ નોંધપાત્ર છે.

આમ વિવરણો વિષે અંગુલીનિર્દેશનું કાર્ય પૂરું થાય છે ત્યારે આ ઉપખંડમાં જે જૈન તેમ જ અજૈન વિવરણોનો મેં ઉલ્લેખ કર્યો છે તે, વિવરણોનાં સામાન્ય તેમ જ વિશેષ નામોના અભ્યાસની
P. ૭૩ એક જાતની સામગ્રી પૂરી પાડે તેમ છે એટલું હું અત્ર સૂચવું છું. આ અભ્યાસ કરવામાં દ્વિતીય પરિશિષ્ટનો ઉપયોગ લાભદાયક થઈ પડશે.

વિશેષતાઓ– આ ઉપખંડગત કૃતિઓ વિષે માહિતી આપતી વેળા મેં કેટલીક વિશેષતાઓનું સૂચન કર્યું છે. એ બાબત હું પૃષ્ઠાંક સહિત રજૂ કરું છું.

૧-૨. જુઓ **પા. ભા. સા.** (પૃ. ૬, ૧૧, ૧૬, ૪૬, ૪૭, ૧૨૪, ૧૩૧, ૧૩૩-૧૩૫, ૧૩૯, ૧૪૭, ૧૪૮ અને ૨૨૬)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાષાવિજ્ઞાન– બનાવટી સંસ્કૃત (૧૨૩૧), સંસ્કૃતનો સ્વાંગ (૧૩૯, ૧૭૮), 'ભરડો'ના પર્યાયો (૨૩૦) અને બે અસંસ્કૃત શબ્દોનો સંસ્કૃત તરીકે પ્રયોગ (૪૦૫).

છંદો– વિવિધ છંદો (૨૮, ૩૨૯, ૪૭૩), વિરલ છંદો (૬૫, ૭૪, ૪૦૫, ૪૪૩, ૪૬૪, ૪૮૨, ૫૦૧) અને શ્લોષાત્મક ઉપયોગ (૧૮૦).

દૃશ્યો– હોળી (૧૬૨) અને કુંભકલશ ઇત્યાદિ (૫૦૬).

અક્ષરોની માપબંધી (Letter-rationing)– ત્રિવર્ગપરિહાર (૮), પંચવર્ગપરિહાર (૮, ૪૧૭, ૪૭૯, ૪૮૯), નિરૌષ્ઠ્ય (૮, ૬૫, ૪૭૯, ૪૯૫), એકાક્ષરી (૪૧૬, ૪૮૦), એકવ્યંજન (૪૯૩), દ્વિવ્યંજન (૪૧૬, ૪૭૯, ૪૮૦, ૪૮૭-૪૮૮, ૪૯૩), દ્વિસ્વર-ત્રિવ્યંજન (૪૧૬) અને સંયુક્તાક્ષરનો અભાવ (૩૨૦).

શબ્દાલંકારો– ગતપ્રત્યાગત (૪૧૮), ગૂઢાદિ ચિત્ર (૧૫૪, ૩૯૮, ૪૮૮), ગોમૂત્રિકા (૧૩૭, ૪૯૨), યમક (૨૧, ૧૬૫, ૩૧૨, ૩૨૩, ૪૦૮, ૪૧૯, ૪૨૫) ભંગશ્લેષ (૪૦૬), પ્રશ્નોત્તર (૪૮૭, ૪૮૮) પ્રહેલિકા (૪૮૮, ૪૯૩-૪૯૬), ચિત્રાલંકાર (૩૦૨), જાતિ (૪૯૫), P. ૭૪ આકારચિત્રો કિંવા બંધો (૧૭, ૭૪, ૨૧૦, ૨૧૧, ૨૩૪, ૨૪૦, ૩૦૨-૩૦૩, ૩૧૨, ૩૨૭, ૩૯૯, ૪૦૧, ૪૦૬, ૪૦૮, ૪૧૪, ૪૭૯, ૪૮૯) અને અર્ધભ્રમ (૪૯૨).

અર્થાલંકારો– ઉપમા ઇત્યાદિ (૧૦૨, ૩૫૮, ૩૫૯, ૪૨૩) અને વક્રોક્તિ (૪૮૭).

જ્યોતિષ– પૃ. ૨૬ અને જન્મપત્રિકા (૨૬૩)

વિદ્યાભ્યાસ– પ્રાચીન (૧૨૯-૧૩૧) અને શ્રાવક અધ્યાપક (૧૦૦).

બ્રહ્માદિ અજૈન દેવોની સ્તુતિ– પૃ. ૧૬૭, ૪૧૬, ૪૬૨, ૪૬૪ અને ૪૬૮.

કવિઓ– નામો (૨૧, ૫૦, ૬૧-૬૨) અને પ્રશંસા (૧૮, ૬૧, ૧૧૬).

ગ્રંથકારો– નામો (૨૧૨, ૨૧૯).

ગ્રંથો– પૃ. ૧૮૧-૧૮૪

કાવ્યો– ધેનુસ્વરૂપ (૪૬૪) અને એકમાંથી અન્ય (૪૦૬).

વર્ણનો– કુંજભૂમિ (૧૮૦), નર્તકી (૧૬૮), પુષ્પરથ (૧૩૩), વિશ્વ (૭૮, ૮૭) અને શાસનદેવતા (૧૮૦)

સુભાષિતો– પૃ. ૨૫, ૧૧૮-૧૧૯, ૧૨૩, ૧૭૦ અને ૨૨૪.

અજૈન મંતવ્યો– આલોચના (૩૦૫, ૩૧૯) અને ઉલ્લેખો (૩૪૨, ૩૪૩).

---

૧. આ પૃષ્ઠાંક છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૭૫ **સાક્ષરોની ક્ષતિઓ**– પૃ. ૧૪૯, ૧૫૬, ૧૬૧, ૧૮૧, ૧૯૯, ૨૦૫, ૨૧૦, ૨૨૩, ૩૨૪, ૩૩૦, ૩૩૨, ૩૪૮, ૪૪૧, ૪૪૩, ૪૫૬, ૪૬૪, ૪૮૪, ૫૦૫, ૫૧૩, ૫૨૩, ૫૩૭ અને ૫૫૩માં ક્ષતિઓ વિષે મેં અંગુલીનિર્દેશ કર્યો છે. એમાં મારી કોઇ ગેરસમજ થતી હોય તો તે બદલ હું ક્ષમા યાચું છું.

નામાવલિ– આગમો (૧૭૭), **પાર્શ્વનાથ** (૩૩૬, તૃતીય પરિશિષ્ટ); છન્દઃશાસ્ત્રો (૧૫૩, ૧૫૪) અને વિહરમાણ જિનો (૩૩૭, ૪૧૫).

પ્રકીર્ણક– દિવ્ય ધ્વનિ (૬૫), ગારુડ મંત્ર (૧૫૪, મંત્રાક્ષરો (૩૨૬), કાયસ્થ શિષ્ય (૧૭૭), શિલ્પ (૨૬), નગરરચના (૬૫), યષ્ટિના અને હારના પ્રકારો (૬૫), વાદ્યો (૧૭૮), યંત્રો (૩૧૮, ૩૨૫, ૩૨૬), શૃંગારની પ્રચુરતા (૨૮, ૫૩, ૧૩૭), સિંહ (૪૬૪), ઔષધિઓ (૧૬૧), વૈદ્યક (૨૬), નીતિકથાઓ (૧૦૫), મંદિરની મસ્જીદ (૫૨૮), વાદીઓનો પરાજય (૧૩૦, ૨૭૪, ૩૯૮), વ્યાખ્યાનકળા (૧૭૪), સિદ્ધપુરુષ (૧૫૩), જાદુઇ પટ (૧૦૬), રાજસભામાં જૈન મુનિઓનો પ્રભાવ (૨૧), સ્મરણશક્તિ (૭૧), સુવર્ણ (૪૬૨, ૪૬૪), પાશચન્દ્રનો મત (૪૩૦), વરદાન (૧૬૭, ૩૯૮, ૫૨૭) અને તપ (૯૮) છે.

આ ઉપોદ્‌ઘાત તો એક દિશાસૂચનરૂપ છે. આ ઉપખંડ પણ લગભગ તેવો જ છે, કેમકે એ તૈયાર કરવા માટે તેમ જ ચકાસણી કરવા માટે પણ જોઇતાં–આવશ્યક પુસ્તકો વગેરે સામગ્રી પૂરતા પ્રમાણમાં અને સુગમતાથી મળી શકી નથી. આથી આ પુસ્તકમાં જે કોઇ મહત્ત્વની ન્યૂનતા કે ક્ષતિ સહૃદય સાક્ષરોને માલૂમ પડે તે જણાવવા મારી તેમને સાદર અને સાથોસાથ સાગ્રહ વિજ્ઞપ્તિ છે.

''જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ''ના પ્રથમ ખંડ માટે તેમ જ **યશોદોહન** માટે ઉપોદ્‌ઘાત
P. ૭૬ ઉપરાંત પરિશિષ્ટો, વિસ્તૃત વિષયસૂચી ઇત્યાદિ તૈયાર કર્યાં હતાં તેમ આ ઉપખંડ માટે જ નહિ પરંતુ બાકીના [1]ત્રણ ઉપખંડો માટે પણ મેં આ જાતની સામગ્રી તૈયાર કરી છે.

---

૧. આ દ્વિતીય ખંડના ઉપખંડ ૨-૪ની સંક્ષિપ્ત રૂપરેખા નીચે મુજબ છે :

ઉપખં ૨: દાર્શનિક સાહિત્ય

પ્રકરણ	૩૬-૩૭	દર્શનમીમાંસા
પ્રકરણ	૩૮-૩૯	ન્યાય
પ્રકરણ	૪૦-૪૧	યોગ

ઉપખંડ ૩ : અનુષ્ઠાનાત્મક સાહિત્ય

પ્રકરણ	૪૨	ચરણકરણાનુયોગ
પ્રકરણ	૪૩	મન્ત્રશાસ્ત્ર અને કલ્પ
પ્રકરણ	૪૪	અનુષ્ઠાનવિધિ
પ્રકરણ	૪૫	સ્વમતસમર્થક કિંવા ખંડનમંડનાત્મક ગ્રન્થો

ઉપખંડ ૪ : અવશિષ્ટ સાહિત્ય

પ્રકરણ	૪૬	પ્રકીર્ણક ગ્રન્થો
પ્રકરણ	૪૭	જૈન પાઇય (પ્રાકૃત) કૃતિઓનાં સંસ્કૃત વિવરણો
પ્રકરણ	૪૮	અજૈન દાર્શનિક સાહિત્યનાં જૈન સંસ્કૃત વિવરણો
પ્રકરણ	૪૯	ઉત્કીર્ણ લેખો ઇત્યાદિ
		ત્રણ પરિશિષ્ટો
પરિશિષ્ટ	૧	ગ્રન્થકારોની સૂચી
પરિશિષ્ટ	૨	ગ્રન્થો અને લેખોની સૂચી
પરિશિષ્ટ	૩	પ્રકીર્ણક વિશેષનામો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અભ્યર્થના– પ્રથમ ખંડ ઈ. સ. ૧૯૫૬માં છપાયો અને દ્વિતીય ખંડના આ આદ્ય ઉપખંડનું P. ૭૭
મુદ્રણ જે ઈ. સ. ૧૯૬૪ના નવેમ્બરમાં શરૂ કરાયું હતું તે આ વર્ષે પુરું થનાર છે એટલે બાકીના ત્રણે ઉપખંડોને લગતું લખાણ સવેળા પૂરેપૂરું પ્રકાશિત થાય તેવો યોગ્ય પ્રબન્ધ કરવા મારી આ સંસ્થાના સંચાલકોને અને વિશેષતઃ આ કાર્યમાં રસ લેનારા મુનિશ્રી **યશો**વિજયજીને અભ્યર્થના છે. જો એ વેળાસર સ્વીકારશે તો આ ઉંમરે પણ આ ઉપખંડના મુદ્રણપત્રો મેં જેમ એક આંખે તપાસી આપ્યા છે તેમ બાકીનાં માટે પણ બનતું કરવાની મારી પૂરેપૂરી ઉમેદ છે.

સાંકડી શેરી, ગોપીપરું,
સુરત-૨.
તા. ૫-૮-'૫૮

હીરાલાલ ૨. કાપડિયા

તા. ક. આજે છેલ્લાં નવ વર્ષોમાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકાદિ પૈકી કોઇ કોઇની નોંધ પૂરતો કાલવ્યતિક્રમ છે.

કાયસ્થ મહોલ્લો, ગોપીપરું,
સુરત-૨.
તા. ૧-૬-'૬૭

હીરાલાલ ૨. કાપડિયા

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આચાર્ય શ્રી વિજયમુનિચન્દ્રસૂરિ સંપાદિત-સંકલિત પ્રકાશિત ગ્રંથો

હીરસૌભાગ્ય (સટીક)
પ્રવચન સારોદ્ધાર વિષમપદ વ્યાખ્યા
દસસાવગચરિયં
ધર્મરત્નકરંડક
કથારત્નાકર
પ્રભાવકચરિત્ર (ગુજરાતી ભાષાંતર)
ઉપમિતિ કથોદ્ધાર કર્તા : પં. શ્રી હંસરત્નગણી
વીરનિર્વાણ સંવત ઔર જૈન કાલગણના : લે. પં. કલ્યાણવિજય ગણી
શ્રમણ ભગવાન મહાવીર : પં. કલ્યાણવિજય ગણી
જીવાજીવાભિગમ આ. હરિભદ્રસૂરિટીકા (મુદ્રણાલયમાં)
જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ લે. મોહનલાલ દેસાઈ

દસવૈકાલિકસૂત્ર : પૂ. આ. ભ. શ્રી ભદ્રંકરસૂરિ મ. સા. ના વિવેચન સાથે
કર્મગ્રંથ ૧ થી ૫ : રમ્યરેણુ, શાંતિનાથ ચરિત્ર-સાનુવાદ : રમ્યરેણુ,
દાનોપદેશમાલા-સવિવેચન : રમ્યરેણુ


પૂ. આ. ભ. શ્રી યશોવિજયસૂરિ મ. સા.ની વાચનાઓ

દરિસણ તરસિએ ભા. ૧	બિછુરત જાયે પ્રાણ
દરિસણ તરસિએ ભા. ૨	સો હિ ભાવ નિર્ગ્રંથ
આપ હિ આપ બુઝાય	મેરે અવગુણ ચિત્ત ન ધરો
ઋષભ જિનેશ્વર પ્રિતમ માહરો	પ્રભુનો પ્યારો સ્પર્શ
આતમજ્ઞાની શ્રમણ કહાવે	અસ્તિત્વનું પરોઢ
આત્માનુભૂતિ	અનુભૂતિનું આકાશ

—: પ્રાપ્તિસ્થાન :—
આ. શ્રી ૐકારસૂરિ આરાધના ભવન
સુભાષચોક, ગોપીપુરા, સૂરત-૩૯૫૦૦૧. ફોન : ૨૪૨૬૫૩૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આચાર્ય શ્રી ઓંકારસૂરિ જ્ઞાનમંદિર – ગ્રંથવાલી



- શ્રી સમસ્ત વાવપથક જૈન શ્વે. મૂ. પૂ. સંઘ-ગુરુસ્મૃતિ પ્રતિષ્ઠા સ્મૃતિ
- શેઠ શ્રી ચંદુલાલ કકલચંદ પરિવાર (વાવ) (બનાસકાંઠા)
- શેઠ શ્રી ધુડાલાલ પુનમચંદ હેક્કડ પરિવાર
- પાલીતાણા ચાતુર્માસ સમિતિ (જુનાડીસા) જ્ઞાનદ્રવ્યમાંથી
- શ્રી ધર્મોત્તેજક પાઠશાળા – શ્રી ઝીંઝુવાડા જૈન સંઘ
- સૂઈગામ જૈન સંઘ – સૂઈગામ (બનાસકાંઠા)
- શ્રી વાંકડિયા વડગામ જૈન સંઘ – વાંકડિયા વડગામ (રાજસ્થાન)
- શ્રી ગરાંબડી જૈન સંઘ – ગરાંબડી (બનાસકાંઠા)
- શ્રી રાંદેર રોડ જૈન સંઘ – સુરત.

પ્રભુવાણી પ્રસાર અનુમોદક

- શ્રી મોરવાડા જૈન સંઘ–મોરવાડા (બ.કાં.)
- શ્રી ઉમરા જૈન સંઘ–સુરત
- શ્રી શત્રુંજય ટાવર જૈન સંઘ–સુરત

પ્રભુવાણી પ્રસાર ભક્ત

શ્રી દેશલપુર (કંઠી) શ્રી પાર્શ્વચન્દ્રગચ્છ (મુનિભવનચન્દ્રજીની પ્રેરણાથી)
શ્રી ધ્રાગંધ્રા શ્રી પાર્શ્વચન્દ્રસૂરીશ્વરગચ્છ (મુનિભુવનચન્દ્રજીની પ્રેરણાથી)

પત્રવ્યવહાર : સેવંતીલાલ એ. મહેતા
આચાર્ય શ્રી ઓંકારસૂરિ આરાધના ભવન, સુભાષચોક, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧
ફોન : ૦૨૬૧-૨૪૨૬૫૩૧, ૨૪૩૯૦૨૪
E-mail :omkarsuri@rediffmail.com

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ (ભાગ-૨)


આ ભાગમાં ૧૮ થી ૩૫ પ્રકરણોમાં લલિત સાહિત્યનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ દરેક સ્થળે અમને જે જે વિશેષ વિગતો ઉમેરવા જેવી લાગી તે [ ] ચોરસ કૌંસમાં આપી છે.

જિનચરિત્રો, પુરાણો, પ્રકીર્ણક ચરિત્રો, પ્રબંધો, કથાઓ, દ્વ્યાશ્રય કાવ્યો, અનેકસંધાન કાવ્યો, ચંપૂઓ, સ્તુતિ-સ્તોત્રો, પાદપૂર્તિકાવ્યો, અનેકાર્થી કૃતિઓ, વિજ્ઞપ્તિપત્રો, નાટકો, રૂપકો વગેરેનો સુંદર પરિચય શ્રી કાપડિયાએ આપ્યો છે.

ઉપરોક્ત વિષય સિવાયના પણ નવા-નવા પ્રકાશનોની નોંધ આપી છે.

સંપાદક



જૈન
સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ
ભાગ-૨

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીવીતરાગાય નમઃ

જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ



ખંડ ૨ : ધાર્મિક સાહિત્ય

P. ૧

ઉપખંડ ૧ : ललित साहित्य

પ્રકરણ ૧૮ : શ્રવ્ય કાવ્યો

(અ) બૃહત્ પદ્યાત્મક ગ્રન્થો : જિનચરિત્રો

કાવ્યના પ્રકારો અને ઉપપ્રકારો–સાહિત્યનો 'વાઙ્મય' જેવો વ્યાપક અર્થ કરીને. (નહિ કે એના મર્યાદિત સ્વરૂપને લક્ષીને) એના બે વિભાગ કેટલીક વાર પડાય છે : (૧) ललित અને (૨) ललितेतर. તેમાં આ 'ललित' સાહિત્યનું એક મહત્ત્વનું અંગ તે 'કાવ્ય' છે. 'કાવ્ય' એટલે 'રસાત્મક શાબ્દિક રચના. અહીં 'રસ' થી ખાનપાન વગેરેને અંગેના રસ નહિ પણ શૃંગાર વગેરે રસ અભિપ્રેત છે. આ પ્રકારના રસથી રંગાયેલી મનોરંજક કૃતિરૂપ કાવ્યના (૧) શ્રવ્ય અને (૨) દૃશ્ય એમ બે મુખ્ય વર્ગો પડાય છે. તેમાં શ્રવ્ય કાવ્યના (૧) પદ્યાત્મક યાને છન્દોબદ્ધ, (૨) ગદ્યાત્મક અને (૩) ઉભયાત્મક એમ ત્રણ પેટાવર્ગ ગણાવાય છે. તેમાં પદ્યાત્મક કાવ્યો પૈકી ઘણાંખરાં સાહિત્યના એક જ અંગને-એક જ વિષયને રજૂ કરે છે. એને આપણે 'એકાશ્રય કાવ્ય' કહી શકીએ કેમકે સાહિત્યના ભિન્ન P. ૨
ભિન્ન અંગરૂપ આશ્રયવાળાં કાવ્યને માટે 'દ્વ્યાશ્રય' જેવો શબ્દ યોજાયેલો મળે છે. આ ઉપરથી આપણે પદ્યાત્મક કાવ્યોના 'એકાશ્રય' અને અનેકાશ્રય એમ બે પ્રકારો પાડી શકીએ. કોઇ પણ કાવ્યનો વિષય એક સાથે બેથી વધારે આશ્રયને સરખે અંશે અનુરૂપ હોય એવું કાવ્ય જોવા-જાણવામાં નથી. તેમ છતાં શાસ્ત્રીય દૃષ્ટિએ 'અનેકાશ્રય' એવું નામકરણ યોજવું સમુચિત જણાય છે. 'એકાશ્રય' કાવ્યોમાં કેટલાંકની રચના એવી છે કે એના પ્રત્યેક પદ્યના એક કરતાં વધારે અર્થ થાય છે એટલે કે એ અનેકસંધાન કાવ્ય હોય છે. આ દૃષ્ટિએ એકસંધાન કાવ્ય અને 'અનેકસંધાન' કાવ્ય એમ એના બે વર્ગ પાડી શકાય. આ બંને વર્ગના કાવ્યોના એના પદ્યોની સંખ્યાને આધારે 'બૃહત્' અને 'લઘુ' એમ બે બે પેટાવર્ગો દર્શાવાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'બૃહત્ કાવ્ય' એટલે હજારેક શ્લોકથી વધારે પરિમાણવાળું કાવ્ય અને 'લઘુ કાવ્ય' એટલે એથી ઓછા પરિમાણવાળું કાવ્ય. આ એક કામચલાઉ વ્યવસ્થા છે. આવી વ્યવસ્થા પરીક્ષાની ઉત્તીર્ણતાને અંગે નિયત કરેલા ટકાની બાબતમાં પણ જોવાય છે. પ્રથમ ઉપપ્રકાર માટે 'બૃહત્ કાવ્ય' અને દ્વિતીય માટે 'લઘુ કાવ્ય' એવી સંજ્ઞા મેં યોજી છે.

બૃહત્ કાવ્યો સામાન્ય રીતે 'મહાકાવ્ય' તરીકે ઓળખાવાતી કૃતિનાં લક્ષણોથી અંકિત હોય એ સ્વાભાવિક છે પરંતુ લઘુ કાવ્યોમાં ઋતુ વગેરેનાં વિસ્તૃત વર્ણનો ઇત્યાદિ માટે પ્રાયઃ સ્થાન હોય નહિ. બૃહત્ કાવ્યોનો વિષય મહાપુરુષોનાં ચરિત્રો રજૂ કરવાનો હોય એ દૃષ્ટિએ એ 'ચરિત્રાત્મક' કાવ્ય ગણાય. આ મહાપુરુષો પૈકી જેઓ પ્રાગ્-[1]ઐતિહાસિક (pre-historic) યુગમાં થયેલા હોય તેમને માટે 'પૌરાણિક' શબ્દ યોજી શકાય અને એમને અંગેના કાવ્યોનો તો 'પુરાણ' તરીકે નિર્દેશ થઈ શકે અને કેટલાક જૈન ગ્રંથકારોએ તેમ કર્યું પણ છે.

'એકસંધાન લઘુ' કાવ્યોમાં ખંડ-કાવ્યો, શતકો, પ્રકૃતિ-કાવ્યો. સમસ્યા-કાવ્યો, સંદેશ-કાવ્યો, સ્તુતિ-સ્તોત્રો અને વિજ્ઞપ્તિ-પત્રોનો સમાવેશ થાય છે.

અહીં એ વાત ઉમેરીશ કે કોઈ કાવ્ય એક જ પદ્યરૂપ હોય અને તેના અનેક અર્થો થતા હોય તો તે 'અનેકાર્થી' કાવ્ય ગણાય. સાથે સાથે એ 'લઘુ [2]અનેકસંધાન કાવ્ય' પણ ગણાય. આવાં અનેક પદ્યોવાળું સળંગ કાવ્ય હોય તો એ પણ 'અનેકસંધાન કાવ્ય' ગણાય. એ પણ બૃહત્ કે લઘુ હોય.

ગદ્યાત્મક કાવ્યોમાં ગદ્યમાં રચાયેલી કૃતિઓની—ખાસ કરીને આખ્યાયિકાઓ, કથાઓ ઇત્યાદિની ગણના કરાય છે. 'ચંપૂ' એ તો મુખ્યતયા ગદ્યમાં રચાયેલી એક વિશિષ્ટ પ્રકારની રચના છે.

દૃશ્ય કાવ્ય—'દૃશ્ય' કાવ્ય એટલે 'રૂપક'. સામાન્ય રીતે એનો 'નાટક' શબ્દથી વ્યવહાર થઈ શકે. સટ્ટક જેવા રૂપકને બાદ કરતાં ઉત્તર ભારતના પ્રાચીન સમયનાં રૂપકોમાં સંસ્કૃત ઉપરાંત જાતજાતની પાઇય (પ્રાકૃત) ભાષામાં ગુંથાયેલું લખાણ નજરે પડે છે. આને લક્ષ્યમાં રાખી હું આ રૂપકોને—નાટકોને 'દ્વૈભાષિક' (bilingual) કહું છું. જૈન રૂપકોની સંખ્યા નાની છે એટલે એના પેટાવર્ગ પ્રમાણે વહેંચણી કરવાની આવશ્યકતા રહેતી નથી.


આમ મેં કાવ્યરૂપ વૃક્ષની શાખા, પ્રશાખા ઇત્યાદિનો જે નિર્દેશ કર્યો છે તેનો એકસામટો બોધ થાય તે માટે એની હું નીચે મુજબ સ્થાપના રજૂ કરું છું :—

---

૧. ઐતિહાસિક યુગના આરંભકાળને 'આદ્ય-ઐતિહાસિક' (proto-historic) કહે છે. હડપ્પા-સંસ્કૃતિ, વેદ-સંસ્કૃતિ તેમ જ અજૈન રામાયણ, મહાભારત અને પુરાણોના મુખ્ય પ્રસંગો આ આદ્ય-ઐતિહાસિક યુગના છે એમ ''ગુજરાત વિદ્યાસભા'' તરફથી વિ.સં. ૨૦૦૮માં પ્રકાશિત **હડપ્પા ને મોહેંજો-દડો** (પૃ.૫)માં ઉલ્લેખ છે. આ પુસ્તક અધ્યાપક ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીએ રચ્યું છે.

૨. શ્લેષાત્મક પદ્યોવાળું કાવ્ય એક રીતે 'અનેક-સંધાન' ગણાય પરંતુ એ સર્વાંશે એવું ભાગ્યે જ હોય એટલે એનો મેં અહીં ઉલ્લેખ કર્યો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જૈન સાહિત્યનો ઉદ્‌ભવ એ કંઈ સાહિત્યની જ રચનાની આકાંક્ષાને આભારી નથી પરંતુ મોટે ભાગે તો જૈન ધર્મના સ્વરૂપને સમજાવવાની ભાવનાને આભારી છે. આમ હોવાથી એ સ્વરૂપને યથાર્થ રીતે રજૂ કરનારા જૈન તીર્થંકરોનાં ચરિત્રોથી કાવ્યના શ્રીગણેશ માંડવા હું લલચાઉં છું.

આપણા આ દેશમાં–'ભારત'વર્ષમાં ચાલુ 'હુંડા' અવસર્પિણી કાળમાં 'કૌશલિક' **ઋ**ષભદેવથી માંડીને શ્રમણ ભગવાન **મ**હાવીરસ્વામી સુધીના ચોવીસ તીર્થંકરો થઈ ગયા છે. એ પ્રત્યેકનાં છૂટાં છૂટાં એટલે કે સ્વતંત્ર તેમ જ એકસામટાં પરંતુ [1]ક્રમશઃ ચોવીસેનાં એમ બે રીતે ચરિત્રો મળે છે. આ ઉપરાંત
૨ ૬ ચોવીસેનું કે અમુક અમુક તીર્થંકરનું ચરિત્ર અન્ય મહાપુરુષોના ચરિત્ર સાથે સંકલિત કરાયેલું પણ મળે છે. તેમાં દરેક તીર્થંકરના સ્વતંત્ર ચરિત્રથી હું શરૂઆત કરીશ. તેમ કરતી વેળા 'પુરાણ' તરીકે નિર્દેશાયેલાં ચરિત્રોની પણ સાથે સાથે સંક્ષિપ્ત નોંધ લઈશ.

ભ. **મ**હાવીરસ્વામી અને એમના પુરોગામી 'પુરુષાદાનીય' પાર્શ્વનાથ સિવાયના તીર્થંકરો તેમ જ **રા**મચન્દ્ર, હનુમાન, વાસુદેવ **કૃ**ષ્ણ, **પાં**ડવો, પુણ્યશ્લોક **ન**ળ વગેરે મહાપુરુષો પ્રાગ્-ઐતિહાસિક યુગમાં થયેલા છે એટલે એ પૌરાણિક મહાપુરુષો ગણાય. એમના ચરિત્રને અંગે 'પુરાણ' શબ્દ પણ વપરાય છે. આ પુરાણો કોને કોને અંગે કેટલાં કેટલાં રચાયાં છે અને એ કઈ કઈ ભાષામાં રચાયાં છે, અજૈન પુરાણો સાથે એનું શું સામ્ય છે ઇત્યાદિ બાબતોનો એકસામટો ખ્યાલ આવે તે માટે હું 'પુરાણો' એવા શીર્ષકપૂર્વક એ કૃતિઓનો એક જુદો વર્ગ પાડીને પણ વિચાર કરીશ.

[2]**પદ્માનન્દ-મહાકાવ્ય** યાને **જિનેન્દ્રચરિત** (લ. વિ. સં. ૧૨૯૫)–આના કર્તા 'વેણીકૃપાણ' શીર્ષક કવિ [3]**અ**મરચન્દ્રસૂરિ છે. એઓ 'વાયડ' ગચ્છના અને **વિવેકવિલાસ**ના પ્રણેતા **જિ**નદત્તસૂરિના શિષ્ય થાય છે. એ કવિએ 'વીર' અંકથી અંકિત આ મહાકાવ્ય [4]૧૯ સર્ગમાં [5]૪૭૬૫ પદ્યોમાં રચ્યું

૧. આ શબ્દથી હું 'અનેકસંધાન' કાવ્યોનો વર્ગ પૃથક્ છે એ વાત સૂચવું છું કેમકે **નાભેય-નેમિ** જેવા દ્વિસંધાન-કાવ્યમાં **ઋ**ષભદેવ અને નેમિનાથ એ બેના અને **સપ્તસંધાન** જેવા કાવ્યમાં એ બે ઉપરાંત **શા**ન્તિનાથ, **પા**ર્શ્વનાથ ને **મ**હાવીરસ્વામી એ ત્રણેના એમ એકંદર પાંચ તીર્થંકરોનાં તેમ જ **કૃ**ષ્ણ અને **રા**મચન્દ્રનાં ચરિત્રો રજૂ કરાયેલાં છે તેનો અત્રે સમાવેશ થતો નથી.

૨. આ મહાકાવ્ય એને અંગેનાં મારાં અંગ્રેજી સારાંશ (digest), સંસ્કૃત અને અંગ્રેજી ભૂમિકા તથા પદ્યાનુક્રમણિકા ઇત્યાદિ સહિત તેમ જ આ કવિકૃત **ચતુ-વિંશતિજિનેન્દ્ર સંક્ષિપ્તચરિત્રપૂર્વક** ''ગા. પૌ. ગ્રં.''માં ઈ. સ. ૧૯૩૨માં છપાવાયું છે અને એ મેં સંપાદિત કર્યું છે. આની વિ. સં. ૧૨૯૭માં લખાયેલી એક હાથપોથી ખંભાતના એક ભંડારમાં છે આ મહાકાવ્યનું ગુજરાતી ભાષાંતર ''જૈ. આ. સ.'' તરફથી વિ. સં. ૧૯૯૯માં **''શ્રીઆદિનાથપ્રભુચરિત''** ના નામથી પ્રકાશિત કરાયું છે. એની પ્રસ્તાવનામાં તમામ સર્ગોનો સારાંશ ગુજરાતીમાં અપાયો છે. [સુરેન્દ્રસૂરિ ત. પાઠશાળા અમદા.થી આ આ. જગચ્ચંદ્રસૂરિના સંપાદન પૂર્વક ૨૦૫૨માં છપાયો છે. વિશેષ માટે જુઓ 'તેરહવી ચૌદહવી શતાબ્દી કે જૈન સંસ્કૃત કાવ્ય' ડો. શ્યામશંકર દીક્ષિત.]

૩. એમનો પરિચય મેં **જૈ. સં સા. ઈ** (ખંડ ૧, પૃ. ૯૮ અને ૩૨૪)માં આપ્યો છે.

૪. આ પૈકી ૧૯મો સર્ગ 'પ્રશસ્તિ-સર્ગ' છે.

૫. ૧૩૩, ૩૨૭, ૨૪૧, ૨૪૭, ૧૪૨, ૨૬૨, ૬૯૫, ૧૭૪, ૧૨૫, ૧૨૯, ૮૯, ૧૬૭, ૪૭૧, ૩૧૩, ૨૭૨, ૨૮૩, ૪૦૯, ૩૨૩ અને ૬૩ એમ ૧૯ સર્ગમાં પદ્યોની અનુક્રમે સંખ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. એ મહાકાવ્ય તીર્થંકરોની સ્તુતિઓ રચનારા કવિ **પદ્મ** મંત્રીની અભ્યર્થનાથી યોજાયેલું હોવાથી P. ૭
એના નામમાં 'પદ્મ' શબ્દ ગૂંથી લેવાયો છે. આની [1]પ્રશસ્તિ (શ્લો. ૪૯)માં વિ. સં. ૧૨૯૪માં ગાદીએ આવનારા **વીસલદેવ** (વિશ્વલદેવ)નું નામ છે એટલે આ મહાકાવ્ય વિ. સં. ૧૨૯૪ થી ૧૨૯૭ના ગાળામાં રચાયું છે. આનો પ્રારંભ જોતાં એમ જણાય છે કે કર્તાની અભિલાષા 'કૌશલિક' **ઋષભદેવ** વગેરે ચોવીસે તીર્થંકરોનું વિસ્તૃત ચરિત્ર રચવાની હતી. એ ફળીભૂત થઈ હોય તો પણ આજે તો આપણને ઋષભદેવનું જ ચરિત્ર મળે છે. તેમ છતાં એ આનંદનો વિષય છે કે એમણે ચોવીસે જિનેશ્વરોનું સંક્ષેપમાં રચેલું ચરિત્ર તો મળે જ છે.[2] એ **પદ્માનન્દ–મહાકાવ્ય**ને હિસાબે લગભગ ત્રીજે ભાગે છે કેમકે એમાં ૧૮૦૨ પદ્યો છે. આ [3]સંક્ષિપ્ત ચરિતમાં વિસ્તૃત ચરિત રચવાની અભિલાષા દર્શાવાઈ છે.

પદ્માનન્દ–મહાકાવ્ય એ હૈમ **ત્રિષષ્ટિ.** (પદ્યાત્મક)ને સામે રાખીને યોજાયું છે. એમાં જાતજાતના છન્દ અને [3]અલંકારોનો ઉપયોગ કરાયો છે. સ. ૧૪માં શ્લો. ૭૫-૮૨ ત્રિવર્ગ-પરિહારનાં ઉદાહરણરૂપ P. ૮
છે. એમાં ક-વર્ગ, ચ-વર્ગ અને ટ-વર્ગના અક્ષરોનો ઉપયોગ કરાયો નથી. એવી રીતે આ સર્ગના શ્લો. ૧૦૫-૧૯૫ 'ક્' થી 'મ્' સુધીના પચ્ચીસ અક્ષરોથી રહિત છે અને આમ એ પંચવર્ગ પરિહારના ઉદાહરણરૂપ છે. નિરૌષ્ઠ્ય અર્થાત્ ઔષ્ઠ્ય અક્ષર વિનાની પ્રાચીન કૃતિ તે દંડીએ રચેલા **દશકુમારચરિત**નો સાતમો ઉચ્છ્વાસ છે. મરાઠી કવિ મોરોપંતે **નિરોષ્ટ-રામાયણ** રચ્યું છે.

વૃત્તિ–આ મહાકાવ્ય ઉપર કોઈકની ૬૨૮૧ શ્લોક જેવડી વૃત્તિ છે.

ટિપ્પણ–આ **જિનવર્ધમાન** (? **જિનવર્ધન**)ના શિષ્ય **હર્ષવર્ધન**ની રચના છે.

ભાષાંતર–પ્રસ્તુત મહાકાવ્યનું ગુજરાતીમાં ભાષાન્તર થયેલું છે. એ ભાષાન્તરકારનું નામ અપાયા વિના છપાવાયું છે.

[૧] [4]**ઋષભદેવ–ચરિત્ર** (લ. વિ. સં. ૧૩૨૫)–આ ચરિત્ર **નેમિકુમાર**ના પુત્ર **વાગ્ભટે** રચ્યું છે અને એનો ઉલ્લેખ એમણે પોતે પોતાની કૃતિ નામે **કાવ્યાનુશાસન**માં કર્યો છે પણ એની એકે હાથપોથી મળતી હોય એમ જણાતું નથી. આનો વિષય જૈનોના આદ્ય તીર્થંકર **ઋષભદેવ**નો જીવનવૃત્તાંત છે.

ભાગવત (સ્કંધ ૫, અ. ૨–૬)માં **ઋષભદેવ**નું જીવનચરિત્ર વૈદિક હિન્દુઓની માન્યતા મુજબ અપાયું છે.

આદિનાથ–ચરિત્ર (વિ. સં. ૧૪૭૪)–આ **વિનયચન્દ્રે** વિ. સં. ૧૪૭૪માં રચ્યું છે.

૧. આમાં **પદ્મ** મંત્રીનો એમના પૂર્વજ મંત્રી **વાસુપૂજ્ય**થી માંડીને પરિચય અપાયો છે.

૨. આનું નામ ''ચતુર્વિંશતિ–જિનેન્દ્ર–સંક્ષિપ્ત–ચરિત'' છે અને એ ''ગા. પૌ. ગ્રં.'' માં ઈ.સ. ૧૯૩૨માં પ્રકાશિત છે. જુઓ પૃ. ૪. ટિ. ૧. આનો ગુજરાતી અનુવાદ ''જૈ. આ. સ.'' તરફથી વિ. સં. ૧૯૯૩માં છપાવાયો છે. [આ. સુશીલસૂરિકૃત **તીર્થંકરચરિત્ર** ''લા.જ્ઞાન મં.'' બોટાદથી સં. ૨૦૩૦માં છપાયું છે.]

૩. જુઓ **પદ્માનન્દ–મહાકાવ્ય**ની મારી સંસ્કૃત ભૂમિકા (પૃ ૮-૧૦)

૪. **અભયદેવસૂરિ**ના શિષ્ય **વર્ધમાનસૂરિએ** જ. મ. માં વિ. સં. ૧૧૬૦ માં **આદિનાહચરિય** રચ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૯ **આદિનાથ–ચરિત્ર**–આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

આદિનાથ–પુરાણ–ચન્દ્રકીર્તિ, [ધર્મકીર્તિ] **શાન્તિદાસ**, [1]**સકલકીર્તિ** અને **હસ્તિમલ્લ** એ ચારેનું એકેક પુરાણ મળે છે.[2] [શ્રીદેવેન્દ્રમુનિ શાસ્ત્રીના ભ. ઋષભદેવ એક અનુશીલ નં માં અનેક ચરિત્રોનો ઉપયોગ થયો છે.]

[૨] **અજિતનાથ–ચરિત્ર**–આ વિષયની સ્વતંત્ર કૃતિ તરીકે તો કોઈ અજ્ઞાતકર્તૃક રચના હોય તો હોય; બાકી **અરુણમણિ**નું વિ. સં. ૧૭૧૬માં [જહાનાબાદ, બિહારમાં] રચાયેલુ **અજિતનાથ-પુરાણ** છે. એમાં જૈનોના દ્વિતીય તીર્થંકર **અજિતનાથ**નો જીવનવૃત્તાન્ત આલેખાયો છે. [દેવાનન્દસૂરિકૃત અજિતનાથચરિત્રની નકલ પ્રાકૃતટેક્ષ્ટ સો. અમદાવાદમાં છે.]

[૩] **સંભવનાથ–ચરિત્ર** (વિ. સં. ૧૩૦૦)– આના કર્તા **તેજપાલ** છે. શું એઓ **વસ્તુપાલ**ના ભાઈ થાય છે ? આ તેજપાલે આ દ્વારા જૈનોના ત્રીજા તીર્થંકર **સંભવનાથ**નું ચરિત્ર આલેખ્યું છે. આ કૃતિની એક હાથપોથી ભાં. પ્રા. સં. મં. મા છે.

સંભવનાથ–ચરિત્ર (વિ.સં. ૧૪૧૩) આ **મેરુતુંગસૂરિ**ની રચના છે.

સંભવનાથ–ચરિત્ર–આ અજ્ઞાતકર્તક ચરિત્રની એક તાડપત્રીય પ્રતિ જેસલમેરના ભંડારમાં છે. આ ચરિત્રની નોંધ બૃ. ટિ. માં છે.

[૪] **અભિનન્દનસ્વામિ–ચરિત્ર–બૃ. ટિ**.માં આ નામનું એક સંસ્કૃત ચરિત્ર છે. એમાં જૈનોના ચોથા તીર્થંકર **અભિનન્દનસ્વામી**નું ચરિત્ર આલેખાયું છે.[3]

P. ૧૦ [૫] [4]**સુમતિનાથ–ચરિત્ર–બૃ. ટિ**.માં આ નામની એક કૃતિ નોંધાયેલી છે. વળી જેસલમેરના ભંડારમાં આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિની તાડપત્રીય પ્રતિ છે. આ બંનેમાં જૈનોના પાંચમા તીર્થંકર સુમતિનાથનું ચરિત્ર આલેખાયું છે.

[૬] **પદ્મપ્રભ-ચરિત્ર** (વિ. સં. ૧૨૫૪) – આના કર્તા 'જાલિહર' ગચ્છના **દેવસૂરિ** છે. એઓ **ધર્મઘોષસૂરિ**ના શિષ્ય અને **સર્વાનન્દસૂરિ**ના પ્રશિષ્ય થાય છે. આ **દેવસૂરિ**એ વિ. સં. ૧૨૫૪માં રચેલા ચરિત્રમાં છઠ્ઠા તીર્થંકર **પદ્મપ્રભ**નાથનો વૃત્તાન્ત રજૂ કર્યો છે. વિશેષમાં એમણે અહીં ત્રણ વાત કહી છે :–

(૧) 'જાલિહર' અને 'કાસદ્રહ' એ બે ગચ્છો 'કોટિક' ગણની 'વિદ્યાધર' શાખામાંથી એકસાથે નીકળ્યા છે. [પઉમપ્પહસામિય. (જાલીહરગચ્છીય)ની નકલ પ્રા.ટે.સો. અમદાવાદમાં છે.]

(૨) ગ્રંથકારના પ્રગુરુ **સર્વાનન્દસૂરિ**એ **પાર્શ્વનાથચરિત્ર** રચ્યું છે.

---

૧. એમણે રચેલા પુરાણને **પુરુદેવ-પુરાણ** પણ કહે છે કેમકે 'પુરુદેવ'નો અર્થ 'ઋષભદેવ' થાય છે. [જિનવાણી પ્ર. કાર્યાલય કલકત્તાથી ૧૯૩૭માં આ પ્રકાશિત થયેલ છે.]

૨. જુઓ **મહાપુરાણ** (ભા. ૧)ની હિન્દી પ્રસ્તાવના (પૃ. ૨૦)

૩. કોઈકે પાઈયમાં પણ આ તીર્થંકરનું ચરિત્ર રચ્યું છે. એનું નામ **અભિનન્દણસામિચરિય** છે.

૪. વિ. સં. ૧૨૪૧માં **કુમારવાલચરિય** રચનારા સોમપ્રભસૂરિએ જ. મ.-માં **સુમઈનાહ-ચરિય** રચ્યું છે. જુઓ પા. ભા. સા. (પૃ. ૧૧૮). [સંપા.રમણીક શાહ પ્ર. પ્રાકૃતગ્રંથ પરિષદ્]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩) ગ્રંથકાર દેવેન્દ્ર પાસે ન્યાય અને હરિભદ્રસૂરિ પાસે આગમ ભણ્યા હતા.

[**પ્રવચનસારોદ્ધાર ટીકા**માં **સિદ્ધસેનસૂરિ**એ સ્વરચિત '**પદ્મપ્રભચરિત્ર**'નો ઉલ્લેખ કર્યો છે. **જ્ઞાન**ભૂષણ, **વિદ્યા**ભૂષણ, **શુભ**ચન્દ્ર, **સકલકીર્તિ**, **સોમ**દત્ત વિ.એ પણ **પદ્મપ્રભચ.** રચ્યા છે. **પઉમપ્પહસામિ ચ.**– **સિરિ**ચંદસૂરિ, સંપા. રૂપેન્દ્રકુમાર પગારિયા, પ્ર. લા. દ. વિદ્યામંદિર]

[૭] [1]**સુપાર્શ્વનાથ–ચરિત્ર**–૮૦૦૦ શ્લોક જેવડી આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ છે. આ ઉપરાંત **બૃ. ટિ.**માં પણ આવી એક કૃતિની નોંધ છે. એમાં જૈનોના સાતમા તીર્થંકર સુપાર્શ્વનાથનો જીવન વૃત્તાંત આલેખાયો છે. બૌદ્ધોના ગ્રંથ નામે **મહાવગ્ગ** (૧, ૨૨, ૧૩)માં મહર્ષિ બુદ્ધના P. ૧૧
સમયમાં રાજગૃહમાં આ **સુ**પાર્શ્વનાથનું મંદિર હતું એમ કહ્યું છે.[2] આ જ ગ્રંથમાં 'આજીવક' સંપ્રદાયનો તપસ્વી નામે ઉપક **અનન્ત**નાથનો ઉપાસક હતો એવો ઉલ્લેખ છે.[3]

[૮] **ચન્દ્રપ્રભ–ચરિત્ર** (લ. વિ. સં. ૯૧૦) – આના કર્તા દિ. **અસગ** છે. એમણે આ કૃતિમાં જૈનોના આઠમા તીર્થંકર **ચન્દ્ર**પ્રભસ્વામીનો જીવનવૃત્તાંત રજૂ કર્યો છે.

ચન્દ્રપ્રભ–ચરિત્ર (લ. વિ. સં. ૧૦૫૦) – આના કર્તા **અન્ધસેન** છે એવો ઉલ્લેખ ઈ. સ.ની દસમી–અગિયારમી સદીમાં થઈ ગયેલા **ધવલે હરિવંસપુરાણ**માં કર્યો છે.[4] શું આ ચરિત્ર સંસ્કૃતમાં છે ?

[5]**ચન્દ્રપ્રભસ્વામિ–ચરિત્ર** (ઉ. વિ. સં. ૧૦૮૨) – આની રચના દિ. **વીર**નન્દિએ કરી છે. એઓ 'દેશી' ગણના **ગુણ**નન્દિના શિષ્ય **અભય**નન્દિના શિષ્ય થાય છે. આ ૧૮ સર્ગના ચરિત્રનો ઉલ્લેખ **વાદિરાજે** શકસંવત ૯૭૪માં રચેલા **પાર્શ્વનાથ–ચરિત્ર**માં કર્યો છે. એ હિસાબે આ ચરિત્ર વિ. સં. ૧૦૮૨ કરતાં તો પ્રાચીન ગણાય.

પંજિકા–આ ઉપર્યુક્ત ચરિત્ર ઉપર દિ. **ગુણ**નન્દિની પંજિકા છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૯૭માં લખાયેલી છે.

વિદ્વદ્–મનોવલ્લભ–આ કોઈકની આ ચરિત્ર ઉપરની ટીકાનું નામ છે.

[6]**ચન્દ્રપ્રભ–ચરિત્ર** (વિ. સં. ૧૨૬૪) – આના કર્તા દેવેન્દ્ર 'નાગેન્દ્ર' ગચ્છના **વિજયસિંહ**સૂરિના શિષ્ય થાય છે. આ ૫૩૨૫ શ્લોક જેવડું ચરિત્ર વિ. સં. ૧૨૬૪માં રચાયું છે.

ચન્દ્રપ્રભ–ચરિત્ર (વિ. સં. ૧૩૦૨) – આ ચરિત્રના કર્તા **સર્વા**નન્દસૂરિ છે. એમણે વિ. સં. ૧૨૯૧માં **પાર્શ્વનાથ–ચરિત્ર** રચ્યું છે. એઓ **શીલ**ભદ્રના પ્રશિષ્ય અને **ગુણ**ભદ્રના શિષ્ય થાય P. ૧૨
છે. આ ચરિત્ર ૬૧૪૧ શ્લોક જેવડું મોટું છે.

---

૧. 'હર્ષપુરીય' ગચ્છના લક્ષ્મણગણિએ વિ. સં. ૧૧૯૯માં **સુપાસનાહચરિય** રચ્યું છે. જુઓ **પા. ભા. સા.** (પ્ર. ૧૧૫),

૨–૩. જુઓ **જૈન આગમસાહિત્યમાં ગુજરાત**ની પ્રસ્તાવના (પૃ. ૩૧).

૪. જુઓ "Allahabad University Studies" (I, p. 167).

૫. આ ''કાવ્યમાલા''માં ઈ. સ. ૧૯૧૨માં છપાયું છે. એની ચોથી આવૃત્તિ ઈ. સ. ૧૯૨૬માં પ્રકાશિત થઈ છે. [''જીવરાજ ગ્રં.'' સોલાપુરથી ૧૯૭૦માં પ્રસિદ્ધ થયેલ છે.]

૬. આ ''આત્મવલ્લભ ગ્રંથમાલા'' માં ઈ. સ. ૧૯૩૦માં છપાવાયું છે. [''હર્ષપુષ્પા.''માં પ્રગટ થયું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચન્દ્રપ્રભ–ચરિત્ર–આ જિનેશ્વરસૂરિની કૃતિ છે. એના ઉપર જિનપતિના શિષ્ય જિનેશ્વરે **વિષમપદવૃત્તિ** રચી છે.

ચન્દ્રપ્રભ–ચરિત્ર–આના કર્તા **યશઃ** કીર્તિ છે.

ચન્દ્રપ્રભ–ચરિત્ર (સ. વિ. સં. ૧૬૦૮) – આ ચરિત્ર **શુભચન્દ્રે** રચ્યું છે અને એનો ઉલ્લેખ એમણે વિ. સં. ૧૬૦૮માં રચેલા **પાણ્ડવપુરાણમાં ચન્દ્રનાથ-ચરિત્ર** તરીકે કર્યો છે.

ચન્દ્રપ્રભ–ચરિત્ર – 'અંચલ' ગચ્છના કોઈક સૂરિની આ રચના છે.

ચન્દ્રપ્રભ–ચરિત્ર – આ **ધર્મચન્દ્ર**ના શિષ્ય **દામોદર** કવિની રચના છે.

આ ઉપરાંત પાઇયમાં તેમ જ અપભ્રંશમાં આ તીર્થંકરને અંગે **ચન્દપ્પહચરિય** નામનાં ચરિત્રો રચાયાં છે. જેમકે વિ. સં. ૧૧૩૮માં **વીર**સૂરિએ, વિ. સં. ૧૧૭૮માં **યશો**દેવે ઉર્ફે **ધન**દેવે, 'પરમાર્હત' કુમારપાલના રાજ્યમાં [1]**હરિભદ્ર**સૂરિએ અને [2]**જિનેશ્વર**સૂરિએ તેમ જ [3]**દેવ**સૂરિએ પાઇયમાં અને કોઈકે [4]અપભ્રંશમાં એકેક ચરિત્ર રચ્યું છે.[5] [ચં.ચ.ની નકલ પ્રા.ટે.માં છે.]

ચન્દ્રપ્રભ–પુરાણ–આના કર્તા દિ. **અ**ગાસદેવ છે.[6]

[૯] **સુવિધિનાથ–ચરિત્ર–બૃ. ટિ.**માં આ નામની બે અજ્ઞાતકર્તૃક કૃતિઓની નોંધ છે. તેમાં એક
P. ૧૩ સંસ્કૃતમાં તો બીજી [7]પાઇયમાં છે. એમાં જૈનોના નવમા તીર્થંકર સુવિધિનાથ યાને [8]પુષ્પદન્તના જીવન ઉપર પ્રકાશ પડાયો છે.

સુવિધિનાથને અંગે કોઈ પુરાણ રચાયું હોય એમ જણાતું નથી.

[૧૦] **શીતલનાથ–ચરિત્ર** – જૈનોના દસમા તીર્થંકર **શી**તલનાથના જીવનવૃત્તાંતને અંગે બે ચરિત્ર રચાયાનો **બૃ. ટિ.** માં ઉલ્લેખ છે. તેમાં એક સંસ્કૃતમાં અને [9]બીજું જ. મ.માં છે.

શીતલનાથને અંગે કોઈ પુરાણ રચાયું હોય એમ જાણવામાં નથી.

[૧૧] **શ્રેયાંસ–ચરિત** (વિ. સં. ૧૧૭૨)– આ ૬૫૮૪ શ્લોક જેવડા ચરિતના કર્તા 'બૃહદ્' ગચ્છના હરિભદ્રસૂરિ છે. એઓ **મા**નદેવસૂરિના શિષ્ય ઉપાધ્યાય **જિ**નદેવના શિષ્ય થાય છે. એમણે

---

૧. જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૧૭).

૨. એમની કૃતિ ઉપર 'ખરતર' ગચ્છના **સા**ધુસોમગણિની ૧૩૧૫ શ્લોક જેવડી વૃત્તિ છે.

૩. જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૧૯). ૪. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧. પૃ. ૧૨૦).

૫. દિ. શ્રુતકીર્તિના શિષ્ય **અ**ગ્ગલદેવે કન્નડ (કાનડી)માં તેમ જ દોડય્યે પણ ચન્દ્રપ્રભસ્વામીનું એકેક ચરિત્ર રચ્યું છે.

૬. જુઓ **મહાપુરાણ** (ભા. ૧)ની હિંદી પ્રસ્તાવના (પૃ. ૨૦).

૭. આ કૃતિનું નામ **સુવિહિનાહચરિય** એવું હું યોજું છું.

૮. કોઈકે જ. મ. માં **પુપ્ફદન્ત–ચરિય** રચ્યું છે. એમાંનાં બે પદ્યો **નન્દિતાઢ્ય**ના **ગાહાલક્ખણ**માં ઉદ્ધૃત કરાયાં છે એમ **ગાહાલક્ખણ**ના ટીકાકાર **રત્નચન્દ્રે** કહ્યું છે.

૯. આનું નામ હું **સીયલનાહચરિય** યોજું છું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિ. સં. ૧૧૭૨માં **બન્ધસામિત્ત, છાસીઈ** વગેરે કર્મગ્રંથો ઉપર વૃત્તિ તેમ જ **મુણિવઈચરિય** રચ્યાં છે. વળી એમણે વિ. સં. ૧૧૮૫માં **પ્રશમરતિ**ની વૃત્તિ રચી છે. આ ઉપરાંત એમણે **ખેત્તસમાસ** ઉપર પણ વૃત્તિ રચી છે. એમણે આ **શ્રેયાંસચરિત** વિ. સં. ૧૧૭૨માં રચ્યું છે. એ એમની સંસ્કૃત કૃતિ હશે. જો એમ હોય તો પણ એ હજારેક જેટલાં પદ્યમાં છે કે કેમ એ જાણવું બાકી રહે છે. તેમ છતાં જૈનોના અગિયારમા તીર્થંકર [1]શ્રેયાંસનાથનું ચરિત્ર પૂરું પાડનારી સ્વતંત્ર કૃતિઓમાં આનું અગ્ર સ્થાન હોવાથી મેં એની અહીં નોંધ લીધી છે.

[2]**શ્રેયાંસચરિત**[3] (વિ. સં. ૧૩૩૨) – આ ૫૧૨૪ શ્લોક જેવડા ચરિતના કર્તા 'રાજ' ગચ્છના યાને 'ચન્દ્ર' ગચ્છના માનતુંગસૂરિ છે. એમણે [4]**ત્રૈપુરાગમ**માંથી ઉદ્ધૃત કરી કોઈ ગ્રંથ સૂત્રરૂપે રચી તેની વૃત્તિ પણ રચી છે એમ આ ૧૩ સર્ગના કાવ્યને અંતે અપાયેલી પ્રશસ્તિ જોતાં જણાય છે. આ પ્રશસ્તિમાં ગ્રંથકારે પોતાની ગુરુપરંપરાની શરૂઆત **શી**લભદ્રસૂરિથી કરી છે. એ વિચારતાં પ્રસ્તુત ગ્રંથકાર **જિ**નેશ્વરસૂરિના શિષ્ય **રત્ન**પ્રભસૂરિના શિષ્ય થાય છે. આ કાવ્ય રચવામાં હું દેવભદ્રસૂરિની કૃતિનો અર્થાત્ ૧૧૦૦૦ શ્લોક જેવડા અને જ. મ. માં રચાયેલા **સિજ્જંસચરિત**નો ઉપયોગ કરું છું એવું એમણે પ્રશિસ્તમાં કહ્યું છે. વળી એમણે પોતાની આ કૃતિનું સંશોધન **દે**વાનન્દસૂરિના શિષ્ય **ક**નકપ્રભના શિષ્યે કર્યાનો ઉલ્લેખ કર્યો છે. P. ૧૪

પ્રત્યેક સર્ગની રચના 'અનુષ્ટુભ્'માં છે; ફક્ત દરેક સર્ગનો છેવટનો ભાગ અન્ય છંદમાં રચાયો છે.

*આ **શ્રેયાંસચરિત**માં **શ્રેયાંસનાથ**નું એમના પૂર્વ ભવોના વર્ણનપૂર્વકનું ચરિત્ર મનોરમ રીતે* આલેખાયું છે. સર્ગ ૬ના પ્રારંભમાં રાધાવેધનું વર્ણન છે. સ. ૮, શ્લો. ૬૧માં લગ્નનાં ગીતને પ્રસંગે સ્ત્રીઓ દ્વારા કરાતા શબ્દોચ્ચાર **સૂ**ચવનાર 'ઉલુલુ' શબ્દ વપરાયો છે. **સ.** ૧, શ્લો. ૧૫માં શ્રેયાંસનાથના **ચ**વન–સ્થળ તરીકે શુક્ર અર્થાત્ મહાશુક્રનો અને સ. ૫, શ્લો. ૨૧૪માં અચ્યુતનો ઉલ્લેખ છે. પ્રથમ મત હૈમ **ત્રિષષ્ટિ.** (૫. ૪, સ. ૧) સાથે મળે છે જ્યારે બીજો મત **સત્તરિસયઠાણ** (ગા. ૫૫)ને અનુરૂપ છે. પ્રશસ્તિના શ્લો. ૫માં કહ્યું છે કે [5]ભાલીજમાં **મ**હાવીરસ્વામીના ચૈત્યમાં વ્યાખ્યાનના પ્રસંગે **સ**ર્વદેવ ગુરુની ભુજાઓનું રક્ષણ આર્યા દેવીના વજ્જે કર્યું.[6] P. ૧૫

---

૧. 'શ્રેયાંસ'ને બદલે શ્રેયન્' એવો પ્રયોગ પણ જોવાય છે. જુઓ **અ. ભિ. ચિં.** (કાંડ ૧, શ્લો. ૨૯)

૨. આ ચરિતનું સંપાદન મુનિશ્રી**વિક્ર**મવિજયજીએ અને**ભા**સ્કરવિજયજીએ મળીને કર્યું છે. એ ચરિત "લ. જૈ. ગ્રં."માં ઈ. સ. ૧૯૪૯માં છપાવાયું છે. એમાં કોઈ કોઈ સ્થળે પાઠ ખંડિત છે. (દા. ત. જુઓ પત્ર ૧૧૫ અ). કેટલીક વાર સંપાદકો તરફથી ટિપ્પણરૂપે અર્થ અપાયા છે. પ્રારંભમાં ગુજરાતીમાં પ્રસ્તાવના છે. [આ. જૈ. સ. માં પ્રકા.]

૩. આ નામ કર્તાએ શ્લો. ૧૦માં રજૂ કર્યું છે.

૪. શું આ કોઈ વૈદ્યકનો ગ્રંથ છે ? **ત્રિપુરારહસ્ય** નામની જે કૃતિ મળે છે તેની સાથે આને કોઈ સંબંધ છે ખરો ?

૫. આ 'ભાલીજ' તે ગુજરાતનું 'ભાલજ' છે કે કેમ ?

૬. આવો ઉલ્લેખ અન્યત્ર મળે છે ખરો ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રેયાંસચરિત – આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

શ્રેયાંસ–પુરાણ – આના કર્તા દિ. **સુરેન્દ્રકીર્તિ** છે.

[૧૨] [૧]**વાસુપૂજ્ય–ચરિત** (વિ. સં. ૧૨૯૯) – આ ચરિતના કર્તા 'નાગેન્દ્ર' ગચ્છના **વર્ધમાનસૂરિ** છે. એઓ **વિજયસિંહસૂરિ**ના દ્વિતીય શિષ્ય થાય છે જ્યારે પ્રથમ શિષ્ય તો **દેવેન્દ્રસૂરિ** છે કે જેમણે **ચન્દ્રપ્રભચરિત** રચ્યું છે. આ **વર્ધમાનસૂરિ**એ અંબડ મંત્રીના ભાઈ દંડનાયક **આહ્લાદન**ની અભ્યર્થનાથી આ ચરિત અણહિલપુરમાં વિ. સં. ૧૨૯૯માં ચાર સર્ગમાં રચી એને 'આહ્લાદન' અંકથી અંકિત કર્યું છે. એ સર્ગોમાં અનુક્રમે ૬૮૧, ૨૨૮૨, ૧૧૧૫ અને ૧૩૬૯ પદ્યો છે. આમ આ બૃહત્ કાવ્યમાં ૫૪૪૭ પદ્યો છે. જૈનોના બારમાં તીર્થંકર **વાસુપૂજ્ય**સ્વામીને અંગેના આ ચરિત્રના નિર્નામક જણાતા પ્રથમ સર્ગમાં **વાસુપૂજ્ય**નો, રાજા **પદ્મોત્તર** તરીકેનો પૂર્વ ભવ વર્ણવાયો છે.

'તીર્થંકર–કારણ–લબ્ધિ–વર્ણન' નામના બીજા સર્ગમાં આ રાજાએ દીક્ષા લીધી એ બાબત આલેખાઈ છે.

P. ૧૬ 'ચતુઃકલ્યાણ–લબ્ધિ–વર્ણન' નામના ત્રીજા સર્ગમાં ભ. વાસુપૂજ્યનું તીર્થંકર તરીકેનું જીવન રજૂ કરાયું છે.

મહોદય–લબ્ધિ–વર્ણન' નામના ચોથા સર્ગમાં સમ્યક્ત્વ તેમ જ શ્રાવકનાં બાર વ્રતોને અંગે કથાનકો અપાયાં છે. સાથે સાથે **અશોક** અને **રોહિણી**ના પૂર્વ ભવ વર્ણવાયા છે. અંતમાં ગ્રંથકારે રચેલી પ્રશસ્તિ છે.

પ્રત્યેક સર્ગ અનુષ્ટુભ્માં છે; ફક્ત દરેક સર્ગનાં અંતિમ બે પદ્યો વસન્ત્તતિલકામાં છે.

અન્ય કૃતિઓ – **ચન્દ્રપ્રભે** ૮૦૦૦ શ્લોક જેવડું જ. મ. માં **વાસુપુજ્જચરિય** રચ્યું છે. એ ઉપરાંત એક અજ્ઞાતકર્તૃક **વાસુપૂજ્યચરિત્ર** પણ છે.

આ તીર્થંકરને અંગે કોઈ પુરાણ રચાયું જણાતું નથી.

[૧૩] [૨]**વિમલનાથ-ચરિત્ર** (વિ. સં. ૧૫૧૭) – આના કર્તા **જ્ઞાનસાગર** છે. એઓ 'બૃહત્ તપા' ગચ્છના **રત્નસિંહસૂરિ**ના શિષ્ય થાય છે, એમણે આ ચરિત્ર પાંચ સર્ગમાં ખંભાતમાં વિ. સં. ૧૫૧૭માં રચ્યું છે. એ ૫૬૫૦ શ્લોક જેવડા ચરિત્રમાં જૈનોના તેરમા તીર્થંકર **વિમલનાથ**નું ચરિત્ર આલેખાયું છે.

---

૧. આ ચરિત કથાઓના અનુક્રમ સહિત "જૈ. ધ. પ્ર. સ." તરફથી ઈ. સ. ૧૯૨૬માં છપાવાયું હતું. એ પૂર્વે એ સભા તરફથી આ જ ચરિત વિ. સં. ૧૯૬૬માં પ્રસિદ્ધ કરાયું હતું. એનું ડૉ. **એમ્બ્રોજિયો બેલિની** (Ballini) એ સંપાદન કર્યું હતું, એની આ બીજી આવૃત્તિ છે. [હીરાલાલ હંસરાજ દ્વારા ૧૯૨૮-૩૦માં અને જિ. આ. ટ્ર. ૨૦ પ્રસિદ્ધ થયું છે.]

૨. આ ચરિત્ર હીરાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૧૦માં પ્રસિદ્ધ કરાયું છે. [જિ. આ. ટ્ર. ૪૬માં વિ. ચ. અને ગુજ.અનુવાદ જૈ.આ.સં. દ્વારા ૧૯૮૫માં પ્રસિદ્ધ થયું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિમલનાથ-પુરાણ–આ નામની બે કૃતિ છે : (૧) (દિ. ?) કૃષ્ણજિષ્ણુએ રચેલી અને (૨) રત્નનન્દિકૃત. કૃષ્ણજિષ્ણુ એ હર્ષના શિષ્ય થાય છે. એમની કૃતિ દસ સર્ગમાં લગભગ ૨૩૦૦ શ્લોકમાં રચાયેલી છે.

[ઇન્દ્રહંસગણિએ સં. ૧૫૭૮માં રચેલી અને અજ્ઞાતકર્તૃક કૃતિ મળે છે.]

[૧૪] **અનન્તનાથ-ચરિત્ર**–આ અજ્ઞાતકર્તૃક કૃતિ દ્વારા જૈનોના ચૌદમા તીર્થંકર **અનન્તનાથ**નું ચરિત્ર આલેખાયું છે '**અનન્તનાથ**ને બદલે '**અનન્તજિત્**' એવો પણ વ્યવહાર કરાય છે.

અનન્તનાથપુરાણ–આના કર્તા દિ. વાસવસેન છે. P. ૧૭

[૧૫] [૧]**ધર્મશર્માભ્યુદય** યાને **ધર્મજિનપતિચરિત** (ઉ. વિ. સં. ૧૨૮૭) – આના કર્તા [૨]કાયસ્થ દિ. ગૃહસ્થ [૩]**હરિચન્દ્ર**[૪] છે. એમના પિતા, માતા અને ભાઈનાં નામ અનુક્રમે [૫]**આર્દ્રદેવ, રથ્યા** અને **લક્ષ્મણ** છે. એમણે આ ૨૧ સર્ગના કાવ્યમાં જૈનોના પંદરમા તીર્થંકર **ધર્મનાથ**નો જીવનવૃત્તાંત આલેખ્યો છે. આ કાવ્ય **શિશુપાલવધ**ના [૬]અનુકરણરૂપે રચાયું છે. એમાં **ગઉડવહ**નો ઉલ્લેખ છે.[૭] આ કાવ્યના ૧૯મા સર્ગના શ્લો. ૯૦, ૯૪, ૯૮–૯૯, ૧૦૧–૧૦૨ અને ૧૦૪ અનુક્રમે મુરજ, મુરજ, [૮]ષોડશદલ–કલમ, [૯]અષ્ટાર–ચક્ર અને ષડર–ચક્ર બંધથી વિભૂષિત છે. ષોડશદલ–કમલને લગતા શ્લો. ૯૮ અને ૯૯ ''हरिचन्द्रकृतधर्मजिनपतिचरितमिति'' પંક્તિ ઉપસ્થિત કરી એ દ્વાર આ કાવ્યના કર્તાનું અને આ કાવ્યનું નામ રજૂ કરે છે. અષ્ટાર–ચક્રના આઠ આરાના આદિમ અક્ષરને ત્રીજા છઠ્ઠા અને આઠમા વલયના અક્ષરો સાથે મેળવતાં ઉદ્ભવતું નિમ્નલિખિત પદ્ય આ કાવ્યના કર્તા, તેમના પિતા અને આ કાવ્યનાં નામ પૂરાં P. ૧૮ પાડે છે :–

''आर्द्रदेवसुतेनेदं काव्यं धर्मजिनोदयम् । रचितं हरिचन्द्रेण परमं रसमन्दिरम् ॥''

એવી રીતે ષડર–ચક્રના ત્રીજા વલયના અક્ષરો આ કાવ્યનું નામ રજૂ કરે છે જ્યારે છઠ્ઠા વલયના અક્ષરો કર્તાનું નામ દર્શાવે છે.

---

૧. આ કાવ્ય ''કાવ્યમાલા'' (ગ્રન્થાંક ૮) માં ઈ. સ. ૧૮૮૮માં પ્રકાશિત કરાયું હતું. એની ત્રીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૩૩માં છપાવાઈ છે. એમાં સંસ્કૃતમાં વિષયાનુક્રમ છે. [પં. **પન્નાલાલ**નો હિન્દી અનુ. ભારતીયજ્ઞાનપીઠ દ્વારા પ્રગટ થયો છે.]

૨. કાયસ્થ જૈન ધર્મના ઉપાસક હોય એવાં ઉદાહરણો ભાગ્યે જ જોવાય છે.

૩. **જીવંધરચંપૂ** અને **જીવંધરચરિત** (નાટક)ના કર્તા તરીકે એમને કેટલાક ઓળખાવે છે.

૪. પં. **નાથૂરામ** પ્રેમીનો 'મહાકવિ હરિચન્દ્ર'' નામનો લેખ **જૈ. સા. ઈ.** (પૃ. ૪૭૨–૪૭૬)માં છપાયો છે. આ પ્રથમ આવૃત્તિના પૃષ્ઠાંક છે.

૫. એઓ 'નોમક' વંશના અને 'કાયસ્થ' કુળના છે.

૬–૭. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૯૩).

૮–૯. આ બંનેનાં ચિત્ર I L D નામના મારા લેખના બીજા હપ્તામાં પૃ. ૧૩૫માં અપાયાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંતુલન–જીવંધર–ચંપૂ એ આ **ધર્મશર્માભ્યુદય**ની સાથે ભાવ અને શબ્દોની દૃષ્ટિએ ઘણી સમાનતા ધરાવે છે. વાગ્ભટકૃત **નેમિનિર્વાણ**નું આદ્ય પદ્ય અને એના બીજા સર્ગનો પ્રારંભિક ભાગ આ **ધર્મશર્માભ્યુદય**ના પ્રથમ પદ્યનું તેમ જ એના પાંચમા સર્ગની શરૂઆતના અંશનું સ્મરણ કરાવે છે.

વિષય–પ્રારંભમાં મહાકવિઓની પ્રશંસા, પોતાની લઘુતા, ઉત્તમ કાવ્યમાં સમજણ તથા સજ્જન અને દુર્જન વિષે કથન એમ વિવિધ બાબતો રજૂ કરી 'જંબૂ' દ્વીપ, 'સુમેરુ' પર્વત, 'ભરત' ક્ષેત્ર વગેરેનું વર્ણન કરાયું છે. આગળ ઉપર કેટલાંક પ્રાકૃતિક દૃશ્યો વર્ણવાયાં છે.

રચના–સમય–**ધર્મશર્માભ્યુદય**ની વિ. સં. ૧૨૮૭માં લખાયેલી હાથપોથી પાટણના એક ભંડારમાં છે અને એ **રત્નાકરસૂરિ**ના આદેશથી **કીર્તિચન્દ્રગણિ**એ લખી છે. આ હિસાબે આ કાવ્ય એટલું તો પ્રાચીન ગણાય. જો ઉપર્યુક્ત **નેમિનિર્વાણ** એ આ **ધર્મશર્માભ્યુદય**ના જ પરિશીલનનું ફળ હોય તો આ કાવ્ય વિક્રમની ૧૧મી સદીનું ગણાય. વળી **કર્પૂરમંજરી**માં પ્રથમ જવનિકા પછી વિદૂષક દ્વારા કવિ **હરિચન્દ્ર**નો ઉલ્લેખ છે. જો આ **હરિચન્દ્ર** અત્ર પ્રસ્તુત હોય તો આ કાવ્ય વિ. સં. ૯૬૦થી પણ પહેલાનું ગણાય. આ અનુમાનો સત્ય ન ઠરે ત્યાં સુધી તો આ કાવ્ય વિક્રમની તેરમી સદીનું મનાય.

સન્દેહધ્વાન્તદીપિકા – આ **ધર્મશર્માભ્યુદય** ઉપરનું **લલિતકીર્તિ**ના શિષ્ય **યશઃકીર્તિ**એ રચેલું ટિપ્પન છે. એ બહુ ઉપયોગી જણાતું નથી એટલે વિસ્તૃત ટીકા રચાવી જોઈએ ? ૧૯

મરાઠી [1]અન્યવાર્થ અને [2]ભાવાર્થ–ધર્મશર્માભ્યુદય (સ. ૨)ના મરાઠીમાં અન્વયાર્થ અને ભાવાર્થ શ્રી. **કૃષ્ણાજી** નારાયણ જોશીએ કર્યા છે.


[3]હિન્દી ટીકા – આ શ્રીપન્નાલાલ જૈને રચી છે. એની હિન્દી પ્રસ્તાવનામાં કાવ્ય સંબંધી કેટલીક બાબતો વિચારાઈ છે.

ધર્મનાથ–ચરિત્ર યાને **ધર્મ–ચરિત્ર**–આના કર્તા **નેમિચન્દ્ર** છે.

કોઈકે પાઇયમાં **ધમ્મનાહચરિય** રચ્યું છે.

ધર્મનાથ–પુરાણ – આ દિ. **સ**કલકીર્તિની રચના છે.

[**કૈલાસશ્રુતસાગર ગ્રન્થસૂચી**-(ખંડ-૧) પ્ર. મહાવીર આરાધના કેન્દ્ર કોબાતીર્થ. વિ.સં. ૨૦૫૯. હસ્તપ્રતોનું વિવરણાત્મક સૂચીપત્ર.
પૌષધિકપ્રાયશ્ચિત્ત સામાચારી, (સ્વોપજ્ઞટીકાસહ)
શ્રાદ્ધલઘુજિતકલ્પ (સ્વોપજ્ઞટીકાસહ) બન્નેના કર્તા તિલકાચાર્ય (ચન્દ્રગચ્છીય) કૈલાસ.જ્ઞાન.કોબા ક્રમાંક ૬૦૩૭૫]



૧–૨. આ બંને મૂળ કૃતિ અને એના પદચ્છેદ તથા સમાસ સહિત શ્રીબાલચંદ કસ્તૂરચંદ ધારાશીવકરે છપાવ્યા છે. એમણે પ્રકાશનવર્ષ આપ્યું નથી.

૩. આ 'ધર્મશર્માભ્યુદય'ના નામથી ''ભારતીય જ્ઞાનપીઠ, કાશી'' તરફથી ઈ. સ. ૧૯૫૪માં છપાવાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકરણ ૧૯ : (અ) બૃહત્ પદ્યાત્મક કાવ્યો : જિનચરિત્રો (ચાલુ) P. ૨૦

[૧૬] **શાન્તિનાથ–ચરિત્ર** (લ. વિ. સં. ૧૨૫૦) – આના કર્તા 'રાજ' ગચ્છના **માણિક્યચન્દ્રસૂરિ** છે. એમણે **કાવ્યપ્રકાશ** ઉપર [૧]**સંકેત** નામની ટીકા રચી છે તેમ જ વિ. સં. ૧૨૭૬માં **પાર્શ્વનાથચરિત્ર** રચ્યું છે, એમણે પ્રસ્તુત કૃતિમાં જૈનોના સોળમા તીર્થંકર અને એ જ ભવમાં ([૨]પાંચમા) ચક્રવર્તી થયેલા મહાપુરુષ શાન્તિનાથનું જીવનચરિત્ર આલેખ્યું છે. [અદ્યાવધિ અપ્રગટ આ ગ્રંથનું અનેક હસ્તલિખિત પ્રતિઓના આધારે સંશોધન, સંપાદન સા.શ્રીહેમગુણાશ્રી, સા.દિવ્યગુણાશ્રીએ કર્યું છે. આનું પ્રકાશન ''આ.ૐકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથાવલી સૂરત દ્વારા વિ.સં.૨૦૫૮માં આ વિજયભદ્રસૂરીશ્વરજી દીક્ષાશતાબ્દી પ્રસંગે થયું છે.]

[૩]**શાન્તિનાથ–ચરિત્ર** (વિ. સં. ૧૩૦૭)–આના કર્તા **અજિતપ્રભસૂરિ** છે. એઓ પૌર્ણમિક ગચ્છના **વીર**પ્રભસૂરિના શિષ્ય થાય છે. આ ચરિત્ર છ સર્ગમાં વિ. સં. ૧૩૦૭માં લગભગ ૫૦૦૦ શ્લોકમાં રચાયું છે.

શાન્તિનાથ–ચરિત્ર (વિ. સં. ૧૩૨૨) – આ **મદન**ચન્દ્રસૂરિના શિષ્ય **મુનિદેવ**સૂરિની રચના છે. એમણે આ ચરિત્ર 'પૂર્ણતલ્લ' ગચ્છના **દેવ**ચન્દ્રસૂરિની કૃતિ નામે [૪]**સન્તિનાહચરિય**ને આધારે પદ્યમાં વિ. સં. ૧૩૨૨માં રચ્યું છે. એનું સંશોધન **પ્રદ્યુમ્ન**સૂરિએ કર્યું છે.

[૫]**શાન્તિનાથ–ચરિત્ર** (વિ. સં. ૧૪૧૦) – આના કર્તા 'બૃહદ્' ગચ્છના **ગુણભદ્ર**સૂરિના શિષ્ય P. ૨૧
મુનિભદ્રસૂરિ છે. એમણે ૧૯ સર્ગમાં લગભગ ૬૨૭૨ શ્લોક જેવડું **શાન્તિનાથ**નું આ ચરિત્ર વિ. સં. ૧૪૧૦માં રચ્યું છે. એનો ૧૨મો સર્ગ યમકથી અલંકૃત છે. આ [૬]મહાકાવ્યરૂપ ચરિત્રની પ્રશસ્તિ (શ્લો. ૯) ઉપરથી જાણી શકાય છે કે આ **મુનિભદ્ર**સૂરિનું **પેરોજ** રાજાની સભામાં વજન પડતું હતું. પ્રશસ્તિના શ્લો. ૧૩માં એમણે **કાલિદાસ, ભારવિ, માઘ** અને **શ્રીહર્ષ**નો ઉલ્લેખ કર્યો છે અને શ્લો. ૧૪માં કહ્યું છે કે અજૈન પાંચ કાવ્ય શિખવાય છે તેની જેમ આ **શાન્તિનાથ–ચરિત્ર** પણ શિખવાડવું ઘટે.

---

૧. આનો સંક્ષિપ્ત પરિચય મેં જૈ. સં. સાઈ. (ખંડ ૧, પૃ ૨૮૭–૨૮૮)માં આપ્યો છે.

૨. એમની પૂર્વે ચાર ચક્રવર્તી થયા છે : (૧) ભરત, (૨) સગર, (૩) મઘવા અને (૪) સનત્કુમાર.

૩. આ ''જૈ. ધ. પ્ર. સ.'' તરફથી વિ. સં. ૧૯૭૩માં છપાવાયું છે. શ્રીવિજયેન્દ્રસૂરિ દ્વારા ત્યારબાદ સંપાદિત કરાયેલું આ ચરિત્ર બિબ્લિઓથેકા ઈન્ડિકામાં છપાવાયું છે.

૪. આમાં **દાક્ષિણ્યચિહ્નસૂરિએ** ઉર્ફે **ઉદ્દ્યોતનસૂરિએ** રચેલી **કુવલયમાલા**નો ઉલ્લેખ છે. [વિશેષ માટે જુઓ ડો. દીક્ષિતનું 'તેરહવી ચૌદહવી શતાબ્દી કે મહાકાવ્ય']

૫. આ ''ય. જૈ. ગ્રં.'' વીરસંવત્ ૨૪૩૭માં પ્રકાશિત કરાયું છે. એની સંસ્કૃત પ્રસ્તાવના એના સંપાદકો પં. હરગોવિંદદાસ ત્રિ. શેઠે અને પં. બેચરદાસ જી. દોશીએ લખી છે. એમાં પરિશિષ્ટપર્વની પ્રસ્તાવનામાં ડૉ. **યા**કોબીએ 'કલિ.' **હેમ**ચન્દ્રસૂરિને અંગે વ્યાકરણાદિ પરત્વે જે આક્ષેપો કર્યા છે તેના રદિયા અપાયા છે.

૬. કર્તાએ પ્રત્યેક સર્ગના અંતમાં પ્રસ્તુત ચરિત્રનો 'મહાકાવ્ય' તરીકે ઉલ્લેખ કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શાન્તિનાથ–પુરાણ–આ નામનું એકેક પુરાણ નિમ્નલિખિત સાત દિ. વ્યક્તિઓએ રચ્યું છે :– (૧) **અસગ**, (૨) **ગુણસેન**, (૩) **બ્રહ્મ-જયસાગર**, (૪) **બ્રહ્મદેવ**, (૫) **શાન્તિકીર્તિ**, (૬) **શ્રીભૂષણ** અને (૭) **સકલકીર્તિ**.

આ સાતનાં પુરાણો ઉપરાંત એક અજ્ઞાતકર્તૃક પુરાણ પણ છે.[૧]

[૧૭] **કુન્થુનાથ–ચરિત્ર**–આ ૫૫૫૫ શ્લોક જેવડા ચરિત્રની નોંધ બૃ. ટિ.માં છે. એના કર્તા
P. ૨૨ **વિબુધપ્રભસૂરિ** છે. [આની અપૂર્ણ નકલ પ્રાકૃત ટેક્ષ્ટ સો.માં છે.] એમણે તથા કોઈ કે સંસ્કૃતમાં તો કોઈ કે પાઇયમાં **કુન્થુનાથ**નું–જૈનોના સત્તરમા તીર્થંકરનું અને એ જ ભવમાં (છઠ્ઠા) ચક્રવર્તી તરીકે જીવન જીવનારનું ચરિત્ર રચ્યું છે. પાઇય કૃતિ માટે હું **કુન્થુનાહચરિય** એવું નામ યોજું છું.

[૧૮] **અરનાથ–સ્તવ** (લ. વિ. સં. ૧૬૭૫) – આના કર્તા 'ખરતર' ગચ્છના ઉપાધ્યાય **જ્ઞા**નવિમલના શિષ્ય પાઠક **શ્રી**વલ્લભ છે. એમણે **અભિ. ચિં.** ઉપર [૨]**દુર્ગપદપ્રબોધ** નામની ટીકા, **શેષનામમાલા**ની [૩]ટીકા તેમ જ **નિઘણ્ટુ–શેષ** ઉપર [૪]ટીકા રચી છે. એમણે **જિન**માણિક્યસૂરિના પટ્ટધર **જિન**ચન્દ્રસૂરિના રાજ્યમાં આ ચરિત્ર રચી એને સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કર્યું છે. આ **અર**નાથનું–જૈનોના અઢારમા તીર્થંકરનું ચરિત્ર છે. આ તીર્થંકર પણ એમના પૂર્વના બે તીર્થંકરોની પેઠે એ જ ભવમાં (સાતમા) ચક્રવર્તી પણ હતા. [શુભશીલકૃત અરનાથ ચ. પ્રા.ટે.માં છે.]

કોઈકે સંસ્કૃતમાં **અરનાથચરિત્ર** રચ્યું છે અને કોઈકે પાઇયમાં તેમ કર્યું છે. એ પાઇય કૃતિ માટે હું **અરનાહચરિય** એવું નામ યોજું છું.

[૧૯] **મલ્લિનાથચરિત્ર**–મલ્લિનાથ એ જૈનોના ૧૯મા તીર્થંકર છે. એઓ સ્ત્રી હતા કે પુરુષ એ બાબતમાં જૈનોમાં મતભેદ છે. શ્વેતાંબરો તો એઓ સ્ત્રી જ હતા એમ બેધડક માને છે અને એ માટે **નાયાધમ્મકહા** (સુય. ૧, અ. ૮) વગેરેનો પુરાવા તરીકે નિર્દેશ પણ કરે છે. મુક્તિ મેળવવામાં સ્ત્રીનો દેહ આડે આવતો નથી–સ્ત્રી પણ પુરુષની જેમ મુક્તિની અધિકારી છે એમ
P. ૨૩ શ્વેતાંબરોની સાથે સાથે યાપનીયો પણ માને છે. વળી સર્વે દિગંબરોને માન્ય એવા કેટલાક પ્રાચીન ગ્રંથકારો પણ સ્ત્રીની મુક્તિ સ્વીકારે છે એટલે એમના [૫]ગ્રંથોને પ્રમાણભૂત માનનારા દિગંબરોને પણ મલ્લિનાથ જો 'સ્ત્રી' જ તરીકે મુક્તિએ ગયા હોય તો એ માનવામાં વાંધો રહેતો નથી, બાકી "ચુસ્ત દિગંબર" તરીકે પોતાની જાતને ઓળખાવવામાં રાચનારા દિગંબરોને તો મલ્લિનાથને 'સ્ત્રી' માનવાનું તો પરવડે જ નહિ એટલે એઓ તો મલ્લિનાથ સ્ત્રી હોય તો પણ એમને પુરુષ જ માને. ગમે તેમ પણ સમસ્ત જૈનો એમને 'તીર્થંકર' તો માને છે જ.

---

૧. "શ્રીભક્તામર–સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહ"ના દ્વિતીય વિભાગની પ્રસ્તાવના (પૃ. ૪૩-૪૪)માં મેં **શાન્તિનાથ**ને અંગેનાં બાર ચરિત્રોની સંક્ષેપમાં નોંધ લીધી છે.

૨. જુઓ જૈ સં. સા. ઈ (ખંડ ૧)નું પૃ. ૯૫. ૩. એજન, પૃ. ૧૧૭. ૪. એજન, પૃ. ૧૨૬.

૫. જુઓ **છખંડાગમ** (સૂ. ૯૯)ની ટીકા નામે **ધવલા** (ભા. ૧) માં વપરાયેલો 'સંજદ' શબ્દ તેમ જ **ગોમ્મટસાર.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**મલ્લિનાથ–ચરિત્ર** (વિ. સં. [2]૧૨૮૬)–આના કર્તા 'ચન્દ્ર' ગચ્છના **વિનયચન્દ્ર** છે. એઓ રવિપ્રભના કે પછી રત્નસિંહસૂરિના શિષ્ય થાય છે.[3] એમણે **મુનિસુવ્રતસ્વામિચરિત્ર** તેમજ **પાર્શ્વનાથચરિત્ર** રચ્યાં છે. કેટલાકને મતે વિ. સં. ૧૨૫૮ના અરસામાં વીસ પ્રબંધો રચનારા અને [4]**કવિશિક્ષા**ના પ્રણેતા તે જ આ જ **વિનયચન્દ્ર** છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૦૩)માં તો આ **વિનયચન્દ્ર**ને **દેવાનન્દ**ના શિષ્ય રત્નપ્રભના શિષ્ય **પ્રદ્યુમ્નસૂરિ**ના શિષ્ય કહ્યા છે. વિશેષમાં અહીં કહ્યું છે કે આ વિનયચન્દ્ર તે **પાર્શ્વનાથચરિત્ર** અને **મુનિસુવ્રતચરિત્ર** તેમ જ વિ. સં. ૧૪૭૪માં **આદિનાથચરિત્ર** રચનારા **વિનયચન્દ્ર** હોવાનો ઘણો સંભવ છે. પ્રસ્તુત P. ૨૪
વિનયચન્દ્રે નિમ્નલિખિત કૃતિઓ રચી છે :–

કલ્પનિરુક્ત, **કાલકાચાર્યકથા**, **દીપાલિકાકલ્પ** તેમ જ [5]**નેમનાથચતુષ્પદિકા** અને [6]ઉપદેશમાલાકથાનકછપ્પય.[7]

વિનયચન્દ્રે આ કાવ્ય **નાયાધમ્મકહા**ને આધારે યોજ્યાનું કહ્યું છે. આ 'વિનય' અંકથી અંકિત અને **પ્રદ્યુમ્નસૂરિ** દ્વારા સંશોધિત કાવ્યમાં આઠ સર્ગ છે. એમાં અનુક્રમે શ્લોકોની સંખ્યા નીચે મુજબ છે :–

૫૭૬, ૬૭૦, ૨૫૬, ૨૦૭, ૩૩૨, ૫૬૧, ૧૧૫૮ અને ૫૮૩.

આ કૃતિમાં દવદન્તીનું અર્થાત્ **નળ** રાજાની પત્ની **દમયન્તી**નું જીવનચરિત્ર આલેખાયું છે.

સમાનનામક કૃતિઓ – મલ્લિનાથચરિત્ર નામની કૃતિ નિમ્નલિખિત વ્યક્તિઓએ પણ રચી છે :–

કવિ **પંપ**, દિ. ભટ્ટારક **પ્રભાચન્દ્ર**, **વિજયસૂરિ**, [8]**શુભવર્ધન** અને દિ. [9]**સકલકીર્તિ**.

આ પૈકી **પંપ**, પ્રભાચન્દ્ર અને **સકલકીર્તિ**ની કૃતિઓને **મલ્લિનાથ–પુરાણ** પણ કહે છે. **નાગચન્દ્રે** પણ **મલ્લિનાથ–પુરાણ** રચ્યું છે.

---

૧. આ ચરિત્ર ''ય. જૈ. ગ્રં.''માં વીરસંવત્ ૨૪૩૮માં પ્રસિદ્ધ કરાયું છે. આ ચરિત્રની એક હાથપોથી વિ. સં. ૧૪૯૧માં લખાયેલી મળે છે. [જિનશાસન આરાધના ટ્રસ્ટ ક્ર. ૧૮માં પ્રસિદ્ધ.]

૨. કર્તાએ આપેલી પ્રશસ્તિમાં તો રચના–વર્ષ અપાયેલું નથી પરંતુ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૩૯૪)માં આ પ્રમણેના ઉલ્લેખ છે.

૩. જુઓ પ્રશસ્તિ (શ્લો. ૧૦).

૪. જુઓ જૈ. સં. સા. ઈ. (ખંડ ૧. પૃ. ૧૫૪–૧૫૫, ૧૭૨ અને ૩૦૪).

૫–૬. આ બન્ને ગુજરાતી કૃતિઓ છે.

૭. જુઓ **મુનિસુવ્રતસ્વામિચરિતનું** પ્રાસ્તાવિક (પત્ર ૪ આ).

૮. એમની કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૩૦માં છપાવાઈ છે.

૯. એમની કૃતિ કલકત્તાથી વિ. સં. ૧૯૭૯માં [જિનવાણી પ્રચારક કાર્યાલય દ્વારા] પ્રકાશિત થઈ છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૧૫માં લખાયેલી મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ઉપરાંત પાઇયમાં પણ ચાર અને અપભ્રંશમાં એક એમ પાંચ કૃતિઓ છે.[૧] એ તમામ માટે હું **મલ્લિનાહચરિય** એવું નામ યોજું છે.

P. ૨૫ [૨૦] [૨]**મુનિસુવ્રત–ચરિત્ર** (લ. વિ. સં. ૧૨૪૦) – આના કર્તા [૩]**મુનિરત્નસૂરિ** છે. એઓ વિ. સં. ૧૧૪૯માં 'પૌર્ણમિક' ગચ્છ સ્થાપનારા **ચન્દ્રપ્રભસૂરિ**ના પટ્ટધર **ધર્મઘોષસૂરિ**ના શિષ્ય **સમુદ્રઘોષસૂરિ**ના શિષ્ય થાય છે. એમણે **અમમસ્વામિચરિત્ર** તેમજ [૪]**અંબડચરિત્ર** રચ્યું છે. એમણે આ ચરિત્ર ૨૩ સર્ગમાં ૬૮૦૬ શ્લોક જેવડું રચી એ દ્વારા જૈનોના વીસમાં તીર્થંકર **મુનિસુવ્રત**સ્વામીના જીવન ઉપર પ્રકાશ પાડ્યો છે.

'મુનિસુવ્રત'ને બદલે 'સુવ્રત' એવો પણ પ્રયોગ જોવાય છે.

[૫]**મુનિસુવ્રત–ચરિત્ર**–આ ચરિત્રના કર્તા **વિનયચન્દ્ર** છે. આ 'વિનય'થી અંકિત અને સુભાષિતોથી મંડિત [૬]મહાકાવ્ય આઠ સર્ગમાં વિભક્ત છે. એમાં પદ્યની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :–

P. ૨૬ ૫૩૭, ૧૧૦૬, ૪૦૮, ૬૮૫, ૨૬૩, ૬૮૩, ૪૫૫ અને ૩૯૪.

આમ એકંદર ૪૫૩૧ શ્લોક છે. એનો મોટો ભાગ 'અનુષ્ટુભ્'માં છે કેમકે લગભગ પ્રત્યેક સર્ગના અંતમાં જ છંદ બદલાયો છે. પ્રથમ સર્ગમાં મુનિસુવ્રતસ્વામીના ચાર ભવ અને દ્વિતીય સર્ગમાં બીજા ચાર ભવ અને બાકીના સર્ગોમાં એમના નવમા ભવનું વર્ણન છે. તેમાં ત્રીજા સર્ગમાં મુનિસુવ્રતસ્વામીનાં જન્મ, દીક્ષા અને કેવલજ્ઞાન વિષે, ચોથામાં દેશના, પાંચમામાં સમવસરણ, છઠ્ઠામાં ઉપદેશ (?) સાતમામાં 'અશ્વાવબોધ' તીર્થની ઉત્પત્તિ અને આઠમામાં નિર્વાણ વિષે નિરૂપણ છે.

બીજા સર્ગમાં **અ**ગડદત્ત, **યુ**ગબાહુ અને **આ**રામશોભાની કથા, ત્રીજામાં **હ**રિવંશની ઉત્પત્તિ, ચોથામાં **મં**ગલ, **સુ**ભદ્રા, **અ**ગટ **ભૂ**પતિ અને **ઈ**લાપુત્રનાં ચરિત્ર, પાંચમામાં **વં**કચૂલની કથા, છઠ્ઠામાં **ચં**પકમાલા, **ધ**નપાલ, **જિ**તશત્રુ **નૃ**પ, **ધ**ર્મદેવ, **ઋ**ષિદત્તા અને તિલક મંત્રીની કથા, સાતમામાં **પદ્મો**ત્તર નૃપ, **વિ**ષ્ણુકુમાર મહર્ષિ, **મ**હાપદ્મ ચક્રવર્તી, **સુ**નન્દ અને **દા**મન્નકની કથા

---

૧. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૦૨-૩૦૩).

૨. 'મલધારી હર્ષપુરીય' ગચ્છના **હેમચન્દ્રસૂરિ**ના શિષ્ય **શ્રીચન્દ્રસૂરિ**એ વિ. સં. ૧૧૯૩માં ૧૦૯૯૪ ગાથામાં **મુણિસુવ્વયચરિય** રચ્યું છે.

૩. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૧૧) પ્રમાણે આ સૂરિને **અમમસ્વામિચરિત્ર**ના પ્રણેતાથી અભિન્ન હશે.

૪. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૨૮૧). આ **અમ્બડ-ચરિત્ર** દ્વારા આ **અમ્બડ** ક્ષત્રિયની તેમ જ એની બત્રીસ પુત્રીઓની ઉત્પત્તિ કેમ થઈ તે દર્શાવાયું છે. [**અંબડચ.** હર્ષપુષ્પામૃતગ્રં. માં સં. ૨૦૩૯માં પ્રસિદ્ધ.]

૫. આ ચરિત્ર ''લ. જૈ. ગ્રં.''માં ઈ. સ. ૧૯૫૭માં છપાવાયું છે. એના સંપાદન અને સંશોધનનું કાર્ય પં. **વિક્રમવિજયગણિ** અને મુનિશ્રી **ભાસ્કરવિજયજી**એ કર્યું છે.

૬. આના પ્રથમ સર્ગના સાતમા પદ્યમાં કહ્યું છે કે સ્વામી **મલ્લિ**નું ચરિત્ર આલેખી **સુવ્રત**નું ક્રમપ્રાપ્ત ચરિત્ર આલેખું છું. આથી એમ લાગે છે કે **ઋ**ષભદેવથી માંડીને ક્રમશઃ **મ**હાવીરસ્વામી સુધીના તમામ તીર્થંકરોનાં અને તેમ નહિ તો **મુનિસુવ્રત**સ્વામી સુધીનાં ચરિત્રો **વિનયચન્દ્ર** રચ્યાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને આઠમામાં **કાર્તિક** શ્રેષ્ઠી, **સ્કન્દકાચાર્ય**, **સુકોશલ**, **કીર્તિધર** અને **અચ્ચંકારિત** – ભટ્ટિકાની કથા છે.

પ્રસ્તુત મહાકાવ્યમાં પ્રસંગોપાત્ત શિલ્પ (મૂર્તિવિધાન), વૈદ્યક અને જ્યોતિષ સંબંધી કેટલીક માહિતી અપાઈ છે.

મુનિસુવ્રત–ચરિત્ર (વિ. સં. ૧૨૯૪) – આના રચનાર 'ચાન્દ્ર' કુલના **વિબુધપ્રભ**ના શિષ્ય **પદ્મપ્રભ** છે. કેટલાકને મતે એમણે **કુન્થનાથ–ચરિત્ર** પણ રચ્યું છે. એમનું આ **મુનિસુવ્રત–ચરિત્ર** વિ. સં. ૧૨૯૪ની રચના છે અને એનું પરિમાણ ૫૫૫૫ શ્લોક જેવડું છે. [આ. સોમચન્દ્રસૂરિજી આનું સંપાદન કરે છે.]

મુનિસુવ્રત–પુરાણ – આ નામનું પુરાણ રચનારી છ વ્યક્તિ છે :

(૧) દિ. [1]**અર્હદ્દાસ**, (૨) **કૃષ્ણદાસ**, (૩) **કેશવસેન**, (૪) **જિનસેન**, (૫) **સુરેન્દ્રકીર્તિ** અને (૬) હરિષેણ. [**મુણિસુव्वयजिणिंद च.**– સિરિચંદસૂરિ, પ્ર. લા. દ. વિદ્યામંદિર] P. ૨૭

આ પૈકી **અર્હદ્દાસ** એ પં. **આશાધ્ર** (? આશાધર)ના ભક્ત થાય છે. એમણે દસ સર્ગમાં આ પુરાણ રચ્યું છે. એને **કાવ્યરત્ન** પણ કહે છે. આના ઉપર કોઈકની ટીકા છે.

ઉપર્યુક્ત **કૃષ્ણદાસ** એ **હર્ષ**ના પુત્ર અને **મંગલ**ના ભાઈ થાય છે. એમણે આ પુરાણ ૨૩ સર્ગમાં વિ. સં. ૧૬૮૧માં રચ્યું છે.

[૨૧] **નમિનાથ–ચરિત્ર**–એક સંસ્કૃતમાં અને બીજું પાઇયમાં છે. એમાં જૈનોના એકવીસમા તીર્થંકર **નમિ**નાથનો જીવનવૃત્તાંત આલેખાયો છે. પાઇય કૃતિ માટે **નમિનાહચરિય** એવું નામ હું યોજું છું.

[૨૨] [2]**નેમિ–નિર્વાણ–કાવ્ય** (ઉ. વિ. સં. ૧૧૯૦) – આ [3]**વાગ્ભટાલંકારના** કર્તા **વાગ્ભટ**ની રચના છે. જૈનોના બાવીસમા તીર્થંકર [4]નેમિનાથનો જીવનવૃત્તાંત રજૂ કરતું આ મહાકાવ્ય પંદર સર્ગમાં રચાયેલું છે. **વાગ્ભટ**કૃત આ કાવ્યની સર્ગદીઠ પદ્યસંખ્યા નીચે મુજબ છે :–

૮૩, ૬૦, ૪૭, ૬૨, ૭૨, ૫૧, ૫૫, ૮૦, ૫૭, ૪૬, ૫૮, ૭૦, ૮૪, ૪૮ અને ૮૫.

આમ એકંદર ૯૫૮ પદ્યો છે. P. ૨૮

પંદરમા સર્ગ સિવાયના સર્ગના અંતે પુષ્પિકા છે. એમાં સર્ગનું નામ જોવાય છે. એને લક્ષ્યમાં રાખી હું આ સર્ગોના વિષય નીચે મુજબ સૂચવું છું :–

---

૧. એમણે રચેલું પુરાણ ટીકા સહિત "જૈન સિદ્ધાન્ત ભવન" તરફથી આરાથી ઈ. સ. ૧૯૨૯માં છપાવાયું છે.

૨. આની બીજી આવૃત્તિ "કાવ્યમાલા" ૫૬માં ઈ.સ. ૧૯૩૬માં પ્રકાશિત કરાઈ છે. એમાં અંતમાં પદ્યોની સૂચી છે.

૩. આ **સિદ્ધરાજ** જયસિંહના રાજ્યમાં રચાયું છે. આ કૃતિના પરિચય માટે જુઓ. **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૧૫૫–૧૫૭, ૧૭૫ અને ૧૯૯).

૪. એમનું બીજુ નામ **અરિષ્ટનેમિ** છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પુત્રની ચિન્તા, ગર્ભનું શોધન, સ્વપ્નોનું દર્શન, દેવોનું આગમન, નેમિનાથનો જન્માભિષેક, વસન્તનું વર્ણન, પર્વતનું વર્ણન, જલક્રીડા, ચન્દ્રોદય, મદિરાપાન અને સંભોગનું વર્ણન, રાજીમતીની નેમિનાથ માટે કૃષ્ણની માગણી, નેમિનાથનું લગ્નાર્થે આગમન, પૂર્વ ભવનું વર્ણન, નેમિનાથને કેવલજ્ઞાનની પ્રાપ્તિ અને એમનું કેવલિજીવન અને નિર્વાણ.

સાતમા સર્ગની વિશેષતા એ છે કે એમાં જાતજાતના છંદોનાં નામ શ્લોક દ્વારા ગૂંથી લેવાયાં છે.

અવતરણો–પ્રસ્તુત કાવ્યમાંથી સાત [1]અવતરણો **વાગ્ભટાલંકાર**માં અપાયાં છે. આ કાવ્ય અંગે નીચે મુજબનું વિવરણાત્મક સાહિત્ય છે :

ટીકા–આ ઉપેન્દ્રે રચી છે.

ટીકા–આ 'અભિનવ' લક્ષ્મીસેનની કૃતિ છે.

ટિપ્પણી–આના કર્તાનું નામ જાણવામાં નથી.

અરિષ્ટનેમિ–ચરિત્ર (વિ. સં. ૧૨૩૩) – આ ૧૩૦૦ જલોક જેવડું ચરિત્ર રત્નપ્રભસૂરિએ વિ. સં. ૧૨૩૩માં રચ્યું છે.

નેમિનાથ–ચરિત્ર (લ. વિ. સં. ૧૨૮૫) – 'નાગેન્દ્ર' ગચ્છના વિજયસેનસૂરિના શિષ્ય ઉદયપ્રભસૂરિએ આ ચરિત્ર ૨૧૦૦ શ્લોક જેવડું રચ્યું છે. એમણે **ઉવએસમાલા** ઉપર વિ. સં. ૧૨૯૯માં વૃત્તિ રચી છે.

P. ૨૯ [2]**નેમિનાથ–ચરિત્ર** (ઉ. વિ. સં. ૧૪૯૫)–આ ચરિત્ર 'ખરતર' ગચ્છના ઉપાધ્યાય કીર્તિરાજે બાર સર્ગમાં વિ. સં. ૧૪૯૫માં રચ્યું છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૧૭)માં ઉલ્લેખ છે પરંતુ એ ભ્રાન્ત જણાય છે કેમકે પ્રકાશિત આવૃત્તિની પ્રસ્તાવનામાં સુચવાયા મુજબ આની એક જ હાથપોથી મળી છે અને એના અંતમાં બાજુએ આ સાલ નોંધાયેલી છે.[3]

વિવાહવલ્લભ–મહાકાવ્ય (ઉ. વિક્રમની ૧૫મી સદી) – આના ૧૭મા સર્ગનું નામ "श्रीनेमिनाथोपालम्भनेकात्मज्ञानोल्लास" છે. એ ઉપરથી આ મહાકાવ્યમાં નેમિનાથનું ચરિત્ર આલેખાયું હશે એમ અનુમનાય છે. આ મહાકાવ્યના ૧૭મા સર્ગના ૩૩ શ્લોકો મળે છે. એ પૈકી ત્રણ છપાયા છે.[4]

---

૧. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૧૫૭).

૨. આ 'ય. જૈ. ગ્રં.'માં વીરસંવત્ ૨૪૪૦માં પ્રકાશિત કરાયું છે. હરિભદ્રસૂરિએ વિ. સં. ૧૨૧૬માં **નેમિનાહચરિય** રચ્યું છે. **ભવભાવણા**ની સ્વોપજ્ઞ વૃત્તિમાં **નેમિનાહચરિય** છે. એની એક હાથપોથી વિ. સં. ૧૨૧૫માં લખાયેલી મળે છે.

૩. "संवत् १४९५ वर्षे श्रीयोगिनिपुरे लिखितमिदम्". **જિ. ૨ કો.**માં એકે હાથપોથી નોંધાયેલી નથી. ફક્ત પ્રકાશિત આવૃત્તિનો જ ઉલ્લેખ છે.

૪. જુઓ "જૈ. સ. પ્ર." (વર્ષ ૧૬, અં. ૮), અહીં પૃ. ૨૦૦માં સુચવાયા મુજબ **વિવાહવલ્લભ-મહાકાવ્ય**ની હાથપોથી વિક્રમની ૧૫મી સદીમાં લખાઈ હશે એમ શ્રી. અગરચંદ નાહટાએ એમના લેખમાં કહ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નેમિનાથ–ચરિત્ર (ઉ. વિ. સં. ૧૫૫૦) – આ **વજ્રસેન**ના શિષ્ય **હરિ** ઉર્ફે **હરિષેણ**ની રચના છે. [૧]**કર્પૂરપ્રકર** (શ્લો. ૧૮૦)માં એમણે આ ચરિત્રનો ઉલ્લેખ કર્યો છે પણ એની એક હાથપોથી મળતી હોય એમ જણાતું નથી.

અરિષ્ટનેમિ–ચરિત્ર (વિ. સં. ૧૬૬૮) – આ ચરિત્ર 'તપ' ગચ્છના **શ્રીવિજયગણિ**એ ૧૩ વિભાગમાં વિ. સં. ૧૬૬૮માં રચ્યું છે. P. ૩૦

[૨]**નેમિનાથચરિત** (વિ. સં. ૧૬૮૮) – આ [૩]ગદ્યાત્મક કૃતિના પ્રણેતા **કનકવિજય**ના શિષ્ય ગુણવિજયગણિ છે. એમાં તેર પરિચ્છેદ છે. એનું પરિમાણ ૫૨૮૫ શ્લોક જેવડું છે. અંતમા ૨૧ પદ્યની પ્રશસ્તિ છે. પ્રથમ પરિચ્છેદમાં નેમિનાથ અને **રાજી**મતીના આઠ આઠ પૂર્વ ભવોનું વર્ણન છે. પ્રત્યેક પરિચ્છેદના અંતમાં વિષયસૂચક પુષ્પિકા છે.

નેમિનાથ–ચરિત્ર–આના કર્તા **ભોજસાગર** છે

નેમિનાથ–ચરિત્ર–આ ૩૫૦૦ શ્લોક જેવડા ચરિત્રના કર્તા **તિલકાચાર્ય** છે.

નેમિનાથ–ચરિત્ર–આના કર્તા નરસિંહ છે.

નેમિનાથ–ચરિત્ર–આ અજ્ઞાતકર્તૃક કૃતિ છે.

નેમિનાથ–પુરાણ–આ નામની બે કૃતિ છે : (૧) બ્રહ્મ નેમિદત્તની અને (૨) **મં**ગલદાસની. બ્રહ્મ નેમિદત્ત એ **મ**લ્લિભૂષણના શિષ્ય થાય છે. એમનું પુરાણ સોળ વિભાગમાં વિભક્ત છે. એની રચના વિ. સં. ૧૫૭૫ની આસપાસમાં થયેલી છે.[૪] [હિન્દીઅનુ. દિ.જૈ. પુસ્તકાલય સૂરતથી સં. ૨૦૧૧માં પ્રસિદ્ધ. કમલપ્રભકૃત નેમિનાથ ચ.ની નકલ પ્રા.ટે.અમદા.માં છે.]

[૨૩] **પાર્શ્વનાથ–ચરિત** (લ. વિ. સં. ૧૦૫૦) – આના કર્તા **પદ્મસેન**સૂરિ છે. આ ચરિત્રનો ઉલ્લેખ ધવલે **હરિવંસપુરાણ**માં કર્યો છે. શું આ ચરિત્ર સંસ્કૃતમાં છે ? એમાં જૈનોના ત્રેવીસમાં તીર્થંકરનું – 'પુરુષાદાનીય' **પાર્શ્વ**નાથનું ચરિત્ર આલેખાયું હોવું જોઈએ. P. ૩૧

[૫]**પાર્શ્વનાથ–ચરિત**[૬] યાને **પાર્શ્વનાથ–**[૭]**કાકુત્સ્થ–ચરિત** (શકસંવત્ ૯૪૭ = વિ. સં. ૧૦૮૨) – આના કર્તા દિ. [૮]**વા**દિરાજસૂરિ છે. એઓ **મ**તિસાગરના શિષ્ય, [૯]દયાપાલના ગુરુભાઈ

૧. આ કૃતિના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૫૨).

૨. આ સુરતથી **શ્રીમા**નચંદ વેલચંદે સંસ્કૃત વિષયાનુક્રમ સહિત ઈ.સ. ૧૯૨૦માં છપાવ્યું છે. હાંસિયાઓમાં વિષયોનું સૂચન છે.

૩. આમ હોવા છતાં આ કૃતિનો પરિચય અહીં મેં આપ્યો છે તે અપવાદરૂપ સમજવાનો છે.

૪. કોઈકે **નેમિશતક** રચ્યું છે.

૫. આ કાવ્ય ''મા.દિ.ગ્રં.''માં ગ્રંથાંક ૪ તરીકે વિ. સં. ૧૯૭૩માં છપાવાયું છે. [હિન્દી કલકત્તાથી ૧૯૨૨માં પ્રસિદ્ધ.]

૬. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૪૬)માં આને **પાર્શ્વનાથ-પુરાણ** કહ્યું છે.

૭. આ **પાર્શ્વ**નાથના વંશનું નામ છે.

૮. આ નામનો પં. નાથૂરામ પ્રેમીનો લેખ **જૈ. સા. ઈ.** (પૃ. ૩૯૬–૪૦૫)–માં છપાયો છે.

૯. એઓ **રૂપસિદ્ધિ**ના યાને **શાકટાયન–વ્યાકરણની** ટીકાના કર્તા છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૯).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(સતીર્થ્ય) અને **'શ્રી**પાલદેવ'ના પ્રશિષ્ય થાય છે. એઓ 'દ્રાવિડ' કે 'દ્રમિલ' સંઘની 'નંદિ' સંઘની 'અરુંગલ' શાખાના આચાર્ય હતા. એઓ પ્રખર વૈયાકરણ અને પ્રબળ તાર્કિક તેમ જ ભવ્ય–સહાયક મનાય છે.[૧] એમણે નીચે મુજબની અન્ય કૃતિઓ રચી છે :–

(૧) [૨]**એકીભાવસ્તોત્ર** – આનો પ્રારંભ ''એકીભાવ ગત''થી થતો હોવાથી આનું આ નામ પડ્યું છે. એમાં ૨૬ પદ્યો છે. ૨૬મું પદ્ય આત્મપ્રશંસારૂપ છે એટલે એ કર્તાનું હોઈ શકે નહિ.

P. ૩૨ (૨) **ન્યાયવિનિશ્ચયવિવરણ** – આ **અકલંક**કૃત **ન્યાયવિનિશ્ચય** ઉપરનું ૨૦૦૦૦ શ્લોક જેવડું વિવરણ છે.[૩]

(૩) [૪]**પ્રમાણનિર્ણય** – આ પ્રમાણ, પ્રત્યક્ષ, પરોક્ષ અને આગમ એ નામના ચાર અધ્યાયમાં વિભક્ત છે.

(૪) [૫]**યશોધર–ચરિત**–આ ચાર સર્ગનું ૨૯૬ પદ્યનું ખંડકાવ્ય છે. એમાં પાર્શ્વનાથ–ચરિતનો ઉલ્લેખ છે.[૬]

ઉપર્યુક્ત **પાર્શ્વનાથ–ચરિત** બાર સર્ગમાં વિભક્ત છે અને એ શકસંવત્ ૯૪૭માં રચાયું છે.[૭]

જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૨૪૬)માં સુચવાયું છે કે **વાદિરાજે** ઉપર્યુક્ત **પાર્શ્વનાથ–પુરાણ**ના પ્રારંભમાં **અનન્તકીર્તિ**ની **જીવસિદ્ધિ, લઘુસર્વજ્ઞસિદ્ધિ, બૃહત્–સર્વજ્ઞસિદ્ધિ, ધનંજય**નું **દ્વિસંધાનકાવ્ય, અનન્તવીર્ય**ની **પ્રમેયરત્નમાલા, વિદ્યાનન્દ**નું **શ્લોકવાર્તિક** અને **વીરનન્દિ**નું **ચંદ્રપ્રભચરિત્ર** એમ વિવિધ કૃતિઓનો તેમ જ **પાલ્યકીર્તિ**નો ઉલ્લેખ કર્યો છે.

પંજિકા – આ પ્રસ્તુત **પાર્શ્વનાથ–ચરિત** ઉપરની દિ. **શુભચન્દ્રે** રચેલી કૃતિ છે.

---

૧. જુઓ **એકીભાવસ્તોત્ર** (શ્લો. ૨૬).

૨. આ ''કાવ્યમાલા'' (ગુ. ૭)માં ઈ. સ. ૧૯૨૬માં (ચોથી આવૃત્તિ) છપાયું છે. એનું છેલ્લું પદ્ય પ્રક્ષિપ્ત છે એટલે એનાં ૨૫ પદ્યો ગણાય. આ સ્તોત્ર **ભૂધરદાસ**ના તેમ જ **ગિરિધરશર્મા**ના એકેક હિન્દી પદ્યાનુવાદ તેમ જ પં. **પન્નાલાલ** શાસ્ત્રીના હિન્દી અન્વયાર્થ અને ભાવાર્થ સહિત ''સન્મતિ કુટીર પ્રકાશન'' તરફથી ઈ. સ. ૧૯૫૪માં છપાવાયું છે.

૩. આની તેમ જ **પાર્શ્વનાથ-ચરિત**ની પ્રશસ્તિ **જૈ. સા. ઈ.** (પૃ. ૪૦૫)માં તેમ જ પૃ. ૪૦૪-૪૦૫માં અનુક્રમે છપાવાઈ છે.

૪. આ ''મા. દિ. ગ્રં.માં ગ્રંથાંક ૧૦ તરીકે વિ. સં. ૧૯૭૪માં પ્રકાશિત છે.

૫. આ ''સરસ્વતી–વિલાસ ગ્રન્થમાલા''માં ગ્રંથાંક પાંચ તરીકે ઈ. સ. ૧૯૧૨માં છપાવાયું છે.

૬. આઠ પદ્યોનું **અધ્યાત્માષ્ટક** અને કરણાનુયોગને લગતી **ત્રૈલોક્યદીપિકા** પણ **વાદિરાજસૂરિ**ની રચના છે એમ કેટલાક માને છે.

૭. **ભ. સ્તો. પા. કા. સં.** ના દ્વિતીય વિભાગની પ્રસ્તાવના (પૃ. ૪૮-૪૯)માં મેં **પાર્શ્વનાથ**ની નવ ચરિત્રાત્મક કૃતિઓની નોંધ લીધી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથ-ચરિત્ર (લ.વિ. સં. [1]૧૨૦૦)—આના કર્તા **સર્વાનન્દસૂરિ** છે. એઓ '[2]જાલિહર' ગચ્છના **ગુણભદ્રસૂરિ**ના શિષ્ય થાય છે. **સર્વાનન્દસૂરિ**ના શિષ્ય **ધર્મઘોષસૂરિ**ના શિષ્ય **દેવસૂરિ**એ વિ. સં. ૧૨૫૪માં જે [3]**પદ્મપ્રભચરિત્ર** રચ્યું છે તેમાં આ **પાર્શ્વનાથ-ચરિત્ર**નો ઉલ્લેખ છે. P. ૩૩

પાર્શ્વનાથ-ચરિત્ર (વિ. સં. ૧૨૭૬)—આ 'રાજ' ગચ્છના **સા**ગરચન્દ્રના શિષ્ય અને **કાવ્યપ્રકાશ** ઉપર **સંકેત** રચનારા તેમ જ [4]**શાન્તિનાથ-ચરિત્ર**ના પ્રણેતા **માણિક્યચન્દ્રસૂરિ**ની કૃતિ છે. એમણે આ કૃતિ દસ સર્ગમાં વિ. સં. ૧૨૭૬માં રચી છે.

પાર્શ્વનાથ-ચરિત્ર (વિ. સં. ૧૨૯૧)—આના કર્તા **સર્વાનન્દ** સૂરિ છે. એઓ **શી**લભદ્રના શિષ્ય અને પટ્ટધર **ગુણ**રત્નસૂરિના શિષ્ય થાય છે. એમણે વિ. સં. ૧૩૦૨માં [5]**ચન્દ્રપ્રભચરિત્ર** રચ્યું છે. એ પૂર્વે વિ. સં. ૧૨૯૧માં એમણે આ **પાર્શ્વનાથ-ચરિત્ર** પાંચ સર્ગમાં રચ્યું છે.

[6]**પાર્શ્વનાથ-ચરિત્ર** (વિ. સં. ૧૪૧૨) – આ ૬૪૦૦ શ્લોક જેવડા ચરિત્રના કર્તા 'ખંડિલ્લ' ગચ્છના **ભાવદેવસૂરિ** છે. એઓ **કાલકાચાર્ય**ના સન્તાનીય **જિનદેવસૂરિ**ના શિષ્ય થાય છે. એમની આ કૃતિ આઠ સર્ગમાં વિભક્ત છે. એમાં અનુક્રમે ૮૮૫, ૧૦૬૫, ૧૧૦૮, ૧૬૧, ૨૫૪, ૧૩૬૦, ૮૩૬ અને [7]૪૨૩ (૩૯૩+૩૦) પદ્યો છે. કુલ્લે ૬૦૯૨ પદ્યો છે. P. ૩૪

પ્રથમ સર્ગમાં **પાર્શ્વનાથ**ના દસ ભવ પૈકી પહેલા ત્રણનું વર્ણન છે. બીજા, ત્રીજા અને ચોથા સર્ગમાં ત્યાર પછીના બબ્બે ભવો વિષે નિરૂપણ છે. પાંચમા સર્ગમાં દસમા ભવની—તીર્થંકર તરીકેના ભવની શરૂઆત કરી એમનાં ચ્યવન, જન્મ, જન્માભિષેક, કૌમાર અને વિજયયાત્રા વર્ણવાયાં છે. છઠ્ઠા સર્ગમાં એમના લગ્ન, દીક્ષા, કેવલજ્ઞાન, સમવસરણ અને દેશનાનો અધિકાર છે. સાતમા સર્ગમાં પાર્શ્વનાથના પ્રથમ ગણધર આર્યદત્તની દેશના વિસ્તારથી અપાઈ છે અને ત્યારબાદ શાસનદેવતાનું વર્ણન છે. આઠમા સર્ગમાં પાર્શ્વનાથના વિહાર અને મોક્ષ એ બે બાબતો રજૂ કરાઈ છે. અંતમાં પ્રશસ્તિ છે.

પાર્શ્વનાથ-ચરિત્ર (વિ. સં. ૧૪૬૦) – આના કર્તા 'ચન્દ્ર' ગચ્છના **રવિપ્રભસૂરિ**ના શિષ્ય [8]**વિનયચન્દ્ર** છે. એમણે ૪૭૦૯ જ્લોક જેવડું આ ચરિત્ર વિ. સં. ૧૪૬૦માં રચ્યુ છે. [કર્તાનો કવિત્વકાલ સં. ૧૨૮૬-૧૩૪૫ છે. **જૈ. સા. બૃ. ઈ.** ભા. ૬. પૃ. ૧૨૩]

---

૧. વિ. સં. ૧૧૬૮માં ૯૦૦૦ શ્લોક જેવડું **પાસનાહચરિય** ઉપાધ્યાય **સુ**મતિના શિષ્ય **દેવ**ભદ્રસૂરિએ રચ્યું છે.

૨. આ ગચ્છ 'કાસદ્રહ' ગચ્છની સાથે જ સ્થપાયેલો છે.

૩. જુઓ પૃ. ૬. ૪. જુઓ પૃ. ૧૩. ૫. જુઓ પૃ. ૭.

૬. આ "ય. જૈ. ગ્રં."માં ઈ. સ. ૧૯૧૨માં છપાવાયું છે. આનો **બ્લૂમફીલ્ડે** અંગ્રેજીમાં તૈયાર કરેલો સારાંશ **"The Life and Stories of the Jain Saviour Pars'vanatha"** ના નામથી બાલ્ટિમોરથી ઈ. સ. ૧૯૧૯માં છપાવાયો છે. મૂળ કૃતિનો બાલાવબોધ **ભાનુ**વિજયના શિષ્ય **લક્ષ્મી**વિજયે વિ. સં. ૧૮૦૦માં રચ્યો છે.

૭. આ પૈકી છેલ્લાં ત્રીસ પદ્યો પ્રશસ્તિનાં છે.

૮. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૪૫)માં આ જ મુનિવર **કવિશિક્ષા**ના પ્રણેતા હોવાની સંભાવના કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાર્શ્વનાથ–ચરિત્ર (ઉ. વિ. સં. ૧૫૮૩) – આના કર્તાનું નામ જાણવામાં નથી. આની એક હાથપોથી વિ. સં. ૧૫૮૩માં લખાયેલી છે.

પાર્શ્વનાથ–કાવ્ય (લ. વિ. સં. ૧૬૧૫)–આના કર્તા **આનન્દમેરુ**ના શિષ્ય પદ્મમેરુના શિષ્ય **પદ્મસુન્દર** છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૪૪)માં એઓ દિગંબર હોવાની અને વિ. સં. ૧૬૧૫માં **રાયમલ્લોદય** રચનારથી અભિન્ન હોવાથી સંભાવના કરાઈ છે. [એલ. ડી. સીરીઝ ૧૦૦માં છપાયું છે.]

P. ૩૫ **પાર્શ્વનાથ–ચરિત્ર** (વિ. સં. ૧૬૩૨)–આના કર્તા 'તપ' ગચ્છના **કમલવિજય**ના શિષ્ય **હેમવિજય** છે. એમણે વિ. સં. ૧૬૫૭માં [1]**કથારત્નાકર** રચ્યો છે. એમણે આ ચરિત્ર વિ. સં. ૧૬૩૨માં રચ્યું છે. એનું પરિમાણ ૩૧૬૦ શ્લોક જેવડું છે. [ચુનીલાલ ગ્રં મુબઈથી પ્રસિદ્ધ. જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા વિ.સં. ૨૦૪૫માં પુનર્મુદ્રણ થયું છે.]

[2]**પાર્શ્વનાથ–ચરિત્ર** (વિ. સં. ૧૬૫૪) – આ ગદ્યાત્મક ચરિત્ર **ઉદયવીર**ગણિએ વિ. સં. ૧૬૫૪માં આઠ અધિકારમાં ૫૫૦૦ શ્લોક જેવડું રચ્યું છે. એઓ હેમસોમના શિષ્ય સંઘવીરના શિષ્ય થાય છે. એમણે આ ચરિત્રમાં પાર્શ્વનાથના દસ ભવો વર્ણવ્યા છે.

પાર્શ્વનાથ–પુરાણ–પાર્શ્વનાથને અંગે નિમ્નલિખિત છ દિ. વ્યક્તિઓએ એકેક પુરાણ રચ્યું છે :–

(૧) **ચન્દ્રકીર્તિ**, (૨) **પદ્મસુન્દર**, (૩) **પદ્મસેનસૂરિ**, (૪) **વાદિચન્દ્ર**, (૫) [3]**વાદિરાજ** અને (૬) **સકલકીર્તિ**. [મુનિસુખસાગરકૃત પાર્શ્વનાથ ચ. ગદ્ય પ્ર.રંજનવિ. લાયબ્રેરી, માલવાડા]

[૨૪] **વર્ધમાન–ચરિત્ર**–આના કર્તા પદ્મનન્દિ છે. એમાં એમણે જૈનોના ચોવીસમા–આસન્નોપકારી તીર્થંકર **મહા**વીરસ્વામીનું યાને વર્ધમાનસ્વામીનું ચરિત્ર આલેખ્યું છે.

મહાવીર–પુરાણ કિંવા **વર્ધમાન–પુરાણ**–આ નામની ચાર દિ. કૃતિ છે : (૧) અસગની, (૨) **કેશ**વની, (૩) **વાણી**વલ્લભની અને (૪) **સકલકીર્તિ**ની. [**સકલકીર્તિ**ની રચનાનો હિન્દીઅનુ. "જિ. પ્ર. કા." કલકત્તાથી પ્રસિદ્ધ.]

P. ૩૬ [4]**ચતુર્વિંશતિ–જિનેન્દ્ર–સંક્ષિપ્ત–ચરિત્ર** (ઉ. વિ. સં. ૧૨૯૫)–આના કર્તા **પદ્માનન્દ–મહાકાવ્ય** વગેરે રચનારા **અમર**ચન્દ્રસૂરિ છે. એમણે **ઋષ**ભદેવથી માંડીને **મહા**વીરસ્વામી સુધીના ચોવીસે તીર્થંકરોનાં ચરિત્ર સંક્ષેપમાં આલેખ્યાં છે.

---

૧. આ તેમ જ એમની અન્ય કૃતિઓની નોંધ મેં **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૫૪)માં લીધી છે.

૨. સા 'જૈ. ધ. સં." તરફથી વિ. સં. ૧૯૭૦માં પ્રસિદ્ધ કરાયું છે. [હર્ષપુષ્પામૃતમાં પણ છપાયું છે.]

૩. એમની કૃતિની નોંધ પૃ. ૩૧માં પાર્શ્વનાથ–ચરિત રૂપે લેવાઈ છે.

૪. ગુણચન્દ્રગણિએ વિ. સં. ૧૧૩૯માં **મહાવીર–ચરિય** રચ્યું છે.

૫. ગા.પૌ.ગ્રં.માં ઈ.સ. ૧૯૩૨માં આ પ્રકાશિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાષાન્તર—આ કૃતિનું ગુજરાતીમાં ભાષાન્તર થયેલું છે[૧] પરંતુ ભાષાન્તરકારનું નામ અપાયું નથી.

ચતુર્વિંશતિ-જિન-ચરિત્ર—આ ૭૦૦ શ્લોક જેવડી અજ્ઞાતકર્તૃક કૃતિની નોંધ **જૈ. ગ્રં.** (પૃ. ૨૪૬)માં લેવાઈ છે. એનું પરિમાણ જોતાં એ 'લઘુ કાવ્ય' ગણાય. એમ છતાં વિષયની અખંડતા જાળવવા માટે મેં એનો અહીં ઉલ્લેખ કર્યો છે.

ચતુર્વિંશતિ-તીર્થંકર-પુરાણ—આ નામની બે કૃતિ છે. એકના કર્તા દિ. **મલ્લિષેણ** છે તો બીજીના દિ. **શ્રી**ભૂષણ છે. આ પુરાણો બૃહત્કાવ્યરૂપ છે કે કેમ તે જાણવું બાકી રહે છે. તેમ છતાં ઉપર્યુક્ત કારણથી મેં એનો અહીં નિર્દેશ કર્યો છે.

[૨]**ત્રિષષ્ટિ**[૩]**શલાકાપુરુષચરિત્ર** (લ. વિ. ૧૨૨૦) —આના કર્તા 'કલિ.' **હેમ**ચન્દ્રસૂરિ છે. P. ૩૭
એમણે આ ઓછાવત્તા સર્ગવાળાં દસ પર્વમાં વિભક્ત [૪]બૃહત્-કાવ્ય દ્વારા આ 'હુંડા' અવસર્પિણીમાં

૧. આ ભાષાન્તર "જૈ. આ. સ." તરફથી ભાવનગરથી વિ. સં. ૧૯૯૩માં છપાવાયુ છે. વિ. સં. ૨૦૦૮માં આ જ ભાષાન્તર આ જ સભા તરફથી પૃ. ૧–૧૦૦માં અપાયું છે. આ ઉપરાંત આ પુસ્તકમાં **ઋ**ષભદેવાદિ ચોવીસે તીર્થંકરોનું એકેક ચિત્ર, ગત અને આવતી ચોવીસીના તીર્થંકરોની નામાવલી (પૃ. ૧૦૦), ડાબી બાજુના હાંસિયામાં યશોવિજયગણિકૃત **પરમજ્યોતિઃપંચવિંશતિકા** (ગુજરાતી ભાષાન્તર સહિત) પૃ. ૭–૧૪ **પરમાત્મપંચવિંશતિકા** (ગુજરાતી ભાષાન્તર સહિત પૃ. ૧૫-૨૨), **વીતરાગસ્તોત્ર** (ગુજરાતી ભાષાન્તર સહિત) (પૃ. ૨૩–૯૨) તેમ જ સિદ્ધસેન દિવાકરકૃત **વર્ધમાનદ્વાત્રિંશિકા** (ગુજરાતી ભાષાન્તર સહિત પૃ. ૧૦૧–૧૦૬)માં અપાયાં છે. આ તમામ સામગ્રી એક જ પુસ્તકરૂપે 'શ્રીતીર્થંકરચરિત્ર'ના નામથી પ્રસિદ્ધ કરાઈ છે.

૨. આ સમગ્ર ગ્રંથ "જૈ. ધ. પ્ર. સ." તરફથી કટકે કટકે છ ભાગમાં અનુક્રમે વિ. સં. ૧૯૬૧, ૧૯૬૨, ૧૯૬૩, ૧૯૬૪ અને ૧૯૬૫માં છપાયો છે. એમાં અનુક્રમે પર્વ ૧, પર્વ ૨, પર્વ ૩–૬, પર્વ ૭, પર્વ ૮–૯ અને પર્વ ૧૦ છે.

પ્રથમ પર્વ ફરીથી "શ્રીજૈન આત્માનન્દ શતાબ્દિ ગ્રન્થમાલા"માં ગ્રન્થાંક ૭ તરીકે ઈ. સ. ૧૯૩૬માં પ્રસિદ્ધ કરાયું છે. એનું પાંચ હસ્તલિખિત પ્રતિના આધારે સંપાદન સંસ્કૃતમાં વિષયાનુક્રમ અને પ્રાસ્તાવિક વિજ્ઞાપન સહિત સ્વ. મુનિશ્રી **ચ**રણવિજયજીએ કર્યું છે. એઓ શ્રીવિજયોમંગસૂરિના શિષ્ય થાય છે. આ પ્રકાશનમાં કામમાં લેવાયેલી વિ. સં. ૧૨૪૦માં લખાયેલી તાડપત્રીય પ્રતિનાં આદ્ય અને અંતિમ પત્રની તેમ જ એક અન્ય હાથપોથીના આવાં પત્રની પ્રતિકૃતિ અપાઈ છે. આ પ્રકાશનનું અંગ્રેજીમાં અગ્રવચન ડૉ. **હી**રાનન્દ શાસ્ત્રીએ લખ્યું છે.

સાતમું પર્વ 'શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ' દ્વારા "શ્રીઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ સંઘ" તરફથી ઈ. સ. ૧૯૬૧માં પ્રકાશિત કરાયું છે. એનું સંપાદન **શ્રી**ચન્દ્રસાગરસૂરિના શિષ્ય મુનિશ્રી અભ્યુદયસાગરજીએ કર્યું છે અને "ચિત્રભાનુ"એ "કંઈક" દ્વારા વાલ્મિકિકૃત **રામાયણ**થી આ પર્વગત **રામાયણ**ની કેટલીક વિશિષ્ટતા નોંધી છે. આ પ્રકાશમાં સંસ્કૃતમાં સંક્ષિપ્ત વિષયાનુક્રમણિકા છે. [આ ઉપરાંત ત્રિ.શ.પુ.ના વિવિધ પ્રકાશનો થયા છે. આ **શી**લચન્દ્રસૂરિ સંપાદિત (૧-૪ પર્વ), આ. **ચ**ન્દ્રગુપ્તસૂરિ સંપાદિત (અનેકાંત પ્રકાશન અમદાવાદથી) પં. **યો**ગતિલકવિ. સંપાદિત (ભાભરથી કેટલાક પર્વો પ્રગટ થયા છે, થનાર છે. "જિનશાસન આ ટ્રસ્ટ" તરફથી પણ પ્રકાશિત થનાર છે.]

૩. આ શબ્દ શ્લો. ૨૯માં વપરાયો છે અને 'શલાકા–પુરુષ' એવો પ્રયોગ આ ગ્રંથ અંગેની પ્રશસ્તિમાં શ્લો. ૩૦માં કરાયો છે.

૪. **જિ**નમંડનગણિએ **કુમારપાલચરિત**માં આને ૩૬૦૦૦ શ્લોક જેવડો કહ્યો છે પણ ડૉ. **યા**કોબીએ એને ૩૭૦૦૦ શ્લોક જેવડો અને પુણ્યવિજયજીએ ૩૨૦૦૦ શ્લોક જેવડો કહ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૩૮ આપણા આ 'ભારત'- વર્ષમાં થઈ ગયેલા નીચે મુજબના [૧]૬૩ ઉત્તમ પુરુષોનું ચરિત્ર પદ્યમાં આલેખ્યું છે :–

૨૪ તીર્થંકરો [૨]૧૨ ચક્રવર્તીઓ યાને ચક્રીઓ [૩]૯ વાસુદેવો યાને અર્ધચક્રીઓ, ૯ પ્રતિવાસુદેવો અને ૯ બલરામો.

પ્રારંભ–સ્વયંભૂકૃત **પઉમપુરાણ**માં તેમ જ **પુષ્પદન્ત**કૃત **તિસટ્ઠિમહાપુરિસગુણાલંકાર** નામના **મહાપુરાણ**માં પ્રારંભમાં જેમ **ઋ**ષભદેવથી માંડીને **મ**હાવીરસ્વામી સુધીના ૨૪ તીર્થંકરોની સ્તુતિરૂપે મંગલ–શ્લોકો છે તેમ આ **ત્રિષષ્ટિ**.માં પણ પ્રારંભમાં બે પદ્યો દ્વારા તીર્થંકરત્વને અને સમગ્ર તીર્થંકરોને વંદન કરી એ પછીનાં ૨૪ પદ્યો દ્વારા ચોવીસ તીર્થંકરની એકેક પદ્ય દ્વારા સ્તુતિ કરાઈ છે.

વિષય–[૪]ધર્મોપદેશરૂપ મુખ્ય ફળવાળા અને [૫]પરમાર્હત **કુ**મારપાલની અભ્યર્થનાથી યોજાયેલા આ મહાકાય ગ્રંથના પ્રથમ પર્વમાં છ સર્ગ છે. એમાં આદિમ તીર્થંકર **ઋ**ષભદેવ અને એમના પુત્ર પ્રથમ ચક્રવર્તી [૬]**ભ**રતનાં એમ બે ચરિત્ર આલેખાયાં **છે**. આ પર્વને 'આદીશ્વર-ચરિત્ર' કહે છે.

P. ૩૯ બીજા પર્વમાં પણ છ સર્ગ છે. એ દ્વારા **જિ**તશત્રુ રાજા અને **વિ**જયા રાણીના પુત્ર દ્વિતીય તીર્થંકર **અ**જિતનાથ અને એમનાં–અજિતનાથનાં કાકા **સુ**મિત્ર અને કાકી **વૈ**જયન્તી યાને **ય**શોમતીના પુત્ર **સ**ગર ચક્રવર્તીના જીવનવૃત્તાંત આલેખાયાં છે. આ પર્વને 'અજિતનાથ–ચરિત્ર' કહે છે.

ત્રીજા પર્વમાં આઠ સર્ગ છે. એમાં **સં**ભવનાથથી માંડીને **શી**તલનાથ સુધીના આઠ તીર્થંકરોનાં જીવન–ચરિત્ર છે.

ચોથા પર્વમાં સાત સર્ગ છે. આમાં નીચે મુજબના ૨૨ મહાપુરુષોનાં ચરિત્ર ગુંથાયાં છે :-

શ્રેયાંસનાથથી **ધ**ર્મનાથ સુધીના પાંચ તીર્થંકરો, પાંચ વાસુદેવ, પાંચ પ્રતિવાસુદેવ, પાંચ બલરામ તેમ જ મઘવા અને **સ**નત્કુમાર એ બે ચક્રવર્તી.

વિસંવાદી કથન–**વા**સુપૂજ્યસ્વામીના ચરિત્રમાં શ્લો. ૧૦૩માં **પા**ર્શ્વનાથ લગ્ન અને રાજ્ય કર્યા વિના દીક્ષા લેશે એમ કહ્યું છે જ્યારે પર્વ ૯, સ. ૩, શ્લો. ૨૧૦માં **પા**ર્શ્વનાથે **પ્ર**ભાવતી સાથે લગ્ન કર્યાનું કહ્યું છે. આમ આ વિસંવાદી કથન છે.

---

૧. આ સંખ્યા પદની દૃષ્ટિએ સમજવાની છે, નહિ કે વ્યક્તિની, કેમકે ૨૪ તીર્થંકરો પૈકી **શા**ન્તિનાથ, **કુ**ન્થુનાથ અને **અ**રનાથ એ ત્રણ તો ચક્રવર્તી પણ હતા.

૨. એમનાં નામો નીચે મુજબ છે :
ભરત, **સ**ગર, **મ**ઘવા, **સ**નત્કુમાર, **શા**ન્તિનાથ, **કુ**ન્થુનાથ, **અ**રનાથ, **સુ**ભૂમ, **મ**હાપદ્મ, હરિષેણ, જય અને **બ્ર**હ્મદત્ત.

૩. પ્રથમ વાસુદેવનું નામ **ત્રિપૃષ્ઠ** છે. એ **મ**હાવીરસ્વામીનો ૨૭ ભવો પૈકી ૧૯મો ભવ છે.

૪. જુઓ પ્રશસ્તિ (શ્લો. ૧૬). ૫. એજન, શ્લો. ૩૦.

૬. દિ. **આ**શાધરે **ભરતેશ્વરાભ્યુદય** કાવ્યમાં અને ન્યાયાચાર્ય **ય**શોવિજયગણિએ **આર્ષભીય–કાવ્ય**માં પ્રથમ ચક્રવર્તીનું ચરિત્ર આલેખ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાંચમા પર્વમાં પાંચ સર્ગ છે. આ દ્વારા **શાન્તિનાથ**નું–પાંચમા ચક્રવર્તી તરીકેનું તેમ જ સોળમા તીર્થંકર તરીકેનું એમ એમના એક જ ભવમાંના બે પ્રકારનું જીવન આલેખાયું છે.

છઠ્ઠા પર્વમાં આઠ સર્ગ છે. આમાં **કુન્થુનાથ**થી માંડીને **મુનિસુવ્રતસ્વામી** સુધીના એમ ચાર તીર્થંકરનાં, **કુન્થુનાથ** અને **અર**નાથ એ જ ભવમાં ચક્રવર્તી પણ હતા એટલે એ બે ચક્રવર્તીઓનું તેમજ બીજા બે ચક્રવર્તીઓનું–કુલ્લે ચારનું તેમ જ બબ્બે વાસુદેવ, બબ્બે પ્રતિવાસુદેવ અને બબ્બે બલરામ એમ ચૌદ મહાપુરુષનાં ચરિત્રો અપાયાં છે.

સાતમાં પર્વમાં તેર સર્ગ છે. આ દ્વારા **નમિ**નાથ નામના ૨૧મા તીર્થંકરનું, **હરિષેણ** અને **જય** નામના દસમા અને અગિયારમા ચક્રવર્તીનું તેમ જ **રામ**ચન્દ્ર, **લક્ષ્મણ** અને **રાવણ** એ અનુક્રમે P. ૪૦
આઠમા વાસુદેવ, આઠમા બલરામ અને આઠમા પ્રતિવાસુદેવનું એમ છ મહાપુરુષનાં ચરિત્ર આલેખાયાં છે.

આ પર્વનો મોટો ભાગ **રામ**ચન્દ્રના ચરિત્રને અંગેનો હોવાથી એને જૈન [૧]**રામાયણ** અથવા [૨]**પદ્મચરિત્ર** પણ કહે છે. આમાં ચરમ શરીરી **હનુમાન**નો જીવનવૃત્તાન્ત છે. સ. ૩, શ્લો. ૨૦૫–૨૦૮માં આ **હનુમાન**ની જન્મકુંડલીની સામગ્રી–વિગતો રજૂ કરાઈ છે. **પઉમચરિય** (પત્ર ૯૧અ) માં પણ આ વિગતો છે પણ કોઈ કોઈ ભિન્ન છે. આ બાબત મેં મારા એક [૩]અંગ્રેજી તેમજ [૪]ગુજરાતી લેખમાં વિચારી છે.

દિ. **રવિષેણે** પણ જન્મકુંડલીની સામગ્રી પૂરી પાડી છે. જુઓ **પદ્મપુરાણ** (પર્વ ૧૭, શ્લો. ૩૬૪–૩૭૬). સતી **સીતા**નો **રામે** ત્યાગ કરવા માટેના કારણ તરીકે શોક્યોના કહેવાથી સીતાએ **રાવણ**નાં ચરણો ચીતરી બતાવ્યાં એમ અહીં કહેવાયું છે. આ પૂર્વે **ભદ્રેશ્વરસૂરિએ કહાવલીમાં** આ કારણ દર્શાવ્યું છે.[૫] આ ઉપરાંતનાં કારણો વગેરે બાબતો મેં "સતી સીતાનો ત્યાગ" નામના મારા P. ૪૧
[૬]લેખમાં વિચારી છે.

---

૧. જૈન દૃષ્ટિએ રામચન્દ્રનું જીવનવૃત્તાંત વિવિધ ગ્રંથકારોએ યોજ્યું છે. આ સંબંધમાં મારો લેખ નામે "The Ramayana and the Jaina Writers" વડોદરાના "Journal of the Oriental Institute (Vol. I, No. 2) માં છપાવાયો છે.

૨. પદ્મનો તેમ જ એને માટેનો પાઇય શબ્દ 'પઉમ'નો એક અર્થ 'રામ' છે. આમ હોઈ પદ્મચરિત્ર એટલે રામનું ચરિત્ર.
પવયણસારુદ્ધારની **તત્વપ્રકાશિની** (તત્ત્વજ્ઞાનવિકાશિની) વૃત્તિ (પત્ર ૪૪૦આ)માં વૃત્તિકાર **સિદ્ધસેન**સૂરિએ પોતે જ. મ.માં રચેલા **પઉમચરિય**નો એક અવતરણપૂર્વક ઉલ્લેખ કર્યો છે.

૩. આ અંગ્રેજી લેખનું નામ "Horoscopic Data in the Jaina Literature" છે. આ લેખ joi (Vol. II No.1) માં છપાયો છે.

૪. આનું નામ "હનુમાનની જન્મકુંડલી" છે અને એ "અખંડ આનંદ" (વ. ૩, અં. ૧)માં છપાયો છે.

૫. જુઓ JOI (Vol II, No. 4) માંનો ડૉ. વી. એમ. કુલકર્ણીનો લેખ "The Ramayana of Bhadresvara as found in his Kahavali."

૬. આ લેખ "અખંડ આનન્દ" (વ. ૬, અં. ૯, પૃ. ૫૧-૫૮)માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આઠમા પર્વમાં બાર સર્ગ છે. આમાં નેમિનાથનું તેમ જ એમના કાકાના પુત્ર [1]કૃષ્ણ નામના નવમા વાસુદેવનું, એમના ભાઈ બલભદ્ર નામના બલરામનું અને પ્રતિવાસુદેવ જરાસંધનું એમ ચારનું ચરિત્ર છે.

કૃષ્ણ એ નેમિનાથથી મોટા છે. એમના પરાક્રમો પાંચમા સર્ગમાં વર્ણવાયા છે. એમાં શ્લો. ૧૬૭માં કૃષ્ણ મધુર સ્વરે વેણુ એટલે કે વાંસળી વગાડતા હતા એમ કહ્યું છે.[2]

જૈન દૃષ્ટિએ પાંડવો નેમિનાથના સમયમાં થયેલા હોવાથી એમનું ચરિત્ર પણ અહીં આલેખાયું છે.

P. ૪૨ **રચના–સમય અને ટીકા**–આ આઠમા પર્વને **જૈન–હરિવંશપુરાણ** તરીકે ઓળખાવાય છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૧૭)માં આ પર્વનો રચના–સમય વિ. સં. ૧૧૭૦ દર્શાવાયો છે તે વિચારણીય છે. આ પર્વ ઉપર **રા**મવિજયગણિની ટીકા છે.

નવમા પર્વમાં ચાર સર્ગ છે. આ પર્વ અજૈન વિદ્વાનોને મતે પણ વાસ્તવિક, નહિ કે કાલ્પનિક ગણાતા મહાપુરુષ **પાર્શ્વ**નાથનું તેમ જ બારમા ચક્રવર્તી **બ્રહ્મ**દત્તનું ચરિત્ર પૂરું પાડે છે.

દસમા પર્વમાં તેર સર્ગ છે અને અંતમાં પ્રશસ્તિ છે. આમાં **મ**હાવીરસ્વામીનો વિસ્તૃત જીવનવૃત્તાંત છે. બધાં પર્વમાં આ સૌથી મોટું છે.

ચતુર્વિંશતિજિનદેશનાસંગ્રહ – દ્વ્યાશ્રયકાવ્ય કરતાં અનેક પ્રકારનું વૈવિધ્ય પૂરું પાડનારા આ ગ્રંથમાંના અવાંતર વિષયો પૈકી ખાસ કરીને પ્રત્યેક તીર્થંકરના મુખે જે દેશના રજૂ કરાઈ છે તે મનનીય છે. આ દેશનાઓ [3]**જૈનદેશનાસંગ્રહ**ના નામથી પ્રસિદ્ધ કરાઈ છે.

ઇન્દ્રના મુખે જિનેશ્વરોની કરાયેલી સ્તુતિઓ પણ રોચક અને પ્રેરક છે.

પર્વ ૮ (સર્ગ ૯)માં **ર**થનેમિને અને **રા**જીમતીને અંગે કેટલુંક લખાણ છે. એના શ્લો. ૨૫૮માં **ર**થનેમિને **ને**મિનાથના 'અનુજ' કહ્યા છે જ્યારે **હ**રિભદ્રસૂરિએ તો **દસવેયાલિય**ની ટીકા

૧. એમના જીવન–ચરિત્રને અંગે બે અંગ્રેજી લેખ છપાયા છે : (૧) એન. દેશપાંડેનો "The Jaina Antiquary" (Vol X, No. 1) માં ઈ.સ. ૧૯૪૪માં છપાયેલો "Krsna Legend in the Jaina Canonical Lterature" અને (૨) શ્રીમહેન્દ્રકુમાર વૈશખિયાનો "Bharatiya Vidya" (Vol. VII, No. 9-10)ગત "Krsna in the Jaina Canon".
''વાસુદેવ શ્રીકૃષ્ણ અને જૈન સાહિત્ય'' નામના મારા લેખમાં જૈન મતે આગામી ચોવીસીમાં તીર્થંકર થનારા આ વાસુદેવ વિષે વિસ્તારથી મેં વિચાર કર્યો છે. આ લેખ અહીંના (સુરતના) ''હિંદુ મિલન મંદિર'' નામના માસિક (વ. ૬, અં. ૧–૧૧)માં ૧૧ કટકે છપાયો છે.

૨. આ સંબંધમાં જુઓ મારો લેખ નામે "A Query about Krsna as Flute-player". આ લેખ JOI (Vol I, No. 1) માં છપાયો છે.

૩. આ કૃતિ અમદાવાદની ફતાસાની પોળની ''જૈન પાઠશાળા'' તરફથી હીરાચંદ કલભાઈ શાહે ઈ.સ. ૧૯૧૮માં પ્રકાશિત કરી છે. આ દેશનાસંગ્રહ ફરીથી છપાવાયો છે. અને આનાં ગુજરાતી તેમજ હિન્દી ભાષાંતર થયાં છે અને એ પ્રસિદ્ધ કરાયાં છે એમ સાંભળવા મળ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(પત્ર ૯૬અ)માં રથનેમિને નેમિનાથના મોટા ભાઈ કહ્યા છે એટલે કે આથી વિપરીત હકીકત રજૂ કરી છે.[૨]

ચાલુ અવસર્પિણીના પાંચમા અને છઠ્ઠા આરામાં અને હવે પછીના ઉત્સર્પિણી કાળમાં બનનારા બનાવો વિષે દસમા પર્વમાં વિસ્તૃત વર્ણન છે. P. ૪૩

ઋષભદેવના **સુ**નંદા અને **સુ**મંગલા સાથેનાં લગ્નની વિધિ પ. ૧, સ.૨, શ્લો. ૮૩૨–૮૭૯માં વર્ણવાઈ છે. શ્લો. ૮૫૫–૮૬૨માં લગ્નનું ગીત અપાયું છે.

ત્રિષષ્ટિ.ને ગ્રંથકારે પોતે 'મહાકાવ્ય' કૂહેલું છે. એ પરિમાણને લઈને અને પર્વ એવા વિભાગ સૂચક નામ વડે **મહાભારત**નું સ્મરણ કરાવે છે.

ત્રિષષ્ટિ.ના દસમા પર્વમાં મહાવીરસ્વામીનું વિસ્તૃત જીવનચરિત્ર આલેખાયું છે. એમાંની કેટલીયે ઘટના **આવસ્સય**નાં નિર્જુક્તિ, ભાસ અને ચુણ્ણિમાં જોવાય છે. કેટલીક ઘટનાઓ **ભાગવત**ના દસમા સ્કંધમાં વાસુદેવ કૃષ્ણને અંગે અપાયેલી બાબતોનું સ્મરણ કરાવે છે. આ હકીકત હું નીચે મુજબ દર્શાવું છું:–

ઘટના	ત્રિષષ્ટિ૦, પર્વ ૧૦	ઘટના	ભાગવત
૧. ગર્ભસંક્રમણ	સર્ગ ૨, પૃ. ૧૬–૧૯	૧. વિષ્ણુના આદેશથી યોગમાયા શક્તિ દ્વારા દેવકીના ગર્ભ	અ. ૨, શ્લો. ૧–૧૩
૨. 'મેરુ'પર્વતનું કંપન	સર્ગ ૨, પૃ. ૧૯	બલદેવનું રોહિણીના ગર્ભમાં સંહરણ	અ. ૨, શ્લો. ૬–૨૩
		દેવકીના ગર્ભનું સંકર્ષણ કરી રોહિણીના ગર્ભમાં પ્રવેશ	અ. ૩, શ્લો. ૪૬–૫૦ પૃ. ૭૯૯
		૨. 'ગોવર્ધન પર્વતનું ઉત્તોલન	અ. ૪૩, શ્લો. ૨૬–૨૭
૩. બાલ–ક્રીડા, સર્પ	સર્ગ ૨, પૃ. ૨૧-૨૨	૩. અઘ અસુરે ધારણ કરેલું સર્પનું રૂપ	અ. ૧૨, શ્લો. ૧૨–૩૫ પૃ. ૮૩૮
૪. બાલ–ક્રીડા, આમલકી કીડા	સર્ગ ૨, પૃ. ૨૧-૨૨	૪. ઘોડાની રમત. બલભદ્રનો ઘોડો બની ઉપાડનાર પલંબ	અ.૨૦, શ્લો. ૧૮–૩૦ પૃ. ૮૬૬ P. ૪૪
૫. શૂલપાણિએ ધારણ કરેલાં હાથી અને સર્પનાં રૂપ	સર્ગ-૩, પૃ. ૩૨-૩૩	૫. કાલેય નાગનું દમન	અ. ૧૬, શ્લો. ૩–૩૦ પૃ. ૮૫૮–૮૫૯
૬. ચંડકૌશિક સર્પને પ્રતિબોધ	સર્ગ ૩, પૃ. ૩૮–૪૦	૬. નંદના પગનું અજગર દ્વારા ગ્રહણ	અ. ૩૪, શ્લો. ૫–૧૫ પૃ. ૯૧૭–૯૧૮
૭. સુદંષ્ટ્રનો ઉપદ્રવ	સર્ગ ૩, પૃ. ૪૧–૪૨	૭. તૃષ્ણાસુરનો વધ	અ.૧૧, શ્લો. ૨૪–૩૦

૨. આને અંગેની ચર્ચા મેં ''નેમિનાથ મોટા કે રથનેમિ'' એ નામના મારા લેખમાં કરી છે. એ લેખ ''આ. પ્ર.'' (પુ. ૫૧, અં. ૪ ને ૫)માં બે કટકે છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઘટના	ત્રિષષ્ટિ૦, પર્વ ૧૦	ઘટના	ભાગવત
૮. વનમાં દાવાનલ	સર્ગ ૩, પૃ. ૫૩	૮. વ્રજમાં આગ અને કૃષ્ણનું અગ્નિપાન	પૃ. ૮૬૬-૮૬૭
૯. [1]કટપૂતનાનો ઉપદ્રવ	સર્ગ ૩, પૃ. ૫૮	૯. પૂતનાનો વધ	અ. ૬, શ્લો. ૧–૯ પૃ. ૮૧૪
૧૦.સંગમે ધારણ કરેલું હાથીનું રૂપ	સર્ગ ૪, પૃ. ૬૭	૧૦. 'કુવલયાપીડ' હાથીનો નાશ	અ. ૪૩, શ્લો. ૧–૨૫ પૃ. ૯૪૭-૯૪૮
૧૧. સંગમે રચેલી સુન્દરીઓનું પ્રલોભન	સર્ગ ૪, પૃ. ૭૨	૧૧. રાસ–ક્રીડા	અ. ૩૦, શ્લો. ૧–૪૦ પૃ. ૯૦૪–૯૦૭

P. ૪૫ આમ જે **ત્રિષષ્ટિ.** અને **ભાગવત**માં ઘટનાઓ રજૂ કરાઈ છે તેના સંક્ષિપ્ત સ્વરૂપ વિષે તેમ જ એ ઘટનાઓ પાછના દૃષ્ટિબિન્દુઓ સંસ્કૃતિમાં ભેદ તેમ જ આ ઘટનાઓની પરીક્ષા વિષે [2]ચાર તીર્થંકર (પૃ. ૫૭–૮૬)માં વિચાર કરાયો છે.

રચનાસમય–ત્રિષષ્ટિની રચના 'કલિ.' **હેમચન્દ્રસૂરિએ કુમારપાલ**ની અભ્યર્થનાથી કરી છે એટલે આ ગ્રંથ એમણે ઉત્તરાવસ્થામાં રચ્યો હોવો જોઈએ. એના સમય તરીકે ડૉ. **બીહ્લરે** (Buhler) વિ. સં. ૧૨૧૬થી ૧૨૨૯નો ગાળો સૂચવ્યો છે.

પૌર્વાપર્ય–ત્રિષષ્ટિ.ની પ્રશસ્તિ (શ્લો. ૧૮)માં કુમારપાલના મુખે નીચે મુજબની વાત રજૂ કરાઈ છે :–

પૂર્વે આપે મારા પૂર્વ જ **સિદ્ધરાજ** નૃપતિની ભક્તિભરી વિજ્ઞપ્તિથી સુંદર વૃત્તિથી સુગમ એવું **સાંગોપાંગ** વ્યાકરણ **સિ.હે.** રચ્યું અને મારે માટે નિર્મળ **યોગશાસ્ત્ર** રચ્યું તેમ જ લોકોને માટે **દ્વ્યાશ્રય** (કાવ્ય), છન્દ (**છન્દોઽનુશાસન**), અલંકૃતિ (**કાવ્યાનુશાસન**) અને નામસંગ્રહ વગેરે રચ્યાં . (હે નાથ !) તમે જાતે જ લોકો ઉપર ઉપકાર કરવાને માટે સજ્જ છો તો પણ મારી એ અભ્યર્થના છે કે મારા જેવાના બોધને માટે ત્રેસઠ શલાકાપુરુષનું વૃત્ત (ચરિત્ર) પ્રકાશો.લ વ

સોમપ્રભસૂરિએ [3]**શતાર્થ–કાવ્ય**ની સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૧૨૪)માં નીચે મુજબનું જે પદ્ય રજૂ કર્યું છે એ દ્વારા જો એમણે 'કલિ.' હેમચન્દ્રસૂરિના કૃતિકલાપનો ક્રમસર ઉલ્લેખ કર્યો હોય P. ૪૬ તો તે પણ આ દિશામાં પ્રકાશ પાડે છે અને એક પ્રકારે એમના સાહિત્યની સમીક્ષાની ગરજ સારે છે :–

૧. જિનસેન બીજાએ રચેલા **હરિવંશપુરાણ** (સર્ગ ૩૫, શ્લો. ૪૨, પૃ. ૩૬૭)માં 'કુપૂતના' નામ છે.

૨. આ પુસ્તક ''જૈન સંસ્કૃતિ સંશોધન મંડલ'' તરફથી બનારસથી ઈ.સ. ૧૯૫૩માં પ્રસિદ્ધ કરાયું છે.

૩. આ કાવ્ય સ્વોપજ્ઞ વૃત્તિ સહિત ''પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથાવલિ''ના ગ્રં. ૨ માં પ્રસિદ્ધ થયું છે. એનું સંપાદન **અમરવિજયજી**ના શિષ્ય **ચતુરવિજયજી**એ કર્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"कलसं व्याकरणं नवं विरचितं छन्दो नवं द्व्याश्रया- लङ्कारौ प्रथितौ नवौ प्रकटितं श्रीयोगशास्त्रं नवम् ।
तर्कः सज्जनितो नवो जिनवरादीनां चरित्रं नवं बद्धं येन न केन केन विधिना मोहः कृतो दूरतः ?।।"

યોગશાસ્ત્રની સ્વોપજ્ઞ વિવૃતિમાં **ત્રિષષ્ટિ.**માંના કેટલાંક પદ્યો જોવાય છે. આથી આ બંને કૃતિઓ સાથે સાથે રચાતી જતી હશે એમ અનુમનાય છે. **પરિશિષ્ટપર્વ**ની પણ સમયની દૃષ્ટિએ આ બે સાથે સમાનતા હોય એમ જણાય છે.

ઉપયોગિતા અને મહત્તા – ત્રિષષ્ટિ.નું રોજના પચાસેક શ્લોક જેટલું એકધારું બે વર્ષ સુધી પરિશીલન કરનાર જોતજોતામાં પી.એચ.ડી (Ph.D.) માટે મહાનિબંધ યોજી આ ગ્રંથની અનેકવિધ મહત્તા ઉપર વેધક પ્રકાશ પાડી શકે એવી બહુમૂલ્ય સામગ્રી આ ગ્રંથમાં ભારોભાર ભરેલી છે. વ્યાકરણ, કોશ, છંદ, અલંકાર, તત્ત્વજ્ઞાન, યોગ, ઇતિહાસ, પુરાણ, સમાજશાસ્ત્ર, અને લોકસાહિત્ય એમ વિવિધ વિષયોનો એકસાથે વિશદ અને સચોટ બોધ કરાવે એવા આવા અન્ય ગ્રંથો જૈન તેમ જ અજૈન સાહિત્યમાં પણ બહુ જ ઓછા છે.

ઉપયોગ – આ ત્રિષષ્ટિ.ને સામે રાખીને **અમરચન્દ્રસૂરિએ** [1]**પદ્માનન્દ–મહાકાવ્ય** રચ્યું છે જ્યારે એના સંક્ષેપરૂપે **મેઘવિજયગણિએ લઘુ–ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** દસ પર્વમાં રચ્યું છે.

[2]**હેમચન્દ્ર–વચનામૃત**–સમગ્ર **ત્રિષષ્ટિ**માંના સાતમા પર્વ સિવાયનાં નવ પર્વમાંથી પર્વદીઠ સુભાષિતો–નીતિવચનો મુનિશ્રી **જયન્તવિજયજી**એ અને સાતમા પર્વમાંથી ન્યાય–સાહિત્ય–તીર્થ મુનિશ્રી P. ૪૭
હિમાંશુવિજયજીએ તારવી પોતપોતાનાં **તા**રણોનો ગુજરાતી અનુવાદ કર્યો છે. એના સંગ્રહનું નામ **હેમચન્દ્ર–વચનામૃત** રખાયું છે. એમાં ૯૧૫ વચનામૃતો છે. એની પર્વદીઠ તથા સર્ગદીઠ સંખ્યા તેમ જ ૧૪૬ વિષયોના નામોલ્લેખપૂર્વકની દેવાદિ કાંડ દીઠ સંખ્યા આમાં દર્શાવાઈ છે.

[**ત્રિશષ્ઠીય દેશનાસંગ્રહ** : આ ઋષભદેવ કેશરીમલ તરફથી પ્રસિદ્ધ છે.

ત્રિશષ્ઠીય જિનેન્દ્ર સ્તવન સંગ્રહ– આ. કનકન્દ્રસૂરિ સંપાદિત "વિશ્વમંગળ પ્ર." પાટણથી પ્રકાશિત આ ગ્રંથમાં **ત્રિશષ્ઠિ.** ગત સ્તવનાદિ છે.]

ગુજરાતી ભાષાન્તર–ત્રિષષ્ટિ.નાં દસે પર્વનું ગુજરાતીમાં કોઈ કે ભાષાન્તર કર્યું છે અને એ [3]ચાર ભાગમાં છપાવાયું છે. પ્રત્યેક ભાગ એક કરતાં વધારે વાર પ્રસિદ્ધ કરાયો છે.

અંગ્રેજી અનુવાદ–આ ત્રિષષ્ટિ.નો ડૉ. હેલન એમ. જોન્સને અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે

---

૧. જુઓ પૃ. ૭.

૨. આ પુસ્તક "શ્રી **વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાલા**"માં એના મંત્રી દીપચંદ બાંઠિયાએ વિ. સં. ૧૯૯૩માં પ્રકાશિત કર્યું છે. આમાં વ્યાવહારિક વિધાનો-વચનામૃતો સુભાષિતો અપાયાં છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૪૫ અને ૨૪૬).

૩. પ્રથમ ભાગમાં પર્વ ૧–૨નું, દ્વિતીયમાં પર્વ ૩–૬નું, તૃતીયમાં પર્વ ૭–૯નું અને ચતુર્થમાં પર્વ ૧૦નું ભાષાન્તર રજૂ કરાયું છે. આ ચાર ભાગો "જૈ. ધ. પ્ર. સ." તરફથી અનુક્રમે વિ. સં. ૧૯૭૯ (ત્રીજી આવૃત્તિ), વિ. સં. ૧૯૬૩ (બીજી આવૃત્તિ), વિ. સં. ૧૯૬૪ (બીજી આવૃત્તિ) અને વિ. સં. ૧૯૬૦ (પહેલી આવૃત્તિ) માં છપાવાયા છે. [આ ઉપરાંત "જૈનપ્રકાશન મંદિર" વ. ધ્વારા પણ **ત્રિ.**ભાષાંતર પ્રગટ થયા છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એટલું જ નહિ પરંતુ અંગ્રેજીમાં ટિપ્પણો આપીને અને પરિશિષ્ટાદિ રચીને એને ઘણો ઉપયોગી અને મહત્ત્વપૂર્ણ બનાવ્યો છે. એમનું સમસ્ત લખાણ [૧]છ વિભાગમાં ઈ. સ. ૧૯૩૧થી ઈ. સ. ૧૯૬૨ના ગાળામાં પ્રસિદ્ધ કરાયું છે. પ્રથમ [૨]વિભાગ સચિત્ર છે. છ યે વિભાગમાં નામો અને વિષયોની સૂચી, સંસ્કૃત ભાષાના વિરલ શબ્દો ઇત્યાદિ સામગ્રી પિરસાઈ છે.

P. ૪૮ **સુયોગ અને સહયોગ** – સમર્થ નૃપતિનો આશ્રય મળે એટલે સમુચિત સાધનો મળી રહે અને તેમ થતાં તો પ્રતિભાશાળી કવિ સબળ રચના કરી શકે તો પછી બબ્બે નરપતિ જેમને પૂજ્ય ગણી જેમના જાણે આશ્રિત બને અને જેમના પ્રતિભાસંપન્ન શિષ્યો જેમને સહાય કરવા સદા ઉત્સુક રહે અને તેમ કરે તેમ જ પ્રબળ પુરોગામીઓ તરફથી મહામૂલ્યશાળી વારસો મેળવવાનું જેમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હોય તેવા પુણ્યપ્રતાપી ગુણગ્રાહી સૂરિવર્યને હાથે લોકના કલ્યાણાર્થે સાહિત્યનું ક્ષેત્ર ચારે બાજુથી બરાબર ઊંડું ખેડાય તો તેમાં શી નવાઈ ?[૩]

[૪]**ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** (પર્વ ૭) – આ ગદ્યાત્મક કૃતિના કર્તા પણ 'કલિ.'**હેમચન્દ્રસૂરિ** છે.

ત્રિષષ્ટિસાર (લ. વિ. સં. ૧૪૫૦) – આ **વજ્રસેને** રચેલો પ્રબંધ છે એમ એમના શિષ્ય **હરિષેણકૃત કર્પૂરપ્રકર**ના અંતિમ પદ્ય ઉપરથી જાણી શકાય છે. આની એકે હાથપોથી મળતી હોય એમ જણાતું નથી. આ પરિસ્થિતિમાં પ્રસ્તુત પ્રબંધ હૈમ **ત્રિષષ્ટિ**ના સારરૂપ છે કે કેમ, એ સંસ્કૃતમાં છે કે પાઇયમાં અને એ બૃહત્ કૃતિ છે કે નહિ એ પ્રશ્નોના ઉત્તર મેળવવા બાકી રહે છે.

લઘુ–ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર (લ. વિ. સં. ૧૭૨૫) – આ ૫૦૦૦ શ્લોક જેવડા કાવ્યના કર્તા [૫]**મેઘવિજયગણિ** છે. એઓ **કૃપાવિજયના** શિષ્ય થાય છે. [આ **પ્રદ્યુમ્નસૂરિ** સંપાદિત આ ગ્રંથનું પ્રકાશન ''શ્રુતજ્ઞાન પ્ર. સભાએ'' સં. ૨૦૪૯માં કર્યું છે. આમાં કેટલીક ઘટનાઓ **ત્રિ.**શ.પુ.થી વધારે છે.] એમણે વ્યાકરણને અંગે પ્રક્રિયા–ગ્રન્થો તરીકે [૬]**હૈમકૌમુદી** યાને **ચન્દ્રપ્રભા, હૈમ**શબ્દચન્દ્રિકા અને **હૈમ**શબ્દપ્રક્રિયા એ ત્રણ કૃતિઓ રચી છે. જ્યોતિષના ગ્રંથો તરીકે [૧]**ઉદયદીપિકા**, [૨]**પ્રશ્નસુન્દરી**,

૧. આ વિભાગોમાં અનુક્રમે પર્વ ૧, ૨–૩, ૪–૫, ૬–૭, ૮–૯ અને ૧૦નો અનુવાદ અપાયો છે. આ છ યે વિભાગો ''ગા. પૌ. ગ્રં.''ના ગ્રંથાંક ૫૧, ૭૭, ૧૦૮, ૧૨૫, ૧૩૯ અને ૧૪૦ તરીકે અનુક્રમે ઈ. સ. ૧૯૩૧, ૧૯૩૭, ૧૯૪૯, ૧૯૫૪, ૧૯૬૨ અને ૧૯૬૨માં પ્રકાશિત કરાયા છે.

૨. આમાં **ઋ**ષભદેવની પ્રતિકૃતિ, મનુષ્યલોકનું અઢી દ્વીપનું આલેખન તેમ જ ૨૪ તીર્થંકરોનાં લાંછનો, તીર્થંકરોની માતાઓને આવતાં ૧૪ સ્વપ્નો અને ૮ મંગળનાં ચિત્રો છે. આમ આમાં એકંદર પાંચ 'પ્લેઇટ' (plate) છે.

૩. 'કવિ' **હેમ**ચન્દ્રસૂરિના સભા-સ્થાનનું જે રોમાંચક વર્ણન **પ્ર. ચ.** (શૃંગ ૨૨, શ્લો. ૨૯૨–૨૯૪)માં અપાયું છે તે અહીં વિચારી લેવું.

૪. આ ''ક્ષાન્તિસૂરિ જૈન ગ્રન્થમાલા''માં વિ. સ. ૧૯૯૬માં પ્રકાશિત છે. [આ. **શુભંકર**સૂરિએ સંકલન કર્યું જણાય છે.]

૫. એમની અન્ય કૃતિઓ માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૮૩, ૨૦૧, ૨૧૪, ૨૧૬, ૨૧૯, ૨૨૩ અને ૨૩૪)

૬. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૮૩–૮૪)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[3]**મેઘમહોદય**, [4]**રમલશાસ્ત્ર**, **વીસા**યન્ત્રવિધિ અને સવિવરણ [5]**હસ્તસંજીવન** રચ્યાં છે. એમણે [6]કાવ્ય P. ૪૯
તરીકે **દિ**ગ્વિજયમહાકાવ્ય, **દે**વાનન્દમહાકાવ્ય, **કિ**રાત–સમસ્યાપૂર્તિ, **સમ**સન્ધાનમહાકાવ્ય, **શાન્તિનાથચરિત્ર**, **પંચાખ્યાન**, **ભવિષ્યદત્તકથા** અને **મે**ઘદૂત-સમસ્યાલેખ રચ્યાં છે. વળી એમણે **વિ**જયદેવમાહાત્મ્ય ઉપર વિવરણ રચ્યું છે. વિશેષમાં એમણે [7]ન્યાયગ્રન્થો તરીકે **ધર્મમંજૂષા** અને **યુક્તિપ્રબોધનાટક** તથા [8]અધ્યાત્મના ગ્રંથ તરીકે **અ**ર્હદ્ગીતા, **બ્રહ્મબોધ** અને **માતૃકાપ્રસાદ** રચ્યાં છે. આ ઉપરાંત પંચતીર્થસ્તુતિ સટીક તેમ જ ભક્તામરસ્તોત્રની ટીકા રચી છે.[9]

[10]**ભાષાન્તર**—આનો પં. **મ**ફતલાલ ઝવેરચંદ ગાંધીએ અનુવાદ કર્યો છે અને એ છપાવાયો છે. જુઓ આ જ પૃષ્ઠ.

[11]**અમમસ્વામિ–ચરિત્ર** (વિ. સં. ૧૨૫૨) – આના કર્તા **મુ**નિરત્નસૂરિ છે. એઓ 'પૌર્ણમિક' ગચ્છના **સ**મુદ્રઘોષસૂરિના શિષ્ય થાય છે. એમણે [12]**મુનિસુવ્રતસ્વામિચરિત્ર** રચ્યું છે. એમણે **ય**શોધવલના P. ૫૦
પુત્ર 'બાલ–કવિ' મંત્રી જગદેવની અભ્યર્થનાથી પ્રસ્તુત કૃતિ પત્તનમાં રચી છે. એ દ્વારા એમણે નવમા (અંતિમ) વાસુદેવ **કૃ**ષ્ણનો—હવે પછી આવતી ચોવીસીમાં બારમા તીર્થંકર નામે **અમમ** તરીકે જેમનો જન્મ થવાનો છે તેમને ઉદ્દેશીને છ ભવ પૂરતું જીવનચરિત્ર ૯૬૬૨ શ્લોકમાં વીસ સર્ગમાં આલેખ્યું છે. સર્ગદીઠ પદ્યોની સંખ્યા નીચે મુજબ છે :–

૫૦૯, ૫૪૯, ૮૮૨, ૩૯૬, ૯૯૮, ૧૬૧૮, ૭૯૬, ૨૬૦, ૭૦૩, ૪૩૫, ૨૨૫, ૪૨૫, ૨૦૫, ૧૮૮, ૧૩૧, ૨૧૪, ૨૬૫, ૫૭૮, ૧૧૨ અને ૧૭૩,

પહેલા ભવમાં કુલપુત્રક તરીકે બે ભાઈ **ચ**ન્દ્ર અને **શૂ**ર, બીજામાં વણિકના બે પુત્ર **રા**જલલિત અને **ગં**ગદત્ત તરીકે, ત્રીજામાં બે દેવ તરીકે, ચોથામાં **રામ** અને **કૃ**ષ્ણ તરીકે, પાંચમા ભવમાં દેવ અને નારક (ત્રીજી નરકમાં) તરીકે અને છઠ્ઠા ભવમાં એ નારકનો જીવ રાજકુળમાં જન્મી **અમમ** તીર્થંકર તરીકે ઉત્પન્ન થશે.

૧–૪. આની રૂપરેખા મેં. **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧)નાં પૃ. ૨૨૩, ૨૨૩, ૨૨૪–૨૨૬ અને ૨૧૯–૨૨૦માં અનુક્રમે આલેખી છે.

૫. આનો પરિચય મેં **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૧૪–૨૧૬)માં આપ્યો છે.

૬–૮. આનો પરિચય આગળ અપાયો છે.

૯. એમણે ગુજરાતીમાં પણ કેટલીક કૃતિઓ રચી છે. દા.ત. **આ**હાર ગવેષણા, **કૃ**પાવિજયનિર્વાણરાસ, **ચો**વીસી, **જૈ**નધર્મદીપક, **જૈ**નશાસનદીપક, **પા**ર્શ્વનાથસ્તોત્ર તેમજ **વિ**જયદેવસૂરિનિર્વાણ રાસ.

૧૦. આ ભાષાન્તર છોટાલાલ મોહનલાલ શાહે વિ. સં. ૨૦૦૫માં પ્રસિદ્ધ કર્યું છે.

૧૧. આ ચરિત્ર ''પં. મણિવિજયજી ગણિવર ગ્રંથમાલા''માં બે ભાગમાં ગ્રંથાંક ૮ અને ૯ તરીકે અનુક્રમે વિ. સં. ૧૯૯૮ અને ૧૯૯૯માં છપાયું છે અને એ માટે ખંભાતની એક તાડપત્રીય પ્રતિનો ઉપયોગ કરાયો છે. પ્રથમ ભાગમાં સર્ગ ૧–૬ છે અને બીજામાં સર્ગ ૭–૨૦ છે.

૧૨. જુઓ પૃ. ૨૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રારંભમાં એમણે ક્ષમાશ્રમણ **જિનભદ્રગણિ**, વાચક **ઉમાસ્વાતિ**, **સિદ્ધસેન** દિવાકર, મહત્તરા યાકિનીના ધર્મપુત્ર **હરિભદ્રસૂરિ**, **ઉપમિતિ**.ના કર્તા **સિદ્ધર્ષિ**, **પાલિત્ત** (પાદલિપ્ત)સૂરિ, **માનતુંગસૂરિ**, **દેવભદ્રસૂરિ**, 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**, **દર્શનશુદ્ધિ**ના કર્તા **ચન્દ્રપ્રભ** અને **શોભન** મુનિના બંધુ **ધનપાલ** એમ જૈન શાસનના કેટલાક અગ્રગણ્ય ગ્રન્થકારોનો નિર્દેશ કર્યો છે. અંતમાં એમણે પોતાની ગુરુપરંપરા વગેરે ઉપર પ્રકાશ પાડનારી પ્રશસ્તિ રચી છે.

આ કાવ્યમાં 'હરિ' વંશની ઉત્પત્તિ, **મુનિસુવ્રતસ્વામી**નો પૂર્વભવ, **વસુદેવ**, **નેમિનાથ** અને
P. ૫૧ **નળ**નાં ચરિત્ર, **નારદ** તેમ જ [1]અથર્વવેદના કર્તા **પિપ્પલાદ**ની ઉત્પત્તિ, અમમસ્વામીના સમકાલીન **સુન્દરબાહુ** નામના વાસુદેવનું અને **વજ્રજંઘ** નામના પ્રતિવાસુદેવનું ચરિત્ર, અમમસ્વામીનો શિષ્યાદિરૂપ પરિવાર ઇત્યાદિ વિષયો તેમ જ વિવિધ કથાઓનું નિરૂપણ છે.

અહીં જે **કૃષ્ણ**નું ચરિત્ર આલેખાયું છે તેઓ જૈન પરંપરા પ્રમાણે નેમિનાથના કાકા **વસુદેવ**ના પુત્ર થાય છે. આમ કૃષ્ણ એમના કાકાના દીકરા થાય છે તેમ છતાં પુરાણોમાં નેમિનાથનો વૃત્તાંત તો શું પણ એમનો નામોલ્લેખ પણ નથી.[2] આનું શું કારણ હશે ? આનો ઉત્તર ડૉ. **સાંડેસરા**એ નીચે મુજબ આપ્યો છે :–

'પુરાણકારોએ શ્રી**કૃષ્ણ**ના ચરિત્રની આસપાસ યાદવકુળનો ઇતિહાસ ગૂંથવા માટે **નેમિનાથ**ના જીવનવૃત્તાન્તને જાણીજોઈને પડતો મૂક્યો હશે એવી કલ્પના થાય છે.''[3]

[આ. વિમલસૂરિકૃત **લઘુત્રિષષ્ટિશલાકા પુ. ચ.** ગદ્ય આનું સંપાદન આ. સોમચન્દ્રસૂરિના માર્ગદર્શનમાં મુનિ જિનેશચન્દ્રવિજય કરી રહ્યા છે.]

[**જિનરત્નકોશ**માં કેટલીક કૃતિઓના નામ આ પ્રમાણે મળે છે. **લઘુમહાપુરાણ** કર્તા **ચન્દ્રમુનિ**, **ત્રિશષ્ઠિ શ.પુ.ચ.** કર્તા **વિમલસૂરિ**, **ત્રિશષ્ઠિ શ. પંચાશિકા**, **ત્રિ.શ.પુ.વિચાર**. વિશેષ માટે જુઓ **જૈ.સા.બૃ.** ૬/૭૯]

[**ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત**– કર્તા આ. ગુણસાગરસૂરિ (અંચલ.) સંપા. મુનિ ઉદયરત્નસાગર. પ્રકા. કલ્યાણસાગરસૂરિગ્રંથ પ્રકાશન કેન્દ્ર-મુંબઈ]

વિવિધમચ્છીયપટ્ટાવલીસંગ્રહ, સંપા૦-મુનિ જિનવિજય સિંધી જૈન ગ્રન્થમાલા, ભારતીય વિદ્યા ભવન, મુંબઈ 1931 ઈ૦.

શ્રીપ્રશસ્તિસંગ્રહ, સંપા૦-અમૃતલાલ મગનલાલ શાહ, પ્રકા૦-શ્રી દેશવિરતિધર્મોરાજકસમાજ અહમદાબાદ વિ૦ સં૦ 1993



૧. જુઓ. **અમમસ્વામિચરિત્ર** (ભા. ૧, પત્ર ૧૮૭).
૨. જુઓ **જૈન આગમસાહિત્યમાં ગુજરાત**નું પ્રાસ્તાવિક (પૃ. ૩૦).
૩. એજન (પૃ. ૩૧).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકરણ ૨૦ : શ્રવ્ય કાવ્યો (આ) બૃહત્ પદ્યાત્મક કાવ્યો : પુરાણો

P. ૫૨

વૈદિક હિંદુઓના સાહિત્યમાં ૧૮ [૧]પુરાણો અને કેટલાંક [૨]ઉપપુરાણો ગણાવાય છે. જૈનોએ– ખાસ કરીને દિગંબરોએ પણ મહાપુરુષોનાં જીવનચરિત્રને લક્ષીને કેટલાંક પુરાણ રચ્યાં છે. આનો હવે આપણે ક્રમશઃ વિચાર કરીશું.

[૩]**પદ્મપુરાણ** યાને **પદ્મચરિત્ર** (વિ. સં. ૭૩૪)– 'પદ્મ' એ [૪]**રામ**ચન્દ્રનું એક નામ છે. એમનું ચરિત્ર આ પુરાણમાં સાત અધિકારમાં ૧૨૩ પર્વોમાં લગભગ ૧૮૦૦૦ શ્લોકોમાં દિ. રવિષેણે વીરસંવત્ ૧૨૦૪માં અર્થાત્ વિ. સં. ૭૩૪માં આલેખ્યું છે. આ **ર**વિષેણ **લક્ષ્મણસેન**ના શિષ્ય અને [૫]**અર્હન્મુ**નિના પ્રશિષ્ય થાય છે. આ પુરાણ માટે એમણે વીરસંવત્ ૫૩૦ માં **વિમલસૂરિ**એ જ. મ. માં P. ૫૩ રચેલા **પઉમચરિયનો** પુષ્કળ ઉપયોગ કર્યો છે. કેટલાંય યે સ્થળોમાં તો કેવળ છાયાનુવાદ જણાય છે. કોઈ કોઈ સ્થળે એમણે વર્ણનો–પ્રસંગો પલ્લવિત કર્યાં છે.[૬] રવિષેણે તો એમ કહ્યું છે કે **ઈ**ન્દ્રભૂતિના શિષ્ય **કી**ર્તિના શિષ્ય **અ**નુત્તરવાગ્મિન્ દ્વારા રચાયેલા આ જાતના ગ્રંથની [૭]હાથપોથી ઉપરથી આ પુરાણ મેં રચ્યું છે. ગમે તેમ પણ જેમ **પઉમચરિય** એ ઉપલબ્ધ જૈન પાઇય કથાસાહિત્યનો જ. મ. માં રચાયેલો આદ્ય ગ્રંથ છે તેમ જૈનોના ઉપલબ્ધ સંસ્કૃત કથાસાહિત્યનો આદ્યગ્રંથ તે આ [૮]રવિષેણનું [૯]**પદ્મપુરાણ** છે. **હરિવંશપુરાણ** (શ્લો. ૪૧)માં નિર્દેશાયેલું **વર્ધમાન–પુરાણ** સંસ્કૃતમાં હોય તો પણ

૧–૨. આનાં નામ પં. **ફૂલ**ચંદ્ર શાસ્ત્રીએ ''જૈન પુરાણ સાહિત્ય'' નામના હિંદી લેખમાં આપ્યાં છે. આ લેખ ''શ્રમણ'' (સાહિત્ય–અંક, પ્રથમ ભાગ, મે-જૂન, ઈ. સ. ૧૯૫૩)માં છપાયો છે.

૩. આ ''મા. દિ. ગ્રં.''માં ગ્રંથાંક ૨૯–૩૧ તરીકે વિ. સં. ૧૯૮૫માં એક જ વર્ષમાં છપાયુ છે. આમ આ પુરાણ ત્રણ ખંડમાં વિભક્ત કરાયું છે પહેલામાં ૧–૨૫ પર્વ, બીજામાં ૨૬–૬૫ અને ત્રીજામાં ૬૬–૧૨૩ છે. આ પુરાણનો હિંદીમાં અનુવાદ છપાયેલો છે. આ પુરાણને અંગે પં. **નાથૂ**રામ પ્રેમીનો ''पद्मचरित्र और पउमचरिय'' નામનો લેખ **જૈ. સા. ઈ.** (પૃ. ૨૭૨–૨૯૨)માં છપાયો છે. [હિન્દી અનુવાદ સાથે ''ભારતીયજ્ઞાનપીઠ'' વારાણસીથી સ. ૧૯૫૮-૯માં પ્રસિદ્ધ થયેલ છે.]

૪. એમના ચરિત્રને અંગે વિવિધ સામગ્રી સુરેખ રીતે રજૂ કરનારું પુસ્તક તે રેવરંડ ફાદર કામિલ **બુ**લ્કે દ્વારા હિંદીમાં રચાયેલી અને ''હિંદી પરિષદ વિશ્વવિદ્યાલય'' તરફથી પ્રયાગથી ઈ. સ. ૧૯૫૦માં પ્રકાશિત થયેલી ''રામકથા (उत्पति और विकास)'' છે.

૫. એમના ગુરુનું નામ **દિ**વાકરમતિ છે અને પ્રગરુનું નામ **ઇ**ન્દ્ર છે.

૬ **અં**જના અને **પ**વનંજયના સમાગમના પ્રસંગને પલ્લવિત કરવા જતાં એઓ અશ્લીલતાને કિનારે પહોંચી ગયા છે.

૭. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૩૩).

૮. ''જૈ. સિ. ભા.'' (ભા. ૧૯, કિ. ૨) માં એવો ઉલ્લેખ છે કે **ર**વિષેણે શુક્લ લેશ્યાને નિમ્નલિખિત પંક્તિમાં 'ત્રિશૂલ' કહી છે :– ''शुक्ललेश्यात्रिशूलेन मोहनीयरिपुर्हतः''

૯. આના ૧૭મા પર્વ (શ્લો. ૩૬૪–૩૭૬)માં હનુમાનની જન્મકુંડળીને અંગેની સામગ્રી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ આ **પદ્મપુરાણ**થી પ્રાચીન જ છે એમ કહેવા માટે કોઈ આધાર જણાતો નથી. જટાસિંહનંદિકૃત **વરાંગ–ચરિત** વિ. સં. ૭૫૦ની આસપાસમાં રચાયું હોય એમ લાગે છે. તેમ છતાં જો એ વિ. સં. ૭૩૪ની પહેલાનું ઠરે તો એ પ્રથમ ગણાય.

પ્રશંસા – દાક્ષિણ્યચિહ્નસૂરિએ ઉર્ફે **ઉદ્દ્યોતનસૂરિએ** વિ. સં. ૮૩૫માં જ. મ. માં રચેલી **કુવલયમાલા**માં અને [૧]'પુન્નાટ' સંઘના દિ. **જિનસેનસૂરિએ** વિ. સં. ૮૪૦માં રચેલા **હરિવંશપુરાણ**માં આ પુરાણની પ્રશંસા કરી છે.

P. ૫૪ **ટિપ્પન**–આ ટિપ્પન **શ્રીચન્દ્રસૂરિએ** વિ. સં. ૧૦૮૭માં રચ્યું છે.[૨]

સમાનનામક પુરાણો–પદ્મપુરાણ એ નામની બીજી પણ કૃતિઓ છે. એના કર્તાનાં નામ નીચે મુજબ છે :–

ચન્દ્રકીર્તિ, ચન્દ્રસાગર, જિનદાસ, ધર્મકીર્તિ, શ્રીચન્દ્ર અને **સોમસેન**. [**પદ્મનાભ, પ્રભાચન્દ્ર**, અથવા શ્રીચન્દ્ર, **શુભવર્ધન**. **શુભવર્ધનકૃત પદ્મમહાકાવ્ય** હીરાલાલ હંસરાજ દ્વારા ઈ.સ. ૧૯૧૭માં પ્રસિદ્ધ થયેલ છે.]

આ પૈકી **જિનદાસ** એ **સકલકીર્તિ**ના શિષ્ય થાય છે. એમના આ પુરાણને **રામદેવપુરાણ** પણ કહે છે અને એઓ **રવિષેણ**ને અનુસરે છે. **મહાપુરાણ** (ભા. ૧)ની હિંદી પ્રસ્તાવના (પૃ. ૨૦–૨૧)માં પુરાણોની જે સૂચી છે તેમાં બ્રહ્મ **જિનદાસ**ને **પદ્મપુરાણ**ના કર્તા કહ્યા છે અને એમનો સમય **વિક્રમ**ની પંદરમી–સોળમી સદી હોવાનો ઉલ્લેખ છે. **ધર્મકીર્તિકૃત પદ્મપુરાણ** વિ. સં. ૧૬૫૬માં રચાયાનું અહીં કહ્યું છે. **ચન્દ્રકીર્તિ**નો સમય સત્તરમી સદી દર્શાવાયો છે.

[૩]**વાગર્થસંગ્રહ–પુરાણ** (લ. વિ. સં. ૭૭૦)– આના કર્તા કવિ **પરમેશ્વર** ઉર્ફે **પરમેષ્ઠી** છે. **જિનસેન** પહેલાએ **આદિપુરાણ** (શ્લો. ૬૦)માં એમને વિષે તેમ જ એમના આ પુરાણ વિષે ઉલ્લેખ કર્યો છે એટલે આ પુરાણ **વિક્રમ**ની નવમી સદીની પૂર્વેનું ગણાય. આ પુરાણ ગદ્ય–પદ્યમાં છે. કેટલાક એને 'ચંપૂ' તરીકે ઓળખાવે છે.

[૪]**વર્ધમાન–પુરાણ** (લ. વિ. સં. ૭૭૫)– **જિનસેન** બીજાએ રચેલા **હરિવંશપુરાણ**ના શ્લો.,
P. ૫૫ ૪૧માં કોઈકે રચેલા **વર્ધમાન–પુરાણ**નો ઉલ્લેખ છે. શું આ પુરાણ સંસ્કૃતમાં છે અને એ **પદ્મપુરાણ** કરતાં પહેલું રચાયું છે ? વળી આ **વર્ધમાન–પુરાણ**ની કોઈ હાથપોથી મળે છે ખરી ?

---

૧. આ કર્ણાટકનું પ્રાચીન નામ છે એમ મનાય છે.

૨. જુઓ ''અનેકાંત (વ. ૨, પૃ. ૫૮).

૩. આ નામનો પ્રારંભિક અંશ **રઘુવંશ** (સ. ૧)ના નિમ્નલિખિત પદ્યનું સ્મરણ કરાવે છે :–
''વાગર્થાવિવ સમ્પૃક્તૌ વાગર્થપ્રતિપત્તયે । જગતઃ પિતરૌ વન્દે પાર્વતી–પરમેશ્વરૌ ॥૧॥''
'પાર્વતી–પરમેશ્વરૌ' તેમજ 'પાર્વતીપ–રમેસ્વરૌ' એમ બે રીતે અર્થ કરાય છે.

૪. **મહાવીરપુરાણ** નામની કૃતિઓ આગળ ઉપર નોંધાઈ છે. જુઓ પૃ. ૬૦.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**હરિવંશ–પુરાણ** (વિ. સં. ૮૪૦) – આ 'પુન્નાટ' સંઘના **જિનસેન** બીજાની શકસંવત્ [2]૭૦૫ની અર્થાત્ વિ. સં. ૮૪૦ની ૬૬ સર્ગમાં ૧૨૦૦૦ શ્લોકમાં અને મુખ્યતયા 'અનુષ્ટુભ્' છંદમાં રચાયેલી કૃતિ છે. પ્રસ્તુત **જિનસેન** તે [3]**કીર્તિસેન**ના શિષ્ય અને **જિનસેન**ના પ્રશિષ્ય થાય છે.

ઉલ્લેખો–આ વર્ધમાનપુર (વઢવાણ)માં રચાયેલા પુરાણ (સર્ગ ૧, શ્લો. ૪૦)માં **પાર્શ્વાભ્યુદય** અને એના કર્તા **જિનસેન**નો ઉલ્લેખ છે. વળી **રવિષેણકૃત** [4]**પદ્મપુરાણ** (શ્લો. ૩૪), **જટાસિંહનંદિકૃતવરાંગચરિત** (શ્લો. ૩૫) તેમ જ **મહાસેન**કૃત **સુલોચના–કથા** (શ્લો. ૩૩) [5]વગેરેનો પણ આ કૃતિમાં ઉલ્લેખ છે.

સન્તુલન– જેમ **કૃષ્ણ**ના જીવનના અનેક પ્રસંગો વૈદિક પુરાણો પૈકી મુખ્યતયા **હરિવંશ–પુરાણ, વિષ્ણુ–પુરાણ, પદ્મ–પુરાણ, બ્રહ્મવૈવર્ત–પુરાણ** અને **ભાગવત**માં વર્ણવાયા છે તેમ **કૃષ્ણ**ને લગતી કેટલીક ઘટનાઓ આ જિનસેનકૃત **હરિવંશપુરાણ**માં પણ છે પરંતુ એ **ભાગવત** વગેરેથી P. ૫૬
નિમ્નલિખિત [6]આઠ બાબતમાં જુદી પડે છે.

(૧) **ભાગવત** (સ્કંધ ૧૦, અ. ૨, શ્લો. ૬–૨૩, પૃ. ૭૯૯)માં **બલભદ્ર**ના સંહરણની વાત છે તો આ જિનસેનકૃત **હરિવંશપુરાણ**માં નથી.

(૨) **ભાગવત** (સ્કંધ ૧૦, અ. ૨, શ્લો. ૫)માં **બલભદ્ર** કરતાં પહેલાં જન્મેલા **દેવકી**નાં છ સજીવ બાળકોને **કંસ** મારી નાંખે છે એમ કહ્યું છે[7] જ્યારે આ **હરિવંશપુરાણ** (સર્ગ ૩૫, શ્લો. ૧–૩૫, પૃ. ૩૬૩–૩૬૪) પ્રમાણે તેમ જ હૈમ **ત્રિષષ્ટિ.** (પર્વ ૮, સર્ગ ૫, શ્લો. ૯૧–૯૭) પ્રમાણે પણ દેવકીના એ છ પુત્રોને એક દેવ અન્ય શહેરના એક કુટુંબમાં મૂકી આવે છે અને એ કુટુંબની એક સ્ત્રીના મરેલાં જન્મેલાં છ બાળકોને દેવકીની પાસે મૂકી જાય છે. પછી **કંસ** એ મૃત બાળકોને મારી નાંખે છે. જ્યારે પેલા છ પુત્રો તો આગળ ઉપર **નેમિનાથ** પાસે દીક્ષા લે છે.

(૩) **યશોદા**ની તત્કાલ જન્મેલી પુત્રીને **દેવકી**ની પાસે લવાતાં **કંસ** એનું નાક ચપટું કરી એને છોડી મુકે છે[8] જ્યારે **ભાગવત** (સ્કંધ ૧૦, અ. ૪, શ્લો. ૨–૧૦, પૃ. ૮૦૯) પ્રમાણે **કંસ** એને પટકે છે પરંતુ એ યોગમાયા હોવાથી છટકી જાય છે અને **કાલી–દુર્ગા** ઇત્યાદિ શક્તિરૂપે પુજાય છે. જિનસેન

---

૧. આ "મા. દિ. ગ્રં"માં ગ્રંથાંક ૨-૩૩ તરીકે ઈ. સ. ૧૯૩૦માં [અને "ભારતીયજ્ઞાનપીઠથી" ૧૯૬૨માં] છપાયું છે. શ્રીનાથૂરામ પ્રેમીનો "આચાર્ય જિનસેન ઔર ઉનકા હરિવંશ" નામનો લેખ **જૈ. સા. ઈ.** (પૃ. ૪૨૦–૪૩૩)માં પ્રસિદ્ધ થયો છે.

૨. જિનસેનનું **આદિપુરાણ** આ પછી રચાયું છે.

૩. એમના ભાઈ **અમિતસેન** સો વર્ષ જીવ્યા હતા.

૪. જુઓ પૃ. ૫૨–૫૩.

૫. શ્લો ૪૧માં કોઈકે રચેલા **વર્ધમાનપુરાણ**નો ઉલ્લેખ છે. શું એ સંસ્કૃતમાં છે ? એની કોઈ હાથપોથી મળે છે ?

૬. આ આઠ બાબતો ચાર તીર્થંકર (પૃ. ૮૦–૮૪)માં અપાઈ છે. એના આધારે હું એ હકીકત અહીં રજૂ કરું છું.

૭. **વસુદેવહિણ્ડી** (પ્રથમ અંશ, પૃ. ૩૬૮–૩૬૯)માં પણ કહ્યું છે કે **દેવકી**નાં છ પુત્રોને **કંસ** મારી નાંખે છે.

૮. **વસુદેવહિણ્ડી** (પ્રથમ અંશ, પૃ. ૩૬૯) પ્રમાણે નાક કાપી લઈ છોડી દેવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હરિવંશપુરાણ (સર્ગ ૩૯, શ્લો. ૧–૫૧, પૃ. ૪૫૮–૪૬૧)માં એમ કહે છે કે આગળ ઉપર **યશોદા**ની એ પુત્રી જૈન સાધ્વી બને છે અને સદ્‌ગતિ પામે છે પરંતુ એની આંગળીના લોહીથી ભરેલા ત્રણ
P. ૫૭ કટકાને લઈને એ ત્રિશૂલ ધારણ કરનારી કાલી તરીકે 'વિન્ધ્યાચલ'માં પ્રતિષ્ઠા પામે છે. એની સમક્ષ જે ભેંસોનો વધ કરાય છે તેને અંગે **જિનસેને** કડક પ્રહાર કર્યા છે.

(૪) **કૃષ્ણ**ને મારવા માટે મોકલેલા અસુરોને મોટે ભાગે કૃષ્ણ અને કોઈકને **બલભદ્ર** મારી નાંખે છે એમ **ભાગવત** (સ્કંધ ૧૦, અ૦ ૫–૮, પૃ. ૮૧૪)માં ઉલ્લેખ છે જ્યારે જિનસેનના આ **હરિવંશપુરાણ** (સર્ગ ૩૫, શ્લો. ૩૫–૫૦, પૃ. ૩૬૬–૩૬૭) પ્રમાણે એ અસુરો તે કંસે પૂર્વ જન્મમાં સાધેલી દેવીઓ છે અને એને કૃષ્ણ મારી ન નાંખતાં એનો પરાજય કરી એને નસાડી મૂકે છે.[૧]

(૫) **ભાગવત** (સ્કંધ ૧, અ. ૩, શ્લો. ૧–૨૪, પૃ. ૧૦–૧૧) પ્રમાણે **નૃસિંહ** એ **વિષ્ણુ**નો એક અવતાર છે. **કૃષ્ણ** અને **બલદેવ** એ બંને **વિષ્ણુ**ના અંશ છે અને એથી તો એ બંને સદા મુક્ત છે અને વિષ્ણુના ધામ–સ્વર્ગમાં વિદ્યમાન છે. આ **હરિવંશપુરાણ** (સર્ગ ૩૫, શ્લો. ૧–૫૫, પૃ. ૬૧૮–૬૨૫) પ્રમાણે બલભદ્ર એ નૃસિંહ છે અને કૃષ્ણ આગળ ઉપર તીર્થંકર થનાર છે પરંતુ યુદ્ધ કર્યું હોવાથી એના ફળરૂપે અત્યારે તો એઓ નરકમાં છે. જ્યારે બલભદ્રે જૈન દીક્ષા લીધી હોવાથી એઓ સ્વર્ગમાં ઉત્પન્ન થયા છે.

વિશેષમાં આ પુરાણમાં કૃષ્ણ અને બલભદ્રની સાર્વત્રિક પૂજા કેમ થઈ એ બાબત વર્ણવાઈ છે. એની અંગેની યુક્તિ કૃષ્ણે નરકમાં રહેતાં રહેતાં બલભદ્રને બતાવી હતી એમ અહીં કહ્યું છે.

(૬) **હરિવંશપુરાણ** (સર્ગ ૫૪, શ્લો. ૧૨–૨૫) પ્રમાણે **દ્રૌપદી**ને એક જ પતિ હતો અને
P. ૫૮ તે અર્જુન. **નાયાધમ્મકહા** (અ. ૧૬) પ્રમાણે તો **દ્રૌપદી**ને પાંચે **પાંડવો** એના પતિ હતા. **મહાભારત** પ્રમાણે પણ દ્રૌપદીને પાંચ પતિ હતા.

(૭) **હરિવંશપુરાણ** (સર્ગ ૩૫, શ્લો. ૬૫–૬૬, પૃ. ૩૬૯) પ્રમાણે **કૃષ્ણ** રાસ રમે છે અને ગોપીઓ સાથે ક્રીડા કરે છે પરંતુ એ તેમના હાવભાવમાં મુગ્ધ ન બનતાં અલિપ્ત બ્રહ્મચારી રહે છે જ્યારે **પદ્મપુરાણ** (અ. ૨૪૫, શ્લો. ૧૭૫–૧૭૬, પૃ. ૮૮૯–૮૯૦) મુજબ તો કૃષ્ણ ગોપીઓને ભોગવે છે.

(૮) **હરિવંશપુરાણ** (સર્ગ ૩૫, શ્લો. ૪૮–૫૦, પૃ, ૩૬૭) પ્રમાણે **કૃષ્ણે કંસે** મોકલેલી દેવીએ કરેલા ઉપદ્રવને દૂર કરવા 'ગોવર્ધન' પર્વત ઊંચક્યો હતો, નહિ કે ઇન્દ્રે કરેલા ઉપદ્રવને શાન્ત કરવા.

નેમિનાથનો જન્મ 'હરિ' વંશમાં થયો છે. એથી એમનું તેમ જ આ વંશમાં થયેલા અન્ય મહાપુરુષોનું ચરિત્ર આ **હરિવંશપુરાણ**માં આલેખાયું છે અને તેમ કરવામાં કવિ **પરમેશ્વર** ઉર્ફે **પરમેષ્ઠી**નું **વાગર્થસંગ્રહ** નામનું પુરાણ કામમાં લેવાયું હશે એમ અનુમનાય છે. સાથે સાથે ગૌણ રૂપે બાકીના

૧. **હેમ ત્રિષષ્ટિ**. (પર્વ ૮, સર્ગ ૫, શ્લો. ૧૧૩–૧૨૪) પ્રમાણે આ અસુરો તો **કંસે** પાળેલાં ઉન્મત્ત પ્રાણીઓ છે અને **કૃષ્ણ** એને કોમળ હાથે હરાવી નસાડી મૂકે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શલાકા–પુરુષો વિષે તેમ જ અવાંતર નૃપતિઓ અને વિદ્યાધરો વિષે પણ અહીં માહિતી અપાઈ છે. સર્ગ ૪–૭માં ઊર્ધ્વાદિ ત્રણ લોકનું અને અજ્જીવાદિ પદાર્થોનું નિરૂપણ છે. સ. ૨૩, શ્લો. ૫૮–૧૦૭માં પુરુષનાં લક્ષણો વિચારાયાં છે. તેમાં શ્લો. ૮૫–૯૭ કરલક્ષણ અને એની સાર્થકતાને અંગે છે.

૬૬મા સર્ગમાં **મહાવીર**સ્વામીથી માંડીને આ ગ્રંથકાર સુધીની ગુરુપરંપરાનો અહીં ઉલ્લેખ છે.

સમકાલીન નૃપતિઓ – આ અંતિમ સર્ગમાં શ્લો. ૫૨માં કહ્યું છે કે શકસંવત્ ૭૦૫માં ઉત્તર દિશાનું રક્ષણ **ઇન્દ્રા**યુધ, દક્ષિણનું **કૃ**ષ્ણનો પુત્ર **શ્રી**વલ્લભ, પૂર્વનું અવન્તીનો રાજા **વત્સ**રાજ અને પશ્ચિમના સૌરોના અધિમંડલનું (સૌરાષ્ટ્રનું) વીર **જ**યવરાહ[1] કરતા હતા તે સમયે આ ગ્રંથ રચાયો છે. P. ૫૯

સમાનનામક કૃતિઓ – **હરિવંશપુરાણ** નામની કેટલીક કૃતિઓ [2]અપભ્રંશમાં તો કેટલીક સંસ્કૃતમાં છે. એ પૈકી સંસ્કૃત કૃતિઓના કર્તાનાં નામ નીચે મુજબ છે :–

જયસાગર, **જિ**નદાસ, **ધ**ર્મકીર્તિ, **મં**ગરાસા (? જ), **ર**વિષેણ, **રા**મચન્દ્ર, **શ્રી**ભૂષણ, **શ્રુ**તકીર્તિ અને **સ**કલકીર્તિ. [**સ**કલકીર્તિએ ૧૪ અને એમના શિષ્ય **જિ**નદાસે ૨૬સર્ગ રચ્યા છે. **જૈ. સા. બૃ. ઇ.** ૬/૫૧]

રામચન્દ્રકૃત પુરાણ માટે ઉપર્યુક્ત હિંદી પ્રસ્તાવના (પૃ. ૨૧)માં એ વિ. સં. ૧૫૬૦ પહેલાનું હોવાનો ઉલ્લેખ છે. **ધ**ર્મકીર્તિકૃત પુરાણનો રચનાસમય વિ. સં. ૧૬૭૧ દર્શાવાયો છે.

કાણભિક્ષુની કૃતિ (લ. વિ. સં. ૮૫૦) – દિ. **જિ**નસેન પહેલાએ **આદિપુરાણ** (શ્લો. ૫૧)માં જે કથાલંકારાત્મક ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે તે શું સંસ્કૃતમાં રચાયો છે અને શું એ પુરાણ છે ?

શાન્તિનાથ–પુરાણ યાને **લઘુ–શાન્તિનાથ–પુરાણ** (વિ. સં. ૯૧૦)–આના કર્તા દિ. કવિ **અ**સગ છે. એમણે આ પુરાણ વિ. સં. ૯૧૦માં સોળ સર્ગમાં આશરે ૨૫૦૦ શ્લોકમાં રચ્યું છે. આને કેટલાક **લઘુ–શાન્તિનાથ–પુરાણ** પણ કહે છે. આ **અ**સગે આ પુરાણમાં **સમ્મતિચરિત્ર** એ નામથી પોતાની કૃતિ નામે **મહાવીર–પુરાણ**નો ઉલ્લેખ કર્યો છે. આ **મહાવીર–પુરાણ**ની એક હાથપોથીની પ્રશસ્તિમાં આ **અ**સગે વિ. સં. ૯૧૦માં રચેલી આઠ કૃતિઓની નોંધ છે.

સમાનનામક કૃતિઓ–શાન્તિનાથ–પુરાણ નિમ્નલિખિત દિ. વ્યક્તિઓએ પણ રચ્યું છે :–

ગુણસેન, બ્રહ્મ-જયસાગર, **બ્રહ્મ**દેવ, **શા**ન્તિકીર્તિ, **શ્રી**ભૂષણ અને **સ**કલકીર્તિ.

આ પૈકી **શ્રી**ભૂષણે વિ. સં. ૧૬૫૯માં **શાન્તિનાથ–પુરાણ** રચ્યું છે.

[3]**મહાવીર–પુરાણ** યાને **વર્ધમાન–પુરાણ** (વિ. સં. ૯૧૦) – આ પુરાણને **મહાવીર–** P. ૬૦
ચરિત્ર, વર્ધમાન–ચરિત્ર, સન્મતિ–ચરિત્ર અને [4]**સમ્મતિ–ચરિત્ર** પણ કહે છે. એના કર્તા ઉપર્યુક્ત

૧. આ ચાર રાજાઓનો પરિચય **જૈ. સા. ઈ.** (પૃ. ૪૨૫–૪૨૮)માં અપાયો છે.

૨. દા. ત. **હરિવંસપુરાણ.**

૩. આ પુરાણ મરાઠી અનુવાદ સહિત સોલાપુરથી ઈ. સ. ૧૯૩૧માં છપાવાયું છે.

૪. **અ**સગે એમના **શાન્તિનાથ–પુરાણ**માં આ **મહાવીર–પુરાણનો સમ્મતિ–ચરિત્ર**ના નામે ઉલ્લેખ કર્યો છે. જુઓ ઉપરનું લખાણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દિ. કવિ **અસગ** છે. આ **મહાવીર–પુરાણ** ૧૮ સર્ગમાં રચાયેલું છે. એની એક હાથપોથીની પ્રશસ્તિમાં આ **અસગે** વિ. સં. ૯૧૦માં રચેલી આઠ કૃતિઓનાં નામ છે.

ઉલ્લેખ–ધવલે રચેલા **હરિવંસ–પુરાણ**માં આ **અસગકૃત મહાવીરપુરાણ** વિષે ઉલ્લેખ છે.[૧]

મરાઠી અનુવાદ–**આ મહાવીરપુરાણ**નો મરાઠી અનુવાદ કરાયો છે અને એ [સોલાપુરથી ઈ.સ. ૧૯૩૧માં] છપાવાયો છે, જુઓ આ જ પૃષ્ઠ.

વિક્રમની પંદરમી સદીમાં **સકલકીર્તિએ મહાવીર–પુરાણ** રચ્યું છે.

P. ૬૧ [૨]**આદિપુરાણ** (વિ. સં. ૯૦૦) અને [૩]**ઉત્તરપુરાણ**[૪] (વિ. સં. ૯૫૫) – **આદિપુરાણ**નો પ્રારંભ દિ. **જિનસેન** [૫]પહેલાએ **મહાપુરાણના** પ્રારંભિક ભાગ તરીકે કર્યો છે. એઓ 'સેન' સંઘના **વીરસેન**ના શિષ્ય અને **આર્યનન્દિ**ના પ્રશિષ્ય થાય છે. એમણે પોતાના ગુરુ **વીરસેને** શરૂ કરેલી **જયધવલા** નામની ટીકા શકસંવત્ ૭૫૯ માં પૂર્ણ કરી હતી. વળી એમણે **પાર્શ્વાભ્યુદયકાવ્ય** પણ રચ્યું છે.[૬] **જયધવલા** પૂર્ણ કર્યા પછી **મહાપુરાણ**ની શરૂઆત કરાઈ હશે. એમનો સ્વર્ગવાસ શકસંવત્ ૭૬૫ના અરસામાં લગભગ ૯૦ વર્ષની ઉંમરે થયો હશે.[૭] આ **જિનસેને આદિપુરાણ**નાં ૪૨ પર્વ અને ૪૩માનાં ત્રણ [૮]પદ્યો રચ્યાં ત્યાર બાદ એની ચૂલિકા તરીકે પર્વ ૪૩–૪૭ એમના શિષ્ય દિ. આચાર્ય **ગુણભદ્રે** રચ્યાં છે. આ ગુણભદ્રે પોતાનો નિર્દેશ **દશરથ** તેમ જ **જિનસેન**ના શિષ્ય તરીકે કર્યો છે.

આ પુરાણનો પ્રારંભ મંગલાચરણથી કરાયો છે. ત્યાર બાદ ગ્રન્થકારે પોતાની લઘુતા દર્શાવી પુરોગામી કવિઓનું ગુણોત્કીર્તન કરી કવિ, કવિતા અને મહાકાવ્યનું સ્વરૂપ વર્ણવ્યું છે.

ઉલ્લેખ–આ **આદિપુરાણ** (શ્લો. ૩૧–૬૦)માં સોળ વિદ્વાનો અને એ પૈકી ત્રણ ગ્રંથો વિષે ઉલ્લેખ છે :–

---

૧. જુઓ "Allahabad University Studies" (Vol. I, pp. 167–168) તેમ જ ''જૈન હિતૈષી'' (વ. ૧૫. પૃ. ૩૩૬ ઈ.)

૨–૩. આ બંને પુરાણો ''સ્યાદ્વાદ–ગ્રંથ–માલા''માં ઇન્દોરથી વિ. સં. ૧૯૭૨–૧૯૭૫માં છપાયાં છે. પ્રો. **યાકોબી**ને અંગેના Festgabeમાં **ગ્લાસેનપે** આ **મહાપુરાણની** analysis (વિષયસૂચી) આપી છે. ''ભારતીય જ્ઞાનપીઠ'' તરફથી **આદિપુરાણ** અને **ઉત્તરપુરાણ**રૂપ આ **મહાપુરાણ** બે ભાગમાં હિંદી ભાષાનુવાદ, શ્લોકોની અકારાદિ સૂચી તેમ જ પ્રસ્તાવના સહિત એક જ વર્ષમાં ઈ. સ. ૧૯૫૧માં પ્રસિદ્ધ કરાયું છે. એમાં પાઠાંતરો અપાયાં છે. પ્રથમ ભાગમાં ૨૫ પર્વ છે અને હિંદીમાં એની વિસ્તૃત વિષયાનુક્રમણિકા છે. બીજા ભાગમાં પર્વ ૨૬–૪૭ છે.

૪. આ બંને પુરાણોને અને કેટલાકને મતે કેવળ **ઉત્તરપુરાણને** 'ત્રિષષ્ટિલક્ષણ–મહાપુરાણસંગ્રહ કહે છે.'

૫. **હરિવંશપુરાણ**ના કર્તા **જિનસેન**ની અપેક્ષાએ એમનો 'જિનસેન પહેલા' તરીકે નિર્દેશ કરાય છે.

૬. કેટલાક **વર્ધમાનપુરાણને** પણ ગણાવે છે પણ એ તો **ઉત્તરપુરાણ**નો ભાગ છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧. પૃ. ૩૪૩)માં કહ્યું છે.

૭. જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૫૧૨)

૮. એમણે બધાં મળીને ૧૦૩૮૦ પદ્યો રચ્યાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કવિવર **સિદ્ધસેન** (શ્લો. ૩૯ ને ૪૨), કવિ અને વાદી **સમન્તભદ્ર** (શ્લો. ૪૩ને ૪૪), તપસ્વી અને વાદી **શ્રીદત્ત** (શ્લો. ૪૫), બહુશ્રુત **યશોભદ્ર** (શ્લો. ૪૬), કવિ **પ્રભાચન્દ્ર** (શ્લો. ૪૭) અને એમની **ચન્દ્રોદય** નામની કૃતિ (શ્લો. ૪૭ અને ૪૮), મુનીશ્વર **શિવકોટિ** (શ્લો. ૪૯), કવિ **જટાચાર્ય** P. ૬૨
(શ્લો. ૫.), **કા**ણભિક્ષુ (શ્લો. ૫૧) અને એમનો કથાગ્રન્થ (શ્લો. ૫૧), કવિ દેવ (દેવનન્દિ) (શ્લો. ૫૨), ભટ્ટ **અ**કલંક (શ્લો. ૫૩), **શ્રી**પાલ શ્લો.(૫૩), પાત્રકેશરી શ્લો. (૫૩), કવિ અને ગમક (ટીકાકાર) વાદિસિંહ (શ્લો. ૫૪), કવિ **વી**રસેન (શ્લો. ૫૫) અને એમણે રચેલ **ધવલ** (શ્લો. ૫૮), વિબુધ જયસેન (શ્લો. ૫૯) તેમ જ **પર**મેશ્વર (શ્લો. ૬૦) અને એમણે રચેલો **વાગર્થસંગ્રહ** (શ્લો.૬૦).

આ **આદિપુરાણ**માં નિર્દેશાયેલા ઉપર્યુક્ત મહાનુભાવોનો સંક્ષિપ્ત પરિચય હું આપું છું :–

સિદ્ધસેન –એમને કેટલાક 'દિગંબર' ગણે છે અને **સમ્મઈપયરણ** તેમ જ એમની કેટલીક **દ્વાત્રિંશિકા**ઓને પણ દિગંબરીય કૃતિ તરીકે ઓળખાવે છે.[૧]

સમન્તભદ્ર – આ સુપ્રસિદ્ધ દિ. સ્તુતિકાર છે. **આપ્તમીમાંસા** વગરે કૃતિઓ એમણે રચી છે.[૨]

શ્રીદત્ત–વિદ્યાનંદે ત. સૂ. (અ. ૧, સૂ. ૩૩) ઉપરના **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** (શ્લો. ૪૫, પૃ. ૨૮૦)માં એમનો તેમ જ એમની કૃતિ **જલ્પનિર્ણય**નો ઉલ્લેખ કરતી વેળા **શ્રીદત્ત**ને ત્રેસઠ વાદીઓને જીતનારા કહ્યા છે. [૩]**જૈનેન્દ્ર** વ્યાકરણના નિમ્નલિખિત સૂત્રમાં **શ્રીદત્ત**નો ઉલ્લેખ છે :–

''गुणे श्रीदत्तस्य स्त्रियाम्'' (૧–૪–૩૪)

આ પ્રમાણે **શ્રીદત્ત** વિષે જે ભિન્ન ભિન્ન ઉલ્લેખો મળે છે તે શું એક જ વ્યક્તિને અંગેના છે P. ૬૩
અને તે વ્યક્તિ તે પ્રસ્તુત શ્રીદત્ત છે કે કેમ તેનો નિર્ણય કરવો બાકી રહે છે.

યશોભદ્ર–જૈનેન્દ્ર વ્યાકરણના નિમ્નલિખિત સૂત્રમાં જે **યશો**ભદ્રનો ઉલ્લેખ છે તેઓ જ શું પ્રસ્તુત યશોભદ્ર છે કે કેમ તે જાણવું બાકી રહે છે :–

''क्व वृषि मृजां यशोभद्रस्य'' (૨–૧–૯૯)

પ્રભાચંદ્ર–જયધવલા ( )માં નયનો નિર્દેશ કરતી વેળા **પ્રભા**ચન્દ્રનો ઉલ્લેખ છે. શું એમણે જ **ચન્દ્રોદય** રચ્યું છે ? **હરિવંશપુરાણ** (શ્લો. ૩૮)માં **કુ**મારસેનના શિષ્ય તરીકે **પ્રભા**ચન્દ્રનો ઉલ્લેખ છે. આ જ **ચન્દ્રોદય**ના કર્તા હોય તો ના નહિ કેમકે ''प्रभाचन्द्रोदयो ज्जवलम्'' એવો આ શ્લોકમાં જે પાઠ છે તે **ચંદ્રોદય**નો પણ આડકતરી રીતે નિર્દેશ કરતો હશે એમ લાગે છે.

ચન્દ્રોદય – આ કૃતિ કયા વિષયની છે તે જાણવામાં નથી.

શિવકોટિ – એમને વિષે અહીં કહ્યું છે કે એમનાં વચન દ્વારા પ્રકટ થયેલી ચાર આરાધનારૂપ મોક્ષમાર્ગની આરાધનાથી જગત્ શાંતિ પામ્યું. આથી કરીને **ભગવઈ–આરાહણા**ના

૧. ''અનેકાંત'' (વર્ષ ૯, કિ. ૧૧–૧૨)માં પં. **જુ**ગલકિશોર મુખ્તારનો ''सन्मति–सूत्र और सिद्धसेन'' નામનો લેખ છપાયો છે. એમાં એમણે **સમ્મઈપયરણ**ને દિ. કૃતિ કહી છે.

૨. વિશેષ માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૨, ઉપખંડ).

૩. આનો પરિચય **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૧૫–૨૦)માં અપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રણેતા શિવાર્ય તે જ આ હશે એમ મનાય છે. કેટલાક એમને સમન્તભદ્રના શિષ્ય ગણે છે પણ એ વિચારણીય જણાય છે.[૧]

જટાચાર્ય – એમનો અહીં એવો પરિચય અપાયો છે કે એમની જટારૂપ પ્રબળ વૃત્તિઓ
P. ૬૪ કાવ્યના અનુચિન્તનમાં એવી શોભે છે કે જાણે એ કાવ્યનો અર્થ દર્શાવે છે. એઓ [૨]**વરાંગચરિતના** કર્તા હશે.

કાણભિક્ષુનો ગ્રન્થ–આ કાણભિક્ષુનો કથાલંકારાત્મક ગ્રન્થના કર્તા તરીકે અહીં ઉલ્લેખ છે. સાથે સાથે અહીં એમ પણ કહ્યું છે કે ધર્મસૂત્રનું અનુકરણ કરનારી એમની વાણીરૂપ નિર્દોષ અને મનોહર મણિઓ વડે પુરાણસંઘ સુશોભિત બન્યો છે. આ ઉપરથી એમણે કોઈ કથાનો ગ્રન્થ રચ્યો હોવો જોઈએ. એ કદાચ 'પુરાણ' પણ હોય.

દેવ–દેવથી **જૈનેન્દ્ર** વ્યાકરણ વગેરે રચનારા **દેવનન્દિ** સમજવાના છે.

અકલંક – એઓ **લઘીયસ્ત્રય** વગેરેના પ્રણેતા છે.[૩]

પાત્રકેસરી – એઓ **ત્રિલક્ષણ–કદર્થન** વગેરેના પ્રણેતા છે.[૪]

શ્રીપાલ – એઓ **વીરસેનના** શિષ્ય હશે. **જયધવલાનું** સંપાદન કરનાર એઓ હોવાનું મનાય છે.

વાદિસિંહ – **પુષ્પસેનના** શિષ્ય **વાદીભસિંહ** તે જ શું આ છે ? જો એમ જ હોય તો **સ્યાદ્વાદસિદ્ધિના** પ્રણેતા તેમ જ એક ગદ્યાત્મક અને એક પદ્યાત્મક કાવ્યના રચનારા એઓ ગણાય.

વીરસેન – એઓ આ **આદિપુરાણ** રચનારા **જિનસેનના** ગુરુ થાય છે. એમણે [૫]**છખંડાગમના** પાંચ ખંડ ઉપર[૬] **ધવલા** નામની ટીકા રચી છે. એનો અહીં 'ધવલ' તરીકે ઉલ્લેખ છે.

P. ૬૫ **જયસેન**– હરિવંશપુરાણ ( )માં સો વર્ષ જીવનારા **યમિતસેનના** ગુરુ **જયસેનનો** ઉલ્લેખ છે એટલું જ નહિ પણ એમને કર્મપ્રકૃતિરૂપ આગમના ધારક અને સુપ્રસિદ્ધ વૈયાકરણ કહ્યા છે. એમણે કોઈ કર્મસિદ્ધાન્તના નિરૂપણરૂપે ગ્રન્થ રચ્યો હોય તો ના નહિ. શું આ જયસેન અત્ર પ્રસ્તુત છે ?

કવિ પરમેશ્વર– એઓ **વાગર્થસંગ્રહના** પ્રણેતા છે.

પ્રથમ પર્વના શ્લો. ૧૧૫માં **ગુણાઢ્ય** અને એમની **બૃહત્કથાનો** ઉલ્લેખ છે.

---

૧. **જૈ. સા. ઈ.** (પૃ. ૨૬)માં કહ્યું છે કે આ હકીકત બરાબર નથી કેમકે **સમન્તભદ્રની** પછી એમની સ્તુતિ ન કરતાં વચમાં **શ્રીદત્ત**, **યશોભદ્ર** અને **પ્રભાચન્દ્રની** સ્તુતિ કરાઈ છે.

૨. આનો પરિચય આગળ ઉપર અપાયો છે.

૩. એમનો વિશેષ પરિચય આગળ ઉપર અપાયો છે.

૪. વિશેષ માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૨, ઉપખંડ ૨)

૫–૬. આ બંનેનો પરિચય મેં "છખંડાગમ અને કસાયપાહુડ તેમ જ એ પ્રત્યેકનું વિવરણાત્મક સાહિત્ય" નામના મારા લેખમાં આપ્યો છે. આ લેખ "દિગમ્બર જૈન" (વ. ૪૪, અં. ૮ ને ૯)માં બે કટકે પ્રસિદ્ધ કરાયો છે. વિશેષ માટે જુઓ મારું પુસ્તક નામે **કર્મસિદ્ધાન્ત સંબંધી સાહિત્ય** (પૃ. ૧૨૯–૧૩૯ અને પૃ. ૧૪૧–૧૫૨).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાંચમાં પર્વના શ્લો. ૪૨-૪૫ હરિભદ્રસૂરિકૃત **ષડ્દર્શનસમુચ્ચયમાંના** બૌદ્ધ દર્શનને અંગેના 'विज्ञान' થી શરૂ થતા ચાર શ્લોકો સાથે લગભગ મળતા આવે છે.

બારમા પર્વના શ્લો. ૨૧૯-૨૫૪ પ્રહેલિકા (અંતર્લાપિકા), એકાલાપક, ક્રિયાગોપિત, ગૂઢક્રિયા, સ્પષ્ટાન્ધક, સમાનોપમા (શ્લેષોપમા), ગૂઢચતુર્થક, નિરૌષ્ઠ્ય, બિન્દુમત્ તેમ જ બિન્દુચ્યુત, માત્રાચ્યુત, વ્યંજનચ્યુત, અક્ષરચ્યુત, દ્વયક્ષરચ્યુત ઇત્યાદિ, વિવિધ પ્રકારના પ્રશ્નોત્તરો, ગોમૂત્રિકા અને અર્ધભ્રમનાં ઉદાહરણો પૂરાં પાડે છે.[1]

સોળમાં પર્વના શ્લો. ૪૭-૬૬માં યષ્ટિના પાંચ પ્રકારો અને હારના ૧૧ પ્રકારો તેમજ એ બંનેના કેટલાક ઉપપ્રકારો સમજાવાયા છે. એ નગરરચનાને અંગેની પુસ્તિકાની ગરજ સારે છે.

પર્વ ૨૩, શ્લો. ૬૯માં દિવ્ય ધ્વનિ **ઋષભદેવ**ના મુખમાંથી નીકળ્યાનો ઉલ્લેખ છે. શ્લો. ૭૩માં કહ્યું છે કે એ ધ્વનિ દેવકૃત નથી પરંતુ અક્ષરાત્મક જ છે.

પર્વ ૨૫ના શ્લો. ૧૦૦-૨૧૭માં દસ શતમાં વિભક્ત [2]**જિનસહસ્રનામસ્તોત્ર** છે. એનો P. ૬૬
પ્રારંભ "श्रीमान् स्वयम्भूर्वृषभः" થી થાય છે અને એની પૂર્ણાહૂતિ "धर्मसाम्राज्यनायकैः" થી કરાઈ છે. એના પછીનાં નવ પદ્યો આ સ્તોત્રના મહિમા વગેરેને અંગેનાં છે.

પર્વ ૨૮ના શ્લો. ૬૮-૧૦૨માં તેમ જ [3]શ્લો. ૧૬૯-૨૦૨માં પણ [4]સમુદ્રનું વર્ણન છે.

પર્વ ૨૯ના શ્લો. ૧૫-૬૪માં 'કૈલાસ' પર્વતનું વર્ણન છે.

પર્વ ૪૦માં સોળ સંસ્કારની સમજણ અપાઈ છે અને હવનને યોગ્ય [5]મંત્રોનો ઉલ્લેખ છે.

આદિપુરાણમાં કહ્યું છે કે ધનની બાબતમાં પુત્રીનો પુત્રના જેટલો જ અધિકાર છે.

મિથ્યાત્વનો ત્યાગ કરી સંસ્કાર-જન્મ લીધો હોવાથી હું 'દેવ-દ્વિજ' છું એવો ઉલ્લેખ આ પુરાણમાં કરાયો છે.

ભ. પાર્શ્વનાથે દીક્ષા લીધી પછી પ્રતિમા-યોગ ધારણ કર્યો. એ સમયે પૂર્વ ભવના વૈરી કમઠના જીવ **શંબર** નામના દેવે એમને કષ્ટ પહોંચાડ્યું હતું એમ અહીં કહ્યું છે.

---

૧. આ સંબંધમાં જુઓ ઉદ્દ્યોતનસૂરિકૃત **કુવલયમાલા** (કંડિકા ૨૮૦.)

૨. આ સ્તોત્ર આશાધરકૃત **જિનસહસ્રનામસ્તોત્ર** તેમ જ પં. **બ**નારસીદાસે રચેલા **ભાષાસહસ્રનામસ્તોત્ર** સહિત 'જૈન ગ્રંથરત્ન કાર્યાલય' તરફથી ઈ. સ. ૧૯૨૯માં અને શ્રી મૂલચંદ કિસનદાસ કાપડીઆ તરફથી ઈ.સ. ૧૯૫૨માં સુરતથી પ્રકાશિત થયેલું છે.

૩. આ શ્લોકો વિવિધ વૃત્તમાં રચાયા છે.

૪. **શ્રીહર્ષે અર્ણવવર્ણન** રચ્યાનું કેટલાક કહે છે. **રાવણવહ** યાને **સે**ઉબન્ધમાં તથા ઉદ્દ્યોતનસૂરિકૃત **કુવલયમાલા** (કંડિકા ૨૭૮)માં તેમજ લૉર્ડ **બા**યરનકૃત Childe Harold's Pilgrimage માંની 'The Ocean' નામની કવિતામાં સમુદ્રનાં વર્ણન છે. Sea-sonnets નામનો સોનેટોનો સંગ્રહ પણ આ સંબંધમાં જોવો ઘટે.

૫. મુદ્રિત પુસ્તકમાં આ મંત્રો 'ચૂર્ણિ' એવા ઉલ્લેખપૂર્વક અપાયા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૬૭ **આદિપુરાણ** (સ. ૨, શ્લો. ૯૬-૧૫૪)માં 'પુરાણ' શબ્દની વિસ્તૃત વ્યાખ્યા કરી એનો વ્યાપક અર્થ દર્શાવાયો છે. વૈદિક હિન્દુઓનાં પુરાણોમાં સર્ગ, પ્રતિસર્ગ, વંશ, મન્વન્તર અને વંશાનુચરિત પ્રતિપાદ્ય વિષય તરીકે જોવાય છે તો દિગંબર પુરાણોમાં ત્રૈલોક્યની રચના (ક્ષેત્રે), ત્રણે કાળ, રત્નત્રિતયરૂપ તીર્થ, સત્પુરુષ અને એની પુણ્ય પ્રવૃત્તિને સ્થાન અપાયું છે.

ઋષભદેવના ચરિત્રરૂપ આ **આદિપુરાણની** રચના કવિ **પર**મેશ્વરે કહેંલી ગદ્યકથાને આધારે કરાઈ છે. ઉપર્યુક્ત દિ.ગુણભદ્રસૂરિના મતે **આદિપુરાણ** એ તમામ છંદો અને અલંકારોને લક્ષ્યમાં રાખીને રચાયું છે અને એ સુભાષિતોનો ભંડાર છે.

જિનસેન વિગેરેના શિષ્ય **ગુ**ણભદ્રે અ. ૪૮-૭૭ રૂપે **ઉત્તરપુરાણ** રચી ઉપર્યુક્ત **મહાપુરાણની**– એમના ગુરુની કૃતિની–જૈન આચાર, સંસ્કાર અને તત્ત્વજ્ઞાન ઉપર પ્રકાશ પાડનારી કૃતિની પૂર્ણાહુતિ કરી છે અને એ દ્વારા બાકીના ૬૨ શલાકાપુરુષોનું જીવન સંક્ષેપમાં આલેખ્યું છે. ૬૮માં પર્વમાં **રા**મચન્દ્રની કથા છે. એ **વિ**મલસૂરિકૃત **પઉમચરિયથી** અને **ર**વિષેણકૃત **પદ્મપુરાણથી સીતાની** ઉત્પત્તિની બાબતમાં જુદી પડે છે, જો કે **પુ**ષ્પદન્તકૃત **મહાપુરાણ** અને **ચામુંડરાયપુરાણ** સાથે એ મળતી આવે છે. આ **ઉત્તરપુરાણમાં** નારદે **સીતાના** અનુપમ સૌન્દર્યની પ્રશંસા કરી તે ઉપરથી રાવણને એનું હરણ કર્યાની વાત છે. આમ એ **વિ**મલસૂરિકૃત **પઉમચરિયથી** જુદો મત દર્શાવે છે કેમકે ત્યાં તો લક્ષ્મણે ચન્દ્રનખાના પુત્ર **શં**બૂકના કરેલા વધને કારણરૂપ ગણ્યું છે.[૧]

આ **ઉત્તરપુરાણમાં જી**વન્ધરનું ચરિત્ર આલેખાયું છે.

રચનાસમય– ઉત્તરપુરાણની પ્રશસ્તિ **ગુ**ણભદ્ર અને એમના શિષ્ય **લો**કસેને રચેલી બે
P. ૬૮ પ્રશસ્તિના જોડાણરૂપ છે. એ હિસાબે શક-સંવત્ ૮૨૦ એ કંઈ **ઉત્તરપુરાણની** પૂર્ણાહૂતિનો સમય નથી પરંતુ એ તો એના પૂજામહોત્સવનું વર્ષ છે. એ **ઉત્તરપુરાણ** શકસંવત્ ૭૭૦ની આસપાસમાં પૂર્ણ થયું હશે.[૨]

ટિપ્પન–આના કર્તા **પ્ર**ભાચન્દ્ર છે. હરિષેણે પણ ટિપ્પન રચ્યું છે. વળી **અ**નન્ત બ્રહ્મચારીએ ટિપ્પન અને કોઈકે ટીકા રચી છે.

ટીકા–ભટ્ટારક લલિતકીર્તિએ ઈ.સ. ૧૮૨૭માં ટીકા રચી છે.

મંગલ-ટીકા–મંગળ-શ્લોકના ઉપરની આ ટીકા **મા**ણિક્ય વર્ણીએ રચી છે.

આદિપુરાણ–**સ**કલકીર્તિએ તેમજ **ચ**ન્દ્રકીર્તિએ પણ એકેક **આ**દિપુરાણ રચ્યું છે.

ઉત્તરપુરાણ–આ **સ**કલકીર્તિની રચના છે. એમણે **આદિપુરાણ** પણ રચ્યું છે.

---

૧. વાલ્મીકિએ શૂર્પણનાખાના વિરૂપણને અને અન્યત્ર સીતાના સ્વયંવરના સમયથી રાવણની એના તરફની આસક્તિને કારણરૂપ ગણ્યું છે.

૨. જુઓ જૈ. સા. ઈ. (પૃ ૫૧૪). ગુણભદ્રનો સ્વર્ગવાસ થતાં આ પૂજામહોત્સવ થયો હશે એવો અહીં ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**પુરાણસાર**—આને **પુ**રાણસંગ્રહ અને **પુ**રાણસારસંગ્રહ પણ કહે છે. આના કર્તા દિ. આચાર્ય **દા**મનન્દિ છે. એઓ **વિ**નયનન્દિસૂરિના શિષ્ય થાય છે[2] અને એમણે **ચતુર્વિંશતિતીર્થંકરપુરાણ** પણ રચ્યું છે. પ્રસ્તુત કૃતિમાં નિમ્નલિખિત છ તીર્થંકરોનાં ચરિતને સ્થાન અપાયું છેઃ— P. ૬૯

આદિનાથ, ચન્દ્રપ્રભસ્વામી, **શા**ન્તિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામી.

પ્રથમ ચરિત પાંચ સર્ગમાં વિભક્ત છે. એમાં ૩૫૦ પદ્યો છે. એ સર્ગોમાં **યુ**ગન્ધરસ્વામીનું નિર્વાણ, વજ્રનાભનું સર્વાર્થ સિદ્ધિમાં ગમન, આદિનાથને કેવલજ્ઞાનની પ્રાપ્તિ, ભરત ચક્રવર્તીનો દિગ્વિજય અને આદિનાથનું નિર્વાણ અનુક્રમે અગ્ર સ્થાન ભોગવે છે.

ચન્દ્રપ્રભચરિતમાં ૮૪ પદ્યો છે.

શાન્તિનાથચરિત્રમાં છ સર્ગ છે. એમાં 'આર્યા'માં ૫૧૧ પદ્યો છે.

આર્યામાં રચાયેલું નેમિનાથચરિત પણ મોટું છે જ્યારે બાકીનાં નાનાં છે.

નેમિનાથચરિતની રચના **જિ**નસેનકૃત **હરિવંશપુરાણ** ઉપરથી અને બાકીનાની રચના **જિ**નસેનકૃત **આદિપુરાણ** અને **ગુ**ણભદ્રકૃત **ઉત્તરપુરાણ** ઉપરથી થયાનું અનુમનાય છે.

આદિનાથચરિત (સ. ૧)ના દ્વિતીય પદ્યમાં ઇતિહાસ અને પુરાણને એકાર્થક ગણ્યા છે.

[3]**અનુવાદ**—આ હિન્દી અનુવાદ પં. **ગુ**લાબચન્દ્ર જૈને કર્યો છે.

સમાનનામક કૃતિઓ—દિ. **શ્રી**નન્દિના શિષ્ય **શ્રી**ચન્દ્રે ૨૧૦૦ શ્લોક જેવડી વિ. સં ૧૦૭૦માં અને **સ**કલકીર્તિએ પંદરમી સદીમાં એકેક કૃતિ રચી છે. એક અજ્ઞાતકર્તૃક પણ છે.

[4]**પાર્શ્વનાથ-પુરાણ** (શકસંવત્ ૯૪૭=વિ. સં. ૧૦૮૨)—આ પુરાણ દિ. **વા**દિરાજે શકસંવત્ P. ૭૦ ૯૪૭માં રચ્યું છે. એમાં એમણે પોતાને 'ચૌલુક્ય' વંશના **જ**યસિંહદેવ બીજા (ઇ.સ. ૧૦૧૫-૧૦૪૫)ના ગુરુ તરીકે ઓળખાવ્યા છે. આ પુરાણ પાર્શ્વનાથનું જીવનચરિત્ર રજૂ કરે છે.

પંજિકા—આના કર્તા દિ. વિજયકીર્તિના શિષ્ય દિ. **શુ**ભચન્દ્ર છે. આની નોંધ આ શુભચન્દ્રે પોતાના **પાંડવપુરાણમાં** લીધી છે.

સમાનનામક પુરાણો—આ નામનાં પુરાણોના કર્તાનાં નામ નીચે મુજબ છે :—

(૧) **ચ**ન્દ્રકીર્તિ, (૨) **પદ્મ**સુન્દર, (૩) **પદ્મ**સેનસૂરિ, (૪) **વા**દિચન્દ્ર અને (૫) **સ**કલકીર્તિ.

---

૧. આ કૃતિ **પુરાણસાગરસંગ્રહના** નામથી પં. ગુલાબચન્દ્ર જૈનના હિન્દી અનુવાદ સહિત બે ભાગમાં "ભારતીય જ્ઞાનપીઠ; કાશી" તરફથી અનુક્રમે ઇ.સ. ૧૯૫૪ અને ઇ.સ. ૧૯૫૫માં પ્રકાશિત કરાઇ છે. પ્રથમ ભાગમાં **આ**દિનાથ, **ચ**ન્દ્રપ્રભસ્વામી અને **ને**મિનાથનાં ચરિત છે જ્યારે બીજા ભાગમાં બાકીના ત્રણ તીર્થંકરનાં છે.

૨. જુઓ **આદિનાથચરિત** (સ. ૫, શ્લો, ૫૦.)

૩. આ "ભારતીયજ્ઞાનપીઠ" કાશીથી પ્રકાશિત છે. જુઓ પૃ (૬૮)

૪. આ પુરાણ "મા. દિ. ગ્રં"માં ગ્રંથાંક ૪ તરીકે વિ. સં ૧૯૭૩માં છપાયું છે. એનો વિચાર આપણે પાર્શ્વનાથ-ચરિત્ર તરીકે પૃ ૩૧ માં કરી ગયા છીએ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધવલે **હરિવંસપુરાણમાં પદ્મસેનસૂરિના** પુરાણ વિષે ઉલ્લેખ કર્યો છે. આ પુરાણની એક હાથપોથી વિ. સં. ૧૫૬૮માં લખાયેલી મળે છે.

પદ્મસુન્દર એ **પદ્મમેરુના** શિષ્ય અને **આનન્દમેરુના** પ્રશિષ્ય થાય છે. એઓ વિ. સં. ૧૬૧૫માં **રાયમલ્લાભ્યુદય** રચનારા **પદ્મસુન્દર** હોવાનો અને દિ. હોવાનો સંભવ છે એમ જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૨૪૪)માં ઉલ્લેખ છે.

વાદિચન્દ્રે પાર્શ્વનાથ-પુરાણ વિ. સં. ૧૬૪૦માં અને **શ્રીભૂષણના** શિષ્ય **ચન્દ્રકીર્તિએ** એ નામનું પુરાણ વિ. સં. ૧૬૫૪માં રચ્યું છે.

મહાપુરાણ (શકસંવત્ ૯૬૮=વિ. સં. [૧]૧૧૦૩)–આના કર્તા દિ. **મલ્લિષેણસૂરિ** છે. એઓ
P. ૭૧ 'સેન' ગણના **કનકસેનગણિના** શિષ્ય અને [૨]**અજિતસેનગણિના** પ્રશિષ્ય થાય છે. આ **મલ્લિષેણસૂરિએ** **કામચાંડાલિની-કલ્પ, જ્વાલિની-કલ્પ,** [૩]**ભૈરવ-પદ્માવતી-કલ્પ** અને [૪]**સરસ્વતી-કલ્પ** એમ ચાર કલ્પ તેમજ **નાગકુમાર-ચરિત** રચ્યાં છે. કેટલાકને મતે **વિદ્યાનુશાસન** પણ એમની કૃતિ છે. વળી કોઈક તો **બાલગ્રહ-ચિકિત્સા** અને **વજ્રપંજરવિધાનને** પણ એમની કૃતિ ગણે છે. **કામચાંડાલી-કલ્પનાં** આદ્ય બે પદ્યો જોતાં જણાય છે. કે **મલ્લિષેણસૂરિ** સંસ્કૃત અને પાઇય એ ઉભય ભાષાનાં કવિ હતા. એઓ જે કંઈ કૃતિ રચતા તે મનમાં પૂર્ણ રચાઈ જાય પછી જ એને ભૂમિ કે પત્થર ઉપર લિપિબદ્ધ કરતા. આ એમની સ્મરણ-શક્તિની સતેજતાનું દ્યોતન કરે છે. ઉપર્યુક્ત **નાગકુમાર-કાવ્યની** અને **જ્વાલિની-કલ્પની** પ્રશસ્તિમાં એઓ પોતાને **જિનસેનસૂરિના** શિષ્ય તરીકે ઓળખાવે છે જ્યારે **મહાપુરાણની** અને **ભારતી-કલ્પની** પ્રશસ્તિમાં એઓ પોતાને જિનસેનના પુત્ર તરીકે ઓળખાવે છે. ગુરુને પિતા ગણવાની ભારતીય પ્રથા છે એટલે કેએ અર્થ અત્ર પ્રસ્તુત છે કે કેમ તે જાણવું બાકી રહે છે.

P. ૭૨ **બિરુદો– મલ્લિષેણસૂરિની** વિવિધ કૃતિઓ ઉપરથી એમનાં બિરુદો નીચે મુજબ હોવાનું જણાય છે :– ઉભયભાષાકવિચક્રવર્તી, ઉભયભાષાકવિશેખર, ગારૂડમંત્રવાદવેદી, યોગીશ્વર, સકલાગમલક્ષણ-તર્કવેદી અને સરસ્વતીલબ્ધવરપ્રસાદ. ["जैन महापुराण कला पर एक अध्ययन" ले. डो. कुमुदगिरि प्रगट थयुं छे.]

---

૧. ઉપર્યુક્ત હિંદી પ્રસ્તાવનામાં ૧૧૦૪નો ઉલ્લેખ છે.

૨. એઓ 'ગંગ' વંશના રાજા રાયમલ્લના અને એના મંત્રી ચામુંડરાયના ગુરુ થાય છે.

૩. આ કલ્પ "શ્રીભૈરવ-પદ્માવતી-કલ્પ"ના નામથી શ્રી. સારાભાઇ મણિલાલ નવાબ તરફથી ઈ. સ. ૧૯૩૭માં પ્રકાશિત થયો છે. એમાં આનું બંધુષેણે રચેલ વિવરણ, ૪૪ યંત્રો, ૩૧ પરિશિષ્ટો અને મૂળનું ગુજરાતી ભાષાંતર અપાયાં છે. ઈ. સ. ૧૯૪૪માં પ્રકાશિત આવૃત્તિમાં સ્વ. મોહનલાલ ભગવાનદાસ ઝવેરીનો વિસ્તૃત અંગ્રેજી ઉપોદ્ઘાત અપાયો છે. વિશેષમાં ભૈરવ-પદ્માવતી-કલ્પ પં. ચન્દ્રશેખરજે શાસ્ત્રીની હિન્દી ભાષા-ટીકા, ૪૬ યંત્રો તેમજ પદ્માવતી દેવીને લગતી કેટલીક રચનાઓ સહિત શ્રી. મૂલચંદ કિશનદાસ કાપડીઆએ વીરસંવત્ ૨૪૭૯ અર્થાત્ ઈ. સ. ૧૯૫૨માં છપાવી છે.

૪. આને ભારતી-કલ્પ કહે છે. આ સરસ્વતીમન્ત્રકલ્પના નામથી શ્રી સારાભાઈ મણિલાલ નવાબે ઈ. સ. ૧૯૩૭માં જે ભૈરવ-પદ્માવતી-કલ્પ પ્રકાશિત કર્યો છે તેમાં ૧૧માં પરિશિષ્ટ તરીકે પૃ. ૬૧-૬૮માં છપાવાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ **મહાપુરાણમાં** ૬૩ શલાકાપુરુષોની રૂપરેખા ૨૦૦૦ શ્લોકમાં આલેખાઈ છે. એની પૂર્ણાહુતિ શકસંવત્ ૯૬૮ના જેઠ સુદ પાંચમે કરાઈ છે.

[૧]**નલાયન** યાને **કુબેરપુરાણ** કિંવા [૨]**શુકપાઠ** (લ. વિ. ૧૩૨૫)–આના કર્તા 'વડ' ગચ્છના **માણિક્યદેવસૂરિ** છે. એમને **માણિક્યચન્દ્ર** પણ કહે છે. એમણે આ **ન**લાયનની સ્કંધતાને આપેલી-પોતે રચેલી પ્રશસ્તિમાં કહ્યું છે તેમ એઓ મુનિ (ચરિત ?), મનોહર(ચરિત ?), [૩]યશોધરચરિત, અનુભવસારવિધિ અને [૪]પંચનાટકના કર્તા છે.

નલાયન એ મહાકાવ્ય છે. એ દસ [૫]સ્કન્ધોમાં વિભક્ત છે. એમાં અનુક્રમે ૧૫, ૧૬, ૯, ૧૩, ૨૧, ૭, ૬, ૪, ૪ અને ૪ એમ એકંદર [૬]૯૯ સર્ગ છે અને ૪૦૬૫ શ્લોકો છે. પાંચમો સ્કન્ધ સૌથી મોટો અને છેલ્લો સૌથી નાનો છે.

રચનાસમય–આ નલાયનની રચના વિ. સં. ૧૪૬૪ પૂર્વે થયેલી છે કેમકે આ સાલની P. ૭૩
હાથપોથી મળે છે. ઉપર્યુક્ત યશોધરચરિતમાં પ્રારંભમાં મંગલાર્થે 'કલિ.' **હે**મચન્દ્રસૂરિકૃત **સ**કલાર્હત્નો અગિયારમો શ્લોક જોવાય છે. એ ઉપરથી **માણિક્યદેવ** એમના પછી થયાનું અનુમનાય છે. 'વડ' ગચ્છના જે **માણિક્યસૂરિએ** વિ. સં. ૧૩૨૭માં મહાવીરસ્વામીની પ્રતિમાની અને સં. ૧૩૭૫માં **પાર્શ્વનાથ** ભ. ની પ્રતિષ્ઠા કરી છે તેઓ આ જ હશે.

પ્રસ્તુત કાવ્યનો વિષય રાજર્ષિ **ન**ળ અને એમની પત્ની સતી **દ**મયન્તીનું ચરિત્ર છે. આ જાતનું ચરિત્ર **માણિ**કદેવસૂરિની પૂર્વે તેમ જ પછી પણ જૈન તેમજ અજૈન લેખકોએ એક યા બીજા સ્વરૂપે–કાવ્ય, નાટક, ચંપૂ, કથા, રાસ, આખ્યાન, ચરિત્ર ઇત્યાદિ રૂપે સંસ્કૃત, પાઇય, [૭]ગુજરાતી, મરાઠી વગેરે ભાષામાં ગૂંથ્યું છે. અજૈન કૃતિઓ પૈકી **મહાભારતના** 'વન'પર્વમાં અને જૈન કૃતિઓ પૈકી **વસુદેવહિંડી**ના

૧. આ ''ય. જૈ. ગ્ર''માં ગ્રંથાક ૧૪૧ તરીકે ઈ. સ. ૧૯૩૭માં છપાયું છે, એમાં સંસ્કૃતમાં વિષયાનુક્રમણિકા છે. વળી એની પ્રસ્તાવનામાં પુણ્યશ્લોક નળને અંગેની કેટલીક કૃતિઓની નોંધ છે તેમજ ઇતર જૈન ગ્રંથો સાથે પ્રસ્તુત **નલાયન**નું સંતુલન કરી કેટલીક ભિન્નતાનો ઉલ્લેખ કરાયો છે પરંતુ આ બંને બાબત તો આ પૂર્વે નલવિલાસની પ્રસ્તાવનામાં વિસ્તારથી અપાયેલી છે. [આનું પુનર્મુદ્રણ ''જિનશાસન આ. ટ્રસ્ટે'' સં. ૨૦૫૭માં કર્યું છે.]

૨. જુઓ નલાયનનું પત્ર ૧૮૮આ.

૩. આ હીરાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૧૦માં છપાવાયું છે. એમાં અને આ **નલાયન**માં કેટલાંક પદ્યોનું સામ્ય છે. જુઓ **નલાયન**ની પ્રસ્તાવના (પત્ર ૩અ-૩આ).

૪. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૦૫)માં **માણિક્યદેવસૂરિ**ની કૃતિ તરીકે **મેઘનાટક**ની નોંધ છે, નહિ કે **પંચનાટક**ની.

૫. 'સ્કન્ધ' શબ્દ ભાગવતનું સ્મરણ કરાવે છે.

૬. જિ. ૨. કો.- (વિ, ૧, પૃ ૨૦૫)માં ૯૯ને બદલે સો સર્ગનો ઉલ્લેખ છે તે ભ્રાંત છે.

૭. દા. ત. જુઓ **મહી**રાજે વિ. સં. ૧૬૧૨માં રચેલો **નલ-દવદંતી-રાસ** અને વિ. સં. ૧૫૩૬ પહેલાં કોઈકે રચેલુ **નલદવદંતીચરિત્ર.** આ બંને કૃતિ 'પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા'માં ''મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય'' તરફથી વડોદરાથી ઈ. સ. ૧૯૫૪માં છપાવાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મધ્યમ ખંડમાં **નિષધ**ના પુત્ર પુણ્યશ્લોક **નળ**નું ચરિત્ર પ્રસંગોપાત્ત વર્ણવાયું છે. સ્વતંત્ર જૈન સંસ્કૃત [૧]કાવ્ય તરીકે આ **નલાયન** લગભગ પ્રથમ હોય એમ લાગે છે કેમકે જૈ. ગ્રં. (પૃ. ૨૨૪)માં ગદ્યાત્મક **દમયન્તીપ્રબન્ધ** તેમ જ પદ્યાત્મક **દમયન્તીપ્રબન્ધની** નોંધ છે. એને તેમ જ પાઇયમાં રચાયેલા **દવદન્તીચરિય**ને બાજુ ઉપર રાખીએ તો નળને અંગેની પ્રાચીન કૃતિઓ કોઈ ને કોઈ ગ્રંથમાં એક ભાગરૂપે જોવાય છે. દા. ત. હેમ ત્રિષષ્ટિ. (પર્વ ૮, સ. ૩)માંનું નળનું ચરિત્ર. [**દવદન્તીચરિય** વિનયચન્દ્રસૂરિકૃત હર્ષપુષ્પા. ૨૦૪૦માં પ્રસિદ્ધ થયું છે.]

P. ૭૪ આ મહાકાવ્યમાં પ્રથમ સ્કંધ (સ. ૬, શ્લો. ૧)માં કહ્યું છે કે શારદા અન્ય દેવીઓની સાથે નવરાત્રના ઉત્સવ માટે 'મેરુ' ગિરિએ ગઈ.

આ મહાકાવ્યમાં અવાંતર કથા તરીકે પાંચમાં સ્કન્ધમાં [૨]શકુન્તલાનું આખ્યાનક અને [૩]કલાવતીની કથા અને છઠ્ઠા સ્કન્ધમાં [૪]તિલકમંજરીની કથા અપાયાં છે.

આ મહાકાવ્યમાં નળના પિતાના નામ તરીકે **વીર**સેનનો, એના ભાઈના નામ તરીકે **પુષ્કર** અને **કુબર**નો અને એમના દેશનાં નામ તરીકે 'કોશલ' અને 'નિષેધ'નો ઉલ્લેખ છે. વળી દમયંતીની માતાનું નામ **પુષ્પદન્તી** અને એનાં બે સંતાનનાં નામ **ઈન્દ્રસેન** અને **ઈન્દ્રસેના** અપાયાં છે. નળ અને દમયંતી વચ્ચે અનુરાગ ઉત્પન્ન કરનાર હંસ પક્ષી છે અને કલિ એ દમયંતીનો કામુક છે એમ અહીં કહ્યું છે.

આ મહાકાવ્ય વિવિધ અલંકારોથી વિભૂષિત છે. તેમાં શબ્દાલંકારના નમૂના તરીકે પ્રથમ સ્કંન્ધના ૧૪મા સર્ગનું નીચે મુજબનું પદ્ય હું અહીં ઉદ્ધૃત કરું છું :–

"लोलानिलेनाननुनूननुन्ना नाना लिलीलोल्ललितं लुलाना ।
नूनेन नूनं नलिनाननेन नलेन लीना ललने ! ललान ॥ ४९ ॥"

પ્રથમ સ્કન્ધના દ્વિતીય સર્ગનું નિમ્નલિખિત પદ્ય [૫]પટ્ટ–બંધમાં છે:

"सहसारिकृतत्रासः सत्रात त्वं कलारसः ।
सरलाशताभासः सभातारोरुसाहसः ॥ ४८ ॥"[૬]

૨. ૭૫ **નલાયનોદ્ધાર**–આ **નય**સુન્દરની કૃતિ ઉપર્યુક્ત **નલાયનના** સારરૂપે હશે.

[૭]**પદ્મનાભ-પુરાણ**–આના કર્તા દિ. **સ**કલકીર્તિ છે.

---

૧. અહીં નલવિલાસ જેવા નાટકની વાત જતી કરું છું.

૨. જુઓ સ. ૮, શ્લો. ૧૭–સ. ૧૩.

૩. જુઓ સ.૧૩, શ્લો. ૯–સ. ૧૮.

૪. આનો પ્રારંભ સ. ૩, શ્લો. ૧૩થી થાય છે અને એની પૂર્ણાહુતિ આ સર્ગના અંતિમ શ્લોકથી થાય છે.

૫. આના અન્ય ઉદાહરણ માટે જુઓ **અલંકારચિન્તામણિ** તેમ જ I L D. નો ત્રીજો હપ્તો (પૃ. ૮૬)

૬. જુઓ I L D. નો ત્રીજો હપ્તો (પૃ. ૧૦૧)

૭. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૩૩)માં આ નામ પછી કોંસમાં 'ભવિષ્યત્' એવો ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદ્મનાભ-પુરાણ (લ. વિ. સં. ૧૬૦૦)– આના કર્તા દિ. **જ્ઞા**નભૂષણના શિષ્ય **શુ**ભચન્દ્ર છે. એમણે પોતાના **પાંડવપુરાણની** પ્રશસ્તિ (શ્લો. ૭૨)માં આ **પદ્મનાભપુરાણનો પદ્મનાભચરિત** તરીકે ઉલ્લેખ કર્યો છે. આ **પાંડવ-પુરાણનું** પરિમાણ ૨૫૦૫ શ્લોક જેવડું છે.

પદ્મનાભ-પુરાણ–આ **સો**મદત્તે રચ્યું છે. એની એક હાથપોથી વિ. સં. ૧૬૬૦માં લખાયેલી મળે છે. એવી રીતે દિ. **વિ**દ્યાભૂષણે રચેલા **પદ્મનાભ-પુરાણની** એક હાથપોથી વિ. સં. ૧૬૮૦માં લખાયેલી મળે છે.

શ્રેણિક-પુરાણ–આ નામનું એકેક પુરાણ દિ. **શુ**ભચન્દ્રે અને **બા**હુબલિએ રચ્યું છે. એમાં 'મગધ' દેશના નૃપતિ [1]શ્રેણિકનો વૃત્તાંત અપાયો છે.

[2]**જયકુમાર-પુરાણ** (વિ. સં. ૧૫૫૫)–આના કર્તા દિ. **બ્રહ્મ કા**મરાજ છે. એમને આ ૧૩ સર્ગની રચનામાં **જિ**નરાજે સહાય કરી હતી. **પ્ર**ભુરાજે **જયકુમાર-ચરિત્ર** રચ્યું છે. આ બંને કૃતિઓમાં જયકુમારનો જીવનવૃત્તાંત આલેખાયો હશે એમ આ નામો જોતાં ભાસે છે. P. ૭૬

પાંડવ-પુરાણ (વિ. સં. ૧૬૦૮)–આના કર્તા દિ. **શુ**ભચન્દ્ર છે. એમાં યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ, અને સહદેવ એ પાંચ પાંડવોનો અધિકાર છે. આ ૨૫ સર્ગના પુરાણની રચનામાં કર્તાના શિષ્ય **શ્રી**પાલ વર્ણીએ સહાયતા કરી હતી. આ પુરાણની [3]પ્રશસ્તિમાં કર્તાએ પોતાની **ચન્દ્રપ્રભચરિત્ર** ઇત્યાદિ વિવિધ કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે.

સમાનનામક કૃતિઓ– દિ. **શ્રીભૂ**ષણે વિ. સં. ૧૬૫૭માં અને દિ. **વા**દિચન્દ્રે વિ. સં. ૧૬૫૮માં એકેક **પાંડવ-પુરાણ** રચ્યું છે.

કર્ણામૃત-પુરાણ (વિ. સં. ૧૬૮૮)–આના કર્તા દિ. **કે**શવસેન છે. જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૬૮)માં એમના નામની પાછળ કૌંસમાં કૃષ્ણ જિષ્ણુ લખેલું છે. વળી અહીં **પ્ર**ભાચન્દ્રકૃત **કર્ણામૃત-પુરાણ**નો પણ ઉલ્લેખ છે. આ પુરાણનો વિષય જાણવામાં નથી.

અગડદત્ત-પુરાણ–આ અજ્ઞાતકર્તૃક કૃતિની જિ. ૨. કો. (વિ. ૧, પૃ.૧)માં બે હાથપોથી નોંધાયેલી છે. એમાં શુ શ્વેતાંબરીય [4]કૃતિઓમાં જે જાતની અગડદત્તની કથા છે તેવી કથા છે ?

[વિશેષ માટે જુઓ–'એ ન્યૂ વર્સન ઓફ અગડદત્ત સ્ટોરિ' ન્યૂ ઇન્ડીઅન એન્ટીક્વરી ભા.૧. ઇ.સ.૧૯૩૮-૯]

[**પૃથ્વીચન્દ્રચરિત્ર**– કર્તા જયસાગર (પૃ.૧૯૩) અને પદ્મસુન્દર (પૃ.૯૬) બન્નેની નકલ પ્રાકૃતટેક્ષ્ટ સો. અમદાવાદમાં છે.]



૧. **અંતગડદસા** (વર્ગ ૭ ને ૮)માં શ્રેણિકની પત્નીઓ વિષે અને **અણુત્તરોવવાઈયદસા** (વર્ગ ૧ ને ૨માં એમના પુત્રો વિષે ઉલ્લેખ છે.)

૨. **બ્રહ્મદેવસેને** તેમ જ **૨ઇધૂ**એ પણ પદ્યમાં **જયકુમાર-ચરિત્ર** રચ્યું છે. એ બંને કૃતિ અપભ્રંશમાં હશે.

૩. આના શ્લો. ૭૨-૮૦ અને ૮૬ જૈ. સા. ઈ. (પૃ. ૫૩૨-૫૩૩)માં અપાયા છે.

૪. **ઉત્તરજ્ઝયણ**ની ચૂર્ણિ (પત્ર ૧૧૬), **વસુદેવહિણ્ડી** (પૃ. ૩૭-૩૯), **ઉત્તરજ્ઝયણ**ની 'વાદિવેતાલ' **શા**ન્તિસૂરિકૃત વૃત્તિ (પત્ર ૨૧૩-૨૧૬) અને એ આગમ ઉપરની **ને**મિચન્દ્રસૂરિકૃત ટીકા (પત્ર ૮૪-૯૪).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૭૭

પ્રકરણ ૨૧ : શ્રવ્ય કાવ્યો (ચાલુ)

(ઇ) બૃહત્ પદ્યાત્મક ગ્રન્થો : પ્રકીર્ણક ચરિત્રો, પ્રબન્ધો અને કથાઓ

આપણે ૧૮મા અને ૧૯મા પ્રકરણમાં જિનેશ્વરો વિષે અને ૨૦માંમાં મુખ્યતયા પુરાણો દ્વારા **રામ**ચન્દ્ર, **પાં**ડવો અને પુણ્યશ્લોક **ન**ળ વિષે પણ વિચાર કરી ગયા. આથી હવે અહીં મોટે ભાગે તો એ સિવાયની વ્યક્તિઓને અંગે જે બૃહત્ પદ્યાત્મક શ્રવ્ય કાવ્યો અર્થાત્ વિવિધ ચરિત્રો, પ્રબન્ધો અને કથાઓ રચાયાં છે તેની કાલક્રમે નોંધ લઈશું.

શત્રુંજય-માહાત્મ્ય (પ્રાગ્-ઐતિહાસિક યુગ)—આ કૃતિ પાઇયમાં છે કે સંસ્કૃતમાં એનો ઉત્તર આપવા માટે કોઈ સાધન જણાતું નથી એટલે એ સંસ્કૃતમાં હશે એમ માની એની હું અહીં આછી રૂપરેખા આલેખું છું. આ કૃતિનું પરિમાણ સવા લાખ શ્લોક જેવડું છે અને એ પ્રથમ તીર્થંકર **ઋ**ષભદેવના આદેશથી એમના ગણધર **પું**ડરીકસ્વામીએ રચી હતી એમ **ધ**નેશ્વરસૂરિએ શત્રુંજયમાહાત્મ્યના નિમ્નલિખિત શ્લો ૮-૯માં કહ્યું છે :—

"श्रीयुगादिजिनादेशात् पुण्डरीको गणाधिपः ।
सपादलक्षप्रमित्तं नानाश्चर्यकरान्वितम् ॥ ८ ॥
श्रीशत्रुञ्जयमाहात्म्यं सर्वतत्त्वसमन्वितम् ।
चकार पूर्वं विश्वैकहिताय महितं सुरैः ॥ ९ ॥"

શત્રુંજય-માહાત્મ્ય (ઉ. વિ. સં. પૂર્વે ૫૨૭)— આ **મ**હાવીરસ્વામીના પાંચમાં ગણધર સુધર્મસ્વામીએ એમના આદેશથી રચેલી કૃતિ છે. એ ઉપર્યુક્ત કૃતિના સંક્ષેપરૂપ છે અને એનું પરિમાણ
P. ૭૮ ૨૪૦૦૦ શ્લોક જેવડું છે એમ **ધ**નેશ્વરસૂરિકૃત **શત્રુંજય-માહાત્મ્યના** નીચે મુજબના શ્લો૦ ૧૦-૧૧ જોતાં જણાય છે :—

"वर्धमाननियोगेन सुधर्मा गणभृत् ततः ।
ह्रस्वायुष्कान् नरान् जानन् तस्मात् सङ्क्षिप्य तद् व्यधात् ॥ १० ॥
चतुर्विंशतिसाहस्रात् तस्मादालोड्य सारतः ।"

[1]**શત્રુંજય-મહાત્મ્ય** (ઉ. વિ. સં. ૧૩૭૧)—આના કર્તા 'રાજ' ગચ્છના **ધ**નેશ્વરસૂરિ છે. એમણે સુરાષ્ટ્રના રાજા **શિ**લાદિત્યની ઇચ્છાને માન આપી **સુ**ધર્મસ્વામીના રચેલા ૨૪૦૦૦ શ્લોક જેવડા **શત્રુંજયમાહાત્મ્ય**નો સાર ગ્રહણ કરી વલભી (આધુનિક વળાં)માં ૧૫ સર્ગમાં આ કાવ્ય રચ્યું છે. એમાં કેટલાક પ્રસંગોની સાલ અપાઈ છે પણ એમાં વાંધો ઉઠાવાય છે. વળી એની રચના વિ.

---

૧. આ કાવ્ય હીરાલાલ હંસરાજ તરફથી જામનગરથી ઈ. સ. ૧૯૦૮માં પ્રકાશિત થયું હતું પરંતુ એ દુષ્પ્રાપ્ય બનવાથી અને અનેક અશુદ્ધિઓથી ભરપૂર હોવાથી શ્રી, પોપટલાલ પ્રભુદાસે વિ. સં. ૧૯૯૫માં સંક્ષિપ્ત સંસ્કૃત વિષયાનુક્રમ, ગુજરાતી ઉપોદ્ઘાત અને પાઠાંતર સહિત છપાવ્યું છે. એનું સંપાદન શ્રી હીરાલાલ દેવચંદે કર્યું છે. [આનું ભાષાંતર આ. કનકચન્દ્રસૂરિ મ.સા.એ કર્યું છે. તેની બે આવૃત્તિ પ્રગટ થઈ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સં [1]૪૭૭માં થવા વિષે શંકા દર્શાવાય છે કેમકે એના પંદરમાં સર્ગના શ્લો. [2]૮૮માં વિ. સં. ૧૧૯૯થી ૧૨૩૦ સુધી રાજ્ય કરનારા **કુમારપાલ**, **બાહડ**, **વસ્તુપાલ** અને [3]**સમર** વિષે ઉલ્લેખ છે. એમાં ગિરિરાજ શત્રુંજયનો –જૈનોના અગ્રગણ્ય તીર્થનો મહિમા વર્ણવાયો છે. વિશ્વના સ્વરૂપના આલેખનપૂર્વક આનો પ્રારંભ કરી **મહી**પાલ નરેશ્વરનાં પરાક્રમોનું વર્ણન કરાયું છે. ત્યાર બાદ **ઋષભદેવ**નું ચરિત્ર, **ભરત** અને **બાહુબલિ** વચ્ચેનું [4]યુદ્ધ, ભરતે કરેલી યાત્રાઓ અને એમણે 'શત્રુંજય' ઉપર બંધાવેલા P. ૭૯ મંદિરો એમ વિવિધ બાબતો રજૂ કરાઈ છે.

નવમા સર્ગમાં **રામ**ચન્દ્રનું ચરિત્ર અપાયું છે.

સર્ગ ૧૦-૧૩માં **પાંડ**વોની, **કૃષ્ણ**ની તેમ જ **અરિષ્ટનેમિ**ની કથા અપાઈ છે.

સર્ગ ૧૦માં **ભીમ** નામના ચોરની હકીકત છે.

સર્ગ ૧૪માં **પાર્શ્વનાથ**નો વૃત્તાંત છે.

સર્ગ ૧૫માં **જાવડ**નું ચરિત્ર આલેખાયું છે તેમ જ પાંચમાં અને છઠ્ઠા આરાના ભાવિ ભાવનું વર્ણન છે.

પાંચમાં સર્ગનું [5]આદ્યપદ સમસ્યારૂપ છે અને એનો ઉત્તર 'કુવલય' છે.

આ કાવ્યની રચના વૈદિક હિંદુઓનાં પુરાણોમાં આવતાં માહાત્મ્યોને મળતી આવે છે.

વ્યાખ્યા અને બાલાવબોધ–ઉપર્યુક્ત કાવ્ય ઉપર કોઈકે વ્યાખ્યા રચી છે અને **રવિકુશલ**ના P. ૮૦ શિષ્ય **દેવકુશલે** વિ. સં. ૧૬૬૭માં બાલાવબોધ રચ્યો છે.

---

૧. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ.૧૩૪)

૨. ''ततःकुमारपालस्तु बाहडो वस्तुपालकः ।
समराद्या भविष्यन्ति शासनेऽस्मिन् प्रभावकाः ॥ ૮૮ ॥''

૩. **સમર**સિંહે વિ. સં. ૧૩૭૧માં જિનનું નવીન બિંબ કરાવી **સિદ્ધસેન**સૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

૪. આ સંબંધમાં જુઓ મારો લેખ નામે ''બે બાન્ધવો વચ્ચેનું દારુણ યુદ્ધ'' આ લેખ''જૈ. ધ. પ્ર.'' (પુ. ૮૦, અં ૧૦-૧૧)માં એક જ હમે છપાયો છે.

૫. किं तद् वर्णचतुष्टयेन वनजं वर्णैस्त्रिभिर्भूषणं-
माद्यैकेन महीद्वयेन विहगो मध्यद्वये प्राणदः ।
व्यस्ते गोत्रतुरङ्गचारिमखिलं प्रान्ते च सम्प्रेषणं
ये जानन्ति विचक्षणाः क्षितितले तेषामहं किङ्करः ॥

પત્રાકારે મુદ્રિત પુસ્તક (પત્ર ૭૯આ)માં ''मखिलं'' ને બદલે ''कुसुमं'' અને ''सम्प्रेषण'' ને બદલે ''सम्प्रेक्षणं'' એમ પાઠાન્તરો અપાયાં છે.

ઉપર્યુક્ત પદ્ય કંઈક પાઠભેદપૂર્વક **શિવનાગ**કૃત **પાર્શ્વનાથસ્તોત્ર**- (શ્લો.૨૦)ની વૃત્તિમાં જોવાય છે. આ મૂળ સ્તોત્ર વૃત્તિ સહિત **જૈનસ્તોત્ર-સન્દોહ** (ભા. ૨ પૃ. ૭૦-૮૭)માં છપાયુ છે. વિશેષમાં DCGCM (Vol.XVIII, pt.1, p. 442) માં આ પદ્ય મેં નોંધ્યું છે. વિશેષ માટે જુઓ 'પાંચ સો વર્ષ ઉપરની સમસ્યા અને એનો ઉકેલ' નામનો મારો લેખ. આ લેખ ''જૈ. સ. પ્ર.'' (વ. ૧૯. અં. ૨-૩)માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમાનનામક કૃતિઓ–કવિ જિનહર્ષએ પણ **શત્રુંજય-માહાત્મ્ય** નામનો રાસ રચ્યો છે. આને કેટલાક **શત્રુંજય-મહાતીર્થ-માહાત્મ્ય** કહે છે. અન્ય કોઈકની પણ આ નામની ગદ્યાત્મક કૃતિ છે.

[1]**શત્રુંજયમાહાત્મ્યોલ્લેખ** (વિ. સં. ૧૭૮૨)– આ કૃતિ પંડિત હંસરત્ને વિ. સં. ૧૭૮૨માં રાજદ્રંગમાં એટલે કે રાજનગરમાં અર્થાત્ અમદાવાદમાં સુગમ સંસ્કૃતમાં મુખ્યતયા ગદ્યમાં રચી છે. એમણે અહીં કહ્યું છે કે ધનેશ્વરસૂરિકૃત દસ હજાર શ્લોક જેવડા **શત્રુંજયમાહાત્મ્ય**ના ઉદ્ધારરૂપે મેં આ રચના કરી છે. આ કૃતિ પંદર અધિકારમાં વિભક્ત છે અને એનું પરિમાણ ૮૫૫ શ્લોક જેવડું છે. પ્રસ્તુત હંસરત્ન એ 'નાગપુરીય તપા' ગચ્છના **ન્યાય**રત્નના શિષ્ય થાય છે.

શત્રુંજયમાહાત્મ્યોદ્ધાર–આ ધનેશ્વરસૂરિકૃત **શત્રુંજયમાહાત્મ્ય**ના સંક્ષેપરૂપ છે અને એનો ઉલ્લેખ પ્રો. વેબરે પોતાની કૃતિ નામે "**બર્લિનની હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર**" (ભા. ૨, ક્રમાંક ૧૯૯૩)માં કર્યો છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ ૩૭૨)માં ઉલ્લેખ છે. આ જ ઉપર્યુક્ત કૃતિ છે ?

શત્રુંજયમહાતીર્થોદ્ધારપ્રબન્ધ (વિ. સં. ૧૩૯૨)–આના કર્તા કક્કસૂરિ છે. શું આ કૃતિ પદ્યમાં છે ? [ગુજ. અનુવાદ સાથે જિનશાસન આ. ટ્રસ્ટ. સં. ૨૦૫૮માં પ્રસિદ્ધ.]

P. ૮૧ **શત્રુંજયમાહાત્મ્ય**–આ ગદ્યાત્મક અપૂર્ણ કૃતિની એક હાથપોથી લીંબડીના ભંડારમાં છે. એના કર્તા વગેરેનું નામ જાણવામાં નથી.

[2]**શત્રુંજયોદ્ધાર** (વિ. સં. ૧૫૮૭)–આને **ઈષ્ટાર્થસાધક** પણ કહે છે. આ કૃતિ **વિનય**મંડનના શિષ્ય **વિવેક**ધીરગણિએ વિ. સં. ૧૫૮૭માં રચી છે. આ **ધનેશ્વર**સૂરિકૃત **શત્રુંજયમાહાત્મ્યના** ઉદ્ધારરૂપ છે.

[**શત્રુંજયકથાકોષ** નામની **શત્રુંજયકલ્પલતા** ઉપરની ટીકા **શુભશીલ**ગણિએ સં. ૧૫૧૮માં રચી છે.]

શત્રુંજયોદ્ધાર (વિ. સં. ૧૬૬૭)–આ ખંભાતના **મહી**રાજના પુત્ર **ઋષભદાસે ધનેશ્વર**સૂરિકૃત **શત્રુંજયમાહાત્મ્યના** સંક્ષેપરૂપે રચેલી કૃતિ છે.

[**જિનહર્ષ**કૃત **શત્રુંજયમાહાત્મ્ય** અને **નયસુન્દર**કૃત **શત્રુંજયોદ્ધાર** (રચના સં. ૧૬૩૮)નો **જિ.૨.કો.** પૃ. ૩૭૨માં ઉલ્લેખ છે.]

[3]**નાભિનન્દનોદ્ધારપ્રબન્ધ**[4] (વિ. સં. ૧૩૯૩)–આ **સિદ્ધ**સૂરિના શિષ્ય **કક્ક**સૂરિની કૃતિ છે. એમાં **અલા**વદીને (**અલા**-ઉદ્-દિન) ક્યાં ક્યાં હિંદુ રાજ્યોનો નાશ કર્યો તેની હકીકત

૧. આ કૃતિ "**શત્રુંજયમાહાત્મ્ય**"ના નામથી શ્રી. પુરુષોત્તમદાસ ગીગાભાઈએ વિ. સં. ૧૯૭૧માં છપાવી છે. [આનું પુનઃ પ્રકાશન "દિવ્યદર્શન ટ્રસ્ટ" તરફથી અને મુનિ જયાનન્દ વિ.ના સંપાદન પૂર્વક ભીનમાલથી થયું છે.]

૨. આ કૃતિ "જૈ. આ. સ." તરફથી મુનિ **જિન**વિજયજીની પ્રસ્તાવના સહિત વિ સં. ૧૯૭૩માં છપાવાઈ છે.

૩. આ સમગ્ર પ્રબંધ "હેમચંદ્ર ગ્રંથમાલા"માં પ્રસિદ્ધ કરાયો છે. **જિ. ૨ કો.** (વિ. ૧, પૃ. ૨૧૦)માં કહ્યું છે કે આ કૃતિ તે કદાચ **શત્રુંજયમહાતીર્થપ્રબન્ધ** જ હશે.

૪. આને લગતાં પદ્યો ગુજરાતી અનુવાદ સહિત "ઉલગખાન અને અલપખાન" નામના **જિન**વિજયજીના લેખ (પૃ. ૨૭૨-૨૭૪)માં જોવાય છે. આ લેખ "પુરાતત્ત્વ" (પુ. ૪, અં, ૩-૪)માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે.[૧] એમાં **અલપખાન**નો પણ વૃત્તાન્ત છે. એની સાથે સાહા **દેસલ**ના પુત્ર **સમ**રસિંહને મિત્રતા હતી તે વાત અહીં અપાઈ છે. એ **સમ**રસિંહ 'શત્રુંજય તીર્થના ઉદ્ધાર માટે એની પાસેથી ફરમાન મેળવવા ગયો અને ઉદ્ધારના કાર્યમાં એને કેવી સરસ' અનુકૂળતા મળી એ[૨]બાબત અહીં આલેખાઈ P. ૮૨ છે. આ **નાભિનન્દનોદ્ધાર**પ્રબન્ધમાં ગુજરાતનું તેમ જ પાલણપુરનું ભવ્ય વર્ણન છે.[૩]

[૪]**વજ્રભૂતીય** [૫]**કાવ્યો** (ઉ. વિક્રમની બીજી સદી): આ ભરુ-કચ્છ(ભરૂચ)ના નિવાસી **વજ્ર**ભૂતિસૂરિની રચના છે. એઓ શરીરે અત્યંત કૃશ-સૂકલકડી હતા અને [૬]રૂપહીન હતા. એમને કોઈ શિષ્યાદિરૂપ પરિવાર પણ ન હતો. એમના સમયમાં એ ભરૂચમાં **નભો**વાહન નામનો સમૃદ્ધ કોશવાળો રાજા હતો. એ રાજા તે પશ્ચિમ ભારતનો 'ક્ષહરાત' વંશનો શક ક્ષત્રપ **નહ**પાન સંભવે છે. એનો સમય ઈ. સ.ની બીજી સદીનો પૂર્વાર્ધ મનાય છે. એ રાજાના અંતઃપુરમાં આ **વજ્ર**ભૂતિસૂરિનાં કાવ્યો ગવાતાં હતાં. એ સાંભળીને એ રાજાની રાણી પદ્માવતીને એના પ્રણેતાને-વજ્રભૂતિસૂરિને જોવાનું મન થયું. એથી એક દિવસ એ રાણી પોતાના પતિની રજા લઈ અને યોગ્ય ભેટણું લઈને દાસીઓ સાથે વજ્રભૂતિસૂરિની વસતિમાં આવી. ત્યાં બારણામાં રાણીને આવેલી જોઈ વજ્રભૂતિસૂરિ જાતે જ હાથમાં આસન લઈ બહાર નીકળ્યા. એમને જોઈ **પદ્મા**વતીએ પૂછ્યું કે આચાર્ય વજ્રભૂતિ ક્યાં છે ? **વજ્ર**ભૂતિસૂરિએ જવાબ આપ્યો કે એઓ તો બહાર ગયા છે. એક દાસીએ ઇશારતથી રાણીને સમજાવ્યું કે આ જ વજ્રભૂતિસૂરિ છે. એ જાણી પદ્માવતી વિરાગ પામી અને બોલી કે હે [૭]કસેરુમતી નદી ! P. ૮૩ મેં તને જોઈ અને તારું પાણી પીધું. તારું નામ તો સારું છે પણ દર્શન સારું નથી. [૮]પછી વજ્રભૂતિસૂરિને એ રાણીએ પોતે લાવેલું ભેટણું સોંપ્યું અને જાણે પોતે એમને ઓળખી ન લીધા હોય તેમ વર્તી એ બોલી કે આ ભેટણું **વજ્ર**ભૂતિસૂરિને આપજો. આમ કહી એ ચાલી ગઈ.[૯]

પદ્મચરિત્ર (ઉ. વિક્રમની છઠ્ઠી સદી)—આના કર્તા સમર્થ આચાર્ય **મલ્લ**વાદી છે એમ મનાય છે. એઓ **સિદ્ધ**સેન દિવાકર કરતાં પછી અને સમભાવભાવી **હરિ**ભદ્રસૂરિ કરતાં પહેલાં થયા છે.

---

૧. આ પ્રસંગને અંગેના પદ્યો ગુજરાતી અનુવાદ સહિત ઉપર્યુક્ત લેખ (પૃ. ૨૭૪-૨૭૮)માં જોવાય છે.

૨. જુઓ પં. **લાલ**ચંદ્ર ભ. ગાંધીનો લેખ "શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધારક નામે સમરસિંહ (તિલિંગ દેશનો સ્વામી)." આ લેખ "જૈન યુગ" (વ. ૧, પૃ. ૧૦૨, ૧૮૩, ૨૫૫ અને ૪૦૩)માં છપાયો છે.

૩. આ સંબંધમાં જુઓ **જિન**વિજયજીનો લેખ નામે "ગૂર્જર ભૂમિની ભવ્યતાનું એક ઉલ્લેખ્ય વર્ણન". આ લેખ "પુરાતત્ત્વ" (પુ. ૫, અં. ૧)માં છપાયો છે.

૪. આ નામ મેં યોજ્યું છે.

૫. આ સંસ્કૃતમાં હશે અને એ વિપુલ સંખ્યામાં હશે એમ માની મેં આની અહીં નોંધ લીધી છે. આ કાવ્યો આજે મળે છે ખરાં ?

૬. આ ઉપરથી કોઈને 'કલાપી' (કાઠિયાવાડના લાઠીના ઠાકોર **સુ**રસિંહજી ત. ગોહેલ), 'કાન્ત' (**મ**ણિશંકર રત્નજી ભટ્ટ) વગેરે યાદ આવે તો નવાઈ નહિ.

૭. આને **મલય**ગિરિસૂરિએ 'કસેરુ' કહી છે. વિશેષમાં આ નદીની પ્રસિદ્ધિ તો ઘણી છે પણ તે પ્રમાણે એનું પાણી નથી એમ કહ્યું છે. આ નદી લાટમાં કે એના આસપાસના પ્રદેશમાં હશે એમ ડૉ. **સાં**ડેસરાએ **જૈન આગમસાહિત્યમાં ગુજરાત** (પૃ. ૩૪)માં કહ્યું છે તો એ નદી ક્યાં આવી તેની તપાસ થવી ઘટે.

૮-૯ જુઓ **વવહાર** ઉપરનું ભાસ (ગા. ૫૮-૫૯) અને એ ઉપરની **મલય**ગિરિસૂરિકૃત વૃત્તિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમનો સમય મોડામાં મોડો વિક્રમનો છઠ્ઠો સૈકો ગણાય છે. એમણે **સમ્મઈપયરણ** ઉપર ટીકા રચી છે[૧] પણ એ હજી સુધી તો મળી આવી નથી. એમની સુપ્રસિદ્ધ કૃતિ [૨]**નયચક્ર** કિંવા **દ્વાદશારનયચક્રના**
P. ૮૪ નામે ઓળખાવાય છે. **પ્ર. ચ.** (શૃંગ ૧૦)માં આ જ **મલ્લવાદી**નો જીવનવૃત્તાંત આલેખાયો હોય એમ લાગે છે. એ હિસાબે એમણે પ્રસ્તુત **પદ્મચરિત્ર** ૨૪૦૦૦ શ્લોક જેવડું રચ્યું હતું પણ એ અપ્રાપ્ય છે. એનું નામ વિચારતાં એમાં **રામ**ચન્દ્ર અને સતી **સીતા**નો વૃત્તાંત અપાયો હોવો જોઈએ. જો એ સંસ્કૃતમાં હોય તો **પઉમચરિય** એ જેમ જૈન પાઇય સાહિત્યમાં પ્રાચીનતમ **રામ**કથા છે તેમ સંસ્કૃતમાં આ કૃતિને ગણી શકાય એમાં રાવણનું ચિત્ર પગના અંગૂઠા પૂરતું યે સીતાએ ચિતરી આપ્યાની હકીકત આવતી હોય તો એ દૃષ્ટિએ પણ એ પ્રથમ ગણાય.

[૩]**વરાંગ-ચરિત** (લ. વિ. સં. ૭૫૦)—આના કર્તા **જટાસિંહનન્દિ** છે. એમને **સિંહનન્દિ**, જટિલ, જટાચાર્ય અને જડિય પણ કહે છે. એઓ કર્ણાટકના વતની હશે. આ ચરિત જે બે હાથપોથીઓ ઉપરથી પ્રસિદ્ધ કરાયું છે તેમાં એકેમાં કર્તાનું નામ નથી પરંતુ ચામુંડરાયે કન્નડમાં જે **ચામુંડરાયપુરાણ** યાને **ત્રિષષ્ટિ.** રચ્યું છે તેમાંની એક કંડિકા એ હાથપોથીગત લખાણના અનુવાદરૂપે જોવાય છે તેમ
P. ૮૫ જ એ પછી જે એક પદ્ય [૪]ઉદ્ધૃત કરાયું છે તે **વરાંગચરિત** (સ.૧)ના ૧૫મા પદ્યરૂપે જોવાય છે. આ ઉપરથી આ જ ચરિતના કર્તા **જટાસિંહનન્દિ** છે એમ મનાય છે. **વરાંગચરિત** અને એના કર્તા એ

૧. જુઓ **અનેકાન્તજયપતાકાની** સ્વોપજ્ઞવૃત્તિ (ખંડ ૧, પૃ. ૫૮ને ૧૧૬).

૨. આ કૃતિના પહેલાનાં ચાર આરા પૂરતો પ્રથમ ખંડ એને અંગેની સિંહસૂરિકૃતટીકા સહિત "ગા.પૌ.ગ્રં."માં ઈ.સ. ૧૯૫૨માં પ્રસિદ્ધ થયો છે. એમાં ટીકાગત વિશેષ નામોની સૂચી અપાઈ છે. આ જ કૃતિ સિંહસૂરિગણિ શ્રમણકૃત ન્યાયાગમાનુસારિણી ટીકા સહિત ચાર ભાગમાં અનુક્રમે વિ. સં. ૨૦૦૪, ૨૦૦૭, ૨૦૧૩ અને ૨૦૧૬માં "લ. જ. ગ્રં."માં પ્રસિદ્ધ કરાઈ છે. પ્રથમ ભાગમાં પહેલા બે આરા પૂરતું, દ્વિતીય ભાગમાં એ પછીના ચાર આરાને અંગેનું તૃતીય ભાગમાં બીજા બે આરાને લગતું અને ચતુર્થ ભાગમાં બાકીના ચારે આરા અંગેનું લખાણ છે. ચોથા-અંતિમ ભાગમાં પં. **વિક્રમવિજયજી**ગણિએ ગુજરાતીમાં વિસ્તૃત 'પ્રાક્-કથન' લખ્યું છે. એનો મુનિશ્રી ભાસ્કરવિજયજીની સૂચના થતાં મેં અંગ્રેજીમાં અનુવાદ વિકટ પરિસ્થિતિ હોવા છતાં એક પખવાડિયામાં તૈયાર કરી આપ્યો હતો. એ "Foreword"ના નામની સાથે સાથે છપાવાયો છે પરંતુ એનાં મુદ્રણપત્રો મને ન મોકલતાં નામનું અંગ્રેજી જાણનાર પાસે તપાસાવાયાં હોવાથી એમાં જાતજાતના મુદ્રણદોષો ઉદ્ભવ્યા છે. એમ જાણવા મળતાં આ વાત મેં શ્રી વિજયલબ્ધિસૂરિજીને કહેતાં એમણે મારું અંગ્રેજી લખાણ પ્રાક્-કથનના હિન્દી ભાષાંતર સહિત ફરીથી છપાવવા પં. **વિક્રમવિજયજી**ને સૂચવ્યું હતું પરંતુ અત્યાર સુધી તો એનો અમલ થયો નથી.
[મુનિશ્રી **જંબૂવિજય** મ.સા.એ સંપાદિત દ્વા. નયચક્રના ભાગો આત્માનંદસભાએ પ્રગટ કર્યા છે. આમાં મુનિશ્રીએ ટીકાના આધારે મૂળનું અનુસંધાન કરવા ભગીરથ પ્રયત્ન કર્યો છે.]

૩. આ ચરિત "મા. દિ. જૈ. ગ્રં." માં ૪૦માં ગ્રંથ તરીકે ઈ. સ. ૧૯૩૮માં છપાવાયું છે. એમાં એના સંપાદક ડૉ. **એ.** એન. ઉપાધ્યેએ અંગ્રેજીમાં લખેલી પ્રસ્તાવના અને એના હિંદી અનુવાદરૂપે **કૈ**લાશચન્દ્ર શાસ્ત્રીએ લખેલો સાર અપાયા છે. વળી, સંસ્કૃતમાં વિષયાનુક્રમ છે. કેટલેક સ્થળે પાઠ ત્રુટક છે. દા.ત. જુઓ પૃ. ૧૭૨, ૨૮૧ અને ૨૪૨.

૪. પાંચમાં સર્ગનો શ્લો. ૧૦૩ **યશસ્તિલક** (આ. ૭, પૃ. ૩૩૨)માં ઉદ્ધૃત કરાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બંનેના નામ તો સૌથી પ્રથમ **દાક્ષિણ્યચિહ્નસૂરિએ** વિ. સં. ૮૩૫માં રચેલી **કુવલયમાલામાં** જોવાય છે. આ ઉપરથી એ ફલિત થાય છે કે આ **વરાંગચરિત** વિ. સં. ૭૫૦ની આસપાસમાં રચાયું હશે. રવિષેણના **પદ્મપુરાણ** કરતાં પહેલાં એ રચાયું છે કે કેમ તેનો નિર્ણય કરવો બાકી રહે છે,

આ જટાસિંહનન્દિની બીજી પણ કોઈ કૃતિ હશે અને એ જૈન સિદ્ધાન્તના નિરૂપણરૂપે હશે એમ **યો**ગીન્દ્રકૃત મનાતી **અમૃતાશીતિમાંના** એક અવતરણનો આ **વરાંગચરિતમાં** અભાવ જોઈ અનુમનાય છે.

પરિમાણ—વ્યાકરણવિષયક વિવિધ વિલક્ષણતાઓથી અંકિત અને કેટલાક અપ્રચલિત શબ્દોથી સમૃદ્ધ આ ચરિતમાં એકત્રીસ સર્ગ (જો કે સામાન્ય રીતે ત્રીસથી અધિક ન જોઈએ) છે. એનાં પદ્યોની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છેઃ—

૭૦, ૯૫, ૬૩, ૧૧૪, ૧૧૦, ૫૫, ૬૭, ૬૯, ૬૨, ૬૪, ૮૭, ૮૮, ૮૯, ૯૮, ૧૪૬, ૧૧૧, ૮૬, ૧૩૦, ૮૧, ૯૧, ૮૦, ૭૯, ૧૦૭, ૭૭, ૯૮, ૧૦૭, ૯૪, ૧૦૮, ૯૯, ૭૫, અને ૧૧૫.

આમ આમાં એકંદર ૨૮૧૫ પદ્યો છે.

વિષય—વરાંગચરિતમાં વરાંગનો જીવનવૃત્તાંત આલેખાયો છે. વરાંગ એ 'ઉત્તમપુર'ના રાજા **ધર્મસેન** અને એની પત્ની **ગુણવતીના** પુત્ર થાય છે. એમનાં લગ્ન દસ કન્યા સાથે કરાયાં હતાં. **અરિષ્ટનેમિ**ના મુખ્ય **શિષ્ય વરદત્ત**ની પાસે આ વરાંગે અણુવ્રતો ગ્રહણ કર્યાં હતાં. **ધર્મસેને** આ **વરાં**ગને યુવરાજ બનાવ્યા તેથી એમની અપર માતા **મૃગસેના** અને એનો પુત્ર **સુષેણ** ઈર્ષ્યા કરવા P. ૮૬ લાગ્યાં. **સુબુદ્ધિ** મંત્રી આ બેનો અંદરથી પક્ષપાતી બન્યો, જો કે બહારથી તો એ સ્વામિભક્ત રહ્યો. એક વેળા એણે બે ઘોડા કેળવ્યા અને આગળ ઉપર વિપરીત શિક્ષણ અપાયેલા ઘોડા ઉપર **વરાં**ગને બેસવાનો પ્રસંગ ઊભો કર્યો. એ ઘોડો **વરાં**ગને ગાઢ જંગલમાં લઈ ગયો. ત્યાં એમને વિવિધ સંકટોનો સામનો કરવો પડ્યો. ત્યાંથી એઓ એક સાર્થવાહની સાથે 'લલિતપુર' ગયા અને '**કશ્ચિદ્‌ભટ**' એવું પોતાનું નામ જાહેર કરી ત્યાં રહ્યાં. તેવામાં 'મથુરા'ના રાજાએ એ 'લલિતપુર'ના રાજા ઉપર ચઢાઈ કરી. વરાંગે એ રાજાને મારી હઠાવ્યો. એથી રાજી થઈ 'લલિતપુર'ના રાજાએ એમને પોતાની કન્યા પરણાવી અને એમને અડધું રાજ્ય આપ્યું.

વરાંગના પિતા **ધર્મસેન**નું રાજ્ય લઈ લેવા માટે **બકુલેશ્વરે** ચઢાઈ કરી ત્યારે **ધર્મસેને** લલિતપુરના રાજાની મદદ માંગી. એ સમયનો વરાંગે લાભ લઈ એ રાજાને હરાવ્યો. પછી એ **ધર્મસેન**ને મળ્યા. એથી એ તેમ જ વરાંગની માતા તેમ જ એમની પત્નીઓ આનંદિત થઈ.

ધર્મસેનની અનુજ્ઞા લઈ **વરાં**ગે નવું સામ્રાજ્ય સ્થાપ્યું અને આનર્તપુરને રાજધાની બનાવી. એક વેળા આકાશમાંથી એક તારાને પડતો જોઈ એમને વૈરાગ્ય ઉદ્‌ભવ્યો. પોતાના પુત્ર **સુ**ગાત્રને ગાદી સોંપી એમણે વરદત્ત મુનિવર પાસે દીક્ષા લીધી અને અંતમાં એઓ મોક્ષે ગયા.

ધર્મ-કથા—વરાંગચરિતના પ્રત્યેક સર્ગની પુષ્પિકામાં એને 'ધર્મ-કથા' કહી છે. એ ધર્મ વગેરે ચારે પુરુષાર્થના નિરૂપણરૂપ છે. નગર, ઋતુઓ, પ્રણયોત્સવ, લગ્ન, ક્રીડા, યુદ્ધ ઈત્યાદિનાં વર્ણનો આ ચરિતમાં જોવાય છે. એ હિસાબે એ 'મહાકાવ્ય' ગણાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૮૭ દિવાલો ઉપર આલેખાયેલાં અને એમાં કોતરાયેલાં ચિત્રોથી વિભૂષિત ભવ્ય જૈન મંદિરો અને એની આકર્ષક પ્રતિમાનું વર્ણન આ ચરિતમાં સ. ૨૨, શ્લો. ૫૭-૭૭માં અપાયું છે. સાથે સાથે વિવિધ પ્રકારની પૂજા વિષે પણ માહિતી અપાઈ છે.

આ કાવ્યમાં સ્વભાવ, કાળ વગેરે કારણો ગણાવાયાં છે તેમ જ વિશ્વની નિત્યતા અને અનિત્યતા વિષેના એકતરફી વિચારોની ઝાટકણી કઢાઈ છે. અહીં શૂન્યવાદ, ક્ષણિકવાદ અને પ્રતીત્યસિદ્ધિ એ બૌદ્ધ મંતવ્યોનું ખંડન કરાયું છે. જન્મને પ્રાધાન્ય ન આપતાં ગુણને પ્રાધાન્ય આપી વર્ણની શ્રેષ્ઠતા નક્કી કરવી ઘટે એવું અહીં પ્રતિપાદન કરાયું છે.

સ. ૨૫, શ્લો ૭૪-૯૮માં **રુદ્ર, બ્રહ્મા** અને **વિષ્ણુ** એ અજૈન દેવોનાં દૂષણો દર્શાવી એ 'દેવાધિદેવ' પદને લાયક નથી એમ કહેવાયું છે. આ સર્ગમાં કેટલાંક વૈદિક અનુષ્ઠાનો ઉપર પણ પ્રહાર કરાયા છે.

સ. ૨, શ્લો. ૫૩-૫૬માં શિબિકા (પાલખી)નું વર્ણન છે.

સ. ૪, માં કર્મના સિદ્ધાન્તનું નિરૂપણ છે. સ. ૫ માં વિશ્વનું વર્ણન છે અને એના શ્લો. ૧૦૩માં કહ્યું છે કે 'સ્વયંભૂ(રમણ)' સમુદ્રમાંનો ક્ષુદ્ર મત્સ્ય જે મહામત્સ્યના કાનમાં રહે છે તે સ્મૃતિદોષથી અધોગતિને પામે છે. સ. ૬ તિર્યંચોના પ્રકારો અને એનાં દુઃખો વિષે, સ. ૭ ભોગભૂમિના
P. ૮૮ મનુષ્યો અને સ. ૮ કર્મભૂમિના મનુષ્યો વિષે અને સ.૯ દેવો અને [1]સ્વર્ગ વિષે માહિતી પૂરી પાડે છે. સ. ૧૦માં મુક્તિનો, સ. ૧૧માં જીવાદિ છ દ્રવ્યોનો અને સ. ૨૭માં કાળ અને ૬૩ કારણ-પુરુષોનો એટલે કે શલાકા-પુરુષોનો અધિકાર છે. આ પ્રમાણેના આ નવ સર્ગોને કથાના મુખ્ય વહેણ સાથે કંઈ લેવા-દેવા નથી.

સંતુલન—અશ્વઘોષે બૌદ્ધ દર્શનનાં તત્ત્વો રજૂ કરવાના ઈરાદે [2]**સૌન્દરનન્દ** અને **બુદ્ધચરિત** રચ્યાં છે તેમ જટાસિંહનન્દિએ જૈન ધર્મના સિદ્ધાન્તોના નિરૂપણાર્થે કાવ્યને વાહન બનાવ્યું છે. જટાસિંહનન્દિ ઉપર **અશ્વઘોષનો** ખૂબ પ્રભાવ પડ્યો હોય એમ લાગે છે. બંનેને ઉપજાતિ [3]છંદ
P. ૮૯ વિશેષતઃ પ્રિય છે. છેલ્લા બે સર્ગો જૈન શ્રમણોની જીવનચર્યા રજૂ કરે છે. એ રીતે એ **સૌન્દરનન્દમાંના**

૧. ''સૌધર્મ'' વગેરે કલ્પ બાર, નહિ કે સોળ ગણાવાયા છે. જુઓ શ્લો. ૭-૯.

૨. **નન્દ** એ મહર્ષિ બુદ્ધનો ઓરમાન ભાઈ થાય છે. એ પોતાની પત્ની **સુંદરી**માં અતિશય આસક્ત રહેતો હતો. તેમ છતાં એમને પરાણે બુદ્ધે દીક્ષા આપી હતી અને વિવિધ દૃષ્ટાંતો દ્વારા વૈરાગ્યમાં સ્થિર કર્યા હતા. આ હકીકત આ સૌન્દરનન્દ કાવ્યમાં વર્ણવાઈ છે. **આવસ્સય**ની ચુણ્ણિ (પૂર્વ ભાગ, પૃ. ૫૬૬) અને આ આગમ ઉપરની **મલયગિરિસૂરિકૃત** વૃત્તિ (ભા. ૩, પત્ર ૫૩૩અ)માં જે **સુન્દરી**માં આસક્ત રહેનારા **નાસિક્ય** નંદ વણિકની કથા અપાઈ છે તે આ કાવ્યનું સ્મરણ કરાવે છે. ડૉ. **સાંડેસરા**એ **જૈ. આ. ગુ.**માં આની નોંધ લીધી છે પરંતુ એમણે **સૌન્દરનન્દ**ને બદલે **સૌન્દરાનન્દ** એવું નામ પૃ.૯૫, ૨૦૨ અને ૨૬૧માં નોંધ્યું છે. પ્રકાશિત પુસ્તક જોતાં તો ખરું નામ **સૌન્દરનન્દ** છે એટલે એ હિસાબે આ ભૂલ ગણાય.

૩. ૧૮૭૯ પદ્યો ઉપજાતિમાં છે જ્યારે બાકીનાં પદ્યો માટે અનુષ્ટુભ્, દ્રુતવિલંબિત, પુષ્પિતાગ્રા, પ્રહર્ષિણી, ભુજંગપ્રયાત, માલભારિણી, માલિની, વસંતતિલકા અને વંશસ્થ એ છંદો વપરાયા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બૌદ્ધ સાધુઓની દિનચર્યા રજૂ કરતા ચૌદમાં સર્ગનું સ્મરણ કરાવે છે. **વરાંગચરિતના** સ. ૪ના શ્લો. ૨-૯, ૧૧, ૧૫-૨૩, ૨૪-૩૮, ૩૯-૪૧, ૪૨, ૪૩-૪૪, ૪૯-૫૬, ૫૭-૫૮, ૬૨-૬૫ અને ૯૧-૧૦૩ એ **ત. સૂ.** નાં અ. ૮, સૂ. ૩-૬, અ. ૧, સૂ. ૧૫, અ. ૧, સૂ. ૨૧-૨૩, અ.૧, સૂ. ૨૯, અ. ૮ સૂ. ૭-૧૩, અ. ૮ સૂ. ૧૪-૨૦, અ. ૮ સૂ. ૧ અ. ૧, અ. ૬, સૂ. ૧૦, અ. ૮, સૂ. ૭ અ. ૬, સૂ. ૧૧-૧૨, અ. ૬, સૂ. ૧૩-૧૪ અને અ. ૬, સૂ. ૧૫-૨૭ સાથે ઘણું સામ્ય ધરાવે છે.[1]

૨૬મા સર્ગના શ્લો. ૫૨, ૫૩, ૫૪-૫૫, ૫૭-૫૮, ૬૦, ૬૧-૬૩, ૬૪-૬૫, ૬૯, ૭૦-૭૧ અને ૭૨ એ **સમ્મઈપયરણના** પ્રથમ કાંડની ગાથા ૬, ૯, ૧૧-૧૨, ૧૭-૧૮, ૨૧-૨૨-૨૫ અને ૫૧-૫૨ સાથે અને ત્રીજા કાંડની ગાથા ૪૭, ૫૪-૫૫ અને ૫૩ સાથે સામ્ય ધરાવે છે.[2] આ ઉપરથી **જટાસિંહનન્દિએ સિદ્ધસેન** દિવાકરના **સમ્મઈપયરણનો** લાભ લીધો હશે એમ જણાય છે.

સ. ૨૬ના શ્લો. ૮૨-૮૩ **સ્વયંભૂસ્તોત્ર** (શ્લો. ૧૦૨-૧૦૩)ને મળતા આવે છે.[3] આ સર્ગનો શ્લો. ૯૯ **આવસ્સયની** નિજ્જુત્તિની ગા. ૨૨નું સ્મરણ કરાવે છે.[4]

વરાંગ-ચરિત (લ. વિ. સ. ૧૩૬૦)—આના કર્તા 'મૂલ' સંઘ, 'બલાત્કાર' ગણ અને 'ભારતી' ગચ્છના ભટ્ટારક દિ. **વર્ધમાન** છે. 'પર-વાદિ-દન્તિ-પંચાનન' એવું એમનું બિરુદ હતું. **ન્યાયદીપિકાના** કર્તા **ધર્મભૂષણ**ના આ ગુરુ થતા હશે અને એમ હોય તો એ **વિક્રમની** ચૌદમી સદીના અંતમાં થયેલા ગણાય. જો એ '**હુંચ**' શિલાલેખના કર્તા હોય તો એઓ વિ. સં. ૧૫૮૬ની આસપાસના ગણાય. આવી P. ૯૦
પરિસ્થિતિમાં એમની ઉપર્યુક્ત કૃતિ. ઈ.સ. ૧૩મી સદીની પૂર્વેની સંભવે નહિ.

આ તેર સર્ગનું **વરાંગ-ચરિત** તે **જટાસિંહનન્દિના વરાંગ-ચરિત** સાથે શબ્દરચના તેમ જ કથાગત બનાવોના ક્રમની બાબતમાં મળતું આવે છે. આથી એમ અનુમનાય છે કે **વર્ધમાને** આના સારરૂપે પોતાની આ કૃતિ રચી હશે. [મરાઠી અનુવાદ સાથે આ સોલાપુરથી ૧૯૨૭માં પ્રસિદ્ધ છે.]

વિ. સં. ૧૭૦૦ની આસપાસમાં થયેલાં પં. **ધરણિએ** કન્નડમાં એક **વરાંગ-ચરિત** રચ્યું છે તે આ **વર્ધમાનકૃત વરાંગ-ચરિતને** આધારે યોજાયું હોય એમ લાગે છે.

લાલચન્દે જે **વરાંગચરિત** ૧૩ સર્ગમાં હિંદીમાં વિ. સં. ૧૮૧૮માં રચ્યું છે એ ઉપર્યુક્ત **વર્ધમાનકૃત વરાંગ-ચરિતનું** હિંદી પદ્યાત્મક રૂપાંતર હોવાનું મનાય છે.

વરાંગનૃપચરિત્ર—આના કર્તા **જ્ઞાનભૂષણ** છે એમ **જિ. ૨. કો.** (વિ.૧, પૃ.૩૪૨)માં ઉલ્લેખ છે.

[5]**શાન્ત-કાવ્ય** (ઉ. વિ. સં ૭૫૦)—જિનસેન બીજાએ વિ. સં. ૮૪૦માં રચેલા **હરિવંશપુરાણ** (શ્લો. ૩૬)માં **શાન્ત** નામના કોઈક જૈન ગ્રંથકારની 'ઉત્પ્રેક્ષા' અલંકારથી યુક્ત વક્રોક્તિઓની પ્રશંસા કરી છે તો એ વક્રોક્તિથી પરિપૂર્ણ કોઈ કાવ્ય આ **શાન્ત**નું હોવું જોઈએ. 'શાન્ત'થી **શાન્તિષેણ** અભિપ્રેત હશે.

---

૧. જુઓ ઉપર્યુક્ત અંગ્રેજી પ્રસ્તાવના (પૃ. ૩૧).
૨. એજન, પૃ. ૨૧ ૩. એજન, પૃ. ૨૦
૪. એજન, પૃ. ૨૦ ૫. આ નામ મેં યોજ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તારાગ(ય)ણ (ઉ. વિ. સં. ૮૯૫)–આ નામના કાવ્યનો અને એના કર્તા તરીકે શ્વેતાંબરશિરોમણિ **ભદ્રકીર્તિ**નો ઉલ્લેખ **તિલકમંજરી** (શ્લો. ૩૨)માં છે. આ **ભદ્રકીર્તિ** તે **બપ્પભટ્ટિસૂરિ** છે એમ આ તિલકમંજરીના **ટિપ્પન**માં **શાન્તિસૂરિ**એ કહ્યું છે. પ્ર. ચ. (શૃંગ ૧૧, શ્લો. ૬૬૦) પ્રમાણે **બપ્પભટ્ટિસૂરિ**એ બાવન પ્રબંધો રચ્યા છે. તેમાંનો એક તે **તારાગણ** છે. આ [૧]**બપ્પભટ્ટિસૂરિ**નો જન્મ વિ. સં. ૮૦૦માં થયો હતો અને એઓ વિ. સં. ૮૯૫માં સ્વર્ગે સંચર્યા હતા. એ હિસાબે એમનું આ કાવ્ય વિ. સં. ૮૨૫થી વિ. સં. ૮૯૫ના ગાળામાં રચાયેલું ગણાય. આ કાવ્ય હજી સુધી તો મળી આવ્યું નથી. બાકી એમણે રચેલી [૨]**ચતુર્વિંશતિકા** તો મળે છે. ઉપરાંત **અનુભૂતસિદ્ધ-સારસ્વત-સ્તોત્ર** યાને [૩]**શારદાસ્તોત્ર**, [૪]"**શાન્તો વેષ:**"થી શરૂ થતું **વીરસ્તવન** પણ મળે છે. **પ્ર. ચ.** (શૃંગ ૧૧, શ્લો.. ૬૧૯)માં "**જયતિ જગદ્રક્ષાકર**"થી શરૂ થતી **શાન્તિ** દેવતાની પ્રશંસારૂપ સ્તુતિના કર્તા તરીકે આ **બપ્પભટ્ટિસૂરિ**નો ઉલ્લેખ છે. **કાવ્યશિક્ષા** કે એવી કોઈ કૃતિ આ **બપ્પભટ્ટિસૂરિ**એ રચી હશે એમ લાગે છે.[૫]

P. ૯૧

તારાગણને 'પ્રબંધ' કહ્યો છે એટલે એ કથાત્મક કૃતિ હશે. ગમે તેમ પણ એ પદ્યાત્મક બૃહત્કાવ્ય હશે અને એ તીર્થંકર સિવાયની વ્યક્તિને અંગે હશે એમ માની લઈ મેં એની અહીં નોંધ લીધી છે. [આ થોડા સમય પૂર્વે **'તારાયણો'** નામે પ્રાકૃતગ્રન્થ પરિષદ્ અમદાવાદ દ્વારા ઈ.સ. ૧૯૮૭માં પ્રગટ થયું છે. શ્રીહરિવલ્લભ ભાયાણીએ આનું સંપાદન કર્યું છે.]

P. ૯૨

[૬]**બૃહત્-કથા-કોશ** (વિ. સં. ૯૮૯)[૭]–આના કર્તા દિ. **હરિષેણ** છે. એઓ 'પુન્નાટ' સંઘના **મૌનિભટ્ટારક**ના શિષ્ય **શ્રીહરિષેણ**ના પ્રશિષ્ય થાય છે અને કવિ **ભરતસેન**ના શિષ્ય થાય છે. એમણે આ ૧૨૫૦૦ શ્લોક જેવડો કથાઓનો કોશ 'ખર' નામના ચોવીસમાં વર્ષમાં વિ. સં.

---

૧. એમનું જીવચરિત્ર મેં આ સૂરિકૃત **ચતુર્વિંશતિકાના** મારા ગુજરાતી ઉપોદ્ઘાત (પૃ. ૪-૪૪)માં આલેખ્યું છે. એ ઉપોદ્ઘાત **ચતુર્વિંશતિકા,** એના ઉપરની અજ્ઞાતકર્તૃક ટીકા, આ સૂરિએ રચેલા **શારદા-સ્તોત્ર** અને મારા એના ગુજરાતી અનુવાદ, **બપ્પભટ્ટિસૂરિ-ચરિત** (સંસ્કૃત) ઇત્યાદિ સહિત "આ. સ." તરફથી ઈ. સ. ૧૯૨૬માં છપાયો છે. [આ. ભદ્રગુપ્તસૂરિ મ.નું 'મને તારી યાદ સતાવે'માં કથારૂપે જીવન છે.]

૨. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૧.

૩. આ પ્રસિદ્ધ થયેલું છે. જુઓ ટિ. ૧.

૪. આ **વીર-સ્તવન, ચતુર્વિંશતિપ્રબન્ધની** "ફાર્બસ ગુજરાતી સભા" તરફથી મારી સંપાદિત કરેલી જે આવૃત્તિ ઈ. સ. ૧૯૩૨માં છપાવાઈ છે તેના પાંચમા પરિશિષ્ટ તરીકે અપાયું છે. આ સ્તવનનો મારો સમશ્લોકી ગુજરાતી અનુવાદ "ગુ. મિત્ર તથા ગુ. દર્પણ"ના તા. ૨૮-૪'૪૬ના અંકમાં પ્રસિદ્ધ કરાયો છે.

૫. જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૧, પૃ. ૧૫૪, ૧૫૫ અને ૧૭૧)

૬. આ કોશ'ભારતીય વિદ્યાભવન' તરફથી મુંબઈથી વિ. સં. ૧૯૯૯માં પ્રસિદ્ધ કરાયો છે. એનું સંપાદન વિસ્તૃત અને મહત્ત્વપૂર્ણ અંગ્રેજી ઉપોદ્ઘાત ઇત્યાદિ સહિત ડૉ. **એ.** એન. ઉપાધ્યેએ કર્યું છે.

૭. તા. ૧૫-૧૦-૯૩૧ અને તા. ૧૩-૩-૯૩૨ના ગાળામાં આ કોશ પૂરો કરાયો હશે એમ ઉપર્યુક્ત ઉપોદ્ઘાત (પૃ. ૧૨૧)માં ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૯૮૯માં યાને **શક**સંવત્ ૮૫૩માં [1]**વિ**નયાદિકપાલના રાજ્યમાં [2]વર્ધમાનપુરની પાસેના સ્થળમાં પૂર્ણ કર્યો હતો.

પ્રસ્તુત કોશમાં મોટે ભાગે અનુષ્ટુભ્માં રચાયેલી [3]નાનીમોટી [4]૧૬૫ કથાઓ છે અને અંતમાં સોળ પદ્યોની પ્રશસ્તિ છે. આ કથાઓ નૈતિક, ધાર્મિક, ઐતિહાસિક અને સામાજિક સામગ્રી પૂરી પાડે છે. એના સંતુલન માટે **વી**રચન્દ્રના શિષ્ય **શ્રી**ચન્દ્રે **મૂ**ળરાજ (ઈ.સ. ૯૪૧-૯૯૬)ના રાજ્ય દરમ્યાન ૫૩ સંધિમાં અપભ્રંશમાં રચેલો **કહાકોસ** જોવો ઘટે.

પ્રભાચન્દ્રકૃત **કથાકોશમાં બૃહત્કથાકોશનો** ઉપયોગ કરાયો હશે એમ **બૃહત્કથાકોશના** સંપાદકે P. ૯૩
કામચલાઉ વિધાન કર્યું છે.

૮૪મી તેમ જ ૮૯મી કથા અનુક્રમે **રાવણના** વધ અને **સીતાની** શુદ્ધિને લગતી છે. એ **વા**લ્મીકિકૃત **રા**માયણનું સ્મરણ કરાવે છે. આ **રા**માયણ ઈ. સ. ની પૂર્વેની ત્રીજી સદીમાં રચાયું સંભવે છે એમ પ્રો. **વિ**ન્તર્નિત્સનું માનવું છે.

૧૩૧મી કથાનું શીર્ષક ''શ્રીભદ્રબાહુ કથાનક''છે. એમાં બાર વર્ષનો દુકાળ પડશે એવું જણાતાં **ભ**દ્રબાહુએ સાધુઓને કહ્યું કે મારું આયુષ્ય ક્ષીણ થવા આવ્યું છે એટલે હું તો અહીં જ રહીશ પણ તમે 'લવણ' સમુદ્રની સમીપ જાઓ. એ સાંભળી નરેશ્વર **ચ**ન્દ્રગુપ્ત તો **ભ**દ્રબાહુની જ પાસે રહ્યા. દસ પૂર્વના જાણકારમાં પ્રથમ એવા મુનિ **ચ**ન્દ્રગુપ્તિ **વિ**સષાચાર્ય (? **વિ**શાખાચાર્ય)ના નામે સંઘના અધિપતિ બન્યા. એમની સાથે સકળ સંઘ દક્ષિણના 'પુન્નાટ' દેશમાં ગયો. જ્યારે **રા**મિલ્લ, [5]**સ્થૂલવૃદ્ધ** અને **ભદ્રાચાર્ય** પોતપોતાના સમુદાય સાથે 'સિન્ધુ' વગેરે પ્રદેશમાં ગયા. **ભ**દ્રબાહુ ઉજ્જયિનીના 'ભાદ્રપદ'માં ગયા અને અનેક દિવસનું અનશન કરી ત્યાં કાળધર્મ પામ્યા.

આ ઉપરથી જણાશે કે કેટલાએક દિગંબરો શ્રુતકેવલી **ભ**દ્રબાહુ અંતે દક્ષિણ દેશમાં ગયા હતા એમ જે કહે છે તે વાત આ **હ**રિષેણના મત સાથે તો મળતી આવતી નથી. આનાથી કોઈ પ્રાચીન અને ગ્રંથસ્થ દિ. કૃતિમાં આ સંબંધમાં કોઈ હકીકત હોય એમ જાણવામાં નથી.

---

૧. આથી 'ગુર્જર-પ્રતિહાર' વંશનો અને 'કનોજ' નામની રાજધાનીરૂપ રાજ્યનો નૃપતિ **વિ**નાયકપાલ સમજવો એમ સંપાદકે સૂચવ્યું છે.

૨. આથી સૌરાષ્ટ્રમાં આવેલું 'વઢવાણ' સમજવું એમ સંપાદકનું તેમજ પં. **નાથૂ**રામ પ્રેમીનું કહેવું છે પરંતુ પ્રો. **હી**રાલાલ જૈને એ બાબતની વિરુદ્ધનો સૂર ''The Chief Political'' Divisions of India during the 8th Century'' નામના લેખમાં કાઢ્યો છે. આ લેખ ''Indian Culture'' (Vol. XI, NO. 41)માં છપાયો છે.

૩. નાનામાં નાની કથા ૧૨૫મી છે અને એમાં ચાર જ પદ્યો છે જ્યારે મોટામાં મોટી કથા ૫૭મી છે અને એમાં ૮૫૮ પદ્યો છે.

૪. ૧૦૧મી કથા પછી ૧૦૨ના અંકપૂર્વક ૧ થી ૯ નો નિર્દેશ છે. એ નવ કથાઓને એક ગણતાં ૧૫૭ કથા છે.

૫. શ્લો. ૬૨ તેમજ ૬૫માં 'સ્થૂલભદ્ર' એવું નામ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૯૪ [૧]**જિનદત્ત-ચરિત્ર** (લ. વિ. સં. ૯૯૦)–આના કર્તા દિ. **ગુણભદ્ર** છે. શું **ઉત્તરપુરાણના** પ્રણેતા દિ. આચાર્ય **ગુણભદ્ર** તે જ આ છે? આ ચરિત્રરૂપ 'ખંડ-કાવ્ય' નવ સર્ગમાં રચાયું છે. **જિ.૨.કો.** (વિ. ૧, પૃ. ૧૩૫)માં આ ચરિત્રનો **જિનદત્તકથાસમુચ્ચય** તરીકે પણ ઉલ્લેખ કરાયો છે.

સમાનનામક કૃતિઓ–''પૌર્ણમિક'' ગચ્છના **ગુણસાગરસૂરિ**ના શિષ્ય **ગુણસમુદ્રસૂરિ**એ ગદ્યમાં ૧૬૩૭ શ્લોક જેવડી **જિનદત્ત-કથા** વિ. સં. ૧૪૭૪માં રચી છે. વળી **સુમતિસૂરિ**એ તેમ જ અન્ય કોઈએ પણ આ નામની એકેક કૃતિ રચી છે.

[૨]**મણિપતિચરિત્ર**[૩] (વિ. સં. ૧૦૦૫)–આના કર્તા 'ચન્દ્ર' ગચ્છના **જંબૂ** કિંવા **જંબૂનાગ** છે. એમણે વિદ્વાનોની સભામાં ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. એમણે [૪]**જિનશતક** તેમજ [૫]**ચન્દ્રદૂત**[૬] એ બે કાવ્યો રચ્યાં છે. એમણે આ **મુનિપતિચરિત્ર** વિ. સં. ૧૦૦૫માં રચ્યું છે. અને કેટલાક **મણિપતિચરિત્ર** પણ કહે છે.

સમાનનામક કૃતિઓ–**ધર્મવિજયે** ગદ્યમાં **મુનિપતિચરિત્ર** રચ્યું છે જ્યારે **હરિભદ્રસૂરિ**એ જ. મ.માં વિ. સં. ૧૧૭૨માં **મુણિવઈચરિય** રચ્યું છે.

P. ૯૫ [૭]**બુદ્ધિસાગરીય કાવ્ય**[૮] (વિ. સં. ૧૦૬૫)–[૯]**બુદ્ધિસાગરસૂરિ**એ કોઈ કાવ્ય રચ્યું હતું એમ **વર્ધમાનસૂરિ**એ વિ. સં. ૧૧૪૦માં રચેલા **મનોરમા-ચરિયની** પ્રશસ્તિ જોતાં જણાય છે. એ સંસ્કૃતમાં હશે એમ માની મેં એની અહીં નોંધ લીધી છે. ગમે તેમ પણ આજે તો એમનું આ કાવ્ય હજી સુધી તો મળી આવ્યું નથી.

---

૧. આ, મા. દિ. જૈ. ગ્રં,માં ગ્રંથાંક ૭ તરીકે વિ. સં. ૧૯૭૩માં છપાવાયું છે. [આનો હિન્દી અનુ. કલકત્તાથી પ્રસિદ્ધ.]

૨. આ કૃતિ પ્રસ્તાવના સહિત ''હેમચન્દ્ર ગ્રન્થમાલા''માં અમદાવાદથી પ્રસિદ્ધ કરાઈ છે. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૯૧૨). [આનુ ગુજ. ભાષાંતર હર્ષપુષ્પામૃત ગ્રં. ૭૩માં પ્રસિદ્ધ છે.]

૩. **જિ. ૨. કો.** (વિ. ૧ના પૃ. ૩૦૦)-માં આનો **મણિપતિચરિત્ર** તરીકે અને પૃ. ૩૧૧માં **મુનિપતિચરિત્ર** તરીકે ઉલ્લેખ છે. [**જિ. ૨. કો.**માં કર્તાનું નામ **નયનન્દિસૂરિ** અને ગ્રં. ૬૨૫ હોવાનું પણ જણાવ્યું છે.]

૪. આ ''કાવ્યમાલા'', (ગુ.૭)માં છપાયું છે. એની ચોથી આવૃત્તિ ઈ.સ. ૧૯૨૬માં પ્રસિદ્ધ કરાઈ છે.

૫. **જેસલ.** સૂચી (પૃ. ૮૦)માં આની નોંધ છે. કેટલાક આ ૨૩ પદ્યના કાવ્યને **ઈન્દુદૂત** પણ કહે છે કે જે નામનું કાવ્ય **વિનયવિજયગણિએ** રચ્યું છે.

૬. આના ઉપર કોઈકની અવચૂરિ છે.

૭. આ નામ મેં યોજ્યું છે.

૮. આ પદ્યાત્મક હશે એમ માની મેં એની અહીં નોંધ લીધી છે.

૯. એમના સંક્ષિપ્ત પરિચય તેમ જ એમના કૃતિકલાપની માહિતી માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૩૦-૩૪, ૧૧૧-૧૧૫ અને ૧૪૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**પ્રદ્યુમ્નચરિત** યાને **ઉપેન્દ્રસૂનુ-ચરિત** (લ. વિ. સં. ૧૦૭૦)–આના કર્તા દિ. આચાર્ય **મહાસેન છે**, એઓ **ગુણાકરસેનના** શિષ્ય અને **જયસેનના** પ્રશિષ્ય થાય છે.[2] એઓ 'સિન્ધુલ' નરેશના મહામહત્તમ (મહાસચીવ) **પર્યટના** ગુરુ થાય છે. **ભોજદેવનો** પૂર્વવર્તી **મુંજ** રાજા આ **મહાસેનનું** સન્માન કરતો હતો. આ **મહાસેને** ચૌદ સર્ગમાં પ્રસ્તુત કૃતિ રચી છે, એ સર્ગોમાંની પદ્યોની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છે–

૫૧. ૭૫, ૭૭, ૬૫, ૧૫૦, ૯૨, ૧૧૩, ૧૯૭, ૩૪૯, ૮૬, ૧૦૩, ૬૪, ૪૪, અને ૬૬.

આ ... કાવ્યમાં ૧૫૩૨ પદ્યો છે.

પ્રથમ સર્ગનો પ્રારંભ **નેમિનાથ, મહાવીરસ્વામી** અને **ભારતીને** નમસ્કારપૂર્વક કરાયો છે. ત્રીજા પદ્ય ઉપરથી પ્રસ્તુત કૃતિનું નામ **ઉપેન્દ્રસૂનુ-ચરિત** યોજી શકાય તેમ છે. તેમ છતાં પ્રત્યેક સર્ગની પુષ્પિકામાં 'પ્રદ્યુમ્ન-ચરિત' નામ હોવાથી અને મોટા પ્રમાણમાં એ પ્રચારમાં આવ્યાથી મેં એ રાખ્યું છે. પ્રથમ સર્ગમાં સુરાષ્ટ્ર, (સૌરાષ્ટ્ર) દેશનું અને એના નગરજનો વગેરેનું તેમ જ ત્યાંના ભૂપતિ ઉપેન્દ્ર યાને **કૃષ્ણ** વાસુદેવનું વર્ણન છે. બીજા સર્ગમાં નીચેની બાબતો વર્ણવાઈ છે:– P. ૯૬

નારદનું કૃષ્ણને ત્યાં આગમન, **સત્યભામાદ્વારા** થયેલી એમની ઉપેક્ષાથી એમનામાં પ્રકટેલો પ્રકોપ, 'કુંડિન' નગરે **નારદનું** ગમન, **રુક્મિણીનો** પટ, **નારદનું કૃષ્ણ** પાસે આવવું, કૃષ્ણનું મોહિત થવું, રુક્મિણીનાં અંગોપાંગનું **કૃષ્ણે** કરેલું વર્ણન અને એના હરણ માટે કૃષ્ણનું પ્રસ્થાન.

ત્રીજા સર્ગના મુખ્ય વિષયો તે રુક્મિણીનું હરણ અને એ પ્રસંગે યુદ્ધ થતાં કૃષ્ણે દાખવેલું શૌર્ય, કૃષ્ણના રુક્મિણી સાથે લગ્ન તેમજ નવદંપતીના દર્શન માટેની જનતાની ઉત્સુક્તા છે.

ચોથા સર્ગમાં રુક્મિણીની ગર્ભવતી તરીકેની દશા અને પુત્રનો જન્મ તેમ જ એ બાળકનું હરણ ઇત્યાદિ બાબતો આલેખાઈ છે.

પાંચમા સર્ગમાં પુત્રના હરણથી **રુકિમણીએ** અને **કૃષ્ણે** કરેલ વિલાપ વર્ણવાયો છે. આ ઉપરાંત **નારદનું** આગમન અને એમણે **રુકિમણીને** આપેલું આશ્વાસન, **સીમન્ધરસ્વામી** પાસે **નારદનું** ગમન, ચક્રવર્તીએ કરેલી પૂછ-પરછ અને **પ્રદ્યુમ્ન** સાથેના વેરનું કારણ એમ વિવિધ વિગતો રજૂ કરાઈ છે.

છઠ્ઠા સર્ગમાં 'કોશલા' દેશનું વર્ણન છે. વળી એમાં બન્ધ અને મોક્ષનાં કારણોનું નિરૂપણ છે. વિશેષમાં એમાં **પૂર્ણભદ્ર** અને **માણિભદ્રનો** વૃત્તાન્ત રજૂ કરાયો છે.

સાતમાં સર્ગમાં **નારદ પ્રદ્યુમ્નનો સીમન્ધરસ્વામી** પાસેથી પત્તો મેળવી એના અપહરણનું કારણ જાણી રુક્મિણીને આશ્વાસન આપવા જાય છે એ બાબત દર્શાવાઈ છે.

---

૧. આ કૃતિ "મા. દિ. જૈ. ગ્રં."માં ગ્રંથાંક ૮તરીકે ઈ.સ. ૧૯૧૭માં બે હાથપોથીના આધારે સંશોધિત કરાવી પ્રસિદ્ધ કરાઈ છે. એમાંની એક હાથપોથી વિ. સ. ૧૬૭૮માં લખાયેલી છે. એમાં સંસ્કૃતમાં ટિપ્પણ પણ છે. [વિશેષ માટે જુઓ 'સંસ્કૃત કાવ્યકે વિકાસમેં જૈન કવિયોંકા યોગદાન' ડો. **નેમિચન્દ્ર**, પૃ. ૧૦૯-૧૩૯.]

૨. **જિ. ૨. કો.** (વિ.૧, પૃ. ૨૬૪)માં પ્રસ્તુત **મહાસેનને ચારુકીર્તિના** શિષ્ય કહ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૯૭ આઠમા સર્ગના પ્રારંભમાં કાલસંબર ખગેન્દ્રના ગૃહમાં પ્રદ્યુમ્ન ઉછરે છે અને યૌવન પામે છે એ હકીકત અપાઈ છે.

નવમા સર્ગમાં કહ્યું છે કે નારદના કહેવાથી પ્રદ્યુમ્ન પોતાની માતા રુક્મિણીને મળવા જાય છે. એ વખતે એ પ્રદ્યુમ્ન જે વિમાન બનાવે છે તેનું વર્ણન અહીં કરાયું છે. આ સર્ગમાં નિમ્નલિખિત પ્રસંગનું પણ વર્ણન છેઃ–

પ્રદ્યુમ્ન સાધુવેષમાં પોતાની માતા રુક્મિણીને મળે છે અને ભાનુનું લગ્ન પહેલું થશે એટલે સત્યા સાથેની પ્રતિજ્ઞા પ્રમાણે રુક્મિણિને માથાના વાળ આપવા પડશે એ વાત જાણે છે. પ્રદ્યુમ્ન અસલ રૂપ ધારણ કરી પોતાની માતાને નમે છે. પછી એ બાળક, બ્રાહ્મણ અને સિંહના રૂપ વિકુર્વે છે. ત્યાર બાદ એ યાદવોને ઉદ્દેશીને કહે છે કે હું આ રુક્મિણીને હરી જાઉં છું.

દસમા સર્ગમા પ્રદ્યુમ્ન અને એમના પિતા કૃષ્ણ વચ્ચેનું દારુણ યુદ્ધ વર્ણવાયું છે. નારદ વચ્ચે પડતાં બંને એકબીજાને સ્નેહપૂર્વક મળે છે એ બાબત રજૂ કરાઈ છે.

અગિયારમા સર્ગમાં કૃષ્ણ અને જંબૂવતીના પુત્ર શંવ (શાલં)નો પૂર્વભવ-પૂર્વકનો વૃત્તાંત અપાયો છે.

બારમાં સર્ગમાં નેમિનાથનું 'ઊર્જયન્ત' યાને 'ગિરનાર' ગિરિ ઉપર આગમન, કૃષ્ણનું સપરિવાર વંદનાર્થે પ્રયાણ, સમવસરણનું વર્ણન, નેમિનાથની યાદવોએ કરેલી સ્તુતિ, નેમિનાથે આપેલી તાત્ત્વિક [1]દેશના, દ્વારવતીનો નાશ અને કૃષ્ણનું મૃત્યુ કોનાથી થશે એ પ્રશ્નના ઉત્તર તથા કૃષ્ણે સ્વજનોને દીક્ષા લેવા માટે આપેલી અનુજ્ઞા એમ વિવિધ બાબતો વર્ણવાઈ છે.

તેરમા સર્ગમાં પ્રદ્યુમ્ન પોતાનાં માતાપિતા અને પત્નીઓની દીક્ષા માટે અનુજ્ઞા મેળવી નેમિનાથ પાસે દીક્ષા લે છે એ હકીકત વર્ણવાઈ છે.

P. ૯૮ ચૌદમા-અંતિમ સર્ગમાં જૈન મુનિ બનેલા પ્રદ્યુમ્ને જે જાત-જાતની બાહ્ય તેમ જ આભ્યંતર તપશ્ચર્યા કરી અને ક્યા ક્યા ઘાતી કર્મોનો ક્ષય કરી કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું તે બાબત દર્શાવાઈ છે. આ ઉપરાંત મદિરાના પાનથી ભાન ભૂલેલા યાદવોએ દ્વીપાયનની વિડંબના કરી એનો ઉલ્લેખ કરાયો છે. અંતમાં પ્રદ્યુમ્ન મોક્ષે ગયા એ વાત રજૂ કરાઈ છે.

પ્રદ્યુમ્નચરિત્ર (વિ. સં. ૧૫૩૦)–આ કાવ્ય દિ. ભીમસેનના શિષ્ય સોમકીર્તિએ રચ્યું છે. એની બે વાચના મળે છે. એકમાં ચૌદ સર્ગ છે અને એનું પરિમાણ ૪૮૫૦ શ્લોક જેવડું છે જ્યારે બીજીમાં સોળ સર્ગ છે અને એનું પરિમાણ લગભગ ૬૦૦૦ શ્લોકનું છે. આમાં પ્રદ્યુમ્નનું વિસ્તૃત ચરિત્ર આલેખાયું છે.

પ્રદ્યુમ્નચરિત્ર (વિ. સં. ૧૬૩૦)–આ 'ખરતર' ગચ્છના સમયસુન્દરગણિની વિ. સં. ૧૬૩૦ની રચના છે.

---

૧. સ. ૧૨, શ્લો. ૩૦માં કહ્યું છે કે નેમિનાથના મુખકમળમાંથી ભાષા નીકળી, નહિ કે એમના મસ્તકમાંથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**પ્રદ્યુમ્ન-ચરિત્ર** (વિ. સં. ૧૬૪૫)–આના કર્તા **રા**જસાગરના શિષ્ય રવિસાગર છે. એમણે વિ. સં. ૧૬૩૬માં **રૂપસેનચરિત્ર** રચ્યું છે. વળી એમણે વિ. સં. ૧૬૪૫માં ઉન્નતનગર (ઊના)માં **મૌનૈકાદશીકથા** રચી છે. અને એ જ વર્ષમાં માંડલમાં ખેંગારના રાજ્યમાં ૭૨૦૦ શ્લોક જેવડું પ્રસ્તુત **પ્રદ્યુમ્ન-ચરિત્ર** રચ્યું છે.

[2]**પ્રદ્યુમ્ન-ચરિત** (વિ. સં. [3]૧૬૭૪)–આ **ર**ત્નચન્દ્રની વિ. સં. ૧૬૭૪-૯૮ની અહીં-સુરતમાં P. ૯૯
કરાયેલી રચના છે. એઓ **કૃપા**રસકોશના કર્તા **શા**ન્તિચન્દ્રના શિષ્ય છે. એમણે વિ. સં. ૧૬૭૯માં ઉપાધ્યાય **ધ**ર્મસાગરના મતના ખંડનરૂપે **કુમતિવિષાહિજાંગુલી** નામની કૃતિ રચી છે. આ ઉપરાંત એમણે નિમ્નલિખિત કૃતિઓ ઉપર વિ. સં. ૧૬૭૬ પહેલાં એકેક વૃત્તિ રચી છેઃ–

(૧) [4]**અ**ધ્યાત્મ-કલ્પ-દ્રુમ, (૨) **ઋ**ષભ-વીર-સ્તવ, (૩) **ક**લ્યાણ-મન્દિર-સ્તોત્ર, (૪) **કૃ**પારસકોશ, (૫) 'દેવાઃ પ્રભો'સ્તવ, (૬) **નૈ**ષધ-ચરિત (૭) **ભ**ક્તામરસ્તોત્ર, (૮) **ર**ઘુવંશ અને (૯) **શ્રી**મદ્ધર્મસ્તવ.[5]

આ પ્રસ્તુત **પ્રદ્યુમ્ન-ચરિત**માં ૧૭ સર્ગ છે. એની પદ્યસંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :–

૧૧૦, ૧૨૭, ૧૧૧, ૧૯૫, ૨૬૩, ૭૧, ૪૪૪, ૩૩૭, ૨૯૭, ૩૧૦, ૭૫, ૩૦૩, ૧૪૩, ૨૧૪, ૩૬, ૧૮૪, અને ૧૯૪ (૧૭૯+૧૫). આમ એકંદર ૩૪૧૪ પદ્યો છે.

વિષય–સ. ૧માં કૃષ્ણ દ્વારા દ્વારકાનું સ્થાપન અને એમને થયેલી રાજ્યની પ્રાપ્તિ તેમ જ **ના**રદનું આગમન એ વિષયો વર્ણવાયા છે.

સ. ૨માં રુક્મિણીના મહેલમાં **ના**રદનું આગમન અને એ સ્ત્રીના પતિ તરીકે કૃષ્ણની પ્રાપ્તિ એ બાબતો રજૂ કરાઈ છે.

સ. ૩માં કૃષ્ણે રુક્મિણીનું કરેલું દર્શન અને 'કુંડિન' ઉદ્યાનમાં એ બેનું મિલન એ બે હકીકતો અપાઈ છે.

સ. ૪માં રુક્મિણીનાં કૃષ્ણ સાથેનાં લગ્નનું વર્ણન કરાયું છે.

સ. ૫માં કૃષ્ણ અને રુક્મિણીના પુત્ર **પ્રદ્યુમ્ન**નું હરણ, **ના**રદનું આગમન અને **પ્રદ્યુમ્ન**ના પૂર્વ ભવનું વર્ણન એ બાબતો નિરૂપાઈ છે.

સ. ૬માં રુક્મિણીના પૂર્વ ભવને અંગે પ્રશ્ન, **સી**મન્ધરસ્વામી પાસેથી **ના**રદનું આગમન અને P. ૧૦૦
એ તીર્થંકરે **પ્રદ્યુમ્ન** વિષે કહેલા વૃત્તાંતનું **ના**રદે કરેલું કથન અને એથી કૃષ્ણ વગેરેને થયેલો આનંદ એ બીનાઓ રજૂ કરાઈ છે.

---

૧. આ હીરાલાલ હંસરાજ તરફથી પ્રકાશિત થયેલું છે.

૨. આ ચરિત્ર "બી. બી. ઍન્ડ કંપની" તરફથી વિ. સં. ૧૯૭૪માં છપાવાયું હતું પરંતુ એ દુર્લભ બનતાં હીરાલાલ દેવચંદ દ્વારા એનું સંશોધન કરાવી શ્રી ઉમેદભાઈ ભૂરાલાલ તરફથી એ ઇ. સ. ૧૯૪૨માં પ્રકાશિત કરાયું છે.

૩. "યુગ મુનિ-રસ-શશિ-વર્ષે". ૪. આની વૃત્તિ વિ. સં. ૧૬૭૪માં રચાઈ છે.

૫. આ ઉપરાંત **સમ્યકત્વ-સપ્તતિકા** ઉપર એમણે વિ.સં. ૧૬૭૬માં ગુજરાતીમાં બાલાવબોધ રચ્યો છે. અને એમાં આ વૃત્તિઓનો ઉલ્લેખ કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ. ૭માં **પ્રદ્યુમ્ન**ની યુવાવસ્થા, સોળ લાભની પ્રાપ્તિ, માતાપિતા સાથે પ્રદ્યુમ્નનો કલહ અને **ના**રદનું આગમન એ બાબતો હાથ ધરાઈ છે.

સ. ૮માં **પ્રદ્યુમ્ન**નું દ્વારકામાં આગમન અને એનો પોતાનાં માતાપિતા સાથેનો સમાગમ એ બે બાબતો વર્ણવાઈ છે.

સ. ૯.માં **શાં**બનો જન્મ, **પ્રદ્યુમ્ન**નાં **વૈ**દર્ભી સાથેનાં લગ્ન અને **શાં**બનાં ૯૯ કન્યા સાથેનાં લગ્ન એ બાબતો વર્ણવાઈ છે.

સ. ૧૦માં **કૃ**ષ્ણે કરેલો જરાસંધનો વધ અને એમને થયેલી રાજ્યની પ્રાપ્તિ એ બે હકીકત અપાઈ છે.

સ. ૧૧માં **સા**ગરચન્દ્રનાં **ક**મલામેલા સાથેના લગ્ન, ઉષાનું હરણ અને **બા**ણનો વધ એ બે બાબતોનું વર્ણન છે.

સ. ૧૨માં **ને**મિનાથનાં લગ્નનો પ્રસંગ, એમણે લીધેલી દીક્ષા, એમને થયેલું કેવલજ્ઞાન અને એમણે કરેલી તીર્થની સ્થાપના એમ વિવિધ હકીકતો આલેખાઈ છે.

સ. ૧૩માં **દ્રૌ**પદીનું હરણ, **કૃ**ષ્ણ અને પાંડવોનું **અમરકંકા**માં ગમન અને દ્રૌપદીને પાછી મેળવવી, પાંડવોનું દેશાટન અને એમનું દ્વારકામાં આગમન એ બાબતો અપાઈ છે.

સ. ૧૪માં **દે**વકીના છ પુત્રો, **ગ**જસુકુમાલ અને **સા**ગરચન્દ્રના વૃત્તાંત અપાયા છે. ત્યાર બાદ દેવે કરેલી **કૃ**ષ્ણની પરીક્ષા અને એ દેવ દ્વારા એમને ભેરીની થયેલી પ્રાપ્તિ એ બાબતો રજૂ કરાઈ છે.
P. ૧૦૧ ત્યાર પછી **ધ**ન્વન્તરિ અને **વૈ**તરણિ એ બે વૈદ્યોનો અને ઢંઢણકુમારનો અધિકાર વર્ણવાયો છે.

સ. ૧૫માં **ર**થનેમિ અને **રા**જીમતીનો પ્રસંગ રજૂ કરાયો છે અને **શાં**બની અને **કૃ**ષ્ણના એક અભવ્ય પુત્ર નામે **પા**લકની હકીકત અપાઈ છે.

સ. ૧૬માં દ્વારિકાના નાશ વિષે અને સ્વકીય મૃત્યુ વિષે **કૃ**ષ્ણે **ને**મિનાથને કરેલા પ્રશ્ન અને એમને મળેલા ઉત્તર, **પ્રદ્યુમ્ન**, **શાં**બ વગેરેની દીક્ષા, દ્વારિકાનો દાહ અને **કૃ**ષ્ણનું અવસાન એમ વિવિધ બાબતો અપાઈ છે.

સ. ૧૭માં **બ**લદેવની દીક્ષા, તપશ્ચર્યા અને પાંચમાં સ્વર્ગની એમને થયેલી પ્રાપ્તિ તેમ જ **પ્રદ્યુમ્ન**, **શાં**બ વગેરેને થયેલું કેવલજ્ઞાન અને એમની મુક્તિ વર્ણવાયાં છે. અંતમાં ૧૫ શ્લોકની પ્રશસ્તિ અપાઈ છે અને એ દ્વારા **આ**નન્દવિમલસૂરિથી માંડીને કર્તાના ગુરુ **શા**ન્તિચન્દ્ર સુધીની પરંપરાનો ઉલ્લેખ કરાયો છે.એ ઉપરથી **આ**નન્દવિમલસૂરિના શિષ્ય તે **સ**હજકુશલગણિ અને એ ગણિના શિષ્ય તે ઉપાધ્યાય **સ**કલચન્દ્ર છે અને એ **સ**કલચન્દ્રના શિષ્ય વાચક **શા**ન્તિચન્દ્ર તે પ્રસ્તુત ચરિતના કર્તાના ગુરુ થાય છે એ વાત જાણી શકાય છે.

સમાનનામક અન્ય કૃતિઓ—દિ.પં. ૨ઇધૂએ અપભ્રંશમાં અને કવિ **સિ**દ્ધિએ તેમ જ કવિ **૨**લ્હણે પાઇયમાં ***પજ્જુણ્ણચરિય*** *નામની એકેક કૃતિ રચી છે.* **ભો**ગકીર્તિએ, **વા**દિચન્દ્રે અને **સ**કલકીર્તિએ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંસ્કૃતમાં એકેક **પ્રદ્યુમ્નચરિત્ર** રચ્યું છે. આ ઉપરાંત **મલ્લિભૂષણ**, **શુભચન્દ્ર** અને **સોમસેન** દ્વારા પણ એકેક **પ્રદ્યુમ્નચરિત્ર** રચાયું છે. એ ત્રણે પણ સંસ્કૃતમાં જ હશે. [જિનેશ્વર અને યશોધરે પણ **પ્ર. ચ.** રચ્યું છે.]

[1]**ક્ષત્રચૂડામણિ** (લ. વિ. ૧૧૨૫)– આના કર્તા 'વાદીભસિંહ' તરીકે સુપ્રસિદ્ધ દિ. **ઓડયદેવ** છે. એમણે [2]**ગદ્ય-ચિન્તામણિની** રચના કરી છે. એમાં સૂચવાયા મુજબ એઓ **પુષ્પસેનના** શિષ્ય થાય છે. એમનો સમય **વિક્રમની** બારમી સદીનું પ્રથમ ચરણ હોવાનું મનાય છે.[3] P. ૧૦૨

ક્ષત્ર યાને ક્ષત્રિયોમાં ચૂડામણિરૂપ **જીવન્ધર**નું ચરિત્ર આ [4]પદ્યાત્મક કૃતિ નામે **ક્ષત્ર-ચૂડામણિ** દ્વારા આલેખાયું છે. તેમ કરતી વેળા પદ્યના પૂર્વાર્ધમાં કથા અને એના ઉત્તરાર્ધમાં અર્થાન્તરન્યાસ દ્વારા કોઈ નીતિ કે ઉપદેશનું સુંદર સૂક્ત રજૂ કરાયું છે. આના સંપાદકે, **તિરુત્તક્કદેવે** તામિલમાં રચેલા **જીવકચિન્તામણિ** નામના પદ્યાત્મક કાવ્ય સાથે આની તુલના કરી એમ કહ્યું છે કે આ [5]**જીવક-ચિન્તામણિ** તે વાદીભસિંહની ઉપર્યુક્ત તેમ જ **ગદ્યચિન્તામણિ** એમ બે કૃતિની છાયારૂપે યોજેયલું કાવ્ય છે. [આ ઉપરાંત **હરિચન્દ્ર**, **ભાસ્કર**, **સુચન્દ્રાચાર્ય**, **બ્રહ્મય્ય**, અને **શુભચન્દ્ર**ની પણ રચના છે. જુઓ જૈ. સા. બૃ. ઈ. ભા. ૬ પૃ. ૧૫૦-૧]

પંજિકા–આના કર્તાનું નામ જાણવામાં નથી.

ચૂડામણિકાવ્ય (લ. વિ.સં. ૧૧૩૦)–આના કર્તા દિ. **વર્ધદેવ** છે. આ કાવ્યનો ઉલ્લેખ **શક**સંવત્ ૧૦૫૦ની **મલ્લિષેણ**-પ્રશસ્તિમાં છે.

[6]**પરિશિષ્ટ-પર્વ** યાને [7]**સ્થવિરાવલી-ચરિત** (લ. વિ. સં. ૧૨૨૫)–આ બે નામ પૈકી પ્રથમ નામ આ કૃતિના સ.૧ના શ્લો. પમાં જોવાય છે એટલું જ નહિ, પણ આ કૃતિ હૈમ ત્રિષષ્ટિ. પછી રચાઈ છે એમ એના કર્તા 'કલિ.' **હેમચન્દ્રસૂરિ** કહે છે એ વાત પણ જાણવા મળે છે. બીજું નામ P. ૧૦૩

---

૧. આનું સંપાદન ટી. પી. **કુપ્પૂસ્વામી** શાસ્ત્રીએ ઈ. સ. ૧૯૦૩માં કર્યું છે અને એ તાંજોરથી છપાવાયું છે. [આનો હિન્દી અનુવાદ દિ. જૈનપુસ્તકાલય સૂરતથી પ્રસિદ્ધ છે.]

૨. આનું સંપાદન પણ ઉપર્યુક્ત **શાસ્ત્રી**એ ઈ.સ. ૧૯૦૨માં કર્યું છે. [ભારતીય જ્ઞાનપીઠથી પણ પ્રકાશિત છે.]

૩. જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૪૮૨).

૪. **જિ. ૨. કો.** (વિ૦ ૧, પૃ. ૯૭). માં તો ૧૧ લંભકમાં ગદ્યમાં રચાયાનો ઉલ્લેખ છે.

૫. ચોલ નરેશ **કુલોત્તુંગ** (રાજ્યકાલ વિ. સં. ૧૧૩૭-૧૧૭૫)ની અભ્યર્થનાથી તામિલમાં રચાયેલા **પેરિય-પુરાણ**માં આનો ઉલ્લેખ છે.

૬. આનું ડૉ. **હર્મણ યા**કોબીએ પ્રસ્તાવનાપૂર્વક કરેલું સંપાદન ''બિબ્લિઓથેકા ઇન્ડિકા''માં કલકત્તાથી ઈ.સ. ૧૮૯૧માં પ્રકાશિત થયું હતું. એમાં પ્રો. **લોયમેને** અને **ટોનિએ** કેટલાક ઉમેરા કરી એની બીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૩૨માં છપાવી હતી. ''જૈ. ધ. પ્ર. સ.'' તરફથી આ **પરિશિષ્ટ-પર્વ** વિ. સં. ૧૯૬૮માં પં. હરગોવિંદદાસ ત્રિકમચંદ શેઠની સંસ્કૃત પ્રસ્તાવના સહિત બહાર પડાયું હતું. [અનેકાંત પ્ર. ધ્વારા પુનર્મુદ્રણ થયું છે.]
આ પરિશિષ્ટ-પર્વના કેટલાક અંશોનો પ્રો. **હર્ટલે** જર્મન અનુવાદ કર્યો છે. [ગુજ. અનુવાદ પ્રગટ થયેલ છે.]

૭. **મેરુતુંગસૂરિકૃત વિચારશ્રેણિનું** બીજું નામ 'સ્થવિરાવલી' છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'મહાકાવ્ય' એવા ઉલ્લેખપૂર્વક પ્રત્યેક સર્ગના અંતની પુષ્પિકામાં નજરે પડે છે. વળી એ સ. ૧, શ્લો. ૬ ઉપરથી તારવી શકાય તેમ પણ છે.

આ મહાકાવ્ય તેર સર્ગમાં વિભક્ત છે. એનાં પદ્યોની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :–

૪૭૪, ૭૪૫, ૨૯૨, ૬૧, ૧૦૭, ૨૫૨, ૧૩૮, ૪૬૯, ૧૧૩, ૪૦, ૧૭૮, ૩૦૮અને ૨૦૩.

આમ આ મહાકાવ્યમાં ૩૩૪૦ પદ્યો છે.

વિષય–આ કૃતિ **સુધર્મસ્વામી**ના શિષ્ય અને અંતિમ કેવલી **જંબૂસ્વામી**થી માંડીને **વજ્રસ્વામી** સુધીના મુનિવરોની જીવનઝરમર રજૂ કરાઈ છે. એમાં પ્રસંગોપાત્ત જે કથાનકો વગેરે અપાયાં છે તે પૈકી ઘણાંખરાંનાં મૂળ પ્રો. **યા**કોબીએ એમની પ્રસ્તાવના (પૃ. ૮ ઈ.)માં કોષ્ઠક દ્વારા દર્શાવ્યા છે.
P. ૧૦૪ **વસુદેવહિંડી** તેમ જ **આવસ્સયની** નિર્જ્જુક્તિથી માંડીને એના ઉપરની **હા**રિભદ્રીય ટીકા સુધીમાં જે આ જાતનું સાહિત્ય રચાયું હતું તેનો ઉપયોગ 'કલિ.**હે**મચન્દ્રસૂરિએ કર્યો છે અને એને પોતાની પ્રતિભા વડે કાવ્યમય મધુરુ સ્વરૂપ આપ્યું છે.'

પ્રથમ સર્ગનો પ્રારંભ ચાર મંગલ-શ્લોકોથી કરાયો છે. એમાંના પહેલા બે સકલાર્હત્માં જોવાય છે. **પ્રસન્નચન્દ્ર** રાજર્ષિ અને **વલ્કલચીરિ**ની કથા અને **જંબૂસ્વામી**નો પૂર્વ ભવ અહીં આલેખાયાં છે. આ પૈકી વલ્કલચીરિની કથા તો રામાયણના **ઋ**ષભશૃંગ સાથે આબેહૂબ મળતી આવે છે.

બીજા સર્ગમાં [૧]જંબૂસ્વામીના જન્મની અને આઠ કન્યા સાથેનાં એમનાં લગ્નની તથા લગ્નવિધિની વાત છે. વિશેષમાં લગ્ન થયા પછી તરત જ **પ્ર**ભવ ચોર ચોરી કરવા આવતાં એને ઉદ્દેશીને **જંબૂસ્વામી**એ કહેલાં (૧) [૨]મધુબિન્દુના દૃષ્ટાન્તને, (૨) ''[૩]અઢાર નાતરાં'' તરીકે સુપ્રસિદ્ધ **કુ**બેરદત્ત અને **કુ**બેરદત્તાની કથાને અને (૩) **મ**હેશ્વરદત્તની કથાને અહીં સ્થાન અપાયું છે. એ ઉપરાંત **જંબૂસ્વામી**ની ચાર પત્નીઓ એકેક કથા કહે છે અને એના પ્રત્યુત્તરરૂપે **જંબૂસ્વામી** પણ એકેક કથા કહે છે. એમ નીચે મુજબની આઠ કથાઓ અહીં આલેખાઈ છે :–

P. ૧૦૫ (૧) કાચો પાક કાપનાર ખેડૂત, [૪](૨) મરેલો હાથી અને કાગડો, (૩) વાંદરો અને વાંદરી, (૪) અંગારકારક (કોલસાવાળો), (૫) નૂપુરપંડિતા (ઝાંઝરવાળી સ્ત્રી) અને ઘરડું શિયાળ, (૬) કામાતુર **વિ**દ્યુન્માલી, (૭) શંખ ફૂંકનાર તેમ જ (૮) શિલાજીત અને વાંદરો.

---

૧. એમનું જે ચરિત્ર અહીં **પરિશિષ્ટ-પર્વમાં** અપાયું છે તેના છાયાનુવાદની ગરજ સારે એવી એક કૃતિ 'ન્યાયાચાર્ય' **યશો**વિજયગણિએ ગુજરાતીમાં રચી છે. એનું નામ **જંબૂસ્વામીનો રાસ** છે. આ રાસનો પરિચય મેં **યશોદોહન** (પૃ. ૧૦૭-૧૧૨)માં આપ્યો છે. [**જયશેખરસૂરિકૃત જંબૂચ** અને ભાષાંતર ''આર્ય-જય કલ્યાણકેન્દ્ર'' મુંબઈથી પ્રસિદ્ધ થયા છે.]

૨. આ દૃષ્ટાન્તરૂપ કથા એક યા બીજા સ્વરૂપે દેશવિદેશની ભાષામાં ઊતરી છે અને આમ એને દુનિયાભરના સાહિત્યમાં સ્થાન મળ્યું છે. આ સંબધમાં જુઓ ''જૈ. સ. પ્ર.'' (વ. ૧૩, અં. ૫)માં પ્રસિદ્ધ થયેલો મારો લેખ નામે ''મધુબિન્દુના દૃષ્ટાન્તનું પર્યાલોચન''.

૩. આને અંગેનો મારો લેખ નામે ''અઢાર નાતરાંનો અધિકાર યાને કુબેરદત્ત અને કુબેરદત્તાની કથની'' ''આ. પ્ર.'' (પુ. ૫૧ અં. ૨ અને ૩) માં છપાયો છે.

૪. બેકી અંકવાળીકથાઓ **જંબૂસ્વામી**એ કહી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રીજા સર્ગમાં બાકીની ચાર પત્નીઓની કહેલી એકેક કથા અને એના રદિયારૂપે જંબૂસ્વામીએ કહેલી એકેક કથા એમ [1]આઠ કથાઓ અપાઈ છે. એ નીતિ-કથાઓ તરીકે મહત્ત્વની છે.

જંબૂસ્વામિ પોતાની પત્નીઓ તેમ જ પ્રભવસ્વામી સાથે સુધર્મસ્વામી પાસે દીક્ષા લે છે એ વાત કહી આ સર્ગ પૂર્ણ કરાયો છે.

ચોથા સર્ગમાં સુધર્મસ્વામી તેમ જ જંબૂસ્વામીનાં નિર્વાણ અને એમની પાટે પ્રભવસ્વામીનું સ્થાપન એ બે બાબતો અપાઈ છે.

પાંચમા સર્ગમાં પ્રભવસ્વામીના પટ્ટધર શય્યંભવસૂરિનો વૃત્તાંત છે. એમણે પોતાના પુત્ર મનક માટે દસવેયાલિય રચ્યુ હતું એ બાબત અહીં નિર્દેશાઈ છે. કુણિકનું રાજગૃહમાં રાજ્ય હતું એ હકીકતનો પણ અહીં ઉલ્લેખ છે.

છઠ્ઠા સર્ગમાં ભદ્રબાહુસ્વામીના ચાર શિષ્યોની અને અર્ણિકાપુત્રની આખ્યાયિકા છે. ઉદાયીનો વધ થયો તેમ જ એક હજામ અને ગણિકાનો પુત્ર નન્દ વીરસંવત્ ૬૦માં 'પાટલીપુત્ર'નો સ્વામી બન્યો એ બે બાબત અહીં રજૂ કરાઈ છે.

સાતમા સર્ગમાં આ નન્દ અને એના અમાત્ય કલ્પકનો વૃત્તાન્ત છે. P. ૧૦૬

આઠમા સર્ગમાં બીજા સાત નન્દના અને કલ્પકના કુળના સાત અમાત્યોના નિર્દેશપૂર્વક નવમા નન્દની અને એના મુખ્ય પ્રધાન શકટાલની અને એ પ્રધાનના પુત્ર સંયમમૂર્તિ [2]સ્થૂલભદ્રની હકીકત અપાઈ છે.

નવમા સર્ગમાં નવમા નન્દનો નાશ, ચાણક્યનું કથાનક, ચન્દ્રગુપ્તનો રાજ્યાભિષેક અને એમણે કરેલો જૈન ધર્મનો સ્વીકાર અને કુણાલે પોતાના પિતા અશોકને મળી સંપ્રતિ માટે રાજપાટ મેળવ્યું એ એમ વિવિધ બાબતો અહીં આલેખાઈ છે. આ ઉપરાંત સંપ્રતિના સમયમાં પડેલો ભયંકર દુકાળ અને આગમોના પઠનપાઠનમાં વિચ્છેદ, ચૌદ પુવ્વ (પૂર્વ) રૂપ મહત્ત્વપૂર્ણ અને વિશાળ વિભાગથી વિભૂષિત દિટ્ઠિવાયનો ભદ્રબાહુસ્વામી પાસે સ્થૂલભદ્રે કરેલો અભ્યાસ એ બાબતો વર્ણવાઈ છે.

દસમા સર્ગમાં સ્થૂલભદ્રની જીવનકથાના અવશિષ્ટ અંશોની હકીકત અપાઈ છે.

અગિયારમાં સર્ગમાં 'જિનકલ્પી' તરીકે આર્ય મહાગિરિનું જીવન આલેખાયું છે. વળી અહીં [3]અવન્તીસુકુમાલનું વૃત્તાન્ત અપાયું છે.

---

૧. આમાંની એક કથા 'મા-સાહસ' પક્ષીની કથા છે, આને અંગેનો મારો લેખ નામે ''મા-સાહસ પક્ષી'' ''ભારતી''ના વિ.સં. ૨૦૦૫ના વાર્ષિકમાં છપાયો છે. આ પક્ષીને લગતી કેટલીક હકીકત મેં ઉપદેશરત્નાકરની મારી ''ભૂમિકા'' (પૃ. ૨૫-૨૭)માં આપી છે. વિશેષમાં ''The Jaina Records about Birds'' નામના મારા અંગ્રેજી લેખ (પૃ. ૮૩)માં મેં આ પક્ષી વિષે નોંધ લીધી છે. આ લેખ ''ABORI'' (Vols. XLIII & XLV)માં બે કટકે છપાયો છે.

૨. એઓ ચતુર્દશપૂર્વધર કેવી રીતે બન્યા એ હકીકત મેં ''મુનિરત્ન શ્રી-સ્થૂલભદ્રના જીવનનો એક પ્રસંગ'' એ નામના મારા લેખમાં આલેખી છે. આ લેખ ''જૈ. ધ. પ્ર.'' (પુ. ૫૫, અં. ૪)માં છપાયો છે. એમાં એ સ્થૂલભદ્રનો જીવનવૃત્તાન્ત રજૂ કરનારી સાત કૃતિઓની નોંધ લીધી છે. એમાં કુમારવાલપડિબોહ (પ્રસ્તાવના) ઉમેરવી ઘટે.

૩. એમનાં હાડકાં ઉપર ''મહાકાલ''નું મંદિર રચાયાની જૈન પરંપરા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બારમાં સર્ગમાં **વજ્રસ્વામી**ની જીવનરેખા આલેખાઈ છે, દુકાળ પડતાં એઓ જાદુઈપટ ઉપર
P. ૧૦૭ સકળ સંઘને બેસાડી ''[૧]પુરી' જાય છે અને ત્યાં 'પર્યુષણ' પર્વ ઉજવે છે એ વાત અહીં કહેવાઈ છે.

તેરમાં સર્ગમાં **આર્યરક્ષિત**નો જીવનવૃત્તાન્ત અપાયો છે. **વજ્રસ્વામી**. પછી **વજ્રસેન** પટ્ટધર બને છે એ વાત અહીં કહેવાઇ છે. વળી જૈન શ્રમણોના સમસ્ત વંશોની ઉત્પત્તિ વજ્રસ્વામીથી છે એવો પણ અહીં ઉલ્લેખ છે.

'કલિ.' **હેમચન્દ્રસૂરિએ ત્રિષષ્ટિ.**માં તેમ જ આ **પરિશિષ્ટપર્વ**માં કથાનકો વગેરે અનુષ્ટુભ્માં રચી અને પ્રવાહિતાનાં જ્વલંત ઉદાહરણો પૂરાં પાડ્યાં છે.

આ બંને બૃહત્-કાવ્યમાંની કથા એ **કહાવલી**ની જેમ કેવળ સંગ્રહરૂપ નથી પરંતુ એમાં એકસૂત્રતા, સુશ્લિષ્ટતા, પ્રવાહિતા અને પ્રસાદ છે તેમ જ સાહિત્યિક સૌષ્ઠવ છે.[૨]

સમકાલીનતા—લોક-સાહિત્યની, કથાનકોની તેમ જ જૈન પટ્ટાવલીની દૃષ્ટિએ પણ મહત્વની કૃતિરૂપ આ **પરિશિષ્ટ-પર્વ**ની રચના **યોગશાસ્ત્ર**ની વિવૃત્તિની સાથેસાથે થઈ હોય એમ લાગે છે કેમકે યોગશાસ્ત્ર (પ્ર.૩, શ્લો. ૧૩૧)ની વિવૃતિ (પત્ર ૨૫૮આ-૨૬૫આ) માં જે **સ્થૂલભદ્ર**ની કથા છે તે પરિશિષ્ટ-પર્વના સર્ગ ૮ના શ્લો. ૨-૧૯૩માં અને સર્ગ ૯ના શ્લો. ૫૫-૧૧૧માં લગભગ એ જ શબ્દોમાં નજરે પડે છે.

P. ૧૦૮ [૩]**અંબડ-કથા** (લ. વિ. સં. ૧૨૬૦)—આ ૧૨૬૦ શ્લોક જેવડી કથાના રચનારા **મુનિરત્નસૂરિ** છે. એમણે વિ.સં. ૧૨૫૫માં [૪]**અમમચરિત્ર** રચ્યું છે. પ્રસ્તુત **અંબડ-કથામાં અંબડ** ક્ષત્રિયનું અને સાથે સાથે એની બત્રીસ પુત્રીઓની ઉત્પત્તિનું વર્ણન અપાયું છે.

[૫]**અંબડ-ચરિત્ર** ( )—આ ગદ્યાત્મક ચરિત્રના કર્તા પં. **અમરસુન્દર** છે.

સમાનનામક કૃતિઓ—વિ.સં. ૧૫૭૧ [૬]પહેલાં **જયમેરુ**એ અને વિ.સં. ૧૫૯૯માં વાચક **હર્ષસમુદ્ર**ે તેમ જ અન્ય કોઈકે **અંબડ-ચરિત્ર** નામની એકેક કૃતિ રચી છે.

---

૧. આને ''જગન્નાથપુરી'' તરીકે કેટલાક ઓળખાવે છે દા.ત. કલ્યાણવિજયજીએ **પ્ર.ચ.**ના ''પ્રબન્ધ-પર્યાલોચન'' (પૃ. ૧૬)માં એમ કહ્યું છે.

૨. જુઓ **હેમસમીક્ષા** (પૃ. ૩૦૬).

૩. આ કથા અમદાવાદથી ઈ.સ. ૧૯૨૩માં છપાવાઈ છે. આ કૃતિને આધારે 'બ્રહ્માણ' ગચ્છના ઉપાધ્યાય **ભાવે અંબડરાસ** રચ્યો છે. વળી ઉપર્યુક્ત સંસ્કૃત કથાના ભાવાર્થ ઉપરથી **વિનયસમુદ્રે** વિ. સં. ૧૫૯૯માં **અંબડ-ચોપાઈ** અને **મંગલમાણેકે** વિ.સ. ૧૬૩૯માં **અંબડ-કથાત્મક-ચોપાઈ** રચી છે.

૪. આનો પરિચય મેં પૃ. ૩૧-૩૨માં આપ્યો છે.

૫. આ **હીરાલાલ** હંસરાજ તરફથી ઈ.સં. ૧૯૧૦માં છપાવાયું છે. આનો ડૉ. શાર્લટ **કાઉઝે**એ કરેલો અંગ્રેજી અનુવાદ ''Indische Novellen''માં લાઇપ્ત્સિગથી ઈ.સ. ૧૯૨૨માં પ્રસિદ્ધ કરાયો છે.

૬. આમ કહેવાનું કારણ એ છે કે આ વર્ષમાં આ ચરિત્રની એક હાથપોથી લખાયેલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભરતેશ્વરાભ્યુદય (લ. વિ. સં. ૧૨૬૦)-આના કર્તા પંડિત દિ. ગૃહસ્થ [૧]**આ**શાધર છે. એમનો જન્મ વિ.સં. ૧૨૩૫ની આસપાસમાં થયો હશે.[૨] એમણે **અનગાર-ધર્મામૃતની** વિ.સં. ૧૩૦૦માં જે ટીકા રચી છે તેની [૩]પ્રશસ્તિ એમનાં જીવન અને કવન ઉપર મહત્ત્વનો પ્રકાશ પાડે છે. એઓ જાતિથી 'વ્યાઘ્રેરવાલ' યાને [૪]'બઘેરવાલ' હતા. એમનાં પિતા, માતા, પત્ની અને પુત્રનાં નામ અનુક્રમે નીચે મુજબ છે:–

સલ્લક્ષણ, **શ્રી**રત્ની, **સ**રસ્વતી, અને **છા**હડ. P. ૧૦૯

વિ. સં. ૧૨૪૯ની આસપાસમાં–પંદરેક વર્ષની વયે આ પં. **આ**શાધર 'માંડલગઢ' છોડીને 'ધારા'માં આવ્યા હશે. અહીં એમણે વ્યાકરણનો અભ્યાસ કર્યો હતો. આગળ જૈન ધર્મના ઉદયાર્થે એમણે પોતાનું જીવન 'નલકચ્છપુરા' (નાલછા)માં વ્યતીત કર્યું હતું. અહીં એઓ લગભગ ૩૫ વર્ષ રહ્યા હતા.

'નય-વિશ્વ-ચક્ષુ 'કલિ-કાલિદાસ' અને 'પ્રજ્ઞા-પુંજ' તરીકે અભિનંદિત આ **આ**શાધરે 'માળવા'ના રાજા **અ**ર્જુનવર્માના ગુરુ 'બાલ-સરસ્વતી' **મ**દનને કાવ્યશાસ્ત્રનો, વાદીન્દ્ર **વિ**શાલકીર્તિને ન્યાય-શાસ્ત્રનો અને ભટ્ટારક **વિ**નયચન્દ્રને ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો હતો.

એમણે સંસ્કૃતમાં કૃતિઓ રચી કેટલીકને સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કરી છે. દા. ત. **ભરતેશ્વરાભ્યુદય.** વળી એમણે અન્યકર્તૃક ગ્રંથો ઉપર પણ ટીકાઓ રચી છે. આની અહીં હવે આપણે નોંધ લઈશું :–

સ્વરચિત કૃતિઓ–

(૧) **અધ્યાત્મ-રહસ્ય**

(૨-૫) [૫]**અનગાર-ધર્મામૃત** અને [૬]**સાગાર-ધર્મામૃત** તેમ જ આ બંનેની [૭]**ભવ્યકુમુદચન્દ્રિકા** નામની સ્વોપજ્ઞ ટીકા તથા **જ્ઞાનદીપિકા** નામની સ્વોપજ્ઞ પંજિકા.

(૬) **ક્રિયાકલાપ.**

(૭-૮) **જિનયજ્ઞકલ્પ** (વિ. સં. ૧૨૮૫) યાને **પ્રતિષ્ઠાસારોદ્ધાર** અને એની સ્વોપજ્ઞ ટીકા.

૧. એમને અંગેનો પં. **નાથૂરામ** પ્રેમીનો વિસ્તૃત લેખ **જૈ. સા. ઈ.** (પૃ. ૧૨૯-૧૪૯)માં છપાયો છે. એમની કૃતિઓની નોંધ મેં **જૈ. સં સા ઈ.** (ખંડ ૧, પૃ. ૧૬, ૪૪-૪૬, ૧૦૯, ૨૨૯, ૨૮૦, ૨૮૬, ૨૯૬ અને ૩૦૦)માં લીધી છે.

૨. જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૧૩૩)

૩. આ ૩૧ પદ્યની પ્રશસ્તિ **જૈ. સા. ઈ.** (પૃ. ૧૪૩-૧૪૯)માં છપાઈ છે.

૪. આ રજપૂતાનાની એક વૈશ્ય-જાતિ છે એમ **જૈ. સા. ઈ.** (પૃ. ૧૩૧)માં કહ્યું છે.

૫-૭. **સાગારધર્મામૃત** તેમ જ **અનગાર-ધર્મામૃત** એ બંને કૃતિ **ભવ્યકુમુદચન્દ્રિકા** સહિત ''મા. દિ. જૈ. ગ્રં''માં વિ. સં. ૧૯૭૨ અને ૧૯૭૪માં અનુક્રમે પ્રસિદ્ધ કરાઈ છે. ["રા. જૈ. શાસ્ત્રમાલા," ''ભારતીય જ્ઞાનપીઠ'' વ. દ્વારા પણ પ્રસિદ્ધ થયેલ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૯-૧૦) [૧]**જિનસહસ્રનામસ્તોત્ર** અને એની સ્વોપજ્ઞ [૨]ટીકા.

P. ૧૧૦ (૧૧-૧૨) **ત્રિષષ્ટિ-સ્મૃતિ-શાસ્ત્ર અને એની સ્વોપજ્ઞ ટીકા.**

(૧૩) **નિત્ય-મહોદદ્યોત**

(૧૪) **પ્રમેય-રત્નાકર**

(૧૫) **રત્ન-ત્રય-વિધાન.**

(૧૬-૧૭) **રાજીમતી-વિપ્રલંભ** અને એની સ્વોપજ્ઞ ટીકા.

અન્યકર્તૃક ગ્રંથોની ટીકા—આ **આશાધરે** અન્યે રચેલા નિમ્નલિખિત ગ્રંથો ઉપર ટીકા રચી છે:—

(૧)	[૩]**અમરકોશ.**	(૪)	[૫]**આરાહણાસાર.**
(૨)	[૪]**અષ્ટાંગહૃદય.**	(૫)	[૬]**ઈષ્ટોપદેશ.**
(૩)	**શિવાર્ય** પાઇયમાં રચેલી **આરાહણા.**	(૬)	[૭]**કાવ્યાલંકાર.**
		(૭)	[૮]**ભૂપાલ-ચતુર્વિંશતિકા.**

આ પૈકી [૯]દસ કૃતિઓ વિ. સં. ૧૨૮૫ પહેલાં, **જિનયજ્ઞકલ્પ** ૧૨૮૫માં, **સાગાર-ધર્મામૃતની** ટીકા ૧૨૯૬માં અને **અનગાર-ધર્મામૃતની** ટીકા ૧૩૦૦માં રચાઈ છે.[૧૦]

પં. **આશાધર** પછી એમના જેવી બહુશ્રુત અને વિવિધ વિષયોને અંગે કૃતિઓ રચનારી વ્યક્તિ દિગંબર સમાજમાં કોઈ થઈ જણાતી નથી.[૧૧]

P. ૧૧૧ **વિષય**—**ઋષભદેવના** સૌથી મોટા પુત્ર અને આ અવસર્પિણીની અપેક્ષાએ 'ભારત' વર્ષમાં પ્રથમ ચક્રવર્તી **ભરત** નરેશ્વરનો અભ્યુદય આ કાવ્યમાં વર્ણવાયો હશે એમ એનું શીર્ષક જોતાં જણાય છે. એ તો ઠીક, પણ 'સિદ્ધ' અંકથી અંકિત આ કાવ્ય 'બૃહત્કાવ્ય'છે કે નહિ અને તે પણ સંસ્કૃતમાં છે કે નહિ એ જાણવું બાકી રહે છે. તેમ છતાં એને સંસ્કૃત બૃહત્કાવ્ય માની લઈ મેં એની અહીં નોંધ લીધી છે. **જિનયજ્ઞકલ્પમાં આશાધરે** આ કાવ્યનો ઉલ્લેખ કર્યો છે.

આર્ષભીય-કાવ્ય (ઉ. વિ. સં. ૧૭૪૫)—આ ન્યાયવિશારદ ન્યાયાચર્ય **યશોવિજયગણિએ ઋષભદેવના** પુત્ર **ભરતને** અંગે રચેલું પદ્યાત્મક કાવ્ય છે. એ અદ્યાપિ પૂરેપૂરું મળી આવ્યું નથી. આનો પરિચય મેં **યશોદોહન** (ખંડ ૨, ઉપખંડ ૨, પ્રકરણ ૨, પૃ. ૯૯-૧૦૧)માં આપ્યો છે. ["યશોભારતી પ્ર." મુંબઈથી આ પ્રગટ થયું છે.]

---

૧. આ કૃતિ સ્વોપજ્ઞ ટીકા તેમજ **શ્રુતસાગરની** ટીકા સહિત 'ભારતીય જ્ઞાનપીઠ, કાશી' તરફથી ઈ.સ. ૧૯૫૪માં પ્રકાશિત કરાઈ છે.

૨. આ છપાયેલી છે. જુઓ ઉપરનું ટિપ્પણ. ૩-૮. આની ટીકા મળતી નથી.

૯. આનાં નામ **જિનયજ્ઞકલ્પની** પ્રશસ્તિમાં અપાયાં છે.

૧૦. **આશાધરની** કૃતિઓની નોંધ મેં D C G C M (Vol. XIX, pt. 2, P. 236)માં લીધી છે.

૧૧. જુઓ **જૈ. સા. ઇ.** (પૃ. ૧૨૯)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અજિતનાથ-ચરિત્ર—સ્વતંત્ર કૃતિ તરીકે કોઈ અજ્ઞાતકર્તૃક કૃતિ હોય તો હોય; બાકી **અરુણમણિ**નું વિ.સં. ૧૭૧૬માં રચાયેલું [1]**અજિતનાથ-પુરાણ** છે. એનો વિષય જૈનોના બીજા તીર્થંકર **અજિતનાથ**ની જીવનરેખા છે.

[2]**માણિક્યકાવ્ય** (ઉ. વિ. સં. ૧૨૬૬)– આના કર્તા 'રાજ' ગચ્છના **સા**ગરચન્દ્રના ભક્ત **માણિક્યચન્દ્ર** છે કે જેમણે **કાવ્યપ્રકાશ** ઉપર [3]**સંકેત** નામની ટીકા રચી છે. એમાં એમણે પોતે રચેલા કોઈ કાવ્યમાંથી ઉદાહરણો આપ્યાં છે. એ સંસ્કૃતમાં રચાયેલું બૃહત્ પદ્યાત્મક કાવ્ય હશે એમ માની P. ૧૧૨
એનાં અહીં નોંધ લીધી છે. શું આ કાવ્ય તે **શાન્તિનાથચરિત્ર** કે **પાર્શ્વનાથ-ચરિત્ર** છે કે અન્ય કોઈ કાવ્ય છે ?

લીલાવતીસાર (લ. વિ. સં. ૧૨૭૦)—આ 'ખરતર' ગચ્છના **જિ**નપતિસૂરિના પ્રશિષ્ય અને **જિ**નેશ્વરસૂરિના શિષ્ય [4]**જિ**નરત્નસૂરએ ૨૧ 'ઉત્સાહ'માં રચેલું કાવ્ય છે. એ **જિ**નેશ્વરસૂરિએ વિ. ૧૦૯૨માં જ.મ.માં રચેલી [5]**નિવ્વાણ-લીલાવઈ**નું સંસ્કૃત રૂપાંતર છે. [હરિવલ્લભ ભાયાણીએ જેસલમેરની એક જ પ્રતિના ફોટાના આધારે આનું સંપાદન કર્યું છે. આનું પ્રકાશન લા. દ. ભા. વિ. દ્વારા ઈ.સ. ૧૯૮૩માં થયું છે. આ ગ્રંથની રચના જાબાલીપુર (જાલોર)માં વિ.સં. ૧૩૪૦માં થઈ છે. આનું ગ્રંથાગ્ર ૫૩૫૦ છે. આ ગ્રંથ ક્યાંક ક્યાંક ત્રુટક છે.]

[6]**પાંડવચરિત** (લ. વિ. સં. ૧૨૭૦)—આના કર્તા 'મલધારી' ગચ્છના મુનિચન્દ્રસૂરિના પટ્ટધર દેવપ્રભસૂરિ છે. એઓ **ન**રચન્દ્રસૂરિના ગુરુ થાય છે. એમણે **નાયાધમ્મકહા** નામનું છઠ્ઠું અંગ અને **ત્રિષષ્ટિ**.ને જોઈને કુતૂહલથી પાંડવોના ચરિત્રરૂપે ૮૦૦૦ શ્લોક જેવડું આ કાવ્ય ૧૮ સર્ગમાં વિ.સં. ૧૨૭૦ના અરસામાં રચ્યું છે. એનું સંશોધન **યશો**ભદ્રસૂરિએ અને **ન**રચન્દ્રસૂરિએ કર્યું હતું. આ પાંડવચરિત (સર્ગ ૬)માં **ન**ળની કથા છે.

પરિમાણ—આ મહાકાવ્યના ૧૮ સર્ગની પદ્યસંખ્યા અનુક્રમે નીચે મુજબ છે:—

૫૯૧, ૪૮૫, ૪૯૪, ૪૭૧, ૫૩૫, ૧૦૨૨, ૭૦૫, ૫૬૨, ૩૮૦, ૪૮૦, ૩૯૨, ૫૦૩, ૧૧૧૧, ૩૩૧, ૧૨૯, ૩૫૧, ૩૬૭, અને ૨૯૩ (૨૮૧+[7]૧૨).

---

૧. જુઓ પૃ. ૯

૨. આ નામ મેં યોજ્યું છે.

૩. આના રચનાવર્ષ તરીકે વિ.સં. ૧૨૧૬, ૧૨૪૬ અને ૧૨૬૬ એમ ત્રણ ભિન્ન ભિન્ન ઉલ્લેખ જોવાય છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૮૭).

૪. એઓ વિ. ૧૩૦૭માં વિદ્યામાન હતા.

૫. આ કૃતિ અનુપલબ્ધ છે. એનો ઉલ્લેખ **ધ**નેશ્વરે વિ. સં. **૧૦૯૫**માં રચેલા **સુરસુન્દરિચરિય (કહા)**માં કર્યો છે.

૬. આ "કાવ્યમાલા" (૯૩)માં ઈ. સ. ૧૯૧૧માં છપાયું છે. આ મહાકાવ્ય "મેસર્સ એ. એમ. ઍન્ડ કંપની" તરફથી બે ભાગમાં (આઠ અને દસ સર્ગ પૂરતા) એક જ વર્ષમાં ઈ. સ. ૧૯૩૬માં પ્રકાશિત કરાયું છે. આનું ગુજરાતી ભાષાંતર **ભી**મસિંહ માણેક તરફથી ઈ.સ. ૧૮૭૮માં છપાવાયું છે.

૭. આ પ્રશસ્તિનાં પદ્યોની સંખ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૧૩ આમ એકંદર ૮૯૦૨ પદ્યો છે.

વિષયો—આ ૧૮ સર્ગના વિષય સર્ગદીઠ અનુક્રમે નીચે પ્રમાણે છેઃ

પાંડવોના પૂર્વજોનું વર્ણન, **કૃષ્ણ**, **નેમિનાથ** અને **યુધિષ્ઠિર**નો જન્મ અને દ્વારકાનું સ્થાપન, **ભીમ**, દુર્યોધન વગેરેનો જન્મ, પાંડવો અને કૌરવોનો કળાનો અભ્યાસ અને એની પરીક્ષા, **દ્રૌપદી**ના સ્વયંવરનું વર્ણન, અર્જુનની તીર્થયાત્રા અને **યુધિષ્ઠિર**નો રાજ્યાભિષેક, નળનું ઉપાખ્યાન અને દ્યૂતનું વર્ણન, લાક્ષાગૃહ અને **હિડંબ** તથા **બકનો** વધ, **કિરાત** અને **અર્જુન**નું યુદ્ધ, તલતાલનો વધ અને કમળાનું હરણ, દુર્યોધનની અર્જુન દ્વારા મુક્તિ (એનું મોચન) અને કૃત્યાના ઉપદ્રવનું નિવારણ, 'વિરાટ' નગરમાં અવસ્થાન અને ગાયનું ગ્રહણ, **કૃષ્ણ**નું હસ્તિનાપુરમાં દૂતને મોકલવું, ધૃતરાષ્ટ્રે અને **સંજયે** આપેલો ઉપદેશ તથા **કૃષ્ણ**નું દૂત તરીકેનું કાર્ય, કૃષ્ણ અને પાંડવોનાં **સૈન્ય**ની રવાનગી તેમ જ પાંડવો અને કૌરવોની સેનાની સજ્જતા, પાંડવો અને કૌરવોના યુદ્ધનું વર્ણન, જરાસંધનો વધ, ભીષ્મનું સ્વર્ગગમન, નેમિનાથનાં લગ્નની તૈયારી, **એમ**ની દીક્ષા અને સર્વજ્ઞતા, દ્રૌપદીનું હરણ અને કૃષ્ણ દ્વારા પ્રત્યાનયન, દ્વારકાનો દાહ અને કૃષ્ણનું અવસાન, અને **બલદેવ**નું સ્વર્ગમન તથા નેમિનાથ અને પાંડવોનું નિર્વાણ.

નોંધ—અહીં એ વાત નોંધીશ કે **મહાભારતમાં પાંડવો**નું જે ચરિત્ર મળે છે તેનાથી કેટલીક બાબતમાં ભિન્ન સ્વરૂપનું ચરિત્ર જૈન ગ્રંથોમાં જોવાય છે તો એનું શું કારણ ? એનો ઉત્તર **પ્ર. ચ.** (શૃંગ ૨૨, શ્લો. ૧૫૮-૧૬૨)માં **હેમચન્દ્રસૂરિ**ના પ્રબંધમાં એમ અપાયો છે કે **ભીષ્મે** એમ કહ્યું હતું કે મારું મૃત્યુ થતાં મારો એવી ભૂમિમાં અગ્નિ સંસ્કાર કરજો કે જ્યાં કોઈને બાળવામાં ન આવ્યા હોય. એ પ્રસંગ ઉપસ્થિત થતાં નીચે મુજબની દેવવાણી થઈ :—

[૧]"अत्र भीष्मशतं दग्धं पाण्डवानां शतत्रयम् ।
द्रोणाचार्यसहस्रं तु कर्णसंख्या न विद्यते ॥"[૨]

P. ૧૧૪ આ ઉપરથી એમ કહી શકાય કે ત્રણસો પાંડવોમાંથી કોઈકનું ચરિત્ર જૈન ગ્રંથોમાં આલેખાયા મુજબનું હોઈ શકે.

ટીકા—આ પાંડવચરિત ઉપર **મુનીશ્વરે** ટીકા રચી છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૪૩માં લખાયેલી મળે છે.

[૩]**પાંડવચરિત્ર** (વિ. સં. ૧૬૬૦)—આના કર્તા **દેવવિજયગણિ** છે. એઓ **વિજયરાજસૂરિ**ના શિષ્ય વિજયરાજસૂરિ (રાજવિજયસૂરિ)ના શિષ્ય થાય છે. **દેવેન્દ્રસૂરિ**કૃત દાનાદિ ચાર કુલકો ઉપર

---

૧. આ પદ્ય મહાભારતના ભીષ્મ-પર્વમાં છે.

૨. આ ઉપરથી ભગવદ્-ગીતા (અ.૪)નું નિમ્નલિખિત પાંચમું પદ્ય કોઈકને સ્ફુરે તો નવાઈ નહિઃ—

"बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन! ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परन्तप! ॥५॥"

૩. આ ચરિત્ર "ય. જૈ. ગ્રં."માં વીરસંવત્ ૨૪૩૮માં પ્રકાશિત કરાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમણે વિ.સં. ૧૬૬૬માં **ધર્મરત્નમંજૂષા** રચી છે. વળી એમણે **રામચરિત** રચ્યું છે અને **સત્તરિસયઠાણ** ઉપર [૧]વૃત્તિ રચી છે.[૨] એમણે પ્રસ્તુત **પાંડવ-ચરિત્ર** ગદ્યમાં વિ. સં. ૧૬૬૦માં રચ્યું છે. એ ૧૮ વિભાગમાં વિભક્ત છે અને એનું સંશોધન **શાન્તિચન્દ્ર**ના શિષ્ય **રત્નચન્દ્રે** કર્યું છે.

પાંડવચરિત્ર ( )—આ **વિજયગણિએ** ૧૪ સર્ગમાં રચ્યું છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૪૨)માં નોંધ છે.

[૩]**પાંડવચરિત્ર** ( )—આના કર્તા [૪]**શુભવર્ધનગણિ** છે. આ [૫]નવ સર્ગમાં વિભક્ત છે. આમાં P. ૧૧૫
અનુક્રમે પાંડવોની ઉત્પત્તિ, પાંડવો અને કૌરવોનો વિદ્યાભ્યાસ અને એમનાં બળની પરીક્ષા, દ્રૌપદીનો સ્વયંવર અને અર્જુન સાથે એનાં લગ્ન, પાંડવની દ્યૂતક્રીડા અને એમનો વનવાસ, હિડંબાનાં લગ્ન અને અર્જુનની વિદ્યાસાધના, કૌરવાદિનો ક્ષય, 'શત્રુંજય'ની યાત્રાદિરૂપ પુણ્ય કાર્ય, દ્રૌપદીનું હરણ ઇત્યાદિ અને પાંડવોનું મુક્તિગમન એમ વિવિધ બાબતોને સ્થાન અપાયું છે.

લઘુ-પાંડવ-ચરિત્ર ( )—આ ૨૫૦૦ શ્લોક જેવડી અજ્ઞાતકર્તૃક કૃતિ છે. [આ ઉપરાંત **શુભચન્દ્રે** સં. ૧૬૦૮માં, **વાદિચન્દ્રે** સં. ૧૬૫૪માં અને **શ્રુતભૂષણે** સં. ૧૬૫૭માં **પાંડવપુરાણ**ની રચના કરી છે. જુઓ જૈ. સા. બૃ. ઈ. ભા. ૬ પૃ. ૫૩-૫૫.]

પાંડવચરિત્રોદ્ધાર ( )—આના પ્રણેતા **જયાનન્દ** છે. એમણે ક્યા **પાંડવચરિત્રના** સંક્ષેપરૂપે આ રચના કરી છે તે જાણવા માટે એની હાથપોથી તપાસવી ઘટે.

[૬]**બાલભારત** (લ. વિ. સં. ૧૨૭૫)—આ 'વેણીકૃપાણ' **અમરચન્દ્રે** બ્રાહ્મણોની પ્રેરણાથી રચેલું કાવ્ય છે. એ એ 'વીર' અંકથી અંકિત છે. એ ૧૮ પર્વમાં વિભક્ત છે. એમાં એકંદરે ૪૪ સર્ગ છે. પહેલા ૪૩ સર્ગ એ **વ્યાસે** રચેલા મનાતા **મહાભારતના** સંક્ષેપરૂપ છે. એમાં કર્તાએ પોતાના જૈન મંતવ્યોથી આ કૃતિને રંગી નથી કે તદનુસાર ફેરવી નથી પરંતુ મૂળ કૃતિ પ્રમાણે જ હકીકત રજૂ કરી છે. આથી આ કાવ્ય અજૈનોને પણ પ્રિય અને ગ્રાહ્ય બન્યું છે. ૪૪મો સર્ગ પ્રશસ્તિરૂપ છે. એ સિવાયના P. ૧૧૬
પ્રત્યેક સર્ગના પ્રારંભમાં વ્યાસની સ્તુતિરૂપ એકેક પદ્ય છે. પ્રો. વિન્ત્તર્ન્તિત્સે આ કાવ્ય વિષે એમના જર્મન પુસ્તક Geschichte der Indischen Litteratur (III, p, 74)-માં નોંધ લીધી છે. આ કાવ્યના આદિપર્વના સ. ૧૧માં પ્રભાતના વર્ણનને પ્રસંગે નિમ્નલિખિત છઠ્ઠા પદ્યમાં આ **અમરચન્દ્રસૂરિએ**

---

૧. આની રચનામાં કર્તાના શિષ્ય **જયવિજયે** સહાય કરી હતી.

૨. **પજ્જોસવણાકપ્પ** ઉપર **સંઘવિજયગણિએ** જે દીપિકા રચી છે એનું સંશોધન વિ. સં. ૧૬૮૧માં ધનવિજયગણિએ કર્યું હતું અને એનો પ્રથમાદર્શ પ્રસ્તુત **દેવવિજયગણિએ** લખ્યો હતો.

૩. આ ''સત્યવિજય ગ્રંથમાલા''માં અમદાવાદથી ઈ.સ. ૧૯૨૨માં છપાવાયું છે. [હર્ષપુષ્પા. ૯૬માં પ્રસિદ્ધ.]

૪. એઓ **સા**ધુવિજયગણિના શિષ્યાણુ થાય છે.

૫. એની પદ્યસંખ્યા અનુક્રમે નીચે મુજબ છેઃ—

૧૪૩, ૫૮, ૧૨૧, ૧૯૨, ૧૯૦, ૧૨૦, ૪૮, ૧૦૨ અને ૩૫. આમ એકંદરે ૧૦૦૯ પદ્યો છે.

૬. આ કાવ્યમાલા ૪૫માં પ્રકાશિત છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૯૮).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'વેણી'ને કૃપાણની ઉપમા આપી છે. એ ઉપરથી એમનું 'વેણીકૃપાણ' અમર એવું નામ પડ્યું છે અને એનો એ રીતે ઉલ્લેખ **હમ્મીરમહાકાવ્ય** (સ. ૧૪, શ્લો. ૩૧)માં કરાયો છે:–

''दधिमथनविलोलल्लोलदृग्वेणिदम्भा-
दयमदयमनङ्गो विश्वविश्वैकजेता ।
भवपरिभवकोपत्यक्तबाणः कृपाण—
श्रममिव दिवसादौ व्यक्तशक्तिर्व्यनक्ति ॥६॥''

સંક્ષિપ્ત પરિચય–પ્રસ્તુત કાવ્યનો સંક્ષિપ્ત પરિચય [1]L C V (પૃ. ૧૦૯-૧૧૦)માં અપાયો છે.

વિંશતિપ્રબન્ધ (લ. વિ. સં. ૧૨૭૫)–આ **વિનયચન્દ્રસૂરિ**ની રચના છે. એમણે પોતે રચેલી [2]**કાવ્યશિક્ષા**ના પ્રત્યેક પરિચ્છેદના અંતમાં પોતાનો ''વિંશંતિપ્રબન્ધકર્તૃ'' તરીકે નિર્દેશ કર્યો છે. આ વીસ પ્રબન્ધો સંસ્કૃતમાં હશે. એ બધાનાં નામ જાણવાં બાકી રહે છે.

P. ૧૧૭ [3]**જયન્તવિજય** યાને **જયન્તકાવ્ય** (વિ.સં. ૧૨૭૮)–આ **અભયદેવ**ની વિ.સં. ૧૨૭૮ની રચના છે. એઓ **જિનવલ્લભસૂરિ**ના શિષ્ય **જિનશેખર**ના શિષ્ય **પદ્મેન્દુ**ના શિષ્ય થાય છે. આમ એઓ 'ખરતર' ગચ્છના ગણાય. તેમ છતાં આ કાવ્યની પ્રશસ્તિમાં 'ખરતર' એવો ઉલ્લેખ નથી. આ કાવ્યમાં ૧૯ સર્ગ છે. એનું પરિમાણ ૨૨૦૦ શ્લોક જેવડું છે. સર્ગદીઠ પદ્યની સંખ્યા નીચે મુજબ છે :–

૭૨, ૫૨, ૧૦૨, ૬૯, ૭૩, ૧૦૨, ૭૮, ૭૫, ૭૩, ૭૫, ૯૨, ૫૯, ૧૧૩, ૧૧૧, ૭૭, ૯૬, ૬૫, ૬૮ અને ૯૬ (૮૬+૧૦). આમ એકંદર ૧૫૪૮ પદ્યો છે.

'શ્રી' અંકથી અંકિત આ કાવ્યમાં જયન્ત નામના નૃપતિનું ચરિત્ર આલેખાયું છે. પ્રથમ સર્ગ પ્રસ્તાવનારૂપ છે. બીજા સર્ગમાં પુત્રાદિની ચિંતાનું નિરૂપણ છે. સ. ૩માં 'નવકાર' મંત્રનો પ્રભાવ વર્ણવાયો છે. સ.૪માં સુર અને યોગીન્દ્ર ઉપર વિજય, સ.૫માં યોગીન્દ્રનું સ્વરૂપ, સ.૬માં પુત્રના જન્મનો ઉત્સવ, સ. ૭માં વસંતનું વર્ણન, સ.૮માં દોલાવિલાસ, પુષ્પાવચય, જલક્રીડા, સૂર્યાસ્ત, ચન્દ્રોદય ઇત્યાદિનું વર્ણન, સ. ૯માં દૂતનાં વચનો, સ. ૧૦માં હરિરાજનો પરાજય, સ. ૧૧માં દિગ્વિજય, સ. ૧૨માં કુમારધર્મનો સ્વીકાર, સ. ૧૩માં લગ્નનો ઉત્સવ, સ. ૧૪માં આયુધોનું વર્ણન, સ.૧૫માં નરેન્દ્રને સમ્યક્ત્વની પ્રાપ્તિ, સ. ૧૬માં સ્વયંવરનું વર્ણન, સ. ૧૭માં

---

૧. Literary Circle of Mahamatya Vastupala and its contribution to Sanskrit Literature. આ પુસ્તક ''સિ. જૈ. ગ્રં. માં'' ઈ.સ. ૧૯૫૩માં પ્રસિદ્ધ કરાયું છે.

૨. આ **કાવ્યશિક્ષા** (પૃ. ૧)જોતાં બપ્પભટ્ટિસરિએ આના જેવી કોઈ કૃતિ રચ્યાનું અને પૃ. ૪૯વિચારતાં કોઈ કાવ્ય રચ્યાનું અનુમાય છે. [**કાવ્યશિક્ષા** લા. દ. વિદ્યામંદિર અમદા. દ્વારા પ્રસિદ્ધ થઇ છે.]

૩. આ કાવ્ય ''કાવ્યમાલા'' (૭૫)માં ''નિર્ણયસાગર મુદ્રણાલય''તરફથી ઈ.સ. ૧૯૦૨માં [અને જૈ. ધ. પ્ર. દ્વારા ભાવનગરથી] પ્રસિદ્ધ કરાયું છે. આમાં કોઈ કોઈ પદ્ય ખંડિત છે. [વિશેષ માટે જુઓ. **'સંસ્કૃત કાવ્યો'** કે **વિકાસમેં જૈન કવિયોંકા યોગદાન** લે. ડો. **નેમિચન્દ્રશાસ્ત્રી** પૃ. ૩૦૮ ''જૈન મહાકાવ્ય પરમ્પરા ઔર અભયદેવકૃત જયન્તવિજય'' લે. રામપ્રસાદ, પ્ર. ''સાહિત્યનિકેતન'' કાનપુર ઈ.૧૯૮૪]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નરેન્દ્રના પૂર્વ ભવનું વર્ણન, સ. ૧૮માં ગ્રીષ્મ, વર્ષા અને શરદ્ એ ત્રણ ઋતુઓનું વર્ણન, સ.૧૯માં નરેન્દ્રની રાજ્યસ્થિતિનું વર્ણન અને અંતમાં દસ શ્લોકની પ્રશસ્તિ એમ વિવિધ બાબતોનું નિરૂપણ છે.

[૧]**નર-નારાયણાનંદ** (લ. વિ. સં. ૧૨૮૦)–આ ૧૬૦૦ શ્લોક જેવડા મહાકાવ્યના કર્તા [૨]**વસ્તુપાલ** છે. એઓ વિ. સં. ૧૨૭૬માં ધોળકાના રાણા **વીર**ધવલના મંત્રી હતા અને અનેક કવિઓના આશ્રયદાતા હતા. એમણે આ મહાકાવ્ય સોળ [૩]સર્ગમાં ૭૯૪ પદ્યમાં વિ.સં. ૧૨૭૭થી ૧૨૮૭ના ગાળામાં રચ્યું છે. એનો આરંભ કોઈ પણ દેવતાના મંગલાચરણ વિના કરાયો છે કે જે હકીકત **કુ**મારસંભવ, **કિ**રાતાર્જુનીય, **શિ**શુપાલવધ, **નૈ**ષધચરિત્ર વગેરેમાં જોવાય છે. આ મહાકાવ્યમાં નર અર્થાત્ **અ**ર્જુન અને નારાયણ અર્થાત્ વાસુદેવ **કૃ**ષ્ણ, વચ્ચેની મૈત્રીનું, એ બેના 'રૈવતક' ઉદ્યાનમાં વિહારનું તેમ જ **અ**ર્જુન દ્વારા **સુ**ભદ્રાના હરણનું વર્ણન છે. આ વસ્તુનું નિરૂપણ કરતાં કવિઓને ઉચિત એવાં નગર, જનતા, નૃપ ઇત્યાદિનાં વર્ણનો આ કાવ્યનો વધારે ભાગ રોકે છે. આ કાવ્યના કર્તા તરીકે **વ**સન્ત-પાલનું નામ છે. કર્તાનું આ નામ કવિ **હ**રિહરે અને **સો**મશર્માએ પાડ્યું છે એમ આ **નરનારાયણાનન્દ** (સ. ૧૬, શ્લો. ૩૮) ઉપરથી જાણી શકાય છે અને **બા**લચન્દ્રસૂરિએ **વસન્તપાલ-ચરિત્ર** રચી એ નામને અમર કર્યું છે. જુઓ પૃ. ૧૨૬ P. ૧૧૮ P. ૧૧૯

વસ્તુપાલનું રચેલું પ્રસ્તુત [૪]કાવ્ય **શિશુપાલવધનું** સ્મરણ કરાવે છે–એની હરોળમાં ઊભું રહે તેવું છે. એમાં 'લઘુભોજરાજ' તરીકે ઓળખાવાતા આ વસ્તુપાલે સોળમા સર્ગમા પોતાનો આત્મવૃત્તાંત

---

૧. આ મહાકાવ્ય "ગા. પૌ. ગ્રં."માં ગ્રથાંક ૨ તરીકે ઈ. સ. ૧૯૧૬માં છપાવાયું છે. એના પરિશિષ્ટરૂપે (૧) વસ્તુપાલકૃત **આદીશ્વરમનોરથમયસ્તોત્ર** (શ્લો, ૧-૧૨), (૨) વસ્તુપાલકૃત સૂક્તિઓ અને (૩) વસ્તુપાલકૃત કીર્તિદાન-પ્રબન્ધો (**ઉપદેશતરંગિણી, પ્ર. ચ.**, જિનહર્ષકૃત **વસ્તુપાલચરિત્ર** અને **ચ. પ્ર.**માંથી)અપાયાં છે. વિશેષમાં પ્રારંભમાં આબુ ઉપરના **તે**જપાલના મંદિર-માંની વસ્તુપાલની સપત્નીક પ્રતિકૃતિ છે. [પ્રવચન પ્રકાશનપુનાથી તાજેતરમાં આનું પુનર્મુદ્રણ થયું છે..]

૨. એમનાં જીવન અને કવનને ઉદ્દેશીને એક સાક્ષર પાંત્રીસેક વર્ષ ઉપર 'ઠક્કર વસનજી વ્યાખ્યાનમાળા'માં વ્યાખ્યાન આપનાર હતા. તે સમયે એમણે આ કાર્યમાં સહાયક થઈ પડે તેવી હકીકત તૈયાર કરવાનું કાર્ય મને સોંપ્યું હતું. એ કાર્ય લગભગ મેં પૂરું કર્યું એવામાં એ સાક્ષરે ઉપર્યુક્ત વ્યાખ્યાનમાળા માટે અન્ય વિષય પંસદ કર્યો. એથી મેં તૈયાર કરેલી સામગ્રી અપ્રકાશિત રહી.
વસ્તુપાલ અને એના વિદ્યામંડળને અંગે ડૉ. ભોગીલાલ સાંડેસરાએ બે પુસ્તકો રચ્યાં છે અને એ બંને પ્રકાશિત કરાયાં છે. એમાંનું એક L C V છે.

૩. સર્ગદીઠ પદ્યની સંખ્યા નીચે મુજબ છે :–
૪૩, ૪૦, ૪૫, ૫૩, ૪૯, ૫૮, ૩૭, ૫૭, ૪૦, ૬૧, ૪૭, ૮૧, ૬૪, ૪૦, ૩૮ અને ૪૧.
આ ઉપરાંત ૧૧માં અને ૧૬મા સર્ગ સિવાયના સર્ગને અંતે એકેક પદ્ય તેમજ ૧૧માં તથા ૧૬મા સર્ગને અંતે બબ્બે પદ્યો છે. આમ ૧૮ પદ્યો છે.

૪. આના અંગ્રેજીમાં લખાયેલા સંક્ષિપ્ત પરિચય માટે જુઓ L C V (પૃ. ૧૦૭-૧૦૯). [વિશેષ માટે જુઓ- 'તેરહવી ચૌદહવી શતાબ્દી કે જૈન કાવ્ય' લે. ડો. શ્યામશંકર દીક્ષિત પૃ. ૯૭-૧૨૦]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મનોમોહક રીતે આલેખ્યો છે. એમણે [૧]**આદીશ્વર-મનોરથમય-સ્તોત્ર, નેમિનાથસ્તોત્ર, અંબિકા-સ્તવન** વગેરે **આરાધના** તેમ જ વિવિધ સૂક્તિઓ રચ્યાં છે. **વસ્તુપાલ** કેવળ કવિ ન હતા પણ કલા-પ્રેમી અને ધર્મપ્રેમી પણ હતા.

અવતરણ—સ. ૧, શ્લો. ૭ જલ્હણકૃત **સૂક્તમુક્તાવલીમાં** અને સ. ૧૪, શ્લો. ૧૬ એ **અમરચન્દ્રસૂરિ**ની **કવિકલ્પલતા** (શ્લેષ-સિદ્ધિ-પ્રતાન)માં અવતરણરૂપે અપાયા છે.

ઉપર્યુક્ત **સૂક્તમુક્તાવલીમાં વસ્તુપાલ**નાં નામે બીજી બે સૂક્તિ છે પણ તેનાં મૂળ જાણવામાં નથી.

[૨]**ધર્માભ્યુદય** યાને **સંઘપતિચરિત્ર** (ઉ. વિ. સં. ૧૨૯૦)—આના કર્તા [૩]**આરંભસિદ્ધિ** વગેરેના
P. ૧૨૦ પ્રણેતા [૪]**ઉદયપ્રભસૂરિ** છે. આ ધર્માભ્યુદયમાં [૫]૧૫ સર્ગ છે. આમાં **વસ્તુપાલે** સંઘપતિ થઈ ખૂબ ધામધૂમપૂર્વક 'શત્રુંજય' અને 'ગિરનાર'ની જે યાત્રાઓ કરી હતી તેનું માહાત્મ્ય કવિને છાજે એવી રીતે વર્ણવાયું છે.

પ્રથમ અને અંતિમ સર્ગો **વસ્તુપાલ** અને **વિજયસેનસૂરિ** સંબંધી માહિતી પૂરી પાડે છે જ્યારે બાકીના સર્ગોમાં **ઋષભદેવ, નેમિનાથ, જંબૂસ્વામી** વગેરેનાં ચરિત્રો આલેખાયાં છે.

આ **કિરાતાર્જુનીયનની** જેમ 'લક્ષ્મી' અંકથી અંકિત સમગ્ર કાવ્યનું પરિમાણ ૫૦૪૧ શ્લોક જેટલું છે.

પરિચય—પ્રસ્તુત કાવ્યનો સંક્ષિપ્ત પરિચય અંગ્રેજીમાં ડૉ. ભો. જ. સાંડેસરાએ L C V (પૃ. ૧૦૨-૧૦૩)માં આપ્યો છે.

સમાનનામક કૃતિ—મેઘપ્રભસૂરિએ દશાર્ણભદ્રના જીવનવૃત્તાંતને રજૂ કરતી જે કૃતિ રચી છે તેને [૬]**ધર્માભ્યુદય** તેમ જ **છાયાનાટ્ય-પ્રબંધ** કહે છે. આ નાટક હોઈ એ સંબંધમાં આગળ ઉપર વિચાર કરાશે.

[૭]**પંચદંડાત્મક**[૮] **વિક્રમચરિત્ર** (વિ.સં. ૧૨૯૦ કે ૧૨૯૪)— આ અજ્ઞાતકર્તૃક કૃતિ વિ. સં. ૧૨૯૦ કે ૧૨૯૪માં રચાયેલી છે. એમાં લોકકથા-સાહિત્યમાં પ્રધાન પદ ભોગવનારા **વિક્રમાદિત્ય**નો

---

૧. આ **નરનારાયણાનંદ** ગા. પૌ. ગ્રં. આવૃત્તિમાં પરિશિષ્ટરૂપે પૃ. ૬૩-૬૪માં છપાવાયું છે.

૨. વસ્તુપાલને હાથે વિ.સં. ૧૨૯૦માં લખાયેલી આની હાથપોથી ખંભાતના ભંડારમાં છે. [આનું સંપાદન મુનિશ્રીચતુરવિજય અને મુનિશ્રી પુણ્યવિ. એ કર્યું છે. સિંધી ગ્રં. ૪માં પ્રસિદ્ધ છે. આનું પુનર્મુદ્રણ પ્રાચ્ય સાહિત્ય પુનઃ પ્રકાશન ગ્રં. માં. ૨૦૪૮માં થયું છે.]

૩. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૦૬-૨૦૭).

૪. એમના સંક્ષિપ્ત પરિચય તેમજ એમની કૃતિના નામનિર્દેશ માટે જુઓ જૈ. સં. સા. ઈ. (ખંડ ૧, પૃ. ૨૦૬).

૫. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૯૫)માં ૧૪ સર્ગનો ઉલ્લેખ છે તે ભ્રાન્ત છે.

૬. આ "**જૈ. આ. સ.**" તરફથી ઈ.સ. ૧૯૧૮માં છપાયું છે અને એનો "Indische Shattentheater" (p. 48 ff.) માં જર્મન અનુવાદ થયેલો છે.

૭. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૧૧૧) પ્રમાણે આ ચરિત્ર હીરાલાલ હંસરાજ તરફથી છપાવાયું છે. **શ્રીવિક્રમચરિત્ર** એ નામથી હીરાલાલ હંસરાજ તરફથી ઈ.સ. ૧૯૧૨માં પ્રસિદ્ધ કરાયેલી કૃતિ તે જ આ હશે. એમાં તો રચનાવર્ષ નથી.

૮. એક અજ્ઞાતકર્તૃક **પંચદંડકથા** છે અને પાઈયમાં કોઈકનું **પંચદંડ-પુરાણ** છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૃતાન્ત રજૂ કરાયો છે અને ખાસ કરીને એના છત્રના [૧]પાંચ દંડની વાત છે. સાથે સાથે વિવિધ P. ૧૨૧
લોકકથાઓ એમાં ગુંથાયેલી છે. **શા**મળભટે વિ.સં. ૧૭૭૭થી ૧૭૮૫ના ગાળામાં રચેલી **સિંહાસનબત્રીસીમાંની** પાંચમી પંચદંડની કથા આ કૃતિ ઉપરથી યોજાઈ છે.[૨]

હીરાલાલ હંસરાજ તરફથી ઉપર્યુક્ત નામની જે કૃતિ છપાવાઈ છે તેનો પ્રારંભ "प्रणम्य जगदानन्द"થી જાય છે. એમાં પાંચ પ્રસ્તાવ છે. એમાં ચાલુ પદ્યાંક માટે કોઈ એકસરખું ધોરણ રખાયું નથી. પ્રથમ પ્રસ્તાવ (પત્ર ૧-૧૯)માં ૨૧૪ પદ્યો, દ્વિતીય (પત્ર ૧૯-૫૭)માં ૪૫૧, તૃતીય (પત્ર ૫૭-૧૦૮)માં ૬૬૪ (૮૮+૪૯૫+૬૧), ચતુર્થ (પત્ર ૧૦૮-૧૪૨)માં ૪૭૯ અને પંચમ (પત્ર ૧૪૨-૧૫૬)માં ૧૪૭ પદ્યો છે. પ્રથમ પ્રસ્તાવનાના અંતમાં નિમ્નલિખિત પદ્ય છે :–

"श्रीविक्रमार्कस्य नरेश्वरस्य श्रीपञ्चदण्डातपछत्रबन्धे ।
पद्ये महाश्चर्यकरे यथोक्ते प्रस्ताव एष प्रथमो बभूव ॥"

બાકીના પ્રસ્તાવોના અંતમાં પ્રાયઃ ઉપર્યુક્ત ત્રણ ચરણોવાળું એકેક પદ્ય છે.

[૩]**વિક્રમચરિત્ર**[૪] (લ. વિ. સં. ૧૪૭૧)–આના કર્તા 'કાસદ્રહ' ગચ્છના દેવચન્દ્રસૂરિના શિષ્ય ઉપાધ્યાય દેવમૂર્તિ છે. આમાં ચૌદ સર્ગ છે. એમાં નીચે મુજબના વિષયો અનુક્રમે આલેખાયાં છે :–

(૧) **વિ**ક્રમાદિત્યની ઉત્પત્તિ, (૨) **વિ**ક્રમાદિત્યને રાજ્યની પ્રાપ્તિ, (૩) [૫]સુવર્ણ–પુરુષનો P. ૧૨૨
લાભ, (૪) પાંચ દંડવાળા છત્રની પ્રાપ્તિ, (૫) 'દ્વાદશાવર્ત' વંદનાના ફળને સૂચવનાર કૌતુક નયવીક્ષિ, (૬) દેવપૂજાના ફળને દર્શાવનાર સ્ત્રી-રાજ્ય-ગમન, (૭) **વિ**ક્રમાદિત્યને પ્રતિબોધ, (૮) જૈન ધર્મનો પ્રભાવ સૂચવનારું હંસાવલીનું લગ્ન (૯) વિનયનો પ્રભાવ, (૧૦) નમસ્કારમંત્રનો પ્રભાવ, (૧૧) સત્ત્વાધિક કથાકોશ, (૧૨) દાનધર્મનો, પ્રભાવ, (૧૩) **વિ**ક્રમાદિત્યનું સ્વર્ગારોહણ અને (૧૪) સિંહાસન-દ્વાત્રિંશિકા યાને બત્રીસ પૂતળીની વાર્તા.

આ ઉપરથી જોઈ શકાશે કે **વિ**ક્રમાદિત્યના ચરિત્રને લગતું આ વિસ્તૃત કાવ્ય છે.

---

૧. આ સંબંધમાં જુઓ **શુ**ભશીલકૃત **વિક્રમાદિત્યચરિત્ર** કે જેનો પરિચય પૃ. ૧૨૨-૧૨૪માં અપાયો છે.

૨. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૬૧૧)

૩. આની વિ. સં. ૧૪૮૨માં, ૧૪૯૨માં, ૧૪૯૫માં તેમ જ ૧૪૯૬માં લખાયેલી એકેક હાથપોથી મળે છે.

૪. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૪૯) પ્રમાણે આનો ગ્રંથાગ્ર ૫૩૦૦ શ્લોક જેવડો છે અને આ કૃતિને **સિંહાસન-દ્વાત્રિંશિકા** પણ કહે છે.

૫. **ના**રાયણભટ્ટે ઈ.સ. ૯૦૦ની આસપાસમાં રચેલા **હિતોપદેશના** 'ગ્રહ' નામના ત્રીજા વિભાગની નવમી કથા નામે 'ચૂડામણિક્ષત્રી અને લોભિયો હજામ'માં ભિક્ષુકનું સુવર્ણકલશરૂપે પરિણમન થયાની વાત છે. સુવર્ણપુરુષને અંગેની માહિતીમાં મારા લેખ નામે "સુવર્ણપુરુષ અને જૈન સાહિત્ય"માં આપી છે. આ લેખ "જૈ. સ. પ્ર." (વ. ૧૯, અં. ૪-૫)માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૨૩ [1]**વિક્રમાદિત્ય-ચરિત્ર**[2] (વિ. સં. ૧૪૯૦)– આના કર્તા 'સહસ્રાવધાની' **મુનિસુન્દરસૂરિ**ના શિષ્ય **શુભશીલ** છે. એમણે આ ચરિત્ર વિ. સં. ૧૪૯૦માં અને પ્રત્યન્તર પ્રમાણે ૧૪૯૯માં રચ્યું છે. આ તો પદ્યાત્મક કૃતિ છે પણ શું નિમ્નલિખિત કૃતિઓ પણ પદ્યાત્મક છે ?

(૧) ૬૦૦૦ શ્લોક જેવડું પં. **સોમસૂરિ**એ રચેલું **વિક્રમચરિત્ર.**

(૨) **શ્રુતસાગર**કૃત **વિક્રમપ્રબન્ધકથા.**

(૩) **વિદ્યાપતિ**કૃત **વિક્રમાદિત્યપ્રબન્ધ.**

(૪-૬) અજ્ઞાતકકૃત **વિક્રમનૃપકથા, વિક્રમપ્રબન્ધ** અને **વિક્રમાદિત્યકથા.**

(૭) 'કવિ' **ગુણાર્ણવે** ૫૫૦૦ શ્લોક જેવડો રચેલો **વિક્રમાર્કવિજય.**

આ બાર સર્ગના પ્રસ્તુત કાવ્યમાં **ગન્ધર્વસેન**ના કે મતાંતર પ્રમાણે **ગર્દભિલ્લ**ના પુત્ર **વિક્રમાદિત્ય**નાં સાહસ, દાન, પરોપકાર વગેરે ગુણોના નિરૂપણરૂપે અદ્‌ભુત કથાઓ અપાઈ છે. સાથે સાથે એના પુત્ર દેવકુમાર યાને **વિક્રમચારિત્ર**નો જીવનવૃત્તાન્ત પણ આલેખાયો છે. વિશેષમાં પ્રસંગોપાત્ત સુભાષિતો પણ અપાયાં છે. નવમા સર્ગમાં **વિક્રમાદિત્ય**નાં **ના**ગદમની નામની ધાંચણની પુત્રી **દે**વદમની સાથેનાં લગ્નની વાત છે. **ના**ગદમની પાંચ દંડનું છત્ર બનાવી આપવા માટે એ રાજાને પાંચ આદેશ કરે છે : પ્રથમ આદેશ પ્રમાણે એ તામ્રલિમીના રાજાના મહેલમાંથી રત્નની પેટી લાવે છે. બીજા આદેશ મુજબ એ 'સોપારક' નગરના **સોમ**શર્માની પત્ની **ઉ**માદેવીનું ચરિત્ર જાણે છે અને એની પાસેથી 'સર્વરસ' દંડ અને 'વજ્ર' દંડ એમ બે દંડ મેળવે છે. ત્રીજા આદેશ અનુસાર એ **મ**તિસાર મંત્રીને દેશમાંથી કાઢી મૂકે છે અને ચોથા આદેશ પ્રમાણે એને પાછો લાવે છે. પાંચમા આદેશ મુજબ એ 'વિષાપહાર' દંડ, 'ભૂસ્ફોટ' દંડ અને 'મણિ' દંડ એ ત્રણ દંડ મેળવે છે.

P. ૧૨૪ આ નવમા સર્ગમાં અન્યાયી રાજા અને **પા**ષાણ મંત્રીની કથા છે. એમાં કહ્યું છે કે એક ડોસીનો દીકરો એક શેઠને ત્યાં ચોરી કરવા માટે જાય છે. એના ઘરમાં ખાતર પાડતાં ભીંત તૂટી પડે છે અને એ મરણ પામે છે. એની ફરિયાદ એ ડોસી રાજાને કરે છે ત્યારે રાજા આ શેઠને શૂળીએ ચડાવવા

૧. આ કાવ્ય ''હેમચન્દ્ર ગ્રન્થમાલા''માં છપાવાયું હતું. ત્યારબાદ એ ''શ્રીવિક્રમચરિત્રમ્'' એ નામથી પં. ભગવાનદાસ હરખચન્દ્ર તરફથી વિ.સં. ૧૯૯૬માં પ્રકાશિત થયું છે. એનું સંપાદન એમણે જ કર્યું છે. એમને પાંચ હાથપોથીઓ મળી હતી. એના પાઠભેદ, રચના-ભેદ અને અર્થ-સંદર્ભને લક્ષ્યમાં રાખી એમણે બે વર્ગ પાડ્યા છે અને પ્રથમ વર્ગમાંની હાથપોથીઓ પ્રમાણે પાઠ આપ્યા છે. પ્રથમ વર્ગની હાથપોથીઓમાં રચનાવર્ષ તરીકે ૧૪૯૯નો ઉલ્લેખ છે જ્યારે દ્વિતીય વર્ગની હાથપોથીઓમાં ૧૪૯૦નો છે. પ્રથમ વર્ગની હાથપોથીઓમાં પંચદંડછત્રની કથા ૬૩૩ પદ્યમાં છે જ્યારે દ્વિતીય વર્ગની હાથપોથીમાં એ ૧૯૯૬ પદ્યમાં અને તે પણ જુદી જ રીતે અપાઈ છે. આથી આના સંપાદક એમ માનવા પ્રેરાયા છે કે એ વિસ્તૃત કથાના કર્તા પ્રસ્તુત **શુ**ભશીલ નહિ હશે અને કોઈકે એ કથા મૂળ ગ્રંથ સાથે જોડી દીધી હશે. આ સંપાદકે સંસ્કૃતમાં સર્ગદીઠ વિષયાનુક્રમ આપ્યો છે.

૨. આ નામથી એક કૃતિ **સા**ધુરત્નના શિષ્ય **રા**જમેરુએ ગદ્યમાં રચી છે અને એની એક હાથપોથી વિ.સં. ૧૫૮૯માં લખાયેલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ફરમાવે છે. શેઠ કડિયાનો, કડિયો ગણિકાનો અને ગણિકા નગ્ન દિગંબરનો વાંક કાઢે છે. એ દિગંબર કરતાં શૂળી લાંબી પડવાથી આખરે રાજાના શાલાક (? શાળા)ને શૂળીએ ચડાવાય છે.

આમ આ કથા ''પુરી એક અંધેરી ને ગંડુ રાજા''થી શરૂ થતી અર્વાચીન કવિતાનું સ્મરણ કરાવે છે.[૧]

અનુવાદ– આ કૃતિનો શ્રી. મણીલાલ ન્યાલચંદ શાહ દ્વારા નવલકથારૂપે ગુજરાતીમાં [૨]અનુવાદ કરાયો છે.

[૩]**વિક્રમચરિત્ર** (વિ.સં. ૧૪૯૦)– આ 'પૂર્ણિમા' ગચ્છના **અભયચન્દ્રસૂરિ**ના શિષ્ય **રામચન્દ્રસૂરિ**એ વિ.સં. ૧૪૯૦માં ડભોઇમાં રચેલું ચરિત્ર છે. એમની બીજી કૃતિ તે આ જ વર્ષમાં રચાયેલો **પંચદંડા-તપત્રછત્રપ્રબન્ધ** છે. એમનું આ **વિક્રમચરિત્ર** એ ૩૨ કથારૂપ છે. એની રચના **ક્ષેમંકર**ગણિએ ગદ્યમાં રચેલી **સિંહાસનદ્વાત્રિંશિકાને** આધારે કરાયાનું ગ્રંથકાર જાતે કહે છે. આમાં પણ બત્રીસ પૂતળીની વાર્તા છે.

[૪]**પંચદંડાતપત્રછત્રપ્રબન્ધ**[૫] (વિ.સં. ૧૪૯૦)– આ વિ.સં. ૧૪૯૦માં **વિક્રમચરિત્ર** રચનારા P.
રામચન્દ્રે વિ. સં. ૧૪૯૦માં [૬]૨૨૫૦ શ્લોક જેવડો ગદ્યપદ્યમાં ખંભાતમાં રચેલો પ્રબન્ધ છે.

[૭]**પંચદંડછત્રપ્રબન્ધ**– આના કર્તા **પૂર્ણચન્દ્ર** (કેટલાકને મતે **પુણ્યચન્દ્ર**) છે. આ ૪૦૦ શ્લોક જેવડી કૃતિ છે.

સિંહાસન-દ્વાત્રિંશિકા (લ. વિ. સં. ૧૪૫૦)–આના કર્તા દેવસુન્દસૂરિના શિષ્ય **ક્ષેમંકર** છે. એમણે જ. મ. માં રચાયેલી **સિંહાસણબત્તીસિયા** ઉપરથી આ ગદ્યપદ્યાત્મક કૃતિ વિ. સં. ૧૪૫૦ની આસપાસમાં રચી છે. એ ''સિંહાસનબત્રીસી'' ગત ઘણીખરી વાર્તાઓનાં મૂળ પૂરાં પાડે છે.

સમાનનામક કૃતિઓ– આ નામની એક કૃતિ ગદ્યમાં સમયસુન્દરે રચી છે અને એની એક હાથપોથી વિ. સં. ૧૭૨૪માં લખાયેલી છે. વળી આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ પણ છે.

---

૧. આ સંબંધમાં જુઓ મારો લેખ નામે 'એક આધુનિક કવિતાનું મૂળ' આ લેખ 'બુદ્ધિપ્રકાશ' (વ. ૧૦૧, અં. ૧)માં છપાયો છે.

૨. આ સારાંશરૂપ અનુવાદની બીજી આવૃત્તિ ''શાસનસમ્રાટ વિજય-નેમિસૂરિ-જીત-વિદ્યાનંદ પુષ્પાંક છ'' તરીકે પ્રસિદ્ધ થયેલી છે પણ એમાં પ્રકાશન વર્ષની નોંધ નથી,

૩. આનું ગુજરાતી ભાષાંતર **મણિલાલ** નભુભાઈએ કર્યું હતું અને એ ''વડોદરા દેશી કેળવણી ખાતું'' તરફથી વિ. સં. ૧૯૫૧માં છપાંવાયું હતું.

૪. આ પ્રબન્ધ માટે **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૨૪)માં કહ્યું છે કે આમાં ૫૫૦ શ્લોક છે અને એ પ્રો. **વેબર**ના ટિપ્પણ સહિત બર્લિનથી ઈ.સ. ૧૮૭૭માં અને **હીરાલાલ** હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૧૨માં પ્રસિદ્ધ થયેલો છે અને એમાં એની પ્રશસ્તિ નથી પણ એ BBRAS ના સૂચીપત્ર (ક્રમાંક ૧૭૪૬)માં છે.

૫. આને કેટલાક **વિક્રમાદિત્યચરિત્ર** તેમ જ **વિક્રમપંચદંડચરિત્ર** પણ કહે છે.

૬. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૪૬૯)

૭. આને કેટલાક **વિક્રમપંચદંડપ્રબન્ધ** તેમ જ **વિક્રમાદિત્ય-પંચદંડ-છત્રપ્રબન્ધ** પણ કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૨૬ [1]**વસન્તવિલાસ** (લ. વિ. સં. ૧૩૦૦)– આના કર્તા 'ચન્દ્ર' ગચ્છના **હરિ**ભદ્રસૂરિના શિષ્ય **બાલ**ચન્દ્રસૂરિ છે. **સો**મેશ્વર, **હરિહર** વગેરે કવિઓએ એમના સમકાલીન મંત્રીશ્વર **વસ્તુ**પાલને '**વસન્ત**પાલ' કહ્યા હતા. એ ઉપરથી આ મહાકાવ્યનું નામ **વસન્તવિલાસ** રખાયું હોય એમ લાગે છે. આ મહાકાવ્ય (સ. ૧)માં કર્તાએ પોતાની આત્મકથા આલેખી છે. એમાં કહ્યા મુજબ **બાલ**ચન્દ્રસૂરિ પૂર્વાવસ્થામાં સંસારીપણામાં મોઢેરાના 'મોઢ' બ્રાહ્મણ હતા અને એમનું નામ **મુંજાલ** હતું. એમના પિતા **ધ**રાદેવ જૈન શાસ્ત્રના જાણકાર હતા અને એમની માતાનું નામ **વિદ્યુત્** (વીજળી) હતું. **હરિ**ભદ્રસૂરિનો ઉપદેશ સાંભળી એ મુંજાલે એમની પાસે દીક્ષા લીધી હતી. એ સમયે એમનું નામ '**બા**લચન્દ્ર' પડાયું હતું. એઓ **ર**ત્નશ્રી નામની ગણિનીના ધર્મપુત્ર હતા. એમણે ચૌલુક્ય રાજગુરુ **પ**દ્માદિત્ય પાસે અભ્યાસ કર્યો હતો. 'વાદી' દેવસૂરિના ગચ્છના **ઉ**દયસૂરિએ એમને 'સારસ્વત' મંત્ર આપ્યો હતો. એક વાર એઓ યોગનિદ્રામાં હતા તેવામાં **શા**રદા દેવી એમની પાસે આવી અને બોલી કે હે વત્સ ! તેં બાલ્યાવસ્થાથી સારસ્વત ધ્યાન કર્યું છે. એથી હું પ્રસન્ન થઈ છું અને જે પૂર્વે **કા**લિદાસ વગેરે મારી ભક્તિ કરવાથી મહાકવિ થયા છે તેમ તું પણ થઈશ.[2] એ દેવીની કૃપાથી રચાયેલા આ મહાકાવ્યમાં બાલચન્દ્રસૂરિએ પોતાને 'વાગ્દેવી-પ્રતિપન્ન-સૂનુ' તરીકે એટલે કે સરસ્વતી દેવીના પુત્ર તરીકે ઓળખાવ્યા છે. આ સૂરિએ વિ. સં. ૧૨૭૭ની આસપાસમાં **કરુણાવજ્રાયુધ** નામનું નાટક રચ્યું છે. વળી એમણે **આ**સડ કવિકૃત **ઉવએસકંદલી** ઉપર તેમ જ **વિવેગમંજરી** ઉપર સંસ્કૃતમાં એકેક વૃત્તિ રચી છે. પહેલી
P. ૧૨૭ વૃત્તિમાં એમણે પોતાની ગુરુપરંપરા આપી છે.

વિષય– પ્રસ્તુત કાવ્યમાં **વસ્તુ**પાલનો જીવનવૃત્તાંત આલેખાયો છે. એમાં ચૌદ સર્ગ છે. એની રચના **વસ્તુ**પાલના પુત્ર જૈત્રસિંહના વિનોદાર્થે કરાઈ છે. એમાં કવિએ પ્રથમ સર્ગમાં ઉપર મુજબની આત્મકથા વર્ણવી છે. ત્યાર બાદ એમણે અણહિલવાડનું વર્ણન કર્યું છે. આ મહાકાવ્યમાં એમણે **મૂ**લરાજથી માંડીને **ભી**મદેવ અને **વી**રધવલ સુધીના નૃપતિઓનો ઐતિહાસિક વૃત્તાન્ત રજૂ કર્યો છે. પછી એમણે **વસ્તુ**પાલ અને એમના ભાઈ **તે**જઃપાલની મંત્રી તરીકેની નિમણુંક, ભરૂચના **શં**ખ સાથે **વસ્તુ**પાલનું યુદ્ધ અને એમાં **વસ્તુ**પાલનો વિજય એ બાબતો આલેખી છે. ત્યાર બાદ ઋતુઓ, કેલિ, સૂર્યોદય અને ચન્દ્રોદયનાં રૂઢ વર્ણનો કરી **વસ્તુ**પાલની યાત્રાઓ વિષે એમણે ઉલ્લેખ કર્યો છે. અંતમાં આ **વસ્તુ**પાલનાં વિવિધ સત્કૃત્યોનું ગુણોત્કીર્તન કરી એમના વિ. સં. ૧૨૯૬માં સદ્ગતિ સાથે થયેલા પાણિગ્રહણની અર્થાત્ એમના અવસાનની નોંધ લીધી છે.[3]

રચનાસમય– વિ. સં. ૧૨૯૬ સુધીની હકીકત આ મહાકાવ્યમાં અપાઈ છે. એ હિસાબે વિક્રમની તેરમી સદીના અંત ભાગની કે ચૌદમીના પ્રારંભિક ભાગની કૃતિ ગણાય.

---

૧. આ મહાકાવ્ય "ગા. પૌ. ગ્રં." માં ઈ.સ. ૧૯૧૭માં છપાયું છે એમાં **રા**જશેખરસૂરિએ રચેલો "**વસ્તુપાલ-પ્રબંધ**" પરિશિષ્ટરૂપે અપાયો છે.

૨. સર્ગ ૧ના શ્લો. ૫૮-૭૦ મારા ગુજરાતી અનુવાદ સહિત **ભ. સ્તો. પા. કા. સં.** (ભા. ૨)ની પ્રસ્તાવના (પૃ. ૩૬-૩૮)માં છપાયા છે.

૩. આ કાવ્યનો સંક્ષિપ્ત પરિચય L C V (પૃ. ૯૮-૧૦૧)માં અપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂલ્યાંકન– આ મહાકાવ્ય **કીર્તિકૌમુદી** અને **નરનારાયણાનન્દ** સાથે સ્પર્ધા કરી શકે તેવું છે. એ સબળ [૩]વૈદર્ભી રીતિમાં રચાયું હોવાથી એમાં માધુર્ય અને પ્રસાદ જોવાય છે. એમાં કવિનું છંદ, ભાષા અને અલંકાર ઉપરનું પ્રભુત્વ તરી આવે છે. આ કવિની આ કૃતિ મધ્યકાલીન કવિઓના ભાષાડંબરથી મોટે ભાગે મુક્ત છે. આ કૃતિ ઐતિહાસિક દૃષ્ટિએ પણ મહત્ત્વની છે.

કથારત્નસાગર (લ. વિ. સં. ૧૩૦૦)–આના કર્તા 'મલધારી' ગચ્છના દેવપ્રભસૂરિના શિષ્ય **નરચન્દ્રસૂરિ** છે. એમણે મંત્રીશ્વર **વસ્તુપાલ**ની વિજ્ઞપ્તિ અનુસાર આ કૃતિ રચી છે. એમાં પંદર તરંગ છે. આ કૃતિનું પરિમાણ ૨૦૯૧ શ્લોક જેવડું છે. આ કૃતિમાં શીલ, તપ, દાન તથા વિવિધ સદ્‌ગુણોનું મહત્ત્વ કથાઓ દ્વારા દર્શાવાયું છે, આ કૃતિની વિ. સં. ૧૩૧૯માં લખાયેલી સચિત્ર તાડપત્રીય પ્રતિ મળે છે. ચિત્રો માટે આ પ્રતિનાં પત્ર ૧૬૩-૧૬૪ જોવા ઘટે. [આની સામગ્રી અને પ્રતિલિપિ આ. **મુનિચન્દ્રસૂરિ**એ તૈયાર કરાવી છે.] P. ૧૨૮

પરિચય– આ કૃતિનો અંગ્રેજીમાં સંક્ષિપ્ત પરિચય L C V (પૃ. ૧૪૯)માં અપાયો છે.

પ્રત્યેકબુદ્ધ-ચરિત્ર (વિ.સં. ૧૩૧૧)–આના કર્તા 'ખરતર' ગચ્છના **જિનપતિસૂરિ**ના પટ્ટધર **જિનેશ્વરસૂરિ**ના શિષ્ય **લક્ષ્મીતિલક** છે. **અભયતિલક**, **ચન્દ્રતિલક**, **જિનપ્રબોધસૂરિ**, **જિનરત્નસૂરિ**, ઉપાધ્યાય **દેવમૂર્તિ**, **પૂર્ણકલશ**, **વિવેકસમુદ્રગણિ** અને **સર્વરાજગણિ** એ બધા ગ્રન્થકારો ઉપર્યુક્ત **લક્ષ્મીતિલક**ના ગુરુભાઈ થાય છે. વિશેષમાં **જિનરત્નસૂરિ** એમના વિદ્યાગુરુ થાય છે જ્યારે એઓ પોતે **અભયતિલક**ના વિદ્યાગુરુ થાય છે. પ્રસ્તુત **લક્ષ્મીતિલકે** વિ.સં. ૧૩૧૧માં 'જિનલક્ષ્મી' અંકથી અંકિત અને 'કાન્તોદારાનતિશયાન્' થી શરૂ થતું **પ્રત્યેકબુદ્ધ-ચરિત્ર** ૧૭ સર્ગમાં રચ્યું છે. એમાં એમણે **કરકંડુ**, **દ્વિમુખ**, **નમિ** અને **નગ્ગતિ** એ ચાર પ્રત્યેકબુદ્ધ રાજર્ષિઓનાં ચરિત્ર આલેખ્યાં છે.

સમાનનામક કૃતિઓ– **જિનવર્ધનસૂરિ**એ તેમ જ **સમયસુન્દરગણિ**એ પણ એકેક **પ્રત્યેકબુદ્ધચરિત્ર** રચ્યું છે. વળી આને અંગે પાઈયમાં તેમ જ અપભ્રંશમાં પણ કૃતિઓ છે.

[**જૈનકથાસંગ્રહ** : ભા. ૧ થી ૬ ''જિનશાસન આરાધના ટ્રસ્ટ'' દ્વારા પ્રગટ થયા છે. આમાં અનેક પ્રાચીન કથાઓ છે.]

[**યદુસુન્દરમહાકાવ્ય**– આ. પદ્મસુન્દરસૂરિ. તેઓ નાગપુરીય તપાગચ્છ શાખાના આનન્દમેરુના શિષ્ય હતા. ૧૬મા સૈકામાં અકબર દ્વારા સમ્માનિત. એલ.ડી.સીરિઝ ૧૦૫માં પ્રકાશિત ડી.પી. રાવલ દ્વારા સંપાદિત ગ્રંથકારની પ્રકાશિત રચનાઓ–

(૧) અકબરશાહી શૃંગારદર્પણ (૨) કુશલોપદેશ (૩) પ્રમાણસુન્દર (૪) જ્ઞાનચન્દ્રોદયનાટક (૫) પાર્શ્વનાથચરિત મહાકાવ્ય.

અપ્રગટ રચનાઓ :– (૧) પરમતવ્યવચ્છેદ સ્યાદ્વાદસુન્દરદ્વાત્રિંશિકા (અનૂપ સંસ્કૃત લાયબ્રેરી, બીકાનેર.) (૨) રાજપ્રશ્નીય નાટ્યપદભંજિકા (અનૂપ સં.લા.) (૩) ષડ્‌ભાષાગર્ભિત નેમિસ્તવ (અગરચંદ નાહટા સંગ્રહ, બિકાનેર.) (૪) વરમંગલિકા સ્તોત્ર ભારતીસ્તોત્ર (અ.ના.બિકાનેર) (૬) સારસ્વતરૂપમાલા (એલ.ડી.) (૭) હાયનસુન્દર (એલ.ડી.) (૮) સુન્દરપ્રકાશ શબ્દાર્ણવ (એલ.ડી.) (૯) રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય (ખંભાત) આની અપૂર્ણ નકલ પ્રાકૃતટેક્ષ્ટ સો. માં છે. (૧૦) જંબૂચરિત્ર (એલ.ડી.) (૧૧) પ્રજ્ઞાપનાસૂત્ર અવચૂરિ (એલ.ડી.)]

૩. કવિ **અપરાજિતે** **બાલચન્દ્રસૂરિ**ને અંગેની એક પ્રશંસોક્તિમાં એમની વૈદર્ભી રીતિની પ્રશંસા કરી છે તે યથાર્થ ઠરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૨૯

પ્રકરણ ૨૨ : શ્રવ્ય કાવ્યો

(ઇ) બૃહત્ પદ્યાત્મક ગ્રન્થો : પ્રકીર્ણક ચરિત્રો, પ્રબન્ધો અને કથાઓ (ચાલુ)

[૧]**અભયકુમાર-ચરિત્ર** (વિ.સં. ૧૩૧૨)—આના કર્તા 'ખરતર' ગચ્છના **જિનેશ્વરસૂરિ**ના શિષ્ય ઉપાધ્યાય [૨]**ચન્દ્રતિલક** છે. એમણે આ ૯૦૩૬ શ્લોક જેવડું ચરિત્ર ૧૨ સર્ગમાં રચ્યું છે. એનો પ્રારંભ એમણે 'વાગ્ભટ્ટમેરુ' (બાહડમેરુ)માં કર્યો હતો અને એની પૂર્ણાહૂતિ **વીસલદેવ**ના રાજ્યમાં વિ. સં. ૧૩૧૨માં દીપોત્સવીને દિવસે 'ખંભાત'માં કરી હતી. આ ચરિત્રનું સંશોધન એમના બે ગુરુભાઈઓએ- **અભયતિલકે** અને **લક્ષ્મીતિલકે** કર્યું હતું.

વિદ્યાભ્યાસ— **ચન્દ્રતિલકે** આ ચરિત્રના અંતમાં પ્રશસ્તિ દ્વારા પોતાના વિદ્યાગુરુઓનો પરિચય આપતાં કહ્યું છે કે **નેમિચન્દ્રગણિએ** મને સામાયિક શ્રુતાદિ ભણાવી પાળ્યો, **સિદ્ધસેન** મુનિએ [૩]'પ્રભાણિ'? શિખવ્યાં, **જિનચન્દ્રસૂરિ**ના મોટા શિષ્ય અને વાચનાચાર્ય **ગુણભદ્રસૂરિએ** 'પંચિકા' ભણાવી, [૪]**સૂરપ્રભે** [૫]**વિદ્યાનન્દ** (વ્યાકરણ) ભણાવ્યું, ત્રૈવિદ્ય જેવા **વિજયદેવસૂરિએ** પ્રમાણ-સાહિત્ય શિખવ્યું અને ઉપાધ્યાય **જિનપાલે નન્દી** વગેરે આગમોની વાચના આપી.[૬] P. ૧૩૦

આ પ્રમાણે બહુશ્રુત બનેલા **ચન્દ્રતિલકે** પ્રસ્તુત ચરિત્ર દ્વારા નરેશ્વર **શ્રેણિક** અને **નન્દા**ના પુત્ર અને આગળ જતાં એ **શ્રેણિક**ના મંત્રીશ્વર બનેલા અને અંતમાં **મહાવીરસ્વામી** પાસે દીક્ષા લીધેલા બુદ્ધિનિધાન [૭]**અભયકુમાર**નું ચરિત્ર રચ્યું છે. એ ઉપરથી આપણને **અભયકુમાર**ના બુદ્ધિવૈભવનાં

---

૧. આ ચરિત્ર **હીરા**લાલ હંસરાજ તરફથી ગ્રંથકારની તેમ જ કવિ **કુમારે** ગ્રંથલેખન પરત્વે રચેલી પ્રશસ્તિ સહિત ઈ.સ. ૧૯૧૦માં પ્રસિદ્ધ કરાયું છે. વળી "જૈ.આ.સ." તરફથી પણ આ ચરિત્ર બે ભાગમાં ઈ. સ. ૧૯૧૭માં પ્રકાશિત થયું છે. જેસલમેરના ભંડારમાં આ ચરિત્રની તાડપત્રીય પ્રતો છે. આ ચરિત્રનું **મો**તીલાલ ઓધવજીએ કરેલું ગુજરાતી ભાષાંતર "નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડ" તરફથી ત્રણ ભાગમાં અનુક્રમે ઈ. સ. ૧૯૨૬, ૧૯૨૭ અને ૧૯૩૦માં પ્રકાશિત કરાયું છે. પ્રત્યેક ભાગમાં સર્ગદીઠ વિષયોની અનુક્રમણિકા અપાઈ છે. એથી આ કાવ્યમાં કઈ કઈ બાબત આવે છે તે સહેલાઈથી જાણી શકાય છે. ઉપર્યુક્ત બે પ્રશસ્તિમાંથી એકેનું ભાષાંતર અહીં અપાયું નથી. [હર્ષપુષ્પામૃતગ્રં. ૧૦૬માં પ્રસિદ્ધ થયું છે.]

૨. એમના ગુરુભાઈઓનાં નામ માટે જુઓ આ જ પૃષ્ઠ.

૩. **હીરા**લાલ હંસરાજની આવૃત્તિમાં "**वृद्धिमस्मि प्रभावितः**"એવો પાઠ છે. જુઓ શ્લો. ૨૮.

૪. એઓ **જિન**પતિસૂરિના શિષ્ય થાય છે, એમણે સ્તંભતીર્થમાં દિ. વાદી **યમ**દંડને હરાવ્યા હતા. વિશેષમાં એ **સૂર**પ્રભે **બ્રહ્મકલ્પ** કવિતામાં રચ્યો હતો. જુઓ ઉપર્યુક્ત પ્રશસ્તિ.

૫. જુઓ **જૈ.સં.સા.ઈ.** (ખંડ ૧, પૃ. ૪૧-૪૨)

૬. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૪૧૧)

૭. પ્રત્યેક નૂતન વર્ષે કેટલાયે વેપારીઓ પોતાના ચોપડામાં 'અભયકુમાર મંત્રીશ્વરની બુદ્ધિ હોજો' એમ લખે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને પ્રશંસાપાત્ર રાજનીતિજ્ઞતાનાં ઉત્તમ ઉદાહરણો જોવા મળે છે. કાવ્યરસિકોને આનંદ આપે એવાં વર્ણનો તેમ જ ધર્મી જનોને ધર્મનો બોધ કરાવે એવી બાબતો અહીં આપી આ ચરિત્રને નમૂનેદાર બનાવાયું છે. [સમાનનામકકૃતિઓ– **સકલકીર્તિ** અને અજ્ઞાતકર્તૃક **અભય.**ચરિત્ર.નો **જિ.૨.કો.** પૃ. ૧૩માં ઉલ્લેખ છે.]

ભાષાંતર– આ ચરિત્રનું ગુજરાતી ભાષાંતર થયેલું છે અને એ છપાવાયું છે. જુઓ નીચે ટિ, ૧

[૧]**નરવર્મચરિત્ર** યાને **સમ્યક્ત્વાલંકાર** (વિ. સં. ૧૩૨૩)– આના કર્તા 'ખરતર' ગચ્છના વાચનાચાર્ય **વિવેકસમુદ્ર**ગણિ છે. એઓ **જિનેશ્વર**સૂરિના શિષ્ય થાય છે અને **બા**હડના પુત્ર **બો**હિત્થના પુત્ર થાય છે. એમણે વિ. સં. ૧૩૦૪માં **જિનેશ્વર**સૂરિ પાસે દીક્ષા લીધી હતી. એઓ વિ. સં. ૧૩૨૩માં વાચનાચાર્ય અને વિ. સં. ૧૩૪૨માં ઉપાધ્યાય બન્યા હતા. એમણે **જિનરત્ન**સૂરિના બે શિષ્ય– P. ૧૩૧
ઉપાધ્યાય **લક્ષ્મી**તિલક અને ઉપાધ્યાય **અભ**તિલગગણિની પાસે બે વ્યાકરણો, **અનેકાન્તજયપતાકા, ન્યાયકન્દલી, ન્યાયામ્બુધિખંડન** વગેરેનો અભ્યાસ કર્યો હતો.[૨] એઓ **જિન**કુશલસૂરિના વિદ્યાગુરુ થાય છે. એઓ વિ. સં. ૧૩૭૯માં સ્વર્ગે સિધાવ્યા. એ ગણિએ [૩]**પુણ્યસારકથાનક** રચ્યું છે.

પ્રસ્તુત કૃતિ ૫૪૨૪ શ્લોક જેવડી છે અને એ પાંચ સર્ગમાં વિભક્ત છે. એ **વિવેકસમુદ્ર**ગણિએ પોતાના પિતાની અભ્યર્થનાથી રચી વિ. સં. ૧૩૨૩માં દીપોત્સવીના દિવસે ખંભાતમાં પૂર્ણ કરી હતી. આ કૃતિમાં નરવર્મા નૃપતિનું ચરિત્ર આલેખાયું છે. એમાં શ્રાવકનાં બાર વ્રતોની કથા અપાઈ છે. આ કૃતિના પ્રારંભમાં છ પદ્યો તેમ જ પ્રશસ્તિનાં ૨૨ પદ્યો શ્રી **ભંવ**રલાલજી નાહટાએ ''ઉપાધ્યાય **વિવેકસમુદ્ર**વિરચિત નર-વર્મચરિત્ર'' નામના [૪]હિંદી લેખમાં આપ્યાં છે.

[૫]**નરવર્મચરિત્ર** (વિ. સં. ૧૪૧૨)– આ **વિનયપ્રભ** ઉપાધ્યાયની ૮૦૦ શ્લોક જેવડી રચના છે. એમણે આ કૃતિ વિ. સં. ૧૪૧૨માં રચી છે.

[**સમાનનામકૃતિઓ**– **મુનિસુંદર** કૃત ૫૦૦ ગ્રંથાગ્રની અને **વિદ્યાકીર્તિ**એ સં. ૧૬૦૯માં રચના કરી છે. જુઓ જૈ.સા.બૃ.ઈ. ભા. ૬/પૃ. ૩૦૨]

---

૧. આ કૃતિ અપ્રકાશિત છે. એની એકેક હાથપોથી આગ્રામાં તેમ જ જેસલમેરમાં છે. [આની રચના સં. ૧૩૨૫માં ખંભાતમાં થઈ છે. જુઓ ભા. **જૈ.સા.બૃ.ઈ.** પૃ. ૬/૩૦૨]

૨. જુઓ પ્રશસ્તિ (શ્લો. ૧૨-૧૩). અહીં બે વ્યાકરણ કયાં તેનો ઉલ્લેખ નથી.

૩. આ કથાનક સુરતના ''શ્રીજિનદત્તસૂરિ જ્ઞાનભંડાર'' તરફથી વિ. સં. ૨૦૦૧માં છપાવાયું છે. એમાં ૩૪૨ પદ્યો છે અને એ કૃતિ વિ. સં. ૧૩૩૪માં જેસલમેરમાં રચાઇ છે. [ભાવચન્દ્રકૃત **પુણ્યસાર કથાનક** હીરાલાલ હં. એ ઇ. સ. ૧૯૨૫માં છપાવ્યું છે.]

૪. આ લેખ ''જૈ. સ. પ્ર.'' (વ. ૧૮, અં. ૧૨)માં છપાયો છે (અને એને આધારે મેં **નરવર્મચરિત્ર**નો પરિચય આપ્યો છે.) એમાં એવો ઉલ્લેખ છે કે પ્રસ્તુત કૃતિને ઉપાધ્યાય **વિનયપ્રભ**ની કૃતિ હોવાનું જે અનુમાન **જિ. ૨. કો.** (વિ ૧, પૃ. ૨૦૪)માં કરાયું છે તે ખોટું છે કેમકે એ કૃતિ તો ૮૦૦ શ્લોક જેવડી નાની છે.

૫. આ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી ઇ. સ. ૧૯૦૯માં છપાવાઇ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૩૨ [1]**સમરાદિત્ય-ચરિત્ર**[2] યાને **સમરાદિત્ય-સંક્ષેપ** (વિ. સં. [3]૧૩૨૪)– આના કર્તા 'ચન્દ્ર' ગચ્છના [4]દેવાનન્દસૂરિના પ્રશિષ્ય અને કનકપ્રભના શિષ્ય **પ્રદ્યુમ્નસૂરિ** છે. આ સૂરિના મોટા ગુરુભાઈ તે જયસિંહ અને નાના ગુરુભાઈ તે **બાલચન્દ્ર** છે. આ સૂરિએ ૪૮૭૪ શ્લોક જેવડું આ ચરિત્ર વિ. સં. ૧૩૨૪માં રચ્યું છે. એ સમભાવભાવી **હરિભદ્રસૂરિ**ની 'પ્રશમ' રસથી નીતરતી અને 'કલિ.' **હેમચન્દ્રસૂરિ** દ્વારા 'સકલકથા' તરીકે નિર્દેશાયેલી [5]**સમરાઈચ્ચકહા**[6] નામની રંગદર્શી કથાના સંક્ષેપરૂપ છે. આ સંક્ષેપનો નિર્દેશ ગ્રંથકારે જાતે વિ. સં. ૧૩૩૮માં રચેલા **પવ્વજ્જાવિહાણની** વૃત્તિની પ્રશસ્તિમાં કર્યો છે. એમણે **ઉદયપ્રભ**, **દેવેન્દ્ર**, **ધર્મકુમાર**, **પ્રભાચન્દ્ર**, **બાલચન્દ્ર**, **માનતુંગ**, **મુનિદેવ**, **રત્નપ્રભ**, **વિનયચન્દ્ર** વગેરેની કૃતિઓનું સંશોધન કર્યું છે.

પ્રસ્તુત **સમરાદિત્ય-સંક્ષેપ** એ નવ 'ભવ' તરીકે નિર્દેશાયેલા નવ વિભાગમાં વિભક્ત છે. એમાં પદ્યોની સંખ્યા નીચે મુજબ છે :–

૩૪૪, ૪૬૮, ૩૩૭, ૬૭૬, ૫૮૯, ૫૧૦, ૫૯૨, ૫૫૭ અને ૭૭૧ (૭૬૪+૭).

P. ૧૩૩ આમ અહીં કુલ્લે ૪૮૪૪ પદ્યો છે અને તેમાંનાં છેલ્લાં સાત પદ્યો પ્રશસ્તિરૂપ છે. અંતિમ [7]બે પદ્યોમાં આ સંક્ષેપને 'પુષ્પરથ' કહ્યો છે. એમાં ચક્રો તરીકે ત્રણ

૧. આ ડૉ. યાકોબી દ્વારા સંપાદિત કૃતિ મુંબઈના "જૈન જ્ઞાનપ્રચારક મંડળ" તરફથી ત્રણ ભવ પૂરતી ઈ.સ. ૧૯૦૫માં પ્રકાશિત થયેલી છે. એમ લાગે છે કે બાકીના ભવ પૂરતી કૃતિ એ મંડળ તરફથી ઈ.સ. ૧૯૦૬માં પ્રસિદ્ધ કરાઈ છે. એમાં અશુદ્ધતા છે એમ માની પં. ઉમંગવિજયે (હવે સૂરિએ) એનું ટિપ્પણ સહિત સંપાદન કર્યું તે અંબાલાથી 'આત્માનદ જૈન સભા'ના મંત્રીએ ઈ. સ. ૧૯૨૮માં વિસ્તૃત ઉપોદ્‌ઘાત અને વિષયાનુક્રમ સહિત પ્રકાશિત કર્યું. છે. [યાકોબી સંસ્કરણનું પુનઃપ્રકાશન "પ્રવચન પ્રકાશન" પુનાથી ઈ. સ. ૨૦૦૨માં અને જિ.આ.ટ્ર.૧૦માં થયું છે.] ૨. પં. **પદ્મવિજયે સમરાદિત્યરાસ** રચ્યો છે.

૩. H I L (Vol. II, P. 522)માં ઈ. સ. ૧૨૧૪નો ઉલ્લેખ છે. પણ "વારિધિ-પક્ષ-યક્ષ" એ શબ્દાંક જોતા એ ભ્રાંત ઠરે છે. [વિશેષ માટે જુઓ– 'લેંગ્વેજ ઓફ સમરાદિત્યસંક્ષેપ ઓફ પ્રદ્યુમ્નસૂરિ' ડો.ઈ.ડી.કુલકર્ણી, ઓલ ઇન્ડિઆ ઓરિ. કા. ૨૦ વર્ષ ભા. ૨. પૃ. ૨૪૧માં પ્રસિદ્ધ.]

૪. એમણે **સિદ્ધસારસ્વત** નામનું વ્યાકરણ રચ્યું છે. **જુઓ જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૮૮)

૫. આના પરિચય માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૯૬-૯૮) તેમ જ **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ.૧૬૭-૧૭૪)

૬. આના **ઉપર ક્ષમાકલ્યાણે** અને **સુમતિવર્ધને** વિ. સં. ૧૮૭૪માં જે સંસ્કૃતમાં ટિપ્પણી રચી છે તે આ મૂળ કૃતિનું લગભગ સંસ્કૃત ગદ્યાત્મક રૂપાંતર છે.

૭. "यावद् ग्रन्थरथाश्चतुर्दशशती श्रीहारिभद्रा इमे
वर्तन्ते किल पारियानिकतया सिद्ध्यध्वयानेऽङ्गिनाम् ।
तावत् पुष्परथः स एष समरादित्यस्य मन्निर्मितः
सङ्क्षेपस्तदनुप्लवः प्रचरतु क्रीडाकृते धीमताम् ॥६॥
यस्मिंश्चक्राणि रत्नत्रितयमृषिगृहिश्रेयसी चोद्धियुग्मं
कारुण्यं स्थालमुच्चैरितरयमचतुःकाष्ठिकागाढबद्धम् ।
संवेग-स्वच्छमावौ शिखर-कलशकौ शुद्धबुद्धिः पताका
साधु-श्राद्धौ च धुर्यौ जयतु शमयुगः स्यन्दनः सैष शास्त्रम् ॥७॥"

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]રત્નોનો, [૨]ઉદ્ધિની જોડ તરીકે શ્રમણ અને ગૃહસ્થનાં 'શ્રેયસ'નો, [૩]સ્થાલ તરીકે કારુણ્યનો એટલે અહિંસાનો, ચાર કાષ્ઠિકા તરીકે ઇતર યમનો (અર્થાત્ અવશિષ્ટ ચાર મહાવ્રતોનો) શિખર અને કળશ તરીકે અનુક્રમે સંવેગ અને શુદ્ધ ભાવનો, પતાકા તરીકે શુદ્ધ બુદ્ધિનો, બે બળદ તરીકે સાધુ અને શ્રાવકનો અને ધૂંસરી તરીકે શમનો નિર્દેશ છે.

વિષય– ગુણસેન અને અગ્નિશર્માના વૃત્તાંતથી આ ચરિત્રનો પ્રારંભ થાય છે. ગુણસેન એ સમરાદિત્ય તરીકેના ભવમાં મોક્ષે સિધાવે છે. અગ્નિશર્માના તપનું પારણું કરાવવાનું વચન ગુણસેન ફરી ફરીને આપે છે પણ એ પાળી ન શકાયાથી વેરની શરૂઆત થાય છે અને પછી તો પ્રત્યેક ભવમાં એ અગ્નિશર્માનો જીવ ગુણસેનના જીવને એક યા બીજી રીતે હેરાન કરે છે અને એ રીતે વેરના વિપાકનાં ઉદાહરણ પૂરાં પાડે છે. આ બંનેના [૪]ભવો વગેરે ઉપર પ્રકાશ પાડનારો કોઠો હું નીચે મુજબ રજૂ કરું છું:- [જુઓ પૃ. ૮૪]

સમરભાનુચરિત્ર ( )– આ ૩૨૦૦ શ્લોક જેવડું સમરાદિત્યનું ચરિત્ર માણિક્યસૂરિએ P. ૧૩૫
રચ્યું છે.

[૫]**સમરાદિત્યચરિત્ર** (સં.૧૮૭૪)– આ સુમતિવર્ધનની કૃતિ છે.

[૬]**પ્રભાવક-ચરિત** યાને **પૂર્વર્ષિચરિત્રિ** (વિ.સં. ૧૩૩૪)– આ પદ્માત્મક કૃતિના–કાવ્યના કર્તા પ્રભાચન્દ્રસૂરિ છે. એઓ 'રાજ' ગચ્છના ધનેશ્વરસૂરિના સંતાનીય, પૂર્ણભદ્રના પ્રશિષ્ય અને ચન્દ્રપ્રભસૂરિના શિષ્ય થાય છે. એમણે આ ૫૭૭૪ શ્લોક જેવડી કૃતિ રચવામાં પ્રાચીન ગ્રંથો તેમ જ બહુશ્રુત મુનિવરો પાસેથી સાંભળેલી હકીકતો કામમાં લીધી છે (જુઓ શ્લો. ૧૫). આનું સંશોધન કનકપ્રભસૂરિના શિષ્ય પ્રદ્યુમ્નસૂરિએ કર્યું છે. આ કૃતિ એ એક રીતે **પરિશિષ્ટપર્વ**ના અનુસંધાનરૂપ છે, કેમ કે વજ્રસ્વામીનો જે વૃત્તાંત **પરિશિષ્ટ-પર્વ**માં અપાયો છે તેનાથી આ કૃતિનો પ્રારંભ કરાયો છે અને 'કલિ.' હેમચન્દ્રસૂરિના ચરિત્ર સુધી એ લંબાવાયો છે. આમ આ કૃતિ વિક્રમની પ્રથમ શતાબ્દીથી માંડીને તેરમીના પ્રારંભ સુધીમાં થઈ ગયેલ ઐતિહાસિક વ્યક્તિઓનાં–મહાપ્રભાવક, સંરક્ષક અને શાસ્ત્રકાર મુનિવર્યોનાં કાર્યકલાપ અને ગુણગૌરવ ઉપર વિશિષ્ટ પ્રકાશ પાડે છે. આને

---

૧. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર.

૨. આને ગુજરાતીમાં 'ઊધ' કહે છે. એનો અર્થ ''ગાડાનો ધોરિયો'' એટલે કે ''બે બળદની વચ્ચે રહેતું ગાડાનું લાકડું'' એમ કરાય છે.

૩. થાળું.

૪. આનો કોઠો ''જૈ. સ. પ્ર.'' (વ. ૧૮, અં. ૮)માં છપાવાયો છે અને એ પં. ધુરંધરવિજયજીએ તૈયાર કર્યો છે.

૫. આ હીરાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૧૫માં પ્રસિદ્ધ કરાયું છે.

૬. આ કૃતિ ''નિર્ણયસાગર મુદ્રણાલય'' તરફથી ઈ. સ. ૧૯૦૯માં પ્રકાશિત થઈ હતી. ત્યાર બાદ ઈ. સ. ૧૯૪૦માં ''સિં જૈ. ગ્રં.''માં છપાવાઈ છે. એમાં અંતમાં અવતરણરૂપ પદ્યોની તેમ જ વિશેષનામોની સૂચીરૂપ બે પરિશિષ્ટો અપાયાં છે. [સિં. જૈ. પ્રકાશિત સંસ્કરણનું પુનર્મુદ્રણ પ્રાચ્ય સાહિત્ય પુનઃ પ્રકાશન શ્રેણિમાં આ. મુક્તિપ્રભસૂરિજીના પ્રયાસથી થયું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૩૪

માનવ ભવનો ક્રમ	ગુણસેનનાં નામ	અગ્નિશર્માનાં નામ	ગુણસેન અને અગ્નિશર્માનો સંબંધ	ગુણસેનનાં પિતા, માતા અને જન્મભૂમિનાં નામ	અગ્નિશર્માનાં પિતા-માતા અને આયુષ્ય	ગુણસેનનાં અનન્તર ભવો અને આયુષ્ય	અગ્નિશર્માનાં અનન્તર ભવો
૧	ગુણસેન	અગ્નિશર્મા	રાજપુત્ર પુરોહિતપુત્ર	પૂર્ણચંદ્ર રાજા, કુમુદિની ક્ષિતિપ્રતિષ્ઠિત (રાણી	યજ્ઞદત્ત, સોમદેવા	સૌધર્મ ૧ સાગરોપમ	વિદ્યુત્કુમાર ૧૧ પલ્યોપમ
૨	સિંહ	આનંદ	પિતા, પુત્ર	પુરુષદત્ત રાજા, શ્રીકાંતા જયપુર (રાણી	સિંહ, કુસુમાવલી	સનત્કુમાર ૫ સાગરોપમ	રત્નપ્રભા ૧ સાગરોપમ
૩	શિખી- (કુમાર)	જાલિની	પુત્ર, માતા	બ્રહ્મદત્ત વિપ્ર, જાલિની ક્રૌશપુર	ઇન્દ્રશર્મા, શુલંકરા	બ્રહ્મ ૮ સાગરોપમ	શર્કરાપ્રભા ૭ સાગરોપમ
૪	ધન	ધનશ્રી	પતિ, પત્ની	વૈશ્રવણ શેઠ, શ્રીદેવી સુશર્મનગર	પૂર્ણભદ્ર, ગોમતી	શુક્ર ૧૫ સાગરોપમ	વાલુકાપ્રભા ૭ સાગરોપમ
૫	જય- (કુમાર)	વિજય	મોટા ભાઈ, નાના ભાઈ	સૂરતેજરાજા, લીલાવતી કાકંદી નગરી (રાણી	સૂરતેજ, લીલાવતી	આનત ૧૮ સાગરોપમ	પંકપ્રભા ૧૦ સાગરોપમ
૬	ધરણ	લક્ષ્મી	પતિ, પત્ની	બંધુદત્ત શેઠ, હરિપ્રભા માકંદી નગરી	કાર્તિક શેઠ, જયા	આરણ ૨૧ સાગરોપમ	ધૂમપ્રભા ૧૭ સાગરોપમ
૭	સેન (કુમાર)	વિષેણ	કાકા-કાકાના ભાઈઓ	અમરસેન રાજા, જયસુંદરી ચંપા નગરી (રાણી	હરિષેણ, તારપ્રભા	નવમું ગ્રૈવેયક ૩૦ સાગરોપમ	તમઃ પ્રભા ૨૨ સાગરોપમ
૮	ગુણચંદ્ર	વાનમંતર	રાજપુત્ર, વિદ્યાધર	મૈત્રીબલ રાજા, પદ્માવતી અયોધ્યાપુરી (રાણી	પિતા-માતા બંને વિદ્યાધર	સર્વાર્થસિદ્ધ ૩૩ સાગરોપમ	મહાતમા ૩૩ સાગરોપમ
૯	સમરાદિત્ય	ગિરિસેન	રાજપુત્ર, દરિદ્રપુત્ર	પુરુષસિંહ રાજા, સુન્દરી ઉજ્જયિની (રાણી	ગ્રન્થિક, યક્ષદેવા	શિવપદ અક્ષયસ્થિતિ	મહાતમા ૩૩ સાગરોપમ

૧. પં. ધુરંધરવિજયે કોસંબનગરનો ઉલ્લેખ કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લઈને આ કૃતિ જૈન [૧]ઇતિહાસની રચના માટે મહત્ત્વની છે. એની સાથે સાથે વિષયની દૃષ્ટિએ સમાનતા ધરાવનારી—એની ભગિની જેવી ત્રણ કૃતિઓ—**પ્રબન્ધચિન્તામણિ, પ્રબન્ધકોશ** અને **વિવિધતીર્થકલ્પ** બરાબર વિચારાય તો જૈન ઇતિહાસનો મોટો ભાગ તૈયાર થઈ જાય. આ ચાર કૃતિઓ એકબીજાની પૂરક છે અને એ સૌમાં પ્રસ્તુત કૃતિ રચનાસમય અને વિષયવિસ્તારની દૃષ્ટિએ P. ૧૩૬ પ્રથમ છે. આમાં જૈનોના નિમ્નલિખિત મુખ્યતયા [૨]૨૨ પ્રભાવક મહાપુરુષોના પ્રબંધો અપાયા છે :—

(૧) **વજ**સ્વામી, (૨) આર્ય **રક્ષિ**તસૂરિ, (૩) આર્ય **નંદિલ**, (૪) **કાલક**સૂરિ, (૫) **પાદલિપ્ત**સૂરિ, (૬) **વિજયસિંહ**સૂરિ, (૭) **જીવદેવ**સૂરિ, (૮) આચાર્ય **વૃદ્ધવાદી**, (૯) આચાર્ય **મલ્લવાદી**, (૧૦) હરિભદ્રસૂરિ, (૧૧) બપ્પભટ્ટિસૂરિ, (૧૨) **માન**તુંગસૂરિ, (૧૩) **માન**દેવસૂરિ, (૧૪) મહાકવિ **સિદ્ધર્ષિ**, (૧૫) **વીર**ગણિ, (૧૬) 'વાદિવેતાલ' **શાન્તિ**સૂરિ, (૧૭) [૩]**મહેન્દ્ર**સૂરિ, (૧૮) **સૂરા**ચાર્ય, (૧૯) [૪]**અભયદેવ**સૂરિ, (૨૦) **વીરા**ચાર્ય, (૨૧) વાદી **દેવ**સૂરિ અને (૨૨) **હેમચન્દ્ર**સૂરિ.

પાદલિપ્તસૂરિના પ્રબંધમાં 'વિદ્યાબલી' અર્થાત્ વિદ્યાસિદ્ધ આર્ય **ખપુટા**ચાર્યનો વૃત્તાંત છે. **આવસ્સય**ની ચુણ્ણિ (પૂર્વ ભાગ, પત્ર ૫૪૨—૫૪૩)માં તેમ જ એ **આવસ્સય** ઉપરની **મલય**ગિરિસૂરિકૃત વૃત્તિ (ભા. ૩, પત્ર ૫૧૪અ-૫૧૪આ)માં આ આચાર્યની જીવનરેખા આ લેખાઈ છે.[૫]

શૃંગ ૮, શ્લો. ૧૫૮-૧૫૯માં કહ્યું છે કે **વૃદ્ધવાદી**સૂરિએ ભમી ભમીને (ગોળ ગોળ ફરીને) અને તાલના મેળપૂર્વક તાળીઓ પાડીને ગીત-હુંબડકો વડે એક રાસક રચી ત્યાં જે ગામના ગોવ્રજના રક્ષકો એકત્ર થયા હતા તેમને નિમ્નલિખિત હિતશિક્ષાનાં વચન કહ્યાં :—

> ''નવિમારિઅઇ, ન વિ ચોરિઅઇ, પરદારહ અત્થુ નિવારિઅઇ ।
> થોવાહ વિ થોવં દાઇઅઇ, તઉ સગ્ગિ ટુગુટ્ટુગુ જાઇયઇ ॥૧૬૦॥''

પ્ર. ચ. (શૃંગ ૧૧) પ્રમાણે **આમ** નૃપતિએ 'ગોમૂત્રિકા' બંધમાં એક પદ્ય રચ્યું હતું તે અહીં P. ૧૩૭ શ્લો. ૨૩૫ તરીકે અપાયું છે.

ચૌદમાં શૃંગગત **સિદ્ધર્ષિ**ના પ્રબન્ધ (શ્લો. ૮૯)માં નિમ્નલિખિત બાબતોનો ઉલ્લેખ છે :— (૧) **કુવલયમાલા** શૃંગારથી નિર્ભર છે.[૬] (૨) આ કથા **દાક્ષિણ્યચન્દ્ર**સૂરિએ રચી છે. (૩) આ સૂરિ **ઉવએસમાલા**ના વૃત્તિકાર **સિદ્ધર્ષિ**ના ગુરુભાઈ થાય છે.

આ પૈકી પહેલી બાબત સર્વથા સાચી છે. બીજી બાબતમાં 'દક્ષિણ્યચન્દ્ર' નામ છે તે વિચારણીય છે કેમ કે અન્યત્ર તો 'દાક્ષિણ્યચિહ્ન' નામ જોવાય છે. ત્રીજી બાબત ભ્રાન્ત છે કેમકે સિદ્ધર્ષિએ વિ. સં.

---

૧. કાવ્યદૃષ્ટિએ પણ આ કૃતિ મહત્ત્વની છે.

૨. આ પ્રત્યેકના જીવનચરિત્ર પૂરતા લખાણનો 'શૃંગ' તરીકે નિર્દેશ છે. એ હિસાબે અહીં ૨૨ શૃંગો છે અને અંતમાં ગ્રંથકારની પ્રશસ્તિ છે.

૩. એમના જીવનવૃત્તાંતની સાથે કવિવર **ધનપાલ**નું ચરિત્ર પણ આપ્યું છે.

૪. એમના ચરિત્રની સાથે સાથે **જિનેશ્વર**સૂરિનો જીવનવૃત્તાંત ગૂંથી લેવાયો છે.

૫. આનો ગુજરાતી સારાંશ **જૈ. આ. ગુ.** (પૃ. ૫૯-૬૦) માં અપાયો છે.

૬. **વસુદેવહિણ્ડી**માં પણ શૃંગારની પ્રચુરતા છે એમ **કુવલયમાલા** (કંડિકા ૪૨૮)માં નિર્દેશાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૯૬૨માં **ઉપમતિભવપ્રપંચાકથા** રચી છે જ્યારે **કુવલયમાલા** તો વિ. સં. ૮૩૫માં રચાઇ છે.

હેમચન્દ્રસૂરિના આસ્થાનનું અર્થાત્ વિદ્યાસભાનું હૃદયંગમ વર્ણન શૃંગ ૨૨માં શ્લો. ૨૯૨-૨૯૪માં કરાયું છે.

P. ૧૩૮ **ભાષાન્તર**– આ **પ્ર. ચ.**નું ભાષાંતર ''જૈ. આ. સ.'' તરફથી વિ. સં. ૧૯૮૭માં છપાવાયું છે. એમાં મુનિ **કલ્યાણવિજયજી**એ લખેલ ''પ્રબન્ધપર્યાલોચન'' નોંધપાત્ર છે. [આનું પુનઃપ્રકાશન 'આ ઓંકારસૂરિ જ્ઞાનમંદિર ગ્રંથમાલા'માં થયું છે. એના સંપાદક આ. **મુનિ**ચન્દ્રસૂરિએ અનેક નવી વિગતો ટિપ્પણમાં ઉમેરી છે.]

[1]**પ્રબન્ધકોશ** યાને **ચતુર્વિંશતિપ્રબન્ધ**[2] (વિ. સં. ૧૪૦૫)– આના કર્તા **રા**જશેખરસૂરિ છે. એઓ ''પ્રશ્નવાહન'' કુળના, 'કોટિક' ગણના 'હર્ષપુરીય' ગચ્છના **શ્રીતિ**લકસૂરિના શિષ્ય અને **અ**ભયદેવસૂરિના સંતાનીય થાય છે. એમણે [3]**ષડ્દર્શનસમુચ્ચય**, [4]**અંતર-કથાસંગ્રહ**, [5]**સંઘમહોત્સવ-**

---

૧. આનું સંપાદન મેં કર્યું છે અને મેં નવ પરિશિષ્ટો આપ્યાં છે. એ ''ફા. ગુ. સ.'' તરફથી ઈ. સ. ૧૯૩૨માં છપાવાયો છે. આનો મારો ગુજરાતી અનુવાદ પણ આ સભા તરફથી ઈ. સ. ૧૯૩૪માં પ્રસિદ્ધ કરાયો છે. મૂળ કૃતિ ''સિં. જૈ. ગ્રં.'' માં ઈ. સ. ૧૯૩૫માં છપાવાઈ છે. એમાં આ કૃતિની સમાન-વિષયક અન્ય કૃતિઓ સાથે તુલના કરાઈ છે અને આની રચનાશૈલી સંસ્કૃતના સામાન્ય અભ્યાસીને પણ સમજાય તેવી છે એમ કહ્યું છે. [આનું પુનર્મુદ્રણ પ્રાચ્યસાહિત્ય પ્ર. શ્રેણિમાં આ. મુક્તિપ્રભસૂરિજીના પ્રયાસથી થયું છે.]

૨. આનો **પ્રબન્ધામૃતદીર્ઘિકા** તરીકે **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૬૫)માં ઉલ્લેખ છે.

૩. આ ૧૮૦ પદ્યની નાનકડી કૃતિ ''ય. જૈ. ગ્રં.''માં વીરસંવત્ ૨૪૩૬માં પ્રકાશિત થયેલી છે. વળી હારિભદ્રીય **ષડ્દર્શનસમુચ્ચય** સહિત આ કૃતિ ''આ. સ.'' તરફથી ઈ.સ. ૧૯૧૮માં છપાવાઇ છે. વિશેષમાં ''ઋ. કે. શ્વે. સં.'' તરફથી જે ''સંસ્કૃત-પ્રકરણાદિ-સમુચ્ચય'' ઈ.સ. ૧૯૩૭માં પ્રસિદ્ધ કરાયો છે તેમાં આ કૃતિ તેમ જ **ત. સૂ.**, તત્ત્વાર્થપરિશિષ્ટ, **ન્યાયાવતાર**, હારિભદ્રીય **અષ્ટકપ્રકરણ**, **જ્ઞાનસારાષ્ટક**, હારિભદ્રીય **ષડ્દર્શનસમુચ્ચય** અને **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર** છપાયાં છે.

૪. આ સંગ્રહાત્મક કૃતિ મુંબઈથી ઈ. સ. ૧૯૧૮માં છપાવાઇ છે. આને જ કેટલાક 'ચતુરશીતિ કથા કહે છે. જૈ. સા. સં. ઈ. (પૃ. ૪૩૭)માં આ કૃતિને 'કૌતુકકથા' કહી છે.

૫. ''પ્રત્યાખ્યાનસ્વરૂપમ્, સારસ્વતવિભ્રમઃ, દાનષ્ટત્રિંશિકા, વિશેષણવતી, વિંશતિકા ચ'' એ નામથી જે કૃતિકલાપ ''ઋ. કે. શ્વે. સં.'' તરફથી ઈ. સ. ૧૯૨૭માં પ્રકાશિત કરાયો છે તેમાં આ કૃતિ ત્રીજી છે અને એ અવચૂર્ણિ સહિત અપાઇ છે. એના કર્તા **રા**જશેખરસૂરિ છે અને એઓ ''હર્ષપુરીય'' ગચ્છના **શ્રીતિ**લકસૂરિનાં વંશજ છે એમ આ કૃતિના ઉપમાં પદ્યમાં ઉલ્લેખ છે. એથી હું એમને પ્રસ્તુત **રા**જશેખરસૂરિ માનું છું. વિશેષમાં આ પદ્યમાં આ કૃતિનો સંઘમહોત્સવ-પ્રકરણ તરીકે ઉલ્લેખ છે. આનું આદ્ય પદ્ય નીચે મુજબ છે :–

''दातुर्वारिधरस्य मूर्द्धनि तडिद् गांङ्गेयशृङ्गारणा
वृक्षेभ्यः फलपुष्पदायिनि मधौ मत्तालिबिन्दुश्रुतिः।
भीतत्रातरि वृत्तिदातरि गिरौ पूजा झरैश्चामरैः
सत्कारोऽयमचेतनेष्वपि विधेः किं दातृषु ज्ञातृषु ? ॥१॥''

આ કૃતિમાં ૩૬ પદ્યો છે અને એ દાનને અંગેનાં છે, એથી એની પુષ્પિકામાં એને જે દાનષટ્ત્રિંશિકા કહી છે તે નામ સાર્થક ઠરે છે. [હર્ષ પુષ્પામૃતગ્રં. ૧૨૮માં **દાનષટ્ત્રિં**. પ્રગટ થયેલ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકરણ યાને **દાનષટ્ત્રિંશિકા,** [1]**સ્યાદ્વાદકલિકા** તેમ જ [2]**રત્નાકરાવતારિકાની** અને [3]**ન્યાયકંદલીની** P. ૧૩૯ પંજિકા એમ વિવિધ કૃતિઓ રચી છે. પ્રસ્તુત કૃતિ એમણે સરળ અને સુગમ સંસ્કૃતમાં દિલ્હીમાં વિ. સં. ૧૪૦૫માં રચી છે. આમાં ૨૪ પ્રબંધો છે. તેમાં સાતમા સિવાયના બાકીના ગદ્યમાં છે. કેટલીક વાર ગુજરાતી શબ્દોને સંસ્કૃત સ્વાંગ સજાવાયેલો જોવાય છે. આ કૃતિની રચનામાં **પ્રબન્ધ-ચિન્તામણિનો** ઉપયોગ કરાયો છે એટલું જ નહિ, પણ **સા**તવાહન, **વંકચૂલ** અને **ના**ગાર્જુનના પ્રબંધો માટે **વિવિધતીર્થકલ્પ** કામમાં લેવાયેલ છે. વળી **પ્ર. ચ.** ગત સાતેક પ્રબન્ધો અહીં રજૂ કરાયા છે.[4] એ રીતે વિચારતાં ચાર પ્રબન્ધો પૂરતું લખાણ નવીન ગણાય.

શ્રોતૃવર્ગની ધાર્મિક ભાવના સતેજ કરવાના આશયથી રચાયેલી આ પ્રસ્તુત કૃતિમાં નીચે મુજબની ૨૪ વ્યક્તિઓને અંગે એકેક પ્રબન્ધ છે અને એને લઈને તો એનું 'ચતુર્વિંશતિ-પ્રબન્ધ' એવું નામ પડ્યું છે. [ડૉ. પ્રવેશ ભારદ્વાજે કરેલ હિન્દી અનુવાદ અપ્રગટ છે.]

(૧) **ભ**દ્રબાહુ અને **વ**રાહમિહિર, (૨) આર્ય **ન**ન્દિલ, (૩) **જી**વદેવસૂરિ, (૪) આર્ય **ખ**પટસૂરિ, (૫) **પા**દલિપ્તસૂરિ, (૬) વૃદ્ધવાદી અને **સિ**દ્ધસેનસૂરિ, (૭) **મ**લ્લવાદી, (૮) હરિભદ્રસૂરિ, (૯) P. ૧૪૦ **બ**પ્પભટ્ટિસૂરિ, (૧૦) હેમચન્દ્રસૂરિ, (૧૧) **શ્રી**હર્ષ વિદ્યાધર અને **જ**યચન્દ્ર, (૧૨) **હ**રિહર, (૧૩) **અ**મરચન્દ્રસૂરિ, (૧૪) **મ**દનકીર્તિ, (૧૫) **સા**તવાહન, (૧૬) **વં**કચૂલ, (૧૭) **વિ**ક્રમાદિત્ય, (૧૮) **ના**ગાર્જુન, (૧૯) વત્સરાજ અને ઉદયન, (૨૦) **લ**ક્ષણસેન, (૨૧) **મ**દનવર્મા, (૨૨) [5]**રત્ન**, (૨૩) આભડ અને (૨૪) **વ**સ્તુપાલ.

આમ આમાં દસ જૈન પ્રભાવશાળી આચાર્યો, ચાર સંસ્કૃત કવિઓ–પંડિતો, સાત પ્રાચીન અથવા મધ્યકાલીન નૃપતિઓ અને ત્રણ રાજમાન્ય જૈન ગૃહસ્થોનો સમાવેશ કરાયો છે. [વિશેષ માટે જુઓ– 'પ્રબંધકોશકા પર્યાલોચન' ડૉ. પ્રવેશભારદ્વાજ, પ્ર. ''પ્રાકૃતભારતી.'']

ચરિત્ર અને પ્રબન્ધમાં તફાવત– પ્રથમ પ્રબન્ધ (પૃ. ૨)માં આના કર્તાએ કહ્યું છે કે ઋષભ(દેવ)થી માંડીને વર્ધમાન(સ્વામી) સુધીના તીર્થંકરોનાં, ચક્રવર્તી વગેરે નૃપતિઓનાં અને આર્ય રક્ષિત સુધીના ઋષિઓનાં વૃત્તાન્તો 'ચરિત્ર' કહેવાય છે જ્યારે ત્યાર પછી થયેલા મનુષ્યોના વૃત્તાન્તો 'પ્રબન્ધ' કહેવાય છે.

---

૧. આને **જૈ. સા. સં. ઈ,** (પૃ. ૪૩૭)માં **સ્યાદ્વાદદીપિકા** કહી છે. આ **સ્યાદ્વાદકલિકામાં** ૪૧ પદ્યો છે. એ **યુક્તિપ્રકાશ** અને **અષ્ટક** સહિત **હી**રાલાલ હંસરાજ તરફથી છપાવાઈ છે. **જૈ. ગ્રં.** (પૃ. ૮૩)માં આ **સ્યાદ્વાદકલિકા** વિ. સં. ૧૨૧૪માં રચાયાનો ઉલ્લેખ છે તે શું સમુચિત છે ?

૨. **પ્રમાણનયતત્ત્વાલોકના** બે પરિચ્છેદ એ પૂરતી **રત્નાકરાવતારિકા** અને એને અંગેની આ **રા**જશેખરસૂરિકૃત પંજિકા તથા **જ્ઞા**નચન્દ્રના ટિપ્પણ સહિત ''ય. જૈ. ગ્રં.''માં **વી**રસંવત્ ૨૪૩૧માં પ્રકાશિત થયેલાં છે. આ પંજિકા પૂરેપૂરી કોઈ સ્થળેથી છપાઈ છે ખરી ? બાકી એની એક સંપૂર્ણ હાથપેથી ભાં. પ્રા. સં. મં. માં છે અને એનો પરિચય મેં D C G C M (Vol XVIII, pt. I. pp. 70-73)માં આપ્યો છે.

૩. આના કર્તા **શ્રીધર** છે અને એના ઉપર **ન**રચન્દ્રસૂરિનું ટિપ્પન છે.

૪. **પુરાતનપ્રબન્ધસંગ્રહ** જેવું સાધન પણ કામમાં લેવાયું હોય એમ લાગે છે.

૫. એમના જીવનચારિત્રને અંગે અન્ય કોઈ વિશેષ સામગ્રી મળે છે ખરી ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**શાલિભદ્ર-ચારિત્ર** (વિ.સં. ૧૩૩૪)– આ ચરિત્ર **વિબુધ-પ્રભ**ના શિષ્ય **ધર્મકુમારે** વિ.સં. ૧૩૩૪માં સાત સર્ગમાં રચ્યું છે. **જૈ. ગ્રં.** (પૃ. ૨૩૩)માં આનું પરિમાણ ૧૨૨૪ શ્લોકનું કહ્યું છે. આ બૃહત્કાવ્યમાં અપાયેલી **શા**લિભદ્રની કથાને ગ્રંથકારે **દાન-ધર્મ-કથા** તેમ જ [2]**દાનાવદાન** નામે ઓળખાવી છે. એની રચનામાં **પ્રદ્યુમ્ન**સૂરિએ સહાયતા કરી છે. [**પુણ્યકુશલ**કૃત '**દાનધર્મ**' પ્ર. હર્ષપુષ્પામૃત. સં. ૨૦૪૦]

વિષય– **શા**લિભદ્ર એ પૂર્વ ભવમાં એક ગરીબ ગોવાળણના **સં**ગમ નામના પુત્ર હતા. એઓ ઢોર ચારતા અને શુભ વિચારોમાં મગ્ન રહેતા. એક વેળા તહેવારને દિવસે આસપાસનાં ઘરોમાં ખીર તૈયાર થતી જોઈ એમને એ ખાવાનું મન થયું. એમની માતા બિચારી શું કરે ? પાડોશીઓ સારા હતા. એમણે એ વાતની ખબર પડતાં એ માટેની સામગ્રી ગોવાળણને પૂરી પાડી. સંગમ માટે ખીર બનાવી એ ગોવાળણ પીરસીને બહાર ગઈ. એવામાં એક મુનિવર પારણાર્થે એમને ત્યાં આવ્યા. સંગમે થાળીમાં પોતાને માટે કાઢેલી ખીર વહોરાવી દીધી. એમના ગયા પછી એઓ થાળી ચાટતા હતા.

સંગમે સુપાત્રે દાન દીધું તેના પ્રભાવથી એઓ રાજગૃહમાં **ગો**ભદ્રની પત્ની **ભ**દ્રાને પેટે પુત્ર તરીકે ઉત્પન્ન થયા. એમનું શાલિભદ્ર એવું નામ પડાયું. આગળ જતાં **શા**લિભદ્રનાં બત્રીસ કન્યા સાથે લગ્ન કરાયાં એવામાં સાધુ થયેલા ગોભદ્ર કાળ કરીને દેવ તરીકે ઉત્પન્ન થયા હતા. તેઓ પોતાના પુત્ર તરફના હેતને લઈને **શા**લિભદ્રને રોજ ૯૯ પેટીઓ મોકલતા હતા. આને લઈને **શા**લિભદ્ર મહાધનાઢ્ય બન્યા.[3] **શા**લિભદ્રની અઢળક સંપત્તિની વાતજાણી રાજગૃહના રાજા **શ્રે**ણિક એમને પ્રાસાદે પધાર્યા. **શા**લિભદ્રને પોતાને માથે સ્વામી છે એમ જાણ થતાં એમણે એક પછી એક પત્નીનો ત્યાગ કરવા માંડ્યો. આ સમાચાર એમની બેનને મળતાં એ રડવા લાગી. એ સમયે એનાં આસું એના પતિના-**શા**લિભદ્રના બનેવી **ધન્ય**ના-વાંસા પર પડ્યાં. એ ઉપરથી **ધન્યે** આઠે પત્નીનો સમકાલે ત્યાગ કર્યો અને પછી એઓ **શા**લિભદ્રને ત્યાં આવ્યા. પછી એ બંને જણે દીક્ષા લીધી.

અવચૂરિ– આ ચરિત્ર ઉપર કોઈકની અવચૂરિ છે.

P. ૧૪૨ **સમાનનામક કૃતિઓ– શાલિભદ્ર-ચરિત્ર** વિ.સં. ૧૬૨૩માં **વિનયસાગર**ગણિએ રચ્યું છે. વળી **પ્રભા**ચન્દ્રે અને **પૂર્ણ**ભદ્રે પણ આ નામનું એકેક ચરિત્ર રચ્યું છે.

[4]**ધન્ય-શાલિ-ચરિત્ર** (લ. વિ, સં. ૧૪૯૦)– આના કર્તા **સો**મસુન્દરસૂરિના શિષ્ય જિનકીર્તિ છે. આમાં **ધન્ય** અને **શા**લિભદ્ર એ બેનાં ચરિત્ર વર્ણવાયાં છે.

---

૧. આ ચરિત્ર ''ય. જૈ. ગ્રં.''માં ઈ.સ. ૧૯૧૦માં છપાવાયું છે. આના સંસ્કૃત સારાશં માટે જુઓ J A O S (Vol. 43, p. 257) [**મુનિચન્દ્ર** વિ.ની સરળ ટીકા અને ગુ. અનુવાદ સાથે મનફરા સંઘથી પ્રકાશિત થયું છે.]

૨. અહીં જે 'અવદાન' શબ્દ વપરાયો છે તે બૌદ્ધોના એ પારિભાષિક શબ્દનું સ્મરણ કરાવે છે.

૩. આને લઈને તો અંગ્રેજીમાં ''as rich as Croesus'' જેમ કહેવાય છે તેમ **શા**લિભદ્રની ઋદ્ધિ કહેતીરૂપ બની છે.

૪. આ ચરિત્ર ''દે. લા. જૈ. પુ. સં. તરફથી ઈ. સ. ૧૯૧૯માં છપાવાયું છે.''

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**કુમારપાલદેવચરિત** (ઉ. વિ.સં. ૧૩૮૫)– આ 'પરમાર્હત' કુમારપાલ ભૂપાલનું સંક્ષિપ્ત, વ્યવસ્થિત અને અતિશયોક્તિવિનાનું ચરિત્ર ૨૨૧ પદ્યમાં કોઈકે રચ્યું છે. એની એક હાથપોથી વિ. સં. ૧૩૮૫માં લખાયેલી મળે છે. પ્રસ્તુત કૃતિની રચના વિચારતાં **જિનવિજયજી**એ એવું અનુમાન દોર્યું છે કે આ કૃતિ કુમારપાલના અવસાન બાદ ઘણા થોડા વખતમાં રચાઈ હશે.[2]

આ કૃતિ **કુમા**રપાલને રાજ્ય મળ્યું તે પહેલાંની વિગતો જેટલા વિસ્તારથી રજૂ કરે છે તેટલા વિસ્તારથી રાજ્યપ્રાપ્તિ પછીની બીનાઓ પૂરી પાડતી નથી. છેલ્લા પાંચ જ પદ્યમાં સૂત્રરૂપે નીચેની વિગતો આ લેખાઈ છે :–

(૧) કુમારપાલનું ઉપકારી જનોને બોલાવવું અને તેમનું સન્માન કરવું.
(૨) આમ્ર વૃક્ષ ઉપરનો કર લેવાનું માંડી વાળવું-માફ કરવું.
(૩) નિઃસંતાન મૃત્યુ પામનાર કુટુંબની મિલ્કત જપ્ત ન કરવી.
(૪) સાતે દેશમાં સાતે વ્યસનોના સેવનનો નિષેધ કરવો.
(૫) બાર વર્ષ સુધી જીવહિંસાનો ત્યાગ કરાવવો.
(૬) ઉત્તરમાં તુરુષ્ક, પૂર્વમાં ગંગા નદી, દક્ષિણમાં વિન્ધ્યાચળ, અને પશ્ચિમમાં સમુદ્ર પર્યન્તની પૃથ્વી ઉપર શાસન કરવું અને એને જિનમંદિરોથી વિભૂષિત કરવી. P. ૧૪૩
(૭) કુમારપાલનું મૃત્યુ થતાં એની 'મહેન્દ્ર' સ્વર્ગમાં ઉત્પત્તિ થવી.

[3]**કુમારપાલ-ચરિત્ર** (વિ. સં. ૧૪૨૨)–આ 'કૃષ્ણર્ષિ' ગચ્છના [4]મહેન્દ્રસૂરિના શિષ્ય [5]જયસિંહસૂરિની ૬૩૦૭ શ્લોક જેવડી રચના છે. એમાં દસ સર્ગ છે. એનાં પદ્યોની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છેઃ–

૬૧૧, ૬૮૮, ૫૭૮, ૫૩૧, ૭૮૫, ૫૫૦, ૭૩૦, ૭૫૭, ૫૪૭ અને ૨૮૬ (૨૭૬+[6]૧૦).

આમ આમાં એકંદર ૬૦૬૩ પદ્યો છે.

પ્રસ્તુત કૃતિમાં **કુમા**રપાલનું ચરિત્ર આલેખાયું છે. આ બાબત હું વિસ્તારથી રજૂ કરું છું :

આ મહાકાવ્યના પ્રથમ સર્ગમાં કુમારપાલના પૂર્વજો અને 'કલિ.' **હેમ**ચન્દ્રસૂરિના જન્મ વિષે માહિતી અપાઈ છે. બીજા સર્ગમાં કુમારપાલના જન્મનું વર્ણન છે. ત્રીજા સર્ગમાં કુમારપાલનું પરિભ્રમણ

૧. આ પદ્યાત્મક કૃતિ **કુમારપાલચરિત્રસંગ્રહ** કે જે ''સિં. જૈ. ગ્રં.'' માં ઈ. સ. ૧૯૫૬માં પ્રકાશિત કરાયો છે તેમાં પ્રારંભમાં પૃ. ૧-૭માં છપાવાઈ છે.
૨. જુઓ **કુમારપાલકચરિત્રસંગ્રહનું** ''કિંચિત્ પ્રાસ્તાવિક'' (પૃ. ૨).
૨. આ **હી**રાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૧૫માં અને મુંબઈમાં ''ગોડીજીના જૈન ઉપાશ્રય'' તરફથી ઈ.સ. ૧૯૨૬માં અજ્ઞાતકર્તૃક ટિપ્પણ સહિત પ્રકાશિત કરાયું છે. ઈ. સ. ૧૯૨૬ની આવૃત્તિના અંતમાં ટિપ્પણકારની પ્રશસ્તિ છે.
૩. એમની નિર્ભયતાથી પ્રસન્ન થઈ **મ**હમ્મદશાહે એમની 'મહાત્મા' તરીકે તારીફ કરી હતી.
૪. એમણે **નૂતનવ્યાકરણ** રચ્યું છે. એમની કૃતિઓ ઇત્યાદિ માટે જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૧, પૃ. ૬૦).
૫. આ પ્રશસ્તિનાં પદ્યોની સંખ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને એને થયેલી રાજ્યની પ્રાપ્તિ એ બાબત રજૂ કરાઈ છે. ચોથો સર્ગ કુમારપાલના દિગ્વિજયને
P. ૧૪૪ લગતો છે. પાંચમા સર્ગમાં પુણ્યના ફળનો ઉપદેશ વર્ણવાયો છે. છઠ્ઠા સર્ગમાં દયાનો ઉપદેશ અપાયો છે. સાતમો સર્ગ શ્રાવકોના ધર્મના સ્થાપનને અંગેનો છે. આઠમાં સર્ગમાં કૃપા-સુન્દરીનાં લગ્ન, દાનાદિનો ઉપદેશ, ચૈત્યોનું નિર્માણ ઇત્યાદિ બાબતો રજૂ કરાઈ છે. નવમા સર્ગમાં દેવાધિદેવની પ્રતિમા લાવવી તે તેમ જ તીર્થયાત્રા વિષે વર્ણન છે. દસમા સર્ગમાં કુમારપાલના સ્વર્ગવાસને લગતી હકીકત છે.

ઇન્દ્રજાળના પ્રયોગો– પાંચમાં સર્ગમાં શ્લો. ૧૪૫-૨૪૮માં નીચે પ્રમાણે હકીકત વર્ણવાઈ છે :–

દેવબોધિ કુમારપાલને જૈન ધર્મ છોડી દઈ એનાથી ચડિયાતા શ્રૌત ધર્મ અંગીકાર કરવાનું કહે છે. વિશેષમાં **બ્ર**હ્મા વગેરે દેવોને તેમ જ તમારા પૂર્વજોને પુછી જુઓ એમ દેવબોધિએ એ રાજાને કહી મંત્રબળ વડે **બ્ર**હ્મા, **વિ**ષ્ણુ અને **મ**હાદેવને તેમ જ **મૂ**લરાજ વગેરે કુમારપાલના સાત પૂર્વજોને પ્રત્યક્ષ બતાવ્યા અને એમને મુખે શ્રૌત ધર્મ સ્વીકારવાનો ઉપદેશ અપાવ્યો.

વાગ્ભટ મંત્રીએ 'કલિ.' **હે**મચન્દ્રસૂરિને **દે**વબોધિની આ વાત કહી. રાજાએ **વા**ગ્ભટને પૂછ્યું કે દેવબોધિની બરાબરી કરી શકે એવું બળ **હે**મચન્દ્રસૂરિમાં છે ખરું ? **વા**ગ્ભટે કહ્યું કે કાલે **સ**વારે એમના વ્યાખ્યાનમાં આવશો તો ખબર પડશે. આ તરફ હેમચન્દ્રસૂરિએ પોતાના શિષ્યને કહી રાખ્યું કે આવતી કાલે મારું વ્યાખ્યાન ચાલુ હોય તેવામાં હું જે આસન ઉપર બેસી વ્યાખ્યાન આપતો હોઉં તે ખેંચી લેવું. શિષ્યે તેમ કર્યું અને હેમચન્દ્રસૂરિએ અદ્ધર રહીને વ્યાખ્યાન આપ્યું. દેવબોધિથી આમ થઈ શકે તેમ નહોતું. અને તો રંભા યાને કેળના બનાવેલા સુખાસનનો આશ્રય લેવો પડતો હતો અને મૌન સેવવું પડતું હતું.

૨. ૧૪૫ વ્યાખ્યાન પૂર્ણ કરી હેમચન્દ્રસૂરિ કુમારપાલને એક ઓરડામાં લઈ ગયા. એ સૂરિએ મંત્રદ્વારા ઋષભદેવાદિ ચોવીસ તીર્થંકરોને તેમ જ કુમારપાલના પૂર્વજોને સાક્ષાત્ હાજર કરી તેમના મુખે ઉપદેશ અપાવ્યો. એથી કુમારપાલ વિસ્મય પામ્યો અને દેવબોધિની વાત સાચી કે તમારી એમ હેમચન્દ્રસૂરિને પુછ્યું. સૂરિએ જવાબ આપ્યો કે આ તો ઇન્દ્રજાળ છે. દેવબોધિ એની એક કળા જાણે છે તો હું સાત જાણું છું. એને લઈને અમે બંનેએ આ દૃશ્યો યોજ્યાં છે. તમે કહો તો વિશ્વ દેખાડું પણ એ બધું કંઈ નથી કેમકે એ કૂટ નાટકની ચતુરાઈ છે.

[1]**કુમારપાલચરિત્ર** (વિ. સં. ૧૪૮૭)– આ **ર**ત્નસિંહસૂરિના શિષ્ય **ચા**રિત્રસુન્દરગણિએ [2]વિ. સં. ૧૪૮૭માં દસ સર્ગમાં રચ્યું છે. આના પાંચમા સર્ગ (પત્ર ૩૨આ –૩૩અ)માં નીચે મુજબ ''અમાવાસ્યાનું પૂર્ણિમામાં રૂપાન્તર'' રૂપ [3]ઘટના વર્ણવાઈ છે :–

૧. આ ''જૈ. આ. સ.'' તરફથી વિ. સં. ૧૯૭૩માં પ્રકાશિત કરાયું છે.

૨. જુઓ જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૯૨).

૩. આ તેમ જ પ્રકારાન્તરે વર્ણવાયેલી ઘટના માટે જુઓ મારો લેખ નામે ''આઠ સો વર્ષ પર છોડાયેલો કુત્રિમ ચન્દ્ર અને અમાસનું પૂનમમાં થયેલું રૂપાન્તર''. આ લેખ ''ગુ. મિત્ર તથા ગુ. દર્પણ'' ના. તા. ૧-૧૧-૫૭ના દૈનિકમાં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક વેળા કાશીનિવાસી યોગી **દેવબોધ** **કુમારપાલ**ની રાજધાની પાટણમાં કલિ. **હેમચન્દ્રસૂરિ** સાથે વાદવિવાદ કરવા આવ્યો. બંને વચ્ચે છ મહિના ચર્ચા ચાલી. અંતે રાજાએ વિવાદ જલદી પૂરો કરવા સૂરિજીને વિજ્ઞપ્તિ કરી. એ ઉપરથી હેમચન્દ્રસૂરિએ દેવબોધને કહ્યું: જેનું પ્રથમ જ વચન ખોટું ઠરે તેનો પરાજય થયેલો જાણવો. સભ્યોએ કહ્યું કે જેનો પરાજય થાય તેમણે આ ગુજરાત છોડી અન્યત્ર ચાલ્યા જવું. આ શરત યાદ રાખી પેલો યોગી–સંન્યાસી સભા સમક્ષ હસતો હસતો હેમચન્દ્રસૂરિને ઉદ્દેશીને બોલ્યો : આજના દિવસને હું 'અમાવાસ્યા' કહું છું. તમારી તાકાત હોય તો એનો વિપર્યય કરી બતાવો, નહિ તો શરત પ્રમાણે દેશપાર જાઓ. P. ૧૪૬

સભા વિચારમાં પડી ગઇ કે અમાસ મટીને પૂનમ કેમ થાય ? યોગી તાડુક્યો : હે સૂરિ ? આજે અમાવાસ્યા ન હોય તો હું મારી જીભ કાપી નાખું. મારી વાત સાચી છે કે નહિ તે તો હવે થોડી વારમાં જણાઇ આવશે. આજે અમાસ હોઇ ચન્દ્ર નહિ ઊગે એટલે મારી વાત સાચી ઠરશે.

સાંજ પડવા આવી હતી એટલે બધાં સૌ સૌને ઘેર ગયા. આ તરફ **હેમચન્દ્રસૂરિએ** **પદ્મા** દેવીની ઉપાસના શરૂ કરી. થોડી જ વારમાં એ દેવી સર્પરૂપ વાહન ઉપર આરૂઢ થઈ સૂરિજી સમક્ષ હાજર થઈ અને બોલી : કહો, શું કામ છે ? સૂરિજીએ વસ્તુસ્થિતિ કહી સંભળાવી. એ ઉપરથી એ દેવીએ સૂરિજીની સૂચના અનુસાર, ઊગતા પૂર્ણ ચન્દ્રના મંડળ જેવું અને અતિશય પ્રભાવાળું પોતાનું કુંડળ સાયંકાળે આકાશમાં લટકાવ્યું: જોતજોતામાં ચારે બાજુ દિવ્ય પ્રકાશ પ્રસરી ગયો. પર્વત 'કૈલાસ' જેવા થઈ ગયા, નદી 'સુરનદી' જેવી શોભવા લાગી, કાગડા હંસ જેવા અને શ્યામ હાથી 'ઐરાવત' જેવા શ્વેત જણાવા લાગ્યા અને સમુદ્ર 'ક્ષીર સમુદ્ર' બની ગયા. વિશેષ શું કહેવુ ? ગુંજા (ચણોઠી) પણ જાણે મુક્તાફળ બની ગઈ.

આજે ઘોર અંધકારવાળી અમાસની રાત્રિને બદલે આ અત્યંત પ્રકાશિત ચન્દ્રનો ઉદય કેમ ? રાજા વિચારમાં પડી ગયો. એને થયું કે મારા નેત્રને ભ્રમ તો નથી થયો ? એ રાજાએ અતિચતુર અને વેગવાળા ચરોને (જાસુસોને) ચારે દિશામાં તપાસ કરવા મોકલ્યા. બાર બાર યોજન સુધી તેઓ ફરી આવ્યા પણ અંધારાનું નામ ન મળે. બધે પ્રકાશ પ્રકાશ જ જણાયો, એ ચરોએ રાજાને વાત કરી. એ દરમ્યાનમાં પેલો યોગી તો ક્યારનો પલાયન કરી ગયો હતો.

જિનમંડનગણિએ વિ. સં. ૧૪૯૨માં રચેલા **કુમારપાલપ્રબન્ધ** (પત્ર ૧૧૧આ-૧૧૨અ)માં P. ૧૪૭ વૃત્તાન્ત અન્ય પ્રકારે આલેખ્યો છે. એમાં એમણે કહ્યું છે કે એક વેળા ધર્મદેશના સાંભળી રાજાએ (કુમારપાલે) ગુરુને (હેમચન્દ્રસૂરિને) નમન કરીને પૂછયું: આજે કઇ તિથિ છે ? ગુરુ એ દિવસે અમાવાસ્યા હોવા છતાં 'પૂર્ણિમા છે' એવું એકાએક બોલી ઊઠ્યા. એ વખતે બહારથી મિત્ર જેવા અને અંદરથી શત્રુ જેવા દેવબોધિએ મશ્કરીમાં કહ્યું: અહો, કલિકાસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિ આજે પૂર્ણિમા કહે છે તો લોકોના ભાગ્યને લીધે આજે પૂર્ણિમા જ થશે. એ સાંભળી ગુરુએ કહ્યું: તમારું આ વચન સાચું ઠરો. દેવબોધિએ કહ્યું: એની શી પ્રતીતિ ? ગુરુએ કહ્યું: અહો તમારી શી ચતુરાઇ છે ? ચન્દ્રનો ઉદય એ જ પ્રતીતિ છે. એ સાંભળી સર્વે જનો વિસ્મય પામ્યા અને કહેવા લાગ્યા કે શું આમ પણ બનશે ? એ ઉપરથી રાજા દેવબોધિ તેમ જ ૭૨ સામંતો સહિત રાજસભામાં આવ્યો અને ચન્દ્રનો ઉદય ક્યાં

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થશે એ જાણવા માટે એણે એક ઘડીમાં એક યોજન જનારી સાંઢણીઓ ઉપર પોતાના પુરુષોને આરૂઢ કરાવી એમને પૂર્વ દિશામાં મોકલ્યા. ત્યારબાદ "સિદ્ધચક્ર"ને અંગેના જે દેવે હેમચન્દ્રસૂરિને પહેલાં વરદાન આપ્યું હતું તે દેવે પૂર્વ દિશામાં સન્ધ્યાસમયે પહેલાંની જેમ ચન્દ્ર ઉગાડ્યો, રાત્રિને ચાંદરણીવાળી બનાવી અને ચાર પ્રહર સુધી ગગનમાં એ ચન્દ્રને રાખી સવારના સર્વ લોકની સમક્ષ પશ્ચિમ દિશામાં એ ચન્દ્રને અસ્ત થતો બતાવ્યો પેલા મોકલેલા પુરુષો સવારે આવ્યા અને એમણે ઉપર મુજબ કહ્યું: બધાને વિસ્મય થયો.

સમાનનામક કૃતિઓ—ધનરત્ને ગદ્યપદ્યરૂપે વિ. સં. ૧૫૩૭માં **કુમારપાલચરિત્ર** રચ્યું છે. વળી **સો**મવિમલે તેમ જ **સો**મચન્દ્રગણિએ પણ આ નામની એકેક કૃતિ રચી છે. એ પૈકી **સો**મચન્દ્રગણિની રચના પદ્યાત્મક છે અને એનું પરિમાણ ૬૩૦૦ શ્લોક જેવડું છે.

P. ૧૪૮ [1]**કુમારપાલદેવચરિત** (? વિ. સં. ૧૪૨૪)—આ 'રુદ્ર-પલ્લીય' ગચ્છના **સં**ઘતિલકસૂરિના શિષ્ય **સો**મતિલકસૂરિની કોઈ કૃતિનો એક અંશ છે એમ એની પ્રારંભની નિમ્નલિખિત પંક્તિ જોતાં જણાય છે:—

"अत्र श्रीकुमारपालदेवचरित्रं व्याक्रियते".

પ્રસ્તુત કૃતિમાં ૭૪૦ પદ્યો છે. પહેલાં ૨૦૦ પદ્યો **કુ**મારપાલને રાજ્ય મળ્યું તે પહેલાંની બીનાઓ રજૂ કરે છે, અને એ લખાણ અજ્ઞાતકર્તૃક પ્રાચીન સંક્ષિપ્ત [2]**કુમારપાલદેવચરિત** સાથે શબ્દદૃષ્ટિએ પણ પ્રાયઃ મળતું આવે છે. ત્યાર પછીનાં ૫૦૦ પદ્યો રાજ્યપ્રાપ્તિ પછીની ઘટનાઓ જે **પ્રબન્ધચિન્તામણિ** વગેરેમાં જોવાય છે તે વર્ણવાઈ છે. એવી પણ કોઈ કોઈ બાબતો છે કે જે કુમારપાલ અંગેના અન્ય પ્રબન્ધોમાં નથી. દા.ત. નિમ્નલિખિત બાબતો :—

(૧) નાગપુર (નાગોર)ના મહામાંડલિક **કુ**માર સાથે **કુ**મારપાલનું યુદ્ધ (શ્લો૦ ૬૧૨-૬૩૩)[3]

(૨) 'રાકા' પક્ષના **સુ**મતિસૂરિ સાથે 'કલિ.' **હે**મચન્દ્રસૂરિનો સંબંધ (શ્લો૦ ૬૭૪-૬૮૪)[4].

આ સંક્ષિપ્ત કૃતિ વ્યવસ્થિત અને પ્રામાણિક છે. એ **કુમારપાલપ્રબોધપ્રબન્ધને** આધારે રચાયાનું **જિ**નવિજયજીએ કહ્યું છે અને એનું કારણ એ દર્શાવ્યું છે કે અન્તિમ પદ્યમાં વિશેષાર્થીએ **કુમારપાલપ્રતિબોધ** જોવાની ભલામણ કરાઈ છે અને એ ઉપર્યુક્ત ગ્રંથ છે.[5]

P. ૧૪૯ ઉપર્યુક્ત **સો**મતિલકસૂરિએ ઉર્ફે **વિ**દ્યાતિલકે નીચે મુજબની કૃતિઓ પણ રચી છે:—

---

૧. આ કૃતિ **કુમારપાલચરિત્રસંગ્રહ** (પૃ. ૯-૩૩)માં છપાવાઈ છે.

૨. જુઓ (પૃ. ૧૪૨)

૩. જુઓ **કુમારપાલચરિત્રસંગ્રહ**નું "કિંચિત્ પ્રસ્તાવિક" (પૃ. ૩).

૪. એજન, પૃ. ૩ અહીં એ ઉમેરાયું છે કે આનું થોડુંક સૂચન **ચતુર્વિંશતિપ્રબન્ધ**માં જોવાય છે પરંતુ મને તો એમાં એ જણાતું નથી.

૫. એજન, પૃ. ૩.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]ત્રિપુરાભારતી-લઘુસ્ત[2]વની ટીકા	વિ. સં. ૧૩૯૭
[3]વીરકલ્પ	વિ. સં. ૧૩૮૯
શીલતરંગિણી	વિ. સં. ૧૩૯૨
[4]ષડ્દર્શનસમુચ્ચયની લઘુવૃત્તિ	વિ. સં. ૧૩૮[5]

આ સોમતિલકસૂરિ સંઘ તિલકસૂરિના પટ્ટધર દેવેન્દ્રસૂરિના જ્યેષ્ઠ ગુરુબન્ધુ થાય છે.

જૈ. સા. સં. ઇ. (પૃ. ૪૩૨)માં **કુમારપાલપ્રબન્ધ**નો રચના-વર્ષ પ્રશ્નપૂર્વક વિ. સ. ૧૪૨૪નો અને પૃ. ૪૪૦માં પ્રશ્ન વિના એ વર્ષનો ઉલ્લેખ છે જ્યારે **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૯૩)માં **કુમારપાલપ્રતિબોધચરિત** વિ. સં. ૧૪૨૪માં રચાયાનો ઉલ્લેખ છે. આમ આ બે કૃતિ તેમ જ **કુમારપાલપ્રબોધપ્રબન્ધ** નામની કૃતિ એ ત્રણ ભિન્ન નહિ પણ એક જ હોય એમ જણાય છે.

[6]**કુમારપાલપ્રબોધપ્રબન્ધ** (ઉ. વિ. સં. ૧૪૬૪)—આ અજ્ઞાતકર્તૃક પ્રબન્ધનો કેટલોક ભાગ P. ૧૫૦
ગદ્યમાં તો કેટલોક પદ્યમાં છે. એમાં ૫૫૧ પદ્યો છે તે મોટે ભાગે પુરોગામીઓની [7]કૃતિઓમાંથી ઉદ્ધૃત કરાયેલાં છે. ગદ્યાત્મક લખાણમાં સંગ્રહકારનો થોડોક હિસ્સો હશે એમ લાગે છે. જિનમંડનગણિએ આ પ્રબન્ધના આધારે **કુમારપાલપ્રબન્ધ** રચ્યાનું જિનવિજયજીએ સૂચવ્યું છે.[8]

પ્રસ્તુત કૃતિના ત્રીજા પદ્યમાં કહ્યું છે કે મનમાં પરા, હૃદયમાં પશ્યન્તી, કંઠમાં મધ્યમા અને મુખમાં વૈખરી એમ જે કહ્યું છે તે ભારતીની અમે ઉપાસના કરીએ છીએ. આ પછીનું પદ્ય ''अज्ञानतिमिरान्धानां''થી શરૂ થતું અને સુપ્રસિદ્ધ—પ્રચલિત પદ્ય છે. આ કૃતિનો પ્રારંભ આદિદેવના નામોલ્લેખાદિથી કરાયો છે. ત્યાર બાદ એમાં 'ચાપોત્કટ' (ચાવડા) વંશનું વર્ણન છે. પૃ. ૭૭-૮૫માં જીવાદિ નવ તત્ત્વોનું સ્વરૂપ મુખ્યતયા જ.મ.માં આલેખાયું છે.

---

૧. આ ''રાજસ્થાન પુરાતન ગ્રંથમાલા''માં છપાવાયો છે. આ નામ જિન-વિજયજીએ આપ્યું છે.

૨. જૈ. સા. સં. ઇ. (પૃ. ૪૩૨)માં તેમજ **જિ. ૨. કો** (વિ., પૃ. ૩૬૦)માં આને **લઘુસ્તવ** કહેલ છે. વિશેષમાં **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૩૬)માં આની ટીકાનું નામ 'જ્ઞાનદીપિકા' અપાયું છે. [આનું સંપાદન મુનિ વૈરાગ્યરતિએ કર્યું છે. હિન્દી અનુવાદ અને પંજિકા સાથે ''પ્રવચન પ્રકાશન'' પુનાથી પ્રસિદ્ધ થયું છે.]

૩. જુઓ **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૪૩૨). [શીલતરંગિણી પ્રકા. તપગચ્છ સમાજ, વિ.સં. ૨૦૪૯]

૪. આને **જૈ. સા. સં. ઇ.** (પૃ. ૪૩૨).માં **ષડ્દર્શનસૂત્ર** કહેલ છે.

૫. **કુમારપાલચરિત્રસંગ્રહ**ના કિંચિત્ પ્રાસ્તાવિક (પૃ. ૩)માં જિનવિજયજીએ પ્રસ્તુત સોમતિલકસૂરિની કૃતિ તરીકે **સમ્યક્ત્વસમતિકાવૃત્તિ**નો જે ઉલ્લેખ કર્યો છે તે વિચારણીય જણાય છે. સંઘતિલકસૂરિને બદલે આ નામ સૂચવાયું હોય એમ લાગે છે.

૬. આ કૃતિ **કુમારપાલચરિત્રસંગ્રહ** (પૃ. ૩૫-૧૧૧)માં છાવાયેલી છે. પૃ. ૮૯, ૯૧, ૯૩ અને ૯૫માં ''શ્રીસોમતિલકસૂરિવિરચિતં'' શીર્ષક છપાયું છે તે ભૂલ છે.

૭. આવી એક કૃતિ તે અજ્ઞાતકર્તૃક પ્રાચીન સંક્ષિપ્ત **કુમારપાલદેવચરિત** (જુઓ પૃ. ૧૪૨) છે.

૮. જુઓ કુમારપાલચરિત્રસંગ્રહનું ''કિંચિત્ પ્રાસ્તાવિક'' (પૃ. ૫).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રસ્તુત કૃતિની એક હાથપોથી વિ. સં. ૧૪૬૪માં લખાયેલી મળે છે. આ કૃતિમાં ઉપદેશાત્મક અને પ્રચારાત્મક અવતરણો પુષ્કળ પ્રમાણમાં સંગ્રહાયાં છે. એને લઈને એનું નામ સાન્વર્થ ઠરે છે. કુમારપાલના જીવનવૃત્તાંતની નાનીમોટી અનેક બાબતો આ કૃતિમાં રજૂ કરાઈ છે.

P. ૧૫૧ **કુમારપાલપ્રબન્ધ** (ઉ. વિ. સં. ૧૪૬૪)—આ કોઈકની ૨૪૫૬ શ્લોક જેવડી રચના છે. એની વિ. સં. ૧૪૬૪માં લખાયેલી એક હાથપોથી મળે છે. આ પ્રબન્ધની નોંધ **પત્તન.સૂચિ** (ભા. ૧. પૃ. ૧૫-૧૭)માં લેવાઈ છે.

[૧]**કુમારપાલપ્રબન્ધ** (વિ. સં. ૧૪૯૨)– આ પ્રબન્ધ **સો**મસુન્દરસૂરિના શિષ્ય **જિ**નમંડનગણિએ વિ. સં. ૧૪૯૨માં રચ્યો છે. એ ગદ્યપદ્યરૂપે છે. એનું પરિમાણ ૨૪૫૬ શ્લોક જેવડું છે. પાઇય પદ્યોરૂપ અવતરણોથી અલંકૃત આ કૃતિ ગુજરાતના ઇતિહાસ ઉપર પ્રકાશ પાડે છે. એમાં વિ. સં. ૮૦૨ કે જે વર્ષમાં અણહિલપુર-પાટણની સ્થાપના થઈ ત્યારથી માંડીને વિ. સં. ૧૨૩૦ સુધીની ઘટનાઓ સંક્ષેપમાં રજૂ કરાઈ છે. એમાં **સિ**દ્ધરાજ જયસિંહનો બંગાળના મહોબકપુર (મહોત્સવપુર)ના રાજા **મ**દનવર્મા સાથેનો સમાગમ વર્ણવાયો છે. આ બાબત જનરલ કનિંગહામે The Ancient Geography of India જે નોંધી છે તેને આથી પુષ્ટિ મળે છે.[૨]

[૩]**પ્રબોધચિન્તામણિ** (વિ. સ. ૧૪૬૨)—આ **જૈનકુમારસંભવ**ના કર્તા જયશેખરસૂરિની રૂપકાત્મક રચના છે. એ સાત અધિકારમાં વિભક્ત છે.

P. ૧૫૨ પ્રસ્તુત કૃતિ સ્તંભનકના નરપતિની રાજધાનીમાં વિ. સં. ૧૪૬૨-માં રચાઈ છે. એના સાત અધિકારોની પદ્યસંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :–

૫૧, ૧૧૭, ૨૫૪, ૪૧૧, ૩૯૬, ૨૭૧ અને ૪૯૧.

આમ આ કૃતિમાં એકંદર ૧૯૯૧ પદ્યો છે.

વિષય– પ્રથમ અધિકારમાં પરમાત્માનું સ્વરૂપ વર્ણવાયું છે. વિશેષમાં પ્રસ્તુત કૃતિનો આધાર ભગવાન **પ**દ્મનાભના શિષ્ય **ધ**ર્મરુચિ દ્વારા નિરૂપાયેલું આત્મસ્વરૂપ છે એમ કહીં કહ્યું છે. બીજા અધિકારમાં ઉપર્યુક્ત **પ**દ્મનાભ અને ધર્મરુચિનું ચરિત્ર આલેખાયું છે. ત્રીજા અધિકારમાં **મો**હ અને **વિ**વેક એ નામનાં બે પાત્રની ઉત્પત્તિ અને **મો**હની રાજ્યપ્રાપ્તિની હકીકત અપાઈ છે. ચોથા અધિકારમાં મોહનું રાજ્ય, **વિ**વેકના **સં**યમ સાથે લગ્ન અને એને પ્રાપ્ત થયેલું રાજ્ય એ બાબતો રજૂ કરાઈ છે. પાંચમા અધિકારમાં કામના દિગ્વિજયની વાત નિરૂપાઈ છે. છઠ્ઠા અધિકારમાં **વિ**વેકની વિજયાર્થે યાત્રા

૧. આ "જૈ. આ. સ." તરફથી વિ. સં. ૧૯૭૧માં પ્રસિદ્ધ કરાયો છે. એનું ગુજરાતી ભાષાંતર શ્રી. **મ**ગનલાલ ચૂનીલાલ વૈદ્યે કર્યું છે અને એ ગાયકવાડ સરકાર તરફથી છપાવાયું છે. મૂળ કૃતિ ઉપરથી સ્વ. મુનિશ્રી **લ**લિતવિજયજીએ **કુમારપાલચરિત્ર** હિન્દીમાં તૈયાર કર્યું હતુ અને એ છપાવાયું છે. [**કુમારપાલ પ્રબંધ** નામે હર્ષપુષ્પા ૬૯માં પ્રસિદ્ધ થયેલ છે.]

૨. જુઓ **કુમારપાલચરિત્રસંગ્રહ**નું હિન્દી પ્રસ્તાવનાદિ વક્તવ્ય (પૃ. ૮-૯).

૩. આ કૃતિ "જૈ. ધ. પ્ર. સ." તરફથી વિ. સં ૧૯૬૫માં [અને "આર્યરક્ષિત" પુસ્તકોદ્ધાર સંસ્થા જામનગરથી વિ.સં. ૧૯૯૬માં] પ્રકાશિત કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ણવાઈ છે. સાથે સાથે 'કલિ' કાળનો પ્રભાવ વર્ણવાયો છે. સાતમા અધિકારમાં **મોહ** અને **વિવેક**' વચ્ચેનું યુદ્ધ, **મોહ**નો પરાજય અને પરમાત્માનું હૃદયંગમ સ્વરૂપ એ બાબતો હાથ ધરાઈ છે.

આ કૃતિમાં અજૈન દર્શનોનું સ્વરૂપ રજૂ કરાયું છે. વળી એ ઉપદેશોથી પણ અલંકૃત છે.

[1]**ભાષાંતર**– આ પ્રસ્તુત કૃતિનું ગુજરાતીમાં કરાયેલું ભાષાંતર છે.

[2]**શ્રીધરચરિત** (વિ. સં. ૧૪૬૩)– આ મહાકાવ્ય 'અંચલ' ગચ્છના **માણિક્યસુન્દરસૂરિ**એ વિ. સં. ૧૪૬૩માં રચ્યું છે. **મેરુતુંગસૂરિ** એમના દીક્ષાગુરુ થાય છે જ્યારે **જયશેખરસૂરિ** એમના વિદ્યાગુરુ થાય છે. એમણે નિમ્નલિખિત કૃતિઓ પણ રચી છે:–

અજાપુત્રકથાનક, [3]**ગુણ**વર્મચરિત્ર, **ચ**તુષ્પર્વી, **ધ**ર્મદત્તકથા, **પૃ**થ્વી-ચન્દ્રચરિત્ર અને [4]**શુ**કરાજકથા. P. ૧૫૩

વળી એમણે **આવસ્સય** ઉપર ટીકા પણ રચી છે.

[એક શ્રીધરચરિત્રની નકલ પ્રા.ટે.સો. માં છે. કર્તાનું નામ જાણવાનું બાકી છે.]

'માણિક્ય'થી અંકિત પ્રસ્તુત કૃતિ નવ સર્ગમાં વિભક્ત છે. એની પદ્યસંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :– ૩૧, ૩૧, ૩૩, ૧૧૧, ૬૦, ૧૨૪, ૯૧, ૫૮૩, અને ૨૫૫ (૨૪૯+૬[5]).

આમ અહીં ૧૩૧૯ પદ્યો છે જ્યારે એનો ગ્રંથાગ્ર ૧૬૮૯ શ્લોકનો છે.

વિષય– પ્રથમ સર્ગમાં **ઋ**ષભદેવાદિ તીર્થંકરો વગેરેની સ્તુતિ કરાઈ છે અને કર્તાએ પોતાની ગુરુપરંપરા વર્ણવી છે. અંતમાં કહ્યું છે કે પ્રથમ ભવમાં **શ્રી**ધર નૃપતિ અને તૃતીય ભવમાં **વિ**જયચન્દ્ર નૃપ થનારનું ચરિત્ર અપાય છે વિશેષમાં આ સર્ગમાં છન્દઃશાસ્ત્રને લગતી કેટલીક બાબતો રજૂ કરાઈ છે.

દ્વિતીય સર્ગનો પ્રારંભ આર્યા વગેરે છંદોનાં ગદ્યાત્મક લક્ષણોથી કરાયો છે. પછી એ છંદોમાં **વિ**જયચન્દ્રનાં માતાપિતા વિષે તેમ જ **સિ**દ્ધપુરુષના આગમન વિષે ઉલ્લેખ છે.

તૃતીય સર્ગમાં સિદ્ધપુરુષ પોતાનો પરિચય કરાવી **વિ**જયચન્દ્રના પિતાને એક ગુટિકા આપે છે એ બીના વર્ણવાઈ છે.

ચતુર્થ સર્ગની શરૂઆત કેટલાક છંદોના ગદ્યાત્મક નિરૂપણથી કરાઈ છે. ત્યાર બાદ વિજયચન્દ્રનો P. ૧૫૪
જન્મ, કાલાંતરે એમનું વનમાં ગમન અને એક મુનિના મુખથી અહિંસાના ફળનું શ્રવણ તથા આગળ

---

૧. આ ગુજરાતી ભાષાંતર "જૈ. ધ. પ્ર. સ." તરફથી [વિ. સં. ૧૯૬૫માં "આર્યરક્ષિત પુ. સંસ્થા" તરફથી (સં. ૧૯૯૬) અને "મુક્તિચન્દ્ર આ. ટ્રસ્ટ" દ્વારા] છપાવાયું છે.

૨. આ કૃતિ દુર્ગપદવ્યાખ્યાન સહિત "ચારિત્રસ્મારક ગ્રંથમાલા"માં ઈ. સ. ૧૯૫૧માં પ્રકાશિત કરાઈ છે. એમાં સંસ્કૃતમાં નવે સર્ગનો સારાંશ અપાયો છે.

૩. આ અમદાવાદથી ઈ.સ. ૧૯૦૧માં છપાવાયું છે. એ વિ. સં. ૧૪૮૪માં રચાયું છે. એની પ્રશસ્તિમાં ચતુઃપર્વી, પૃથ્વીચન્દ્રચરિત્ર અને શુકરાજકથાનો ઉલ્લેખ છે.

૪. આ "હંસવિજયજી ફ્રી લાઈબ્રેરી" તરફથી વિ. સં. ૧૯૮૦માં છપાવાયું છે. એમાં ૫૦૦ પદ્યો છે.

૫. આ પ્રશસ્તિનાં પદ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપર વિજયચન્દ્ર પાર્શ્વનાથ તરીકે થશે એ કથન તેમ જ અશ્વપરીક્ષા, ગજભ્રમ નૃપ સાથેનો સમાગમ, યોગી પાસેથી કન્યાને છોડાવવી, ચેટક દ્વારા 'ગારુડ' મંત્રની પ્રાપ્તિ તથા રત્નાવલી અને કનકમાલા સાથે લગ્ન એમ વિવિધ વાનગી પિરસાઈ છે.

પાંચમા સર્ગમાં **ચેટક** દ્વારા ચોરનું ગ્રહણ તેમ જ **વિજયચન્દ્ર**નું માતાપિતા સાથેનું મિલન વર્ણવાયું છે.

છઠ્ઠા સર્ગના પ્રારંભમાં જાતજાતનાં વર્ણવૃત્તોની સમજણ અપાઈ છે. એમાં **સુલોચના** અને 'અષ્ટાપદ' પર્વતનું વર્ણન છે. શ્લો. ૬૯-૭૬માં [1]ચિત્રકાવ્ય દ્વારા **પાર્શ્વનાથ**ની સ્તુતિ કરાઈ છે.

[2]સાતમા સર્ગમાં સ્વયંવરનું વર્ણન છે.

આઠમા સર્ગમાં પ્રસ્તારનું નિરૂપણ શરૂઆતમાં છે. **સુલોચના**નું હરણ અને એનું પ્રત્યાનયન એ આ સર્ગના મુખ્ય વિષયો છે. આ સર્ગમાં યુદ્ધનું વિસ્તૃત વર્ણન છે.

નવમા સર્ગમાં **વિજયચન્દ્ર**નું મોક્ષગમન વર્ણવાયું છે. અંતમાં પ્રશસ્તિ છે.

વિશેષતા– છન્દઃશાસ્ત્રનો બોધ કરાવવામાં આ કૃતિ ઉપયોગી થઈ પડે તેમ છે.

P. ૧૫૫ [3]**મલયસુન્દરીચરિત્ર** (ઉ. વિ. સં. ૧૪૭૮)–આના કર્તા 'આગમ' ગચ્છના **જયતિલકસૂરિ** છે. એમણે કોઈકે પૂર્વે પાઈયમાં રચેલા **મલયસુન્દરીચરિય**ને જોઈને આ ચરિત્ર સંસ્કૃતમાં રચ્યું છે. એમાં અનુક્રમે ૩૯૯, ૭૩૨, ૪૬૯ અને ૮૨૪ પદ્યવાળા ચાર પ્રસ્તાવ છે.

પ્રથમ પ્રસ્તાવમાં **મલયસુન્દરીના** જન્મનું વર્ણન છે. પ્રસંગોપાત્ત અમુક જાતના રસ વડે લોખંડનું સુવર્ણ બન્યાની બીના રજૂ કરાઈ છે. બીજા પ્રસ્તાવ (ઉદ્દેશ)માં પાણિગ્રહણનો અધિકાર છે. ત્રીજામાં સસરાના કુળનો સમાગમ વર્ણવાયો છે. ચોથામાં પૂર્વભવ ઉપર પ્રકાશ પડાયો છે.

[4]**મલયસુન્દરીકથા** કિંવા **મલયસુન્દરીકથોદ્ધાર** ( )– આના કર્તા 'પિપ્પલ' ગચ્છના **ધર્મદેવગણિ**ના શિષ્ય **ધર્મચન્દ્ર** છે.

[5]**મલયસુન્દરીકથા** ( )– આ ગદ્યાત્મક કથાના કર્તા 'અંચલ' ગચ્છના **માણિક્યસુન્દરસૂરિ** છે. એમાં મલયસુન્દરીનો વૃત્તાંત રજૂ કરાયો છે.

P. ૧૫૬ **સમ્યક્ત્વકૌમુદી** (વિ. સં. ૧૪૫૭)ક્–આ ૯૯૫ શ્લોક જેવડી કૃતિ જયશેખરે વિ.સં. ૧૪૫૭માં રચી છે. એમાં સમ્યક્ત્વને અંગે કેટલીક બાબતો વિચારાઈ છે.

---

૧. ગૂઢ-ચિત્ર, નામ-ચિત્ર, વિભ્રમ-ચિત્ર અને અપભ્રંશભાષા-ચિત્ર.

૨. આ સર્ગમાં જાતજાતના અને પ્રાયઃ અપ્રચલિત છંદોમાં પદ્યો રચાયાં છે.

૩. આ "દે. લા. જૈ. પુ." તરફથી ઈ. સ. ૧૯૧૬માં [અને દાનસૂરિ ગ્રં. વરતેજ ૨૦૦૯માં] છપાવાયું છે. એ પૂર્વે હીરાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૧૦માં આ છપાવાયું હતું. આની વિ. સં. ૧૪૭૮માં લખાયેલી હાથપોથી મળે છે.

૪. આનો પ્રો. હર્ટલે કરેલો જર્મન "Indische Marchen" અનુવાદ (પૃ. ૧૮૫-૨૬૮)માં ઈ. સ. ૧૯૧૯માં છપાયો છે.

૫. આ મુંબઈમાં ઈ.સ. ૧૯૧૮માં છપાવાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**સમ્યક્ત્વકૌમુદી** (વિ.સં. ૧૪૮૭)–આના કર્તા **જયચન્દ્રસૂરિ**ના શિષ્ય **જિનહર્ષગણિ** છે. એમણે ૨૮૨૫ શ્લોક જેવડી આ પદ્યાત્મક કૃતિ. વિ. સં. ૧૪૮૭માં રચી છે. વિશેષમાં એમણે **રત્નશેખરી** કથા, **વિંશતિસ્થાનકચરિત્ર** વગેરે રચ્યાં છે.

પરિમાણ– પ્રસ્તુત કૃતિ સાત પ્રસ્તાવમાં વિભક્ત છે. એની પદ્યસંખ્યા અનુક્રમે નીચે મુજબ છે:–

૧૮૯, ૫૧૨, ૪૪૬, ૫૯૭ (૨૯૯+૧૯૭+૧૦૧[2]), ૪૦૪, ૨૨૩ અને ૧૮૮ (૧૭૬+૧૨[3]).

આમ પદ્યોની એકંદર સંખ્યા ૨૫૫૯ની છે. ઘણાંખરાં અવતરણોને લગતાં પદ્યો એમાં ગણી લેવાયાં નથી.

વિષય– પ્રસ્તુત કૃતિમાં સમ્યક્ત્વ, મિથ્યાત્વ. દેશવિરતિ, સર્વવિરતિ, વિંશતિસ્થાનક, અગિયાર પ્રતિમા, આઠ દૃષ્ટિ ઇત્યાદિ બાબતો આલેખાઈ છે. વિશેષમાં અહીં શ્રેષ્ઠી **અર્હદ્દાસ**ની તેમ જ **સુબોધન** નૃપની કથા અપાઈ છે.

આ કૃતિ વિવિધ અવતરણોથી અલંકૃત છે.

વૃત્તિ– આ **સમ્યક્ત્વકૌમુદી** ઉપરની વૃત્તિ ગ્રંથકારના શિષ્ય **જયચન્દ્રગણિ**એ વિ. સં. ૧૪૯૭માં રચી છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪૨૪)માં કહ્યું છે તે વિચારણીય જણાય છે. P. ૧૫૭

સમ્યક્ત્વ-કૌમુદી (વિ. સં. ૧૫૦૪)– આ 'ચૈત્ર' ગચ્છના ગુણાકરની ૧૪૮૮ પદ્યોમાં વિ. સં, ૧૫૦૪માં રચાયેલી કૃતિ છે.[4]

સમ્યક્ત્વ-કૌમુદી (વિ. સં. ૧૫૭૩)– આ પદ્યાત્મક કૃતિના કર્તા 'આગમ' ગચ્છના **સિંહદત્તસૂરિ**ના શિષ્ય **સોમદેવસૂરિ** છે. એમણે આ ૩૩૫૨ શ્લોક જેવડી કૃતિ વિ. સં. ૧૫૭૩માં રચી છે.

સમાનનામક અન્ય કૃતિઓ–સમ્યક્ત્વકૌમુદી નામની અન્ય કૃતિઓ રચનારાનાં નામ નીચે મુજબ છે:–

ધર્મકીર્તિ, **મંગરાસ**, **મલ્લિભૂષણ**, **યશઃકીર્તિ**, **યશઃસેન**, **વત્સરાજ** (ઋષિ) અને વાદિભૂષણ.

આ બધા જ દિ. હોય તો ના નહિ.

---

૧. આ કૃતિ "જૈ. આ. સ." તરફથી વિ. સં ૧૯૭૦માં છપાવાઈ છે. **જિ. ૨.કો** (વિ. ૧, પૃ. ૪૨૪)માં આ વૃત્તિ સહિત છપાયાનો ઉલ્લેખ છે તે ભ્રાંત જણાય છે.

૨. મુદ્રિત આવૃત્તિમાં ચતુર્થ પ્રસ્તાવ માટે સર્વાંશે ચાલુ ક્રમાંક ન આપતાં ત્રણ કટકે એ અપાયો છે એ એની વિલક્ષણતા ગણાય.

૩. આ પ્રશસ્તિનાં પદ્યોની સંખ્યા છે.

૪. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪૨૪)માં **શ્રુતસાગર**ના શિષ્યે રચેલી કૃતિ તે આ જ હોવા સંભવ છે એમ કહ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ઉપરાંત ત્રણ અજ્ઞાતકર્તૃક કૃતિઓ છે. એ પૈકી એકના કર્તા કોઈ દિ. છે. એમણે લગભગ ૩૦૦૦ શ્લોકમાં આ રચી એમાં આઠ કથા આપી છે. [૧૪મી શતાબ્દીના પૂર્વાર્ધમાં થયેલા **મદનપરાજયના** કર્તા **નાગ**દેવે ૩૦૦૦ શ્લો. પ્રમાણ **સમ્યકત્વકૌમુદી**ની રચના કરી છે. ૧૪૮૯માં લખાયેલી આની પ્રત મળે છે. આનું પ્રકાશન જૈનગ્રંથકાર્યાલય હીરાબાગ મુંબઈથી થયું છે. વિશેષ માટે જુઓ– 'સમ્યકત્વકૌમુદી કે કર્તા' લે. શ્રીરાજકુમારજૈન, **વર્ણી અભિનંદન ગ્રંથ** પૃ. ૩૭૫-૯.

સમ્યકત્વકૌમુદી– મહો. કુલમંડનગણિની આ કૃતિ હર્ષપુષ્પામૃતગ્રં ૨૦૪૦માં પ્રગટ થાય છે.']

પર્વરત્નાવલી યાને **પંચપર્વી** (વિ. સં. ૧૪૭૮)–આના કર્તા 'ખરતર' ગચ્છના જયસાગર છે. એઓ **જિ**નરાજસૂરિના શિષ્ય અને **જિ**નભદ્રસૂરિના ગુરુભાઈ થાય છે. એમણે **જિ**નવર્ધનસૂરિ પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો. એમણે વિ. સં. ૧૪૮૦માં [1]**વિજ્ઞપ્તિત્રિવેણી** અને વિ. સ. ૧૫૦૩માં **પૃથ્વીચન્દ્રચરિત્ર** એમ બે સંસ્કૃત કૃતિઓ અને વિ. સ. ૧૫૦૩માં પૃથ્વીધરચરિત્ર એમ બે સંસ્કૃત કૃતિઓ રચી છે. આ ઉપરાંત એમણે ઉવસગ્ગહરથોત્ત, **સં**દેહદોલાવલી અને **સુ**ગુરુ-પારતન્ત્રથોત્ત
P. ૧૫૮ [**ભાવારિવારણથોત્ત, રઘુવંશ**સર્ગાધિકાર, **નેમિજિનસ્તુતિ**] ઉપર એકેક વૃત્તિ રચી છે. વળી ગુજરાતીમાં પણ એમણે કેટલીક કૃતિઓ રચી છે. એમણે પ્રસ્તુત કૃતિ ૬૨૧ પદ્યોમાં વિ. સં. ૧૪૭૮માં રચી છે. એમાં પાંચ પર્વને અંગે કથા છે. આ કૃતિની વિ. સં. ૧૫૪૬માં લખાયેલી એક હાથપોથી ભાં. પ્ર. સં. મં. માં છે.

[2]**જયાનન્દરાજર્ષિ-કેવલિ-ચરિત્ર** (લ. વિ. સં. ૧૪૮૦)– આના કર્તા 'સહસ્રાવધાની', [3]વાદિ-ગોકુલ-સંડક 'કાલી-સરસ્વતી' એમ વિવિધ બિરુદોના ધારક અને પ્રખર માંત્રિક **મુ**નિ-સુન્દરસૂરિ છે. એમનો જન્મ વિ. સ. ૧૪૩૬માં થયો હતો. એમણે વિ. સં. ૧૪૪૩માં સાત વર્ષની વયે દીક્ષા લીધી હતી. એ વેળા એમનું **મો**હનનન્દન નામ પડાયું હતું. દેવસુન્દરસૂરિ એમના દીક્ષાગુરુ હોય એમ લાગે છે. **જ્ઞા**નસુન્દરસૂરિ એમના વિદ્યાગુરુ થાય છે. વિ. સં. ૧૪૬૬માં આ **મુ**નિસુન્દરસૂરિને વાચકપદ મળ્યું હતું. અને વિ. સં. ૧૪૭૮માં એઓ સૂરિ બન્યા હતા. વિ. સં. ૧૪૯૯માં એઓ ભટ્ટારક થયા હતા. એક વેળા **સહ**સ્રમલ્લ રાજાની વિજ્ઞપ્તિ સ્વીકારી એમણે એના દેશને તીડના ઉપદ્રવથી મુક્ત કર્યો હતો. વળી એમણે **સન્તિથય** રચી મારિનું નિવારણ કર્યું હતું. **લ**ક્ષ્મીસાગર, **શુ**ભશીલગણિ, **ચ**ન્દ્રસેનગણિ વગેરે આ **મુ**નિસુન્દરસૂરિના શિષ્ય થાય છે. એઓ વિ. સં. ૧૫૦૩માં કોરટામાં સ્વર્ગે સંચર્યા.[4] એમણે નિમ્નલિખિત કૃતિઓ રચી છે :–

---

૧. આ કૃતિ "જૈ. આ. સ." તરફથી ઈ. સ. ૧૯૧૬માં પ્રકાશિત કરાઈ છે.

૨. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૩૪) પ્રમાણે આ કૃતિનો ગ્રંથાગ્ર ૬૭૫ શ્લોકનો છે અને એ કૃતિ **હી**રાલાલના હંસરાજ તરફથી વિ. સં. ૧૯૬૮માં પ્રકાશિત થઈ છે. અન્યત્ર ગ્રંથાગ્ર ૭૫૦૦ શ્લોકનો દર્શાવાયો છે. [આ હર્ષપુષ્પામૃતગ્રંથમાળા જામનગરથી પણ પ્રસિદ્ધ થયેલ છે.]

૩. જુઓ 'જૈન પુસ્તક પ્રચારક સંસ્થા' તરફથી વિ. સં. ૨૦૦૫માં પ્રકાશિત **ઉપદેશરત્નાકરની** મારી ગુજરાતી ભૂમિકા (પૃ. ૬૨)

૪. વિશેષ માટે જુઓ ઉપર્યુક્ત ભૂમિકા (પૃ. ૫૯-૬૭)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) [૧]**અધ્યાત્મકલ્પદ્રુમ**
(૨-૩) [૨]**ઉપદેશરત્નાકર**[૩]
(૪) [૪]**કથાચતુષ્ટય** યાને **મિત્ર-ચતુષ્કકથા**[૫]
(૫) **જયાનન્દ-રાજર્ષિ-કેવલિ-ચરિત્ર** ઉવએસ-રયણાયર) અને એનું સ્વોપજ્ઞ વિવરણ
(૬) [૬]**જિનસ્તોત્રકોશ** P. ૧૫૯
(૭) **ત્રિદશતરંગિણી**
(૮) [૭]**ત્રૈવિદ્યગોષ્ઠી** P. ૧૬૦
(૯) [૮]**પંચસુત્તની** [૯]અવચૂરિ
(૧૦) [૧૦]**સંતિકરથોત્ત**
(૧૧) [૧૧]**સ્તવ**
(૧૨-૨૧) [૧૨]**સ્તોત્રદશક**[૧૩]

૧. આ કૃતિ **ધનવિજયગણિકૃત અધિરોહિણી** નામની ટીકા તેમ જ રત્નચન્દ્રગણિકૃત **અધ્યાત્મકલ્પલતા** નામની વૃત્તિ સહિત ''દે. લા. જૈ. પુ.'' તરફથી ઈ.સ. ૧૯૪૦માં પ્રસિદ્ધ કરાઈ છે.

૨. આ સંપૂર્ણ કૃતિ ગુજરાતી અનુવાદ, પદ્યોની અકારાદિ ક્રમે સૂચી ઇત્યાદિ સહિત ''જૈ. પુ. પ્ર. સં.'' તરફથી સુરતથી વિ.સં. ૨૦૦૫માં છપાવાઈ છે જ્યારે અપરતટ સિવાયનું મૂળ સંસ્કૃત સ્વોપજ્ઞ વિવરણ સહિત 'દે. લા. જૈ. પુ.' તરફથી ઈ. સ. ૧૯૨૨માં છપાવાયું હતું. [ઉ. ૨. સટીકનું અપરતટ સાથે ગુજરાતી ભાષાંતર મુનિશ્રી કલ્પયશવિ.એ કર્યું છે તે ટુંકસમયમાં બેંગ્લોરથી પ્રગટ થશે.]

૩. આ નામની એક કૃતિ 'કાષ્ઠા' સંઘના દિ. ભટ્ટારક **વિશ્વસેનના** શિષ્ય **વિદ્યાભૂષણે** ૪૩૭૫ પદ્યોમાં સંસ્કૃતમાં રચી છે.

૪. આ કૃતિ ''જૈ. આ. સ.'' તરફથી પ્રકાશિત કરાઈ છે. વિશેષમાં આ સભા તરફથી આનો ગુજરાતી અનુવાદ વિ. સં. ૧૯૭૯માં પ્રકાશિત કરાયો છે.

૫. આ નામની એક કૃતિ **સંયમરત્નસૂરિએ** ૧૬૩૧ શ્લોક જેવડી રચી છે.

૬. આનો પ્રથમ પ્રસ્તાવ પૂરતો ભાગ **જૈન-સ્તોત્ર-સંગ્રહ** (ભા. ૨, પૃ. ૪૩-૧૨૭)માં ''ય. જૈ. ગ્રં.''માં ઈ.સ. ૧૯૦૬માં છપાવાયો છે. [જિનશાશન આ. ટ્રસ્ટે આનું પુનર્મુદ્રણ કર્યું છે.]

૭. આ દેવકરણ મૂલજીએ મુંબઈથી વિ. સં. ૧૯૬૬માં પ્રકાશિત કરી છે. આ કૃતિનો થોડોક પરિચય મેં જૈ. સં. સા. ઈ. (ખંડ ૧, પૃ. ૩૦૧, ૩૦૪ અને ૩૦૫)માં તેમ જ એના મારા ઉપોદ્ઘાતમાં પૃ. ૨૬, ૪૮ ને ૪૯માં આપ્યો છે.

૮. આના પરિચય માટે જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૫૧-૧૫૨)

૯. આની નોંધ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૩૦)માં લેવાઈ છે. એ હિસાબે અવચૂરિની એક હાથપોથી છાણીના ભંડારમાં છે.

૧૦. આ પાઇય સ્તોત્રના પ્રરિચય માટે જુઓ **ઉપદેશરત્નાકરની** મારી ભૂમિકા (પૃ. ૮૬-૮૯)

૧૧. આ સ્તવ પાઇય ભાષામાં રચાયેલાં સ્તોત્રોની એક હાથપોથીમાં જોવાય છે. અપભ્રંશમાં **વીરત્થય** (વીરસ્તવ) છે. જુઓ ઉપર્યુક્ત ભૂમિકા (પૃ. ૮૯)

૧૨. આ પૈકી આઠ સ્તોત્ર સંસ્કૃતમાં છે અને બે જ. મ.માં છે. એના પરિચય માટે જુઓ ઉપર્યુક્ત ભૂમિકા (પૃ. ૮૯-૯૦).

૧૩. આ તેમ જ એની ઉપર નોંધેલો સ્તવ એ **જિનસ્તોત્રકોશ** કે **ત્રિદશતરંગિણીના** એક ભાગરૂપ તો નથી એવો પ્રશ્ન મને સ્ફુરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ પૈકી **જયાનન્દ-રાજર્ષિ-કેવલિ-ચરિત્ર** અત્ર પ્રસ્તુત છે. આમા જયાનન્દ કેવલીનો અધિકાર સંસ્કૃતમાં ૧૪ સર્ગમાં પદ્ય દ્વારા અપાયો છે અને એ દ્વારા શ્રાવકનાં વ્રત પાળવાનું ફળ વર્ણવાયું છે.

આ કૃતિનો ગ્રન્થાગ્ર ૭૫૦૦ શ્લોક જેવડો છે. આનું સંશોધન કર્તાના શિષ્ય **ચન્દ્રરત્નગણિ**એ કર્યું છે. એમણે આ ચરિત્રના અંતમાં બાર શ્લોકની પ્રશસ્તિ રચી છે. એમણે **મુનિસુન્દરસૂરિ**ને 'સૂરિચક્રશક્ર' કહ્યા છે. બાકી **શાન્તિસ્તવ** દ્વારા 'મારી' દૂર કરનાર તરીકે ઓળખાવતી વેળા એમને
P. ૧૬૧ **ભદ્રબાહુ** સાથે સરખાવ્યા છે અને 'મરુ' વગેરે દેશમાં અમારી પ્રવર્તનાર તરીકેનો ઉલ્લેખ કરતી વેળા 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**નું સ્મરણ કરાવનારા તરીકે નિર્દેશ્યા છે.

આ ચરિત્રના સ. ૧ના શ્લો. ૨૬ પછી **દસાસુયક્ખન્ધની** ચુણ્ણિમાંથી ઉપાસકની પ્રતિમાના અધિકારને લગતું અવતરણ અપાયું છે. અહીં જે ક્રિયાવાદી અને અક્રિયાવાદીની હકીકત છે તેને **આયાર, સૂયગડ** અને **ઉત્તરજ્ઝયણ**ની નિજ્જુત્તિમાં નિરૂપાયેલા ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી અને અજ્ઞાનવાદીના સ્વરૂપ સાથે નામસામ્યને લઈને ખોટી રીતે ભેળવી દેવાયું છે.[૧]

સ. ૮, શ્લો. ૧૧૦માં પાંચ ઔષધિઓનો નિર્દેશ છે અને એના સ્વરૂપનું વર્ણન શ્લો. ૧૧૧-૧૧૯માં છે પણ એનાં નામ નથી, જો કે માપ છે.

સત્યવિજયગણિના સન્તાનીય પદ્મવિજયે **જયાનન્દ.ચરિત્રરૂપ**[૨] કૃતિને સંસ્કૃતમાં[૩] ગદ્યરૂપે વિ. સં. ૧૮૫૮માં ગૂંથી છે. વિશેષમાં આ કૃતિની લોકપ્રિયતાને લઈને **વિ**જયાનન્દસૂરિના શિષ્ય કવિ **વા**નાએ વિ. સં. ૧૬૮૬માં ગુજરાતીમાં આ કૃતિ રાસરૂપે 'જયાનન્દચરિત્ર'ના નામથી રચી છે[૪] અને એમાં
P. ૧૬૨ મુનિસુન્દરસૂરિનો 'તપા' ગચ્છના એકાવનમા પટ્ટધર તરીકે ઉલ્લેખ કર્યો છે.[૫] ઉપર્યુક્ત પદ્મવિજયે પણ વિ.સં. ૧૮૫૮માં [૬]**જયાનન્દકેવલિ-રાસ** ગુજરાતીમાં રચ્યો છે. એમણે **જયાનન્દ.ચરિત્ર**નો "નાના રસસંયુક્ત બહુ-વૈરાગ્ય-પવિત્ર" તરીકે નિર્દેશ કર્યો છે. આમ **મુનિસુન્દરસૂરિ** પછી જયાનન્દ કેવલીનાં ચરિત્રો રચાયેલાં મળે છે પણ એમની પૂર્વે કોઈએ જયાનન્દનું કોઇ ચરિત્ર રચેલું જણાતું નથી. જો એ ન જ હોય તો એ જયાનન્દ એ શું કાલ્પનિક વ્યક્તિ હશે એવો પ્રશ્ન ઉદ્ભવે છે પરંતુ નરેશ્વર **શ્રી**પાલ માટે પણ વિ. સં. ૧૪૨૮ કરતાં ઘણી વહેલી રચાયેલી કોઈ કૃતિ ક્યાં મળે છે એ વિચારવું ઘટે.

[**સ્થંભનપાર્શ્વનાથકલ્પપ્રબંધ**– આની નકલ પ્રાકૃત ટેક્સ્ટ સો. માં છે.]



૧. જુઓ આગમોદ્ધારકકૃત **તાત્ત્વિક-પ્રશ્નોત્તર.**

૨. આ કૃતિ **હી**રાલાલ હંસરાજે જામનગરથી વિ. સં. ૧૯૬૮માં અને પં. **મ**ફતલાલ ઝવેરચંદ ગાંધીએ અમદાવાદથી વિ. સં. ૧૯૯૩માં પ્રસિદ્ધ કરી છે. આનો ગુજરાતી અનુવાદ "જૈ. ધ. પ્ર. સ." તરફથી વિ.સં. ૧૯૮૩માં છપાયો છે.

૩. આ ગદ્યાત્મક કૃતિ પં. **અ**મૃતલાલ અમરચંદ દ્વારા સંશોધિત કરાવી "એ. એમ. એન્ડ કંપની" તરફથી વિ. સં. ૧૯૭૭માં છપાવાઈ છે.

૪. જુઓ **આનન્દ-કાવ્ય-મહોદધિ** (મૌક્તિક ૩)માંના "ગ્રંથકારો" (પૃ. ૫-૭).

૫. અહીં **જયાનન્દ.ચરિત્ર**નો ગ્રંથાગ્ર ૮૦૦૦ શ્લોકનો કહ્યો છે.

૬. આ રાસ "નડિયાદનું જ્ઞાનખાતું" તરફથી વિ. સં. ૧૯૪૫માં છપાવાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકરણ ૨૩ : શ્રવ્ય કાવ્યો

(ઈ) બૃહત્ પદ્યાત્મક ગ્રન્થોઃ પ્રકીર્ણક ચરિત્રો, પ્રબન્ધો અને કથાઓ (ચાલુ)

[1]**જૈનકુમારસંભવ** (ઉ. વિ. સં. ૧૪૮૩)– આના કર્તા 'અંચલ' ગચ્છના **મહેન્દ્રપ્રભસૂરિ**ના શિષ્ય જયશેખરસૂરિ છે. એમણે સંસ્કૃત, પાઇય તેમ જ ગુજરાતીમાં વિવિધ કૃતિઓ રચી છે. એ પૈકી એમની સંસ્કૃત કૃતિઓ છેઃ–

અજિત-શાન્તિ-સ્તવ (શ્લો. ૧૭), [2]ઉપદેશ-ચિન્તામણિ (વિ.સં. ૧૪૩૬), ઉપ.ચિ.ની [3]સ્વોપજ્ઞ અવચૂરિ, ઉપ.ચિ.ની સ્વોપજ્ઞ વૃત્તિ (વિ. સં. ૧૪૩૬, ગ્રંથાગ્ર ૧૨૦૬૪), (ધર્મદાસગણિકૃત) ઉવએસમાલાની અવચૂરિ યાને એનો પર્યાય, હેમચન્દ્રસૂરિકૃત ઉવએસમાલા (પુપ્ફમાલા)ની અવચૂરિ, [4]**ક્રિ**યાગુપ્તસ્તોત્ર (શ્લો. ૫૦), [5]**ગિ**રનાર-દ્વાત્રિંશિકા, [6]**છ**ન્દઃશેખર, [7]**ધમ્મિલ-ચરિત્ર** (વિ. સં. ૧૪૬૨), [8]**ધર્મ-સર્વસ્વ**, [9]**ન**વતત્ત્વકુલક, [10]**પ્ર**બોધ-ચિન્તામણિ (વિ. સં. ૧૪૬૨), [11]**મ**હાવીરદ્વાત્રિંશિકા, [12]**શ**ત્રુંજય- P. ૧૬૪
દ્વાત્રિંશિકા અને [13]**સમ્બોધસપ્તતિકા**.

---

૧. [આર્ય જયકલ્યાણકેન્દ્ર મુબંઈથી પ્રસિદ્ધ 'મહાકવિ જયશેખરસૂરિ' ભા-૧-૨માં સા. મોક્ષગુણાશ્રીએ કવિના જીવન અને કૃતિઓ વિષે વિસ્તારથી લખ્યું છે.] આ કાવ્ય **ભી**મસી માણેકે હીરાલાલ હંસરાજે કરેલા ગુજરાતી ભાષાંતર સહિત ઈ.સ. ૧૯૦૦માં છપાવ્યું છે. [આર્યરક્ષિત પુસ્તકોદ્ધાર સંસ્થા જામનગરથી અને જૈન પુ. સંસ્થા સૂરતથી અને જિ.આ.ટ્ર.આર.સી.જૈનના હિંદી સાથે પ્રા.ભા.માં થી પણ પ્રસિદ્ધ.]

૨. આ કૃતિ સ્વોપજ્ઞ અવચૂરિ સહિત **હી**રાલાલ હંસરાજ તરફથી ઈ.સ. ૧૯૧૯માં પ્રસિદ્ધ કરાઈ છે. [આને ગુજ. અનુવાદ સોમચંદ ધારશીએ કર્યો છે.]

૩. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૪. આની હાથપોથી જેસલમેરના ભંડારમાં હોવાનો ઉલ્લેખ સાચો છે ?

૫. આ 'જૈ. આ. સ.' તરફથી **કુમારપાલચરિત્ર** (હિન્દી) તેમ જ **મહાવીર-દ્વાત્રિંશિકા** અને **શત્રુંજય-દ્વાત્રિંશિકા** સહિત છપાવાઈ છે.

૬. આ કૃતિ વિષે શંકા રહે છે. એની નોંધ મેં જૈ. સં. સા. ઇ. (ખંડ ૧, પૃ. ૧૫૨)માં લીધી છે.

૭. આ ચરિત્ર **વી**ઠલજી હીરાલાલ લાલને પોતાના ભાઈ **મન**સુખલાલે કરેલા ગુજરાતી ભાષાંતર સહિત ઈ.સ. ૧૯૩૦માં છપાવ્યું છે. [હીરાલાલ હંસરાજ દ્વારા જામનગરથી પ્રસિદ્ધ **જૈ. સા. બૃ. ઈ.** ભા.૬ પૃ. ૫૧૮]

૮. આમાં ૨૦૦ પદ્યો છે. આ કૃતિ **ભી**મસી માણેક તરફથી ઈ.સ. ૧૯૦૮માં છપાવાઈ છે.

૯. શું આ સંસ્કૃતમાં છે ?

૧૦. આ કૃતિમાં લગભગ ૨૦૦૦ પદ્યો છે. એ "જૈ. ધ. પ્ર. સ" તરફથી વિ. સં. ૧૯૬૫માં છપાવાઈ છે.

૧૧-૧૨. આ બંને ગિરનાર-દ્વાત્રિંશિકા સહિત "દ્વાત્રિંશિકાત્રયી"ના નામથી "આત્મવલ્લભગ્રંથ સિરીજ નં. ૫" તરીકે ઈ. સ. ૧૯૨૫માં છપાવાઈ છે.

૧૩. આ કૃતિ ગુજરાતી ભાષાંતર સાથે "જૈ. આ. સ." તરફથી ઈ. સ. ૧૯૨૨માં પ્રસિદ્ધ કરાઈ છે. આ કૃતિ ઉપર 'ખરતર' ગચ્છના ગુણવિનયે વિ. સં. ૧૬૫૧માં વૃત્તિ રચી છે. એ પણ સાથે સાથે છપાવાઈ છે. [જિ. આ. ટ્ર. ૩૨માં પ્રસિદ્ધ થયેલ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ઉપરાંત જયશેખરસૂરિએ નીચે મુજબની કૃતિઓ રચ્યાનું કેટલાક કહે છેઃ–

નલ-દમયન્તી-ચંપૂ, ન્યાયમંજરી અને **પજ્જોસવણાકપ્પ** ઉપર **સુખાવબોધ** નામનું વિવરણ.

પરિમાણ– પ્રસ્તુત કાવ્યમાં ૧૧ સર્ગ છે. એની પદ્યસંખ્યા અનુક્રમે નીચે મુજબ છેઃ–

૭૭, ૭૩, ૮૧, ૮૦, ૮૬, ૭૪, ૭૭, ૬૮, ૮૦, ૮૪ અને ૭૧.

આમ કુલ **પદ્યો** ૮૫૧ છે પણ ગ્રંથાગ્ર હજાર શ્લોક જેવડો જણાય છે.

વિષય– પ્રસ્તુત કાવ્ય કવિવર કાલિદાસકૃત **કુમારસંભવના** અનુકરણરૂપે રચાયું છે. જેમ **કુમારસંભવમાં** કાર્તિકેયના જન્મનું વર્ણન છે તેમ આમાં **ઋષભદેવના** પુત્ર **ભરત** ચક્રવર્તીના જન્મનું વર્ણન છે. પ્રાસંગિક વર્ણન તરીકે **ઋષભદેવનાં** જન્મ, શૈશવ, **સુનન્દા** અને **સુમંગલા**
P. ૧૬૫ સાથેનું એમનું પાણિગ્રહણ સુમંગલાને આવેલા ચૌદ સ્વપ્નો અને **ઋષભદેવે** એનું વર્ણવેલું ફળ એ બાબતો અપાઈ છે.

દસમા સર્ગના શ્લો. ૬૧-૬૬માં એક પછી એક શ્લોકમાં જૈન, સાંખ્ય, બૌદ્ધ, નૈયોયિક, મીમાંસક અને ચાર્વાક મત પ્રમાણેનું કથન રજૂ કરાયું છે. આમાં ઋતુઓ, પ્રાતઃકાલ વગેરેનાં પણ વર્ણન છે.

વિવૃતિ– આ કાવ્ય ઉપર કર્તાના શિષ્ય [1]**ધર્મશેખર**ગણિએ વિ. સ. ૧૪૮૩માં વિવૃતિ રચી છે અને એનું સંશોધન **માણિક્યસુન્દરે** કર્યું છે. સ.૧ના શ્લો. ૧-૨ની વિવૃતિમાં કહ્યું છે કે **સરસ્વતી** દેવીએ આ બંનેના આદ્ય ચરણ આપી ગ્રંથકારને કાવ્ય રચવા પ્રેર્યા છે.

અવચૂરિ– આ અજ્ઞાતકર્તૃક છે.

ભાષાન્તર– પ્રસ્તુત કાવ્યનું ગુજરાતીમાં **હીરા**લાલ વિ. હંસરાજે ભાષાન્તર કર્યું છે. અને એ પ્રકાશિત છે.[2]

[3]**મિત્રચતુષ્કકથા** યાને **કથાચતુષ્ટય** (લ. વિ. સં. ૧૪૮૪)–આના કર્તા 'સહસ્રાવધાની' **મુનસુન્દસૂરિ** છે. એમાં એકંદર ચાર કથાઓ છે અને એ ચારે 'જયશ્રી'થી અંકિત છે.

પરિમાણ– પહેલી કથામાં ૨૧૭, બીજીમાં ૪૨૬, ત્રીજીમાં ૧૩૭ અને ચોથીમાં ૫૦૫ પદ્યો છે. આમ કુલ્લે અહી ૧૨૮૫ પદ્યો છે. આ ચારે કથાનું એકંદર ગ્રન્થાગ્ર ૧૪૫૦ શ્લોક જેટલું છે.

---

૧. **ઉસભપંચાસિયા** ઉપર સંસ્કૃતમાં તેમ જ સાથે સાથે કટકે કટકે 'પ્રકૃત' (ગુજરાતી)માં અવચૂરિ રચનારનું પણ આ નામ છે. વળી સંપુટ નામના યમકથી અલંકૃત ૨૪ પદ્યો અને ઉપસંહાર ૨૫મું પદ્ય એમ ૨૫ પદ્યનો જે **ચતુર્વિંશતિજિનસ્તવ** કોઈકની અવચૂરિ સહિત **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૧૨૧-૧૩૮)માં છપાવાયો છે તેના કર્તાનું નામ પણ ધર્મશેખર છે. શું એ બંને કે એ બે માંથી ગમે તે એક પણ **જૈનકુમાર-સંભવની** વિવૃતિ રચનારા છે ખરા ?

૨. ભીમશી માણેકે ઈ. સ. ૧૯૦૦માં છપાવ્યું છે. જુઓ પૃ. ૧૧૩ ટિ. ૧

૩. આ કૃતિ તથા એનો ગુજરાતી અનુવાદ જૈ. આ. સ. માં પ્રકાશિત છે. [હર્ષપુષ્પામૃત ગ્રં. માં વિ. સં. ૨૦૪૧માં આ પ્રસિદ્ધ થયું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષય– પહેલી કથા ચન્દ્રવીર શુભાને અંગે છે. એમાં શ્રાવક- ધર્મનો પ્રભાવ વર્ણવાયો છે. બીજી કથા ધર્મધનની છે, એમાં દાનાદિના પુણ્યરૂપ ફળનું નિરૂપણ છે. ત્રીજી કથાનો નાયક સિદ્ધદત્ત P. ૧૬૬
કપિલ છે. એમાં શ્રાવકધર્મની આરાધના અને વિરાધનાનો વિચાર કરાયો છે. ચોથી કથા સુમુખ નૃપ વગેરેને ઉદ્દેશીને છે. એમાં ચાર નિયમના પાલનનો અધિકાર છે.

પહેલી કથાના અંતમાં એ 'દેવકુલપાટક'માં વિ. સં. ૧૪૮૪માં આશ્વિન માસમાં રચાયાનો ઉલ્લેખ છે. એવી રીતે ત્રીજી કથાના અંતમાં એ કથા 'દેવકુલપાટક'માં વિ. સં. ૧૪૮૪ના માગસર મહિનામાં રચાયાનો નિર્દેશ છે.

ઉપર્યુક્ત ચારે કથાઓનું સંશોધન **લક્ષ્મીભદ્ર** મુનિએ ગુરુભક્તિને લઈને કર્યું હતું એમ છેવટની કથાના પ્રસંગના ઉલ્લેખ ઉપરથી જણાય છે.

સમાનનામક કૃતિ–સંયમરત્નસૂરિએ ૧૬૩૧ શ્લોક જેવડી મિત્રચતુષ્કકથા રચી છે. શું એનો વિષય ઉપર મુજબનો જ છે ?

મિત્રકથા અને મિત્રત્રયકથા– આ નામની એકેક અજ્ઞાતકર્તૃક કૃતિ લીંબડીના ભંડારમાં છે. શું એનો વિષય **મુનિસુન્દરસૂરિકૃત** ઉપર્યુક્ત કૃતિને મળતો આવે છે ?

[1]**હમ્મીર-મહાકાવ્ય** યાને **હમ્મીર-મદ-મર્દન-કાવ્ય** (લ. વિ. સં. ૧૪૯૦)– આના કર્તા **નયચન્દ્રસૂરિ** છે. એઓ 'કૃષ્ણર્ષિ' ગચ્છના [2]**જયસિંહસૂરિ**ના શિષ્ય **પ્રસન્નચન્દ્ર**ના શિષ્ય થાય છે. એમણે P. ૧૬૭
[3]**રંભામંજરી** નામની નાટિકા રચીછે. એઓ 'તોમર (તંવર) વંશના રાજા **વીર**મના દરબારના લબ્ધપ્રતિષ્ઠ કવિ હતા. એમને **શા**રદા દેવી તરફથી વરદાન મળ્યું હતું. એના પ્રભાવે એઓ છ ભાષામાં કુશળ બન્યા હતા.

પરિમાણ– પરંજ્યોતિના કીર્તનથી શરૂ કરાયેલું આ પ્રસ્તુત ઐતિહાસિક મહાકાવ્ય 'વીર' અંકથી અંકિત છે અને એમાં ૧૪ સર્ગ છે. એમાં પદ્યની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છેઃ–

---

૧. આ મુંબઈથી ઈ. સ. ૧૮૭૯માં પ્રકાશિત કરાયું છે. એમાં ચોથા સર્ગનું ૧૪૩મું અને અંતિમનું ૨૯મું પદ્ય ખંડિત છે. આનું સંપાદન **નીલકંઠ** જનાર્દન કીર્તને કર્યું છે. એમાં ૪૭ પૃષ્ઠનું અંગ્રેજીમાં લખાણ છે. એમાં આ મહાકાવ્યનું ઐતિહાસકિ દૃષ્ટિએ મૂલ્યાંકન કરાયું છે. કોઈ કોઈ પદ્યનું અંગ્રેજીમાં ભાષાન્તર પણ કરાયું છે પ્રસ્તુત મહાકાવ્યના આધારે ચૌહાણ રાજાઓની **હમ્મીર**ના પૂર્વજોનાં નામો આપી **ટોડ** પ્રમાણેનું એનું સંતુલન કરાયું છે. **કૃ**ષ્ણમાચારિયરે H C S L(પૃ. ૨૦૬-૨૦૭)માં આ મહાકાવ્યનો પરિચય આપ્યો છે. "Indian Antiqary" (Vol. VIII pp. 55-73)માં પ્રસ્તુત મહાકાવ્યમાંથી ઉતારા અપાયા છે. [જિનવિજય સંપાદિત આ મહાકાવ્ય ''રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન'' જોધપુરથી ઈ.સ. ૧૯૬૮માં પ્રસિદ્ધ છે. આની ભૂમિકા ડો. દશરથશર્માએ લખી છે. વિશેષ માટે જુઓ 'તેરહવી ચૌદવી શતાબ્દી કે જૈન સંસ્કૃત મહાકાવ્ય' 'ડૉ. શ્યામશંકર દીક્ષિત' પૃ. ૧૬૬-૧૯૨]

૨. એમણે વિ. સં. ૧૪૪૦ની આસપાસમાં **કુમારપાલચરિત્ર** રચ્યું છે.

૩. આ નાટિકા **રા**મચન્દ્ર શાસ્ત્રી અને **ભ**ગવાનદાસ કેવલદાસ વ્યાસ દ્વારા મુંબઈથી ઈ. સ. ૧૮૮૯માં પ્રકાશિત કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૦૨, ૯૦, ૮૨, ૧૬૦, ૭૬, ૬૫, ૧૨૮, ૧૩૧, ૧૮૮, ૮૮, ૧૦૩, ૮૯, ૨૨૫ અને ૫૨ (૪૬+૬)

આમ એકંદર ૧૫૭૯ પદ્યો છે.

વિષય– પ્રથમ સર્ગમાં પાંચ દ્વ્યર્થક પદ્યો છે કે જે જૈન તીર્થંકરો અને અજૈન દેવો એમ બંને પક્ષમાં ઘટે છે. વિસ્તારથી કહું તો દ્વિતીય પદ્યમાં નાભિભૂ એટલે કે **બ્રહ્મા** અને **ઋષભદેવ**ની, તૃતીય પદ્યમાં **પુરુષોત્તમ** અર્થાત્ **વિષ્ણુ** અને **પાર્શ્વનાથ**ની, ચતુર્થ પદ્યમાં **શંકર** અને **મહાવીરસ્વામી**ની, પાંચમાં પદ્યમાં ભાસ્વત્ યાને સૂર્ય અને **શાન્તિનાથ**ની તેમ જ છઠ્ઠા પદ્યમાં સમુદ્રજન્મ અર્થાત્ ચન્દ્ર અને **નેમિનાથ**ની સ્તુતિ કરાઈ છે.

પહેલા બાર સર્ગમાં હમ્મીરના નિમ્નલિખિત પૂર્વજોનું–પૂર્વવર્તી નૃપતિઓનું વર્ણન છેઃ–

P. ૧૬૮

૧. ચાહમાન	૧૦. વપ્પરાજ	૧૯. દુર્લભરાજ	૨૮. ગંગપાલ
૨. વાસુદેવ	૧૧. હરિરાજ	૨૦. દુશલ્લ	૨૯. સોમેશ્વર
૩. નરદેવ	૧૨. સિંહરાજ	૨૧. વિશ્વલ	૩૦. પૃથ્વીરાજ બીજો
૪. ચન્દ્રરાજ	૧૩. ભીમ	૨૨. પૃથ્વીરાજ પહેલો	૩૧. હરિરાજ
૫. જયપાલ	૧૪. વિગ્રહરાજ	૨૩. અલ્હણ	૩૨. ગોવિન્દ
૬. જયરાજ	૧૫. ગંગદેવ	૨૪. અનલ	૩૩. બાલ્હણ
૭. સામન્તસિંહ	૧૬. વલ્લભરાજ	૨૫. જગદેવ	૩૪. પ્રહ્લાદ
૮. ગુયક	૧૭. રામ	૨૬. વિસલ	૩૫. વીરનારાયણ
૯. નન્દન	૧૮. ચામુંડરાજ	૨૭. જયપાલ	૩૬. વાગ્ભટ
			૩૭. જૈત્રસિંહ

સર્ગ ૩માં **પૃથ્વીરાજ**ના યુદ્ધનું, સ. ૫-૭માં વસન્તાદિ ઋતુઓ અને જલક્રીડાનું[1] તથા સ. ૮માં પ્રભાતનું વર્ણન છે. સ. ૯.માં **હમ્મીર**ના દિગ્-વિજયનો વૃત્તાન્ત છે. સ. ૧૦માં **ભોજદેવ** સાથેનો સંવાદ અને સ. ૧૧માં **અલાઉદ્દીન**નો પ્રકોપ અને **યવનવીર**નું વર્ણન એ બાબતો રજૂ કરાઈ છે. સ. ૧૩માં નર્તકીનું અને વર્ષાકાળનું વર્ણન, રતિપાલનો અધિકાર, **હમ્મીર**ને એની પુત્રી દેવલદેવીએ કરાવેલું માર્ગદર્શન તેમ જ **હમ્મીર**નું અવસાન એમ વિવિધ બીનાઓને સ્થાન અપાયું છે. સ. ૧૪ના ઉત્તરાર્ધમાં કર્તાએ પોતાની ગુરુપરંપરાનો અને આ કાવ્ય રચવાના પ્રયોજનનો નિર્દેશ કર્યો છે.

P. ૧૬૯ આ મહાકાવ્યનો નાયક [2]રણથંભોરનો **હમ્મીર** ચૌહાણ છે. એના પિતાનું નામ જૈત્રસિંહ છે. **અલ્લાઉદ્દીન** પોતે ગાદીએ આવ્યાને ત્રીજું વર્ષ થતાં એક અમીરનું અપમાન કર્યું. એ અમીર આ **હમ્મીર**ને શરણે ગયો. અને પાછો સોંપવા **અલ્લાઉદ્દીને હમ્મીર**ને કહ્યું પણ એણે ના પાડી. આથી **અલ્લાઉદ્દિને** એની સામે લડાઈ કરી. યુદ્ધમાં **હમ્મીર** મરાતાં એના કુટુંબની સ્ત્રીઓ એની પાછળ સતી થઈ.[3]

૧. પૃ. ૫૭ ઇત્યાદિમાં શૃંગારવર્ણન છે.

૨. આનો કિલ્લો ભારતના મજબૂત કિલ્લાઓમાંનો એક ગણાતો હતો.

૩. આ વીરતાભરી રાજસ્થાનની બિરુદાવલી **નીલકંઠ** જનાર્દન કીર્તન ઇ. સ. ૧૮૭૯માં છપાવી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૃથ્વીરાજનું વિસ્તૃત વર્ણન આ કાવ્યમાં છે. તેમ છતાં આમાં તેમ જ **રંભામંજરીમાં** પણ **પૃથ્વીરાજ** અને **જયચન્દ્ર** વચ્ચેની લડાઈ, જયચન્દ્રનો 'રાજસૂય' યજ્ઞ કે **સંયોગ**ના (**સંયુક્ત**)ના સ્વયંવરનો ઉલ્લેખ નથી. એથી આ સમય સુધી તો આ કથાઓ ઘડાઈ ન હતી અને એથી **પૃથ્વીરાજરાસામાં** પૃથ્વીરાજે 'કનોજ' જઈ **જયચન્દ્ર** સાથે ભીષણ યુદ્ધ કર્યાની જે વાત છે તે વાત માનવા યોગ્ય નથી એમ શ્રી **ગૌરી**શંકર ઓઝા જણાવે છે.[૧]

ટીકા– આ મહાકાવ્ય ઉપર કોઈની સંસ્કૃતમાં ટીકા છે.

[૨]**ધર્મ-કલ્પદ્રુમ** (લ. વિ. સં. ૧૫૦૦)– આ ૪૮૧૪ શ્લોક જેવડા ગ્રંથાગ્રવાળી પદ્યાત્મક કૃતિના કર્તા [૩]ઉદયધર્મ છે. એઓ ઉપાધ્યાય મુનિસાગરના શિષ્ય થાય છે. એમણે આ કૃતિ 'આગમ' P. ૧૭૦
ગચ્છના **આનન્દપ્રભસૂરિ**ના પટ્ટધર **આનન્દનસૂરિ**ના રાજ્યમાં રચી છે. આ [૪]આઠ પલ્લવમાં વિભક્ત છે. એમાં પદ્યોની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છેઃ–

૩૪૦, ૫૨૫, ૬૪૪, ૪૫૭, ૮૬૭, ૬૨૮, ૪૮૦ અને ૩૮૭.

આમ આમાં ૪૩૨૮ પદ્યો છે.

વિષય– આ સમગ્ર કૃતિ દાન, શીલ તપ અને ભાવ એ નામની ચાર શાખામાં વિભક્ત કરાઈ છે. પલ્લવ ૧-૩, ૪-૫, ૬ અને ૭-૮નો એ ચાર શાખા સાથે અનુક્રમે સંબંધ છે. પ્રારંભમાં ધર્મના માહાત્મ્યનું અને મિથ્યાત્વની અનુપાદેયતાનું નિરૂપણ છે. ત્યાર બાદ દાનાદિ ચતુર્વિધ ધર્મનું સ્વરૂપ કથાઓ દ્વારા સમજાવાયું છે. એમાં સ્વપરસમયનાં અનેક સુભાષિતો અવતરણરૂપે અપાયાં છે. એ પૈકી ઘણાંખરાં સંસ્કૃતમાં છે, કેટલાંક પાઈયમાં છે અને [૫]કોઈ કોઈ ગુજરાતીમાં છે.

સમાનનામક કૃતિઓ– 'પૂર્ણિમા' ગચ્છના **ધર્મદેવ ધર્મ-કલ્પદ્રુમ** નામની કૃતિ વિ. સં. ૧૬૬૭માં રચી છે. આ ઉપરાંત આ નામની કૃતિ વિ. સં. ૧૬૬૭માં રચી છે. આ ઉપરાંત આ નામની બે અજ્ઞાતકર્તૃક કૃતિઓ પણ છે.

---

૧. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૪૪૬).

૨. આ કૃતિ ''દે. લા. જૈ. પુ. સં'' તરફથી વિ. સં. ૧૯૭૩માં છપાવાઈ હતી પરંતુ એમાં પુષ્કળ અશુદ્ધિઓ જણાતાં ''જૈ. ધ. પ્ર. સ.'' તરફથી સંસ્કૃત વિષયાનુક્રમ સહિત એની બીજી આવૃત્તિ વિ. સં. ૧૯૮૪માં પ્રકાશિત કરાઈ છે. એના આધારે પદ્યોની સંખ્યા વગેરે મેં અહીં આપેલ છે. વિશેષ માટે જુઓ Z D M G ભા. ૬૫ પૃ. ૪૨૯

૩. વિ. સં. ૧૫૦૭માં **વાક્યપ્રકાશ** રચનારનું નામ પણ ઉદયધર્મ છે. એઓ 'તપા' ગચ્છના **રત્નસિંહસૂરિ**ના શિષ્ય થાય છે. **વાક્યપ્રકાશ** વગેરેને લગતી માહિતી મેં **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૫૦-૫૧)માં આપી છે.

૪. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૮૮)માં નવ પલ્લવનો ઉલ્લેખ છે પણ ''જૈ. ધ. પ્ર. સ.'' દ્વારા મુદ્રિત કૃતિમાં તો આઠ જ પલ્લવ છે. શું **જિ. ૨. કો.** નો ઉલ્લેખ ભ્રાંત છે ?

૫. જુઓ પત્ર ૨૭આ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]**કાવ્ય-મંડન** (ઉ. વિ. સં. ૧૫૦૪)– આના કર્તા જૈન ગૃહસ્થ મંત્રી [૨]**મંડ**ને જાતે આ કૃતિને
P. ૧૭૧ તેમ જ **ચંપૂ-મંડન** નામની અન્ય કૃતિને [૩]**સારસ્વત-મંડન**ના અનુજ તરીક ઓળખાવી છે એટલે એના પછીની આ રચના છે એમ ફલિત થાય છે. આ **કાવ્ય-મંડન**માં ૧૨ સર્ગમાં ૧૨૫૦ શ્લોકોમાં **કૌ**રવો અને **પાં**ડવોની કથા આલેખાઈ છે.

[૪]**પૃથ્વીધરચરિત્ર** (વિ. સં. [૫]૧૫૦૩)– આના કર્તા 'ખરતર' ગચ્છનાં **જિનરાજસૂરિ**ના શિષ્ય ઉપાધ્યાય **જયસાગર** છે. એમણે વિ. સં. ૧૪૭૮માં **પર્વરત્નાવલી** તેમ જ વિ. સં. ૧૪૮૪માં [૬]**વિજ્ઞપ્તિત્રિવેણી** એ બે કૃતિઓ સંસ્કૃતમાં રચી છે. વળી એમણે **શાન્તિજિનાલયપ્રશસ્તિ** તેમ જ **સન્દેહદોલાવલી** ઉપર વૃત્તિ સંસ્કૃતમાં રચી છે. એમણે **પૃથ્વીધર** યાને **પે**થડકુમારનું આ પ્રસ્તુત ચરિત્ર પોતાના શિષ્ય **સત્ય**રુચિની પ્રાર્થનાથી પાલણપુરમાં વિ. સં. ૧૫૦૩માં રચ્યું છે. એ ૧૧ વિભાગમાં વિભક્ત છે અને એનું પરિમાણ ૨૬૫૪ શ્લોક જેવડું છે. આ પૂર્વે **વી**રસંવત્ ૧૬૩૧માં અર્થાત્ વિ. સં. ૧૧૬૧માં 'બૃહદ્' ગચ્છના **સર્વ**દેવસૂરિના શિષ્ય **નેમિ**ચન્દ્રના શિષ્ય **શાન્તિ**સૂરિએ [૭]**પુહવીચન્દચરિય**
P. ૧૭૨ રચ્યું છે તો આ પ્રસ્તુત કૃતિ એને આધારે યોજાઈ છે કે કેમ તે જાણવું બાકી રહે છે.

[૮]**પૃથ્વીધરચરિત્ર** (વિ. સં. ૧૫૩૪)– આ **સત્ય**રાજગણિની વિ. સં. ૧૫૩૪ની રચના છે. એમાં ગદ્યાત્મક તેમ જ પદ્યાત્મક લખાણ છે.

પૃથ્વીધરચરિત્ર (ઉ. વિ. સં. ૧૫૫૬)– આ ૯૫૮ શ્લોક જેવડું ચરિત્ર 'અંચલ' ગચ્છના **મે**રુતુંગસૂરિના શિષ્ય **માણિ**ક્યસુન્દરે રચ્યું છે. એની વિ. સં. ૧૫૫૬માં લખાયેલી હાથપોથી મળે છે.

[૯]**પૃથ્વીધરચરિત્ર** (વિ. સં. ૧૫૫૮)– આ **ઉદય**સાગરના પટ્ટધર અને વિ. સં. ૧૫૫૭માં **શ્રીપાલકથા** રચનારા **લબ્ધિ**સાગરની કૃતિ છે.

---

૧. આ કૃતિ પાટણની "હેમચન્દ્રાચાર્ય સભા" તરફથી વિ. સં. ૧૯૭૬માં છપાવાઈ છે. એની હાથપોથી વિ. સં. ૧૫૦૪માં લખેલી મળે છે.

૨. એમને વિષે તેમ જ એમની આઠ કૃતિઓ વિષે મેં. **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૫૨-૫૩)માં નોંધ લીધી છે.

૩. આને અંગેની માહિતી મેં **જૈ. સં. સા. ઈ.** (ખંડ. ૧, પૃ. ૨૭૮)માં આપી છે.

૪. આની પ્રશસ્તિના શ્લો ૩-૮ **વિજ્ઞપ્તિત્રિવેણીની** પ્રસ્તાવના (પૃ. ૭૨-૭૩)માં અપાયા છે.

૫. આ સમયે ઉપાધ્યાય જયસાગર **જિન**ભદ્રસૂરિના પક્ષમાં હતા અને **જિન**વર્ધનસૂરિનો સમુદાય એમને પ્રતિપક્ષી ગણતો હતો. છતાં અહીં એમણે **જિન**વર્ધનસૂરિના ગુણ ગાયા છે અને એ રીતે પોતાના વિદ્યાગુરુ પ્રત્યેની કૃતજ્ઞતા દર્શાવી છે.

૬. આનું સંપાદન મુનિ **જિન**વિજયજીએ વિસ્તૃત અને મનનીય હિન્દી પ્રસ્તાવના સહિત કર્યું છે.

૭. આના ઉપર **કન**કચન્દ્રે વિ. સં. ૧૨૨૬માં ૧૧૦૦ શ્લોક જેવડું સંસ્કૃતમાં ટિપ્પન રચ્યું છે અને રત્નપ્રભસૂરિએ ૫૦૦ શ્લોક જેવડી **ચારિત્રસંકેત** નામની વૃત્તિ રચી છે.

૮. આ "ય. જૈ. ગ્રં." માં વિ. સં. ૧૯૭૬માં છપાવાયું છે.

૯. આ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૧૮માં પ્રકાશિત કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**સુકૃતસાગર** (લ. વિ. સં. ૧૫૧૦)– આ **સો**મસુન્દરસૂરિના શિષ્ય **ર**ત્નશેખરસૂરિનાં શિષ્ય **ન**ન્દિરત્નના શિષ્ય રત્નમંડનગણિની રચના છે. એમણે વિ. સં. ૧૫૧૭માં [2]**ભોજનપ્રબન્ધ** રચ્યો છે. [3]**ઉપદેશ-તરંગિણી** પણ એમની કૃતિ છે.[4] **સારસ્વતોલ્લાસકાવ્ય**– આ **ર**ત્નમંડનગણિની ૧૫૩ પદ્યોની કૃતિ છે. આ નામથી તો કોઈ કૃતિ **જિ.ર.કો.** માં નોંધાયેલી નથી. વળી આ **સુકૃતસાગરના** સંક્ષેપરૂપે એમણે પૃથ્વીધરપ્રબન્ધ રચ્યો હોય એમ લાગે છે.[5] P. ૧૭૩

આ **સુકૃતસાગર** આઠ સર્ગમાં વિભક્ત છે. એમાં ૧૩૭૨ પદ્યો છે. એ દ્વાર કવિએ **પે**થડકુમાર (પૃથ્વીધર)ના અને એના જેવા દાની અને ધર્મરાગી એના પુત્ર [6]**ઝાંઝ**ણનો જીવનવૃતાંત આલેખ્યો છે. આમ આ ઔતિહાસિક કાવ્ય છે.

[7]**સોમસૌભાગ્ય**[8]-(વિ.સં. ૧૫૨૪)–આ ઐતિહાસિક કાવ્ય **પ્ર**તિષ્ઠાસોમે વિ. સં. ૧૫૨૪માં રચ્યું છે. એઓ **સો**મસુન્દરસૂરિના શિષ્ય થાય છે.

પરિમાણ–અંતર્યમકથી અલંકૃત અને વસન્તતિલકા, અનુષ્ટુભ્, ઉપજાતિ, આર્યા ઇત્યાદિ વિવિધ છંદોમાં રચાયેલું આ કાવ્ય દસ સર્ગમાં વિભક્ત છે. એમાં અનુક્રમે ૬૩, ૭૨, ૫૯, ૬૩, ૬૧, ૫૯, ૯૪, ૯૨, ૧૦૦ અને ૭૪ એટલે કે કુલ્લે ૭૪૭ પદ્યો છે.

વિષય–આ કાવ્યમાં [9]**સો**મસુન્દરસૂરિનો જીવનવૃત્તાન્ત આલેખાયો છે. પ્રથમ સર્ગમાં એમની જન્મભૂમિનું વર્ણન છે. દ્વિતીય સર્ગ એમના જન્મમહોત્સવ વગેરે ઉપર પ્રકાશ પાડે છે. તૃતીય સર્ગમાં P. ૧૭૪ એમની પટ્ટપરંપરા અપાઈ છે. આ કાવ્યમાંથી આપણને અનેક ઐતિહાસિક વ્યક્તિઓ અને સ્થળો વિષે

૧. આ 'જૈ. આ. સ.' તરફથી વિ. સં. ૧૯૭૧માં પ્રસિદ્ધ કરાયો છે. [આ પ્રદ્યુમ્નસૂરિ સંપાદિત **સુકૃતસાગર** પ્રસિદ્ધ થયું છે. એમણે કરેલું ભાષાંતર પણ પ્રગટ થયું છે. આ પૂર્ણચન્દ્રસૂરિએ 'સુકૃતસાગર'નામે સરસ કથા લખી છે. તેની બે આવૃત્તિ પ્રગટ થઈ છે.]

૨. આ પ્રબન્ધ અમદાવાદથી ઈ. સં. ૧૯૨૨માં છપાવાયો છે.

૩. આ ૩૩૦૦ શ્લોક જેવડી કૃતિ ''ય. જૈ. ગ્ર.''માં **વી**રસંવત્ ૨૪૩૭માં પ્રસિદ્ધ કરાઈ છે. આની વિ. સં. ૧૫૧૯માં લખાયેલી એક હાથપોથી મળે છે

૪. એમણે અલંકારશાસ્ત્રને અંગે **મુગ્ધમેધાલંકાર** અને **જલ્પકલ્પલતા** એ બે કૃતિઓ સંસ્કૃતમાં તેમ જ **નેમિનાથનવરસફાગ** અને **નારીનિરાસફાગ** એ બેકૃતિઓ ગુજરાતીમાં રચી છે. નારીનિરાસફાગમાં આંતરયમકવાળા દૂહાની વચ્ચે સંસ્કૃત પદ્ય છે. આ ફાગ **પ્રાચીનફાગુસંગ્રહ** (પૃ. ૬૮-૭૫)માં છપાવાયો છે.

૫. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪૪૩).

૬. એમણે વિ. સં. ૧૩૪૦માં તીર્થયાત્રા શરૂ કરી હતી. એની માહિતી માટે જુઓ **જૈ સા. ઈ.** (પૃ. ૪૦૬-૪૦૭).

૭. આ કાવ્ય ગુજરાતી ભાષાન્તર સહિત 'જૈન જ્ઞાનપ્રસારક મંડળ' તરફથી મુંબઈથી ઈ. સન્. ૧૯૦૫માં પ્રકાશિત કરાયું છે. એનો વિસ્તૃત પરિચય મેં ''સોમસૌભાગ્યનું વિહંગાવલોકન'' નામના મારા લેખમાં આપ્યો છે. આ લેખ ''જૈ. સ. પ્ર.'' (વ. ૧૮. અં. ૧૧)માં છપાયો છે. [મુનિ રત્નજ્યોતવિ. કૃત ટીકા અને હિન્દી અનુવાદ સાથે **સોમસૌભાગ્ય**નું પ્રકાશન રંજનવિ. લાયબ્રેરી માલવાડાથી સં. ૨૦૫૬માં થયું છે.]

૮. આ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ આગ્રાના ભંડારમાં છે. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪૫૩).

૯. **સોમસુન્દર-સૌભાગ્યગુણવર્ણન** નામની કૃતિ કોઈકે રચી છે. એમાં **સો**મસુન્દરસૂરિના ગુણોનું વર્ણન હશે એમ એનું નામ જોતાં લાગે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માહિતી મળે છે. પ્રથમ પદ્ય શ્લેષાત્મક છે. એ **ઋષભદેવ** તેમજ **બ્રહ્મા** એ બંને પક્ષમાં ઘટે છે. ઉપાન્ત્ય પદ્યમાં કર્તાનાં નામ **પ્રતિષ્ઠાસોમ** અને રચનાવર્ષ વિષે ઉલ્લેખ છે. અન્ત્ય પદ્યમાં આ નવીન કાવ્ય **સુમતિસાધુ**એ શોધ્યાનો ઉલ્લેખ છે.

ભાષાન્તર—આ કાવ્યનું ગુજરાતી ભાષાન્તર થયેલું છે અને એ છપાવાયું છે.[૧] સ. ૨, શ્લો. ૬૪માં **સોમસુન્દરસૂરિએ** [૨]**કલાપાક** વ્યાકરણનો અભ્યાસ કર્યાનો ઉલ્લેખ છે. સ. ૩, શ્લો. ૨૮માં **દેવેન્દ્રસૂરિ**ની અને સ. ૧૦, શ્લો. ૪૫માં 'બુરંગક' નામના વાદ્યનો અને સ. ૮, શ્લો. ૩૧માં 'નફેરી' વાદ્યનો ઉલ્લેખ છે. સ. ૭. શ્લો. ૪૬માં **ગોવિન્દને અંબિકા** દેવી તરફથી વરદાન મળ્યાની વાત છે. સ. ૧૦, શ્લો. ૬માં કહ્યું છે કે **જયચન્દ્રસૂરિએ** [૩]**કાવ્યપ્રકાશ, સમ્મતિપ્રકરણ** ઇત્યાદિ ગ્રન્થો અનેક શિષ્યોને ભણાવ્યા હતા.

[૪]**સોમસૌભાગ્ય**—આ કૃતિ **લક્ષ્મીસાગરસૂરિ**ના શિષ્ય **સુમતિસાધુ**એ રચી છે અને એનો વિષય પણ ઉપર મુજબ છે. [એક અજ્ઞાતકર્તૃક ત્રીજા **સોમસૌભાગ્ય**નો ઉલ્લેખ જિ. ૨. કો.માં છે.]

[**સુમતિસમ્ભવ**— **સુમતિસાધુ**ના જીવન અને માંડવગઢના **જાવડ**ના ઐતિહાસિક પ્રસંગો યુક્ત આ કૃતિની એક માત્ર પ્રત એસિયાટિક સો. ઓફ બેંગાલ કલકત્તામાં છે. **જૈ. સા. બૃ. ઈ.** ભા, ૬ પૃ. ૨૬૧.]

P. ૧૭૫ [૫]**વિમલમન્ત્રિચરિત્ર** (લ. વિ. સં. ૧૫૮૦)—આ [૬]**લાવણ્યસમયે** વિ. સં. ૧૫૬૮માં ગજરાતીમાં રચેલા [૭]**વિમલપ્રબંધ** ઉપરથી એમણે (?) કે **લાવણ્યવિજયગણિએ** રચ્યું છે. **લાવણ્યસમય**નો જન્મ અમદાવાદમાં વિ. સં. ૧૫૨૧માં થયો હતો. એમણે પાટણમાં વિ. સં. ૧૫૨૯માં **લક્ષ્મીસાગરસૂરિ** પાસે દીક્ષા લીધી હતી. વિ. સં. ૧૫૩૭માં **સરસ્વતી** દેવીએ એમના ઉપર કૃપા કરવાથી એમને વાણી ઉદ્ભવી કે જેને લઈને એમણે છંદ, ચોપાઈ, રાસ, ગીત અને સંવાદ રચ્યા. વિ.સં. ૧૫૫૫માં એમને 'પંડિત' પદવી મળી હતી.

વિમલચરિત્ર (વિ.સં. ૧૫૭૮)— આના કર્તાનું નામ **ઈન્દ્રહંસગણિ** છે. **સૌભાગ્યનન્દિએ** આ વર્ષમાં **વિમલચરિત્ર** રચ્યું છે[૮].

સિદ્ધચક્રકથા, નન્દીશ્વરાષ્ટાહ્નિકકથા કિંવા **નન્દીશ્વરકથા** (ઉ.વિ.સં. ૧૬૦૮)—આના કર્તા **પાંડવપુરાણ** વગેરેના પ્રણેતા દિ. **શુભચન્દ્ર** છે. એમણે આ કથા દ્વારા સિદ્ધચક્રનો મહિમા વર્ણવ્યો છે.

૧. જ્ઞાનપ્રસારક મંડળ [રંજનલિ. લાયબ્રેરી દ્વારા].

૨. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૬૯-૨૭૩).

૩. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૧૩૯, ૧૬૫, ૧૬૭, ૧૬૮, ૧૭૫, ૧૮૬, અને ૨૮૬-૨૮૮.)

૪. આને કેટલાક **સૌભાગ્યકાવ્ય** કહે છે.

૫. આ ચરિત્ર હીરાલાલ હંસરાજ તરફથી છપાવાયું છે. પણ મારા જોવામાં આવ્યું નથી.

૬. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૫૮)માં "લાવણ્યવિજય(સમય)ગણિ" એવો ઉલ્લેખ છે.

૭. આ પ્રબંધ **મણિલાલ** બકોરભાઇ વ્યાસે સંપાદિત કરી વિ. સં. ૧૯૭૦માં છપાવ્યો છે.

૮. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પ. ૩૬૦).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રસ્તુત [1]**શુભચન્દ્રે**, **પ્રભાચન્દ્રે** તેમજ **આશાધરે** પણ **સિદ્ધચક્રપૂજા** રચી છે. કોઇકે **સિદ્ધચક્ર-પૂજાજયમાલા** રચી છે.

સમીરણસુતચરિત્ર કિંવા **શૈલરાજચરિત્ર** (લ. વિ. સ. ૧૫૭૫)–દિ. બ્રહ્મ **અજિતે** પોતાની આ [2]કૃતિને **સમીરણસુતચરિત્ર** તેમજ **શૈલરાજચરિત્ર** તરીકે પ્રશસ્તિમાં ઓલખાવી છે. એમણે **વિદ્યાનન્દ**ની આજ્ઞાથી આ કૃતિ ભરૂચમાં **નેમિનાથ**ના મંદિરમાં ૧૧ સર્ગમાં ૨૦૦૦ શ્લોક જેવડી રચી છે. એઓ દિ. **દેવેન્દ્રકીર્તિ**ના શિષ્ય થાય છે. એમના પિતાનું નામ **વીરસિંહ**, એમની માતાનું નામ **વીધા** અને એમના ગોત્રનું નામ **ગોલશૃંગાર** છે. એમની આ કૃતિ **વિક્રમ**ની સોળમી સદીમાં રચાઈ છે એમ **પં. જુગલકિશોર**નું માનવું છે.[3] આ કૃતિનાં પ્રારંભિક ૨૩ પદ્યો, મધ્યભાગમાંથી ૫ તેમજ પ્રશસ્તિમાં ૭ એમ કુલ્લે ૩૫ પદ્યો ''જૈ. સિ. ભા.'' (ભા. ૨, કિ. ૧)માં છપાયાં છે. આ કાવ્યમાં **અંજના** અને **પવનંજય**ના પુત્ર ચરમશરીરી **હનુમાન**નું ચરિત્ર આલેખાયું છે. આ પૂર્વે હેમ **ત્રિષષ્ટિ.**માં પણ એનો વિસ્તારથી વિચાર કરાયો છે. P. ૧૭૬

હનૂમચ્ચરિત્ર– આ નામની ચાર દિ. કૃતિઓ છે. એ પૈકી એક તો આપણે ઉપર જોઈ ગયા. બાકીની ત્રણના કર્તાનાં નામ નીચે મુજબ છે :-

બ્રહ્મ [4]**જિનદાસ**, (૨) બ્રહ્મ **દયાલ** અને (૩) **રવિષેણ**.

[5]**હીરસૌભાગ્ય**[6] (લ. વિ. સં. [7]૧૫૪૦-૧૬૫૬)–આ મહાકાવ્યના પ્રણેતા **દેવવિમલગણિ** છે.[1] P. ૧૭૭

---

૧. એમણે રચેલી **સિદ્ધચક્રપૂજા**ની વિ. સં. ૧૫૫૪માં લખાયેલી હાથપોથી મળે છે.

૨. આને **અંજના-ચરિત્ર** પણ કહે છે.

૩. જુઓ ''જૈ. સિ. ભા.'' (ભા. ૨, કિ.૧, પૃ.૮).

૪. જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૪)માં બ્રહ્મ **જિનને** નામે **અંજના ચરિત્ર** નોંધી **હનૂમચ્ચરિત્ર** જોવાનો ઉલ્લેખ કરાયો છે પરંતુ હનૂમચ્ચરિત્રમાં તો આ નામ નથી. શું **જિન**થી **જિનદાસ** અભિપ્રેત છે ? [આ કૃતિ ગુજરાતીમાં છે. જૈ. સા. બૃ. ઈ. ભા. ૬/ પૃ. ૧૩૯]

૫. આ મહાકાવ્ય સ્વોપજ્ઞ વૃત્તિ સહિત ''નિર્ણયસાગર મુદ્રણાલય'' તરફથી ઇ. સ. ૧૯૦૦માં પ્રકાશિત કરાયું છે. એમાં કેટલોક સ્થળે પાઠો ત્રુટિત છે અને આગમોનાં નામ વગેરેને અંગે અશુદ્ધિઓ છે. એથી આ ફરી પ્રસિદ્ધ થવું ઘટે. [આનું પુનર્મુદ્રણ આ. ૐકારસૂરિ મ.ની પ્રેરણાથી કાલીન્દ્રી જૈનસંઘે કર્યું છે. આમાં ત્રુટિતશ્લોકોની પૂર્તિ અને શુદ્ધિપત્રક અપાયા છે. G.V.Tagare ની પ્રસ્તાવના પણ અપાઈ છે. પ્રાપ્તિસ્થાન ૐકારસૂરિ આ.ભવન સૂરત. સા. શ્રી સુલોચનાશ્રીના ગુજ. અનુવાદ સાથે ૩ભાગમાં પ્રગટ થયું છે.]

૬. આનો પરિચય મેં ''હીરસૌભાગ્યનું રેખાદર્શન'' એ નામના મારા લેખમાં આપ્યો છે. એ લેખ ''જૈ. સ. પ્ર.'' (વિ. ૧૭, અં. ૭ને ૮-૯)માં બે કટકે છપાયો છે.

૭. **પટ્ટાવલી-સમુચ્ચય** (ભા. ૧, પૃ. ૧૩૭ ટિ.)માં મહાકાવ્ય વિ. સં. ૧૬૩૯માં શરૂ કરી વિ. સ. ૧૬૭૧માં રચ્યાનો ઉલ્લેખ છે અને એના આધાર તરીકે હીરસૌભાગ્યની પ્રશસ્તિનો ઉલ્લેખ કર્યો છે પણ પ્રશસ્તિમાં આવો નિર્દેશ ક્યાં છે ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એઓ [૨]જગર્ષિના શિષ્ય [૩]સિંહવિમલગણિના શિષ્ય થાય છે. આ મહાકાવ્યના પ્રત્યેક સર્ગના અંતના પદ્યમાં પોતાના પિતાનું નામ **શિ**વાસાધુ અર્થાત્ **શિ**વાસાહ અને માતાનું નામ **સૌ**ભાગ્યદેવી હોવાનું જણાવ્યું છે.

નામ–સોમસૌભાગ્ય જેવા નામ ઉપરથી દેવવિમલગણિએ પોતાની આ કૃતિનું નામ યોજ્યું હશે એમ લાગે છે. વિશેષમાં 'સૌભાગ્ય' શબ્દ યોજવામાં એમની અભિલાષા એમની માતાના નામને અમર કરવાની હશે.

P. ૧૭૮ **વિભાગ**– આ **હીરસૌભાગ્ય** કાવ્યને સત્તર વિભાગોમાં વિભક્ત કરાયું છે અને **રઘુવંશાદિની** પેઠે એ પ્રત્યેક વિભાગને 'સર્ગ' કહ્યો છે. સત્તર સર્ગોમાં અનુક્રમે નીચે પ્રમોણે પદ્યસંખ્યા છે. :–

૧૩૮, ૧૪૨, ૧૩૫, ૧૪૯, ૨૧૮, ૧૯૫, ૧૭૧, ૧૫૬, ૧૩૧, ૧૫૮, ૧૩૦, ૨૨૭, ૩૦૬, ૮૨, ૧૪૨ અને ૨૧૪.

આમ ૨૭૮૯ પદ્યવાળા આ કાવ્યમાં ઓછાવત્તાં પદ્યોવાળા સર્ગો છે. તેમાં ચૌદમો સર્ગ સૌથી મોટો છે અને પંદરમો સૌથી નાનો છે.

પાઠાન્તર– છઠ્ઠા સર્ગ નું ૨૬મું પદ્ય ૨૫માં પદ્યના પાઠાંતરરૂપે રજૂ કરાયું છે.

ભાષા– મૂળ તેમ જ સ્વોપજ્ઞ વૃત્તિ એ બંનેની ભાષા સંસ્કૃત છે. એમાં કટેલાક શબ્દોને સંસ્કૃતનો સ્વાંગ સજાવાયો છે તો કોઈ કોઈને સંસ્કૃત ભાષાના શબ્દ ગણી લીધા છે. જેમકે મોગલ માટે 'મુદ્દગલ', મોગલોમાં મહત્ત્વ જણાવનાર યવન જાતિના નામ તરીકે 'ગાજી' (સ. ૧૪, શ્લો. ૮૨), **મી**યાંખાન નામના શાહના સામંત માટે 'ખાનખાન' (સ. ૧૪, શ્લો. ૮૪), પાદશાહ માટે 'પાતિસાહિ' (સ. ૧૪, શ્લો. ૮૪ની વૃત્તિ), મહમ્મદ માટે 'મહમુન્દ' (સ. ૧, શ્લો. ૧૨૯), શેખ માટે 'શેષ' (સ. ૧૭, શ્લો. ૧૯૧), લ્યારી (એક જાતનું નાણું) એ માટે 'લ્યારી' અને 'લ્યારિકા' (સ. ૧૭, શ્લો. ૧૭૧ ને ૧૭૨ અનુક્રમે), કથીપો અર્થાત્ એક જાતના વસ્ત્ર માટે 'કથીપક' (સ. ૧૭, શ્લો. ૧૭૧), ફરમાન માટે 'સ્પુરન્માન' (સ. ૧૧, શ્લો. ૧૮), પયગંબર માટે 'પૈગંબર' (સ, ૧૩, શ્લો. ૧૩૭), કુર્-આન માટે 'કુરાન' (સ. ૧૩, શ્લો. ૧૪૩) અને ખુદા માટે 'ખુદા' (સ. ૧૩, શ્લો. ૧૩૮).

૧. જૈ. ગ્રં. (પૃ. ૩૩૩) પ્રમાણે હીરસૌભાગ્ય નામની એક કૃતિ પદ્મસાગર ગણિએ રચી છે. શું આ સાચી હકીકત છે ? એની હાથપોથી મળે છે ખરી ?

૨. એઓ **શ્રી**પતિના આઠ શિષ્યો પૈકી એક છે. એઓ છ વિકૃતિના ત્યાગી હતા અને **ગૌ**તમસ્વામીની પેઠે એઓ છઠ્ઠ છઠ્ઠ વડે પારણું કરતા હતાં. લુંપાકો વડે સૌરાષ્ટ્રના જે લોકોનું સમ્યક્ત્વરૂપ ધન લૂંટાયું હતું એ લોકોને એમણે પ્રતિબોધ પમાડ્યો હતો એમણે વાચક **પા**શચન્દ્રને વાદમાં પરાસ્ત કર્યા. તેથી એઓ વાચક **મા**લદેવ રાજાનું શરણું લઈ જોધપુરમાં ઘણો સમય રહ્યા હતા.

૩. એમણે સભા સમક્ષ જેમ વાદી દેવસૂરિએ દિ. **કુ**મુદચન્દ્રને પરાજિત કર્યા હતા તેમ **ગૌ**તમ નામના વાદીન્દ્રને હરાવ્યા હતા. એમણે **ના**રાયણ, દુર્ગ વગેરે રાજાઓને રંજિત કર્યા હતા. એમણે માંડલિક જેવા **ચ**ન્દ્રભાણ નામના કાયસ્થને પોતાનો ભક્ત શિષ્ય કર્યો હતો અને અજૈન સ્થાનસિંહને જૈન બનાવ્યો હતો. એમણે વૃષભ જિનના સમવસરણની રચના કરાવી હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છંદ– આ કાવ્યમાં જાતજાતના છન્દોનો ઉપયોગ કરાયો છે. દા. ત. પ્રથમ સર્ગ મુખ્યતયા ઉપજાતિ છન્દમાં અને છેલ્લાં ત્રણ પદ્યો શાર્દૂલવિક્રીડિતમાં બીજો સર્ગ પ્રાયઃ વંશસ્થમાં, એનું ૧૩૮મું P. ૧૭૯ પદ્ય મન્દાક્રાન્તામાં, ૧૪૦મું હરિણીમાં અને ૧૪૧મું તથા ૧૫૨મું શાર્દૂલ.માં ત્રીજો સર્ગ મોટે ભાગે વસન્ત્તિલકામાં છે અને એનું ૧૩૪મું પદ્ય શિખરિણીમાં છે.

શૈલી– શૈલી સુગમ અને રોચક છે. એમાં વધુ પડતા સમાસો નથી. રસપ્રવાહ એકસરખો વહે છે.

વિષય– આ કાવ્યનો મુખ્ય વિષય 'જગદ્‌ગુરુ' [1]**હીર**વિજયસૂરિની જીવનરેખા-એમનું ધર્મપ્રવર્તન આલેખવાનો છે. **પા**ર્શ્વનાથને, **વા**ગ્દેવીને અને પોતાના ગુરુને પ્રણામ કરી તેમ જ સંતોને પોતાને અનુકૂળ રહેવા વિનવી દેવવિમલગણિએ કાવ્યનો પ્રારંભ કર્યો છે. **હીર**વિજયસૂરિના સંસારી પક્ષે પિતા **કું**રા અને માતા **ના**થીનું વર્ણન અપાયું છે. સ. ૩, શ્લો. ૨૬-૨૮માં લગ્ન-સમયના ગ્રહો અને એ દિવસનો ઉલ્લેખ છે. વૃત્તિમાં વિ. સં. ૧૫૮૩નાં માસ, તિથિ ઇત્યાદિનો જન્મ આશ્રીને નિર્દેશ છે. **હીર**વિજયસૂરિની બાલક્રીડા અને એમનો વિદ્યાભ્યાસ, એમની દીક્ષા, દેવગિરિ (દોલતાબાદ)માં દ્વિજ પાસે પઠન, એમને અપાયેલી વાચક અને સૂરિની પદવી, એમણે કરેલું 'સૂરિ' મંત્રનું ધ્યાન, સમ્રાટ **અ**કબર સાથેનો એમનો પરિચય, એમના વિવિધ સ્થળોમાં વિહાર અને ચાતુર્માસો, **અ**કબર દ્વારા 'અમારિ'નું પ્રવર્તન, સૂરિની સંલેખના અને અંતિમ આરાધના, એમણે આદરેલું અનશન એમનું વિ. સં. ૧૬૫૨માં નિર્વાણ, એમને અંગે રચાયેલી માંડવી, એમના મૃત દેહનો ચંદનાદિ વડે અગ્નિસંસ્કાર અને સ્તૂપની રચના એમ મુખ્ય મુખ્ય બાબતો મનોહર પદ્યો દ્વારા નિરૂપાઈ છે.

આ પ્રમાણેના મુખ્ય વિષયની સાથે સાથે આનુષંગિક વિષયો તરીકે કેટલાંક નગરોનાં વર્ણન P. ૧૮૦ છે. ચોથા સર્ગમાં **મ**હાવીરસ્વામીથી માંડીને **વિ**જયદાનસૂરિ સુધીની પટ્ટપરંપરા વર્ણવાઈ છે. વિવિધ ઋતુઓ, [2]સૂર્યોદય, સૂર્યાસ્ત વગેરેનાં વર્ણનો છે. આઠમા સર્ગમાં શાસનદેવતાનાં સમસ્ત અંગોપાંગનું તાદૃશ વર્ણન કરાયું છે. **હુ**માયુ અને **અ**કબરનો પરિચય દસમા સર્ગમાં કરાવાયો છે. આબુ, શત્રુંજય વગેરે ગિરિરાજ વિષે વિસ્તારથી કથન કરાયું છે. ચૌદમા સર્ગમાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વોનું સ્વરૂપ નિરૂપાયું છે. વિશેષમાં એમાં છ વ્રતોની સમજણ અપાઈ છે. એક સ્થળે 'ઝવાડા'(ઝીંઝુવાડા)ના સૂર્યદેવની પ્રતિમાનો ઉલ્લેખ આવે છે. સાભ્રમતી (સાબરમતી) અને એના કાંઠાની ભૂમિના ડુંગરો, ડાંગરના ક્યારાઓ અને એમાં શોભતાં [3]પશુપક્ષીઓ-ગાયો, સારસો વગેરેનાં બહુ સુંદર વર્ણનો છે. 'ગુર્જર' દેશનું 'અહમદાવાદ' તે મુખ અને 'પાટણ' તથા 'ખંભાત' ('સ્તંભતીર્થ')તે કુંડલ એમ ઉપમા કલ્પી છે. 'રાજનગર' (અમદાવાદ)થી 'અણહિલપુર પાટણ' જતાં રસ્તાની 'કુંજભૂમિ' વિવિધ છન્દોનાં

---

૧. જૈ. ગ્રં (પૃ. ૩૩૩)માં **હીરવિલાસકાવ્યની** નોંધ છે. શું એ **હીર**વિજયસૂરિના જીવનવૃત્તાન્તને લગતી કૃતિ છે ? અમદાવાદના ભંડારમાં એની હાથપોથી હોવાનું કહેવાય છે તો એ ત્યાં હોય તો એની તપાસ થવી ઘટે.

૨. **શિશુપાલવધ** (સ. ૧૧)માં 'માલિની' છંદમાં પ્રભાતનું ભવ્ય વર્ણન છે.

૩. એના વર્ણન માટે જુઓ સ. ૧૪ના શ્લો. ૨૧૪-૨૪૩.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામ દ્વારા સ. ૧૨, શ્લો. ૨-૩માં વર્ણવાઈ છે.[૧] રસ્તાનાં વૃક્ષ ઉપર ઊડતાં પોપટનાં ટોળાંઓ પણ કવિના લક્ષ બહાર ગયા નથી.

P. ૧૮૧ પ્રાચીન તક્ષશિલા તે પેશાવરની પાસે આવેલી નગરી છે. એને દેવવિમલગણિએ 'મક્કા' કહી છે તે વાત યથાર્થ નથી.

આ **હીરસૌભાગ્ય** લગભગ ૩૫૦ વર્ષો જેટલું પ્રાચીન છે એટલે એ સમયની સામાજિક તેમ જ સાંસ્કૃતિક પરિસ્થિતિ જાણવા માટેનું એ એક મહત્ત્વનું સાધન થઈ પડે એવી એમાં સામગ્રી પિરસાઈ છે. ઐતિહાસિક અન્વેષણના રસિકોને અહીં વર્ણવાયેલાં નગરો, પર્વતો વગેરે વિચારવા જેવાં છે. ધાર્મિક દૃષ્ટિએ પણ આ કાવ્યનું મહત્ત્વ છે કેમકે એમાં વિવિધ વ્રતો, સાધુઓના આચાર-વિચાર, દેવાદિનું સ્વરૂપ વગેરેનું સંક્ષિપ્ત પરંતુ સચોટ નિરૂપણ છે. દેવવિમલગણિને મતે જે જે ગ્રન્થોનો અભ્યાસ આવશ્યક ગણાય તેનો અહીં નિર્દેશ છે. અલબત્ત એમણે તો **હીર**વિજયસૂરિએ શેનો શેનો અભ્યાસ કર્યો એ દૃષ્ટિએ આ બાબત સ. ૬, શ્લો. ૫૬, ૬૨ ને ૬૪ની સ્વોપજ્ઞ વૃત્તિમાં નીચે મુજબ નિર્દેશી છે:-

પ્રમાણશાસ્ત્ર– **ત**ર્કપરિભાષા, **મિ**તભાષિણી, **શ**શધર, **મ**ણિકંઠ, **વ**રદારજી, **પ્ર**શસ્ત-૫(પા)દભાષ્ય, વર્ધમાન, વર્ધમાનેન્દુ અને **કિ**રણાવલી[૨]

લક્ષણ યાને **શબ્દશાસ્ત્ર**–આઠ વ્યાકરણો નામે [૩]**ઐ**ન્દ્ર, [૪]**ચા**ન્દ્ર, **કા**શકૃત્સ્ન, [૫]**આ**પિશલ,
P. ૧૮૨ [૬]**શા**કટાયન, [૭]**પા**ણિનીય, **અ**મરચન્દ્રને [૮]**જૈ**નેન્દ્ર અથવા **બ્રા**હ્મ, ઈશાન, **ઐ**ન્દ્ર, **પ્ર**જાપત્ય, બૃહસ્પતિ,

૧. "કુત્રચિદ્ વાણિની સ્રગ્વિણી શાલિની
યત્ર લોકંપૃણા ક્વાપિ વાતોર્મિકા ।
હંસમાલા ક્વચિત્ ક્વાપિ કન્યા મૃગી
કુત્રચિન્માલતી પુષ્પિતાગ્રા પુનઃ ॥૨॥
ક્વાપિ શાર્દૂલવિક્રીડિતં દૃશ્યતે
ક્વાપિ દૃપ્યદ્ ભુજઙ્ગપ્રયાતં પુનઃ ।
સૂરિશીતદ્યુતેઃ સર્પતઃ પદ્ધતૌ
છન્દસાં જાતિવત્ કુઞ્જભૂમિઃ સ્મ ભૂત્ ॥૩॥"

૨. નૈયાયિક દ્વિજ પાસે **હીર**વર્ષે (હીરવિજયસૂરિએ) આ ગ્રંથોનો અભ્યાસ કરી એમને પારિતોષિક અપાવતાં એ દ્વિજે એમને શૈવશાસ્ત્ર નામે **ચિન્તામણિ** ગ્રંથ આપ્યો. શું આ ગંગેશે રચેલો નવ્ય ન્યાયને લગતો ગ્રંથ હશે ?

૩. આ નામનાં બે વ્યાકરણો છે તો એ પૈકી અહીં કયું સમજવું તે જાણવું બાકી રહે છે એટલે બંનેના પરિચય માટે જુઓ જૈ. સં. સા. ઈ. (ખંડ ૧,નાં અનુક્રમે પૃ. ૧૦-૧૧ અને પૃ. ૧૨-૧૪)

૪. એજન, પૃ. ૩૩, ૫૭, ૫૮ અને. ૨૭૦ ૫. એજન પૃ. ૨૬૮

૬. આ યાપનીય **શા**કટાયનની કૃતિ હોય તો એ માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૧૧, ૧૯, ૨૫, ૨૮, ૫૮, ૬૬, ૬૭ અને. ૩૧૪)

૭. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૬૭-૨૬૮ તેમ જ ઉપોદ્ઘાત (પૃ. ૪૬-૪૮, ૪૬-૪૮, ૫૦ અને ૫૧)

૮. આ જો દિ. **પૂ**જ્યપાદની કૃતિ હોય તો એના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૧૫, ૧૭-૧૮, ૨૧-૨૨, ૨૮, ૩૩, ૪૦, ૧૩૪ અને ૨૨૮).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્વાષ્ટ્ર, આપિશલ અને **પાણિનીય** અથવા **ઐન્દ્ર, પાણિનિ, જૈનેન્દ્ર, શાકટાયન,** [૧]**વામન, ચાન્દ્ર,** [૨]**સરસ્વતીકંઠાભરણ,** [૩]**બુદ્ધિસાગર,** [૪]**વિશ્રાન્તવિદ્યાભરણ,** [૫]**ભીમસેન, કલાપક,** [૬]**મુષ્ટિવ્યાકરણ,** [૭]**શૈવ,** [૮]**ગૌડ,** [૯]**નન્દિ,** [૧૦]**જયોત્પલ,** [૧૧]**સારસ્વત,** [૧૨]**સિદ્ધહેમ** અને **જયહૈમ.**[૧૩]

કાવ્યો– (રઘુવંશ), **કુમારસંભવ, મેઘદૂત,** [૧૪]ચંપૂ, **કાદંબરી, માઘ, પદ્માનન્દ** અને **નૈષધ.** P. ૧૮૩

ગણિત–[૧૫]**ત્રિશતી** અને [૧૬]**લીલાવતી**

૪૫ જિનાગમો– આનાં નામ સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૨૬૮)માં અપાયાં છે.

સ. ૧૪, શ્લો. ૪ની વૃત્તિમાં **અકબરશાહે હીરવિજયસૂરિને** ભેટ આપવા માટે મંગાવેલા પુસ્તકોનાં નામ છે. એમાં ૪૫ આગમો ઉપરાંત અનાગમિક યાને આગમેતર સાહિત્ય તરીકે અલંકાર વગેરેના નિમ્નલિખિત ગ્રંથોનો નિર્દેશ છેઃ–

૧. આથી **વિશ્રાન્તવિદ્યાધર** અભિપ્રેત હોય તો **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૩૩, ૩૬ અને ૨૬૮)માં **વામન** વિષે નોંધ છે તે જોવી.

૨. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, ઉપોદ્‌ઘાત પૃ. ૪૮).

૩. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૩૧-૩૩, ૪૦, ૪૧, ૪૧, ૬૨, ૧૧૧ અને ૧૪૩)

૪. આથી **વિશ્રાન્તવિદ્યાધર** અભિપ્રેત હોય તો **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૩, ૨૪ અને ૩૩)માં નોધ છે.

૫. આની નોંધ **ત્રૈવિદ્યગોષ્ઠી**માં છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, ઉપોદ્‌ઘાતનું પૃ. ૪૮)

૬. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૩૬-૩૯)

૭. **ત્રૈવિદ્યગોષ્ઠી**માં **શૈવ**નો ઉલ્લેખ છે, જુઓ **જૈ. સં સા. ઈ.** (ખંડ ૧ ઉપોદ્‌ઘાતનું પૃ. ૪૮)

૮-૧૦. આ ત્રણેનો ઉલ્લેખ **ત્રૈવિદ્યગોષ્ઠીમાં** છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, ઉપોદ્‌ઘાતનું પૃ. ૪૮)

૧૧. આનો પરિચય **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૮૭, ૧૨૦, ૨૫૬, ૨૭૩-૨૭૫ અને ૨૭૭-૨૭૯)માં અપાયો છે.

૧૨. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧ પૃ. ૨૪-૨૫, ૩૪, ૩૮-૪૦, ૪૭, ૫૪, ૫૮, ૬૦-૬૧, ૬૩-૭૩, ૭૫, ૭૭-૭૮, ૮૨-૮૪, ૮૬, ૮૮-૯૫, ૯૯-૧૦૨, ૧૬૦, ૧૬૨ અને ૩૦૧.

૧૩. **ત્રૈવિદ્યિગોષ્ઠીમાં** વીસ વ્યાકરણનો ઉલ્લેખ છે. એનાં નામ માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, ઉપોદ્‌ઘાતનું પૃ. ૪૮)

૧૪. આથી શું સમજવું તે જાણવું બાકી રહે છે.

૧૫. જુઓ જૈ. સં. સા. ઈ. (ખંડ ૨, પૃ.૧૯૬ અને ૨૯૧)

૧૬. જુઓ જૈ. સં. સા. ઈ (ખંડ ૧, પૃ. ૨૯૧ અને ૨૯૨)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૮૪ **અલંકાર**– [૧]**વાગ્ભટાલંકાર**, [૨]**કાવ્યાનુશાસન**, [૩]**છંદોડનુશાસન** અને [૪]**વૃત્તરત્નાકર**. ખરી રીતે છેલ્લા બે તો છંદના ગ્રંથ છે.

જ્યોતિઃશાસ્ત્ર,– [૫]**નારચન્દ્ર**, [૬]**આરંભસિદ્ધિ**, [૭]**વારાહી-સંહિતા**, [૮]**ખંડખાદ્ય** અને [૯]**કર્ણકુતૂહલ**.

કાવ્ય– **રઘુવંશ**, **મેઘદૂત**, **કુમારસંભવ**, **કિરાત**, **માઘ**, **નૈષધ**, ચંપૂ, કાદંબરી, **પદ્માનંદ** અને **યદુસુન્દર**.

નાટ્યશાસ્ત્ર– **પિંગલ** અને **ભરત**.

નાટક– **હનૂમત્**, **દૂતાંગદ** અને **રઘુભીમ**.

પ્રમાણશાસ્ત્ર– **તર્કપરિભાષા**, **સપ્તપદાર્થી**, **મિતભાષિણી**, પ્રમાણમંજૂષા, **શશધર**, **ચ(વ)રદરાજી**, **મણિકંઠ**, વર્ધમાન, **પ્રશસ્તપ(પા)દ**- **ભાષ્ય**, વર્ધમાનેન્દુ, **કિરણાવલી** અને [૧૦]**ચિન્તામણી**.

લક્ષણશાસ્ત્ર– ઇન્દ્ર, **ચન્દ્ર** વગેરે જે આઠ વ્યાકરણો ઉપર ગણાવાયા છે તેનાં નામ જણાવી અન્ય વિકલ્પ તરીકે નીચે મુજબ ૧૯ વ્યાકરણોનાં નામ અપાયાં છેઃ–

ઐન્દ્ર, પાણિની, **જિ**(? જૈ)નેન્દ્ર, **શાકટાયન**, **વાય**(?મ)ન, **ચાન્દ્ર**, **સરસ્વતીકંઠાભરણ**, **બુદ્ધિસાગર**, **વિશ્રાન્તવિદ્યાધર**, **ભીમસેન**, કલાપક, **મુષ્ટિ**-વ્યાકરણ, **શૈવ**, **ગૌડ**, નન્દિ, **જયોત્પલ**, **સારસ્વત**, **સિદ્ધહૈમ** અને જયહૈમ.

P. ૧૮૫ **રચનાસમય**– ધર્મસાગરગણિએ **ગુરુપરિવાડી** પદ્યમાં રચી છે અને એને સંસ્કૃત વૃત્તિથી વિભૂષિત કરી છે. આ વૃત્તિ વિ. સં. ૧૬૪૮માં શોધાઈ હતી. એમાં પૃ. ૭૩માં **હીરસૌભાગ્ય** કાવ્યનો

---

૧. આનો પરિચય મેં **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૧૫૫, ૧૫૭, ૧૭૫, અને ૧૯૯માં આપ્યો છે.)

૨. જો આ **વાગ્ભટ**ની કૃતિ જ હોય તો એનો પરિચય **જૈ. સં. સા. ઈ.** (ખંડ ,૧ પૃ. ૧૫૯, ૧૭૩ અને ૧૭૪)માં અપાયો છે પરંતુ જો આથી 'કલિ.' હેમચન્દ્રસૂરિની કૃતિ અભિપ્રેત હોય તો એનો પરિચય જૈ. સં. સા. ઈ. (ખંડ ૧, પૃ. ૩૪, ૧૪૪, ૧૫૯-૧૬૩, ૧૬૫-૧૬૮, ૧૮૫, ૧૮૬ અને ૩૧૪)માં અપાયો છે.

૩. આથી 'કલિ.' હેમચન્દ્રસૂરિની કૃતિ અભિપ્રેત હોય તો એનો પરિચય **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૧૩૪, ૧૩૬, ૧૩૮, ૧૪૧, ૧૪૪-૧૪૬, ૧૪૯-૧૫૦, ૧૬૨ અને ૧૬૩)માં અપાયો છે. પરંતુ જો આ **વાગ્ભટ**ની કૃતિ હોય તો એનો પરિચય જૈ. સં. સા. ઈ. (ખંડ ૧, પૃ. ૧૫૧)માં અપાયો છે.

૪. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ ૧૩૪, ૧૩૮, ૧૪૧, ૧૪૯, ૨૮૧ અને ૨૮૨)

૫. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૦૮ અને ૨૦૯).

૬. આનો પરિચય જૈ. સં. સા. ઈ. (ખંડ ૧, પૃ. ૯૯, ૨૦૬ અને ૨૦૭)માં અપાયો છે.

૭. આની નોંધ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૨૫)માં લેવાઈ છે.

૮. શું આથી **શ્રીહર્ષકૃત ખંડન-ખંડખાદ્ય** અભિપ્રેત છે ?

૯ આ નામ ભ્રાન્ત જણાય છે. જો ખરું નામ કરણકુતૂહલ હોય તો એની નોંધ મેં **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૯૩)માં લીધી છે.

૧૦. આથી ગંગેશની કૃતિ અભિપ્રેત હશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉલ્લેખ છે. એ જ આ પ્રસ્તુત કાવ્ય હોવું જોઈએ. એ હિસાબે આ મહાકાવ્યનો મોટો ભાગ એ પૂર્વે રચાયો હશે. કેટલાકને મતે એની શરૂઆત વિ. સં. ૧૬૩૯માં થઈ હતી. વિ. સં. ૧૬૫૬ સુધીની ઘટનાઓને આ કાવ્યમાં સ્થાન અપાયું હોય એમ લાગે છે. એથી આ એની ઉત્તર સીમા ગણાય.

[1]**હીરસુન્દર-કાવ્ય**– આના પ્રણેતા પણ દેવવિમલગણિ છે. એના પ્રથમ સર્ગની ટિપ્પણથી અલંકૃત હાથપોથી ઈડરના ભંડારમાં છે. આ સર્ગમાં ૧૨૧ પદ્યો છે. શરૂઆતનાં ત્રણ પદ્યો **હીરસૌભાગ્યના** પ્રારંભિક પદ્યોથી જુદાં પડે છે પરંતુ અંતિમ પદ્યમાં સામ્ય છે.

મુનિશ્રી દર્શનવિજયજીએ તો ''હીરસૌભાગ્ય મહાકાવ્યનો પૂર્વભવ'' નામના એમના [2]લેખમાં એવું વિધાન કર્યું છે કે સૌથી ''પ્રથમ **હીરસુંદરકાવ્ય** બનાવ્યું હતું અને પછી તેમાં ખૂબ જ પરાવર્તન કરી **હીરસૌભાગ્યનું** દેહઘડતર કર્યું છે''. જ્યાં સુધી મને **હીરસુંદરકાવ્યનો** પ્રથમ સર્ગ પણ પૂરેપૂરો જોવા નહિ મળે ત્યાં સુધી તો મને એક બીજો વિકલ્પ સૂઝે છે કે પ્રથમ મોટી કૃતિ રચી એ જ વિષયની આગળ ઉપર નાની કૃતિ રચાઈ છે એમ મનાય તો કેમ ?

સુખાવબોધા (લ. વિ. સં. ૧૬૭૧)–આ સ્વોપજ્ઞ વૃત્તિનું નામ છે. આ વૃત્તિમાં સમાસ અને છન્દ નિરૂપણ નથી. [3]અલંકાર વિષે ક્વચિત્ ઉલ્લેખ છે. મૂળ કૃતિનો અર્થ સમજાય એવી રીતે શબ્દાર્થ અને ભાવાર્થ રજૂ કરાયા છે. શબ્દોના અર્થ કરતી વેળા હૈમ કોશ વગેરેની સાક્ષી અપાઈ છે. આ તેમ P. ૧૮૬
જ ભાવાર્થ માટે **રઘુવંશ, નૈષધચરિત** વગેરેમાંથી અવતરણો અપાયાં છે. કોઈ કોઈ વાર વ્યાકરણવિષયક ચર્ચા પણ છે. **ક્રિયાકલાપનો** પણ ઉપયોગ કરાયો છે.

સ. ૧૪, શ્લો. ૭૩માંનો ચાચિલિ પ્રયોગ સિદ્ધ કરવા માટે **પ્રક્રિયાકૌમુદીનો** આશ્રય લેવાયો છે. કર્તાના સમયમાં પ્રચલિત કોઈ કોઈ ગુજરાતી શબ્દો પણ નજરે પડે છે. જેમકે ''[4]સૂરવાય' (સ. ૯, શ્લો. ૯૨), હિન્દુ (પૃ. ૬૧૮), કથીપો (પૃ. ૯૦૨), માંડવો (પૃ. ૯૦૨), ઘાંટ (પૃ. ૯૦૨), ગંગેરિઉ ('ખંજન' પક્ષી) (પૃ. ૨૬૮), અણાવ્યું (પૃ. ૬૭૫) ઇત્યાદિ. પૃ. ૬૮૧માં નીચે મુજબનું ગુજરાતીમાં અવતરણ છે :–

''જરા યૌનવસ્યું પ્રાણ ન હોઇ, જાતઇં પ્રાણઇં પ્રાણ ન હોઇ,
પ્રાણનાથસ્યું પ્રાણ ન હોઇ, કીર્તિ પ્રીતિસ્યું પ્રાણ ન હોઇ.''

સ. ૧૪, શ્લો. ૩૦૨ની વૃત્તિ (પૃ. ૭૪૭)માં **પદ્મસુન્દરકૃત** [5]**ભારતીસ્તવનો** ઉલ્લેખ છે.

આ **સુખાવબોધાની** પૂર્ણાહુતિ **વિજયદેવસૂરિના** રાજ્યમાં જૈ. સા. સં. ઈ. (પૃ. ૫૩૬) પ્રમાણે વિ. સં. ૧૬૭૧ કે ત્યાર બાદ કરાઈ છે.

[૧. આ. ''જૈન ગ્રંથ પ્ર. સ.'' ખંભાતથી છપાયું છે. સંપા. મુનિ રત્નકીર્તિવિજય.]
૨. જુઓ **''જૈ. સ. પ્ર.''** (વ. ૧૫, અં. ૧).
૩. સ. ૧૪, શ્લો. ૬૮માં અર્થાન્તરન્યાસ' અલંકારનું સૂચન છે.
૪. આનો અર્થ સમીરણ એટલે કે પવન છે.
૫. આમાંથી ''वारं वारं तारतरस्वरनिर्जितागङ्गातरङ्गाः'' એ પંક્તિ ઉદ્ધૃત કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]**હીરવિજયસૂરિનો રાસ**– આ રાસ કવિ **ઋષભદાસે** વિ. સં. ૧૬૮૫માં પ્રસ્તુત હીરસૌભાગ્યને સામે રાખી એમાં કેટલીક હકીકત ઉમેરી રચ્યો છે.

અનુવાદ– ગુજરાતનું ગૌરવશાળી વર્ણન કરનારા આ 'દેશાભિમાની' દેવવિમલગણિના
P. ૧૮૭ [૨]**હીરસૌભાગ્ય** કાવ્યનો ગુજરાતીમાં કે અન્ય કોઈ ભાષામાં અનુવાદ થયો હોય એમ જાણવામાં નથી. જો એમ જ હોય તો આ કાર્ય સત્વર થવું ઘટે. [સા. સુલોચનાશ્રીના અનુવાદ સાથે ૩ ભાગમાં પ્રસિદ્ધ થયો છે.]

રામચરિત (વિ. સં. ૧૬૫૨)– આના કર્તા **પાંડવચરિત્રના** પ્રણેતા દેવવિજયગણિ છે. એમણે હૈમ **ત્રિષષ્ટિ.ના** આધારે આ **રામ**ચરિત મોગલ સમ્રાટ્ **અકબર**ના રાજ્યમાં વિ. સં. ૧૬૫૨માં મરુસ્થલીના 'શ્રીમાલપુર' નગરમાં રચ્યું છે. એને **પદ્મચરિત** તેમ જ **જૈન રામાયણ** પણ કહે છે. એનું સંશોધન **પદ્મ**સાગરે કર્યું છે.

[૩]**વિજયપ્રશસ્તિ-કાવ્ય** (વિ. સં. ૧૬૮૧)– આના કર્તા [૪]**સૂક્તરત્નાવલી** વગેરેના પ્રણેતા [૫]**હેમ**વિજયગણિ છે. આ કાવ્યમાં ૨૧સર્ગ છે પરંતુ **હેમ**વિજયગણિએ તો પહેલા સોળ જ રચ્યા છે કેમકે બાકીના પાંચ સર્ગ તો આ સમગ્ર કાવ્ય ઉપર ટીકા રચનાર **ગુણ**વિજયની રચના છે. આમ આ દ્વિકર્તૃક રચના છે. એમાં ખાસ કરીને **વિજય**સેનસૂરિના અને પ્રસંગવશાત્ **હીર**વિજયસૂરિના તથા **વિજય**દેવસૂરિના જીવનવૃત્તાંતો આલેખાયા છે. બીજી પણ કેટલીક ઐતિહાસિક બાબતો નોંધાયેલી છે. એની રચના વિ. સં. ૧૬૮૧માં થઈ છે. કેટલાક એમ કહે છે કે આ મહાકાવ્ય **રઘુ**વંશની હરોળમાં ઊભું રહી શકે તેવું છે.

P. ૧૮૮ [૬]**વિજયદીપિકા**– આ ઉપર્યુક્ત કાવ્યની દસ હજાર શ્લોક જેવડી ટીકા છે. એ **કમલ**વિજયના શિષ્ય અને **હેમ**વિજયગણિના **ગુરુ**ભાઈ ગુણવિજયે રચી છે અને એનું સંશોધન વાચક **ચા**રિત્રવિજયે કર્યું છે. આ ટીકાનો પ્રારંભ ઈલાદુર્ગ (ઈડર)માં કરાયો હતો. ત્યારબાદ કેટલોક ભાગ યોધપુરદુર્ગ (જોધપુર) અને શ્રીમાલમાં રચાયો હતો અને પૂર્ણાહુતિ રોહિણી (શિરોહી)માં કરાઈ હતી.

---

૧. આ રાસ ''આનંદ કાવ્ય મહોદધિ'' (મૌક્તિક ૫)માં ઈ. સં. ૧૯૧૬માં છપાયો છે. [આનું પુનર્મુદ્રણ થયું છે.]

૨. આની મહત્ત્વપૂર્ણ નોંધ **આ**નંદશંકર બા. ધ્રુવે ગુજરાતનું સંસ્કૃત સાહિત્ય એ નામના નિબંધમાં લીધી છે. એ નિબંધ ઈ. સ. ૧૯૦૯માં રાજકોટમાં મળેલી ''ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ અને નિબંધ સંગ્રહ''માં છપાયો છે.

૩. ય.વિ.જૈ.ગ્રં.માં આ **વિજયદીપિકા** સહિત પ્રકાશિત છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૫૪). [આનું પુનર્મુદ્રણ જિન શા. આ. ટ્રસ્ટે કર્યું છે.]

૪. *આના પરિચય માટે જુઓ* ***જૈ. સા. સં. ઈ.*** *(ખંડ ૧ પૃ. ૨૫૩-૨૫૪).*

૫. એમની જીવનરેખા તેમજ એમની કૃતિઓ માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૫૪).

૬. આ ''ય.જૈ.ગ્રં.'' [અને ''જિનશાસન આ ટ્રસ્ટ''] દ્વારા છપાયેલી છે. જુઓ ઉપરની ટિ. ૩.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**વિજયદેવમાહાત્મ્ય** (વિ. સં. [2]૧૬૯૯ ?)– આના કર્તા 'ખરતર' ગચ્છના ઉપાધ્યાય [3]**શ્રીવલ્લભ** છે. એઓ **જિનરાજસૂરિ**ના સન્તાનીય વાચનાચાર્ય **જ્ઞાનવિમલગણિ**ના શિષ્ય થાય છે. એમણે સહસ્રદલકમલગર્ભિત [4]**અરનાથજિનસ્તવ** રચ્યો છે. વળી એમણે **શિલોંછ** ઉપર [5]ટીકા વિ. સં. ૧૬૫૪માં, હૈમ **લિંગાનુશાસનની** સ્વોપજ્ઞ વૃત્તિ ઉપર [6]**દુર્ગપદપ્રબોધ** નામની વૃત્તિ વિ. સં. ૧૬૬૧માં, હૈમ **નિઘણ્ટુશેષ** ઉપર [7]ટીકા વિ. સં. ૧૬૬૭ કરતાં પહેલાં તેમ જ **અભિ. ચિ.** ઉપર [8]**સારોદ્ધાર** નામની P. ૧૮૯
ટીકા વિ. સં. ૧૬૬૭માં રચી છે.

પ્રસ્તુત કાવ્ય ૧૯ સર્ગમાં રચાયું છે. આ દ્વારા 'તપા' ગચ્છના [9]'મહાતપા' **વિજયદેવસૂરિ**નો એટલે કે [10]'સવાઈહીરજી' **વિજયસેનસૂરિ**ના પટ્ટધરનો વિસ્તૃત જીવનવૃત્તાંત એમના જન્મથી માંડીને અપાયો છે અને પ્રસંગવશાત્ **વિજયસિંહસૂરિ**નું ચરિત્ર સંક્ષેપમાં આલેખી એ દ્વારા સત્તરમા સૈકાના જૈન શાસનનો ઇતિહાસ પૂરો પડાયો છે. **વિજયદેવસૂરિ**ના સમયમાં જૈન જગતમાં વિવિધ ઘટનાઓ બની છે અને અનેકવિધ ક્રાંતિઓ થઈ છે. આથી આ કાવ્ય ઐતિહાસિક દૃષ્ટિએ પણ મહત્ત્વનું છે. સ. ૯, શ્લો. ૧માં **વિજયદેવસૂરિ**ને ચૌદ પૂર્વના જાણકાર કહ્યા છે તે બાબત કેવી રીતે સંગત ગણાય ?

ગ્રંથકાર 'ખરતર' હોઈ એમણે 'તપા' ગચ્છના આચાર્યનું ચરિત્ર કેમ રચ્યું એવો પ્રશ્ન ગ્રંથકારે– **શ્રી**વલ્લભે પોતે ઉઠાવી એનો એ ઉત્તર આપ્યો છે કે આત્માર્થની સિદ્ધિ કોને ઇષ્ટ નથી ? એ સિદ્ધિ તો મહાત્માઓની સ્તુતિ કરવાથી જ થાય. લોકમાં પણ કહેવત છે કે ગંગા કોઈના બાપની નથી. આમ હોઈ આ સટિપ્પણ કૃતિ 'ખરતર' અને 'તપા' વચ્ચેના વૈમનસ્યને વધારવાને બદલે એ ઘટાડવામાં–બંને વચ્ચે સદ્‌ભાવ વધારવામાં કારણરૂપ બને તેમ છે.

---

૧. આ કાવ્ય ટિપ્પણ તેમ જ એક તપાગચ્છીય પટ્ટાવલીના અંશરૂપ પરિશિષ્ટ સહિત "જૈન સાહિત્ય સંશોધક સમિતિ" તરફથી ઈ. સ. ૧૯૨૮માં પ્રસિદ્ધ કરાયું છે. આ ટિપ્પણના કર્તાનું નામ અપાયું નથી પણ એ **મેઘવિજયગણિ** હશે એમ લાગે છે. વિ. સં. ૧૭૦૯માં લખાયેલી હાથપોથીનો આ સંપાદન માટે ઉપયોગ કરાયો છે.

૨. આ કાવ્ય **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૫૯૨)માં વિ. સં. ૧૬૯૯માં પૂરું થયાનો ઉલ્લેખ છે પરંતુ મુદ્રિત કૃતિમાં તો રચનાસમયનો નિર્દેશ નથી.

૩. પ્રસ્તુત કાવ્ય (સ. ૩, શ્લો. ૧૨૩, પૃ. ૧૯)માં 'શ્રીશ્રીવલ્લભ' એવો ઉલ્લેખ છે એટલે 'શ્રીવલ્લભ' નામ ફલિત થાય છે.

૪. આની સવૃત્તિક એક હાથપોથી ભાં. પ્રા. સં. મં.માં છે. એના વર્ણન માટે જુઓ D C G C M (Vol. XIX, sec. 1, pt. 1, pp. 11-13).

૫. જુઓ જૈ. સં. સા. ઈ. (ખંડ. ૧, પૃ. ૧૧૭).

૬. એજન, પૃ. ૯૫ ૭. એજન, પૃ. ૧૨૬ ૮. એજન પૃ. ૧૧૬.

૯. આ બિરુદ મોગલ બાદશાહ **જહાંગીરે** આપ્યું હતું.

૧૦. આ બિરુદ મોગલ સમ્રાટ **અકબરે** આપ્યું હતું. એણે આ **વિજયસેનસૂરિ**ના ગુરુ **હીરવિજયસૂરિ**ને 'જગદ્‌ગુરુ'નું બિરુદ આપ્યું હતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૧૯૦ **ટીકા**– **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૫૯૨) પ્રમાણે આ સ્વોપજ્ઞ ટીકા છે.[૧]

વિવરણ– આ કાવ્ય ઉપર **મેઘવિજયગણિએ** વિવરણ રચ્યું છે. અને એ દ્વારા કઠણ શબ્દોનો અર્થ પૂરો પાડ્યો છે.

આર્ષભીયચરિત (ઉ. વિ. સં. ૧૭૪૫)–આ ન્યાયાચાર્ય **યશો**વિજયગણિએ રચેલું મહાકાવ્ય છે. એ સંપૂર્ણ રચાયું હોય તો પણ અત્યારે તો ચોથા સર્ગના ૬૬મા પદ્ય સુધીનો જ ભાગ સત્તર પત્રની અને વિદ્વદ્વલ્લભ મુનિશ્રી **પુણ્ય**વિજયજીના મતે કર્તાએ જ લખેલી [૨]હાથપોથીમાં મળી આવ્યો છે. પ્રથમ સર્ગમાં ૧૩૫, દ્વિતીયમાં ૧૩૬, તૃતીયમાં ૧૨૧ અને ચતુર્થમાં ૬૬ પદ્યો છે. **ભરત**નો દૂત **બા**હુબલિની રાજધાની 'તક્ષશિલા'માં જાય છે અને લોકો એને પૂછે છે કે તું કોણ છે. એ ઉત્તર આપે છે કે હું ભરતનો દૂત છું. એ ઉપરથી ભરત તે કોણ એમ લોકો પૂછે છે એટલે એનું વર્ણન કરાયું છે. આ પ્રમાણેની વિષયની આલેખના જોતાં એમ લાગે છે કે જો મહાકાવ્ય પૂરેપૂરું રચાયું હશે તો તે આઠેક સર્ગનું અને લગભગ એક હજાર પદ્યનું થયું હશે.[૨] આ મહાકાવ્ય **ભ**રત ચક્રવર્તીનું જીવનચરિત્ર રજૂ કરે છે. [યશોભારતી પ્રકાશન મુંબઈ દ્વારા આનું પ્રકાશન થયું છે.]

P. ૧૯૧ [૩]**દિગ્વિજયમહાકાવ્ય** (લ. વિ. સં. ૧૭૫૦)– આનાકર્તા **ચન્દ્રપ્રભા** વગેરેના પ્રણેતા **મે**ઘવિજયગણિ છે.

પરિમાણ– આ કાવ્ય ૧૩ સર્ગમાં વિભક્ત છે. સર્ગદીઠ પદ્યોની સંખ્યા નીચે મુજબ છે:–

૮૧, ૫૬, ૬૨, ૭૫, ૫૭, ૧૪૨, ૧૫૧, ૧૫૧, ૧૩૪, ૧૧૩ અને ૧૦૨.

આમ આ મહાકાવ્યમાં ૧૨૭૪ પદ્યો છે.

વિષય– પ્રથમ સર્ગમા **સંગહણી** અનુસાર 'જંબૂ'દ્વીપનું વર્ણન કરાયું છે. એમાં રહેલ નદી, પર્વતો અને વનોનો ઉલ્લેખ કરાયો છે. સ. ૨માં આ રીતે **સંગહણી** મુજબ 'ભરત' ક્ષેત્રનું વર્ણન કરાયું છે. સ. ૩માં કથાનાયકના વંશના મૂળ પુરુષ શ્રમણ ભગવાન **મ**હાવીરસ્વામીના અતિશયોનું અને એમણે સમવસરણમાં આપેલા ઉપદેશનું દિગ્વિજયનું વર્ણન છે. સ. ૪માં **મ**હાવીરસ્વામીની પટ્ટપરંપરામાં થયેલા **વિ**જયપ્રભસૂરિ સુધીના પટ્ટધરોની હકીકત અપાઈ છે. સ. ૫માં કથાનાયકનો ઉત્તર દિશાનો, સર્ગ

---

૧. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૫૯૨)માં સવૃત્તિક **અરનાથસ્તુતિના** કર્તા પણ આ જ છે એમ કહ્યું છે.

૨. આના સંક્ષિપ્ત પરિચય માટે જુઓ યશોદોહન (પૃ. ૯૯)

૩. વિશેષ માહિતી માટે–આ મહાકાવ્યમાંથી ઉદ્ધૃત કરાયેલાં પદ્યાદિ મો જુઓ **યશોદોહન** (પૃ. ૯૯-૧૦૧)

૪. આ મહાકાવ્યનું સંપાદન પં. **અંબા**લાલ પ્રેમચંદ શાહે કર્યું છે. ગ્રંથકારે તેમ જ એમણે પણ સંસ્કૃતમાં કેટલાંક ટિપ્પણ રચ્યાં છે. આ બંનેના ટિપ્પણ સહિત આ કાવ્ય "સિં. જૈ. ગ્રં."માં ઈ. સ. ૧૯૪૫માં પ્રકાશિત કરાયું છે. પરિશિષ્ટરૂપે પ્રાચીન પટ્ટાવલીની ત્રણ પાઈય ગાથાને અંગે 'તપ' ગચ્છની પટ્ટાવલીનાં અનુસંધાન તરીકે પ્રસ્તુત **મે**ઘવિજયગણિએ સંસ્કૃતમાં રચેલી વૃત્તિ અપાઈ છે. અંતમાં એ ગણિએ એક ગાથા જ. મ.માં રચી છે તેને સ્થાન અપાયું છે. આ પરિશિષ્ટનો ભાવાનુવાદ સંપાદકે એમની ગુજરાતી પ્રસ્તાવના (પૃ. ૧૦-૧૨)માં આપ્યો છે. આ પ્રસ્તાવનામાં **મે**ઘવિજયના કૃતિકલાપની વિષયદીઠ આછી રૂપરેખા અલેખાઈ છે અને **દિગ્વિજયમહાકાવ્ય**નો સાર સંક્ષેપમાં રજૂ કરાયો છે. [પ્રાચ્ય સાહિત્ય પુ.પ્ર. શ્રેણિમાં છપાયું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬માં ઈશાનનો અને સ. ૭માં પશ્ચિમનો દિગ્વિજય વર્ણવાયો છે. આઠમા સર્ગમાં શિવપુરી (સિરોહી)ના 'શંખેશ્વર' **પાર્શ્વનાથ**ની વિસ્તૃત સ્તુતિ કરાઈ છે. સ. ૯માં **વિજયપ્રભસૂરિ**ના પ્રસ્થાનનું સ. ૧૦માં P. ૧૯૨
આગ્રાનું, સ. ૧૧માં યમુના, ગંગા, અને સરસ્વતી એ ત્રિવેણીનું તથા કાશી વગેરેનું, સ. ૧૨મા પટણાનાં જિનમંદિરોનું અને સ. ૧૩માં 'સમ્મેદ-'તીર્થ' ગિરિનું રોચક વર્ણન છે.'

મેઘવિજયગણિએ 'ઉદયશ્રી'થી અંકિત આ કાવ્ય દ્વારા **વિજયદેવસૂરિ**ના પટ્ટધર **વિજયપ્રભસૂરિ**નાં કર્તવ્યો, વિહારો, ચાતુર્માસો વગેરેનું સવિસ્તાર વર્ણન કર્યું છે. સાથે સાથે એમના પુરોગામી સૂરિઓની સંક્ષિપ્ત રૂપરેખા આલેખી છે. આ કાવ્ય 'તપા' ગચ્છની પટ્ટાવલી પૂરી પાડે છે.

શબ્દાલંકારો–સ. ૭માં નિમ્નલિખિત શબ્દાલંકારોથી વિભૂષિત પદ્યો રજૂ કરાયાં છેઃ-

એકાલાપક (૪૧), સમસ્ત એકાલાપક (૪૩), ક્રિયાગુપ્ત (૪૪, ૪૫, ૪૬, ૪૭), સ્પષ્ટાન્ધક (૪૮), સન્દાનોપમા (૪૯), ગૂઢચતુર્થ (૫૦), નિરૌષ્ઠ્ય (૫૧, ૫૨), બિન્દુમત્ (૫૩), બિન્દુચ્યુતક (૫૪, ૫૫, ૫૬, ૬૩, ૬૬) માત્રાચ્યુતક અને બિન્દુચ્યુતક (૫૭), માત્રાચ્યુતક (૫૮, ૫૯), વર્ણચ્યુતક (૬૧), યકારચ્યુતક (૬૨), શકારચ્યુતક (૬૪), લકારચ્યુતક (૬૫), રકારચ્યુતક (૬૭, ૬૮), વકારચ્યુતક અને રકારચ્યુતક (૬૯), મુક્તાહારવિભૂષિત બહિરેકાલાપક પ્રશ્નોત્તર (૭૦) તેમ જ ક્રિયાગુપ્ત, બિન્દુચ્યુતક, સર્વતોભદ્ર, વ્યસ્ત એકાલાપક તથા સમસ્ત એકાલાપક (૭૧),

રચના-સમય– આ કાવ્યમાં **વિજયપ્રભસૂરિ**નો જીવનવૃત્તાંત છે એટલે એ વિ.સં. ૧૭૧૦ પછીની રચના છે કેમકે **વીરવિજય** મુનિ વિ. સં. ૧૭૧૦માં વિજયપ્રભસૂરિ તરીકે પ્રસિદ્ધ પામ્યા.


[1]**ભવિષ્યદત્તચરિત્ર** (વિ. સં. ૧૭૩૨થી ૧૭૬૦નો ગાળો) આ વિ. સં. ૧૭૩૨થી વિ. સં. ૧૭૬૦ના ગાળામાં રચાયેલા બૃહત્કાવ્યના પ્રણેતા [2]**ચન્દ્રપ્રભા** ઇત્યાદિના કર્તા **મેઘવિજયગણિ** છે. P. ૧૯૩
આના પ્રારંભમાં ૐ ऐं ह्रीं श्री अर्हं नमः'' એમ છપાવાયું છે. આ બૃહત્કાવ્યમાં ૨૧ અધિકાર છે. આની પદ્યસંખ્યા અનુક્રમે નીચે મુજબ છેઃ–

૫૭, ૭૫, ૧૨૪, ૬૧, ૧૧૭, ૧૫૬, ૧૦૭, ૧૦૬, ૧૨૧, ૧૦૭, ૮૫, ૧૨૯, ૧૦૩, ૧૫૩, ૮૨, ૫૩, ૮૬, ૭૬, ૯૨, ૭૨ અને ૭૯.

આમ આમાં એકંદર ૨૦૪૧ પદ્યો છે.

આ કૃતિ દ્વારા શ્રુતપંચમીનું–કાર્તિક શુક્લ પંચમીનું માહાત્મ્ય વર્ણવાયું છે. એમાં ભવિષ્યદત્ત નામના રાજાનું ચરિત્ર આલેખાયું છે.

[**વીરસ્તવ**-ધનપાલ. **આદિદેવસ્તવ**-રામચન્દ્રસૂરિ. (જૈનસ્તોત્રસન્દોહ પૃ.૯૧)
જિનસ્તવન-ધર્મઘોષસૂરિ. (જૈનસ્તોત્રસંદોહ (ભા.૧ પૃ.૧૩) પૂર્વાર્ધ સંસ્કૃતમાં, ઉત્તરાર્ધ પ્રાકૃતમાં.]



૧. આના સંશોધક પં. મફતલાલ ઝવેરચંદ ગાંધીએ આ કાવ્ય ઈ. સ. ૧૯૩૬માં પ્રકાશિત કર્યું છે. એમાં ''પ્રાસ્તાવિકમ્''માં મેઘવિજયગણિની શિષ્ય પરંપરા દર્શાવાઈ છે તેમ જ આ ગણિની કૃતિઓનો નિર્દેશ કરાયો છે.

૨. આના પરિચય માટે જુઓ જૈ. સં. સા. ઈ. (ખંડ ૧, પૃ. ૮૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકરણ ૨૪ : શ્રવ્ય કાવ્યો (ચાલુ)

(દ્વ્યાશ્રય કાવ્યો, અનેકસન્ધાન કાવ્યો અને ચંપૂઓ)

આપણે આ દ્વિતીય ખંડનો પ્રારંભ ''બૃહત્ પદ્યાત્મક શ્રવ્ય કાવ્યો''થી કર્યો છે અને અત્યાર સુધીમાં એને અંગે પાંચ પ્રકરણો દ્વારા વિચાર કર્યો છે. એમાં પ્રાગ્-ઐતિહાસિક, પૌરાણિક અને ઐતિહાસિક નરવરાદિની ચરિત્રાત્મક કથારૂપ એક જ વિષયને લગતાં અને [1]મુખ્યતયા એક જ
P. ૧૯૪ અર્થનું બોધ કરાવનારાં પદ્યોની ગૂંથણીરૂપ બૃહત્ કાવ્યોને સ્થાન આપ્યું છે. પારિભાષિક શબ્દો યોજી એ શબ્દોમાં કહું તો 'એકાશ્રય' અને 'એકસંધાન' બૃહત્ પદ્યાત્મક શ્રવ્ય કાવ્યો પૂરતાં આ પાંચ પ્રકરણો છે. આથી બૃહત્ પદ્યાત્મક શ્રવ્ય કાવ્યો પૈકી દ્વ્યાશ્રય કાવ્યોની અને અનેકસંધાન કાવ્યોની રૂપરેખા આલેખવી બાકી રહે છે એટલે હવે એ દિશામાં પ્રયાણ કરાય છે. તેમ કરવા પૂર્વે બે વાત નોંધી લઈશું :—

(૧) જે દ્વ્યાશ્રય કાવ્યો ઉપલબ્ધ છે તે તો બૃહત્ જ છે જ્યારે અનેકસંધાન કાવ્યો પૈકી કેટલાંક લઘુ પણ છે. તેમ છતાં વિષયની અખંડતા જાળવવા માટે એનો સાથે સાથે વિચાર કરવાનો ઈરાદો રખાય છે.

(૨) બૃહત્ પદ્યાત્મક કાવ્યો પૂરતો વિભાગ પૂર્ણ થતાં બૃહત્ ગદ્યાત્મક કાવ્યો હાથ ધરવાં જોઈએ પરંતુ 'ચંપૂ' તરીકે ઓળખાવાતાં કાવ્યોનું લખાણ અમુક અંશે પદ્યાત્મક અને મોટે ભાગે તો ગદ્યાત્મક હોવાથી એને આ બંને પ્રકારના કાવ્યોને જોડનારી સાંકળરૂપ ગણી એને સ્થાન આપવું ઉચિત જણાય છે એટલે અહીં તેમ કરાયું છે.

P. ૧૯૫

(અ) દ્વ્યાશ્રય-કાવ્યો

પ્રતિજ્ઞા-ગાંગેય ( )—આ દ્વ્યાશ્રય કાવ્ય છે કેમકે એ **કાતન્ત્ર** વ્યાકરણના નિયમોનાં ઉદાહરણો જેમ એક બાજુથી પૂરાં પાડે છે તેમ બીજી બાજુથી **ગાંગેય**નું અર્થાત્ **ભીષ્મ**નું ચરિત્ર રજૂ કરે છે. આના પ્રણેતાનું નામ **મૂલ** છે. એ મૂલ તે કોણ એ જાણવું બાકી રહે છે. [2]એમની આ કૃતિની એક હાથપોથી પાટણના ભંડારમાં છે અને એની નોંધ પત્તન. સૂચી (ભા. ૧, પૃ. ૫૧)માં અને એ આધારે જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૨૬૦)માં છે.

---

૧. શ્લેષોથી વિભૂષિત પદ્યોની વાત ન્યારી છે. ભા. ૨માં છંદઃસૂચી અને વિશેષનામોની સૂચી છે.

૨. એઓ જૈન હશે અને 'કલિ.' **હેમચન્દ્રસૂરિ** પહેલાં થયા હશે એવી કલ્પના સ્ફુરે છે. એ ઉપરથી મેં એમની આ કૃતિને આદ્ય સ્થાન આપ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]**દ્વયાશ્રય-કાવ્ય** (લ. વિ. સં. ૧૨૦૦)—આના પ્રણેતા 'કલિ.' **હેમચન્દ્રસૂરિ** છે. **ભટ્ટિએ** પાણિનિકૃત અષ્ટા.ના સૂત્રોનાં ઉદાહરણો પૂરાં પાડવા માટે અને સાથે સાથે **રામચન્દ્રનું** ચરિત્ર રજૂ કરવા માટે '**ભટ્ટિ-કાવ્ય**' તરીકે ઓળખાવાતું દ્વયાશ્રય-કાવ્ય **ધરસેન** ચોથાના સમયમાં ઈ.સ. ૬૪૦થી ઈ.સ. ૬૪૯ના ગાળામાં વલભીપુરમાં રચ્યું છે.[૨] આ **ભટ્ટિનું** દ્વયાશ્રય-કાવ્ય એ ગુજરાતની-બલ્કે સમગ્ર P. ૧૯૬ ભારતવર્ષની સંસ્કૃત રચનાઓમાં પ્રથમ છે. એને જોઈને **હેમચન્દ્રસૂરિને** દ્વયાશ્રય-કાવ્ય રચવાનું મન થયું હશે. ગમે તેમ પણ એમની આ રચના ભટ્ટિ-કાવ્ય કરતાં પછીની પરંતુ ચડિયાતી છે કેમકે એમાં એક તો સિ. હે.નાં સૂત્રોનાં ઉદાહરણો ક્રમપૂર્વક અપાયાં છે જ્યારે ભટ્ટિ-કાવ્યમાં તેમ નથી, અને બીજું એમણે પૌરાણિક પાત્રને કાવ્યનો વિષય ન બનાવતાં ઐતિહાસિક અને તે પણ ગુજરાતના પનોતા પુત્રને છાજે એવું ધર્માંધતાથી સર્વથા રહિત અને વિદેશમાં પણ ગુજરાતની ગૌરવગાથા ગવાય એવું [૩]દ્વયાશ્રય-કાવ્ય રચ્યું છે. આમાં જેમ સિ. હે.નાં સૂત્રોનાં ઉદાહરણો અપાયાં છે તેમ 'ચૌલુક્ય' વંશનું [૪]કીર્તન[૫] પણ છે. આમ આ કાવ્ય બે [૬]બાબતોના આશ્રયરૂપ હોવાથી એને 'દ્વયાશ્રય' કહે છે.[૭] અભયતિલકગણિ વગેરેના મતે વ્યાકરણ અને મહાકાવ્ય એ બંનેના લક્ષણોનો અહીં સુયોગ સધાયો છે. એથી આ કાવ્ય 'દ્વયાશ્રય' કહેવાયો છે.

જેમ આ દ્વારા **સિ. હે.**ના આદ્ય સાત અધ્યાયોને લગતાં ઉદાહરણો ઉપસ્થિત કરાયાં છે તેમ **કુમારવાલચરિય** તરીકે ઓળખાવાતા અને જ.મ.માં રચાયેલા અન્ય દ્વયાશ્રય-મહાકાવ્યમાં આઠમા અધ્યાયનાં સૂત્રોનાં ઉદાહરણોને અને કુમારપાલના જીવનવૃત્તાંતને-એમના રાજ્યકાર- P. ૧૯૭ ભારને સ્થાન અપાયું છે. આ બંને કાવ્યનો તલસ્પર્શી અભ્યાસ કરાય તો ગુજરાતના અને

---

૧. આ મહાકાવ્ય **અભયતિલકગણિકૃત** ટીકા સહિત ''બૉમ્બે સંસ્કૃત ઍન્ડ પ્રાકૃત સિરીઝ''માં ઈ.સ. ૧૯૧૫ અને ઈ.સ. ૧૯૨૧માં એમ બે કટકે દસ દસ સર્ગ પૂરતું બે ભાગમાં પ્રકાશિત કરાયું છે. બીજા ભાગમાં **પાણિનિકૃત અષ્ટા.**થી **સિ.** હે.ની ભિન્નતાઓની નોંધ છે અને વીસે સર્ગનો સંસ્કૃતમાં સંક્ષિપ્ત વિષયાનુક્રમ અપાયો છે. [આ બન્ને ભાગનું પુનર્મુદ્રણ, ભૌગોલિક નામોની સૂચિ અને શ્રી એસ. પી. **નારંગ**ની અંગ્રેજી પ્રસ્તાવના જોડવા પૂર્વક **મુનિ** મુનિચન્દ્ર વિ. (હવે આચાર્ય)ના પ્રયાસથી થયું છે.] સ્વ. **મણિલાલ** નભુભાઈ દ્વિવેદીએ આ કાવ્યનું જે ગુજરાતી ભાષાન્તર કર્યું હતું તે ઈ.સ. ૧૮૯૩માં ''ગાયકવાડ સરકાર'' તરફથી છપાવાયું હતું, એમાં કોઈ કોઈ સ્થળે અશુદ્ધિઓ અને ગેરસમજૂતીઓ જોવાય છે. આ કાવ્યની રૂપરેખા પ્રો. **કામ**દારે આલેખી છે અને એ આત્માનંદ-જન્મશતાબ્દી સ્મારક ગ્રંથમાં છપાઈ છે. [**મુનિ મુનિચન્દ્ર** વિ. (આ. **કલા**પૂર્ણસૂરિ મ.સા.)ના અનુવાદ સાથે દ્વયાશ્રય ભા-૧ પ્રગટ થયો છે. અભ્યાસ કરનાર માટે ઘણો ઉપયોગી છે.]

૨. **ભીમ** નામના એક કાશ્મીરી કવિએ પણ ભટ્ટિની પેઠે વ્યાકરણ રચ્યું છે.

૩. **ક્ષેમેન્દ્ર**ને મતે આ 'કાવ્ય-શાસ્ત્ર' ગણાય.

૪. આથી આમાં શુદ્ધ ઇતિહાસ પરિસીમિત બને છે.

૫. આ કીર્તનને લઈને આ કાવ્યને **ચૌલુક્યવંશોત્કીર્તન** પણ કહે છે.

૬. આને લઈને એમાં કેટલીક વાર કાવ્યતત્ત્વ જેવું જોઈએ તેવું ખીલ્યું નથી.

૭. જુઓ હૈમ **દ્વયાશ્રય-કાવ્ય** (સ. ૧, શ્લો. ૨).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૌરાષ્ટ્રના [૧]ઇતિહાસનું એક પાસું તૈયાર થાય– એની [૨]સામાજિક પરિસ્થિતિનો પણ ખ્યાલ આવે.

પરિમાણ– સંસ્કૃત દ્વ્યાશ્રય-કાવ્યમાં વીસ સર્ગો છે. એમાં પદ્યોની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છે:–

૨૦૧, ૧૧૦, ૧૬૦, ૯૪, ૧૪૨, ૧૦૭, ૧૪૭, ૧૨૫, ૧૭૨, ૯૦, ૧૧૮, ૮૧, ૧૧૦, ૭૪, ૧૨૪, ૯૭, ૧૩૮, ૧૦૬, ૧૩૭ અને ૧૦૨.

આમ કુલ્લે ૨૪૫૫ પદ્યો છે.

વિષય– પ્રથમ સર્ગનો પ્રારંભ જિનેશ્વરની સ્તુતિ દ્વારા નીચે મુજબ કરાયો છે:–

''**अर्हमित्यक्षरं ब्रह्म वाचकं परमेष्ठिनः । सिद्धचक्रस्य सद्बीजं सर्वतः प्रणिदध्महे ॥१॥**''

ત્યાર પછી 'ચૌલુક્ય' યાને 'સોલંકી' વંશની પ્રશંસા કરાઈ છે. 'અણહિલપુર' પાટણના વર્ણન
P. ૧૯૮ માટે ૧૩૦ શ્લોકો છે અને **મૂલરાજ** (વિ. સં. ૯૯૮-વિ. સં. ૧૦૫૩)ના ઉદાત્ત અને ગૌરવભર્યા આલેખન માટે ૬૭ શ્લોકો છે.

બીજા સર્ગમાં **મૂલરાજ**ને **શંકરે** સ્વપ્નમાં દર્શન આપ્યાની અને સોરઠના રાજા **ગ્રાહરિપુ** ઉપર ચડાઈ કરવાની એમણે આજ્ઞા કર્યાની વાત અને એ ઉપરથી એ રાજાએ પોતાના મંત્રીઓ નામે **જેહુલ** અને **જંબક** સાથે કરેલી મંત્રણાની હકીકત અપાઈ છે. સાથે સાથે પ્રભાતનું મનોરમ વર્ણન કરાયું છે.

ત્રીજા સર્ગમાં 'શરદ્' ઋતુનું તેમ જ **મૂલરાજ**ની રાજસભાનું અને એ રાજાના યુદ્ધ માટેના પ્રયાણનું વર્ણન છે. વિશેષમાં 'સોલંકી' સેનાની 'જંબૂમાલી' નદીના કાંઠા ઉપરની છાવણીનો ચિતાર હૃદયંગમ રીતે અહીં અપાયો છે.

ચોથા સર્ગમાં **ગ્રાહરિપુ**નો દૂત **દુણસ** **મૂલરાજ**ને મળે છે પણ એ રાજા સંધિની વાત માનતો નથી એ બાબતનું તેમ જ **ગ્રાહરિપુ**એ 'ભાદર' નદીને કાંઠે કરેલા પડાવનું વર્ણન છે. કચ્છના રાજા **લક્ષરાજ** અને **સિંધુરાજ** **ગ્રાહરિપુ**ને સહાય કરે છે એ વાત અહીં કહેવાઈ છે.

---

૧. રુદ્રટે મહાકાવ્યનાં જે લક્ષણો રજૂ કર્યાં છે તેને આ ચરિતાર્થ કરે છે. આથી 'ચૌલુક્ય' વંશના કેટલાક રાજવીઓની જે નબળી બાજુઓ છે તેને અહીં સ્થાન અપાયું નથી. દા. ત. **સિદ્ધરાજ**ની **કુમારપાલ** પ્રત્યેની અવકૃપાનો સામાન્ય ઉલ્લેખ કે એને લઈને કુમારપાલને ભટકવું પડેલું એ બાબતનો નિર્દેશ નથી. વળી **મહમદ** ગઝનીની સોમનાથ ઉપરની ચડાઈ વિષે આમાં ઉલ્લેખ નથી.

૨. આ સંબંધમાં મણિલાલ ન. દ્વિવેદીએ એમના ગુજરાતી ભાષાંતરને અંગેની પ્રસ્તાવના (પૃ. ૨૧-૩૧)માં પ્રકાશ પાડ્યો છે. રામલાલ ચુ. મોદીએ ''સંસ્કૃત 'દ્વ્યાશ્રય' કાવ્યમાં મધ્યકાલીન ગુજરાતની સામાજિક સ્થિતિ'' દ્વારા આ વિષય છણ્યો છે. એમની આ પુસ્તિકા ''ગુજરાતી વર્નાક્યુલર સોસાયટી'' (હવે ગુજરાત વિદ્યાસભા) તરફથી ઈ. સ. ૧૯૪૨માં પ્રસિદ્ધ થયેલી છે. [S.P.NARANOG ની 'Dvyasray kavya of Achary Hemachandra' માં પણ સામાજિક વ. બાબતોની ચર્ચા છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાંચમા સર્ગમાં યુદ્ધનું વર્ણન છે. વળી **મૂ**લરાજને હાથે **લ**ક્ષરાજનું મરણ અને **ગ્રા**હરિપુનો પરાજય અને એનું કેદ પકડાવું, એની પત્નીઓની વિજ્ઞપ્તિથી એની મુક્તિ, **મૂ**લરાજે કરેલી 'પ્રભાસ' તીર્થની યાત્રા અને **સો**મનાથનું કરેલું સ્તવન એ બીનાઓ અહીં રજૂ કરાઈ છે. સાથે સાથે વિજય મેળવી અણહિલપુરમાં **મૂ**લરાજે કરેલા પ્રવેશની હકીકત પણ અપાઈ છે.[૧]

છઠ્ઠા સર્ગમાં **ચા**મુંડરાજનો જન્મ, સોલંકીઓનો 'લાટ' દેશ ઉપરનો વિજય, **ચા**મુંડરાજનો રાજ્યાભિષેક તેમ જ **મૂ**લરાજનું 'દ્રુહિણ-તનયા' (સરસ્વતી)ને કાંઠે અવસાન એ બાબતો વર્ણવાઈ છે. P. ૧૯૯

સાતમા સર્ગમા **ચા**મુંડરાજ (વિ. સં. ૧૦૫૩-વિ.સં. ૧૦૬૬)નું અને એના પુત્રો **વ**લ્લભરાજ, **દુ**ર્લભરાજ અને **ના**ગકુમારનાં વર્ણન છે. **વ**લ્લભરાજ (વિ. સં. ૧૦૬૬)ની 'માળવા' ઉપર ચઢાઈ અને અસાધ્ય વ્યાધિથી એનું મરણ, **ચા**મુંડરાજનું શુક્લતીર્થમાં ગમન, તપઃસેવન અને મરણ, **ના**ગરાજ અને દુર્લભરાજ (વિ. સં. ૧૦૭૮-વિ. સં. ૧૧૨૦)નાં મારવાડના **મ**હેન્દ્ર નૃપની [૨]બેનો [૩]સાથે લગ્ન અને વિરોધ કરનારા રાજાઓ ઉપર વિજય મેળવી એમનું અણહિલપુરમાં આગમન એ હકીકતો અપાઈ છે.

[૪]આઠમા સર્ગમાં **ના**ગરાજને ત્યાં **ભી**મનો જન્મ, **ભી**મ (વિ. સં. ૧૦૭૮-વિ. સં. ૧૧૨૦)નો રાજ્યકારભાર, 'સિન્ધુ' દેશના રાજા **હ**મ્મુક ઉપર એની ચડાઈ, 'પંચનદ' ઉપર પૂલ બંધાવી અને રાજાનો એણે કરેલો પરાજય અને ચેદિદેશનું અહીં વર્ણન છે.

[૫]નવમા સર્ગમાં 'કલચૂરી' વંશના **ચે**દિરાજ અને **ભી**મ વચ્ચે થયેલું સમાધાન **ભી**મને થયેલા **ક્ષે**મરાજ અને **કર્ણ** નામના બે પુત્રો, આત્મસાધન માટે ભીમે કરેલો રાજયનો ત્યાગ, ક્ષેમરાજે રાજ્યની ના પાડતાં કર્ણ (વિ.સં. ૧૧૨૦-વિ.સં. ૧૧૫૦)નું ગાદીએ આવવું અને એનું **મ**યણલ્લા સાથે [૬]પ્રીતિલગ્ન એમ વિવિધ બાબતો રજૂ કરાઈ છે.

દસમા સર્ગમાં **કર્ણ** પુત્રાર્થે કરેલું **લ**ક્ષ્મીનું આરાધન અને એ દેવી પ્રસન્ન થતાં પુત્ર માટે મળેલું વરદાન એ હકીકતો અપાઈ છે. સાથે સાથે 'વર્ષા' ઋતુનું વર્ણન રજૂ કરાયું છે. P. ૨૦૦

અગિયારમા સર્ગમાં **મ**યણલ્લાને રહેલો ગર્ભ, **સિ**દ્ધરાજનો જન્મ, એનું નામકરણ, એનો વિદ્યાભ્યાસ અને એનો અભિષેક, કર્ણની વિરક્ત દશા અને એનું મૃત્યુ અને **દે**વપ્રસાદનો અગ્નિપ્રવેશ અને એણે પોતાના પુત્ર **ત્રિ**ભુવનપાલની **સિ**દ્ધરાજને કરેલી સોંપણી એ બાબતો વર્ણવાઈ છે.

---

૧. આ પાંચ સર્ગો **રુ**દ્રટે દર્શાવેલાં મહાકાવ્યનાં લક્ષણોની સાથે કેવી રીતે સંગત છે તે **હેમસમીક્ષા** (પૃ. ૯૫-૯૬)માં દર્શાવાયું છે.

૨. પ્રો. **કા**મદારે 'કન્યાઓ' લખી છે તે ભૂલ છે.

૩. **દુ**ર્લભદેવીનાં લગ્ન **દુ**ર્લભરાજ સાથે થાય છે અને **લ**ક્ષ્મીના **ના**ગરાજ સાથે થાય છે.

૪-૫. આ બે સર્ગ ભૂગોળની દૃષ્ટિએ પણ મહત્ત્વના છે.

૬. **મ**યણલ્લા અને **કર્ણ**ના સંબંધને અંગે બીજા પ્રબંધોમાં જે વાતો જોવાય છે તે અહીં અપાઈ નથી. કાં તો એ બની નહિ હોય કે કાં તો નાયકના ગૌરવને હાનિ પહોંચે તેમ હોવાથી એ છોડી દેવાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બારમા સર્ગમાં **સિદ્ધરાજે** (વિ. સં. ૧૧૫૦-વિ. સં. ૧૧૯૯) રાક્ષસોના- રજનીચરોના સ્વામી **બર્બરકનો** કરેલો પરાજય અને એને પોતાના લશ્કરમાં આપેલી નોકરી એ બીના વર્ણવાઈ છે.

તેરમા સર્ગમાં **સિદ્ધરાજનો** તંત્રવિદ્યાનો અનુરાગ અને **નાગકુમાર** કનકચૂડનું એણે કરેલું રક્ષણ એ વાત આવે છે.

ચૌદમાં સર્ગમાં **સિદ્ધરાજ** અવંતીશ્વર **યશોવર્માને** હરાવી કેદ કરે છે એ વાત તેમ જ **સિદ્ધરાજનો** યોગિનીઓ સાથે સમાગમ થાય છે અને એ રાજા એમને શિક્ષા કરે છે એ બાબતો આલેખાઈ છે.

પંદરમા સર્ગમાં **સિદ્ધરાજનું** રાજધાનીમાં પુનરાગમન, 'સિદ્ધપુર'માં 'રુદ્રાલય' મહાલયની પૂર્ણાહુતિ, **સોમનાથની** યાત્રા, **સોમનાથ** દ્વારા સુવર્ણસિદ્ધિની પ્રાપ્તિ, **સોમનાથે** કુમારપાલ રાજા થશે એવી ઉચ્ચારેલી ભવિષ્યવાણી, **સિદ્ધરાજે** 'ગિરનાર' ઉપર **નેમિનાથની** અને 'શત્રુંજય' ઉપર **ઋષભદેવની** કરેલી પૂજા, એણે સિંહપુર (સિહોર)ની કરેલી સ્થાપના, સહસ્રલિંગ' સરોવરનું ૧૦૮ **શિવનાં** અને **શક્તિનાં** મંદિરો સાથે નિર્માપણ અને **સિદ્ધરાજનો** સ્વર્ગવાસ એ બાબતોને સ્થાન અપાયું છે.

P. ૨૦૧ સોળમાં સર્ગમાં પ્રારંભમાં કુમારપાલ (વિ. સં. ૧૧૯૯-વિ. સં. ૧૨૨૯)નો રાજ્યાભિષેક અને એના અમલનું વર્ણન છે. વળી એ રાજાએ 'સંપાદલક્ષ'ના રાજા **આન્ના**ના કરેલા પરાજયનું વર્ણન પણ છે. આ ઉપરાંત આબુનું તેમ જ છ ઋતુઓનાં પણ આ સર્ગમાં વર્ણનો છે.

સત્તરમાં સર્ગમાં કોઈ ઐતિહાસિક હકીકત અપાઈ નથી પરંતુ સંધ્યા, રાત્રિ અને સૂર્યોદયનાં તેમ જ સેનાના વનવિહાર અને જલવિહારનાં વર્ણનો છે.

અઢારમાં સર્ગમાં કુમારપાલને હાથે **આન્ન**નો પરાજય વર્ણવાયો છે.

ઓગણીસમા સર્ગમાં **આન્ન** રાજા સાથે કુમારપાલની મૈત્રી, એની પુત્રી **જલ્હણાદેવી** સાથે કુમારપાલનાં લગ્ન તેમ જ 'માળવા'ના રાજા **બલ્લાલ** ઉપર **કુમારપાલના** સેનાપતિ **કાકે** મેળવેલો વિજય એ બાબતો રજૂ કરાઈ છે.

વીસમા સર્ગમાં કુમારપાલે કરેલી અમારિ-ઘોષણા અને દારુની બંધી, એણે નિર્વંશ જનારના ધન નહિ લેવાની કરેલ ઉદ્‌ઘોષણા[1] અને એનું પાલન, કાશીના **કેદારનાથના** મંદિરનો અને **સોમનાથનો** એણે કરેલો ઉદ્ધાર, દેવપત્તનમાં **પાર્શ્વનાથના** ચૈત્યનું અને પાટણમાં **પાર્શ્વનાથના** મંદિરનું અને કુમારપાલેશ્વર મહાદેવના પ્રાસાદનું નિર્માપણ અને કુમારાપાલને સર્વ દેવોએ આપેલો આશીર્વાદ એમ વિવિધ બાબતો અપાઈ છે.

રચના–સમય– હેમ **ત્રિષષ્ટિ.** કરતાં પહેલાં અને તે પણ લોકાર્થે આ **દ્વયાશ્રય-કાવ્ય** રચાયું છે એમ એ **ત્રિષષ્ટિ.ની** પ્રશસ્તિ (શ્લો. ૧૮) જોતાં જણાય છે. **સિ. હે.** રચાયા બાદ અને કદાચ ત્યાર પછી તરત જ અને તે પણ **સિદ્ધરાજની** પ્રેરણાથી આ કાવ્યનો પ્રારંભ કરાયો હોય તો ના નહિ. એના
P. ૨૦૨ ચૌદ સર્ગ પૂરતો ભાગ વિ. સં. ૧૧૯૯માં પૂરો થયો હશે. કુમારપાલ ગાદી ઉપર આવે છે એ બનાવ

૧. આ બાબત **અભિ. ચિં.** (કાંડ ૩, શ્લો. ૩૭૭)માં પણ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વર્ણવી આ કાવ્ય પૂર્ણ કરાયું છે. અંતમાં કુમારપાલને 'જૈન' કહ્યા છે. એ ઉપરથી એ 'જૈન' બન્યા તે સમયની આસપાસમાં આ કાવ્યની પૂર્ણાહુતિ કરાઈ હશે એમ લાગે છે.

ટીકા– ગુજરાતના સુવર્ણયુગની ગૌરવગાથાને આલેખતા આ કાવ્યની ટીકાના કર્તા **અભય**તિલકગણિ છે. એમણે આ ૧૭૫૪૨ શ્લોક જેવડી ટીકા પાલણપુરમાં વિ. સં. ૧૩૧૦ની દીપોત્સવીને દિને પૂર્ણ કરી છે. એઓ 'ચાન્દ્ર' ગચ્છના **જિ**નેશ્વર અને **જિ**નદત્તની પરંપરામાં થયા છે.

કાતન્ત્ર-દ્વયાશ્રયકાવ્ય– આની એક હાથપોથી જેસલમેરમાં છે એ વિ.સં ૧૩૪૩માં લખાયેલી છે. એના ઉપરની અવચૂરિની હાથપોથી પણ આ સેાલની જેસલમેરમાં છે. આ બંનેની નોંધ **જિ. ૨. કો.** પૃ. ૮૩માં છે. એટલે મૂળ કૃતિ પણ જૈને રચેલી હશે એમ લાગે છે.

[1]**શ્રેણિક-દ્વયાશ્રય-કાવ્ય** કિંવા **દુર્ગવૃત્તિ-દ્વયાશ્રય કાવ્ય** (વિ. સં. ૧૩૫૬)– આના કર્તા 'ખરતર' ગચ્છના **જિ**નપ્રભસૂરિ છે. એઓ 'લઘુ ખરતર' ગચ્છના પ્રવર્તક **જિ**નસિંહસૂરિના શિષ્ય થાય છે. અને **સં**ઘતિલકસૂરિના વિદ્યાગુરુ થાય છે. એમણે [2]ઘણા ગ્રન્થો રચ્યા છે. યમક, શ્લેષ અને ચિત્રથી અલંકૃત સાત સો સ્તોત્રો રચી એમણે એ **સો**મતિલકસૂરિને ભેટ કર્યાં હતાં એમ **સિદ્ધાન્તાગમસ્તવની** અવચૂરિમાં **વિ**શાલરાજના શિષ્ય કહે છે એમ મનાય છે. એમણે નીચે મુજબની કૃતિઓ રચી છે કે જેમાંની કોઈક પાઈયમાં હશેઃ–

તપોટમતકુટ્ટન, **ધ**ર્માધર્મકુલક, **પ**રમસુખદ્વાત્રિંશિકા, **પૂ**જાવિધિ, **વિ**ધિપ્રપ્રા (વિ. સં. ૧૩૬૪) અને **વિ**વિધતીર્થકલ્પ (વિ.સં. ૧૩૨૭- વિ. સં. ૧૩૮૯).

આ ઉપરાંત એમણે નિમ્નલિખિત કૃતિઓ ઉપર એકેક વૃત્તિ રચી છેઃ– P. ૨૦૩

અજિયસંતિથય, **ઉ**વસગ્ગહરથોત્ત,. **ન**મિઊણથોત્ત, **પ**જ્જોસવણાકપ્પ, **પ**વ્વજ્જાવિહાણ, **વી**રજિણથુઈ, **સં**ડાવસ્સય અને **સા**હુપડિક્કમણસુત્ત.

આ પૈકી એમનાં કેટલાંક સ્તોત્રો વગેરે અત્યાર સુધીમાં છપાયાં છે. એમાંની કેટલીક કૃતિઓની નોંધ આગળ ઉપર લેવાશે.

એમણે પ્રસ્તુત કાવ્ય દ્વારા બે વસ્તુ રજૂ કરી છે : (૧) કાતન્ત્ર વ્યાકરણની દુર્ગસિંહકૃત વૃત્તિને લગતાં ઉદાહરણો અને (૨) શ્રમણ ભગવાન **મ**હાવીરસ્વામીના અનન્ય ઉપાસક શ્રેણિક નરેશ્વરનું જીવન-ચરિત્ર. આ વિ. સં. ૧૩૫૬માં રચાયેલા કાવ્યમાં ૧૮ સર્ગો છે.

અવચૂરિ– કોઈકે **શ્રેણિક-દ્વયાશ્રય-કાવ્ય** ઉપર એક અવચૂરિ રચી છે.

---

૧. આ કાવ્ય [૧-૭ સર્ગ] "જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ" તરફથી પાલીતાણાથી ઈ. સ. ૧૯૦૫માં પ્રકાશિત કરાયું છે. [આનું સંપાદન વિવિધ હ. લિ. પ્રતિઓના આધારે સા. હેમગુણાશ્રી અને સા. દિવ્યગુણાશ્રી કરવા ધારે છે. વિશેષ માટે જુઓ "તેરહવી ચૌદહવી શતાબ્દી કે મહાકાવ્ય" લે. ડો. દીક્ષિત પૃ. ૧૨૦-૧૪૩.]

૨. આ પૈકી કેટલાકનો ઉલ્લેખ મેં D C G C M (Vol. XVII, PT 4, PP. 10-14; Vol. XVII, PT. 5, P. 4 & Vol. XIX, sec. 1, pt. 2, p. 311) કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પાણિનીય-દ્વયાશ્રય-કાવ્ય– આ વિજયરત્નના શિષ્યની કૃતિ છે.[૧]

(આ) અનેકસન્ધાન કાવ્યો

[૨]**દ્વિસન્ધાનકાવ્ય** કિંવા **રાઘવપાંડવીય-કાવ્ય** (ઉ. વિક્રમની ૧૧મી સદી)– આના કર્તા દિ. **ધ**નંજય છે. એમણે [૩]**અનેકાર્થ- નામમાલા** વગેરેની રચના કરી છે પરંતુ આ કાવ્યને લઈને એમની જેટલી પ્રસિદ્ધિ થઈ છે એટલી એમની અન્ય કૃતિથી થઈ નથી. **અ**મરકીર્તિએ તો એમને 'દ્વિસંધાનકવિ'
P. ૨૦૪ કહ્યા છે. પ્રસ્તુત કાવ્યનો ઉલ્લેખ **પ્ર**ભાચન્દ્રે **પરીક્ષામુખસૂત્ર** (પરિ. ૩, સૂ. ૯૯)ની વૃત્તિ નામે [૪]**પ્રમેયકમલમાર્તણ્ડ** (પૃ. ૪૦૨)માં કર્યો છે. આમ આ કાવ્યનું મહત્ત્વ ટૂંક સમયમાં સ્થપાયું.

વળી **ગ. ૨. મ.** માં આ કાવ્યનો ઉલ્લેખ છે. આ કાવ્યમાં ૧૮ સર્ગ છે. એનું પ્રત્યેક પદ્ય **રા**મચન્દ્ર તેમ જ **પાં**ડવોના ચરિત્રનો બોધ કરાવે છે, આમ દરેક પદ્યના બબ્બે અર્થ થાય છે. એને લઈને આ કાવ્ય **રા**માયણ તેમ જ **મ**હાભારત એ બેની ગરજ સારે છે.

સમગ્ર ઉપલબ્ધ જૈન સાહિત્યમાં 'દ્વિસન્ધાન કાવ્ય' તરીકે આ પ્રથમ ગણાય છે.[૫] એની બીજી વિશિષ્ટતા એ છે કે એ સાંપ્રદાયિકતાથી સર્વથા રહિત છે કેમકે એમાં જૈન ધર્મના કોઈ પણ સિદ્ધાન્તનું નિરૂપણ નથી તેમ જ એમાં કોઈની મુક્તિ જૈન દૃષ્ટિએ વર્ણવાઈ નથી. આમ આ શુદ્ધ સાહિત્યિક કૃતિ છે. [વિશેષ માટે જુઓ– 'સંસ્કૃત કાવ્યમેં જૈન કવિયોંકા યોગદાન' પૃ. ૩૬૬-૩૮૭]

વિવરણો– આ કાવ્ય ઉપર ત્રણ વિવરણો રચાયાં છેઃ–

(૧) **પદકૌમુદી**– આના કર્તા દિ. **પ**દ્મચન્દ્રના શિષ્ય **ને**મિચન્દ્ર છે. **જિ. ૨. કો.** (વિ. ૧ પૃ. ૧૮૫) પ્રમાણે તો આ **ને**મિચન્દ્ર દેવનન્દિના શિષ્ય થાય છે અને આ ટીકાનું પરિમાણ ૯૦૦૦ શ્લોકનું છે.

(૨) **ટીકા**– આના કર્તા **પુ**ષ્પસેનના શિષ્ય છે.

(૩) **વૃત્તિ**– આના કર્તા દિ. [૬]**રા**મચન્દ્રના પુત્ર કવિ **દે**વર છે. એમણે આ વૃત્તિ **અ**રલુ શ્રેષ્ઠીને માટે
P. ૨૦૫ રચી છે. એમણે પ્રારંભમાં **અ**મરકીર્તિ, **ધ**ર્મભૂષણ, **શ્રી**વર્ધદેવ અને **સિં**હનન્દિને તેમ જ કોઈ ભટ્ટારક મુનિને નમન કર્યું છે.

---

૧. જુઓ **જૈ. ગ્રં.** (પૃ. ૩૩૨) તેમ જ પ્રો. **પિ**ટર્સનનો પ્રથમ હેવાલ (ક્રમાંક ૨૯૯).

૨. આ મૂળ કૃતિ **પં. બ**દ્રીનાથકૃત સંક્ષિપ્ત ટીકા સહિત "નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી ઈ. સ. ૧૮૯૫માં પ્રકાશિત કરાઈ છે. [**ને**મિચન્દ્રટીકા સાથે "ભારતીય જ્ઞાનપીઠથી" પ્રકાશિત છે.]

૩. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૧૨૬)

૪. આ વૃત્તિનું મૂળ સહિતું દ્વિતીય સંસ્કરણ "નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી ઈ. સ. ૧૯૪૧માં પ્રકાશિત કરાયું છે. એનું સંપાદન પં. **મ**હેન્દ્રકુમાર શાસ્ત્રીએ કર્યું છે અને એમણે હિંદીમાં વિસ્તૃત પ્રસ્તાવના લખી છે. આમાં વિષયાનુક્રમ અપાયો છે. અંતમાં મૂળ પણ અપાયું છે.

૫. વિ. સં. ૧૦૯૦માં **સૂ**રાચાર્યે 'દ્વિસંધાન-કાવ્ય' રચ્યું છે. (જુઓ પૃ. ૨૦૫-૨૦૬) પણ એ અનુપલબ્ધ છે.

૬. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૮૫)માં **રા**મભટ્ટ એવું નામ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાઘવપાંડવીય– આ કોઈકે રચ્યું છે અને એના ઉપર **મ**રાલશ્રેણિકૃત પ્રકાશ, **પદ્મ**નન્દિએ ૭૫૦૦ શ્લોક જેવડી રચેલી વ્યાખ્યા અને પુષ્પદન્તકૃત ૩૦૦૦ શ્લોકજેવડી વ્યાખ્યા છે. (જિ. ૨. કો. પૃ. ૩૨૯-૩૦) આ ત્રણ વ્યાખ્યાના કર્તા દિગંબર હોય એમ લાગે છે.

[૧]**ઋષભ-નેમિ-કાવ્ય** (વિ. સં. ૧૦૯૦)– આના કર્તા [૨]**સૂ**રાચાર્ય છે. એઓ **ઓઘનિજ્જુત્તિ** ઉપર ટીકા રચનારા તથા **અ**ભયદેવસૂરિની આગમિક વૃત્તિઓનું સંશોધન કરનારા અને રાજા **ભી**મદેવના સંસારી પક્ષે મામા દ્રોણાચાર્યના સંસાર પક્ષે ભત્રીજા અને સાધુપક્ષે શિષ્ય થાય છે. એમનો જીવનવૃત્તાંત **પ્ર૦ ચ૦** (શૃંગ ૧૪)માં અપાયો છે.[૩] એ ઉપરથી જાણી શકાય છે કે એમના પિતાનું નામ '**સં**ગ્રામસિંહ' છે અને એમનું પૂર્વાસ્થાનું નામ '**મ**હીપાલ' છે. દ્રોણાચાર્ય પાસે અભ્યાસ કરી એઓ શબ્દશાસ્ત્ર, પ્રમાણશાસ્ત્ર, સાહિત્યશાસ્ત્ર ઇત્યાદિમાં નિષ્ણાત બન્યા હતા. શિષ્યોને પ્રવીણ બનાવવાનું એમને ખૂબ મન હતું. ભણાવતી વેળા શિષ્યોને શિક્ષા કરતાં રજોહરણની લાકડાની દાંડી દરરોજ તૂટતી એથી એમણે શુશ્રૂષા કરનારા એક જણને લોખંડની લાવવા કહ્યું: એ સાંભળી શિષ્યો ગભરાયા અને આચાર્યને વાત કરી. આચાર્યે એમને શાન્ત પાડ્યા અને **સૂ**રાચાર્યને **ભો**જ રાજાની સભા જીતવા સૂચવ્યું અને એ **સૂ**ચના **સૂ**રાચાર્યે વધાવી લીધી. એક વેળા **ભો**જ રાજા તરફથી રાજા **ભી**મદેવ ઉપર મોકલાયેલી સમસ્યા એમણે સારી રીતે પૂરી હતી. **ભો**જ રાજાની સભાના પંડિતોને એમણે પરાસ્ત કર્યા ત્યારે **ભો**જથી એ સહન ન થયું અને એમને દેહકષ્ટ આપવા એ નૃપતિએ વિચાર કર્યો. એ સમયે કવિ **ધ**નપાલની પ્રેરણાથી એઓ છાનામાના 'ધારા' નગરીથી નીકળી 'પાટણ' આવી પહોંચ્યા. **પ્ર. ચ.** (શૃંગ, ૧૪, શ્લો. ૨૫૪)માં સુચવાયા મુજબ એમણે **ઋ**ષભદેવ અને **ને**મિનાથ એ બન્ને તીર્થંકરોના ચરિત્રરૂપ 'દ્વિસન્ધાન-કાવ્ય' રચ્યું છે. [૪]**જૈ. સા. સં. ઈ.** (પૃ. ૨૧૭) પ્રમાણે તો આ જ કાવ્ય તે ''નેમિચરિત્ર-મહાકાવ્ય'' છે અને એની રચના વિ.સં. ૧૦૯૦માં થઈ છે. P. ૨૦૬

ટિપ્પણક- આ કોઈ કે ૧૪૦૦ શ્લોક જેટલું રચ્યું છે. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૧૭)

નાભેય-નેમિ-કાવ્ય- (વિ.)– આ પણ 'દ્વિસન્ધાન-કાવ્ય' છે. એમાં ય **ઋ**ષભદેવ અને **ને**મિનાથના જીવનવૃત્તાન્ત આલેખાયા છે. એના કર્તા **હે**મચન્દ્રસૂરિ છે. એઓ **મુ**નિચન્દ્રસૂરિના શિષ્ય

---

૧. આને કેટલાક 'નેમિ-નાભેય-દ્વિસન્ધાન-કાવ્ય' કહે છે.

૨. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૮૮૦)માં પ્રસ્તુત **સૂ**રાચાર્યનો **દે**લ્લ મહત્તરના ગુરુ **સૂ**રાચાર્યરૂપે જે અભિન્ન ઉલ્લેખ કરાયો છે તે ભ્રાંત છે.

૩. પ્રારંભમાં 'સુરાચાર્ય'ના નામ કરતાં 'સૂરાચાર્ય' એ નામમાં માત્રાની અધિકતા છે એટલે એ મુનિવરની પ્રજ્ઞાથી સુરાચાર્ય જિતાયા છે એમ કહ્યું છે.

૪. આ ઉલ્લેખ શાના આધારે કરાયો છે તે જાણવું બાકી રહે છે, જો કે આને પ્રામાણિક માની **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪૪૪-૨૬૯)માં પણ એવો નિર્દેશ કરાયો છે. આ ઉલ્લેખ સાચો જ હોય તો ''જૈ. સ. પ્ર.'' (વ. ૧૫, અ. ૧૨, પૃ. ૧૮૫ અને ૨૧૬)માં ''અનેક-સન્ધાન કાવ્યો'' એ નામથી છપાવેલા મારા લેખમાં મેં જે આ બે કાવ્યોને ભિન્ન ગણ્યાં છે તે અભિન્ન ગણવાં ઘટે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અજિતદેવસૂરિના શિષ્ય થાય છે એમ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૨૩૫)માં તેમજ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૧૦)માં કહ્યું છે, જ્યારે જિનવિજયજીના [૧]લેખ પ્રમાણે તો એઓ દેવસૂરિના ગુરુભાઈ વિજયસિંહસૂરિના શિષ્ય થાય છે.

સંશોધન– આ દ્વિસન્ધાન કાવ્યનું સંશોધન પ્રજ્ઞાચક્ષુ કવિવર **શ્રી**પાલે કર્યું હતું.

P. ૨૦૭ **સ્વોપજ્ઞ ટીકા**– આ કાવ્ય ઉપર કર્તાએ જાતે ટીકા રચી છે.[૨] એ પણ જ્યારે મળે છે તો પછી મૂળ સહિત એ સમુચિત રીતે પ્રસિદ્ધ થવી ઘટે.

[૩]**ત્રિસન્ધાન-સ્તોત્ર** (વ. વિ. સં. ૧૪૭૫)– આ પાંચ પદ્યના સ્તોત્રના કર્તા **સોમ**સુન્દરસૂરિના શિષ્ય **રત્ન**શેખરસૂરિ છે. અંતિમ પદ્ય અને એની [૪]અવચૂરિ અંગેની [૫]નોંધ જોતાં એમ જણાય છે. આ સ્તોત્રમાં આબુ અને જીરાપલ્લી એ બે તીર્થમાંના ત્રણ તીર્થંકરો નામે **ઋ**ષભદેવ, **ને**મિનાથ અને **પા**ર્શ્વનાથના પક્ષમાં ઘટે એવાં પાંચ પદ્યો છે. આમ આ ત્રિસંધાન-સ્તોત્ર છે.

આ **રત્ન**શેખરસૂરિએ [૬]**નવખંડપાર્શ્વસ્તવ,** [૭]નવગ્રહસ્તવગર્ભિત **પાર્શ્વસ્તવ** તેમ જ ભાષાત્રયસમ [૮]**ચતુર્વિંશતિજિનસ્તવ** રચ્યા છે. વળી વિ. સં. ૧૫૧૬માં એમણે ૪૦૬૫ શ્લોક જેવડો [૯]**આચારપ્રદીપ** રચ્યો છે. આ ઉપરાંત એમણે **સદ્ધપડિક્કમણસુત્ત** યાને **વંદિત્તુસુત્ત** ઉપર વિ. સં. ૧૪૯૬માં [૧૦]**અર્થદીપિકા** નામની વૃત્તિ, **સદ્ધવિહિ** ઉપર વિ.સં. ૧૫૦૬માં [૧૧]**વિધિકૌમુદી** નામની સ્વોપજ્ઞ વૃત્તિ તેમ જ **સડાવસ્સય**

P. ૨૦૮ ઉપર કોઈક સમયે વૃત્તિ રચી છે.

પંચ-સંધાન અને ષટ્-સંધાન કાવ્યો– જેમ જૈન શ્વેતાંબર કૃતિઓ તરીકે [૧૨]દ્વિસંધાન-કાવ્યો

૧. આ લેખનું નામ ''મહાકવિ વિજયપાલ અને તેના પિતામહ મહાકવિ શ્રીપાલ'' છે. આ લેખ ''પુરાતત્ત્વ'' (વિ. ૧, અં. ૧ પૃ,. ૧૦૩-૧૨૧)માં છપાયો છે.

૨. જુઓ **પત્તન.સૂચી** (ભા. ૧)ની પ્રસ્તાવના (પૃ. ૫૦)

૩. ''પાર્શ્વજિનસ્તવ'' એ નામથી આ સ્તોત્ર જૈનસ્તોત્રસમુચ્ચય (પૃ. ૭૩)માં અવચૂરિ સહિત છપાયું છે.

૪. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૫. આ નોંધ પ્રમાણે આ સ્તોત્રના કર્તા **રત્ન**શેખરગણિ છે. આ નોંધ **ચ**તુરવિજયજીએ લખી છે.

૬. આ **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૬૯-૭૦)માં છપાયો છે.

૭. આ પ્રકાશિત છે. એજન, પૃ. ૭૧-૭૨ ૮. આ પ્રકાશિત છે. એજન, પૃ. ૧૦૭-૧૧૩

૯. આ ''દે. લા. જૈ. પુ. સ.'' તરફથી ઈ. સ. ૧૯૨૭માં છપાયો છે.

૧૦. આ વૃત્તિ મૂળ સહિત ''દે. લા. જૈ. પુ. સં.'' તરફથી ઈ. સ. ૧૯૧૯માં પ્રકાશિત થયેલી છે.

૧૧. આ વૃત્તિ મૂળ સહિત ''જૈ. આ. સ.'' તરફથી વિ.સં. ૧૯૭૪માં પ્રસિદ્ધ કરાઈ છે.

૧૨. એમ મનાય છે કે **ભો**જકૃત **શૃંગારપ્રકાશમાં દંડી**ના **દ્વિસંધાન-કાવ્ય** વિષે ઉલ્લેખ છે. જો એ વાત સાચી હોય તો એઓ આ જાતનાં કાવ્યો રચનાર તરીકે પ્રથમ ગણાય. કોઈકે **નલ-હરિશ્ચન્દ્રીય** નામનું 'દ્વિસંધાન-કાવ્ય' રચ્યું છે. આ કાવ્યનાં પદ્યો પૂર્વાનુપૂર્વીએ વાંચતાં નળની કથા અને પશ્ચાનુપૂર્વીએ-ઉલટા ક્રમે વાંચતા હરિશ્ચન્દ્રની કથા પૂરી પાડે છે. આમ આ વિલક્ષણ કાવ્ય છે આ તેમ જ અન્ય અજૈન દ્વિસંધાન-કાવ્યો વિષે મેં ''અનેક સંધાનકાવ્યો'' નામના મારા લેખમાં વિચાર કર્યો છે. એ લેખ ''જૈ. સ. પ્ર. (વ. ૧૫, અં. ૧૩, પૃ. ૨૬૪-૨૬૯)માં છપાયો છે. એમાં જૈન **શ**તાર્થીઓ વગેરેને પણ સ્થાન અપાયું છે.''

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને સપ્તસંધાન-કાવ્યો રચાયાં છે તેમ [૧](પાંચ પદ્ય કરતાં મોટું) [૨]ત્રિસંધાન, [૩]પંચ-સંધાન કે [૪]ષટ્સંધાન કાવ્ય રચાયું હોય એમ જણાતું નથી. બાકી **ત્રિસંધાન-સ્તોત્ર** તો રચાયું છે. જુઓ પૃ. ૧૨૮

ચતુઃસંધાન કાવ્ય– ''દિગંબર જૈન ગ્રંથકર્તા ઔર ઉનકે ગ્રંથ''માં **મ**નોહરે તેમ જ **શો**ભને આ નામનું એકેક કાવ્ય રચ્યાનો ઉલ્લેખ શ્રી **અ**ગરચંદ નાહટાએ એમના [૫]લેખમાં કર્યો છે પણ એની P. ૨૦૯
નોંધ **જિ. ૨. કો. માં** નથી. વળી આ કાવ્ય દ્વારા કયા ચાર ચાર અર્થો વિવક્ષિત છે તે જાણવું બાકી રહે છે.

સપ્તસન્ધાન-કાવ્ય (લ. વિ. સં. ૧૨૦૦)– આ નામનું કાવ્ય 'કલિ.' **હે**મચન્દ્રસૂરિએ રચ્યું હતું એમ **મે**ઘવિજયગણિના **સપ્તસંધાન** નામના કાવ્યના પ્રશસ્તિગત ઉલ્લેખ ઉપરથી જણાય છે. વિશેષમાં અહીં કહેવાયું છે તેમ આ ગણિના સમયમાં એ ઉપલબ્ધ ન હતું. આમ આપણે એક વિશિષ્ટ કૃતિ ગુમાવી છે.

[૬]**સપ્તસન્ધાન-કાવ્ય** (વિ.સં. ૧૭૬૦)– **સિ**દ્ધિવિજયના પ્રશિષ્ય અને **કૃ**પાવિજયના શિષ્ય, **ચન્દ્રપ્રભા** વગેરેના પ્રણેતા, **શં**ખેશ્વર **પા**ર્શ્વનાથના મહાભક્ત અને 'ઐં' મંત્રના અનુરાગી **મે**ઘવિજયગણિએ આ અપૂર્વ કૃતિ વિ. સં. ૧૭૬૦માં નવ સર્ગમાં રચી છે. એનું પરિમાણ ૪૪૨ શ્લોક જેવડું છે. એમાં સાત મહાપુરુષોનું–**ઋ**ષભદેવ, **શા**ન્તિનાથ, **ને**મિનાથ, **પા**ર્શ્વનાથ અને **મ**હાવીરસ્વામી એ પાંચ વિશેષતઃ લોકપ્રિય તીર્થંકરોનું તેમ જ સીતાપતિ **રા**મચન્દ્રનું અને વાસુદેવ **કૃ**ષ્ણનું ચરિત્ર ગૂંથવામાં આવ્યું છે. પ્રત્યેક પદ્યનાં સાત સાત અર્થો થાય છે. એ હકીકત નવમા સર્ગના ૩૧મા પદ્યમાં **''સપ્તાર્થ સન્ધાનજકાવ્યમેતત્''** એ પંક્તિ દ્વારા ગ્રંથકારે પોતે કહી છે.

ટીકા– આ ચમત્કારી કાવ્ય ઉપર ગ્રંથકારે ટીકા રચ્યાનું કહેવાય છે. P. ૨૧૦

---

૧. **ઘ**નશ્યામે **કૃ**ષ્ણ, **ન**લ અને **હ**રિચન્દ્ર એ ત્રણની કથા પૂરી પાડનારું **આબોધાકર** નામનું 'ત્રિસંધાન-કાવ્ય રચ્યું છે. એવી રીતે **અ**નંતાચાર્યે **યાદવ-રાઘવ-પાંડવીય** રચી **કૃ**ષ્ણ, **રા**મ અને **પાં**ડવની કથા રજૂ કરી છે. વળી **ચિ**દંબરે **રાઘવ-યાદવ-પાંડવીય** નામનું કાવ્ય રચી **રામાયણ, મહાભારત** અને **ભા**ગવતની કથા રજૂ કરી છે.'

૨. કોઈ અજૈને 'ચતુઃસંધાન' કાવ્ય રચ્યું હોય તો તે જાણવામાં નથી. આ વાત 'ષટ્-સંધાન-કાવ્ય'ને પણ લાગુ પડે છે.

૩. ઉપર્યુક્ત **ચિ**દમ્બરે **રા**મ, **કૃ**ષ્ણ, **વિ**ષ્ણુ, **શિ**વ અને **સુ**બ્રહ્મણ્ય એ પાંચના ચરિત્ર રજૂ કરનારું **પંચકલ્યાણચંપૂ** રચેલ છે.

૪. જુઓ ટિ ૨.

૫. આ લેખનું નામ ''અનેકાર્થ સાહિત્ય'' છે અને એ ''જૈ સિં. ભા.'' (ભા. ૮, કિ. ૧)માં છપાયો છે.

૬. આ કાવ્ય ''અભયદેવસૂરિ ગ્રંથમાલા''માં બિકાનેરથી તેમ જ ''વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા'' માં બનારસથી ઈ.સ. ૧૯૧૭માં છપાયું છે. વળી શ્રી**વિ**જયામૃતસૂરિકૃત **સ**રણી નામની ટીકા સહિત આ કાવ્ય ''જૈન સાહિત્યવર્ધક સભા'' (સુરત) તરફથી વિ. સં. ૨૦૦૦માં પ્રસિદ્ધ કરાયું છે. એમાં ગુજરાતી પ્રાસ્તાવિકમાં આ કાવ્યની અનુપમતા દર્શાવાઈ છે અને એનો પરિચય પણ અપાયો છે. [વિશેષ માટે જુઓ ''સપ્તસન્ધાન એક સમીક્ષાત્મક અધ્યયન'' લે. ડો. શ્રેયાંસકુમાર જૈન.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૨]**સરણી**– તીર્થોદ્ધારક શ્રીવિજયનેમિસૂરીના શિષ્ય વિજયામૃતસૂરિજીએ આ **સપ્તસન્ધાન** કાવ્ય ઉપર સંસ્કૃતમાં રચેલી ટીકાનું નામ છે.

સપ્તસન્ધાન કાવ્ય ( )– દિ. જગન્નાથે આ **સપ્તસન્ધાન-કાવ્ય** રચ્યાનું અને એના ઉપર **પુષ્પસેન**ની ટીકા હોવાનું શ્રી **અગરચંદ** નાહટાએ એમના "દિગંબર જૈન ગ્રંથકર્તા ઔર ઉનકે ગ્રંથ" નામના લેખમાં કહ્યું છે પરંતુ એ વાત સાચી છે કે કેમ તે તપાસવું બાકી રહે છે.

ચતુર્વિંશતિસન્ધાન-કાવ્ય ( )– આ દિ. **નરેન્દ્રકીર્તિ**ના શિષ્ય જગન્નાથ પંડિતની રચના છે. એમાં પ્રત્યેક પદ્યના ચોવીસ અર્થ થાય છે એમ શ્રી. **અગરચંદ** નાહટાએ એમના ઉપર્યુક્ત લેખમાં કહ્યું છે પણ એ વાત ભ્રાંત લાગે છે.[૩]

[૪]**પંચવિંશતિસન્ધાન-કાવ્ય**– ( )– **સો**મતિલકસૂરિએ **"શ્રીસિદ્ધાર્થનરેન્દ્ર"** થી શરૂ થતું ૧૨ પદ્યનું **વીરજિનસ્તવન** રચ્યું છે. એના પ્રથમ અને અંતિમ પદ્યો સિવાયના પ્રત્યેક પદ્યના પચ્ચીસ અર્થો થાય છે. ચોવીસ અર્થો ઋષભદેવ વગેરે ચોવીસ તીર્થંકરોની અને પચ્ચીસમો અર્થ કર્તાના ગુરુની સ્તુતિરૂપ છે એમ આદ્ય પદ્ય વિચારતાં જણાય છે. આનું અંતિમ પદ્ય 'ષટ્ચક્ર' (ષડરચક્ર) બંધ તેમ
P. ૨૧૧ જ 'અષ્ટ-દલકમલ' બંધથી વિભૂષિત છે. વિશેષમાં એમાં કર્તાનું નામ પણ ગૂંથાયેલું છે.[૫]

અવચૂરિ– આ કાવ્ય ઉપર કોઈકની અવચૂરિ છે. એ પ્રકાશિત છે.[૬]

(ઈ) ચંપૂઓ

[૭]**વાગર્થસંગ્રહ-પુરાણ** (લ. વિ. સં. ૧૭૦)– આ દિ. **પર**મેશ્વરની રચનાને કેટલાક 'ચંપૂ' કહે છે.

[૮]**યશસ્તિલક** (**શક**સંવત્ ૮૮૧= વિ. સ. ૧૦૧૬)– સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં 'ચંપૂ' તરીકે ઓળખાવાય એવી [૯]કૃતિઓ કાવ્યો અને નાટકોના પગરણ મંડાયા પછી અને એને મુકાબલે ઓછી

---

૨. આ જૈન સાહિત્યવર્ધકસભા સૂરતથી વિ.સં. ૨૦૦૦માં પ્રકાશિત છે.

૩. મારી સમજ પ્રમાણે તો આ એક જ પદ્યની કૃતિ છે ને એના ચોવીસ અર્થ થાય છે. આથી આની નોંધ મેં આગળ ઉપર 'અનેકાર્થી' પદ્યમાં લીધી છે.

૪. આ બાર પદ્યોનું કાવ્ય **વીરસ્તોત્ર** એ નામથી અજ્ઞાતકર્તૃ અવચૂરિ સહિત **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૭૬-૮૧)માં છપાયું છે.

૫. જુઓ અવચૂરિ (પૃ. ૮૧) તેમ જ મારો લેખ નામે "Gujarati Illustrations of Letter-diagrams" (પૃ. ૪૯-૫૦), આ લેખ "Bulletin of the Chunilal Gandhi Vidyabhavan" (No.4) માં છપાયો છે.

૬. આ "જૈન સ્તોત્ર સમુચ્ચય (પૃ. ૭૬-૮૧)માં પ્રસિદ્ધ થયેલ છે."

૭. આના પરિચય માટે જુઓ પૃ. ૫૪, ૫૮, ૬૨ અને ૬૫.

૮. આ કૃતિની દ્વિતીય આવૃત્તિ દિ. **શ્રુતસાગર**કૃત **ચન્દ્રિકા** નામની અપૂર્ણ ટીકા સહિત ત્રણ આશ્વાસ પૂરતી 'પૂર્વખંડ'ના નામે "કાવ્યમાલા" (૭૦)માં ઈ. સ. ૧૯૧૬માં પ્રકાશિત કરાઈ છે. [સંસ્કૃત અને હિંદી વ્યાખ્યા સાથે યશસ્તિલક "મહાવીરજૈન ગ્રંથમાળા" વારાણસીથી સં. ૧૯૬૦ અને ૧૯૭૧માં પ્રસિદ્ધ છે.]

૯. ત્રિવિક્રમ (ઈ. સ. ૯૧૫) કૃત **નલ-ચંપૂ, ભોજ** (ઈ. સ. ૧૦૧૮-૧૦૬૩). કૃત **રામાયણ-ચંપૂ, અનન્તભટ્ટકૃત ભારત-ચંપૂ**. 'અભિનવ' **કાલિદાસ**કૃત **ભાગવત-ચંપૂ** અને **નીલકંઠ** દીક્ષિતકૃત **નીલકંઠવિજય-ચંપૂ** એમ કેટલાંક 'ચંપૂ' છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંખ્યામાં રચાઈ છે. એમાંની એક તે આ **યશસ્તિલક** છે. એના કર્તા 'ગૌડ' સંઘના **યશોદેવના** શિષ્ય નેમિદેવના શિષ્ય દિ. **સો**મદેવ છે. આ દિ. ગ્રંથકારે [૧]**નીતિવાક્યામૃત** પણ રચ્યું છે અને એમાં પોતાની આ કૃતિનો ઉલ્લેખ કર્યો છે. આ ચંપૂની રચના 'રાષ્ટ્રકૂટ' વંશના નૃપતિ **કૃ**ષ્ણદેવ ત્રીજાના રાજ્ય P. ૨૧૨
દરમ્યાન **શ**કસંવત્ ૮૮૧માં થઈ છે. આ ચંપૂ સાત-આશ્વાસમાં વિભક્ત છે. એમાં ઉજ્જૈનના પૌરાણિક (legendary) રાજા **ય**શોદેવનો વૃત્તાન્ત આલેખાયો છે. સાથે સાથે જૈન દર્શનના સિદ્ધાન્તોનું પ્રસંગોપાત્ત નિરૂપણ છે. વળી આ ચંપૂમાં કેટલાક ગ્રંથકારોનાં નામ છે.

ટીકાઓ–યશસ્તિલક ઉપર નીચે મુજબની બે ટીકાઓ છે.

(૧) **પંજિકા**– આના કર્તા **શ્રી**દેવ છે.

(૨) [૨]**ચન્દ્રિકા**– આ ટીકાના કર્તા દિ. **શ્રુ**તસાગર છે. એની એક હાથપોથી વિ. સં. ૧૬૦૨માં લખાયેલી મળે છે. આ ઉપલબ્ધ ટીકા પાંચમા આશ્વાસના અંશ સુધી જોવાય છે એટલે **શ્રુ**તસાગરને જ હાથે એ કદાચ અપૂર્ણ રહી હશે.

અંગ્રેજી [અને હિન્દી] નિબંધ– યશસ્તિલકને અંગે પ્રા. હુંડિકુઈએ અભ્યાસપૂર્ણ અને વિસ્તૃત નિબંધ નામે [૩]"Yas'astilaka & Indian Culture" લખ્યો છે. એમાં **યશસ્તિલકને** અંગે સામાજિક વગેરે જાતજાતની બાબતો વિષે માહિતી અપાઈ છે. [ડૉ. **ગો**કુલચન્દ્ર જૈનનું 'યશસ્તિલકકા સાંસ્કૃતિક અધ્યયન' પાર્શ્વનાથ વિદ્યાપીઠ વારાણસીથી પ્રસિદ્ધ થયું છે.]

[૪]**કુવલયમાલા** (લ. વિ. સં. ૧૩૦૦)– આના કર્તા **ર**ત્નપ્રભસૂરિ છે. એઓ 'ચન્દ્ર' ગચ્છના **પ**રમાનન્દસૂરિના શિષ્ય અને [૫]**દેવાનન્દશબ્દાનુશાસન**ના કર્તા [૬]દેવાનન્દના પ્રશિષ્ય થાય છે. એમણે આ કૃતિ 'દાક્ષિણ્યચિહ્ન'સૂરિ ઉર્ફે ઉદ્યોતનસૂરિ દ્વારા જ. મ. માં રચાયેલી **કુવલયમાલાના** આધારે યોજી P. ૨૧૩
છે. એમની આ કૃતિની રચનામાં એમના શિષ્ય **ક**નકપ્રભના શિષ્ય **પ્ર**દ્યુમ્નસૂરિએ લ. વિ. સં. ૧૩૦૦માં સહાય કરી હતી. આ ૩૮૯૪ શ્લોક જેવડી કૃતિ પાંચ પ્રસ્તાવમાં વિભક્ત છે.

આમાં ક્રોધ, માન, માયા, લોભ અને મોહ ઉપરથી અનુક્રમે યોજાયેલાં નામથી ઓળખાવાયેલા **ચં**ડસોમ, **મા**નભટ, **મા**યાદિત્ય, **લો**ભદેવ અને **મો**હદત્ત એ પાંચ જીવોના પાંચ પાંચ ભવોની કર્મલીલા રોમાંચક રીતે રજૂ કરાઈ છે. વિશેષમાં એમાં **મો**હદત્તની વિષયવાસનાની પરાકાષ્ઠા વર્ણવાઈ છે. અંતિમ ભવમાં એ **કા**મગજેન્દ્ર તરીકે જીવન જીવે છે **અ**ને એ **મ**હાવીરસ્વામી પાસે દીક્ષા લઈ મોક્ષે

૧. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૬૧-૨૬૩)
૨. આ કાવ્યમાલા ૭૦માં ઈ.સ. ૧૯૧૬માં છપાયેલી છે. જુઓ ટિ. ૩
૩. આ "જીવરાજ જૈન ગ્રંથમાલા"માં 'ગ્રંથાંક ૨' તરીકે "જૈન સંસ્કૃતિ સંરક્ષક સંઘ" તરફથી સોલાપુરથી ઈ. સ. ૧૯૪૯માં છપાયો છે.
૪. આ કૃતિ "જૈ. આ. સ." તરફથી ઈ. સ. ૧૯૧૬માં પ્રકાશિત કરાયેલી છે. આની એક હાથપોથી વિ. સં. ૧૪૩૮માં લખાયેલી મળે છે. ['કુવલયમાલા કથા સંક્ષેપ' નામે આ સિંઘી જૈ. ગ્રં. ૪૫માં અને એનું પુનર્મુદ્રણ "પ્રાચીન સાહિત્ય પુનઃ પ્રકાશન શ્રેણિ" રૂમાં થયું છે.]
૫. એમને ત્રણ શિષ્યો હતા. **ક**નકપ્રભ, **પ**રમાનન્દ અને **ર**ત્નપ્રભ.
૬. આને જ **સિદ્ધસારસ્વત** કહેતા હોય એમ લાગે છે, જો એમ જ હોય તો **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૮૮) જોવું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાય છે એ બાબત વર્ણવાઈ છે. કડવામતિ તેજપાલ શાહે વિ. સં. ૧૬૮૨માં જે [૧]**સીમંધર-શોભાતરંગ** નામની પદ્યાત્મક ગેય કૃતિ ગુજરાતીમાં રચી છે. એના મધ્ય ઉલ્લાસમાં અને ચરમ ઉલ્લાસની ઢાલ ૪૦-૪૨ સિવાયના ભાગમાં અપાયેલી બીનાઓ આ **કુવલયમાલામાં** જોવાય છે. વિશેષમાં અહીં **કામગજેન્દ્રની** (મુખ્યતયા ત્રણ જ ભવ પૂરતી કથા આ જ **કુવલયમાલાને** આધારે આપી હોય એમ જણાય છે પરંતુ એમાં કેટલીક બાબતોમાં ફેર છે.

કુવલયમાલા (પ્ર. ૩, પત્ર. ૧૨૨-૧૩૩)માં **ધર્મનાથના** સમવસરણમાંના **વૃષલોચન** (ઉંદર)નો અધિકાર વિસ્તારથી અપાયો છે જ્યારે આ ગુજરાતી કૃતિમાં એનું સામાન્ય સૂચન છે.

P. ૨૧૪ **કુવલયમાલા** (પ્ર. ૫, પત્ર. ૨૨૫)માં **બિન્દુમતી**ની શારીરિક સંપત્તિનું જે વર્ણન છે તે આ ગુજરાતી કૃતિમાં જોવાય છે. વિશેષમાં આ ગુજરાતી કૃતિમાં કેટલીક બાબતો ચિન્ત્ય જણાય છે. તેનું સમાધાન પણ આ પ્રસ્તુ **કુવલયમાલા** વિચારવાથી થાય તેમ છે.

કામગજેન્દ્રની કથા ગુજરાતીમાં સૌથી પ્રથમ સીમંધર-શોભા-તરંગમાં જ અપાઈ હોય એમ લાગે છે. એવી રીતે સંસ્કૃત કૃતિઓમાં પ્રસ્તુત કુવલયમાલા સૌથી પ્રાચીન હોય એમ ભાસે છે.

જીવન્ધર-ચંપૂ (ઉ. વિક્રમની ૧૩મી સદી)– કેટલાકને મતે આના કર્તા **હરિચન્દ્ર** તે **ધર્મશર્માભ્યુદય**ના પ્રણેતા છે. જો એમ જ હોય તો આ કૃતિ મોડામાં મોડી વિક્રમની તેરમી સદીની ગણાય.

[**જીવંધરચંપૂ**– આ ટી.એસ.કપ્પૂસ્વામિ ધ્વારા સંપાદિત થઈ શ્રીરંગમ્‌થી ઈ.સ. ૧૯૦૫માં પ્રસિદ્ધ છે. કૌમુદી ટીકા અને પનાલાલના હિન્દી અનુવાદ સાથે "ભારતીય જ્ઞાનપીઠ" દ્વારા સં. ૨૦૧૫માં પ્રસિદ્ધ થઈ છે.]

પુરુદેવ-ચંપૂ (લ. વિ. સં.)– આ દિ. **આશાધર**ના શિષ્ય **અર્હદ્દાસ**કૃત ચંપૂ છે. એમાં **આદિનાથ**નું ચરિત્ર દસ વિભાગમાં આલેખાયું છે આ "મા. દિ. ગ્રં"માં વિ. સં. ૧૯૮૫માં છપાયેલ છે.

["ભારતીય જ્ઞાનપીઠ" દ્વારા ઈ.સ. ૧૯૭૨માં પનાલાલના હિંદી અનુ. સાથે પ્રસિદ્ધ છે.]

[૨]**ચંપૂ-મંડન** (લ. વિક્રમની ૧૫મી સદીનો પ્રારંભ)[૩]–**કાવ્ય–મંડનની** જેમ આનો પણ આના કર્તા [૪]**મંડને** [૫]**સારસ્વત-મંડનના** અનુજ તરીકે ઉલ્લેખ કર્યો છે. એ હિસાબે એ એના પછીની કૃતિ ગણાય. આ ગદ્યપદ્યમય કૃતિમાં સાત પટલમાં **નેમિનાથ**નું ચરિત્ર આલેખાયું છે. પ્રસંગવશાત્ **પાંડવો** અને દ્રૌપદીની કથા અપાઈ છે.

[**શ્રાવકધર્મવિધિપ્રકરણ**– **જિનેશ્વરસૂરિ**. ટીકા-**લક્ષ્મીતિલક**. રચના વિ.સં. ૧૩૧૩ પાટણ ભંડાર ક્રમાંક ૧૫૧૫, ૩૩૨ પત્રના આ ગ્રંથની નકલ આ. મુનિચન્દ્રસૂરિના માર્ગદર્શન મુજબ સાધ્વી ધૃતિગુણાશ્રી કરી રહ્યા છે.]



૧. આનું સંપાદન વિશિષ્ટ ટિપ્પણો ઇત્યાદિ સહિત મુનિશ્રી **અભયસાગરજી**એ કર્યું છે અને એનો વિસ્તૃત "પરિચય"માં ગુજરાતીમાં લખ્યો છે. એ કૃતિ ઈન્દોરના "જૈન શ્વેતાંબર સંઘની પેઢી" તરફથી વિ. સં. ૨૦૦૭માં પ્રકાશિત કરાઈ છે.

૨. આ કૃતિ **"હેમચન્દ્રસભા"** તરફથી ગ્રંથાંક ૯ તરીકે ઈ. સ. ૧૯૧૮માં છપાવાઈ છે. આની એક હાથપોથી વિ. સં. ૧૫૦૪માં લખાયેલી મળે છે. ૩. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૪૭૭)

૪. એમના પરિચયપૂર્વક એમની કૃતિઓનો નામનિર્દેશમાં **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૫૨-૫૩)માં કર્યો છે.

૫. આનો સંક્ષિપ્ત પરિચય મેં **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૭૮)માં આપ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકરણ ૨૫ : શ્રવ્ય કાવ્યો

(ઉ) બૃહત્ ગદ્યાત્મક ગ્રન્થો

આપણે શ્રવ્યકાવ્યના પદ્યાત્મક અને ગદ્યાત્મક એવા બે પ્રકાર પાડી એ બંનેના પરિમાણની દૃષ્ટિએ 'બૃહત્' અને 'લઘુ' એવા બે ઉપપ્રકાર પાડ્યા છે. આ પૈકી 'બૃહત્' પદ્યાત્મક શ્રવ્ય કાવ્યની વિચારણા પૂર્ણ થઈ હોવાથી હેવ બૃહત્ ગદ્યાત્મક શ્રવ્ય કાવ્ય'નો વિષય હું હાથ ધરું છું.

[1]**પુરુ-ચરિત**– દિ. આચાર્ય ગુણભદ્રે **ઉત્તરપુરાણની** પ્રશસ્તિ (શ્લો. ૩૯૧)માં આ ગદ્યાત્મક ચરિતનો ઉલ્લેખ કર્યો છે. એના કર્તા દિ. **જિનસેન** છે. એમણે આ દ્વારા પુરુનું એટલે કે **ઋ**ષભદેવનું ચરિત્ર આલેખ્યું છે. આ ચરિત્ર સંસ્કૃતમાં અને તે પણ એક હજાર શ્લોક કરતાં મોટું હશે એમ માની મેં એની અહીં નોંધ લીધી છે.

બન્ધુમતી– આ આખ્યાયિકાનો ઉલ્લેખ **ત. સૂ.** (અ. ૫, સૂ. ૨૯)ની **સિદ્ધસેનગણિએ** રચેલી ટીકા (ભા. ૧, પૃ. ૩૮૦)માં છે પણ આની એકે હાથપોથી હજી સુધી તો મળી આવી નથી.

બૃહત્કથા– આ **ગુણાઢ્ય**ની **વડ્ઢકહાનું** સંસ્કૃત રૂપાંતર છે અને તેમ કરનાર 'ગંગ' વંશના રાજા **દુર્વિનીત** છે. એમણે આ રૂપાંતર ઈ. સ.ની પાંચમી સદીના અંતમાં કર્યું છે.[2] આની કોઈ હાથપોથી મળે છે ખરી ?

[3]**ઉપમિતિભવપ્રપંચાકથા** (વિ.સ. ૯૬૨)– આના કર્ત્તા [4]**સિદ્ધર્ષિ** છે. આ કથા એમણે [5]વિ. P. ૨૧૬
સં. ૯૬૨માં સુગમ સંસ્કૃત ભાષામાં રચી છે. એમાં એમણે **હરિભદ્રસૂરિને** 'ગુરુ' કહ્યા છે કેમકે એમણે રચેલી **ललितविस्तरा** વાંચીને એમને યથાર્થ બોધ થયો હતો. આ કથા આઠ પ્રસ્તાવોમાં વિભક્ત છે. એ કથા રૂપકોની પરંપરાથી વિભૂષિત છે. એમાં ક્રોધ વગેરેનું સજીવારોપણ કરાયું છે.[6] ભારતીય સાહિત્ય બલ્કે વિશ્વ– સાહિત્યમાં આ [7]રૂપકાત્મક કથા અદ્વિતીય સ્થાન ભોગવે છે. આ કથાનો મોટો

---

૧. આ નામના એક કૃતિ દિ. **હસ્તિમલ્લે** રચી છે. ૨. જુઓ Mediaval Jainism (પૃ. ૧૯-૨૩)

૩. આનું સંપાદન પ્રો. **પિટર્સન** અને ડૉ. **યા**કોબીએ કર્યું. છે અને એને ''બિબ્લિઓથેકા ઇન્ડિકા''માં ઈ.સ. ૧૮૯૯-૧૯૧૪માં સ્થાન અપાયું છે. ''દે. લા. જૈ. પુ. સં.'' તરફથી આ કૃતિ બે ભાગમાં અનુક્રમે ઈ.સ. ૧૯૧૮ને ૧૯૨૦માં છપાવાઈ છે. [આ ઉપરાંત કમલપ્રકાશન, ભારતીય પ્રા. પીંડવાડા, હર્ષપુષ્પામૃત, જિનશાસન આ. ટ્રસ્ટ, પ્રાકૃત ભારતી જયપુર વ. દ્વારા પ્રકાશિત થઈ છે.]

૪. એમના સંબંધી એક વિસ્તૃત નિબંધ નામે **શ્રીસિદ્ધર્ષિ મો**તીચંદ ગિ. કાપડીઆએ લખ્યો છે અને એ ''જૈ. ધ. પ્ર. સ.'' તરફથી ઈ. સ. ૧૯૩૯માં છપાવાયો છે.

૫. મૂળમાં વિક્રમ કે એવો કોઈ ઉલ્લેખ નથી.

૬. લોભને 'સમુદ્ર' અને માયાને 'બહુલિકા' કહી છે. પરિશિષ્ટ-પર્વ (સ. ૨, શ્લો. ૩૧૫ ઈ.)માં આવી હકીકત જોવાય છે.

૭. 'ન્યાયાચાર્ય' **યશો**વિજયગણિકૃત **વૈરાગ્યકલ્પલતા** પણ રૂપકાત્મક રચના છે. [વૈ.ક. ગુ. અનુવાદ સાથે ''હર્ષપુષ્પામૃતગ્રં'' થી પ્રસિદ્ધ થઈ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાગ ગદ્યમાં છે. વચ્ચે વચ્ચે પદ્યો જોવાય છે. એમાંનાં કેટલાંક તો લાંબાં વૃત્તોમાં ગુંથાયેલાં છે. પ્રશસ્તિમાં 'નિવૃત્તિ' કુળના **સૂરા**ચાર્ય, **દેલ્લ** મહત્તર અને **દુર્ગ**સ્વામીનો ઉલ્લેખ છે. આ કથાનો પ્રથમાદર્શ **સર**સ્વતીના અવતારરૂપે કર્તાએ નિર્દેશેલી **ગણા** નામની સાધ્વીએ તૈયાર કર્યો હતો.

વિષય– પ્રથમ પ્રસ્તાવ આધુનિક પદ્ધતિએ રચાતા ઉપોદ્‌ઘાતનું સ્મરણ કરાવે છે. બીજો પ્રસ્તાવ કર્મપરિણામનું નાટક પુરું પાડે છે. ત્રીજો પ્રસ્તાવ મનોવિકાર અને સ્પર્શનેન્દ્રિયની ખાસિયતો
P. ૨૧૭ ઉપર પ્રકાશ પાડે છે. ચોથો પ્રસ્તાવ ભવચક્રનું, પાંચમો સૌજન્ય અને દુર્જનતાનું, છઠ્ઠો છ પ્રકારના પુરુષોનું અને સાતમો છ મુનિવરોના વૈરાગ્યના પ્રસંગોનું નિરૂપણ રજૂ કરે છે. આઠમો પ્રસ્તાવ આ ગ્રંથને સમજાવવા માટે સાધેલા સુયોગ અને એની ચરિતાર્થતાની હકીકતનો નિર્દેશ કરે છે.

અનુવાદ– આ કૃતિના ત્રણ પ્રસ્તાવ જેટલા ભાગનો જર્મન અનુવાદ ડબલ્યુ **કિર્ફલે** ત્રણ ભાગમાં કર્યો છે.[૧] એનો ઇટાલિયન [૨]અનુવાદ એ. **બેલિનિ**એ કર્યો છે. આ ગ્રંથનો ગુજરાતી છાયાનુવાદ **મો**તીચંદ ગિ. કાપડીઆએ ત્રણ વિભાગમાં કર્યો છે.[૩]

ઉપમિતિભવ પ્રપંચાનામસમુચ્ચય (લ. વિ. સં. ૧૦૮૮)– આના કર્તા **વર્ધ**માનસૂરિ છે. એઓ **જિ**નેશ્વરસૂરિ અને **બુદ્ધિ**સાગરસૂરિના ગુરુ થાય છે. એમની આ કૃતિનું પરિમાણ ૧૪૬૦ શ્લોક જેવડું છે. [આ કૃતિ **'ઉપમિતિસારસમુચ્ચય'** નામે ઝાલાવાડ જૈન સંઘ સુરેન્દ્રનગરથી ૨૦૪૦માં પ્રસિદ્ધ છે.]

ઉપમિતિભવપ્રપંચાકથાસારોદ્ધાર (વિ. સં. ૧૨૯૮)– આના કર્તા 'ચન્દ્ર' કુળના **ચન્દ્ર**ર્ષિના શિષ્ય દેવેન્દ્ર છે. ૫૭૩૦ શ્લોક જેવડી અને આઠ પ્રસ્તાવમાં વિભક્ત એવી આ કૃતિ એમણે વિ. સં. ૧૨૯૮માં રચી છે. [આ ગ્રંથ પાટણ કેશરબાઈ જ્ઞાન મં. દ્વારા પ્રાયઃ પ્રગટ છે. અનુવાદ પણ પ્રગટ છે.]

ઉપમિતિભવપ્રપંચાકથાસારોદ્ધાર– આના કર્તા **હંસરત્ન** છે.

[આનું અનેક હસ્તલિખિત પ્રતિઓના ઉપયોગ પૂર્વક સંશોધન સંપાદન આ. વિજય મુચિન્દ્રસૂરિએ કર્યું છે. આ ૐકારસૂરિજ્ઞાનમંદિર ગ્રંથાવલી સૂરત ધ્વારા વિ.સં. ૨૦૫૮માં એનું પ્રકાશન થયું છે.]

ઉપમિતિ- ભવપ્રપંચોદ્ધાર– આ ગદ્યાત્મક કૃતિ **દેવ**સૂરિએ **વિમલ**ચન્દ્રગણિની અભ્યર્થનાથી ૨૩૨૮ શ્લોક જેવડી રચી છે.

[**પરિણામમાલા**– આનું મહોલ્લાલે સં. ૧૯૭૫માં પ્રકાશન કર્યું છે. આમાં **ઉપમિતિ ભ.**માંથી ઉપદેશાત્મકભાગ લીધો છે.]

[**મદનપરાજય**– નાગદેવની આ રૂપકકથામાં જિનરાજદ્વારા મદનના પરાજયનુંવર્ણન છે. આ અને અપભ્રંસ **મયણપરાજય** ''ભારતીયજ્ઞાનપીઠથી'' પ્રકાશિત થયું છે.]

---

૧. આ ત્રણ ભાગ પૂરતું લખાણ લાઈપ્ત્સિગથી ઈ. સ. ૧૯૨૪માં "Indische Erzaler, X" માં છપાવાયું છે.

૨. એ અનુવાદ G S A I (Vols. 17-19 & 21-24)માં છપાયો છે.

૩. પ્રસ્તાવ ૧-૩ પૂરતા પ્રથમ વિભાગની દ્વિતીય આવૃત્તિ ઈ.સ. ૧૯૨૫માં, પ્રસ્તાવ ૪-૫ પૂરતા બીજા વિભાગની પ્રથમ આવૃત્તિ ઈ. સ. ૧૯૨૪માં અને પ્રસ્તાવ ૬-૮ પૂરતા ત્રીજા વિભાગની પ્રથમ આવૃત્તિ ઈ.સ. ૧૯૨૬માં પ્રકાશિત કરાઈ છે. [આનું પુનર્મુદ્રણ હર્ષપુષ્પામૃત ગ્રં. જામનગરથી થયું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૧૮

[1]**તિલકમંજરી** (લ. વિ. સં. ૧૦૩૦)– આના કર્તા પરમાર્હત કવિવર [2]**ધ**નપાલ છે. એમણે આ સ્ફુટ અને અદ્‌ભુત રસવાળી કથા પોતાની તરફ સ્નેહ ધરાવનાર 'ધારા' નગરીના નરેશ **ભો**જના વિનોદાર્થે રચી છે.

પ્રારંભમાં ૫૩ (**શા**ન્તિસૂરિના મતે ૫૭) પદ્યો છે. **ઋ**ષભદેવને, અન્ય જિનોને, **ભા**રતીને તેમ જ **મ**હાવીરસ્વામીને નમસ્કાર કરી **ધ**નપાલે કવિ, કાવ્ય અને કથા સંબંધી પોતાના વિચારો દર્શાવ્યા છે. ત્યાર બાદ શ્લો. ૧૯માં (વિનયમૂર્તિ) **ઈ**ન્દ્રભૂતિને પ્રણામ કરી શ્લો ૨૦-૩૬માં એમણે નિમ્નલિખિત કવિઓની અને કૃતિઓની સ્તુતિ કરી છેઃ–

P. ૨૧૯

વાલ્મિકી, **કા**નીન (વ્યાસ). [3]**બૃહત્‌કથા, પ્ર**વરસેન અને એમનો **સે**તુબન્ધ, [4]**તરંગવતી,** જીવદેવ (પાઈય પ્રબન્ધોના કર્તા), **કા**લિદાસ, **બા**ણ અને એમની **કાદંબરી** તથા **હર્ષાખ્યાયિકા (હર્ષચરિત), મા**ઘ, **ભા**રવિ, [5]**સમરાદિત્યચરિત્ર, ભ**વભૂતિ, **વા**ક્‌પતિરાજ અને એમનો **ગૌડવધ** (પા. ગઉડવહ), ભદ્રકીર્તિ (બપ્પભટ્ટિ) અને એમનું **તારાગ(ય)ણ** (કાવ્ય), **યા**યાવર (**રા**જશેખર), **મ**હેન્દ્રસૂરિ, **રુ**દ્ર અને એમની **ત્રૈલોક્યસુન્દરી** કથાની તેમ જ એ **રુ**દ્રના પુત્ર **કદં**બરાજની સૂક્તિ.

ત્યાર બાદ શ્લો. ૩૯-૫૦ દ્વારા **પ**રમાર ભૂપની અને એમના વંશજ **વૈ**રિસિંહની, એના પુત્ર **શ્રી**સીયક, **સિ**ન્ધુરાજ, અને એના મોટા ભાઈ **વા**ક્‌પતિરાજ અને [6]**ભો**જની સ્તુતિ છે. શ્લો. ૫૧-૫૩માં **ધ**નપાલે પોતાનો પરિચય આપ્યો છે.

---

૧. કાવ્યમાલા (૮૫)માં આ પ્રકાશિત છે. (જુઓ ખંડ ૧, પૃ. ૧૧૦), આ કથાનો અમુક અંશ પૂરતો પ્રથમ ભાગ મુનિ (હવે સૂરિ) **લા**વણ્યવિજયજીકૃત **પ**રાગ નામની વ્યાખ્યા સહિત શેઠ **મા**ણેકલાલ મનસુખભાઈ તરફથી વિ. સં. ૧૯૮૧માં છપાવાયો હતો. ત્યારબાદ ''જૈ. ગ્રં. પ્ર. સ.'' તરફથી 'પૂર્ણતલ્લ' ગચ્છના **શા**ન્તિસૂરિકૃત ટિપ્પણ અને પદ્મસાગરકૃત વ્યાખ્યા અને **શ્રી**વિજયલાવણ્યસૂરિકૃત **પરાગ** નામની વિવૃત્તિ સહિત આ **તિલકમંજરીનો** પ્રથમ ભાગ વિ.સં. ૧૯૯૭માં છપાવાયો હતો. વિ. સં. ૨૦૦૮માં ઉપર્યુક્ત ટિપ્પણ તેમ જ પરાગ નામની વિવૃત્તિ સહિત **તિલકમંજરીનો** અમુક અંશ પ્રથમ ભાગ તરીકે '**શ્રી**વિજયલાવણ્યસૂરીશ્વર જ્ઞાનમંદિર' તરફથી બોટાદથી પ્રસિદ્ધ કરાયો છે. વળી **પ**રાગની રચનાનું સ્વરૂપ પણ દરેક વખતે ફરતું રહ્યું છે. ત્રણે પ્રકાશનમાં મૂળ કથાનું વાક્ય અપૂર્ણ રખાયું છે. આ જ રીતે બીજો ભાગ વિ. સં. ૨૦૧૦માં અને ત્રીજો વિ.સં. ૨૦૧૪માં પ્રસિદ્ધ કરાયેલ છે. [મહાકવિ ધનપાલ ઔર ઉનકી તિલકમંજરી' 'હરીન્દ્રભૂષણ જૈન, 'ગુરુગોપાલદાસ બરૈયા સ્મૃતિગ્રંથ' પૃ. ૪૮૪-૪૯૧]

તિલકમંજરીની વિ. સં. ૧૧૩૦માં તાડપત્ર ઉપર લખાયેલી એક હાથપોથી જેસલમેરના ભંડારમાં છે. આ કથાને લગતો **જિ**નવિજયજીનો લેખ ઈ.સ. ૧૯૧૫માં ''જૈન શ્વે. કોન્ફરન્સ હેરેલ્ડ જૈન ઇતિહાસ-સાહિત્ય-વિશેષાંક'' (પુ. ૧૧ અંક ૭ થી ૧૦)માં તેમ જ ''આ. પ્ર.'' (પુ. ૧૩ અંક ૭)માં **વી**રસંવત્ ૨૪૪૨માં છપાયો છે. ['તિલકમંજરી એક સમીક્ષાત્મક અધ્યયન' **હ**રિનારાયણ દીક્ષિત, પ્ર. ભારતીયવિદ્યા પ્ર. દીલ્હી ૧૯૮૨]

૨. એમના પરિચય અને કૃતિકલાપ માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૧૦૯-૧૧૧, ૧૧૫, ૧૨૮, ૧૯૯ અને ૨૭૦)

૩. આના કર્તા ગુણાઢ્ય છે. ૪. આ **પા**દલિપ્તસૂરિની રચના છે. ૫. આ સમભાવભાવી **હ**રિભદ્રસૂરિની કૃતિ છે.

૬. એને અંગે શ્લો. ૪૩-૫૦ એમ આઠ (શાન્તિસૂરિના મતે બાર) પદ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉત્પત્તિ–પ્ર. ચિં. (પ્રકાશ ૨) પ્રમાણે **તિલકમંજરીની** પહેલી લખેલી પ્રત લઈને એના કર્તા **ધનપાલે ભોજ** રાજા પાસે આવી વાંચવા માંડી ત્યારે એનો **રસ** નીચે ન ચુઈ જાય તે માટે એની નીચે કચોળાવાળો સુવર્ણનો થાળ મુકાવી રાજા એ સાંભળા લાગ્યો. વાંચન પુરું થતાં રાજાએ નાયકના નામ, વિનીતા અને શકાવતારને બદલે પોતાનું, અવન્તીનું અને મહાકાળનું નામ રાખવા કહ્યું. **ધનપાલે** ના પાડતાં રાજાએ એ પ્રતને ભડભડ બળતા અગ્નિમાં નાંખી દીધી. **ધનપાલ** નિરાશ થયા પરંતુ અડધું લખાણ એમની પુત્રીને યાદ હતું તે તેણે લખાવ્યું અને બાકીનું **ધનપાલે** નવેસરથી રચ્યું.

P. ૨૨૦ **વિષય**– [૧]સઘન શ્લેષોથી અને દુર્બોધ પદાર્થ, લાંબા લાંબા સમાસવાળા દંડકોથી તેમ જ સતત [૨]ગદ્ય અને [૩]પ્રચુર પદ્યોથી અને શબ્દાલુતાથી મુક્ત અને સરળ, સુબોધ અને પ્રાસાદિક પદોથી વિભૂષિત એવી આ કથા દ્વારા **તિલકમંજરી**નો **સમરકેતુ** સાથેનો પ્રેમપ્રસંગ અને સમાગમ વર્ણવાયો છે. આ કૃતિ **કાદંબરી**ની પ્રતિકૃતિરૂપ છે કેમકે જે જે સ્થળોમાં **કાદંબરી**માં પ્રસંગોચિત વર્ણનો છે તેવાં તેવાં સ્થળે તે તે જાતનાં વર્ણનો આમાં પણ જોવાય છે.

સંશોધન–પ્ર. ચ. (શૃંગ ૧૭, શ્લો. ૨૦૨) પ્રમાણે આ **તિલકમંજરીમાં** કોઈ ઉત્સૂત્રપ્રરૂપણ રહેવા ન પામે એ ઈરાદે વિ. સં. ૧૦૯૬માં સ્વર્ગે સંચરેલ 'વાદિવેતાલ' **શાન્તિસૂરિ**એ એનું સંશોધન કર્યું હતું.

અવતરણ– કાવ્યાલંકાર (૧૬૩) ઉપરની ટીકામાં **નમિ** સાધુએ અને અન્યત્ર **શુભશીલે તિલકમંજરીનો** ઉલ્લેખ કર્યો છે. **કાવ્યાનુશાસન** (અ. ૫, સૂ. ૫)ને અંગેની **અ. ચૂ.** (પૃ. ૩૨૮)માં શ્લેષના ઉદાહરણ તરીકે અને **છન્દોઽનુશાસન** (અ. ૫, સૂ. ૧૬)ની સ્વોપજ્ઞ વૃત્તિ (પત્ર ૩૬અ)માં 'માત્રા' છંદના ઉદાહરણ તરીકે **તિલકમંજરીમાંથી** અનુક્રમે દ્વિતીય પદ્ય તેમ જ અવતરણ (પૃ. ૧૭૭)નું "શુષ્કશિખરિણી"થી શરૂ થતું પદ્ય 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**એ આપ્યાં છે.

[૪]**ટિપ્પણ– તિલકમંજરી** ઉપર 'પૂર્ણતલ્લ' ગચ્છના **વર્ધમાન**-સૂરિના શિષ્ય [૫]**શાન્તાચાર્યે** ૧૦૫૦ શ્લોક જેવડું ટિપ્પણ રચ્યું છે.

P. ૨૨૧ [૬]**વ્યાખ્યા**– ઉપાધ્યાય **ધર્મસાગર**ગણિના શિષ્ય [૭]**પદ્મસાગરે** તિલક-મંજરી ઉપર વ્યાખ્યા કિંવા વૃત્તિ રચી છે.

---

૧. **સુબન્ધુ**ની **વાસવદત્તા**માં દુર્ગમ શ્લેષોની રેલમછેલ છે.

૨. **બાણ**ની **કાદંબરી**માં ગદ્યનું પ્રાધાન્ય વધારે પડતું છે એમ કેટલાક માને છે.

૩. **ત્રિવિક્રમભટ્ટ**ની **નલકથા**માં પદ્યોની પ્રચુરતા છે.

૪. "વિ. લાવણ્યસૂરિ જ્ઞાનમંદિર" બોટાદથી આ અંશતઃ પ્રકાશિત છે [આ ટિપ્પણ અને **જ્ઞાન**કળશકૃત ટિપ્પણ સાથે લા. દ. વિદ્યામંદિરથી પ્રસિદ્ધ છે.]

૫. એમણે **જૈનતર્કવાર્તિક** ઉપર તેમ જ **વૃન્દાવનાદિકાવ્યપંચક** ઉપર એકેક વૃત્તિ રચી છે.

૬. "જૈ. ગ્રં. પ્ર. સ." તરફથી વિ. સં. ૧૯૯૭માં આનો થોડોક ભાગ છપાયો છે.

૭. એમણે વિ. સં. ૧૬૩૩માં સ્વોપજ્ઞ ટીકા સહિત **નયપ્રકાશાષ્ટક**, વિ.સં. ૧૬૩૪માં **શીલપ્રકાશ**, વિ.સં. ૧૬૩૪માં ધર્મપરીક્ષા અને ૧૬૬૪માં **જગદ્-ગુરુકાવ્ય** રચ્યાં છે. વળી એમણે વિ. સં. ૧૬૫૭માં **પાઇયટીકામાંની** પાઇય કથાઓનું સંસ્કૃતીકરણ કર્યું છે. આ ઉપરાંત એમણે **યુક્તિપ્રકાશ** અને એની ટીકા, સ્વોપજ્ઞ ટીકા સહિત **પ્રમાણપ્રકાશ, યશોધરચરિત** ઇત્યાદિ રચ્યાં છે. [**ધર્મપરીક્ષા** "હર્ષપુષ્પા. ગ્રં." ૭૭માં પ્રસિદ્ધ થઈ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**પરાગ**– આના કર્તા તીર્થોદ્ધારક જૈનાચાર્ય શ્રીવિજયનેમિસૂરિના શિષ્ય **વિજયલાવણ્યસૂરિજી** છે.

તિલકમંજરીકથાસાર (વિ.સં. ૧૨૬૧)– આ [2]**અનન્તપાલનાભાઈ ધનપાલ**ની વિ. સં. ૧૨૬૧ની રચના છે. [પ્રો. નારાયણ કંસારા સંપાદિત આ કૃતિ લા.દ.વિદ્યામંદિર દ્વારા ઈ.સ. ૧૯૭૦ પ્રસિદ્ધ છે.]

[**'તિલકમંજરીકાસાર'** આ નામે આ. સુશીલસૂરિકૃત સંસ્કૃતસાર અને હિન્દી અનુવાદ સુશીલ સા. પ્ર. જોધપુર થી ૨૦૫૦માં પ્રસિદ્ધ થયું છે.]

[3]**તિલકમંજરીકથાસાર** (વિ. સં. ૧૨૮૧)– ઉપર્યુક્ત **તિલકમંજરીના** સારરૂપે આ કૃતિ **લક્ષ્મીધરે** વિ. સં. ૧૨૮૧માં રચી છે.

[4]**તિલકમંજરીસારોદ્ધાર**– આ **તિલકમંજરીની** નાનકડી આવૃત્તિરૂપ છે. એના કર્તા લઘુ ધનપાલ છે.

તિલકમંજરીપ્રબન્ધ (વિ.સં. ૧૬૩૫) **પદ્મસાગરે** વિ. સં. ૧૬૩૫માં આ પ્રબન્ધ રચ્યો છે. શું એનો વિષય ઉપર્યુક્ત **તિલક-મંજરીના** જેવો જ છે ?

ધનપાલકૃત [5]**તિલકમંજરીકથાસાર**થી માંડીને તે **પદ્મસાગર**કૃત **તિલકમંજરીપ્રબન્ધ** સુધીની કૃતિઓ અંગે જે કેટલીક બાબતો મેં રજૂ કરી છે તેની ચકાસણી વગેરે માટે પ્રા. **ના**રાયણ મણિલાલ કન્સારાનું 'પલ્લીપાલ' ધનપાલકૃત **તિલકમંજરીસાર**નું સંપાદન અને એમણે લખેલી અંગ્રેજી [6]પ્રસ્તાવના (પૃ. ૧-૪૦) ઉપયોગી હોઈ એના આધારે એમાંથી ખપપૂરતી વિગતો હું અત્ર સાભાર રજૂ કરું છું :–

'કૂર્ચાલસરસ્વતી' કવિવર **ધનપાલ**કૃત **તિલકમંજરી**ના યથાર્થ સારરૂપે 'પલ્લીપાલ' **ધનપાલે તિલકમંજરીસા**ર રચ્યો છે. એમાં એમણે આ કૃતિનો આ ઉપરાંત 'કથાસંગ્રહ' અને 'કથાસાર' તરીકે પણ ઉલ્લેખ કર્યો છે. પ્રસ્તુત કૃતિ સંસ્કૃતમાં હૃદયંગમ ૧૨૦૩+૭=૧૨૧૦ પદ્યોમાં [7]મુખ્યત્વે 'અનુષ્ટુભ્' છંદમાં રચાઈ છે. એ [8]નવ વિશ્રામ (પ્રયાણક)માં વિભક્ત કરાઈ છે. એનાં નામો નીચે મુજબ છે :–

---

૧. ''વિજયલાવણ્યસૂરિ જ્ઞાનમંદિર'' બોટાદ દ્વારા આનો કેટલોક ભાગ પ્રસિદ્ધ થયો છે.

૨. **જિન**વિજયજીના મતે એઓ દિગંબર છે. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ.૧૯૯)

૩. આ કૃતિ ''હેમચન્દ્ર સભા'' તરફથી ગ્રંથાક ૧૨ તરીકે ઈ. સ. ૧૯૧૯માં છપાવાઈ છે.

૪. આ કૃતિ ''હેમચન્દ્ર સભા'' તરફથી પ્રકાશિત કરાઈ છે. [પ્રો. **ના**રાયણ કંસારા સંપાદિત **'તિલકમંજરીકથોદ્ધાર'** પ્રાચ્યવિદ્યાભવન વડોદરાથી ઈ.સ. ૧૯૮૪માં પ્રસિદ્ધ થયું છે.]

૫. આ કૃતિ 'પલ્લીપાલ' **ધનપાલ**કૃત **તિલકમંજરીસાર**ના નામથી ''લા. દ. વિદ્યામંદિર'' તરફથી હાલ (૧૯૬૯માં) પ્રસિદ્ધ કરાઈ છે. [**તિલકમંજરીકાસાર**– આ. **સુ**શીલસૂરિ કૃત સંસ્કૃતસાર અને હિન્દી અનુ. ''સુશીલસા.પ્ર.'' જોધપુરથી છપાયું છે.]

૬. પૃ. ૬માં **પત્તન.સૂચી** અને **જિ. ૨. કો.માં**ના **તિલકમંજરીસાર** સંબંધી ઉલ્લોખો ભ્રાન્ત હોવાનું સૂચવ્યું છે.

૭. અવશિષ્ટ છંદોના નામ નીચે પ્રમાણે છે :–
પૃથ્વી, મંજુભાષિણી, મન્દાકાન્તા, માલતી, માલિની, શાર્દૂલવિક્રીડિત, શિખરિણી, સ્રગ્ધરા અને હરિણી. આ પૈકી મંજુભાષિણી અને માલતી નોંધપાત્ર છે.

૮. આની પદ્યસંખ્યા નીચે મુજબ છે : ૧૦૬, ૧૨૨, ૧૩૯, ૧૨૯, ૧૬૮, ૧૪૧, ૧૬૨, ૧૪૫ અને ૯૧.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લક્ષ્મીપ્રસાદન, મિત્રસમાગમ, ચિત્રપટદર્શન, પુરપ્રવેશ, નૌવર્ણન, મલયસુન્દરીવૃત્તાન્ત, ગન્ધર્વકશાપાપગમ, પ્રાગ્ભવપરિજ્ઞાન અને રાજ્યદ્વયલાભ.

અંતમાં ગ્રન્થકારે સાત પદ્યોમાં પોતાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે અને પ્રસ્તુત કૃતિનું રચનાવર્ષ વિ. સં. ૧૨૬૧ હોવાનું દર્શાવ્યું છે. એ ઉપરથી આપણે નિમ્નલિખિત બાબતો જાણી શકીએ છીએ :–

અણહિલ્લપુર (પાટણ)માં સુવિખ્યાત 'પલ્લીપાલ' કુળમાં ઉત્પન્ન થયેલા **આમન** એમના પિતા છે. એઓ અનેક શાસ્ત્રના જાણકાર અને સુકવિ હતા. એમણે **નેમિચરિત** નામનું મહાકાવ્ય રચ્યું છે. આમનને ચાર પુત્રો હતા : અનંતપાલ, [1]ધનપાલ, રત્નપાલ અને ગુણપાલ. આ પૈકી અનંતપાલે ''સ્પષ્ટા [2]ગણિતપાટિકા'' રચી છે.

લક્ષ્મીધરે તિલકમંજરીકથાસાર અણહિલવાડમાં જ અને 'પલ્લીપાલ' ધનપાલની રચના બાદ વીસ વર્ષે રચ્યો છે છતાં આ ધનપાલની કૃતિની એમાં નોંધ નથી તે નવાઇ જેવું લાગે. આ બંનેની કૃતિઓની તુલના ઉપર્યુક્ત પ્રસ્તાવના (પૃ. ૨૭-૩૧)માં કરાઇ છે.

તિલકમંજરીસારનું જે એક જ હાથપોથીના આધારે સંપાદન કરાયું છે તેમાં સારોદ્ધાર અને લઘુ ધનપાલ પૈકી એકેનો ઉલ્લેખ નથી. આ ઉપરથી તો એમ ભાસે છે કે **તિલકમંજરીસારોદ્ધાર** અને એના કર્તા લઘુ ધનપાલ હોવાનું જે મેં કહ્યું છે તે ખોટું છે અને એને અંગેનું છઠ્ઠું ટિપ્પણ અનાવશ્યક છે.

તિલકમંજરીપ્રબન્ધના કર્તા **પદ્મસાગર** છે કે **ચન્દ્રપ્રભસૂરિ** કે અન્ય કોઇ તે જાણવું બાકી રહે છે. આ **પદ્મસાગર**ના શિષ્ય હોઇ નહિ શકે એમ આ કૃતિની તાડપત્રીય પ્રતિ અને તેની પ્રાચીનતા જોતાં અનુમનાય છે. આ કૃતિ **તિલકમંજરી**ના સારરૂપે નહિ પરંતુ એના આધારે સ્વતંત્ર રચના તરીકે ઉપસ્થિત કરવાનો પ્રયાસ થયેલો જોવાય છે. આથી આ કૃતિનું વાસ્તવિક નામ 'તિલકમંજરીકથોદ્ધાર' હોવાનું સૂચવાયું છે. આ અપ્રકાશિત કૃતિને અંગેની કેટલીક વિગતો ઉપર્યુક્ત પ્રસ્તાવના (પૃ. ૩૩-૩૯)માં અપાઇ છે.

P. ૨૨૨ [3]**ગદ્ય-ચિન્તામણિ** (લ. સં. ૧૧૨૫)– આના કર્તા **વાદીભસિંહ** તરીકે ઓળખાવાતા દિ. **ઓડયદેવ** છે. એમણે **ક્ષત્ર-ચૂડામણિ** નામનું કાવ્ય રચ્યું છે. એમાં તેમ જ આ ગદ્યાત્મક કૃતિમાં એમણે **જીવન્ધર**ની કથા આલેખી છે. અહીં અપાયેલી આ કથા **ગુણભદ્ર** રચેલા **ઉત્તરપુરાણ**માંથી લેવાઈ હોય

૧. એઓ નવ્યાકાવ્યશિક્ષાપરાયણ હતા અને પોતાના પિતા પાસે એમણે કરેલા અભ્યાસને પરિણામે **તિલકમંજરીસાર** રચ્યો છે.

૨. આની નોંધ મેં 'પાટીગણિતના' નામથી ઉપર્યુક્ત **નેમિચરિત**ના ઉલ્લેખપૂર્વક **જૈ. સં. સા. ઇ** (ખંડ ૧, પૃ. ૧૯૯)માં લીધી છે. પરંતુ આ બે કૃતિમાંથી એકે ઉપલબ્ધ હોય તો તે અદ્યાપિ મારા જોવામાં આવી નથી.

૩. ઇ.સ. ૧૯૦૨માં ટી.પી. કુપ્પુસ્વામિ સંપાદિત આ કૃતિ છપાયેલી છે, [પનાલાલના હિન્દી અનુવાદ અને સંસ્કૃત ટીકા સાથે ભારતીયજ્ઞાનપીઠથી સં. ૨૦૧૫માં પ્રકાશિત]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ જણાય છે.[૧] આ કથા **ભોજ** રાજાના સ્વર્ગવાસ[૨] પછી, પરંતુ **તિરુત્તક્કદેવે** રચેલ **જીવકચિન્તામણિ** નામની કૃતિની પૂર્વે એટલે કે **વિક્રમ**ની બારમી સદીના પ્રથમ ચરણમાં રચાઈ હશે એમ મનાય છે.[૩] આ કથા **બાણ**કૃત **કાદંબરી** અને ધનપાલની **તિલકમંજરી**ના અનુકરણરૂપે રચાઈ હોય એમ લાગે છે.

['ગદ્યચિન્તામણિ પરિશીલન' પં. **પ**નાલાલ, ''ગોપાલદાસ બરૈયા સ્મૃતિગ્રંથ'' પૃ. ૪૭૪-૪૮૩]

પંચતંત્ર યાને [૪]**પંચાખ્યાન** (વિ. સં. ૧૨૫૫)– આ સુપ્રસિદ્ધ **પંચતંત્રનું** રૂપાંતર છે. એના કર્તા **પૂર્ણ**ભદ્રસૂરિ છે અને એમણે વિ. સં. ૧૨૫૫માં **સોમ** મંત્રીની અભ્યર્થનાથી આ કૃતિ નવરંગપુરમાં યોજી છે. આ **પૂર્ણ**ભદ્રસૂરિને જૈ. સા. સં. ઈ. (પૃ. ૩૪૦)માં, **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૨૪)માં, માં અને ડૉ. **સં**ડેસરાના **પંચતંત્ર**ના ઉપોદ્‌ઘાત (પૃ. ૩૪)માં 'ખરતર' ગચ્છના **જિ**નપતિ(સૂરિ)ના શિષ્ય કહ્યા છે પરંતુ ''યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી'' પ્રમાણે તો 'ખરતર' ગચ્છના **પૂર્ણ**ભદ્રની દીક્ષા વિ. સં. ૧૨૬૦માં થઈ છે એટલે આ કથન વિચારણીય ઠરે છે અને શ્રી. **અ**ગરચંદ નાહટાએ તો આને ભૂલ જ ગણી છે.[૫] P. ૨૨૩

પંચાખ્યાનસારોદ્ધાર યાને **બૃહત્પંચાખ્યાન**– આ પણ **પંચતંત્રનું** એક પ્રકારનું રૂપાંતર છે. એને પણ **પંચાખ્યાન** કહે છે. એના કર્તા **ધ**નરત્નગણિ છે.

પંચાખ્યાન યાને **પંચાખ્યાનોદ્ધાર** (વિ.સં. ૧૭૧૬)– આના કર્તા **ચન્દ્રપ્રભા** વગેરેના રચનારા ઉપાધ્યાય **મે**ઘવિજય છે. એમણે ઉપર્યુક્ત **પૂર્ણ**ભદ્રકૃત **પંચાખ્યાનને** ગદ્યમાં રજૂ કરતી આ કૃતિ વિ. સં. ૧૭૧૬માં રચી છે.

પંચાખ્યાન– આ અજ્ઞાતકર્તુક કૃતિ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૩૦)માં નોંધાયેલ છે.

---

૧. જુઓ જૈ. સા. સં. ઈ. (પૃ. ૪૮૧)

૨. આમ માનવાનું કારણ એ છે કે આમાં નીચે મુજબની પંક્તિ છેઃ–

''अद्यधारा निराधारा धरा निरालम्बा सरस्वती''

આ નિમ્નલિખિત પદ્યની છાયારૂપ છેઃ–

''अद्य धारा निराधारा निरालम्बा सरस्वती ।
पण्डिताः खण्डिताः सर्वे भोजराजे दिवं गते ॥''

૩. જુઓ પૃ.૧૦૨ અને જૈ: સા. ઈ. (પૃ. ૪૮૨)

૪. આ નામની ગુજરાતી કૃતિ 'વડ' ગચ્છના **૨**ત્નચન્દ્રના શિષ્ય **વ**ત્સરાજ-ગણિએ વિ. સં. ૧૬૪૮માં રચી છે.

૫. જુઓ ''જૈ. સ. પ્ર.'' (વ. ૧૬, અં. ૨)માંનો લેખ ''पंचतंत्र के उद्धारक पूर्णभद्र जिनपतिसूरिशिष्य थे?''. આ લેખમાં **પૂર્ણ**ભદ્રની કૃતિને ૪૬૦૦ શ્લોક જેવડી કહી છે. [પૂર્ણભદ્રસૂરિપ્રતિષ્ઠિત પંચતંત્ર હાર્વર્ડ ઓરિએંટલસિરિઝમાં સં. ૧૯૦૮માં પ્રસિદ્ધ થયેલ આનું પુનર્મુદ્રણ આ. **શી**લચન્દ્રસૂરિ મ.ના પ્રયાસથી વિશ્વનન્દી સંઘે સં. ૨૦૪૪માં પ્રસિદ્ધ કર્યું છે. આ ગ્રંથ આ. શ્રીૐકારસૂરિમ. ને અર્પણ કરાયો છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**પ્રબન્ધચિન્તામણિ** (વિ. સં. ૧૩૬૧)– આ **મેરુતુંગસૂરિ**ની વિ. સં. ૧૩૬૧ની રચના છે.
P. ૨૨૪ એઓ 'નાગેન્દ્ર' ગચ્છના **ચન્દ્રપ્રભ**ના શિષ્ય અને **ગુણચન્દ્ર**ના ગુરુ થાય છે.

એમણે [2]**વિચારશ્રેણિ** તેમ જ [3]**મહાપુરુષચરિત** લોકરંજનાર્થે–મુખ્યતયા જૈન સમાજના રંજનાર્થે રચ્યાં છે. વળી વઢવાણમાં એમણે આ **પ્રબન્ધચિન્તામણિ** નામની કૃતિ મુખ્યતયા ગદ્યમાં રચી છે. એની શૈલી **ચ. પ્ર.** જેવી સુગમ નથી વળી એ કંઈ સૂર્યોદય, ઋતુ વગેરેનાં પદ્યાત્મક વર્ણનોથી વિભૂષિત કાવ્ય નથી કિન્તુ સુભાષિતો દ્વારા અલંકૃત સંક્ષિપ્ત કથાઓના સંગ્રહરૂપ છે. આ કૃતિ ઐતિહાસિક દૃષ્ટિએ ઘણી મહત્ત્વની છે કેમકે એમાં વિ.સં. ૮૦૨માં થયેલી પાટણની સ્થાપનાથી માંડીને મંત્રીશ્વર વસ્તુપાલે 'શત્રુંજય' તીર્થની વિ. સં. ૧૨૭૭માં કરેલી યાત્રા સુધીના બનાવોની સાલ અપાઈ છે.[4]

પ્રસ્તુત કૃતિ પાંચ પ્રકાશમાં વિભક્ત છે. [5]પ્રથમ પ્રકાશમાં વિક્રમાદિત્ય, **કા**લિદાસ, **સિદ્ધસેન** દિવાકર, **શા**લિવાહન. 'ચાપોત્કટ' ([6]ચાવડા) વંશના **વ**નરાજ વગેરે રાજાઓ અને સોલંકી **મૂ**લરાજ તેમ જ **મુંજ**રાજ અંગેના પ્રબંધો છે.

P. ૨૨૫ બીજા પ્રકાશમાં ખાસ કરીને **ભો**જ અને **ભી**મના પ્રબંધો છે. **મ**યૂર, **મા**ઘ, **ધ**નપાલ, **બા**ણ અને **મા**નતુંગનાં ચરિત્રો પ્રસંગવશાત્ આલેખાયાં છે.

ત્રીજા પ્રકાશમાં મુખ્યતયા **સિદ્ધ**રાજનો અને ગૌણરૂપે **દે**વસૂરિ, **આ**ભડ, ઉદયન અને **સા**ન્તુ મંત્રીના પ્રબંધો છે.

---

૧. આ કૃતિ **રા**મચન્દ્ર દીનાનાથ શાસ્ત્રીએ વિ. સં. ૧૯૪૪માં મુંબઈથી પ્રસિદ્ધ કરી હતી. ત્યાર બાદ એમણે એનો ગુજરાતી અનુવાદ કરી તે પણ છપાવ્યો હતો. કાલાંતરે આ 'ફાર્બસ ગુજરાતી સભા' તરફથી ઈ. સ. ૧૯૩૨માં અને એનો શ્રી. દુર્ગાશંકર કે. શાસ્ત્રીએ કરેલો ગુજરાતી અનુવાદ પરિશિષ્ટ સહિત ઈ. સ. ૧૯૩૪માં પ્રસિદ્ધ કરાયેલાં છે. મૂળ કૃતિ ''સિં. જૈ. ગ્રં.''માં ઈ. સ. ૧૯૩૩માં પ્રકાશિત થઈ છે. [આનું પુનર્મુદ્રણ ''પ્રાચ્ય સા. શ્રેણિ''માં થયું છે.] આ કૃતિનો સી. આર. **ટૉ**નિએ કરેલો અંગ્રેજી અનુવાદ ''બિબ્લિઓથેકા ઇન્ડિકા સિરીઝ''માં ઈ.સ. ૧૮૯૯-૧૯૦૧માં છપાયો છે. આ મૂળ કૃતિનું પં. હજારીપ્રસાદજી દ્વિવેદીએ હિન્દીમાં કરેલું ભાષાન્તર ''સિં. જૈ. ગ્રં.''માં ઈ.સ. ૧૯૪૦માં છપાવાયું છે. એને અંગે **જિ**નવિજયજીએ લખેલું ''પ્રાસ્તાવિક વક્તવ્ય'' મહત્ત્વનું. એમાં પ્રસ્તુત કૃતિનો ઉત્તરોત્તર કોણે કોણે ક્યા કયા ગ્રંથમાં ઉપયોગ કર્યો છે તેની નોંધ છે.

પ્રબન્ધચિન્તામણિગત વિશેષનામોની સૂચિ **પુરાતન-પ્રબન્ધસંગ્રહ**ના અંતમાં છપાવાઈ છે.

૨. આ 'જૈન સાહિત્ય સંશોધક' (ખંડ ૨, અં. ૩-૪)માં ઈ. સ. ૧૯૨૫માં છપાવાઈ છે.

૩. આનું બીજું નામ **ધર્મોપદેશશતક** છે. એ ૨૩૩૬ શ્લોક જેવડું છે. એમાં લોકપ્રિય **ઋ**ષભદેવાદિ પાંચ તીર્થંકર વિષે કેટલીક માહિતી અપાઈ છે.

૪. શ્રી. દુર્ગાશંકરકૃત ઉપર્યુક્ત અનુવાદની પ્રસ્તાવના (પૃ. ૭)માં કહ્યું છે કે ''પ્ર. ચિ. પહેલાનાં કોઈ ગ્રંથમાં કાલાનુક્રમ નથી. **મૂ**લરાજ વગેરે રાજાઓનો વંશાનુક્રમ દ્વ્યાશ્રય વગેરેમાં છે, પણ કાલાનુક્રમ નથી.''

૫. સુવર્ણપુરુષની સિદ્ધિ અને પરકાયપ્રવેશવિદ્યા વિષે અહીં ઉલ્લેખ છે.

૬. આ વંશની વંશાવલી ઉપયુર્ક્ત ગુજરાતી અનુવાદવાળી આવૃત્તિમાં પૃ. ૩૮-૪૨માં પરિશિષ્ટરૂપે અપાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચોથા પ્રકાશનો મુખ્ય વિષય કુમારપાલનો પ્રબંધ છે. પ્રસંગવશાત્ અહીં અજયદેવ (અજયપાલ), 'બાલ' મૂલરાજ, ભીમ બીજો, લવણ-પ્રસાદ અને વીરધવલ એ ભૂપતિઓ વિષે તેમ જ વસ્તુપાલ મંત્રીશ્વર વિષે કેટલીક હકીકતો અપાઈ છે.

પાંચમાં પ્રકાશમાં વિક્રમાર્ક, નન્દ, મલ્લવાદી, શિલાદિત્ય, જયચન્દ્ર, વરાહમિહિર, નાગાર્જુન, ભર્તુહરિ અને વૈદ્ય વાગ્ભટ એમ વિવિધ વ્યક્તિઓના નાનામોટા પ્રકીર્ણક પ્રબંધો છે.

દાનત તેવી બરકત– આ કહેવતને ચરિતાર્થ કરનારી અને 'શેરડીનો રસ' તરીકે ઓળખાવાતી એક કથા આ **પ્રબન્ધચિન્તામણિ** (પ્રકાશ ૨, 'ઈક્ષુરસ' પ્રબન્ધ, પૃ. ૪૮)માં નીચે મુજબ અપાઈ છે:–

એક વેળા ભોજ[1] રાજા રાત્રિના સમયે પોતાના મિત્ર સાથે શહેરમાં ફરવા નીકળ્યો. એ ખૂબ તરસ્યો થતાં એક વારાંગનાને આંગણે ગયો અને પોતાના મિત્ર દ્વારા એણે પાણી માંગ્યું. શંભલી નામની દાસી પૂર્ણ વાત્સલ્યપૂર્વક પાણીને બદલે શેરડીનો રસ આપવા અંદર ગઈ પરંતુ શેરડીના રસથી પાત્ર ભરતાં એને વાર લાગી એથી એને ખેદ થયો. એ દાસીનો ઉલ્લાસ જતો રહેલો જોઈ રાજાના એ મિત્રે એને ખિન્નતાનું કારણ પૂછ્યું. દાસી બોલી કે રોજ તો શેરડીના સાંઠા ઉપર કાપો મૂકતાં વેંત રસની શેડ ઊડતી અને પાત્ર જોતજોતામાં છલકાઈ જતું પરંતુ આજે માંડમાંડ આવડું જ પાત્ર ભરી શકાયું. આપણા રાજાનું મન પ્રજાની વિરુદ્ધ થયું છે એટલે આમ થયું. આ સાંભળી રાજાએ વિચાર્યું કે મેં શિવમંદિરમાં મોટું નાટક કરાવનારા એક વણિકને લૂંટવાનો વિચાર કર્યો હતો. એ મારી બદદાનતનું આ ફળ છે. બીજી રાત્રે બીજા વેષે રાજા એ જ સ્થળે આવ્યો અને પાણી માંગ્યું એ વેળા P. ૨૨૬
દાસી શેરડીના રસથી છલકાતો પ્યાલો આપી શકી અને બોલી કે આજે રાજાજીની દાનત સુધરી ગઈ લાગે છે. રાજાને એ સાંભળતાં યાદ આવ્યું કે પોતે આજે પ્રજાનું ભલું કરવાનો ઉપાય વિચારતો નીકળ્યો હતો.[1]

આ કથા સ્વલ્પ પરિવર્તનપૂર્વક ''શેરડીનો રસ'' નામની [2]કવિતારૂપ મેં રજૂ કરી છે.

સહાયક– પ્રસ્તુત કૃતિને અંગેની ઐતિહ્ય સામગ્રી મોટા પ્રમાણમાં ધર્મદેવ કે જેઓ કર્તાના મોટા ગુરુભાઈ થતા હશે કે અન્યગચ્છીય હશે તેમની પાસેથી કર્તાને મળી હતી.

પ્રથમાદર્શ– પ્રસ્તુત કૃતિનો પ્રથમાદર્શ કર્તાના શિષ્ય ગુણચન્દ્રે તૈયાર કર્યો હતો.

ભાષાન્તરો– પ્રસ્તુત કૃતિના ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમા ભાષાન્તર થયેલાં છે અને એ છપાવાયાં છે.[3]

સમાનનામક કૃતિ– ગુણચન્દ્રસૂરિએ **પ્રબન્ધચિન્તામણિ** નામની કૃતિ રચી છે અને એની એક હાથપોથી વિ. સં. ૧૫૦૨માં લખાયેલી છે.[4]

---

૧. આ કલાપીના 'ગ્રામ્યમાતા' નામના ખંડકાવ્યનું સ્મરણ કરાવે છે.

૨. આ મારી કવિતા ''ગુ. મિત્ર તથા ગુ. દર્પણ''ના તા. ૧૯-૬-૬૫ના અંકમાં છપાઈ છે.

૩. ''ફાર્બસ ગુજરાતી સભા'' અને ''સિંધી જૈન ગ્રંથમાળા''માં છપાયા છે.

૪. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૬૫)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**વિચારશ્રેણિ** યાને [2]**સ્થવિરાવલી**– આના કર્તા તે **પ્ર. ચિં.** વગેરે રચનારા **મેરુતુંગસૂરિ** છે.
P. ૨૨૭ એમની આ પ્રસ્તુત કૃતિ પણ **પ્ર. ચિં.**ની પેઠે ઐતિહાસિક વિગતો પૂરી પાડે છે. એમાં 'ચાવડા' વંશની [3]વંશાવલી છે. વળી એમાં **કાલકસૂરિ, હરિભદ્રસૂરિ** અને **જિનભદ્રગણિ**ના વૃત્તાંતો છે. આ ઉપરાંત **મહાવીરસ્વામી**ના નિર્વાણસમય અને **વિક્રમસંવત્** વચ્ચે ૪૭૦ વર્ષના અંતરનો અહીં નિર્દેશ છે.

''**जं रयणि**'' થી શરૂ થતી ગાથા તેમ જ બીજાં પણ કેટલાંક પાઈય પદ્યો અહીં અપાયાં છે અને એનું સ્પષ્ટીકરણ કરાયું છે. આથી તો કેટલાક આ કૃતિને 'વૃત્તિ' માનવા પ્રેરાય છે.

સારાંશ– પ્રસ્તુત કૃતિનો અંગ્રેજીમાં કરાયેલો [4]સારાંશ છપાયેલો છે.

[5]**પુરાતન-પ્રબન્ધ-સંગ્રહ**– આ સંગ્રહ **પ્ર. ચિં.** સાથે સંબંધ ધરાવે છે એને એક રીતે એની પૂર્તિની ગરજ સારે છે. આની સંકલનામાં [6]પાંચ **પ્રબન્ધ-સંગ્રહ** કામમાં લેવાયા છે અને તેમ કરી આમાં સાઠેક પ્રબન્ધોને સ્થાન અપાયું છે. **પ્રબન્ધકોશની** રચનામાં આ કૃતિ ઉપયોગી નીવડી હોય એમ લાગે છે.

દ્વાસપ્તતિ-પ્રબન્ધ અને **ચતુરશીતિ-પ્રબન્ધ**– વિ. સં. ૧૫૧૭માં **ભોજપ્રબન્ધ** રચનારા **રત્નમન્દિરગણિ**એ [7]**ઉપદેશ તરંગિણીમાં** વસ્તુપાલના કીર્તિદાનના પ્રબન્ધો વિચારતી વેળા આ બે કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે.

P. ૨૨૮ [8]**અન્તરકથાસંગ્રહ**[9] યાને **કથાકોશ** (લ. વિ. સ. ૧૪૦૫)– આના કર્તા **પ્રબન્ધકોશ** વગેરેના

૧. **જૈ. સા. સં.** (ખં. ૨ અંક ૩-૪)માં આ પ્રકાશિત છે.

૨. આ નામ **પરિશિષ્ટપર્વ**નું પણ છે.

૩. આમાં સાત રાજાનો (નહિ કે આઠનો) ઉલ્લેખ છે. વળી અહીં. વનરાજના રાજ્યકાળના આરંભ તરીકે વિ. સં. ૮૨૧ની સાલ અપાઈ છે અને છેલ્લા રાજાના રાજ્યકાળની સમાપ્તિ માટે વિ. સં. ૧૦૧૭નો ઉલ્લેખ છે. આમ એ **પ્ર. ચિં.** થી ભિન્નતા ધરાવે છે.

૪. આ સારાંશ J B B R A S (Vol. IX. p, 147)માં અપાયો છે.

૫. આ કૃતિ ''સિં જૈ.'' ગ્રં. માં ઈ. સ. ૧૯૩૬માં છપાવાઈ છે. [આનું પુનર્મુદ્રણ પણ થયું છે.]

૬. આનો પરિચય ઉપર્યુક્ત આવૃત્તિમાં અપાયો છે.

૭. આની વિ. સં. ૧૫૧૯માં લખાયેલી એક હાથપોથી ભાં. પ્રા. સં. મં. માં છે. એના વર્ણન માટે જુઓ D C G C M (Vol. XVIII, Pt. pp. 322-323) [''હર્ષપુષ્પામૃત'' ૬૭માં **ઉપદેશત** પ્રસિદ્ધ થઈ છે.]

૮. આ કૃતિ ''ઋ. કે. શ્વે. સંસ્થા'' તરફથી રતલામથી ઈ. સ. ૧૯૩૭માં છપાવાઈ છે. એમાં પ્રત્યેક કથાને મથાળે જે પદ્ય છે એની અનુક્રમણિકા અપાઈ છે. વળી આ કૃતિમાં આવતાં નગરનાં નામ તેમ જ અન્ય વિશેષનામોની સૂચી અપાઈ છે. વિશેષમાં ૮૬ કથાનાં નામો પણ રજૂ કરાયાં છે. અંતમાં **વિનોદકથાસંગ્રહ**માંથી વધારાની અન્ય પંદર કથાઓ અપાઈ છે. આ ઉપરાંત આ ૧૫ કથાને મથાળે પણ જે એકેક પદ્ય છે તેની નોંધ, એ કથાઓમાં આવતાં નગરનાં નામોની સૂચી, પંદર કથાનાં નામ તેમ જ **કથાકોશમાંના** પ્રાસ્તાવિક શ્લોકની સૂચી અપાયાં છે. [વિનોદકથાસં. હર્ષપુષ્પા ૯૦માં પ્રસિદ્ધ થયેલ છે.]

૯. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૧)માં આ નામની **રા**જશેખરસૂરિની કૃતિમાં ૮૧ કથાઓ હોવાનો ઉલ્લેખ છે. વિશેષમાં અહીં આ જ કૃતિને **વિનોદ કથાસંગ્રહ** કહી છે. આ ઉપરાંત આ કૃતિ ઈ. સ. ૧૯૧૮માં મુંબઈથી પ્રકાશિત થયાનો અને એનો ગુજરાતી અનુવાદ ''જૈ. ધ. પ્ર. સ.'' તરફથી વિ. સં. ૧૯૭૮માં પ્રસિદ્ધ થયાનો ઉલ્લેખ છે. આ કૃતિની એક હાથપોથી વિ. સં. ૧૫૪૦માં લખાયેલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રણેતા 'મલધારી' ગચ્છના [1]**રા**જશેખરસૂરિ છે. **જિ**નેશ્વરસૂરિ વગેરેએ **કથાકોશ** રચ્યા છે પરંતુ એ તો ધર્મસાધનને અંગેનો ઉપદેશ પૂરો પાડે છે જ્યારે આ **કથાકોશ** તે કર્તાએ કહ્યું છે તેમ રસપ્રિય પરિષદને રસ ઉપજાવવા માટે યોજાયો છે. એમાં ૮૬ કથાઓ ગદ્યમાં છે. એ પ્રત્યેકના પ્રારંભમાં એ કથાના નિષ્કર્ષરૂપ એકેક પદ્ય જોવાય છે. 'મોદકી' કથાથી આ કૃતિની શરૂઆત કરાઈ છે અને 'અભયદાનમહિમા' નામની કથા વડે એની પૂર્ણાહુતિ કરાઈ છે. આ કૃતિમાં મૂર્ખ સંબંધી બે કથા છે.[2]

ચતુરશીતિધર્મકથા– આની એક હાથપોથી **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ.....)માં નોંધાયેલી છે. શું આ ઉપર્યુક્ત કૃતિ છે ?

કથાકોશ (ઉ. વિ. સં. ૧૭૦૨)– આ નામની બે કૃતિ છે. એ બંનેના કર્તાનું નામ **સ**મયસુન્દર P. ૨૨૯
છે. એઓ 'પ્રાગ્વાટ' જ્ઞાતિના **રૂ**પસિંહ અને એમની પત્ની **લી**લાદેવીના પુત્ર થયા છે. એમનો જન્મ વિ. સં. ૧૬૧૫ના અરસામાં થયો હતો. 'ખરતર' ગચ્છના **જિ**નચન્દ્રસૂરિએ એમને વિ. સં. ૧૬૩૦ની આસપાસમાં દીક્ષા આપી હતી. **સ**કલચન્દ્ર એમના ગુરુ થાય છે અને **મ**હિમરાજ વાચક (**જિ**નસિંહસૂરિ) તથા ઉપાધ્યાય **સ**મયરાજ એમના વિદ્યુગુરુ થાય છે. લ. વિ. સં. ૧૬૪૦માં ગણિ, લ. વિ. સં. ૧૬૪૯માં વાચનાચાર્ય અને વિ. સં. ૧૬૭૨માં કે એકાદ વર્ષ પહેલાં ઉપાધ્યાય બનનારા આ **સમયસુન્દર**નો સ્વર્ગવાસ વિ. સં. ૧૭૦૨માં થયો હતો. એમણે સંસ્કૃત, પાઈય, ગુજરાતી, રાજસ્થાન, હિન્દી અને સિન્ધીમાં કૃતિઓ રચી છે. એમણે વિ. સં. ૧૬૪૧માં કાવ્યશાસ્ત્રને લગતું ૧૦૧ પદ્યનું **ભાવશતક** સંસ્કૃતમાં રચ્યું છે તે એમની આદ્ય કૃતિ ગણાય છે. આ **ભાવશતક**નું દ્વિતીય પદ્ય નીચે મુજબ છે:–

''काव्यप्रकाशे शास्त्रे ध्वनिरिति संज्ञा निवेदिता येषाम् ।
वाच्यातिशायिव्यङ्ग्यान् कवित्वभेदानहं वच्मि ॥२॥''

આ [3]**ભાવશતક** સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત છે.[4]

ભાવશતક– આ નામની બીજી ત્રણ કૃતિઓ છે:–

(૧) **ના**ગરાજે સંસ્કૃતમાં ૧૦૩ પદ્યોમાં રચી છે.

(૨) **ક**મલવિજયગણિના શિષ્ય **હે**મવિજયે વિ. સં. ૧૬૩૪માં રચી છે. એના ઉપર સ્વોપજ્ઞ અવચૂરિ છે. [રચના સં. ૧૬૩૪ (કોબા) કૈલાસ સા. જ્ઞાન. ક. ૩૨૪૬માં હસ્તપ્રત છે.]

(૩) આ અજ્ઞાતકર્તૃક છે.

આ કૃતિમાં ધ્વનિને આશ્રિત કરીને વાચ્યાતિશાયી વ્યંગ્ય કવિત્વભેદો કે જેને **કાવ્યપ્રકાશમાં** 'ધ્વનિ' સંજ્ઞા અપાઈ છે તે ભેદો અહીં વર્ણવાયા છે (જુઓ શ્લો. ૨) વિશેષમાં આ સમગ્ર કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત છે. એમણે સંસ્કૃતમાં આ ઉપરાંત વીસેક કૃતિ રચી છે. પ્રાદેશિક ભાષાઓમાં એમની

૧. એમણે રચેલી **કૌતુકકથા** તે જ આ **અન્તરકથાસંગ્રહ** હશે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૫૬)માં ઉલ્લેખ છે.
૨. જુઓ કથા ૫ અને ૫૩.
૩-૪. આની નોંધ મેં **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, ઉપખંડ ૧, પૃ. ૨૨૯)માં લીધી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રચાયેલી નાની નાની કૃતિઓ કેટલીક લઘુ સંસ્કૃત અને પાઈય કૃતિઓ સહિત [1]**સમયસુન્દરકૃતિકુસુમાંજલિ** તરીકે છપાવાઈ છે.

કથાકોશ નામની બે કૃતિ પૈકી એક કૃતિ પુરોગામીઓએ રચેલી કથાઓમાંથી કેટલીક કથાઓ ઉદ્ધૃત કરીને એના સંગ્રહરૂપે રચાયેલી છે. આમ આ સંકલનાત્મક રચના છે જ્યારે બીજી કૃતિ એ
P. ૨૩૦ **સમયસુન્દરગણિ**એ પોતે રચેલી કથાના સંગ્રહરૂપ છે અને એમાં ૧૬૭ કથા છે. જો કે અંતમાં પ્રશસ્તિ નથી. **સમયસુન્દરગણિ**એ **કથાકોશ**ની જે એક હાથપોથી વિ.સં. ૧૬૯૫માં લખી છે તેમાં ૧૧૪ કથાઓ છે અને એનું પરિમાણ આશરે ૬૦૦૦ શ્લોક જેવડું છે.

આ પ્રમાણેનો ઉલ્લેખ ''સમયસુન્દરકૃતિકુસુમાંજલિ''ના વક્તવ્ય (પૃ. ૨૭)માં છે. એ ઉપરથી નીચે મુજબના પ્રશ્નો સ્ફુરે છે:–

પ્રથમ પ્રકારના કથાકોશમાં કેટલી કથા છે અને એમાંની કેટલી સંસ્કૃતમાં છે ?

જે સંસ્કૃત કથાઓ છે તેમાં પદ્યાત્મક કથાઓનું પરિમાણ શું છે ?

બીજા પ્રકારના **કથાકોશ** માટે પણ આ પ્રશ્નો ઉદ્‌ભવે છે. વિશેષમાં જે ૧૧૪ કથાનો ઉલ્લેખ છે એ બે **કથાકોશ** પૈકી કયા **કથાકોશ**ની સંખ્યા દર્શાવે છે ?

નાભાકનૃપકથા (વિ. સં. ૧૪૬૪)– આ ૨૯૪ શ્લોક જેવડી કથામાં **નાભાક** નૃપનું ચરિત્ર છે. એ દ્વારા દેવદ્રવ્યના નાશ કે દુર્વ્યયથી મનુષ્યને થતાં દુઃખોનું વર્ણન કરાયું છે. આ કથા અચંલ ગચ્છીય [2]**મેરુતુંગસૂરિ**એ રચી છે. આ ઉપરાંત એમણે નિમ્નલિખિત કથાત્મક કૃતિઓ રચી છે :– [નાભાકનૃપકથા હીરાલાલ હં. ઈ.સ.૧૯૦૮માં અને હર્ષપુષ્પા ગ્રંથમાં પ્રસિદ્ધ થયેલ છે.]

[3]**કામદેવચરિત્ર** (વિ. સં. ૧૪૩૯), **નાભિવંશકાવ્ય, યદુવંશસંભવકાવ્ય, સંભવનાથચરિત્ર** અને **સ્તંભનક-પાર્શ્વનાથ-પ્રબન્ધ.**

આ કથાત્મક કૃતિઓ ઉપરાંત **મેરુતુંગસૂરિ**એ વિ. સં. ૧૪૫૩માં ૧૫૭૦ શ્લોક જેવડી **લઘુશતપદી** રચી. એમાં **ધર્મઘોષસૂરિ**એ વિ. સં. ૧૨૩૬માં રચેલી [4]**સયવઈ** (શતપદી)માંના ૪૫ વિચારોમાં સાત ઉમેર્યા છે. એમણે વિ.સં. ૧૪૫૬માં **શતપદીસારોદ્ધાર** કિંવા **શતપદીસમુદ્ધાર** રચ્યો છે. આ ઉપરાંત એમણે **રસાલય**ની ટીકા રચી છે. જુઓ પૃ. ૧૯.

૧. આના સંગ્રાહક અને સંપાદક શ્રી**અ**ગરચંદ નાહટા અને શ્રી**ભં**વરલાલ નાહટા છે. એનું પ્રકાશન ''નાહટા બ્રધર્સ'' તરફથી કલકત્તાથી વિ. સં. ૨૦૧૩માં કરાયું છે.

૨. એમને વિષે તેમ જ અન્ય અંચલગચ્છીય ગ્રંથકારો (કેટલાકનો મેં જૈ. સં. સા. ઈ. માં. નિર્દેશ કર્યો છે.) વિષે પાર્શ્વપ્રયોજિત ''અંચલ ગચ્છ દિગ્દર્શન''માં માહિતી અપાઈ છે. આ પુસ્તક ''શ્રી મુલુંડ અંચલ ગચ્છ જૈન સમાજ'' તરફથી અને ૧૯૬૮માં પ્રકાશિત કરાયું છે.

૩. આ ૭૪૮ શ્લોક જેવડી કૃતિ ''હેમચન્દ્રાચાર્ય સભા'' તરફથી પ્રસિદ્ધ કરાઈ છે. એમાં રચનાવર્ષ વિ.સં. ૧૪૦૯ છપાયો છે તે ભ્રાંત છે.

૪. **જૈ.સા.સં.ઈ.** (પૃ. ૩૪૧)માં આને ''શતપદી-પ્રશ્નોત્તર-પદ્ધતિ'' કહી છે આ કૃતિમાં **ધર્મઘોષસૂરિ**ના શિષ્યનામે **મહેન્દ્રસૂરિ**એ કેટલાક પ્રશ્નો ઉમેરી **''શતપદીપ્રશ્નોત્તરપદ્ધતિસમુદ્ધાર''** વિ.સં. ૧૨૯૪માં રચી એમાં ૧૧૭ વિચારો રજૂ કર્યા છે. આનું ભાષાંતર પ્રો. **રવજી** દેવરાજે વિ.સં. ૧૯૫૧માં છપાવ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**ભરટક-દ્વાત્રિંશિકા** (લ. વિ. સં. ૧૪૭૫)– આમાં ભરટક એટલે કે ભરડા વિષે બત્રીસ કથાઓ છે. પ્રો. હર્ટલના મતે આ "શૈવ" સંપ્રદાયના સાધુઓને અંગેના કટાક્ષ (satires) રજૂ કરે છે પરંતુ પ્રો. **વિન્તર્નિત્સ** જુદો મત ધરાવે છે એમ એમની કૃતિ નામે HIL (ભા.૨, પૃ. ૩૫૦ અને ૬૫૯) જોતાં જણાય છે.[2] આ પુસ્તકના કર્તાનું નામ જાણવામાં નથી પણ એઓ **સો**મસુન્દરસૂરિના શિષ્ય હોય એમ લાગે છે. એ શિષ્યે આ કથાઓ સાધુરાજ પાસેથી સાંભળીને કૌતુકને લઈને લખી P. ૨૩૧ છે. એમને સંસ્કૃત ભાષાનો બોધ હોવા વિષે શંકા રહેતી નથી, જોકે કેટલાક પ્રયોગો કેટલાકને ચિન્ત્ય જણાય તેવા છે. બુદ્ધિબળમાં અને નીતિના નિયમો પાળવામાં શિથિલ જણાતા ભરડાઓને અનુલક્ષીને તેમને સુધારવાના ઇરાદે આ કૃતિ યોજી હોય એમ લાગે છે. આ કૃતિની પ્રત્યેક કથાનો પ્રારંભ એ કથાના બીજને સૂચવનારા પદ્યથી કરાયો છે. પૃ. ૨૭માં પાઇય લખાણથી મિશ્રિત બનાવટી સંસ્કૃતમાં નિમ્નલિખિત પદ્ય છેઃ–

"भरटक ! तव चट्टा लम्बपुट्ठाः समुद्धा
न पठति न गुणन्ते नेव कव्वं कुणन्ते ।
वयमपि च पठामो किन्तु कव्वं कुणामो
तदपि भुख मरामो कर्मणां कोऽत्र दोषः?॥"

[3]**ભોજપ્રબન્ધ** યાને **પ્રબન્ધ-રાજ** (વિ. સં. ૧૫૧૭)– આ ગદ્યાત્મક કૃતિના કર્તા **રત્ન**મન્દિરગણિ છે. એઓ **રત્ન**શેખરસૂરિના શિષ્ય **નન્દિ**રત્નગણિના શિષ્ય થાય છે. એમના ગુરુભાઈનું નામ રત્નમંડનગણિ છે. આ **રત્ન**મન્દિરગણિએ **ઉપદેશતરંગિણી** અને **ઝાંઝણપ્રબન્ધ** રચ્યાં છે. એમણે આ **ભોજ પ્રબન્ધ** યાને **પ્રબન્ધરાજ** વિ.સં. ૧૫૧૭માં રચ્યો છે. એમાં નરેશ્વર **ભો**જને અંગેનો અધિકાર છે. એમાં દાનને અંગેના વિવિધ પ્રસંગો વર્ણવાયા છે. એકંદરે સાત અધિકાર છે. આ કૃતિમાં ઐતિહાસિક કાલક્રમને જતો કરી **કા**લિદાસ, **ભ**વભૂતિ વગેરેને સમકાલીન ગણ્યા છે. આ કૃતિની ભાષા જેવી જોઈએ તેવી પ્રૌઢ નથી,[4] પરંતુ કથાનો રસ અખંડિત રાખવા પ્રયાસ કરાયો છે. કોઈ કોઈ સ્થળે ગુજરાતીમા લખાણ છે. દા. ત. પત્ર ૯૩માં નીચે મુજબનું પદ્ય છેઃ–

"રૂપવંતી નઈ આશાલૂધી ચૂલ્હીપાશિ ન બઈસઈ સૂધા, આંગણિ લોડઈ ઘડી ઘડી તેણિ P. ૨૩૨ કારણિએ કાચીવડી."

---

૧. આ નાનકડી કૃતિનું અંગ્રેજી પ્રસ્તાવના અને ટિપ્પણો તેમ જ શબ્દકોષ સહિત સંપાદન પ્રો. **જો**હાન્નિસ હર્ટલે (Johannes Hertel) કર્યું છે અને એ કૃતિ લાઈપ્ત્સિગથી ઈ.સ. ૧૯૨૨માં પ્રકાશિત કરાયેલી છે. પ્રસ્તાવનામાં "ભરડો" અને એના પર્યાયરૂપ ગણાતા શબ્દો વિષે ચર્ચા છે. [**સો**મસુન્દરસૂરિના શિષ્ય કૃત ભ.દ્વા. "હર્ષપુષ્પા." માં. સં. ૨૦૪૦માં પ્રસિદ્ધ થયેલ છે.]
પાક્ષિકાદિ અતિચારમાં સમ્યક્ત્વને અંગેના 'આકાંક્ષા' અતિચાર વર્ણવતાં 'ભરડા'નો ઉલ્લેખ કરાયો છે.

૨. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૯૨).

૩. આ પ્રબન્ધ પં. **ભ**ગવાનદાસ હર્ષચન્દ્ર તરફથી ઈ. સ. ૧૯૨૨માં પ્રકાશિત કરાયો છે.

૪. પત્ર ૯૨માં 'एतावत् कर्णपार्श्वेऽपि चटति' એવો પ્રયોગ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમાનનામક કૃતિઓ– ભોજપ્રબન્ધ નામની અન્ય કૃતિઓ પણ છેઃ–

(૧) **શુભશીલગણિકૃત.** આ ૩૭૦૦ શ્લોક જેવડી છે. (૨) [૧]**રાજવલ્લભ** પાઠકકૃત.

(૩) **સત્યરાજગણિકૃત.** (૪) **અજ્ઞાતકર્તૃક.**[૨]

[૩]**પ્રબન્ધપંચશતી** યાને **પંચશતીપ્રબો (?બં) ધસંબધ** (વિ. સ. ૧૫૨૧)– આના કર્તા [૪]**શુભશીલગણિ** છે. એઓ **લક્ષ્મીસાગર** સૂરિના કે પછી **રત્નમન્દિર**ગણિના શિષ્ય છે.[૫] એમણે નિમ્નલિખિત કૃતિઓ પણ રચી છેઃ–

[૬]**ઉણાદિનામમાલા** **પંચવર્ગસંગ્રહનામમાલા**

પુણ્યધનનૃપકથા (૧૦૦૦ પદ્યો) [હર્ષપુષ્પા ૧૨૬માં પ્રસિદ્ધ.] વિ. સં. ૧૪૯૬

[૭]**પ્રભાવકકથા** વિ. સં. ૧૫૦૪

P. ૨૩૩ **ભક્તામરસ્તોત્રમાહાત્મ્ય,** [૮]**ભરતેશ્વર-બાહુબલિ-વૃત્તિ** વિ. સં. ૧૫૦૯,

[૯]**ભોજપ્રબન્ધ,** [૧૦]**વિક્રમાદિત્યચરિત્ર** વિ. સં. ૧૪૯૦ (? ૧૪૯૯),

શત્રુંજયકલ્પવૃત્તિ [આગમોદ્ધારક ગ્રં. ૪૧માં પ્રસિદ્ધ] વિ. સં. ૧૫૧૮,

શાલિવાહનચરિત વિ. સં. ૧૫૪૦

શીલવતીકથા (?)

સ્નાત્રપંચાશિકા લ. વિ. સં. ૧૫૩૦

અષ્ટકર્મવિપાક કિંવા **કર્મવિપાક**

પ્રસ્તુત કૃતિ ચાર અધિકારમાં વિભક્ત છે. એમાં અનુક્રમે ૨૦૩, ૨૨૩, ૫૦ અને ૧૪૮ કથાઓ છે. આમા એકંદર ૬૨૪ કથાઓ છે. આ સંસ્કૃત કથાકોશમાં ૫૦૦ પ્રબન્ધો છે. ૧૮૬માં

---

૧. એઓ 'ધર્મઘોષ' ગચ્છના **મહિચન્દ્રસૂરિ**ના શિષ્ય થાય છે.

૨. **પ્રબન્ધચન્તામણિના** બીજા પ્રકાશમાં પણ **ભોજપ્રબન્ધ** છે.

૩. આની એક હાથપોથી વિ. સં. ૧૫૭૪ના ફાગણ વદ ત્રીજને રવિવારે લખાયેલી છે અને એ મને મળી છે એમ મુનિશ્રી **અભયસાગરજી**એ મને તા. ૬-૮-'૫૨ના કાગળમાં લખી જણાવ્યું હતું અને એના કર્તા **શુભશીલગણિ** તે કોણ એમ પુછાવ્યું હતું. હવે આ કૃતિ મુનિશ્રી **મૃગેન્દ્રમુનિ** દ્વારા સંપાદિત થઈ ટુંક સમયમાં પ્રસિદ્ધ થનાર છે. ["સુવાસિત સાહિત્ય પ્ર." સૂરતથી આ પ્રકાશિત છે. આનું 'આમુખ' હરિવલ્લભ ભાયાણીએ લખ્યું છે. ઈટાલીયન વિદ્વાન પવોલિનીએ થોડીક કથા અને બલ્લીનીએ ૫૦ કથા મૂળ અને અનુવાદ સાથે પ્રગટ કરી છે. "હિસ્ટ્રી ઓફ ઇન્ડીઅન લિટરેચર," વિંટરનિત્સ]

૪. આ નામના એક મુનિએ **પૂજાપંચાશિકા** રચી છે.

૫. કેટલાક એમને **મુનિસુન્દરસૂરિ**ના શિષ્ય ગણે છે.

૬. આ **અભિધાનચિન્તામણિને** અનુસરીને રચાઈ છે.

૭. આમાં એમણે પોતાના ગુરુભાઈઓનાં નામ આપ્યાં છે. **ઉદયનન્દિ, ચારિત્રરત્ન, રત્નશેખર, લક્ષ્મીસાગર, વિશાલરાજ** અને **સોમદેવ.**

૮. આનું અપર નામ **કથાકોશ** છે. [આ હર્ષપુષ્પા. ગ્રં, શ્રુતજ્ઞાન પ્ર.સભા અને ભદ્રંકર પ્રકાશનમાં પ્રસિદ્ધ.]

૯. જુઓ પૃ. ૨૩૨=૧૪૫ ૧૦. જુઓ પૃ. ૧૨૨-૧૨૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રબન્ધનું નામ ''પટ્ટકૂલિકાનયન-ચાહડમન્ત્રિસંબંધ'' છે. એમાં કહ્યું છે કે કુમારપાલ રાજાનો મંત્રી **ચાહડ** સાળવીઓનાં કુટુંબોને મારવાડના બંબેરાપુરથી પાટણ લાવ્યો અને રાજાએ એ કુટુંબોને યોગ્ય આશ્રય આપી વસાવ્યા.[૧] આ ઉપરથી એમ અનુમનાય છે કે પટોળાં વણનારા સાળવીઓ મારવાડમાંથી પાટણ આવી ત્યાંથી ખંભાત અને સુરત થઈ દક્ખણ અને મધ્ય પ્રદેશમાં ગયા હોવાની અનુશ્રુતિનું સમર્થન થાય છે.[૨]

[૩]**પ્રિયંકરનૃપકથા** (લ. વિ. સં. ૧૫૫૦)– આ ૧૦૦૦ શ્લોક જેવડી અને મુખ્યતયા ગદ્યમાં રચાયેલી કથાના કર્તા **જિનસૂર** છે. એઓ **વિશાલરાજસૂરિ**ના શિષ્ય **સુધાભૂષણ**ના શિષ્ય થાય છે. એમણે **મન્મથ** નરેન્દ્રના પુત્ર કથાનકરૂપ [૪]**રૂપસેનચરિત્ર** રચ્યું છે. આ **પ્રિયંકરનૃપકથા ઉવસગ્ગહરથોત્તનો** પ્રભાવ દર્શાવે છે અને નૃપતિ **પ્રિયંકર**ને પ્રાપ્તના થયેલી સંપત્તિનો નિર્દેશ કરે છે. આ કથા (પૃ. ૨૮-૨૯)માં ભોજન સમારંભનું વર્ણન છે અને એ પ્રસંગે એમાં વિવિધ વાનીઓનાં નામ ગણાવાયાં છે. આ રસિક કથા સંસ્કૃત, પાઈય અને ગુજરાતી અવતરણોથી અલંકૃત છે. ૨૭૩મું પદ્ય સ્વસ્તિક બંધથી અને ૨૭૪મું પદ્ય આઠ પાંખડીના કમળરૂપ બંધથી વિભૂષિત છે.[૫] ૨૫૬માં અને ૨૫૭મા પદ્યો ''વરકનક''ની પાદપૂર્તિરૂપ છે. P. ૨૩૪

ભાષાંતર– આ **પ્રિયંકરનૃપકથાનાં** ગુજરાતીમાં બે ભાષાંતર થયેલાં છે અને એ બંને છપાવાયાં છે.[૬]

---

૧. કેટલાકનું માનવું એ છે કે દક્ષિણમાંથી પાટણમાં સાળવીઓ આવ્યા હતા.

૨. જુઓ ડૉ. ભોગીલાલ સાંડેસરાનો ''ગુ. સા. પ. સં.'' (અ. ૧૮) માટેનો ''નિબંધસંક્ષેપ'' નામે ''પટોળાં વણનાર સાળવીઓના ઇતિહાસ ઉપર કેટલોક પ્રકાશ.''

૩. આ કથા મારી સંસ્કૃત પ્રસ્તાવના સહિત ''દે. લા. જૈ. પુ. સં.'' તરફથી ઈ. સ. ૧૯૩૨માં પ્રકાશિત કરાઈ છે. એમાં **ઉવસગ્ગહરથોત્ત** 'દ્વિજ' **પાર્શ્વદેવગણિકૃત** એની સંસ્કૃત વૃત્તિ સહિત અપાયું છે. પ્રથમ પરિશિષ્ટ તરીકે પાંચ અંતરકથા અપાઈ છે. વળી **ઉવ.થોત્તની** વીસ ગાથા અને એની પાદપૂર્તિરૂપ **પાસજિણથોત્ત** અપાયાં છે. સંસ્કૃત પ્રસ્તાવનામાં મેં **રૂપસેનચરિત્ર** સાથે સંતુલન કર્યું છે અને કેટલાક વિશિષ્ટ શબ્દો અને પ્રયોગો ગુજરાતી અર્થ સહિત આપ્યા છે. વિશેષમાં **ઉવ.થોત્તની** વિવિધ વૃત્તિની નોંધ લીધી છે.

૪. આ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી વિ. સં. ૧૯૬૮માં છપાવાઈ છે.

૫. આ બંને પદ્યો I L D (2nd instalment)માં ઉદ્ધૃત કરાયાં છે.

૬. પહેલું ભાષાંતર ''જૈ. ધ. પ્ર. સ.'' તરફથી પ્રસિદ્ધ થયેલું છે. એમાં ઘણી અશુદ્ધિ છે એવા નિર્દેશપૂર્વકનું અને શ્રી. રતિલાલ દીપચંદ દેસાઈ પાસે નવેસરથી તૈયાર કરાયેલું ભાષાંતર **મહાપ્રભાવિક નવસ્મરણ** નામની જે કૃતિ ગુજરાતી ભાષાંતર, વિવેચન, પાંચ પરિશિષ્ટો અને ૪૧૦ ચિત્રો સહિત શ્રી. સારાભાઈ મણિલાલ નવાબ તરફથી અમદાવાદ વિ. સં. ૧૯૯૫માં ''શ્રીજૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રંથાવલિ''ના છઠ્ઠા પુષ્પ તરીકે પ્રકાશિત થયેલી છે તેમાં પૃ. ૧૫૦-૨૨૮માં છપાવાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૩૫ [૧]**દર્શનરત્નરત્નાકર** (વિ. સં. ૧૫૭૦)– આના કર્તા **સિદ્ધાન્તસાર** છે. એઓ 'તપા' ગચ્છના **જયાનન્દસૂરિ**ના શિષ્ય **સોમજયસૂરિ**ના શિષ્ય ઇન્દ્રનન્દિના શિષ્ય થાય છે. એમણે ૧૯૮૬૪ શ્લોક જેવડી આ કૃતિ વિ. સં. ૧૫૭૦માં રચી છે. એ દ્વારા એમણે **ઋષભદેવ**નું જીવન-ચરિત્ર આલેખ્યું છે. એમાં વિશેષતા એ છે કે એમના જીવનમાં બનેલી વિવિધ ઘટનાઓના સમર્થનાર્થે એમણે અવતરણો આપ્યાં છે.

આધાર (ઉપજીવન)– કર્તાએ પ્રશસ્તિનાં અંતિમ બે પદ્યો દ્વારા પોતે કયા કયા ગ્રંથનો ઉપયોગ કરી પ્રસ્તુત કૃતિ રચી એ દર્શાવ્યું છે. એ ગ્રંથોનાં નામ નીચે મુજબ છેઃ–

અંગો, ઉપાંગો, છેદસૂત્રો, **ઉત્તરાધ્યયન, પિણ્ડનિર્યુક્તિ, આવશ્યકનિર્યુક્તિ** અને હેમ [૨]**આદિનાથચરિત્ર.**

[૩]**મદનપરાજય** (ઉ. વિ. સં. ૧૫૭૩)– આ દિ. **મલ્લુગિત્**ના પુત્ર નાગદેવની રચના છે. એમાં જૈન તીર્થંકરને હાથે મદનનો અર્થાત્ કામદેવનો પરાજય સરસ રૂપક તરીકે આલેખાયો છે. આને લઈને આ કૃતિ મહર્ષિ **બુદ્ધ**ના **માર** ઉપર મેળવેલા વિજયનું સ્મરણ કરાવે છે. પ્રસ્તુત કૃતિ હરિદેવે ''અપભ્રંશ''માં રચેલા **મયણપરાજયચરિય**ના આધારે યોજાઈ છે અને એ પાંચ પરિચ્છેદોમાં વિભક્ત કરાઈ છે. એ મુખ્યતયા ગદ્યમાં રચાઈ છે. પ્રત્યેક પરિચ્છેદના અંતમાં આ કૃતિનું નામ **સ્મર-પરાજય** છે એવો ઉલ્લેખ પણ જોવાય છે. આ **મદન પરાજય**માં અન્તરકથાઓ છેઃ (૧) **કકુદ્રુમ** રાજાની, (૨) **હેમસેન** મુનિની, **જિનદત્ત** શેઠની, સિંહ બનાવનારાઓની, 'યદ્‌ભવિષ્ય'ની તેમ જ **બ્રહ્મા** અને ઈન્દ્રના સંવાદને લગતી.

મદન-પરાજયમાં નિમ્નલિખિત અજૈન ગ્રંથોનો ઉપયોગ કરાયો છેઃ–

P. ૨૩૬ (૧) **મૃચ્છકટિક,** (૨) **પંચતન્ત્ર,** (૩) **સુભાષિતત્રિશતી,** (૪) **પ્રબોધચન્દ્રોદય,** અને (૫) **હિતોપદેશ.**

જૈન ગ્રંથો પૈકી નીચે મુજબનાનો અહીં ઉપયોગ કરાયો છેઃ–

---

૧. આ કૃતિનો આદ્ય બે લહરી પૂરતો પ્રથમ વિભાગ ''જૈન સાહિત્યવર્ધક સભા'' તરફથી અમદાવાદથી વિ. સં. ૨૦૧૦માં અને ત્રીજી લહરીના ચાર તરંગરૂપ દ્વિતીય વિભાગ તેમ જ ત્રીજી લહરીના પાંચમાં તરંગથી માંડીને ચોથી લહરીના અંતિમ તરંગ પૂરતો તૃતીય વિભાગ પણ આ જ સભા તરફથી અનુક્રમે વિ. સં. ૨૦૧૩માં અને વિ. સં. ૨૦૧૫માં પ્રકાશિત કરાયેલ છે. આ ત્રણે વિભાગોના સંપાદકો શ્રી. ભક્તિમુનિજી અને શ્રીનિપુણમુનિજી (હવે પંન્યાસ) છે. એમણે પત્રોના હાંસિયાઓમાં વિષયોનું સૂચન કર્યું છે. [આ દ.૨.નું ભાષાંતર મુનિશ્રી અમિતયશ વિ.મ.એ કર્યું છે અને તે બેંગ્લોરથી ૩ ભાગમાં પ્રગટ થયું છે.

૨. **ત્રિષષ્ટિનું** પ્રથમ પર્વ.

૩. આ કૃતિ હિન્દી સાર અને વિસ્તૃત (પૃ. ૧-૯૪ જેવડી) હિન્દી પ્રસ્તાવના સહિત ''ભારતીય જ્ઞાનપીઠ કાશી'' તરફથી ઈ. સ. ૧૯૪૮માં પ્રકાશિત કરાઈ છે. આ પ્રસ્તાવનામાં આખ્યાન-સાહિત્યના ધર્મ-કથા, નીતિ-કથા, લોક-કથા અને રૂપક-કથા એમ ચાર વિભાગો પાડી એનો વૈદિક, બૌદ્ધ અને જૈન એમ ત્રણ દૃષ્ટિએ વિચાર કરી રૂપકાત્મક સાહિત્ય વિષે પુષ્કળ માહિતી અપાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧)[1] **યશસ્તિલક-ચંપૂ**, (૨) **વાગ્ભટાલંકાર**, (૩) **જ્ઞાનાર્ણવ**, (૪) **યોગશાસ્ત્ર**, (૫) **સાગારધર્મામૃત** અને (૬) **સૂક્ત-મુક્તાવલી.**[2]

આથી એમ કહી શકાય કે વિ. સં. ૧૩૦૦ કરતાં તો નાગદેવ પહેલાં થયા નથી. **મદન-પરાજયની** વિ. સં. ૧૫૭૩માં લખાયેલી હાથપોથી મળે છે એટલે **નાગદેવની** આ કૃતિ એટલી તો પ્રાચીન ગણાય જ.

[3]**કથારત્નાકર** (વિ. સં. ૧૬૫૭)– આના પ્રણેતા **હેમવિજય** છે. એમણે વિ.સં. ૧૬૩૨માં [4]**પાર્શ્વનાથચરિત્ર** રચ્યું છે. એમણે પ્રસ્તુત કૃતિ પ્રૌઢ ગદ્યમાં ૬૪૩૫ શ્લોક જેવડી વિ. સં. ૧૬૫૭માં રચી છે. એ દસ તરંગમાં વિભક્ત કરાઈ છે અને એમાં ૨૫૮ કથાઓ છે. P. ૨૩૭

[5]**જર્મન અનુવાદ**– આ કૃતિનો પ્રો. હર્ટલે જર્મનમાં અનુવાદ કર્યો છે.

સમાનનામક કૃતિઓ– ઉત્તમર્ષિએ બે પ્રકરણમાં ૫૫૦૦ શ્લોક જેવડો **કથારત્નાકર** રચ્યો છે. એને **કથારત્નાકરોદ્ધાર** પણ કહે છે. પ્રો. પિટર્સને એમના ચોથા હેવાલ (પૃ. ૮૦)માં આમાંથી અવતરણ આપ્યું છે. વળી અન્ય કોઈએ **કથારત્નાકર** નામની એક કૃતિ રચી છે.

[**મદનરેખા આખ્યાયિકા**– આના કર્તા **જિનભદ્રસૂરિ** છે. અજ્ઞાત કર્તૃકટિપ્પણ સાથે પં. બેચરદાસ દોશીના સંપાદન પૂર્વક લા. દ. વિદ્યામંદિર દ્વારા ઈ.સ. ૧૯૭૩માં પ્રથમવાર જ પ્રગટ થઈ છે.

વિજયોલ્લાસમહાકાવ્ય– મહો. **યશો**વિ.ગણી.પ્ર. ''યશોભારતી પ્ર.'' મુંબઈ. ડૉ. **શિવ**પ્રસાદે **'તપગચ્છ કા ઈતિહાસ, ખરતરગચ્છ કા ઈતિહાસ, અંચલગચ્છ કા ઈતિહાસ'** (પ્ર. પાર્શ્વનાથ શોધપીઠ વારાણસી) અને અન્ય અનેક ગચ્છોના ઈતિહાસ લખ્યા છે. જે જુદા જુદા સામયિકોમાં પ્રસિદ્ધ થયા છે.]

'तेरहवीं चौदहवीं शताब्दि के जैन संस्कृत महाकाव्य' શ્યામશંકર દીક્ષિત, પ્રકા. મલિક એન્ડ કંપની જયપુર. ઈ.સ. ૧૯૬૯.

'आ. हेमचन्द्रः काव्यानुशासनम् च समीक्षात्मकमनुशीलनम्' ડૉ. છગનલાલ શાસ્ત્રી, પ્રકા. પ્રાકૃત ભારતી અકાદમી. જયપુર.

રઘુવંશરીત્યાઋષભદેવવર્ણનમ્, કુમારસમ્મવરીત્યા ગિરનારવર્ણનમ્, જિનશતકમહાકાવ્ય, **નેમિનાથસ્તવન**-વિમલકીર્તિ (નાના છંદોમય) ૪ **જિનસ્તુતિ**-ધુરન્ધરવિ. અનુસન્ધાન ૨૩.



૧. આના પરિચય માટે જુઓ પૃ. ૨૧૧-૨૧૨ ૨. જુઓ ઉપર્યુક્ત હિન્દી પ્રસ્તાવના (પૃ. ૯૩-૯૪)

૩. આ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી ઈ.સ. ૧૯૧૧માં પ્રસિદ્ધ કરાઈ છે. [આ. મુનિચન્દ્રસૂરિ દ્વારા વિવિધ હસ્તલિખિત પ્રતિઓનો ઉપયોગ કરવાપૂર્વક સંશોધિત-સંપાદિત આ **કથારત્નાકર**નું પ્રકાશન આ. ૐકારસૂરિજ્ઞાનમંદિર ગ્રંથાવલી સૂરત દ્વારા પુસ્તકાકારે થયું છે. પ્રો. હરિવલ્લભ ભાયાણીની અંગ્રેજીમાં પ્રસ્તાવના પણ આમાં છે.]

૪. જુઓ પૃ. ૨૨

૫. આ અનુવાદ ઈ. સ. ૧૯૨૦માં Meisterwerke orientlischer Literatur (485)માં Munchenથી છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૩૮

પ્રકરણ ૨૬ : શ્રવ્ય કાવ્યો

(ઊ) લઘુ પદ્યાત્મક કૃતિઓ

પદ્યાત્મક શ્રવ્ય કાવ્યના બે પ્રકાર છેઃ (૧) બૃહત્ અને (૨) લઘુ. તેમાં પ્રથમ પ્રકારનો આપણે પ્ર. ૧૮-૨૪માં વિચાર કરી ગયા. હવે બીજો પ્રકાર હાથ ધરીશું તો જણાશે કે એમાં એક હજાર શ્લોક કરતાં ઓછા પરિમાણવાળા કાવ્યોનો સમાવેશ થાય છે. આ કાવ્યોને હું નીચે મુજબના પાંચ વિભાગમાં વિભક્ત કરું છું :–

(૧) સ્તુતિ-સ્તોત્રો, (૨) પાદ-પૂર્તિરૂપ કાવ્યો (૩) અનેકાર્થી પદ્યો, (૪) વિજ્ઞપ્તિપત્રો અને (૫) અવશિષ્ટ કાવ્યો.

સામાન્ય રીતે સ્તુતિસ્તોત્રનાં પદ્યની સરેરાશ સંખ્યા વીસેકની ગણાય. પાદપૂર્તિરૂપ કાવ્યો માટે પણ લગભગ આવું વિધાન થઈ શકે. અનેકાર્થી પદ્ય તો એક જ પદ્યરૂપ છે. વિજ્ઞપ્તિપત્રોનાં પદ્યોની સંખ્યા પણ એક રીતે ઓછી જ ગણાય. આને લઈને આ ચારે વિભાગગત કાવ્યો કરતાં પરિમાણની દૃષ્ટિએ ચડિયાતાં કાવ્યો તે અવશિષ્ટ કાવ્યો હોવાથી એનો નિર્દેશ આ પ્રકરણ દ્વારા સૌથી પ્રથમ કરું છું :–

(૫) બૃહત્ પરિમાણવાળાં કાવ્યો

નાગકુમાર-કાવ્ય યાને **શ્રુતપંચમી-કથા** (લ. વિ. સં. ૧૧૦૫)– આના કર્તા [૧]**મહાપુરાણ** વગેરેના પ્રણેતા દિ. **મલ્લિષેણસૂરિ** છે. એમણે આ કાવ્ય ૫૦૭ શ્લોકમાં પાંચ સર્ગમાં વિ. સં. ૧૧૦૫ના અરસામાં રચ્યું છે. એ દ્વારા એમણે **શ્રુતપંચમીને** લગતા વ્રતનો મહિમા વર્ણવ્યો છે.

P. ૨૩૯ **સમાનનામક કૃતિઓ**– [૨]રત્નયોગીન્દ્રે પાંચ સર્ગમાં **નાગકુમારચરિત્ર** રચ્યું છે. એનો પ્રારંભ "શ્રીમન્ વ્યવહિતારોપિ"થી થાય છે. આ નામની એકેક કૃતિ **શિખામણિએ**, **ધર્મધરે** (? ધર્મધીરે), **દામનન્દિએ**, **વીરસેનના** શિષ્ય [૩]**શ્રીધરસેને** અને **વાદિરાજે** તેમ જ અન્ય કોઈએ રચી છે.[૪] આ બધી દિ. રચનાઓ હોય એમ લાગે છે.

[૫]**વૈરાગ્ય-શતક** યાને **પદ્માનન્દ-શતક** (લ. વિ. સં. ૧૧૬૦)– આ ૧૦૩ પદ્યમાં મુખ્યતયા

---

૧. આની રચના શકસંવત્ ૯૬૮માં કરાઈ છે.

૨. શું એઓ જ રત્નાકર છે ?

૩. એમણે આ કૃતિ આઠ સર્ગમાં ગોનાર્દમાં રચી છે.

૪. કેશવના પુત્ર **પુષ્પદન્તે** અપભ્રંશમાં **નાયકુમારચરિય** રચ્યું છે અને **બાહુબલિ** રાજહંસે કન્નડમાં રચ્યું છે. **જિનમુનિએ** અને **બ્રહ્મચન્દ્રસાગરે** મળીને **નાગકુમારષટ્પદી** રચી છે. એનો થોડોક ભાગ સંસ્કૃતમાં તો થોડોક કન્નડમાં છે.

૫. આ શતક "કાવ્યમાલા"ના સાતમા ગુચ્છક (પૃ. ૭૧-૮૫)માં છપાવાયું છે. એમાં કોઈ કોઈ પંક્તિ અપૂર્ણ છે. **સટીકવૈરાગ્યશતકાદિગ્રન્થપંચકમ્ના** નામે જે કૃતિ "દે. લા. જૈ. પુ. સં." તરફથી ઈ. સ. ૧૯૪૧માં છપાયેલ છે તેમાં ત્રીજા ગ્રન્થ તરીકે આ 'શતક' છપાવાયું છે. પં. **લાલચંદ્ર** ગાંધીનો "કવિ પદ્માનંદ" નામનો લેખ "જૈન"માં ઈ. સ. ૧૯૨૭માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'શાર્દૂલવિક્રીડિત' છંદમાં રચાયેલી કૃતિના કર્તા જૈન ગૃહસ્થ **પદ્માનન્દ** છે. એઓ નાગપુર (નાગોર)ના નેમિનાથનું ચૈત્ય કરાવનાર **ધનદેવ**ના પુત્ર થાય છે. ૧૦૨મા પદ્યમાં **જિનવલ્લભસૂરિ**નો સુગુરુ તરીકે આ **પદ્માનન્દે** ઉલ્લેખ કર્યો છે. એ હિસાબે એમનો સમય **વિક્રમ**ની બારમી સદીનો ઉત્તરાર્ધ ગણાય. એમની આ કૃતિમાં વૈરાગ્યની ભાવના ભારોભાર ભરેલી છે.

[1]**ભાષાન્તર**– આ **વૈરાગ્યશતકનું** ગુજરાતીમાં ભાષાંતર થયેલું છે.

સમાનનામક કૃતિ– કોઈકે ''संसारम्मि असारे''થી શરૂ થતું **વેરગ્ગસયગ** જ. મ.માં રચ્યું છે. P. ૨૪૦
એને સંસ્કૃતમાં [2]**વૈરાગ્યશતક** તરીકે ઓળખાવાય છે. એના ઉપર 'ખરતર' ગચ્છના ઉપાધ્યાય **જયસોમ**ના શિષ્ય **ગુણવિનયે** સંસ્કૃતમાં [3]વ્યાખ્યા રચી છે અને એ પણ પ્રકાશિત છે.

વૈરોચન-પરાજય (લ. વિ. સં. ૧૧૮૦)– આ [4]મહાપ્રબન્ધના કર્તા પ્રજ્ઞાચક્ષુ જૈન ગૃહસ્થ **શ્રી**પાલ છે.[5] એઓ 'પોરવાડ' વૈશ્ય **સિદ્ધરાજ** જયસિંહની પ્રતિભાશાળી પરિષદના પ્રમુખ સભ્ય હતા. એમને એ રાજા 'ભાઈ' (ભ્રાતા) તરીકે સંબોધતા હતા એમ **સોમ**પ્રભસૂરિકૃત **કુમારવાલપડિબોહ** અને **સુમઈનાહચરિય** (સુમતિનાથચરિત)ની પ્રશસ્તિ જોતાં જણાય છે. એ **શ્રી**પાલ 'વાદી' દેવસૂરિના પક્ષના સમર્થક હતા. એક દિવસમાં પ્રબન્ધ રચનાર તરીકે પ્ર. ચ- (શૃંગ ૨૨, શ્લો. ૨૦૪)માં એમનો નિર્દેશ છે. એ **શ્રી**પાલે દેવસૂરિના ગુરુભાઈ **વિજયસિંહસૂરિ**ના શિષ્ય **હેમચન્દ્રે** રચેલા [6]**નાભેય-નેમિ-દ્વિસન્ધાન** નામના કાવ્યનું સંશોધન કર્યું હતું.

આ શ્રીપાલે [7]'દુર્લભ' સરોવર યાને 'સહસ્રલિંગ' સરોવરની, [8]રુદ્રમાલની તેમ જ આનન્દપુર P. ૨૪૧
[9](વડનગર)ના [10]વપ્રની એમ ત્રણ પ્રશસ્તિઓ તેમ જ યમકમય [11]**ચતુર્વિંશતિ-જિન-સ્તુતિ** રચી છે.

---

૧. આ ભાષાન્તર મૂળ સહિત ''દેવસૌભાગ્ય શ્રાવિકા શાળા'' (ખંભાત) તરફથી વિ. સં. ૧૯૯૭માં પ્રકાશિત ''વૈરાગ્યશતકસ્તુતિદ્વાત્રિંશિકાદિ'' નામના પુસ્તકમાં છપાવાયું છે.

૨. આ ઉપર્યુક્ત ''સટીકવૈરાગ્યશતકાદિગ્રન્થપંચકમ્''ના સંગ્રહમાંનો પ્રથમ ગ્રન્થ છે જ્યારે બીજો ગ્રન્થ લક્ષ્મીલાભગણિનું **વેરગ્ગરસાયણપયરણ** છે, ચોથો ગ્રન્થ તે 'ખરતર' ગચ્છના **ધર્મતિલક**ની ટીકા સહિત છપાયેલ **જિનવલ્લભસૂરિકૃત ઉલ્લાસિક્કમથોત્ત** છે અને પાંચમો ગ્રન્થ **જિનવલ્લભસૂરિ**નું બે ચક્રબન્ધથી વિભૂષિત **ધર્મશિક્ષા પ્રકરણ** છે. [વૈરાગ્યશતક ઉપર ઇન્દ્રનન્દિસૂરીટીકાની નકલ પ્રા.ટે.માં છે.]

૩. ઉપર્યુક્ત સંગ્રહમાં એ છપાઈ છે.

૪. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૬૭)માં આની એકે હાથપોથી નોંધાઈ નથી પરંતુ એનો પરિચય આપતાં આને (પદ્યાત્મક) કાવ્ય ગણ્યું છે. એ નાટક તો નહિ હશે ?

૫. જુઓ **પ્ર. ચ.** (શૃંગ ૨૨, શ્લો. ૨૦૬).

૬. જુઓ પૃ. ૨૦૬

૭-૮. એજન (શૃંગ ૨૨, શ્લો. ૨૦૫)

૯. જુઓ ''નિર્ણયસાગર મુદ્રણાલય'' તરફથી પ્રકાશિત ''પ્રાચીન લેખમાલા'' પ્રથમ ભાગ (કાવ્યમાલા, ગુ. ૩૪)ગત ૪૫મો લેખ.

૧૦. આ વપ્ર અર્થાત્ કિલ્લો **કુમારપાલે** વિ. સં. ૧૨૦૮માં બંધાવ્યો હતો.

૧૧. આ ૨૯ પદ્યની સ્તુતિ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૧૨૧-૧૨૩)માં છપાવાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમનાં કેટલાંક પદ્યો **પ્ર. ચ.** (શૃંગ ૨૨)માં છે. જલ્હણકૃત **સૂક્તમુક્તાવલીમાં** પણ બે પદ્યો છે. એમના પુત્ર [૧]**સિદ્ધપાલ** કવિ ગણાય છે પણ એમની કોઈ કૃતિ હજી સુધી તો મળી આવી નથી, જો કે એમણે રચેલું કોઈ કોઈ પદ્ય **કુમારવાલપડિબોહમાં** મળે છે. આ **શ્રી**પાલના પૌત્ર **વિ**જયપાલે રચેલું [૨]**દ્રૌપદી-સ્વયંવર** નાટક તો મળે છે.

શ્રીપાલના પિતાનું નામ **લ**ક્ષ્મણ છે. એઓ **વિ**મલશાહના વંશજ હશે અને દેલવાડામાં **વિ**મલશાહના જિનમંદિરમાં જે સંગેમરમરની પુરુષ-પ્રતિમા છે તે આ **શ્રી**પાલની હશે એમ મુનિ **જિ**નવિજયે ''મહાકવિ વિજયપાલ અને તેના પિતામહ મહાકવિ શ્રીપાલ'' નામના [૩]લેખમાં કહ્યું છે.
P. ૨૪૨ વિશેષમાં આ લેખમાં એમણે **શ્રી**પાલ, **સિ**દ્ધપાલ અને **વિ**જયપાલનો પરિચય આપ્યો છે. આ ઉપરાંત એમાં એમણે શ્રીપાલના પિતા **લ**ક્ષ્મણથી માંડીને **વિ**જયપાલની વિદ્યમાનતાના સમયનું નીચે મુજબ અનુમાન થઈ શકે છે એમ કહ્યું છે :–

૧. **લ**ક્ષ્મણ વિ. સં. ૧૧૦૦-૧૧૫૦. ૨. **શ્રી**પાલ વિ. સં. ૧૧૫૧-૧૨૧૦.
૩. **સિ**દ્ધપાલ વિ. સં. ૧૨૧૧-૧૨૫૦. ૪. **વિ**જયપાલ વિ. સં. ૧૨૫૧-૧૩૦૦.

[૪]**કુમાર-વિહાર-શતક** (લ. વિ. સં. ૧૨૩૦)–આ [૫]**નાટ્ય-દર્પણ** ઇત્યાદિના પ્રણેતા **રા**મચન્દ્રગણિએ ૧૧૬ પદ્યમાં વિવિધ છંદમાં રચેલું ખંડકાવ્ય છે. પ્રારંભમાં પાટણમાંના [૬]''કુમારવિહાર'' નામના જિનપ્રાસાદમાં -ચૈત્યમાં રહેલી **પાર્શ્વ**નાથની પ્રતિમાનું આઠ પદ્ય દ્વારા વર્ણન છે. એમ કરીને કર્તાએ એ પ્રભુનાં ગુણગાન ગાયાં છે. ત્યાર બાદ [૭]**કુ**મારપાલે બંધાવેલા ઉપર્યુક્ત ચૈત્યનું કવિઓને છાજે તેવી રીતે મનમોહક વર્ણન કરાયું છે. આ ચૈત્યની સમૃદ્ધિ અને
P. ૨૪૩ સાધનસામગ્રી પુષ્કળ છે એ બાબત અહીં દર્શાવાઈ છે. શ્લો. ૩૭માં ચૈત્યને આકાશ સાથે અને શ્લો.

૧. **સુમઈનાહચરિય** અને **કુમારવાલપડિબોહ** એ બંનેની પ્રશસ્તિમાં **સિ**દ્ધપાલને 'કવિચક્રમસ્તકમણિ' કહ્યા છે.

૨. આ નાટક **જિ**નવિજયજીની પ્રસ્તાવના સહિત ''જૈ. આ. સ.'' તરફથી ઈ.સ. ૧૯૧૮માં છપાવાયું છે.

૩. આ લેખ ''પુરાતત્ત્વ'' (વર્ષ ૧, અંક ૧. પૃ. ૧૧૩-૧૨૧)માં છપાવાયો છે. એમાં **સિ**દ્ધપાલે રચેલાં પદ્યો અપાયાં છે.

૪. આ ખંડકાવ્ય **સુ**ધાભૂષણકૃત અવચૂર્ણિ, ગુજરાતી ભાવાર્થ અને વિશેષાર્થ સહિત ''જૈ. આ. સ.'' તરફથી વિ. સં. ૧૯૬૬માં પ્રસિદ્ધ કરાયું છે. એની ગુજરાતી પ્રસ્તાવનામાં કહ્યું છે કે અવચૂર્ણિકાર **સુ**ધાભૂષણે અવચૂર્ણિના પ્રારંભમાં એવો ઉલ્લેખ કર્યો છે કે ઉપર્યુક્ત પ્રાસાદમાં ૭૨ દેવકુલિકાઓ હતી, મુખ્ય પ્રાસાદમાં 'ચન્દ્રકાન્ત' મણિની ૧૨૫ આંગળની પ્રતિમા હતી, સર્વત્ર કળશો અને સ્તંભો સુવર્ણના હતા અને ૯૬ કોટિ દ્રવ્ય ખર્ચી કુમારપાલે આ પ્રાસાદ બંધાવ્યો હતો પરંતુ મુદ્રિત પ્રતિમાં જે આ અવચૂર્ણિ છપાઈ છે તેમાં તો આવો પ્રારંભિક ભાગ જ નથી તેનું શું ?

૫. એના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૧૮૦-૧૮૬)

૬. આનું સંક્ષિપ્ત વર્ણન **સો**મપ્રભસૂરિએ **કુમારવાલપડિબોહમાં** કર્યું છે. એમાં આ મંદિરને ૨૪ જિનાલયથી રમણીય અને 'ચન્દ્રકાન્ત' મણિની **પાર્શ્વ**નાથની મૂળ પ્રતિમાવાળું હોવાનું કહ્યું છે.

૭. જુઓ શ્લો. ૯.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૩૮માં [1]હિમાલય સાથે સરખાવવામાં કવિએ કમાલ કરી છે. શ્લો. ૩૮માં વહાણની તુલના કરાઈ છે. શ્લો. ૮૪માં 'ઉલ્લૂલ' શબ્દ વપરાયો છે. એનો અર્થ મુદ્રિત અવચૂર્ણિ (પત્ર ૮૮અ)માં 'મંગલ-ધ્વનિ' કરાયો છે.

[2]**અવચૂર્ણિ**– આ ખંડકાવ્ય ઉપર **સુધા**ભૂષણે અવચૂર્ણિ રચી છે. એઓ **વિશાલ**રાજના શિષ્ય પં. **વિવેક**સાગરગણિના શિષ્ય થાય છે. ચૂર્ણિને કેટલાક 'વૃત્તિ' કહે છે. એમાં શબ્દાર્થ પૂરતું સ્પષ્ટીકરણ છે.

ટીકા– આના કર્તા **વિબુધ**રાજ છે.

[3]**કુમાર-વિહાર-પ્રશસ્તિ** (લ. વિ. સં. ૧૨૩૦)– આના કર્તા 'કલિ.' **હેમચન્દ્ર**સૂરિના શિષ્ય **વર્ધમાન**ગણિ છે. એમણે આ કાવ્ય ૮૭ પદ્યોમાં રચ્યું છે. એમાં 'કુમારવિહાર' નામના ચૈત્યનું પ્રશંસાત્મક વર્ણન હશે એમ એનું નામ જોતાં જણાય છે.

લક્ષ્મણ-વિહાર-પ્રશસ્તિ (વિ. સં. ૧૪૭૩)– આ પ્રશસ્તિ 'ખરતર' ગચ્છના **કીર્તિ**રાજે વિ. સં. ૧૪૭૩માં રચી છે અને એનું સંશોધન **જય**સાગરગણિએ કર્યું છે.[4] જે 'લક્ષ્મણવિહાર' અંગે આ પ્રશસ્તિ છે એ વિહાર–જિનાલય **જિન**રાજસૂરિના ઉપદેશથી વિ. સં. ૧૪૫૯માં બંધાવવો શરૂ કરાયો હતો.

શાન્તિનાથ-જિનાલય-પ્રશસ્તિ (વિ. સં. ૧૪૭૩)– આના કર્તા 'ખરતર' ગચ્છના P. ૨૪૪
જયસાગરગણિ છે. એમણે આ પ્રશસ્તિ વિ. સં. ૧૪૭૩માં રચી છે. આ દ્વારા એમણે **શાન્તિ**નાથના જિનમંદિરની પ્રશંસા કરી છે.

[5]**ચિત્રદુર્ગ-મહાવીર પ્રાસાદ-પ્રશસ્તિ**[6] (વિ. સં.[7] ૧૪૯૫)– આ નામ કહી આપે છે તેમ આ ચિત્રદુર્ગના અર્થાત્ ચિત્તોડના **મહાવીર**સ્વામીના જિનાલયને અંગેની ૧૦૪ શ્લોકની પ્રશસ્તિ છે.[8] એ વિ. સં. ૧૪૯૫માં **ચા**રિત્રરત્નગણિએ રચી છે. એમાં **સોમ**સુન્દરસૂરિ વિષે ઉલ્લેખ છે.

સંભવ-જિનાલય-પ્રશસ્તિ (વિ. સં. ૧૪૯૭)–આની રચના 'ખરતર' ગચ્છના જયસાગરસૂરિના શિષ્ય **સોમ**કુંજરે વિ.સં. ૧૪૯૭માં કરી છે. આ પ્રશસ્તિ **સંભવ**નાથના જિનાલયને અંગેની છે. જુઓ **જેસલ.સૂચી** (પૃ. ૬૮-૬૯).

---

૧. શ્લો. ૭૬માં હિમાલયને 'તુહિનગિરિ' કહ્યો છે. અહીં **કુબેર**અદ્રિ અને હેમાચલનો એટલે કે અવચૂર્ણિ પ્રમાણે કૈલાસ અને મેરુનો ઉલ્લેખ છે.

૨. જૈ. આ. સ. તરફથી વિ. સં. ૧૯૬૬માં આ પ્રકાશિત છે.

૩. જુઓ પ્રો. પિટર્સનનો ત્રીજો હેવાલ (પૃ. ૩૧૬) ૪. જુઓ **પત્તન.સૂચી** (ભા. ૧, પૃ. ૬૩-૬૪).

૫. આ પ્રશસ્તિ ''રૉયલ એશિયાટિક જર્નલ'' (પુ. ૩૩, પ. ૪૨-૬૦)માં ઈ. સ. ૧૯૦૮માં છપાવાઈ છે.

૬-૭. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ.૧૨૩)માં આનું નામ 'ચિત્રકૂટ-મહાવીર-વિહાર પ્રશસ્તિ' અપાયું છે અને એ વિ. સં. ૧૫૦૮ની રચના હોવાનું કહ્યું છે. આ અંગે મુંબઈ સરકારની માલિકીની ભાં. પ્રા. સં. મં. માં જે હાથપોથી છે તે તપાસાવી ઘટે.

૮. આ પ્રશસ્તિનો કેટલોક સારાંશ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૪૫૪-૪૫૫)માં અપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**મૃગાવતી-ચરિત્ર** યાને [2]**ધર્મસારશાસ્ત્ર** (લ. વિ. સં. ૧૨૭૦)– આના કર્તા 'મલધારી'
P. ૨૪૫ ગચ્છના દેવપ્રભસૂરિ છે. એમણે ૧૮ સર્ગનું [3]**પાંડવચરિત્ર** રચ્યું છે. એમનું આ **મૃગાવતી-ચરિત્ર** પાંચ [4]વિશ્રામમાં વિભક્ત છે. એમાં અનુક્રમે ૨૬૪, ૨૯૮, ૨૫૪, ૩૬૬ અને ૬૬૬ પદ્યો છે. આમ ૧૮૪૮ એકંદર પદ્યો છે. પ્રથમ વિશ્રામનું નામ "મૃગાવતી-સમાગમ" છે. બાકીના માટે નામ અપાયાં નથી. પાંચમા વિશ્રામમાં પદ્ય ૫૬૯-૫૯૧માં મધુબિન્દુનું દૃષ્ટાંત વર્ણવાયું છે.

મૃગાવત્યાખ્યાન (ઉ. વિ. સં. ૧૬૫૨)– આ ૮૦૦ શ્લોક જેવડું આખ્યાન હીરવિજયસૂરિએ રચ્યું છે.

મૃગાવતી-કથા– આના કર્તાનું નામ જાણવામાં નથી.

[5]**સુકૃતસંકીર્તન** (લ. વિ. સં. ૧૨૯૦)– આ ઐતિહાસિક કાવ્યના રચનાર ઠક્કુર **અ**રિસિંહ છે. એઓ **લ**વણસિંહના પુત્ર, 'વાયડ' ગચ્છના **જી**વદેવસૂરિના ભક્ત અને **અ**મરચન્દ્રસૂરિના કલાગુરુ થાય છે. આ **અ**રિસિંહને હાથે કાવ્યદીક્ષા લેનારા આ **અ**મરચન્દ્રસૂરિએ રાણા **વી**રધવલ સાથે એમનો પરિચય કરાવ્યો તે પ્રસંગને તેમ જ મંત્રીશ્વર **વ**સ્તુપાલ સાથેના પ્રાસ્તાવિક વિનોદને લક્ષીને શીઘ્ર કાવ્યો આ અરિસિંહે રચેલાં મળે છે. એમની મુખ્ય કૃતિ તો આ **સુકૃતસંકીર્તન** છે. એ ૧૧ સર્ગમાં વિભક્ત છે. એમાં [6]૫૫૫ પદ્યો છે. આ કાવ્યમાં **વ**નરાજથી માંડીને **સા**મંતસિંહ સુધીના, **મૂ**લરાજથી માંડીને **ભી**મદેવ સુધીના તેમ જ **અ**ર્ણોરાજથી માંડીને **વી**રધવલ સુધીના નૃપતિઓનો સંક્ષિપ્ત પરિચય અપાયો છે જ્યારે વિસ્તારથી તો **વ**સ્તુપાલનું ચરિત્ર આલેખાયું છે અને તેમ કરતી વેળા એ મંત્રીશ્વરે કરેલી યાત્રાનું વર્ણન કરાયું છે. આ કાવ્યના પ્રત્યેક સર્ગના અંતનાં પાંચ પાંચ પદ્યો અમરચન્દ્રસૂરિએ રચ્યાં
P. ૨૪૬ છે. એ પૈકી પહેલાં ત્રણ વસ્તુપાલની પ્રશંસારૂપ છે અને ચોથું પદ્ય આ અરિસિંહના અને એના કાવ્યચાતુર્યના કીર્તનરૂપ છે, જ્યારે પાંચમું પદ્ય આ પદ્યો રચનાર અમર પંડિતનું નામ પૂરું પાડે છે.

રાજીમતી-વિપ્રલંભ (લ. વિ. સં. ૧૨૯૫)– આ ખંડ કાવ્યના અને એની સ્વોપજ્ઞ વૃત્તિના કર્તા દિ. પં. **આ**શાધર છે. એમણે આ કાવ્યનો **ધર્મામૃતની** પ્રશસ્તિ (શ્લો. ૧૨)માં ઉલ્લેખ કર્યો છે. આ કાવ્ય કે એની ઉપર્યુક્ત વૃત્તિ હજી સુધી તો અનુપલબ્ધ છે. પરંતુ એનો વિષય **રા**જીમતીનો **ને**મિનાથથી વિયોગ થયો તે હોવો જોઈએ એમ એનું નામ વિચારતાં જણાય છે.

---

૧. આ ચરિત્ર **હી**રાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૦૯માં પત્રાકારે પ્રસિદ્ધ કરાયું છે.

૨. પાંચમાં વિશ્રામની પુષ્પિકામાં પ્રસ્તુત કૃતિ માટે 'ધર્મસારચૂડામણિ' એવું વિશેષણ વપરાયું છે. એ ઉપરથી આ નામ યોજાયું હશે.

૩. જુઓ પૃ. ૧૧૨

૪. આનાં પરિમાણ નીચે મુજબ છે :–
પત્ર ૧-૨૫, ૨૬-૫૩, ૫૩-૭૭, ૭૭-૧૧૫ અને ૧૧૬-૧૭૨.

૫. આ કાવ્ય "જૈ. આ. સ." તરફથી વિ. સં. ૧૯૭૪માં પ્રકાશિત કરાયું છે. [આનો અંગ્રેજી અનુવાદ ઇંડીયન એંટીક્વરી ભા. ૩૧માં મૂળ અને બુહ્લરનો જર્મન અનુવાદ સિત્સુંગસ્વેરિખ્તે (ભા. ૧૧૯, સ. ૧૮૯૯)માં બન્ને જર્મન અને અંગ્રેજી સાથે સિંધી ગ્રં. ૩૨માં પ્રકાશિત છે.]

૬. L C V (પૃ. ૯૪)માં ૫૫૩નો ઉલ્લેખ છે પરંતુ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪૪૩)માં તો ૫૫૫નો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વોપજ્ઞ વૃત્તિ– આ અત્યારે તો અનુપલબ્ધ છે.

[1]**જગડૂચરિત**[2] (લ. વિ. સં. ૧૩૭૫)–આ **ધ**નપ્રભસૂરિના શિષ્ય **સ**ર્વાનન્દસૂરિએ સાત સર્ગમાં ૩૮૮ પદ્યમાં રચેલું ઐતિહાસિક કાવ્ય છે. સ. ૬, શ્લો. ૬૮માં ગુજરાતમાં વિ. સં. ૧૩૧૨-૧૫માં પડેલા દુકાળનું વર્ણન છે. એ સમયે કચ્છમાંના ભદ્રેશ્વરના શ્રીમાળી જૈન [3]જગડુશાહે કેવી રાહત આપી તે અહીં વર્ણવાયું છે. સ. ૬, શ્લો. ૨૫માં રાજા **વી**સલદેવનો ઉલ્લેખ છે. કંથકોટ, ભદ્રેશ્વર વગેરેનાં વર્ણનો, લોકોની રીતભાત, સિંધ, કચ્છ વગેરેના રાજાઓને લગતી હકીકત ઇત્યાદિ વિવિધ બાબતો આ કૃતિમાં આલેખાઈ છે.

જગડુશાહપ્રબંધ– આની એક હાથપોથી લીંબડીના ભંડારમાં છે. P. ૨૪૭

[4]**કાલકાચાર્યકથા** (લ. વિ. સં. ૧૪૦૦)– આનો પ્રારંભ ''**શ્રી**વીરવાક્યાનુ''થી થાય છે. એમાં ૬૫ પદ્યો છે. પાંચમની સંવત્સરીને બદલે ચોથની કરનાર **કા**લકસરિની કથા આમાં કોઈકે આલેખી છે. આની એક હાથપોથી વિ. સં. ૧૫૩૨માં લખાયેલી છે. આની તાડપત્રીય પ્રતિ પણ મળે છે. અને એ ઈ. સ.ની ૧૪મી સદીની આસપાસની હોવાનું મનાય છે.

કાલકાચાર્યની કથાની વિવિધ વાચનાઓ (recensions)ની ચકાસણી કરી તેનું પૃથક્કરણનું કાર્ય પ્રો. નોર્મન ડબલ્યુ **બ્રા**ઉને [5]The Story of Kalakaમાં કર્યું છે.

કાલિકાચાર્યકથાસંગ્રહ– આનો પ્રારંભ આગમિક પ્રાચીન સાહિત્યમાંના છ સંદર્ભથી કરાયો છે. ત્યાર બાદ અનાગમિક સાહિત્યમાંથી કાલકસૂરિને અંગેની ૩૦ કથાઓ આપઈ છે. એનું સંપાદન પં. **અં**બાલાલ પ્રેમચંદ શાહે કર્યું છે. એમણે વિસ્તૃત ઉપોદ્‌ઘાત દ્વારા કથાકારોનો તેમ જ 'કાલક' નામના ત્રણ સૂરિનો અને એમને લગતી આઠ ઘટનાનો પરિચય આપ્યો છે. આ સંગ્રહમાં ઉપર્યુક્ત P. ૨૪૮ કથા ઉપરાંત નીચે મુજબની સ્વતંત્ર ૧૧ સંસ્કૃત કથાઓ છે :–

૧. આ **મ**ગનલાલ દલપતરામ ખખ્ખરે ગુજરાતી ભાષાંતર સહિત મુંબઈથી ઈ. સ. ૧૮૯૬માં પ્રકાશિત કર્યું છે. [''હર્ષપુષ્પા.'' ગ્રં. માં સં. ૨૦૩૯માં પ્રતાકાર અને પુસ્તકાકારે પ્રસિદ્ધ થયું છે.]

૨. **કે**સરકુશલે વિ. સં. ૧૭૧૬માં **જગડુપ્રબંધરાસ** રચ્યો છે. **ભા**વપ્રભસૂરિએ **જૈનધર્મવરસ્તોત્રની** સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૪૦-૪૩)માં સંક્ષેપમાં ''જગડૂક-પ્રબંધ'' રજૂ કર્યો છે.

૩. એણે જિનેશ્વરોનાં, **શિ**વનાં અને **વિ**ષ્ણુનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો અને મુસ્લિમો માટે મસીદ બંધાવી હતી.

૪. આ કથા ''દે. લા. જૈ. પુ. સંસ્થા'' તરફથી જે ''કલ્પસૂત્ર'' ઈ. સ. ૧૯૧૪માં છપાયું છે તેના અંતમાં અપાઈ છે. વિશેષમાં આ જ કથા આ પ્રકાશન તેમ જ ૧૧ હાથપોથીઓના આધારે The Story of Kalakaમાં પૃ. ૯૮-૧૦૧માં છપાવાઈ છે. એનું સંપાદન આ **કા**લકસૂરિને અંગેની બીજી પાઈય કથાઓ અને એના અંગ્રેજી અનુવાદો વગેરે સહિત પ્રો. ડબલ્યુ નોર્મન **બ્રા**ઉને કર્યું છે અને એ ચિત્રો સહિત વૉશિંગ્ટનના ''સ્મિથસોનિયન ઇન્સ્ટિટ્યુટ'' તરફથી ઈ. સ. ૧૯૩૩માં વૉશિંગ્ટનથી પ્રકાશિત કરાયું છે. આ ઉપરાંત આ કથા કાલકને બદલે 'કાલિક' એવા અશુદ્ધ પ્રયોગપૂર્વક જે ''શ્રી **કા**લિકાચાર્યકથાસંગ્રહ'' શ્રી **સા**રાભાઈ મ. નવાબે ૩૭ પ્લેઈટ (plate)ગત ૮૮ ચિત્રો સહિત ઈ. સ. ૧૯૪૯માં છપાવ્યો છે તેમાં પણ છે.

૫. આ પુસ્તક વૉશિંગ્ટનથી ઈ. સ. ૧૯૩૩માં છપાવાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧. દેવેન્દ્રસૂરિકૃત કથા. આમાં ૮૩ પદ્યો છે. એના પ્રણેતા જગચ્ચન્દ્રસૂરિના શિષ્ય હોય તો આ કથા મોડામાં મોડી વિ. સં. ૧૩૨૭ની ગણાય.

૨. **રામ**ભદ્રકૃત કથા. આમાં ૧૨૫ પદ્યો છે. એના રચનાર 'વાદી' **દેવ**સૂરિના શિષ્ય જયપ્રભસૂરિના શિષ્ય થાય છે.

૩. **વિનય**ચન્દ્રપ્રણીત કથા. આમાં ૮૯ પદ્યો છે અને આના પ્રણેતા **રત્ન**સિંહસૂરિના અંતેવાસી થાય છે. એમણે **પજ્જોસવણાકપ્પ** ઉપર વિ. સં. ૧૩૨૫માં નિરુક્ત રચ્યું છે.

૪. **મહે**શ્વરસૂરિરચિત કથા. આ પર પદ્યની કૃતિની એક હાથપોથી વિ. સં. ૧૩૬૫માં લખાયેલી છે. આ કૃતિના 'પલ્લીવાલ' ગચ્છના છે.

૫. અજ્ઞાતકર્તૃક કથા. આમાં ૬૫ પદ્યો છે. એને અંગે કોઈ કે બાલાવબોધ રચ્યો છે.

૬. **જિન**દેવકૃત કથા. આ ૯૭ પદ્યોની કથા છે. આ મુનીશ્વર **જિન**પ્રભસૂરિના પ્રિય શિષ્ય થાય છે.

૭. **માણિક્ય**સૂરિકૃત કથા. આમાં ૧૦૨ પદ્યો છે અને એનો પ્રારંભ "वन्दा रुहरिवन्दारु"થી થાય છે.

૮. દેવકલ્લોલકૃત કથા. આ વિ. સં. ૧૫૬૬ની રચના છે. એમાં ૧૦૪ પદ્યો છે અને એના પ્રણેતા પાઠક **કર્મ**સાગરના શિષ્ય થાય છે.

P. ૨૪૯ ૯. અજ્ઞાતકર્તૃક કથા. આ ૬૭ પદ્યોની કથાની શરૂઆત "श्रीवर्धमानपदपद्मा"થી કરાઈ છે. અંતિમ પદ્યના અન્ત્ય ચરણમાં કર્તાએ પોતાનું 'વિબુધતિલક' નામ ગોપવ્યું હોય તો ના નહિ.

૧૦. અજ્ઞાતકર્તૃક કથા. 'जीयात् स कालकाचार्यः'થી શરૂ થતી આ કથામાં ૧૯ પદ્યો છે.

૧૧. **સમય**સુન્દરગણિકૃત કથા. "प्रणम्य श्रीगुरु"થી શરૂ થતી આ [૧]કથા ગદ્યમાં વિ. સં. ૧૬૬૬માં રચાઈ છે. વચ્ચે વચ્ચે ૩૭ પદ્યો છે. કોઈકે એના ઉપર બાલાવબોધ રચ્યો છે.

આ ઉપરાંત **પ્ર. ચ. પુ**ષ્પમાલાની વૃત્તિ, **શુભ**શીલગણિકૃત ભરતેશ્વર-બાહુબલિ-વૃત્તિ તેમ જ ઉવએસમાલાની **સિદ્ધર્ષિ**કૃત વૃત્તિમાં **કાલ**કાચાર્યનો વૃત્તાન્ત છે. **નિસીહ**ની **જિન**દાસગણિકૃત **વિસેહચુણ્ણિ**માં **કાલ**કસૂરિની કથા છે તે આ સૂરિને અંગેની સ્વતંત્ર તેમ જ આનુષંગિક કથાઓમાં સૌથી પ્રાચીન હોય એમ લાગે છે.

[૨]**જૈન મેઘદૂત** યાને **મેઘદૂત** (ઉ. વિ. સં. ૧૪૪૯)– આના કર્તા 'અંચલ' ગચ્છના **મહે**ન્દ્રસૂરિના પટ્ટધર **મેરુ**તુંગસૂરિ છે. એમણે **સત્તરિભાસ** ઉપર વિ.સં. ૧૪૪૯માં ટીકા રચી છે. એમાં એમણે પોતાની નીચે મુજબની કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે :–

(૧) **મેઘદૂત** (પ્રસ્તુત કૃતિ), (૨) એની વૃત્તિ, (૩) **ષડ્દર્શન સમુચ્ચય (ષડ્-દર્શન-નિર્ણય)**, (૪) **કાતંત્ર** ઉપર [૩]બાલાવબોધ, (૫) **ધાતુપારાયણ** ઇત્યાદિ.

૧. આ કથા "જિનદત્તસૂરિ પુસ્તકોદ્ધાર ફંડ" તરફથી જે **પજ્જોસવણાકપ્પ કલ્પલતા** સહિત ઈ.સ. ૧૯૩૯માં છપાવાયેલ છે તેના અંતમાં પણ અપાયેલી છે.

૨. આ કાવ્ય **શીલ**રત્નની ટીકા સહિત "જૈ. આ. સ." તરફથી ઈ. સ. ૧૯૨૪માં પ્રકાશિત થયેલું છે.

૩. આની નોંધ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧)માં લેવાની રહી ગઈ છે. [આ આવૃત્તિમાં લીધી છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ઉપરથી આ પ્રસ્તુત **મેઘદૂત** વિ. સં. ૧૪૪૯ કરતાં તો પછી રચાયું નથી એમ ફલિત થાય છે. P. ૨૫૦

આ કાવ્ય ચાર સર્ગમાં 'મન્દાક્રાંતા'માં ૧૯૬ પદ્યમાં રચાયેલું છે.

વિષય– નેમિનાથ **રા**જીમતી સાથે લગ્ન કર્યા વિના ચાલ્યા ગયા એથી એ સતી મૂર્ચ્છિત બની. ભાનમાં આવતાં એ મેઘને જુએ છે અને એનો સત્કાર કરે છે અને એના દ્વારા **નેમિ**નાથને સંદેશો મોકલવા તૈયાર થાય છે. આમ કહી કવિ એમનો પરિચય કરાવે છે. પ્રથમ સર્ગમાં નેમિનાથની બાલક્રીડા અને પરાક્રમલીલા અને બીજામાં વસંતના વર્ણનની સાથે સાથે એ પ્રભુની વસંતક્રીડા આલેખાઈ છે. ત્રીજામાં વિવાહ મહોત્સવ અને નેમિનાથનો ગૃહત્યાગ વર્ણવાયા છે. ચોથામાં વિરહિણી **રા**જીમતી મેઘને પોતાની દશાથી પરિચિત કરે છે અને અંતે **નેમિ**નાથને સંદેશો મોકલે છે એ વાત રજૂ કરાઈ છે.

આ કાવ્ય ઉપર નીચે મુજબનું વિવરણાત્મક સાહિત્ય છે :–

(૧) **વૃત્તિ**– આના કર્તા **મેરુ**તુંગસૂરિ જાતે છે.

(૨) [૧]**ટીકા**– આના કર્તા 'અંચલ' ગચ્છના જયકીર્તિસૂરિના શિષ્ય **શીલ**રત્ન છે. એમણે આ ટીકા **માણિક્ય**સુન્દરની સહાયતાથી વિ. સં. ૧૪૯૧માં રચી છે. એમાં એમણે **સિ. હે., કાવ્યાલંકાર** વગેરેમાંથી અવતરણો આપ્યાં છે.

(૩) **ટીકા**– જયકીર્તિસૂરિના શિષ્ય **મહી**મેરુગણિએ ૧૪૪૪ શ્લોક જેવડી આ ટીકા વિ. સં. ૧૫૪૬માં રચી છે.

(૪) **ટિપ્પન**– કોઈકે ૪૫૦ શ્લોક જેવડું આ ટિપ્પન રચ્યું છે.

[૨]**સુલસાચરિત્ર** (ઉ. વિ. સં. ૧૪૫૩)– આના કર્તા **મલય**સુન્દરીચરિત્રના પ્રણેતા 'આગમ' ગચ્છના **જય**તિલકસૂરિ છે. એમણે લગભગ ૫૪૦ શ્લોકમાં આઠ સર્ગમાં આ ચરિત્ર રચ્યું છે. એમાં સતી **સુલસા**નું જીવનવૃત્ત આલેખાયું છે P. ૨૫૧

[૩]**રત્નચૂડ-કથા** (લ. વિ. સં. ૧૪૬૦)– આ ૫૪૮ પદ્યમાં રચાયેલી કથાના કર્તા **રત્ન**સિંહસૂરિના શિષ્ય **જ્ઞા**નસાગર છે. એમણે આ દ્વારા દાનધર્મની વિશેષતા નિર્દેશી છે. અહીં અપાયેલી **રત્ન**ચૂડની કથા નીચે મુજબ છે :–

જૈન શ્રેષ્ઠી **રત્ના**કરની પત્ની **સર**સ્વતી સ્વપ્નમાં રત્નની રાશિ જુએ છે અને બીજે દિવસે સવારે એ બાબત એ એના પતિને કહે છે. શ્રેષ્ઠી સ્વપ્નપાઠકને મળે છે અને એ સ્વપ્નની ઉત્પત્તિના

---

૧. જૈ.આ.સ. તરફથી ઈ.સ. ૧૯૨૪માં આ પ્રકાશિત છે.

૨. આની વિ. સં. ૧૪૫૩માં લખાયેલી એક હાથપોથી અહીંના જૈનાનંદ પુસ્તકાલયમાં છે.

૩. આ ''ય. જૈ. ગ્રં.''માં વિ. સં. ૧૯૭૪માં પ્રકાશિત કરાઈ છે. એનો પ્રો. હર્ટલે જર્મનમાં અનુવાદ "Indische Marchenromane"માં ''લાઈપ્ત્સિગ''થી ઈ. સ. ૧૯૨૨માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નવ પ્રકારો અને કયું સ્વપ્ન ક્યારે કેવી રીતે ફળે ઇત્યાદિ હકીકત વિસ્તારથી કહે છે.[1] આગળ જતાં સરસ્વતી પુત્રને જન્મ આપે છે અને એનું નામ 'રત્નચૂડ' પડાય છે. એ મોટો થતાં એને લેખશાળામાં મોકલાય છે. ત્યાં ભણીગણી તૈયાર થતાં એ પોતાના પિતાની દુકાને બેસે છે. ધનાઢય હોવાથી એ ગર્વિષ્ઠ રહે છે. એ ઉપરથી એક વેળા **સૌ**ભાગ્ય મંજરી નામની વેશ્યા એને કહે છે કે બાપની પૂંજી ઉપર આ અભિમાન શા કામનું ? એ ઉપરથી એ પરદેશ જવા તૈયાર થાય છે. એ સમયે એના પિતા એને ઉપદેશ આપે છે. પ્રવાસમાં કેમ વર્તવું વગેરે સામાન્ય શિખામણ આપી ધૂર્ત લોકોના ધામરૂપ 'ચિત્રકૂટ' દ્વીપમાં આવેલા 'અનીતિપુર'માં નહિ જવું અને કદાચ જવું પડે તો ઝટ ત્યાંથી નીકળી જવાનું કહે છે.

P. ૨૫૨ રત્નચૂડ વહાણમાં કિંમતી વસ્તુઓ ભરી પરદેશ જાય છે અને કર્મસંયોગે એ જ 'અનીતિપુર'માં આવી પહોંચે છે. એ વેળા ચાર વણિક એને મળે છે અને એઓ એને સગા છે એવી ખોટી છાપ એના ઉપર પાડે છે અને વહાણમાં ભરેલો માલ અમે વેચી આપીશું અને તમે કહેશો તે ઇષ્ટ વસ્તુથી ભરી આપીશું એમ કહી એની સંમતિ મેળવી એ માલ એમાંથી ખાલી કરે છે.

બીજે દિવસે રત્નચૂડ રાજાને મળવા ઊપડે છે. ત્યાં કોઈ પાદુકા બનાવનાર એને પાદુકા ભેટ આપે છે. મૂલ્ય પૂછતાં એ કહે છે કે મને રાજી કરજો એટલે થયું. એની હા પાડી રત્નચૂડ આગળ વધે છે ત્યાં તો એક કાણિયો આવી એને કહે છે કે હું જુગારમાં હારી ગયો એટલે તમારા પિતા પાસે મેં મારી એક આંખ ગીરો મૂકી લાખ દીનાર લીધા હતા. એ રકમ આજે તમને હું પાછી આપું છું વાસ્તે તમે મને મારી આંખ પાછી આપો. રત્નચૂડ આ સાંભળી આભો બની જાય છે. છતાં દ્રવ્ય તો એ લઈ લે છે.

રત્નચૂડ થોડોક ચાલ્યો એટલે એને ચાર ધૂતારા મળ્યા. એ માંહોમાંહે વાદ કરતા હતા કે સમુદ્રનું માપ નીકળે કે નહિ ? ચોથો ધૂતારો રત્નચૂડને પાનો ચડાવી એનું માપ કાઢી આપવાનું એની પાસે કબૂલ કરાવે છે અને કહે છે કે જો તમે આ કાર્ય કરી શકશો તો અમે ચારે જણ અમારું ધન તમને આપી દઈશું, નહિ તો તમારું બધું લઈ લઈશું, રત્નચૂડ શરત કબૂલ રાખે છે.

આ બધા ધૂર્ત જનોને કેમ પહોંચી વળવું એ વિચાર આવતાં રત્નચૂડ રણઘંટા વેશ્યાને ત્યાં જાય છે અને એને હજાર દીનાર આપી રાજી કરે છે. એ વેશ્યા એને સ્ત્રીનો વેષ પહેરાવી પોતાની માતા યમઘંટા પાસે લઈ જાય છે. તે પૂર્વે એ કહે છે કે આ ધૂતારાઓનું નગર છે. રાજા, મંત્રી, શેઠ,
P. ૨૫૩ આરક્ષક (કોટવાલ), પુરોહિત અને મારી મા વિદેશીને છેતરી એનું ધન સરખે ભાગે વહેંચી લે છે.

યમઘંટા રણઘંટાને પૂછે છે કે આ કોણ છે ? એનો એ બનાવટી ઉત્તર આપે છે. એવામાં પેલા ચાર વણિકો યમઘંટા પાસે આવી પોતે એક મુસાફરને કેવો ફસાવ્યો છે તે કહે છે. એ ઉપરથી એ કહે છે કે જો એ મચ્છરોનાં હાડકાંથી વહાણ ભરી આપવાનું કહેશે તો તમે બની જશો. ત્યારે પેલા

૧. શ્લો. ૪૪માં કહ્યું છે કે જે શુભ આશયવાળો પુરુષ સ્વપ્નમાં મરઘી ઘોડી કે ક્રૌંચી જુએ તેને ત્યાં કન્યાનો જન્મ થાય અથવા તો તેને પત્ની મળે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચાર કહે છે કે એ બાળકમાં એવી બુદ્ધિ ક્યાંથી હોય ? એ સાંભળી **યમઘંટા** [1]**રોહકની** કથા વિસ્તારથી કહે છે.[2] એ સાંભળી એ ચાર જાય છે.

થોડી વારે પેલો પાદુકાવાળો આવે છે અને **રત્નચૂડ** બધું આપે તો રાજી થયો એમ પોતે કહેનાર છે એમ કહે છે. **યમઘંટા** કહે છે કે એમાં તું ફાવીશ નહિ. એમ કહી **સોમશર્મા**ના પિતાની-[3]**શેખચલ્લી** જેવા વિચાર કરનારની કથા કહે છે અને ઉમેરે છે કે તારી પાદુકા હવે તને પાછી નહિ મળે, કેમકે એ તને પૂછશે કે રાજાને ત્યાં પુત્ર આવ્યો છે એથી તું રાજી થયો છે કે નહિ ત્યારે તારે 'રાજી થયો છું' એમ જ કહેવું પડશે ને ?

એ ગયો એટલે પેલો કાણિયો આવ્યો. એને **સુબુદ્ધિ**ની [4]કથા કહી. પછી એણે કહ્યું કે એ કહેશે કે મારે ત્યાં ઘણા જનો આંખ ગીરો મૂકી ગયા છે તો તારી કઈ છે એ હું તોલીને કહી શકું : વાસ્તે બીજી આંખ કાઢી આપ એ સાંભળી કાણિયો ચાલતો થયો. P. ૨૫૪

થોડી વારે પેલા ચાર વણિક આવ્યા અને એમણે કહ્યું કે સમુદ્રનું માપ કઢાવવાની અમે શરત કરી આવ્યા છીએ. હવે એ પરદેશીનું ધન અમને મળી જશે. યમઘંટાએ કહ્યું કે તમે જ ફસાયા છો, કેમકે એ તો કહેશે કે મેં સમુદ્રનું માપ કાઢવાનું કહ્યું છે, નહિ કે એમાં જે નદીનું પાણી આવે છે તેનું. માટે તમે નદીના જળને દૂર કરો એટલે હું સમુદ્રના જળનું માપ કાઢી આપું. બોલો, તમે નદીના જળને કેવી રીતે રોકશો ? પેલાઓએ કહ્યું કે આવી બુદ્ધિ એનામાં ક્યાંથી હોય ? એ સાંભળી યમઘંટાએ શેઠની વહુ વઢકણી **સોઢી**ની વાર્તા કહી સંભળાવી. હતાશ થયેલા પેલા વણિકો ચાલ્યા ગયા.

રણઘંટા રત્નચૂડને લઈને પાછી ફરી. રત્નચૂડે એનું સન્માન કર્યું અને એની રાજા લઈ એપોતાને આવાસે આવ્યો.

બીજે દિવસે પેલા બધા ધૂતારાઓ આવ્યા. રત્નચૂડે એમને સમજાવવા માંડ્યા પણ આથી તેમણે માન્યું નહિ. ત્યારે એ એમને લઈને રાજા પાસે ગયો. ત્યાં એણે એ બધાને યમઘંટાપાસે સાંભળેલા ઉત્તર આપી પરાસ્ત કર્યા. રાજા રાજી થયો અને બોલ્યો કે માંગ, માંગ જે માંગે તે આપું. રત્નચૂડે કહ્યું કે તમે અનીતિ છોડી દો. રાજાએ હા પાડી અને કહ્યું કે આ તો તેં મારા હિતની વાત કરી. હવે તારું કંઈ હિત કરી શકું તેવું કહે. એ ઉપરથી **રત્નચૂડે રણઘંટા**ની માંગણી કરી. રાજાએ હા પાડી અને રણઘંટા રત્નચૂડની પત્ની બની. પછી રત્નચૂડ થોડે દિવસે પોતાને નગરે પાછો ફર્યો. થોડે દિવસે એના પિતાએ એક મુનિને રત્નચૂડ વિષે વાત પૂછી ત્યારે મુનિએ એણે પૂર્વ ભવમાં શ્રમણને દીધેલા દાનની હકીકત કહી સંભળાવી. વિશેષમાં એમણે રત્નચૂડ એટલે સંસારી જીવ, પાદુકા P. ૨૫૫ બનાવનાર તે રાગ ઇત્યાદિ બાબતો રૂપક તરીકે ઘટાવી.

---

૧. **મહા-ઉમ્મગ્ગ-જાતક**માં આવતી મહોસધની કથાનું આ સ્મરણ કરાવે છે. જુઓ H I L (Vol II, pp. 138-139).

૨. જુઓ શ્લો. ૨૧૮-૩૧૦. ૩. જુઓ શ્લો. ૩૧૬-૩૨૯. ૪. જુઓ શ્લો. ૩૩૯-૩૯૬.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમાનનામક કૃતિઓ– દેવેન્દ્રગણિએ (નેમિચન્દ્રસૂરિએ) જે **રત્નચૂડકથા** રચી છે તે પ્રસ્તુત કથાથી ભિન્ન છે. એને [1]**તિલકસુન્દરી-રત્નચૂડકથાનક** પણ કહે છે અને **અક્ખાણમણિકોસ (આખ્યાન-મણિકોશ)**ના ટીકાકાર **આમ્રદેવે** એનો ઉલ્લેખ કર્યો છે. [**આ.મ.** પં. અમૃતલાલ ભોજક સંપાદિત થઈ "પ્રાકૃત ગ્રં. ૫." દ્વારા ઈ.સ. ૧૯૬૨માં પ્રસિદ્ધ થયેલ છે.]

'ખરતર' ગચ્છના જિનેશ્વરસૂરિના શિષ્ય **જિનવલ્લભસૂરિએ રત્નચૂડકથા** રચી છે અને એની એક તાડપત્રીય પ્રતિ જેસલમેરના ભંડારમાં છે. આના ઉપર કોઈકનું ટિપ્પણ છે. શું આ પ્રસ્તુત વિષયની કૃતિ છે?[2] આવો પ્રશ્ન **નેમપ્રભ**ની કૃતિ માટે પણ વિચારવો ઘટે.

પ્રદ્યુમ્નસૂરિના પ્રશિષ્ય **યશોદેવ**ગણિએ જ. મ.માં જે કૃતિ રચી છે તે તો નામ પૂરતી સામ્ય ધરાવે છે કે વિષયની દૃષ્ટિએ પણ અભિન્ન છે તે જાણવું બાકી રહે છે. એની એક હાથપોથી વિ. સં. ૧૨૨૧માં લખાયેલી છે.

કથાકોશ યાને **કલ્પમંજરી** ( )– આ 'આગમ' ગચ્છના **જયતિલકસૂરિ**ની રચના છે. એનું પરિમાણ ૨૯૦ શ્લોક જેવડું છે.

P. ૨૫૬ **કથાકોશ**– આ અજ્ઞાતકર્તૃક કૃતિમાં સંસ્કૃતમાં ૨૭ કથાઓ છે. એનો પ્રારંભ 'ધનદ-કથા'થી કરાયો છે. શું આ પદ્યાત્મક કૃતિ છે ?

[3]**અંગ્રેજી અનુવાદ**– આનો સી. એચ **ટૉની**એ અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે.

સમાનનામક અન્ય કૃતિઓ– **કથાકોશ** નામની એકેક કૃતિ નિમ્નલિખિત દિગંબર ગ્રંથકારોએ રચી છે. **ચન્દ્રકીર્તિ, પદ્મનન્દિ,** [4]**બ્રહ્મ નેમિદત્ત,** [5]**શ્રુતસાગર, સકલકીર્તિ** અને **સિંહસૂરિ.**

કથાકોશ યાને **શકુનરત્નાવલી**– આના કર્તા **વર્ધમાન** છે.

[**રત્નપાલકથા** : **સોમમંડન.** પ્ર. આ. સભા. **રત્નપાલચરિત્ર** : મુનિ નથમલ. પ્રકાશિત છે.]

રત્નશેખર-રત્નવતી-કથા, [6]**પર્વતિથિવિચાર,** [7]**પર્વવિચાર** કિંવા [8]**વ્રતકથા** (વિ. સં. ૧૪૬૩)– આના કર્તા **જયતિલકસૂરિ**ના કે પછી **જયચન્દ્ર**ના શિષ્ય **દયાવર્ધન**ગણિ છે. એમણે ૩૮૦ શ્લોક જેવડી આ કૃતિ વિ. સં. ૧૪૬૩માં રચી છે.

---

૧. આ કથા પાઈયમાં હોય એમ લાગે છે. જો તેમ જ હોય તો એ તો પાટણની વિ. સં. ૧૨૨૧ની તાડપત્રીય પ્રતિ ઉપરથી "મણિવિજય ગણિવર ગ્રંથમાલા"માં ઈ. સ. ૧૯૪૨માં છપાવાઈ છે.

૨. આ પ્રશ્ન ૨૩૦૦ શ્લોક જેવડા અને રાજ્યવર્ધને રચેલા **રત્નચૂડચરિત્રને** અંગે પણ વિચારવાનો રહે છે.

૩. આ અનુવાદ "ઓરિયેન્ટલ ટ્રાંસ્લેશન ફંડ" તરફથી લંડનથી ઈ. સ. ૧૮૯૫માં પ્રસિદ્ધ કરાયો છે.

૪. એમની કૃતિને **આરાધના-કથાકોશ** પણ કહે છે.

૫. એમની કૃતિને **વ્રતકથાકોશ** તરીકે પણ ઓળખાવાય છે.

૬-૭. આ નામાંતરો **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૨૮)માં અપાયાં છે.

૮. એજન, પૃ. ૩૬૮ અહીં નામાંતર તરીકે **રત્નશેખર-રત્નાવલી-કથા** એવો ઉલ્લેખ છે, જો કે કર્તાનું નામ તો દયાવર્ધન અપાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]**રૌહિણેયકથા** (લ. વિ. સં. ૧૪૭૦)– આ રૌહિણેય ચોરની કથા 'કાસદ્રહ' ગચ્છના દેવચન્દ્રના શિષ્ય દેવમૂર્તિએ રચી છે. એમણે વિ. સં. ૧૪૭૦ની આસપાસમાં [૨]**વિક્રમચરિત્ર** રચ્યું છે.

આ કથાનું મુખ્ય પાત્ર **રૌહિણેય** નામનો ચોર છે. એ કેમે કર્યો પકડાતો ન હતો. તેને P. ૨૫૭
શ્રેણિક નરેશ્વરના પુત્ર અને એમના મહામંત્રી **અભયકુમાર** એક વેળા પકડી પાડે છે અને ચોરી કબૂલ કરાવવા માટે એક યુક્તિ રચે છે. જે ઓરડામાં એ ચોરને રાખ્યો હતો તે જાણે ઈન્દ્રભવન ન હોય તેમ તેને તેઓ શણગારે છે અને અપ્સરાઓની જગ્યાએ વારાંગનાઓ રાખે છે. નિદ્રાધીન બનેલો ચોર જાગતાં આ સ્વર્ગ તમને કેમ મળ્યું એમ એને પેલી વારાંગનાઓ પૂછે છે. **રૌહિણેયે** **મહાવીરસ્વામી**નું વચન પગમાં કાંટો વાગતાં એ કાઢતી વેળા કમને સાંભળ્યું હતું કે દેવ-દેવીની આંખ મિંચાતી નથી તેમ જ તેમના પગ જમીનને અડકતા નથી. આ વાત યાદ આવતાં એ સમજી ગયો કે આ સ્ત્રીઓ અપ્સરાઓ નથી પણ આ તો બનાવટ છે. આ ઉપરથી પ્રતિબોધ પામી એણે દીક્ષા લઈ આત્મકલ્યાણ કર્યું.

અંગ્રેજી અનુવાદ– આ કથાનો અંગ્રેજીમાં [૩]અનુવાદ એચ. **જોન્સને** કર્યો છે.

ગીતવીતરાગ કિંવા **જિનાષ્ટપદી** (લ. વિ. સં. ૧૪૭૫)– આના કર્તા દિ. 'અભિનવ' **ચા**રુકીર્તિ છે. એમનો સમય **વિક્રમની** પંદરમી સદીનો ઉત્તરાર્ધ હોવાનું મનાય છે. એમણે આ કૃતિ 'દ્રવિડ' દેશના સિંહપુરમાં 'ગાંગેય' વંશના રાજપુત્ર **દેવ**રાજના આગ્રહથી રચી છે. એ **ગીતગોવિંદના** અનુકરણરૂપ છે. જેમ જયદેવે **ગીતગોવિંદમાં કૃષ્ણ** અને **રા**ધાના પ્રણયનું વર્ણન કરી શૃંગારપ્રધાન ભક્તિકાવ્ય રચ્યું છે તેમ પ્રસ્તુત કૃતિમાં વીતરાગનાં–જૈનોના તીર્થંકરનાં ગુણગાન છે. આ કૃતિ અનુકરણની દૃષ્ટિએ કેટલી સફળ બની છે એ જાણી શકાય તે માટે એ પ્રકાશિત થવી ઘટે. [આ P. ૨૫૮
ગીતવીતરાગ પ્રબન્ધ નામે ''ભારતીય જ્ઞાનપીઠ વારાણસી''થી સં. ૨૦૨૯માં છપાઇ છે.]

ટીકા– આ **ગીતવીતરાગ** ઉપર અન્ય **ચા**રુકીર્તિએ ટીકા રચી છે. એ પણ અપ્રસિદ્ધ છે.

[૪]**શૃંગાર-ધનદ** (લ. વિ. સં. ૧૪૯૦)– આના કર્તા [૫]**નીતિધનદના** રચનારા [૬]**ધનદ** છે. આ કૃતિને **શૃંગાર-શતક** તરીકે પણ ઓળખાવાય છે. એમાં ૧૦૩ પદ્યો છે. એ દ્વારા સ્ત્રીનાં અંગોપાંગ અને વિષયસેવનનું વર્ણન કરાયું છે. એ માટે 'શાર્દૂલ-વિક્રીડિત' છંદ પસંદ કરાયો છે. ચોથા પદ્યમાં આ કૃતિ પ્રથમ આપવાનું -બાકીની બે **નીતિ-ધનદ** અને **વૈરાગ્ય-ધનદ** નામની

૧. આ ''જૈ. આ. સ.'' તરફથી ઈ. સ. ૧૯૧૬માં પ્રકાશિત થયેલી છે.
૨. જુઓ પૃ. ૧૨૧-૧૨૨
૩. આ અનુવાદ Studies in honour of M. Bloomfield નામના પુસ્તક (પૃ. ૧૫૯ ઈ.)માં ઈ. સ. ૧૯૩૦માં છપાયો છે.
૪. આ કૃતિ ''કાવ્યમાલા'' (ગુ. ૧૩)માં ઈ. સ. ૧૯૧૬માં પ્રકાશિત કરાઈ છે.
૫. આની નોંધ મેં **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ.૨૪૨-૨૪૩)માં લીધી છે.
૬. એમના પરિચય માટે જુઓ જૈ. સં. સા. ઈ. (ખંડ ૧, પૃ.૨૪૨-૨૪૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૃતિઓ પછીથી રચવાનું કારણ દર્શાવતાં કહ્યું છે કે બાળકોને કડવું ઔષધ આપતાં પહેલાં ગોળ આપવો જોઈએ.

[1]**વૈરાગ્ય-ધનદ**(લ વિ. સં. ૧૪૯૦)– આ ઉપર્યુક્ત ધનદની કૃતિ છે. એનો **વૈરાગ્ય-શતક** તરીકે નિર્દેશ કરાય છે. એમાં સ્રગ્ધરામાં ૧૦૮ પદ્યો છે. એમાં વૈરાગ્ય, પ્રાણાયામ, ધ્યાન ઇત્યાદિ બાબતો ઉપર પ્રકાશ પડાયો છે.

P. ૨૫૯ [2]**કાદંબરી-મંડન** (ઉ. વિ. સં. ૧૫૦૪)– માળવાના બાદશાહને **બાણે** રચેલી **કાદંબરી** સાંભળવાની ઇચ્છા થવાથી એણે **મંડ**નને કહ્યું કે ટૂંકમાં મને એ સંભળાવો. આ ઉપરથી **મંડ**ને 'અનુષ્ટુભ્'માં ચાર પરિચ્છેદ પૂરતી કાદંબરી રચી અને એનું નામ **કાદંબરી-મંડન** રાખ્યું.

[3]**ચન્દ્રવિજય** (ઉ. વિ. સં. ૧૫૦૪)– આના કર્તા પણ **મંડ**ન છે. એમણે બે પટલમાં ૧૪૧ પદ્યોમાં આ લલિત કાવ્ય રચ્યું એ દ્વારા ચન્દ્રની ઉત્પત્તિ, એની સૂર્ય સાથે શત્રુતા, એ બે વચ્ચેનું યુદ્ધ, ચન્દ્રનો વિજય અને એનો તારા સાથેનો વિહાર એ બાબતો અહીં રજૂ કરી છે.

[4]**શૃંગાર-મંડન** (ઉ. વિ. સં. ૧૫૦૪)– આ પણ **મંડ**નની કૃતિ છે. એમણે આમાં 'શૃંગાર' રસને પલ્લવિત કરનારાં ૧૦૮ પ્રકીર્ણ પદ્યો રચ્યાં છે.

[5]**શ્રીપાલચરિત્ર** (વિ. સં. ૧૫૧૪)– આના કર્તા પૌર્ણમીય ગચ્છના **ગુણ**સમુદ્રસૂરિના શિષ્ય
P. ૨૬૦ **સત્ય**રાજગણિ છે. એમણે આ ચરિત્ર વિ. સં. ૧૫૧૪માં [6]૪૯૮ પદ્યોમાં રચ્યું છે અને એ દ્વારા એમણે [7]નવપદની–સિદ્ધચક્રની આરાધનાનો મહિમા દર્શાવનારી **શ્રી**પાલ નરેશ્વરની કથા પૂરી પાડી છે. આ રાજાની રાણી **મય**ણાસુંદરી 'આપકર્મી' છે જ્યારે એ રાણીની બેન **સુર**સુંદરી "બાપકર્મી" છે. આપકર્મીનો વિજય અને બાપકર્મીની અપમાનજનક પરિસ્થિતિ એ [8]બે બાબત આ ચરિત્રમાં તરી આવે છે.

---

૧. આ કૃતિ "કાવ્યમાલા" (ગુ. ૧૩)માં ઈ. સ. ૧૯૧૬માં પ્રકાશિત કરાઈ છે.

૨. આ કાવ્ય પાટણની "હેમચન્દ્ર-સભા" તરફથી ગ્રંથાંક ૮ તરીકે પ્રકાશિત કરાયું છે. આની એક હાથપોથી વિ. સં. ૧૫૦૪માં લખાયેલી મળે છે.

૩. આ "હેમચન્દ્ર સભા" તરફથી ગ્રંથાંક ૧૦ તરીકે પ્રકાશિત થયેલ છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૦૪માં લખાયેલી મળે છે.

૪. આ "હેમચન્દ્ર સભા" તરફની **કાવ્યમંડનની** સાથે સાથે વિ. સં. ૧૯૭૬માં પ્રકાશિત કરાયું છે. આની પણ એક હાથપોથી વિ. સં. ૧૫૦૪માં લખાયેલી મળે છે.

૫. આ કૃતિ "વિજયાદાનસૂરીશ્વર ગ્રંથમાલા"માં વિ. સં. ૧૯૯૫માં છપાઈ છે.

૬. કોઈ કોઈ પદ્ય જ. મ. માં છે. એક તો ગુજરાતીમાં છે.

૭. આથી અરિહંત (તીર્થંકર), સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ નવ પદ સમજવાનાં છે.

૮. સ્વ. ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરીએ "શ્રીપાલ રાજાનો રાસ"ને કે પછી એવી કોઈ કૃતિને આધારે આ બે બાબતને અંગે "વીણાવેલી" નામનું ગુજરાતીમાં નાટક રચ્યું હતું.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રીપાલને અંગે જે [૧]વિવિધ ચરિત્રો રચાયેલાં મળે છે તેમાં [૨]**રત્ન**શેખરસૂરિએ વિ. સં. ૧૪૨૮માં જ. મ. માં ૧૩૪૧ પદ્યોમાં રચેલી અને સિદ્ધચક્ર-મન્ત્રોદ્ધારની વિધિથી વિભૂષિત [૩]**સિરિવાલકહા** સૌથી પ્રાચીન છે. સંસ્કૃત ચરિત્રોમાં ઉપર્યુક્ત કૃતિ પ્રાચીનતમ હોય એમ લાગે છે.[૪] P. ૨૬૧

શ્રીપાલચરિત્ર યાને **શ્રીપાલકથા** (વિ. સં. ૧૫૫૭)– આના કર્તા 'વૃદ્ધ તપા' ગચ્છના ઉદયસાગરના શિષ્ય **લબ્ધિ**સાગર છે. એમણે આ ચરિત્ર વિ. સં. ૧૫૫૭માં રચ્યું છે.

શ્રીપાલચરિત્ર (ઉ. વિ. સં. ૧૫૭૨)– આ અજ્ઞાતકર્તૃક ચરિત્રની એક હાથપોથી વિ. સં. ૧૫૭૨માં લખાયેલી મળે છે.

શ્રીપાલચરિત્ર (વિ. સં. ૧૫૭૩)– 'વૃદ્ધ તપા' ગચ્છના **વિજયરત્ન**સૂરિના શિષ્ય **ધર્મ**ધીરની રચના છે. આની વિ. સં. ૧૫૭૩માં લખાયેલી એક હાથપોથી મળે છે.

શ્રીપાલચરિત્ર (વિ. સં. ૧૫૮૫)– આ દિ. કૃતિ 'સરસ્વતી' ગચ્છના **સિંહ**નન્દિ અને **મલ્લિ**ભૂષણના શિષ્ય બ્રહ્મ **નેમિ**દત્તની નવ વિભાગમાં વિભક્ત કરાયેલી વિ. સં. ૧૫૮૫ની રચના છે.

શ્રીપાલચરિત્ર (વિ. સં. ૧૭૪૫)– આ ગદ્યાત્મક કૃતિના કર્તા **જ્ઞાન**વિમલસૂરિ છે. એઓ **ધીર**વિમલના શિષ્ય થાય છે. એ સૂરિનું દીક્ષાસમયનું નામ **નય**વિમલ હતું. એમણે **વિજય**પ્રભસૂરિના રાજ્યમાં વિ. સં. ૧૭૧૦-૧૭૪૭ના ગાળામાં **પણ્હાવાગરણ** ઉપર ટીકા રચી છે. વળી એમણે વિ. સં. ૧૭૫૫માં **તીર્થમાલા** રચી છે. આ ઉપરાંત એમણે [૫]કેટલીક કૃતિઓ ઉપર ગુજરાતીમાં બાલાવબોધ રચ્યા છે. પ્રસ્તુત **શ્રીપાલચરિત્ર** નામની કૃતિ વિ. સં. ૧૭૪૫માં રચાઈ છે. એની પ્રશસ્તિના શ્લો. ૫-૬માં આના કર્તાએ કહ્યું છે કે આ ચરિત્ર પહેલાના પ્રાકૃત ગાથાબદ્ધ [૬]ચરિત્ર અને વાચક (ઉપા.) **વિનય**વિજયકૃત (**શ્રીપાલ રાજાનો**) **રાસને** આધારે મેં યોજ્યું છે. P. ૨૬૨

---

૧. પાઈયમાં ત્રણ, અપભ્રંશમાં બે, સંસ્કૃતમાં પચ્ચીસેક અને ગુજરાતીમાં સોળેક કૃતિઓ રચાઈ છે. જુઓ 'આ. પ્ર.' (પુ. ૪૭, અં. ૪)માં છપાયેલો મારો લેખ નામે ''શ્રીપાલચરિત્રો''શ્રી **અ**ગરચંદ નાહટાનો ''શ્રીપાલચરિત્ર-સાહિત્ય'' નામનો હિંદીમાં લખાયેલો લેખ ''અનેકાંત'' (વ. ૨, કિ. ૨, પૃ. ૧૫૫-૧૬૪)માં **વી**રસંવત્ ૨૪૬૫માં છપાયો છે.

૨. એમનો તેમ જ એમના કૃતિકલાપનો સંક્ષિપ્ત પરિચય મેં **નવપદ-માહાત્મ્યની** મારી ગુજરાતી ''પ્રવેશિકા'' (પૃ. ૮-૧૧)માં આપ્યો છે.

૩. આના પરિચય માટે જુઓ ઉપર્યુક્ત પ્રવેશિકા (પૃ. ૬-૭) તેમ જ **પા. ભા. સા.** (પૃ. ૧૨૦-૧૨૧)

૪. ગુજરાતી કૃતિઓમાં **માં**ડણ શ્રાવકે વિ. સં. ૧૪૯૮માં રચેલો **શ્રીપાલરાસ** યાને **સિદ્ધચક્રરાસ** સૌથી પ્રાચીન જણાય છે.

૫. આનાં નામ માટે જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૬૬૨)

૬. આ **સિરિવાલકહા** જ હશે એમ લાગે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]**શ્રીપાલચરિત્ર** (વિ. સં. ૧૮૬૮)– આ ૧૧૦૦ શ્લોક જેવડા ગદ્યાત્મક ચરિત્રના કર્તા 'ખરતર' ગચ્છના જયકીર્તિસૂરિ છે. એના ઉપર કોઈકની ટીકા છે.

આ ઉપરાંત નિમ્નલિખિત વ્યક્તિઓએ પણ **શ્રીપાલ-ચરિત્ર** નામની એકેક કૃતિ સંસ્કૃતમાં રચી છે :–

ઇન્દ્રદેવરસ [૨]**ક્ષેમલક** કવિ, **જગન્નાથ** પંડિત, **જીવરાજગણિ**, **નરદેવ**, દિ. **મલ્લિભૂષણ**, **વિજયસિંહસૂરિ**, **વિદ્યાનન્દિ**, **વીરભદ્રસૂરિ**, (દિ.) **સકલકીર્તિ**, **સોમકીર્તિદેવ**, [૩]**સોમચન્દ્રગણિ**, **સૌભાગ્યસૂરિ** અને હર્ષસૂરિ.[૪] [રત્નશેખરસૂરિના શિષ્ય **હેમચન્દ્રસૂરિકૃત શ્રીપાલકથા** ''નેમિવિજ્ઞાન ગ્રં.''માં પ્રસિદ્ધ થઇ છે.] તપા. કમલચારિત્ર શિષ્ય ચારિત્ર વિ. કે વિજયચારિત્રકૃત શ્રીપાલન.ચ. કોબા કૈ.જ્ઞાન.માં છે.]

P. ૨૬૩ [૫]**સ્નાત્ર-પંચાશિકા** (લ. વિ. સં. ૧૫૩૦)– આ 'સહસ્રાવધાની' **મુનિસુન્દરસૂરિ**ના શિષ્ય **શુભશીલ**ની ૮૦૦ શ્લોક જેવડી કૃતિ છે. એમાં એમણે જિનપૂજાને અંગે પચાસ કથાઓ આપી છે.

અવચૂરિ– આ **સોમ**ગણિએ વિ. સં. ૧૫૩૨માં રચી છે.

બાલાવબોધ– આ ગુજરાતી રચના **જિનહર્ષ**ગણિની છે.

સમાનનામક કૃતિઓ– 'સ્નાત્ર-પંચાશિકા' નામની ત્રણ કૃતિ છે. એ પૈકી એક અજ્ઞાતકર્તૃક છે. બીજી કૃતિ 'વિધિ' પક્ષના **વિદ્યાસાગરસૂરિ**ના શિષ્ય **ઉદયસાગરે** વિ. સં. ૧૮૦૪માં રચી છે. એને **સમ્યક્ત્વદીપિકા** પણ કહે છે. એ ૧૩૦૦ શ્લોક જેવડી કૃતિ પણ કથાઓ પૂરી પાડે છે. એના ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ છે. ત્રીજી કૃતિ પદ્યાત્મક છે અને એ **ધર્મવિમલસૂરિ**એ રચી છે. એ પણ શું કથાત્મક કૃતિ છે ?

[૬]**ગુરુગુણરત્નાકર-કાવ્ય** (વિ. સં. ૧૫૪૧)– આ ઐતિહાસિક લઘુકાવ્ય **સોમ**ચારિત્રગણિએ **લક્ષ્મીસાગરસૂરિ**ના રાજ્યમાં વિ. સં. ૧૫૪૧માં વિવિધ છંદમાં [૭]ચાર સર્ગમાં રચ્યું છે. એ ગણિ **સોમસુન્દરસૂરિના** શિષ્ય **સોમદેવસૂરિ**ના શિષ્ય **ચારિત્રહંસગણિ**ના શિષ્ય થાય છે. એમણે પ્રસ્તુત
P. ૨૬૪ કાવ્યમાં રત્નશેખરસૂરિના પટ્ટધર **લક્ષ્મીસાગરસૂરિ**નો જીવનવૃત્તાંત આલેખ્યો છે.

[૮]**આનન્દસુન્દર-કાવ્ય** કિંવા **દશશ્રાવકચરિત્ર** (ઉ. વિ. સં. ૧૫૫૧)– આના કર્તા **સર્વવિજયગણિ** છે. એમણે માળવાના **ગ્યાસુદ્દીન** ખીલજીના દરબારના એક અમલદાર નામે **જાવડ**ની

---

૧. આ હીરાલાલ હંસરાજ તરફથી ઇ.સ. ૧૯૦૮માં છપાવાયું છે.

૨. ક્ષેમલકગણિએ **સિદ્ધચક્રમાહાત્મ્ય** રચ્યું છે. શું આ જ **શ્રીપાલચરિત્ર** છે ?

૩. એમની કૃતિ ગદ્યમાં છે.

૪. 'ખરતર' ગચ્છના **રાજ**મુનિના શિષ્ય **લબ્ધિ**મુનિએ દસ સર્ગમાં આસરે ૧૦૪૦ પદ્યોમાં વિ. સં. ૧૯૯૦માં **શ્રીપાલચરિત્ર** રચ્યું છે. અને એ મુંબઈના ''જિનદત્તસૂરિભંડાર''તરફથી વિ. સં. ૧૯૯૧માં છપાવાયું છે.

૫. આની શિલાછાપ આવૃત્તિ અમદાવાદની જૈન વિદ્યાશાળાએ વિ. સં. ૧૯૩૦માં પ્રસિદ્ધ કરી હતી.

૬. આ કાવ્ય વિષયોના નિર્દેશપૂર્વક ''ય. જૈ. ગ્રં.''માં **વીર**સંવત્ ૨૪૩૭માં પ્રકાશિત કરાયું છે. એમાં **સોમ**સુન્દરસૂરિ વિષે હકીકત છે. પૃ. ૧૪માં **લક્ષ્મીસાગરસૂરિ**ની જન્મપત્રિકા અપાઈ છે.

૭. એમાં અનુક્રમે ૧૧૪, ૧૦૨, ૧૧૧ અને ૧૪૭ (૧૪૧+૬) પદ્યો છે. એકંદર પદ્યો ૪૭૪ છે.

૮. આની વિ.સં. ૧૫૫૧માં લખાયેલી હાથપોથી મળે છે. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૫૧૭)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અત્યર્થનાથી આ કાવ્ય **લક્ષ્મીસાગરસૂરિ**ના પટ્ટધર **સુમતિસાધુ**ના રાજ્યમાં રચ્યું છે. આમાં એમણે નિમ્નલિખિત મહાશ્રાવકોનાં–**મહા**વીરસ્વામીના અગ્રગણ્ય જૈન ઉપાસકોનાં ચરિત્ર **ઉવાસગદસાને** આધારે યોજ્યાં છે :–

(૧) **આ**નન્દ, (૨) **કા**મદેવ, (૩) **ચુ**લણીપિતૃ, (૪) **સુ**રાદેવ, (૫) **ક્ષુ**લ્લક-શતક, (૬) **કું**ડકોલિક, (૭) **સ**દ્દાલપુત્ર, (૮) **મ**હાશતક, (૯) **નન્દિ**નીપિતૃ અને (૧૦) **સા**લિહિપિતૃ.[૧]

અંજના-સુન્દરી-કથાનક (લ. વિ. સં. ૧૬૨૦)– આ ૩૦૩ પદ્યોમાં રચાયેલા કથાનકના કર્તા 'ખરતર' ગચ્છના જિનહંસના શિષ્ય પુણ્યસાગર છે. એઓ **જિનેશ્વરસૂરિકૃત 'રચિત'-દંડક-સ્તુતિ** ઉપર વિ. સં. ૧૬૨૪માં વૃત્તિ રચનાર પદ્મરાજના ગુરુ થાય છે. એમણે આ કથાનક દ્વારા હનુમાનની માતા [૨]**અંજ**નાસુન્દરીનું ચરિત્ર આલેખ્યું છે. આ સતીના પતિનું નામ પવનંજય છે. એના પુત્ર **હનુ**માન ચરમશરીરી હોઈ એ જ ભાવમાં મુક્તિએ ગયા છે. [ખરતરગચ્છીય **રત્ન**મૂર્તિના શિષ્ય **મેરુ**સુન્દર ઉપાધ્યાયે ૧૬મી સદીમાં અંજનાસુંદરીચ. રચ્યું છે. જિ. ૨. કો. પૃ. ૪ શ્રી**મુક્તિ**વિમલગણિનું અંજનાસું. ચ. પ્રસિદ્ધ થયું છે.]

હનુમચ્ચરિત્ર– [૩]હનુમાનના ચરિત્ર તરીકે ચાર દિ. કૃતિઓ રચાઈ છે. એના કર્તાનાં નામ અનુક્રમે નીચે મુજબ છે :–

(૧) **વી**રસિંહના પુત્ર બ્રહ્મ **અ**જિત, (૨) બ્રહ્મ **જિ**નદાસ, (૩) બ્રહ્મ **દ**યાળ અને (૪) **ર**વિષેણ.

[૪]**શીલપ્રકાશ** (વિ. સં. ૧૬૩૪)– આ સાત સર્ગનું કાવ્ય **પદ્મ**સાગરગણિએ રચ્યું છે. એઓ ઉપાધ્યાય **ધર્મ**સાગરગણિના શિષ્ય **વિમલ**સાગરગણિના શિષ્ય થાય છે. એમણે [૫]**ઉત્તરાધ્યયનકથાસંગ્રહ** (વિ. સં. ૧૬૫૭), [૬]**જગદ્‌ગુરુકાવ્ય,** [૭]**નયપ્રકાશાષ્ટક** (વિ. સં. ૧૬૩૩)

૧. આ નામો મેં **ઉવાસગદસાને** આધારે આપ્યાં છે કેમકે આ કાવ્ય છપાયેલું નથી તેમ જ એની કોઈ હાથપોથી મારી સામે નથી. આ દસ શ્રાવકો વિષે સંક્ષિપ્ત નોંધ મેં **આ. દિ.** (પૃ. ૧૦૩-૧૦૫)માં લીધી છે.

૨. એને લગતી એક કથા કેઈકે ''અપભ્રંશ''માં રચી છે એમ **પત્તન.સૂચી** (ભાગ ૧, પૃ. ૧૮૪) જોતાં જણાય છે. વળી 'ખરતર' ગચ્છના **જિ**નચન્દ્રસૂરિની શિષ્યા **ગુ**ણસમૃદ્ધિ મહત્તરાએ ૫૦૩ પદ્યોમાં જ. મ. માં **અંજણાસુન્દરીચરિય** રચ્યું છે. આ ઉપરાંત દિ૦ **અર્હ**દ્દાસે તેમ જ દિ. **હસ્તિમલ્લે અંજના-પવનંજય-નાટક** નામની એકેક કૃતિ રચી છે.

૩. એમને અંગે હેમ **ત્રિષષ્ટિ.માં** વિસ્તારથી વિચાર કરાયો છે.

૪. આ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૧૧માં પ્રકાશિત કરાઈ છે.

૫. આના પરિચય માટે જુઓ D C G C M (Vol. XVII, pt. 3, No. 684).

૬. આ ''ય. જૈ. ગ્રં.''માં છપાવાયું છે પરંતુ એમાં પ્રકાશનવર્ષનો ઉલ્લેખ નથી. આની વિ. સં. ૧૬૪૬માં લખાયેલી એક હાથપોથી મળે છે.

૭. આ બંને કૃતિઓ એક જ પુસ્તકરૂપે પાટણની ''હેમચન્દ્રસભા'' તરફથી ઈ. સ. ૧૯૧૮માં પ્રસિદ્ધ કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૬૬ અને એની [૧]વ્યાખ્યા, [૨]**પ્રમાણ-પ્રકાશ** અને એની વ્યાખ્યા તેમ જ [૩]**યુક્તિપ્રકાશ**[૪]અને એની વ્યાખ્યા રચ્યાં છે.

[૫]**જગદ્‌ગુરુ-કાવ્ય**[૬] (ઉ. વિ. સં. ૧૬૪૬)– આ ઐતિહાસિક કાવ્યના કર્તા પંડિત વિમલસાગરના શિષ્ય **પદ્મસાગર**ગણિ છે. એમણે આ કાવ્ય સૌરાષ્ટ્રમાં આવેલા મંગલપુર (માંગરોલ)માં ૨૩૩ પદ્યમાં વિ. સં. ૧૬૬૪માં કે તે પૂર્વે રચ્યું છે. 'જગદ્‌ગુરુ' **હી**રવિજયસૂરિ મોગલ સમ્રાટ **અ**કબરના દરબારમાં જઈ ત્યાંથી પાછા ફરી ગુજરાત તરફ આવે છે એ સમાચાર સાંભળી આ કાવ્ય રચવા એઓ પ્રેરાયા હતાં.[૭] એમાં એમણે છ મહિનાના ઉપવાસ કરનારી એક [૮]શ્રાવિકા પાલખીમાં બેસીને વાજતેગાજતે જાય છે એ દૃશ્ય–સરઘસ **અ**કબર જુએ છે એ વાત રજૂ કરી છે. આ કાવ્યનો મુખ્ય વિષય 'જગદ્‌ગુરુ' તરીકે ઓળખાવાતા **હી**રવિજયસૂરિનો જીવનવૃત્તાંત છે.

P. ૨૬૭ [૯]**પવનદૂત** (લ. વિ. સં. ૧૬૫૦)– આના કર્તા દિ. **વા**દિચન્દ્ર છે. વિ. સં. ૧૬૪૮માં **જ્ઞાનસૂર્યોદય** નામનું નાટક રચનારા તે આ જ હશે. જો એમ હોય તો એઓ દિ. પ્રભાચન્દ્રના શિષ્ય અને ભટ્ટારક દિ. **જ્ઞા**નભૂષણના પ્રશિષ્ય થાય છે. વળી ઉપર્યુક્ત નાટકમાં જે **ક**મલસાગરની અને **કી**ર્તિસાગરની આજ્ઞાથી સૂત્રધાર આ નાટક ભજવે છે તે બંનેના આ નાટકકાર ગુરુ હશે.

આ ૧૦૧ પદ્યના **પવનદૂતમાં** કાલિદાસના **મેઘદૂતની** છાયા છે પરંતુ એ એની પાદપૂર્તિરૂપ નથી, બાકી આ સંદેશ-કાવ્ય તો છે જ કેમકે ઉજ્જૈનનો રાજા **વિ**જય, વિદ્યાધર **અ**શનિવેગે હરણ કરેલી પોતાની પત્ની **તા**રાની પાસે પવનને દૂત બનાવી વિરહ-સંદેશ મોકલે છે. પદ્ય ૧૦૦માં 'પ્રભાચન્દ્ર' એવો જે પ્રયોગ છે તે દ્વારા કર્તાએ પોતાના ગુરુના નામનો નિર્દેશ કર્યો હોય એમ અનુમનાય છે.

ઋષભ-શતક (વિ. સં. ૧૬૫૬)– આના કર્તા **વિજય-પ્રશસ્તિકાવ્ય** વગેરે રચનારા **હે**મવિજયગણિ છે. એમણે આ શતક ખંભાતમાં વિ. સં. ૧૬૫૬માં રચ્યું છે. અને એનું સંશોધન **લા**ભવિજયગણિએ કર્યું છે.

સદ્‌ભાવ-શતક– આના કર્તા ઉપર્યુક્ત **હે**મવિજયગણિ છે.

અન્યોક્તિ-મુક્તામહોદધિ (લ. વિ સં. ૧૬૫૬)– આ પણ ઉપર્યુક્ત **હે**મવિજયગણિની રચના છે. આનું નામ વિચારતાં એમ લાગે છે કે એ વિવિધ અન્યોક્તિરૂપ મૌક્તિકોનો સાગર હશે.

૧. આ બંને કૃતિઓ એક જ પુસ્તકરૂપે પાટણની "હેમચન્દ્રસભા" તરફથી ઈ. સ. ૧૯૧૮માં પ્રસિદ્ધ કરાઈ છે.
૨. આ કૃતિ છપાઈ છે ખરી ?
૩. આ કૃતિ **રા**જશેખરસૂરિકૃત **સ્યાદ્વાદકલિકા** સહિત **હી**રાલાલ હંસરાજ તરફથી છપાવાઈ છે.
૪. **જિ. ૨. કો.** (ખંડ, પૃ. ૩૨૦)માં આના જ નામાંતર તરીકે **નયપ્રકાશ** અને **જૈનમંડનનો** ઉલ્લેખ છે.
૫. "ય. જૈ. ગ્રં." માં આ પ્રકાશિત છે.
૬. આની વિ. સં. ૧૬૪૬માં લખાયેલી એક હાથપોથી મળે છે. ૭. જુઓ શ્લો. ૨૦૦.
૮. જુઓ શ્લો. ૧૨૩. અહીં નામ છપાયું નથી પણ અન્ય કૃતિ પ્રમાણે એ **થા**નસિંહની માતા **ચં**પાબાઈ છે.
૯. આ "કાવ્યમાલા" (ગુ. ૧૩)માં ઈ. સ. ૧૯૧૬માં છપાયું છે. આ કાવ્ય હિંદી અનુવાદ સહિત "જૈન સાહિત્ય પ્રસારક કાર્યાલય" તરફથી ઈ. સ. ૧૯૧૪માં છપાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૬૮ [1]**અન્યોક્તિ-શતક**– આના કર્તા દર્શનવિજયગણિ છે. એમાં એમણે જાતજાતની સો અન્યોક્તિને સ્થાન આપ્યું છે.

અન્યોક્તિ-મુક્તાવલી (વિ. સં. ૧૭૩૬)– આ ૬૪૦ પદ્યોમાં અન્યોક્તિરૂપ મોતીની માળા વિજયાનન્દસૂરિના શિષ્ય હંસવિજયે વિ. સં. ૧૭૩૬માં રચી છે.[2]

મૂર્ખશતક– આ અજ્ઞાતકર્તૃક કૃતિની વિવિધ હાથપોથીઓ મળે છે. આના અંગે મેં ''મૂર્ખશતકનો પરિચય'' નામનો [3]લેખ લખ્યો હતો.

[4]**મૂર્ખશતક-ષટ્ત્રિંશિકા**– આ કૃતિ કોઈકે રચી છે.[5]

P. ૨૬૯ [6]**દાનપ્રકાશ** (વિ. સં. ૧૬૫૬)– આ ૮૪૦ શ્લોક જેવડી કૃતિના રચનાર [7]કનકકુશલગણિ છે. એઓ **હીરવિજયસૂરિ**ના શિષ્ય **વિજયસેનસૂરિ**ના શિષ્ય **સોમકુશલગણિ**ના શિષ્ય થાય છે. આથી **ભક્તામરસ્તોત્રની** વૃત્તિમાં **હીરવિજયસૂરિ**નાં 'શિષ્યાણુ' તરીકે અને **રોહિણીકથામાં** પણ વિજયસેનસૂરિના 'શિષ્યાણુ' તરીકે એમણે પોતાને વિષે નિર્દેશ કર્યો છે. વાચક **શાન્તિચન્દ્ર** અને વિબુધ **કમલવિજય** એ આ **કનકકુશલગણિ**ના વિદ્યાગુરુ થાય છે. આ ગણિએ નિમ્નલિખિત સંસ્કૃત કૃતિઓ રચી છે :–

(૧) **જિનસ્તુતિ**– આ કૃતિ વિ. સં. ૧૬૪૧માં રચાઈ છે.

(૨) [8]**જ્ઞાનપંચમીકથા, સૌભાગ્યપંચમીકથા** કિંવા **વરદત્તગુણમંજરી-કથા.** આમાં વરદત્ત અને ગુણમંજરીનો અધિકાર છે.

(૩) [9]**રોહિણીકથા** યાને **રૌહિણેય-કથા**– આ વિ. સં. ૧૬૫૭ની રચના છે. [પ્ર.જૈ.આ.સ.]

---

૧. આ લઘુ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૧૩માં છપાવાઈ છે. [''હર્ષપુષ્પા.'' પ્રસિદ્ધ.]

૨. **સુભાષિતરત્નભાંડાગારમાંના** પાંચમા 'અન્યોક્તિ' પ્રકરણમાં જાતજાતની પુષ્કળ અન્યોક્તિઓ અપાયેલી છે.

૩. આ ''ગુ. મિત્ર તથા ગુ. દર્પણ'' ના તા. ૧૦-૧૨' પરના અંકમાં છપાયો છે.

૪. જુઓ **જિ. ૨. કો.** (વિ ૧, પૃ. ૩૧૨)

૫. મૂર્ખને લગતા મારા અન્ય લેખોનાં નામ અને એજ સામયિકોમાં છપાયાં છે તેનાં નામ નીચે મુજબ છે. :–
મૂર્ખાસનનો ચોથો પાયો : ''ગુજરાતી'' (તા. ૧૦-૪-'૪૯).
'મૂર્ખ' સંબંધી સાહિત્ય : ''ગુ. મિત્ર તથા ગુ. દર્પણ'' (તા. ૩-૧૨-'૫૧).
મૂરખાઓનું પ્રદર્શન (લેખાંક ૧-૯) (૪૭ વાર્તા) : ''ગુ. મિત્ર તથા ગુ દર્પણ'' (તા. ૧૭-૧૨-'૫૧થી તા. ૭-૪-'૫૨ સુધીના ગાળામાંના નવ અંકો).

૬. આ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૧૧માં છપાવાઈ છે.

૭. એમના કૃતિકલાપનો સંક્ષિપ્ત પરિચય મેં ''કનકકુશલગણિ અને એમની કૃતિઓ'' નામના મારા લેખમાં આપ્યો છે. આ લેખ ''જૈ. સ. પ્ર.'' (વ. ૧૩, અં. ૧૨)માં છપાયો છે.

૮. આ હીરાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૨૫-૨૬માં છપાઈ છે. વળી જે **પર્વકથાસગ્રહ** ''ય. જૈ. ગ્રં.''માં વીરસવંત્ ૨૪૩૬માં પ્રકાશિત થયો છે તેમાં પણ આ કથા છે.

૯. [આ. ''જૈ. આ. સ.'' ૩૬માં અને હીરાલાલ હં. દ્વારા પ્રસિદ્ધ થયેલ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૨૭૦ (૪) [૧]**સુરપ્રિયમુનિકથા**– આ ઉપરાંત એમણે સંસ્કૃતમાં નીચે મુજબની કૃતિઓની વૃત્તિઓ રચી છે :–

(૧) [૨]**ઋષભનમ્રસ્તોત્ર**, (૨) [૩]**કલ્યાણમન્દિરસ્તોત્ર**, (૩) [૪]**ચતુર્વિંશતિજિનસ્તોત્ર** (જિનપ્રભીય), (૪) **જિનસ્તુતિ**, (૫) [૫]**દેવાઃપ્રભોસ્તોત્ર**, (૬) [૬]**ભક્તામરસ્તોત્ર**, (૭) [૭]**પંચમી-પર્વસ્તુતિ**, (૮) **રત્નાકરપંચવિંશતિકા**, (૯) **વિશાલલોચનસ્તોત્ર**, (૧૦) **શોભનસ્તુતિ**, (૧૧)
P. ૨૭૧ [૮]**સકલાર્હત્-સ્તોત્ર**, (૧૨) [૯]**સાધારણજિનસ્તવ** અને (૧૩) **સ્નાતસ્યાસ્તુતિ**.

કેટલાક **વીતરાગસ્તોત્ર** પણ ગણાવે છે. એમણે આ સંસ્કૃત કૃતિઓ ઉપરાંત અન્ય ભાષામાં પણ કૃતિઓ રચી છે.[૧૦]

પ્રસ્તુત કૃતિ આઠ ભાગમાં વિભક્ત છે. દરેક ભાગને 'પ્રકાશ' કહ્યો છે. આ આઠ પ્રકાશનાં પદ્યોની સંખ્યા પ્રકાશદીઠ નીચે મુજબ છે :–

૧૭૯, ૫૨, ૧૧૫, ૧૧૫, ૫૬, ૩૯, ૧૮૧, ૪૩, (૩૯ + ૪).

---

૧. આનો પરિચય પૃ. ૨૭૨માં અપાયો છે.

૨. આ જિનપ્રભસૂરિએ ૨૬ પદ્યમાં રચ્યું છે. એ **"જૈનસ્તોત્ર-સમુચ્ચય"** (પૃ. ૧૪૯-૧૫૧)માં છપાયું છે.

૩. આની વૃત્તિ **ભક્તા.સ્તોત્રત્રયની** મારી આવૃત્તિમાં છપાઈ છે.

૪. શું આ ઉપર ગણાવાયેલી **ઋષભનમ્રસ્તોત્ર** નામની પહેલી કૃતિથી ભિન્ન છે ?

૫. આ જયાનન્દસૂરિએ નવ પદ્યમાં રચેલું સ્તોત્ર છે. એ "સાધારણ જિનસ્તવ"ના નામથી અવચૂરિ સહિત **"જૈનસ્તોત્રસંગ્રહ"** (ભા. ૧, પૃ. ૪૫-૪૬)માં છપાવાયું છે.

૬. આની વૃત્તિ **ભક્તા.સ્તોત્રત્રયની** મારી આવૃત્તિ (પૃ. ૧૨૬-૧૫૧)માં છપાઈ છે.

૭. "શ્રીનેમિઃ પઙ્કરૂપ" થી શરૂ થતી આ સ્તુતિમાં ચાર પદ્યો છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૨૭) પ્રમાણે તો આ નામની કૃતિ ૧૩૨ પદ્યની છે અને એના ઉપર **કનકકુશલ**ગણિની વૃત્તિ છે.

૮. આની વૃત્તિ મૂળ સ્તોત્ર સહિત "જૈ. આ. સ." તરફથી ઈ. સ. ૧૯૪૨માં પ્રકાશિત થયેલી છે.

૯. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪૨૯)માં છ **સાધારણજિનસ્તવનની** નોંધ છે. જેમકે (૧) **કુ**મારપાલે ૩૩ પદ્યોમાં રચેલું સંસ્કૃત સ્તવન, (૨) **સો**મપ્રભકૃત (૩) જયાનન્દસૂરિકૃત, (૪) કલિ. **હે**મચન્દ્રસૂરિના શિષ્ય **રા**મચન્દ્રે રચેલ કે જેને 'ષોડશિકા' કહે છે તે, (૫) રત્નાકરકૃત અને (૬) અજ્ઞાતકર્તૃક. **સો**મતિલકસૂરિએ **સાધારણસ્તુતિ** રચી છે અને એ "આ. સમિતિ" તરફથી ઈ. સ. ૧૯૨૭માં પ્રસિદ્ધ કરાઈ છે. વળી **સૂ**રચન્દ્રે એક **સાધારણસ્તવન** રચ્યું છે. એના ઉપર કોઈકની ટીકા છે. આમ વિવિધ સ્તવનાદિમાંથી શેના ઉપર **ક**નકકુશલગણિએ વૃત્તિ રચી છે એનો નિર્ણય કરવો બાકી રહે છે. બાકી જયાનન્દસૂરિકૃત 'દેવાઃપ્રભો'થી શરૂ થતા સ્તોત્રની વૃત્તિ તો એમણે રચી જ છે. એ જ જો અહીં અભિપ્રેત હોય તો આના પૃથક ઉલ્લેખની જરૂર નથી.

૧૦. **દીવાલી-કપ્પ** એ એમની પાઈય કૃતિ છે. **વરદત્ત ગુણમંજરી બાવની** કદાચ હિન્દીમાં હશે. **જ્ઞાનપંચમીકથાનો** બાલાવબોધ એ એમની ગુજરાતી કૃતિ છે. **હરિશ્ચન્દ્રરાજાનો રાસ** એ એમની ગુજરાતી કૃતિ નથી પરંતુ **ક**નકસુન્દરની છે એમ "જૈ. સ. પ્ર." (વ. ૧૪, અં. ૧)માં ઉલ્લેખ છે. ગુજરાતીમાં રચાયેલ **ગોડી પાર્શ્વનાથ છંદ શાન્તિકુશલે** કે **ક**નકકુશલગણિએ રચ્યો છે તેની તપાસ કરવી બાકી રહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આમ બધાં મળીને ૭૮૦ પદ્યો છે. આ કૃતિ સરળ અને મનોરંજક સંસ્કૃતમાં રચાઈ છે. આ પદ્યાત્મક કૃતિમાં દાન વિષે અધિકાર છે. આના આઠ પ્રકાશમાં અનુક્રમે મુનિવરને વસતિ (નિવાસ-સ્થાન), શય્યા, આસન, શુદ્ધ અન્ન, પ્રાસુક જળ, ઔષધ, વસ્ત્ર અને પાત્રનું દાન દેવાથી થયેલા લાભની વાત છે. આ આઠ પ્રકાશમાં અનુક્રમે **કુ**રુચન્દ્ર, **પદ્મા**કર, **ક**રિરાજ, **ક**નકરથ, **ધ**ન અને **પુ**ણ્યક, [1]**રે**વતી, **ધ્વ**જભુજંગ અને **ધ**નપતિની કથા અપાઈ છે. P. ૨૭૨

[2]**સુરપ્રિયમુનિકથા** (વિ. સં. ૧૬૫૬)– આ હાલીવાટક ગામમાં વિ. સં. ૧૬૫૬માં **ક**નકકુશલગણિએ રચી છે. આ ૧૨૫ પદ્યની કૃતિમાં **સુ**રપ્રિય મુનિનો અધિકાર છે. પૂર્વ જન્મના વેરને લઈને એમનો જ પિતા જે 'બાજ' પક્ષી થયો હતો તે રાણીનો હાર ઉઠાવી આ મુનિ કાયોત્સર્ગ કરતા હતા તે વેળા એમના ગળામાં નાંખી ગયો અને એથી રાજાએ અંતે એ મુનિને શૂળીએ ચડાવ્યા. ત્યાં એમને કેવલજ્ઞાન થયું અને શૂળીનું સિંહાસન થયું. બાજ પક્ષી પણ આત્મનિન્દા કરી 'સૌધર્મ' દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયું.

ભાષાંતર– આ કથાનું પ્રતાપવિજયજી (હાલ સૂરિ)એ ગુજરાતીમાં [3]ભાષાન્તર કર્યું છે.

[4]**ભાનુચન્દ્રગણિચરિત** (લ. વિ. સં. ૧૬૭૦)– આના કર્તા 'શતાવધાની' [5]**સિદ્ધિચન્દ્રગણિ** છે. એમણે આ કૃતિ દ્વારા પોતાના ગુરુ **ભા**નુચન્દ્રગણિનો જીવનવૃત્તાંત આલેખ્યો છે. આ કૃતિ ચાર વિભાગમાં વિભક્ત છે. એની પદ્યસંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :– P. ૨૭૩

૧૨૮, ૧૮૭, ૭૬ અને ૩૫૮.

આમ આ કૃતિમાં ૭૪૯ પદ્યો છે.

[6]**કૃપારસકોશ** (ઉ. વિ. સં. ૧૬૭૦)– આ ઉપાધ્યાય **સ**કલચન્દ્રના શિષ્ય અને રત્નચન્દ્રગણિના ગુરુ 'અષ્ટોત્તરશતાવધાની' **શા**ન્તિચન્દ્રની રચના છે. એમણે **હી**રવિજયસૂરિના રાજ્યમાં [7]**કવિમદપરિહાર**

૧. **મ**હાવીરસ્વામી ઉપર ગોશાલકે તેજોલેશ્યા મૂકી તેથી ઉદ્ભવેલા વ્યાધિને મટાડવા **સિં**હ નામના મુનિ **રે**વતી શ્રાવિકાને ત્યાં ઔષધ લેવા જાય છે એ સમગ્ર પ્રસંગ અહીં વર્ણવાયો છે.

૨. આની એક હાથપોથી અહીંના મોહનલાલજીના ભંડારમાં છે. આ કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી ઈ. સ. ૧૯૧૭માં પ્રસિદ્ધ થયેલી છે.

૩. આ "મુ. ક. જૈ. મો. મા."માં વિ. સં. ૧૮૭૬માં પ્રકાશિત કરાયું છે.

૪. આ પ્રકાશિત છે. જુઓ જૈ. સં. સા. ઈ. (ખંડ ૧, પૃ. ૫૪) એનું સંપાદન સ્વ. **મો**હનલાલ દ. દેશાઈએ કર્યું છે અને એમ કરતી વેળા એમણે વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી છે.

૫. એમના કૃતિકલાપ ઇત્યાદિ માટે જુઓ જૈ. સં. સા. ઈ. (ખંડ ૧, પૃ. ૫૪, ૧૧૯, ૧૨૯, ૨૫૪, ૨૫૫, ૨૮૮ અને ૨૯૬ એમણે રચેલું **કાવ્ય-પ્રકાશખંડન** "સિં. જૈ. ગ્રં."માં ગ્રંથાંક ૪૦ તરીકે ઈ. સ. ૧૯૩૫માં પ્રકાશિત કરાયું છે.

૬. આ કૃતિ "કાંતિવિજય ઇતિહાસમાલા"માં ભાવનગરથી વિ. સં. ૧૯૭૩માં પ્રકાશિત કરાઈ છે. [આત્માનંદ જૈ. પુ. ભંડારથી સં. ૨૦૧૬માં અને એ પછી આ. **શી**લચન્દ્રસૂરિજીના પ્રયાસથી પ્રસિદ્ધ થયેલ છે.]

૭. જુઓ જૈ. સં. સા. ઈ. (ખંડ ૧, પૃ.૧૭૭)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામની કૃતિ રચી અને સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કરી છે. વળી એમણે **જંબુદીવપણણત્તિ** ઉપર વિ.
P. ૨૭૪ સં. ૧૬૫૧માં **પ્રમેયરત્નમંજૂષા** નામની વૃત્તિ રચી છે અને એ જ વર્ષમાં [1]અજિત-શાન્તિ-સ્તવ રચ્યો છે. વિશેષમાં એમણે [2]ઋષભવીરસ્તવ પણ રચ્યો છે. આ મુનિવરે 'ઈડર' ગઢના રાજા **ના**રાયણ બીજાની સભામાં (સંવત્ ૧૬૩૩ પછી) દિ. ભટ્ટારક **વા**દિભૂષણને અને વાગડ દેશના 'ઘટશિલ' નગરમાં ત્યાંના અધિપતિ **સ**હસ્રમલ્લની સંમુખ દિ. ગુણચન્દ્રને પરાસ્ત કર્યા હતા.

આ **કૃપારસકોશ** એ ઐતિહાસિક કાવ્ય છે. એમાં ૧૨૮ પદ્યો છે. એની રમણીય રચના મોગલ સમ્રાટ્ **અ**કબરને પ્રતિબોધ પમાડવા માટે-એના જીવનમાં દયારૂપ સુધાનું સમુચિત સિંચન કરવાના ઇરાદે કરાઈ છે. એની શરૂઆતમાં 'ખુરાસાન' દેશના મુખ્ય નગર કાબુલનું વર્ણન છે. ત્યાં **બા**બર રાજા થયાનું કહ્યું છે. એ મોગલ રાજાને **હુ**માયુ નામે પુત્ર હતો. તેનું વર્ણન કરી એની પત્ની **ચો**લી બેગમે **અ**કબરને જન્મ આપ્યો ત્યારે હુમાયુએ કરેલા ઉત્સવનો ચિતાર અહીં ખડો કરાયો છે. ત્યાર બાદ **અ**કબરની શૂરવીરતા વગેરેનું વર્ણન છે. આમ આ કાવ્ય **અ**કબરના ગુણગ્રામની પ્રશસ્તિરૂપ છે. આ કાવ્ય કર્તા જાતે અકબરને સંભળાવતા હતા.

વૃત્તિ– કૃપારસકોશના ઉપર કર્તાના શિષ્ય **ર**ત્નચન્દ્રગણિએ વૃત્તિ રચી છે અને એનો ઉલ્લેખ એ ગણિએ **પ્રદ્યુમ્ન**ચરિત્રમાં, **અધ્યાત્મકલ્પદ્રુમ** ઉપરની વૃત્તિમાં અને **સમ્મત્તસત્તરિયા** (સમ્યક્ત્વસપ્તતિકા) ઉપરના વિ. સં. ૧૬૭૬ના **બાલવબોધમાં** કર્યો છે. એ હિસાબે એ વૃત્તિ લ. વિ. સં. ૧૬૭૦ની કૃતિ ગણાય.

P. ૨૭૫ **ઇન્દુદૂત**– આ **હૈમપ્રક્રિયા** વગેરેના **પ્ર**ણેતા **વિ**નયવિજયગણિની રચના છે. એ વિજ્ઞપ્તિરૂપ હોવાથી એને આગળ ઉપર વિજ્ઞપ્તિપત્રોમાં સ્થાન અપાયું છે.

[3]**હરિશ્ચન્દ્ર-તારાલોચની-ચરિત્ર**– આના કર્તા **મા**નવિજયગણિ છે. એમણે સત્યવક્તા તરીકે સુપ્રસિદ્ધ અને **તા**રામતીના પતિ [4]હરિશ્ચન્દ્રનું જીવનવૃત્તાન્ત આલેખ્યું છે.

હરિશ્ચન્દ્ર-તારાલોચની-ચરિત્ર– આ અજ્ઞાતકર્તૃક કૃતિ હરિશ્ચન્દ્રની અને એની પત્ની **તા**રાલોચનીનો અધિકાર રજૂ કરે છે.

[5]**આભાણ-શતક** યાને **ધર્મોપદેશલેશ** (વિ. સં. ૧૬૯૯)– આના કર્તા ઉપાધ્યાય કલ્યાણવિજયગણિના શિષ્ય **ધ**નવિજયગણિ છે. આ કૃતિને [6]**ધર્મોપદેશલેશ** પણ કહે છે. એમાં ૧૦૮

૧. આ **ન**ન્દિષેણે રચેલા **અજિય-સન્તિ-થયના** વિષય તેમ જ છંદની દૃષ્ટિએ અનુકરણરૂપે રચાયેલો સ્તવ કોઈ સ્થળેથી પ્રકાશિત થયો જણાતો નથી. જો એમ જ હોય તો એમ સત્વર થવું ઘટે.

૨. આ **અજિય-સન્તિ-થયના** છંદની દૃષ્ટિએ અનુકરણરૂપે રચાયેલો સ્તવ **પ્રકરણરત્નાકર** (ભા. ૩, પૃ. ૮૩૫-૮૩૭)માં ઈ. સ. ૧૮૭૮માં છપાયો છે.

૩. આ કથાનક "સત્યવિજય જૈ. ગ્રં."માં અમદાવાદથી ઈ. સ. ૧૯૨૪માં પ્રસિદ્ધ કરાયું છે.

૪. એમને અંગે 'કલિ.' હેમચન્દ્રસૂરિના શિષ્યરત્ન **રા**મચન્દ્રે **સત્યહરિશ્ચન્દ્ર** નામનું નાટક રચ્યું છે.

૫. આ શતક "આ. સમિતિ" તરફથી ઈ. સ. ૧૯૨૭માં પ્રસિદ્ધ કરાયું છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ.૩૦)માં ઉલ્લેખ છે.

૬. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૬૦૨) મુદ્રિત પ્રતિના અંતમાં પણ આ નામ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પદ્યો છે અને પ્રત્યેક પદ્ય એકેક લોકોક્તિ યાને કહેવત પૂરી પાડે છે. દા. ત. શ્લો. ૧૨માં "[1]**दुग्धे पूरककर्षणम्**" એમ છે આ કૃતિ વિ. સં. ૧૬૯૯માં **વિજયદેવસૂરિ**ના રાજ્યમાં રાજનગરની સમીપમાંના ઉષ્માપુર (ઉસમાનપુર)માં રચાઈ છે.

[2]**અનુવાદ**– પ્રસ્તુત કૃતિનો ગુજરાતીમાં અનુવાદ થયેલો છે. P. ૨૭૬

દૃષ્ટાન્ત-શતક– આ નામની ત્રણ કૃતિઓ છે. એકના કર્તા **નરેન્દ્રસૂરિ** છે અને એના ઉપર કોઈકની અવચૂરિ છે બીજાના કર્તા 'લુંકા' ગચ્છના કેશવ ઋષિના શિષ્ય [3]**તેજસિંહ** છે. એમની આ [4]કૃતિમાં ૧૦૨ પદ્યો છે, એ કૃતિનો **છો**ટાલાલ નરભેરામ ભટ્ટે ગુજરાતીમાં [5]અનુવાદ કર્યો છે. ત્રીજી કૃતિના કર્તાનું નામ જાણવામાં નથી.

[6]**ગૌતમ-ચરિત્ર** (વિ. સં. ૧૭૨૬)– આના કર્તા દિ. મંડલાચાર્ય **ધર્મચન્દ્ર** છે. એઓ દિ. **ભાનુકીર્તિ**ના શિષ્ય **શ્રીભૂષણ**ના શિષ્ય થાય છે. એમણે આ ચરિત્ર પાંચ અધિકારમાં વિભક્ત કરી વિ. સં. ૧૭૨૬માં રચ્યું છે. આ દ્વારા **મહા**વીરસ્વામીના આદ્ય ગણધર **ઈ**ન્દ્રભૂતિ ઉર્ફે **ગૌત**મસ્વામીનું ચરિત્ર આલેખાયું છે.

ગૌતમ-ચરિત્ર– આ દિ. ભટ્ટારક **યશ**:કીર્તિની રચના છે.

[7]**ગૌતમીય-કાવ્ય** (વિ. સં. ૧૮૦૭)– આના કર્તા 'ખરતર' ગચ્છના **દયા**સિંહના શિષ્ય **રૂ**પચન્દ્ર ઉર્ફે [8]**રામ**વિજય છે. એમણે ગુજરાતીમાં એક બાલાવબોધ રચ્યો છે અને રાજસ્થાનીમાં **મુહૂર્તમણિમાલા** નામની જ્યોતિષની કૃતિ રચી છે. વળી **વીરાયુ-૭૨-વર્ષ-સ્પષ્ટી-કરણ, વિંશતિદ્વાત્રિંશિકા** ઇત્યાદિ એમની કૃતિઓ છે. એમણે આ કાવ્ય ૧૧ સર્ગમાં વિ. સં. ૧૮૦૭માં રચ્યું છે. એમાં પદ્યોની સંખ્યા અનુક્રમે નીચે મુજબ છે :– P. ૨૭૭

૪૧, ૩૯, ૪૧, ૩૮, ૪૧, ૩૯, ૮૧, ૪૭, ૫૧, ૫૧, અને ૪૫.

આમ કુલ્લે ૫૧૪ પદ્યો છે.

---

૧. આનો અર્થ 'દૂધમાંથી પોરા કાઢવા' થાય છે.

૨. આ અનુવાદ મૂળ સહિત પ્રકાશિત થયેલો છે.

૩. શું **વિદ્વચ્છતક**ના કર્તા **તે**જસિંહ તે આ જ છે ?

૪. આ કૃતિ: **છો**. ન. ભટ્ટના ગુજરાતી અનુવાદ સહિત મોહનલાલ મનસુખરામ શાહ તરફથી વડોદરાથી ઈ. સ. ૧૯૧૦માં છપાવાઈ છે.

૫. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૬. આની પં. લાલારામજી શાસ્ત્રીએ કરેલી હિન્દી ભાષાટીકા મૂ. કિ. કાપડિયાએ ઈ. સં. ૧૯૨૭માં પ્રસિદ્ધ કરી છે.

૭. આ "ચન્દ્રસિંહસૂરિ જૈન ગ્રંથમાલા"માં છપાવાયું હતું. ત્યાર બાદ "દે. લા. જૈ. પુ. સં." તરફથી ક્ષમાકલ્યાણગણિકૃત વ્યાખ્યા નામે **ગૌતમીયપ્રકાશ** સહિત ઈ. સ. ૧૯૪૦માં પ્રકાશિત કરાયું છે અને એમાં અંતમાં પદ્યોની અકારાદિ ક્રમે સૂચી છે. [ક્ષમાકલ્યાણકૃત ટીકા સાથે હર્ષપુષ્પા સં. ૨૦૪૯માં પ્રકાશિત.]

૮. જુઓ "ચતુર્વિંશતિ-જિનેન્દ્ર-સ્તવનાનિ"ની શ્રી **અગ**રચંદ નાહટાએ લખેલી હિંદી ભૂમિકા (પૃ. ૪-૫)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રથમ સર્ગમાં 'મહસેન' વનનું, બીજામાં સમવસરણનું, ત્રીજામાં **મહા**વીરસ્વામીનું અને ચોથામાં યજ્ઞનું વર્ણન છે. પાંચમાં, છઠ્ઠા અને સાતમા સર્ગમાં **ગૌ**તમસ્વામીના વિષાદ અને ઉત્સાહ, એમનો અદ્‌ભુત આવેશ અને એમને ઉદ્ભવેલા સંશયના નિરાકરણપૂર્વકની એમની દીક્ષા એ બાબતો અનુક્રમે આલેખાઈ છે. આઠમા સર્ગમાં **ગૌ**તમસ્વામીના બે લઘુ બંધુની દીક્ષા, નવમામાં **વ્યક્ત**, સુધર્મસ્વામી, **મંડિ**ત અને **મૌર્ય**પુત્રની, દસમામાં **અકં**પિત અને **અચ**લભ્રાતાની અને અગિયારમાં **મે**તાર્ય અને પ્રભાસની દીક્ષા વર્ણવાઈ છે. અંતમાં ચાર શ્લોકની પ્રશસ્તિ છે.

[1]**ગૌતમીયપ્રકાશ**– આ 'ખરતર' ગચ્છના **અ**મૃતધર્મગણિના શિષ્ય ક્ષમાકલ્યાણે વિ. સં. ૧૮૫૨માં રચેલી ટીકાનું નામ છે.

[**ભરતેશ્વર બાહુબલી મહાકાવ્ય**– પુણ્યકુશલગણિની આ રચના સા. શ્રી **સુ**લોચનાશ્રીના ભાવાનુવાદ સાથે પ્રસિદ્ધ થયું છે. પ્રા. પાર્શ્વપ્રકાશન અમદાવાદ.

દાનાદિપ્રકરણ– **સુરાચાર્ય**ની આ રચના ત્રુટક મળે છે. પં. **અ**મૃતભાઈ ભોજક અને ડો. **ન**ગીન જે. શાહ સંપાદિત આ પ્રાકૃતભાષામય પ્રકરણ 'સંબોધિ' ૮માં અને 'લા.દ.વિદ્યા-મંદિર દ્વારા પ્રસિદ્ધ થયું છે.

સૌભાગ્યશિષ્ય **મુ**ક્તિવિમલ દ્વારા રચિત સંસ્કૃત પદ્ય ગ્રંથો– **અંજનાસુંદરીચ. જ્ઞાનવિમલસૂરિ-ચરિત્ર, નલદમયન્તીચ., મેરુત્રયોદશીમહાત્મ્યકથાનકમ્, રોહિણીપર્વકથા, તત્ત્વબોધતરંગિણી,** અને **પ્રશ્નોત્તરરત્નાકર**. (પ્રાયઃગદ્ય) પ્રકાશકઃ ''દયાવિમલગ્રંથમાલા'' અમદાવાદ.

અજ્ઞાનકર્તૃક દૃષ્ટાન્તશતકો માટે જુઓ 'અનુસંધાન' અંક ૧૪ અને ૧૫, 'સારસ્વતોલ્લાસકાવ્ય' અને એના કર્તા વિષે 'અનુસંધાન' ૧૬ અને ૧૮ જુઓ.]

[**કર્પૂરમંજરી** : **રા**જશેખર. સંસ્કૃત છાયા, અન્વય, મનોરમા સંસ્કૃત-હિન્દી વ્યાખ્યા અને ટિપ્પણ સાથે ડો. **સુ**દર્શનલાલ જૈન. પ્ર. ભારતીય વિદ્યા પ્રકાશન-દિલ્હી.

વિષાપહારસ્તોત્ર– **ધ**નંજય. પ્ર. કુંદનલાલ મુંબઈ. વી.સં. ૨૪૮૨


શ્રીપાલમયણામૃતકાવ્ય– **ન**યચન્દ્રસાગર. પ્ર. આગમોદ્ધારપ્રતિષ્ઠાન સૂરત સં. ૨૦૫૪.

ષટ્‌પુરુષચરિત્ર– **ક્ષે**મંકરગણી. આગમોદ્ધારક ગ્રંથમાળા સં.૨૦૫૪.

કથાકલ્પવલ્લી (સ્થૂલભદ્રમુનિકથા) રાજરત્નવિ. પ્ર.નમિનાથ જિનાલય ટ્રસ્ટ મુંબઈ સં. ૨૦૫૫. **રામચન્દ્રસૂરિગુણસ્તુતિમાલા**-મોક્ષરતિવિજય. સં. ૨૦૫૬.

સૂત્રવ્યાખ્યાનવિધિશતક સ્વોપજ્ઞટીકા સાથે - ધર્મસાગર ઉપાધ્યાય. પ્ર. કપડવંજ પેઢી સં.૨૦૧૮ **પ્રાયશ્ચિત્તજ્ઞાનમંજરી** તથા **પ્રાયશ્ચિતમુક્તાવલી**- આ. સુશીલસૂરિ. સુશીલ સા. પ્ર. જોધપુર.

સમ્યક્ત્વપ્રકરણટીકા–આ. તિલકસૂરિ. સંપા. પુણ્યકીર્તિ વિ., પ્ર. સન્માર્ગ પ્ર. અમદા. સં.૨૦૫૦ **સન્દેહસમુચ્ચય** : જ્ઞાનકલશસૂરિ. **સંવેગદુમકન્દલી** - વિમલાચાર્ય. જૈન શ્વે.મહાસભા હસ્તિનાપુર.]



૧. દે. લા. જૈ. પુ. સં. તરફથી ઈ. સ. ૧૯૪૦માં આ પ્રકાશિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકરણ ૨૭ : શ્રવ્ય કાવ્યો

P. ૨૭૮

(ઋ) સ્તુતિ-સ્તોત્રો

સ્તુતિ, સ્તોત્ર, સ્તવ, સંસ્તવ અને સ્તવન એ સંસ્કૃત શબ્દો એકબીજાના પર્યાયરૂપ છે. આથી તો કોઈ કૃતિને એના રચનાર 'સ્તુતિ' કહે છે તો કોઈ એને એના પર્યાયવાચક નામે ઓળખાવે છે. આ જાતનું જે જૈન સાહિત્ય છે તેનો ભિન્ન ભિન્ન દૃષ્ટિએ વિચાર કરતાં એનાં સ્તુતિ-સ્તોત્રોના વિવિધ વર્ગો પાડી શકાય તેમ છે. એ પૈકી કેટલાક હું નીચે મુજબ દર્શાવું છું અને સાથે સાથે એની આછી રૂપરેખા પણ આલેખું છું :–

(૧) પદ્યાત્મક, ગદ્યાત્મક અને ઉભયાત્મક

જૈન સ્તુતિ-સ્તોત્રો તો સામાન્ય રીતે પદ્યાત્મક જોવાય છે. સર્વથા ગદ્યાત્મક સ્તોત્ર તરીકે તો **રાયપ્પસેણઈજ્જ** (સુત્ત ૫)માંના ''નમત્થુણં'' જેવાનો ઉલ્લેખ થઈ શકે. **શક્રસ્તવ** જેવી કૃતિઓ ઉભયાત્મક છે કેમકે એનો અંતિમ ભાગ પદ્યાત્મક છે.

(૨) સંસ્કૃત, પાઈય, દ્રાવિડ અને ફારસી

અહીં પાઈયથી મરહટ્ઠીથી માંડીને અવહટ્ઠ સુધીના એના મુખ્ય પ્રકારો તેમ જ અવહટ્ઠની પુત્રીઓ–ગુજરાતી, હિંદી ઇત્યાદિ પ્રાદેશિક ભાષાઓ અભિપ્રેત છે. એવી રીતે દ્રાવિડથી કન્નડ, તામિલ વગેરે સમજવાની છે.

શ્વેતામ્બરો પૈકી **જિનપ્રભસૂરિ** જેવાએ દ્રાવિડ ભાષામાં [1]**ભવ્યકુટુંબચરિત** રચ્યું છે એમ **પત્તન.** P. ૨૭૯ સૂચિ (ભા. ૧, પૃ. ૨૬૬)માં ઉલ્લેખ છે[2] એને બાદ કરીએ તો કોઈ પણ જાતની દ્રાવિડ ભાષામા શ્વેતાંબરીય સ્તુતિ-સ્તોત્ર કે અન્ય પ્રકારની કોઈ કૃતિ હોય એમ જાણવામાં નથી જ્યારે દિગંબરોનું તો કન્નડ વગેરેમાં રચાયેલું આ જાતનું સાહિત્ય ઠીક ઠીક પ્રમાણમાં મળે છે.

જિનપ્રભસૂરિ જેવી વ્યક્તિએ ફારસીમાં પણ સ્તોત્ર રચ્યાં છે. એક બાર પદ્યનું [3]સ્તોત્ર આ **જિનપ્રભસૂરિએ** રચ્યું છે આવાં ફારસી સ્તોત્રોની સંખ્યા ગણીગાંઠી છે. આથી એમ કહી શકાય છે કે મોટે ભાગે તો સ્તોત્રો સંસ્કૃતમાં તેમ જ જ. મ. અને જઈણ સોરસેણીમાં રચાયેલાં છે.

(૩) સ્વાશ્રયી અને પરાશ્રયી

ભક્તામર-સ્તોત્ર વગેરે સ્વતંત્ર સ્તોત્રો છે એટલે કે એ સ્વાશ્રયી છે. પાદપૂર્તિરૂપ સ્તોત્રો પરાશ્રયી છે. એ સ્વકર્તૃક કે પરકર્તૃક કૃતિને અવલંબીને રચાયેલાં છે.

---

૧. આ નામનું ''અપભ્રંશ''. માં ૩૭ પદ્યોમાં રચાયેલું એક ઔપદેશિક કાવ્ય છે અને એને જ સંસ્કૃતમાં **ભવ્યકુટુંબકથાનક** કદાચ રહ્યું હશે તેમ જ **ભવ્યકુટુમ્બચરિત્ર** તે આ જ હોવાનો સંભવ છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૯૪)માં કહ્યું છે.

૨. જો આ ઉલ્લેખ સાચો હોય તો આ કૃતિ સત્વર પ્રકાશિત થવી ઘટે.

૩. આનો પ્રારંભ ''अल्ला ल्लाहि तुराहं''થી થાય છે. એ કોઈકની સંસ્કૃત અવચૂરિ સહિત ''ऋषभजिनस्तवन''ના નામથી **જૈ. સ્તો. સ.** (પૃ. ૨૪૭-૨૫૧)માં છપાવાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૪) **મૌલિક અને અનુકરણાત્મક**

કોઈ કૃતિની મનોરમતા કે એની પ્રસિદ્ધિને લઈને એના અનુકરણરૂપે જે કૃતિ યોજાય તેને હું **'અનુકરણાત્મક'** કહું છું. એ મૂળ કૃતિની નકલરૂપ છે.

P. ૨૮૦ (૫) **વ્યાપક અને વ્યાપ્ય**

કોઈ કૃતિ રચતી વેળા એના એક અંગરૂપે જે સ્તુતિ કે સ્તોત્રની રચના કરાઈ હોય તો તેને-એ અંતર્ગત રચનાને હું અહીં 'વ્યાપ્ય' કહું છું. અને ઇતર પ્રકારની રચના કે જે કોઈ અન્ય કૃતિના અંશરૂપ નથી તેને હું 'વ્યાપક' છું અને એનું અખંડ સામ્રાજ્ય પ્રવર્તે છે. ઉદાહરણાર્થે **સૂયગડના** અધ્યયનરૂપ **મહાવીરથુઈ** એ 'વ્યાપ્ય' સ્તુતિ છે. અન્ય ઉદાહરણ તરીકે ગુજરાતી **મહાવીરથુઈ** એ 'વ્યાપ્ય' સ્તુતિ છે. અન્ય ઉદાહરણ તરીકે ગુજરાતી સાહિત્ય પરિષદનો વિચાર કરીશું તો એને અંગે વિભાગી પ્રમુખો તેમ જ સમસ્ત પરિષદના પ્રમુખ એમ બે પ્રકારના પ્રમુખો નિમાય છે. વ્યાપ્ય સ્તુતિ-સ્તોત્રો એ વિભાગીય પ્રમુખને સ્થાને છે જ્યારે વ્યાપક સ્તુતિ-સ્તોત્રો તે સર્વાંશે પ્રમુખના સ્થાને છે. 'વ્યાપ્ય'એ અર્થમાં ગૌણ, આનુષંગિક, આંશિક ઇત્યાદિ શબ્દો અને 'વ્યાપક' માટે મુખ્ય, પ્રધાન, અખંડ ઇત્યાદિ શબ્દો યોજી શકાય.

આમ જેમ લખાણની પદ્ધતિ, ભાષા ઇત્યાદિ દૃષ્ટિએ સ્તુતિ-સ્તોત્રના [1]વર્ગો પડે છે તેમ વિષયની દૃષ્ટિએ પણ એના વર્ગ અને ઉપવર્ગ અને તેના યે પેટાવર્ગ પાડી શકાય તેમ છે. એ
P. ૨૮૧ વિચારણાને હું વિશેષ મહત્ત્વની ગણું છું. એથી એની રૂપરેખા કંઈક ઘેરી આલેખવા લલચાઉં છું.

સ્તુતિ-સ્તોત્રના રચનાનો મુખ્ય આશય ભક્તિભાવનો મનોરમ આવિર્ભાવ છે. એમાં દ્રવ્યાનુયોગના નિરૂપણને સ્થાન અપાય તો એ અધિક પ્રમાણમાં મૂલ્યશાળી બને છે પરંતુ તેમ કરવા માટે કેવળ કાવ્યકળા કામ ન લાગે. એ માટે તો તત્ત્વજ્ઞાનના વિષયમાં પણ સિદ્ધહસ્તતા હોવી જોઈએ. આ જાતનાં સ્તુતિ-સ્તોત્રોને આપણે 'દાર્શનિક' યાને 'તત્ત્વપ્રધાન' કહીશું.[2] એ સિવાયના સ્તુતિ-સ્તોત્રોમાં 'ભક્તિ'રસની રેલંછેલ જોવાય છે એટલે એને હું 'ભક્તિ-પ્રધાન' કહું છું. જો કે 'દાર્શનિકેતર' જેવો શબ્દ એ માટે યોજી શકાય. આ ભક્તિપ્રધાન સ્તુતિ-સ્તોત્રોની રચનામાં કવિને કલ્પનારૂપ કનકવા ચગાવવા માટે ક્ષેત્રનો સંકોચ અનુભવવો પડતો નથી. એ હિસાબે આ ક્ષેત્રમાંનો વિહાર દાર્શનિક સ્તુતિ-સ્તોત્રોની અપેક્ષાએ વધારે વ્યાપક અને સુગમ ગણાય.

ભારતીય સ્તુતિ-સ્તોત્રોનો વિચાર કરતાં એમ ભાસે છે કે જૈનોને તેમ જ અજૈનોને હાથે જેટલા પ્રમાણમાં 'ભક્તિપ્રધાન' સ્તોત્રો રચાયાં છે તેનાથી ઘણા અલ્પ પ્રમાણમાં 'દાર્શનિક' સ્તોત્રો

---

૧. **જૈ. ગ્રં.** માં. "લીસ્ટ નંબર ૪ : જૈન ફિલોસોફી" એવા શીર્ષકપૂર્વક કેટલાક ગ્રંથો નોંધાયા છે. એના પ્રારંભમાં વર્ગ ૧ તરીકે પ્રક્રિયા-ગ્રંથો છે અને વર્ગ ૮ તરીકે પૃ. ૧૪૫-૪૬માં પ્રક્રિયાને લગતાં સ્તવ-સ્તોત્ર છે. તેમાં સ્તવ તરીકે **કાયસ્થિતિ-સ્તવથી** શરૂઆત કરી ૧૧ સ્તવ નોંધી ત્રણ સ્તોત્રોનો ઉલ્લેખ કરાયો છે. આગળ ઉપર "લીસ્ટ નંબર ૭ : જૈન માહાત્મ્ય" એ શીર્ષકપૂર્વક કેટલાક ગ્રંથ નોંધાયા છે. તેમાં બીજા વર્ગ તરીકે ૨૧૨ સ્તુતિ-સ્તોત્રો પૃ. ૨૭૨-૨૯૫માં નોંધાયા છે. આમ અહીં સ્તુતિ-સ્તોત્રના પ્રક્રિયાને અંગેના અને ઇતર એમ બે વર્ગ પડાયા છે.

૨. આગમિક સ્તુતિ-સ્તોત્રો એવો પણ એક વર્ગ સૂચવી શકાય. આવી કૃતિઓની એક સૂચી મેં **D C G C M (Vol. XIX, sec. 1, pt. 1)**ની મારી અંગ્રેજી પ્રસ્તાવના (પૃ. ૧૭)માં આપી છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રચાયાં છે. તેમ છતાં એ વાંચવા વિચારવામાં મારા જેવો તો ભક્તિપ્રધાન સ્તોત્રોની અપેક્ષાએ અધિક આનંદ અનુભવે છે.

'ભક્તિપ્રધાન' સ્તોત્રોમાં તીર્થંકરોના ગુણોત્કીર્તનને જેમ સ્થાન છે તેમ અન્ય પ્રાભાવિક P. ૨૮૨
પુરુષોની અને દેવદેવીઓની તેમ જ આગમની સ્તુતિ માટે પણ અવકાશ છે. આને લઈને આપણે આ જાતનાં સ્તોત્રોનાં બે ઉપવર્ગ પાડી શકીએ : (૧) જિન-વિષયક અને (૨) અજિન-વિષયક. પ્રથમ પ્રકારનાં સ્તોત્રો કોઈ એક જ-અમુક જ તીર્થંકરને ઉદ્દેશીને હોય અથવા તો અનેકને—સમસ્ત જિનવરોને લક્ષીને હોય. આમ જે બે ઉપપ્રકારો પડે છે તે પૈકી બીજા ઉપપ્રકારના શુદ્ધ અને મિશ્રિત એમ બે ભેદ પાડી શકાય. ત્રણ્ચાર પદ્યોની સ્તુતિઓ (થોય) એ 'મિશ્રિત'ના ઉદાહરણરૂપ છે કેમકે એમાં અમુક તીર્થંકર ઉપરાંત સમસ્ત તીર્થંકરો, આગમ અને યક્ષ કે દેવીની સ્તુતિને પણ સ્થાન અપાયેલું હોય છે.

'શુદ્ધ' સ્તોત્રોનો વિષય કેવળ જિનેશ્વરો જ છે. તેમ છતાં એના પણ બે પ્રકારો છે : (૧) વિશિષ્ટ અને (૨) સામાન્ય. 'વિશિષ્ટ' સ્તોત્રો મુખ્યતયા ૨૪ તીર્થંકરોની સ્તુતિરૂપ છે જ્યારે સામાન્ય સ્તોત્રો એ સમસ્ત જિનવરોને અંગે ઘટી શકે એવાં છે અને એથી તો એને 'સાધારણ-જિન-સ્તોત્ર' કહે છે.[૧]

આમ જે મેં અહીં અંતિમ વર્ગીકરણની દૃષ્ટિએ વર્ગો, ઉપવર્ગો અને પેટવર્ગોનો—દસ પ્રકારોનો નિર્દેશ કર્યો છે તેનો એકસામટો ખ્યાલ આવે તે માટે એ હકીકત નીચે મુજબ હું હવે રજૂ કરું છું:



P. ૨૮૩

૧. આ સંબંધમાં કેટલીક વિશેષ માહિતી મેં D C G C M (Vol. XIX, sec. 1, pt. 2) ના મારા તૃતીય પરિશિષ્ટ (પૃ. ૩૭૩-૩૭૭)માં આપી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આમ જે સ્તુતિ-સ્તોત્રોનાં વિવિધ પ્રકારનાં વર્ગીકરણો મેં સૂચવ્યા છે એ પૈકી પ્રથમ પ્રકારના વર્ગીકરણને લક્ષીને સ્તોત્રો ગોઠવવાં પડે તેમ નથી. એ કાર્ય તો આપોઆપ સધાય છે કેમકે કેવળ ગદ્યાત્મક અને સાથે સાથે મહત્ત્વપૂર્ણ કોઈ સંસ્કૃત સ્તોત્ર હોય એમ જણાતું નથી શક્રસ્તવ ઉપરાંતનું કોઈ મહત્ત્વનું ઉભયાત્મક સ્તોત્ર હોય એમ અત્યારે તો મને સ્ફુરતું નથી.

દ્વિતીય પ્રકારનાં વર્ગીકરણ માટે અહીં અવકાશ નથી કેમકે આ સમગ્ર પુસ્તકની રચનામાં ભાષાદૃષ્ટિને સ્થાન અપાયું છે એટલે આ પ્રકરણ પૂરતાં તો અહીં સમસ્ત સ્તોત્રો સંસ્કૃત જ છે. અર્ધ-સંસ્કૃત સ્તોત્રો જે થોડાંક મળે છે તેનો તેમ જ અનેક ભાષાત્મક સ્તોત્રોનો પણ પૃથક્ પ્રકરણમાં વિચાર કરવો ઉચિત ભાસે છે.

૨૮૪ તૃતીય પ્રકારના વર્ગીકરણ માટે અત્ર અવકાશ છે એટલે એ પ્રમાણે હું સ્તોત્રોને ગોઠવું છું. સૌથી પ્રથમ સ્વાશ્રયી સ્તોત્રો આપી ત્યાર બાદ પાદપૂર્તિરૂપ અને એ અપેક્ષાએ 'પરાશ્રયી' સ્તોત્રો આપું છું.

ચતુર્થ પ્રકારના વર્ગીકરણ પ્રમાણે સ્તોત્રો ગોઠવવાં હોય તો **'અનુકરણાત્મક'** સ્તોત્રો પૂરતાં પ્રમાણમાં જોઈએ પણ તેમ નથી એટલે એ વર્ગીકરણ પ્રમાણે ક્રમ સાચવવાનો રહેતો નથી.

પંચમ પ્રકારના વર્ગીકરણ પ્રમાણે ક્રમ રાખવાની વાત અત્ર અસ્થાને છે કેમકે વ્યાખ્ય-સ્તોત્રોને આ પુસ્તકમાં સ્થાન અપાય તેમ નહિ હોવાથી મેં એ જતાં કર્યા છે.

અંતિમ વર્ગીકરણ માટે પણ સ્તોત્રોની સંખ્યાની અલ્પતા, કેટલાક સ્તુતિકરોને અંગે પુનરુલ્લેખ વગેરે બાબતો વિચારતાં આ જ સ્થિતિ ઉદ્ભવે છે. તેમ છતાં એ મહત્ત્વનું વર્ગીકરણ હોવાથી સ્તુતિ-સ્તોત્રોને ક્રમાંક આપી એ દ્વારા આ વર્ગીકરણમાં નોંધાયેલા દસ પ્રકારોનું અનુક્રમે સૂચન હું ''ઉપોદ્ઘાત''માં કરવા ધારું છું.

[1]**શાન્તિસ્તવ** (લ. **વિક્રમ**ની ત્રીજી સદી)– આ **સૂરિમન્તથોત્ત (સૂરિમન્ત્રસ્તોત્ર)**ના પ્રણેતા મનાતા **માનવદેવસૂરિએ** [2]૧૯ પદ્યોમાં **શાન્તિ**નાથની અને સાથે સાથે **વિજ**યા અને જયા એ દેવીઓની સ્તુતિરૂપે રચેલી કૃતિ છે. એઓ **વિર**નિર્વાણની સાતમી શતાબ્દીમાં અને **મહા**વીરસ્વામીની ૧૯મી પાટે થયાનું મનાય છે. એમની આ કૃતિને **સિદ્ધિ**ચન્દ્રગણિએ પોતાની ટીકામાં 'લઘુશાન્તિસ્તોત્ર' તેમજ 'લઘુશાન્તિ' કહી છે. સાથે સાથે એમ પણ કહ્યું છે કે આ રચાતાં મરકીનો ઉપદ્રવ મટી જઈ શાંતિ થઈ ત્યારથી પ્રાયઃ પ્રતિદિન પ્રતિક્રમણના અંતે એ બોલાય છે. વિશેષમાં

૧. આ સ્તવ ''પ્રતિક્રમણસૂત્રો'' નામના પુસ્તકમાં મોટે ભાગ ગુજરાતી અને કેટલીકવાર હિન્દી અનુવાદ સહિત કે તે વિના પણ છાપાયો છે. ''શ્રી પ્રતિક્રમણ-સૂત્ર પ્રબોધ-ટીકા'' (ભા.૨)માં ગુજરાતીમાં વિસ્તૃત વિવેચન છે. એમાં આ સ્તવના આદ્ય પદ્યનો જે અનુવાદ અપાયો છે. તે સમુચિત જણાતો નથી.

૨. પહેલા ૧૭ પદ્યો આર્યામાં છે જ્યારે અંતિમ બે અનુષ્ટુભ્માં છે અને એ બે પદ્યો તો **બૃહચ્છાન્તિસ્તવ**ના અંતમાં પણ જોવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જયા, વિજયા અને અપરાજિતા નામની ત્રણ દેવીઓ માનવદેવસૂરિના સાંનિધ્યમાં રહેતી હોવાનો પણ અહીં નિર્દેશ છે.

પ્ર. ચ. માં માનવદેવસૂરિનો પ્રબન્ધ છે. એમાં કહ્યું છે કે શાન્તિનાથના શાસનની દેવી નામે શાન્તિ પોતાની બે મૂર્તિઓ બનાવી અમારા (વિજય અને જયાના) મિષથી એમને વન્દન કરે છે.

આ **શાન્તિસ્તવ**ના તૃતીય પદ્યમાં 'અતિશય'ના અર્થમાં 'અતિશેષક' શબ્દ વપરાયો છે. એના ચૌદમાં પદ્યમાં એક પ્રકારનો 'ષોડશીમન્ત્ર' છે અને સોળમામાં આ કૃતિનું 'શાન્તિસ્તવ' નામ છે.

ટીકાઓ– આ કૃતિ ઉપર હર્ષકીર્તિસૂરિએ વિ. સં. ૧૬૨૮માં, ગુણવિજયે વિ. સં. ૧૬૫૮માં તેમજ સિદ્ધિચન્દ્રગણિએ તથા ધર્મપ્રમોદગણિએ વિ. સં. ૧૬૯૦ના અરસામાં એકેક ટીકા રચી છે. આ ઉપરાંત ધર્મપ્રભગણિએ તેમ જ ભાવકુશલે પણ તેમ કર્યું છે.

અવચૂરિ– કોઈક આ રચી છે.

અનુવાદો– આ ગુજરાતી તેમજ હિન્દીમાં છે.

બૃહચ્છાન્તિસ્તવ– આ સ્વતંત્ર કૃતિ છે કે કોઈકના અંશરૂપ એ બાબત જેમ વિવાદાસ્પદ ગણાય છે તેમ એના કર્તા અને રચનાસમય પરત્વે પણ મતભેદ છે. આનો અંતિમ નિર્ણય આ કૃતિની પ્રાચીન અને વિશ્વસનીય હાથપોથીઓ જોવા મળ્યે થઈ શકે. આથી અહીં તો તેના પ્રચલિત સ્વરૂપને લક્ષી કેટલીક બાબતો દર્શાવું છું.

આ કૃતિ કેવળ ગદ્યાત્મક કે પદ્યાત્મક નથી પરંતુ ઉભયાત્મક છે. એમાં [૧]દસ પદ્યો છે. આ કૃતિનો પ્રારંભ એક પદ્યથી કરાયો છે તો અંતમાં [૨]પાંચ પદ્યો છે. આ કૃતિ તીર્થંકરના જન્માભિષેકને અંગેની છે.

એમાં ઋષભાદેવાદિ ૨૪ તીર્થંકરોનાં, સોળ [૩]વિદ્યાદેવીઓનાં તેમ જ [૪]નવ ગ્રહોનાં નામો છે. ત્યાર બાદ આઠ લોકપાલોનાં નીચે મુજબ નામો છેઃ–

સોમ, યમ, વરુણ, કુબેર, વાસવ (ઇન્દ્ર), આદિત્ય, સ્કન્દ (કાર્તિકેય) અને વિનાયક (ગણપતિ).

આ પૈકી પહેલાં ચાર નામ જૈન માન્યતા મુજબનાં છે તો બાકીનાં ચાર વૈદિક હિન્દુઓના મત અનુસાર છે.

આ કૃતિમાં **શાન્તિનાથ**ને અંગે બે પદ્યો છે. વિશેષમાં ગ્રામદેવતા, નગરદેવતા અને ક્ષેત્રદેવતાનો બાંધેભારે ઉલ્લેખ છે. આ શાન્તિપાઠ રજૂ કરનારી કૃતિમાં (૧) શ્રમણસંઘ, (૨) જનપદો, (૩)

૧. એક પદ્ય પાઈયમાં છે.

૨. કેટલીક પ્રાચીન હાથપોથીઓમાં "નૃત્યન્તિ" આ પૈકી એકનું નામ સવાંસ્ત્ર મહાજ્વાલા છે. શરૂ થતું એક જ પદ્ય જોવાય છે.

૩-૪. આમાં ચન્દ્રને પ્રથમ સ્થાન અપાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રાજાધિપો, (૪) રાજસંનિવેશો, (૫) ગોષ્ઠિકો, (૬) પૌરપુખ્યો, (૭) પૌરજનો અને (૮) બ્રહ્મલોકને શાંતિ થાઓ એમ કહ્યું છે.[૧]

P. ૨૮૫ [૨]**દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા**– ભદ્રેશ્વરકૃત **કહાવલી** પ્રમાણે [૩]**સિદ્ધસેન** દિવાકરે બત્રીસીઓ દ્વારા સ્તુતિ શરૂ કરી અને અનુક્રમે ૩૨મી બત્રીસી પૂર્ણ થતાં પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટી. આમ આ તમામ બત્રીસીઓના પ્રણેતા તાર્કિકશિરોમણિ **સિદ્ધસેન** દિવાકર છે. પરંતુ આજે એ બત્રીસે દ્વાત્રિંશિકા (બત્રીસીઓ) મળતી નથી. **ન્યાયાવતાર** પણ પ્રસ્તુત દ્વાત્રિંશિકા છે એમ માનતાં બાવીસ દ્વાત્રિંશિકા ઉપલબ્ધ થઈ છે એમ કહેવાય. **ન્યાયાવતાર** એ કંઈ સ્તુતિ નથી એટલે ૨૧ દ્વાત્રિંશિકાનો જ અહીં વિચાર કરવાનો રહે છે.

પરિચય– **સિદ્ધસેન** દિવાકર **વૃદ્ધવાદી**ના શિષ્ય થાય છે અને એઓ મહત્તર [૪]**જિનદાસગણિ** કરતાં દોઢેક સૈકા જેટલા તો પૂર્વે થયા છે. એમનો સમય જૈન પરંપરા પ્રમાણે વિક્રમની પ્રથમ શતાબ્દી છે જ્યારે કેટલાક આધુનિક વિદ્વાનોને મતે એ વિક્રમની છઠ્ઠી શતાબ્દી છે. **પ્ર. ચ.** (શૃંગ ૮, શ્લો. ૩૫-૩૭) પ્રમાણે ઉપર્યુક્ત **વૃદ્ધવાદી** તે 'માથુરી' વાચનાના સંચાલક આર્ય **સ્કન્દિલ**ના શિષ્ય થાય છે. એ આર્ય સ્કન્દિલનો સમય **વીર**સંવત્ ૮૨૭ થી ૮૪૦ (વિ. સં. ૩૫૭ થી ૩૭૦)નો ગણાય છે.[૫] તો એ હિસાબે **સિદ્ધસેન** દિવાકરનો સમય વિક્રમની ચોથી સદીનો અન્તિમ ભાગ ગણાય. કોઈક કારણસર એઓ (સિદ્ધસેન) 'પારંચિક' પ્રાયશ્ચિતના ભાગી બન્યા હતા. એમણે રચેલી મનાતી કૃતિઓની નોંધ હું નીચે મુજબ લઉં છું :–

---

૧. વિશેષ માટે જુઓ ખંડ ૨, ઉપખંડ ૧, પ્રકરણ ૪૫, પૃ. ૨૭૮ અને ૨૭૯.

૨. આ પૈકી ૨૧ દ્વાત્રિંશિકાઓ **ન્યાયાવતાર** તેમ જ **સમ્મઈપયરણ** સહિત "જૈ. ધ. પ્ર. સ." તરફથી "શ્રી સિદ્ધસેનદિવાકરકૃતગ્રંથમાલા"માં ઈ. સ. ૧૯૦૯માં પ્રકાશિત કરાઈ છે. એને જ સામે રાખીને શ્રીવિજયલાવણ્યસૂરિએ પહેલી ચાર દ્વાત્રિંશિકાઓ અંગે **કિરણાવલી** નામની વિવૃત્તિ રચી છે. એ મૂળ તેમ જ મૂળના પં. **સુ**શીલવિજયગણિએ કરેલા ગુજરાતી ભાવાર્થ સહિત "શ્રીવિજય લાવણ્યસૂરીશ્વર-જ્ઞાનમંદિર" તરફથી બોટાદથી અનુક્રમે વિ. સં. ૨૦૦૮, ૨૦૦૯, ૨૦૧૧, અને ૨૦૧૨માં પ્રકાશિત થઈ છે. બીજી દ્વાત્રિંશિકાના પ્રારંભમાં પહેલી બંને દ્વાત્રિંશિકાઓનાં પદ્યોની અકારાદિ અનુક્રમણિકા પૃથક્ પૃથક્ અપાઈ છે. ત્રીજી અને ચોથી દ્વાત્રિંશિકાના પદ્યોની અનુક્રમણિકા તો તે તે દ્વાત્રિંશિકાના અંતમાં અપાઈ છે. ['**દ્વાંત્રિંશદ્ દ્વાંત્રિશિકા**' આ નામે આ. **લાવણ્યસૂરિજી**ની **કિરણાવલી** ટીકા સાથે ૨૧ બત્રીસીઓ "લા. સૂ. જ્ઞાનમંદિર" બોટાદથી પ્રસિદ્ધ થયેલ છે.]

૩. એમની જીવનરેખા પાંચ પ્રાચીન પ્રબંધોને આધારે **સન્મતિ-પ્રકરણની** ગુજરાતી પ્રસ્તાવના (પૃ. ૪૪-૬૦)માં આલેખાઈ છે.

૪. આ ગણિએ **નિસીહવિસેસચુણ્ણિમાં** સિદ્ધસેનનો અને એમની કૃતિ નામે **સમ્મઈપયરણનો** ઉલ્લેખ કર્યો છે.

૫. જુઓ **પ્ર. ચ.** ને અંગેનું "પ્રબન્ધપર્યાલોચન" (પૃ. ૪૮).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) [૧]**સમ્મઈપયરણ,** (૨) [૨]**ન્યાયાવતાર,** (૩) **દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા,** (૪) [૩]**કલ્યાણ-મન્દિરસ્તોત્ર** અને (૫) [૪]**શકસ્તવ.** P. ૨૮૬

આ પ્રમાણેની વિવિધ [૫]કૃતિઓ રચનારા અને હરિભદ્રસૂરિ દ્વારા 'શ્રુતકેવલી' તરીકે સંબોધાયેલા આ **સિદ્ધસેન** દિવાકરને **સિ. હે.** (૨-૨-૩૯)ની સ્વોપજ્ઞ વૃત્તિમાં ઉત્તમ કવિ તરીકે નિર્દેશ્યા છે અને એ હકીકત યથાર્થ છે એમ એમણે રચેલી ઉપલબ્ધ દ્વાત્રિંશિકાઓ જોતાં પણ જણાય છે. P. ૨૮૭

(૧-૨૧) એકવીસ દ્વાત્રિંશિકાઓ

પદ્યોની સંખ્યા– [૬]એકવીસ બત્રીસીઓમાં એનાં નામ પ્રમાણે પ્રત્યેકમાં બત્રીસ બત્રીસ પદ્યોની આશા રખાય પરંતુ વસ્તુસ્થિતિ એવી નથી. એકવીસમી બત્રીસીમાં એક પદ્ય અને દસમીમાં બે વધારે છે જ્યારે ૮, ૧૧, ૧૫ અને ૧૯ એ ક્રમાંકવાળી બત્રીસીઓમાં અનુક્રમે ૨૬, ૨૮, ૩૧ અને ૩૧ પદ્યો છે. આમ બેમાં વધારે પદ્ય અને ચારમાં ઓછાં પદ્ય છે તો તેનું શું કારણ ? શું આવી

૧. આ પ્રકાશિત છે. જુઓ **પા. ભા. સા.** (પૃ. ૧૫૬-૧૫૭)

૨. આ કૃતિ "જૈ. ધ. પ્ર. સ." તરફથી "**સિદ્ધસેનદિવાકરકૃતગ્રંથમાલા**"માં ઈ. સ. ૧૯૦૯માં છપાઈ છે. **સિદ્ધર્ષિ**કૃત વિવૃતિમાંથી ઉદ્ધૃત પાઠો, મૂળને અગે ડૉ. **સતીશચંદ્ર** વિદ્યાભૂષણનાં અંગ્રેજી અનુવાદ અને ટિપ્પણ તેમ જ પ્રસ્તાવના તથા સંસ્કૃત શબ્દોની સૂચિ સહિત આ કૃતિ ડૉ. **સતીશચંદ્ર** વિદ્યાભૂષણે કલકત્તાથી ઈ. સ. ૧૯૦૯માં છપાવી છે. વળી મૂળ કૃતિ સંપૂર્ણ વિવૃત્તિ સહિત આરાથી ઈ. સ. ૧૯૧૫માં બીજી વાર પ્રસિદ્ધ કરાઈ છે. વિશેષમાં આ મૂળ કૃતિ ઉપર્યુક્ત વિવૃતિ અને **રા**જશેખરસૂરિકૃત ટિપ્પન સહિત "હેમચન્દ્રાચાર્ય ગ્રંથાવલી"માં ગ્રંથાંક ૨ તરીકે ઈ. સ. ૧૯૧૭માં છપાવાઈ છે. આ મૂળ કૃતિ એના પં. **સુ**ખલાલે કરેલા ગુજરાતી અનુવાદ અને વિવેચન સહિત **મ**કનજી જૂઠા તરફથી છપાવાઈ છે. **સિદ્ધર્ષિ**કૃત વિવૃતિ અને એના ઉપર **દે**વભદ્રકૃત ટિપ્પણ સહિત મૂળ કૃતિ "જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ" તરફથી ઈ. સ. ૧૯૨૮માં પ્રસિદ્ધ કરાઈ છે. મૂળ કૃતિ એના તેમ જ વિવૃત્તિના પં. **વિ**જયમૂર્તિએ કરેલા હિંદી અનુવાદ સહિત "રા. જૈ. શા."માં ઈ. સ. **૧૮૫૦**માં પ્રકાશિત થયેલી છે.

૩. આ સ્તોત્ર "કાવ્યમાલા" (ગુ. ૭)માં છપાયું છે. વળી એ **ક**નકકુશલગણિની વૃત્તિ અને **મા**ણિક્યચન્દ્રની વિવૃત્તિ સહિત "દે. લા. જૈ. પુ. સ." તરફથી ઈ. સં. ૧૯૩૨માં પ્રકાશિત **ભક્તા.સ્તોત્રત્રયમાં** છપાયેલું છે.

૪. આ કૃતિ **ભક્તા.સ્તોત્રત્રયની** મારી આવૃત્તિ (પૃ. ૨૪૨-૨૪૫)માં પાઠાંતરપૂર્વક છપાઈ છે. વિશેષમાં આ જ કૃતિ "સિદ્ધિશ્રેયઃસમુદય" એવા નામથી "અનેકાંત" (વ. ૧, કિરણ ૮–૧૦)માં વિ. સં. ૧૯૮૬માં પાઠાન્તર-પૂર્વક પ્રસિદ્ધ કરાઈ છે.

૫. આ કૃતિઓ અને એના અભ્યાસ માટેનાં સાધનો વિષે મેં "સિદ્ધસેન દિવાકરની કૃતિઓ અને એના અભ્યાસ માટેનાં સાધનો" નામના મારા લેખમાં વિચાર કર્યો છે. આ લેખ "આ. પ્ર." (પુ. ૪૯)ના અં. ૮ ૯-૧૦, ૧૧ અને ૧૨માં તેમ જ પુ. ૫૦ના અં. ૨, ૩ અને ૪માં એમ સાત કટકે છપાયો છે.

૬. મુદ્રિત ૨૧ બત્રીસીઓની ગુજરાતી પ્રસ્તાવનામાં કહ્યું છે કે "ઘણી પ્રતો તો વીશ બત્રીસીવાળી જ મળી છે. એક પ્રતમાં જ એકવીશમી **મહાવીરદ્વાત્રિંશિકા** હતી તે અહીં દાખલ કરી છે શા કારણથી તે બત્રીશી બીજી પ્રતોમાં નહિ હોય તે કહી શકાતું નથી."

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ રચના પ્રથમથી હશે કે કોઈએ ૧૦મી અને ૨૧મી બત્રીસીમાં પદ્ય ઉમેરેલ હશે કે પ્રસ્તુત ચાર બત્રીસીઓ પૂર્ણ હોવા છતાં એનાં પદ્યો કાલાંતરે લુપ્ત થયા હશે ? સામાન્ય રીતે તો એમ જ મનાય કે દરેક બત્રીસીમાં બત્રીસ બત્રીસ પદ્યો હોવાં જ જોઈએ અને ઉપસંહારાત્મક બત્રીસીમાં એકાદ પદ્ય વધારે સંભવે.

P. ૨૮૮ **રચનાક્રમ**– મુદ્રિત એકવીસ બત્રીસીઓ સમકાળે– **સિદ્ધસેન** દિવાકરે આચાર્ય બન્યા પછી જ અને તે પણ અહીં સૂચવાયેલા ક્રમે જ રચી છે કે કેમ એ પણ એક પ્રશ્ન છે. સંભવ છે કે કોઈ કોઈ બત્રીસી એઓ સૂરિ બન્યા તે પૂર્વેની રચના હોય અને કોઈક એમણે સંસારીપણામાં અર્થાત્ દીક્ષા લીધી તે પૂર્વે પણ રચી હોય. મુદ્રિત બત્રીસીઓમાં જે ક્રમ છે તે પાછળ કોઈ વિશિષ્ટ હેતુ જણાતો નથી. કોઈકે આ પ્રમાણે સંગ્રહ ગોઠવી તો નહિ દીધો હોય ?

નામોલ્લેખ– જે ૨૧ બત્રીસીઓ છપાયેલી છે તેમાં બારનાં નામ અપાયેલાં છે. એની ગુજરાતી પ્રસ્તાવના જોતાં એમ લાગે છે કે એટલાં જ નામો હાથપોથીમાં હતાં. મુદ્રિત પ્રતિમાં પહેલી છનાં નામ નથી. સાતમી બત્રીસીનું નામ [૧]**વાદોપનિષદ્-દ્વાત્રિંશિકા** છે. આઠમીનું [૨]**વાદદ્વાત્રિંશકા** અને નવમીનું **વેદવાદ-દ્વાત્રિંશિકા** છે. દસમીનું નામ નથી. એવી રીતે સત્તરમી અને અઢારમીનાં પણ નામ નથી. બાકીની અગિયારમી વગેરેનાં નામ દ્વાત્રિંશિકા જેટલો અંશ બાજુએ રાખતાં અનુક્રમે નીચે મુજબ છે :–

૨. ૨૮૯ ગુણવચન, ન્યાય, સાંખ્યપ્રબોધ, વૈશેષિક, બૌદ્ધસંતાન, [૩]નિયતિ, નિશ્ચય, દૃષ્ટિપ્રબોધ અને મહાવીર.

પ્રથમ દ્વાત્રિંશિકાનો પ્રારંભ 'સ્વયમ્ભુવં'થી થાય છે. એથી એને 'સ્વયંભૂસ્તુતિ' કહી શકાય કેમકે સમન્તભદ્રકૃત જે સ્તોત્ર સ્વયમ્ભુવાથી શરૂ થાય છે તેને 'સ્વયંભૂસ્તોત્ર' કહે છે.

વિષય– ૨૧ બત્રીસીમાં પહેલી પાંચ, ૧૧મી અને ૨૧મી એમ સાતનો વિષય સ્તુતિ છે. વિવિધ છંદોમાં રચાયેલી અગિયારમી બત્રીસી કોઈ રાજાની સામે ઊભા રહીને **સિદ્ધસેને** એમની સ્તુતિ કરી હોય એવી જણાય છે એમ પં. **સુખલાલે** કહ્યું છે. કોઈ કોઈ મુનિ તીર્થંકરનું રાજા તરીકે આ વર્ણન

---

૧. ''પુરાતત્ત્વ'' (પુ. ૩, અં. ૩)માં પં. સુખલાલનો ''કથાપદ્ધતિનું સ્વરૂપ અને તેના સાહિત્યનું દિગ્દર્શન'' નામનો લેખ છપાયો છે. એના ચોથા પરિશિષ્ટ તરીકે **વાદોપનિષદ્-દ્વાત્રિંશિકાના** શ્લો. ૧, ૭, ૮, ૨૧, ૨૬, ૨૯ અને ૩૨ આપી એના ગુજરાતીમાં અર્થ કરાયા છે. ત્યાર બાદ **વાદ-દ્વાત્રિંશિકાના** શ્લો. ૧-૫, ૭-૧૩, ૧૫, ૧૭-૨૧ અને ૨૪-૨૬ આપી એના પણ ગુજરાતીમાં અર્થ અપાયા છે. એના પછી **ન્યાય-દ્વાત્રિંશિકાના** શ્લો. ૧, ૭, ૧૬, ૨૮, ૨૯ અને ૩૧ આપી એમ કરાયું છે. વિશેષમાં હારિભદ્રીય **વાદાષ્ટક** અને **યમાષ્ટક** ગુજરાતી અર્થ વિના પૂરા અપાયા છે.

૨. આના માટે જુઓ ઉપર્યુક્ત ટિપ્પણ.

૩. આ દ્વાત્રિંશિકા એના નામને અનુરૂપ કેવી રીતે ગણાય એ પ્રશ્ન છે. એમાં 'નિમિત્ત' જેવો શબ્દ પણ નથી. આ શબ્દ ત્રીજી દ્વાત્રિંશિકા (શ્લો. ૮)માં છે. [**નિયતિદ્વાંત્રિંશિકા** મુનિશ્રીભુવનચન્દ્રજીના અનુવાદ સાથે જૈન સાહિત્યઅકાદમી ગાંધીનગરથી પ્રગટ થઈ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે એમ કહે છે. બાકીનીમાં મહાવીરસ્વામીની સ્તુતિ છે. **પ્ર. ચ.** (શૃંગ ૮, શ્લો. ૧૪૨)માં જે **વીર-સ્તુતિની** નોંધ છે તે આમાંની એક છે કે કેમ એ જાણવું બાકી રહે છે.

છઠ્ઠી અને આઠમી દ્વાત્રિંશિકા સમીક્ષાત્મક છે. બાકીની બધી દાર્શનિકા તેમ જ વસ્તુચર્ચાત્મક છે. "અનેકાંત" (વ. ૨, પૃ. ૪૯૫)માં એવો ઉલ્લેખ છે કે સાત સ્તુત્યાત્મક છે, છઠ્ઠી અને સાતમી વાદને અંગેની છે અને બાકીની તેર દાર્શનિક છે.

આમાં જૈમિનીય દર્શનને અંગે એકે બત્રીસી જણાતી નથી તો એ લુપ્ત બત્રીસીમાંની એક હશે.

સિદ્ધસેને 'પ્રમાણદ્વાત્રિંશિકા' જેવા નામથી એક બત્રીસી રચી હશે એમ મને **ત. સૂ.** (અ. ૧, સૂ. ૧૦)ની **સિદ્ધસેનગણિકૃત** ટીકા (ભા. ૧, પૃ. ૭૧) ગત નિમ્નલિખિત ઉલ્લેખ વિચારતાં ભાસે છે :–

"आचार्य सिद्धसेनोऽप्याह— P. ૨૯૦

'अभित्रि मादृशां भाज्यमध्यात्मं तु स्वयंदृशाम् ।
एकं प्रमाणमर्थैक्यदैक्यं तल्लक्षणैक्यतः' ॥"

આને લગતી કૃતિ અનુપલબ્ધ છે.

'આલંકારિક પ્રતિભાસંપન્ન વિદ્વાન કવિને છાજે' એવી પ્રૌઢ અને ગંભીર કક્ષાની સંસ્કૃત ભાષામાં, [1]વિવિધ છંદોમા સુશ્લિષ્ટ બંધવાળાં અને વૈદર્ભીપ્રાય રીતિને અનુસરનારાં પદ્યોમાં રચાયેલી તેમ જ મહાન અર્થ વડે સઘન અને સમૃદ્ધ એવી આ બત્રીસીઓ એ જૈન સમાજને **સિદ્ધસેન** દિવાકર તરફથી મળેલો મહામૂલ્યશાળી વારસો છે.

"સન્મતિ-પ્રકરણ"ની ગુજરાતી પ્રસ્તાવના (પૃ. ૧૦૩-૧૧૫)માં બત્રીસીઓના બાહ્ય કલેવર અને એના અભ્યંતર આત્મા વિષે વેધક અને પ્રેરક પ્રકાશ પડાયો છે.

સંતુલન– "ભારતીય વિદ્યા" ([2]ભા. ૩)માં પં. **સુખલાલનો** "પ્રતિભામૂર્તિ **સિદ્ધસેન** દિવાકર" નામનો એક લેખ છપાયો છે. એમાં પ્રસંગવશાત્ એમણે પાંચમી દ્વાત્રિંશિકાનાં ૧૦-૧૨ પદ્યો આપી એના સંતુલનાર્થે **અશ્વઘોષકૃત બુદ્ધચરિત** (સ. ૮)ના શ્લો. ૨૦-૨૨ તેમ જ **કાલિદાસકૃત કુમારસંભવ** (સ. ૭)માંથી શ્લો. ૫૬, ૫૯ અને ૬૨ ઉદ્ધૃત કર્યા છે.

પ્રથમ દ્વાત્રિંશિકાનાં પહેલાં ત્રણ પદ્યો રજૂ કરી એમણે એમ કહ્યું છે કે સ્તુતિનો પ્રારંભ P. ૨૯૧
ઉપનિષદ્ની ભાષા અને પરિભાષામાં વિરોધાલંકારર્ભિત છે.

બીજી દ્વાત્રિંશિકાનું ત્રેવીસમું પદ્ય આપી એમણે એમ સૂચવ્યું છે કે આમાં સાંખ્ય પરિભાષા દ્વારા વિરોધાભાસગર્ભિત સ્તુતિ છે.

---

૧. અનુષ્ટુભ્, આર્યા, ઇન્દ્રવજ્રા, ઉપજાતિ, ઉપેન્દ્રવજ્રા, પુષ્પિતાગ્રા, પૃથ્વી, ભુંજગપ્રયાત, મન્દાક્રાંતા, વંશસ્થ, વસન્ત્તતિલકા, વૈતાલીય, શાર્દૂલવિક્રીડત, શાલિની, શિખરિણી, સ્રગ્ધરા અને હરિણી આમ વિવિધ છંદોનો અહીં ઉપયોગ કરાયો છે.

૨. આ "સ્વ. બાબુ શ્રી. બહાદૂરસિંહજી સિંઘી સ્મૃતિગંથ" તરીકે ઈ. સ. ૧૯૪૫માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્રીજી દ્વાત્રિંશિકાનું આઠમું પદ્ય આપી એમાં **શ્વેતાશ્વતર** ઉપનિષદ્માંના ભિન્ન ભિન્ન કારણવાદોના સમન્વય દ્વારા **વીરનું** લોકોત્તરત્વ સૂચવાયું છે એમ એમણે કહ્યું છે.

ચોથી દ્વાત્રિંશિકાનું ત્રીજું પદ્ય આપી એ ઇન્દ્ર અને સૂર્યથી **વીરનું** લોકોત્તરત્વ દર્શાવે છે એમ એમણે કહ્યું છે. વળી આનું સાતમું પદ્ય આપી વ્યતિરેક દ્વારા સ્તુતિ કરાયાનો નમૂનો રજૂ કરાયો છે એવો એમણે ઉલ્લેખ કર્યો છે. એના પંદરમાં પદ્યમાં સરિતા અને સમુદ્રની ઉપમા દ્વારા પ્રભુમાં સર્વ દૃષ્ટિઓના અસ્તિત્વનું કથન કરાયું છે તે અનેકાંતવાદની જડ છે એમ અહીં કહ્યું છે. ૨૬મું પદ્ય આપી વિભાવના અને વિશેષોક્તિ દ્વારા આત્મા સબંધી જૈન વક્તવ્ય રજૂ કરાયું છે એમ કહ્યું છે.

છઠ્ઠી [૧]દ્વાત્રિંશિકાના શ્લો. ૩-૮ અને ૨૮ રજૂ કરી એનો ભાવાનુવાદ અપાયો છે.

આઠમી દ્વાત્રિંશિકાના શ્લો. ૧ અને ૭ ઉદ્ધૃત કરી એનો ભાવ સમજાવાયો છે.

P. ૨૯૨ [૨]નવમી દ્વાત્રિંશિકા સંપૂર્ણતયા અપાઈ છે.[૩] એ ગૂઢ અને ગંભીર અર્થથી પરિપૂર્ણ છે. એમાં મુખ્યતયા સાંખ્ય-યોગના તત્ત્વજ્ઞાનનો ઉપયોગ કરી બ્રહ્મ યાને ઔપનિષદ પુરુષનું વર્ણન છે. આ દ્વાત્રિંશિકાની રચનામાં 'પાશુપત' સંપ્રદાયના અનુસરણરૂપ **શ્વેતાશ્વતર**[૪] ઉપનિષદનો તેમ જ પૌરાણિક ત્રિમૂર્તિવાદનો પણ પ્રભાવ જોવાય છે. પ્રથમ છપાયેલી આ દ્વાત્રિંશિકામાં અશુદ્ધ પાઠો છે. એમ માની પોતાની બુદ્ધિ અનુસાર એને સુધારી અને મૂળ પાઠોને ટિપ્પણમાં સ્થાન આપી સમગ્ર દ્વાત્રિંશિકા [૫]હિંદી વિવેચન સહિત પં. **સુ**ખલાલે ઉપસ્થિત કરી છે.

અગિયારમી દ્વાત્રિંશિકા વિષે એમણે કહ્યું છે કે કોઈ પરાક્રમી અને વિજેતા નૃપતિના ગુણોની સમગ્ર સ્તુતિરૂપ આ દ્વાત્રિંશિકા લોકોત્તર કવિત્વપૂર્ણ છે. આમ કથન કરી એમણે ઉદાહરણાર્થે આનું ત્રીજું પદ્ય ઉદ્ધૃત કર્યું છે.

P. ૨૯૩ ઉપર્યુક્ત લેખ દ્વારા પં. **સુ**ખલાલે **સિદ્ધસેન** દિવાકરનો આદ્ય જૈન તાર્કિક, આદ્ય જૈન કવિ અને આદ્ય જૈન સ્તુતિકાર, આદ્ય જૈન વાદી, આદ્ય જૈન દાર્શનિક અને આદ્ય સર્વદર્શનસંગ્રાહક તરીકે

---

૧. આ દ્વાત્રિંશિકા એ **માલવિકાગ્નિમિત્રના** નિમ્નલિખિત પદ્યના ભાષ્યની ગરજ સારે છે :–

"पुराणमित्येव न साधु सर्वं न चापि काव्यं नवमित्यवद्यम् ।
सन्तः परीक्ष्यान्यतरद् भजन्ते मूढः परप्रत्ययनेयबुद्धिः ॥"

૨. આને અંગે પં. **સુ**ખલાલે કહ્યું છે કે આ જ બત્રીસીમાં પ્રાચીન સર્વે ઉપનિષદો અને ગીતાનો સાર વૈદિક અને ઔપનિષદ ભાષામાં જ શાબ્દિક અને આર્થિક અલંકારથી યુક્ત ચમત્કારકારિણી સરણીમાં રજૂ કરાયો છે. આવું કાર્ય કોઈ બીજા એકલાએ કર્યું હોય એમ જાણમાં નથી.

૩. આમાં જે પદ્યો આપ્યાં છે તે મુદ્રિત દ્વાત્રિંશિકાઓમાંથી લીધાં હોય એમ લાગે છે કેમકે અન્ય કોઈ આધાર તરીકે કોઈ હાથપોથીનો નિર્દેશ નથી.

૪. "પ્રેમી-અભિનંદન ગ્રંથ" (પૃ. ૩૮૪-૪૧૦)માં છપાયેલા આ વિવેચનમાં મુદ્રણદોષો જોવાય છે. દા. ત. જુઓ શ્લો. ૩, ૧૦ના વિવેચનમાં, પૃ. ૪૦૫માં મનને બદલે 'મુખ'.
આ નવમી દ્વાત્રિંશિકા આ પૂર્વે પં. **સુ**ખલાલના ગુજરાતી અર્થ (શ્લોકાર્થ) અને ભાવાર્થ સહિત "ભારતીય વિદ્યાભવન" તરફથી ઈ. સ. ૧૯૪૫માં પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નિર્દેશ કર્યો છે એના સમર્થનાર્થે દ્વાત્રિંશિકાઓનો ઉપયોગ કર્યો છે. ['સિદ્ધસેન દિવાકર વ્યક્તિત્વ એવં કૃતિત્વ' ડો. પ્રકાશ પાંડેય, પ્ર. પાર્શ્વનાથ વિદ્યાપીઠ વારાણસીમાં પણ કેટલીક ચર્ચા કરવામાં આવી છે.]

ટીકા– સિદ્ધસેન દિવાકરની એકવીસ બત્રીસીઓ જેવી છપાઈ છે તેવી પણ જોઈ જતાં એમ ભાસે છે કે એ એમના **સમ્મઈ-પયરણ** કરતાં ચડિયાતી છે. આ વાતને તથા એ બત્રીસીઓમાંથી અપાયેલાં [1]અવતરણોને તેમ જ 'કલિ.' હેમચન્દ્રસૂરિ જેવાના એને અંગેના પ્રશંસાત્મક [2]ઉદ્‌ગારોને વિચારતાં એ મબાબત નવાઈ જેવી લાગે છે કે કોઈ પ્રાચીન ધુરંધર મુનિવરે આની ટીકા રચેલી જણાતી નથી. હા, એ વાત ખરી છે કે ૨૧મી દ્વાત્રિંશિકા ઉપર સોળમી સદીના 'અંચલ' ગચ્છના ઉદયસાગરની ટીકા છે અને એ છપાયેલી છે.

એકવીસમી દ્વાત્રિંશિકાનું કર્તૃત્વ– એકવીસમી દ્વાત્રિંશિકા બીજી વીસ દ્વાત્રિંશિકાઓને મુકાબલે ભાષા, રચના અને વસ્તુની બાબતમાં ઉતરતી જણાય છે. આથી કેટલાક એને અન્ય કોઈ સિદ્ધસેનની કૃતિ માનવા અને કોઈક કારણસર એમની બીજી બત્રીસીઓની સાથે જોડાઈ ગઈ છે એમ કહેવા P. ૨૯૪ પ્રેરાયા છે. મને તો એમ લાગે છે કે કોઈ પણ ગ્રંથકારની બધી જ કૃતિઓ એકસરખી તેજસ્વી ભાગ્યે જ હોઈ શકે. એમાં વય, વિષય, અનુભવ, રુચિ, પરિસ્થિતિ ઇત્યાદિ અનેક કારણો રહેલાં છે. ડૉ. ટાગોર જેવાનાં પણ બધાં કાવ્યો કયાં એકસરખી કોટિનાં છે ! આથી એમ કેમ ન બન્યું હોય કે સિદ્ધસેન દિવાકર ઊગતા કવિ હશે ત્યારની એમની આ કૃતિ હોય ? આ તો સિદ્ધસેનની જ રચેલી આ બત્રીસી હોય તો તે એની બીજી કૃતિઓથી જુદી તરી આવતી હોવા છતાં એ ઘટના કેવી રીતે સુસંગત હોઈ શકે એને અંગેની મારી આ કલ્પના છે.

આ સંબંધમાં મને એક બીજો પણ વિચાર આવે છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૪૯)માં સિદ્ધસેન દિવાકરની કૃતિ તરીકે [3]**વિંશતિદ્વાત્રિંશિકાની** નોંધ છે એટલું જ નહિ પણ એની એક હાથપોથી છાણીના ભંડારમાં અને બીજી અમદાવાદના ડહેલાના ઉપાશ્રયના ભંડારમાં હોવાનો ઉલ્લેખ છે. આ વિચારતાં મને બે પ્રશ્ન સ્ફુરે છે. :–

(૧) શું આ ખરેખર સિદ્ધસેન દિવાકરની કૃતિ છે ?

(૨) જો એમ જ હોય તો એમાં કઈ કઈ દ્વાત્રિંશિકાને સ્થાન અપાયું છે ? એમાં ૨૧મી **મહાવીર-દ્વાત્રિંશિકાનો** સમાવેશ થાય છે ?

---

૧. અ કાર્ય અંશતઃ મેં કર્યું છે. જુઓ મારો લેખ નામે "સિદ્ધસેનીય દ્વાત્રિંશિકાઓમાંથી અવતરણો" આ લેખ બે કટકે 'આ. પ્ર.' (પુ. ૫૦, અં. ૫ અને ૬)માં છપાયો છે. **દ્વાદશારનયચક્રની** સિંહસૂરિકૃત વૃત્તિ (પૃ. ૪ અને ૨૦૮ GOS)માં દ્વાત્રિંશિકામાંથી એકેક અવતરણ અપાયું છે.

૨. "क्व सिद्धसेनस्तुतयो महार्था ? । अशिक्षितालापकला क्व चैषा ? ।
तथापि यूथाधिपतेः पथिस्थः स्खलद्गतिस्तस्य शिशुर्न शोच्यः॥३॥ "

–अयोगव्यवच्छेदद्वात्रिंशिका

૩. આ નામ કોણે યોજ્યું છે ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છંદ– ૨૧મી દ્વાત્રિંશિકામાં ૩૩ પદ્યો છે. એ પૈકી પહેલાં ૩૨ ભુંજગપ્રયાત''માં છે અને એ દરેકનું અંતિમ ચરણ નીચે મુજબ છે :–

"स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः"

છેલ્લું પદ્ય શાર્દૂલવિક્રીડિતમાં છે.

અજૈન સંબોધનો– અજૈન દેવોને માટે **બુદ્ધ, હૃષીકેશ, વિષ્ણુ, જગન્નાથ, જિષ્ણુ, મુકુન્દ,**
P. ૨૯૫ **અચ્યુત, શ્રીપતિ, અનન્ત, મહેશ અષ્ટમૂર્તિ** ઇત્યાદિ જે સંબોધનો વપરાય છે તે જૈન તીર્થંકરને અંગે-**મહાવીરસ્વામી** પરત્વે ઘટે છે, પરંતુ એથી કંઈ એઓ શૂળ, ધનુષ્ય કે ચક્ર જેવા આયુધ કે ગંગા કે ગૌરી જેવી સ્ત્રીને કે સિંહ જેવા વાહનને રાખે છે કે વિકારી છે એમ નથી એ વાત અહીં કહી છે.

સન્તુલન– આ દ્વાત્રિંશિકાના શ્લો. ૮-૨૫ યોગશાસ્ત્ર (પ્ર. ૪)ના શ્લો. ૯૩, ૯૮, ૯૬, ૯૭, ૯૯, ૧૦૨, ૯૪ અને ૧૦૧ સાથે સરખાવી શકાય તેમ છે.

[૧]**વૃત્તિ**– આ જિનેશ્વરના વિવિધ ગુણો ઉપર પ્રકાશ પાડનારી ૨૧મી દ્વાત્રિંશિકા ઉપર ઉદયસાગરની વૃત્તિ છે. પહેલી ચાર દ્વાત્રિંશિકાઓ ઉપર **વિજયલાવણ્યસૂરિજી**ની [૨]વિવૃત્તિ છે.

અનુવાદ– આ દ્વાત્રિંશિકાનો તેમ જ એની આ વૃત્તિનો ગુજરાતીમાં અનુવાદ થયેલો છે. પહેલી ચાર દ્વાત્રિંશિકાઓનો ગુજરાતી [૩]અનુવાદ પં. **સુશીલવિજયગણિ** (હાલ **સૂરિ**) એ કર્યો છે, જ્યારે કેવળ પહેલીનો [૪]ભાવાત્મક અનુવાદ પં. **ધુરન્ધરવિજયગણિ** (હાલસૂરિ) એ ગુજરાતીમાં કર્યો છે. [**નિયતિદ્વાત્રિંશિકા**, ગુજ. વિવેચન, મુનિ**ભુવનચન્દ્ર** વિ.પ્ર. જૈન સાહિત્યઅકાદમી ગાંધીનગર.]

[૫]**કલ્યાણમન્દિર-સ્તોત્ર**– આ સ્તોત્ર શ્વેતાંરોને તેમ જ દિગંબરો પણ માન્ય છે. એમાં ૪૪
P. ૨૯૬ પદ્યો છે. એ સ્તોત્ર **પાર્શ્વનાથ**ને ઉદ્દેશીને રચાયું છે. એનાં પહેલાં ૪૩ પદ્યો વસન્ત્તતિલકામાં છે, જ્યારે ૪૪મું પદ્ય આર્યામાં છે. એ અન્તિમ પદ્યમાં '**કુમુદચન્દ્ર**' એવો પ્રયોગ છે તે એના કર્તાના નામનો **દ્યોતક** છે એમ કેટલાક માને છે. તેઓ કહે છે કે **સિદ્ધસેન** દિવાકરને દીક્ષા અપાઈ તે સમયે આ નામ રખાયું હતું. આ કાવ્ય **ભક્તામરસ્તોત્ર** કરતાં ગહન તેમ જ વિશેષતઃ આલંકારિક (ornate) છે. એમાંના કેટલાક શબ્દો વગેરે **દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકામાં** જોવાય છે. આ સ્તોત્રમાં કરાયેલા અમુત્ર, વિધ્યાપિતાઃ ઇત્યાદિ પ્રયોગો વિષે મેં **ભક્તા.સ્તોત્રત્રયની** મારી સંસ્કૃત ભૂમિકામાં વિચાર કર્યો છે. આ સ્તોત્રના **ભક્તામરસ્તોત્ર** તેમ જ કેટલીક અજૈન કૃતિઓ સાથેના સન્તુલનને મેં ગુજરાતી પ્રસ્તાવનામાં સ્થાન આપ્યું છે. અત્ર એ ઉમેરીશ કે **કલ્યાણમન્દિરસ્તોત્રના** ૨૫મા પદ્યમાં સુરદુન્દુભિ દ્વારા જે સૂચન કરાયું છે તે દિ. **સર્વનન્દિ** (ઈ. સ. ૪૮૫) પછી અને દિ. **વીરસેન** (ઈ. સ.

૧. આ વૃત્તિ ૨૧મી દ્વાત્રિંશિકા તેમ જ એ બંનેના ગુજરાતી અનુવાદ સહિત ''વર્ધમાનદ્વાત્રિંશિકા'' એ નામથી ''જૈ.ધ.પ્ર.સ.'' તરફથી ઈ. સ. ૧૯૦૩માં છપાવાઈ છે.

૨-૩. વિજયલાવણ્યસૂરિજ્ઞાનમંદિર બોટાદથી આ છપાયેલી છે. [**સિદ્ધસેનશતક**– બત્રીસીમાંથી ચૂંટેલા ૧૦૦ શ્લોકો ગુજ. અનુ. મુનિ ભુવનચન્દ્ર વિ. પ્ર. જૈ. સા. અ. ગાંધીનગર]

૪. આ ''જૈ. સ. પ્ર.'' (વ. ૧૮, અં. ૧)માં છપાયો છે.

૫. કાવ્યમાલા અને દે. લા. જૈ. પુ. સં. તરફથી આ પ્રકાશિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૮૧૬)ની પૂર્વે થઈ ગયેલા દિ- **યતિવૃષભે તિલોયપણ્ણત્તિ** (મહાધિયાર ૪)ના ૯૨૪મા પદ્યમાં 'સુરદુન્દુહિ' વિષે કર્યું છે.

વિવરણો– કલ્યાણમન્દિરસ્તોત્ર ઉપર અનેક મુનિવરોએ સંસ્કૃતમાં વિવરણો રચ્યાં છે. એમનાં નામ હું બને ત્યાં સુધી રચનાવર્ષ સહિત નોંધું છું :–

(૧) **ટીકા**– આ દેવસુન્દરસૂરિના શિષ્ય **ગુણ**રત્નસૂરિએ રચી છે. કેટલાક એમને બદલે [૧]**જ**યાનન્દસૂરિનું નામ ગણાવે છે.

(૨) **ટીકા**– આ 'ખરતર' ગચ્છના **ક**લ્યાણરાજના શિષ્ય **ચા**રિત્રવર્ધનની રચના છે. એમણે વિ. સં. ૧૫૦૫માં **સિ**ન્દૂરપ્રકરની ટીકા રચી છે. [૨]

(૩) **અવચૂરિ**– આ ગુણસેન (? રત્ન)ની કૃતિ છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૨૩માં P. ૨૯૭
લખાયેલી મળે છે.

(૪) **સૌભાગ્યમંજરી**– આ ૩૪૬ શ્લોક જેવડી અજ્ઞાતકર્તૃક વૃત્તિનો પ્રારંભ ''भास्वद्रत्न-गभस्तिभिः''થી કરાયો છે. એની એક હાથપોથી વિ. સં. ૧૬૨૭માં લખાયેલી મળે છે.

(૫) **ટીકા**– આ **ક**મલવિજયની રચના છે.

(૬) **ટીકા**– આના પ્રણેતા **હે**મવિજય છે. શું એમણે વિ. સં. ૧૬૬૧માં **કમલવિજયરાસ** રચ્યો છે ?

(૭) **વ્યાખ્યાલેશ**– આ 'નાગપુરીય તપા' ગચ્છના **ચ**ન્દ્રકીર્તિસૂરિના શિષ્ય **હ**ર્ષકીર્તિસૂરિની વિ. સં. [૨]૧૬૩૩ના અરસાની રચના છે. એ લગભગ ૫૨૫ શ્લોક જેવડી છે.

(૮) [૩]**વૃત્તિ**– આ ૬૨૦ શ્લોક જેવડી વૃત્તિ [૪]**ક**નકકુશગણિએ **વિ**જયસેનસૂરિના રાજ્યમાં વિ. સં. ૧૬૫૨માં રચી છે. અહીં એમણે **ક**મલવિજયનો વિદ્યાગુરુ તરીકે ઉલ્લેખ કર્યો છે.

(૯) [૫]**વિવૃત્તિ**– આ લગભગ ૭૦૦ શ્લોક જેવડી વિવૃત્તિ **મા**ણિક્યચન્દ્રે વાચક **શા**ન્તિચન્દ્રના શિષ્ય **૨**ત્નચન્દ્રની કૃપાથી વિ. સં. ૧૬૬૮ની આસપાસમાં રચી છે.

(૧૦) [૬]**વૃત્તિ**– આ **૨**ત્નચન્દ્રગણિની કૃતિ છે. એ ગણિએ વિ. સં. ૧૬૭૪માં **પ્રદ્યુમ્નચરિત્ર** રચ્યું છે. P. ૨૯૮
એમાં એમણે આ વૃત્તિનો ઉલ્લેખ કર્યો છે.

(૧૧) **ટીકા**– આ [૩]**પુ**ણ્યસાગરગણિએ રચી છે. આ 'ખરતર' ગચ્છના છે કે 'પિંપલ' ગચ્છના તે જાણવું બાકી રહે છે.

---

૧. શું વિ. સં. ૧૪૨૦-૧૪૪૧ સુધી આચાર્ય તરીકે વિદ્યમાન અને **સ્થૂલભદ્રચરિત્ર**ના કર્તા તે જ આ છે ?

૨. **જૈ. ગ્રં.** (પૃ. ૨૭૫)માં વિ. સં. ૧૬૬૮નો જ ઉલ્લેખ છે પણ ભાં. પ્રા. સં. મં. માં તો એની વિ. સં. ૧૬૩૫માં લખાયેલી હાથપોથી છે તેનું કેમ ?

૩. ''દે. લા. જૈ. પુ. સં.'' દ્વારા આ પ્રકાશિત છે.

૪. એમના પરિચય માટે જુઓ પૃ. ૨૬૯-૨૭૧

૫. ''દે. લા. જૈ. પુ. સં.'' દ્વારા આ છપાયેલી છે.

૬. આની એકે હાથપોથી પ્રો. વેલણકરને મળી નથી. જુઓ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૮૧).

૭. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૬૦૬)માં કોઈક પુણ્યસાગરને અંગે વિ. સં. ૧૬૦૪નો ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૨) [૧]**વ્યાખ્યા**– આ 'ખરતર' ગચ્છના **સ**કલચન્દ્રના શિષ્ય **સ**મયસુન્દરગણિની વિ. સં. ૧૬૯૫ (ઇષુષટ્નવજૈવાતૃક)ની પાલણપુરમાં કરાયેલી રચના છે.

(૧૩) **ટીકા**– આ દેવવિજયગણિના શિષ્ય **જિ**નવજિયની વિ. સં. ૧૭૧૦ની રચના છે.

(૧૪) **ટીકા** આ 'ઉપકેશ' ગચ્છના દેવતિલકે રચી છે.

(૧૫) **ટીકા**– આ ૨૫૦ શ્લોક જેવડી ટીકા વાદી દેવસૂરિના સંતાનીય **અ**મરપ્રભના શિષ્ય **સા**ગરચન્દ્રના શિષ્ય **ગુ**ણસાગરે રચી છે.

(૧૬) **વૃત્તિ**– આ દિ. તપાચાર્યની રચના છે.

[૧૭ ટીકા–દિ. ચન્દ્રકીર્તિની આ રચના વિરેન્દ્રકુમાર જૈને મુંબઈથી સં. ૨૦૧૬માં પ્રસિદ્ધ કરી છે.]

બાલાવબોધ– **મે**રુતુંગે અને દિ. **મ**નોહરદાસે આ સ્તોત્ર ઉપર એકેક બાલાવબોધ રચ્યો છે.

P. ૨૯૯ **અનુવાદો**– આ સ્તોત્રના ગુજરાતીમાં તેમ જ હિંદીમાં ગદ્યાત્મક અનુવાદો થયેલા છે.[૨] વળી શ્રી **દુ**ર્લભજી ગુલાબચંદ મહેતાએ ગુજરાતીમાં હરિગીતમાં ને **મા**વજી દામજીએ મન્દાક્રાન્તામાં [૩]પદ્યાત્મક અનુવાદ કરેલ છે. એવી રીતે પં. **બ**નારસીદાસ તરફથી હિંદીમાં પદ્યાત્મક [૪]અનુવાદ કરાયેલો છે.

પરમજ્યોતિઃસ્તોત્ર– આ નામથી આ સ્તોત્રનો જૂની 'વ્રજ' ભાષામાં [૫]અનુવાદ કરાયેલો છે.

[૬]**અંગ્રેજી અનુવાદ**– આ સ્તોત્રનો મેં અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે.

જર્મન અનુવાદ– આ સ્તોત્રનો પ્રો. **યા**કોબીએ જર્મનમાં [૭]અનુવાદ કર્યો છે.

P. ૩૦૦ [૮]**કલ્યાણમન્દિરચ્છાયાસ્તોત્ર**– આ ૪૫ પદ્યના 'અનુષ્ટુભ'માં રચાયેલા સ્તોત્રના કર્તા **૨**ત્નમુનિ છે. એમણે **કલ્યાણમન્દિરસ્તોત્રનો** સારાંશ રજૂ કર્યો છે.

---

૧. આ વ્યાખ્યા મૂળ સ્તોત્ર તેમ જ **સ**મયસુન્દરગણિકૃત હારબંધ અને શૃંખલા-યમકથી વિભૂષિત આઠ પદ્યના **પાર્શ્વજિનસ્તોત્ર** વગેરે સહિત ''જિન-દત્તસૂરિપુસ્તકોદ્ધાર ફંડ'' તરફથી ઈ. સ. ૧૯૩૨માં છપાવાઈ છે.

૨. એ ''પંચપ્રતિક્રમણસૂત્ર''ને અંગેનાં વિવિધ પ્રકાશનોમાં જોવાય છે.

૩. આ બે અનુવાદ પૈકી પ્રથમ બાકીનાં આઠ સ્મરણોના અનુવાદ સહિત સ્વ. દેવચંદ દામજી કુંડલાકરે ઈ. સ. ૧૯૨૮માં ''નવસ્મરણ સચિત્ર'' નામના પુસ્તકમાં મૂળ સહિત છપાવ્યો છે જ્યારે બીજે એના અનુવાદકે જાતે ઈ. સ. ૧૯૪૧માં પ્રકાશિત કર્યો છે.

૪. આ પદ્યાત્મક અનુવાદ મૂળ સ્તોત્ર હિંદી શ્લોકાર્થ, યંત્ર, મંત્ર, વિધિ અને મારા અંગ્રેજી અનુવાદ સહિત કુન્થુસાગર સ્વાધ્યાયસદન (ખુરઈ) તરફથી 'કલ્યાણમન્દિરસ્તોત્ર'ના નામથી **વી**રસંવત્ ૨૪૭૮માં છપાયેલા પુસ્તકમાં છે.

૫. એ ડૉ. એલ. પી. ટેસિટોરિએ Indian Antiquary (Vol. 42, p. 42 f.) માં ઈ. સ. ૧૯૧૩માં સંપાદિત કર્યો છે.

૬. આ મારી **ભક્તા. સ્તોત્રત્રયની** આવૃત્તિમાં તેમ જ એ ઉપરથી અન્યત્ર (જુઓ ટિ. ૪) છપાયો છે.

૭. આ અનુવાદ મૂળ સ્તોત્ર સહિત Indische Studien (Vol. XIV p. 376 ff.)માં છપાયો છે.

૮. આ ઉપર્યુક્ત આવૃત્તિ (પૃ. ૨૫૦-૨૫૩)માં છપાયું છે. **મ**લ્લિષેણે પણ આવું છાયા-સ્તવન રચ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રતિકૃતિ–મહા.નવ.માં શરૂઆતમાં **કલ્યાણમન્દિરસ્તોત્રની** દિલ્હીની એક હાથપોથીમાંના એક પત્રની પ્રતિકૃતિ અપાઈ છે. એમાં ચારે તરફના હાંસિયામાં સુશોભન તરીકે વાસુદેવ કૃષ્ણ અને ગોપીઓ વચ્ચે ખેલાતી હોળીનું દૃશ્ય અપાયું છે. એ 'મોગલ' કલમે ચિતરાયેલું છે.

પાદપૂર્તિરૂપ સ્તોત્રો– **કલ્યાણમન્દિરસ્તોત્રના** પાદપૂર્તિરૂપે કાવ્ય રચાયાં છે. એની નોંધ આગળ ઉપર અપાશે.

પૂજા– વિજયકીર્તિએ **કલ્યાણમન્દિર પૂજા** રચી છે. દેવેન્દ્રકીર્તિએ સંસ્કૃતમાં [૧]પૂજા રચી છે.

વ્રતોદ્યાપન– દેવેન્દ્રકીર્તિએ અને સુરેન્દ્રકીર્તિએ **કલ્યાણમન્દિર વ્રતોદ્યાપન** નામની એકેક વૃત્તિ રચી છે.

[૨]**શકસ્તવ** કિંવા [૩]**સિદ્ધિશ્રેયઃસમુદય** કિંવા [૪]**જિનસહસ્ર નામસ્તોત્ર–** આ મુખ્યતયા ગદ્યાત્મક કૃતિના પ્રણેતા **સિદ્ધસેન** દિવાકર હોવાનુ મનાય છે. મેં સંપાદિત કરેલી કૃતિની બીજી પંક્તિમાં ''ૐ નમો'' થી શરૂ થતો ભાગ ભિન્ન ગણવો ઘટે. એ હિસાબે આ કૃતિમાં ૧૧ મંત્રો ગણાય અને P. ૩૦૧
વસ્તુસ્થિતિ પણ તેમ જ છે. [૫]એ પૈકી ત્રીજો મંત્ર [૬]''નમુત્થુ ણં''નો સંસ્કૃત અનુવાદ જ ન હોય એવો છે. પહેલા મંત્રનાં તેમ જ બીજાના થોડાક પ્રારંભિક ભાગમાનાં કેટલાંક વિશેષણો આ જ ક્રમે **વીતરાગ સ્તોત્ર**ના પ્રથમ પ્રકાશમાં જોવાય છે. ત્રીજા અને ત્યાર પછીના મંત્રમાં તીર્થંકર માટે વપરાયેલા વિશેષણો **યોગશાસ્ત્ર** (પ્ર. ૧, શ્લો. ૨)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પત્ર ૨આ- ૩અ, શ્લો. ૧૯-૩૫)માં નજરે પડે છે. ૧૧મો મંત્ર **યોગશાસ્ત્ર** (પ્ર. ૮, શ્લો. ૪૬)ની સ્વોપજ્ઞ વ્યાખ્યા (પત્ર ૩૭૨આ) સાથે લગભગ અક્ષરશઃ મળતો આવે છે. આથી **શકસ્તવ**નો ઉપયોગ હેમચન્દ્રસૂરિએ **વીતરાગસ્તોત્ર** માટે અને ખાસ કરીને આ વ્યાખ્યા માટે કર્યો હશે એમ લાગે છે. જો **શકસ્તવ** એમના પછી જ કોઈએ રચ્યું છે એમ સિદ્ધ થાય તો વાત જુદી છે. કોઈ અન્ય જ કૃતિમાંથી આ બંનેમાં એટલો વિભાગ ઉદ્ધૃત કરાયો હોય તો તેની પણ ના નહિં.

૧૧મા મંત્ર પછી પાંચ પદ્યો છે. એના પછી ''વર્ધમાનજિન નામમંત્ર'' તરીકે આ સ્તોત્રનો ઉલ્લેખ છે.

વૃત્તિ– જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૩૬૯) પ્રમાણે આ ગદ્યાત્મક સ્તોત્ર ઉપર **પ્રદ્યુમ્નસૂરિ**ની વૃત્તિ છે અને એની એક હાથપોથી સુરતના એક ભંડારમાં છે.

---

૧. આ પૂજા 'કુન્થુનાથ સ્વાધ્યાયસદન' તરફથી પ્રકાશિત ઉપર્યુક્ત પુસ્તક (પૃ. ૧૪૫-૧૭૬)માં છપાઈ છે.

૨. અનેકાંત (વર્ષ ૧ અંક ૮-૧૦)માં અને ભક્તા. સ્તોત્રત્રયમાં આ કૃતિ પ્રકાશિત છે.

૩. આ નામ મારી સંપાદિત કરેલી કૃતિના લગભગ અંતમાં છે.

૪. મેં સંપાદિત કરેલી આવૃત્તિના લગભગ અંતમાં ''જિનસહસ્રનામ-ગદ્યસ્તોત્ર'' એવો ઉલ્લેખ છે.

૫. જુઓ મારી આવૃત્તિનું પૃ. ૨૪૪.

૬. આમાં જૈન તીર્થંકરને અંગે વિવિધ વિશેષણો વપરાયાં છે. એ પૈકી ૧૯ તો અજૈન મતોના નિરસનનું સૂચન કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. 302 P. 303

[1]**સ્વયંભૂ-સ્તોત્ર** યાને [2]**સમન્તભદ્રસ્તોત્ર**– આના કર્તા દિ. સ્તુતિકાર **સમન્તભદ્ર** છે. જૈનેન્દ્ર વ્યાકરણમાં **''चतुष्टयं समन्तभद्रस्य''** દ્વારા જે **સમન્તભદ્ર**નો ઉલ્લેખ છે તે જ આ હશે. જો એમ જ હોય તો એઓ **પૂજ્યપાદ**ના પૂર્વગામી ગણાય. આ **સમન્તભદ્રે** [3]**આપ્તમીમાંસા** યાને **દેવાગમ-સ્તોત્ર**, **જીવસિદ્ધિ**, [4]**જિનશતક** યાને **સ્તુતિવિદ્યા** અને [5]**યુક્ત્યનુશાસન** યાને **વીરજિનસ્તોત્ર** રચ્યાં છે.[6]

પ્રસ્તુત દાર્શનિક **સ્વયંભૂસ્તોત્રનો** પ્રારંભ 'સ્વયંભૂવા'થી થતો હોવાથી એનું આ નામ પડ્યું છે. એમાં ૧૪૩ પદ્યો છે. આ સ્તોત્રમાં 'ભરત'ક્ષેત્રના આ વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરોની સ્તુતિ વિવિધ પ્રકારના [7]તેર છન્દોમાં કરાઈ છે. આને લઈને કેટલાક આને 'ચતુર્વિંશતિજિનસ્તુતિ' કહે છે. **અ**રનાથની સ્તુતિ ૨૦ પદ્યોમાં, મુનિસુવ્રતસ્વામીની ૧૦માં, **મ**હાવીરસ્વામીની ૮માં, અને બાકીના એકવીસજિનની પાંચ પાંચ પદ્યોમાં કરાઈ છે. વિમલનાથની સ્તુતિ તરીકે ''नयास्तव''થી શરૂ થતું પદ્ય

---

૧. આ સ્તોત્ર ''સનાતન જૈન ગ્રન્થમાલા'' માં ઈ. સ. ૧૯૦૫માં અને ''દિગંબર જૈન ગ્રન્થ ભંડાર'' (પુ ૧)માં ઈ. સ. ૧૯૨૪માં છપાયું છે. વળી આ સ્તોત્ર શ્રી જુગલકિશોર મુખ્તારના હિંદી અનુવાદ અને પ્રસ્તાવના સહિત તેમ જ એની પદ્યાનુક્રમણિકા સાથે એમના ''વીરસેવામંદિર'' તરફથી ઈ. સ. ૧૯૫૧માં છપાયું છે. એમાં શ્રી જુગલકિશોરે હિંદી પ્રસ્તાવના (પૃ. ૨૦-૨૩)માં 'અર્હત્'નાં જે વિશેષણો આ **સ્વયંભૂ-સ્તોત્રમાં** વપરાયાં છે તે તીર્થંકરદીઠ આપ્યાં છે. વળી એમણે પરિશિષ્ટ તરીકે ''અર્હત્-સંબોધન-પદાવલી'' આપી છે અને એમાં **સ્વ**યંભૂ-સ્તોત્ર, **દે**વાગમ-સ્તોત્ર, **યુ**ક્ત્યનુ-શાસન અને **સ્તુ**તિવિદ્યામાં અરિહંત માટે વપરાયેલાં સંબોધનો આ ચાર સ્તોત્રદીઠ આપ્યાં છે.

૨. **સ્વયંભૂસ્તોત્રની** અનેક હાથપોથીઓમાં આ નામ જોવાય છે. એથી મેં એનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે.

૩. આ કૃતિ **અ**કલંકકૃત **અષ્ટશતી** અને **વ**સુનન્દિની ટીકા સહિત ''સ. જૈ. ગ્ર.''માં ગ્રંથાંક દસ તરીકે ઈ. સ. ૧૯૧૪માં પ્રકાશિત કરાઈ છે. વળી એ **વિ**દ્યાનન્દિકૃત **અષ્ટસહસ્રી** સહિત નાતરંગ ગાંધી તરફથી ઈ. સ. ૧૯૧૫માં પ્રસિદ્ધ કરાઈ છે.

૪. આ **જિનશતક** 'ભવ્યોત્તમ' **ન**રસિંહ (**વ**સુનન્દિ)કૃત વૃત્તિ સહિત ''સ્યાદ્વાદગ્રન્થમાલા''માં ઈન્દોરથી ઈ. સ. ૧૯૧૨માં પં. **લા**લારામજીને હિંદી અનુવાદ તેમ જ 'મુરજ' બંધાદિનાં ચિત્રો સાથે છપાવાયું છે. વળી ''સ્તુતિ-વિદ્યા''ના નામથી આ સ્તોત્ર ઉપર્યુક્ત **વ**સુનન્દિની સંસ્કૃત ટીકા, **પન્ના**લાલ જૈનના હિંદી અનુવાદ અને મુખ્તારની પ્રસ્તાવના તેમ જ ચિત્રાલંકારો સહિત ''વીરસેવામન્દિર'' તરફથી ઈ. સ. ૧૯૫૦માં છપાવાયું છે.

૫. આ ''સ. જૈ. ગ્રં.''માં ગ્રંથાક ૧ તરીકે ઈ. સ. ૧૯૦૫માં છપાવાયું છે. વળી **વિ**દ્યાનન્દકૃત ટીકા સહિત એ ''મા. દિ. ગ્ર.''માં ગ્રંથાક ૧૫ તરીકે વિ. સં. ૧૯૭૭માં છપાવાયું છે. વિશેષમાં ''વીરસેવામંદિર'' તરફથી આ સ્તોત્ર શ્રી. જુગલકિશોર મુખ્તારના હિન્દી અનુવાદ સહિત ઈ. સ. ૧૯૫૧માં છપાવાયું છે.

૬. **રત્નકરંડશ્રાવકાચાર** એ એમની કૃતિ નથી એમ કેટલાક હવે માને છે. **તત્ત્વાનુશાસન** અને **ગન્ધહસ્તિમહાભાષ્ય** નામની બે કૃતિઓના કર્તા તરીકે કેટલાક આ **સમન્તભદ્ર**નો ઉલ્લેખ કરે છે પણ એ વિચારણીય છે.

૭. ૧૮મા તીર્થંકરની સ્તુતિના શ્લો. ૧-૧૮ 'પથ્યાવક્ત્ર' અનુષ્ટુભ્માં અને શ્લો. ૧૯-૨૦ 'સુભદ્રિકા-માલતી-મિશ્ર-યમક'માં, ૧૯માની સ્તુતિના પાંચે શ્લોક 'વાનવાસિકા'માં અને ૨૦માની સ્તુતિના પાંચે શ્લોક 'વૈતાલીય'માં અને ૨૨માની સ્તુતિના દસે પદ્યો 'ઉદ્ગતા'માં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમ્મઈ-પયરણની વાદમહાર્ણવ નામની ટીકા (પૃ. ૭૬૧)માં **અભયદેવસૂરિએ સિદ્ધસેનનું** ગણ્યું છે જ્યારે **અન્યયોગવ્યચ્છેદદ્વાત્રિંશિકા** (શ્લો. ૨)ની **સ્યાદ્વાદમંજરી** નામની ટીકા (પૃ. ૩૨૧ જૈનની આવૃત્તિ)માં **મલ્લિષેણસૂરિએ** એને **સમન્તભદ્રકૃત વિમલનાથસ્તવનું** ગણ્યું છે.[૧] P. ૩૦૪

વૃષભદેવના કુળ તરીકે 'ઈક્ષ્વાકુ'નો, **અરિષ્ટનેમિ** માટે 'હરિવંશ'નો અને **પાર્શ્વનાથ** માટે 'ઉગ્ર' કુળનો ઉલ્લેખ કરાયો છે.

સન્તુલન—સિદ્ધસેન દિવાકરની પહેલી પાંચ દ્વાત્રિંશિકાઓ તેમ જ એમણે રચેલાં **ન્યાયાવતાર** અને **સમ્મઈપયરણ** સાથે આ **સ્વયંભૂ-સ્તોત્રનાં** કેટલાંક પદ્યો સન્તુલનાર્થે વિચારી શકાય. દા. ત. શ્લો. ૫૪ **સમ્મઈપયરણના** પ્રથમ કાંડની ગાથા ૫૬ સાથે, શ્લો. ૬૨ એની ગા. ૪-૫ સાથે, શ્લો. ૧૦૧ તૃતીય કાંડની ૨૭મી ગાથા સાથે, શ્લો. ૧૧૪ તૃતીય કાંડની ગાથા ૩ સાથે, શ્લો. ૫૨ **ન્યાયાવતારના** શ્લો. ૨૯ સાથે અને શ્લો. ૫૭ એ પ્રથમ દ્વાત્રિંશિકાના શ્લો. ૪ સાથે સરખાવી શકાય.

ટીકા— આ સ્તોત્ર ઉપર દિ. **પ્રભાચન્દ્ર**ની તેમ જ દિ. પં. **આશાધર**ની એકેક ટીકા છે. આ પ્રભાચન્દ્રે 'સ્વયંભૂ'નો અર્થ એ કર્યો છે કે પોતાની મેળે—અન્યના ઉપદેશ વિના મોક્ષમાર્ગને જાણીને એનું અનુષ્ઠાન કરી અનન્ત-ચતુષ્ટયરૂપ આત્મવિકાસને જે પામે તેને 'સ્વયંભૂ' કહે છે.

પર્યાય— ગુણચન્દ્રે આ રચેલ છે.

હિન્દી અનુવાદ— શ્રી. **જુગલકિશોરે** આ તત્ત્વજ્ઞાનથી ઓતપ્રોત સ્તોત્રનો હિન્દીમાં[૨]અનુવાદ કર્યો છે એની[૩]પ્રસ્તાવનામાં ભક્તિ-યોગ, જ્ઞાન-યોગ અને કર્મ-યોગની ત્રિવેણી આ સ્તોત્રમાં વહે છે એ વાત વિસ્તારથી દર્શાવી છે. P. ૩૦૫

[૪]**જિનશતક** યાને **સ્તુતિ-વિદ્યા**— આના કર્તા તે **સ્વયંભૂસ્તોત્ર** ઇત્યાદિના પ્રણેતા દિ. **સમન્તભદ્ર** છે. એમાં આ 'ભરત'ક્ષેત્રના વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકરોની સ્તુતિ ૧૧૬ પદ્યોમાં કરાઈ છે. પ્રત્યેક પદ્ય ચિત્રકાવ્યરૂપ છે. [૫]કેટલાં યે પદ્યો 'મુરજ-બંધ'થી વિભૂષિત છે.

[૬]**વૃત્તિ**— આ વસુનન્દિની રચના છે, નહિ કે **ભવ્યોત્તમ નરસિંહકૃત**[૭] એ **વસુનન્દિ** તે **આપ્તમીમાંસાના** વૃત્તિકાર જ હશે.

[૮]**યુક્ત્યનુશાસન** યાને **વીરજિનસ્તોત્ર**— આના કર્તા પણ દિ. **સમન્તભદ્ર** છે. એમણે આ દ્વારા

---

૧. આ પદ્ય કોણે રચ્યું છે એ બાબત મે ''નયાસ્તવથી શરૂ થતા પદ્યનું કર્તૃત્વ'' નામના મારા લેખમાં વિચારી છે. આ લેખ ''જૈ. સ. પ્ર.'' (વ. ૩, અં. ૬)માં છપાયો છે

૨-૩. 'વીરસેવામંદિર' દ્વારા ઈ.સ. ૧૯૫૧માં આ બંને પ્રકાશિત છે.

૪. 'સ્યાદ્વાદગ્રંથમાલા' ઈન્દોરથી ઈ. સ. ૧૯૧૨માં આ પ્રકાશિત છે.

૫. એના ક્રમાંક માટે તેમ જ પદ્ય ૧ અને ૮૮ તથા તેનાં મુરજરૂપ ચિત્રો માટે જુઓ I L D (1st instal.)નાં અનુક્રમે પૃ. ૬૮, ૬૯ અને ૭૭-૭

૬. ''સ્યા. ગ્રં.'' ઈન્દોરથી આ છપાયેલી છે.

૭. જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૪૬૧)

૮. ''સ. જૈ. ગ્રં.'' અને ''મા. દિ. ગ્રં.'' તથા વીરસેવામંદિર દ્વારા આ પ્રકાશિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મુખ્યતયા ઉપજાતિ છંદમાં રચાયેલાં ૬૪ પદ્યોમાં **મહાવીરસ્વામી**ની સ્તુતિ કરી છે અને સાથે સાથે વૈશેષિક, બૌદ્ધ, ચાર્વાક વગેરે દર્શનાંતરીયોની માન્યતાઓની આલોચના કરી છે.

P. ૩૦૬ 'વીરજિનસ્તોત્ર' એ નામ પ્રથમ અને અંતિમ પદ્યમાં સૂચવાયું છે. ૪૮માં પદ્યમાં 'યુક્ત્યનુશાસન' શબ્દગુચ્છ છે. [૧]૬૧માં પદ્યમાં વીરના જ તીર્થને 'સર્વોદય તીર્થ' કહ્યું છે કેમકે એ અનેકાન્તમય છે.

[૨]**ટીકા**– આ **વિદ્યાનન્દે** રચી છે. એમણે આ મૂળ કૃતિને **યુક્ત્યનુશાસન** કહી છે. **હરિવંશપુરાણમાં** પણ એવો જ ઉલ્લેખ છે.

અનુવાદ– આ હિન્દી અનુવાદ શ્રી. જુગલકિશોર મુખ્તારે કર્યો છે.[૩] એમણે પોતાની પ્રસ્તાવના (પૃ. ૧૭)માં કહ્યું છે કે આ **યુક્ત્યનુશાસન આપ્તમીમાંસા** બાદ રચાયું છે.

[૪]**આપ્તમીમાંસા**[૫] કિંવા **દેવાગમસ્તોત્ર**– આના કર્તા **સ્વયંભૂસ્તોત્ર** વગેરેના પ્રણેતા દિ. **સમન્તભદ્ર** છે. આ સ્તોત્રનો પ્રારંભ 'દેવાગમ'થી થતો હોવાથી એને 'દેવાગમસ્તોત્ર' કહે છે. એમાં ૧૧૫ પદ્યો
P. ૩૦૭ છે. કેટલાકને મતે એ એમની કૃતિ નામે **ગન્ધહસ્તિમહાભાષ્યનાં** પ્રારંભિક પદ્યો છે પણ એના સમર્થનાર્થે કોઈ સબળ પ્રમાણ જણાતું નથી. આ સ્તોત્ર દ્વારા આપ્ત કોને કહેવાય એ વાત તાર્કિક દૃષ્ટિએ વિચારાઈ છે અને એ દ્વારા મહાવીરસ્વામીએ દર્શાવેલ સન્માર્ગ સાધવા માટેની યુક્તિઓનું અનુશાસન રામબાણ ઉપાય છે એ બાબત આ સ્તોત્રમાં વિસ્તારથી વિચારાઈ છે.

આ સ્તોત્રના ચોથા પદ્યમાં મહાવીરસ્વામીની મહત્તા વર્ણવાઈ છે અને તેમ કરતી વેળા એમણે શુદ્ધિ, શક્તિ અને શાન્તિની પરાકાષ્ઠા પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ કરાયો છે. એવી રીતે છઠ્ઠા પદ્યમાં એમના શાસનનું મહત્ત્વ વર્ણવાયું છે. એ મહત્ત્વ દયા, દમ (સંયમ), ત્યાગ અને સમાધિની તત્પરતાને આભારી છે એમ કહ્યું છે. એ શાસન અનેકાન્તવાદને પૂરેપૂરું અપનાવે છે એટલે એકાન્તવાદીઓ એને બાધા પહોંચાડી શકતા નથી.

---

૧. આ રહ્યું એ પદ્ય :–

"सर्वान्तवत् तद्गुणमुख्यकल्पं
सर्वान्तशून्यं च मिथोऽनपेक्षम् ।
सर्वापदामन्तकरं निरन्तं
सर्वोदयं तीर्थमिदं तवैव ॥६१॥"

૨-૩. "स. जै. ग्रं." અને "मा. दि. ग्रं." તથા "वीरसेवामंदिर"થી આ પ્રકાશિત છે.

૪. "स. जै. ग्रं." અને નાથરંગગાંધી તરફથી આ પ્રકાશિત છે આની પંડિત **જયચન્દ્ર** ચાવડાએ વિ. સં. ૧૮૬૮માં હિન્દીમાં રચેલી ટીકા યાને વ(વા)ચનિકા મૂળ સહિત "अनन्तकीर्तिग्रन्थमाला"માં ચોથા પુષ્પ તરીકે છપાવાઈ છે પરંતુ અત્ર પ્રકાશન-વર્ષનો ઉલ્લેખ નથી. અહીં મૂળ કૃતિ દસ પરિચ્છેદમાં વિભક્ત કરાઈ છે.

૫. આને અંગે જુઓ **યશોદોહન** (પૃ. ૨૮/૩૨, ૫૫, ૬૦, ૮૦, ૧૩૩, ૧૬૬, ૧૮૨, ૧૯૪, ૧૯૬ અને ૩૭)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ સ્તોત્રમાં ઉત્તરાર્ધમાં **एव** અને **स्यात्** શબ્દનું રહસ્ય દર્શાવાયું છે.

આ સ્તોત્ર અનેક ગદ્યાત્મક સૂત્ર જાણે પૂરાં ન પાડતું હોય તેવી એની રચના છે. સાતમાં પદ્યમાંથી એના ચાર નમૂના શ્રી **જુગલકિશોરે** પોતાની પ્રસ્તાવના (પૃ. ૨૪)માં આપ્યા છે.

આ સ્તોત્રમાં જૈન તીર્થંકર જ ખરેખરા આપ્ત છે એમ સિદ્ધ કરાયું છે. સાથે સાથે એકાન્તવાદનું નિરસન કરાયું છે.

સન્તુલન– આ સ્તોત્રનાં કેટલાંક પદ્યો **સમ્મઈપયરણ** સાથે સરખાવી શકાય તેમ છે. જેમ કે શ્લો. ૯ એ **સમ્મઈ.ના** પ્રથમ કાંડની ગા. ૩૬-૪૧ સાથે, શ્લો ૨૪-૨૭ તૃતીય કાંડની ગા. ૪૮ સાથે, શ્લો. ૬૧-૭૨ સમગ્ર તૃતીય કાંડ સાથે, શ્લો. ૭૫-૭૮ તૃતીય કાંડની ગા. ૪૫ સાથે, શ્લો ૮૮-૯૧ તૃતીય કાંડની ગા. ૫૩ સાથે અને શ્લો. ૧૦૮ એ પ્રથમ કાંડની ગા. ૧૩-૧૪ સાથે સન્તુલનાર્થે વિચારી શકાય. P. ૩૦૮

આ મહત્ત્વની કૃતિ ઉપર નીચે મુજબનું વિવરણાત્મક સાહિત્ય છે :–

(૧) [૧]**અષ્ટશતી**– આ દિ. **અકલંક**ની રચના છે. એ ૮૦૦ શ્લોક પૂરતું ભાષ્ય છે. આની નોંધ મેં **યશોદોહન** (પૃ. ૨૮, ૧૯૩, ૧૯૪)માં લીધી છે.

[૨]**અષ્ટસહસ્રી**[૩] યાને **આપ્તમીમાંસાલંકૃતિ**– આ **અષ્ટશતીના** ભાષ્યની ગરજ સારે છે. એથી એને **અષ્ટશતીભાષ્ય** પણ કહે છે. આના કર્તા દિ **વિદ્યાનન્દિ** છે.

ટીકા– અષ્ટસહસ્રીમાંનાં દુર્ગમ સ્થળોને સમજાવવા માટે 'લઘુ' **સમન્તભદ્રે** આના ઉપર એક ટીકા રચી છે અને એને **અષ્ટ-સહસ્રીટીકા** યાને **વિષમપદતાત્પર્ય** તરીકે ઓળખાવાય છે.

વિવરણ– અષ્ટસહસ્રીના મંગલશ્લોક પૂરતું આ વિવરણ કોઈકે રચ્યું છે.

[૪]**અષ્ટસહસ્રી-વિવરણ**[૫]– આ દ્વારા ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ અષ્ટસહસ્રીનું** સ્પષ્ટીકરણ પૂરું પાડ્યું છે. એ આઠ હજાર શ્લોક જેવડું છે. એની એક [૬]હાથપોથીનું વર્ણન મેં D C G C M (Vol. XVIII. pt. 1, pp. 204, 205)માં આપ્યું છે. P. ૩૦૯

૧-૨. સ. જૈ. ગ્રં. માંઆ છપાયેલી છે.

૩. જુઓ **યશોદોહન** (પૃ. ૧૬૯ અને ૧૯૩, ૧૯૫)

૪. આ વિવરણ ''જૈન ગ્રન્થ પ્રકાશક સભા'' તરફથી ઈ. સ. ૧૯૩૭માં અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણના નામથી આપ્તમીમાંસા, અષ્ટશતી અને અષ્સહસ્રી સહિત પ્રસિદ્ધ કરાયું છે.

૫. આ સંબંધમાં મેં **યશોદોહન** (પૃ. ૧૫૩૮, ૬૦, ૭૩, ૭૪, ૭૫, ૮૦, ૨૩, ૨૫, ૧૪૧, ૧૬૩, ૧૭૮, ૧૯૩-૧૯૭, ૨૦૯, ૨૧૬, ૨૩૬ અને ૨૪૮)માં વિચાર કર્યો છે.

૬. આ ન્યાયચાર્યે જાતે લખેલી છે એમ વિદ્વદ્વલ્લભ મુનિશ્રી **પુણ્યવિજયજી**એ ''ન્યાયવિશારદ ન્યાયચાર્ય મહોપાધ્યાય શ્રીયશોવિજય સ્મૃતિગ્રન્થ''ના આમુખ (પૃ. ૯)માં કહ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨) [૧]**ટીકા**– આના કર્તા દિ. **વસુનન્દિ** છે.

[૨]**આપ્તપરીક્ષા** (લ. વિ. સં. ૮૬૦)– આના કર્તા દિ. [૩]**વિદ્યાનન્દ** છે. એમને કેટલાક **વિદ્યાનન્દિ** તેમ જ **વિદ્યાનન્દિસ્વામી** પણ કહે છે. એઓ દક્ષિણ ભારતના વતની ગણાય છે. એમણે **આપ્તમીમાંસા** ઉપરની **અષ્ટશતીના** વિવરણરૂપે **અષ્ટસહસ્રી** અને **સમન્તભદ્રકૃત યુક્ત્યનુશાસન** ઉપર ટીકા રચી છે. વળી એમણે **ત. સૂ.ને** અંગે **તત્ત્વાર્થશ્લોકવાર્તિક** રચી એને સ્વોપજ્ઞ વિવરણથી વિભૂષિત કર્યું છે. આ ઉપરાંત એમણે **પ્રમાણ-પરીક્ષા, પત્ર-પરીક્ષા** તેમ જ **સત્ય-શાસન-પરીક્ષા** નામની કૃતિઓ રચી હોવાનું મનાય છે.
P. ૩૧૦ વળી **અષ્ટસહસ્રી**માં જે 'વિદ્યાનન્દ-મહોદય'નો ઉલ્લેખ છે[૪] તે પણ આ **વિદ્યાનન્દ**ની કૃતિ ગણાય છે. વિશેષમાં જૈ. ગ્રં. (પૃ. ૯૨) પ્રમાણે એમણે **પ્રમાણનિર્ણય** અને **પ્રમાણમીમાંસા** પણ રચ્યાં છે.

સમય– **અષ્ટસહસ્રી**માં **કુમારિલભટ્ટ**નાં મંતવ્યોનું ખંડન છે. વળી એમાં **મંડનમિશ્રકૃત બૃહદારણ્યકવાર્તિકમાંથી** અવતરણ આપી એનું પણ ખંડન કરાયું છે. **વિદ્યાનન્દ અકલંક** પછી થયા છે. આ ઉપરથી **વિદ્યાનન્દ**નો સમય મોડામાં મોડો વિક્રમની દસમી સદીનો ગણાય છે. કેટલાક વિદ્વાનો એમને ઈ. સ. ૮૦૦ની આસપાસમાં થયેલા માને છે.

આપ્તપરીક્ષામાં ૧૨૪ પદ્યો છે. એની રચના **આપ્તમીમાંસાને** આધારે કરાઈ છે. એ દ્વારા સાચા આપ્ત કોણ છે તેનું સ્વરૂપ અહીં આલેખાયું છે અને એના લક્ષણ તરીકે વીતરાગતા અને સર્વજ્ઞતાનો નિર્દેશ કરી એ લક્ષણ વૈશેષિક, સાંખ્ય, બૌદ્ધ વગેરે દર્શનોને સંમત દેવોમાં ઘટતું નથી પણ જૈન તીર્થંકરોમાં જ ઘટે છે એમ અહીં કહેવાયું છે. આલંકારિક શબ્દોમાં કહું તો વિવિધ દાર્શનિક માન્યતારૂપ આગગાડીઓમાંથી કઈ આગગાડીમાં બેસવાથી નિર્ભયપણે મુક્તિપુરી પહોંચાશે એ બાબત ઉપર પ્રકાશ પડાયો છે. આનું [૫]ત્રીજું પદ્ય આ કૃતિના અર્કરૂપ છે.

---

૧. નાથરંગ ગાંધી દ્વારા આ પ્રકાશિત છે.

૨. આ કૃતિ ટીકા સહિત 'સં. જૈ. ગ્રં.' માં કાશીથી ઈ. સ. ૧૯૧૩માં પ્રકાશિત કરાઈ છે. વળી આ મૂળ કૃતિ **ઉમરાવસિંહ** જૈન તરફથી એમણે કરેલા હિંદી ભાવાનુવાદ સહિત **વીર**સંવત્ ૨૪૪૧માં છપાવાઈ છે. એમાં **વૃદ્ધેશભવનવ્યાખ્યાનને વિદ્યાનન્દ**ની કૃતિ કહી છે. વળી દિ. **પાત્રકેસરી**ને જ **વિદ્યાનન્દ** ગણ્યા છે એ તો ભૂલ છે'

૩. એઓ **પાત્રકેસરી**થી ભિન્ન છે. જુઓ "અનેકાંત" (વ. ૧, કિ. ૨).

૪. જુઓ "અનેકાંત" (વ. ૧, પૃ. ૨૫૭)

૫. "मोक्षमार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृताम् ॥
ज्ञातारं विश्वतत्त्वानां वन्दे तद्गुणलब्धये ॥३॥"

આ પદ્યને **વિદ્યાનન્દે** અહીં **ત. સૂ.** નો મંગલ-શ્લોક ગણ્યો છે. **અભયનન્દિએ** અને **શ્રુતસાગરે** પણ તેમ જ કર્યું છે પરંતુ એ **સર્વાર્થસિદ્ધિ**નો મંગલશ્લોક છે એમ કેટલાક આધુનિક વિદ્વાનો માને છે. દા. ત. **મહેન્દ્રકુમાર** જૈને શ્રુતસાગરીય **તત્ત્વાર્થવૃત્તિ**ની હિંદી પ્રસ્તાવના (પૃ. ૮૫-૮૬)માં એ **સર્વાર્થસિદ્ધિનો**, નહિ કે **ત. સૂ.**નો મંગલશ્લોક છે એમ કહી એનાં કારણો રજૂ કર્યાં છે. સાથે સાથે "અનેકાંત" (વ. ૫)માં આ વિષયની ચર્ચા (અનુકૂળ તેમ જ પ્રતિકૂળ) ચાલે છે એમ કહી મારી તો આ જ માન્યતા છે એવો એમણે ઉલ્લેખ કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**અલંકૃતિ– આ આપ્તપરીક્ષા** ઉપરની ટીકા છે. એના કર્તા **વિદ્યાનન્દિ** જાતે છે. આપ્ત આ સ્વોપજ્ઞ ટીકા છે. P. ૩૧૧

ભાષાનુવાદ– આ ઉમરાવસિંહકૃત હિન્દી અનુવાદ છે.[2]

[3]**આપ્તસ્વરૂપ**– આમાં ૬૪ પદ્યો છે.

[**ચતુર્વિંશતિ જિનસ્તવન**– અર્હન્તમાદીશ્વરથી શરૂ થતી ચૈત્યવંદન ચોવીસી સા. **સુલોચનાશ્રી**ના અન્વયાર્થ ભાવાર્થ સાથે પીપરડીની પોળ અમદાવાદથી પ્રસિદ્ધ થઈ છે.

ચતુર્વિંશતિ જિનસ્તુતિમાલા કર્તા **યતીન્દ્રવિજય** પ્ર.''રાજેન્દ્ર પ્રવચન કાર્યાલય.''

સ્તોત્રભાનુ– કર્તા આ. **નન્દનસૂરિ** મ. પ્ર. ''જૈન ગ્રંથપ્રસારક સભા.''

લબ્ધિસૌરભમ્– સંપા. પં. અજિતયશ વિ. આમાં આ. લબ્ધિસૂરિ મ.સા. અંગે સંસ્કૃતમાં સ્તુતિ સ્તોત્રાદિ છે.

ધર્મવિયોગમાલા કર્તા મુનિ **હિમાંશુવિજય**. પ્ર. ''એ.એમ.એન્ડ કું.'' પાલીતાણા.

શ્રીરામચન્દ્રીય મહાકાવ્યમ્ કર્તા મુનિ**મોક્ષરતિ** વિ. પ્ર. ''પરમપદપ્રકાશન'' મુંબઈ.

સાગરાનન્દસૂરિશતક કર્તા સુમન્તભદ્ર. પ્ર. ''પ્રજ્ઞાપારમિતા પ્રકાશન''

સ્તુતિનન્દિની સંપા.મુનિ **હિતવર્ધનવિજય**. ૪૦૦ જેટલા ગ્રંથોના મંગલાચરણમાંથી દેવ, ગુરુ, સરસ્વતીદેવી વગેરેની સ્તુતિઓ વિભાગવાર આપી છે. પ્ર.''કુસુમઅમૃતપ્ર.''

મન્ત્રકલ્પસંગ્રહ તથા ગણધર જયઘોષ સ્તોત્રાદિ પં. **કલ્યાણવિજય**.

પ્ર.માંડવલા જૈન સંઘ. આમાં પં. કલ્યાણવિ. રચિત ચૈન્ય. ચોવીસી, ગણધર જયઘોષસ્તોત્ર, આસિદ્ધિસૂરિ. કીર્તિચન્દ્રમુનિ, કેશરવિ.અંગે સ્તુતિસ્તોત્રો અને ઉપા.યશોવિ. અષ્ટક વ. છે.

સ્તોત્રસમુચ્ચય 'જયવૃષભ'થી શરૂ થતી સ્તુતિઓ અવચૂરિ સાથે. પ્ર. નિર્ણયસાગર.

મંગલાચરણ કર્તા **શાન્તિશેખર**, સુમંગલાટીકા અને હિંદી અનુવાદના કર્તા. આ સુશીલસૂરિ મ. પ્ર. સુશીલસૂરિ જ્ઞાનમન્દિર સિરોહી. આ ચતુર્વિંશતિજિન નામ સ્તવન છે.

સ્મૃતિમન્દિર પ્રશસ્તિકાવ્ય કર્તા મુનિ **પ્રશમરતિ** વિજય. પ્ર.''સ્મૃતિમદિર પ્ર.'' અમદાવાદ.

[હૃદયદીપષટ્ત્રિંશિકા– ટીકાકાર મુનિ **ધર્મતિલક** વિ. પ્ર.ખેતશીભાઈ રાધનપુર વિ.સં.૨૦૫૫.]

આપ્તમીમાંસા : તત્ત્વપ્રદીપિકા નામની પ્રો. **ઉદયચન્દ્ર**કૃત હિન્દી વ્યાખ્યા, પ્રકા. ગણેશવર્ણી દિ. જૈન સંસ્થાન વારાણસી]



૧. આ ''સ. જૈ. ગ્રં.'' કાશીથી પ્રકાશિત છે. ૨. આ ''સ. જૈ. ગ્રં.'' કાશીથી છપાયેલો છે.
૩. આ કૃતિ ''મા. દિ. જૈ. ગ્રં.''માં વિ. સં. ૧૯૭૯માં છપાવાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૩૧૨

પ્રકરણ ૨૮ : શ્રવ્ય કાવ્યો

(ઋ) સ્તુતિ-સ્તોત્રો (ચાલુ)

[1]**સિદ્ધિપ્રિયસ્તોત્ર** કિંવા [2]**ષડરચક્રસ્તોત્ર** (? વિક્રમની છઠ્ઠી સદી)– આના કર્તા દેવનન્દિ છે. શું **જૈનેન્દ્ર** વ્યાકરણ વગેરેના પ્રણેતા તે જ આ છે ? આ સ્તોત્રનો પ્રારંભ "**सिद्धिप्रियैः**"થી થાય છે. એથી એનું ઉપર્યુક્ત નામ પડ્યું છે. એને કેટલાક 'લઘુસ્વયંભૂસ્તોત્ર' કહે છે. આમાં ૨૬ પદ્યો છે. એ પૈકી વસન્તતિલકામાં રચાયેલાં પહેલાં ૨૫ પદ્યો 'પાદાન્ત-યમક'થી અલંકૃત છે. [3]૨૬મું (અંતિમ) પદ્ય છ આરાના ચક્રબંધથી વિભૂષિત છે. એની ત્રીજા વલયમાં "**देवनन्दिकृतिः**" એવો શબ્દગુચ્છ નજરે પડે છે. આમ અહીં તેમ જ ૨૫મા પદ્યમાં કર્તાએ પોતાનું નામ રજૂ કર્યું છે. આ સ્તોત્ર **ઋ**ષભદેવથી માંડીને **મ**હાવીરસ્વામી સુધીના ૨૪ તીર્થંકરોની સ્તુતિરૂપ છે.

ટિપ્પણ– આ અજ્ઞાતકર્તૃક છે. એની નોંધ મેં D C G C M (Vol. XIX, sec. 1, pt. 2, p. 288) માં લીધી છે.

P. ૩૧૩ **ભાષાટીકા**– પ્રસ્તુત સ્તોત્ર ઉપર **ઋ**ષિ **રા**મે મુખ્યત્વે કરીને હિન્દીમાં આ રચી છે. આનો કેટલોક અંશ ઉપર્યુક્ત D C G C M (પૃ. ૨૮૯-૨૯૦)માં મેં આપ્યો છે.

[4]**ભક્તામર-સ્તોત્ર** (ઉ. વિક્રમની આઠમી સદી)– આ ૪૪ પદ્યના સ્તોત્રના કર્તા **મા**નતુંગસૂરિ છે. એમણે [5]**નમિઊણથોત્ત** તેમ જ [6]**ભત્તિબ્ભરથોત્ત**[7] રચ્યાં છે. એમના સમય પરત્વે જાતજાતનો ઉલ્લેખ જોવાય છે. કેટલાકને મતે એઓ ઈ. સ.ની ત્રીજી સદીની શરૂઆતમાં થઈ ગયા છે તો કેટલાક એને બદલે પાંચમી સાતમી અને નવમી સદીનો પણ ઉલ્લેખ કરે છે. આ સ્તોત્ર શ્વેતાંબરોને તેમ જ

---

૧. આ સ્તોત્ર "કાવ્યમાલા" (ગુ. ૭)માં છપાવાયું છે. આને કેટલાક 'સિદ્ધપ્રિયસ્તોત્ર' કહે છે તો શું શરૂઆતમાં સિદ્ધિને બદલે સિદ્ધ શબ્દ કોઈ કોઈ હાથપોથીમાં હશે ? **રા**મ ઋષિએ પણ **સિદ્ધપ્રિયસ્તોત્ર** રચ્યું છે. અને એની ટીકા પણ રચાયેલી છે. એમ **જિ.૨.કો.** પૃ. ૪૩૮માં છે પણ, તે ભ્રાન્ત છે.

૨. આ નામ એના ૨૬મા પદ્યને આભારી છે.

૩. આ પદ્ય તેમ જ એની ચક્રબંધ તરીકેની રચના વગેરે બાબત મેં I L D(1st Instal, p. 71)માં આપેલાં છે.

૪. આ સ્તોત્ર **ગુ**ણાકરસૂરિ, **મે**ઘવિજયગણિ અને **ક**નકકુશલગણિ એ ત્રણેની એકેક ટીકા, આ સ્તોત્રના મારા અંગ્રેજી અનુવાદ તથા મારી સંસ્કૃત ભૂમિકા (પૃ. ૧૩૮) અને મારી ગુજરાતી પ્રસ્તાવના (પૃ. ૧-૩૪) તેમ જ ડૉ. હર્મણ યાકોબીના અંગ્રેજી અગ્રવચન સહિત **ભક્તા.સ્તોત્રત્રયની** મારી સચિત્ર આવૃત્તિમાં ઈ. સ. ૧૯૩૨માં છપાવાયું છે.

૫. જુઓ **પ્ર. ચ.** (શૃંગ ૧૨, શ્લો. ૧૬૨) અહીં 'ભયહર-સ્તોત્ર' તરીક આનો ઉલ્લેખ છે. એ "નવ સ્મરણો"ની વિવિધ આવૃત્તિઓમાં છપાવાયું છે.

૬. જુઓ **ગુર્વાવલી** (શ્લો. ૩૬.)

૭. આ "નમસ્કાર-સ્તોત્ર" મારી **ભક્તા.સ્તોત્રત્રયની** આવૃત્તિ (પૃ. ૨૩૭-૨૩૯)માં છપાવાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દિગંબરોને પણ માન્ય છે. એથી એ ઘણુ પ્રાચીન હશે એમ પ્રો. **વિન્તર્નિત્સ**નું માનવું છે.[૧] **કાવ્યાનુશાસન** (અ. ૨, સૂ. ૩)ની **અલંકારચૂડામણિ** નામની સ્વોપજ્ઞ વૃત્તિ (પૃ. ૧૦૭)માં આ સ્તોત્રનો બારમો શ્લોક જોવાય છે એથી આ સ્તોત્ર 'કલિ.' હેમચન્દ્રસૂરિના સમય કરતાં તો દોઢસો એક વર્ષ જેટલું તો પ્રાચીન P. ૩૧૪ હશે જ એમ મારું માનવું છે.

આ સ્તોત્રમાંના પહેલાં ૪૩ પદ્યો વસન્તતિલકામાં અને ૪૪મું પદ્ય આર્યામાં છે. આમ એ **કલ્યાણમન્દિરસ્તોત્ર** સાથે છંદની બાબતમાં તો સમાનતા ધરાવે જ છે. આ બંને સ્તોત્રનું સંતુલન મેં મારી આવૃત્તિમાં કર્યું છે. **ઋ**ષભદેવના ગુણોત્કીર્તનરૂપ આ સ્તોત્રમાં તમે ખરેખર **બુદ્ધ, શંકર, ધાતા** અને **પુરુ**ષોત્તમ છો એમ એમની સ્તુતિ કરાઈ છે.[૨] સુપ્રસિદ્ધ અજૈન દેવોનાં નામ વડે સ્તુતિ કરવાની પહેલ **પઉમચરિય** (ઉ. ૨૮, પદ્ય ૪૮)માં કરાઈ છે. એ પૂર્વે કોઈએ તેમ કર્યું હોય એમ જણાતું નથી.

આ સ્તોત્રમાં અશોક વૃક્ષ, સિંહાસન, ચામર અને છત્ર એ ચાર જ પ્રાતિહાર્યો વર્ણવાયાં છે. એથી કેટલાક દિગંબરો એને ત્રુટિ ગણે છે અને એવા કોઈકે ૩૧મા શ્લોક પછી બીજાં ચાર પદ્યો ઉમેરી એ ત્રુટિને દૂર કરવા પ્રયાસ કર્યો છે,[૨] પરંતુ કેટલાયે વિદ્વાનો એને પ્રક્ષિપ્ત ગણે છે અને એ વાત સમુચિત જણાય છે.[૩]

આઠ જાતનાં ભયનું નિવારણ આ સ્તોત્રના જાપથી થાય છે એવી માન્યતા જોવાય છે. **બા**ણ અને મયૂરની પેઠે ચમત્કારથી લોકોને ચકિત કરવા આ રચાયાની પણ માન્યતા પ્રવર્તે છે. ગમે તેમ પણ આ સ્તોત્રને અંગે યંત્રો, મંત્રો, વિધિ વગેરે સામગ્રી નજરે પડે છે.

વિવરણો– આ સ્તોત્ર ઉપર વિવિધ વિવરણો રચાયાં છે. એ યથાસાધન કાલાનુક્રમે નીચે P. ૩૧૫ મુજબ દર્શાવું છું :–

(૧) [૪]**વિવૃતિ**– આ 'રુદ્રપલ્લીય' ગચ્છના [૫]**ગુણાકરસૂરિ**એ વિ. સં. ૧૪૨૬માં ૧૫૭૨ શ્લોક જેવડી રચી છે. પ્રારંભમાં એમણે આ સ્તોત્રની ચમત્કારી ઉત્પત્તિ વર્ણવી છે. વળી એમણે કેટલાંક પદ્યને અંગે મંત્ર અને [૬]કથા રજૂ કર્યાં છે.

(૨) **પર્યાય**– આ **રા**મચન્દ્રસૂરિની વિ. સં. ૧૪૭૧ની રચના છે.

(૩) **સુખબોધિકા**– આ વૃત્તિ વાચનાચાર્ય **દે**વસુન્દરની અભ્યર્થનાથી **અ**મરપ્રભસૂરિએ રચી છે.

---

૧. જુઓ H I L (Vol. II, p. 549).

૨. આ ચાર પદ્યો બે જાતનાં જોવાય છે. જુઓ ઉપર્યુક્ત મારી આવૃત્તિની મારી સંસ્કૃત ભૂમિકા (પૃ. ૨) તેમ જ **મહા. નવ.**ની પ્રસ્તાવના (પૃ. ૯)આ પ્રમાણેના ચચ્ચાર પદ્યો કેટલાં પ્રાચીન છે તેની તપાસ થવી ઘટે.

૩. "અનેકાંત" (વ. ૨, પૃ. ૬૯) માં આને અંગે ચર્ચા કરાઈ છે.

૪. ભક્તા. સ્તોત્રત્રયની આવૃત્તિમાં આં પ્રકાશિત છે.

૫. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૮૭)માં જણાવ્યા મુજબ કોઈ કોઈ હાથપોથીમાં એમનો **ગુ**ણસુન્દર તરીકે ઉલ્લેખ છે.

૬. એકંદર ૨૮ કથા છે. આ અઠ્ઠાવીસેનું ગુજરાતી ભાષાંતર **મહા. નવ.** (પૃ. ૩૧૬-૪૦૬)માં છપાવાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૪) **વૃત્તિ**– આ ચૈત્ર ગચ્છના [૧]**ગુણાકરસૂરિ**ની દૃષ્ટાંતોપૂર્વકની ૧૮૫૦ શ્લોક જેવડી વૃત્તિ છે. એ એમણે વિ. સં. ૧૫૨૪માં રચી છે.

(૫) [૨]**વૃત્તિ**– આ [૩]**કનકકુશલગણિ**એ 'વૈરાટ' નગરમાં વિ. સં. ૧૬૫૨માં [૪]બાળ જનોના હિતાર્થે રચી છે. આથી આને 'બાલહિતૈષિણી' તરીકે ઓળખાય છે.

(૬) **વૃત્તિ**– આ 'ખાંડિલ્લ' ગચ્છના **શાન્તિસૂરિ**ની ચાર હજાર શ્લોક જેવડી રચના છે.

P. ૩૧૬ (૭) [૫]**વૃત્તિ**– આ એક હજાર શ્લોક જેવડી વૃત્તિ **મેઘવિજયગણિ**એ **વિજયપ્રભસૂરિ**ના કહેવાથી રચી છે.

(૮) [૬]**ટીકા**– આના કર્તા **સિદ્ધિચન્દ્રગણિ** છે.

(૯) **ટીકા**– આ **બ્રહ્મરાયમલ્લે** વિવિધ [૭]કથાઓ સહિત વિ. સં. ૧૬૬૭માં રચી છે.

(૧૦) **ટીકા**– આ **શાન્તિચન્દ્ર**ના શિષ્ય **રત્નચન્દ્ર**ની રચના છે. એમણે આનો ઉલ્લેખ **પ્રદ્યુમ્નચરિત્રમાં** કર્યો છે. એ હિસાબે આ વિ. સં. ૧૬૭૧ની પહેલાંની રચના ગણાય.

(૧૧) **ટીકા**– આ **હર્ષકીર્તિસૂરિ**એ રચી છે.

(૧૨) **અવચૂરિ**– આ **સમયસુન્દર**ગણિની રચના છે.

(૧૩) **અવચૂરિ**– આ **ક્ષેમદેવે** રચી છે.

(૧૪) **વૃત્તિ**– આ દિ. **રત્નચન્દ્રસૂરિ**ની એક હજાર શ્લોક જેવડી **શક**સંવત્ ૧૬૬૭ની અર્થાત્ વિ. સં. ૧૮૦૨ની રચના છે.

(૧૫) **ચૂર્ણિ (અવચૂર્ણિ ?)**– આ **સુધાનન્દસૂરિ**ના શિષ્ય **ઈન્દ્રરત્ન**ગણિએ રચી છે.

આ ઉપરાંત નિમ્નલિખિત વ્યક્તિઓએ પણ એકેક ટીકા રચ્યાનું મનાય છે :–

કીર્તિગણિ (?), **ચન્દ્રકીર્તિસૂરિ**, **પદ્મવિજય**, દિ. **પ્રભાચન્દ્ર**, દિ. **શુભચન્દ્ર** અને **હરિતિલક**ગણિ.

P. ૩૧૭ **વાર્તાબોધ**– આ **મેરુસુન્દરે** **સર્વસુન્દર**સૂરિના આદેશથી ગુજરાતીમાં રચ્યો છે.

બાલાવબોધ– દિ. **લક્ષ્મીકીર્તિ**એ તેમ જ દિ. **શુભવર્ધને** એકેક બાલાવબોધ રચ્યો છે.

ભક્તામરસ્તોત્રચ્છાયાસ્તવન– આ નામથી એક કૃતિ **મલ્લિષેણે** રચી છે અને [૮]બીજી **કલ્યાણમન્દિરસ્તોત્રચ્છાયાસ્તવનના** કર્તા **રત્ન**મુનિએ રચી છે.

---

૧. એમણે **સમ્યકત્વકૌમુદીકથા** રચી છે.

૨. ભક્તા. સ્તોત્રત્રયમાં આ પ્રકાશિત છે.

૩. એમના પરિચય માટે જુઓ પૃ. ૨૬૯

૪. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૮૮)માં આનો 'બાલહિતૈષિણી તરીકે નિર્દેશ છે. આ શબ્દગુચ્છ આ વૃત્તિના પ્રારંભમાં જોવાય છે.'

૫. ભક્તા. સ્તોતત્રત્રયમાં આ પ્રકાશિત છે.

૬. **જિ. ૨. કો.માં** આની નોંધ નથી તો શું આ ટીકા રચાઈ નથી ?

૭. આ ગુણાકરસૂરિકૃત વિવૃતિને આધારે થોડાંક નામ ફેરવીને અપાઈ છે. જુઓ પૃ. ૩૧૮

૮. આ સંસ્કૃત ટિપ્પણ સહિત મારી **ભક્તા.સ્તોત્રત્રયની** આવૃત્તિ (પૃ. ૨૪૫-૨૪૯)માં છપાયેલી છે. ૨૪મા પદ્ય ઉપરનું ટિપ્પણ દાર્શનિક બાબતો રજૂ કરે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુવાદો– આ સ્તોત્રના ગુજરાતી અને હિંદીમાં ગદ્યાત્મક [૧]અનુવાદ થયેલા છે. વળી આનો દુર્લભજી ગુ. મહેતાએ ગુજરાતીમા [૨]'હરિગીત' છંદમાં અને કોઈકે ગુજરાતીમાં [૩]સમશ્લોકી અનુવાદ કરેલ છે.

આનો હિંદીમાં [૪]પદ્યાત્મક અનુવાદ પં. **કમલકુમાર** શાસ્ત્રીએ કર્યો છે. આ સ્તોત્રનો [૫]અંગ્રેજી P. ૩૧૮
અનુવાદ મેં કર્યો છે જ્યારે એનો [૬]જર્મન અનુવાદો ડૉ. હર્મણ **યા**કોબીએ કર્યો છે.

યંત્રો– મહા. નવ.ની પ્રસ્તાવના (પૃ. ૧૦)માં કહ્યું છે કે ૪૮ યંત્રોને બદલે ૪૪ યંત્રવાળી હાથપોથીઓ શ્વેતાંબરોના ભંડારોમાં જોવાતી નથી એથી તેમજ ઋદ્ધિનાં પદ ૪૮ જ છે એથી ૪૮ પદ્યો હોવાં જોઈએ.

કથાઓનું સંતુલન– મહા. નવ.ની પ્રસ્તાવના (પૃ. ૧૦-૧૧)માં **ગુણાકરસૂરિ**એ આપેલી કથાઓને અંગે નીચે મુજબની હકીકત અપાઈ છે :–

ગુણાકરસૂરિએ આપેલી કથાઓનું અક્ષરે અક્ષર અનુકરણ કરીને **ભક્તામરકથાસંગ્રહ** રચાયો છે. કેટલાંક વિશેષનામોમાં ફેરબદલી કરવા સિવાય બ્રહ્મચારી **રાય**મલ્લે નવીન કૃતિ રચી જ નથી.

''હિન્દી જૈન સાહિત્ય પ્રસારક કાર્યાલય'' તરફથી મુંબઈથી વિ. સં. ૧૯૧૪માં **ભક્તામર-કથા** અને શ્રી **ચુ**નીલાલ વર્ધમાન શાહે ગુજરાતીમાં વિ. સં. ૧૯૭૮માં **શ્રીભક્તામર-મંત્ર-માહાત્મ્ય** છપાવ્યાં છે. આ ''બંને'' પ્રકાશકોએ શ્રીયુત **રાય**મલ્લ **બ્રહ્મચારી**ની કથાઓ છપાવી છે તો પણ P. ૩૧૯
પોતપોતાના સંપ્રદાયને પુષ્ટિ આપતાં નામની ફેરબદલી કરી નાંખી છે.'' જો આ વિધાન સાચું હોય તો એ આ બંનેની કીર્તિને કલંકિત કરનારી અને શરમજનક હકીકત ગણાય. ઐતિહાસિક દૃષ્ટિએ તપાસતાં ઉપર્યુક્ત બે પ્રકાશનોમાં અપાયેલાં કેટલાંક નામો અસત્ય ઠરે છે એમ આ પ્રસ્તાવનામાં કહ્યું છે.

---

૧. ''પંચપ્રતિક્રમણસૂત્રો''ની વિવિધ આવૃત્તિઓમાં આ નજરે પડે છે.

૨. આ ''નવસ્મરણ સચિત્ર'' (પૃ. ૬૩-૯૯)માં છપાયો છે.

૩. આ ''गम्भीर०'' થી શરૂ થતાં ચાર અધિક પદ્યનું અર્થાત્ ૪૮નું ભાષાંતર મૂળ સ્તોત્ર, શ્લોકાર્થ **ગુણાકરસૂરિ**કૃત વિવૃતિગત ૨૮ કથાઓના ગુજરાતી ભાષાંતર અને મંત્રામ્નાય સહિત **મહા. નવ.** (પૃ. ૩૧૫-૪૦૮)માં છપાવાયું છે. ત્યારબાદ વિધિયન્ત્ર અને **હરિભદ્રસૂરિ**કૃત ૪૮ યન્ત્રની વિધિ અપાયાં છે. **गम्भीरतार०** સિવાયનાં જે પદ્યો મેં મારી સંસ્કૃત ભૂમિકા (પૃ. ૨)માં આપ્યાં છે તેમાં પ્રથમ પદ્ય **નથી** તેમ જ બીજાનું પ્રથમ ચરણ પણ નથી. એ ખૂટતું લખાણ **મહા. નવ.** (પૃ. ૯)માં જોવાય છે. વળી અહીં જે ત્રીજું પદ્ય અપાયું છે તે સર્વથા ભિન્ન છે અને એના પાઠાંતર તરીકે મેં આપેલું ત્રીજું પણ રજૂ કરાયું છે.

૪. ''કુન્થુસાગર સ્વાધ્યાય સદન'' (બૂરઈ) તરફથી વીરસંવત્ ૨૪૭૭માં પ્રસિદ્ધ કરાયેલા **ભક્તામરસ્તોત્ર**માં આ છપાયો છે. આ પ્રકાશનમાં ઋદ્ધિ, મંત્ર, સાધનાવિધિ, ફળ તેમ જ દિ. **સો**મસેનકૃત પૂજા, ઉદ્યાપન ઇત્યાદિને સ્થાન અપાયું છે.

૫. ભક્તા. સ્તોત્રત્રયમાં આ પ્રકાશિત છે.

૬. આ ''Indische Studien'' (Vol, XIV, p. 359 ff) માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**જિનેન્દ્રગુણસ્તુતિ કિંવા પાત્રકેસરિ-સ્તુતિ**– આના કર્તા દિ. **પાત્ર**કેસરી છે. એઓ જન્મે બ્રાહ્મણ હતા. એમણે **ત્રિલક્ષણ-કદર્થન** નામનો ગ્રન્થ રચ્યો છે. એઓ **દે**વનન્દિની પછી અને **અ**કલંકની પહેલાં થયા છે. **આ**દિપુરાણ (પર્વ ૧, શ્લો. ૫૩)માં એમને વિષે ઉલ્લેખ છે. એમની ઉપર્યુક્ત સ્તુતિ **પાત્રકેસરિ-સ્તુતિ** પણ કહેવાય છે. એમાં પચાસ પદ્યો છે. એમાં તાર્કિકને શોભે એવી રીતે તીર્થંકરની 'સયોગી કેવલી' તરીકેની અવસ્થાનું વર્ણન છે. એમાં પ્રસંગોપાત્ત 'સાંખ્ય' દર્શનનાં મંતવ્યોની આલોચના કરાઈ છે.

ટીકા– આ કોઈકે રચી છે.

[2]**સંસારદાવાનલ-સ્તુતિ**– આ સ્તુતિનો પ્રારંભ ''સંસાર-દાવાનલ''થી થતો હોવાથી આનું આ નામ યોજાયું છે. આનું પ્રચલિત નામ ''સંસારદાવાની સ્તુતિ'' છે. આના કર્તા તરીકે મહત્તરા
P. ૩૨૦ **યા**કિનીના ધર્મપુત્ર **હ**રિભદ્રસૂરિનો ઉલ્લેખ કરાય છે. પરંતુ એ માટે કોઈ સબળ– પ્રાચીન પુરાવો હજી સુધી તો મારા જોવામાં આવ્યો નથી. પં **સુ**ખલાલ સંઘવીએ ''સમદર્શી આચાર્ય હરિભદ્ર'' (પૃ. ૧૪૭)માં આ સ્તુતિની સુનિશ્ચિત હારિભદ્રીય તરીકે નોંધ લીધી છે પણ એ માટે કોઈ પ્રમાણ રજૂ કર્યું નથી તો તેમ કરવા તેમને હું વિનવું છું.

વિશિષ્ટતા– આ સ્તુતિનાં ચારે પદ્યો ઉપજાતિ, વસન્ત્તતિલકા, **મ**ન્દાક્રાન્તા અને **સ્ર**ગ્ધરા એમ ભિન્ન ભિન્ન છંદમાં અનુક્રમે રચાયેલાં છે. વળી અનુનાસિકને ન ગણીએ તો આ સમગ્ર સ્તુતિ જોડાક્ષર વિનાની રચના પૂરી પાડે છે. આ સ્તુતિની ખાસ ખૂબી તો એ છે કે 'સમસંસ્કૃત' કૃતિ છે અર્થાત્ એ એક રીતે સંસ્કૃત રચના છે તો બીજી રીતે આ પાઇય છે

વિષય– આનું આદ્ય પદ્ય **મ**હાવીરસ્વામીની સ્તુતિરૂપ છે જ્યારે બીજું પદ્ય **સ**મસ્ત જિનેશ્વરોની સ્તુતિરૂપ છે. ત્રીજું સાંગોપાંગ રૂપકના ઉદાહરણરૂપ છે. એમાં મહાવીરસ્વામીના આગમરૂપ સાગરની પ્રશંસા કરાઈ છે. ચોથું પદ્ય વાણીમય દેહધારી દેવીની-શ્રુતદેવીની સ્તુતિરૂપે છે.

પ્રઘોષ– એમ કહેવાય છે કે સમભાવભાવી **હ**રિભદ્રસૂરિએ અંતસમયે આ સ્તુતિ રચવા માંડી હતી અને એઓ ચતુર્થ પદ્યનું પ્રથમ ચરણ રચી રહ્યા ત્યાં તો એઓ બોલતા બંધ થઈ ગયા. આથી એમના હૃદયના ભાવને અનુલક્ષીને સંઘે બાકીના ''ઝંકારારાવસારા'' થી શરૂ થતાં ત્રણ ચરણો રચ્યાં.

પ્રથા– આજે પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણ કરતી વેળા ઉપર્યુક્ત ત્રણ ચરણો સમસ્ત જૈનો એક સાથે મોટેથી ઉચ્ચારે છે ઉપાધ્યાય **વી**રવિજયગણિના સમયમાં તો આવી
P. ૩૨૧ પ્રથા હતી એમ એમની [3]**પ્રશ્નોત્તરચિન્તામણિ** નામની લ. વિ. સં. ૧૮૮૦માં રચાયેલી કૃતિ જોતાં

૧. આ સ્તુતિ અજ્ઞાતકર્તૃક ટીકા સહિત ''મા. દિ. જૈ. ગ્રં.''માં ગ્રંથાંક ૧૩ તરીકે વિ. સં. ૧૯૭૫માં પ્રસિદ્ધ કરાઈ છે.

૨. પ્રતિક્રમણસૂત્રોને અંગેનાં પુસ્તકોમાં આ અનેક સ્થળેથી પ્રકાશિત થયેલી છે. એના ગુજરાતી તેમ જ હિંદી અનુવાદો પણ છપાયા છે. આ સ્તુતિ **જ્ઞા**નવિમલસૂરિકૃત ટીકા સહિત ''દયાવિમલ ગ્રંથમાલા''માં ગ્રંથાંક ૮ તરીકે અમદાવાદથી ઈ. સ. ૧૯૧૭માં છપાવાઈ છે.

૩. આ કૃતિ **હી**રાલાલ હંસરાજ તરફથી પ્રકાશિત કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જણાય છે.[૧] આ પ્રથા એમની પૂર્વે ક્યારથી કોણે અને કેમ પ્રચલિત કરી તે જાણવું બાકી રહે છે. વીરવિજયજી તો વસતિમાં દુષ્ટ વ્યંતર હોય તો તે આ મોટેથી બોલાતાં ચરણો સાંભળી નાસી જાય એવો હેતુ દર્શાવે છે.

ઉપયોગ– સ્ત્રીવર્ગ દૈવસિકાદિ પાંચે પ્રતિક્રમણમાં **"नमोऽस्तु वर्धमानाय "**થી શરૂ થતી સ્તુતિને બદલે તેમ જ **"विशाललोचन"**થી પ્રારંભિત સ્તુતિને સ્થાને આ સ્તુતિનાં આદ્ય ત્રણ પદ્યો બોલે છે. વળી પાક્ષિકાદિ ત્રણ પ્રતિક્રમણમાં સજ્ઝાયને બદલે પણ ઉવસગ્ગહરથોત્તપૂર્વક એ વર્ગ પુરુષોની પેઠે આ સ્તુતિનાં ચારે પદ્યો બોલે છે.

ટીકા– આ **સંસારદાવાનલ-સ્તુતિ** ઉપર નીચે મુજબની ત્રણ ટીકા છે :–

(૧) [૨]**જ્ઞાન**વિમલસૂરિની, (૨) **પાર્શ્વચન્દ્ર**કૃત અને (૩) **અજ્ઞાત**કર્તૃક.

વ્યાખ્યા– આ ગુજરાતીમાં ગદ્યમાં છે. એ અજ્ઞાતકર્તૃક રચના છે. એના આદ્ય અને અંતિમ અંશ મેં D C G C M (Vol. XIX. Sec. 1, pt. 2. p. 237)માં આપ્યા છે.

પદ્યાત્મક અનુવાદો– આ સંસારદાવાનલ-સ્તુતિનો મેં 'હરિગીત' છંદમાં ગુજરાતીમાં અનુવાદ P. ૩૨૨
કર્યો છે.[૩] વળી મેં આનો [૪]સમશ્લોકી અનુવાદ પણ કર્યો છે.

પાદપૂર્તિ– આ સ્તુતિની એકંદર [૫]પાંચ પાદપૂર્તિ જાણવામાં છે.[૬]

[૭]**ચતુર્વિંશતિકા**[૮] (લ. વિ. સ. ૮૭૫)– આ 'નમ્રેન્દ્રમૌલિ'થી શરૂ થતી સ્તુતિ તારા(ય)ગણ વગેરેના પ્રણેતા અને વિ. સં. ૮૦૦માં જન્મી વિ. સં. ૮૯૫માં સ્વર્ગે સંચરેલા **બપ્પ**ભટ્ટિસૂરિએ રચી

---

૧. મૂળ પાઠ અર્થ સહિત શ્રી**વિજય**દાનસૂરિકૃત **વિવિધ પ્રશ્નોત્તર** (પૃ. ૮૬)માં અપાયો છે.

૨. દયાવિમલ ગ્રંથમાલામાં આ પ્રકાશિત છે.

૩. આ "આ. પ્ર" (પુ. ૫૦, અં. ૭)માં છપાવાયો છે. એ પૂર્વે એ "ગુ. મિત્ર તથા ગુ. દર્પણ" (સામાહિક)ના તા. ૫-૧-૫૩ના અંકમાં તેમ જ "દિગંબર જૈન" (વ. ૪૬, અં. ૩, તા. ૨૦-૧-૫૩)માં છપાવાયો હતો.

૪. આ "આ. પ્ર." (પુ. ૫૦ અં. ૮)માં પ્રકાશિત છે. એ પૂર્વે એ "ગુ. મિત્ર તથા ગુ. દર્પણ"ના તા. ૯-૨-૫૩ના અંકમાં પ્રસિદ્ધ થયો હતો.

૫. આની નોંધ ૩૧માં પ્રકરણમાં લેવાઈ છે.

૬. આ "સંસારદાવાનલ-સ્તુતિ"વિષે મેં "સંસારદાવાનલ-સ્તુતિ અને એની પાદપૂર્તિ" નામનો લેખ લખ્યો છે અને એ "આ. પ્ર." (પુ. ૫૧, અં. ૬, ૭)માં છપાવાયો છે. વિશેષ માટે જુઓ **શ્રી હરિભદ્રસૂરિ** (પૃ. ૧૬૪-૧૬૭)

૭. આ કૃતિ અજ્ઞાતકર્તૃક ટીકા તેમ જ મારાં અન્વય, સમાસવિગ્રહ તથા ગુજરાતી શબ્દાર્થ, શ્લોકાર્થ અને સ્પષ્ટીકરણ ઇત્યાદિ સહિત સચિત્ર સ્વરૂપે "આ. સમિતિ" તરફથી ઈ. સ. ૧૯૨૬માં પ્રકાશિત કરાઈ છે. આ આવૃત્તિમાં પ્રસંગોપાત્ત 'ન્યાયાચાર્ય' **યશો**વિજયગણિએ સંસ્કૃતમાં રચેલું **આદિજિનસ્તવન** અને વિનયવિજયગણિકૃત સંસ્કૃત **ઋષભજિનસ્તવન,** બપ્પભટ્ટિસૂરિકૃત **સરસ્વતીસ્તોત્ર (શારદાસ્તોત્ર)** અને એનો મેં કરેલો ગુજરાતી અનુવાદ એમ વિવિધ સામગ્રી રજૂ કરાઈ છે.

૮. આને જ **ચતુર્વિંશતિજિનસ્તવ** તેમ જ **નમ્રેન્દ્રમૌલિસ્તુતિ** તરીકે પણ ઓળખાવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. આ કૃતિમાં **ઋષભદેવ**થી માંડીને **મહાવીર**સ્વામી સુધીના ચોવીસ તીર્થંકરો પૈકી પ્રત્યેકને અંગે
P. ૩૨૩ ચચ્ચાર પદ્યો આપ્યાં છે. આમ આમાં ચોવીસ સ્તુતિ–કદંબકો છે અને એ વિવિધ યમકો વડે વિભૂષિત છે. એ યમકોમાં બે ચરણોની સમાનતારૂપ યમકનું પ્રાધાન્ય છે. આ સ્તુતિમાં એકંદર બાર જાતના છંદનો ઉપયોગ કરાયો છે. આમાં [1]સોળ વિદ્યાદેવીઓ પૈકી **સર્વાસ્ત્રા મહાજ્વાલા** સિવાયની પંદર વિદ્યાદેવીઓની સ્તુતિ છે. તેમાં **કાલી** અને **મહાકાલી** એ બે વિદ્યાદેવીની તો બબ્બે વાર સ્તુતિ છે. એ ઉપરાંત **ધરણેન્દ્ર**ની જે પટ્ટમહિષીની સ્તુતિ છે તેથી જો **વૈરોટ્યા** જ સમજવાની હોય તો એ નામની પણ વિદ્યાદેવીની બે સ્તુતિ ગણાય. વિશેષમાં **અંબા** દેવીની સ્તુતિ પણ બે વાર કરાઈ છે. યક્ષરાજની એક વાર સ્તુતિ છે. શ્રુત-દેવતાની તો ત્રણ વાર સ્તુતિ છે.

આલંકારિક શબ્દોમાં કહું તો આ ચતુર્વિંશતિકા જેવી કૃતિ એ સાહિત્યવાટિકાના સુંદર, રસિક અને મનોરંજક કાવ્ય કે કુંજની એક લતા છે. એ લતા ચોવીસ ગુચ્છકો વડે શોભે છે. એના પ્રત્યેક ગુચ્છકમાં ચચ્ચાર પદ્યરૂપ કલિકા હોય છે. પ્રથમ કલિકા દ્વારા અમુક તીર્થંકરની સ્તુતિ કરાય છે, બીજી કલિકા સમસ્ત તીર્થંકરોને સ્પર્શે છે, ત્રીજી કલિકા આગમને અંગે હોય છે. અને ચોથી કલિકા શ્રુતદેવી, વિદ્યાદેવી, શાસનદેવી કે કોઈ યક્ષ જેવા સાથે સંબંધ ધરાવે છે. પ્રસ્તુત કૃતિ આ પ્રકારની રચનાઓનો એક મનોમોહક નમૂનો પૂરો પાડે છે.

ટીકા– જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૧૧૫)માં સૂચવાયું છે કે આ **ચતુર્વિંશતિકા** ઉપર સ્વોપજ્ઞ ટીકા છે.

P. ૩૨૪ **વૃત્તિ**– આ પંડિત [2]**ગુણાકરની** વૃત્તિ છે.

અવચૂરિ– આ કોઈકે રચી છે.

[3]**વૃત્તિ– જૈ. ગ્રં.** (પૃ. ૨૮૪) પ્રમાણે આ **સહદેવે** ૭૩૫ શ્લોક જેવડી રચી છે.

ટીકા– આ કોઈકે રચી છે અને તે મારી આવૃત્તિમાં છપાઈ છે. એ ઉપર્યુક્ત અવચૂરિ વગેરેથી ભિન્ન છે કે કેમ તેની તપાસ કરવી બાકી રહે છે.

---

૧. **રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા, પુરુષદત્તા. કાલી, મહાકાલી, ગૌરી, ગાન્ધારી, સર્વાસ્ત્રા મહાજ્વાલા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી** અને **મહામાનસી.**

૨. **ગુણાકરે** આ **ચતુર્વિંશતિકા** ઉપર કોઈ વૃત્તિ રચી નથી. એમણે **શોભનસ્તુતિ** ઉપરની વૃત્તિ લખાવી છે અને એની એક હાથપોથી વિ. સં. ૧૨૧૧માં જે લખાયેલી છે તે પાટણના ભંડારમાં છે એમ **પત્તન.સૂચી** (ભા. ૧, પૃ. ૧૯૬) જોતાં જણાય છે એટલે આ પ્રો. **વેલણકર**ની ભૂલ છે. આવી ભૂલ એમણે **શોભનસ્તુતિને** અંગે પણ કરી છે કેમકે એના ઉપર **ગુણાકર**ની વૃત્તિ હોવાનો એમણે ભ્રાંત ઉલ્લેખ કર્યો છે.

૩. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૦૨)માં આની નોંધ **નમ્રેન્દ્રમૌલિ** સ્તુતિની વૃત્તિ તરીકે લેવાયેલી છે. આ **જિ. ૨. કો.** જોતાં એમ લાગે છે કે પ્રો. વેલણકરે આ સ્તુતિને પૃ. ૧૧૫માં નોંધેલા **બપ્પભટ્ટિસૂરિકૃત ચતુર્વિંશતિ-જિનસ્તવથી** ભિન્ન ગણી છે. જો એમ જ હોય તો એ એમની ભૂલ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**શારદા-સ્તોત્ર** કિંવા **અનુભૂત-સિદ્ધ-સારસ્વત-સ્તવ** (લ. વિ. સં. ૮૭૫)– આ પણ ઉપર્યુક્ત બપ્પભટ્ટિસૂરિની રચના છે. આમાં ૧૩ પદ્યો છે. દસમા પદ્યમાં મંત્રાક્ષરોનો ઉલ્લેખ છે. આ કૃતિનું નામ જ કહી આપે છે તેમ આ કૃતિ શારદા દેવીની યાને સરસ્વતીની સ્તુતિરૂપ છે.

[2]**અનુવાદ**– આનો મેં ગુજરાતીમાં અનુવાદ કર્યો છે.

[3]**જિનશતક** (ઉ. વિ. સં. ૧૦૨૫)– આના કર્તા **જંબૂ** છે. એમણે કે પછી સમાનનામક 'ચન્દ્ર' P. ૩૨૫
ગચ્છના જંબૂએ (જંબૂનાગે) વિ. સં. ૧૦૦૫માં **મુનિપતિ-ચરિત** રચ્યું છે. **ચન્દ્રદૂત**ના કર્તાનું નામ પણ જંબૂ છે. શું એઓ આ બેથી ભિન્ન છે કે અભિન્ન ?

આ જિનશતક એ 'સ્રગ્ધરા' છંદમાં સો પદ્યમાં રચાયેલી અને પચ્ચીસ પચ્ચીસ પદ્યના ચાર પરિચ્છેદોમાં વિભક્ત કરાયેલી કૃતિ છે. એ દ્વારા અનુક્રમે જિનેશ્વરનાં ચરણનું હસ્તનું, વદનનું અને વાણીનું શબ્દાલંકારાદિથી અલંકૃત વર્ણન કરાયું છે. છેલ્લા પરિચ્છેદના ૧૧મા પદ્યમાં જિનેશ્વરના મુખમાંથી નીકળેલી વાણી શ્રોતૃવર્ગને અંગે કેવી રીતે પરિણમે છે તે દર્શવાયું છે.

આ સ્તોત્ર ઉપર નીચે મુજબ વિવરણો છે :–

(૧) **પંજિકા**– આના કર્તા 'નાગેન્દ્ર' ગચ્છના **સાંબ** કવિ છે. એમણે આ ૧૫૫૦ શ્લોક જેવડી વૃત્તિ **મલ્હણ**ના પુત્ર **દુર્ગ**કની અભ્યર્થનાથી વિ. સં. ૧૦૨૫માં રચી છે.

(૨-૩) **અવચૂરિઓ**– **વિ**મલહંસગણિએ વિ.સં. ૧૬૫૩માં ખંભાતમાં એક અવચૂરિ રચી છે. બીજીના કર્તાનું નામ જાણવામાં નથી.

(૪) **પંજિકા**– આ **વત્સ**રાજે વિ. સં. ૧૮૭૪માં રચી છે.

[4]**પાર્શ્વનાથમહાસ્તવ, 'ધરણોરગેન્દ્ર' સ્તવ** કિંવા **મંત્રસ્તવ,** (ઉ. વિ. સં. ૧૦૨૫)– આના P. ૩૨૬
પ્રણેતા ભિન્નમાલ (શ્રીમાલ)ના વતની અને ત્યાંના રાજા દેવરાજના માનીતા શ્રાવક **શિ**વનાગ છે. એઓ જાતે વણિક હતા અને 'કોટિધ્વજ' શ્રેષ્ઠી હતા. એમની પત્નીનું નામ **પૂ**ર્ણલતા હતું અને પુત્રનું નામ **વી**ર હતું. **પ્ર. ચ.** (શૃંગ ૧૫, શ્લો. ૧૬૫-૧૬૬) પ્રમાણે એ વીરનો જન્મ વિ. સં. ૯૩૮માં થયો હતો. એમણે પોતાના પિતાના અવસાનથી વૈરાગ્ય પામી સો વર્ષની વયના **વિ**મલગણિ પાસે વિ. સં. ૯૮૦માં દીક્ષા લીધી હતી અને આગળ ઉપર સૂરિબની એઓ વિ.સં. ૯૯૧માં સ્વર્ગે સંચર્યા હતા. આ હિસાબે **શિ**વનાગનો સમય લ. વિ. સં. ૯૨૦થી વિ. સં. ૯૭૦ની આસપાસનો ગણાય પરંતુ પ્ર. ચ.ને અંગેના ''પ્રબંધપર્યાલોચન'' (પૃ. ૭૯) પ્રમાણે **વી**રસૂરિનો સમય વિક્રમની અગિયારમી સદીનો પૂર્વાર્ધ છે કેમકે પ્ર. ચ. (શૃંગ ૧૫, શ્લો. ૬)માં સૂચવાયા મુજબ શિવનાગના સમયમાં શ્રીમાલમાં ધૂમરાજના વંશના દેવરાજ અને શ્લો. ૧૦૫ પ્રમાણે અણહિલપુરમાં **ચા**મુંડરાજ રાજા હતા.

૧-૨. ''આ. સમિતિ'' તરફથી આ પ્રકાશિત છે.

૩. આની ત્રીજી આવૃત્તિ ''કાવ્યમાલા'' (ગુ. ૭)માં ઈ. સ. ૧૯૦૭માં અને ચોથી ઈ. સ. ૧૯૨૬માં છપાઈ છે. [ગુજરાતી અનુવાદ સાથે હર્ષપુષ્પામૃત ગ્રંથમાલામાં સં. ૨૦૪૧માં પ્રસિદ્ધ થયેલ છે.]

૪. આ મહાસ્તવ અજ્ઞાતકર્તૃક વૃત્તિ સહિત **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨, પૃ. ૭૦-૮૭)માં ૧૯ યંત્રો સહિત છપાવાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિવનાગે **ધરણ** ઈન્દ્રની આરાધના કરી હતી. એથી એ ઈન્દ્રે એમને આઠ કુળના નાગોનું વિષ, ફૂંક અને હાથના સ્પર્શમાત્રથી દૂર કરી શકે એવો મંત્ર આપ્યો હતો. એ મંત્રની રચના અને પ્રભાવથી યુક્ત તેમ જ ''ધરણોરગેન્દ્ર''થી શરૂ થતો **પાર્શ્વ**નાથનો આ મહાસ્તવ **શિવ**નાગે રચ્યો છે. એમાં ૩૮ પદ્યો છે. એમાં મંત્રાક્ષરો છે. ૩૭માં પદ્યમાં કર્તાએ આડકતરી રીતે પોતાનું નામ રજૂ કર્યું છે.

વૃત્તિ– આ મહાસ્તવ ઉપર કોઈકની સંસ્કૃતમાં [1]વૃત્તિ છે અને એમાં [2]૧૯ યન્ત્રો છે. આ
P. ૩૨૭ વૃત્તિની એક હાથપોથી વિ. સં. ૧૫૨૩માં લખાયેલી મળે છે. એનો અહીં ઉપયોગ કરાયો છે. છઠ્ઠું યંત્ર આઠ પાંખડીના 'કમળ' બંધથી વિભૂષિત છે.

[3]**સ્તુતિ-ચતુર્વિંશતિકા** કિંવા **શોભન-સ્તુતિ** (લ. વિ. સં. ૧૦૬૫)– આના કર્તા બાલબ્રહ્મચારી મુનિરાજ **શોભન** છે.[4] એઓ સંસારપક્ષે **દેવર્ષિ**ના પૌત્ર, **સર્વદેવ**નાં પુત્ર અને **ધન**પાલના તેમ જ **સુન્દરી**ના ભાઈ થાય છે. મધ્યપ્રદેશમાં આવેલા 'સંકાશ્ય' નગરમાં એઓ કે એમના વડીલ વસતા હતા. એમના ગોત્રનું નામ 'કાશ્યપ' હતું એ મુનિવરે [5]**કાતન્ત્ર** અને [6]**ચન્દ્ર** એ બે વ્યાકરણોનો અભ્યાસ કર્યો હતો.

P. ૩૨૮ એમણે **મહેન્દ્ર**સૂરિ પાસે દીક્ષા લઈ પોતાની વિપ્રતાને દિપાવી હતી. એમનો સ્વર્ગવાસ એમના વડીલ બંધુ **ધન**પાલની પહેલાં થયો હતો. એમણે આ ધનપાલને પ્રતિબોધ પમાડી જૈન બનાવ્યા હતા. એમ કહેવાય છે કે આ **શોભન** મુનિવર **સ્તુતિ-ચતુર્વિંશતિકા** રચ્યા બાદ ટૂંક સમયમાં સ્વર્ગે સંચર્યા હતા. એમની બીજી કોઈ કૃતિ હોય તો તે જાણવામાં નથી. ગમે તેમ પણ એમની આ વિધ યમકોથી વિભૂષિત એક જ કૃતિ પણ એઓ ઉત્તમ કવિ હતા એ વાત પુરવાર કરે તેમ છે. આ

---

૧. 'જૈન સ્તોત્રસન્દોહ'માં આ પ્રકાશિત છે.

૨. ચોથા અને પંદરમાં સિવાયનાં યંત્રોની વિધિ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨, પૃ. ૨૯૬-૩૦૦)માં વૃત્તિને આધારે ગુજરાતીમાં અપાઈ છે.

૩. આ કૃતિ **ધન**પાલકૃત ટીકા, કોઈકની અવચૂરિ તેમ જ **ઐન્દ્ર-સ્તુતિ** (સાન્વયાંક) સહિત સચિત્ર સ્વરૂપે ''આ. સમિતિ'' તરફથી ઈ. સ. ૧૯૨૬માં છપાવાઈ છે. એમાં આ કૃતિને અંગે મેં તૈયાર કરેલાં અન્વય, શબ્દાર્થ, શ્લોકાર્થ અને સ્પષ્ટીકરણ તેમ જ ઉપોદ્ઘાતને સ્થાન અપાયું છે. વળી આ જ કૃતિ મેં **જય**વિજયગણિ, **સિદ્ધિ**ચન્દ્રગણિ, **સૌ**ભાગ્યસાગરસૂરિ તથા **દેવ**ચન્દ્ર એ ચારની ટીકા તેમ જ પરિશિષ્ટ તરીકે **ઐન્દ્ર-સ્તુતિ** (સાવચૂરિ), **ર**વિસાગરકૃત **વીર**સ્તુતિ(સાવચૂરિ) **શીલ**શેખરકૃત **પંચજિનસ્તુતિ** (સવિવૃત્તિક) તથા મારી સંસ્કૃત ભૂમિકા સહિત સંપાદિત કરી છે. એ સંપાદન ''આ. સમિતિ'' તરફથી ઈ. સ. ૧૯૩૦માં પ્રકાશિત કરાયું છે, જો કે મોટો ભાગ ઈ. સ. ૧૯૨૬માં છપાઈ તૈયાર થયો હતો.

૪. આને લઈને કેટલાક આ કૃતિને ''શોભન-સ્તુતિ'' કહે છે.

૫. આને અંગે મેં **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧)નાં પૃ. ૩૩, ૪૧, ૪૨, ૫૮, ૬૫-૬૬, ૭૫-૮૭, ૨૬૯-૨૭૧, ૨૭૩, ૩૧૩, ૩૧૪ અને ૩૨૨માં કથન કર્યું છે.

૬. આના પરિચય માટે જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧)નાં પૃ. ૩૩, ૫૭, ૫૮ અને ૨૭૦

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્તુતિ-ચતુર્વિંશતિકા બપ્પભટ્ટિસૂરિકૃત **ચતુર્વિંશતિકાની** પેઠે ૨૪ સ્તુતિ-કદંબકોમાં ૯૬ પદ્યોમાં રચાયેલી છે અને પ્રત્યેક કદંબકનાં ત્રણ ત્રણ પદ્યો પૂરતી તો એમાં વિષયની સમાનતા છે ચોથા ચોથા પદ્યમાં અનુક્રમે શ્રુતદેવતા, [૧]**મા**નસી, **વ**જ્રશૃંખલા, **રો**હિણી, **કા**લી, **ગા**ન્ધારી, **મ**હામાનસી, **વ**જ્રાંકુશી, જ્વલનાયુધા (**સ**ર્વાસ્ત્રા **મ**હાજ્વાલા), **મા**નવી, **મ**હાકાલી, **શા**ન્તિ, **રો**હિણી, [૨]**અ**ચ્યુતા, **પ્ર**જ્ઞપ્તિ, **બ્ર**હ્મશાન્તિ (યક્ષ), **પુ**રુષદત્તા, **ચ**ક્રધરા (**અ**પ્રતિચક્રા), [૩]**ક**પર્દી (યક્ષ), **ગૌ**રી, **કા**લી **અં**બા, વૈરોટ્યા અને **અં**બિકા (અંબા)ની સ્તુતિ કરાઈ છે. આમ અહીં રોણિહી, કાલી અને અંબિકા એ ત્રણ દેવીની બબ્બે વાર સ્તુતિ કરાઈ છે. અહીં. વિદ્યાદેવીઓની જે ક્રમે સ્તુતિ કરાઈ છે તે ક્રમ પાછળ શો ઉદ્દેશ રહેલો છે તે જાણવું બાકી રહે છે. P. ૩૨૯

આ **શોભન-સ્તુતિના** ૫૦મા પદ્યમાનું આદ્ય તેમ જ તૃતીય ચરણ ''સદાનવસુરાજિતા''થી શરૂ કરાયું છે. એના આ પદ્ય પરત્વે બે અર્થ તો છે જ. **સો**મતિલકસૂરિએ જે દસ પદ્યનું [૪]**સર્વજ્ઞસ્તોત્ર** રચ્યું છે. તેનાં પહેલાં આઠે પદ્યોનું ચોથું ચરણ પણ આ જ શબ્દગુચ્છનું બનેલું છે પરંતુ એ ભિન્ન ભિન્ન અર્થમાં વપરાયું છે. આમ એ અનેકાર્થી છે.

વૃત્તિઓ– [૫]અઢાર પ્રકારના છંદોમાં રચાયેલી આ **શોભન-સ્તુતિ** ઉપર નીચે મુજબની વૃત્તિઓ અને અવચૂરિઓ રચાઈ છે :–

(૧) [૬]**વૃત્તિ**– આના કર્તા **શો**ભન મુનિવરના મોટા ભાઈ **ધ**નપાલ છે. એમણે આ વૃત્તિ આ મુનિવરની વિજ્ઞપ્તિ અનુસાર એમના સ્વર્ગવાસ બાદ રચી છે. એના અંતની પુષ્પિકામાં આ **શોભન-સ્તુતિ**નો **શોભન-ચતુર્વિંશતિકા** તરીકે ઉલ્લેખ છે. આ પુષ્પિકા પછી **શા**ન્તિ દેવીની સ્તુતિ છે તે અન્ય કોઈની રચેલી હશે, પ્રારંભમાં **ધ**નપાલે પોતાનો પરિચય આપ્યો છે. એમાંનાં કેટલાંક પદ્યો **તિલકમંજરીમાં** જોવાય છે.

(૨) **અવચૂરિ**– આ અવચૂરિ **ધ**ર્મચન્દ્રના શિષ્ય **રા**જમુનિએ વિ. સં. ૧૧૫૧માં રચી છે.

---

૧. આ પૈકી **મા**નસીથી માંડીને **મ**હાકાલી સુધીની દસ દેવીઓ તેમ જ **પ્ર**જ્ઞપ્તિ, **પુ**રુષદત્તા, **ચ**ક્રધરા અને અજગરવાહિની **વૈ**રોટ્યા એ વિદ્યાદેવી છે.

૨. શું આ વિદ્યાદેવી છે ? આ **અ**ચ્યુતા દેવીને અંગે અહીં અપાયેલું પદ્ય **આચારદિનકર** (પત્ર ૧૫૦આ-૧૫૧અ)માં જોવાય છે.

૩. ''आनन्दानम्रकम्र'' થી શરૂ થતી અને ઋષભદેવને ઉદ્દેશીને રચાયેલી એક સ્તુતિ-કદંબકના એટલે કે **ઋ**ષભદેવ-સ્તુતિના ચોથા પદ્યમાં આ યક્ષની સ્તુતિ છે. એ સંપૂર્ણ કદંબક મારા ગુજરાતી અનુવાદ સાથે સ્તુતિચતુર્વિ-શતિકાની શબ્દાર્થ સહિતની આવૃત્તિ (પૃ. ૨૩૫-૨૩૬)માં છપાયો છે.

૪. આ સંપૂર્ણ સ્તોત્ર મારા ગુજરાતી અનુવાદ સહિત **સ્તુતિ–ચતુર્વિંશતિકા** (પૃ. ૧૬૮-૧૬૯) માં છપાવાયું છે.

૫. આ પૈકી એક છંદ 'અર્ણવ-દંડક' છે. ભાસે **અવિમારક** નામના નાટકમાં ૨૭ અક્ષરનાં 'ચંડવૃષ્ટિપ્રપાત' નામના દંડકમાં અને ભવભૂતિએ **માલતીમાધવ** (અંક ૫) સંગ્રામ-દંડકમાં એકેક પદ્ય રચ્યું છે.

૬. આ ''આ. સમિતિ'' તરફથી પ્રકાશિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. 330 (૩) [1]**વૃત્તિ**– આ 'દેવાનન્દિત' ગચ્છના પંડિત ગુણાકારની રચના છે. અને એની એક હાથપોથી વિ. સં. ૧૨૧૧માં લખાયેલી પાટણના ભંડારમાં છે. એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૮૭)માં ઉલ્લેખ છે. આ ભ્રાંત છે કેમકે **પત્તન.સૂચી** (ભા. ૧, પૃ. ૧૯૬)માં ગુણાકારે એ લખાવ્યાનો, નહિ કે રચ્યાનો ઉલ્લેખ છે. આ વૃત્તિના રચનાર ધનપાલ છે કે અન્ય કોઈ એ જાણવા માટે હાથપોથી તપાસવી ઘટે.

(૪) [2]**વૃત્તિ**– આ ૨૩૫૦ શ્લોક જેવડી સુખબોધા વૃત્તિ [3]દેવવિજયના શિષ્ય જયવિજયગણિએ વિ. સં. ૧૬૭૧માં રચી છે. એમણે મૂળ કૃતિને 'શોભન-સ્તુતિ' કહી છે. **સિદ્ધિચન્દ્રગણિએ** તેમ જ દેવચન્દ્રે પણ એમ જ કર્યું છે.

(૫) [4]**વૃત્તિ**– ૨૨૦૦ શ્લોક જેવડી વૃત્તિના કર્તા **ભાનુચન્દ્રગણિના** શિષ્ય **સિદ્ધિચન્દ્રગણિ** છે.

(૬) [5]**વૃત્તિ**– આના કર્તા **દેવચન્દ્રગણિ** છે. એઓ પણ ઉપર્યુક્ત **ભાનુચન્દ્રગણિના** શિષ્ય થાય છે. અને આ રીતે એઓ **સિદ્ધિચન્દ્રગણિના** ગુરુભાઈ થાય છે. એમણે **નવતત્ત્વચોપાઈ** અને
P. 331 **શત્રુંજયતીર્થપરિપાટી** એ બે ગુજરાતી રચી છે. [6]**પૃથ્વી-ચન્દ્ર-સૌભાગ્યપંચમી-સ્તુતિ** એ સંસ્કૃતમાં છે તે પણ એમની કૃતિ ગણાય છે.

(૭) [7]**વૃત્તિ**– આ **સૌ**ભાગ્યસાગરસૂરિની રચના છે અને એનું સંશોધન, **જ્ઞા**નવિમલસૂરિએ વિ. સં. ૧૭૭૮માં કર્યું છે. આ સૌભાગ્યસાગરસૂરિ **આ**નન્દવિમલસૂરિના સંતાનીય **જ્ઞા**નવિમલસૂરિના પટ્ટધર થાય છે.

(૮) [8]**અવચૂરિ**– આ કોઈકે રચી છે.

[(૯) **રમ્યપદભંજિકા**– સાધ્વી **રમ્ય**રેણુએ રચેલી આ ટીકા 'પણિપીયૂષપયસ્વીની' નામે ''ૐકારસાહિત્ય નિધિ'' ભીલડીયાજીથી પ્રસિદ્ધ છે. આમાં જ્ઞાનપંચમી વ. સ્તુતિઓ ઉપર પણ ટીકા છે.]

---

૧. આ બપ્પભટ્ટિસૂરિકૃત **ચતુર્વિંશતિકા**ની ગુણાકરે રચેલી વૃત્તિ તો નથી એવો પ્રશ્ન **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૧૫)માંનો ઉલ્લેખ જોતાં ઉદ્‌ભવે પરંતુ **પત્તન.સૂચી** (ભા. ૧, પૃ. ૧૯૬) જોતાં એ પ્રકારનો **જિ. ૨. કો.** ગત ઉલ્લેખ ભ્રાંત છે એમ જાણી શકાય છે.

૨. 'આ. સમિતિ' તરફથી આ પ્રકાશિત છે.

૩. એઓ **વિ**જયદાનસૂરિના શિષ્ય **વિ**જયરાજસૂરિના શિષ્ય થાય છે. એમણે વિ. સં. ૧૬૬૬માં ''કુલક''ની વ્યાખ્યા રચી છે અને એ એમના શિષ્ય જયવિજય વગેરેએ સુધારી છે. એમને વિષે વિશેષ માહિતી માટે જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકાની મારી સંસ્કૃત ભૂમિકા (પૃ. ૫૪-૬૩)

૪. 'આ. સમિતિ' તરફથી આ પ્રકાશિત છે.

૫. આ. સમિતિ તરફથી આ પ્રકાશિત છે.

૬. આ નામ વિચિત્ર લાગે છે. આ નામથી કોઈ કૃતિ **જિ. ૨. કો.** (વિ. ૧)માં તો નોંધાયેલી નથી.

૭. 'આ. સમિતિ' તરફથી આ પ્રકાશિત છે.

૮. એક અવચૂરિ મારી આવૃત્તિમાં છપાયેલી છે. જુઓ પૃ. ૩૨૭ ટિ. ૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનુવાદ– શોભનસ્તુતિનો ડૉ. **યા**કોબીએ જર્મનમાં [૧]અનુવાદ કર્યો છે. મેં આ સ્તુતિનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે પણ તે હજી સુધી તો પ્રસિદ્ધ કરી શકાયો નથી જ્યારે એ જ સમયે શરૂ કરેલો મારો ગુજરાતી [૨]અનુવાદ છપાઈ ગયો છે.

અનુકરણ– ન્યાયાચાર્ય **યશો**વિજયગણિએ **શોભન-સ્તુતિના** આબેહુબ અનુકરણરૂપે [૩]**ઐન્દ્ર-સ્તુતિ** રચી છે.

[૪]**ઐન્દ્ર-સ્તુતિ**[૫] (લ. વિ. સં. ૧૭૨૫)– મૂળની પ્રશસ્તિ (શ્લો. ૧) પ્રમાણે આ કૃતિનું નામ P. ૩૩૨
'અર્હત્સ્તુતિ' છે જ્યારે સ્વોપજ્ઞ વિવરણની પ્રશસ્તિ (શ્લો. ૧) પ્રમાણે 'જિનસ્તુતિ' છે.[૬] આના કર્તા ન્યાયાચાર્ય **યશો**વિજયગણિ છે. એમણે આ ૯૬ પદ્યની કૃતિ **શોભન-સ્તુતિ**ને સામે રાખીને યોજી છે. આમ એ એના અનુકરણરૂપ છે ખરી પરંતુ એ સબળ અને મનોમોહક હોઈ એ સ્વતંત્ર અને વિદ્વદ્ભોગ્ય કૃતિની ગરજ સારે છે. એમાં વિષયની તેમ જ [૭]છંદોની પણ સમાનતા છે. ફક્ત ૭૬માં પદ્યમાં **શોભન–સ્તુતિમાં** કપર્દિયક્ષની સ્તુતિ છે જ્યારે અહીં **સ**રસ્વતીની છે. આ જ એક વિષયના P. ૩૩૩
સામ્યમાં અપવાદરૂપ છે. બાકી **ઐન્દ્ર-સ્તુતિ** એ **શોભન-સ્તુતિની** તાદૃશ પ્રતિકૃતિ છે. એ બંનેનાં ચરણોમાં પણ કેટલીક સમાનતા છે.[૮] આમ હોવા છતાં મુદ્રિત સ્વોપજ્ઞ વિવરણમાં શોભન મુનિનો કે એમણે રચેલી **સ્તુતિચતુર્વિંશતિકાનો** જરા યે નિર્દેશ નથી તેથી આશ્ચર્ય થાય છે. ન્યાયાચાર્યની કીર્તિને કલંકિત કરવાના દુષ્ટ આશયથી એમના કોઈ દ્વેષીએ વિવરણમાંથી યથાયોગ્ય નિર્દેશ પૂરતા ભાગનો નાશ કર્યો હશે ? આ માટે સ્વોપજ્ઞ વિવરણની હાથપોથીઓ તપાસવી ઘટે.

---

૧. આ અનુવાદ મૂળ કૃતિ સહિત Z D M G (Vol. 32, p. 509 ff)માં છપાયો છે.

૨. જુઓ પૃ. ૩૨૭ ટિ. ૧.

૩. આના પરિચય માટે જુઓ પૃ. ૩૩૨-૩૩૪

૪. આ નામની એક એક અજ્ઞાતકર્તૃક કૃતિની એક હાથપોથી જૈનાનંદ પુસ્તાકલયમાં છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૬૨)માં ઉલ્લેખ છે પણ એ ભ્રાન્ત છે, કેમ કે આ તો સ્વોપજ્ઞ વૃત્તિ સહિતની મૂળ કૃતિ છે.

૫. આ કૃતિ **સ્તુતિચુતર્વિંશતિકાની** મારી આવૃત્તિમાં પ્રથમ પરિશિષ્ટ તરીકે પૃ. ૧-૧૭માં છપાઈ છે. એના પછી એના ઉપર કોઈકે રચેલી અવચૂરિ પણ અપાઈ છે. આ મૂળ સ્તુતિ અવચૂરિ સહિત ''જૈ. આ. સં.'' તરફથી પ્રસિદ્ધ કરાઈ છે. સ્વોપજ્ઞ વિવરણના આધારે રચાયેલી મૂળ કૃતિ સ્વોપજ્ઞ વિવરણ સહિત ''જૈ. આ. સં.'' તરફથી વિ. સં. ૧૯૮૪માં પ્રકાશિત કરાઈ છે. આ સભાના પ્રકાશનમાં ઐન્દ્ર-સ્તુતિગત નવીનભાવનૂતન વિચારો જણાઈ આવે તે માટે તે તે ભાગ સ્થૂળ અક્ષરમાં છપાવાયા છે. પ્રસ્તુત કૃતિ સ્વોપજ્ઞ વિવરણ, અજ્ઞાતકર્તૃક અવચૂરિ, મૂળકૃતિ, મૂળ અને અન્વય તેમ જ મૂળના હિન્દી ભાષાન્તર, ચાર પરિશિષ્ટો, શ્લિષ્ટ શબ્દાદિની સૂચિ અને ન્યાયાચાર્યની કૃતિઓની યાદી સહિત યક્ષો અને યક્ષિણીઓ ચિત્રપૂર્વક ''શ્રી યશોભારતી જૈન પ્રકાશન સમિતિ'' તરફથી મુંબઈથી ઈ. સ. ૧૯૬૨માં છપાવાઈ છે.

૬. પ્રસ્તુત કૃતિની સ્વોપજ્ઞ વિવરણવાળી એક હાથપોથીની પુસ્તિકામાં 'ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકા' નામ છે.

૭. આ છંદોના હૈમ **છન્દોઽનુશાસન** મુજબનાં લક્ષણો મેં મારા સંપાદનમાં ટિપ્પણરૂપે આપ્યાં છે.

૮. આ સન્તુલનના સંબંધમાં તેમ જ એના સ્વોપજ્ઞ વિવરણ વિષે **યશોદોહન** (પૃ. ૩૮-૪૦)માં મેં વિચાર કર્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**સ્વોપજ્ઞ વિવરણ–ઐન્દ્ર-સ્તુતિ** ઉપર ન્યાયાચાર્યે આ વિવરણ રચ્યું છે. એ સંક્ષિપ્ત હોવા છતાં અર્થ સમજવામાં પુરેપુરું સહાયક છે.

અવચૂરિ–ઐન્દ્ર-સ્તુતિ ઉપર અજ્ઞાતકર્તૃક [2]બે અવચૂરિ છે. આ પૈકી એક અવચૂરિ મેં સંપાદિત કરી છે. એના અંતમાં જે એક પદ્ય હોવાનો ઉલ્લેખ મેં **યશોદોહન** (પૃ. ૪૦)માં કર્યો છે
P. ૩૩૪ તે બે પૃષ્ઠ ભેગા વંચાઈ જવાથી થયેલી ભ્રાન્તિનું પરિણામ હતું.[3] એથી મેં આ યશોદોહનને અંગેના મારા ''અશુદ્ધિઓનું શોધન''માં સુધારો સૂચવ્યો છે.

અન્વય અને ભાષાન્તર– ઐન્દ્ર-સ્તુતિને લગતા અન્વયાંક મેં **સ્તુતિચતુર્વિંશતિકાની** મારી આવૃત્તિમાં આપ્યા છે, જ્યારે અન્વય અને સાથે સાથે શ્રી. ગંગાધરમિશ્રે કરેલું [4]હિન્દી ભાષાંતર ''ય. જૈ. પ્ર. સ.'' તરફથી **ઐન્દ્રસ્તુતિચતુર્વિંશતિકાની** આવૃત્તિ (પૃ. ૭૯-૧૦૩)માં છે. પ્રશસ્તિનાં પદ્યોનું કેવળ ભાષાંતર છે. સાથે સાથે સ્વોપજ્ઞ વિવરણની પ્રશસ્તિનાં તેરે પદ્યોનું હિન્દી ભાષાંતર અપાયું છે. આ પૂર્વે પદ્ય ૧-૩૬નું ગુજરાતી [5]ભાષાન્તર મુનિશ્રી હેમચન્દ્રવિજયજીએ કર્યું હતું.

[6]**સ્તુતિ-ચતુર્વિંશતિકા**– આમાં યમકથી અલંકૃત અને 'ઉપજાતિ' છંદમાં રચાયેલાં ૨૭ પદ્યો છે. આદ્ય પદ્ય નીચે મુજબ છે :–

P. ૩૩૫

''**सीमन्धराधीश ! महाविदेह-**
क्षोणीवतंसः सुमहा ! विदेह !
भवान् भवत्ता विष ! वै नतेऽय-
श्रीदोऽस्तु मे रुग्विषवैनतेय ! ॥१॥''

આ કૃતિમાં મહાવિદેહમાં વિહરતા **સીમન્ધર**સ્વામી વગેરે વીસ તીર્થંકરોની તેમ જ ચાર શાશ્વત તીર્થંકરોની એમ કુલ્લે ચોવીસની સ્તુતિ કરાઈ છે. ત્યાર બાદ સમસ્ત તીર્થંકરો, સિદ્ધાન્ત (આગમ) અને વાગ્દેવતાને અંગે એકેક પદ્ય છે.

---

૧. 'જૈ. આ. સ.' દ્વારા આ પ્રકાશિત છે તેમ છતાં આની નોંધ **જિ. ૨. કો.માં** નથી.

૨. 'જૈ. આ. સ.' તથા 'શ્રી યશોભારતી જૈ. પ્ર. સં.' દ્વારા આ બંને છપાયેલી છે તેમ છતાં આની નોંધ **જિ. ૨. કો.માં** નથી.

૩. આ સંબંધમાં સામાન્ય સંપાદક (general editor) મહાશયે **યશોદોહન** (પૃ. ૪૦)માં નોંધ લીધી છે તે સારું કર્યું છે.

૪. ''પ્રકાશકીય નિવેદન'' (પૃ. ૧)માં કહ્યું છે કે પં. શ્રી **ગંગાધર**મિશ્રે ભાષાન્તરમાં સહાય કરી હતી. ચોથા પદ્યના આ ભાષાંતરમાં 'ગોષ્ઠ'નો અર્થ 'ગોશાલા' કરાયો છે. જ્યારે મુનિશ્રી **યશો**વિજયજીએ પોતાની પ્રસ્તાવના (પૃ. ૧૫)માં 'ગોધરા' કર્યો છે.

૫. આ છંદોના નામપૂર્વક મૂળ સહિત **''જૈ. ધ. પ્ર.''** (પુ. ૭૪ અં. ૧૧ થી પુ. ૭૬ અં ૩-૪) માં કટકે કટકે વિ. સં. ૨૦૧૪થી વિ. સં. ૨૦૧૬ સુધીમાં છપાયું છે.

૬. આની એક હાથપોથી જયપુરના 'તપ' ગચ્છના એક પ્રાચીન ભંડારમાં છે. આ કૃતિ **સ્તુતિ-તરંગિણી** (ભા. ૧, પૃ. ૪૬૦-૪૬૨)માં છપાવાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કર્તા– આ કૃતિની રચના જોઈ મુનિશ્રી **અભયસાગરજી** એના કર્તા **શોભન** મુનિ હશે એમ માનવા પ્રેરાયા છે એમ એમના તા. ૪-૩'-૫૬ના જયપુરથી મારા ઉપર લખેલા પત્ર ઉપરથી જણાય છે.

[1]**જિનસ્તોત્રકોશ** ( )– આ પંડિત **વિનયહંસગણિએ** સંસ્કૃતમાં પદ્યમાં રચેલાં ૫૮ સ્તુતિસ્તોત્રના સમુદાયરૂપ છે અને અંતમાં ૧૮ પદ્યોની ગ્રન્થની પ્રશસ્તિ છે. કર્તાએ પોતાનો પરિચય આપ્યો નથી પરંતુ ઘણાંખરાં સ્તુતિસ્તોત્રોમાં **હર્ષવિનયસૂરિ** અને **ધર્મહંસ** એ બેનો ઉલ્લેખ જોવાય છે. આથી એમ લાગે છ કે **હર્ષવિનયસૂરિ** કર્તાના કોઈક પ્રકારના ગુરુ, પ્રગુરુ કે ગણનાયક હશે જ્યારે **ધર્મહંસ** એમના ગુરુ કે એમના મોટા ગુરુભાઈ હશે. પૃ. ૫૭માં 'ચન્દ્ર' ગણનો ઉલ્લેખ છે. એ ઉપરથી P. ૩૩૬ કર્તા 'ચન્દ્ર' ગણના હશે એમ અનુમનાય. મુદ્રિત પુસ્તક કઈ હાથપોથીને આધારે તૈયાર કરાયું તેનો ઉલ્લેખ નથી તેમ જ **જિ. ૨. કો.** (વિ. ૧)માં **જિનસ્તોત્રકોશના** નામથી કોઈ કૃતિની નોંધ નથી વળી **હર્ષવિનયસૂરિની** કે **વિનયહંસગણિની** કોઈ કૃતિ મારા જોવા જાણવામાં નથી કે જેમાંથી **વિનયહંસગણિનો** પરિચય કે એમનો સત્તાસમય મળી શકે.

પ્રસ્તુત કોશમાં ચચ્ચાર પદ્યની ચાર કૃતિ છે જ્યારે પાંચ પાંચની છવ્વીસ કૃતિ છે. મોટામાં મોટી કૃતિ ઓગણચાળીસ પદ્યની છે. આ કોશમાં એકંદર ૬૭૬ પદ્યો છે.

આ કોશમાં મુખ્યત્વે કરીને **ઋષભદેવ** વગેરે તીર્થંકરોના ગુણોત્કીર્તનને સ્થાન અપાયું છે. 'મંડપાચલમંડન'- સુપાર્શ્વનાથ, 'જીરાપલ્લી'- **પાર્શ્વનાથ**, 'સ્તંભન'- પાર્શ્વનાથ, 'ચિન્તામણિ'- પાર્શ્વનાથ, 'નારંગ'- **પાર્શ્વનાથ**, 'વરકાણા'- **પાર્શ્વનાથ**, 'ગૌડિક'- પાર્શ્વનાથ તેમ જ 'બંભણવાટક'- મહાવીરસ્વામી, સીમન્ધરસ્વામી તથા ગૌતમસ્વામી અને પુંડરીક ગણધરને અંગે સ્તોત્રો છે. આ ઉપરાંત **શાશ્વતજિનનામસ્તોત્ર, પંચકલ્યાણકસ્તોત્ર** અને **શત્રુંજયસ્તોત્ર** છે. વિશેષમાં ત્રણ સાધારણ-જિનસ્તોત્ર છે. ૨૬ પદ્યના એક સ્તોત્રમાં **અજિતનાથ** અને **શાન્તિનાથની** ભેગી સ્તુતિ છે.[2] **ઋષભદેવને** અંગે ત્રણ સમસ્યા-સ્તોત્ર છે. તેમાં એક 'સ્નાતસ્યા' સ્તુતિની પાદપૂર્તિરૂપ છે જ્યારે બાકીનાં બે અનુક્રમે નિમ્નલિખિત ચરણની પાદપૂર્તિરૂપ છે :–

''तिलतुषतटकोणे कीटिकोष्ट्रं प्रसूता'' P. ૩૩૭
''सूच्यग्रे कूपषट्कं तदुपरि नगरं तत्र वार्द्धिस्ततोऽद्रिः''

પ્રસ્તુત કોશમાં જાતજાતના– પરિચિત તેમ જ વિરલ છંદો વપરાયા છે. એ પૈકી હું અહીં નીચે મુજબના છંદોને વિશેષ નોંધપાત્ર ગણું છું :–

૧. આ કૃતિ ''તપાગચ્છમૂર્તિપૂજક શ્વેતાંબર શ્રી જૈન સંઘ'' તરફથી મુંબઈથી વિ. સં. ૨૦૧૪માં પ્રકાશિત કરાઈ છે. એમાં શરૂઆતનાં લગભગ અડધાં પૃષ્ઠો પૈકી કેટલાંકનાં અંતમાં ટિપ્પણ છે. આ કૃતિના સંપાદકો શ્રી વિજયકસ્તૂરસૂરિજીના શિષ્યો નામે **ચન્દ્રોદયવિજય** અને **સૂર્યોદયવિજય** છે. આ કૃતિને અંગે પ્રસ્તાવના નથી. એ અપાઈ હોત તો આ કૃતિના મહત્ત્વમાં વૃદ્ધિ થતે.

૨. આ જાતની આદ્ય કૃતિ તે **નન્દિષેણે** રચેલો **અજિય-સન્તિ-થય** (અજિત-શાન્તિ-સ્તવ) છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રહર્ષિણી, ભુજંગપ્રયાત, લીલાખેલ, શાલિની અને [1]સ્રગ્વિણી.

[2]**વિષાપહાર-સ્તોત્ર** (? વિક્રમની ૧૧મી સદી)– ''**સ્વાત્મસ્થિતા**''થી શરૂ થતા આ ચાળીસ પદ્યના સ્તોત્રના કર્તા દિ. **ધનંજય** છે એમ એના અંતિમ પદ્યમાં શ્લેષ દ્વારા એમણે જે પોતાનું નામ ગૂંથ્યું છે તે જોતાં જણાય છે. મુખ્યતયા ઉપજાતિમાં રચાયેલા આ સ્તોત્રનું **વિષાપહાર-સ્તોત્ર** એવું નામ એના ચૌદમાં પદ્યગત નિમ્નલિખિત પંક્તિ ઉપરથી યોજાયું હોય એમ લાગે છે :–

''વિષાપહારં મણિમૌષધાનિ''

આ પ્રમાણેનું એનું નામકરણ દિ. **સમન્તભદ્રકૃત વીરસ્તોત્રના** 'યુક્ત્યનુશાસન' નામનું સ્મરણ કરાવે છે. આ સ્તોત્ર પ્રૌઢ ભાષામાં રચાયું છે. એ ગૌરવશાળી ભાવ અને મનોરંજક ઉક્તિઓથી વિભૂષિત છે. પ્રસ્તુત દિ. ગૃહસ્થ **ધનંજય** તે **દ્વિસન્ધાન-કાવ્યના** કર્તા છે કે અન્ય કોઈ તે જાણવું બાકી રહે છે.

P. ૩૩૮ **પ્રઘોષ**– એમ કહેવાય છે કે **ધનંજયે** પોતાના પુત્રને સર્પ ડસ્યો ત્યારે એનું ઝેર ઉતારવા માટે આ સ્તોત્ર રચ્યું હતું.

ટીકા– આ **નાગ**ચન્દ્રની રચના છે.

ટીકા– આના કર્તા **પાર્શ્વ**નાથ ગોમટ છે.

અવચૂરિ– આ કોઈકની રચના છે.

[3]**'ભાવારિવારણ'સ્તોત્ર** કિંવા **મહાવીરસ્તોત્ર**– (ઉ. વિ. સં. ૧૧૬૭)– આના કર્તા 'ખરતર' ગચ્છના **જિનવલ્લભસૂરિ** છે. એઓ **જિનેશ્વરસૂરિ**ના શિષ્ય, નવાંગીવૃત્તિકાર **અભયદેવસૂરિ**ના પટ્ટધર અને **જિનદત્તસૂરિ**ના ગુરુ થાય છે. એમણે વિ. સં. ૧૧૨૫માં **સંવેગરંગસાલાનું** સંશોધન કર્યું હતું. એઓ વિ. સં. ૧૧૬૭માં સ્વર્ગે સંચર્યા. એમણે સંસ્કૃત તેમ જ જ. મ.માં વિવિધ કૃતિઓ રચી છે. એ પૈકી સંસ્કૃત કૃતિઓ તરીકે પ્રસ્તુત સ્તોત્રને બાજુએ રાખતાં હું નીચે મુજબની કૃતિઓની નોંધ લઉં છું :–

[4]**પ્રશ્નશત** યાને **પ્રશ્નોત્તરૈકષષ્ટિશતક**, [5]**સંઘપટ્ટક**, [6]**ધર્મશિક્ષાપ્રકરણ, ચતુર્વિંશતિજિનસ્તુતિ,**

---

૧. પુષ્પદન્તે **મહાપુરાણની** પ્રથમ સંધિનું દસમું કડવક આ છન્દમાં રચ્યું છે.

૨. આ સ્તોત્ર ''કાવ્યમાલા'' (ગુ. ૭)ના ઈ. સ. ૧૯૨૬માં પ્રકાશિત ચતુર્થ સંસ્કરણમાં છપાયું છે.

૩. આ સ્તોત્ર ''કાવ્યમાલા'' (ગુ. ૭)માં પ્રકાશિત થયેલું છે. વિશેષમાં આ સ્તોત્ર **જયસાગરગણિ**એ રચેલી વૃત્તિ સહિત હીરાલાલ હંસરાજ તરફથી છપાવાયું છે. આ જ સ્તોત્ર **નરચન્દ્રગણિ**કૃત અવચૂરિ સાથે જિનદત્તસૂરિજ્ઞાનભંડાર સૂરતથી વિ. સં. ૨૦૦૯માં છપાયું છે.

૪ ''શ્રીયશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા'' તરફથી મહેસાણાથી ઈ. સ. ૧૯૧૪માં પ્રકાશિત **સ્તોત્રરત્નાકર** (ભા. ૨)માં કોઈકની અવચૂરિ સહિત આ કૃતિના ઉત્તરો ''જાતિ-ચક્ર-સંગ્રહ'' સહિત છપાવાયા છે.

૫. આ ૪૦ પદ્યની સંસ્કૃત કૃતિ **અપભ્રંશ-કાવ્ય-ત્રયીના** પરિશિષ્ટરૂપે ''ગા. પ્રૌ. ગ્રં''માં ઈ. સ. ૧૯૨૭માં છપાવાઈ છે.

૬. આ કૃતિ બે ચક્ર-બંધનાચિત્ર સહિત ''વૈરાગ્યશતકાદિગ્રન્થ-પંચક''માં ''દે. લા. જૈ. પુ. સં.'' તરફથી ઈ. સ. ૧૯૪૧માં પ્રકાશિત કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]સરસ્વતી-સ્તવ અને **[2]પાર્શ્વજિનસ્તોત્ર.** P. ૩૩૯

પ્રસ્તુત સ્તોત્ર **મહા**વીરસ્વામીની સ્તુતિરૂપ છે. એ **સંસારદાવાનલ-સ્તુતિની** પેઠે 'સમસંસ્કૃત' રચના છે. એમાં ૩૦ પદ્યો છે.

વૃત્તિઓ– આ સ્તોત્ર ઉપર વિ. સં. ૧૪૬૫માં 'ખરતર' ગચ્છ **જય**સાગરગણિએ વૃત્તિ રચી છે. **મેરુ**સુન્દરગણિએ તેમજ અન્ય કોઈએ પણ એકેક વૃત્તિ સંસ્કૃતમાં રચી છે.

પાદપૂર્તિ– પ્રસ્તુત સ્તોત્રની 'ખરતર' ગચ્છના **પદ્મ**રાજે પાદપૂર્તિરૂપે રચના કરી છે.

[3]ભૂપાલ-ચતુર્વિંશતિકા, ભૂપાલ-સ્તોત્ર, [4]જિન-ચતુર્વિંશતિકા કિંવા **ચતુર્વિંશતિ-જિનસ્તવ** ( )– આના કર્તા દિ. **ભૂપાલ** છે. એમણે આ ૨૬પદ્યો દ્વારા જિનેશ્વરની વિવિધ છંદોમાં સ્તુતિ કરી છે. એનો પ્રારંભ "**શ્રીલીલાયતનં**"થી કરાયો છે. શ્લો. ૧૫ અને ૨૦માં 'ભૂપાલ' શબ્દ P. ૩૪૦ વપરાયો છે.

આ સ્તવ ઉપર ત્રણ ટીકા છે :–

(૧) દિ. પં. **[5]આશા**ધરની, (૨) **લલિત**ચન્દ્રના શિષ્ય **વિનય**ચન્દ્રની અને (૩) અજ્ઞાતકર્તૃક.

[6]ચતુર્વિંશતિ-જિન-સ્તુતિ (લ. વિ. સં. ૧૨૦૦)– પૃ. ૨૪૧માં સૂચવાયાં મુજબ આ સ્તુતિના કર્તા 'પ્રજ્ઞાચક્ષુ' કવિરત્ન **શ્રીપાલ** છે. એમણે **ઋ**ષભદેવ વગેરે ૨૪ તીર્થંકરોની સ્તુતિરૂપ આ કૃતિ [7]૨૯ પદ્યોમાં યમકમય રચી છે. એનું આદ્ય પદ્ય નીચે મુજબ છે :

"**भक्त्या सर्वजिनश्रेणिरसंसारमहामया ।**
स्तोतुमारभ्यते बद्धरसं सारमहा मया ॥१॥"

આ સ્તુતિનું નિમ્નલિખિત અંતિમ પદ્ય આશીર્વાદરૂપ છે :–

"**इति सुमनसः श्रीपालकविरचितन (नुत) यः ।**
समस्तजिनपतयः अविनाशिज्ञानदृशो दिशन्तु वः ॥"

---

૧. આનું આદ્ય પદ્ય **ભ. સ્તો. પા. કા. સં.** (ભા. ૨)ની મારી પ્રસ્તાવના (પૃ. ૩૨)માં મેં ઉદ્ધૃત કર્યું છે. એમાં એકંદર ૨૫ પદ્યો છે. આ સ્તોત્ર અપ્રસિદ્ધ હોય એમ લાગે છે.

૨. આ નવ પદ્યનું સ્તોત્ર મુખ્યતયા સ્રગ્ધરામાં રચાયેલું છે. એ **જૈન-સ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૧૯૫-૧૯૭)માં છપાયું છે.

૩. આ કૃતિ "કાવ્યમાલા" (ગુ. ૭)માં છપાઈ છે. વળી એની "જૈન નિત્યપાઠસંગ્રહ"માં નિર્ણયસાગર મુદ્રણાલય તરફથી છઠ્ઠી આવૃત્તિ ઈ. સ. ૧૯૨૫માં છપાઈ છે.

૪. **જૈ. સા. ઈ.** પ્રમાણે આ ટીકા મળતી નથી પણ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૯૯) જોતાં એ ઉપલબ્ધ જણાય છે એટલું જ નહિ પણ એની એક ઉપલબ્ધ હાથપોથીનો પરિચય પણ મેં D C G C M (Vol. XIX, sec. 1, pt. 2. 262-263)માં આપ્યો છે.

૫. જૈન સ્તોત્રસન્દોહ (ભા. ૧ પૃ. ૧૨૧-૧૨૩)આ પ્રકાશિત છે.

૬. પ્રસ્તુત **શ્રી**પાલકૃત વડનગરની પ્રશસ્તિમાં પણ ૨૯ પદ્યો છે અને એની હાથપોથી મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૩૪૧

હેમ સ્તુતિ-સ્તોત્રો

[1]**અન્યયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા**– આના તેમ જ [2]**અયોગ-વ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા**ના પણ કર્તા 'કલિ.' હેમચન્દ્રસૂરિ છે. **સિદ્ધસેન** દિવાકરની દ્વાત્રિંશિકાઓ જોઈ એમણે આ રચના કરી છે એમ જણાય છે. આ બે દ્વાત્રિંશિકાઓ સમભાવભાવી હરિભદ્રસૂરિકૃત લોકતત્ત્વનિર્ણયના ''[3]**પક્ષપાતો ન**

P. ૩૪૨ **મે**''થી શરૂ થતા ૩૮માં પદ્યના સુંદર ભાષ્યની ગરજ સારે છે. **મહાવીરસ્વામી**ની સ્તુતિરૂપ આ બંને દ્વાત્રિંશિકામાં બત્રીસ બત્રીસ પદ્યો છે. પહેલીમાં આદ્ય ૩૧ પદ્યો પૈકી ૨૦માં અને ૨૨માં સિવાયના ઉપજાતિમાં, ૨૦મું અને ૨૨મું ઉપેન્દ્રવજ્રામાં અને અંતિમ શિખરિણીમાં છે જ્યારે બીજીમાં શ્લો. ૧-૧૧, ૧૩-૨૭, ૨૯ અને ૩૦ ઉપજાતિમાં, શ્લો. ૩૧ રથોદ્ધતામાં, શ્લો. ૩૨ શિખરિણીમાં તેમ જ શ્લો. ૧૨નું આદ્ય ચરણ ઇન્દ્રવંશામાં અને બાકીનાં ત્રણ વંશસ્થમાં તથા શ્લો. ૨૮નાં પહેલાં બે ચરણમાં વંશસ્થમાં અને બાકીના બે ઉપેન્દ્રવજ્રામાં છે.

બંને દ્વાત્રિંશિકા દ્વારા વસ્તુ એક જ સિદ્ધ કરાઈ છે પરંતુ માર્ગ ભિન્ન ભિન્ન યોજાયા છે.

અર્થ– 'અન્યયોગ-વ્યવચ્છેદ'નો અર્થ (જૈન તીર્થંકર સિવાયના) અન્ય (દેવો)માં (આપ્તત્વનો) યોગ હોવાનો વ્યવચ્છેદ યાને ખંડન છે, જ્યારે 'અયોગ-વ્યવચ્છેદ'નો અર્થ (જૈન તીર્થંકરોમાં આપ્તત્વના)

---

૧. આ દ્વાત્રિંશિકા **અયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા** સહિત ''કાવ્ય-માલા'' (ગુ. ૭)માં છપાવાઈ છે. એનું ત્રીજનું સંસ્કરણ ઈ. સ. ૧૯૦૭માં બહાર પડ્યું છે. આ મૂળ કૃતિ **સ્યાદ્વાદમંજરી** સહિત ''બૉમ્બે સંસ્કૃત એન્ડ પ્રાકૃત સિરીઝ''માં ઈ. સ. ૧૯૩૩માં પ્રકાશિત કરાઈ છે. એનું સંપાદન ડૉ. **આ**નંદશંકર બાપુભાઈ ધ્રુવે કર્યું છે. વળી આ બંનેનું પ્રકાશન મોતીલાલ લાધાજીએ (હાલ મુનિ કેવલવિજયજીએ) વીરસંવત્ ૨૪૫૨માં કર્યું છે. આ ઉપરાંત આ મૂળ કૃતિની **સ્યાદ્વાદમંજરી** અને એના પ્રો. જગદીશચન્દ્ર જૈને કરેલા હિંદી અનુવાદ તેમ જ **અયોગવ્યવચ્છેદદ્વાત્રિંશિકા** સહિતની બીજી આવૃત્તિ ''રા. જૈ. શા.''માં ઈ. સ. ૧૯૩૫માં છપાવાઈ છે. વિશેષમાં આ મૂળ કૃતિ **અયોગવ્યવચ્છેદ્વાત્રિંશિકા,** એ બંનેની **કીર્તિકલા** નામની સંસ્કૃત વ્યાખ્યા, બંનેના **કીર્તિકલા** નામના હિન્દી ભાષાનુવાદ, મારી ગુજરાતી પ્રસ્તાવના ઈત્યાદિ સહિત ''**શ્રીહેમચન્દ્રાચાર્યવિરચિતદ્વાત્રિંશિકાદ્વયી**''ના નામથી શ્રી. ભાઈલાલ અંબાલાલ પેટલાદવાળાએ વિ. સં. ૨૦૧૫માં છપાવી છે. **સ્યાદ્વાદમંજરીનું** ગુજરાતી ભાષાંતર **હી**રાલાલ **હં**સરાજ તરફથી ઈ. સ. ૧૯૩૦માં છપાવાયું છે. [સાધ્વીશ્રી**સુ**લોચનાશ્રીજી અને પં. **અ**જિતશેખરવિજયજીના ગુજરાતી અનુવાદ સાથે સ્યાદ્વાદમંજરી અલગ અલગ પ્રકાશકો દ્વારા પ્રસિદ્ધ કરાઈ છે. પં. અજીતશેખર વિ.ના અનુવાદની બીજી આવૃત્તિ દિવ્યદર્શને પ્રસિદ્ધ કરી છે.]

૨. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૩. સંપૂર્ણ પદ્ય નીચે મુજબ છે :–

''**પક્ષપાતો ન મે વીરે ન દ્વેષઃ કપિલાદિષુ । યુક્તિમદ્ વચનં યસ્ય તસ્ય કાર્યઃ પરિગ્રહઃ ॥૩૮॥**''

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યોગનો અભાવ હોવાનું ખંડન છે. આમ બે રીતે જૈન તીર્થંકરોનું આપ્તત્વ વિચારવા માટે બે જુદી જુદી દ્વાત્રિંશિકાઓ યોજાઈ છે.

વિષય– શ્લો. ૧ દ્વારા મહાવીરસ્વામીના ચાર અતિશયોનો નિર્દેશ છે. શ્લો. ૪-૨૯માં દાર્શનિક ચર્ચા છે. જેમકે શ્લોક ૪-૧૦માં નૈયાયિક-વૈશૈષિકના નિમ્નલિખિત સિદ્ધાન્તો વિષે ઊહાપોહ છે :–

સામાન્ય-વિશેષ-વાદ, નિત્યાનિત્ય-વાદ, જગત્ કર્તૃત્વ, ધર્મ અને ધર્મીનો એકાન્તે ભેદ, સામાન્યની સ્વતન્ત્ર પદાર્થ તરીકે ગણના, આત્મા અને જ્ઞાનની ભિન્નતા તેમ જ મુક્તિમાં જ્ઞાનનો અભાવ.

શ્લો. ૧૧-૧૨માં જૈમિનીય દર્શનનું– મીમાંસકોની માન્યતાનું ખંડન છે. P. ૩૪૩

શ્લો. ૧૩માં વેદાન્ત દર્શનનું–માયાવાદનું ખંડન છે.

શ્લો. ૧૪માં એકાન્ત-સામાન્ય અથવા એકાન્ત-વિશેષરૂપ 'વાચ્ય-વાચક' ભાવની આલોચના છે.

શ્લો. ૧૫માં સાંખ્યદર્શનનાં મન્તવ્યોની ચર્ચા છે.

શ્લો. ૧૬-૧૯માં બૌદ્ધોના કેટલાક સિદ્ધાન્તોનું– દા. ત. પ્રમાણ અને પ્રમિતિનો અભેદ, જ્ઞાનાદ્વૈતવાદ, શૂન્યવાદ અને ક્ષણભંગવાદનું ખંડન છે.

શ્લો. ૨૦માં ચાર્વાક દર્શનનો વિચાર કરાયો છે.

આમ વિવિધ અજૈન દર્શનોનાં મંતવ્યોની આલોચના દ્વારા એમાં દૂષણો બતાવી એ સિદ્ધ કરાયું છે કે જૈનોના તીર્થંકરો સિવાય અન્ય દર્શનના દેવોમાં આપ્તત્વ ઘટી શકતું નથી, કેમકે એમનામાં અનેકાન્ત દૃષ્ટિનો અભાવ છે.

શ્લો. ૨૧-૨૯માં જૈન દર્શનના પ્રાણરૂપ અનેકાન્તવાદનું અને એની સાથે સંલગ્ન, નયવાદ, સપ્તભંગી, સકલાદેશ અને વિકલાદેશનું નિરૂપણ છે. સંક્ષેપમાં કહું તો સ્યાદ્વાદની સર્વોત્તમતાની અત્ર સિદ્ધિ કરાઈ છે.

અંતના ત્રણ શ્લોકો દ્વારા એવું પ્રતિપાદન કરાયું છે કે જૈન દર્શનનો આશ્રય લેવાથી અજ્ઞાનીઓના અજ્ઞાનનો નાશ થાય છે અને તેમ થતાં તેમનું અધઃપતનથી રક્ષણ થાય છે.

આ દ્વાત્રિંશિકા ઉપર નીચે મુજબની ટીકાઓ છે :–

[1]**સ્યાદ્વાદમંજરી**– આ વિદ્વતાપૂર્ણ ટીકા 'નાગેન્દ્ર' ગચ્છના મલ્લિષેણે શકસંવત્ ૧૨૧૪માં P. ૩૪૪ અર્થાત્ વિ. સં. ૧૩૪૯માં રચી છે. એઓ **ધર્માભ્યુદયના** કર્તા ઉદયપ્રભસૂરિના શિષ્ય થાય છે. એમણે

૧. આ તેમ જ એનાં ભાષાન્તર પ્રકાશિત છે. જુઓ પૃ. ૩૪૧ ટિ. ૧.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનેક અજૈન કૃતિઓનું અવલોકન કરી આ ટીકા રચી સ્યાદ્વાદનું સ્વરૂપ સારી રીતે સમજાવ્યું છે. આ કાર્યમાં એમને **જિનપ્રભસૂરિ**નો સહયોગ મળ્યો હતો.

આ **સ્યાદ્વાદમંજરી** ઉપર ન્યાયાચાર્ય **યશો**વિજયગણિએ [1]**સ્યાદ્વાદમંજૂષા** રચી છે એમ મનાય છે પણ હજી સુધી તો એ મળી આવી નથી.

(૨) **ટીકા**– આના કર્તા 'તપા' ગચ્છના **વા**નર્ષિ છે.

(૩) **આમસ્તુતિવૃત્તિ**– આ આદ્ય અગિયાર પદ્યો પૂરતી અને લગભગ ૨૦૦ શ્લોક જેવડી વૃત્તિ **આ**ગમોદ્ધારકે વિ. સં. ૧૯૮૪ કરતાં પહેલાં રચી છે.

(૪) [2]**કીર્તિકલા**– આ ૯૦૦ શ્લોક જેવડી વ્યાખ્યા શ્રી **કી**ર્તિચન્દ્રવિજયગણિએ (હાલ પંન્યાસ) વિ. સં. ૨૦૧૫માં રચી છે.

અનુવાદો– મૂળ કૃતિનો ગુજરાતી અનુવાદ તેમ જ એના [3]હિન્દી અનુવાદો થયેલા છે.

P. ૩૪૫ [4]**અયોગવ્યવચ્છેદ-દ્વાત્રિંશિકા**– આમાં એના નામ પ્રમાણે ૩૨ પદ્યો છે. જેમ આની પહેલાની દ્વાત્રિંશિકામાં અજૈન મતોનું નિરસન પ્રધાન પદ ભોગવે છે તેમ આમાં જૈન દર્શનનું પ્રતિપાદન અગ્ર ભાગ ભજવે છે.

સન્તુલન–અયોગ.દ્વાદનાં ૬, ૧૪ અને ૨૯ એ ક્રમાંકવાળાં પદ્યો **સિદ્ધસેન** દિવાકરકૃત પ્રથમ દ્વાત્રિંશિકાનાં ૭, ૨૩ અને ૪ પદ્ય સાથે અને એનું ૨૬મું પદ્ય પાંચમી દ્વાત્રિંશિકાના ૨૩માં પદ્ય સાથે વિચારની સમાનતા ધરાવે છે. વળી ૧૬મા પદ્યના એક અંશનું પાંચમી દ્વાત્રિંશિકાના ૨૬માં પદ્ય સાથે સામ્ય જોવાય છે.

ચૌદમા પદ્યનો ''परःसहस्राःशरदस्तंपासि'' થી શરૂ થતો પ્રારંભ **ભ**વભૂતિના **ઉત્તરરામચરિત** (અં. ૧)ના શ્લો. ૧૬ના દ્વિતીય ચરણનું સ્મરણ કરાવે છે.

અન્ય.દ્વા. જેટલી આ **અયોગ.દ્વા.** ગહન નહિ હોવાથી કે અન્ય કોઈ કારણથી આના ઉપર પ્રાચીન સમયમાં કોઈ સંસ્કૃત ટીકા રચાયેલી જણાતી નથી.

[5]**કીર્તિકલા**– આ લગભગ ૬૦૦ શ્લોક જેવડી વ્યાખ્યા **કી**ર્તિચન્દ્રવિજયગણિએ વિ. સં. ૨૦૧૫માં રચી છે.

ભાષાન્તર– મૂળનાં ગુજરાતી અને [6]હિન્દીમાં ભાષાન્તર થયેલાં છે.

---

૧. આની નોંધ મેં **યશોદોહન** (પૃ. ૧૨, ૧૫, ૧૭, ૨૦૭)માં લીધી છે.

૨-૩. આ 'હેમચન્દ્રાચાર્યવિરચિત દ્વા.દ્વયી'ના નામે ભાઈલાલ પેટલાદવાળાએ વિ.સં. ૨૦૧૫માં છપાવી છે.

૪. આ પ્રકાશિત છે (જુઓ પૃ. ૩૪૧ ટિ. ૧) એ પં. (હાલ સૂરિ) **ધુરં**ધરવિજયજી દ્વારા તૈયાર કરાયેલા પદ્યાત્મક ગુજરાતી અનુવાદ અને ભાવાર્થ સહિત કટકે કટકે 'જૈ. ધ. પ્ર.'માં છપાવાઈ છે.

૫-૬. આ બંને પ્રકાશિત છે. જુઓ પૃ. ટિપ્પણ ૨-૩.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૩૪૬ [1]**વીતરાગ-સ્તોત્ર** કિંવા **વિંશતિપ્રકાશ** (લ. વિ. સં. ૧૨૦૦)– આના કર્તા 'કલિ.' **હેમચન્દ્રસૂરિ** છે. આ [2]ભક્તિભાવથી ભરપૂર અને દાર્શનિક ઝલકથી શોભતા સ્તોત્રમાં ૧૮૮પદ્યો છે. એ [3]વીસ પ્રકાશમાં વિભક્ત છે. **અજયપાલ** રાજાના મંત્રી **યશઃપાલે મોહપરાજય-નાટક** (અં. ૫, પૃ.૧ ૨૩) માં આને 'વીસ દિવ્ય ગોળીઓ' કહી છે.

આ સ્તોત્ર પરમાર્હત **કુમારપાલને** માટે એ 'જૈન' થયા બાદ રચાયું છે. એ ઉપરથી એના સમયનો ક્યાસ કાઢી શકાય.

P. ૩૪૭ **વિષય**– પ્ર. ૩-૫માં અતિશયોનું પ્ર. ૯માં 'કલિ' યુગના ગૌરવનું અને પ્ર. ૧૪માં યોગના માહાત્મ્યનું વર્ણન છે.

પ્ર. ૧૦, ૧૩, ૧૬ અને ૧૭ ભક્તિપ્રધાન છે.

પ્ર. ૭માં ઈશ્વરને જગત્કર્તા માનનારની દલીલોના રદિયા અપાયા છે.

પ્ર. ૮માં એકાન્તવાદના પરિહારપૂર્વક અનેકાન્તવાદનાં સ્થાપન અને નિરૂપણ કરાયાં છે.

આ [4]'હૃદયસ્પર્શી આર્ષ સર્જન'માં કોઈ કોઈ સ્થળે ઉપનિષદ્‌ની અસર જોવાય છે. દા. ત. પ્ર. ૧, શ્લો. ૧ ને ૪માં અને પ્ર. ૧૧, શ્લો. ૩-૪માં.

ટીકાઓ– આ સ્તોત્ર ઉપર નીચે મુજબની ટીકાઓ છે :–

(૧) [5]**દુર્ગપદપ્રકાશ**– આ ૨૧૨૫ શ્લોક જેવડી ટીકાના રચનાર 'ખરતર' ગચ્છના

---

૧. ''આ સ્તોત્ર **પ્રભાનન્દસૂરિ** અને **સો**મોદયગણિની એકેક ટીકા તેમ જ પદ્યાનુક્રમણિકાદિ સહિત'' દે. લા. જૈ. પુ. સં.'' તરફથી વિ. સં. ૧૯૯૮માં છપાયું છે. આ સંસ્થા તરફથી એની દ્વિતીય આવૃત્તિ મુનિશ્રી **ચન્દ્રપ્રભસાગરજી**ના ગુજરાતી અનુવાદ સહિત ઈ. સ. ૧૯૪૯માં છપાવાઈ છે. આ સ્તોત્ર **કર્પૂરવિજયજી**ના ગુજરાતી અનુવાદ, શ્રી **સાં**કલચંદ પિતાંબરદાસ શાહના પદ્યોત્મક-મુખ્યતયા હરિગીતમાં કરાયેલા ગુજરાતી અનુવાદ, **મહાદેવ-સ્તોત્ર,** એ સ્તોત્રના કર્પૂરવિજયજીએ કરેલા ગુજરાતી અનુવાદ અને ઉપર્યુક્ત સાંકલચંદ પિ. શાહે હરિગીતમાં કરેલા પદ્યાત્મક અનુવાદ તેમ જ આ **શાહે** હરિગીતમાં ગુજરાતીમાં કરેલા પરમાર્હત **કુમારપાલકૃત દ્વાત્રિંશિકાના** અને **રત્નાકરપંચવિંશતિકાના** અનુવાદો સહિત સાં. પી. શાહ તરફથી ઈ. સ. ૧૯૨૩માં છપાયેલું છે. આ સ્તોત્ર ગુજરાતી અનુવાદ સહિત ''જૈન શ્રેયસ્કર મંડળ'' તરફથી ઈ. સ. ૧૯૪૯માં છપાયું છે. **આગમોદ્ધારકે** આ **વીતરાગસ્તોત્રનો** ગુજરાતી પદ્યાત્મક અનુવાદ છઠ્ઠા પ્રકાશના સાતમા પદ્ય સુધીનો જે કર્યો હતો તે **આરાધના-માર્ગમા** વિ. સં. ૨૦૦૬માં છપાયો છે.

૨. જુઓ પ્ર. ૧૦, ૧૩, ૧૬ અને ૧૭

૩. આ ઉપરથી એનું **વિંશતિપ્રકાશ** એવું બીજું નામ યોજાયું લાગે છે.

૪. જુઓ **હેમસમીક્ષા** (પૃ. ૨૪૪)

૫. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિ. ૧. [આ આ. **પ્રભાનન્દસૂરિ**ની ટીકા અને અવચૂરિ અને આ. **રા**જશેખરસૂરિજીના ગુજરાતી અનુવાદ સાથે અરિહંત પ્રકાશન ભીવંડીથી બહાર સં.૨૦૫૭ માં પડેલી છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]દેવભદ્રસૂરિના પટ્ટધર **પ્રભાનન્દસૂરિ** છે. **ઉસભપંચાસિયા** ઉપર **લલિતોક્તિ** નામની વૃત્તિ રચનાર પ્રભાનન્દસૂરિ આ જ છે.

(૨) [2]**ટીકા**– આના કર્તા વિશાલરાજના શિષ્ય **સોમોદયગણિ** છે. એમણે આ ટીકા વિ. સં. ૧૫૧૨માં રચી છે.

P. ૩૪૮ (૩) **ટીકા**– **રાજસાગરે** આ ટીકા ૬૨૫ શ્લોક જેવડી રચી છે.

(૪) **ટીકા**– આના કર્તા **માણિક્યગણિ** છે.

(૫) **કઠિનબૃહદ્વૃત્તિ**– આના કર્તાનું નામ જાણવામાં નથી.

અવચૂરિઓ– આ નીચે મુજબ છે :–

(૧) **અવચૂરિ**– મહેન્દ્રના શિષ્ય **મેઘરાજે** આ અવચૂરિ વિ. સં. ૧૫૧૦માંરચી છે.

(૨) **અવચૂરિ**– આની રચના **નયસાગરગણિએ** કે **જૈ. ગ્રં.** પ્રમાણે **નન્દિસાગરે** વિ. સં. ૧૫૨૫માં કરી છે.

(૩-૪) **અવચૂરિ**– આ બંનેના કર્તાનાં નામ જાણવામાં નથી.

[3]**સ્યાદ્વાદરહસ્ય**– આ ન્યાયાચાર્ય **યશોવિજયગણિએ** આઠમા પ્રકાશ ઉપર રચેલી લઘુ, મધ્યમ અને બૃહત્ એ ત્રણે ટીકાઓનું નામ છે.

[4]**સકલાર્હત્** કિંવા [5]**બૃહચ્ચૈત્યવન્દન**– આના કર્તા 'કલિ.' **હેમચન્દ્રસૂરિ** છે. આ લઘુ સ્તોત્ર
P. ૩૪૯ [6]૩૩ પદ્યમાં રચાયાનું મનાય છે. આ અર્થધન સ્તોત્રનો પ્રારંભ 'સકલાર્હત્'થી થતો હોવાથી એનું આ

૧. એમના ગુરુ 'રુદ્રપલ્લીય' ગચ્છના **અયદેવસૂરિએ** વિ. સં. ૧૨૭૮માં **જયન્તવિજય** નામનું કાવ્ય રચ્યું છે. વળી આ દેવભદ્રસૂરિએ વિ. સં. ૧૩૦૨માં **આદિનાથના** બિંબની પ્રતિષ્ઠા કરી હતી.

૨. "દે. લા. જૈ. પુ. સં." દ્વારા આ પ્રકાશિત છે.

૩. આનો પરિચય મેં **યશોદોહન** (પૃ. ૧૭, ૩૩, ૬૨, ૮૬, ૧૬૩-૧૭૧)માં આપ્યો છે. [આ ત્રણે ટીકાઓ મુનિ યશોવિજયજીના સંપાદનપૂર્વક દિવ્યદર્શન ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત છે. આ યશોદેવસૂરિદ્વારા સંપાદિત ત્રણેય ટીકાઓ યશોભારતી પ્ર. મુંબઈથી પ્રસિદ્ધ છે.]

૪. આ સ્તોત્ર "શ્રાદ્ધ પંચ-પ્રતિક્રમણ-સૂત્રો"નાં વિવિધ પ્રકાશનોમાં છપાયેલું છે. વળી એના ગુજરાતી અને હિંદી અનુવાદ પણ પ્રકાશિત થયેલાં છે. વિશેષમાં આ સ્તોત્ર **કનકકુશલની** ટીકા સહિત "જૈ. આ. સ." તરફથી ઈ. સ. ૧૯૪૧માં પ્રસિદ્ધ થયેલું છે. **હિમાંશુવિજયજીએ** "સકલાર્હતની મહત્ત અને આલોચના" નામનો લેખ લખ્યો છે. એ "શ્રીવિજય ધર્મસૂરિ જૈન ગ્રંથમાલા" (પુ. ૪૬ પૃ. ૩૯૭-૪૧૦)માં છપાયો છે. આ પ્રમાણેની નોંધ **હેમસમીક્ષા** (પૃ. ૨૪૬)માં છે પણ આ લેખ મારા જોવામાં આવ્યો નથી.

૫. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪૦૮)માં આ નામાંતર પણ છે. સાથે સાથે આમાં ૨૫ પદ્ય હોવાનો ઉલ્લેખ છે. **હેમસમીક્ષા** (પૃ. ૨૪૬)માં ૩૫નો છે અને ચાર (નહિ કે બે) પદ્યો **પરિશિષ્ટપર્વમાં** પ્રારંભમાં હોવાનો વિલક્ષણ (ચિન્ત્ય) ઉલ્લેખ છે.

૬. કોઈ કોઈ હાથપોથીમાં ૨૭, ૨૮ તેમ જ ૩૬ પદ્યો જોવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નામ પડ્યું છે. એના પ્રથમના બે પદ્યો દ્વારા આર્હન્ત્ય (તીર્થંકરત્વ) અને અર્હંતોને અનુક્રમે વંદન કરાયું છે. ત્યાર પછીનાં ૨૪ પદ્યો ઋષભદેવથી માંડીને મહાવીરસ્વામી સુધીના ૨૪ જિનવરોની સ્તુતિ-રૂપે છે. **जयति० वीरः सर्व०, अवनि० देवोऽनेक०** અને **ख्यातोऽष्टापद०**થી શરૂ થતાં પાંચ પદ્યો અન્યકર્તૃક છે.

સન્તુલન– પ્રથમનાં [૧]૨૫ પદ્યો અને ૨૭મું પદ્ય હેમ **ત્રિષષ્ટિ.માં** મંગલાચરણરૂપે અને ૨૬મું તેમ જ ૩૧મું એ બે પદ્યો **પરિશિષ્ટ-પર્વના** પ્રારંભમાં મંગલ-શ્લોકો તરીકે જોવાય છે. **સુવિધિનાથની** સ્તુતિરૂપ અગિયારમું પદ્ય **માણિક્યવિદેવસૂરિકૃત યશોધર-ચરિત્રમાં** મંગલાચરણ તરીકે નજરે પડે છે. [આ **ય. ચ.** ''હર્ષપુષ્પા.''માં છપાયું છે.] **''जयति''**થી શરૂ થતું ૨૮મું પદ્ય **દસવેયાલિયની** હારિભદ્રીય ટીકા (પત્ર ૧ અ)માંના મંગલાચરણરૂપ પદ્યનું અંશતઃ પરિવર્તન કરી યોજાયેલું હોય એમ જણાય છે. **''ख्यातोऽष्टापद''**થી શરૂ થતું ૩૩મું પદ્ય **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૧-૩)માં ધર્મસૂરિએ જે ૧૫ પદ્યોનું [૨]**મંગલસ્તોત્ર** રચ્યું છે તેના આઠમા પદ્ય સાથે અક્ષરશઃ મળે છે.

પ્રથમ પદ્યના તૃતીય ચરણમાં 'ભૂર્ભુવસ્વસ્' એવો જે શબ્દગુચ્છ છે તે **ગાયત્રી**માં P. ૩૫૦ જોવાય છે.

ઉપયોગ– પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણો કરતી વેળા ચૈત્યવન્દન તરીકે આ સ્તોત્રનો ઉપયોગ 'તપા' ગચ્છના તો તમામ જૈનો–શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ કરે છે. વળી આડે દહાડે પણ કેટલાંક ચૈત્યવન્દન તરીકે આ બોલે છે. આને લઈને કે પછી કોઈ અન્ય કારણસર આ સ્તોત્રનું નામ **બૃહચ્ચૈત્યવન્દન** પડ્યું છે.

વૃત્તિઓ– આ **सकलार्हत्** ઉપર ત્રણ વૃત્તિઓ છે :–

(૧) **વૃત્તિ**– વિજયસેનસૂરિના શિષ્યાણુ અને **સોમ**કુશલના શિષ્ય **કનક**કુશલે ઈ. સ. ૧૬૫૪માં આ રચી છે.[૩]

(૨) **ટીકા**– આના કર્તા **ગુણપ્રભ**સૂરિ છે.

(૩) **ટીકા**– આના કર્તાનું નામ જાણવામાં નથી.

[૪]**પદ્યાત્મક અનુવાદ**– આ 'સકલાર્હત્' સ્તોત્રના ૩૩ પદ્યોનો મેં સમશ્લોકી અનુવાદ ગુજરાતીમાં કર્યો છે.

---

૧. D C G C M (Vol. XVII, pt. 4, p. 156)પ્રમાણે પહેલાં ૨૫ પદ્યો અને ૨૮મું પદ્ય એમ ૨૬ પદ્યો સમજવાં. એનો અંગ્રેજી અનુવાદ ડૉ. હેલેન એમ. **જોન્સ**ને કર્યો છે અને એ ત્રિષષ્ટિ.નો જે એમણે અંગ્રેજી અનુવાદ કર્યો છે અને જ G O S ઈ. સ. ૧૯૩૧માં છપાવાયો છે તેમાં પૃ. ૧૦૭માં જોવાય છે.

૨. આની વિ. સં. ૧૮૩૯માં લખાયેલી હાથપોથી મળે છે.

૩. ''જૈ. આ. સ.'' દ્વારા આ વૃત્તિ છપાયેલી છે. એમાં ૨૬ જ પદ્યો પૂરતું સ્પષ્ટીકરણ છે.

૪. આ અનુવાદ ''દિગંબર જૈન'' (વ. ૪૬, અં. ૭)માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૩૫૧

[1]**મહાદેવ-સ્તોત્ર** (ઉ. વિ. સં. ૧૨૨૯)– આના કર્તા પણ 'કલિ.' **હેમચન્દ્રસૂરિ** છે. એમણે આ સ્તોત્ર ૪૪ પદ્યોમાં રચ્યું છે પહેલાં ૪૩ પદ્યો 'અનુષ્ટુભ્' માં છે અને [2]છેલ્લું આર્યામાં છે. હરિભદ્રસૂરિકૃત **મહાદેવાષ્ટક** ઉપરથી આ રચના સ્ફુરી હશે. એ દ્વારા એમણે 'મહાદેવ ખરી રીતે કોને કહેવાય ?' એ વાત રજૂ કરી છે. આ સ્તોત્ર એમની બે દ્વાત્રિંશિકા તેમ જ **વીતરાગ-સ્તોત્રના** જેવું પ્રૌઢ નથી. એની રચના પાછળ પાશુપતોનું પ્રાબલ્ય અને રાજા તેમ જ પ્રજાનો સોમનાથના જ્યોતિર્લિંગ તરફનો સદ્‌ભાવ કારણરૂપ હશે.[3]

[**ચતુર્વિંશતિજિનસ્તવન**– ભુવનહિતાચાર્ય. સં.વિનયસાગર.

'અનુસન્ધાન' ૨૫માં છપાયું છે. આમાં ક્રમશઃ ૮ થી ૩૧ અક્ષરના છંદમાં સ્તુતિઓ છે. દરેકમાં છંદનું નામ અને ભગવાનનું નામ છે.]

[4]**અનુવાદકો**– આ સ્તોત્રનો **કર્પૂરવિજયજી**એ ગદ્યમાં અને સાંકલચંદ પિ. શાહે પદ્યમાં અનુવાદ કર્યો છે. એ બંને ગુજરાતીમાં છે.

[**સ્તુતિત્રયી** આ.કુંદકુંદસૂરિ.ચંદુલાલ મ.અમદાવાદ ૨૦૩૭

આનન્દરત્નાકર– આગમોદ્ધારકે લખેલી સંસ્કૃત પ્રસ્તાવનાનો સંગ્રહ. પ્રકા. ''આગમોદ્ધારક ગ્રંથમાળા'' વિ.સં. ૨૦૨૮

ભદ્રંકરસાહિત્યસન્દોહ– પ્ર.''ભુવનભદ્રંકર સા. પ્ર.'' મદ્રાસ. વિ.સં. ૨૦૪૩.

અર્હદ્‌ભક્તિભાવના (સ્તુતિ ચતુર્વિંશિકા) સા. હંસાશ્રી પ્ર. જૈનસંઘ માલેગાંવ વિ.સં. ૨૦૪૦

વીતરાગભક્તિ પ્ર.અમૃતપુણ્યોદય જ્ઞાનમાળા પાલીતાણા વિ.સં. ૨૦૨૭

જિનસ્તોત્રકોશ સંપા.આ.ચન્દ્રોદયસૂરિ તપગચ્છ પ.પૂ.જૈન સંઘ મુંબઈ સં.૨૦૧૪

સ્વાધ્યાયદોહન સં. આ કનકચન્દ્રસૂરિ પ્ર. ''વિશ્વમંગલ પ્ર.'' પાટણ વિ.સં. ૨૦૪૩.

ભુવનકાવ્યકેલી– આ ભુવનતિલકસૂરિ. પ્ર. લ. જૈ.સા. છાણી સં. ૨૦૨૯

ચૈત્યવંદનચતુર્વિંશતિકા કર્તા આ. **શીલચન્દ્રસૂરિ**. પ્ર. કાંતીલાલ મહેતા સાણંદ સં. ૨૦૨૦

સિન્દૂરપ્રકર મુનિ જયાનન્દવિ. ''ગુરુરામચન્દ્ર પ્ર.સ.'' ભીનમાલ સં. ૨૦૫૦

ચૈત્યવન્દનસંગ્રહ સંપા. મુનિ દીપરત્નસાગર પ્ર. અભિનવ શ્રુત પ્ર. જામનગર સં. ૨૦૪૫.

સ્તોત્રરાસસંહિતા સંશો. ચન્દ્રપ્રભસા. પ્ર. સિદ્ધરાજ જૈન કલકત્તા ઈ.સ. ૧૯૮૬.

સુલભકાવ્ય પ્રવેશિકા સંપા. પં. વજસેનવિ. પ્ર. ભદ્રંકરપ્રકાશન સં. ૨૦૫૧ ?]



૧. આ સ્તોત્ર ગુજરાતી ભાષાંતર તેમ જ મૂળના પ્રત્યેક પદ્યને અંગેના ગુજરાતી પદ્ય સહિત ''શ્રીમાંગરોળ જૈન સભા'' તરફથી ઈ. સ. ૧૯૦૬માં છપાયું છે. આ પૂર્વે પણ એ છપાયું છે. જુઓ પૃ. ૨૧૩ ટિ. ૧.

૨. આ પદ્ય **સોમનાથ**નાં દર્શનના પ્રસંગે કહેવાયું હતું એવો પ્ર. ચિ. (ભા. ૧, પ્ર. ૪ પૃ. પૃ. ૮૫, સિંઘી)માં ઉલ્લેખ છે.

૩. જુઓ **હેમસમીક્ષા** (પૃ. ૨૪૫)

૪. આ છપાયા છે. જુઓ પૃ. ૨૧૩ ટિ. ૧ તેમજ ઉપરનું ટિ. ૧.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકરણ ૨૯ : શ્રવ્ય કાવ્યો

P. ૩૫૨

(ઋ) સ્તુતિ-સ્તોત્રો (ચાલુ)

હવે આપણે આ પ્રકરણનો પ્રારંભ તીર્થંકરાદિનાં એક હજાર નામો રજૂ કરતી કૃતિઓથી કરીશું.

[1]**જિનસહસ્રનામસ્તોત્ર**[2]– આ દિ. જિનસેનચાર્યકૃત **આદિપુરાણ**ના એક અંશરૂપ છે અને એમાં દસ શત છે. આ વિષયની છ સ્વતંત્ર કૃતિઓ તો નીચે મુજબ છે :–

(૧) [3]**અર્હન્નામસહસ્રમુચ્ચય** યાને **જિનસહસ્રનામસ્તોત્ર** (ઉ. વિ. સં. ૧૨૨૯)– આ સ્તોત્ર 'કલિ.' હેમચન્દ્રસૂરિની રચના છે એમ કેટલાક માને છે. એના પ્રથમ-શત-પ્રકાશ, દ્વિતીય-શત-પ્રકાશ એમ દશમ-શત-પ્રકાશ એમ દસ પ્રકાશ પડાયા છે. પ્રથમ શતકના દ્વિતીય પદ્યમાં તેમ જ દસમાં શતકના તેરમાં પદ્યમાં અરિહંતના ૧૦૦૮ નામનો ઉલ્લેખ છે જ્યારે દસમા પ્રકાશના શ્લો. ૧૪માં ''જિનનામસહસ્રક'' દ્વારા એક હજાર નામનો નિર્દેશ છે આથી ૧૦૦૮ નામ છે કે બરાબર એક હજાર P. ૩૫૩
જ નામ છે તે તપાસવાનું રહે છે.

દસમાં પ્રકાશના શ્લો. ૧૪-૧૯માં આ સ્તોત્રનાં શ્રવણ, પઠન અને જાપનાં ફળનો નિર્દેશ છે.

(૨) [4]**જિનસહસ્રનામસ્તોત્ર** (વિ. સં. ૧૨૮૭)– દિ. **સલ્લક્ષણ**ના પુત્ર (**કલિકાલિદાસ**) **આશાધર**ે વિ. સં. ૧૨૮૭માં આ સ્તોત્ર સંસ્કૃતમાં રચ્યું છે. એનો પ્રચાર બુદેલખંડમાં છે. આ સ્તોત્રના પણ ઉપર્યુક્ત **જિનસેનાચાર્યકૃત આદિપુરાણ** સ્તોત્રની પેઠે દસ શત છે.

સ્વોપજ્ઞ વૃત્તિ– પ્રસ્તુત સ્તોત્ર ઉપર કર્તાએ જાતિ વૃત્તિ રચી છે. પણ એ હજી સુધી તો મળી આવી નથી.

ટીકાઓ– દિ. **શ્રુતસાગરે** તેમ જ અન્ય કોઈએ પણ આ સ્તોત્ર ઉપર એકેક ટીકા રચી છે.

(૩) **જિનસહસ્રનામસ્તોત્ર (વિક્રમનો ૧૫મો સૈકો)**– દિ. **સકલકીર્તિએ** આ સ્તોત્ર ૧૩૮ પદ્યોમાં રચ્યું છે.

(૪) **જિનસહસ્રનામસ્તોત્ર, અર્હન્નામ (સહસ્ર)– સમુચ્ચય** કિંવા **અર્હત્સહસ્રનામ** (વિ. સં. ૧૬૫૮)– **કલ્યાણવિજયગણિ**ના શિષ્ય **દેવવિજયગણિ**એ વિ.સં. ૧૬૫૮માં આ સ્તોત્ર રચ્યું છે.

---

૧. આ જાતની કૃતિઓની માહિતી મેં ''જિનસહસ્રનામસ્તોત્ર નામની કૃતિઓ'' નામના મારા લેખમાં આપી છે. આ લેખ ''દિગંબર જૈન'' (વ. ૪૪, અં. ૧૦-૧૧)માં છપાયો છે.

૨. 'જૈન ગ્રંથરત્ન કાર્યાલય' દ્વારા આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૬૬ ટિ. ૧.

૩. **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૧૩)માં 'કલિ.' હેમચન્દ્રસૂરિને નામે આ **અર્હન્નામસહસ્રસમુચ્ચય** છપાયો છે.

૪. આ જૈનગ્રંથરત્ન કાર્યાલય વ. તરફથી પ્રકાશિત છે. જુઓ પૃ. ૬૬ ટિ. ૧.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ટીકા– આ કર્તાએ જાતે વિ. સં. ૧૬૯૮માં રચી છે. આની તેમ જ મૂળની એકેક હાથપોથી છાણીના ભંડારમાં છે.

P. ૩૫૪ (૫) [1]**જિનસહસ્રનામસ્તોત્ર** યાને **અર્હન્નમસ્કારસ્તોત્ર** (વિ. સં. ૧૭૩૧)– વાચક **કીર્તિવિજય**ના શિષ્ય **વિનયવિજય**ગણિએ ૧૪૯ પદ્યોમાં આ સ્તોત્ર વિ. સં. ૧૭૩૧માં રચ્યું છે. ૧૪૬મા પદ્યમાં અરિહંતોને એક હજાર "નમસ્કાર" કરવાનો ઉલ્લેખ છે. એ ઉપરથી આ સ્તોત્રનું કોઈકે **અર્હન્નમસ્કારસ્તોત્ર** એવું નામ યોજ્યું હશે એમ લાગે છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૬)માં આ નામથી તેમ જ પૃ. ૧૩૮માં **જિનસહસ્રનામસ્તોત્ર** તરીકે પણ આનો ઉલ્લેખ છે પરંતુ આ બંને એક જ કૃતિ છે ઓવો નિર્દેશ નથી.

૧૪૫મું પદ્ય એ નમસ્કારનો મહિમા સૂચવે છે. આ પદ્ય "सिद्धाणं बुद्धाणं"ની ત્રીજી ગાથા છે. "**तथा चाहुः**" પૂર્વક રજૂ કરાઈ છે અને ૧૪૯ પદ્યની કૃતિમાં એનો ૧૪૫મો ક્રમાંક અપાયો છે.

પહેલેથી ૧૪૪ સુધીના પદ્યો 'ભુંજગી' છંદમાં છે.

૧-૧૪૩ પદ્યો પૈકી પ્રત્યેકનું ચોથું ચરણ સમાન છે અને એ નીચે મુજ છે :–

"नमस्ते नमस्ते नमस्ते नमस्ते"

૧-૧૪૩ પદ્યોમાંના દરેક પદ્યમાં સાત સાત વાર 'नमस्ते'નો પ્રયોગ છે. એ હિસાબે એક હજાર ને એક નમસ્કાર થાય છે.

૨૧મા પદ્યથી ૧૧૭માં સુધીના પદ્યોમાં તીર્થંકરોને અંગે ગર્ભવાસથી માંડીને એમના નિર્વાણસમય P. ૩૫૫ સુધીમાં જે વિશિષ્ટ પ્રસંગો ગણાવવા જેવા કર્તાને લાગ્યા તેનું ક્રમસર વર્ણન છે. આમ આ કૃતિ એક રીતે સમસ્ત તીર્થંકરોની સમાન ભૂમિકાનું ચિત્ર ખડું કરે છે. આના પછી દસે ક્ષેત્રના ત્રણે કાળની ચોવીસીઓના તીર્થંકરોને તેમ જ વીસ વિહરમાન તીર્થંકરોને નમસ્કાર કરાયેલ છે.

(૬) **જિનસહસ્રનામસ્તોત્ર**– આ કૃતિનો પ્રારંભ **"स्वयम्भुवे नमस्कृत्य"**થી કરાયો છે. એમાં ૧૬૦ પદ્યો છે. આના કર્તા વિષે કશી ખબર નથી. આની કેટલીક હાથપોથીઓ ભાં. પ્રા. સં. મં.માં છે.

ટીકાઓ– દિ. **અમરકીર્તિ**, દિ. **વિશ્વસેન** અને દિ. **શ્રુતસાગરસૂરિ**એ ત્રણની ટીકા ઉપરાંત કોઈકે એક ટીકા રચી છે. આમ આ સ્તોત્ર ઉપર ચાર ટીકાઓ છે.

પાર્શ્વનાથસહસ્રનામ– 'અંચલ' ગચ્છના **કલ્યાણસાગરસૂરિ**એ આ કૃતિ રચી છે. આની એક હાથપોથી છાણીના ભંડારમાં છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૪૭)માં ઉલ્લેખ છે. 'અંચલ' ગચ્છના **ધર્મમૂર્તિ**ના શિષ્ય **કલ્યાણસાગર**ગણિએ **પાર્શ્વનાથ-અષ્ટોત્તર-શતનામ** એ નામની કૃતિ રચ્યાનો અહીં

---

૧. આ સ્તોત્ર અમદાવાદના "વીર સમાજ" તરફથી છપાવાયું હતું. ત્યાર બાદ "જૈ. ધ. પ્ર. સ." તરફથી આ મૂળ કૃતિ ગુજરાતી અનુવાદ તેમ જ **વિનયવિલાસ** (પદ ૯ અને ૧૨), "સંસ્કૃત" **શકસ્તવ** તથા "આત્મરક્ષાકર" **નમસ્કારમંત્ર** સહિત વિ. સં ૧૯૯૪માં પ્રકાશિત કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉલ્લેખ છે. આમ બે કૃતિની નોંધ છે પણ એ બંને એક જ છે એવો નિર્દેશ અહીં કરાયો નથી પરંતુ કર્તાનું નામ જોતાં એમ માનવા હું પ્રેરાઉ છું.

પદ્માવતી સહસ્રનામસ્તોત્ર– પદ્માવતી દેવીના– **પાર્શ્વનાથના** તીર્થની શાસનદેવીનાં ૧૦૦૦ નામો રજૂ કરતી આ કૃતિની નોંધ ઉપર્યુક્ત **જિ. ૨. કો. વિ.** ૧, પૃ. ૨૩૫)માં લેવાઈ છે.

આ અજ્ઞાતકર્તૃક [૧]સ્તોત્રનો પ્રારંભ ''**प्रणम्य परया**''થી કરાયો છે. આ સ્તોત્ર નિમ્નિલિખિત નામવાળા દસ અંશોમાં વિભક્ત કરાયું છે.

(૧) પદ્માવતીશત, (૨) મહાજ્યોતિર્મતી, (૩) જિનમાતાશત, (૪) વજ્રહસ્તાશત, (૫) કામદાશત, (૬) સરસ્વતીશત, (૭) ભવનેશ્વરીશત, (૮) લીલાવતીશત, (૯) ત્રિનેત્રાશત અને (૧૦) ચક્રેશ્વરીશત.[૨]

આમાં અનુક્રમે ૧૪, ૧૨, ૧૨, ૧૨, ૧૩, ૧૧, ૧૧, ૧૧, ૧૧ અને ૧૩ પદ્યો છે. એની કુલ સંખ્યા ૧૨૦ છે. દસમા 'શત' પછી ૧૧ પદ્યો છે. એના આદ્ય પદ્યમાં પદ્માવતીનાં ૧૦૦૮ નામો હોવાનો ઉલ્લેખ છે અને અંતમાં ચાર મંત્રો વગેરે લખાણ ગદ્યમાં છે.

[૩]**પદ્માવતીસ્તોત્ર**– આના પ્રારંભમાં ૩૭ પદ્યો પૈકી આદ્ય પદ્યની શરૂઆત ''**श्रीमद्गीर्वाणचक्र**''થી કરાઈ છે. એનું [૪]પંદરમું પદ્ય વિંશતિયન્ત્રવિધિમાં કંઈક પાઠભેદપૂર્વક જોવાય છે એ અને એ પદ્યનું વિવરણ મેઘવિજયગણિએ કર્યું છે.[૫] ઉપર્યુક્ત ૩૭મા પદ્ય પછી આહ્વાન, અષ્ટક, પ્રત્યેકપૂજા, જાપ, જયમાલા, પદ્માવતીદંડક અને નવ પદ્યમય અને મંત્રાક્ષરોથી મંડિત પદ્માવતી-પટલને સ્થાન અપાયું છે.

[૬]**પદ્માવતી-સ્તોત્ર**– આ તેર પદ્યોની કૃતિનો પ્રારંભ ''**जय जय जगदानन्द**'' થી કરાયો છે.

[૭]પદ્માવતી-સ્તુતિ– આ ૨૫ પદ્યની સ્તુતિના પ્રણેતા 'મુનિચન્દ્રનાથ' છે એમ એના ૨૨મા અને ૨૪મા પદ્યમાંના એ શબ્દો જોતાં અનુમનાય છે. ૨૩મા અને ૨૫મા પદ્યમાં 'મુનિચન્દ્ર' એવો નિર્દેશ છે. આ સ્તુતિનાં પહેલાં ૨૧ પદ્યો પૈકી પ્રત્યેકનો પ્રારંભ કોઈક એક જ અક્ષર ત્રણ વાર આપી કરાયો છે. જેમ કે પ્રથમ પદ્યનો પ્રારંભ 'ૐ ૐ ૐ'થી કરાયો છે. દ્વિતીયનો 'સં સં સં'થી અને તૃતીયનો 'ઇં ઇં ઇં'થી એકંદર બાવન અક્ષરો છે. એનો અમુક ક્રમ શા માટે રખાયો છે તે જાણવું બાકી રહે છે.

---

૧. આ **ભૈ. પ. ક.**માં આઠમા પરિશિષ્ટ તરીકે પૃ. ૪૭-૫૬માં છપાયું છે.

૨. પ્રથમ 'શત' સિવાયના બાકીનાનો પ્રારંભ તે તે 'શત' ગત આદ્ય શબ્દથી કરાયો છે. પ્રથમ 'શત'નું ત્રીજું પદ્ય 'પદ્માવતી'થી શરૂ કરાયું છે

૩. આ **ભૈ. પ. ક.** (પૃ. ૨૬-૩૮)માં પાંચમા પરિશિષ્ટ તરીકે પ્રસિદ્ધ કરાયું છે.

૪. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૨, ઉપખંડ ૨-૪, પૃ. ૨૫૪). એમાં ચન્દ્ર પછી ચન્દ્ર શબ્દ છાપવો રહી ગયો છે. [આ સંસ્કરણમાં ઉમેર્યો છે.]

૫. એજન, પૃ. ૨૫૫.

૬. આ **ભૈ. પ. ક.** (પૃ. ૫૭)માં નવમા પરિશિષ્ટ તરીકે છપાયું છે.

૭. આ **ભૈ. પ. ક.** (પૃ. ૩૯-૪૨)માં છઠ્ઠા પરિશિષ્ટ તરીકે છપાવાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**પદ્માવતીસ્તોત્ર**– આ શ્રીધર નામના આચાર્યે દસ પદ્યોમાં રચ્યું છે. એની શરૂઆત ''ઊઁ જયન્તીમ''થી કરાઈ છે.

[2]**પદ્માવતીકવચ**– આ ૧૫ પદ્યોની કૃતિ કોઈકે રચી છે. એનો પ્રારંભ 'भगवन्!'થી કરાયો છે.

[3]**દેવીસ્તોત્ર**– આ અજ્ઞાતકર્તૃક સ્તોત્રમાં ૭૪ પદ્યો છે. એનો પ્રારંભ ''श्रीशारदे नमस्तुभ्यं''થી કરાયો છે. આ સ્તોત્રની શરૂઆત શારદા યાને સરસ્વતીની ૧૪ પદ્યો દ્વારા સ્તુતિથી કરાઈ છે. ત્યાર બાદ લક્ષ્મીનાં નામો, યોગિનીનાં રૂપો તેમજ ચંડિકા વગેરે નામો રજૂ કરાયાં છે.

[4]**પઠિતસિદ્ધ-સારસ્વત-સ્તવ**– આ સ્તવ સાધ્વી **શિવાર્યા**એ નવ પદ્યમાં રચ્યો છે. એનો પ્રારંભ ''व्याप्तानन्त''થી કરાયો છે. આઠમા પદ્યમાં 'साध्वी शिवार्या' એવો ઉલ્લેખ છે. નવમાં પદ્યમાં આ સ્તવને 'સ્પષ્ટપાઠ-અષ્ટક' કહ્યો છે. એમાં કેટલાક મંત્રાક્ષરો છે.

સૂર્યસહસ્રનામસ્તોત્ર– આના કર્તા **ભાનુચન્દ્રગણિ** છે. એમણે જાતે આના ઉપર વૃત્તિ રચી છે પરંતુ એની એકે હાથપોથી **જિ. ૨. કો.માં** આ નામે તો નોંધાયેલી નથી જો કે મૂળ [5]કૃતિ છપાયેલી મળે છે અને તેમાં ગદ્યમાં સૂર્યનાં હજાર નામ છે. એના પ્રારંભમાં સૂર્યને નમસ્કારરૂપ એક પદ્ય છે. અંતમાં ચાર પદ્યો છે. [સ્વોપજ્ઞટીકા સાથે **સૂર્યસહસ્રનામ**નું સંપાદન આ. **ધર્મધુરન્ધરસૂરિ** કરી રહ્યા છે. એમાં અન્ય બે આવી કૃતિઓ પણ સાથે જોડવામાં આવી છે. આની પ્રસ્તાવના આ. **મુનિચન્દ્રસૂરિએ** લખી છે. **સિદ્ધસહસ્રનામકોશ** ઉપા. **યશોવિજયગણી**. પ્ર. ''યશોભારતી પ્રકાશન'']

[6]**સાધારણ-જિન-સ્તવન**[7] કિંવા **આત્મ-નિન્દા-દ્વાત્રિંશિકા** (લ. વિ. સં. ૧૨૨૫)– આના કર્તા 'પરમાર્હત' કુમારપાલ ભૂપાલ છે. એમણે મુખ્યતયા ઉપજાતિમાં રચાયેલાં ૩૩ પદ્યો દ્વારા જિનેશ્વરની-કોઈના પણ નામનિર્દેશ વિનાની એટલે સાધારણ તીર્થંકરની સ્તુતિ કરી પોતામાં રહેલા દોષો દર્શાવ્યા છે– [8]આત્મનિંદા કરી છે, અને પોતાના ઉપર કૃપા કરવા એમને વિનવ્યા છે. આ દ્વાત્રિંશિકા ઉપરથી **રત્નાકરપંચવિંશતિકા** યોજાઈ હશે. ગમે તેમ પણ સંતુલનાર્થે આ કૃતિનો વિચાર થઈ શકે તેમ છે.

૧. એજન, ૨૦મું પરિશિષ્ટ (પૃ. ૧૦૯). ૨. એજન, ૨૮મું પરિશિષ્ટ (પૃ. ૧૧૦-૧૧૧).

૩. આ સ્તોત્ર **ભૈ. પ. ક.**માં પરિશિષ્ટ ૧૫ તરીકે પૃ. ૮૨-૮૭માં છપાયું છે.

૪. આ સ્તવ **ભૈ. પ. ક.**માં તેરમાં પરિશિષ્ટ તરીકે પૃ. ૭૯-૮૦માં છપાયો છે. આ સ્તવની એક હાથપોથી પરિચય में D C G C M (Vol. No. XIX, sec. pt. 1, pp. 313-313)માં આપ્યો છે. પૃ. ૩૧૩માં 'सवार्या' છે તે 'शिवार्या' જોઈએ એમ પ્રકાશિત કૃતિ જોતાં જણાય છે.

૫. આ ''સૂર્યસહસ્રનામસ્તોત્ર''ના નામથી ''વાપી જૈન યુવક મંડલ'' તરફથી વિ. સં. ૧૯૯૮માં છપાવાઈ છે. એમાં સૂર્યનાં હજાર નામ પછી અંતમાં ચાર પદ્યો છે. અને એ આ સ્તોત્રની ફલશ્રુતિરૂપ છે.

૬. આ સ્તવન **જૈનસ્તોત્રસંગ્રહ** (ભા. ૧, પૃ. ૧૯-૨૨)માં છપાયું છે. આનો ગુજરાતીમાં 'હરિગીત' છંદમાં શ્રી**વિજયામૃતસૂરિએ** જે અનુવાદ કર્યો છે તે 'વૈરાગ્યશતક' નામના પુસ્તકમાં પ્રસિદ્ધ થયો છે. એ પુસ્તકની બીજી આવૃત્તિ ''વૃદ્ધિ-નેમિ-અમૃત-ગ્રંથમાલા''માં વિ. સં. ૨૦૦૭માં છપાઈ છે.

૭. આ નામની સાત કૃતિઓ છે. જુઓ પૃ. ૨૭૧

૮. કેટલાંક આત્મનિંદાષ્ટકો મળે છે. એમાંનું એક ''કાવ્યમાલા'' (ગુ. ૭)માં છપાયું છે. **આત્મનિંદાશતક** ''જૈ. ધ. પ્ર. સં.'' તરફથી છપાવાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૃ. ૩૫૭. પં. ૨. [૧]**અંબિકા-સ્તોત્ર** (વિ. સં. ૧૨૯૦)– આ સ્તોત્ર સચિવ વસ્તુપાલે દસ પદ્યોમાં રચ્યું છે. એનો પ્રારંભ ''પુણ્યે ગિરીશ''થી કરાયો છે. આ જ કૃતિ તે પૃ. ૧૧૯માં નિર્દેશાયેલું **અંબિકાસ્તવન** હશે.

[૨]**અંબિકાષ્ટક** અને **અંબિકાસ્તુતિયુગલ**– આ ત્રણે કૃતિઓમાં અનુક્રમે આઠ આઠ પદ્યો છે. એના પ્રારંભિક અંશો અનુક્રમે ''વ્યાલોલાલમ્બ'' ''ૐ મહાતીર્થ'' અને ''દેવગન્ધર્વ'' છે. પહેલી કૃતિના અંતમાં 'અંબાપ્રસાદ' છે. એ ઉપરથી આના કર્તાનું નામ અંબિકાપ્રસાદ હોવાનું સૂચવાયું છે. બીજી કૃતિના અંતમાં આ કૃતિમાં ગુપ્ત રખાયેલો મંત્ર અપાયો છે. ત્રીજી કૃતિ જિનેશ્વરસૂરિએ રચી છે અને એમાં મંત્રાક્ષરો છે.

[૩]**અંબિકાતાટંક** અને [૪]**અંબિકાતાડંક**– આ બે કૃતિઓના પ્રારંભમાં અનુક્રમે એક અને બે પદ્યો છે. પહેલી કૃતિનો બાકીનો ભાગ ગદ્યમાં છે. એમાં અનેક સંબોધનો છે બીજીમાં દ્વિતીય પદ્ય પછી ગદ્યાત્મક લખાણ છે અને વિવિધ મંત્રો છે અને અંતમાં પાંચ પદ્યો છે.

[૫]**રત્નાકરપંચવિંશતિકા** કિંવા **વીતરાગસ્તોત્ર** (વિ. સં. ૧૩૦૮)– આના કર્તા રત્નાકરસૂરિ P. ૩૫૭
છે. એઓ દેવચન્દ્રપ્રભસૂરિના શિષ્ય થાય છે અને એમણે આ સ્તોત્ર વિ. સં. ૧૩૦૮માં રચ્યું છે એમ **અભિધાનરાજેન્દ્ર** (ભા. ૬, પૃ. ૪૮૮)માં ઉલ્લેખ છે. આ ૨૫ પદ્યના સ્તોત્ર દ્વારા કર્તાએ પોતાના આત્માની નિન્દા અસરકારક શબ્દોમાં વર્ણવી છે.

ટીકાઓ– આના ઉપર ચાર ટીકા છે : (૧) કનકકુશલની, (૨) ભોજસાગરે વિ. સં. ૧૭૯૫માં રચેલી, (૩) વાઘજીની ૧૩૦૮ શ્લોક જેવડી અને (૪) અજ્ઞાતકર્તૃક.

---

૧. **આ ભૈ. પ. ક.**માં પરિશિષ્ટ ૨૦ તરીકે પૃ. ૯૫માં છપાયું છે. અહીં આ કૃતિનો 'અંબિકાસ્તવન' તરીકે ઉલ્લેખ છે. અંતિમ પદ્યમાં આનો 'સ્તોત્ર' તરીકે અને એ પદ્ય પછીની પંક્તિમાં 'અંબિકાસ્તુતિ' તરીકે જે ઉલ્લેખ છે તે સંપાદકને કે એની હાથપોથીને આભારી હશે.

૨. આ ત્રણે કૃતિઓ **ભૈ. પ. ક.** માં અનુક્રમે ૧૬માં, ૧૭મા અને ૨૧માં પરિશિષ્ટરૂપે છપાએલી છે.

૩. એજન, પૃ. ૯૧.

૪. એજન, પૃ. ૯૨-૯૪

૫. આ સ્તોત્ર ભીમસી માણેકે ''લઘુપ્રકરણસંગ્રહ''માં ઈ. સ. ૧૯૦૩માં છપાવ્યું છે. એ સજ્જનસન્મિત્રમાં ઈ. સ. ૧૯૧૩માં પ્રસિદ્ધ થયેલું છે. એનો ભાવવાહી 'હરિગીત' છંદમાં ''માસ્તર'' શામજી હેમચંદ્ર દેસાઈએ કરેલો ગુજરાતી અનુવાદ **સૌભાગ્યસિન્ધુ** (પૃ. ૨૩૧-૨૩૪)માં ઈ. સ. ૧૯૩૮માં છપાયેલો છે જ્યારે એવો બીજો અનુવાદ સાંકલચંદ પિ. શાહે કર્યો છે અને એ એમણે જ છપાવ્યો છે (જુઓ પૃ. ૩૪૬ ટિ.૧) આ સ્તોત્રનો સ્વ. કેશવલાલ પ્રેમચંદ મોદીએ કરેલો અંગ્રેજી અનુવાદ ''જૈન સાહિત્ય સંશોધક'' (વ. ૧, અં. ૧) માં ઈ. સ. ૧૯૨૦માં પ્રસિદ્ધ થયેલો છે. મૂળ કૃતિ માસ્તર શામજીના ગુજરાતી અનુવાદ અને શ્રી. કૃષ્ણલાલ વર્માકૃત હિન્દી અનુવાદ તેમ જ પ્રત્યેક પદ્યના ભાવવાહી ચિત્ર સહિત શ્રી લાલભાઈ એલ. પરીખે અમદાવાદથી વિ. સં. ૨૦૨૨માં પ્રસિદ્ધ કરી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ટબ્બા– રત્નાકરપંચવિંશતિકા ઉપર બે [૧]ટબ્બા છે. તેમાંના એકની હાથપોથી વિ. સં. ૧૮૪૩માં લખાયેલી છે.

અનુવાદો– આ સ્તોત્રના ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં અનુવાદો થયા
P. ૩૫૮ છે અને એ બધા છપાવાયાં છે.[૨] ગુજરાતીમાં જે બે અનુવાદો થયા છે તેમાંનો એક **શા**મજી હે. દેસાઈએ કર્યો છે અને બીજો **સાં**કલચંદ પી. શાહે કર્યો છે. હિન્દીમાં પણ બે અનુવાદો થયા છે. તેમાંના એકના કર્તા [૩]માસ્તર **વિ**જયચંદ મોહનલાલ શાહ છે અને બીજાના શ્રી.કૃષ્ણ વર્મા છે. અંગ્રેજી અનુવાદ સ્વ. **કે**શવલાલ પ્રે. મોદીએ કર્યો છે.

પાદપૂર્તિ– પ્રસ્તુત સ્તોત્રની પાદપૂર્તિરૂપ કૃતિઓ ૩૧મા પ્રકરણમાં વિચારાઈ છે.

[૪]**વિરોધગર્ભિત ઋષભજિનસ્તુતિ ( )**– આ ૩૪ પદ્યની સ્તુતિ **જિ**નપતિસૂરિએ રચી છે. એ વિરોધાલંકારનાં વિવિધ ઉદાહરણો પૂરાં પાડે છે.

[૫]**અવચૂર્ણિ**– આ અજ્ઞાતકર્તૃક છે.

[૬]**ઉપમા-દ્વાત્રિંશિકા** (? લ. વિ. સં. ૧૨૩૦)– આ બત્રીસ પદ્યોની જિનસ્તુતિમાં 'ઉપમા'ની રેલમછેલ જોવાય છે. એના કર્તા 'કલિ.' **હે**મચન્દ્રસૂરિના શિષ્ય **રા**મચન્દ્ર છે. પં. **કલ્યા**ણવિજયગણિ તો આ તેમ જ આ પછી અહીં નોંધેલી બીજી આઠે દ્વાત્રિંશિકાઓના કર્તા તરીકે **પૂ**ર્ણદેવસૂરિના શિષ્ય અને વિ. સં. ૧૨૬૮માં પ્રતિષ્ઠા કરાવનાર **રા**મચન્દ્રસૂરિ હોવાનું કહે છે.

P. ૩૫૯ [૭]**દૃષ્ટાન્ત-દ્વાત્રિંશિકા**– આ બત્રીસ પદ્યની સ્તુતી પુષ્કળ પ્રમાણમાં દૃષ્ટાન્તો પૂરાં પાડે છે.

[૮]**અર્થાન્તરન્યાસ-દ્વાત્રિંશિકા**– **પા**ર્શ્વનાથને અંગેની ૩૨ પદ્યની આ કૃતિ એક પછી એક અર્થાન્તરન્યાસ રજૂ કરે છે.

[૯]**વ્યતિરેક-દ્વાત્રિંશિકા**– આ ૩૨ પદ્યોની કૃતિ 'વ્યતિરેક' અલંકારની રમઝટ જમાવે છે. એમાં **પા**ર્શ્વનાથની સ્તુતિ છે. પ્રથમ પદ્યમાં વ્યતિરેક અને ૩૨માંમાં 'વ્યતિરેક' શબ્દ વપરાયા છે. **અજિયસંતિથય**ની ૧૫મી અને ૧૯મી ગાથા 'વ્યતિરેક' અલંકારથી વિભૂષિત છે.

---

૧. આ બંને ટબ્બાની નોંધ D C G C M (Vol. XIX, sec. 1 pt. 2 pp. 73-75) માં મેં લીધી છે.

૨. જુઓ પૃ. ૨૨૧ ટિ. ૫

૩. એમણે કરેલો અનુવાદ "નિત્યસ્મરણપાઠમાલા"માં વિ. સં. ૧૯૮૨માં છપાવાયો છે. એમાં મૂળ કૃતિ અપાઈ નથી.

૪. આ સ્તુતિ અવચૂર્ણિ સહિત **ભક્તા.સ્તોત્રત્રય**ની મારી આવૃતિ (પૃ. ૨૫૭-૨૬૩)માં પાંચમા પરિશિષ્ટરૂપે છપાવાઈ છે.

૫. આ છપાઈ છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૬. આ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૧૪૦-૧૪૩)માં પ્રકાશિત થયેલી છે.

૭. એજન પૃ. ૧૪૪-૧૪૭ ૮. એજન પૃ. ૧૨૭-૧૩૦ ૯. એજન પૃ. ૧૩૦-૧૩૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**અપહ્નુતિ-દ્વાત્રિંશિકા**– આ ૩૨ પદ્યની કૃતિમાં અપહ્નુતિની ઝડી વરસાઈ છે. એ **પાર્શ્વ**નાથની સ્તુતિરૂપ છે.

[2]**યુગાદિદેવ-દ્વાત્રિંશિકા**– આ ૩૩ પદ્યોની કૃતિ દ્વારા **રામચન્દ્રે આદિ**નાથનાં ગુણગાન કર્યાં છે.

[3]**શાન્તિ-દ્વાત્રિંશિકા**– આ ૩૨ પદ્યની કૃતિ હશે કે ૩૩ની તે જાણવું બાકી રહે છે. મુદ્રિત કૃતિ તો ૨૯માના બીજા ચરણથી અપૂર્ણ જોવાય છે.

[4]**ભક્ત્યતિશય-દ્વાત્રિંશિકા**– આ ૩૨ પદ્યની કૃતિ 'જબલપુર'ની **પાર્શ્વ**નાથની ભક્તિપૂર્ણ P. ૩૬૦
સ્તુતિરૂપ છે.

[5]**પ્રસાદ-દ્વાત્રિંશિકા**– આ ૩૨ પદ્યોની કૃતિમાં પદ્યે પદ્યે **પાર્શ્વ**નાથની કૃપા વિષે વિજ્ઞપ્તિ કરાઈ છે.

[6]**ષોડશ-ષોડશિકા** (ઉ. વિ. સં. ૧૨૩૦)– આના કર્તા ઉપર્યુક્ત **રામચન્દ્ર** છે. એમણે સોળ સોળ પદ્યોની સોળ **ષોડશિકા** રચી કોઈ પણ જિનેશ્વરને અંગે ઘટી શકે એવી આ સ્તુતિ રચી છે. આથી તો આ પ્રત્યેક ષોડશિકાને **સાધારણજિનસ્તવ** તરીકે ઓળખાવાય છે. આ પ્રત્યેક કૃતિના અંતિમ પદ્યમાં [7]**રામચન્દ્ર** એવું નામ શ્લેષરૂપે રજૂ કરાયું છે.

જિનસ્તોત્રો (ઉ. વિ. સં. ૧૨૪૮)– આના કર્તા જૈન ગૃહસ્થ 'કવિતા-શૃંગાર' **આસડ** છે. ભિન્નમાલ (શ્રીમાલ) વંશના **કટુકરા**જ અને એની પત્ની **આન**લદેવીના એઓ પુત્ર થાય છે. કલિકાલ-ગૌતમ **અભય**દેવસૂરિ એમના ગુરુ થાય છે. આ 'બાલસરસ્વતી' **રા**જડ અને **જૈત્ર**સિંહના પિતા થાય છે. એમણે **મેઘદૂત** ઉપર ટીકા રચી છે. એમણે પાઈયમાં **ઉવએસકંદલી** અને વિ. સં. ૧૨૪૮માં **વિવેગમંજરી** રચી છે.[8] આ વિવેગમંજરીની પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે આ **આસ**ડે પદ્ય-ગદ્ય-બન્ધોમાં અનેક જિનસ્તોત્રો-સ્તુતિઓ રચેલ છે. આ પૈકી થોડાંક સ્તોત્રો તો સંસ્કૃતમાં હશે જ, જો કે P. ૩૬૧
એકે હજી સુધી તો મળી આવ્યાનું જણાતું નથી.

[9]**પાર્શ્વજિનસ્તોત્ર** (લ. વિ. સં. ૧૨૯૦)– આ દસ પદ્યમાં મુખ્યતયા વસન્તતિલકામાં રચાયેલા અને યમકથી અલંકૃત સ્તોત્રના કર્તા જૈન ગૃહસ્થ આહ્લાદ મંત્રી છે. એમણે દસમાં પદ્યમાં પોતાનો આહ્લાદ મંત્રી' તરીકે નિર્દેશ કર્યો છે. ''શ્રીપાર્શ્વનાથ''થી શરૂ થતા આ સ્તોત્રમાં 'શંખેશ્વર' અને 'સેરીસક (સેરીસા)નો ઉલ્લેખ છે.

---

૧. એજન પૃ. ૧૨૪-૧૨૭ ૨. એજન પૃ. ૧૪૭-૧૫૦ ૩. એજન પૃ. ૧૫૦-૧૫૩
૪. એજન, પૃ. ૧૫૩-૧૫૬ ૫. એજન પૃ. ૧૫૬-૧૬૨ ૬. એજન પૃ. ૧૬૨-૧૯૦
૭. આ રીતનો પ્રયોગ ૨૪ પદ્યના **મુનિસુવ્રત-સ્તવમાં** પણ જોવાય છે. એથી એ પણ આ રામચન્દ્રની કૃતિ હશે એમ લાગે છે. આ સ્તવ **જૈનસ્તોત્રસન્દોહ** (પૃ. ૧૩૩-૧૩૮)માં છપાયું છે.
૮. **વૃત્તરત્નાકર** ઉપર **ઉપાધ્યાયનિરપેક્ષા** નામની વૃત્તિ રચનારા **આસડ** પ્રસ્તુત હોય તો આ વૃત્તિ એમની ગણાય. આ વૃત્તિની નોંધ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૮૨)માં મેં લીધી છે.
૯. આ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨, પૃ. ૧૯૨-૧૯૪)માં છપાવાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ આહ્લાદ તે જ આહ્લાદન દંડનાયક તરીકે ઓળખાવાતી વ્યક્તિ હોય એમ લાગે છે જો એમ જ હોય તો એઓ 'ગલ્લક' કુળના છે અને વિ. સં. ૧૨૯૬માં **ભીમ**દેવના મહામાત્ય તરીકે કામ કરનારા **અંબ**ડના એઓ ભાઈ થાય છે. એમની અભ્યર્થનાથી 'નાગેન્દ્ર' ગચ્છના **વર્ધમાન**સૂરિએ 'આહ્લાદન' શબ્દથી અંકિત [1]**વાસુપૂજ્યચરિત્ર** વિ. સં. ૧૨૯૯માં રચ્યું હતું.

[2]**પદ્મસ્તવાવલી** (લ. વિ. સં. ૧૨૯૫)– આ **પદ્માનન્દ-મહાકાવ્ય** રચનારા **અમર**ચન્દ્રસૂરિના
P. ૩૬૨ અનુરાગી **પદ્મ** મંત્રીની રચના છે. એ મંત્રીના પૂર્વજોનો તેમ જ પરિવારનો સંક્ષિપ્ત પરિચય **પદ્માનન્દ-મહાકાવ્ય** (સર્ગ ૧૯, શ્લો. ૪૦-૫૯)માં અપાયો છે. એમાં કહ્યું છે કે 'વાયડ' વંશના અને અણહિલપુરના શ્રેષ્ઠ નાગરિક મંત્રી **વાસુપૂજ્ય**ને પદ્મિની નામે પત્ની હતી. એ સ્ત્રીએ **રામ**દેવને જન્મ આપ્યો હતો. એના પુત્રનું નામ **શાન્ત**ડ હતું. એ શાન્તડની પત્ની **સહ**જીના પુત્ર **આસલ** તે ઉપર્યુક્ત પદ્મ મંત્રીના પિતા થાય અને **અહિ**દેવી એમનાં માતા થાય. પદ્મ મંત્રીને પણ પત્ની હતી : **ચંપ**લા, **પદ્મ**લા અને **પ્રહ્લાદ**નદેવી. પદ્મલાને વિક્રમાદિત્ય નામનો પુત્ર હતો. **પદ્મ** મંત્રીને **સૌ**ભાગ્યદેવી નામની બેન હતી. એનાં લગ્ન **મોષા**ક સાથે કરાયાં હતાં. એ દંપતીને ચાર પુત્રો હતા : **મ**હણ, **મલ્લ**દેવ, **દે**વસિંહ અને **ઊ**દાક.

પદ્માનન્દ-મહાકાવ્ય (સર્ગ ૧૯, શ્લો. ૫૧) પ્રમાણે **પદ્મ**મંત્રી જિનેન્દ્રની નવીન સ્તવો વડે સ્તુતિ કરતા હતા. એ સ્તવો સંસ્કૃતમાં હશે. આજે એ કોઈ સ્થળેથી મળે છે ખરા ?

[3]**'જય વૃષભ'** સ્તુતિ (લ. વિ. સં. ૧૩૫૦)– આ **ધર્મ**ઘોષસૂરિની ૨૮પદ્યોની [4]આઠ યમકપૂર્વકની
P. ૩૬૩ માલિની છંદમાં રચના છે. એ દ્વારા એમણે **ઋ**ષભનાથ વગેરે ૨૪ તીર્થંકરોની સ્તુતિ શ્લો. ૧-૨૪માં કરી છે. ૨૫માં પદ્યમાં જિનની અને સિદ્ધોની, ૨૬મા પદ્યમાં સમસ્ત જિનેશ્વરોની, ૨૭માંમાં આગમની અને ૨૮માંમાં શ્રુતદેવીની સ્તુતિ છે. છેલ્લાં ત્રણ પદ્યોનું પ્રત્યેક તીર્થંકરને અંગેના પદ્ય સાથે સંયોજન કરાતાં ચોવીસ સ્તુતિ-કદંબક બને તેમ છે.

ઉપર્યુક્ત **ધર્મ**ઘોષસૂરિ એ 'તપા' ગચ્છના ધુરંધર આચાર્ય જગચ્ચન્દ્રસૂરિના શિષ્ય **દે**વેન્દ્રસૂરિના શિષ્ય થાય છે. એમના વડીલ બંધુ તે **વિ**દ્યાનન્દસૂરિ તરીકે સુપ્રસિદ્ધ છે **ધર્મ**ઘોષસૂરિએ વિ. સં. ૧૩૦૨માં દીક્ષા લીધી ત્યારે એમનું નામ **ધર્મ**કીર્તિ રખાયું હતું. વિ. સં. ૧૩૨૩માં એઓ ઉપાધ્યાય બન્યા. વિ. સં. ૧૩૨૮માં સૂરિ થતાં એમનું **'ધર્મઘોષ'** નામ પડાયું.

---

૧. જુઓ પૃ. ૯-૧૧

૨. આ નામ મેં યોજ્યું છે.

૩. આ સ્તુતિ **ચતુર્વિંશતિજિનસ્તુતિ** એ નામથી એક વિસ્તૃત અવચૂરિ સહિત, મહેસાણાની ''જૈન સંસ્કૃત પાઠશાલા'' તરફથી ઈ. સ. ૧૯૧૩માં પ્રકાશિત **સ્તોત્રરત્નાકર** (ભા. ૧, પત્ર ૧અ-૭અ)માં પ્રસિદ્ધ કરાઈ છે. વળી આ સ્તુતિ અન્ય અવચૂરિ સહિત **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૧૭૨-૧૮૦)માં છપાવાઈ છે.

૪. પ્રથમ પદ્યના પ્રત્યેક ચરણમાં બબ્બે વાર 'નાભિ' શબ્દ છે. એવી રીતે બીજાનાં ચરણોમાં આઠ વાર 'રૂપ' શબ્દ છે. આઠ વાર વપરાયો છે. આવો એક સ્તવ તે **'નવખંડ' પાર્શ્વસ્તવ** છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એઓ વિ. સં. ૧૩૫૭માં સ્વર્ગે સંચર્યા તે પૂર્વે એમણે સંસ્કૃત, પાઈય અને અપભ્રંશમાં નાનીમોટી કૃતિઓ રચી છે.[૧] એ પૈકી સંસ્કૃત સ્તુતિઓમાંની એક તે આ 'જય વૃષભ'સ્તુતિ છે જ્યારે બાકીની નીચે મુજબની છે :–

(૧) 'દેવેન્દ્રૈરનિશં'' સ્તુતિ– આ શ્લેષથી અલંકૃત કૃતિ કેટલાં પદ્યની છે તે જાણવું બાકી રહે છે.

(૨) ''યૂયં યુવાં ત્વં''સ્તુતિ– આ પણ શ્લેષાત્મક સ્તુતિ છે પણ એમાં કેટલાં પદ્યો છે તે જાણવામાં નથી.

(૩) [૨]**જિનસ્તવન**– આ નવ પદ્યની કૃતિમાંનાં પહેલાં આઠ પદ્યોના પૂર્વાર્ધ સંસ્કૃતમાં અને ઉત્તરાર્ધ જ. મ.માં છે. આમ આ ''અર્ધસંસ્કૃત'' સ્તુતિ છે. નવમું પદ્ય સર્વાંશે સંસ્કૃતમાં છે તો શું એ અન્ય કોઈએ ઉમેર્યું હશે ? આ સૂરિએ [૩]**અષ્ટાપદ-કલ્પ** તેમ જ [૪]**ગિરનાર-કલ્પ** રચ્યા છે. વળી એમણે [૫]**ચેઈયવન્દણભાસ** ઉપર [૬]**સંઘાચારવિધિ** નામની વૃત્તિ રચી છે. આ સૂરિએ અવંતીમાં એક મંત્રસિદ્ધ યોગીને હરાવ્યો હતો. P. ૩૬૪

અવચૂરિઓ– પ્રસ્તુત સ્તુતિના ઉપર કોઈકની [૭]અવચૂરિ છે. એના પ્રારંભમાં **વાગ્ભટાલંકાર** અને **અલંકારચૂડામણિનો** ઉલ્લેખ છે. આ કરતાં વધારે વિસ્તૃત એવી પણ એક [૮]બીજી અવચૂરિ છે. અને તેમાં પણ આ બે ગ્રંથોનો ઉલ્લેખ છે.

જિનપ્રભસૂરિકૃત સ્તવાદિ P. ૩૬૫

(૧) [૯]**વીરસ્તવ** (લ. વિ. સં. ૧૩૬૫)– આ પચ્ચીસ પદ્યનો સ્તવ **જિનપ્રભસૂરિએ** રચ્યો છે. એમાં એ ખૂબી છે કે જે પદ્ય જે છંદમાં રચાયું છે તે પદ્યમાં તે છંદનું નામ ગૂંથી લેવાયું છે. એ છંદોના નામ અકારાદિ ક્રમે છંદ અને પદ્યાંક એવાં બે શીર્ષકપૂર્વક હું નીચે મુજબ રજૂ કરું છું :–

૧. આની સૂચી માટે જુઓ D C G C M (Vol. XIX, sec. 1, pt. 1. pp. 78-79)

૨. આ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૧૩-૧૪)માં છપાયું છે.

૩. શું આ સંસ્કૃતમાં છે ?

૪. આ ૩૨ પદ્યનો કલ્પ મારા ગુજરાતી અનુવાદ સહિત ભ. સ્તો. પા. કા. સં. (ભા. ૧)માં દ્વિતીય પરિશિષ્ટ તરીકે છપાવાયો છે.

૫. આ ભાસ દેવેન્દ્રસૂરિએ રચ્યું છે.

૬. આ કૃતિ ''ઋ. કે. શ્વે. સં.'' તરફથી મૂળ સહિત ઈ. સ. ૧૯૩૮માં પ્રસિદ્ધ કરાઈ છે. એમાં સંસ્કૃતમાં સંક્ષિપ્ત અને વિસ્તૃત વિષયાનુક્રમ, દૃષ્ટાન્તો–કથાઓની સૂચી, સ્તુતિસ્થાનો, સ્તુતિસંગ્રહ, દેશનાસ્થાનો, દેશનાસંગ્રહ, સૂક્તિનાં પ્રતીકો, સાક્ષીરૂપ ગ્રંથોની નામાવલી, સાક્ષીરૂપ પદ્યોનાં પ્રતીક અને **આ**ગમોદ્ધારકે લખેલો વિસ્તૃત ઉપક્રમ (પ્રસ્તાવના) છે.

૭-૮. આ **'સ્તોત્રરત્નાકર'** અને **જૈન સ્તોત્રસમુચ્ચય**માં પ્રકાશિત છે.

૯. આ સ્તવ ''કાવ્યમાલા'' (ગુ. ૭)ના ઈ. સ. ૧૯૦૭માં છપાવેલા ત્રીજા સંસ્કરણમાં પૃ. ૧૧૨-૧૧૫માં અપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

	નામ	પદ્યાંક		નામ	પદ્યાંક
૧.	ઇન્દ્રવજ્રા	૨	૧૪.	વંશસ્થ	૧૪
૨.	ઉપજાતિ	૩	૧૫.	વાણિની	૧૮
૩.	તોટક	૯	૧૬.	શાર્દૂલવિક્રીડિત	૨૩
૪.	દોધક	૬	૧૭.	શાલિની	૮
૫.	દ્રુતવિલંબિત	૧૨	૧૮.	શિખરિણી	૧૯
૬.	[1]પ્રભા	૨૨	૧૯.	શુદ્ધવિરાટ્	૧
૭.	પ્રમિતાક્ષરા	૧૩	૨૦.	[2]સિંહોદ્ધતા	૧૬
૮.	પ્રહર્ષિણી	૧૫	૨૧.	સુવદના	૨૪
૯.	ભુંજગપ્રયાત	૧૧	૨૨.	સ્રગ્ધરા	૨૫
૧૦.	ભ્રમરવિલસિતા	૭	૨૩.	સ્રગ્વિણી	૧૦
૧૧.	મન્દાક્રાન્તા	૨૧	૨૪.	સ્વાગત	૪
૧૨.	માલિની	૧૭	૨૫.	હરિણી	૨૦
૧૩.	રથોદ્ધતા	૫			

૨. ૩૬૬ **સન્તુલન**– "**श्रीसोपारक**"થી શરૂ થતું અને ઋષભદેવની સ્તુતિરૂપ જે [3]**સોપારકસ્તવન** ૩૨ પદ્યોમાં કોઈકે રચ્યું છે તે પણ પ્રાયઃ ઉપર્યુક્ત જાતજાતના છંદોમાં છે પરંતુ એમાં એ છંદનાં નામ ઉપર મુજબ ગૂંથાયાં નથી. આ સ્તવનના પ્રથમ પદ્યનો છંદ [4]'શુદ્ધવિરાટ્', નવમાનો મુખમોટનક, ચૌદમાનો મૃદંગક, ચોવીસમાનો મણિગુણનિકર, પચ્ચીસમાનો વાણિની, અઠ્ઠાવીસમાનો શોભા, ઓગણત્રીસમાનો સુવદના અને ત્રીસમાનો ચન્દ્રલેખા છે.

(૨) [5]**પાર્શ્વજિનસ્તવન** (લ. વિ. સં. ૧૩૬૫)– આ નવ પદ્યનું સ્તવન પાદાન્તયમકથી અલંકૃત છે અને એ પણ જિનપ્રભસૂરિએ રચ્યું છે. "**श्रीपार्श्व**"થી એની શરૂઆત કરાઈ છે.

(૩) [6]**પાર્શ્વજિનસ્તોત્ર** (લ. વિ. સં. ૧૩૬૫)– આ પણ જિનપ્રભસૂરિની આઠ પદ્યોની રચના છે. એના પ્રત્યેક પદ્યનો આદ્ય અક્ષર એકસાથે વિચારતાં **श्रीजिनप्रभसूरयः** એવો શબ્દગુચ્છ બને છે અને એ કર્તાના નામનું સૂચન કરે છે.

---

૧. આને 'મહામાલિની' પણ કહે છે.

૨. આનું બીજું નામ 'વસન્તતિલકા' છે.

૩. આ **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૭-૧૪)માં છપાયું છે. એના ટિપ્પણ તરીકે પ્રત્યેક છંદનું લક્ષણ અપાયું છે.

૪. આ નામ માટે જુઓ ઉપરનો કોઠો.

૫. આ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨. પૃ. ૧૭૫)માં છપાયું છે.

૬. આ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨. પૃ. ૧૯૭)માં પ્રકાશિત કરાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૪) [1]**સિદ્ધાન્તાગમસ્તવ** (લ. વિ. સં. ૧૩૬૫)– આના કર્તા પણ **જિનપ્રભસૂરિ** છે. એમાં ૪૬ પદ્યો છે. એ દ્વારા એમણે આવશ્યક, **વિશેષાવશ્યકભાષ્ય**, દશવૈકાલિક, **ઓઘનિર્યુક્તિ**, **પિંડનિ**નિર્યુક્તિ **નન્દિ**, **અનુયોગદ્વાર**, **ઉત્તરાધ્યયનાની**, **ઋષિભાષિત**, ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૩ પ્રકીર્ણક, P. ૩૬૭
૭ છેદસૂત્ર, દૃષ્ટિવાદ, અંગવિદ્યા, **વિશેષણવતી**, **સંમતિ**, [2]**નયચક્રવાલ**, [3]**તત્ત્વાર્થ**, **જ્યોતિષ્કરંડ**, **સિદ્ધ**-પ્રાભૃત, **વસુદેવ**-હિણ્ડી, **કર્મપ્રકૃતિ**, **પંચનમસ્કૃતિ**, અને આચાર્યમન્ત્ર એમ વિવિધ કૃતિઓ વિષે સંક્ષેપમાં ઉલ્લેખ કર્યો છે.

અવચૂરિ– વિશાલરાજસૂરિના કોઈ શિષ્યે આ રચી છે.

(૫) [4]**ચિત્ર-સ્તવ** યાને **વીરજિનસ્તવ** (લ. વિ. સં. ૧૩૬૫)– આ પણ **જિનપ્રભસૂરિ**ની કૃતિ છે અને એ દ્વારા એમણે **મહાવીર**સ્વામીની સ્તુતિ કરી છે. એમાં ૨૭ પદ્યો છે. પ્રત્યેક પદ્ય ચિત્ર-કાવ્યરૂપ છે. આથી "**चित्रैः स्तोष्ये**"થી પ્રારંભમાં કરાયેલી પ્રતિજ્ઞાનો નિર્વાહ થયો છે. પ્રતિલોમાનુલોમ, અનુલોમ-પ્રતિલોમ, અર્ધભ્રમ ઇત્યાદિ તેમ જ મુરજ, મુશલ, ત્રિશૂલ, અષ્ટદલ-કમલ, હાર, ચામર વગેરે બંધો વડે આ અલંકૃત છે.

[5]**અવચૂરિ**– આના ઉપર કોઈકની અવચૂરિ છે.

(૬) [6]**દશદિક્પાલસ્તુતિગર્ભિત ઋષભજિનસ્તવન** (લ. વિ. સં. ૧૩૬૫)– આ પણ ઉપર્યુક્ત **જિનપ્રભસૂરિ**ની રચના છે. એમણે આ ૧૧ પદ્યના સ્તોત્ર દ્વારા ઈન્દ્ર, અગ્નિ, યમ, નૈર્ઋતિ, વરુણ, P. ૩૬૮
વાયુ, કુબેર, ઈશાન, નાગ અને બ્રહ્મ એ દસ દિક્પાલની શ્લેષપૂર્વકની **ઋષભદેવ**ની સ્તુતિની સાથે સાથે સ્તુતિ કરી છે. એનો પ્રારંભ "અસ્તુ શ્રીનાભિ"થી કરાયો છે.

[7]**અવચૂરિ**– આ કોઈકે રચી છે.

જિનપ્રભસૂરિકૃત અન્ય ૨૬ સંસ્કૃત સ્તોત્રો નીચે મુજબ છે :–

(૧૦) [8]"का मे वामेय"થી શરૂ થતું **પાર્શ્વનાથ-સ્તવ** (શ્લો. [9]૧૭).

---

૧. આ સ્તવ **વિશાલરાજસૂરિ**ના કોઈ શિષ્યે રચેલી અવચૂરિ સહિત "કાવ્યમાલા" (ગુ. ૭)માં ઈ. સ. ૧૯૨૬ની ચોથી આવૃત્તિમાં છપાયો છે.

૨-૩. આ બે સંસ્કૃતમાં છે.

૪. આ સ્તવ "વીરજિનસ્તવ" એ નામથી **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૯૨-૯૭)માં અવચૂરિ સહિત છપાયો છે. [**જૈનસ્તોત્ર** का समीक्षात्मक अध्ययन (લે.સા.હેમપ્રભાશ્રી) માં પણ છપાયો છે.] આ સ્તોત્રગત બંધોનાં નામ અને એને લગતાં પદ્યો માં I L D(2nd inst, PP.108-109) માં આપ્યાં છે.

૫. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૬. આ **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૨૬-૨૮)માં કોઈકની અવચૂરિ સહિત છપાયું છે. આ અવચૂરિની શુદ્ધિ માટે અન્ય હાથપોથીની આવશ્યકતા રહે છે.

૭. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૮. આ "કાવ્યમાલા" (ગુ. ૭)ની ત્રીજી આવૃત્તિમાં પૃ. ૧૦૭-૧૧૦ માં છપાયો છે.

૯. આ શ્લોકની સંખ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨) [૧]''શ્રીમન્ત''થી શરૂ થતું **ગૌતમ-સ્તોત્ર** (શ્લો. ૨૧).

(૩) [૨]''કનકકાન્તિ''થી શરૂ થતો યમકમય **ચતુર્વિંશતિ-જિનસ્તવ** (શ્લો. ૨૯)

(૪) [૩]''અધિયદુપ''થી શરૂ થતો **પાર્શ્વસ્તવ** (વિ. સં. ૧૩૬૯) (શ્લો. ૧૨)

(૫) [૪]''શ્રીસિદ્ધાર્થ'' થી શરૂ થતો **વીર-નિર્વાણ-કલ્યાણક-સ્તવ** (શ્લો. ૧૯)

P. ૩૬૯ (૬) [૫]''ઋષભ-નમ્ર''થી શરૂ થતું **ચતુર્વિંશતિજિનસ્તોત્ર** (શ્લો. ૨૯)

(૭) [૬]''વિશ્વેશ્વરં''થી શરૂ થતું **અજિતજિનસ્તવન** (શ્લો. ૨૧)

(૮) [૭]''ત્વાં વિનુત્ય''થી શરૂ થતું **પાર્શ્વનાથ-પ્રાતિહાર્ય-સ્તવન** (શ્લો. ૧૦)

(૯) [૮]''સ્વઃશ્રેયસ''થી શરૂ થતું અને પંચવર્ગપરિહારપૂર્વકનું **વીરસ્તવન** (શ્લો. ૨૬)

(૧૦) [૯]''શ્રીહરિકુલ''થી શરૂ થતું અને ક્રિયાગુપ્ત **નેમિજિન-સ્તવન** (શ્લો. ૨૦).

(૧૧) [૧૦]''પરાક્રમેનવ''થી શરૂ થતું પંચકલ્યાણકમય **મહાવીરસ્તવન** (શ્લો. ૩૬)

(૧૨) [૧૧]''સ્વઃશ્રિયં''થી શરૂ થતું **મન્ત્રસ્તવન** (શ્લો. ૫)

P. ૩૭૦ (૧૩) [૧૨]''શ્રીવર્ધમાનઃ'' થી શરૂ થતું વર્ધમાનસ્તવન (શ્લો. ૯)

(૧૪) [૧૩]''પાર્શ્વં પ્રભુ''થી શરૂ થતું **પાર્શ્વનાથસ્તવન** (શ્લો. ૮)

(૧૫) [૧૪]''શ્રીપાર્શ્વપાદાનત''થી શરૂ થતું **પાર્શ્વનાથસ્તવન** (શ્લો. ૮).

(૧૬) [૧૫]''વાગ્દેવતે''થી શરૂ થતું અને સંપુટ-યમકથી **અલંકૃત શારદા-સ્તવન** (શ્લો. ૧૩)

(૧૭) [૧૬]''પ્રભુઃપ્રદદ્યાન્મુનિ''થી શરૂ થતું **યમકમય જિનસિંહસૂરિ-સ્તવન** (શ્લો. ૧૩)

(૧૮) [૧૭]''પ્રતિષ્ઠિતં''થી શરૂ થતું **પંચનમસ્કૃતિ-સ્તવન** (શ્લો. ૩૩).

---

૧. આ કાવ્યમાલા (ગુ. ૭)નાં પૃ. ૧૧૦-૧૧૨માં છપાયું છે.

૨. એજન પૃ. ૧૧૫-૧૧૭. ૩. એજન પૃ. ૧૧૭-૧૧૯. ૪. એજન પૃ. ૧૧૯-૧૨૧.

૫. આ સ્તોત્ર **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૧૪૯-૧૫૧)માં છપાયું છે.

૬. એજન, પૃ. ૨૮-૩૨ આ પાદાન્ત યમકથી અલંકૃત સ્તવન છે.

૭. આ 'રથોદ્ધતા' છંદમાં યમકપૂર્વક રચાયેલું સ્તોત્ર મારા ગુજરાતી અનુવાદ સહિત **ભ. સ્તો. પા. કા. સં.** (ભા. ૨, પૃ. ૧૬૨-૧૬૪)માં છપાયું છે. આ પૂર્વે આ સ્તવન ઈ. સ. ૧૮૭૬માં પ્રસિદ્ધ કરાયેલા **પ્રકરણરત્નાકર** (ભા. ૨, પૃ. ૨૫૯-૨૬૦)માં છપાવાયું છે.

૮. જુઓ ઉપર્યુક્ત **પ્રકરણરત્નાકર** (ભા. ૨)નાં પૃ. ૨૪૨-૨૪૩

૯. એજન, પૃ. ૨૪૪-૨૪૫ ૧૦. એજન. પૃ. ૨૪૯-૨૫૧ ૧૧. એજન પૃ. ૨૫૧

૧૨. એજન પૃ. ૨૫૧. ૧૩. એજન પૃ. ૨૫૧-૨૫૨. ૧૪. એજન પૃ. ૨૫૨.

૧૫. એજન પૃ. ૨૫૪-૨૫૫. ૧૬. એજન પૃ. ૨૫૫-૨૫૬. ૧૭. એજન પૃ. ૨૫૬-૨૫૭.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૯) [૧]''શ્રીવર્ધમાન''થી શરૂ થતું યમકમય **વીર-સ્તવન** (શ્લો. ૧૩)

(૨૦) [૨]''પ્રણમ્યાદિજિનં''થી શરૂ થતું યમકથી યુક્ત **આદિ જિનાદિસ્તવન** (ચતુર્વિંશતિજિનસ્તવન) (શ્લો. ૨૮)

(૨૧) [૩]''નિલિમ્પલોકાયિત''થી શરૂ થતું **કલ્યાણકપંચક-સ્તવન** (શ્લો. ૮).

(૨૨) [૪]''નિસ્તીર્ણ''થી શરૂ થતું લક્ષણપ્રયોગમય **વી**ર-સ્તવન (શ્લો. ૧૭).

(૨૩) [૫]''જયન્તિ પાદા''થી શરૂ થતું **વી**તરાગ-સ્તવન (શ્લો. ૧૬)

(૨૪) [૬]''દેવૈર્યસ્તુષ્ટુવે''થી શરૂ થતું **ચન્દ્રપ્રભ**-સ્તવન (શ્લો. ૪)

(૨૫) [૭]''જીરિકાપુર''થી શરૂ થતું **જીરાપલ્લી-પાર્શ્વ**-સ્તવન (શ્લો. ૧૫)

(૨૬) [૮]''જય શરદ''થી શરૂ થતું કેવલાક્ષરમય **અરનાથ-સ્તવન** (શ્લો. ૧૪).

[૨૭ યં સતતથી શરૂ થતો ચતુર્વિંશતિસ્તવ જસવંતલાલ શાહે ૨૦૧૩માં છાપ્યો છે.]

આ ઉપરાંત **જિનપ્રસૂરિએ** અનેક ભાષાત્મક બે સ્તોત્ર રચ્યાં છે. એ બંને અનુક્રમે નીચે મુજબ છે :–

[૯]આઠ[૧૦] ભાષામાં ગુંથાયેલું અને ''નિરવધિ''થી શુરૂ થતું **ઋષભદેવ-સ્તવન** (શ્લો. ૪૦) અંતમાં કવિના નામથી ગર્ભિત ચક્ર છે.

[૧૧]છ[૧૨] ભાષામાં રચાયેલું અને ''નમો મહસેન''થી શરૂ થતું ચન્દ્રપ્રભ-સ્તવન (શ્લો. ૧૩) P. ૩૭૨

[૧૩]**ઋષિમંડલસ્તોત્ર** (લ. વિ. સં. ૧૩૬૫)– 'આદ્યન્તાક્ષર'થી શરૂ થતું ૮૬ પદ્યનું

૧. એજન પૃ. ૨૫૭-૨૫૮. ૨. એજન પૃ. ૨૫૮-૨૫૯. ૩. એજન પૃ. ૨૬૦.
૪. એજન પૃ. ૨૬૦-૨૬૧ ૫. એજન પૃ. ૨૬૧-૨૬૨ ૬. એજન પૃ. ૨૬૨
૭. એજન પૃ. ૨૬૮-૨૬૯ ૮. એજન પૃ. ૨૭૨ ૯. એજન પૃ. ૨૬૩-૨૬૫

૧૦. આનાં નામ નીચે મુજબ છે :–
સંસ્કૃત, પાઇય (મરહટ્ઠી), માગહી (માગધી), પેસાઈ, (પૈશાચી), ચૂલિયા-પેસાઈ (ચૂલિકા-પૈશાચી), સોરસેણી (શૌરસેની), સમસંસ્કૃત અને અવબ્ભંસ (અપભ્રંશ).

૧૧. આ સ્તવન **પ્ર. ૨.** (ભા. ૨)નાં પૃ. ૨૬૯-૨૭૦માં છપાયું છે.

૧૨. આથી અનુક્રમે સંસ્કૃત, પાઇય, સોરસેણી, માગહી, પેસાઈ, અવબ્ભંસ અને સમસંસ્કૃત (બે પદ્યો), ભાષાઓ અભિપ્રેત છે. આમ જો કે સમસંસ્કૃતને ભિન્ન ગણતાં સાત ભાષા થાય છે પણ સ્તોત્રકારે છ એવો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે એટલે એ ભિન્ન ન ગણવી જોઈએ.

૧૩. આ મૂળ સ્તોત્ર ગુજરાતી ભાષાન્તર સહિત **મહા.નવ.માં** પ્રથમ પરિશિષ્ટ તરીકે અપાયું છે. એ સ્તોત્રનું યંત્ર તેમ જ કપડા ઉપરનો એનો પટ એમાં ચિત્ર ૩૮૬ અને ૩૮૭ તરીકે રજૂ કરાયાં છે. આ પટ અમેરિકાના 'બોસ્ટન સંગ્રહસ્થાનમાં છે.
૬૩ પદ્યો તેમ જ ૯૮ પૂરતી મૂળ કૃતિ મંત્ર સંબંધી ગુજરાતી વિવેચન સહિત ''મુ. ક. જૈ. મો. મા.''માં વિ. સં. ૨૦૧૨માં છપાવાઈ છે એમાં **ઋષિમંડલસ્તુતિ** અને **સિંહકવિકૃત** પંચષષ્ટિયન્ત્રગર્ભિત **ચતુર્વિંશતિજિનસ્તોત્ર** પણ છપાવાયાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]ઋષિમંડલસ્તોત્ર એના મંત્રાદિ માટે સુપ્રસિદ્ધ છે.

P. ૩૭૩ **વાચના**–[2]**ઋષિમંડલસ્તોત્ર**ની વિવિધ વાચનાઓ મળે છે. એ ઉપરથી આ સ્તોત્રમાં પદ્યોની સંખ્યા ભિન્ન જોવાય છે. જેમ કે ૬૩, ૮૦, ૮૬, ૯૩, ૯૮ અને ૧૦૨ અમુક પદ્યોને પ્રક્ષિપ્ત ગણી ક્ષમાકલ્યાણે એનું જે સંસ્કરણ તૈયાર કર્યું હતું તેમાં ૬૩ પદ્યો છે.

કર્તા– કેટલાકને મતે આ સ્તોત્રના કર્તા શ્રમણ ભગવાન **મહા**વીરસ્વામીના આદ્ય ગણધર ઈન્દ્રભૂતિ ઉર્ફે **ગૌ**તમસ્વામી છે પણ એને માટે કોઈ પ્રાચીન અને વિશ્વસનીય પ્રમાણ મારા જોવા-જાણવામાં તો નથી.

ચિત્રપટ– **ઋ**ષિમંડલયંત્રામ્નાયનો વિ. સં. ૧૫૦૭માં 'ઉપકેશ' ગચ્છના **જય**રત્નસૂરિના શિષ્ય પં. હર્ષરત્નગણિએ કપડા ઉપર ચિતરાવેલો ચિત્રપટ મળે છે. આના પરિયાર્થે એક [3]લેખ નામે ''મોગલ
P. ૩૭૪ સમય પહેલાંના કપડાં પરનો એક ચિત્રપટ'' ડૉ. **હી**રાનંદ શાસ્ત્રીએ તેમ જ શ્રી. **સા**રાભાઈ નવાબે લખ્યો છે.

ભાષાંતર– આ ૮૬ પદ્યના સ્તોત્રનું ગુજરાતીમાં ભાષાંતર થયેલું છે અને એ મુ. ક. જૈ. યો.માં છપાવાયું છે.

સમાનનામક કૃતિઓ– **ઋષિમંડલસ્તોત્ર** નામની એકેક કૃતિ પ્રભાચન્દ્રે અને **મ**લ્લિષેણે રચી છે. ''લીંબડીના જૈન જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચીપત્ર'' (પૃ. ૨૫)માં લીંબડીના ભંડારમાં ચાર અજ્ઞાતકર્તૃક **ઋષિમંડલસ્તોત્રની** ચાર હાથપોથી હોવાની નોંધ છે. તે પૈકી એકમાં ૭૬ પદ્યો અને બીજીમાં ૯૮ છે. ત્રીજી અને ચોથી હાથપોથીમાંના **ઋષિમંડલસ્તોત્રનાં** પદ્યોની સંખ્યા દર્શાવાઈ નથી.

---

૧. **મહા.નવ.ની** 'નિવેદન' (પૃ. ૭)માં કહ્યું છે કે **ભૈરવપદ્માવતીકલ્પ**ના કર્તા **મ**લ્લિષેણસૂરિએ રચેલા **વિદ્યાનુશાસન** ઉપરથી પ્રાચીન **ઋ**ષિમંડલસ્તવ રચાયો છે.

૨. ધર્મઘોષસુરિએ ૨૦૮ પદ્યોમાં જ. મ. માં. **ઇસિમંડલથોત્ત** નામની જે કૃતિ રચી છે તેનું સંસ્કૃત નામ **ઋષિમંડલસ્તોત્ર** છે. એને મહર્ષિકુલ તેમ જ **મહર્ષિકુલસંસ્તવ** પણ કહે છે. એના ઉપર સંસ્કૃતમાં તેમ જ પાઇયમાં વૃત્તિઓ રચાઈ છે અને એની નોંધ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૬૦)માં લેવાઈ છે. તેમાં સંસ્કૃતમાં વૃત્તિઓ રચનારા તરીકે **પદ્મ**મન્દિરગણિ (વિ. સં. ૧૫૫૩), **જિ**નસાગરસૂરિ, **હર્ષ**નન્દન (વિ. સં. ૧૭૦૪), **શુ**ભવર્ધનગણિ, 'અંચલ' ગચ્છના **ભુ**વનતુંગસૂરિ, **કી**ર્તિરત્ન અને **શી**લરત્નનો અહીં હું ઉલ્લેખ કરું છું **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૫૯) પ્રમાણે ૨૭ પદ્ય માંનું પણ **ઇસિમંડલથય** છે અને એના ઉપર ૪૬૧૪ શ્લોક જેવડી વૃત્તિ છે. **સિં**હતિલકસૂરિએ આ જાતનું સ્તોત્ર રચ્યું નથી પણ એને અંગેના યંત્રના આમ્નાય અંગે કૃતિ રચી છે. જુઓ પૃ. ૩૭૪

૩. આ લેખ ચિત્રપટની પ્રતિકૃતિ સહિત ''જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ'' (પૃ. ૯ થી ૧૩)માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**ઋષિમંડલસ્તવયન્ત્રાલેખન– ઋષિમંડલસ્તવને** આધારે યંત્રનું આલેખન કેમ કરવું એ બાબત ગણિતજ્ઞ અને માન્ત્રિક **સિંહતિલકસૂરિએ** આ કૃતિ દ્વાર ૩૬ પદ્યોમાં રજૂ કરી છે. વિક્રમના ચૌદમા સૈકામાં વિદ્યમાન આ સૂરિ **વિબુધચન્દ્રસૂરિના** શિષ્ય થાય છે. એમની અન્ય કૃતિઓ વગેરે અંગેની માહિતી મેં **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૦૫, ૨૯૧, ૨૯૨ અને ૩૧૮)માં આપી છે. P. ૩૭૫

ઋષિમંડલયન્ત્રલેખનવિધિ– આ અજ્ઞાતકર્તૃક વિધિનો પ્રારંભ ''तीर्थमण्डलं कृत्वा कूटाक्षराणि''થી થાય છે. આ કૃતિ જૈ. સા. વિ. મં.માં છપાયેલી છે.[2]

ઋષિમંડલસ્તવ ( )– આ ૭૦ કારિકામાં રચાયેલા સ્તોત્રના કર્તા મેરુતુંગસૂરિ છે. એની કોઈ હાથપોથી મળે છે ખરી ?

આ **મેરુતુંગસૂરિ** તે કદાચ [3]**પ્રબન્ધચિન્તામણિ**ના કર્તા કે **કાતન્ત્ર** ઉપર સંસ્કૃતમાં [4]બાલાવબોધ રચનારા હશે કે [5]**સંભવનાથચરિત્રના કર્તા** હશે.

ઋષિમંડલસ્તવ ( )– આના કર્તા ઋષિ **પાલિ** (?) છે.

ટીકા– આ કોઈકે રચી છે.

[6]**વીરસ્તવ** (લ. વિ. સં. ૧૪૫૦)– ''**વિશ્વશ્રીદ્ધ**''થી શરૂ થતા આ સ્તવના કર્તા [7]**મુગ્ધાવબોધ ઔક્તિક** વગેરેના પ્રણેતા **કુલમંડનસૂરિ** છે. આ ૨૧ પદ્યનો સ્તવ નિમ્નલિખિત P. ૩૭૬ બંધોથી વિભૂષિત છે :–

ચક્ર, મૂસળ, શૂળ, શ્રીકરી, ચામર, હળ, ભાલો, ધનુષ્ય, તરવાર, શક્તિ, છત્ર, રથ, કુંભ (પૂર્ણ કળશ), કમળ, બાણ, ત્રિશૂળ અને વજ્ર.[8]

આ બંધોના નામો અંતિમ પદ્યમાં ગણાવાયાં છે. એમાં જે ૧૫મું પદ્ય 'અર્ધ-ભ્રમ'માં છે તેનો પણ સાથે સાથે નિર્દેશ છે. વીસમા પદ્યના પ્રારંભમાં આ સ્તવને અંગે ''अष्टादशचित्रचक्रविमलं'' એવું વિશેષણ વપરાયું છે. ગુર્વાવલી (શ્લો. ૭૮)માં 'અષ્ટાદશારચક્ર' તરીકે જેને વિષે ઉલ્લેખ છે તે આ જ સ્તવ હોય એમ લાગે છે.

---

૧. આ કૃતિ પં. શ્રીધુરંધરવિજયગણિના ગુજરાતીમાં અનુવાદ અને ભાવાર્થ, શ્રીઅમૃતલાલ કાલિદાસ દોશીના સારાંશ દર્શન, દસ પરિશિષ્ટો, (દ્વિતીય પરિશિષ્ટ તરીકે ૪૮ લબ્ધિનાં અને દસમા તરીકે ૬૪ ઇન્દ્રોનાં નામ), ઋષિમંડલની યન્ત્રલેખનવિધિ (સંસ્કૃત)માં તેમ જ શબ્દસૂચિ સહિત ''જૈન સાહિત્ય વિકાસ મંડલ'' તરફથી ઈ. સ. ૧૯૬૧ પ્રસિદ્ધ કરાયેલી છે. વિશેષમાં આ મંડલે **સિંહતિલકસૂરિએ** દર્શાવેલા આમ્નાય અનુસાર 'ઋષિમંડલ-યંત્ર' ચાર રંગમાં આજ વર્ષમાં (ઈ. સ. ૧૯૬૧માં) છપાવ્યું છે.

૨. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૩. જુઓ પૃ. ૧૪૦.

૪. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૪૧ અને ૨૭૧)

૫. જુઓ પૃ. ૬.

૬. આ પ્રકાશિત છે. જુઓ જૈ. સં. સા. ઈ. (ખંડ ૧, પૃ. ૪૮)

૭. આનો પરિચય મેં જૈ. સં. સા. સા. ઈ. (ખંડ ૧, પૃ. ૪૭ અને ૪૯-૫૧)માં આપ્યો છે.

૮. જુઓ I L D (2nd instal, pp. 112-113) અહીં પ્રસ્તુત પદ્યો પણ મેં આપ્યાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**પંચજિનહારબંધ-સ્તવ** (લ. વિ. સં. ૧૪૫૦)– આ પણ ઉપર્યુક્ત **કુલ**મંડનસૂરિની કૃતિ છે. એનો પ્રારંભ "ગરીયોગુણ"થી કરાયો છે. એમાં ૨૩ પદ્યો છે. સૌથી પ્રથમ ચાર પદ્યનો **આ**દિસ્ત છે. ત્યાર બાદ ચાર પદ્યનો **શા**ન્તિ-સ્તવ, પાંચ પદ્યનો **ને**મિસ્તવ, ચારનો **પા**ર્શ્વસ્તવ અને ચારનો **મ**હાવીરસ્તવ છે. અંતમાં બે પદ્યો છે.

P. ૩૭૭ [2]**ચતુર્હારાવલી-ચિત્રસ્તવ** (? વિક્રમની ૧૫મી સદી)– આ 'આગમ' ગચ્છના જયતિલકસૂરિ ઉર્ફે જયશેખરસૂરિની કૃતિ છે. એમણે **ચા**રિત્રપ્રભ પાસે દીક્ષા લીધી હતી એમ આ કૃતિનું ૧૪મું પદ્ય તેમ જ એની ટીકા જોતાં જણાય છે.

પ્રસ્તુત કૃતિ ચાર હારાવલીમાં વિભક્ત છે અને એ પ્રત્યેકમાં ચૌદ ચૌદ પદ્યો છે, પ્રત્યેક હારાવલીનું ચૌદમું પદ્ય લગભગ સરખું છે. પ્રથમ હારાવલીના ચૌદમાં પદ્યની ટીકા જોતાં કર્તાનું નામ જયશેખર છે, જ્યારે બાકીની હારાવલી પ્રમાણે જયતિલક છે. આથી આ બંને નામાન્તર ગણી શકાય તેમ છે.

પ્રથમ હારાવલીમાં **ઋ**ષભદેવ વગેરે વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકરોની, દ્વિતીયમાં અતીત ૨૪ તીર્થંકરોની, તૃતીયમાં અનાગત ૨૪ તીર્થંકરોની અને ચતુર્થમાં [3]૨૦ વિહરમાન અને [4]૪ શાશ્વત
P. ૩૭૮ તીર્થંકરોની સ્તુતિ કરાઈ છે. આ ચારેના પ્રત્યેક પદ્યમાં એવી ખૂબી છે કે પૂર્વ અને પશ્ચિમમાં એકેક તીર્થંકરના નામના અક્ષરરૂપ હારથી એ અલંકૃત છે. સ્પષ્ટ શબ્દોમાં કહું તો પ્રથમ પદ્યનાં ચારે ચરણોના પહેલા પહેલા અક્ષર એકની નીચે એક ગોઠવીને વાંચતાં 'શ્રીવૃષભ' એમ વંચાય છે અને છેલ્લા છેલ્લા અક્ષર એ રીતે ગોઠવીને વાંચતા 'મહાવીર એમ વંચાય છે.[5] વિશેષમાં પ્રત્યેક હારાવલીનું [6]તેરમું પદ્ય ચિત્રકાવ્યરૂપ છે. એ અનુક્રમે ચતુર્વિંશતિદલપદ્મ, સ્વસ્તિક, વજ્ર-બન્ધ અને બન્ધૂક-

---

૧. આ પ્રકાશિત છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧. પૃ. ૨૯) વિશેષમાં I L D (2nd instal, pp. 114-116)માં પણ આ સંપૂર્ણ કૃતિ છપાઈ છે. એ હારબંધથી વિભૂષિત છે પણ એનું ચિત્ર કેમ દોરવું તે સમજાતું નથી.

૨. આ સ્તોત્ર કોઈકની (? સ્વોપજ્ઞ) ટીકા સહિત **જૈનસ્તોત્રરત્નાકર** (ભા. ૨, પત્ર ૩૪અ-૫૪આ માં છપાયું છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૧૬)પ્રમાણે આ જ ટીકા સ્વોપજ્ઞ છે. "અનેકાંત" (વર્ષ ૧, કિ. ૮-૧૦, પૃ. ૫૨૨-૫૨૮)માં પ્રથમ હારાવલી પૂરતાં ૧૪ પદ્યો ઉપર્યુક્ત ટીકા તેમ જ હિંદી અનુવાદ સહિત છપાયાં છે પરંતુ આ હારાવલીના કર્તાનું નામ પ્રારંભમાં અપાયું નથી.

૩. આ નામો અનુક્રમે નીચે મુજબ છે :–

સીમન્ધર, યુગન્ધર, યુગબાહુ, સુબાહુ, સુજાત, સ્વયંપ્રભ, વૃષભાનન, અનંતવીર્ય, રવિપ્રભ, વિસાલ, વજ્રંધર, ચન્દ્રાનન, ચન્દ્રબાહુ, ભુજંગદેવ, ઈશ્વર, નેમિપ્રભ, **વીરાસન,** મહાભદ્ર, દેવયશસ્ અને અજિતવીર્ય.

૪. ઋષભ, વારિષેણ, ચન્દ્રાનન અને વર્ધમાન.

૫-૬. જુઓ I L D (2nd instal., p. 111)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વસ્તિકનાં ઉદાહરણરૂપ છે.[૧] આ ચારેનાં ચિત્રો સટીક સંપૂર્ણ સ્તોત્ર સહિતની આવૃત્તિમાં અપાયાં છે. અહીં એ ઉમેરીશ કે બન્ધૂક-સ્વસ્તિક મારવાડમાં પ્રચલિત હોવાનું કોઈ કોઈ કહે છે.

ટીકા– આ છપાવાઈ છે.[૨]

અનુવાદ– આ હિંદી અનુવાદ પહેલાં ચૌદ પદ્યો પૂરતો જ છે અને એ પ્રકાશિત છે.[૩]

[૪]**પાર્શ્વદેવ-સ્તવન** (લ. વિ. સં. ૧૪૭૦)– આ ૧૩ પદ્યના સ્તવનના કર્તા 'અંચલ' ગચ્છના જયકીર્તિસૂરિ છે. એઓ વિ. સં. ૧૫૧૨માં ચિત્તોડમાં **નલદવદન્તીરાસ** રચનાર **ઋષિવર્ધન**ના ગુરુ થાય છે. એમની આ કૃતિ ઉપલક દૃષ્ટિએ વિચારનારને તો 'ભુંજગી' છંદમાં રચેલી ગુજરાતી કવિતા લાગે, પરંતુ એની [૫]વ્યાખ્યામાં જે અન્ય રીતે પદચ્છેદ કરી પ્રત્યેક પદ્ય રજૂ કરાયું છે તે વિચારતાં એ આશ્ચર્યકારક સંસ્કૃત રચના છે એ વાત સ્પષ્ટપણે જોઈ શકાય છે. નમૂના તરીકે હું આ કૃતિનું આદ્ય પદ્ય રજૂ કરું છું :– P. ૩૭૯

''સદા વાસના પાસના પાય પેષી,
નવાં કાજ સંસારનાં હો ઉવેષી,
ધરઈ નામ જે તાહરઉ દેવ ! હીયઈ
મહીના હિ તેના હવા મે મહીયઈ. ૧''

ખરી રીતે આ નીચે મુજબનું સંસ્કૃત પદ્ય છે :–

''सदावासनापासनापायपेषी
नवाङ्काजसं सारनाहो उवेषी ।
धरईनामजेताऽहर उदेव ही य इ
महीनाहितेना हवामे महीय इम् ॥''

વ્યાખ્યા– આના કર્તાનું નામ જાણવામાં નથી. એ છપાયેલી છે.[૬]

[૭]**ભોજ્યાદિનામગર્ભિત સાધારણ-જિન-સ્તુતિ** (લ. વિ. સં. ૧૪૭૦)– ''આમ્બારાયણ''થી શરૂ થતી આ બાર પદ્યની સ્તુતિના કર્તા **દેવસુન્દરસૂરિ**ના શિષ્ય **સાધુરાજગણિ** છે. એમાં જાતજાતના ખાદ્યાદિ પદાર્થોનાં ગુજરાતી નામ ગૂંથી લેવાયાં છે અને એ રીતે આ આશ્ચર્યજનક (ચિત્રકૃત્) સ્તોત્ર છે. આ કૌતુકભરી રચના વિબુધ **શ્રુતસાગર**ને અંગે કરાઈ છે. એમાં જણાતાં ગુજરાતી નામો શ્લોકદીઠ હું નીચે મુજબ રજૂ કરું છું :– P. ૩૮૦

૧. એજન પૃ. ૧૩૯-૧૪૦.

૨-૩. જૈનસ્તોત્રરત્નાકર ભા.૨ પ.૩૪ અનેકાન્ત વર્ષ ૧ અંક ૮-૧૦.

૪. આ સ્તવન અજ્ઞાતકર્તૃક વ્યાખ્યા સહિત **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨, પૃ. ૧૨૯-૧૩૯)માં પ્રકાશિત થયેલું છે.

૫. આ ઉપર્યુક્ત પુસ્તકમાં પ્રકાશિત છે.

૬. જુઓ પૃ.I.L.D (2nd Instal.PIIII)

૭.આ સ્તુતિ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત **જૈનસ્તોત્રસંગ્રહ** (ભા. ૨, પૃ. ૧-૨૫)માં છપાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]	[૨]	[૩]	[૪]	[૫]	[૬]
[1]૧	ખડબૂજાં	પૂડા	૪	[5]આમલાં	રાબડી
P. ૩૮૧ આંબા	કૂર	ચૂરિમા	કોઠી	૭	ઘારડી
રાયણ	દાલિ	૩	પાપડ	ટીંડૂરાં	ઢોકલાં
સેલડી	સાકર		સાલેવડાં	ડોડિકાં	બાકલા
ખડહડી	પાન	ખસખસ	સુખાવડી	કુઠવડી	૧૦
કેલા	ફોફળ	મુરુકી	૫	૮	
[2]મતીરાં	૨	પોલી	કંકોડા	પૂરણ	કઈરી
દાડિમ	જંબીર	માંડા			ટીડસાં
દ્રાખ	નારંગ	માંડી			ચીભડાં
ખારિક	ગુંદ	સીંઘોડા	કર્મદા (?)		બા(?વા)લ
સાકુચી	સેવ	સાકુલી	કાકડી	સૂરણ	
ખાજલા	દહી	સુહાલી	કારેલા	ખાંડમી	૧૧
લાડૂ	ગોક્ષીર	[4]ટોઠા	૬	ખંડ	ભાજી
[3]ષાંડ	ચારોલી	ધાણી	સાંગરી	વડાં	ડોડી
ખજૂર	જાંબૂ	ચણા	કઈર		બોરુ
			બાઉલિયા(?)	૯	પીલૂ

[6]**સ્વોપજ્ઞવૃત્તિ**– આ કર્તાએ જાતે રચી છે. શ્રુતસાગરે આ વૃત્તિ–ટીકા રચ્યાનો જે ઉલ્લેખ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૯૯)માં છે તે ભ્રાન્ત જણાય છે.

P. ૩૮૨ [7]**ભોજ્યાદિનામગર્ભિત મહાવીર-જિન-સ્તવ**– ''कल्याणधामकरणं''થી શરૂ થતા અને ૧૮ પદ્યોમાં રચાયેલા આ મહાવીરસ્વામીના સ્તવનના કર્તા કોઈ **'માનતુંગ'** નામના મુનિ છે.

'માનતુંગ' નામના ત્રણ મુનિઓ થયા છે : (૧) **ભક્તામર-સ્તોત્રના કર્તા**, (૨) વિ. સં. ૧૨૬૦ના અરસામાં **જયન્તીપ્રશ્નોત્તરસંગ્રહના** પ્રણેતા અને (૩) વિ. સં. ૧૩૨૪માં **સમરાદિત્ય-સંક્ષેપ** રચનારા **પ્રદ્યુમ્નસૂરિએ** જેમની કૃતિનું સંશોધન કર્યું છે તે. આ પૈકી કોઈએ કે પછી કાલાંતરે

૧. આ તેમ જ ૨, ૩ એમ ૧૧ સુધીનાં અંકો શ્લોકોને અંગેના છે.

૨. મતીરું એટલે ચીભડું.

૩. અત્ર 'ષ' થી 'ખ' સમજવાનો છે. આથી ષાંડ એટલે ખાંડ.

૪. ઘઉંની એક વાનગી કે જે ''આયંબિલ''માં વપરાય છે.

૫. આને બદલે આમ અને લાંગ હોય તો ના નહિ.

૬. '''જૈનસ્તોત્રસંગ્રહ' ભા. ૨ પૃ. ૧-૨૫માં આ પ્રકાશિત છે. જુઓ પૃ. ૩૭૯ ટિ. ૨.

૭. આ કૃતિ **ભક્તા.સ્તોત્રત્રયની** મારી આવૃત્તિમાં પૃ. ૨૪૦-૨૪૧માં છપાઈ છે. આની એક હાથપોથી વિ. સં. ૧૭૪૨માં લખાયેલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

થયેલા અન્ય જ કોઈ મુનિએ આ કૃતિ રચી છે. આ કૃતિમાં ખાદ્યાદિ પદાર્થોનાં ગુજરાતી નામ ગૂંથી લેવાયાં છે. આ નામો શ્લોકદીઠ નીચે મુજબ છે :–

[૧]	[૨]	[૩]	[૪]	[૫]	[૬]	[૭]
૨[1]	પિહુલા	૭	ઘી	ચીભડાં	સાંગરી	કઉઠ
ચાઉલ	★ષાજાં	ચૂરિમા	૯	૧૧	કલિંગડા	બાઉલીઆ
૩	તિમોટાં	ગુલ	શાલિ	કસુંભિયા(?)	કોહલાં	૧૬
★ષુડહડી	માઠા	ઘી	દાલિ	ખાટા	૧૪	દૂધ
★અષોડ	[2]સિંહકેસર	મિશ્રી	ઘૃત	તૂરિઆ	ગુન્દ	દહીં
★દ્રાષ	લાડૂ	દહીંથરા	કેવડાં	જંબીર	જાદરીયા	કરંબક
સીંઘોડાં	★ષાંડ	સાકુમી?	ઘારડાં	આંબહુલી	પોલી	ઘોલ
ખારિક	ઘી	ગુંદવડા	સાલેવડ	૧૨	વેઢમી	૧૭
ચારોલી	સાંકુલી	કંસાર	ખાંડમી	તીંડૂરાં	તિલવટી	જાયફલ
૪	માંડી	ગુલ	પાપડ	ડોડિકા	પૂડા	એલચી
દાડિમ	મુરુકી	લાપસી	વડી	ભાજી	૧૫	લવિંગ
★ષજૂાર	સુંહાલી	૮	પૂરણ	ડોડી	માંડા	તજ
કેલાં	૬	રાયણ	કેલા	મતીરાં	ખીર	તમાલપત્ર
સાકર	સાકર	આંબા	[3]લાંગ	કોઠીંબડાં	ઘી	[4]ખયરસાર
નીમજાં	આંબિલ	કેલા	૧૦	કરેલાં	શ્રીખંડ	૧૮
ફલહુલી	દલ	સુરા	કરમદાં	કંકોડા	ખાખરાં	કસ્તૂરી
વરસોલા	સાટો	કાતલિયાં	કચંબરિ	આમલી	ધાણા	કર્પૂર
૫	દહિવડી	ખડબૂજાં	કઈરી	૧૩	સદવડા	પાન
સાતપુડી	ઘેવ(બ)૨	ખાંડ	પત્રવેલી	કાચરી	નારિંગ	બીડાં
			લીંબુ			સોપારી

P. ૩૮૩

૧. આ અંક શ્લોકના સમજવા.

★ આ ચિહ્નથી અંકિત શબ્દગત 'ષ' થી 'ખ' સમજવાનો છે.

૨. આ એક પ્રકારના લાડુનું નામ છે. **વર્ણકસમુચ્ચય** (ભા. ૧, પૃ. ૧૮૫ ટિ. ૧)માં આને અંગે નિમ્નલિખિત ઉલ્લેખ છે :–

"चउसट्ठिकुसुमरसो अट्ठारसराजदव्वसंजोगो ।
सोलसगन्धदव्वा धबीये सिङ्घहकेसराये ॥"

૩. અન્ય રીતે વિચારતાં.

૪. આથી 'કાથો' અર્થવાળો 'ખેરસાર' અભિપ્રેત હશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંતમાં એ નોંધીશ કે પ્રસ્તુત સ્તવનના દ્વિતીય પદ્યના ઉત્તરાર્ધમાં નિમ્નલિખિત ગુજરાતી શબ્દો અને નવમામાં 'પાપડ'નું સ્મરણ કરાવનાર 'પાપડે' છે :–

આડણી, પાટ, થાળ અને ભાણાં ('ભાણું'નું બહુવચન)

P. ૩૮૫ [૧]**ભોજ્યનામગર્ભિત જિનસ્તુતિ**– આ એક પદ્યની અજ્ઞાતકર્તૃક કૃતિનો પ્રારંભ ''ઘાત્યાઘે વરલાપસીમ''થી થાય છે. એમાં ઘેવ(બ)ર, લાપસી, ઘેસ, કૂરુ, દાલિ, દલ, ઘી, રાયિતું, વડાં, દોડા, સાકર અને દૂધુ (?) એમ વિવિધ ખાદ્ય પદાર્થનાં ગુજરાતી નામો છે. આને અંગેનું સંપૂર્ણ પદ્ય નીચે મુજબ છે :–

[૨]''ઘાત્યાઘે વરલાપસીમ ! રમતે શ્રીસ્તવદ્‌ગુણૌધે સદા
સદ્દાનૈરધિકૂરુદાલિરુદલડ્‌ઘીયુઃ સુખં ત્વજ્જુષઃ ।
ચેતઃસૂરર્રાયિતું સદવડાંદોડા રુચિં ત્વદ્રુચા
ક્ષમાહિંસાકરદૂધુરીણ ! ભવતઃ શ્લોકે રસોઽયિ પ્રભો !'' ॥૧॥

[૩]**અવચૂરિ**– આ કોઈકે રચી છે.

[૪]**જિનપતિ-સ્તુતિ**– ''રચિતકરપુટ''થી શરૂ થતી આ અજ્ઞાતકર્તૃક સ્તુતિ જિનેશ્વરના ગુણગાનરૂપ હોવા ઉપરાંત વૈદ્યક-શાસ્ત્રને અંગે પણ કેટલીક માહિતી પૂરી પાડે છે.

P. ૩૮૬ [૫]**સ્તંભન–પાર્શ્વજિન-સ્તવન**[૬]– આ પૂર્ણકલશગણિએ ઔષધો અને સાથે સાથે મંત્ર પર પ્રકાશ પાડનારું ૩૭ પદ્યમાં રચ્યું છે. એમાં ૩૬ પદ્યો અપભ્રંશમાં અને ૩૭મું સંસ્કૃતમાં છે.

વૃત્તિ અને વાર્તિક– પ્રસ્તુત સ્તવન ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ અને ગુજરાતીમાં વાર્તિક છે. એ બંને પ્રકાશિત છે.[૭]

---

૧. **સ્તુતિ-ચતુર્વિંશતિકાની** મારી સંસ્કૃત ભૂમિકા (પૃ. ૨૦-૨૧)માં આ અવચૂરિ સહિત છપાવાઈ છે.

૨. આનો પદચ્છેદાત્મક અન્વય હું નીચે પ્રમાણે સૂચવું છું :–
અયિ પ્રભો ! વર-લાપ-સીમ ! ક્ષ્મા-હિંસાકર-દૂ ધુરીણ ! ઘાત્ય-અઘે ત્વદ્-ગુણૌધે સદા શ્રીઃ રમતે । સદ્-દાનૈઃ અધિ-કુ ઉરુ-દ આલિઃ ઉદલડ્‌ઘિ । ત્વજ્જુષઃ સુખં ઈયુઃ । સદ્-અબલા-દોલા અયિતું ચેતઃ-સૂઃ ત્વદ્-રુચા ભવતઃ શ્લોકે રસઃ (અભૂત્) । રુચિં અરર ।

૩. આ **સ્તુતિ ચતુર્વિંશતિકા**ની ઉપર્યુક્ત ભૂમિકામાં છપાવાઈ છે. જુઓ ઉપરનું ટિ. ૧.

૪. આ સ્તુતિના શ્લો. ૨ ને ૪ ઉપર્યુક્ત ભૂમિકા (પૃ. ૨૧)માં અપાયા છે. આ સ્તુતિમાં એકંદર કેટલા શ્લોક છે એ જાણવું બાકી રહે છે.

૫. આ કૃતિનો **સ્તમ્ભનક-પાર્શ્વ-સ્તુતિ**ના નામથી પરિચય મેં D C G C M (Vol XIX, sec. 1, pt. 2, pp. 193-194) માં આપ્યો છે. સાથે સાથે એના સ્વોપજ્ઞ ટિપ્પણ માટે પણ મેં તેમ કર્યું છે.

૬. આ સ્તવન સ્વોપજ્ઞ વૃત્તિ અને ગુજરાતી વાર્તિક સહિત **જૈનસ્તોત્ર સન્દોહ** (ભા. ૨, પૃ. ૫૦-૬૯)માં છપાવાયું છે.

૭. જુઓ ઉપરનું ટિપ્પણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'દેલવાડા-મંડન' આદિનાથ-સ્તવન ( )– આ **શુભસુન્દરસૂરિ**ના શિષ્યે ઔષધ, યંત્ર, તંત્ર અને મંત્રની માહિતી પૂરી પાડનારું ૨૫ પદ્યમાં રચ્યું છે. આનાં પ્રથમ અને અંતિમ એ બે પદ્યો મેં **સ્તુતિચતુર્વિંશતિકાની** મારી ભૂમિકા (પૃ. ૧૧)માં આપ્યાં છે.

જિનસ્તોત્રરત્નકોશ, જિનસ્તોત્રમહાહ્રદ કિંવા **રત્નકોશ** (લ. વિ. સં. ૧૪૮૫)– આના કર્તા 'સહસ્રાવધાની' **મુનિસુન્દરસૂરિ** છે. આ કૃતિમાં એક કરતાં વધારે પ્રસ્તાવ હોવા જોઈએ. હજી સુધી તો એક જ [૧]પ્રસ્તાવ મળી આવ્યો છે. એમાં ૨૩ સ્તોત્રો છે અને એમાં પદ્યોની કુલ સંખ્યા ૬૧૭ની છે. આ પૈકી બીજું P. ૩૮૭
અને ત્રીજું સ્તોત્ર વિ. સં. ૧૪૭૬માં રચાયાં છે. ૧૯મું સ્તોત્ર **સીમંધર**સ્વામીને અંગે છે.[૨]

[૩]**સૂરિ-મન્ત્ર-સ્તોત્ર** (લ. વિ. સં. ૧૪૮૫[૪])– આના કર્તા ઉપર્યુક્ત **મુનિસુન્દરસૂરિ** છે. એમણે આ સ્તોત્રો દ્વારા 'સૂરિ' મંત્રની પુષ્કળ પ્રશંસા કરી છે અને એનો તીર્થંકર, તીર્થ, ગૌતમ ઇત્યાદિ રૂપે નિર્દેશ કર્યો છે. આ સ્તોત્રમાં એમણે કહ્યું છે કે **વર્ધમાન**ના અર્થાત્ મહાવીરસ્વામીના નિર્દેશથી– એમની સૂચના અનુસાર ગૌતમ ગણધરે આ સૂરિમંત્ર રચ્યો.

સિદ્ધાન્તાગમસ્તવ (શ્લો. ૪૫)માં 'આચાર્ય'–મંત્રને એટલે કે 'સૂરિ' મંત્રને નમસ્કાર કરાયો છે. જુઓ પૃ. ૩૬૭.

[૪]**સૂરિ-મંત્ર-સ્તોત્ર**– આ **લઘુશાન્તિસ્તવ**ના કર્તા **માનદેવસૂરિ**એ રચ્યું છે પણ એ પાઈયમાં છે.

[૫]**યુષ્મદસ્મદષ્ટાદશસ્તવી** (લ. વિ. સં. ૧૪૯૦)– આના કર્તા **દેવસુન્દરસૂરિ**ના શિષ્ય **સોમસુન્દરસૂરિ** છે. એમણે **કલ્પાન્તર્વાચ્ય**, [૬]**કલ્યાણક-સ્તવ**, [૭]**યતિજીતકલ્પ** અને [૮]**રત્નકોશ** રચ્યાં છે. વળી એમણે નિમ્નલિખિત કૃતિઓ ઉપર સંસ્કૃતમાં અવચૂર્ણિ રચી છે :–

આઉરપચ્ચક્ખાણ, ચઉસરણ, ચેઈયવન્દણભાસ, પચ્ચક્ખાણભાસ અને વન્દણગભાસ. P. ૩૮૮

આ ઉપરાંત એમણે ગુજરાતીમાં **આરાધનારાસ, નેમિનાથ નવરસફાગ અને સ્થુલિભદ્રફાગ** રચ્યાં છે. વિશેષમાં એમણે નીચે મુજબની કૃતિ ઉપર ગુજરાતીમાં એકેક બાલાવબોધ રચ્યો છે :–

આરાહણાપડાયા, ઉવએસમાલા, નવતત્ત, ભક્તામર-સ્તોત્ર, યોગશાસ્ત્ર, સટ્ઠિસયગ અને સડાવસ્સય.[૯]

સોમસુન્દરસૂરિની પ્રસ્તુત કૃતિના **યુષ્મચ્છબ્દ-નવસ્તવી** અને **અસ્મચ્છબ્દ-નવસ્તવી** એમ બે વિભાગ પડે છે. એ બેનો **અષ્ટાદશસ્તવી** તરીકે ભેગો ઉલ્લેખ કરાય છે. પ્રથમ વિભાગમાં 'યુષ્મદ્'

---

૧. આ પ્રસ્તાવ જૈનસ્તોત્રસંગ્રહ (ભા.૨ પૃ. ૪૩-૧૨૭૭માં અને જિ. આ ટ્ર. તરફથી છપાયો છે.
૨. વિશેષ માટે જુઓ **ઉપદેશરત્નાકરની** મારી ગુજરાતી ભૂમિકા (પૃ. ૭૪-૭૬)
૩. આના શ્લો. ૨ અને ૭ **શ્રીભૈરવ-પદ્માવતીકલ્પના** અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૧૬૧)માં ઉદ્ધૃત કરાયા છે.
૪. આ ઉપર્યુક્ત ઉપોદ્ઘાતમાં પ્રથમ પરિશિષ્ટ તરીકે અપાયું છે.
૫. આ કૃતિ **જૈનસ્તોત્રસંગ્રહ** (ભા. ૧, પૃ. ૧-૧૬)માં છપાવાઈ છે.
૬-૮. શું આ ત્રણે સંસ્કૃત કૃતિ છે ?
૯. જુઓ D C G C M (Vol XIX, sec. 1, pt, 1.p. 32)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શબ્દનાં અને બીજા વિભાગમાં 'અસ્મદ્' શબ્દનાં ત્રેસઠ ત્રેસઠ રૂપો અપાયાં છે. પ્રથમ નવસ્તવીમાં છઠ્ઠો સ્તવ બે રીતે રજૂ કરાયો છે. તેમ છતાં એ બેને એક સ્તવ ગણી 'નવસ્તવી' એવો વ્યવહાર કરાય છે. એમાં પ્રથમ સ્તવમાં **પાર્શ્વ**નાથની, બીજામાં **અજિત**નાથ અને **શાન્તિ**નાથ એ બેની, ચોથામાં **ઋષભ**દેવની, પાંચમામાં **પાર્શ્વ**નાથ અને **સુપાર્શ્વ**નાથ એ બેની, સાતમામાં **નેમિ**નાથની અને આઠમામાં **સીમન્ધર**સ્વામી અને યુગન્ધરસ્વામીની સ્તુતિ કરાઈ છે, જ્યારે બાકીના સ્તવો 'સાધારણજિનસ્તવ' છે.

બીજી નવસ્તવીમાં પ્રથમ સ્તવ અમુક જ તીર્થંકરની સ્તુતિરૂપ નથી. ત્રીજો સ્તવ **મહા**વીરસ્વામીની, ચોથો **ઋષભ**દેવની અને પાંચમો **ઋષભ**દેવ અને **મહા**વીરસ્વામીની સ્તુતિરૂપ છે.
P. ૩૮૯ બીજો અને છઠ્ઠો સાધારણજિનસ્તવ છે. સાતમો સ્તવ તો **ઋષભ**દેવ, **મહા**વીરસ્વામી, **ચન્દ્રા**નન અને **વારિષેણ** નામના ચાર શાશ્વત જિનોને અંગેનો છે.

અવચૂર્ણિ– ઉપર્યુક્ત **અષ્ટાદશસ્તવીનું** સંશોધન કરનાર **સોમ**દેવગણિએ [1]વિ. સં. ૧૪૯૭માં આ સમગ્ર કૃતિની અવચૂર્ણિ રચી છે. એઓ **સોમ**સુન્દરસૂરિના શિષ્ય થાય છે.

[**નન્દનવનકલ્પતરુ** પ્ર. જૈન ગ્રન્થ પ્ર. સમિતિ ખંભાત. સં. ૨૦૫૫થી આના અંકો બહારપડતા રહે છે. આમાં સંસ્કૃતમાં વિવિધ લેખો-કાવ્યો વ. હોય છે.

અનુસંધાન– આના ૨૫ જેટલા અંકો પ્રગટ થયા છે. આમાં નાની અપ્રગટ કૃતિઓ અને પરિચય વ. હોય છે.

તાત્ત્વિકપ્રશ્નોત્તરાણિ– આ. સાગરાનંદસૂરિ પ્ર. પાનાચંદમદ્રાસી સૂરત ૨૦૧૪

સ્તોત્રરાસસંહિતા– સિદ્ધરાજ જૈન કલકત્તા ઈ.સ. ૧૯૮૬. સંક. લલિતપ્રભસાગર.

ચતુર્વિંશતિ જિનસ્તુતિસંગ્રહ– પ્ર. ગૂર્જરગ્રંથકાર્યા. અમદા. ૨૦૧૨

છાણીશતક– આ. **વીર**સેનસૂરિ. પ્ર.લ.જૈ.સા. છાણી ૨૦૬૬

જિનગુણ સ્તવના– કલ્પયશવિ. પ્ર.કલ્પેશ શાહ અમદા. ૨૦૩૮

જિનમૂર્તિપૂજાસાદ્ધશતકમ્– આ. સુશીલસૂરિ. સુશીલ સા. પ્ર. સ. જોધપુર ૨૦૫૦ હિંદી અનુવાદ સાથ.

જૈનસ્વાધ્યાયસુભાષિતમાલા પ્ર. સમ્યગ્જ્ઞાન પ્ર.મં. જયપુર સં. ૨૦૨૮

આગમોદ્ધારકકૃતિસંદોહ પ્ર. આગમોદ્ધારક જૈન ગ્રંથમાળા સં. ૨૦૨૦

જૈનરાજતરઙ્ગિણી– **શ્રી**વર હિંદીસાથે પ્ર. ચૌખંબા અમરભારતી પ્ર.વારાણસી ૨૦૩૦

જ્ઞાનચતુર્વિંશતિકા સ્વોપજ્ઞ અવચૂરિ સાથે કર્તા નરચન્દ્રોપાધ્યાય સં. આર્યેન્દ્ર શર્મા. પ્ર. "ઉસ્માનિયા વિશ્વવિદ્યાલય" હૈદરાબાદ ઈ.સ. ૧૯૫૬

જ્ઞાનસાર પ્ર. ભદ્રંકરોદયાટીકા સાથે પ્ર. શ્વે.મૂ.પૂ.સંઘ મદ્રાસ સં. ૨૦૨૦]

[**સોમ**સુન્દરસૂરિકૃત **શાન્તિજિનસ્તવન** (છ ભાષામાં) "જૈન સ્તોત્રકા સમીક્ષાત્મક અધ્યયન"માં છપાયો છે.]



૧. જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૧૯)માં મૂળ કૃતિના રચનાસમય તરીકે આનો જે નિર્દેશ છે તે ભ્રાંત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકરણ ૩૦ : શ્રવ્ય કાવ્યો

(ઋ) સ્તુતિ-સ્તોત્રો (ચાલુ)

[૧]**નવખંડપાર્શ્વસ્તવ** (લ.વિ. સં. ૧૪૯૦)– આના કર્તા **ત્રિસન્ધાન-સ્તોત્ર** વગેરેના પ્રણેતા **રત્નશેખરસૂરિ** છે. એઓ **સોમસુન્દરસૂરિ**ના શિષ્ય થાય છે. એમણે આ આઠ પદ્યોના સ્તવમાં ઘોઘાના 'નવખંડ'- પાર્શ્વનાથની સ્તુતિ કરી છે. એમણે આનાં પહેલાં સાત પદ્યોના પ્રત્યેક ચરણમાં 'નવખંડ' શબ્દગુચ્છ વાપર્યો છે અને એના ભિન્ન ભિન્ન રીતે સંદર્ભ અનુસાર અર્થો કર્યા છે. આમ આ [૨]'જય વૃષભ' સ્તોત્રનું સ્મરણ કરાવે છે.

અવચૂરિ– આ કોઈકે રચી છે અને એ ['જૈ. સ્તો. સ.' પૃ. ૬૯-૭૦માં] પ્રકાશિત છે.[૩]

[૪]**નવગ્રહસ્તવગર્ભ પાર્શ્વસ્તવ** (લ. વિ. સં. ૧૪૯૦)– આના કર્તા ઉપર્યુક્ત **રત્નશેખરસૂરિ** છે. આમાં દસ પદ્યો છે અને એમાં સૂર્ય વગેરે નવ ગ્રહોનો શ્લેષાત્મક ઉલ્લેખ છે.

અવચૂરિ– આ કોઈકની રચના છે અને [જૈ. સ્તો. સ. પૃ. ૭૧-૭૨માં] એ છપાવાઈ છે.[૫]

[૬]**મહિમ્નઃસ્તોત્ર** યાને **ઋષભ-મહિમ્નઃસ્તોત્ર** (લ. વિ. સં. ૧૫૦૦)– આ ૩૮ પદ્યની કૃતિ P. ૩૯૧ **રત્નશેખરસૂરિ**એ રચી છે. ૩૮મા પદ્યમાં **વિશાલરાજ**નો ઉલ્લેખ છે. એ જોતાં આ **રત્નશેખરસૂરિ** 'તપા' ગચ્છના હશે. જો એમ જ હોય તો એઓ વિ. સં. ૧૪૯૬માં સૂરિ બન્યા હતા.

સમાનનામક કૃતિઓ– જયચન્દ્રસૂરિના શિષ્ય **સત્યશેખરગણિ**એ **મહિમ્નઃસ્તોત્ર** રચ્યું છે. એ સ્વોપજ્ઞ અવચૂરિથી અલંકૃત છે.

'લોંકા' ગચ્છના **રઘુનાથે** પણ [૭]**મહિમ્નઃસ્તોત્ર** ૪૦ પદ્યમાં વિ. સં. ૧૮૫૭માં રચ્યું છે. એમાં **પાર્શ્વનાથ**નો મહિમા વર્ણવાયો હોવાથી એને **પાર્શ્વ-મહિમ્નઃ-સ્તોત્ર** પણ કહે છે.

[૮]**નમસ્કાર-માહાત્મ્ય** (? વિક્રમની પંદરમી સદી)– આના કર્તા **સિદ્ધસેનસૂરિ** છે. પ્રસ્તુત કૃતિમાં આઠ પ્રકાશ છે અને કુલ્લે ૨૧૬ પદ્યો છે. એના અંતમાં કહ્યું છે કે 'સરસ્વતી' નદિને કિનારે સિદ્ધપુર-પાટણમા **સિદ્ધસેનસૂરિ**એ સિદ્ધચક્રનું માહાત્મ્ય ગાયું છે.

---

૧. આ **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૬૯-૭૦)માં અવચૂરિ સહિત છપાયું છે

૨. જુઓ પૃ. ૩૬૨ . ૩. જુઓ ટિ. ૧

૪. આ **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૭૧-૭૨)માં અવચૂરિ સહિત પ્રસિદ્ધ કરાયું છે. ૫. જુઓ ટિ. ૪.

૬. આ ઈ. સ. ૧૮૭૬માં પ્રકાશિત **પ્ર. ૨.** (ભા. ૨, પૃ. ૧-૩)માં છપાવાયું છે. વળી આ સ્તોત્ર અનુવાદ સહિત **જૈન સ્તોત્ર તથા સ્તવન-સંગ્રહ**માં ઈ. સ. ૧૯૦૭માં પ્રકાશિત કરાયું છે.

૭. આ બનારસથી **રામચન્દ્ર**ની વિ. સં. ૧૯૩૫માં રચાયેલી ટીકા સહિત ઈ. સ. ૧૮૮૦માં પ્રસિદ્ધ કરાયું છે.

૮. આ કૃતિ "**જૈ. ધ. પ્ર. સ.**" તરફથી **કૂર્માપુત્રચરિત્ર** સહિત વિ. સં. ૧૯૭૬માં છપાવાઈ છે. હીરાલાલ હંસરાજ તરફથી પ્રસ્તુત કૃતિ ઈ. સ. ૧૯૧૧માં છપાવાઈ હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રથમ પ્રકાશના શ્લો. ૧૨-૧૬, ૧૯ અને ૨૦ ના પ્રારંભના પ્રથમ અક્ષરો મળીને "નમો
P. ૩૯૨ અરિહંતાણં" થાય છે. એવી રીતે પ્ર. ૨-૫માં નવકારમંત્રના આ પછીનાં ચાર પદોને અનુક્રમે સ્થાન અપાયું છે. આ કૃતિ પાંચ પરમેષ્ઠીઓનો તેમ જ એમને કરાતા નમસ્કારનો મહિમા વર્ણવે છે.

ભાષાન્તર– આ કૃતિનું ગુજરાતીમાં ભાષાન્તર થયેલું છે અને એ **મહા. નવ.** (પૃ. ૧-૧૯)માં છપાયું છે.[૧]

માયાવી ચોરસોથી અલંકૃત સ્તોત્રો

કેટલાક જૈન ગ્રન્થકારોએ [૨]માયાવી ચોરસો ([૩]magic squares) રૂપ યંત્રોથી વિભૂષિત સ્તોત્રો રચ્યાં છે. એ પૈકી સંસ્કૃત સ્તોત્રોની બાબત હું હાથ ધરું છું.

[૪]**સપ્તતિ-શત-જિનપતિ-સંસ્તવન** (? વિક્રમની પંદરમી સદી)– આનન્દોલ્લાસનથી શરૂ થતા
P. ૩૯૩ આ સંસ્તવનના કર્તા હરિભદ્ર નામના કોઈ મુનિ છે. એમણે આ સ્તોત્ર ૧૫ પદ્યોમાં રચ્યું છે અને એ દ્વારા ૧૭૦ જિનેશ્વરોની સ્તુતિ કરી છે. એનાં નવમા અને દસમા પદ્યમાં યંત્રની વિધિ દર્શાવાઈ છે[૫] જ્યારે ૧૧માંમાં નીચે મુજબના બીજાક્ષરોના જાપથી, ગુસ્સે થયેલો રાજા શાન્ત થાય છે એમ કહ્યું છે :–

---

૧. મુનિશ્રી કાન્તિવિજયજીએ કરેલો સંક્ષિપ્ત ગુજરાતી ભાવાનુવાદ મૂળ કૃતિ સહિત "કેસરબાઈ જૈન જ્ઞાનમંદિર" તરફથી પાટણથી વિ. સં. ૨૦૦૪માં છપાવાયો છે.

૨. આ સંબંધી મારો લેખ નામે "માયાવી ચોરસો અને જૈન સ્તોત્રો" "જૈન"ના તા. ૧-૧-'૩૩ અને ૮-૧-'૩૩ના અંકોમાં છપાયો છે.

૩. આને અંગેનો મારો લેખ "A Note on Jaina Hymns and Magic Squares" "Indian Historical Quarterly" (Vol. X, No. 1)માં પ્રસિદ્ધ થયેલો છે.

૪. **આ.કૃતિ મહા. નવ.** (પૃ. ૨૬૧-૨૬૨)માં ગુજરાતી ભાષાંતર સહિત પ્રસિદ્ધ કરાઈ છે. અહીં એનો **તિજયપહુત્તથોત્તના** 'દ્વિતીય યંત્ર વિધિ' તરીકે ઉલ્લેખ છે.

૫. એના ઉપરથી નીચે મુજબનો ૧૭૦નો 'સર્વતોભદ્ર' યંત્ર બને છે :–

૨	૭	૭૭	૮૪
૮૧	૮૦	૬	૩
૮	૧	૮૩	૭૮
૭૯	૮૨	૪	૫

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

"हरहुंहः सरसुंसः ॐ क्लीं ह्रीं हुं फट् स्वाहा"

ભાષાન્તર– આ સંસ્કૃત સંસ્તવનનું ગુજરાતીમાં ભાષાન્તર [મહા.નવ. પૃ. ૨૬૧-૨૬૨માં] છપાયેલું છે.

[1]**પંચષષ્ટિયન્ત્રગર્ભિત ચતુર્વિંશતિજિનસ્તોત્ર** ( )– આ જયતિલકસૂરિના કોઈ શિષ્યે (? શિવનિધાને) આઠ પદ્યોમાં 'અનુષ્ટુભ્'માં પાંસઠિયા યન્ત્રથી ગર્ભિત અને ઋષભદેવાદિ ચોવીસ તીર્થંકરોની સ્તુતિરૂપ કૃતિ રચી છે. એનો પ્રારંભ "आदौ नेमिजिनं नौमि"થી કરાયો છે. પહેલાં પાંચે પદ્યો ચોવીસ તીર્થંકરોનાં નામ રજૂ કરે છે. પછીનાં બે પદ્યો આ સ્તોત્રનો પ્રભાવ દર્શાવે છે. અંતિમ-આઠમું પદ્ય કર્તાના ગુરુનું નામ જણાવે છે. P. ૩૯૪

[2]**'મહાસર્વતોભદ્ર' યન્ત્ર**– આ સ્તોત્રગત આ યન્ત્ર નીચે મુજબ છે :–

૨૨	૩	૯	૧૫	૧૬
૧૪	૨૦	૨૧	૨	૮
૧	૭	૧૩	૧૯	૨૫
૧૮	૨૪	૫	૬	૧૨
૧૦	૧૧	૧૭	૨૩	૪

આ ૨૫ ખાનામાં ૧ થી ૨૫ સુધીના [3]અંકો છે. આ અંકોનો ઊભી લીટીઓમાં, આડી લીટીઓમાં ઈત્યાદિ [4]૭૨ પ્રકારે સરવાળો કરતાં જવાબ ૬૫ આવે છે. આથી આને સંસ્કૃતમાં 'પંચષષ્ટિયન્ત્ર' અને ગુજરાતીમાં 'પાંસઠિયો' યન્ત્ર કહે છે.

---

૧. આ કૃતિ વિવિધ સ્થળેથી પ્રસિદ્ધ કરાઈ છે. દા. ત. "મુ. ક. જૈ. મો. મા"માં પ્રકાશિત **ઋષિમંડલસ્તોત્રના** અંતમાં–પૃ. ૬૭ માં આ અપાઈ છે. એ "લોગસ્સસૂત્ર સ્વાધ્યાય" નામના પુસ્તક (પૃ. ૯૨)માં "જૈન સાહિત્ય વિકાસ મંડળ" તરફથી ઈ. સ. ૧૯૬૫માં છપાવાઈ છે.

૨. આ યન્ત્રમાં ૭૨ પ્રકારે (૬૫ એવો) એક જ સરવાળો આવે છે. એથી ઓછા ઓછા પ્રકારે આવનારાં યન્ત્રોનાં નામ સર્વતોભદ્ર, અતિભવ્ય, ભવ્ય ઇત્યાદિ છે.

૩. ૧ થી ૨૪ અંકો ઋષભદેવાદિ ૨૪ તીર્થંકરોને અંગેના છે જ્યારે ૨૫નો અંક મલ્લિનાથના દેહના પચ્ચીસ ધનુષ્યના માપનો દ્યોતક છે.

૪. આ બધા પ્રકારોનું આલેખન **લો. સ્વા.** (પૃ. ૧૦૪-૧૦૯)માં જોવાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૩૯૫ **અનુવાદ**– ધર્મસિંહે સાત પદ્યોમાં ગુજરાતીમાં રચેલું અને "શ્રીનેમીશ્વર સંભવ શામ"થી શરૂ થતું [૧]સ્તોત્ર અનુવાદની ગરજ સારે છે.

[૨]"**પંચષષ્ટિયન્ત્રગર્ભિત" ચતુર્વિંશતિજિનસ્તોત્ર** (ઉ. વિક્રમની ૧૫મી સદી)– આ અજ્ઞાતકર્તૃક સ્તોત્રનો ઉલ્લેખ વાચનાચાર્ય [૩]**શીલ**સિંહે [૪]**કોટ્ટગચિન્તામણિ**ની સ્વોપજ્ઞ ટીકામાં કરી એના 'અનુષ્ટુભ્'માં રચાયેલાં ત્રણ પદ્યો રજૂ કર્યાં છે. એનો પ્રારંભ "શ્રિયેઽસ્તુ શીતલઃ શ્રેયાન્"થી કરાયો છે. એ 'મહાસર્વતોભદ્ર' [૫]યંત્રથી વિભૂષિત છે.

'પંચષષ્ટિયન્ત્રગર્ભિત' ચતુર્વિંશતિજિનસ્તોત્ર (ઉ. વિક્રમની ૧૬મી સદી)– આ **કોટ્ટગચિન્તામણિ**ના કર્તા **શી**લસિંહની રચના હોવાનું મનાય છે.

P. ૩૯૬ એ એમના આ [૬]ગ્રન્થમાં મળે છે. એમાં 'અનુષ્ટુભ્'માં [૭]ત્રણ પદ્યો છે. એની શરૂઆત "સુવિધિં ધર્મશાન્તી ચ"થી કરાઈ છે. એના દ્વિતીય પદ્યમાં 'તીર્થેશ' શબ્દ છે. એ ૨૫ના અંકો દ્યોતક છે. આ સ્તોત્ર 'સર્વતોભદ્ર' યન્ત્રથી અલંકૃત છે, એ નીચે મુજબ છે :–

૯	૧૫	૧૬	૨૨	૩
૨૧	૨	૮	૧૪	૨૦
૧૩	૧૯	૨૫	૧	૭
૫	૬	૧૨	૧૮	૨૪
૧૭	૨૩	૪	૧૦	૧૧

૧. આ **લો. સ્વા.** (પૃ. ૯૪)માં તેમ જ એ પૂર્વે અન્યત્ર છપાયું છે.

૨. આ કૃતિ યંત્ર સહિત **લો. સ્વા.માં** પૃ. ૯૮માં અપાઈ છે.

૩. એઓ 'આગમ' ગચ્છના વૈક્રમીય પંદરમાં શતકના જયાનન્દસૂરિના શિષ્ય દેવરત્નસૂરિના શિષ્ય થાય છે. આ દેવરત્નસૂરિએ પાંચેક વર્ષની વયે પોતાના માતપિતા સાથે વિ. સં, ૧૪૬૭માં દીક્ષા લીધી હતી. એઓ વિ. સં. ૧૪૯૩માં સૂરિ બન્યા હતા. જુઓ **જૈ. ગુ. ક.** (ભા. ૩, ખંડ ૨, પૃ.૨૨૩૧-૨૨૩૨)

૪. આ જ્યોતિષનો ગ્રન્થ છે. એની તેમ જ એની સ્વોપજ્ઞ ટીકાની એકેક હાથપોથી ભાં. પ્રા. સં. મં. માં છે.

૫. આ યન્ત્ર પૃ. ૨૪૧માં આપેલા યન્ત્રગત પંક્તિઓને નીચેથી ઉપર વાંચતા ઉદ્ભવે છે. આદ્ય પંક્તિમાં ૧૦, ૧૧, ૧૭, ૨૩ અને ૪ અંકો છે.

૬. આ જ ગ્રન્થમાં "वन्दे सम्भवनेमिसन्तिभगवं" થી શરૂ થતું અને 'સર્વતોભદ્ર' યન્ત્રથી વિભૂષિત પદ્ય પણ આ જ **શી**લસિંહની રચના હોય તો ના નહિ. આ પાઈય પદ્ય યંત્ર સહિત લો. સ્વા. (પૃ. ૧૦૦)માં અપાયું છે. આમાં "तित्थप्पहुं"થી ૨૫નો અંક અભિપ્રેત છે.

૭. આ ત્રણે પદ્યો યન્ત્ર સહિત **લો. સ્વા.** (પૃ. ૯૯)માં અપાયાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૩૯૭

[1]**'ચતુર્યન્ત્રગર્ભિત પંચષષ્ટિસ્તોત્ર'** ( )– આ વિજયલક્ષ્મીસૂરિએ ૧૧ પદ્યોમાં 'શાર્દૂલવિક્રીડિત' છંદમાં રચેલું અને ચાર પાંસઠિયાં [2]યંત્રોથી વિભૂષિત છે. આના શ્લો. ૧-૨, ૩-૪, ૫-૬ અને ૭-૮ એકેક યંત્ર પૂરું પાડે છે જ્યારે અંતિમ ત્રણ પદ્યો યન્ત્રનો મહિમા ઇત્યાદિ દર્શાવે છે. આદ્ય પદ્યનો પ્રારંભ ''शान्तिं धर्मजिनं''થી કરાયો છે.

[3]**'પંચષષ્ટિયન્ત્રગર્ભિત' ચતુર્વિંશતિજિનસ્તોત્ર** ( )– આ મુનિ ને (? જૈ)ત્રસિંહે ચાર પદ્યમાં શાર્દૂલવિક્રીડિત છંદમાં રચેલું સ્તોત્ર છે.. એ **''वन्दे धर्मजिनं सदा सुखकरं''**થી શરૂ થાય છે. આ પાંસઠિયા [4]યન્ત્રથી અલંકૃત છે.

[5]**પાર્શ્વજિનસ્તવ** (લ. વિ. સં. ૧૫૦૫)– આ 'ખરતર' ગચ્છના જિનભદ્રસૂરિના શિષ્ય સિદ્ધાન્તરુચિની સત્તર પદ્યોની રચના છે. એ દ્વારા 'જયરાજ' પુરના અર્થાત્ જીરાપુરીના પાર્શ્વનાથની સ્તુતિ કરાઈ છે. એમાં આદ્ય અને અંતિમ બે પદ્યોને બાદ કરતાં બાકીનાં પદ્યો કોઈ ને કોઈ જાતના [6]'ગૂઢ' ચિત્રથી અલંકૃત છે. કર્તૃ-ગૂઢથી માંડીને સંબોધન-ગૂઢ સુધીનાં આઠ પદ્યોથી આ જાતની ચમત્કૃતિની શરૂઆત કરાઈ છે. ત્યાર બાદ ક્રિયા-ગૂઢ, પાદ-ગૂઢ, દ્વિપાદ-ગૂઢ અને શ્લોક-ગૂઢથી વિભૂષિત એકેક પદ્ય છે. P. ૩૯૮

આ **સિદ્ધાન્તરુચિ**એ એમના શિષ્ય [7]**સા**ધુસોમના કથન મુજબ 'જીરાપલ્લી' પાર્શ્વનાથ પાસેથી પ્રસાદ મેળવ્યો હતો અને એમણે માંડવગઢના **ગ્યા**સદીનસાહની સભામાં વાદીઓને પરાસ્ત કર્યા હતા. એમના બીજા બે શિષ્યોનાં નામ [8]**વિ**જયસોમ અને **અ**ભયસોમ છે.

---

૧. આ કૃતિનાં અગિયારે પદ્યો **લો. સ્વા.**માં ચાર કટકે છપાયાં છે. જેમકે પૃ. ૧૦૧માં શ્લો. ૧-૨, પૃ. ૯૭માં શ્લો ૩-૪, પૃ. ૧૦૨માં શ્લો. ૫-૬ અને પૃ. ૯૩માં શ્લો. ૭-૧૧. શ્લો. ૭ અને ૮ ખંડિત છે. તેમાં આ પદ્યોને લગતાં યંત્રો અનુક્રમે પૃ. ૧૦૧, ૯૫, ૧૦૨ અને ૯૧માં અપાયાં છે. પૃ. ૧૦૧ ગત યંત્ર મહાસર્વતોભદ્ર વગેરે પ્રકારો પૈકી કયા પ્રકારનું છે તે જાણવું બાકી રહે છે. પૃ. ૧૦૧ ગત યંત્ર માટે પણ એમ જ છે. બાકીનાં બે યંત્રો તો 'મહાસર્વતોભદ્ર' છે.

૨. આ યંત્રો **લો. સ્વા.** માં છપાયેલાં છે. જુઓ ઉપરનું ટિપ્પણ.

૩. આ સ્તોત્ર **લો. સ્વા.** (પૃ. ૯૬)માં અપાયું છે. જ્યારે એને અંગેનો 'મહાસર્વતોભદ્ર' યંત્ર પૃ. ૯૫ માં અપાયેલ છે. આ પૂર્વે આ સ્તોત્ર યંત્ર સહિત ''મુ. ક. જૈ. મો.''મા વિ. સં. ૨૦૧૨માં પ્રકાશિત **ઋષિમંડલસ્તોત્રમાં** પૃ. ૬૬માં છપાયું હતું. એમાં કર્તા તરીકે ''સિંહકવિ''નો ઉલ્લેખ છે તે ખોટો છે. વિશેષમાં એમાં ''નેત્ર(તૃ?)સિંહ'' એવો પાઠ અંતિમ પદ્યમાં અપાયો છે તો શું કૌંસગત સૂચન સમુચિત છે ?

૪. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ ૩.

૫. આ સ્તવ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨, પૃ. ૧૪૦-૧૪૨)માં છપાયો છે.

૬ ''ગૂઢ ચિત્ર''ને અંગેનો મારો લેખ નામે ''Gudha-citra etc. in Sanskrit and Prakrit Poerty'' ઈ. સ. ૧૯૫૭માં ગુજરાત યુનિવર્સિટીના સામાયિક નામે ''વિદ્યા'' (humanity number)માં છપાયો છે.

૭. એમણે **પુષ્પમાલા** ઉપર વિ. સં. ૧૫૧૨માં અમદાવાદમાં વૃત્તિ રચી હતી.

૮. એમણે માંડવગઢના કવિ **મંડ**ન શ્રેષ્ઠીની સહાયતાથી ગ્રંથો લખાવ્યા હતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**ચન્દ્રપ્રભસ્વામિસ્તવન** (ઉ. વિ. [2]૧૫૧૨)– આ દસ પદ્યની કૃતિના કર્તા રત્નસિંહસૂરિના
P. ૩૯૯ શિષ્ય ઉદયમાણિક્યગણિ છે. એ દ્વારા **ચન્દ્રપ્રભસ્વામી**ની સ્તુતિ કરાઈ છે. આ કૃતિની વિશેષતા એ છે કે એ જે ચિત્ર-અલંકારથી અલંકૃત છે. એ આઠ મંગલરૂપ છે. પહેલાં સાત પદ્યો નિમ્નલિખિત મંગલ-બંધથી વિભૂષિત છે :–

દર્પણ, ભદ્રાસન, શરાવ-સંપુટ, મત્સ્ય-યુગલ, કલશ, (ગુરુનામ-ગર્ભિત) સ્વસ્તિક અને શ્રીવત્સ.

છેલ્લાં બે પદ્યો 'નન્દ્યાવર્ત' નામના મંગલ-બંધથી વિભૂષિત છે. આ પ્રમાણેના બંધોનાં ઉદાહરણરૂપ અન્ય કોઈ પ્રાચીન કૃતિ મળતી હોય એમ જાણવામાં નથી. દસમા પદ્યના અંતિમ અંશ ઉપરથી કર્તાના વિદ્યાગુરુનું નામ 'જ્ઞાનસાગર' હશે એમ લાગે છે.

[3]**જિનસ્તવ** (ઉ. વિ. સં. ૧૫૧૩)– આમાં ૩૩ પદ્યો છે. પ્રથમ પદ્ય ઉત્થાનિકારૂપ છે. ત્યારબાદ હાથી વગેરે ચૌદ સ્વપ્નો પૈકી પ્રત્યેકને અંગે બબ્બે પદ્યો છે. ૩૦માં પદ્યમાં ચૌદે સ્વપ્નનાં નામ છે. પદ્ય ૩૧-૩૨માં જિનેશ્વરનું ગુણોત્કીર્તન છે. અંતિમ પદ્યમાં કર્તાએ પોતાના નામના અંશ તરીકે 'સાધુ' શબ્દ વાપર્યો લાગે છે.

તીર્થંકર ગર્ભમાં આવતાં એમની માતા તેમ જ ચક્રવર્તી ગર્ભમાં આવતાં એમની માતા પણ નિમ્નલિખિત ચૌદ સ્વપ્નો જુએ છે એમ જૈનોનું માનવું છે :–

હાથી, બળદ, સિંહ, લક્ષ્મી, પુષ્પમાલા, ચન્દ્ર, સૂર્ય, ધ્વજ, કુંભ, પદ્મસરોવર, સમુદ્ર, વિમાન કે ભવન, રત્નોનો રાશિ અને નિધૂર્મ અગ્નિ.

P. ૪૦૦ આ નામો **પજ્જોસવણાકપ્પમાં** સુત્ત ૩૨ તરીકેના નિમ્નલિખિત પદ્યમાં અપાયાં છે :–

''गय-वसह-सीह-अभिसेह-दाम-ससि-दिणयरं-झयं कुम्भं ।
पउमसर-सागर-विमाण-भवण-रयणुच्चय-सिहिं च ॥''

આ જ ચૌદ સ્વપ્નોને આ કૃતિમાં સ્થાન અપાયું છે. એ ચૌદે સ્વપ્નોનું સૌથી પ્રાચીન અને સાથે સાથે હૃદયંગમ વર્ણન **પ. ક.** (સુત્ત ૩૩-૪૬)માં દૃષ્ટિગોચર થાય છે.[4]

[5]**માતૃકાક્ષર-કાવ્ય** (લ. વિ.સં. ૧૫૯૦)– આ ઉપાધ્યાય હર્ષકલ્લોલના શિષ્ય લક્ષ્મીકલ્લોલની નીચે મુજબની રચના છે :–

---

૧. આ લઘુ કૃતિનાં આદ્ય નવ પદ્યો I L D(2nd instal,, pp. 121-122)માં પ્રસિદ્ધ કરાયાં છે. વલી એ સમગ્ર કૃતિ મારા ગુજરાતી અનુવાદ સહિત મારો લેખ જે ''અષ્ટ-મંગલ-ચિત્ર-સ્તવ''ના નામની ''જૈ. સ. પ્ર.'' (વ. ૧, અંક ૯)માં છપાયો છે તેમાં પણ અપાઈ છે.

૨. આ સાલ પ્રસ્તુત કૃતિની સચિત્ર હાથપોથી જે વર્ષમાં સુરતમાં લખાઈ છે તેની છે.

૩. આની એક હાથપોથી રત્નશેખરસૂરિના પ્રશિષ્ય પં. વીરશેખરગણિએ આગમશ્રીને માટે વિ. સં. ૧૫૧૩માં લખી છે. આ હાથપોથી અત્યારે તો શ્રીવિજયામૃતસૂરિજીના સંતાનીય મુનિશ્રી પ્રદ્યુમ્નવિજયજી પાસે છે.

૪. વિશેષ માટે જુઓ મારો લેખ નમે ''આગમો વગેરેમાં સ્વપ્નો'' આ લેખ ''જૈ. ધ. પ્ર.'' (પુ. ૮૦, અં. ૨)માં છપાયો છે.

૫. આ નામ મેં યોજ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]''क ख ग घ ङ च छ ज झ ञ ट ठ ड ढ ण त थ द ध न प फ ब भ म य र ल व श ष स ह''

આ **લક્ષ્મીકલ્લોલે સૌભાગ્યહર્ષના** રાજ્યમાં વિ. સં. ૧૫૮૩થી વિ. સં. ૧૫૯૭ દરમ્યાન **આયાર** ઉપર [૨]**તત્ત્વાગમા** નામની અવચૂર્ણિ અને **સોમવિમલસૂરિના** રાજ્યમાં વિ. સં. ૧૫૯૭થી વિ. સં. ૧૬૩૭ના ગાળામાં **નાયાધમ્મકહા** ઉપર મુગ્ધાવબોધા નામની વૃત્તિ રચી છે.[૩]

ટીકા– આ કોઈકની રચના છે.

માતૃકાક્ષરપદ્યરૂપ જિનસ્તુતિ ( )– આ મનરૂપવિજયે (?) નિમ્નલિખિત એક પદ્યમાં P. ૪૦૧
રચેલી તીર્થંકરની સ્તુતિ છે :–

''कुखगोडघङचच्छोऽजा-झोऽञटठोडढाऽणते ।
थ्युदधिर्निपफो बाभू-र्मा यारलोऽव शंषसः॥''[૪]

આને મળતું આવતું પદ્ય કોઈકે નીચે પ્રમાણે રચ્યું છે :–

''काखागोघङचच्छौ जो झाञटाठडढाणतु—
थादधन्य (? नि) पफाबाभा मायारालवशंषसः॥''[૫]

[૬]**જિન-સ્તવન-ચતુર્વિંશતિકા** કિંવા **ચતુર્વિંશતિજિનસ્તુતિ** (લ. વિ. સં, ૧૬૫૦)– આના કર્તા **સૂક્ત-રત્નાવલી, વિજયપ્રશસ્તિ-મહાકાવ્ય** ઇત્યાદિ રચનારા **હેમવિજયગણિ** છે. એમની આ કૃતિ **ઋષભદેવથી** માંડીને **મહાવીરસ્વામી** સુધીના ૨૪ તીર્થંકરોની સ્તુતિરૂપ છે. પ્રત્યેક અંગે પાંચ પાંચ પદ્ય છે. પાંચમું પદ્ય દરેક સ્તુતિમાં એનું એ છે. પ્રત્યેક તિર્થંકરની સ્તુતિરૂપ પહેલાં ચાર ચાર પદ્યો સોળ સોળ પાંખડીવાળા કમળરૂપ બંધથી વિભૂષિત છે. આમ આ સ્તુતિમાં ૨૪ 'કમલ' બંધ છે એ સોળ P. ૪૦૨
ચરણનાં આદ્ય આદ્ય અક્ષરો એક યા બીજા ગુરુનું–આચાર્યનું [૭]નામ પૂરું પાડે છે.[૮]

અજિત-શાન્તિ-સ્તવ (વિ. સં. ૧૬૫૧)– આ **સકલ-ચન્દ્રના** શિષ્ય અને **પ્રમેયરત્નમંજૂષાના** પ્રણેતા **શાન્તિચન્દ્રગણિની** વિ. સં. ૧૬૫૧ની રચના છે. એ સ્તવ મુનિરત્ન **નન્દિષેણે** જ. મ.માં વિવિધ

૧. આની ટીકા મળ્યા વિના આનો પદચ્છેદ કરવા માટે હું અસમર્થ છું.

૨. આનો રચના સમય ''गुहमुखकुजकिरणमिते शरचन्द्रवर्षे'' એટલે ૧૫૯૬ છે.

૩. જુઓ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૫૨૦).

૪. આના સમુચિત પદચ્છેદ માટે ટીકા હોવી ઘટે.

૫. આ પ્રમાણે આ પદ્ય ''જૈ. સિ. ભા.'' (ભા. ૧, કિ. ૪ પૃ. ૧)માં છપાયું છે. આ પૃષ્ઠ ઉપર ''तातां ताती ततेतां''થી શરૂ થતું તકારમય એક પદ્ય છે.

૬. આ **જૈનસ્તોત્રસમુચ્ચય** (પૃ. ૨૬૭-૨૮૪)મા સંસ્કૃત ટિપ્પણ સહિત પ્રકાશિત છે. વિશેષમાં અંતમા ૨૪ કમળોની સ્થાપના છે. એમાં ચાર ચાર પદ્યનાં સોળ સોળ ચરણો તે એકેક પાંખડીરૂપ છે.

૭. આ નામ કમળની ફરતી ધારે છે. એ વાત પ્રત્યેક સ્તુતિના પાંચમા પદ્યમાં નિર્દેશાઈ છે.

૮. જુઓ I L D (2nd instal, pp. 125 & 167.)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અને વિરલ છંદોમાં રચેલા **અજિય-સન્તિ-થય** (અજિત-શાન્તિ-સ્તવ)ના [1]અનુકરણરૂપ છે. એ બે રીતે સંસ્કૃત પ્રતિકૃતિરૂપ છે. એક તો વિષયનું સામ્ય છે કેમકે આ સ્તવમાં પણ **અજિત**નાથ અને **શાન્તિ**નાથ એ બે જિનેશ્વરોની ભેગી સ્તુતિ કરાઈ છે અને બીજું સામ્ય છંદોને અંગેનું છે. એ છંદોના અભ્યાસ માટે ઘણું મહત્ત્વનું છે.

સમાનનામક કૃતિઓ– આ નામની બે કૃતિ છે. એકમાં ૪૨ પદ્યો છે અને એ વિરહાંકિત છે. બીજી **વીર**ગણિની કૃતિ છે અને એ **લઘુ-અજિત-શાન્તિ-સ્તવ** તરીકે ઓળખાવાય છે.

[2]**ઋષભ-વીર-સ્તવ** (ઉ. વિ. સં. ૧૬૫૧)– આ પણ ઉપર્યુક્ત **શાન્તિ**ચન્દ્રગણિની ૩૯ પદ્યની
P. ૪૦૩ રચના છે અને એ છંદોની દૃષ્ટિએ **અજિય-સંતિ-થય**ને અનુસરે છે. એનો પ્રારંભ "સકલાર્થસિદ્ધિ"થી કરાયો છે.

વૃત્તિ– આ કર્તાના શિષ્ય **રત્ન**ચન્દ્રે રચી છે એમ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૫૯૭) જોતાં જણાય છે.

[3]સમયસુન્દરગણિનાં સ્તોત્રો (વિ. સં. ૧૬૫૧-૧૭૦૦)

આ ગણિએ નિમ્નલિખિત સ્તુતિ-સ્તોત્રો રચ્યાં છે :–

ક્રમાંક	સ્તોત્ર	પદ્યસંખ્યા	ક્રમાંક	સ્તોત્ર	પદ્યસંખ્યા
૧	ઋષભ-ભક્તામર	૪૫	૧૦	વદ્ધમાણજિણથવણ	૧૩
૨	વીતરાગસ્તવ	૨૨	૧૧	પાર્શ્વનાથશૃંગાટક બન્ધસ્તવન	૧૦
૩	જિણચન્દમુણિથવણ	૧૯	૧૨	સમસ્યાસ્તવ	૧૬(?)
૪	ગુરુદુઃખિતવચન	૧૯	૧૩	[2]પાર્શ્વનાથસ્તવન	૯
૫	તીર્થમાલાસ્તવન	૧૬	૧૪	પાર્શ્વનાથસ્તવન	૯
૬	આદિનાથસ્તોત્ર	૧૪	૧૫	જિનકુશલસૂર્યષ્ટક	૯
૭	નેમિનાથસ્તવન	૧૪	૧૬	પાસનાહથય	૯
૮	મહાવીરસ્વામિસ્તવન	૧૪			
૯	પાર્શ્વનાથસમસ્યાસ્તવ	૧૩			

૧. આ જાતનાં કાવ્યોની નોંધ મેં મારા લેખ નામે "અજિયસંતિથય અને એનાં અનુકરણો"માં લીધી છે. આ લેખ "આ. પ્ર." (વ. ૪૯, અં. ૪-૫)માં છપાયો છે.

૨. આ **પ્ર. ૨.** (ભા. ૩, પૃ. ૮૩૫-૮૩૭)માં છપાયો છે. આનું સંપાદન ડબલ્યુ શુબ્રિંગે નન્દિષેણકૃત અજિયસંતિથયની સાથે સાથે કર્યું છે. અને એ Z I L (પૃ. ૧૭૮)માં ઈ. સ. ૧૯૨૩માં પ્રસિદ્ધ કરાયું છે.

૩. આ ગણિનાં જીવન અને કવન અંગે મારું જે લખાણ પ્રકાશિત થયું છે તેની નોંધ મેં "સમયસુન્દરગણિકૃત સાત હરિયાળીઓ" નામના મારા લેખના પ્રારંભમાં લીધી છે. આ લેખ "જૈ. ધ. પ્ર." (પુ. ૮૨, અં. ૧૨)માં છપાયો છે. આ ગણિની સાહિત્યપ્રવૃત્તિ વિ. સં. ૧૬૪૧થી વિ. સં. ૧૭૦૦ સુધી ચાલુ હતી.

૪. આના પ્રત્યેક પદ્યનું વિષમ ચરણ પાઈયમાં છે જ્યારે સમ ચરણ સંસ્કૃતમાં છે. આમ આ "અર્ધસંસ્કૃત" કાવ્ય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૪૦૪

ક્રમાંક	સ્તોત્ર	પદ્યસંખ્યા	ક્રમાંક	સ્તોત્ર	પદ્યસંખ્યા
૧૭	તૃણાષ્ટક	૯	૨૬	થંભણપાસનાહથોત્ત	૮
૧૮	રજોડષ્ટક	૯	૨૭	સ્તંભનપાર્શ્વનાથસ્તવન	૭
૧૯	ઉદ્‌ગચ્છત્સૂર્યબિમ્બાષ્ટક	૯	૨૮	અમીઝરાપાર્શ્વનાથસ્તુતિ	૭
૨૦	પાર્શ્વનાથસ્તવન	૮	૨૯	પાર્શ્વનાથસ્તવન	૬
૨૧	પાર્શ્વનાથહારબન્ધસ્તોત્ર	૮	૩૦	ચિન્તામણિપાર્શ્વનાથ સ્તનવન	૫
૨૨	પાર્શ્વાષ્ટક	૮	૩૧	શંખેશ્વરપાર્શ્વનાથસ્તવન	૫
૨૩	જિનચન્દ્રસૂરિકપાટલોહ-શૃંખલાષ્ટક	૮	૩૨	પાર્શ્વનાથસ્તોત્ર	૫
			૩૩	સીમન્ધરજિનસ્તવન	૫
૨૪	જિનસાગરસૂર્યષ્ટક	૮	૩૪	પાસનાહથવણ	૪
૨૫	પાર્શ્વનાથસ્તવન	૮	[1]૩૫	શાન્તિનાથગીત	૩

આ કૃતિઓ પૈકી **ઋષભભક્તામર**નો પરિચય ૩૧મા પ્રકરણમાં આપવાનો હોવાથી અને ૧૦, ૧૬, ૨૬ અને ૩૪ ક્રમાંકવાળી કૃતિઓ પાઈયમાં તથા ત્રીજી પાઈય અને ગુજરાતીમાં રચાયેલી હોવાથી એની રૂપરેખા અહીં આલેખવાની રહેતી નથી. ૨૨મી કૃતિ અર્ધસંસ્કૃતમાં છે. એ તો વિલક્ષણ હોઈ એનો પરિચય તો આગળ ઉપર હું આપીશ. ઉપર ગણાવેલી ૩૫ કૃતિઓ ઉપરાંત બીજી પણ કેટલીક કૃતિઓ છે પણ તે વધારે પડતી ત્રુટક છે એટલે એનો અહીં નિર્દેશ મેં કર્યો નથી. P. ૪૦૫

(૨) **વીતરાગસ્તવ**– પ્રથમ પદ્યમાં છંદોની જાતિઓ વડે સર્વજ્ઞ જિનની સ્તુતિ કરવાની પ્રતજ્ઞિા કરાઈ છે. આ તેમ જ અંતિમ પદ્ય સિવાયનાં વીસ પદ્યો ભિન્ન ભિન્ન છંદમાં તે તે છંદના નામની ગૂંથણીપૂર્વક યોજાયેલાં છે. આ છંદોમાંથી નિમ્નલિખિત છંદો વિરલ જણાય છે એટલે એનાં નામ હું અહીં રજૂ કરું છું. :–

ઉન્મત્તક્રીડા, ચમ્પકમાલા, ચૂડામણિ, ભદ્રિકા, મણિગણનિકર, મધુમતિ, વિદ્યુન્માલા, સોમરાજી અને હંસમાલા.

(૪) **ગુરુદુઃખિતવચન** (વિ. સં. ૧૬૯૮)– ગુરુએ જે શિષ્યોનું લાલનપાલન કર્યું હોય કે જેમને ભણાવ્યા હોય કે પદવી આપી હોય તે શિષ્યો અથવા જે શિષ્યો પ્રસિદ્ધિ પામ્યા હોય કે ધુરંધર

---

૧. આ પાંત્રીસે કૃતિઓ સમયસુન્દરકૃતિકુસુમાંજલિમાં છપાયેલી છે. એના પૃષ્ઠાંક અનુક્રમે નીચે મુજબ છેઃ– ૬૦૪-૬૧૪, ૨૧૫-૨૧૮, ૩૫૭-૩૬૧, ૪૧૭-૪૧૯, ૫૪-૫૬, ૬૧૫-૬૧૬, ૬૧૬-૬૧૭, ૬૨૨-૬૨૩, ૬૧૯-૬૨૧, ૬૨૪-૬૨૫, ૧૯૩-૧૯૪, ૪૯૭-૪૯૮, ૧૮૨-૧૮૩, ૧૮૯-૧૯૦, ૩૪૯-૩૫૦, ૬૧૮-૬૧૯, ૪૯૪, ૪૯૫, ૪૯૬, ૧૮૭-૧૮૮, ૧૯૪-૧૯૬, ૧૯૬-૧૯૭, ૩૫૬-૩૫૭, ૪૦૬-૪૦૮, ૬૨૧-૬૨૨, ૧૫૪-૧૫૬, ૧૮૪-૧૮૫, ૧૯૧-૧૯૨, ૧૮૬-૧૮૭, ૧૮૮, ૧૯૦-૧૯૧, ૧૯૨-૧૯૩, ૪૫, ૧૮૫-૧૮૬ અને ૧૦૩-૧૦૪.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિદ્વાન બન્યા હોય તેઓ ગુરુની ભક્તિ ન કરતા હોય તો એ શિષ્યો શા કામના એમ પહેલાં સોળ પદ્યોમાં કહ્યું છે. એ સોળે પદ્યનો ઉત્તરાર્ધ નીચે મુજબ છે :–

"यदि ते न गुरोर्भक्ताः शिष्यै किं तैर्निरर्थिकैः ? "

અંતમાં શિષ્યનો દોષ ન કાઢતાં ગુરુએ પોતાના કર્મનો દોષ કાઢવો એ વાત રજૂ કરાઈ છે.

તેરમાં પદ્યમાં 'હિન્દુ' અને 'મુસલમાન' એ બે શબ્દો જાણે સંસ્કૃત ન હોય એમ એનો પ્રયોગ કરાયો છે.

આ સ્તોત્ર વિ. સં. ૧૬૯૮માં રાજધાનીમાં રચાયું હતું.

P. ૪૦૬ (૫) **તીર્થમાલાસ્તવન**– (ઉ. વિ. સં. ૧૬૭૨)– આમાં શત્રુંજય, ગિરનાર, આબુ, અષ્ટાપદ, સમ્મેતશિખર, જેસલમેર, રાણકપુર, સ્તમ્ભતીર્થ, શંખેશ્વર ગૌડી, મગસી, ફલોધિ, નંદીશ્વર વગેરેની જિનપ્રતિમાઓને તેમ જ શાશ્વત જિનપ્રતિમાઓને વંદન કરાયું છે.

(૬) **આદિનાથસ્તોત્ર**– આનાં પહેલાં તેર પદ્યો પાદાન્તયમકથી વિભૂષિત છે. અંતિમ પદ્યમાં કર્તાએ કહ્યું છે કે આ સ્તોત્ર ભંગશ્લેષથી યુક્ત છે.

(૭) **નેમિનાથસ્તવન**– આનાં પહેલાં છ પદ્યો ખૂટે છે. સાતમું પદ્ય જ. મ.માં છે. એના જ અક્ષરો લઈ આઠમું પદ્ય બનાવાયું છે અને એ પાઈયમાં છે. એવી રીતે નવમા સંસ્કૃત પદ્ય ઉપરથી દસમું પદ્ય સંસ્કૃતમાં યોજાયું છે. ૧૧મા પદ્યમાં બધા જ અક્ષર અકારાન્ત છે અને બારમા પદ્યમાં બધા જ અક્ષર ગુરુ છે (આ બંને પદ્યો સંસ્કૃતમાં છે). આથી તો કર્તાએ અંતિમ પદ્યમાં આ સ્તવન 'વિવિધકાવ્યભેદ'થી યુક્ત હોવાનું કહ્યું છે.

(૮) **મહાવીરસ્વામિસ્તવન**– પૂર્વાર્ધનાં બંને ચરણોમાં જેમ ચાર ચાર અક્ષર સમાન છે તેમ ઉત્તરાર્ધમાં પણ છે. આમ આ યમકમય સ્તવન છે.

(૯) **પાર્શ્વનાથસમસ્યાસ્તવ**– આના અંતિમ પદ્ય સિવાયનું પ્રત્યેક પદ્ય કોઈ ને કોઈ સુપ્રસિદ્ધ પંક્તિરૂપ સમસ્યાની પાદપૂર્તિ તરીકે છે. દા. ત. બીજું પદ્ય નિમ્નલિખિત પંક્તિની પાદપૂર્તિરૂપ છે :

"अम्मोधिर्जलधिः पयोधिरुदधिर्वारांनिधिर्वारिधि :"

(૧૧) **પાર્શ્વનાથ-શૃંગાટકબન્ધસ્તવન**– આ કૃતિ 'શૃંગાટક'બન્ધથી વિભૂષિત હોવાનો અંતિમ
P. ૪૦૭ પદ્યમાં ઉલ્લેખ છે. આમ આ ચિત્ર-કાવ્ય છે. અત્યાર સુધી એક પણ અન્ય જૈન કૃતિ આ બન્ધવાળી મારા જોવામાં આવી નથી વિશેષમાં આને અંગેનું ચિત્ર કેમ દોરવું તે પણ જાણવામાં નથી.

(૧૨) **સમસ્યાસ્તવ**– આના દસમા પદ્યમાં કહ્યું છે કે વિદ્વાનોના પરસ્પર વાર્તાલાપમાં "शतचन्द्रं नभस्तलम्"ને અંગે આ [1]સમસ્યામય કૃતિ રચાઈ છે. પૃ. ૪૯૮ માં આ કૃતિ પૂર્ણ કરાયા બાદ ત્રણ અધિક પદ્યો આ પાદસમસ્યાથી અલંકૃત અપાયાં છે અને એના ક્રમાંક ૧૪-૧૬ રખાયા

૧. બાણે પણ આ પાદસમસ્યાની પૂર્તિ કરી છે એમ **સુભાષિતરત્ન-ભાંડાગાર** જોતાં જણાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. આથી ૧૧, ૧૨ અને ૧૩ ક્રમાંકવાળાં પદ્યો ખૂટે છે એમ ફલિત થાય છે અને સાથે સાથે મૂળ કૃતિ દસ પદ્યની નહિ પણ સોળ પદ્યની છે એમ પણ ફલિત થાય છે.

(૧૪) **પાર્શ્વનાથસ્તવન**– આ કૃતિનાં પદ્યોની રચના એવી છે કે પ્રથમ ચરણના અંતિમ અક્ષરોથી દ્વિતીય ચરણ શરૂ થાય છે અને એના એવા અક્ષરોથી તૃતીય ચરણ અને એ તૃતીય ચરણના અંત્ય અક્ષરોથી ચતુર્થ ચરણની શરૂઆત કરાઈ છે. આ રીતે આઠ પદ્ય યોજાયાં છે પરંતુ પ્રત્યેક પદ્ય ભિન્ન ભિન્ન છે. એ કંઈ એવી શૃંખલાબદ્ધ નથી કે જેવી એકેક કૃતિ વૈયાકરણ **વિ**નયવિજયગણિએ અને ન્યાયાચાર્યે રચી છે.

(૧૫) **જિનકુશલસૂર્યષ્ટક** (વિ. સં. ૧૬૫૧)– આ કૃતિ દ્વારા કર્તાએ પોતાના પૂજ્ય **જિ**નકુશલસૂરિની સ્તુતિ કરી છે. આ વિ. સં. ૧૬૫૧ની રચના છે.

(૧૭) **તૃણાષ્ટક**– વિદ્વાનોની વિનોદગોષ્ઠીના પ્રસંગે આ અષ્ટક તેમ જ રજોડષ્ટક વિક્રમપુરમાં રચાયાં છે. તૃણાષ્ટકમાં તૃણાયાને ઘાસનો મહિમા વર્ણવાયો છે. આદ્ય પદ્યમાં **અ**ચ્છંદકથી તણખલું ભાંગશે કે નહિ એ બાબતની **ગો**શાલક અને **મ**હાવીરસ્વામી વચ્ચે થયેલી ચર્ચાનો ઉલ્લેખ છે. ત્રીજા પદ્યમાં **ક**રકંડુના રાજ્યત્યાગની હકીકત અપાઈ છે.

(૧૮) **રજોડષ્ટક**– આમાં ધૂળનું માહાત્મ્ય દર્શાવાયું છે. તેમ કરતી વેળા રજઃપર્વ યાને P. ૪૦૮
ધૂળીપડવાનો ઉલ્લેખ કરાયો છે. મેં કોયડારૂપે ધૂળને અંગે એક કવિતા રચી છે અને ઈ. સ. ૧૯૪૮માં ''સાર્વજનિક'' (ક્રમાંક ૫૭)માં ''નિવેદન''ના નામથી છપાઈ છે.[૧]

(૧૯) **ઉદ્ગચ્છત્સૂર્યબિમ્બાષ્ટક**– આ કૃતિ કૌતુકના કારણે રચાઈ છે. એમાં ઊગતા સૂર્યના બિમ્બનું કાવ્યદૃષ્ટિએ વર્ણન છે.

(૨૦) **પાર્શ્વનાથસ્તવન**– આ પાદાન્તઃ યમકથી અલંકૃત અષ્ટક છે. કર્તાએ અંતમાં પોતાનું નામ ''સિદ્ધાન્તસુન્દર'' પર્યાય દ્વારા રજૂ કર્યું છે.

(૨૧) [૨]**પાર્શ્વનાથહારબન્ધસ્તોત્ર**– આ હારબન્ધથી તેમ જ શૃંખલાયમકથી અલંકૃત છે. એ બે હાર પૂરા પાડે છે.

(૨૨) **પાર્શ્વાષ્ટક**– આનું અંતિમ પદ્ય સંસ્કૃતમાં છે જ્યારે બાકીનાં સાતે પદ્યોના પ્રત્યેક ચરણનો પ્રથમ યતિ પૂરતો વિભાગ એટલે કે પહેલા છ અક્ષર જેટલો ભાગ ગુજરાતીમાં છે તો P. ૪૦૯
બાકીનો સંસ્કૃતમાં છે. આમ આ ગુજરાતી-સંસ્કૃત કૃતિ છે. આમ આ એક પ્રકારની વિલક્ષણ

૧. જોન રસ્કિને ''The Ethics of the Dust''નામની કૃતિ રચી છે.

૨. આ કૃતિ ''જિનદત્તસૂરિ પુસ્તકોદ્ધાર ફંડ'' તરફથી ઈ. સ. ૧૯૩૨માં પ્રકાશિત **કલ્યાણમન્દિરસ્તોત્ર**ની **સમ**યસુન્દરગણિકૃત વૃત્તિના અંતમાં બે હારરૂપ બે ચિત્ર સહિત છપાયેલી છે. વિશેષમાં આ જ કૃતિ એક હારના ચિત્ર સહિત I L D(2nd instal, pp. 123-124)માં છપાઈ છે. જ્યારે હારનું ચિત્ર પૃ. ૧૪૬માં અપાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અર્ધસંસ્કૃત કૃતિ હોઈ મેં એની નોંધ લીધી છે. નમૂના તરીકે એનું આદ્ય પદ્ય હું નીચે મુજબ કરું છું :–

"ભલું આજ ભેટ્યું, પ્રભોઃ પાદપદ્મં ફલી આસ મોરી, નિતાન્તં વિપદ્મમ્ ।
ગયું દુઃખ નાશી, પુનઃ સૌમ્યદૃષ્ટ્યા થયું સુખ ઝાઝું, યથા મેઘવૃષ્ટ્યા ॥૧॥"

(૨૩) **જિનચન્દ્રસૂરિ-કપાટલોહશૃંખલાષ્ટક**– આમાં જિનચન્દ્રસૂરિને ઉદ્દેશીને શૃંખલા યાને સાંકળને અંગે વિવિધ ઉત્પ્રેક્ષા કરાઈ છે.

(૨૪) **જિનસાગરસૂર્યષ્ટક**– આમાં જિનસાગરસૂરિની સ્તુતિ કરાઈ છે. એમની નિપુણતા અને કીર્તિ અનેક સ્થળે પ્રસરેલી છે એમ જેસલમેર વગેરે સ્થળોના નામપૂર્વક કહેવાયું છે. છઠ્ઠા પદ્યમાં સૌમ્ય, બુદ્ધિ, ક્ષમા વગેરે ગુણ અનુક્રમે ચન્દ્રમા, બૃહસ્પતિ, પૃથ્વી ઈત્યાદિમાં છે પરંતુ એ તમામ ગુણો એકસાથે તો તમારામાં જ છે એમ કર્તાએ જિનસાગરસૂરિને અંગે કહ્યું છે.

(૨૫) **પાર્શ્વનાથસ્તવન**– આ અન્તર્યમકથી અલંકૃત છે.

(૨૭) **સ્તમ્ભનપાર્શ્વનાથસ્તવન** (વિ. સં. ૧૬૫૧)– આ નાનકડી કૃતિમાં શ્લેષ દ્વારા ઋષભદેવાદિ ચોવીસ તીર્થંકરોના તેમ જ કર્તાના ગુરુ, પ્રગુરુ ઈત્યાદિનાં નામ રજૂ કરાયાં છે.

P. ૪૧૦ (૨૮) **'અમીઝરા' પાર્શ્વનાથસ્તુતિ**– આ કૃતિમાં કર્તાએ પુરોગામી અજૈન કવિઓની છ કૃતિઓમાંથી પ્રત્યેકનું આદ્ય પદ્ય લઈ તેનો ભિન્ન રીતે પદચ્છેદ કરી **પાર્શ્વનાથ**ને અંગે ઘટે તેવો અર્થ કર્યો છે. અહીં જે છ કૃતિઓનો આ રીતે અનુક્રમે ઉપયોગ કરાયો છે તેનાં નામ હું નીચે મુજબ દર્શાવું છું :–

કુમારસમ્ભવ, મેઘદૂત, શિશુપાલવધ, [1]મિતભાષિણી, સપ્તપદાર્થી, અને વૃત્તરત્નાકર.

સાતમા પદ્યમાં કર્તાએ આ કૃતિની યોજના ઉપર પ્રકાશ પાડ્યો છે.

(૨૯) **પાર્શ્વનાથસ્તવન** (વિ. સં. ૧૬૯૦)– આ શ્લેષ, વિરોધાભાસ ઈત્યાદિથી અલંકૃત છે.

(૩૦) **'ચિન્તામણિ' પાર્શ્વનાથસ્તવન** (વિ. સં. ૧૭૦૦)– આ શ્લેષમય કૃતિ કર્તાએ અમદાવાદમાં પોતના એક શિષ્ય માટે વિ. સં. ૧૭૦૦માં લખી.

(૩૧) **'શંખેશ્વર' પાર્શ્વનાથસ્તવન**– પ્રત્યેક પદ્યના પ્રત્યેક ચરણના ત્રણ ત્રણ કટકા પ્રાસથી અલંકૃત છે. જેમકે હીરં, શરીરં, ગંભીરં, ઈત્યાદિ

(૩૨) **પાર્શ્વનાથસ્તોત્ર**– આનાં પહેલાં ચાર પદ્યોના પ્રત્યેક ચરણનો પ્રત્યેક યતિ પૂરતો ભાગ ત્રણ ત્રણ અક્ષરની આવૃત્તિરૂપ છે. આમ આ યમકમય સ્તોત્ર છે.

(૩૩) **સીમન્ધરસ્વામિસ્તવન**– આ પ્રાસપૂર્વકનાં ચરણોવાળું કાવ્ય છે. એમાં **સી**મન્ધરસ્વામીની સ્તુતિ કરાઈ છે.

---

૧. આ **તર્કભાષાની** વૃત્તિ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩૫) [1]**શાન્તિનાથગીત** કિંવા **શાન્તિનાથસ્તોત્ર**– (વિક્રમની ૧૭મી સદી)– આ ત્રણ પદ્યની P. ૪૧૧
કૃતિ 'કેદારો' રાગમાં ગવાય છે. એ **શાન્તિ**નાથના ગુણગાનરૂપ છે.

પૃ. ૪૯૮માં કોઈ કૃતિમાંથી કેવળ ત્રીજું પદ્ય, પૃ. ૪૯૮-૪૯૯માં કોઈક કૃતિમાંથી ત્રણ પદ્યો તેમ જ કોઈકમાંથી૩, ૫, ૬ અને ૭ એ ક્રમાંકવાળાં ચાર જ પદ્યો, પૃ. ૪૯૯-૫૦૦માં કોઈ કૃતિમાંથી પહેલાં ચાર જ પદ્યો અને પૃ. ૫૦૦માં બે કે પછી ત્રણ ગણવાં હોય તો ત્રણ પદ્યો અપાયાં છે કે જેમાંનાં છેલ્લાં બે પ્રહેલિકારૂપ છે પણ આમ આ કૃતિઓ ત્રુટક હોઈ એનો મેં અહીં વિચાર કરવાની વાત જતી કરી છે.

આમ જે મેં અહીં સંસ્કૃત અને અર્ધસંસ્કૃત કૃતિઓનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે તે પૈકી [2]વીસ કૃતિઓ વિશિષ્ટ તીર્થંકરને અંગેની છે. બીજી કૃતિ વીતરાગને લગતી છે. ૧૫મી કૃતિ **જિન**કુશલસૂરિના, ૨૩મી **જિન**ચન્દ્રસૂરિના અને ૨૪મી **જિન**સાગરસૂરિના ગુણોત્કીર્તનરૂપ છે. પાંચમી કૃતિ તીર્થમાલા પરત્વે છે એટલે આ કૃતિઓ સ્તુતિસ્તોત્રરૂપ ગણાય. ૪, ૧૨ ૧૭ ૧૮ અને ૧૯ ક્રમાંકવાળી કૃતિઓ એ પ્રકારની નથી. એ તો અન્ય વિષયની લઘુ પદ્યાત્મક કૃતિઓ છે. નવમી અને બારમી કૃતિ સમસ્યારૂપ છે.[3] ચિત્રકાવ્ય તરીકે ૧૧મી અને ૨૧મી કૃતિ નોંધપાત્ર છે. P. ૪૧૨

[4]**ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ** (લ. વિ. સં. ૧૬૬૦)– આના કર્તા 'પંડિત' [5]**મે**રુવિજયગણિ છે. એઓ 'પંડિત [6]આનન્દ-વિજયગણિના ભક્ત (? શિષ્ય) થાય છે. એમણે **વિ**જયસેનસૂરિના રાજ્ય દરમ્યાન **ઋ**ષભદેવથી માંડીને **મ**હાવીરસ્વામી સુધીના ચોવીસ તીર્થંકરોને અંગે ચચ્ચાર પદ્યોની [7]યમકમય સ્તુતિ રચી છે. એમાં એમણે અનુક્રમે નિમ્નલિખિત ૨૪ દેવીઓને સ્થાન આપ્યું છે :–

---

૧. આ સમગ્ર કૃતિ એના મારા ગુજરાતી અનુવાદ સહિત મારા લેખ નામે "ગીતકાર સમયસુન્દરકૃત શાન્તિનાથસ્તોત્ર"માં છપાઈ છે. આ લેખ "જૈ. ધ. પ્ર." (પુ. ૭૫ અં. ૮-૯ ભેગા)માં પ્રકાશિત થયેલો છે.

૨. એના ક્રમાંક તીર્થંકરના નામ સહિત આ મુજબ છે :– ૬ (**આ**દિનાથ), ૭ (**ને**મિનાથ), ૯, ૧૧, ૧૩, ૧૪, ૨૦-૨૩, ૨૫, ૨૭-૩૨ (**પા**ર્શ્વનાથ), ૮ (**મ**હાવીરસ્વામી), ૩૫ (**શા**ન્તિનાથ), અને ૩૩ (**સી**મન્ધરસ્વામી).

૩. આમ હોઈ એનું સમુચિત સ્થાન એકત્રીસમું પ્રકરણ છે.

૪. આ સ્તુતિ અવચૂરિ સહિત "દે. લા. જૈ. પુ. સંસ્થા" તરફથી ઈ. સ. ૧૯૧૫માં પ્રકાશિત કરાઈ હતી. ત્યાર બાદ આ સ્તુતિ સ્વોપજ્ઞ વિવરણ, સોમતિલકસૂરિકૃત **સાધારણજિનસ્તુતિ** (સાવચૂરિ), **ર**વિસાગરકૃત **ગૌતમસ્તુતિ** (સાવચૂરિ), **જિ**નપદ્મકૃત **પાર્શ્વનાથસ્તવ** (સાવચૂરિ) અને **જિ**નપ્રભસૂરિકૃત **અજિતજિનસ્તોત્ર** (સટિપ્પણક) એ ચાર પરિશિષ્ટો તેમ જ મેં મૂળ કૃતિ વગેરેનાં તૈયાર કરેલાં શબ્દાર્થ, ગુજરાતી શ્લોકાર્થ અને ગુજરાતી સ્પષ્ટીકરણ તથા મૂળ કૃતિને અંગેનો મારો સમાસવિગ્રહ અને મારી ભૂમિકા ઇત્યાદિ સહિત "આ. સમિતિ" તરફથી ઈ. સ. ૧૯૨૭માં છપાવાઈ છે. આ મારી આવૃત્તિમાં સોળ શાસનદેવીઓ અને સોળ યક્ષોનાં ભેગાં ચિત્રો તેમ જ છ વિદ્યાદેવી અને **સ**રસ્વતીનાં ચિત્રો, **ગૌ**તમસ્વામી વગેરે ગણધરોનું ભેગું એક ચિત્ર એમ ૨૪ ચિત્રો અપાયાં છે.

૫. એમણે સંસ્કૃતમાં **વિજ્ઞપ્તિપત્રી** રચી હોવાનું કહેવાય છે.

૬. એઓ **આ**નન્દવિલમસૂરિના શિષ્ય **વા**નરગણિ (**વિ**જયવિમલ)ના શિષ્ય અને **બુ**દ્ધિવિમલના ગુરુ હોય એમ લાગે છે. જુઓ ઉપર મારી દ્વિતીય ટિપ્પણગત ભૂમિકા (પૃ. ૨૪-૨૫).

૭. પ્રત્યેક પદ્યમાં દ્વિતીય અને ચતુર્થ ચરણની સમાનતા છે. વિવિધ યમકોથી અલંકૃત જૈન કૃતિઓ વિષે મેં મારી દ્વિતીય ટિપ્પણગત ભૂમિકા (પૃ. ૧૮-૨૧)માં નોંધ લીધી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૪૧૩ **ચક્રેશ્વરી, અજિતબલા, દુરિતારિ, રોહિણી, કાલી, શ્યામા, (અચ્યુતા), શાન્તા, વજ્રાંકુશી, સુતારકા, અશોકા, માનવી, ચંડા વિદિતા, અંકુશી, પ્રજ્ઞપ્તિ, નિર્વાણી, બલા (અચ્યુતા), ચક્રધરા, ધરણપ્રિયા (વૈરોટ્યા), ગૌરી, કાલી, અંબા, પદ્માવતી અને અંબિકા.**

આ પૈકી સૌળ શાસનદેવીઓ અને છ[1] વિદ્યાદેવીઓ છે. **કાલી** અને **અંબિકા** એ બે દેવીઓની બબ્બે વાર સ્તુતિ કરાઈ છે.

સ્વોપજ્ઞ વિવરણ અને અવચૂરિ– પ્રસ્તુત કૃતિ ઉપર સ્વોપજ્ઞ વિવરણ તથા અવચૂરિ છે. એ બંને પ્રકાશિત છે. ['આ. સમિતિ' દ્વારા]

[2]**અરનાથજિનસ્તવન** (લ. વિ. સં. ૧૬૭૦)– આના કર્તા 'ખરતર' ગચ્છના **જ્ઞાન**વિમલગણિના શિષ્ય વાચક શ્રીવલ્લભગણિ છે. એમણે **શિલોંછ**, હૈમ **લિંગાનુશાસન** અને **અ. ચિ.** ઉપર એકેક વૃત્તિ રચી છે.[3] આ ઉપરાંત એમણે **વિજયદેવમાહાત્મ્ય** અને એની વૃત્તી રચી છે.[4] એમણે આ પ્રસ્તુત સ્તવ દ્વારા જૈનોના ૧૮મા તીર્થંકર અરનાથની સ્તુતિ કરી છે. એમાં ૫૫ પદ્યો છે. આ સ્તવની વિશેષતા
P. ૪૧૪ એ છે કે એ એક હજાર પાંદડીવાળા કમળરૂપ બંધ વડે વિભૂષિત છે.

સ્વોપજ્ઞ વૃત્તિ– પ્રસ્તુત સ્તવમાં 'એકાક્ષરી' શબ્દનો ઉપયોગ કરાયો છે તે વાત આ સ્વોપજ્ઞ વૃત્તિ જોતાં જણાય છે.

[5]**રાવણપાર્શ્વનાથસ્તોત્ર** કિંવા **રાવણપાર્શ્વનાથાષ્ટક**– આ નવ પદ્યનું સ્તોત્ર છે. એનું અંતિમ પદ્ય વિચારતાં '**મેઘવિજય**' નામના કોઈ મુનિએ આ રચ્યું જણાય છે. એ મુનિ **ચન્દ્રપ્રભા** વગેરેના

---

૧. **રોહિણી, કાલી, વજ્રાંકુશી, પ્રજ્ઞપ્તિ, ચક્રધરા** અને **ગૌરી**.

૨. આની સ્વોપજ્ઞ વૃત્તિ સહિતની એક હાથપોથી ભાં પ્રા. સં. મં. માં છે. એનો પરિચય મેં D C G C M (Vol. XIX, sec. 1, pt. 1, pp.12-13)માં આપ્યો છે. આદ્ય પદ્ય I L D(2nd instal. p.124)માં છે.

૩. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧)નાં અનુક્રમે પૃ. ૧૧૭ ૯૫, અને ૧૧૬.

૪. જુઓ પૃ. ૧૮૮

૫. આ સ્તોત્ર ગુજરાતી અનુવાદ સહિત ''મહામહોપાધ્યાય શ્રી **મેઘ**વિજયજીગણિ વિરચિત અનુભૂત સિદ્ધબિશા યંત્ર આદિ છ કલ્પકા સંગ્રહ ભાષાંતર સહિત'' નામના પુસ્તકના પ્રારંભમાં અપાયું છે. આ પુસ્તક ''શ્રી મહાવીરગ્રન્થમાલા''ના પુષ્પ ૭ તરીકે વિ. સં. ૧૯૯૩ (ઈ. સ. ૧૯૩૭)માં છપાવાયું છે. એમાં અર્જુનપતાકા અને એને અંગેનાં ૪૫૩ યંત્રો, **પાદલિપ્ત**સૂરિકૃત ''જયઇ નવનલિન''થી શરૂ થતી છ પદ્યની કૃતિ અને એની પુણ્યસાગરકૃત ટીકા, **પાદલિપ્ત**સૂરિકૃત ''ગાહાજુઅલ'' સ્તુતિ અને એનો સંસ્કૃત આમ્નાય, **'ઉગ્રવીરકલ્પ'**, **જિન**દત્તસૂરીકૃત આમ્નાય (બાવન તોલા પાવ રતી, હેમકલ્પ) અને **ચન્દ્ર**કલ્પ અપાયાં છે. વળી આ જ સ્તોત્ર ''મહાચમત્કારી વિશાયંત્રકલ્પ તથા દાદાસાહેબ શ્રીજિનદત્તસૂરીશ્વરજી વિરચિત શ્રીહેમકલ્પ ભાષાંતર સહિત'' નામના પુસ્તકના પ્રારંભમાં ગુજરાતી અનુવાદ સહિત શ્રી. મણિલાલ સારાભાઈ નવાબે ''શ્રી જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રન્થાવલિ''ના ૧૩મા પુસ્તક તરીકે અમદાવાદથી ઈ. સ. ૧૯૪૦માં પ્રકાશિત કર્યું છે. આ દ્વિતીય પ્રકાશન ઉપર્યુક્ત પ્રકાશનના આધારે યોજાયું છે. એ એનું લગભગ પુનર્મુદ્રણ છે.
પ્રસ્તુત સ્તોત્ર ઘણું અશુદ્ધ છપાયું છે જ્યારે એનો ગુજરાતી અનુવાદ એકંદરે શુદ્ધ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રણેતા મહોપાધ્યાય **મેઘવિજયગણિ** હોય તો ના નહિ. આ સ્તોત્રનો પ્રારંભ ''**શ્રીપાર્શ્વઃ પ્રકટઃ પ્રભાકર** P. ૪૧૫
ઇવ''થી કરાયો છે. એમાં કહ્યું છે કે **રા**વણ કૈલાસ પર્વત ઉપરથી **પાર્શ્વ**નાથની પ્રતિમા પોતાના નગરમાં લઈ ગયો. એણે 'રાવણ' નામનું નગર વસાવ્યું અને **ઇન્દ્ર**જિતે એની પાસે 'ઇન્દ્રપ્રસ્થ' નામનું નગર વસાવ્યું. ત્રીજા પદ્યમાં કહ્યું છે કે જે પ્રભુનું નામ 'શ્રાવણ'ના વિષયમાં વર્તતું છે ('શ્રાવણ'માંથી શ્ કાઢી લેતાં 'રાવણ' રહે છે.)

[૧]**અનુવાદ**– આ સ્તોત્રનો ગુજરાતીમાં કોઈએ અનુવાદ કર્યો છે.

[૨]**વિહરમાણવિંશતિજિનસ્તવ** ( )– આ અજ્ઞાતકર્તૃક સ્તવ પાદાન્ત યમકથી અલંકૃત છે. એનો પ્રારંભ ''**સીમન્ધરાધીશ**''થી થાય છે. એનાં પહેલાં વીસ પદ્યો અનુક્રમે [૩]વીસ વિહરમાણ તીર્થંકરોની સ્તુતિરૂપ છે જ્યારે એ પછીનાં ચાર પદ્યો શાશ્વત તીર્થંકરોને અંગેનાં છે. ૨૫મું પદ્ય જૈન આગમની, ૨૬મું સમસ્ત જિનેશ્વરોની અને ૨૭મું (અંતિમ) ગીર્દેવતા (સરસ્વતી)ની સ્તુતિરૂપ છે.

વિહરમાણવિંશતિસ્તવન (વિ. સં. ૧૬૮૨)– આ **વિ**જયસેનસૂરિના શિષ્ય **ક**મલવિજયગણિએ વિ. સં. ૧૬૮૨માં રચ્યું છે.

[૪]**વિહરમાણજિનસ્તોત્ર**– આ અજ્ઞાતકર્તૃક કૃતિની એક હાથપોથી લીંબડીનાં ભંડારમાં છે.

[૫]**એકાક્ષર-વિચિત્ર-કાવ્ય**– આ ચાર પદ્યની કૃતિમાં કેવળ 'ર્' વ્યંજન વપરાયો છે. પ્રથમ પદ્ય P. ૪૧૬
અરનાથ નામના તીર્થંકરની સ્તુતિરૂપ છે, જ્યારે બીજું પદ્ય **બ્રહ્મા**ની, ત્રીજું **વિષ્ણુ** અને **લક્ષ્મી**ની અને ચોથું **મ**હાદેવની સ્તુતિરૂપ છે.

અવચૂરિ– આ અજ્ઞાતકર્તૃક છે. એ **જૈનસ્તોત્રરત્નાકર**માં પ્રકાશિત છે.

[૬]**નેમિનિજસ્તવ**– આ નવ પદ્યની લઘુ કૃતિમાંનાં પહેલાં આઠ પદ્યોમાં 'નેમિ' શબ્દમાંના 'ન્' અને 'મ્' એ બે વ્યંજનો વપરાયાં છે. નવમામાં 'વર્ધમાનોદય' શબ્દગુચ્છ છે. એ કર્તાનું ગર્ભિતપણે નામ સૂચવતું હોય એમ લાગે છે.

અવચૂરિ– આ કોઈકે રચી છે. એ **જૈ. સ્તો. ૨.** ભા. ૨માં પ્રકાશિત છે.

---

૧. શ્રીમહાવીર ગ્રંથમાલામાં આ પ્રકાશિત છે.

૨. આ કૃતિ કોઈકની અવચૂરિ સહિત **જૈનસ્તોત્રરત્નાકર** (ભા. ૨, પત્ર ૮૯આ-૯૫અ)માં છપાઈ છે.

૩. અહીં અપાયેલાં નામો **ચતુર્વિંશતિરાવલી-ચિત્રસ્તવગત** નામોથી કંઈક અંશે ભિન્ન છે. જેમકે **યુ**ગબાહુને બદલે **શ્રી**બાહુ, **ર**વિપ્રભને બદલે **સૂ**રપ્રભ, **ચ**ન્દ્રબાહુને બદલે **વ**જ્રબાહુ અને **વી**રાસને બદલે **વી**રસેન.

૪. **લબ્ધિસાગરે** જ.મ.માં ૩૨૫શ્લોક જેવડું **વિહરમાણજિણથોત્ત** રચ્યું છે.

૫. આ ''**રોરારેરા**''થી શરૂ થતી કૃતિ અવચૂરિ સહિત **જૈનસ્તોત્ર-રત્નાકર** (ભા. ૨, પત્ર ૭૩ અ–૭૫આ)માં છપાઈ છે.

૬. આ કૃતિ અવચૂરિ સહિત **જૈ. સ્તો. ૨.** (ભા. ૨, પત્ર ૬૭ અ- ૬૮અ)માં છપાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**દ્વિસ્વર-ત્રિવ્યંજન-યુક્ત-ષટ્શ્લોકી**– આ છ પદ્યની સ્તુતિમાં 'ત્', 'ર્' અને 'સ્' એ ત્રણ જ વ્યંજનો અને 'અ' અને 'આ' એ બે જ સ્વર વપરાયાં છે. અલબત્ત અનુસ્વારનો ઉપયોગ કરાયો છે.

P. ૪૧૭ **અવચૂરિ**– આ કોઈકની રચેલી લઘુ ટીકા છે. એ **જૈ. સ્તો. ૨. ભા.** ૨ માં છપાયેલી છે.

[2]**જિન-સ્તુતિ**– આ ચાર શ્લોકની સ્તુતિનો પ્રારંભ ''सहसा महसा''થી થાય છે. એ યમકોથી અલંકૃત સ્તુતિ 'તોટક' છંદમાં રચાઈ છે.

અવચૂરિ– આ અજ્ઞાતકર્તૃક કૃતિ **જૈ. સ્તો. ૨.** ભા. ૨માં છપાયેલી છે.

[3]**'ફલવર્ધિ' પાર્શ્વનાથસ્તવ**– આ વાચનાચાર્ય **ચા**રિત્રોદયના સેવક (? શિષ્ય) **સૂ**રચન્દ્ર ઋષિની સાત પદ્યોની યમકબદ્ધ રચના છે. એ દ્વારા એમણે 'ફલોધિ' પાર્શ્વનાથની સ્તુતિ કરી છે. ફલવર્ધિ એટલે ફલોધી.

વ્યાખ્યા– આ **જૈ. સ્તો. ૨.** ભા. ૨માં પ્રકાશિત છે.

[4]**વર્ધમાનજિનસ્તવ** ( )– આ [5]નિર્વર્ગ્ય સ્તવનો પ્રારંભ ''श्रेयःशाल''થી થાય છે. એમાં આઠ પદ્યો છે અને એ **સૂ**રચન્દ્રની પાંચ વર્ગના પરિહારપૂર્વકની રચના છે.

P. ૪૧૮ **અવચૂરિ**– આ અજ્ઞાતકર્તૃક કૃતિ **જૈ. સ્તો. ૨. ભા.** ૨ માં પ્રકાશિત છે.

[6]**પાર્શ્વનાથ-સ્તવ** ( )– અ સાત પદ્યની કૃતિ યમકમય છે. એનું અંતિમ પદ્ય જોતાં એ **શિ**વસુન્દરની રચના લાગે છે. એનો પ્રારંભ ''वरसंवर''થી થાય છે.

અવચૂરિ– આ નાનકડી વૃત્તિ **જૈ. સ્તો. ૨** ભા. ૨માં છપાયેલી છે.

[7]**પાર્શ્વ-નાથ-લઘુ-સ્તવન** ( )– આ પાંચ પદ્યનું સ્તવન **શિ**વસુન્દરે રચ્યું છે. એ ત્રણ પ્રકારના ગત-પ્રત્યાગતથી વિભૂષિત છેઃ (૧) **વૃ**તગત. (૨) અર્ધગત. અને (૩) પાદગત. આ લઘુ સ્તોત્ર **પા**ર્શ્વનાથની સ્તુતિરૂપ છે.

[8]**પાર્શ્વલઘુસ્તવ** ( )– ''लक्ष्मीनिदानं'થી શરૂ થતી અને વિવિધ યમકોથી અલંકૃત આ કૃતિમાં સાત પદ્યો છે. સાતમું પદ્ય વિચારતાં એના કર્તા **ક્ષ**માકલ્યાણ હશે એમ લાગે છે.

અવચૂરિ– આ સંક્ષિપ્ત ટીકા કોઈકે રચી છે અને એ **જૈ. સ્તો. ૨.** ભા. ૨માં પ્રસિદ્ધ કરાઈ છે.

---

૧. આ કૃતિ ''सरसा''થી શરૂ થાય છે. એ અવચૂરિ સહિત **જૈ. સ્તો. ૨.** (ભા. ૨, પત્ર ૭૬ અ-૭૭આ)માં પ્રસિદ્ધ કરાઈ છે.

૨. આ કૃતિ અવચૂરિ સહિત **જૈ. સ્તો. ૨.** (ભા ૨, પત્ર ૭૭આ-૭૮આ)માં પ્રકાશિત કરાઈ છે.

૩. આ સંક્ષિપ્ત વ્યાખ્યા સહિત **જૈ. સ્તો. ૨.** (ભા. ૨, પત્ર ૮૦આ-૮૩આ)માં છપાયો છે.

૪. આ સ્તવ અવચૂરિ સહિત **જૈ. સ્તો. ૨.** (ભા. ૨, પત્ર ૭૯ અ-૮૦ અ)માં છપાયો છે.

૫. મારું નામ (હીરાલાલ) પણ નિર્વર્ગ્ય છે. એમાં ક્ થી મ્ પૈકી એકે અક્ષર નથી. અરે ચ્ અને વ્ તેમ જ શ્, ષ્ અને સ્ પણ નથી.

૬. આ અવચૂરિ સહિત **જૈ. સ્તો. ૨.** (ભા. ૨, પત્ર ૮૪અ-૮૫-આ)માં છપાયો છે.

૭. આ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨, પૃ. ૨૦૪-૨૦૫)માં પ્રકાશિત કરાયું છે.

૮. આ કૃતિ અવચૂરિ સહિત **જૈ. સ્તો. ૨.** (ભા. ૨, પત્ર ૮૬અ-૮૮અ)માં પ્રસિદ્ધ કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૪૧૯

[1]**સ્તંભન-પાર્શ્વજિનસ્તવન**– આ આઠ પદ્યોનું 'સ્તંભન' **પાર્શ્વ**નાથને અંગેનું સ્તોત્ર છે. એનાં પહેલાં સાત પદ્યો 'શૃંખલા' યમકથી અલંકૃત છે એટલે કે પ્રથમ ચરણના અંતિમ બે અક્ષરોથી બીજા ચરણની અને એ બીજા ચરણના અંતિમ બે અક્ષરોથી ત્રીજાની અને ત્રીજાના અંતિમ બે અક્ષરોથી ચોથાની શરૂઆત કરાઈ છે અને એ રીતે સાત પદ્યો રચાયાં છે.

ન્યાયાચાર્યકૃત આઠ (૨+૬) સ્તુતિ-સ્તોત્રો

ન્યાયાચાર્ય **યશો**વિજયગણિએ એકંદર કેટલાં સ્તુતિ-સ્તોત્રો રચ્યાં છે તે જાણવા માટે હજી તો કોઈ સાધન મળી આવ્યું નથી. એ પરિસ્થિતિમાં જે સ્તુતિ-સ્તોત્રો ઉપલબ્ધ છે તેનો પરિચય મેં ''ન્યાયાચાર્યકૃત સંસ્કૃત સ્તુતિ-સ્તોત્રો'' નામના મારા [2]લેખમાં આપ્યો છે અને એનું વિસ્તૃત નિરૂપણ **યશોદોહનમાં** કર્યું છે એટલે અહીં તો [3]**ઐન્દ્રસ્તુતિ** કે જે વિષે પૃ. ૩૩૨-૩૩૪માં વિચાર કરાયો છે તે સિવાયની કૃતિઓની હું સામાન્ય રૂપરેખા આલેખું છું અને એનો પ્રારંભ બે દાર્શનિક કૃતિઓથી કરું છું :–

P. ૪૨૦

[4]**ન્યાયખંડખાદ્ય**[5] કિંવા **મહાવીર-સ્તવ**[6] (લ. વિ. સં. ૧૭૩૦) આના કર્તા ન્યાયાચાર્ય

૧. આ અજ્ઞાતકર્તૃક કૃતિ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨, પૃ. ૯૪-૯૫)માં છપાઈ છે.

૨. આ લેખ ''આ. પ્ર.'' (પુ. ૫૫, અં. ૭)માં છપાયો છે.

૩. આને અંગે **આ**ગમોદ્ધારકે એક અવચૂરિ રચી છે. એ આ કૃતિ, **હિંસાષ્ટક** (સાવચૂરિ) અને **સર્વજ્ઞસિદ્ધિ** સહિત ''ઋ. કે. શ્વે. સંસ્થા'' તરફથી વિ. સં. ૧૯૮૦માં છપાવાઈ છે.

૪. આ કૃતિ સ્વોપજ્ઞ વિવરણ (ટીકા) સહિત મનસુખભાઈ ભગુભાઈ તરફથી અમદાવાદથી ''ન્યાયખંડખાદ્યાપરનામ-મહાવીરપ્રકરણમ્''ના નામથી પ્રકાશિત કરાઈ છે પણ એમાં પ્રકાશનવર્ષનો ઉલ્લેખ નથી. ત્યાર બાદ આ જ નામથી આ કૃતિ શ્રીવિજયનેમિસૂરિકૃત **ન્યાયપ્રભા** સહિત માણેકલાલ મનસુખભાઈએ ઈ. સ. ૧૯૨૮માં છપાવી છે. આ ઉપરાંત આ મૂળ કૃતિ **કલ્પલતિકા** નામની વિવૃત્તિ સહિત બે ખંડમાં વિ. સં. ૧૯૯૩માં (એક જ વર્ષમાં) જાવાલના રહીશ તારાચંદ મોતીજીએ પ્રકાશિત કરી છે. બંને ખંડમાં બબ્બે વિભાગ છે. આમ ચાર વિભાગો પૈકી પ્રથમ વિભાગ સૌત્રાંતિક મતના નિરૂપણરૂપ છે. એમાં ૨૨ શ્લોક પૂરતી વિવૃત્તિ છે અને એ ૨૫૪આ પત્ર ઉપર પૂરી થાય છે. પત્ર ૨૫૫અ-૨૭૪આ સુધી બીજો વિભાગ છે. એમાં શ્લો. ૨૩-૩૪ સુધીની વિવૃત્તિ છે. એ પ્રત્યભિજ્ઞા-પ્રત્યક્ષત્વના સ્વીકારરૂપ ન્યાયમતનું નિરસન પૂરું પાડે છે. પત્ર ૨૭૫અ-૪૧૧આ સુધીના ત્રીજા વિભાગમાં શ્લો. ૩૫-૫૧ની વિવૃત્તિ છે. એમાં વિજ્ઞાનવાદીના મતનું ખંડન કરાયું છે. ચોથા વિભાગમાં પત્ર ૪૧૨અ ૫૪૪આ માં શ્લો. ૫૨-૧૧૦ સુધીની વિવૃત્તિ છે. એ દ્વારા સ્યાદ્વાદના ઉપદેશનું દિગ્દર્શન કરાવાયું છે. ત્યાર બાદ વિવૃત્તિકારની પ્રશસ્તિ છે. એના પછી એ વિવૃતિનો વિસ્તૃત વિષયાનુક્રમ છે અને અંતમાં પત્ર ૫૪૫અ-૫૪૬અમાં મોટું શુદ્ધિપત્રક છે. ૫૪૬અમા પત્ર પછીનાં તમામ પત્રો નિરંક છે.
પ્રસ્તુત કૃતિના શ્લો. ૧-૩૪ શ્રી. જીવરાજભાઈ ઓધવજી દોશીના શ્લોકાર્થ અને ભાવાર્થ સહિત ''જૈ. ધ. પ્ર.'' (પુ ૬૧, ૧૦, ૧૩, પુ. ૬૨, અં ૧, ૪-૭, અને પુ. ૬૩ અં. ૨-૩ તથા૪)માં વિ. સં. ૨૦૦૧થી વિ. સં. ૨૦૦૩ સુધીમાં નવ કટકે પ્રસિદ્ધ કરાયા છે. [''જૈન ન્યાયખંડખાદ્ય'' આ નામે આ કૃતિ બદરીનાથ શુક્લના હિંદી વિવેચન સાથે ચૌખંબા સં.સિરિજ વારાણસીથી છપાઈ છે.]

૫. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૧૯)માં આ કૃતિનો **ખંડખાદ્ય** અને **મહાવીર-સ્તવન** નામથી પણ ઉલ્લેખ છે. અહીં એનું પ્રમાણ ૫૫૦૦ શ્લોકનું દર્શાવાયું છે તે વિચારણીય છે. એ સટીક મૂળનું સંભવી શકે.

૬. આના શ્લો. ૧ અને ૧૦૬ જોતાં અને **વીરસ્તોત્ર** પણ કહી શકાય.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યશોવિજયગણિ છે. એમણે આ ૧૧૦ પદ્યની કૃતિ [૧]મુખ્યતયા વસન્ततિલકા છંદમાં **વિજય**દેવસૂરિના રાજ્યમાં રચી છે. આની વિ. સં. ૧૭૩૫માં લખાયેલી એક હાથપોથી મળે છે. આ કૃતિના પ્રારંભમાં કહ્યું છે કે કવિત્વ અને વિત્ત્વની ઇચ્છા પરિપૂર્ણ કરવામાં કલ્પવૃક્ષના સમાન ઐંકાર જાપ ગંગાને કિનારે જપી (સરસ્વતી પાસે) વરદાન મેળવી હું **વીર**ની પૂજા સુભાષિતરૂપ કુસુમો વડે કરું છું. આ ઉપરથી આનું **મહાવીર-સ્તવ** એ નામ તો યોજાય પરંતુ **ન્યાયખંડખાદ્ય** એ નામ કોણે યોજ્યું છે એ વિચારવું બાકી રહે છે.

P. ૪૨૧ [૨]**સ્વોપજ્ઞ ટીકા**– આ **મહાવીર-સ્તવ** ઉપરની સ્વોપજ્ઞ ટીકા છે. આ ટીકામાં **અસ્પૃશદ્ગતિવાદ** નામની પોતાની કૃતિ જોવા ન્યાયાચાર્યે ભલામણ કરી છે.

[૩]**ન્યાયપ્રભા**– આ **મહાવીર-સ્તવના** ઉપરની તીર્થોદ્ધારક શ્રી**વિજય**નેમિસૂરિએ સંસ્કૃતમાં રચેલી ટીકા છે.

[૪]**કલ્પલતિકા**– આ **મહાવીર-સ્તવ** ઉપર શ્રી **વિજયનેમિસૂરિના** શિષ્ય શ્રી **વિજય**દર્શનસૂરિએ રચેલી વિવૃત્તિનું નામ છે.

શ્લોકાર્થ અને **ભાવાર્થ**– આ બંનેના કર્તા શ્રી. જીવરાજભાઈ ઓધવજી દોશી છે અને એ બંને 'જૈ. ધ. પ્ર.' માં પ્રકાશિત છે.[૫]

P. ૪૨૨ [૬]**વિજયપ્રભસૂરિ-સ્વાધ્યાય**[૭] (લ. વિ. સં. ૧૭૩૦)– આ સાત પદ્યની લઘુ કૃતિના રચનાર ન્યાયાચાર્ય **યશો**વિજયગણિ છે. એમાં એમણે છ અજૈન દર્શનોને માન્ય ગણાય એવા વિચારો દર્શાવી [૮]**વિજય**પ્રભસૂરિની સ્તુતિ કરી છે. એની બીજી વિશેષતા એ છે કે આ કૃતિ [૯]કડખાની દેશીમાં રચાયેલી હોવાનું મનાય છે. ગમે તેમ પણ એ ગેય કાવ્યની ગરજ સારે છે.

---

૧. શ્લો. ૧-૯૯ વસન્ततિલકામાં, શ્લો. ૧૦૦-૧૦૫ શિખરિણીમાં, શ્લો. ૧૦૬ હરિણીમાં, શ્લો. ૧૦૭ શાલિનીમાં, શ્લો. ૧૦૮ શિખરિણીમાં અને શ્લો. ૧૦૯-૧૧૦ શાર્દૂલવિક્રીડિતમાં છે.

૨. મનસુખભાઇ ભગુભાઈ તરફથી આ પ્રકાશિત છે.

૩. આ માણેકલાલ મનસુખભાઈ તરફથી છપાયેલી છે.

૪. જાવાલના તારાચંદ દ્વારા આ પ્રકાશિત છે.

૫. જુઓ પૃ. ૨૫૪ ટિ. ૪

૬. **સ્તુતિ-ચતુર્વિંશતિકા**ની મારી ભૂમિકા (પૃ. ૧૦૫)માં મેં આ સ્વાધ્યાય આપ્યો છે. મુનિ (હાલ સૂરિ) **ધુ**રંધરવિજયે આ કૃતિના અનુકરણરૂપે **વિજયનેમિસૂરિસ્વાધ્યાય** નામની નવ પદ્યની પ્રભાતિયાના રાગે ગવાતી કૃતિ રચી છે. એ ઈ. સ. ૧૯૪૬માં પ્રકાશિત સટીક **ઈન્દુદૂતના** પ્રારંભમાં છપાયેલી છે.

૭. આ સંબંધમાં જુઓ **યશોદોહન** (પૃ. ૩૮, ૮૩, ૩૬, ૧૦૫, ૧૭૨-૧૭૩ અને ૧૮૧.)

૮. આ સૂરિએ દેવપત્તનના જિનાલયના એક તીર્થંકરને ઉદ્દેશીને **જિન-સ્તવન** રચ્યું છે. એ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૩૬)માં છપાયું છે.

૯. આ દેશીમાં "શ્રીપાલ રાજાનો રાસ"ના ચોથા ખંડની ચોથી ઢાલ છે. આને લગતી કેટલીક બીના મેં "કડખાની દેશી અને જૈન સાહિત્ય" નામના મારા લેખમાં આપી છે. આ લેખ "સ્વાધ્યાય" (પુ. ૪ અં. ૧ દીપોત્સવી અંક)માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**શંખેશ્વર-પાર્શ્વનાથ-સ્તોત્ર** [2](લ. વિ. સં. ૧૭૩૦)– આના કર્તા 'ન્યાયાચાર્ય' **યશો**વિજયગણિ છે. આનો પ્રારંભ ''ઐન્દ્ર''થી કરાયો નથી. અંતમાં ''**યશોવિજયશ્રિયમ્**''એવો શબ્દગુચ્છ છે. આમાં P. ૪૨૩
[3]૧૧૩ પદ્યો છે. મુખ્યતયા ઉપજાતિ, વંશસ્થ અને ઉપેન્દ્રવજ્રામાં અને ક્વચિત્ ઇન્દ્રવજ્રા, દ્રુતવિલંબિત, વસન્તતિલકા, પૃથ્વી અને [4]હરિણી [5]છંદોમાં રચાયેલા અને વિવિધ અલંકારોથી વિભૂષિત આ સ્તોત્ર દ્વારા 'શંખેશ્વર' પાર્શ્વનાથની સ્તુતિ કરાઈ છે.

[6]**શંખેશ્વર-પાર્શ્વજિન-સ્તોત્ર**– આ ન્યાયાચાર્યકૃત સ્તોત્રમાં ૯૮ પદ્યો છે અને એ પૈકી છેલ્લાં બાર સ્રગ્ધરામાં છે. એ પણ 'શંખેશ્વર' પાર્શ્વનાથની સ્તુતિરૂપ છે. એમાં [7]જગત્કર્તૃત્વવાદનું નિરસન, પ્રભુનાં દેહનું માહાત્મ્ય, તીર્થંકરના જન્મથી સહોત્થ ચાર અતિશયો અને પ્રભુનાં ગુણોનું ગૌરવ એમ વિવિધ વિષયો આલેખાયા છે.[8]

[9]**શંખેશ્વર-પાર્શ્વજિન-સ્તોત્ર**– આ ૩૩ પદ્યના સ્તોત્રમાં પણ ન્યાયચાર્યે 'શંખેશ્વર' પાર્શ્વનાથનું ગુણોત્કીર્તન કર્યું છે.

[9]**ગોડી-પાર્શ્વ-સ્તવન**[10] (લ. વિ. સં. ૧૭૩૦)– આ ૧૦૮ પદ્યમાં [11]મુખ્યતયા 'શિખરિણી' P. ૪૨૪
છંદમાં રચાયેલા સ્તવનના કર્તા પણ 'ન્યાયાચાર્ય' **યશો**વિજયગણિ છે. આ સ્તવન 'ગોડી' પાર્શ્વનાથની સ્તુતિરૂપ છે.

વિવરણ તથા અનુવાદ– શ્રીધુરંધરવિજયગણિ (હાલ સૂરિ)એ ખૂટતાં પદ્યોને સ્થાને નવીન પદ્યો રચ્યાં છે. એ તેમ જ એમણે રચેલ સંસ્કૃત વિવરણ તથા મૂળના ગુજરાતી અનુવાદ સહિત મૂળ કૃતિ 'શ્રીગોડીપાર્શ્વનાથસ્તોત્રમ્'ના નામથી ''જૈન સાહિત્ય વર્ધક સભા''એ વિ. સં. ૨૦૧૮માં છપાવી છે.

---

૧. આ સ્તોત્ર **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૩૮૦-૩૯૨)માં પ્રકાશિત કરાયું છે.
૨. વાચક **મેઘ**વિજયે ૨૧ પદ્યનું **'શંખેશ્વર' પાર્શ્વનાથ-સ્તવન** રચ્યું છે અને એ ''દે. લા. જૈ. પુ. સંસ્થા'' તરફથી પ્રકાશિત **ભક્તા.સ્તોત્રત્રય**માં ઈ. સ. ૧૯૩૨માં છપાવાયું છે. એ વિ. સં. ૧૭૩૬ પહેલાં રચાયું છે. હંસરત્ને તેમ જ અન્ય કોઈએ પણ **શંખેશ્વર-પાર્શ્વ-સ્તવ** રચ્યો છે.
૩. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૬૯)માં ૧૧૨ પદ્યનો ઉલ્લેખ છે.
૪. અંતિમ પદ્ય આ છંદમાં છે અને એમાં એ નામ પણ ગુંથાયેલું છે. ૫. વિશેષ માટે જુઓ **યશોદોહન** પૃ. ૪૫
૬. આ સ્તોત્ર ''જૈન ગ્રન્થ પ્રસારક સભા'' તરફથી વિ. સં. ૧૯૯૮માં પ્રકાશિત ''શ્રીયશોવિજયવાચક-ગ્રન્થસંગ્રહ''માં પત્ર ૪૫અ-૪૯-અમાં છપાયું છે.
૭. વિશેષ માટે જુઓ **યશોદોહન** (પૃ. ૪૬)
૮. આ **ય. વા. ગ્રંથસંગ્રહ** (પત્ર ૪૪અ-૪૫અ)માં પ્રસિદ્ધ કરાયું છે.
૯. આ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૩૯૩-૪૦૬)માં છપાયું છે ખરું પરંતુ એમાં શ્લો. ૧-૬, ૫૮-૬૨ અને ૬૮-૯૩ નથી. આમ આ ખંડિત કૃતિ છે. આ ત્રુટિઓ દૂર કરવાના ઇરાદે આને અંગે મેં એક લેખ લખ્યો છે.
૧૦. કોઈકે નવ પદ્યની **ગોડી-પાર્શ્વનાથ-સ્તુતિ** રચી છે. કોઈકે **ગોડી-જિન-સ્તવન** પણ રચ્યું છે.
૧૧. જુઓ યશોદોહન (પૃ. ૪૪)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**પાર્શ્વજિનસ્તોત્ર**– આ પણ ન્યાયાચાર્યની કૃતિ છે. એમાં ૨૧ પદ્યો છે અને એ બધાં 'સ્વાગતા' છંદમાં રચાયેલાં છે. આ સ્તોત્રનો જ કેટલાક **વારાણસીપાર્શ્વનાથસ્તોત્ર** તરીકે નિર્દેશ કરે છે.

P. ૪૨૫ [2]**શમીના-પાર્શ્વ-સ્તોત્ર**[3] (લ. વિ. સં. ૧૭૩૦)– આ અનુષ્ટુભ્માં રચાયેલાં નવ પદ્યોરૂપ સ્તોત્રનાં કર્તા 'ન્યાયાચાર્ય **યશો**વિજયગણિ છે. અંતમાં ''**યશો**વિજયસમ્પદમ્'' એવો શબ્દગુચ્છ છે, અંતિમ પદ્યમાં સૂચવાયા મુજબ આ [4]''શમીન' પાર્શ્વનાથની સ્તુતિ છે.

[5]**આદિજિનસ્તવન**– આ 'પુંડરીક ગિરિ' ઉપરના **આદિ**નાથના ગુણગાનરૂપે છ પદ્યમાં ન્યાયાચાર્યે રચ્યું છે.[6] એનાં પહેલાં પાંચ પદ્યો 'શૃંખલા' યમકથી અલંકૃત છે.

અનુવાદ– આ મારો અનુવાદ છપાયેલો છે.[7]

[8]**ચતુર્વિંશતિ-જિન-સ્તુતિ** (વિ. સં. ૧૮૫૯)– આ સ્તુતિના કર્તા 'ખરતર' ગચ્છના **પુણ્ય**શીલ
P. ૪૨૬ છે. એઓ **ગૌતમીયમહાકાવ્ય** વગેરે રચનારા **રૂપ**ચન્દ્રના શિષ્ય, **સમય**સુન્દરના ગુરુ અને [9]**શિવ**ચન્દ્રના પ્રગુરુ થાય છે. એમની આ કૃતિમાં **ઋ**ષભદેવાદિ ચોવીસ તીર્થંકરની એકેક સ્તુતિ અને અંતમાં એ ચોવીસેની ભેગી એક સ્તુતિ એમ ૨૫ સ્તુતિઓ છે. અંતમાં સાત પદ્યની પ્રશસ્તિ છે. બધું મળીને લગભગ બસો પદ્યો છે. આ સ્તુતિઓની વિશેષતા એ છે કે ચાલુ વૃત્તમાં રચાયેલી નથી પરંતુ મુખ્યતયા પ્રચલિત 'હિંદી' દેશીઓમાં રચાયેલી છે. વળી એ વિભાસ, કાફી, સોરઠ, વેલાઉલ ઇત્યાદિ રાગમાં પણ ગવાય છે. આમ આ સ્તુતિ 'ગેય' કાવ્યરૂપ છે.

[**સ્તુતિનન્દિની**– ૪૦૦ જેટલા ગ્રંથોના મંગલાચરણગત દેવ-ગુરુ વ. ની વિભાગવાર સ્તુતિઓ આમાં આપી છે. આનું સંકલન મુનિહિતવર્ધનવિજયદ્વારા અને પ્રકાશન ''કુસુમઅમૃતપ્રકાશન'' દ્વારા થયું છે.

શ્રીરામચન્દ્રીયમહાકાવ્ય– મુનિ**મોક્ષ**રતિવિજયકૃત આ કાવ્ય ગુજ. અનુવાદ સાથે પરમપદપ્રકાશન મુંબઇ સં. ૨૦૫૮માં પ્રકાશિત થયું છે.]

---

૧. આ **ય. વા. ગ્રંથસંગ્રહ** (પત્ર ૪૩અ-૪૪અ)માં છપાયું છે.

૨. આ સ્તોત્ર **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૧, પૃ. ૩૯૨-૩૯૩)માં પ્રકાશિત થયેલું છે પરંતુ એનું આદ્ય પદ્ય નથી.

૩. શું **યશો**વિજયગણિકૃત **સમીકાપાર્શ્વ-સ્તોત્ર** તરીકે ઓળખાવાતી કૃતિ તે આ જ છે ?

૪. રાધનપુરની પાસે તેમ જ ગુજરાતના બીજાપુરની પાસે પણ 'સમી' નામનું ગામ છે. કોઇ કોઇ મુનિવર આ બે સમી પૈકી શંખેશ્વરથી થોડેક દૂર અને રાધનપુરની પાસે આવેલા 'સમી' ગામના પાર્શ્વનાથને ઉદ્દેશીને 'શમીન' શબ્દનો વ્યવહાર કરાયો છે એમ કહે છે.

૫. આ મારા અનુવાદ સહિત ''આ. સમિતિ'' તરફથી ઈ. સ. ૧૯૨૬માં પ્રકાશિત **ચતુર્વિંશતિકા** (પૃ. ૮૨-૮૩)માં છપાયું છે.

૬. આને લઈને આ સ્તોત્રનું 'પુંડરીકગિરિરાજસ્તોત્ર' નામ સાન્વર્થક ગણાય. આને 'શત્રુંજયમંડન શ્રીઋષભદેવસ્તવન' પણ કહે છે.

૭. જુઓ ઉપરનું ટિપ્પણ ટિ. ૫.

૮. આ કૃતિ ''ચતુર્વિંશતિ-જિનેન્દ્ર-સ્તવનાનિ'' એ નામથી ''હિન્દી જૈનાગમ-પ્રકાશક સુમતિ-કાર્યાલય'' તરફથી કોટાથી વિ. સં. ૨૦૦૪માં પ્રકાશિત કરાઈ છે.

૯. એમણે વિ. સં. ૧૮૭૬માં ગદ્યમાં **પ્રદ્યુમ્નલીલાપ્રકાશ** નામનો કથાત્મક ગ્રંથ રચ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[૧]**જિનચૈત્યવન્દનચતુર્વિંશતિકા** કિંવા **ત્રૈલોક્યપ્રકાશ**– આ 'ખરતર' ગચ્છના વાચક **અમૃતધર્મ** પાસે અગિયાર વર્ષની વયે વિ. સં. ૧૮૧૨માં દીક્ષા લેનારા ઉપાધ્યાય **ક્ષમાકલ્યાણ**ની વિવિધ છંદોબદ્ધ કૃતિ છે. એમાં **ઋષભદેવાદિ** ૨૪ તીર્થંકરો પૈકી પ્રત્યેકને અંગે ત્રણ ત્રણ પદ્યો છે અંતમાં ત્રણ પદ્યોની પ્રશસ્તિ છે.

અનુવાદ– સાધ્વી **બુદ્ધિશ્રીજી**એ આનો વિ. સં. ૧૯૯૩માં તેમ જ **છન્દઃપરિચય**નો હિન્દીમાં અનુવાદ કર્યો છે અને એ પ્રકાશિત છે.

સ્વોપજ્ઞ વૃત્તિ– આ અપ્રકાશિત છે.

[૨]**વિદ્વત્પ્રબોધ** (લ. વિ. સં. ૧૬૬૦)– [૩]આ વિ. સં. ૧૬૫૪માં **શિલોંછ નામમાલા**ની ટીકા રચનારા અને જ્ઞાનવિમલના શિષ્ય ઉપાધ્યાય **શ્રીવલ્લભ**ની રચના છે. એ ત્રણ પરિચ્છેદોમાં વિભક્ત છે. એમાં અનુક્રમે ૫૬, ૬૦, અને ૨૬ (૨૦ + ૬) પદ્યો છે. આમ કુલ્લે ૧૪૨ પદ્યો છે. એ પૈકી આદ્ય ત્રણ પદ્યો ઉપક્રમણિકારૂપ છે જ્યારે અંતિમ છ પદ્યો પ્રસ્તુત કૃતિની પ્રશસ્તિરૂપ છે. વર્ણમાલાના અક્ષરો અનુસાર પદ્યો રચાયાં છે. એમાં નિમ્નલિખિત પંચેન્દ્રિય તિર્યંચોનાં–પશુપક્ષીઓનાં વર્ણન બાદ તૃતીય પદચ્છેદમાં સાધુ પંડિત અને વીરપુરુષનાં વર્ણન છે :–

હાથી, અશ્વ, વૃષભ, સિંહ તથા ઊંટ તેમજ પોપટ, તેતર, હંસ, બગલો, ચક્રવાક, સારસ, ટીટોડી (ટિટ્ટિભ), મોર અને ચાષ.


આ પૈકી હાથી ઇત્યાદિ પાંચ પશુઓનાં પ્રથમ પરિચ્છેદમાં અને નવ પક્ષીનાં દ્વિતીય પરિચ્છેદમાં વર્ણન છે. નમૂના તરીકે હું આદ્ય પરિચ્છેદનું નીચે મુજબનું ચોથું પદ્ય રજૂ કરું છું :–

''क्लातले गजघटा प्रकटेष्टे, क्लावलीकृदिव सज्जलदाली ।
क्लापतीचन्द्र ! हृदयस्य मोददा, क्लारिज्ञजिरनिशं मददीप्ता ॥४॥''

[૩]**અવચૂર્ણિ**– મૂળ કૃતિનાં [૪]પદ્યો મોટે ભાગે દુર્ગમ છે. એ અવચૂરિની સહાયથી સુબોધ બને છે.

માતૃકાપ્રસાદ– ઉપા.મેઘવિજય. (અપ્રગટ) **માતૃકાપ્રકરણ**- રત્નચન્દ્ર, (આ. યશોદેવસૂરિસંગ્રહ).

માતૃકાપ્રકરણ– અક્ષયચન્દ્ર. (અનુસન્ધાન ૧૨) **સિદ્ધમાતૃકા** (અનુસંધાન ૨૫) **સિદ્ધસેનસૂરિ**.



૧. આ કૃતિ છન્દઃપરિચય, **ક્ષમાકલ્યાણકૃત ઋષભદેવાદિ**ને અંગે એકેક ગુજરાતી ચૈત્યવન્દન (કુલ્લે ૨૪), ઋષભદેવાદિને અંગે બબ્બે પદ્યોની તથા એકેક પદ્યની સ્તુતિ તેમ જ પ્રસ્તુત કૃતિ વગેરેના હિન્દી અનુવાદ સહિત અજમેરના ''શ્રાવિકાસંઘ'' તરફથી વિ. સં. ૧૯૯૩માં છપાવાઈ છે. એમાં ક્ષમાકલ્યાણની પ્રતિકૃતિ અપાઈ છે.

૨. આ કૃતિ એની અવચૂર્ણિ, **જિનવલ્લભસૂરિકૃત મહાવીરસ્તોત્ર** અને એની **નરચન્દ્રગણિકૃત** અવચૂરિ તેમ જ **વિમલકીર્તિગણિએ** વિ. સં. ૧૬૮૧માં ૧૬૯ પદ્યોમાં રચેલા **ચન્દ્રદૂત** અને એની કોઈકે રચેલી વૃત્તિ સહિત ''શ્રી જિનદત્તસૂરિજ્ઞાનભંડાર'' તરફથી અહીંથી : (સુરતથી) વિ. સં. ૨૦૦૯માં પ્રકાશિત કરાઈ છે. વિશેષમાં અહીં **ચન્દ્રદૂતના** શ્લો. ૧-૩૦ ઉપર અજ્ઞાતકર્તૃક ટીકા પણ છે. એના શ્લોક. ૫૯ના અંતમાં ''इत्येकेन पादेन समस्याष्टकं'' એવો ઉલ્લેખ છે.

૩. આ પ્રકાશિત છે. જુઓ ટિ. ૨.

૪. આ પદ્યોના અર્થ માટે અનેકાર્થી કોશ ઇત્યાદિ સાધન કામમાં લેવાં પડે તેમ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૪૨૭

પ્રકરણ ૩૧ : શ્રવ્ય કાવ્યો

(ઋ) પાદપૂર્તિરૂપ કાવ્યો

પાદપૂર્તિરૂપ કાવ્યનું અનેકાર્થી કૃતિ સાથે સામ્ય– પ્રત્યેક પદ્યને સામાન્ય રીતે ચાર પાદ યાને ચરણ હોય છે. એ પાદ જે પદ્યનાં અંશરૂપ છે ત્યાં એનો જે અર્થ થાય છે તેને કાયમ રાખીને કે એનો અન્ય પદચ્છેદાદિ દ્વારા અભિનવ અર્થ કરીને એના અનુસંધાનરૂપે ત્રણ નવા પાદ યોજવા તે 'પાદ-પૂર્તિ' કહેવાય છે. આ ક્રિયા દ્વારા રચાયેલા પદ્યને કે એના સમૂહને 'પાદપૂર્તિરૂપ કાવ્ય' કહે છે. એની નિષ્પત્તિમાં અર્થ કે વિચારણારૂપ જે શક્તિ પ્રધાન પદ ભોગવે છે તે જ શક્તિ સામાન્ય રીતે અધિક પ્રમાણમાં હોય તો એને લઈને અમુક અમુક પદ્યોના અનેક અર્થો સ્ફુરે અને તેમ થતાં અનેકાર્થી સાહિત્ય યોજાય. આ દૃષ્ટિએ વિચારતાં પાદપૂર્તિરૂપ કાવ્યો અને અનેકાર્થી પદ્યોમાં જે સામ્ય રહેલું છે તેને લક્ષ્યમાં લેતાં આ બન્ને પ્રકારના સાહિત્યનો ક્રમશઃ વિચાર કરવા હું હવે પ્રવૃત્ત થાઉં છું.

પાદપૂર્તિરૂપ કાવ્યોને બે વર્ગમાં વિભક્ત કરી શકાય તેમ છે કેમકે જૈન લેખકોએ જૈન કૃતિઓની જ પાદપૂર્તિરૂપે રચના ન કરતાં અજૈન કાવ્યો–સ્તોત્ર વગેરેને અંગે પણ એવી રચના કરી છે. આથી આપણને (અ) જૈન કૃતિઓની પાદપૂર્તિ અને (આ) અજૈન કૃતિઓની પાદપૂર્તિ એમ બે પ્રકારની કૃતિઓનો વિચાર કરવાનો રહે છે. તેમાં પ્રથમ પ્રકારથી હું શરૂઆત કરું છું. કેમકે એમ કરવાથી ગત પ્રકરણ સાથેનો સંબંધ ચાલુ રહે છે. અજૈન કૃતિઓની અંગેની કેટલીક પાદપૂર્તિરૂપ રચના આના કરતાં મોટી અને મહત્ત્વની છે પણ તેમાં એક ચતુર્થાંશ જેટલું લખાણ અજૈન છે. એથી પણ
P. ૪૨૮ એને પ્રથમ સ્થાન આપવામાં હું સંકોચ અનુભવું છું.

(આ) જૈન કૃતિઓની પાદપૂર્તિ

[૧૨ + ૨૨ + ૫ + ૭ = ૪૬]

(૧) કલ્યાણમન્દિરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યો [૧૨]

કલ્યાણમન્દિરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યની સંખ્યા ભક્તામરસ્તોત્રની એ જાતની કૃતિઓને હિસાબે લગભગ અડધી છે. વળી એ કાવ્યો મોટે ભાગે ચતુર્થ જ ચરણની પાદપૂર્તિરૂપ છે.

(૧) **કલ્યાણમન્દિરસ્તોત્રની પાદપૂર્તિ** (લ. વિ. સં. ૧૭૫૦) આના કર્તા [1]**લક્ષ્મીવલ્લભ**ના શિષ્ય **લક્ષ્મીસેન** છે. (૨) **વિજયક્ષમાસૂરિલેખ.** (વિ. સં. ૧૭૭૮)– આમાં ૩૮ પદ્યો છે એવો ઉલ્લેખ

---

૧. શું એઓ "ખરતર" ગચ્છના **લક્ષ્મીકીર્તિ**ના શિષ્ય થાય છે ? જો એમ જ હોય તો એમણે વિ. સં. ૧૭૨૭માં **વિક્રમાદિત્ય પંચદંડ રાસ** અને વિ. સં. ૧૭૪૫માં **ધર્મોપદેશ** ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે. આ ઉપરાંત એમણે **ઉત્તરજઝયણ** ઉપર તેમ જ **પ. ક.** ઉપર પણ એકેક વૃત્તિ રચી છે. **પ. ક.**ની વૃત્તિનું નામ **કલ્પદ્રુમકલિકા** છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્રી અગરચન્દ્ર નાહટાએ ''ભાવારિવારણ-પાદપૂર્ત્યાદિસ્તોત્રસંગ્રહ''ની હિન્દી પ્રસ્તાવના (પૃ.૨)માં કર્યો છે તે વિચારણીય જણાય છે.

(૩) [૧]**જૈનધર્મવરસ્તોત્ર** (ઉ. વિ. સં. [૨]૧૭૯૧)– આના કર્તા ''પૌર્ણમીય'' ગચ્છના મહિમપ્રભસૂરિના શિષ્ય **ભાવપ્રભસૂરિ** છે. એમણે વિ. સં. ૧૭૮૪માં [૩]**નેમિ-ભક્તામર** રચ્યું છે અને એને સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કર્યું છે. વળી એમણે ન્યાયાચાર્ય **યશો**વિજયગણિકૃત [૪]**નયોપદેશ** અને [૫]**પ્રતિમાશતક** ઉપર અનુક્રમે પર્યાય અને લઘુવૃત્તિ સંસ્કૃતમાં રચ્યાં છે. એમણે આ સ્તોત્ર **કલ્યાણમન્દિરસ્તોત્રના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ ૪૫ પદ્યોમાં રચ્યું છે અને વિ. સં. ૧૭૯૧માં એને સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત કર્યું છે. P. ૪૨૯

મૂળ કૃતિ એના નામ અનુસાર ધર્મના નિરૂપણરૂપ છે. જૈન મંતવ્ય મુજબના ધર્મના ચાર પ્રકારો નામે દાન, શીલ, તપ અને ભાવ વિષે અને ખાસ કરીને દાનને લક્ષીને અત્ર પુષ્કળ માહિતી અપાઈ છે. P. ૪૩૦

[૬]**સ્વોપજ્ઞ વૃત્તિ**– આ અનેક રીતે મહત્ત્વની છે. એમાં સંસ્કૃત અને પ્રાકૃત જ નહિ પરંતુ ગુજરાતી અને હિન્દી અવતરણો પણ અપાયાં છે. જાતજાતની પ્રસંગોપાત્ત કથાઓ છે. એમાં **વસુદેવહિણ્ડી** (લંભક ૧૭)ને આધારે અપાયેલી **અશ્વગ્રી**વ પ્રતિવાસુદેવની કથા (પૃ. ૩૨), જગડૂશાહનો પ્રબન્ધ (પૃ. ૪૦-૪૩), **શા**લિભદ્રના પૂર્વ ભવનો પૂર્વ ભવ (પૃ. ૪૬), 'સેચનક' હાથીનો અને નન્દિષેણનો પૂર્વ ભવ (પૃ. ૪૮-૪૯), અશ્વનો પૂર્વ ભવ (પૃ. ૫૧), **ભા**નુ અને **મ**નોરમાની કથા (પૃ. ૫૪-૫૮), સુગડ (શકટ) કથા (પૃ. ૬૭-૭૦) ગરટા અને મૈત્રની કથા (પૃ. ૮૮-૮૯), સુન્દરની કથા, (પૃ. ૯૬-૯૭) **રો**હક મંત્રીની કથા (પૃ.૧૦૧) અને **એ**કમનીયાની કથા (પૃ.૧૦૩-૧૦૪) નોંધપાત્ર છે.[૭] આ બાબત પ્રત્યે તેમ જ પૃ. ૧૧૬માં 'વિદેહ' ક્ષેત્રમાં **રા**વણનો જીવ તીર્થંકર બનતાં સીતાનો જીવ એમના ગણધર બનશે એ હકીકત, પૃ. ૬૬ **પા**શચન્દ્રના મત તથા પૃ. ૧૧૬માં

૧. આ સ્તોત્ર સ્વોપજ્ઞ વૃત્તિ સહિત ''દે. લા. જૈ. પુ. સંસ્થા'' તરફથી વિ. સં. ૧૯૮૯માં છપાવાયું છે. એનું સંપાદન મેં કર્યું છે.

૨. આ સ્વોપજ્ઞ વૃત્તિનો તો રચનાસમય છે જ. શું એ જ વર્ષમાં મૂળ કૃતિ રચાઈ છે ?

૩. આ કૃતિ સ્વોપજ્ઞ વૃતિ તેમ જ મદીય અન્વય, ગુજરાતી શબ્દાર્થ, શ્લોકાર્થ અને સ્પષ્ટીકરણ સહિત **ભ. સ્તો. પા. કા. સં.** ના પ્રથમ વિભાગ (પૃ. ૯૩-૧૬૪)માં ઈ. સ. ૧૯૨૬માં પ્રકાશિત કરાઈ છે.

૪. આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ નામે **નયામૃતતરંગિણી** તેમ જ ભાવપ્રભસૂરિકૃત લઘુવૃત્તિ (પર્યાય) સહિત ''જૈ. ધ. પ્ર. સ.'' તરફથી વિ. સં. ૧૯૬૫માં છપાવાઈ છે. વિશેષ માટે જુઓ **યશોદોહન** (પૃ. ૧૪૬ ટિ. ૧)

૫. આ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ તેમ જ ભાવપ્રભસૂરિકૃત લઘુવૃત્તિ સહિત ''જૈ. આ. સ.'' દ્વારા વિ. સં. ૧૯૭૧માં પ્રસિદ્ધ કરાઈ છે. ''મુ. ક. જૈ. મો.''માં પણ મૂળ કૃતિ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત વિ. સં. ૧૯૭૬માં છપાવાઈ છે. વિશેષ માટે જુઓ યશોદોહન (પૃ. ૨૪૫ ટિ. ૨ પૃ. ૨૫૧)

૬. ''દે. લા. જૈ. પુ. સં.'' દ્વારા આ પ્રકાશિત છે.

૭. પૃ. ૮૫-૮૬માં ભાલણકૃત એક કડવું ઉદ્ધૃત કરાયું છે. મેં આની સંસ્કૃત છાયા આપી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'ભગિની' અર્થમાં ભગ્નીનો અને પૃ. ૧૧૭માં 'ગજ' અર્થમાં ગર્જના પ્રયોગ અંગે મારું લક્ષ્ય શ્રીવિજયધુરંધરસૂરિજીએ થોડા વખત ઉપર ખેંચ્યું હતું.[૧]

P. ૪૩૧ (૪) [૨]**પાર્શ્વજિનસ્તવન**– આ ૪૫ (૪૪ + ૧) પદ્યના કર્તાનું નામ જાણવામાં નથી. એ ''कल्याणकेलिनिलयं''થી શરૂ થાય છે. એનું અંતિમ પદ્ય પ્રશસ્તિરૂપ છે જ્યારે બાકીનાં પદ્યો **કલ્યાણમન્દિર**સ્તોત્રના પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ છે. અંતિમ પદ્યમાં 'મહિમા' શબ્દ બે વાર વપરાયો છે. એ દ્વારા કર્તાએ પોતાના નામનો અંશ સૂચવ્યો હોય તો ના નહિ.

(૫) **પાર્શ્વનાથ-સ્તોત્ર**– લીંબડીના ભંડારના સૂચીપત્ર (પૃ. ૯૪)માં આ ૧૬૧૩ ક્રમાંકવાળું સ્તોત્ર **કલ્યાણમન્દિરસ્તોત્રની** પાદપૂર્તિ તરીકે નોંધાયું છે.

(૬) **કલ્યાણમન્દિર-પાદપૂર્તિ-સ્તવન**– આના કર્તા **કાન્તિવિજયગણિ** છે. આ સ્તવનની હાથપોથી ભાવનગરના પ્રેમચંદ રતનજીના ભંડારમાં છે.

(૭) [૩]**કલ્યાણમન્દિર-પાદપૂર્તિ-સ્તવન**– આના કર્તા **પ્રેમજી** મુનિ છે. આ સ્તવનની એક હાથપોથી પ્રવર્તક **કાન્તિવિજયજી**ના ભંડારમાં છે.

(૮) **વીરસ્તુતિ**– આ સ્તુતિમાં **કલ્યાણમન્દિરસ્તોત્ર**ના આદ્ય પદ્યનાં ચારે ચરણોની પાદપૂર્તિરૂપ ચાર પદ્યો છે. એના કર્તાનું નામ જાણવામાં નથી.

P. ૪૩૨ (૯) [૪]**વીર-જિનસ્તુતિ**– આ ચાર પદ્યની અજ્ઞાતકર્તૃક સ્તુતિ ઉપર્યુક્ત **વીરસ્તુતિની** જેમ **કલ્યાણમન્દિરસ્તોત્રના** આદ્ય પદ્યનાં ચારે ચરણોની પૂર્તિરૂપ છે આ સ્તુતિના આદ્ય પદ્યનું દ્વિતીય ચરણ ''दुष्कर्मवारण''થી શરૂ થાય છે.

(૧૦) [૫]**વિજયાનન્દ-સૂરીશ્વર-સ્તવન** (વિ. સં. ૧૯૯૨)– આના કર્તા 'દક્ષિણવિહારી' **અમરવિજયજી**ના શિષ્ય સાહિત્યપ્રેમી **ચતુરવિજયજી** છે. એમણે કલ્યાણમન્દિરસ્તોત્રના પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ આ સ્તવન ૪૯ (૪૪ + ૫) પદ્યોમાં વિ. સં. ૧૯૯૨માં રચ્યું છે. એનાં છેલ્લાં પાંચ પદ્યો પ્રશસ્તિરૂપ છે. આ સ્તવનનો પ્રારંભ ''श्रेयःश्रियां''થી કરાયો છે.

(૧૧) [૬]**પૂજ્યગુણાદર્શ-કાવ્ય**– આના કર્તા સ્થાનકવાસી મુનિશ્રી **ઘાસી**લાલજી છે.[૭]

---

૧. આ બદલ હું આ સૂરિજીનો ઋણી છું.

૨. આ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨, પૃ. ૨૦૮-૨૧૬)માં છપાવાયું છે.

૩. **જૈનધર્મવરસ્તોત્રની** મારી સંસ્કૃત પ્રસ્તાવના (પૃ. ૩)માં એ છપાયાનો જે મેં ઉલ્લેખ કર્યો છે તે ભ્રાંત છે. તે છપાવવાની 'હા' પડાતાં પ્રસ્તાવના તૈયાર કરાઈ એથી આમ બનવા પામ્યું છે.

૪. આ સ્તુતિ **જૈનસ્તોત્રસંગ્રહ** (ભા. ૨, પૃ. ૧૫-૧૬)માં છપાઈ છે.

૫. આ સ્તવન ''જૈનાચાર્ય શ્રી આત્માનંદ જન્મ શતાબ્દિ સ્મારક ગ્રંથ'' (પૃ. ૮૧-૯૦)માં છપાયું છે.

૬. આ અનુવાદ સહિત **શ્રીલાલચરિત્રમાં** છપાયું છે.

૭. **કલ્યાણમન્દિર-પાદપૂર્ત્યાત્મક-સ્તોત્ર**– આના કર્તા પં. **ગિરધર-શર્મા** છે. એઓ અજૈન છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૨) **ગ્રન્થાંશરૂપ પાદપૂર્તિ**– પં લાભવિજયે વિજયપ્રભસૂરિ ઉપર લખેલા [1]**વિજ્ઞપ્તિકા**માં P. ૪૩૩
પદ્ય ૯૭- ૧૦૦માં અનુક્રમે નિમ્નલિખિત પંક્તિઓની પાદપૂર્તિ કરી છે :–

''[2]સ્નાતસ્યાપ્રમિતસ્ય મેરુશિખરે શચ્યા વિભોઃ શૈશવે''.

''પુણ્યાબ્ધિઃ પ્રીતિદાયી સિતરુચિરિવ યઃ સ્વીયગોભિસ્તમાંસિ''.

''સંસારસાગરનિમજ્જદશેષજન્તુ''.

''મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્''.

આ પંક્તિઓને લગતાં સ્તુત્યાત્મક કાવ્યો અને તેના પદ્યાદિ નીચે મુજબ છે :–

'**સ્નાતસ્યા**' સ્તુતિ (**મહા**વીરસ્વામિસ્તુતિ) (શ્લો. ૧નું આદ્ય ચરણ), [3]**જ્ઞાન**પંચમીસ્તુતિ (શ્લો. ૨નું દ્વિતીય ચરણ), કલ્યાણમન્દિરસ્તોત્ર (શ્લો. ૧નું તૃતીય ચરણ) અને **ભક્તા**મરસ્તોત્ર (શ્લો. ૩નું ચતુર્થ ચરણ).

ઉપર્યુક્ત પદ્ય ૯૭-૧૦૦ પૈકી અત્ર ૯૯મું પદ્ય અભિપ્રેત છે. P. ૪૩૪

(૨) [4]**ભક્તામર-સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યો** [૨૨]

આ કાવ્યો પૈકી ઘણાંખરાં ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ છે.

(૧) [5]**ઋષભ-ભક્તામર** (લ. વિ. સં. ૧૬૮૦)– આ કાવ્ય **ભક્તામર-સ્તોત્રના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ છે. એમાં ૪૫ પદ્યો છે. ઋષભદેવની સ્તુતિરૂપ આ કાવ્ય **સમ**યસુન્દરગણિએ રચ્યું છે. એમની વિવિધ સંસ્કૃત અને ગુજરાતી કૃતિઓની નોંધ મેં **અનેકાર્થરત્નમંજૂષાની** મારી પ્રસ્તાવના (પૃ. ૧૨-૧૭)માં લીધી છે.[6] વિશેષમાં અહીં પૃ.૧૭માં મેં

---

૧. આ કૃતિ ''સિં. જૈ. ગ્રં.''ના ગ્રંન્થાંક ૫૧ તરીકે ઈ. સં. ૧૯૬૦માં પ્રકાશિત **વિજ્ઞપ્તિલેખસંગ્રહ** (ભા. ૧, પૃ. ૧૬૬-૧૭૧)માં છપાવાઈ છે. આની વિશેષ માહિતી મેં આગળ ઉપર આપી છે.

૨. એક હાથપોથીમાં ''સ્નાતસ્યાપ્રથમસ્ય'' પાઠ છે. જુઓ D C G C M (Vol. XVII, p. 3, pt. 273) પ્રચલિત પાઠ તો ''સ્નાતસ્યાપ્રતિમસ્ય'' છે.

૩. આનો પ્રારંભ ''શ્રીનેમિઃ પઞ્ચરૂપ''થી થાય છે.

૪. આ જાતનાં નિમ્નલિખિત તેર કાવ્યોની નોંધ મેં **ભક્તા.સ્તોત્રત્રયની** મારી સંસ્કૃત ભૂમિક (પૃ.૧૩-૧૫)માં લીધી છે :–

વીર-ભક્તામર, નેમિ-ભ., સરસ્વતી-ભ., શાન્તિ-ભ., પાર્શ્વ-કાવ્ય., ઋષભ-ભ., પ્રાણપ્રિય-ભ., 'દાદા'-પાર્શ્વ-ભ., જિન-ભ., ઋષભદેવજિનસ્તુતિ, વલ્લભ-ભ., સૂરીન્દ્ર-ભ. અને આત્મ-ભ.

૫. આ કાવ્ય કોઈકની અવચૂરિરૂપ ટીકા અને તે પણ નવ (૧-૩, ૫. ૧૦, ૧૨, ૧૪, ૧૬ ને ૨૩) પદ્ય પૂરતી સહિત **સમયસુંદરકૃતિકુસુમાંજલિ** (પૃ. ૬૦૪-૬૧૪)માં છપાયું છે પણ એમાં અશુદ્ધિઓ રહેવા પામી છે.

૬. વિશેષ માટે જુઓ મારો લેખ નામે ''સમયસુન્દરગણિકૃત સાત હરિયાળીઓ''. આ લેખ ''જૈ. ધ. પ્ર.'' (પુ. ૮૨, અં. ૧૨)માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપર્યુક્ત **ઋષભ-ભક્તામરના** શ્લો. ૧ અને ૪૫ આપ્યા છે. આ સમગ્ર કાવ્ય **ભ. સ્તો. પા. કા. સં.** ના તૃતીય વિભાગ માટે મેં ગુજરાતી શબ્દાર્થ, શ્લોકાર્થ અને સ્પષ્ટીકરણ સહિત ઈ. સ. ૧૯૨૬માં તૈયાર કર્યું હતું પણ એ સામગ્રીના પ્રકાશનાર્થે હજુ સુધી પ્રબંધ થઈ શક્યો નથી.

P. ૪૩૫ **ટીકા**– આ અવચૂરિરૂપ છે અને તે પણ નવ જ પદ્ય પૂરતી **સમયસુ. કુ.**માં છપાઈ છે.[૧]

(૨) **દાદા-પાર્શ્વ-ભક્તામર** (લ. વિ. સં. ૧૬૮૫)– આ **ભક્તામર-સ્તોત્રના** પ્રત્યેક પદ્યના પ્રથમ ચરણની પાદપૂર્તિરૂપ છે. એ દ્વારા વડોદરાના 'દાદા' પાર્શ્વનાથની સ્તુતિ કરાઈ છે. એમાં ૪૫ પદ્યો છે. એના કર્તા **પદ્મસાગર**ના શિષ્ય **રાજસુન્દર** છે.

(૩) [૨]**પાર્શ્વ-ભક્તામર** ( )– આના કર્તા **વિનયપ્રમોદ**ના શિષ્ય પં. **વિનયલાભગણિ** છે.[૩] એમણે આ કાવ્યમાં ૪૪ પદ્યો **ભક્તામરસ્તોત્રના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપે રચી ૪૫મું પદ્ય પ્રશસ્તિરૂપે રચ્યું છે. એમાં **પાર્શ્વનાથ**ની સ્તુતિ કરાઈ છે, જો કે કેટલાં યે પદ્યો ગમે તે તીર્થંકરની સ્તુતિરૂપ ગણી શકાય તેવાં છે કેમકે આ કાવ્ય કંઈ **પાર્શ્વનાથ**નું ચરિત્ર પૂરું પાડતું નથી.

(૪) **નેમિ-ભક્તામર** કિંવા [૪]**પ્રાણપ્રિય-કાવ્ય** (લ. વિ. સં. ૧૭૩૦)– આના કર્તા **સંઘહર્ષ**ના
P. ૪૩૬ શિષ્ય **ધર્મસિંહ**ના શિષ્ય **રત્નસિંહ** છે. આ ૪૯ પદ્યના કાવ્યમાં **નેમિનાથ** અને **રાજીમતી** સંબંધી અધિકાર છે. આ કાવ્ય પણ ઉપર મુજબ ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ છે. આનો પ્રારંભ "प्राणप्रियं नृपसुतः"થી થાય છે આથી એને કેટલાક 'પ્રાણપ્રિય-કાવ્ય' પણ કહે છે.

(૫) [૫]**વીર-ભક્તામર** (વિ. સં. ૧૭૩૬)– આના કર્તા 'ખરતર' ગચ્છના **વિજયહર્ષ**ના અનુગામી ઉપાધ્યાય **ધર્મવર્ધનગણિ** ઉર્ફે **ધર્મસિંહ** છે. એમણે ષડ્ભાષામય **પાર્શ્વનાથ-સ્તવન** રચ્યું છે. આ ઉપરાંત એમણે ગુજરાતીમાં કેટલીક કૃતિઓ રચી છે. એમના શિષ્યનું નામ **કીર્તિસુન્દર**ગણિ છે.

ભક્તામરસ્તોત્રના પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ આ કાવ્યમાં **વીર** જિનેશ્વરનું ચરિત્ર મનોમોહક રીતે રજૂ કરાયું છે. આ ૪૫ પદ્યનું કાવ્ય બેનાટમાં વિ. સં. ૧૭૩૬માં રચાયું છે. એના ઉપરની સ્વોપજ્ઞ ટીકા પ્રકાશિત છે.[૬]

---

૧. **સમયસુંદરકૃતિકુસુમાંજલી** (પૃ. ૬૦૪-૬૧૪) જુઓ

૨. આ કાવ્ય મદીય અન્વય, ગુજરાતી શબ્દાર્થ, પદ્યાર્થ અને સ્પષ્ટીકરણ સહિત **ભ. સ્તો. પા. કા. સં.**ના દ્વિતીય વિભાગમાં પૃ. ૧૨૩-૧૮૩માં ઈ. સ. ૧૯૨૬માં છપાવાયું છે.

૩. જુઓ **યુગપ્રધાન જિનચન્દ્રસૂરિ** (પૃ. ૧૮૬)

૪. આ નામથી આ કાવ્યઃ હિંદી ભાષાંતર સહિત "જૈનગ્રંથરત્નકાર્યાલય" તરફથી શ્રીનાથૂરામ પ્રેમીએ છપાવ્યું છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૭૯) પ્રમાણે આ કાવ્યમાં ૪૮ પદ્યો છે અને એ **રત્નસિંહસૂરિ**ની કૃતિ ખુરઈથી **વીર**સંવત્ ૨૪૪૨માં પ્રકાશિત થયેલી છે.

૫. આ કાવ્ય સ્વોપજ્ઞ ટીકા તેમ જ મદીય અન્વય, ગુજરાતી શબ્દાર્થ, શ્લોકાર્થ અને સ્પષ્ટીકરણ **ભ. સ્તો. પા. કા. સં.**ના પ્રથમ વિભાગ (પૃ. ૧-૯૨)માં ઈ. સ. ૧૯૨૬માં છપાયું છે.

૬. જુઓ ઉપરનું ટિપ્પણ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૬) [૧]**ઋષભ-ચૈત્યવન્દન** (લ. વિ. સં. ૧૭૫૦)– આ 'શત્રુંજય' ગિરિ ઉપરના **ઋષ**ભદેવને ઉદ્દેશીને **જ્ઞા**નવિમલસૂરિએ **ભક્તામર-સ્તોત્રના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપે કરેલી રચના છે. એઓ **ધી**રવિમલના શિષ્ય થાય છે. એમનું દીક્ષાસમયનું નામ **ન**યવિમલ હતું. એમણે વિ. સં. P. ૪૩૭
૧૭૩૮ પછી **શ્રીપાલચરિત્ર** રચ્યું અને **વિ**જયપ્રભસૂરિના રાજ્યમાં એટલે કે વિ. સં. ૧૭૧૦થી વિ. સં. ૧૭૪૭ના ગાળામાં એમણે **પણ્હાવાગરણ** ઉપર ટીકા રચી.

(૭) [૨]**નેમિ-ભક્તામર** (વિ. સં. ૧૭૮૪)– આ ૪૪ પદ્યના કાવ્યના કર્તા 'પૌર્ણમીય' ગચ્છના **ભા**વપ્રભસૂરિ છે. એઓ **મ**હિમપ્રભના શિષ્ય થાય છે એમણે વિ. સં. ૧૭૯૧માં **જૈનધર્મવરસ્તોત્રની** સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે તેમ જ બીજી પણ કેટલીક કૃતિઓ રચી છે. એમણે **ભક્તામરસ્તોત્રના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ આ કાવ્યમાં **ને**મિનાથ અને **રા**જીમતીનો અધિકાર વર્ણવ્યો છે. વિશેષમાં એમણે એના ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ રચી છે અને એ છપાયેલી છે.[૩]

(૮) [૪]**સરસ્વતી-ભક્તામર**– આના કર્તા [૫]**ધર્મસિંહસૂરિ** છે અને એમના ગુરુનું નામ **ધે**મકર્ણ છે. એમણે આ ૪૪ પદ્યની રચના દ્વારા સરસ્વતી દેવીની સ્તુતિ કરી છે. વિશેષમાં **ભક્તામરસ્તોત્રના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ આ કાવ્ય સ્વોપજ્ઞ વૃત્તિથી વિભૂષિત છે અને એ વૃત્તિ **ભ. સ્તો. પા. કા. સાં.** માં છપાયેલી છે.

પુષ્પદન્ત(સુવિધિ) ભક્તામર– આ પાદપૂર્તિ **ગુ**ણવિજયે દીવમાં રચી છે. એનો પ્રારંભ ''સ્વસ્તિ શ્રિયાં''થી કરાયો છે. એમાં સુવિધિનાથ નામના નવમા તીર્થંકરની રૂપરેખા આલેખાઈ છે.

ભક્તામરપાદપૂર્તિ– આ **મ**તિવર્ધનની રચના છે.

(૯) [૬]**શાન્તિ–ભક્તામર** (લ. વિ. સં. ૧૭૯૦)– આના કર્તા **કી**ર્તિવિમલના શિષ્ય **લ**ક્ષ્મીવિમલ P. ૪૩૮
છે. એમણે **સમ્યક્ત્વપરીક્ષા** અને **ઉપદેશશતક** રચ્યાં છે. એઓ વિ. સં. ૧૭૯૮માં સૂરિ બન્યા ત્યારે એમનું નામ વિબુધવિમલ રખાયું હતું. એમણે આ પૂર્વે આ કાવ્ય રચ્યું છે અને એ દ્વારા **શા**ન્તિનાથની સ્તુતિ કરી છે. ૪૫મું પદ્ય પ્રશસ્તિરૂપ છે જ્યારે એ પહેલાંનાં ૪૪ પદ્યો **ભક્તામરસ્તોત્રના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ છે.

---

૧. આનો ઉલ્લેખ **ક**નકાવમલજીએ ''જ્ઞાનવિમલ સૂરીશ્વરનું આદર્શ જીવન-ચરિત્ર''માં કર્યો છે.

૨-૩. **ભ. સ્તો. પા. કા. સં.**માં આ પ્રકાશિત છે.

૪. આ કાવ્ય સ્વોપજ્ઞ વૃત્તિ (ટીકા), મદીય અન્વય, ગુજરાતી શબ્દાર્થ પદ્યાર્થ અને સ્પષ્ટીકરણ સહિત **ભ. સ્તો. પા. કા. સાં.ના** દ્વિતીય વિભાગ (પૃ. ૧-૭૮)માં છપાયું છે આ દ્વિતીય વિભાગના અંતમાં ભિન્ન ભિન્ન સાત **શારદાસ્તોત્રો** છપાયાં છે.

૫. શ્રી **અ**ગરચંદ નાહટાએ એઓ લોંકા ગચ્છના છે એમ કહ્યું છે.

૬. આ કાવ્ય મદીય અન્વય, ગુજરાતી શબ્દાર્થ, પદ્યાર્થ અને સ્પષ્ટીકરણ સહિત **ભ. સ્તો. પા. કા. સં.**ના દ્વિતીય વિભાગમાં પૃ. ૭૯-૧૨૨માં છપાયું છે. [**ઉપદેશશતક** હષપુષ્પા. માં સં. ૨૦૩૯માં પ્રસિદ્ધ.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૦) **જિન-ભક્તામર**– આ અજ્ઞાતકર્તૃક કાવ્ય **ભક્તામરસ્તોત્રના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ છે. એનું આદ્ય પદ્ય **દાદા-પાર્શ્વભક્તામરના** આદ્ય પદ્યની જેમ **ભક્તા.-સ્તોત્રયની** મારી ભૂમિકા (પૃ. ૧૪)માં મેં નોંધ્યું છે.

અહીં **જિનભક્તામરને** અજ્ઞાતકર્તૃક કહ્યું છે જ્યારે મતાંતર પ્રમાણે અ **રત્નવિમલની** રચના છે.

(૧૧) [૧]**ઋષભ-જિન-સ્તુતિ**– આ **ભક્તામરસ્તોત્રના** આદ્ય પદ્યનાં ચારે ચરણોને અંગેની ચાર શ્લોકની કોઈકની રચના છે. એમાં પ્રથમ પાદને પ્રથમ શ્લોકના પ્રથમ ચરણ તરીકે, દ્વિતીયને દ્વિતીય શ્લોકમાં દ્વિતીય ચરણ તરીકે એમ અન્ય ચરણોને લક્ષીને યોજના કરાઈ છે.

(૧૨) **'નવકલ્લોલ'-પાર્શ્વ-ભક્તામર**– આ **ભક્તામરસ્તોત્રની** પાદપૂર્તિરૂપ કૃતિ હોવાનું કહેવાય છે.

(૧૩) **ચન્દ્રામલક-ભક્તામર**– આના કર્તા **જયસાગરસૂરિ** છે. શું આ સૂરિ વિક્રમની વીસમી સદીમાં થયા છે. ?

P. ૪૩૯ (૧૪) **પાદપૂર્ત્યાત્મક સ્તોત્ર**– આના કર્તા **વિવેકચન્દ્ર** છે. એઓ ક્યારે થયા એ જાણવું બાકી રહે છે.

(૧૫) **આત્મ-ભક્તામર**– પંજાબોદ્ધારક તરીકે ઓળખાવતા **આત્મારામજી** મહારાજ ઉર્ફે **વિજયાનન્દસૂરિની** સ્તુતિરૂપ આ કાવ્ય પં. **હી**રાલાલ હંસરાજે રચ્યું છે. આ પ્રકાશિત થયેલું છે.

(૧૬) [૨]**સૂરીન્દ્ર-ભક્તામર**– આના કર્તા 'દક્ષિણવિહારી' **અમર**વિજયજીના શિષ્ય **ચતુર**વિજયજી છે. એમાં ૪૫ પદ્યો છે. **ભક્તામરસ્તોત્રના** પ્રત્યેક પદ્યના ચતુર્થચરણની પાદપૂર્તિરૂપ આ કાવ્યનું આદ્ય પદ્ય મેં **ભક્તા૦સ્તોત્રત્રયની** મારી ભૂમિકા (પૃ. ૧૫)માં નોંધ્યું છે.

(૧૭) [૩]**વલ્લભ-ભક્તામર**– આના કર્તા 'પંજાબકેસરી' **વિજયવલ્લભસૂરિજી**ના શિષ્ય **વિચક્ષણવિજયજી** છે. એમણે **ભક્તામરસ્તોત્રના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ આ કાવ્ય દ્વારા પોતાના ગુરુની સ્તુતિ કરી છે. એમાં ૪૪ પદ્યો છે. રચનાસમય વિષે ઉલ્લેખ નથી.

P. ૪૪૦ (૧૮) [૪]**કાલુ-ભક્તામર-સ્તોત્ર** (વિ. સં. ૧૯૮૫)– તેરાપંથીના ઉપાન્ત્ય આચાર્ય **કાલુ**રામજીના ગુણાનુવાદરૂપે આ કાવ્ય **કા**નમલ્લસ્વામીએ 'બિકાનેર' રાજ્યના 'છાપર' ગામમાં વિ. સં. ૧૯૮૫માં રચ્યું છે. અત્ર **ભક્તામર-સ્તોત્રના** પ્રત્યેક પદ્યના દ્વિતીય ચરણનો ચતુર્થ પાદ તરીકે ઉપયોગ કરાયો છે. એમાં ૪૭ પદ્યો છે.

---

૧. આ **જૈનસ્તોત્રસંગ્રહ** (ભા. ૨, પૃ. ૧૫)માં પ્રકાશિત છે.

૨. આ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨)માં છપાયાનો ઉલ્લેખ મળે છે પણ એમાં તો એ નથી.

૩. આ કાવ્ય **આદર્શ-જીવનના** પરિશિષ્ટ (પૃ. ૨૦૧-૨૦૯)માં વીરસંવત્ ૨૪૫૨માં છપાયું છે.

૪. આ કાવ્ય અન્વય અને એના હિન્દી અર્થ તેમ જ ભાવાર્થ સહિત "જૈન શ્વેતાંબર તેરાપંથી સભા" તરફથી કલકત્તાથી વિ. સં. ૧૯૮૭માં છપાવાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૯) [1]**કાલુ-ભક્તામર-સ્તોત્ર**– આ તેરાપંથી **સો**હનલાલ-સ્વામીની કૃતિ છે. એ **ભક્તામરસ્તોત્રના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ છે. એ પણ **કા**લુરામજીની સ્તુતિરૂપે રચાઈ છે. એમાં ૪૬ પદ્યો છે.

(૨૦) [2]**હરિ-ભક્તામર**– જિનહરિસાગરસૂરિજીના ગુણગાનરૂપ આ કૃતિના રચનાર એમના શિષ્ય **ક**વીન્દ્રસાગરજી છે.

(૨૧) [3]**ભક્તામર-શતદ્વયી**– આ દિ. પં. **લાલારામ** શાસ્ત્રીની રચના છે. આનો આ વિલક્ષણ જણાતા નામથી શ્રી **અગરચંદ** નાહટાએ ઉલ્લેખ કર્યો છે.[4]

ભક્તામરશતદ્વયી એ ભક્તામરનાં ૪૮ [5]પદ્યોના પ્રત્યેકની પાદપૂર્તિરૂપ હોઈ એ જાતનાં એમાં ૧૯૨ પદ્યો છે. એ પછી આઠ પદ્યો છે. એથી એનું નામ 'ભક્તામરશતદ્વયી' યથાર્થ ઠરે છે. એ **રૂ**પલાલ મોતીલાલ મીંડાએ પ્રસિદ્ધ કર્યું છે.

(૨૨) **વિજ્ઞપ્તિલેખગત પાદપૂર્તિ– વિજ્ઞપ્તિલેખ એ પં. લા**ભવિજયની કૃતિ છે. એનું ૧૦૦મું પદ્ય તે **ભક્તામરસ્તોત્રના** તૃતીય પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ છે. જુઓ પૃ. ૪૪૩ P. ૪૪૧

[(૨૩) **સચિત્ર સુશીલભક્તામર** : કર્તા આ. સુશીલસૂરિ મ. પ્ર. ''સુશીલસાહિત્ય પ્ર.'' જોધપુર.]

(૩) સંસારદાવાનલની પાદપૂર્તિરૂપ કાવ્યો [૫]

(૧) [6]**''પ્રમદ' પાર્શ્વ-જિન-સ્તવન** (લ. વિ. સં. ૧૫૧૦)– આ મંડપાચલના મંડનરૂપ 'પ્રમદ' **પા**ર્શ્વનાથની સ્તુતિરૂપ છે. એના કર્તા 'ખરતર' ગચ્છના **જિ**નભદ્રસૂરિના ભક્ત ઉપાધ્યાય [7]**સિદ્ધાન્તરુચિ** છે.[8] એમણે આ સ્તવનનો પ્રારંભ ''શ્રેયો દધાનં કમલાનિધાનં''થી કર્યો છે. અંતિમ પદ્યમાં એમણે પોતાના નામનો 'સિદ્ધાન્ત' એવો અંશ રજૂ કર્યો છે અને સાથે સાથે **જિ**નભદ્રનો પણ ઉલ્લેખ કર્યો છે. એમણે ''સંસારદાવાનલ' સ્તુતિનાં ચારે પદ્યોનું પ્રત્યેક ચરણ ચતુર્થ ચરણરૂપે સ્વીકારી એની

---

૧. આ કાવ્ય અન્વય અને એના હિન્દી અર્થ તેમ જ ભાવાર્થ સાથે ''જૈ. શ્વે. તે. સ.'' તરફથી કલકત્તાથી વિ. સં. ૧૯૮૮માં પ્રસિદ્ધ કરાયું છે.

૨. આ નામ મેં યોજ્યું છે. ૩. આ કૃતિ છપાયેલી છે.

૪. **ભક્તામર-પાદપૂર્ત્યાત્મક સ્તોત્ર**– આના કર્તા ગિરધર શર્મા નવરત્ન છે. એઓ અજૈન છે. એ હિસાબે તો આ કૃતિ અજૈન ગણાય છે.

૫. આ સ્તવન **જૈનસ્તોત્રસંગ્રહ** ભા. ૧, પૃ. ૬૭-૬૯માં છપાવાયું છે. માંડવગઢકા મંત્રી અથવા પેથડકુમારકા પરિચય નામનું જે પુસ્તક **વી**રસંવત્ ૨૪૪૯ (વિ. સં. ૧૯૭૯)માં પ્રસિદ્ધ થયું છે. તેના અંતમાં પૃ. ૬૪-૬૯માં પણ આ જ સ્તવન છપાયું છે. આથી શ્રી. **અ**ગરચંદ નાહટાએ એને ભિન્ન ગણ્યું છે. તે એમની ભૂલ છે એમ ફલિત થાય છે.

૬. ''જુઓ જૈ. સિ. ભા.'' (ભા. ૩, કિ. ૩, પૃ. ૧૧૦).

૭. એઓ **પુષ્પમાલા** ઉપર વિ. સં. ૧૫૧૨માં વૃત્તિ રચનારા **સા**ધુ-સોમના ગુરુ થાય છે.

૮. આના ગુજરાતી બાલાવબોધને શ્રી. **અગરચંદ** નાહટાએ ''જૈ. ધ. પ્ર.'' (પુ. ૮૦, અં. ૮)માં છપાયેલા પોતાના નિમ્નલિખિત લેખમાં સ્થાન આપ્યું છે અને સાથે સાથે આ બાલાવબોધ વિક્રમની ૧૫મી-૧૬મી સદીની એક થથપોથીમાંથી ઉદ્ધૃત કરી અહીં આપ્યાનું કહ્યું છે :–
''संसार दावानल स्तुति की एक प्राचीन भाषा की टीका''

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૪૪૨ પાદપૂર્તિરૂપે આ સ્તવન સોળ પદ્યમાં રચી અંતમાં ઉપસંહારરૂપે એક પદ્ય રચ્યું છે. આમ આમાં ૧૭ પદ્યો છે.

(૨) [૧]**પ્રથમજિનસ્તવન** (વિ. સં. ૧૬૭૫)– આના કર્તા 'ખરતર' ગચ્છના **જિનચન્દ્રસૂરિ**ના ભક્ત (શિષ્ય) **સુમતિકલ્લોલ** છે. આ આખું સ્તવન ઉપર્યુક્ત **પ્રમદ-પાર્શ્વ-જિન સ્તવન** પ્રમાણેનું પાદપૂર્તિરૂપ સ્તવન છે અને એમાં ૧૭ પદ્યો છે. અંતિમ પદ્યમાં રચના-સમય તરીકે વિ. સં. ૧૬૭૫નો ઉલ્લેખ છે એમ એના રચના સમય તરીકે **प्रद्युम्नेषुपयोधिकाय**નો નિર્દેશ જોતાં જણાય છે. જો પયોધિથી ચારનો અંક સમજવાનો હોય તો તે વાત જુદી છે.

(૩) **પાર્શ્વ-સ્તવન** (લ. વિ. સં. ૧૭૪૫)– આ ૧૭ પદ્યના કર્તા **લક્ષ્મીવલ્લભ** છે. શું એઓ 'ખરતર' ગચ્છના **લક્ષ્મીકીર્તિ**ના શિષ્ય થાય છે ? જો એમ જ હોય તો એઓ **૫૦૬**ની **કલ્પદ્રુમકલિકા** નામની વૃત્તિ રચનારા ગણાય અને આ હિસાબે એમની આ કૃતિ વિ. સં. ૧૭૪૫ની આસપાસમાં રચાઈ હશે એમ મનાય.

(૪) **સંસારદાવાપાદપૂર્તિ**– આના કર્તા **જ્ઞાનસાગર** છે.

(૫) [૨]**જિન-સ્તુતિ**– **સંસારદાવાનલ-સ્તુતિના** પ્રત્યેક પદ્યના આદ્ય ચરણની પૂર્તિરૂપ આ સ્તુતિ કોઈકે ચાર પદ્યોમાં રચી છે. એનો પ્રારંભ ''**नम्रेन्द्रमौलि**''થી કરાયો છે.

P. ૪૪૩

(૪) પાદપૂર્તિરૂપ પ્રકીર્ણક કૃતિઓ [૮]

(૧) [૧]**''ભાવારિવારણ'-પાદપૂર્તિ** (વિ. સં. ૧૬૫૯)– 'ભાવારિવારણ'થી શરૂ થતું આ સમસંસ્કૃત સ્તોત્ર ૩૦ પદ્યમાં **જિનવલ્લભસૂરિ**એ રચ્યું છે. એને **મહાવીર-સ્તવન** તેમ જ **વર્ધમાન-સ્તવન** પણ કહે છે. એના પ્રત્યેક પદ્યના અંતિમ ચરણની આ પાદપૂર્તિના કર્તા 'ખરતર' ગચ્છના [૨]**જિનહંસસૂરિ**ના પ્રશિષ્ય અને ઉપાધ્યાય [૩]**પુણ્યસાગર**ના શિષ્ય ઉપાધ્યાય **પદ્મરાજ** છે. એઓ **જ્ઞાનતિલક** અને કલ્યાણકલશના ગુરુ થાય છે. એમણે **ભુવનહિતસૂરિ**એ 'સંગ્રામ' દંડકમાં રચેલી **જિન-સ્તુતિની** વૃત્તિ વિ. સં. ૧૬૪૩માં અને **જિનેશ્વરસૂરિકૃત** [૪]**રુચિત** દંડક-સ્તુતિની વૃતિ વિ. સં. [૫]૧૬૪૪માં જેસલમેરમાં

---

૧. આ **જૈનસ્તોત્રસંગ્રહ** (ભા. ૧, પૃ. ૬૫-૬૭)માં છપાવાયું છે.

૨. આ સ્તુતિ **જૈનસ્તોત્રસંગ્રહ** (ભા. ૨, પૃ. ૨૦)માં પ્રકાશિત થયેલી છે.

૧. આ પાદપૂર્તિ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત ''શ્રી હિન્દી જૈનાગમ પ્રકાશક સુમતિ કાર્યાલય'' તરફથી કોટાથી વીરસંવત્ ૨૪૭૪ (હિન્દ સં. ૧)માં પ્રકાશિત કરાયેલી છે. એમાં **પદ્મરાજ**કૃત છ પદ્યનું યમકમય **પાર્શ્વનાથ-લઘુ-સ્તોત્ર**, એની સ્વોપજ્ઞ વૃત્તિ, **ભુવનહિતસૂરિ**એ 'સંગ્રામ' દંડકમાં રચેલી **જિન-સ્તુતિ** અને એની **પદ્મરાજે** કરેલી વૃત્તિ છપાયાં છે.

૨. એમણે **આયાર** ઉપર વિ. સં. ૧૫૮૨ (? ૧૫૭૨)માં દીપિકા રચી છે. વળી એમણે **કલ્પલ્પાન્તર્વાચ્ય** રચ્યું છે.

૩. એમની કૃતિની નોંધ ઉપર્યુક્ત પાદપૂર્તિની આવૃત્તિની પ્રસ્તાવના (પૃ. ૫-૬)માં અપાઈ છે.

૪. આને **અદ્‌ભુત-દંડક-સ્તુતિ** પણ કહે છે.

૫. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૩૨)માં ૧૬૨૪નો ઉલ્લેખ છે તે ભ્રાંત જણાય છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રચી છે. એમણે વિ. સં. ૧૬૬૭માં ૧૪૧ પદ્યનો **ક્ષુલ્લક-ઋષિ-પ્રબન્ધ** રચ્યો છે. વળી એમણે કેટલાંક P. ૪૪૪
સ્તવન, ગીત વગેરે પણ રચ્યાં છે.[૧]

[૨]**સ્વોપજ્ઞ વૃત્તિ**– **પદ્મરાજે** આ વૃતિ વિ. સં. ૧૬૫૯માં જેસલમેરમાં રચી છે.

(૨) **રત્નાકરપંચવિંશતિકાની પાદપૂર્તિ**– ''શ્રેયઃ-શ્રિયાં''થી શરૂ થતી અને **રત્નાકર મુનિએ** રચેલી કૃતિ **રત્નાકર-પંચવિંશતિકા** તરીકે સુપ્રસિદ્ધ છે. આના આદ્ય પદ્યના પ્રથમ ચરણની અને સમગ્ર કૃતિના પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ [૩]**આત્મબોધ-પંચવિંશતિકા** (અનુશય-પંચવિશતિકા) નામની કૃતિ શ્રીવિજયધુરંધરસૂરિજીએ ૨૬ પદ્યોમાં રચી છે.

[૪]**અનુવાદ**– **અને** [૫]**ભાવાર્થ**– આ કૃતિનો ગુજરાતીમાં પદ્યાત્મક અનુવાદ ભાવાર્થ સહિત વ્યાકરણાચાર્ય મુનિશ્રી (હાલ ગણિ) **હેમચન્દ્રવિજયજીએ** કર્યો છે.

(૩) [૬]**પાર્શ્વ-જિન-સ્તુતિ**– આ ઉપર્યુક્ત **રત્નાકર-પંચવિંશતિકાના** આદ્ય પદ્યનાં ચારે ચરણોની પૂર્તિરૂપ સ્તુતિ છે. એ કોઈકે ચાર પદ્યોમાં રચી છે.

(૪) [૭]**શાન્તિ-જિન-સ્તુતિ**– ''સકલકુશલવલ્લી''થી શરૂ થતી એક પદ્યની સ્તુતિનાં ચારે P. ૪૪૫
ચરણોની પૂર્તિરૂપ આ સ્તુતિ કોઈકે ચાર પદ્યોમાં રચી છે.

(૫) [૮]**વીર-જિન-સ્તુતિ**– આ સ્તુતિ ''સ્નાતસ્યા''થી શરૂ થતી સ્તુતિના પ્રત્યેક પદ્યના આદ્ય ચરણની પૂર્તિરૂપ છે. એ કોઈકે ચાર. પદ્યોમાં રચી છે.

(૬) **વિજ્ઞપ્તિલેખગતપાદપૂર્તિ**– આ પં. **લાભવિજયે** રચેલા [૯]**વિજ્ઞપ્તિલેખનું** ૯૭મું પદ્ય છે. એ **'સ્નાતસ્યા' સ્તુતિના** આદ્ય પદ્યની પાદપૂર્તિરૂપ છે. જુઓ પૃ. ૪૩૩

(૭) [૧૦]**જ્ઞાનપંચમી-સ્તુતિ-પાદપૂર્તિ**– ''શ્રીનેમિઃપઞ્ચરૂપ''થી શરૂ થતી જે **જ્ઞાનપંચમીસ્તુતિ** કિંવા **ઉદ્દ્યોતપંચમી-સ્તુતિ** છે એના ચોથા ચરણની પૂર્તિરૂપે આ સ્તુતિ કોઈકે રચી છે.

(૮) **વિજ્ઞપ્તિલેખગત પાદપૂર્તિ**– પં. **લાભવિજયે** રચેલા **વિજ્ઞપ્તિલેખનું** ૯૮મું પદ્ય તે ઉપર્યુક્ત **જ્ઞાનપંચમીસ્તુતિના** દ્વિતીય પદ્યના દ્વિતીય ચરણની પાદપૂર્તિરૂપ છે. જુઓ પૃ. ૨૬૩.

---

૧. એની એક સૂચી ઉપર્યુક્ત પાદપૂર્તિની આવૃત્તિની પ્રસ્તાવના (પૃ. ૭-૮)માં અપાઈ છે.

૨. આ ''હિંદી જૈનાગમ પ્રકાશક સમિતિ'' કોટાથી પ્રકાશિત છે.

૩. આ કૃતિ ગુજરાતી અનુવાદ અને ભાવાર્થ તેમ જ **રત્નાકરપંચવિંશતિકા** સહિત ''જૈન સાહિત્યવર્ધક સભા'' તરફથી વિ. સં. ૨૦૨૨માં છપાવાઈ છે.

૪-૫. આ બંને પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ

૬. આ **જૈનસ્તોત્રસંગ્રહ** (ભા. ૨, પૃ. ૧૭)માં પ્રકાશિત થયેલી છે.

૭-૮. આ **જૈનસ્તોત્રસંગ્રહ** (ભા. ૨, પૃ. ૧૬-૨૦)માં છપાવાઈ છે.

૯. આ **વિજ્ઞપ્તિલેખ સંગ્રહમાં** છપાયેલ છે.

૧૦. આ **જૈનસ્તોત્રસંગ્રહમાં** છપાવાઈ છે એમ શ્રી. નાહટાએ કહ્યું છે પરંતુ એમાં તો એ નથી તેનું કેમ ?

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૪૪૬

(આ) [૧]**અજૈન કૃતિઓની પાદપૂર્તિ** [૧૧ + ૨ + ૪ = ૧૭]

પાદપૂર્તિરૂપ કાવ્યના જે બે વર્ગ પૃ. ૪૨૭માં મેં સૂચવ્યા છે તેમાના પ્રથમ વર્ગને અંગેનાં ૪૭ જૈન કાવ્યો આપણે વિચારી ગયા એટલે હવે દ્વિતીય વર્ગનાં કાવ્યો વિચારીશું. આ કાવ્યો, **રઘુવંશ, મેઘદૂત, કિરાતાર્જુનીય, શિશુપાલવધ અને નૈષધચરિત** એ [૨]પાંચ મહાકાવ્યો સાથે, **પુષ્પદન્તકૃત શિવમહિમ્નઃસ્તોત્ર** સાથે તેમ જ પ્રકીર્ણ સમસ્યાઓ સાથે સંબંધ ધરાવે છે. આમ આના ત્રણ ઉપવર્ગો પડે છે. એનો હવે ક્રમશઃ વિચાર કરાય છે.

(૧) **મહાકાવ્યોની પાદપૂર્તિ** [૧ + ૭ + ૧ + ૧ + ૧ = ૧૧]

(૧) **જિનસિંહસૂરિ-પદોત્સવ-કાવ્ય**– 'કવિકુલકિરીટ' **કા**લિદાસની જે વિવિધ કૃતિઓ છે તેમાંની એક તે **રઘુવંશ** છે. એના ત્રીજા સર્ગમાં ૭૦ પદ્યો છે અને એમાં **ર**ઘુના રાજ્યાભિષેકનો અધિકાર છે. આ સર્ગની પૂર્તિરૂપે ઉપાધ્યાય **સ**મયસુન્દરગણિએ **જિનસિંહસૂરિ-પદોત્સવ** નામનું કાવ્ય રચ્યું છે. એ કાવ્ય કોઈ સ્થળેથી પ્રસિદ્ધ થયું જણાતું નથી.[૩]

P. ૪૪૭

(૨) [૪]**પાર્શ્વાભ્યુદય-કાવ્ય** (ઉ. વિ. સં. ૮૪૦)– આના કર્તા **આદિપુરાણના** પ્રણેતા દિ. જિનસેન પહેલા છે. આ કાવ્યની પ્રશંસા **જિ**નસેન બીજાએ શકસંવત્ ૭૦૫માં રચેલા **હરિવંશપુરાણ** (શ્લો. ૪૦)માં કરી છે. એ હિસાબે આ કાવ્ય એ પહેલાનું ગણાય.

દિ. વીરસેનના શિષ્ય **વિ**નયસેનની પ્રેરણાથી આ કાવ્ય **કા**લિદાસકૃત **મેઘદૂતની** પાદપૂર્તિરૂપે ૩૬૪ પદ્યોમાં 'મન્દાક્રાન્તા' છંદમાં રચાયું છે. અંતમાં **અ**મોઘવર્ષ (પહેલા)નો નિર્દેશ છે. આ ખંડ-કાવ્યની વિશિષ્ટતા અ છે કે એમાં **મે**ઘદૂતના પ્રત્યેક પદ્યનું એકેક અને કેટલીક વાર એનાં બબ્બે ચરણો લઈ એની પૂર્તિરૂપે અન્ય ચરણો રચી આ કૌતુકાવહ કાવ્ય દ્વારા સંપૂર્ણ **મેઘદૂત** ગૂંથી લેવાયું છે.

મેઘદૂત અને આ **પાર્શ્વાભ્યુદયના** વિષયમાં અંતર છે. આનું કરાણ એ છે કે **મેઘદૂતમાં** વિયોગ અને શૃંગાર અગ્ર ભાગ ભજવે છે જ્યારે આમાં પાર્શ્વનાથનું ચરિત્ર અને ભક્તિ પ્રધાન પદે

---

૧. અજૈન વ્યાકરણો અને કોશ સાથે સંબંધ ધરાવનારી પાદપૂર્તિરૂપ કૃતિઓ મેં જૈ. સં. સા. ઈ. (ખંડ ૧)નાં પૃ. ૨૭૩ અને ૨૮૦માં અનુક્રમે વિચારી છે.

૨. **ર**ઘુવંશ, **કુ**મારસંભવ, **કિ**રાતાર્જુનીય, **શિ**શુપાલવધ અને **નૈ**ષધચરિત એમ પાંચ મહાકાવ્યો પંડિતો ગણાવે છે અને એમાં કેલાંક **મે**ઘદૂત ઉમેરે છે એમ સ્વ. **લ**ક્ષ્મણ રામચન્દ્ર વૈદ્યે રચેલ The Standard Sanskrit English Dictionary (p. 561)માં ઉલ્લેખ છે.

૩. શ્રી **અ**ગરચંદ નાહટા પાસે આની મુદ્રણાલયપુસ્તિકા છે એમ એમની ''ભાવારિવારણ-પાદપૂર્તિ-સ્તોત્રાદિસંગ્રહ''ની પ્રસ્તાવના (પૃ. ૧) ઉપરથી જણાય છે.

૪. આ કાવ્ય પ્રો. **કે**. બી. પાઠકના અનુવાદ સહિત પૂનાથી ઈ. સ. ૧૮૯૪માં (અને બીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૧૬માં) છપાવાયું છે. **યો**ગિરાજની ટીકા સહિત આ કાવ્ય ''નિર્ણયસાગર મુદ્રણાલય'' તરફથી ઈ. સ. ૧૯૦૯માં પ્રકાશિત કરાયું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે. આ કાવ્યને પ્રો. કે. બી. **પાઠકે મેઘદૂત** કરતાં ચડિયાતું કહ્યું છે. સ્વ. કિલાભાઈએ તો એવો આક્ષેપ કર્યો છે કે **જિનસેનને** એવું મિથ્યાભિમાન હતું કે પોતાનું કાવ્ય **મેઘદૂત** કરતાં ચડે છે પરંતુ એમનું કાવ્ય કર્કશ અને રસ વિનાનું છે.

આ કાવ્ય ઉપર બે ટીકા છે :–

(અ) **ટીકા**– યોગિરાજ પંડિતાચાર્યે આ [૧]ટીકા વિક્રમની પંદરમી સદી પછી રચી છે. એમણે P. ૪૪૮
રત્નમાલા નામના કોશમાંથી અવતરણો આપ્યાં છે.

(આ) **વૃત્તિ**– આના કર્તા દિ. **ચા**રુકીર્તિ છે.

હવે આપણે **મેઘદૂતના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ [૨]જૈન કાવ્યો વિષે વિચારીશું.

(૩) [૩]**નેમિચરિત**[૪] (ઉ. વિ. સં. ૧૪૭૨)– આના કર્તા જૈન ગૃહસ્થ છે. એઓ ખંભાતના નિવાસી [૫]**સાં**ગણના પુત્ર **વિક્રમ** છે એઓ શ્વેતાંબર છે કે દિગંબર એ આ ૧૨૬ પદ્યના કાવ્ય ઉપરથી P. ૪૪૯
જણાતું નથી કેમકે એમાં સાંપ્રદાયિકતા સૂચવનારી કોઈ હકીકત નથી.

આ કાવ્યની વિ. સં. [૬]૧૬૦૨માં તો શું પણ [૭]૧૪૭૨માં લખાયેલી હાથપોથી મળે છે એટલે એ શ્વેતામંબર કવિ **ઋ**ષભદાસના ભાઈ સંભવી શકે જ નહિ. કેટલાક એમને વિ. સં ૧૩૫૨ની આસપાસમાં થયેલા **સાં**ગણના પુત્ર હોવાની સંભાવના કરે છે. એક મત પ્રમાણે આ કવિ **વિક્રમ** તે 'ખરતર' ગચ્છના **જિ**નેશ્વરસૂરિના ભક્ત શ્રાવક છે.[૮]

---

૧. આ "નિર્ણયસાગર મુ. દ્વારા" છપાવાયેલી છે.

૨. "જૈન" કહેવાનું કારણ એ છે કે આવાં અજૈન કાવ્યો પણ છે.

૩. આ કાવ્ય "કાવ્યમાલા" (ગુ. ૨)માં **નેમિદૂતના** નામથી પ્રકાશિત થયેલું છે. વળી એ ગુણવિનયકૃત સંસ્કૃત વ્યાખ્યા, શ્રી. હિંમતસિંહે રચેલા હિંદી પદ્યાનુવાદ તથા ગુણવિનયની ગુરુપરંપરા તેમ જ એમની કૃતિઓના નિર્દેશ સહિત "હિંદી જૈનાગમ પ્રકાશક સુમતિ કાર્યાલય" તરફથી વિ. સં. ૨૦૦૫માં છપાવાઈ છે. **જૈ. સા. ઈ.** (પૃ. ૪૯૫) પ્રમાણે દિ. પં. ઉદયલાલજી કાશલીવાલનો હિન્દી અનુવાદ છપાયેલો છે.

૪. આને કેટલાક **નેમિદૂત** કહે છે પરંતુ એમાં નેમિનાથ દૂતરૂપ નથી કે એ કોઈને દૂત તરીકે મોકલતા નથી. એથી આ નામ એક રીતે વિચારણીય ગણાય.

૫. વિ. સં. ૧૩૫૩ના એક શિલાલેખમાં 'હુંકાર' વંશના સાંગણનો ઉલ્લેખ છે. 'હુંકાર'નો અર્થ 'હુંબડ' કરી એ સાંગણ તે આ પ્રસ્તુત સાંગણ છે એવું અનુમાન પં. **નાથૂ**રામ પ્રેમીએ દોર્યું છે (જુઓ જૈ. સા. ઈ.નું પૃ. ૪૯૩)પણ એ વિશેષ વિચાર માંગી લે છે.

૬. જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૪૯૧)

૭. આનો ઉપયોગ ગુણવિનયની ટીકાવાળી ઉપર્યુક્ત આવૃત્તિ માટે કરાયો છે.

૮. જુઓ ગુણવિનયની ટીકાવાળી આવૃત્તિ (પૃ. ૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિષય– વિરહિણી **રાજી**મતી 'ગિરનાર' ઉપર રહેતા **નેમિ**નાથને સંસારાભિમુખ બનાવવા માટે સખી સાથે ત્યાં જઈ કાલાવાલા કરે છે. અને પોતાની [1]વિરહની વ્યથા વિસ્તારથી વર્ણવે છે.
P. ૪૫૦ (શ્લો. ૬-૮૮) ત્યારબાદ એની સખી પણ પ્રયત્ન કરે છે (શ્લો. ૮૯-૧૨૩) પણ બેમાંથી એકેને સફળતા મળતી નથી. ઊલટું નેમિનાથ રાજીમતીને સંસારનું દુઃખદ સ્વરૂપ સમજાવી અને વિષયવાસનાથી વિમુખ બનાવી દીક્ષા લેવા પ્રેરે છે અને એ સતી તેમ કરે છે. આ કાવ્યમાં છેલ્લાં બે પદ્યો ન હોત તો આ કાવ્યનું નામ 'રાજીમતીવિપ્રલંભ' કે 'રાજીમતી-વિલાપ' જેવું રખાયું હોત.[2] આ કાવ્યમાં નિમ્નલિખિત ગિરિ, નદી વગેરેનાં વર્ણન છે :–

રામગિરિ (શ્લો. ૧) દ્વારિકા (શ્લો. ૧૬), વેત્રવતી (શ્લો. ૨૬), સ્વર્ણરેખા (શ્લો. ૩૨ ને ૪૫), ક્રીડાપર્વત (શ્લો. ૨૭), વામન રાજાની નગરી (શ્લો. ૩૨), ભદ્રા (શ્લો. ૫૦), પૌર (શ્લો. ૫૧), ગંધમાદન અને વેણુન પર્વત (શ્લો. ૫૩ અને ૬૧).[3]

વિવરણો– આ કાવ્ય ઉપર એક અવચૂર્ણિ છે. વળી આ કાવ્ય ઉપર **ગુણ**વિનયે [4]વ્યાખ્યા રચી છે. એના પૃ. ૧૦માં એમણે એક અવચૂર્ણિનો ઉલ્લેખ કર્યો છે.

અભિપ્રાય– આ કાવ્યને અંગે સ્વ. **કિ**લાભાઈ એમ કહ્યું છે કે ''આની ભાષા, વિચાર અને પદ્યરચના વગેરે સારાં છે અને કાવ્યના ગુણોમાં **પાર્શ્વાભ્યુદય** કરતાં એ કંઈક ચઢિયાતું છે.''

P. ૪૫૧ (૪) [5]**શીલ-દૂત** (વિ. સં. ૧૪૮૭)– આના કર્તા **ચા**રિત્રસુન્દરગણિ છે. એ **રત્ન**સિંહસૂરિના

---

૧. આ વિષય નિમ્નલિખિત પદ્યમાં કોઈકે આલેખ્યો છે :–

''विरहानलतप्ता सीदति सुप्ता
रचितनलिनदलतल्पतले मरकतविमले ।
न सखीमभिनन्दति गुरुमभिवन्दति
निन्दति हिमकरनिकरं परितापकरम् ।
करकलितकपोलं गलितनिचोलं
नयति सततरुदितेन निशामनिमेषदृशा ।
मनुते हृदि भारं मुक्ताहारं
दिवसनिशाकरदीनमुखी जीवितविमुखी ॥१॥''

૨. જુઓ **જૈ. સા. ઈ.** પૃ. ૪૯૧

૩. આ બધાના પરિચય **જૈ. સા. ઈ.** (પૃ. ૪૯૪-૪૯૫)માં અપાયો છે. એમાં રામગિરિ તે ગિરનાર, સ્વર્ણરેખા તે સુવર્ણા, વામન રાજની નગરી તે વણથલી, ભદ્રા તે ભાદર અને પૌર તે પોરબંદર એમ કહ્યું છે.

૪. આ હિંદી જૈનાગમ પ્રકાશક સુમતિ કાર્યાલય તરફથી પ્રકાશિત છે.

૫. આ ''ય. જૈ. ગ્રં.''માં ગ્રંથાક ૧૮ તરીકે ઈ. સ. ૧૯૦૯માં છપાવાયું છે. [સા. **પ્રમોદ**શ્રી સંશોધિત પં. **વિશ્વ**નાથના હિન્દી સાથે પાર્શ્વનાથશોધપીઠ વારાણસી દ્વારા અને **વિવિધસ્તોત્રસંગ્રહ**માં અને આ. **સુશીલ**સૂરિની **સુશીલાવૃત્તિ** સાથે સુશીલસૂરિ જ્ઞા. સિરોહીથી પ્રસિદ્ધ થયું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિષ્યે [૧]**આચારોપદેશ,** [૨]**કુમારપાલચરિત્ર** (વિ. સં. ૧૪૮૭), [૩]**મહીપાલ-ચરિત** ઇત્યાદિની રચના કરી છે. એમણે આ સંદેશ-કાવ્ય વિ. સં. ૧૪૮૭માં રચ્યું છે. એ દ્વારા વિષયવાસનાને એક વેળા વશ થયેલા પરંતુ આગળ જતાં એના ઉપર અખંડિત પ્રભુત્વ પ્રાપ્ત કરનારા મુનિરાજ સંયમમૂર્તિ સ્થૂલભદ્ર કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ રહી એ વેશ્યાના જીવનને ઉન્નત બનાવે છે એ વાત એમણે આલેખી છે.

(૫) [૪]**ચન્દ્રદૂત** (વિ. સં. ૧૬૮૧)– આ **મેઘદૂતના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ ૧૬૯ પદ્યોની કૃતિ કર્તા 'ખરતર' ગચ્છના **વિ**મલકીર્તિગણિ છે. એઓ ઉપાધ્યાય [૫]**સા**ધુકીર્તિના શિષ્ય **સા**ધુસુન્દરના પ્રશિષ્ય થાય છે. આ **વિ**મલકીર્તિએ ૧૬૫૪માં એ સાધુસુન્દરગણિ પાસે દીક્ષા લીધી હતી P. ૪૫૨
અને એમનો સ્વર્ગવાસ 'સિન્ધુ' દેશમાં 'કિરહોર' ગામમાં વિ. સં. ૧૬૯૨ માં થયો હતો. એમણે [૬]**પદ-વ્યવસ્થા,** કેટલાંક [૭]સ્તવનો તેમ જ કેટલીક કૃતિઓના [૮]ટબ્બા અને [૯]બાલાવબોધ રચ્યાં છે. એમણે આ **ચન્દ્રદૂત** નામનું કાવ્ય વિ. સં. ૧૬૮૧માં રચ્યું છે. અને એ દ્વારા 'શત્રુંજય' ગિરિ ઉપરના **આ**દિનાથને ચન્દ્રની મારફતે પોતાનો સંદેશો કહાવ્યો છે. એનું પ્રારંભિક [૧૦]પદ્ય નીચે મુજબ છે :–

"प्रणम्य श्रीयुगाधीशं समस्यापादपूरणात् ।
मेघदूतान्तपादेन चन्द्रदूतं करोम्यहम् ॥१॥"

આ કાવ્યના અંતમાં નીચે પ્રમાણેની પ્રશસ્તિરૂપ [૧૧]ત્રણ પદ્યો છેઃ–

"श्री साधुकीर्तिपाठकशिष्याणां सकलकविधुरीणानाम् ।
श्रीविमलतिलकगणिवरवाचकवरसाधुसुन्दरगणीनाम् ॥३९॥"

---

૧. આ કૃતિ **ટી.** પી. દોશીએ ઈ. સ. ૧૮૯૫માં, ભીમસી માણેકે **લઘુ-પ્રકરણસંગ્રહમાં** ઈ. સ. ૧૯૦૩માં અને "જૈ. આ. સ." વિ. સં. ૧૯૮૨માં પ્રસિદ્ધ કરી છે.

૨. આ "જૈ. આ. સા." દ્વારા છપાવાયું છે.

૩. આની હીરાલાલ હંસરાજે પ્રથમ આવૃત્તિ ઈ. સ. ૧૯૦૯માં અને દ્વિતીય આવૃત્તિ ઈ. સ. ૧૯૧૭માં પ્રકાશિત કરી છે.

૪. [આ **ચન્દ્રદૂત** કોઈકની ટીકા સાથે શ્રીજિનદત્તસૂરિજ્ઞાનમંદિર સૂરતથી વિ. સં. ૨૦૦૯માં પ્રકાશિત છે.] આ નામનું ૧૨ પદ્યનું કાવ્ય **વિ**નયપ્રભેએ રચ્યું છે પણ એ કોઈ કાવ્યની પાદપૂર્તિરૂપ નથી. આની એક હાથપોથીનો પરિચય D C G C M (Vol. XIX, sec. 2. pt, pp. 266-267)માં મેં આપ્યો છે

૫. એમના પરિચય માટે જુઓ **ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ** (પૃ. ૪૮૬) અને યુગપ્રધાન **શ્રીજિનચન્દ્રસૂરિ** (પૃ. ૪૬, ૬૩, ૧૯૦, ૧૯૨, ૧૯૪ અને ૨૧૪)

૬. આના ઉપર કર્તાના ગુરુભાઈ ઉદયકીર્તિએ વિ. સં. ૧૬૮૧માં ટીકા રચી છે. એ બંનેની સંક્ષિપ્ત માહિતી **મેં જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૩૧૩)માં આપી છે.

૭-૯. આની સૂચી માટે જુઓ શ્રી **અ**ગરચંદ નાહટાનો "જૈ. સિ. ભા." (ભા. ૩, કિ. ૧)માં છપાયેલો લેખ નામે "दूतकाव्य संबंधी कुछ ज्ञातव्य बातें" (પૃ. ૩૫)

૧૦. જુઓ ઉપર્યુક્ત લેખ (પૃ. ૩૩)

૧૧. એજન (પૃ. ૩૩)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૪૫૩

"शिष्याणुको विमलकीर्तिगणिः प्रधानो
नाभेयदेवचरणाम्बुजराजहंसः ।
श्रीमेघदूतवरकाव्यगतान्तपादैः
श्रीचन्द्रदूतमकरोत् सरसैर्वचोभिः ॥४०॥

"इन्दु-सिद्धि-रस-क्षोणि (१६८१) मिते संवति शंवति ।
महाकाव्यमकारीदं विद्वद्विमलकीर्तिभिः ॥४१॥"

ટિપ્પણ– આ કોઈકે રચ્યું છે.

(૬-૭) **મેઘદૂત-સમસ્યા-લેખ** (ઉ. વિ. સં. ૧૭૨૭) અને **ચેતોદૂત**– આ બંને **મેઘદૂત**ની પાદપૂર્તિરૂપ કાવ્ય છે પરંતુ એ વિજ્ઞપ્તિરૂપ હોવાથી એને હું વિજ્ઞપ્તિપત્રો વિચારતી વેળા ત્યાં સ્થાન આપવું ઉચિત ગણું છું એટલે એ આગળ ૩૩મા પ્રકરણમાં વિચારાશે.

(૮) **હંસપાદાંક(?)દૂત**– આનો ઉલ્લેખ પં. **નાથૂરામ** પ્રેમીએ **વિદ્વદ્-રત્ન-માલા** (પૃ. ૪૬)માં કર્યો છે પણ એ વાત સંદિગ્ધ હોવાનું શ્રી. **અ**ગરચંદ નાહટાએ કહ્યું છે. એમના મતે આવું કોઈ કાવ્ય સંભવતું નથી.[૧]

(૯) **કિરાત-સમસ્યા-પૂર્તિ**– કેટલાકને મતે **ચન્દ્રપ્રભા** વગેરેના પ્રણેતા ઉપાધ્યાય **મેઘ**વિજયની આ રચના છે અને એમાં ઓછામાં ઓછા બે સર્ગ છે. આની કોઈ હાથપોથી **જિ. ૨. કો.**માં તો નોંધાયેલી નથી. આથી આ **કિરાતાર્જુનીય** પાદપૂર્તિરૂપે ઓળખાવાતા કાવ્યનું વાસ્તવિક નામ શું છે ઇત્યાદિ બાબતો વિચારવી બાકી રહે છે.

P. ૪૫૪

(૧૦) [૨]**દેવાનન્દ-મહાકાવ્ય** યાને **દિવ્યપ્રભા કિંવા દેવાનન્દાભ્યુદય** (વિ. સં. ૧૭૨૭)– આના કર્તા **ચન્દ્રપ્રભા** વગેરે રચનારા **મેઘ**વિજયગણિ છે. એમણે **માઘ** કવિકૃત **શિશુપાલવધ** (સ. ૧-૭)ના પ્રત્યેક પદ્યના [૩]અન્તિમ ચરણની પૂર્તિરૂપે એ કાવ્ય સાદડીમાં સાત સર્ગમાં ૭૧૯ પદ્યોમાં વિ. સં. ૧૭૨૭માં રચ્યું છે. આ [૪]મહાકાવ્યમાંના સાત સર્ગમાં અનુક્રમે પદ્યસંખ્યા નીચે મુજબ છે :–

૭૮, ૧૩૦, ૧૭૯, ૮૫, ૭૨, ૯૦ અને ૮૫ (૭૮ + ૭).

આ ઐંકારથી અંકિત કાવ્ય દ્વારા એમણે મુખ્યતયા 'સવાઈ હીરજી' **વિ**જયસેનસૂરિના પટ્ટધર [૫]'જહાંગીરી મહાતપા' **વિ**જયદેવસૂરિનું અને પ્રસંગવશાત્ એમના શિષ્ય **વિ**જયપ્રભસૂરિનું જીવનવૃત્તાન્ત આલેખ્યું છે. કર્તાએ સાતમા સર્ગને અંતે અપાયેલી પ્રશસ્તિ (શ્લો. ૨)મા આ કાવ્યનો 'દેવાનન્દશ્રાવ્યકાવ્ય'

૧. જુઓ 'જૈ. સિ. ભા.' (ભા. ૩, કિ. ૨, પૃ. ૬૯)

૨. આ "ય. જૈ. ગ્રં"માં વિ. સં. ૧૯૬૯માં અને "સિં. જૈ. ગ્રં"માં ગ્રંથકારના તથા સંપાદક પં. બેચરદાસનાં ટિપ્પણો તેમ જ સંપાદકે આપેલાં હિંદી સારાંશ અને વિશેષ નામોની સૂચી સહિત ઈ. સ. ૧૯૩૭માં છપાયું છે. ["પ્રાચ્ય સાહિત્ય પ્ર. શ્રેણિ" પમાં પુનર્મુદ્રણ થયું છે.]

૩. કેટલીક વાર બાકીનાં ચરણોનો પણ ઉપયોગ કરાયો છે.

૪. પ્રત્યેક સર્ગની પુષ્પિકામાં આવો ઉલ્લેખ છે. સાથે સાથે આ સમસ્યાના અપર નામ તરીકે **દિવ્યપ્રભા**નો પણ ઉલ્લેખ છે.

૫. આ પદવી **અ**કબરના પુત્ર જહાંગીરે આપી હતી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તરીકે ઉલ્લેખ કર્યો છે. તેમ છતાં કેટલાક એને 'દેવાનન્દાભ્યુદય' કહે છે. આ એક પ્રકારનું ચિત્ર કાવ્ય હોવાથી એમાં અનુસ્વાર, વિસર્ગ વગેરેની લગતી છૂટ કોઈ કોઈ વાર લેવાઈ છે અને મૂળ કૃતિનાં ચરણોનો અર્થ નવીન રીતે ઘટાવાયો છે. આ કાવ્ય રચવામાં કવિતાનો મદ કે માઘ કવિ સાથે સ્પર્ધા સમાનતા કારણરૂપ નથી, પરંતુ કર્તાની પોતાના ગુરુ પ્રત્યેની ભક્તિ જ કારણરૂપ છે એમ ગ્રંથકારે P. ૪૫૫
સ. ૭ના શ્લો. ૮૨માં કહ્યું છે. સ. ૫, શ્લો. ૬૩મા સુરતને 'સૂરતિ' અને શ્લો. ૬૬માં 'સ્ફૂર્તિ-બન્દર' કહ્યું છે. સ. ૭, શ્લો. ૧૨માં ચલણીનાણું એ અર્થમાં 'મહમૂંદિકા' શબ્દ એમણે વાપર્યો છે.

વિષય– પ્રથમ સર્ગમાં કથાના નાયક વાસુદેવકુમારની કે જેઓ પાછળથી વિજયદેવસૂરિ બનનારાની ઉત્પત્તિનું વર્ણન છે. બીજા સર્ગમાં નાયકનો અભ્યુદય આલેખાયો છે. યુવરાજની સ્થાપના, મારવાડ, મેવાડ, સૌરાષ્ટ્ર વગેરેમાં વિહાર તેમ જ જાતજાતનાં ચરણોની પાદપૂર્તિ એ બાબતોને ત્રીજા સર્ગમાં સ્થાન અપાયું છે. ચોથો સર્ગ યમકો વડે અલંકૃત છે. પાંચમાં સર્ગમાં દક્ષિણ દિશાનો વિજય વર્ણવાયો છે. છઠ્ઠા સર્ગમાં પટ્ટધરનું સ્થાપન અને છ ઋતુઓનું વર્ણન એ બાબતો હાથ ધરાઈ છે. સાતમા સર્ગમાં વિજયદેવસૂરિનું [1]નિર્વાણ-ગમન અને એમની પાટને શોભાવનારા વિજયપ્રભસૂરિનો અભ્યુદય આલેખાયો છે અને અંતમાં સાત પદ્યની પ્રશસ્તિ દ્વારા કર્તાએ પોતાના ગુરુ વગેરેનો નિર્દેશ કર્યો છે. આમ આ કાવ્ય [2]વિજયદેવસૂરિના ચરિત્ર ઉપર પ્રકાશ પાડે છે.

ટિપ્પણ– ગ્રંથકારે જાતે આ કાવ્ય ઉપર ટિપ્પણો રચ્યાં છે. એમણે પૃ. ૭૫માં સ્વસ્તિક જેવી રચનાને 'ગૂંહલી' કહી છે. પૃ. ૪૪માં 'નારી-મંગલગીત'નો ઉલ્લેખ છે.

(૧૧) [3]**શાન્થિનાથ-ચરિત્ર** કિંવા **નૈષધીયસમસ્યા** (લ. વિ. સં. ૧૭૨૮)– આના કર્તા P. ૪૫૬

૧. અહીં આનો અર્થ ''સ્વર્ગ'' કરવાનો છે.

૨. જેમ મોગલ સામ્રાજ્યમાં અકબર, જહાંગીર અને શાહજહાન એ ત્રિપુટી ગૌરવાંકિત ગણાય છે તેમ જૈન શાસનમાં હીરવિજયસૂરિ, વિજયસેનસૂરિ અને વિજયદેવસૂરિની ત્રિપુટી માનવંતુ સ્થાન ભોગવે છે.

૩. આ કાવ્ય ટિપ્પણો સહિત ''જૈન વિવિધ સાહિત્ય શાસ્ત્રમાલા''માં વીરસંવત્ ૨૪૪૪માં છપાયું છે. એનું સંપાદન પં. હરગોવિન્દદાસે કર્યું છે. એમણે કોઈકે રચેલાં ટિપ્પણોમાં ક્વચિત્ પોતાના તરફથી ઉમેરો કર્યો છે. આ આવૃત્તિમાં નૈષધચરિત (સર્ગ ૧)ના ૨૮મા પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિરૂપ પદ્ય નથી. જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૩૮૦)માં આ **શાન્તિનાથચરિત્ર**ની કોઈ હાથપોથીની નોંધ નથી. અહીં તો ''બિકાનેરની અભયદેવસૂરિ-ગ્રંથમાલામાં આ કાવ્ય છપાયાનો ઉલ્લેખ છે પણ એ સંસ્કરણ મારા જોવામાં આવ્યું નથી.'' મૂળ કૃતિ શ્રીવિજયામૃતસૂરિજીએ રચેલ અન્વય અને **વિદ્વત્વિનોદિ**ની નામની વૃત્તિ સહિત ''જૈન સાહિત્ય વર્ધક સભા'' તરફથી ઈ. સ. ૧૯૬૫માં પ્રકાશિત કરાઈ છે. વૃત્તિના પ્રારંભમાં આઠ પદ્યો છે. તે પૈકી પહેલાં ચાર **નૈષધચરિત**ના આદ્ય પદ્યના ચરણદીઠની પાદપૂર્તિરૂપ છે. શ્રીવિજયધુરન્ધરસૂરિએ પરિચય દ્વારા કેટલાંક શાન્તિનાથચરિત્રો તથા પ્રસ્તુત કાવ્યની રૂપરેખા તેમ જ મૂળકાર અને વૃત્તિકારને અંગે સંક્ષિપ્ત માહિતી એમ વિવિધ બાબતો રજૂ કરી છે. અંતમાં બે પરિશિષ્ટો છે : (અ) **નૈષધચરિત** કાવ્યનો પ્રથમ સર્ગ અને (આ) અજિતપ્રભસૂરિકૃત **શાન્તિનાથચરિત્ર**માંથી ખપ પૂરતું ઉદ્ધરણ મેઘવિજયગણિએ પ્રસ્તુત **શાન્તિનાથચરિત્ર**ને અંતે જે પાંચ પદ્યો રચ્યાં છે તે પૈકી ત્રીજાનો જે અર્થ વૃત્તિમાં કરાયો છે તે બરાબર નથી કેમકે શીલવિજય એ કંઈ કમલવિજય અને ચારિત્રવિજયના ગુરુભાઈ નથી પણ એઓ તો એ બંનેના તેમ જ સિદ્ધિવિજયના ગુરુ છે. પરિચયમાં પણ ઉપર્યુક્ત ભૂલ કરાઈ છે. [આ. દર્શનસૂરિની પ્રબોધિનીવૃત્તિ સાથે નેમિદર્શનજ્ઞાનશાળા પાલીતાણાથી સં. ૨૦૨૭માં છપાઈ છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચન્દ્રપ્રભા વગેરેના પ્રણેતા **મેઘવિજયગણિ** છે. એમણે **શ્રીહર્ષકૃત નૈષધચરિતના** પ્રથમ સર્ગના ૧૪૫ પદ્યો પૈકી અંતિમ સિવાયનાં [1]તમામ પદ્યોના પ્રત્યેક ચરણની પાદપૂર્તિરૂપે આ કાવ્ય છ સર્ગમાં ૧૨૬ + ૧૧૭ + ૭૮ + ૭૧ + ૬૪ = ૫૮૬

P. ૪૫૭ પદ્યમાં [2]**વિજયપ્રભસૂરિના** રાજ્યમાં એટલે કે વિ. સં. ૧૭૧૦ પછી રચ્યું છે. એમણે કોઈ કોઈ વાર પાદપૂર્તિ તરીકે પસંદ કરેલી પંક્તિ બે કે ત્રણ વાર આપી એનો ભિન્ન ભિન્ન રીતે અર્થ કર્યો છે. **નૈષધચરિતના** પ્રથમ સર્ગનું અંતિમ (૧૪૫મું) પદ્ય એમણે આપ્યું છે ખરું પણ એનો અર્થ જુદી રીતે કર્યો છે. "સર્ગોઽયમાદિતઃ" ને બદલે "સર્ગો યમાદિતઃ" એવો પાઠ લઈ 'યમ' એટલે 'પાંચ મહાવ્રતોની પાંચની સંખ્યા જેની આદિમાં છે એવો' એટલે કે છઠ્ઠો સર્ગ એવો અર્થ કર્યો છે. **નૈષધચરિતમાં** જે ચરણ જેટલામું છે તેટલામું જ આ પાદપૂર્તિરૂપ કૃતિમાં રખાયું છે જ્યારે **પાર્શ્વાભ્યુદય કાવ્યમાં** તો **મેઘદૂતનાં** તમામ ચરણોનો ચતુર્થ જ ચરણ તરીકે ઉપયોગ કરાયો છે.

આ કાવ્ય દ્વારા એમણે ચક્રવર્તી **શાન્તિનાથનું** એમના જન્મથી માંડીને નિર્વાણ સુધીનું સમગ્ર જીવન આલેખ્યું છે. મુખ્યત્વે 'વંશસ્થ' છંદમાં રચાયેલું, વિશિષ્ટ વ્યુત્પત્તિઓનું પોષક તેમ જ શબ્દાલંકારોથી તથા ઉત્પ્રેક્ષાદિ અર્થાલંકારોથી વિભૂષિત એવા આ કાવ્યમાં સર્ગદીઠ [3]વિષયો નીચે મુજબ છે :–

સર્ગ ૧– હસ્તિનાપુર નગર, **વિશ્વસેન** ભૂપતિ, **અચિરા** રાણી, **શાન્તિનાથનો** જન્મ અને એમનું અલૌકિક સૌન્દર્ય.

સર્ગ ૨-૩-શાન્તિનાથનાં લગ્ન, ચક્રાદિ ૧૪ રત્નો અને છ ખંડના વિજય માટેનું પ્રયાણ.

P. ૪૫૮ સર્ગ ૪– **શાન્તિનાથનો** ચક્રવર્તી તરીકેનો અભિષેક અને વૈરાગ્ય-વાસનાનો સક્રિય અમલ.

સર્ગ ૫– **શાન્તિનાથની** દીક્ષા અને તપશ્ચર્યા, એમને થયેલી કેવલજ્ઞાનની પ્રાપ્તિ, એમણે કરેલી તીર્થની સ્થાપના અને આપેલી દેશના તેમ જ એમનો પરિવાર.

સર્ગ ૬– **શાન્થિનાથનું** નિર્વાણ, ગણધરોનો વિષાદ અને તેનું શમન તથા શાસનનું સંચાલન.

આ પ્રમાણેની પાદપૂર્તિરૂપ વિવિધ કૃતિઓ જોતાં એમ ભાસે છે કે સુપ્રસિદ્ધ પાંચ મહાકાવ્યોમાંથી ફક્ત **કુમારસંભવની** જ પાદપૂર્તિરૂપ કોઈ જૈન રચના નથી.

(૨) સ્તોત્રોની પાદપૂર્તિરૂપ કાવ્યો (૨)

(૧) [4]**સમસ્યા-મહિમ્નઃ-સ્તોત્ર– પુષ્પદન્તે** જે **શિવમહિમ્નઃસ્તોત્ર** રચ્યું છે એના પ્રત્યેક પદ્યના આદ્ય ચરણની પૂર્તિરૂપે આ સ્તોત્ર ૩૩ પદ્યોમાં 'અંચલ' ગચ્છના **જયકીર્તિસૂરિના** શિષ્ય

૧. ૨૮માં પદ્યના ચતુર્થ ચરણની પાદપૂર્તિ જણાતી નથી.

૨. **વી**રવિજય મુનિ. વિ. સં. ૧૭૧૦માં આચાર્ય બનતાં એમનું નામ **વિજયપ્રભસૂરિ** રખાયું.

૩. જુઓ પરિચય (પૃ. ૨૭૫ ટિ. ૩).

૪. આ સ્તોત્ર અને એના સ્વોપજ્ઞ વિવરણની નોંધ મેં D C G C M (Vol. XIX, sec. 1, pt. 2, pp. 159-161)માં લીધી છે. આની એક જ હાથપોથી ઉપલબ્ધ હોય એમ લાગે છે કેમકે **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૪૨૧)માં બીજી કોઈ હાથપોથી વિષે ઉલ્લેખ નથી. અહીં આ કૃતિને **સમસ્યામહિમ્નસ્તવ** કહી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઋષિવર્ધનસૂરિએ રચ્યું છે. એ દ્વારા એમણે **ઋષભદેવનો** મહિમા વર્ણવ્યો છે. એમણે વિ. સં. ૧૫૧૨માં **નલદવદન્તીરાસ** રચ્યો છે. વળી એ અરસામાં એમણે **જિનેન્દ્રાતિશયપંચાશિકા** રચી છે.

સ્વોપજ્ઞ વિવરણ– આ સંક્ષિપ્ત વિવરણ કર્તાએ જાતે રચ્યું છે.

(૨) **ઋષભ-મહિમ્નઃ-સ્તોત્ર**– પુષ્પદન્તકૃત **શિવ-મહિમ્નઃ-સ્તોત્રનાં** આદ્ય ચોત્રીસ પદ્યોનાં P. ૪૫૯
ચતુર્થ ચતુર્થ ચરણની પૂર્તિરૂપે **વિશાલરાજે** આ રચ્યાનો અને એનાં ૩૮ પદ્યો પૈકી આદ્ય ૩૩ પદ્યો શિખરિણીમાં, ૨ માલિનીમાં તેમ જ એકેક હરિણીમાં, શાર્દૂલ-વિક્રીડિતમાં અને સ્રગ્ધરામાં હોવાનો એક સ્થળે ઉલ્લેખ છે.

(૩) પ્રકીર્ણક સમસ્યા પૂર્તિ (૪)

(૧) [1]**સમસ્યામય-પાર્શ્વજિન-સ્તવ**– આ અજ્ઞાતકર્તૃક સ્તવમાં તેર પદ્યો છે એમાં ભિન્ન ભિન્ન પ્રકારની બાર **સમસ્યા**ઓને ચતુર્થ ચરણરૂપે રાખી નવાં ત્રણ ચરણો રચી બાર પદ્યો કોઈકે રચ્યાં છે. તેરમું પદ્ય ઉપસંહારરૂપ છે. એમાં આ સ્તવને 'કુસુમ' કહ્યો છે. પ્રથમ પદ્યમાં નિમ્નલિખિત સમસ્યા છેઃ–

"रामामुखं चुम्बति कार्तिकेयः"

[2]**ટીકા**– આ અજ્ઞાતકર્તૃક છે.

(૨-૩) **પાર્શ્વનાથ-સમસ્યા-સ્તવ** અને **સમસ્યાસ્તવ**– આ બંને સમસ્યાની પૂર્તિરૂપ કૃતિઓ **સમયસુન્દર**ગણિએ રચી છે. એની નોંધ આ ગણિનાં વિવિધ-સ્તોત્રો વિચારતી વેળા અનુક્રમે પૃ. ૪૦૬ અને. ૪૦૭ માં મેં લીધી છે.

(૪) [3]**સમસ્યામય-નવખંડ-પાર્શ્વજિનસ્તવન**– આ "**શ્રીપાર્શ્વ નવખણ્ડાખ્યં**"થી શરૂ થતા 'નવખંડ' પાર્શ્વનાથનાં ૧૬ પદ્યના સ્તવનનાં પહેલાં પંદર પદ્યો પ્રકીર્ણક સમસ્યાઓરૂપ ચોથા ચોથા P. ૪૬૦
ચરણની પાદપૂર્તિરૂપે વિવિધ છંદમાં કોઈકે રચ્યાં છે. આમાંની કેટલીક સમસ્યા નીચે મુજબ છે :–

"गेहे दीपावलिका दिवा"
"समुद्रमध्ये किल धूलिसम्भवः"
"पलाशवृक्षे सहकारमञ्जरी"


[**અલ્પબહુત્વગર્ભિતસ્તવનો** (અવચૂરિસહ) ગ. **સમયસુન્દર** "હર્ષપુષ્પા" સં. ૨૦૪૭.

પટ્ટાવલીસમુચ્ચય ત્રિપુટીય. જિનશાસન આ. ટ્રસ્ટ. ૨૦૫૨.

ગ્રન્થત્રયી (પ્રતિષ્ઠાતત્ત્વ)(આચેલકયત્વ)(પર્યુષણાતિથિવિનિશ્ચય)આ.નંદનસૂરિ. જૈનગ્રંથ પ્ર.સ. ખંભાત. સં. ૨૦૫૫.

ગુરુતત્ત્વપ્રદીપ– આગમોદ્ધારકગ્રંથમાળા સં.૨૦૧૮ સંશો. મુનિ લાભસાગર.]

[**ચિત્રમય જૈનજગત કા ઈતિહાસ** ભા.૧-૨ સુશીલવિ. ત્રિશષ્ટિ ૧૦ પર્વના ચિત્ર સંક્ષિપ્ત હિંદી સાથે.]



૧. આ સ્તવ કોઈકની ટીકા સહિત **જૈનસ્તોત્રરત્નાકર** (ભા. ૨, પત્ર ૬૯અ-૭૨આ)માં છપાવાયો છે.
૨. આ પ્રકાશિત છે. જુઓ ઉપરનું ટિપ્પણ.
૩. આ કૃતિ **જૈનસ્તોત્રસન્દોહ** (ભા. ૨, પૃ. ૧૮૧-૧૮૩)માં છપાવાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૪૬૧

પ્રકરણ ૩૨ : શ્રવ્ય કાવ્યો

(લૃ) અનેકાર્થી કૃતિઓ

'तत्ती सीअली' गाथानी अष्टोत्तरशतार्थी (ઉ. વિ. સં. ૮૯૫)– 'तत्ती सीअली'થી શરૂ થતી નિમ્નલિખિત ગાથાના ૧૦૮ અર્થો બપ્પભટ્ટિસૂરિએ કર્યા હતા એમ **પ્ર. ચ.** (શૃંગ ૧૧, શ્લો. ૨૪૯) જોતાં જણાય છે ખરું પણ આ અર્થો સંસ્કૃતમાં કરાયા હતા કે કેમ તે જાણવું બાકી રહે છે, બાકી **પ્રભાચન્દ્રસૂરિ**એ તો એના ચાર અર્થ સંસ્કૃતમાં કર્યા છે અને એ પ્ર. ચ. (શૃંગ ૧૧, પૃ. ૮૯-૯૦)માં છપાયા છે :–

''तत्ती सीअली मेलावा केहा
धण उत्तावली पिउ मंदसिणेहा ।
विरहिहिं माणुसु जं मरइ तसु कवण निहोरा ।
कंति पवित्तडी जणुं जाणइ दोरा ॥''

(૨) [1]**કુમારવિહાર-પ્રશસ્તિ** (શ્લો. ૮૭) (લ. વિ. સં. ૧૧૯૯)– આ પ્રશસ્તિના કર્તા
P. ૪૬૨ **વર્ધમાનગણિ** છે. એઓ 'કલિ.' **હેમચન્દ્રસૂરિ**ના શિષ્ય થાય છે. એમણે 'કુમારવિહાર' નામના જિનાલયની જે પ્રશસ્તિ રચી છે તે સંપૂર્ણ મળતી હોય તો એ પ્રસિદ્ધ થવી ઘટે. કુમારપાલ ભૂપાલે પાટણમાં તેમ જ જાલોરના કાંચનગઢ ઉપર જે એકેક જિનાલય બંધાવ્યું હતું તે બંનેને 'કુમારવિહાર' કહે છે. આથી આ પ્રશસ્તિ આ બેમાંનાં ક્યા જિનાલયને અંગેની છે તે જાણવું બાકી રહે છે. આ પ્રશસ્તિના નિમ્નલિખિત શ્લો. ૮૭ના એક વાર છ અર્થ કર્યા બાદ કૌતુકથી લોકોને આશ્ચર્ય ઉપજે તે માટે એના ૧૧૬ અર્થ કર્તાએ જાતે કર્યા એમ આની સ્વોપજ્ઞ વૃત્તિનો પ્રારંભિક ભાગ જોતાં જણાય છે :–

''गम्भीरः श्रुतिभिः सदाचरणतः प्राप्तप्रतिष्ठोदयः
सत्कान्तारचितप्रियो बहुगुणो यः साम्यमालम्बते ।
श्रीचौलुक्यनरेश्वरेण विबुधश्रीहेमचन्द्रेण च
श्रीमद्वाग्भटमन्त्रिणा च परिवादिन्या च मन्त्रेण च ॥८७॥''

---

१. આ પ્રશસ્તિનું ૮૭મું પદ્ય સ્વોપજ્ઞ વૃત્તિ સહિત **ચ**તુરવિજયજી દ્વારા સંપાદિત અને શ્રી સારાભાઈ મ. નવાબ તરફથી ઈ. સ. ૧૯૩૫માં પ્રકાશિત **अनेकार्थसाहित्यसंग्रह** (ભા. ૧, પૃ. ૧-૬૪)માં છપાવાયું છે. ત્યાર બાદ ''यो गङ्गां दधदस्ति''થી શરૂ થતું અને **બ્રહ્મા, વિષ્ણુ, શિવ**, સૂર્ય, ચન્દ્ર તેમ જ **પાર્શ્વનાથ**ને અંગે ઘટે એવું છ (૫ + ૧) અર્થવાળું સવૃત્તિક 'પંચાર્થ' (? ષડર્થ) કાવ્ય, સવૃત્તિક 'અનુલોમ-પ્રતિલોમ-શ્લોક' **સોમ**પ્રભસૂરિકૃત 'શતાર્થ' કાવ્ય અને એની સ્વોપજ્ઞ વૃત્તિ આપી ઉપર્યુક્ત **કુમારવિહાર-પ્રશસ્તિની** સ્વોપજ્ઞ વૃત્તિનું અને ત્યાર બાદ બાકીની વૃત્તિઓનાં પણ ગુજરાતી ભાષાંતર અપાયાં છે. જો અર્થ અનુસાર અનેકાર્થી શ્લોકોના પદચ્છેદ રજૂ કરાયા હોત તો આ સંપાદન વધારે મૂલ્યશાળી અને ઉપયોગી બનતે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉપર્યુક્ત છ અર્થ તે કયા તે વિષે માહિતી મળતી હોય એમ જણાતું નથી.

૧૧૬ અર્થ– આ પૈકી ૩૧મો અર્થ **કુમારપાલ**ના વર્ણનરૂપ છે. ૪૧મો અર્થ 'કલિ.' હેમચન્દ્રસૂરિને અંગેનો છે અને ૧૦૯મો અર્થ **વાગ્ભટ (બાહડ)** મંત્રીનું વર્ણન પૂરું પાડે છે. બાકીના અર્થ બ્રહ્મા વગેરે વૈદિક દેવો, ગૌરી, નવ ગ્રહ, ચાર પુરુષાર્થ, ત્રણ લોક, રત્નત્રયી, ચકોર, સુવર્ણ, સ્યાદ્વાદવાદી, **ઋષભદેવ, અરનાથ, પાર્શ્વનાથ,** અને **મહાવીર**સ્વામી એ ચાર તીર્થંકરો, **ભરત** ચક્રવર્તી, **વાત્સ્યાયન** મહર્ષિ, **ભૌતિક** તાપસ, સામાન્ય સ્ત્રી તથા સ્વૈરિણી તેમ જ પંડિતાના વર્ણનરૂપ છે. સ્વોપજ્ઞ વૃત્તિનાં અંતમાં ૧૧૬ અર્થ શેને શેને અંગે છે તેને સૂચી છે. ઉપર્યુક્ત અર્થ કરવામાં સિ. હે. નો તેમ P. ૪૬૩
જ હૈમ સંસ્કૃત દ્વ્યાશ્રયનો છૂટથી ઉપયોગ કરાયો છે.[૧]

(૩) [૨]**શતાર્થ-વૃત્ત** (ઉ. વિ. સં. ૧૨૩૫)– આના કર્તા શતાર્થિક **સોમપ્રભસૂરિ** છે. એઓ **સિન્દૂરપ્રકર** વગેરેના પ્રણેતા છે. એમણે નીચે મુજબનું વૃત્તકાવ્ય એકસો એક અર્થવાળું રચી એના ઉપર વૃત્તિ પણ રચી છે :–

"कल्याणसारसविता न हरेक्ष मोह
कान्तारवारण समान जयाद्य देव ।
धर्मार्थकामद महोदय वीर धीर
सोमप्रभाव परमागम सिद्धसूरे ॥१॥"

આની વૃત્તિમાં પ્રારંભમાં એમણે એક સો ને એક અર્થ શેને શેને અંગેના છે તેનો નિર્દેશ કર્યો છે. કર્તાએ પોતાને માટે 'શતાર્થ-વૃત્ત-કવિ' એવું વિશેષણ અહીં વાપર્યું છે. શરૂઆતમાં ઋષભદેવાદિ ચોવીસ તીર્થંકરોને અંગે ૨૪ અર્થો ઘટાવી, પુંડરીક નામના સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને ઉદ્દેશીને અર્થ કરાયા છે. ત્યાર બાદ પુંડરક, ગૌતમસ્વામી અને સુધર્મસ્વામી એ ગણધરોને લક્ષીને અર્થ અપાયા છે. આગળ જતાં પાંચ મહાવ્રતો, ચાર પુરુષાર્થો, **બ્રહ્મા** વગેરે વૈદિક દેવો, નવ ગ્રહો, દસ P. ૪૬૪
દિક્પાલ તેમ જ સુવર્ણ, સમુદ્ર અને સિંહને લગતા અર્થ અપાયા છે. અંતમાં **સિદ્ધસેન** દિવાકર, હરિભદ્રસૂરિ, 'વાદી' દેવસૂરિ અને 'કલિ.' **હેમચન્દ્રસૂરિ** એ ચાર આચાર્યોને તથા (**સિદ્ધરાજ**) જયસિંહ, કુમારપાલ, **અજયદેવ** અને **મૂલરાજ** એ ચાર નૃપતિઓને તેમ જ **સિદ્ધપાલ**ને **અજિતદેવસૂરિ**ને અને **વિજયસિંહસૂરિ**ને અંગે ઘટે એવા અર્થ અપાયા છે. સ્વોપજ્ઞ વૃત્તિમાં ૧૦૧મો અર્થ કર્તાએ આપ્યો નથી પરંતુ આ વૃત્તિનું અનુસંધાન કરનાર એમના શિષ્યે એ અર્થ પોતાના ગુરુ **સોમપ્રભસૂરિ** પરત્વે આપ્યો છે. વિશેષમાં એ શિષ્યે આ શતાર્થવૃત્તને 'ધેનુસ્વરૂપ' કાવ્ય કહી દરેક ચરણના થોડા થોડા અક્ષરો લઈ

---

૧. જુઓ **સિ.** હે. ની **ચન્દ્રસાગરગણિકૃત** પ્રસ્તાવના (પૃ. ૧૧).

૨. આ સ્વોપજ્ઞ વૃત્તિ સહિત **અનેકાર્થસાહિત્યસંગ્રહ** (ભા. ૧, પૃ. ૬૮-૧૩૪)માં છપાયું છે. અંતમાં આ વૃત્તિનું ગુજરાતી ભાષાંતર પણ છપાયું છે. વિશેષમાં આ સંગ્રહની ગુજરાતી પ્રસ્તાવના પૃ. ૫૨ ની સામે **સોમપ્રભસૂરિ**નું વંશવૃક્ષ આપી એમાં નિર્દેશાયેલા **મુનિચન્દ્રસૂરિ**થી માંડીને તે **સોમચન્દ્ર** સુધીના ચોવીસ મુનિવરોનો સંક્ષિપ્ત પરિચય અપાયો છે. ત્યાર બાદ **સોમપ્રભસૂરિ**ની કૃતિઓ વિષે વિચાર કરાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લઈ પાંચ લઘુ કૃતિઓ બનાવી એના અર્થ કર્યા છે. એ કૃતિઓ દુગ્ધ, શંખ, શુભ્ર, શુભ્ર અને સ્ત્રી એમ પાંચ છંદમાં હોવાનું કહી એના સમર્થનાર્થે હેમ **છન્દોઅનુશાસન**માંથી અવતરણ આપ્યાં છે.

(૪-૫) **'દોસસય' ગાથાની શતાર્થી** (લ. વિ. સં. ૧૨૪૧ અને વિ. સં. ૧૬૦૫)– ધર્મદાસગણિએ જ. મ. માં **ઉવએસમાલા** રચી છે. એની 'દોસસય'થી શરૂ થતી ૫૧મી ગાથા નીચે મુજબ છે :–

दोससयमूलजालं पुव्वरिसी वज्जिअं जईवन्तं ।
अत्थं वहसि अणत्थं कीस अणत्थं तवं चरसि ॥४१॥

આ ગાથાને લક્ષીને એક શતાર્થી ઉપર્યુક્ત **સો**મપ્રભસૂરિએ રચી છે એમ **ઉપદેશરત્નાકર** (પ્રાચ્ય તટ, અંશ, ૨ તરંગ ૧૪, પત્ર ૯૧ અ)માંના નિમ્નલિખિત ઉલ્લેખ ઉપરથી ફલિત થાય છે :–

तथा केचित् सम्यगागमावगाहेन ज्ञानोपदेशाभ्यां समन्विताः, न तु चारित्रेण, यथा विज्ञश्राद्धप्रश्नित
P. ४६५ 'दोस०' इति गाथाशततमार्थव्याख्यावसरप्रतिबुद्धकरमुद्रिकादित्यागिशतार्थीतिख्यातिभृच्छ्रीसोप्रभसूरयः प्रमादावस्थायाम् ॥''

અનેકાર્થસાહિત્યસંગ્રહના પ્રથમ વિભાગની પ્રસ્તાવના (પૃ. ૫૯)માં એના લેખક **ચ**તુરવિજયજી તો એમ કહે છે કે ''આ હકીકત બિલકુલ વિશ્વસનીય નથી કારણ કે **દોસસય** ગાથા ઉપર તો ઉદયધર્મગણિએ સો અર્થો કરેલા છે.'' [ઉદયધર્મકૃત શતાર્થીની નકલ પ્રા.ટે.સો.માં છે.]

લાવણ્યધર્મના શિષ્ય ઉદયધર્મગણિએ ઉપર્યુક્ત ગાથા ઉપર શતાર્થી વિ. સં. ૧૬૦૫માં રચી છે અને એ દ્વારા એમણે પાંચ પરમેષ્ઠી, પૃથ્વીકાયાદિ છની રક્ષા, આઠ પ્રવચનમાતા, દસ યતિધર્મ, ગણધરો વગેરેને આશ્રીને ૧૦૧ અર્થ કર્યા છે એ વાત તો સાચી છે. શું એક જ ગાથા ઉપર બે વ્યક્તિની શતાર્થી ન જ હોઈ શકે કે જેથી સોપ્રભસૂરિ વિષે ના પડાય છે કે પછી ઉપર્યુક્ત ઉલ્લેખ ભ્રાન્ત જ છે ?

(૬) **રત્નાકરાવતારિકાદ્યપદ્યશતાર્થી** (ઉ. વિ. સં. ૧૫૩૯)– **જૈ. ગ્રં.** (પૃ. ૭૮)માં [૧]**રત્નાકરાવતારિકાના** આદ્ય પદ્યને અંગે શતાર્થી હોવાનો ઉલ્લેખ છે. આ રહ્યું એ પદ્ય :–

''सिद्धये वर्धमानः स्तात् ताम्रा यन्नखमण्डली ।
प्रत्यूहशलभप्लोषे दीप्रदीपांङ्कुरायते ॥१॥''

અહીં કર્તાનું નામ જણાવાયું નથી.

P. ४६६ **જિનમાણિક્યે** વિ. સં. ૧૫૩૯માં **શતાર્થી** રચી છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૭૧)માં ઉલ્લેખ છે. આ સૂરિએ શેની શતાર્થી રચી છે તે અહીં જણાવાયું નથી. [**'રત્નાકરાવતારિકાદ્યશ્લોકશતાર્થી'** કર્તા **મા**ણિક્યગણિ આ કૃતિ લા. દ. વિદ્યામન્દિર દ્વારા પ્રસિદ્ધ થયેલ છે.]

૧. આ **પ્રમાણનયતત્ત્વાલોકની રત્ન**પ્રભસૂરિએ રચેલી ટીકા છે. એ મૂળ સહિત ''ય. જૈ. ગ્રં.''માં વીરસંવત્ ૨૪૩૧-૨૪૩૭માં છપાવાઈ છે. **રત્નાકરાવતારિકાની** એક હાથપોથી વિ. સં. ૧૨૨૫માં લખાયેલી મળે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આમ આ બંને ઉલ્લેખો અપૂર્ણ માહિતી પૂરી પાડે છે. તેમ છતાં એ બંને એકબીજાના પૂરક જણાય છે એટલે કે **જિનમાણિક્યે રત્નાકરાવતારિકાના** આદ્ય પદ્યને અંગે એક [1]શતાર્થી મોડામાં મોડી વિ. સં. ૧૫૩૯માં રચી છે.[2] એમાં નિમ્નલિખિત [3]૧૧૧અર્થો દર્શાવાયા છે :–

વિષય	અર્થસંખ્યા	વિષય	અર્થસંખ્યા
મહાવીરસ્વામીની સ્તુતિ	૧૨	સામાન્ય વ્યવહારી	૨
સિદ્ધાર્થ (નૃપ)	૧	બ્રહ્મા	૩
ત્રિશલા	૧	વિષ્ણુ (નારાયણ)	૫
ગૌતમસ્વામી	૧	વિષ્ણુ (ભાવી તીર્થંકર)	૧
નન્દિવર્ધન	૧	શિવ	૨
ઋષભદેવાદિ ૨૪ તીર્થંકરો	[4]૨૪	પાર્વતી	૩
ચાર શાશ્વત તીર્થંકરો	[5]૪	સૂર્ય	૨
શત્રુંજય	૧	ચન્દ્ર	૧
રૈવતગિરિ	૧	રાજા	૧
સાધારણ જિનં	૬	પ્રદીપ	૩
સિદ્ધ	૨	અગ્નિ	૧
આચાર્ય	૧	કામ	૧
ઉપાધ્યાય	૧	કોકિલ	૧
સર્વ સાધુ	૮	મેઘ	૧
વાચનાચાર્ય	૨	આમ્ર વૃક્ષ	૧
સ્વગુરુ	૨	લીમડો	૧
વાણી	૧	વાયુ	૧
જૈન ધર્મ	૨	રાત્રિ	૧
સિદ્ધાન્ત	૩	શલભ (તીડ)	૧
સિદ્ધિ	૧	શરાવ	૧
શ્રાવક	૨	સિદ્ધહેમચન્દ્ર	૧

P. ૪૬૭

૧-૨. આ શતાર્થીની પ્રશસ્તિ કર્તાના શિષ્ય વિજયે વિ. સં. ૧૫૩૯માં રચી છે. એથી મેં આમ નિર્દેશ કર્યો છે.

૩. જુઓ "લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામન્દિર" તરફથી ઈ. સ. ૧૯૬૫માં પ્રકાશિત રત્નાકરાવતારિકા (ભા. ૧, પૃ. ૨૨૧)

૪-૫. પ્રત્યેક તીર્થંકર અંગે એકેક.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૭) **હર્ષકુલીય શતાર્થી** (લ. વિ. સં. ૧૫૭૦)– **વિમલવિજયગણિએ બન્ધહેઉદયતિભંગીની** ટીકામાં કહ્યું છે કે **હર્ષકુલગણિને** 'શતાર્થ'નું બિરુદ હતું. આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે એમણે કોઈક પદ્યના સો અર્થ કર્યા હશે– એમની કોઈ શતાર્થી હશે. એઓ **હેમવિમલસૂરિ**ના શિષ્ય થાય છે. એમણે **વિદ્યારત્ને** વિ. સં. ૧૫૬૭માં રચેલા **કૂર્માપુત્રચરિત્ર**નું સંશોધન કર્યું હતું અને એમણે વિ. સં. ૧૫૮૩માં **સૂયગડ** ઉપર દીપિકા રચી છે.

(૮) **યોગશાસ્ત્ર** (૨, ૧૦)– **શતાર્થી** (લ. વિ. સં. ૧૬૫૨)– **યોગશાસ્ત્ર** (પ્ર. ૨)ના
P. ૪૬૮ 'પરિગ્રહારંભ'થી શરૂ થતા નિમ્નલિખિત દસમા પદ્યને અંગે **બુદ્ધિસાગર**ના શિષ્ય **માન**સાગરે **વિ**જયસેનસૂરિના રાજ્યમાં એટલે કે વિ. સં. ૧૬૫૨થી ૧૬૭૧ના ગાળામાં શતાર્થી રચી છે :–

परिग्रहारम्भमग्ना स्तारयेयुः कथं परान् ।
स्वयं दरिद्रो न परमीश्वरीकर्तुमीश्वरः ॥ १० ॥।

આની વૃત્તિના પ્રારંભમાં **માન**સાગરે કહ્યું છે કે **હીર**વિજસૂરિએ શતાર્થની પરીક્ષા માટે [1]ઉપર્યુક્ત પદ્ય આપતાં એની શતાર્થી હું રચું છું. આ શતાર્થી ચોવીસ તીર્થંકરો, પાંચ પરમેષ્ઠી, બ્રહ્મા, વિષ્ણુ, આઠ દિક્પાલો, ચૌદ સ્વપ્ન ઇત્યાદિને અંગેના ૧૦૬ અર્થ રજૂ કરે છે.

(૯) **યોગશાસ્ત્ર** (૨, ૮૫)- **શતાર્થી** (લ. વિ. સં. ૧૬૭૦)– **જયસુન્દરસૂરિએ યો**ગશાસ્ત્ર (પ્ર. ૨)ના નિમ્નલિખિત પદ્યને અંગે શતાર્થી રચ્યાનું કહેવાય છે :–

P. ૪૬૯ ''प्राप्तुं पारमपारस्य पारावारस्य पार्यते ।
स्त्रीणां प्रकृतिवक्राणां दुश्चरित्रस्य नो पुनः ॥८५॥''

(૧૦) **અજ્ઞાતકર્તૃક શતાર્થી**– આ કૃતિની નોંધ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૭૧)માં છે એની હાથપોથી ''મોહનલાલજી જ્ઞાનભંડાર''માં હોવાનું અહીં કહ્યું છે.

(૧૧) **યોગશાસ્ત્રાદ્યપદ્ય-પંચશતાર્થી** (લ. વિ. સં. ૧૬૭૦)– 'તપા' ગચ્છની પટ્ટાવલી ઉપરથી એમ જણાય છે કે **યોગશાસ્ત્રના** નિમ્નલિખિત આદ્ય પદ્યના પાંચ સો અર્થ **લા**ભવિજયગણિએ કર્યા હતા. (એ સંસ્કૃતમાં હશે):–

''नमो दुर्वाररागादिवैरिवारनिवारिणे ।
अर्हते योगिनाथाय महावीराय तायिने ॥१॥''

(૧૨) **યોગશાસ્ત્રાદ્યપદ્ય-સપ્તશતાર્થી** (ઉ. વિ. સં. ૧૬૭૨)– 'તપા' ગચ્છની પ્રાક્તન પટ્ટાવલીનાં ચાર પાઇય પદ્યોની મહોપાધ્યાય **મેઘ**વિજયગણિએ [2]વૃત્તિ રચી છે. તેના આદ્ય પદ્યની વૃત્તિ (પૃ. ૧૩૪)માં **વિ**જયસેનસૂરિએ **યોગશાસ્ત્રના** આદ્ય પદ્યના સાત સો અર્થ કર્યાનો ઉલ્લેખ છે.

---

૧. દશમસ્ય ને બદલે દ્વાદશસ્ય એવો પાઠ જોવાય છે. એ હિસાબે તો આ પદ્ય દસમું નહિ પણ બારમું ગણાય, જો કે મુદ્રિત આવૃત્તિમાં તો એ દસમું જ છે.

૨. આ વૃત્તિ ''સિં. જૈ. ગ્રં.''માં પ્રકાશિત **દિગ્વિજયમહાકાવ્યના** અંતમાં પરિશિષ્ટ તરીકે પૃ. ૧૩૪-૧૪૧માં અપાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૩) **ષડ્દર્શનસમુચ્ચય** (શ્લો. ૧)**ના વિવિધ અર્થ** (લ. વિ. સં. ૧૪૬૦)– સમભાવભાવી હરિભદ્રસૂરિએ જે **ષડ્દર્શનસમુચ્ચય** રચ્યો છે તેના [૧]આદ્ય પદ્યની [૨]ટીકા (પત્ર ૧આ-૩આ)માં ગુણરત્નસૂરિએ પાંચેક અર્થો કર્યા છે :–

(૧૪) [૩]**જગન્નાથીય પદ્ય** (વિ. સં. ૧૬૯૯)– આને પં. જુગલકિશોર મુખ્તારે [૪]**ચતુર્વિંશતિ-સન્ધાન-કાવ્ય** કહ્યું છે પણ એ એક જ પદ્યરૂપ હોવાથી હું એની અહીં નોંધ લઉં છું. આ પદ્ય દિ. નરેન્દ્રકીર્તિના શિષ્ય પંડિત જગન્નાથે એવી રીતનું રચ્યું છે કે જેથી એના ૨૫ અર્થો થાય છે. એમાં P. ૪૭૦
ઋષભદેવ વગેરે જે ૨૪ તીર્થંકરોનાં નામ છે તે પ્રત્યેકની અલગ અલગ સ્તુતિરૂપ એકેક અર્થ છે અને ૨૫મો અર્થ સમુચ્ચય-સ્તુતિરૂપ છે.[૫] આ પદ્ય નીચે મુજબ છે :–

ટીકા– આ સ્વોપજ્ઞ છે.

(૧૫) **પંચવટી**– આના આદ્ય પદ્યમાં ઋષભદેવ પ્રમુખ ૨૪ જિનવરોનાં નામ છે અને એની સંસ્કૃત વ્યાખ્યામાં આ પદ્યના ૨૪ અર્થો કરાયાં છે.[૬] આ પદ્ય નીચે મુજબ છે :–

"श्रीधर्मो वृषभोऽभिनन्दन अरः पद्मप्रभः शीतलः
शान्तिः सम्भव वासुपूज्य अजितश्चन्द्रप्रभः सुव्रतः ।
श्रेयान् कुन्थुरनन्त वीर विमलः श्रीपुष्पदन्तो नमिः
श्रीनेमिः सुमतिः सुपार्श्वजिनराट् पार्श्वो [૭]मलिः पातु वः ॥१॥"

વ્યાખ્યા– આ પદ્યની સંસ્કૃતમાં વ્યાખ્યા કરાઈ છે.

આ પ્રમાણે આપણે અનેકાર્થી એવાં બે પાઈય અને [૮]તેર સંસ્કૃત પદ્યો વિચારી ગયા એટલે હવે અન્ય પ્રકારની અનેકાર્થી કૃતિઓ જોઈ લઈએ.

[૯]**અર્થરત્નાવલી** કિંવા **અષ્ટલક્ષાર્થી** (વિ. સં. ૧૬૪૯)– આના કર્તા 'ખરતર' ગચ્છના P. ૪૭૧
ઉપાધ્યાય **સમયસુન્દરગણિ** છે. **અર્થરત્નાવલી** એ મૂળ કૃતિનું નામ નથી પરંતુ એની સ્વોપજ્ઞ (?)

---

૧. આ પદ્ય નીચે પ્રમાણે છે. :–
"सद्दर्शनं जिनं नत्वा वीरं स्याद्वाददेशकम् ।
सर्वदर्शनवाच्योऽर्थः सङ्क्षेपेण निगद्यते ॥१॥"

૨. આનું નામ **તર્કરહસ્યદીપકા** છે.

૩. આ નામ મેં યોજ્યું છે. આ પદ્ય રવજી સખારામે સોલાપુરથી ઈ. સ. ૧૯૨૧ પ્રકાશિત કર્યું છે.

૪. આ સંબંધમાં જુઓ પૃ. ૨૧૦ અને એનું દ્વિતીય ટિપ્પણ.

૫. જુઓ "વીરસેવામંદિર" તરફથી ઈ. સ. ૧૯૪૯ (?)માં પ્રકાશિત **જૈન-ગ્રંથ-પ્રશસ્તિસંગ્રહ** (પૃ. ૭૮)

૬. જુઓ "વીરસેવામંદિર" તરફથી પ્રકાશિત **સ્વયંભૂસ્તોત્ર**ની હિંદી પ્રસ્તાવના (પૃ. ૨૪)

૭. આથી **મલ્લિનાથ** અભિપ્રેત છે.

૮. આ પૈકી અંતિમ બે પદ્યોના કર્તા દિગંબર છે.

૯. આ કૃતિ "દે. લા. જૈ. પુ. સંસ્થા" તરફથી ઈ. સ. ૧૯૩૩માં પ્રકાશિત **અનેકાર્થરત્નમંજૂષા** (પૃ. ૧-૭૦)માં છપાવાઈ છે. એનું સંપાદન મેં કર્યું છે, આ સંગ્રહનું નામ પણ મેં યોજ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૃત્તિનું નામ છે. આ મૂળ કૃતિ એક શ્લોકના એક ચરણ જેટલી આઠ અક્ષર પૂરતી છે. આ રહી એ કૃતિ :– ''राजा नो ददते सौख्यम्''

'सौख्यम्'ની પૂર્વે અવગ્રહ ઉમેરીને, આઠ અક્ષરોના ભિન્ન ભિન્ન રીતે પદચ્છેદ કરીને અને સંધિ છૂટી પાડીને , અમુક અક્ષરોનો એકાક્ષરી કોશ અનુસાર અર્થ કરીને, 'રાજા'ને બદલે [૧]રાજાવ્ અને [૨]રાજાચ્ જેવાં રૂપો તથા રાજાને બદલે [૩]લાજાચ્ અને [૪]લાજાવ્ જેવા શબ્દો યોજીને [૫]'ર'ને બદલે લ્ સમજી લઈને અને [૬]'બ્' અને વ્ને એકાર્થક ગણીને તેમ જ [૭]કાકુને લક્ષ્યમાં લઈ એમ ભિન્ન દૃષ્ટિએ ઉપર્યુક્ત આઠ અક્ષરની પંક્તિનો વિચાર કરીને ૧૦૨૨૪૦૭ અર્થો **સમયસુન્દરગણિ**એ આની [૮]વૃત્તિમાં કર્યા છે. પૃ. ૬૭માં એમણે કહ્યું છે કે આઠ લાખ અર્થોમાં જે અર્થો અસંગત જણાય તેને બદલે આ
P. ૪૭૨ બે લાખ ઉપરના અર્થમાંથી યોજના કરી લેવી. અંતમાં ૩૩ પદ્યોની પ્રશસ્તિ છે. એ ઉપરથી પ્રસ્તુત વૃત્તિ લાહોરમાં ''રસ-જલધિ-રાગ-સોમ''માં એટલે કે વિ. સં. ૧૬૪૯માં પૂર્ણ થયાની હકીકત જાણી શકાય છે. અહીં રસથી છનો અંક ન સમજતાં નવનો સમજવો સમુચિત જણાય છે, કેમકે આ **અષ્ટલક્ષાર્થી** ગ્રંથ 'કાશ્મીર' દેશ જીતવા ઉપડેલ મોગલ સમ્રાટ [૯]**અકબર**ને વિ. સં. ૧૬૪૯માં શ્રાવણ સુદ તેરસે સાંજે મેં બતાવ્યો-વાંચી સંભળાવ્યો ત્યારે એથી ખુશ થઈ એ બાદશાહે એ ગ્રંથ મારી પાસેથી લઈ શુભેચ્છાપૂર્વક પાછો આપ્યો એમ **સમયસુન્દરગણિ**એ જાતે કહ્યું છે.[૧૦] **અર્થરત્નાવલીમાં** જે અનેક ગ્રંથોની સાક્ષી અપાઈ છે તે પૈકી કેટલાકનાં નામ પૃષ્ઠાંક સહિત હું નોંધું છું :–

તિલકાનેકાર્થ ([૧૧]૬), રત્નકોશ (૩૫), વરરુચિકૃતિ **એકાક્ષરી** નિઘંટક (૫૪) અને **વિષ્ણુવાર્તિક** (૫૯).

સંસ્કૃત ભાષામાં કેટલાક શબ્દો અનેકાર્થી છે. એ પૈકી હું અહીં 'હરિ' અને 'સારંગ' એ બે શબ્દોથી ગર્ભિત કૃતિઓ સૌથી પ્રથમ વિચારું છું.

P. ૪૭૩ [૧૨]**વીતરાગસ્તવ** (વિક્રમની ૧૬મી સદી)– **વિશાલરાજ**ના ભક્ત **વિવેકસાગરે** ત્રીસ અર્થવાળા [૧૩]'હરિ' શબ્દથી અંકિત **વીતરાગસ્તવ** દસ પદ્યોમાં રચ્યો છે. પ્રથમ પદ્યમાં 'હરિ' શબ્દના ત્રીસ અર્થ દર્શાવાયા છે. દસમા પદ્યમાં કર્તા વગેરેનાં નામ શ્લેષ દ્વારા સૂચવાયાં છે.

---

૧. જુઓ ૧૪મો અર્થ ૨. જુઓ ૧૫મો અર્થ ૩. જુઓ ૩૬મો અર્થ ૪. જુઓ ૩૯મો અર્થ
૫. જુઓ પૃ. ૪૦-૪૨ ૬. જુઓ પૃ. ૬૬ ૭. જુઓ પૃ. ૬૩.
૮. આના પ્રારંભમાં બે પદ્યો છે. પ્રથમમાં સૂર્યની અને બીજામાં બ્રાહ્મીની સ્તુતિ કરાઈ છે.
૯. પૃ. ૬૬ માં આઠ પદ્ય દ્વારા એમની સ્તુતિ કરાઈ છે.
૧૦. જુઓ પૃ. ૬૫ ૧૧. આ પૃષ્ઠાંક છે.
૧૨. આ સ્તવ **અનેકાર્થરત્નમંજૂષા** (પૃ. ૮૩)માં છપાયો છે.
૧૩. આ શબ્દ ચાર અર્થમાં નિમ્નલિખિત પદ્યમાં વપરાયો છે :–

''हरि आयो हरि उपन्यो, हरिपूंठे हरि धाय,
हरि गयो हरिना विषे, हरि बेठो वा खाय.''

આ પદ્યમાં 'હરિ'ના અર્થ અનુક્રમે મેઘ, દેડકો, દેડકો, સર્પ, દેડકો, કૃષ્ણ અને સર્પ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

[1]**ઋષભજિનસ્તુતિ**– આ 'કામક્રીડા' **છંદમાં** 'સારંગ'ના બાર અર્થથી ગર્ભિત એવી **ઋષભદેવની** સ્તુતિ કોઈકે ચાર પદ્યોમાં રચી છે.

અવચૂરિ– ઉપર્યુક્ત સ્તુતિ ઉપર કોઈકે અવચૂરિ રચી છે અને એ પ્રકાશિત છે.[2]

[3]**મહાવીરજિનસ્તવ**– આ ગુણવિજયની ૧૯ પદ્યની કૃતિ છે. એનાં આદ્ય ત્રણ પદ્યોમાં 'સારંગ' શબ્દના ૬૦ અર્થ દર્શાવી એ અર્થગર્ભિત એકેક પદ્ય એવાં પંદર પદ્યો કર્તાએ રચ્યાં છે. અંતિમ પદ્ય ઉપસંહારરૂપ છે.

[4]**સાધારણજિનસ્તવ** (લ. વિ. ૧૬૦૦)– આ **હર્ષકલ્લોલગણિના** શિષ્ય પં. **લક્ષ્મીકલ્લોલગણિની** P. ૪૭૪
૨૮ પદ્યોની રચના છે. પ્રથમ પદ્યમાં 'પરાગ' શબ્દ વિવિધ અર્થમાં યોજવાની પ્રતિજ્ઞા કરાઈ છે અને ત્યાર બાદ આ શબ્દ ૧૦૮ રીતે વપરાયો છે. અંતિમ પદ્યમાં કર્તાએ પોતાના ગુરુનું અને પોતાનું નામ રજૂ કરેલ છે. એમણે **આયાર** ઉપર **તત્ત્વાવગમા** નામની અવચૂર્ણિ વિ. સં. ૧૫૯૬માં રચી છે. વળી એમણે **નાયધમ્મકહા** ઉપર **મુગ્ધાવબોધા** નામે લઘુવૃત્તિ રચી છે.

[**લબ્ધિસૌરભમ્** સંપા. મુનિ અજિતયશવિ. આમાં આ. લબ્ધિસૂરિ મ. સા. વિષે સ્તુતિ, સ્તોત્ર, શતક આદિ છે.

વિવિધસ્તોત્રસંગ્રહ– આમાં પ્રગટ-અપ્રગટ કેટલાંક પ્રાચીન સ્તોત્રો ઉપરાંત આ. શ્રી **અરવિન્દસૂરિ** મ. સા. એ રચેલા સ્તુતિસ્તોત્રો વગેરે આ પ્રમાણે છે. **મંગલાષ્ટક, સિદ્ધચક્રસ્તોત્ર, સતીરત્નચક્રમ્, યશોવિ. સ્તુતિ, વિજયસિદ્ધિસૂરિસ્તુતિ, વિજયભદ્રસૂરિસ્તુતિ, ૐકારસૂરિગુરુગુણઅષ્ટક, આ. ભદ્રંકરસૂરિસ્તુતિ, પં. ભાનુવિજયસ્તુતિ, વિજયરાજતિલકસૂરિસ્તુતિ, શત્રુંજયતીર્થયાત્રા પ્રશસ્તિ, નાગેન્દ્રપાર્શ્વનાથસ્તુતિ, સિદ્ધષ્ટક** વગેરે. આનું પ્રકાશન કે.પી.સંઘવી રીલીજીયસ ટ્રસ્ટ દ્વારા વિ. સં. ૨૦૫૭માં થયું છે.]

[**જૈનસ્તોત્રસંચય**– પ્ર.રમણલાલ જયચંદ કપડવંજ સં. ૨૦૧૬.

ભુવનકાવ્યકેલિ– આ. ભુવતિલકસૂરિ. પ્ર. લ. જૈ.સા. છાણી સં. ૨૦૨૯.

યુગાદિવન્દના– વર્ધમાન જૈન શ્વે.મૂ.પૂ.સંઘ અમદાવાદ સં. ૨૦૩૨.

ઉપદેશકલ્પવલ્લી– પ્ર. પદ્મવિજયજીગણિ જૈન ગ્રં. અમદા. ૨૦૫૧ સંશો. આ. મિત્રાનન્દસૂરિ.

જિનભક્તિ– પ્ર. પ્રાકૃતભારતી અકાદમી જયપુર. ઈ. ૧૦૮૯. સં. પં. ભદ્રંકર વિ.]

[**મૃગાંકકુમારકથા** : અજ્ઞાતકર્તૃક, **મૃગાંકચરિત્ર** : ઋદ્ધિચન્દ્ર સૂરત, ભાવનગર.

રત્નસારચરિત્ર : આ. યતીન્દ્રસૂરિ., **મૂલદેવનૃપકથા** (અજ્ઞાતકર્તૃક)

પ્રકા. વિનયભક્તિસુંદર ચરણગ્રંથમાલા જામનગર. સં.૧૯૯૫

ચંપકશ્રેષ્ઠિકથા : પ્રીતિવિમલ, પ્ર. જમનભાઈ ભગુભાઈ. **ચંપકશ્રેષ્ઠિકથા** : જિનકીર્તિ, જયસોમ.]



૧. આ કૃતિને **અનેકાર્થરત્નમંજૂષામાં** અવચૂરિ સહિત પૃ. ૮૪-૮૫માં મેં સ્થાન આપ્યું છે.
૨. જુઓ ઉપરનું ટિપ્પણ. ૩. આ સ્તવ **અનેકાર્થરત્નમંજૂષા** (પૃ. ૮૫-૮૬)માં અપાયો છે.
૪. આ સ્તવ **અનેકાર્થરત્નમંજૂષા** (પૃ. ૮૭-૯૦)માં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૪૭૫

પ્રકરણ ૩૩ : શ્રવ્ય કાવ્યો

(એ) વિજ્ઞપ્તિપત્રો

(૧) [1]**પ્રભાચન્દ્રીય વિજ્ઞપ્તિપત્ર** (લ. વિ. સં. ૧૨૫૦)– આ તાડપત્ર ઉપર લખાયેલું વિજ્ઞપ્તિપત્ર છે. એ આ પ્રકારની ઉપલબ્ધ કૃતિઓની અપેક્ષાએ પ્રાચીનતમ છે. એનો રચનાસમય વિક્રમની તેરમી સદીનો મધ્યકાળ હોવાનું **વિજ્ઞપ્તિત્રિવેણિની** પ્રસ્તાવના (પૃ. ૩૨)માં કહ્યું છે. આ **વિજ્ઞપ્તિપત્રના** રચનાર **પ્રભાચન્દ્રગણિ** છે. એમણે 'ચન્દ્ર' કુળના **ભાનુપ્રભસૂરિ** ઉપર વડોદરાથી વિજ્ઞપ્તિરૂપે આ લખાણ કર્યું છે. એ કૃતિનું કેવળ એક જ પત્ર અને તે પણ વચમાંનું મળી આવ્યું છે. એના ઉપરનું તમામ લખાણ હૃદયંગમ અને આલંકારિક ગદ્યમાં છે અને એ **કાદંબરી** અને **તિલકમંજરી** જેવી કૃતિઓનું સ્મરણ કરાવે છે. એમાંથી અવતરણરૂપે કેટલીક પંક્તિ **વિજ્ઞપ્તિત્રિવેણીની** પ્રસ્તાવના (પૃ. ૩૨-૩૩)માં ઉદ્ધૃત કરાઈ છે.

ઉપલબ્ધ વિજ્ઞપ્તિપત્રો જોતાં એમ જણાય છે કે એ બધાંમાં પદ્યો તો છે જ. એ ઉપરથી હું આ **પ્રભાચન્દ્રીય વિજ્ઞપ્તિપત્રમાં** પણ પદ્યો હશે એમ માનવા લલચાઉં છું. સાથે સાથે ચિત્રો પણ હોય તો ના નહિ.

(૨) **વિજ્ઞપ્તિલેખ** (ઉ. વિ. સં. ૧૪૩૦)– આ અયોધ્યાથી 'ખરતર' ગચ્છના
P. ૪૭૬ **લોકહિતસૂરિએ** [2]**જિનોદયસૂરિ** ઉપર લખેલો **વિજ્ઞપ્તિ** લેખ છે. એમાં પોતે કરેલાં તીર્થયાત્રાદિ કાર્યોનો ઉલ્લેખ છે. એના ઉત્તરરૂપે **જિનોદયસૂરિએ લોકહિતસૂરિ** ઉપર વિસ્તૃત વિજ્ઞપ્તિપત્ર લખ્યું હતું[3] એમ એમના [4]**વિજ્ઞપ્તિમહાલેખ** જોતાં જણાય છે ખરું પરતું **લોકહિતસૂરિએ** લખેલ વિજ્ઞપ્તિપત્ર અદ્યાપિ અનુપલબ્ધ છે.

(૩) [5]**વિજ્ઞપ્તિમહાલેખ** (વિ. સં. ૧૪૩૧)– આ ૧૧૦૦ શ્લોક પ્રમાણક મહાવિજ્ઞપ્તિપત્ર 'ખરતર' ગચ્છના **જિનોદયૂસરિએ** પત્તન (પાટણ)થી અયોધ્યામાં ચાતુર્માસાર્થે રહેલા પોતાના પૂજ્ય

---

૧. આ નામ મેં યોજ્યું છે.

૨. વિ. સં. ૧૪૧૫માં **ત્રિવિક્રમરાસ** રચનારા **જિનોદયસૂરિ** તે જ આ હશે. જો એમ જ હોય તો એમને વિષે થોડીક માહિતી **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૧, પૃ. ૧૭-૧૮ ટિ.)માં અપાઈ છે. એ મુજબ **જિનોદયસૂરિ** વિ. સં. ૧૪૩૨માં સ્વર્ગે સંચર્યા હતા.

૩. જુઓ **વિજ્ઞપ્તિલેખસંગ્રહ** (ભા. ૧નું કિંચિત્ પ્રાસ્તાવિક (પૃ. ૨-૩),

૪. આ કૃતિ "સિં. જૈ. ગ્રં."ના ગ્રંથાક ૫૧ તરીકે ઈ. સ. ૧૯૬૦માં પ્રકાશિત **વિજ્ઞપ્તિલેખસંગ્રહ** (ભા. ૧)માં સૌથી પ્રથમ અપાઈ છે.

૫. આ પ્રકાશિત છે (જુઓ ઉપરનું ટિપ્પણ), આ **વિજ્ઞપ્તિમહાલેખનાં** પરિશિષ્ટરૂપ કાવ્યો એના અંતમાં અપાયાં છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લોકહિતસૂરિ ઉપર ગદ્યપદ્યરૂપે વિ. સં. ૧૪૩૧માં લખેલ છે. આનું ગદ્યાત્મક લખાણ કવિવરો નામે **બાણ, દંડી** અને **ધનપાલ**નું સ્મરણ કરાવે છે. આમાં ૮૮ (૮૬ + ૨) પદ્યો છે.

સંક્ષેપમાં કહું તો વિ. સં. ૧૪૩૦-૩૧ના અરસામાં **જિનોદયસૂરિ**એ જે પ્રદેશોમાં વિહાર કર્યો હતો અને જે જે તીર્થોની યાત્રા કરી હતી તેનું સંક્ષેપમાં પરંતુ શબ્દચ્છટાપૂર્વકનું અત્ર વર્ણન છે.

પ્રસ્તુત વિજ્ઞપ્તિપત્ર એ **લોકહિતસૂરિ**એ અયોધ્યાથી **જિનોદયસૂરિ** ઉપર લખેલા વિજ્ઞપ્તિપત્રના ઉત્તરરૂપ છે. આ **વિજ્ઞપ્તિમહાલેખનો** પ્રારંભ જિનેશ્વરોની પ્રાર્થનાથી-જિનાશીર્વાદોથી [1]૧૨ પદ્યો દ્વારા કરાયો છે. ત્યાર બાદ નિમ્નલિખિત બાબતોને સ્થાન અપાયું છે :–

અણહિલ્લપુર પત્તનનું વર્ણન, પત્રપ્રેષક સૂરિ અને એમના શિષ્ય-પરિવારની નામોલ્લેખપૂર્વકની પર્યુપાસ્તિ, અયોધ્યાપુરીનું અને ત્યાં રહેલા સૂરિ વગેરેનું વર્ણન, પત્રપ્રેષક સૂરિએ કરેલી વંદનાનું વર્ણન, કાર્યનું સૂચન, સમુદ્ર મુનિએ મોકલેલ વિજ્ઞપ્તિ અને એની પ્રાપ્તિથી થયેલો હર્ષોત્કર્ષ, તીર્થયાત્રાનું વર્ણન, **જિનોદયસૂરિ**એ વિજ્ઞપ્તિપત્રનો લખેલો પ્રત્યુત્તર, જિનોદયસૂરિની ધાર્મિક પ્રવૃત્તિઓ, દીક્ષામહોત્સવ, પ્રતિષ્ઠા મહોત્સવ, તીર્થયાત્રા ઇત્યાદિ અને ઉપસંહાર. P. ૪૭૭

આ લેખમાં **તિલકમંજરી** અને **દમયન્તીચમ્પૂનો** પૃ. ૮માં અને **ઉપદેશમાલાનો** પૃ. ૧૧માં ઉલ્લેખ છે.

(૪) [2]**ત્રિદશતરંગિણી (સ્તવપંચવિંશતિકા,** [3]**ગુર્વાલી ઇત્યાદિ)** (ઉ. વિ. સં. ૧૪૬૬): આના કર્તા 'સહસ્રાવધાની' **મુનિસુન્દરસૂરિ** છે. એમણે પોતાના દીક્ષાગુરુ અને ગચ્છનાયક દેવસુન્દરસૂરિની 'પર્યુષણ' પર્વ નિમિત્તે ક્ષમા યાચવા માટે આ વિજ્ઞપ્તિરૂપે લેખ લખ્યો છે. ઉપલબ્ધ વિજ્ઞપ્તિપત્રોમાં આ સૌથી મોટું છે. એ ૧૦૮ હાથ લાંબુ હોવાનું અને અનેક ચિત્ર કાવ્યોથી વિભૂષિત હોવાનું કથન આ મુનિસુન્દરસૂરિના શિષ્ય હર્ષભૂષણગણિએ **શ્રાદ્ધવિધિવિનિશ્ચયમાં** કર્યું છે.

''ત્રિદશરતરંગિણી''નો અર્થ 'સુરનદી' યાને 'ગંગા' થાય છે. 'ગંગા' નદી હિમાલય પર આવેલા માન (? પદ્મ) સરોવરમાંથી નીકળી 'બંગાળી' ઉપસાગરને મળે છે. એવી રીતે (**ગુર્વાવલીની** પુષ્પિકામાં સૂચવાયા મુજબ) **'ત્રિદશતરંગિણી'**રૂપ 'ગંગા' માટે **મુનિસુન્દરસૂરિ**નું હૃદય એમના ગુરુનો પડેલો પ્રભાવ તે 'પદ્મ' હ્રદ છે અને એ હ્રદમાંથી 'ત્રિદશતરંગિણી' નીકળી કર્તાના ગુરુ **દેવસુન્દરસૂરિ**ના મહિમારૂપ સાગર તરફ જાય છે. P. ૪૭૮

---

૧. આદ્ય ચાર પદ્યો ખંડિત છે.

૨. આ કૃતિ સંપૂર્ણપણે કોઈ સ્થળે મળતી હોય એમ જણાતું નથી. જૈનાનંદપુસ્તકાલયની ક્રમાંક ૨૩૭ની હાથપોથીમાં ''સ્તવ-પંચવિંશતિકા'' સુધીનો જ ભાગ છે. અહીંના 'આણસુર' ગચ્છના ભંડારની એક હાથપોથી (ક્રમાંક ૫૭૫)માં સંપૂર્ણ ''વર્તમાન-ચતુર્વિંશતિશ્રીજિનસ્તવ-ચતુર્વિંશતિકા'' નામનું હ્રદ છે. ફક્ત પહેલું પત્ર નથી અને એથી પ્રથમનાં નવ નવ પદ્યોવાળા ત્રણ તરંગ અને ચોથાનાં સાડાચાર પદ્યો (કુલ્લે ૩૧ા પદ્યો ખૂટે છે.) પ્રથમસ્રોતના ૧૨ તરંગ ''જૈનસ્તોત્રસંચય'' વિ.૩માં છપાયા છે.

૩. આ ''ય. જૈ. ગ્રં.'' માં વિ. સં. ૧૯૬૧માં પ્રકાશિત થયેલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટી નદી હોય તો એના ભિન્ન ભિન્ન ફાંટા પડી એ વિવિધ દિશામાં વહે-એના જાતજાતના પ્રવાહ જણાય. **ત્રિદશતરંગિણી** માટે પણ ભિન્ન ભિન્ન સ્રોતની કલ્પના **મુનિસુન્દરસૂરિએ** કરી છે.

ત્રિદશતરંગિણી સંપૂર્ણ હજી સુધી મળી નથી. એનાં ઓછામાં ઓછાં ત્રણ સ્રોત છે. તેમાંના પ્રથમ સ્રોતનું નામ 'જિનાદિસ્તોત્રરત્નકોશ' કિંવા 'નમસ્કારમંગલ' છે. બીજા સ્રોતનું નામ કે એને અંગેનું લખાણ જાણવામાં નથી. ત્રીજા સ્રોતનું નામ 'ગુરુપર્ववર્ણન' છે. પ્રત્યેક સ્રોતને મહાહ્રદ છે. તેમાં પ્રથમ સ્રોતને 'વર્તમાનચતુર્વિંશતિશ્રીજિનસ્તવચતુર્વિંશતિકા' નામનું મહાહ્રદ છે. બીજો સ્રોત મળતો નથી. એના મહાર્હદના નામની પણ ખબર નથી. ત્રીજા સ્રોતને 'ગુર્વાવલી' નામનો મહાહ્રદ છે. પ્રત્યેક મહાહ્રદને હ્રદ અને હ્રદને તરંગો છે.

[1]**ગુર્વાવલીના** અંતમાં '૬૧ તરંગો' એવો ઉલ્લેખ છે. એ એક રીતે વિચારતાં એના જ તરંગોની સંખ્યા સૂચવે છે પણ સાથે સાથે એમ પણ ભાસે છે કે એ **ગુર્વાવલી** સુધીના વિભાગના તરંગોની સંખ્યા હશે.

P. ૪૭૯ 'ત્રિદશતરંગિણી'રૂપ આ વિજ્ઞપ્તિ-લેખ ૧૦૮ હાથ જેટલો લાંબો હોવાનો ઉલ્લેખ જિનવર્ધનગણિએ પોતે વિ. સં. ૧૪૮૨માં રચેલી પટ્ટાવલીમાં કર્યો છે. એમાં ૧૦૮ ચિઠ્ઠીઓ (ચોંટાડાયેલી) હોવાની વાત વિ. સં. ૧૪૮૦માં **હર્ષભૂષણગણિએ** રચેલા **અંચલમતદલન-પ્રકરણમાં** જોવાય છે. વિશેષમાં આ પ્રકરણમાં આ વિજ્ઞપ્તિલેખનો પરિચય આપતાં કહ્યું છે કે એમાં અનેક પ્રાસાદ, પદ્મ, ચક્ર, ષટ્કારક, ક્રિયાગુપ્તક, તર્ક-પ્રયોગ, અનેક ચિત્રાક્ષર, દ્વ્યક્ષર, પંચવર્ગ-પરિહાર અને અનેક સ્તવ છે.[2] **ધર્મસાગરગણિએ** [3]**ગુરુપરિવાડી (તપાગચ્છપટ્ટાવલી)**ની ગા. ૧૬ની સ્વોપજ્ઞ ટીકા (પૃ. ૬૬)માં આ બાબતો ઉપરાંત અર્ધભ્રમ, સર્વતોભદ્ર, મુરજ, સિંહાસન, અશોક, ભેરી, સમવસરણ, સરોવર, આઠ મહાપ્રાતિહાર્યો ઇત્યાદિ નવા ત્રણસો બંધ એટલી વિશેષ હકીકત આપી છે.[4]

પ્રથમ સ્રોતના પ્રારંભમાં નીચે મુજબના છ તરંગ છે :–

(૧) [5]મંગલ-શબ્દ-શ્લોક-સર્વજ્ઞાષ્ટક (શ્લો. [6]૧૦) (૨) યુગાદિદેવસ્તવનાષ્ટક (શ્લો. ૧૦).

(૩) શાન્તિજિનયમકસ્તવાષ્ટક (શ્લો. ૧૧). (૪) પંચમવર્ગપરિહાર-શ્રીનેમિજિનસ્તવનાષ્ટક (શ્લો. ૧૨).

P. ૪૮૦ (૫) **પાર્શ્વનિજસ્તવનાષ્ટક** (શ્લો. ૧૧) (૬) **વર્ધમાનસ્વામિસ્તવ** (શ્લો. ૧૭).

આ પૈકી પ્રથમ તરંગ જોતાં એમ ભાસે છે કે અહીંથી **ત્રિદશતરંગિણીનો** પ્રારંભ થાય છે.

---

૧. આમાં એક સ્થળે 'સ્ત્રી જિનની પૂજા કરી શકે' એ વાત છે.

૨. મૂળ ઉલ્લેખ માટે જુઓ D C G C M (Vol XVIII, pt. 1, p. 130)

૩. જુઓ **પટ્ટાવલી-સમુચ્ચય** (ભા. ૧, પૃ. ૬૬)

૪. જુઓ I L D (હપ્તો ૨, પૃ. ૧૧૬-૧૧૭)

૫. આની પહેલાં **ત્રિદશતરંગિણીના** મંગલાચરણરૂપે એક પદ્ય છે.

૬. આ શ્લોકોની સંખ્યા છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પહેલા બે તરંગોમાં આઠ આઠ પદ્યો પછીનાં બે પદ્યોને 'ચૂલા' અને 'પ્રતિચૂલા' તરીકે ઓળખાવેલાં છે જ્યારે ત્રીજામાં નવમા પછી અને ચોથામાં દસમા પછી આમ છે. પાંચમાં તરંગમાં આઠમા પદ્ય પછીનાં પદ્યોને ચૂલા, પ્રતિચૂલા અને સમર્થના-પંક્તિ કહેલાં છે.

વર્ધમાનસ્વામિસ્તવ નામના છઠ્ઠા તરંગમાં મંગલાચરણરૂપે પહેલું પદ્ય છે. ત્યાર પછી. '૨' એ અક્ષરવાળું 'એકાક્ષરી' પદ્ય છે. ત્રીજા અને [૧]ચોથા પદ્યમાં 'સ' અને '૨' એ બે જ અક્ષરોનો ઉપયોગ કરાયો છે. આમ આ 'દ્વ્યક્ષરી' પદ્યો છે. એવી રીતે પાંચમાં પદ્યમાં 'વ' અને '૨', છઠ્ઠામાં 'ર' અને 'ય', સાતમામાં 'મ' અને 'ર' તેમ જ આઠમા અને [૨]નવમામાં 'ય' અને 'મ', ૧૦મા, ૧૧મા અને ૧૨માં 'સ' અને 'ર', તેરમામાં 'વ' અને 'ર'નો ઉપયોગ કરાયો છે. આ 'દ્વ્યક્ષરી' પદ્યો છે ચૌદમું પદ્ય ઉપસંહારરૂપે છે. અને પછીનાં ત્રણ પદ્યોને ચૂલા, પ્રતિચૂલા અને સમર્થના-પંક્તિ એ નામથી ઓળખાવાયાં છે. આ છઠ્ઠા તરંગના શ્લો. ૨ થી ૧૪ ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ છે. એને આધારે શ્લો. ૨ થી ૧૩ ને અંગે પદચ્છેદ, અન્વય અને સ્પષ્ટીકરણ **આ**ગમોદ્ધારકે તૈયાર કર્યાં છે.

આ છઠ્ઠા તરંગ પછી 'ચતુર્વિંશતિજિનસ્તવાશીર્વાદ' નામનો હ્રદ શરૂ થાય છે. એમાં પ્રથમ P. ૪૮૧
મંગલાચરણરૂપે એક શ્લોક આપી નીચે મુજબના ત્રણ તરંગો રજૂ કરાયા છે :–

(૧) આદ્ય-જિનાષ્ટક (શ્લો. ૮ + ૧ ચૂલા). (૨) મધ્યમ-જિનાષ્ટક (શ્લો. ૮). (૩) ચરમ-જિનાષ્ટક (શ્લો. ૮).

આના પછી ઉપસંહારરૂપે બે પદ્યો છે.

ઉપર્યુક્ત ત્રણ તરંગ પૈકી પહેલામાં **ઋ**ષભદેવથી માંડીને **ચ**ન્દ્રપ્રભસ્વામી સુધીના આઠ તીર્થંકરોની સ્તુતિ છે. એવી રીતે બીજામાં એમના પછીના આઠની અર્થાત્ સુવિધિનાથથી **શા**ન્તિનાથ સુધીના આઠ મધ્યમ તીર્થંકરોની સ્તુતિ છે અને ત્રીજામાં છેલ્લા આઠની એટલે કે કુન્થુનાથથી તે **મ**હાવીરસ્વામી સુધીના તીર્થંકરોની સ્તુતિ છે.

આ ત્રણ તરંગોનો ક્રમાંક નવેસરથી ન આપતાં ચાલુ અપાયો છે એટલે કે અને ૭મા, ૮મા અને ૯મા તરંગ ગણેલા છે. આ નવ તરંગ પૂર્ણ થતાં હ્રદ પૂરો થાય છે એવો ઉલ્લેખ છે. આ હ્રદ પછી નીચે મુજબના ત્રણ તરંગો છે :–

(૧) ક્રિયાદિગુપ્તકરૂપ વિશ્વકાલનીયવ્યાપિજિનસ્તાવાષ્ટક (શ્લો. [૩]૮). (૨) 'જીરાપલ્લી' પાર્શ્વસ્તવનાષ્ટક (શ્લો. ૯). (૩) શારદાસ્તવાષ્ટક (શ્લો. ૯).

આ ત્રણેના ક્રમાંક ચાલુ અપાયા છે એટલે આ હિસાબે આ દસમાથી [૪]બારમા તરંગ છે. P. ૪૮૨
એમાં પહેલામાં ક્રિયાદિ ગુપ્તરૂપે છે. બીજાનો 'દ્વિતીય-પુટભેદ' રૂપે નિર્દેશ છે. આ પૈકી દસમા

૧. આ ચોથું પદ્ય ત્રીજા પદ્યના પાઠાન્તરરૂપે અપાયું છે.

૨. આ નવમું પદ્ય આઠમાના પાઠાન્તરરૂપ છે.

૩. આની પહેલાં મંગલાચરણરૂપે બે પદ્યો છે.

૪. ''कला काचित्''થી શરૂ થતું અને ''નમસ્કાર-મંગલ'' નામના પ્રથમ સ્રોતના બારમા તરંગ તરીકે નિર્દેશાતું નવ પદ્યનું **શારદાસ્તવાષ્ટક** ભ. સ્તો. પા. કા. સં. (ભા. ૨)ની મારી પ્રસ્તાવના (પૃ. ૩૩-૩૪)માં મેં ઉદ્ધૃત કર્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તરંગ ઉપર **આગમોદ્ધારકે** પદચ્છેદ કરવા પૂર્વક ક્રિયાપદ વગેરે જે અહીં ગુમ છે તેનો સ્પષ્ટ નિર્દેશ કર્યો છે.

આના પછી ૨૫ સ્તોત્રોવાળી **સ્તવપંચવિંશતિકા** છે. ૧૬મા સ્તોત્ર તરીકે 'ભુજંગ-દંડક'માં રચાયેલી ચાર પદ્યની **વીર-દંડક-સ્તુતિ** છે.

ગુર્વાવલી– આ સંસ્કૃતમાં રચાયેલાં ૪૯૬ પદ્યોની કૃતિ છે. એ વિ. સં. ૧૪૬૬માં રચાયેલી છે. એમાં **મહા**વીરસ્વામીથી માંડીને **દેવ**સુન્દરસૂરિ અને એમના પટ્ટધર **સોમ**સુન્દરસૂરિ (શ્લો. ૩૪૫, ૩૪૮-૩૬૩ અને ૩૯૧-૪૦૬) તેમ જ તેમના શિષ્યો સુધીનો ક્રમબદ્ધ વૃત્તાન્ત છે. આમ આમાં કર્તાના સમયની અનેક વિશ્વસનીય બાબતો રજૂ કરાયેલી છે. નવાઈની વાત તો એ છે કે કર્તાએ પોતાનાં જન્મ, દીક્ષા અને વાચકપદ ક્યાં અને ક્યારે થયાં એ જણાવ્યું નથી.

ગુર્વાવલીના ૨૬૩મા પદ્યમાં કહ્યું છે કે ભીમપલ્લીનો (ભીલડીયાજીનાં) નાશ થનાર હતો તે જાણી [૧]એઓ પ્રથમ કાર્ત્તિકમાં ચાતુર્માસિક પ્રતિક્રમણ કરી અન્યત્ર વિહાર કરી ગયા. આમ અહીં અધિક માસ તરીકે કાર્ત્તિકનો [૨]ઉલ્લેખ છે.

P. ૪૮૩ પ્રસ્તુત આચાર્ય 'તપા'ગચ્છના છે અને આજે કેટલા યે સમયથી આ ગચ્છના અનુયાયીઓ અધિક માસમાં સાંવત્સરિક પ્રતિક્રમણ જેવી વિશિષ્ટ ધાર્મિક ક્રિયા કરતા નથી તો એ **સોમ**પ્રભસૂરિએ કેમ ચાતુર્માસિક પ્રતિક્રમણ કર્યું ઇત્યાદિ પ્રશ્નો મેં મારા નિમ્નલિખિત [૩]લેખમાં રજૂ કર્યાં છે :–

'' 'અધિક' યાને પ્રથમ કાર્ત્તિક માસમાં ચાતુર્માસિક પ્રતિક્રમણ.''

(૫) [૪]**વિજ્ઞપ્તિત્રિવેણી** (વિ. સં. ૧૪૮૪)– આ ઐતિહાસિક વિજ્ઞપ્તિપત્ર 'ખરતર' ગચ્છના
P. ૪૮૪ ઉપાધ્યાય [૫]જયસાગરે વિ. સં. ૧૪૮૪ના ભાદરવા સુદ આઠમે લખ્યું (રચ્યું) છે એની હાથપોથી એ જ વર્ષની અને એ જ માસની દસમે-બે દિવસ પછી લખાયેલી મળે છે.

---

૧. ધર્મઘોષસૂરિના શિષ્ય **સોમ**પ્રભસૂરિ.

૨. આવો બીજો ઉલ્લેખ વિ. સં. ૧૬૫૪ને અંગે જોવાય છે. એની સવિસ્તાર નોંધ મેં ''અધિક'' માસ તરીકે કાર્ત્તિકથી ફાગણ તેમ જ 'ક્ષય માસ' તરીકે કાર્ત્તિકથી પોષ નામના મારા લેખમાં લીધી છે. આ લેખ ''ગુ. મિત્ર તથા ગુ. દર્પણ'' (સામાહિક) તા. ૪-૮-'૫૮ના અંકમાં છપાવાયો છે.

૩. આ લેખ ''જૈન'' (પર્યુષણાંક, પુ. ૫૭, અં. ૩૬-૩૭)માં પ્રસિદ્ધ થયો છે.

૪. આ ''જૈ. આ. સ.'' તરફથી **જિન**વિજયજીની પ્રસ્તાવના સહિત ઈ. સ. ૧૯૧૬માં પ્રકાશિત કરાઈ છે. જે હાથપોથી ઉપરથી આ કૃતિ સંપાદિત કરાઈ છે તેના અન્તિમ પત્રની અહીં પ્રતિકૃતિ અપાઈ છે. પ્રસ્તાવના (પૃ. ૮૧)માં વિ. સં. ૧૪૬૧માં સ્વર્ગે સંચરનારા **જિન**રાજસૂરિના શિષ્ય-પ્રશિષ્યાદિનું વંશવૃક્ષ અપાયું છે. એમાં **શ્રી**વલ્લભનો તેમ જ વિ. સં. ૧૬૯૯માં કાળધર્મ પામેલા **જિન**રાજસૂરિનો ઉલ્લેખ છે. પ્રસ્તુત કૃતિ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૩૭-૬૮)માં પણ છપાવાઈ છે.

૫. જિ. ૨. કો. (વિ. ૧, પૃ. ૩૫૫)માં આ **વિજ્ઞપ્તિત્રિવેણી**ના કર્તા તરીકે **ભોજ** કવિ કિંવા **ભોજ**સાગરનો ઉલ્લેખ છે તે ભ્રાન્ત છે. એ **વિજ્ઞપ્તિત્રિવેણી**ના અંતમાંના (પૃ. ૬૫) નિમ્નલિખિત પદ્યને આભારી જણાય છે :–

''श्रेष्ठिनो नरसिंहस्य तनयो विनयावनिः।
भोजाख्यः साक्षरः क्षिप्रं प्राञ्जलिः प्रणमत्यसौ ॥४॥''

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ જયસાગર તે [1]**પૃથ્વીચન્દ્રચરિત્ર** વગેરેના પ્રણેતા છે. પ્રસ્તુત વિજ્ઞપ્તિપત્ર ત્રણ વેણિમાં વિભક્ત છે. એનાં નામ અનુક્રમે નીચે મુજબ છે :–

સરસ્વતી-કલ્લોલ, ગંગા-તરંગ અને યમુના-કલ્લોલ.

પહેલી બે વેણિનું પરિમાણ લગભગ સરખું છે જ્યારે ત્રીજીનુ લગભગ એથી ત્રીજે ભાગે છે. સમસ્ત કૃતિ ૧૦૧૨ શ્લોક જેવડી છે.

આ ત્રણે વેણિમાં ગદ્યમાં તેમ જ પદ્યોમાં લખાણ છે. પ્રથમ વેણિ પ્રસ્તુત અર્થના પ્રસ્તાવરૂપ છે, દ્વિતીય વેણિ તીર્થયાત્રાનું સમર્થન કરે છે અને તૃતીય (અન્તિમ) વેણિ જ્યેષ્ઠ-કલ્પવિધાન ઇત્યાદિના પ્રસ્તાવરૂપ છે.

'સિન્ધ' દેશના 'મલ્લિ(લ)કવાહણ(ન)' ગામથી ઉપાધ્યાય જય-સાગરે 'ખરતર' [2]**જિનભદ્રસૂરિ** કે જેઓ અણહિલપુર પાટણમાં હતા તેમના ઉપર આ વિજ્ઞપ્તિપત્ર લખ્યું છે. એ આચાર્યે આ ઉપાધ્યાયે કરેલી મુસાફરી અને 'નગરકોટ્ટ' વગેરે તીર્થોની યાત્રાનું કેટલુંક વર્ણન કોઈને મોઢે સાંભળ્યું તે ઉપરથી એ પૂર્ણપણે જાણવાના ઇરાદે એ લખી મોકલવા એમણે જયસાગરને જે સૂચન કર્યું તે ઉપરથી એમણે આ વિજ્ઞપ્તિપત્ર તૈયાર કર્યું હતું આમાં એમણે નિમ્નલિખિત સ્થળોનાં નામ આપ્યાં છે :– P. ૪૮૫

અણહિલ્લપાટક ([3]૮), ઐરાવતી (નદી) (૧૬), કાશ્મીર (દેશ) (૩૫), કોટિલ્લગ્રામ (૫૩), કોઠીપુર-નગર (૫૪), ગોપાચલપુર (૫૨), ચંદ્રભાગા (નદી) (૧૬), જાંગલ (દેશ) (૩૫), જાલંધર (૨૩), જાલંધર (દેશ) (૩૫), તલપાટક (૩૨), ત્રિગર્ત (૨૩), દેવપાલપુર (૩૩), દ્રોહડોટ્ટ (૨૨), નગરકોટ્ટ (૨૧), [4]નંદનવનપુર (૫૨), નિશ્ચિન્દીપુરી (૩૦), પાતાલગંગા (નદી), ફરીદપુર (૨૧), બાણગંગા (નદી) (૪૦), મધ્યદેશ (૩૩), મમ્મણપુર (૨૧) **મમ્મણવાહણ** (૨૧), મલ્લિકવાહણપુર (૧૭), મરુકોટ્ટ (૨૧) માબારષપુર (૨૪), વિપાશા (વ્યાસા) (નદી) (૧૬), સપાદલક્ષ (પર્વત) P. ૪૮૬

---

૧. જુઓ પૃ. ૧૭૧

૨. આ જિનભદ્રસૂરિએ ૧૨૦ ગાથાનું **જિણસત્તરિપયરણ** રચ્યું છે અને એમાં ઋષભદેવાદિ ચોવીસે તીર્થંકરોને અંગે નામ, નગર, આયુષ્ય વગેરે સિત્તેર બાબતો રજૂ કરી છે. **અષ્ટલક્ષાર્થી** (શ્લો. ૨૧) ઉપરથી જાણી શકાય છે કે આ સૂરિએ જેસલમેર, જાવાલપુરી, દેવગિરિ (દોલતાબાદ), અહિપુર, શ્રીપત્તન અને અણહિલપુર પાટણમાં જૈન ભંડારો સ્થાપિત કરાવ્યા હતા. અન્ય ઉલ્લેખો વિચારતાં એમ કહી શકાય કે આ ઉપરાંત મંડપદુર્ગ (માંડવગઢ), આશાપલ્લી યાને કર્ણાવતી અને ખંભાતમાં પણ એમણે ભંડારો સ્થાપ્યા હતા.

વિશેષમાં આ સૂરિની મંડળીએ જેસલમેરના ભંડારની તાડપત્રીય પ્રતિઓને કાગળ ઉપર ઉતરાવી લીધી હતી. એ જ સમયે પાટણ અને ખંભાતના ભંડારો માટે એવો પ્રબંધ દેવસુન્દરસૂરિની અને **મુનિસુન્દરસૂરિની** મંડળીએ કર્યો હતો.

૩. આ પ્રથમ આવૃત્તિ પ્રમાણેના પૃષ્ઠનો અંક છે.

૪. આ વિપાશાના તટ પર આવેલું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩૭), સિન્ધુ (દેશ) (૧૬), સિન્ધુ (નદી) (૧૬), સુશર્મપુર (નગરકોટ્ટ) ૨૩ અને [૧]હરિયાણા (૩૫).

[૨]**નગરકોટ્ટ**– પંજાબના 'જાલંધર' વિભાગમાંના [૩]'કાંગડા' જિલ્લામાં કાંગડા નામનો કસબો છે. એ પહેલાં કટૌચ રાજ્યની રાજધાની હતી. આ કસબાથી બાણગંગા નજરે પડે છે. નગરકોટ્ટને આજકાલ 'કાંગડા' કે 'કોટકાંગડા' કહે છે. એનું આ ઉપરાંતનું બીજું પ્રાચીન નામ [૪]સુશર્મપુર છે. એના કિલ્લાનું નામ કંગદકુદર્ગ હતું. (જુઓ પૃ. ૪૬).

P. ૪૮૭ એનું આજે કાંગડા તરીકે રૂપાંતર થયું છે.[૫]

અત્યારના કાંગડાના બજારમાં **ઈન્દ્રવર્મા**નું હિન્દુ મંદિર છે. એની કમાનમાં **પાર્શ્વનાથ**ની પ્રતિમા છે. એને આજે લોકો ભૈરવની મૂર્તિ સમજી તેલ અને સિંદૂર દ્વારા એની પૂજા કરે છે, એ મૂર્તિની ગાદી ઉપર એક લેખ છે. એ તેલ અને સિંદૂરને લઈને દબાઈ ગયો છે.[૬]

વિજ્ઞપ્તિત્રિવેણીના પ્રારંભમાં ૪૨ પદ્યો છે. એ પૈકી નિમ્ન-લિખિત ૨૨મું પદ્ય **કુન્થુનાથ**ને અંગે વક્રોક્તિનું ઉદાહરણ પૂરું પાડે છે :

"कुन्थुं कान्त ! नमस्कुरु प्रियतमे ! कः क्षुद्रजन्तुं नमेत् ?
भर्तः ! श्रीतनयं वदामि, मदनः किं ? नैव, सूरात्मजः ।
किं मन्दोऽयमयि प्रभो ! नहि, जगत्प्रद्योतकस्तीर्थकृत्
दम्पत्योरिति वक्रवाक्यविषयः पुष्यात् सुखान्येष वः ॥२२॥"

આનું ૨૯મું પદ્ય પ્રશ્નોત્તરરૂપ છે.

પૃ. ૮ ઉપરના છઠ્ઠા પદ્યમાં ક્ અને લ્ એ બે જ વ્યંજનો વપરાયાં છે– એ પદ્ય દ્વિવ્યંજન-ચિત્રરૂપ છે. એવી રીતનું 'ત્' અને 'ન્' વાળું એક પદ્ય પૃ. ૨૫માં 'સ્' અને 'ર્'વાળું એક પદ્ય પૃ.

---

૧. આ મધ્યદેશ, જાંગલ દેશ, જાલંધર દેશ અને કાશ્મીર દેશ એ ચારની સીમા જ્યાં મળે ત્યાં આવેલું છે. હરિયાણા આગળ કાનુક યક્ષનું મંદિર છે. જુઓ પ્રથમ આવૃત્તિનું પૃ. ૩૫

૨. આનો વિસ્તૃત પરિચય **વિજ્ઞપ્તિત્રિવેણીની** પ્રસ્તાવના (પૃ. ૮૫-૮૯)માં અપાયો છે. **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૭૦)માં મહામહોપાધ્યાય **જયસાગર**કૃત "નગરકોટ્ટ, મહાતીર્થ ચૈત્યપરિપાટી" છપાઈ છે. એમાં ૧૭ પદ્યો છે.

૩. કાંગડા જિલ્લાને પહેલાંના સમયમાં જાલંધર કે 'ત્રિગર્ત દેશ' કહેતા હતા.

૪. **મહાભારત** (વિરાટપર્વ, અ. ૩૦)માં કહ્યું છે કે દુર્યોધન તરફથી 'વિરાટ' નગર ઉપર **સુ**શર્મ રાજા ચઢાઈ લઈ ગયો હતો. એ રાજાના નામ ઉપરથી આ નગરનું નામ પડ્યું છે.

૫. **વિજ્ઞપ્તિત્રિવેણીની** પ્રસ્તાવના (પૃ. ૮૯)માં એવો ઉલ્લેખ છે કે આજે નગરકોટ્ટમાં ભાગ્યે કોઈ જૈન હશે. **વિજ્ઞપ્તિત્રિવેણીમાં** નિર્દેશાયેલાં ચાર જિનમંદિરમાંથી આજે એકે અહીં નથી. આથી એ અસલ જૈન તીર્થ હોવાની શંકા પણ ઊઠે તેમ નથી, પહેલાં તો અહીં **રૂ**પચન્દ્ર (વિ. સં. ૧૪૧૬) રાજાએ બંધાવેલું જિનમંદિર હતું અને **ન**રેન્દ્રચન્દ્ર (વિ. સં. ૧૫૨૧) રાજા જૈન ધર્મ પ્રત્યે સહાનુભૂતિ ધરાવતો હતો.

૬. જુઓ **વિજ્ઞપ્તિત્રિવેણીની** પ્રસ્તાવના (પૃ. ૯૩).

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૬૧માં તથા 'ર્' અને 'ગ્'વાળું એક પદ્ય [1]પૃ. ૬૨માં છે. P. ૪૮૮

પૃ. ૧૨માંનાં પદ્યો મહાદ્‌ભુત, અદ્‌ભુત અને પ્રહેલિકાનાં, પૃ ૧૩માંના પદ્યો [2]છત્ર-બંધ સોળ પાંખડીનું કામળ, ગોમૂત્રિકા-બંધ, અર્ધભ્રમ, બીજપૂરબંધ અને [3]આસન-બંધ તેમ જ પૃ ૧૪માંના બે પદ્યો [4]ચામર-બંધના ઉદાહરણ પૂરાં પાડે છે. પૃ. ૨૫ના અંતમાં ત્રણ પદ્યો છે. એને અંગે અષ્ટારચક્ર, પરિધિશ્લોક અને ક્રિયાગૂઢ એવો ઉલ્લેખ કરાયો છે. પૃ ૪૩-૪૫માં આદિનાથનું ૨૪ પદ્યનું જે સ્તવન છે એમાં પાંચમાં પદ્યને અંગે 'નાયકમણિ' એવો ઉલ્લેખ છે. પૃ ૪૮ ઉપર પ્રશ્નોત્તરો, પ્રહેલિકા અને ભાવાલંકારના નમૂનારૂપે પદ્યો અપાયાં છે. પૃ. ૫૩-૫૪ 'ચિન્તામણિ પાર્શ્વનાથની સાત શ્લોકની સ્તુતિ છે. તેમાં [5]છઠ્ઠો શ્લોક ચતુરર્થીના ઉદાહરણરૂપ છે જ્યારે શ્લો.૨-૬ પંચવર્ગપરિહારપૂર્વક રચાયા છે. પૃ. P. ૪૮૯ ૬૨ ઉપરના અંતિમ શ્લોકમાં પણ પ્રથમ પાંચ વર્ગના વ્યંજન નથી. વિશેષમાં એ તો 'છત્ર' બંધથી પણ વિભૂષિત છે. આ પૃ ૬૨ના આઠમા શ્લોક પરત્વે 'મહાદ્‌ભુત' અને પ્રથમાનાં એકવચન અને બહુવચન વડે વ્યાખ્યા કરવી એવો ઉલ્લેખ છે.

આના ચાર અર્થ કોઈએ પણ દર્શાવ્યા હોય એમ જણાતું નથી.

પૃ. ૬૩માં સ્વસ્તિક, ચામર-બંધ અને આસન-બંધથી અલંકૃત શ્લોકો છે.[6]

(૬) [7]**વિજ્ઞપ્તિપત્રિકા** (ઉ. વિ. સં. ૧૬૭૨)– આ મહોપાધ્યાય **કીર્તિવિજયે** વિદ્યાપુરથી P. ૪૯૦ ઈલાદુર્ગમાં રહેલા [8]**વિજયસેનસૂરિને** ઉદેશીને ૮૭ પદ્યોમાં રચેલી કૃતિ છે. આનો પ્રારંભ **પાર્શ્વનાથની** સ્તુતિથી કરાયો છે. કર્તાએ પોતાનું નામ ૩૭મા પદ્યમાં દર્શાવ્યું છે. ૪૨મા પદ્યમાં **પ્રજ્ઞપ્તિ** અને **રાજપ્રશ્ની** એમ બે આગમોનાં નામ છે. ૪૭મા પદ્યમાં લડુક અને શુકભક્ષિકા એ બે મીઠાઈનાં નામ છે. અંતમાં વિવિધ મુનિવરોની નતિ (પ્રણામ) અને અનુનતિનો ઉલ્લેખ છે.

---

૧. આની ઉપરના પદ્યને અંગે 'રસનોપમા' એવો ઉલ્લેખ છે.

૨. અન્ય ઉદાહરણ માટે જુઓ પૃ. ૬૨

૩. અન્ય ઉદાહરણ માટે જુઓ પૃ. ૬૩

૪. અન્ય ઉદાહરણ માટે જુઓ પૃ. ૬૩

૫. આ રહ્યુ એ પદ્ય :–

''यः स्वैरिवैरिविलयाय सहः सहस्वी
स्वीयस्ववशबहुलाम्बरशर्वरीशः ।
शश्वल्लली वशविहाररसीह शीलं
श्रेयोरहस्यसरसीरुहसूर एषः ॥६॥''

૬. આમ અહીં જે વિવિધ બંધોનો ઉલ્લેખ છે તેનાં નામ અને તેને લગતાં પદ્યો તેમ જ આસન, બીજપૂર, અને હાર બંધ સિવાયના બંધથી વિભૂષિત પદ્યોને અંગેનાં ચિત્રોની સમજણ I L D (હમો ૨, પૃ. ૧૧૭-૧૨૦)માં આપ્યાં છે.

૭. આને **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૧૫-૧૫૮)માં સ્થાન અપાયું છે.

૮. એમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૬૭૨માં થયો હતો.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૭) [1]**આનન્દલેખ** (વિ. સં. [2]૧૬૯૪)– આના કર્તા **હૈમલઘુપ્રક્રિયા** વગેરે પ્રણેતા ઉપાધ્યાય **વિનયવિજયગણિ** છે. એમણે ૨૫૨ પદ્યોમાં ભિન્ન ભિન્ન છંદમાં આ કૃતિ રચી છે અને એ દ્વારા કેટલાંક [3]ચિત્રકાવ્યો પૂરાં પાડ્યાં છે. સમગ્ર લેખ પાંચ અધિકારમાં વિભક્ત છે. એમાં અનુક્રમે ૫૧, ૫૬, ૪૪, ૬૩ અને ૩૮ પદ્યો છે.

અમદાવાદની પાસે આવેલા 'બારેજા' ગામથી **વિનયવિજયગણિ**એ ખંભાતમાં બિરાજતા **વિજયાનન્દસૂરિ**ને ઉદ્દેશીને આ વિજ્ઞપ્તિલેખ લખ્યો છે. આ વાત વિસ્તારથી વિચારીશું.

P. ૪૯૧ પ્રથમ અધિકાર "**स्वस्तिश्रीअमुकजिनं प्रणम्य**" એ પ્રથમ અવયવના વ્યાવર્ણનરૂપ છે અને એનું નામ "ચિત્તચમત્કાર" છે.

બીજા અધિકારનું નામ 'અલંકાર-ચમત્કાર' છે અને એ "**श्रीमति तत्र**" એ અવયના વ્યાવર્ણનરૂપ છે. એમાં શ્લો. ૫૨થી ૧૦૭માં ખંભાતનું વર્ણન છે.

ત્રીજો અધિકાર ઉતન્ત્તવ્યાવર્ણનરૂપ છે. એનું નામ પહેલા બે અધિકારની જેમ અપાયેલું નથી. એમાં દ્વારપુર એટલે કે બારેજા ગામનું કે જ્યાંથી લેખ મોકલાવાયો છે તેનું વર્ણન છે.

ચોથા અધિકારનું નામ 'શેષચિત્રચમત્કાર' છે. એમાં "**तैस्तातपादैः**" ને ઉદ્દેશીને ગુરુવર્ણન છે. એમાં એ સમયના ગચ્છાધિપતિ **વિજયાનન્દસૂરિ**નું પ્રશંસાત્મક વર્ણન છે અને એને અંગે ચિત્ર-કાવ્યો યોજાયાં છે.

પાંચમાં અધિકારનું નામ 'દૃષ્ટાન્ત-ચમત્કાર' છે. એમાં લેખપ્રશંસા છે. એમાં લેખના સાત પ્રકારનો ઉલ્લેખ છે. વિશેષમાં અહીં સુજન-દુર્જનનું વ્યાવર્ણન છે.[4]

---

૧. આ નામથી આની કોઈ હાથપોથી **જિ. ૨, કો.** (વિ. ૧)માં નોંધાયેલી નથી. બાકી પૃ. ૩૦માં જે **આનન્દપ્રબદ્ધલેખનો** ઉલ્લેખ છે તે આ જ કૃતિ હોવી જોઈએ. આ લેખ "દેશવિરતિધર્મારાધકસમાજ" તરફથી અમદાવાદથી વિ. સં. ૧૯૯૩માં પ્રકાશિત "શ્રી જૈન સાહિત્ય પ્રદર્શન શ્રીપ્રશસ્તિસંગ્રહ (પૃ. ૯૬-૧૧૯)માં છપાવાયો છે. એમાં ૧૫૯મું પદ્ય ખંડિત છે.
આ કૃતિનો સારાંશ 'જૈન યુગ' (પુ. ૫, અં ૪-૫, પૃ. ૧૬૫-૧૬૬)માં અપાયો છે.
આ **આનન્દલેખને** "આનન્દલેખપ્રબન્ધ"ના નામથી **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૭૩-૮૮)માં સ્થાન અપાયું છે. એમાં કોઈ પદ્ય ખંડિત નથી.

૨. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૬૪૮)માં આ ૧૬૯૭ની સાલ છે. જ્યારે **વિજ્ઞપ્તિત્રિવેણિની** પ્રસ્તાવના (પૃ. ૨૬)માં તો ૧૬૯૪નો ઉલ્લેખ છે. મૂળ કૃતિમાં "વાર્ધિ-નિધાન-ચન્દ્રકલા" એવો પાઠ છે એટલે વાર્ધિથી સાત સમજવા કે ચાર એ પ્રશ્ન રહે છે. (**વિ. લે. સં.** ભા. ૧, પૃ. ૮૮)માં ૧૯૯૪નો કૌંસમાં ઉલ્લેખ છે.

૩. આની નોંધ મેં I L D (હમો ૨, પૃ. ૧૨૭-૧૨૯)માં તેમ જ **વિનયસૌરભ** (પૃ. ૧૨૦-૧૨૧)માં લીધી છે.

૪. વિશેષ માટે જુઓ **વિનયસૌરભ** (પૃ. ૧૭૧૯)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સન્તુલન– આ સમગ્ર લેખ વિ. સં ૧૭૦૫માં **વિનયવિજયગણિ** દ્વારા ગુજરાતીમાં રચાયેલા **વિજયદેવસૂરિલેખ** સાથે ઇતિહાસની દૃષ્ટિએ વિચારવા જેવો છે.

(૮) [1]**વિજ્ઞપ્તિકા** (વિ. સં. ૧૬૯૯)– આ **વિજયસિંહસૂરિ**એ પોતાના ગુરુ **વિજયદેવસૂરિ** ઉપર ૩૦૭ કે ૩૧૦ પદ્યોમાં 'દીપોત્સવી' પર્વને દિવસે વિ. સં. ૧૬૯૯માં લખેલ વિજ્ઞપ્તિલેખ છે. P. ૪૯૨ એનો પ્રારંભ **મહાવીરસ્વામી**ને વન્દનથી કરાયો છે. ત્યાર બાદ તેમ જ આગળ ઉપર આ જ લેખમાં જાતજાતનાં આકારચિત્રોથી અલંકૃત પદ્યો છે. એ બંધોનાં નામ અકારાદિક્રમે ગોઠવી પદ્યાંક સહિત હું નોંધું છું :–

કંકણ (૧૭૪), કમલ ([2]૬૩, ૨૧૪, [3]૨૨૯-૨૫૩), કલશ (૫૪, ૨૧૨), ખડ્ગ (૪૯-૫૦, ૨૦૭-૨૦૮), [4]ચક્ર (૬૧-૬૨), ચમર (૪૫, ૨૭૧), ચામર (૨૦૪), છત્ર (૫૨, ૨૧૦), ત્રિશૂલ (૪૩, ૨૦૧), દર્પણ (૬૭, ૧૧૪), ધનુષ્ય (૪૯, ૨૦૭), ધ્વજ (૬૦), નન્દાવર્ત (૧૧૯-૧૨૨), નાગપાશ (૧૨૪, ૨૨૨), ભદ્રાસન (૧૨૩), ભલ્લ (૪૮, ૨૦૬), મત્સ્યયુગલ (૧૧૫), મુદ્ગર (૫૭, ૨૧૬), મુશલ (૪૨, ૨૦૦), રથ (૫૩, ૨૧૧), વજ્ર, (૫૮, ૨૧૭), શક્તિ (૫૧, ૨૦૯), શંખ (૪૪, ૨૦૨), શર (૫૬, ૨૧૫), શરાવસંપુટ (૧૧૭-૧૧૮), શ્રીકરી (૪૬, ૨૦૩), શ્રીવત્સ (૬૮, ૧૧૬), [5]સિંહાસન (૧૦૯-૧૧૩), સ્વસ્તિક (૫૯, ૨૧૮), હલ (૪૭, ૨૦૫) અને હાર (૧૭૬, ૧૯૭).

આ ઉપરથી જોઈ શકાશે કે આમાં સુપ્રસિદ્ધ આઠ મંગલોને સ્થાન અપાયું છે. વિશેષમાં ૫૫મું અને ૨૧૩મું પદ્ય અર્ધભ્રમનું અને ૬૬મું ગોમૂત્રિકાનું ઉદાહરણ પૂરું પાડે છે. ૬૯મા પદ્યનાં ચારે ચરણ સમાન છે. ૨૭૨માં પદ્યમાં એક જ વ્યંજન ક્ છે જ્યારે ૨૭૩મા પદ્યમાં ન્ અને મ્ અને ૨૭૪માંમાં P. ૪૯૩ ત્ ને ન્ એમ બે જ વ્યંજન છે.

મહાવીરજિનપ્રણામકરણપદ્ધતિ બાદ ગચ્છાધિપતિના વર્ષાવાસ દરમ્યાનની અવરંગાબાદ નગરીનું વર્ણન તેમ જ લેખ મોકલનારના સ્થળનું અને એમનાં ધર્મકૃત્યોનું વર્ણન છે. ૧૫૧મા પદ્યમાં છ ચરણ છે. એ ષટ્પદી છે. પહેલાં ચાર ચરણો પ્રહેલિકા રજૂ કરે છે જ્યારે અંતિમ બે ચરણો એના ઉત્તરનું સૂચન કરે છે. આ ઉત્તર નીચે મુજબ છે :–

"श्रीमद्विजयदेवसूरिगुरवे नमः"

---

૧. આ કૃતિ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૩૭-૧૫૦)માં છપાવાઈ છે. અંતમાં કે અન્યત્ર ત્રણ પદ્યો લુપ્ત બન્યાં છે એમ એક હાથપોથીમાં અંતિમ પદ્યનો ક્રમાંક ૩૧૦ જોતાં જણાય છે. ૩૦૬મું પદ્ય ખંડિત છે.

૨. આ ૨૮ દલથી યુક્ત છે. એમાં ૨૮ વાર 'ન્' છે.

૩. પહેલાં આ ૨૪ પદ્યો ૯૬ પાંખડીના કમળની રચના પૂરી પાડે છે અને ૨૫મું પરિધિની.

૪. આ આઠ આરાનું ચક્ર છે.

૫. આ ચંપકથી વિભૂષિત છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ કૃતિ (પૃ. ૧૪૩)માં પ્રજ્ઞાપના, પ્રથમાંગસૂત્ર (આયાર) અને કલ્પસૂત્રનો ઉલ્લેખ છે.

૧૫૪મા, ૨૨૮મા તથા ૨૫૩મા એ ત્રણ પદ્યના અંતમાં 'પરિધિ'નો ઉલ્લેખ છે. ૧૭૫મા પદ્યના અંતમાં નીચે મુજબ ઉલ્લેખ છે :–

''कङ्कणमध्यस्थस्वस्तिक१चमर२बीजपुर३कमल४धनु:५स्थपनिकाद्दचित्रमयश्लोक:''।

૨૨૦મા પદ્યના અંતમાં પરિધિ તથા આ ચિત્રો વડે ૨૦ દલનો કમલબન્ધ એવો ઉલ્લેખ છે.

૧૯૭મા પદ્યના અંતમાં ''मध्यमणिद्वयमण्डितवृत्तत्रपदकडीकलितहारबन्धचित्रम्'' ઉલ્લેખ છે. ૧૮૦મા, ૧૮૭મા અને ૧૯૨મા એ ત્રણ પદ્યોના અંતમાં અનુક્રમે પ્રથમમધ્યમણિહારબન્ધ, પદકડી અને દ્વિતીયમધ્યમણિ ઉલ્લેખ છે.

P. ૪૯૪ પ્રસ્તુત વિજ્ઞપ્તિકાની હાથપોથી આકારચિત્રોથી અલંકૃત હશે. જો એમ જ હોય તો પહેલી તકે **વિજ્ઞપ્તિકા** સચિત્ર સ્વરૂપે પ્રસિદ્ધ કરવી ઘટે.

(૯) [1]**વિજ્ઞપ્તિપત્ર** (વિ. સં ૧૬૯૯)– આ **વિજય**સિંહના શિશુ (શિષ્ય) ઉદયવિજયની ૩૧૭ પદ્યની રચના છે. આ બે વિભાગમાં વિભક્ત [2]૬૭ બંધોથી અલંકૃત છે. એ પૈકી નિમ્નલિખિત બન્ધોને લગતાં ઉદાહરણરૂપ સંસ્કૃત પદ્યો ભાગ્યે જ જોવામાં આવે છે :–

નાગપાશ, પતાકા, મુદ્ગર, રથ, સિંહાસન અને સ્થપનિકા.

(૧૦) [3]**વિજ્ઞપ્તિકા** (વિ. સં. ૧૭૦૩)– આ **વિનય**વર્ધનગણિએ **વિજય**સિંહસૂરિ ઉપર ૯૪ પદ્યોમાં વિ. સં. ૧૭૦૩માં લખેલ વિજ્ઞપ્તિપત્ર છે. પ્રારંભમાં **શાન્તિ**નાથ, **પાર્શ્વ**નાથ અને **મહા**વીરસ્વામીને ઉદ્દેશીને પદ્યો છે. ત્યાર બાદ 'કૃષ્ણકોટ્ટ' પુરનું વર્ણન છે. ત્યાર પછી **વિનય**વર્ધનગણિએ પોતાને ત્યાંના સમાચાર રજૂ કર્યા છે અને પછી **વિજય**સિંહસૂરિનું એમના મુખ અને યશને લક્ષીને વર્ણન છે. ૭૪મા અને ૭૫મા પદ્ય પ્રહેલિકારૂપ છે.

P. ૪૯૫ (૧૧) [4]**વિજ્ઞપ્તિકા** (વિ. સં. ૧૭૦૪)– આ ઉપર્યુક્ત **વિનય**વર્ધનગણિએ જ **વિજય**સિંહસૂરિ ઉપર વિંહદિથી વિ. સં. ૧૭૦૪માં વિજયદશમીએ લખેલ વિજ્ઞપ્તિપત્ર છે. એમાં ૧૦૪ પદ્યો છે. એમાં વિંહદિનું તથા ગુરુનું વર્ણન છે. પદ્ય ૬૩-૭૭ કમલબન્ધમાં છે. આ પ્રત્યેક પદ્યના એકે એક ચરણના અંતમાં 'સારંગ' શબ્દ છે. એના સૂર્ય, ચન્દ્ર ઇત્યાદિ ૬૦ અર્થ અપાયા છે.[5] ૭૮મું અને ૭૯મું પદ્ય

૧. આની કાગળ ઉપર લખાયેલી પરંતુ કપડા ઉપર ચોંટાડાયેલા લખાણવાળી એક હાથપોથી મુનિશ્રી પુણ્યવિજયજી પાસે મેં જોઈ હતી. એ $10\frac{3}{4}$ ઇંચ પહોળી અને ૨૦ ફૂટ અને $9\frac{1}{2}$ ઇંચ લાંબી છે. એ જાતજાતના ચિત્રોથી અલંકૃત છે. એમાંનાં ત્રણ પદ્યો મેં I L D નામના મારા લેખના બીજા હપ્તા (પૃ. ૧૨૬)માં આપ્યાં છે.

૨. આનાં નામ મેં ઉપર્યુક્ત લેખ (પૃ. ૧૨૬) માં આપ્યાં છે.

૩. આ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૨૦૫-૨૦૮)માં છપાવાઈ છે.

૪. આ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૨૦૯-૨૧૩)માં છપાવાઈ છે.

૫. સરખાવો ગુણવિજયકૃત **મહાવીરજિનસ્તવ.** જુઓ. પૃ. ૪૭૩.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એક છે. પ્રહેલિકારૂપ છે. એ પૈકી પ્રથમ પદ્ય 'દ્વિર્વ્યસ્તસમસ્ત' જાતિના અને દ્વિતીય પદ્ય 'વ્યસ્તસમસ્ત' જાતિના દૃષ્ટાન્તરૂપ છે. બંને પ્રહેલિકાના ઉત્તર અનુક્રમે **નાયકદે** અને **સાહનાથુ** છે. ૮૦મું પદ્ય 'નિરોષ્ઠ' કાવ્યરૂપ છે.

(૧૨) [૧]**વિજ્ઞપ્તિકા** (વિ. સં. ૧૭૦૪)– આ ઉપાધ્યાય **ધન**વિજયગણિએ સુરતમાં રહેલા **વિજય**દેવસૂરિને ઉદ્દેશીને રાજપુરથી ૮૬ પદ્યોમાં વિ. સં. ૧૭૦૪માં લખેલી કૃતિ છે. એમાં તીર્થંકરના વર્ણન બાદ સૂર્યપુર (સુરત)નું અને રાજપુરનું વર્ણન છે. ૮૬મું પદ્ય જોતાં એમ લાગે છે કે આ પત્રના પ્રેષક **સિદ્ધ**વિજયના શિષ્યાણુ છે.

(૧૩) [૨]**વિજ્ઞપ્તિકા** (ઉ. વિ. સં. ૧૭૦૯)– આ દેવકપત્તનથી **અમર**ચન્દ્રગણિએ પત્તનનગરમાં રહેલા **વિજય**સિંહસૂરિ ઉપર ૬૩ પદ્યોમાં લખેલ વિજ્ઞપ્તિપત્ર છે. પ્રારંભમાં તીર્થંકરનું વર્ણન છે.

(૧૪) [૩]**વિજ્ઞપ્તિકા** (ઉ. વિ. સં. ૧૭૦૯)– આ સ્તંભતીર્થથી **કમલ**વિજયગણિએ P. ૪૯૬
વિજયસિંહસૂરિને ૧૪૩ પદ્યોમાં કરેલી વિજ્ઞપ્તિ છે. એ આ **કમલ**વિજયગણિના શિષ્ય **રવિ**વિજયે લખી હતી.

(૧૫) [૪]**વિજ્ઞપ્તિકા** (ઉ. વિ. સં. ૧૭૦૯)– આ યોધપુર (જોધપુર)થી પં. **લાવણ્ય**વિજયગણિએ રાજનગરમાં રહેલા **વિજય**સિંહસૂરિ ઉપર ૯૧ પદ્યમાં લખેલી વિજ્ઞપ્તિ છે. આનો પ્રારંભ **પાર્શ્વ**નાથની સ્તુતિથી કરાયો છે. ત્યાર બાદ પદ્ય ૧૪-૨૮માં રાજનગરનું વર્ણન છે. **વિજય**સિંહસૂરિનું વર્ણન પદ્ય ૪૫-૬૧માં કરાયું છે.

(૧૬) [૫]**વિજ્ઞપ્તિકા** (ઉ. વિ. સં. ૧૭૧૩)– આ **રવિ**વર્ધનગણિએ રાજનગર યાને અહમ્મદાવાદ (અમદાવાદ)માં રહેલા **વિજય**દેવસૂરિ ઉપર ૬૩ (૪૬ + ૧ + ૮ + ૮) પદ્યોમાં લખેલી વિજ્ઞપ્તિ છે. અંતમાંના સોળ પદ્યો વિજયદેવસૂરિના ગુણગાનરૂપ છે. એનો 'ગિરાષ્ટક' અને 'યશોઽષ્ટક' તરીકે ઉલ્લેખ કરાયો છે. આ કૃતિની છેલ્લી પંક્તિમાં **શ્રીપૂજ્યલેખે** ૧૦૦ **જાતમસ્તિ** એવો ઉલ્લેખ છે તો એનો અર્થ સમજાયો નથી.

(૧૭) [૬]**વિજ્ઞપ્તિકા** (ઉ. વિ. સં. ૧૭૧૩)– આ પં. [૭]**વિનય**વર્ધમાનગણિએ વિન્ધિપુરથી સૂરતિ (સુરત)માં રહેલા **વિજય**દેવસૂરિ ઉપર ૭૫ પદ્યમાં લખેલી કૃતિ છે. ૩૧મું પદ્ય પ્રહેલિકારૂપ તેમ જ વ્યસ્તસમસ્ત જાતિના ઉદાહરણરૂપ છે. આ પ્રહેલિકાનો ઉત્તર [૮]સૂરતિ છે.

---

૧. આ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૫૯-૧૮૪)માં છપાવાઈ છે.
૨. આ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૫૯-૧૬૧)માં છપાવાઈ છે.
૩. આ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૭૯-૧૮૪)માં પ્રસિદ્ધ કરાઈ છે.
૪-૬. આ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૮૫-૨૦૪)માં પ્રકાશિત કરાઈ છે.
૭. એમની અન્ય બે વિજ્ઞપ્તિકા માટે જુઓ પૃ. ૪૯૪-૪૯૫
૮. સૂર, રતિ.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૪૯૭ (૧૮) [૧]**વિજ્ઞપ્તિકા** (ઉ. વિ. સં. ૧૭૧૩)– આ **મેઘવિજયગણિએ** દ્વીપબંદરમાં રહેલા **વિજયદેવસૂરિ** ઉપર ૧૨૫ પદ્યમાં લખેલી વિજ્ઞપ્તિકા છે. આની શરૂઆત **શાન્તિનાથ**ના ગુણોત્કીર્તનથી કરાઈ છે. આદ્ય આઠ પદ્યોનું 'શ્રીપ્રભુસેવાપ્રયત્નરત્નવર્ણનાષ્ટક' નામ રખાયું છે. ત્યાર બાદ ભાગ્યસૌભાગ્યવર્ણનાષ્ટક છે. પછી ભાગ્યવાદીના વિચારોના ખંડનરૂપે નવ પદ્યો છે.

પદ્ય ૬૯-૭૬માં 'પ્રાવૃષ્' ઋતુનું વર્ણન છે.

(૧૯) [૨]**વિજ્ઞપ્તિકા** (વિ. સં. ૧૭૧૭)– આ **નયવિજયગણિએ** ધનૌધ (ઘોઘા) નગરથી જીર્ણદુર્ગ (જુનાગઢ)માં રહેલ **વિજયપ્રભસૂરિ** ઉપર વિ. સં. ૧૭૧૭માં દીપોત્સવીએ ૧૦૨ પદ્યોમાં લખેલી કૃતિ છે. આમાં તીર્થંકરને પ્રણામ, જીર્ણદુર્ગ અને ધનૌધ નગરનાં વર્ણન, સ્વકીય સમાચાર તેમ જ વિજયપ્રભસૂરિનું વર્ણન એમ વિવિધ બાબતોને સ્થાન અપાયું છે. અંતમાં જીર્ણદુર્ગમાં રહેલા મુનિવરોને વંદન કરી ઘોઘામાં રહેલા મુનિવરોનાં નામો રજૂ કરાયાં છે.

(૨૦) [૩]**વિજ્ઞપ્તિપત્રિકા** (વિ. સં. ૧૭૧૮)– આ પં. [૪]ઉદયવિજયે શ્રીપુરબંદિરમાં રહેલા **વિજયપ્રભસૂરિ** ઉપર વિ. સં. ૧૭૧૮માં સ્તંભતીર્થથી ૫૬ પદ્યોમાં લખેલી પત્રિકા છે. એમાં નગરની શોભા વર્ણવાઈ છે.

P. ૪૯૮ (૨૧) [૫]**વિજ્ઞપ્તિકા** ( )– આ **ઉદયવિજયગણિએ** દ્વીપબન્દિર (દીવ)માં રહેલા **વિજયપ્રભસૂરિ** ઉપર ૮૧ પદ્યમાં લખેલી કૃતિ છે. આનો પ્રારંભ **શાન્તિનાથ** વગેરે તીર્થંકરોને વંદનપૂર્વક કરાયો છે. ત્યાર બાદ દ્વીપબન્દિરનું વર્ણન છે. રાજધન્યપુર (રાધનપુર) વિષે પણ કેટલુંક લખાણ છે.

(૨૨) [૬]**વિજ્ઞપ્તિકા** ( )– આ કૃતિમાં ૫૨ પદ્યો છે. એ વિજ્ઞપ્તિકા **ઉદયવિજયગણિએ** સિદ્ધપુરથી જીર્ણદુર્ગ (જુનાગઢ)માં રહેલા વિજયપ્રભસૂરિ ઉપર લખી છે. એમાં આ ગણિએ પોતાને ત્યાંના કૃત્યોનો ઉલ્લેખ કર્યો છે.

P. ૪૯૯ (૨૩) [૭]**ઇન્દુદૂત**[૮] કિંવા **વિજ્ઞપ્તિપત્ર** (લ. વિ. સં. ૧૭૧૮)– આ મેઘદૂતના છાયાકાવ્યરૂપ

૧-૩. આ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૨૦-૧૬૫)માં છપાવાઈ છે.

૪. શું એઓ **વિજયસિંહ**ના શિશુ છે કે જેમની એક વિજ્ઞપ્તિ વિ. સં. ૧૬૯૯ની છે ?

૫-૬. આ વિજ્ઞપ્તિકાને **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૨૬-૧૭૮)માં સ્થાન અપાયું છે.

૭. આ ખંડ-કાવ્ય "કાવ્યમાલા" (ગુ. ૧૪)માં અંતમાંના ગદ્યાત્મક લખાણ વિનાનું છપાવાયું છે. વળી એ મુનિ (હાલ સૂરિ) **ધુરન્ધર**વિજયજીએ રચેલ 'પ્રકાશ' નામની સંસ્કૃત વિવૃત્તિ તેમ જ ગુજરાતી પરિચય સહિત શિરપુરની "જૈન સાહિત્યવર્ધક સભા" તરફથી ઈ. સ. ૧૯૪૬માં છપાવાયું છે અને એના અંતમાં **ઇન્દુદૂતગત** ૨૩ અર્થાન્તરન્યાસની સૂચી અપાઈ છે.
આ ખંડકાવ્ય **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૮૯-૯૭)માં છપાયું છે. અંતમાં ગદ્યાત્મક લખાણ છે. અહીં પૃ. ૯૭માં આ કાવ્યને 'મેઘદૂતચ્છાયા-કાવ્ય' કહ્યું છે.

૮. આનો થોડોક પરિચય **વિજ્ઞપ્તિત્રિવેણીની** પ્રસ્તાવના (પૃ. ૬૧૮)માં અપાયો છે. મેં **વિનયસૌરભ** (પૃ. ૬૮-૭૨)માં આ કાવ્યની રૂપરેખા આલેખી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૧૩૧ પદ્યની કૃતિના રચનારા **હૈમલઘુપ્રક્રિયા** વગેરેના પ્રણેતા **વિ**નયવિજયગણિ છે. મારવાડમાં યોધપુર (જોધપુર)માં ચાતુર્માસ માટે રહેલા આ ગણિ જોધપુરથી ચન્દ્ર દ્વારા **વિ**જયપ્રભસૂરિને સુરત સંદેશો મોકલાવે છે. પ્રસંગવશાત્ એઓ ચન્દ્રને એના કુટુંબપરિવારની કુશળતા પૂછે છે અને સમુદ્ર વગેરે એના સ્નેહીઓ કેવા ઉપકારપરાયણ છે તે કહે છે. ચન્દ્રને દક્ષિણ દિશામાં જવાનો માર્ગ વર્ણવતાં એઓ સુવર્ણાચલ (શ્લો. ૩૪-૩૬), જાલંધરપુર, શ્રીરોહિણી (શિરોહી), અર્બુદાદ્રિ (આબુ), અચલદુર્ગ (અચળગઢ), સિદ્ધદ્રંગ (સિદ્ધપુર), રાજદ્રંગ (અમદાવાદ), સાભ્રમતી (સાબરમતી) (શ્લો. ૬૬-૬૭), વટપદ્ર (વડોદરા), ભૃગુપુર (ભરૂચ), નર્મદા (શ્લો. ૮૩), તાપી, [1]સૂર્યપુર (સુરત) ઇત્યાદિ વિષે માહિતી આપે છે. શ્લો. ૧૦૮-૧૨૧માં **વિ**જયપ્રભસૂરિનો પરિચય અપાયો છે. અહીં એ વાત ઉમેરીશ કે જોધપુરથી સુરત આગગાડીમાં આવવું હોય તો જે માર્ગે થઈને હાલ અવાય છે એ જ માર્ગ આ વિજ્ઞપ્તિપત્રમાં સૂચવાયો છે. આથી એમ કહેવાય છે કે લગભગ અઢી સો વર્ષ ઉપર **વિ**નયવિજયગણિએ આગગાડીના પાટા નાંખી એ દિશામાં પહેલ કરી છે.

(૨૪) [2]**વિનયવિજ્ઞપ્તિ**[3] (ઉ. વિ. સં. ૧૭૨૩)– આ વિજ્ઞપ્તિપત્રના રચનાર પણ ઉપર્યુક્ત **વિ**નયવિજયગણિ છે. આ ૮૨ પદ્યોનો પત્ર એમણે દેવપત્તન યાને પ્રભાસપાટણથી 'અણહિલપુર' પાટણમાં બિરાજતા **વિ**જયદેવસૂરિને આસો વદ તેરસે-ધનતેરસે લખ્યો છે. એ 'અર્ધ-સંસ્કૃત'માં છે એટલે કે એના પ્રત્યેક પદ્યનો પૂર્વાર્ધ જ. મ. માં છે તો ઉત્તરાર્ધ સંસ્કૃતમાં છે. એનો પ્રારંભ **ને**મિનાથની સ્તુતિ દ્વારા કરાયો છે. એમાં નગરનું અને 'પર્યુષણા' પર્વનું વર્ણન છે. **વિ**જયદેવસૂરિને પોતાના ઉપર કૃપાપત્ર મોકલવાની **વિ**નયવિજયગણિએ અહીં પ્રાર્થના કરી છે. વળી એમણે એ આચાર્યની સેવામાં રહેલા નિમ્નલિખિત વિબુધ સાધુઓનાં નામ ગણાવ્યાં છે અને એમને અનુવંદના કરી છે :– P. ૫૦૦

ઋદ્ધિવિજય, **વિ**નીતવિજય, **શા**ન્તિવિજય, **અ**મરવિજય, **રા**મવિજય, **ક**પૂરવિજય, **મ**તિવિજય અને **ન**યવિજય.

વળી **વિ**નયવિજયે પોતાની પાસે રહેલા **ક**નકવિજય, **ને**મિવિજય, **ર**ત્નવિજય, **ઉ**દયવિજય, અને **રૂ**પવિજય એ સાધુઓ તરફથી તથા સાધ્વીઓ તરફથી તેમ જ એમની આજ્ઞાથી ચાતુર્માસ માટે અન્યત્ર રહેલા **જ**યવિજય, **અ**મરવિજય, **વૃ**દ્ધિવિજય, **કા**ન્તિવિજય, **ભા**રમલ્લ ઋષિ, **જિ**નવિજયગણિ, **કુ**વરવિજય અને **પ્રે**મવિજય એ [4]આઠ સાધુઓ તરફથી **વિ**જયદેવસૂરિને પ્રણામ પાઠવ્યા છે. સાથે સાથે પોતાનો એમના શિશુ તરીકે નિર્દેશ કરી પોતે પણ એમને નમન કર્યું છે. અંતમાં આ પત્ર લખ્યાના દિવસનો નિર્દેશ છે.

૧. અહીંના કિલ્લા, ગોપીતળાવ, ટંકશાળ, ગોપીપુરા અને એમાં આવેલા ઉપાશ્રયનું અત્ર વર્ણન કરાયું છે.
૨. આ નામ મેં યોજ્યું છે.
૩. આનો પરિચય **વિજ્ઞપ્તિત્રિવેણીની** પ્રસ્તાવના (પૃ. ૨૬-૩૦)માં અપાયો છે અને તેમ કરતી વેળા શ્લો. ૧-૨, ૧૪, ૧૬, ૨૫-૨૭, ૩૩, ૩૪, ૩૬, ૪૦-૪૮, ૬૦-૬૩, ૬૫, ૭૮ અને ૮૨ ઉદ્ધૃત કરાયા છે એ ઉપરથી મેં અહીં આની આછી રૂપરેખા આલેખી છે.
૪. આ પૈકી પહેલા ત્રણ વેલાઉલ-બંદરમાં, બીજા બે વણથલિકમાં અને છેલ્લા ત્રણ ધુરાજીપુરમાં ચાતુર્માસાર્થે રહ્યા હતા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨૫) [1]**વિજ્ઞપ્તિકા** (વિ. સં. ૧૭૨૭)– **રા**જવિજયગણિએ 'ખરતર' ગચ્છના **જિ**નચન્દ્રસૂરિ ઉપર ૧૦૨ પદ્યોમાં વિ. સં. ૧૭૨૭માં આ વિજ્ઞપ્તિ લખી છે. એમાં વીકાનેરપુરનું વર્ણન છે અને
P. ૫૦૧ **જિ**નચન્દ્રસૂરિનાં ગુણગાન છે. નવમા પદ્યના અંતમાં ''હલમુખીવૃત્તમ્''નો અને પાંત્રીસમા પદ્યના અંતમાં ''ઇતિ સિંહાસનચિત્રીયાણિ વૃત્તાનીમાનિ''નો ઉલ્લેખ છે.

(૨૬) [2]**મેઘદૂત-સમસ્યા-લેખ**[3] (લ. વિ. સં. ૧૭૩૦)– આના કર્તા **ચન્દ્રપ્રભા** ઇત્યાદિના પ્રણેતા **મે**ઘવિજયગણિ છે. એઓ 'તપા' ગચ્છના **કૃ**પાવિજયના શિષ્ય થાય છે. એમણે આ કાવ્ય ૧૩૧ પદ્યોમાં રચ્યું છે. એ દ્વારા એમણે **મેઘદૂતના** પ્રત્યેક પદ્યના ચતુર્થ ચરણની પૂર્તિ કરી છે એમણે આ કાવ્યના અંતમાં **માઘકાવ્યની** પાદપૂર્તિરૂપે પોતે વિ. સં. ૧૭૨૭માં રચેલા [4]કાવ્યનો ઉલ્લેખ કર્યો છે. આથી પ્રસ્તુત કાવ્ય એનાથી પહેલાનું તો નથી જ તેમ ફલિત થાય છે. એમણે આ પ્રસ્તુત કાવ્ય રચી ભાદ્રપદ શુક્લ પંચમીએ ઔરંગાબાદથી કે એની નજીકના સ્થળેથી મેઘ દ્વારા સૌરાષ્ટ્રના દેવકપત્તનમાં ચાતુર્માસ માટે રહેલા 'તપા' ગચ્છના **વિ**જયપ્રભસૂરિને સંદેશો મોકલ્યો છે. આમ અહીં **વિ**જયપ્રભસૂરિનો ઉલ્લેખ છે એટલે આ લેખ વિ. સં. ૧૭૧૦ની પછીનો ગણાય, કેમકે એ વર્ષમાં **વી**રવિજય મુનિ વિજયપ્રભસૂરિ બન્યા હતા. પ્રસ્તુત કવિ શ્લો. ૧૦-૨૨માં **શા**ન્તિનાથનું, શ્લો. ૨૩-૩૪માં ઔરંગાબાદનું અને એના પછીના પાંચેક શ્લોકમાં [5]દેવગિરિનગરનું યાને દોલતાબાદનું વર્ણન કરે છે. ત્યાર બાદ કવિ
P. ૫૦૨ [6]ઇલોરાના ગુફામંદિરમાંના **પા**ર્શ્વનાથનાં દર્શન કરવાનું અને ત્યાંથી આગળ જતાં [7]અણકિટણકી દુર્ગ આવતાં ત્યાં પાર્શ્વનાથ વિચર્યા હોવાથી એનાં પણ દર્શન કરવાનું મેઘને કહે છે. 'તુંગિઆ' શૈલ આવતાં શ્રમણ ભગવાનની પ્રતિમા ઉપર જળવૃષ્ટિ કરવાનું કહી કવિ શ્લો. ૫૨માં સૂરતના વૈભવ વિષે નિર્દેશ કરે છે. પછી એકેક પદ્યમાં તાપી, ભૃગુપુર, રેવા, મહી નદી, [8]હરિગૃહપુર અને સાબરમતીનો ઉલ્લેખ કરી એઓ સિદ્ધાચળનું વર્ણન કરે છે. ત્યાંથી તો તેઓ સીધા દેવકપત્તનનો વિસ્તૃત પરિચય આપે છે. અંતમાં આચાર્યના ગુણગાન ગાઈ પોતે જ્યાં રહ્યા છે એ સ્થાનનો સંક્ષેપમાં વૃત્તાન્ત કહી આચાર્યના દર્શનની ઉત્કંઠા દર્શાવી આ કૃતિ પૂર્ણ કરે છે.

---

૧. આ કૃતિ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૧૪-૧૧૯)માં છપાવાઈ છે. એનાં આદ્ય ત્રણ પદ્યો ખંડિત છે.

૨. આ કૃતિ ''જૈ. આ. સં.'' તરફથી ગ્રંથાંક ૨૪ તરીકે વિ. સં. ૧૯૭૦માં છપાવાઈ છે. ત્યાર બાદ આ કૃતિ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૯૮-૧૦૬)માં પ્રસિદ્ધ થઈ છે. એમાં પાદનોંધ તરીકે ટિપ્પણો છે.

૩. આનો પરિચય **વિજ્ઞપ્તિત્રિવેણીની** પ્રસ્તાવના (પૃ. ૧૯-૨૩)માં અપાયો છે.

૪. જુઓ પૃ. ૪૫૪

૫. આ ઔરંગબાદની પૂર્વ દિશામાં દસેક માઈલને અંતરે આવેલું છે.

૬. દોલતાબાદથી આઠેક માઈલ દૂર 'ઇલોરા' પર્વત છે અને એમાં પાંત્રીસેક ગુફામંદિરો છે. તેમાં પાંચ જૈનોનાં છે. એકમાં **પા**ર્શ્વનાથની પ્રતિમા છે.

૭. આ સ્થાન નાસિક જિલ્લામાં આવેલું છે અને ઇલોરાની પેઠે એમાં પણ ગુફામંદિરો છે. એમાં **શા**ન્તિનાથ અને **પા**ર્શ્વનાથની મુખ્ય મૂર્તિવાળાં જિનાલયો પણ છે.

૮. ૫૮મા પદ્યમાં આ નામ છે પણ આ સ્થાન તે કયું તે જાણવું બાકી રહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૨૭) [1]**વિજ્ઞપ્તિ**[2] (ઉ. વિ. સં. ૧૭૪૧)– આ 'દેવપત્તન' નગરથી **મેરુવિજયે** દ્વીપબન્દિરમાં રહેલા પોતાના ગુરુ ઉપર ૭૬ (૭૪ + ૨[3]) પદ્યોમાં લખેલી કૃતિ છે. આના પ્રારંભમાં **ઋષભદેવ**ની જટારૂપ મુકુટનું વર્ણન છે. ત્યાર બાદ દ્વીપબન્દિર અને દેવપત્તનને અંગે કેટલાંક પદ્યો છે. એના પછી વિજ્ઞપ્તિકારે પોતાને ત્યાંની પ્રવૃત્તિઓનો નિર્દેશ કર્યો છે. ત્યાર બાદ શ્રીપૂજ્યના અર્થાત્ એમના ગુરુના કે વડીલના વદનનું વર્ણન છે. અંતમાં વિજ્ઞપ્તિકારે પોતાની સાથે રહેલા શ્રમણોનો ઉલ્લેખ કર્યો છે. P. ૫૦૩

(૨૮) **વિજ્ઞપ્તિપત્રી** ( )– **મેરુવિજય**ની ૧૪૨ શ્લોક જેવડી રચના છે. એ ગદ્યમાં છે કે પદ્યમાં અને એના કર્તા [4]મેરુવિજય તે કોણ[5] ઇત્યાદિ બાબતો જાણવી બાકી રહે છે.

(૨૯) [6]**વિજ્ઞપ્તિકા** (ઉ. વિ. સં. ૧૭૪૩)–આ પં. **લાભવિજયે** પત્તનમાં બિરાજતા વિજયપ્રભસૂરિ ઉપર ૧૨૭ પદ્યમાં લખેલી વિજ્ઞપ્તિ છે. આનો પ્રારંભ **પાર્શ્વનાથ** અને **શાન્તિનાથ** વગેરે જિનેશ્વરોના ગુણોત્કીર્તનથી કરાયો છે.

પદ્ય ૭૮-૮૧ સોળ પાંખડી વાળા કમલબન્ધથી વિભૂષિત છે. એના પરિધિમાં પત્રપ્રેષકના ગુરુનું – **વિજયપ્રભસૂરિ**નું નામ છે.[7] ૮૨મા પદ્યના અંતમાં 'ખડ્ગ' બંધનો ઉલ્લેખ છે. ૯૬મું પદ્ય પાઇયમાં છે. પદ્ય ૯૭-૧૦૦ 'સ્નાતસ્યા' ઇત્યાદિની પાદપૂર્તિરૂપ છે.[8]

(૩૦) [9]**વિજ્ઞપ્તિકા** (ઉ. વિ. સં. ૧૭૪૭)– આ માલપુરથી **આગમસુન્દરગણિએ** જીર્ણદુર્ગમાં રહેલા [10]**વિજયપ્રભસૂરિ** ઉપર ૮૧ પદ્યમાં લખેલી વિજ્ઞપ્તિ છે. **જિનેશ્વર**ની સ્તુતિથી શરૂ કરાયેલી આ કૃતિમાં જીર્ણદુર્ગના સંક્ષિપ્ત વર્ણન બાદ પત્રપ્રેષકના સમાચાર અને **વિજયપ્રભસૂરિ**નાં ગુણોત્કીર્તન છે. પુષ્પિકામાં વિજયપ્રભસૂરિના નામની પૂર્વે "ભટ્ટારકશ્રીશ્રી૧૦૫" છે. P. ૫૦૪

(૩૧) [11]**વિજ્ઞપ્તિકા** (ઉ. વિ. સં. ૧૭૪૭)– આ **લાવણ્યવિજયગણિએ** પત્તનમાં વિરાજમાન વિજયપ્રભસૂરિ ઉપર ૯૭ પદ્યોમાં લખેલી વિનતિ છે. **ઋષભદેવ**ની સ્તુતિ બાદ 'પત્તન' નગરનું વર્ણન

---

૧. આ કૃતિને **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૫૧-૧૫૪)માં સ્થાન અપાયું છે. આની એક હાથપોથી વિ. સં. ૧૭૪૧માં લખાયેલી છે એમ અંતિમ પંક્તિ જોતાં જણાય છે.

૨. આ જ કૃતિ તે પૃ. ૫૦૩માં મેં જે **વિજ્ઞપ્તિપત્રી** વિષે માહિતી આપી છે તે છે કે નહિ તે જાણવું બાકી રહે છે.

૩. આદર્શને અંગેની ટિપ્પણી પ્રમાણે આદ્ય તેમ જ અન્તિમ એકેક પદ્ય લુપ્ત થયેલ છે. એ બે ઉમેરતાં ૭૬ થાય.

૪. એઓ **ચતુર્વિંશતિજિનાનન્દસ્તુતિ** રચનારા હશે ? જુઓ પૃ. ૪૧૨

૫. આને **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૬૬-૧૭૧)માં સ્થાન અપાયું છે.

૬. શ્રીવિજયપ્રભસૂરિશો જયતાદવન્યામ.

૭. જુઓ પૃ. ૪૪૫, ૪૪૫, ૪૩૪ અને ૪૪૧

૮. આ કૃતિ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૯૦-૧૯૪)માં છપાવાઈ છે.

૯. એમનું રાજ્ય વિ. સ. ૧૭૧૦થી વિ. સં. ૧૭૪૭ સુધી હતુ.

૧૦. આ **વિજ્ઞપ્તિકા વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૯૫-૧૯૮)માં રજૂ કરાઈ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પત્રના પ્રેષકને ત્યાંની ધાર્મિક પ્રવૃત્તિઓ અને **વિજયપ્રભસૂરિનાં** ગુણગાન એમ વિવિધ બાબતોને આ કૃતિમાં સ્થાન અપાયું છે.

(૩૨) [1]**વિજ્ઞપ્તિકા** (લ. વિ. સં. [2]૧૭૭૧)– આ રૂપાવાસમાં ચાતુર્માસાર્થે રહેલા દયાસિંહે જેસલમેરમાં રહેલા ખરતરગચ્છીય **જિનસુખસૂરિ** ઉપર ૫૭ પદ્યોમાં લખેલી વિજ્ઞપ્તિ છે. પદ્ય ૪૯ અને ૫૦ ખંડિત છે અને ત્યાર બાદ એકાદ પદ્ય હોય તો તે સર્વથા લુપ્ત છે. ૫૧મા પદ્ય પછી ૪ પદ્યો છે. તેમાં પદ્ય ૨-૪ ખંડિત છે. ત્યાર બાદ ૩ પદ્યો છે.

P. ૫૦૫ **ભાષાનું વૈવિધ્ય**– ૨૮મા પદ્યથી ૪૩મા સુધીનાં ૧૬ પદ્યો પાઇયમાં છે. પદ્ય ૨૮-૩૮ મરહટ્ઠીમાં અને ત્યાર પછીનું એકેક પદ્ય સોરસેણી અને માગહીમાં, બે પેસાચીમાં અને એક અવબ્ભંસ (અપભ્રંશ) ભાષામાં છે. ૪૪મું પદ્ય સમસંસ્કૃતમાં છે. ત્યાર પછીનાં તમામ પદ્યો સંસ્કૃતમાં છે.

(૩૩) [3]**વિજ્ઞપ્તિપત્ર** (લ. વિ. સં. ૧૭૭૧)– આ **વિજયવર્ધનગણિ**એ 'ખરતર' ગચ્છના **જિનસુખસૂરિ** ઉપર ૧૦૮ પદ્યોમાં લખેલ પત્ર છે. આની શરૂઆતમાં તીર્થંકરાદિને નમસ્કાર કરાયા છે.

જિનસુખસૂરિ જે નગરમાં રહેલા છે તેનું, એ સૂરિનું તેમ જ જે અર્ગલાપુરમાં સાહિ વસે છે તેનું વર્ણન. વિજ્ઞપ્તિપત્રના લેખકના શિષ્યાદિનાં નામો અને એમના નિવાસ સ્થાનનું વર્ણન **પર્યુષણા**ને અંગેની વિગતો અને અંતમાં પર્જન્યની જેમ શાસ્ત્રની પ્રવૃત્તિ એમ વિવિધ વાનગી આ વિજ્ઞપ્તિપત્રમાં પિરસાઈ છે.

(૩૪) [4]**ચેતોદૂત**– આના કર્તાનું નામ જાણવામાં નથી. આ કાવ્યમાં ૧૨૯ પદ્યો છે. અહીં કોઈ અમુક ગુરુનું કે વિશિષ્ટ સ્થાનોનું વર્ણન નથી. આથી તો હરકોઈ એનો ઉપયોગ કરી શકે એવું આ કાવ્ય છે. એમાં ચિત્તને દૂત બનાવી ગુરુની પાસે એ દ્વારા વિજ્ઞપ્તિ મોકલાઈ છે. આકાવ્ય **મેઘદૂતના** પ્રત્યેક પદ્યના અન્તિમ ચરણની પૂર્તિરૂપ છે. ૧૨૯મું પદ્ય ઉપસંહારરૂપ છે.

P. ૫૦૬ જે અનેક વિજ્ઞપ્તિપત્રો લ. વિ. સં. ૧૬૫૦થી લ. વિ. સં. ૧૭૪૭ સુધીમાં **વિજયદેવ, વિજયસિંહ** અને **વિજયપ્રભ** જેવા મુનિવરોને ઉદ્દેશીને લખાયાં છે તેમાંનાં કેટલાંકનાં તો રચનાર **અમરચન્દ્ર, નયવિજય, રવિવર્ધન, લાભવિજય** અને **મહોપાધ્યાય વિનીતવિજય** છે.[5] એ બધાંના વિજ્ઞપ્તિપત્રો મારા જોવામાં આવ્યા નથી. સાંભળવા પ્રમાણે ન્યાયાચાર્ય **યશો**વિજયગણિનું પણ એક વિજ્ઞપ્તિપત્ર છે.

---

૧. આ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૨૧૪-૨૧૬)માં છપાવાઈ છે.

૨. આ વર્ષમાં **જિનસુખસૂરિ**એ **જેસલમેર ચૈત્યપરિપાટી** રચી છે.

૩. આ કૃતિ **વિ. લે. સં.** (ભા. ૧, પૃ. ૧૦૭-૧૨૩)માં રજૂ કરાયેલ છે.

૪. આ કાવ્ય ટિપ્પણો સહિત "જૈ. આ. સં." તરફથી ગ્રંથાંક ૨૫ તરીકે વિ. સં. ૧૯૭૦માં છપાયું છે. એમાં કર્તાનું નામ નથી. તેમ છતાં **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૧૨૪)માં 'મેઘવિજય'નો ઉલ્લેખ છે તો એ વિચારણીય છે.

૫. જુઓ **વિજ્ઞપ્તિત્રિવેણીની** પ્રસ્તાવના (પૃ. ૫)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમ જણાય છે કે પ્રાચીન સમયમાં કોઈ એક ગામ કે નગરના સંઘ તરફથી અન્ય ગામ કે નગરના સંઘ ઉપર પર્યુષણ-પર્વને નિમિત્તે ક્ષમાપનાવિષયક વિજ્ઞપ્તિપત્ર લખવામાં આવતું હતું.[1] વળી કોઈ કોઈ શ્રાવકો પણ પોતાના ગુરુ ઉપર તેમ કરતા હતા. આથી આ પ્રકારના [2]હરકોઈ ભાષામાં લખાયેલાં વિજ્ઞપ્તિપત્રો જે જે ભંડારમાં હોય ત્યાં ત્યાંથી મેળવી એ એક સંગ્રહરૂપે પ્રસિદ્ધ થવાં ઘટે. સાથે સાથે એના સુશોભનાર્થે કે પ્રસ્તુત વિષયને લક્ષીને અપાયેલાં [3]દૃશ્યો-ચિત્રો પણ અપાવાં જોઈએ.

[**વસ્તુપાલ-રત્નપાલચરિત્રે ત્રૈલોક્યસાગરજી** પ્ર. જૈન પેઢી કપડવંજ સં. ૨૦૧૨.

ધુરન્ધરસૂરીશ્વરમહારાજ વિરચિતો ગ્રન્થચતુષ્ટય (પંચપરમેષ્ઠિ ગુણમાલા, ચતુર્વિંશતિજિનસ્તુતિ, વર્ણક્રમસૂક્તિપંચાશિકા, ગૌતમચરિત્ર)

પ્ર.સ્યાદ્વાદામૃત પ્ર.મંદિર પાલીતાણા સં.૨૦૫૦ **સં.ધર્મધ્વજવિ.** ગણી.

અર્હન્નમસ્કારાવલી સં. કીર્તિયશવિ. પ્ર. નરેશભાઈ મુંબઈ. ઈ.સ. ૧૯૮૩

વર્ધમાનમહાવીરાષ્ટક આ. ધર્મધુરંધરસૂરિ. જૈનસાહિત્યવ.સભા ઈ.સ. ૧૯૬૧.

લબ્ધિપ્રકાશ, લબ્ધિકિરણ આ. લબ્ધિસૂરિ. લબ્ધિસૂરિ સં.કેંદ્ર મુંબઈ ૨૦૨,

લલિતસ્તોત્રસંદોહ સં. **હ્રીં**કારવિ.ગણી. પ્ર. મણીલાલ શાહ બેંગ્લોર. સં. ૨૦૧૮

આનન્દરત્નાકર પ્ર. આગમોદ્ધારક ગ્રં. કપડવંજ સં. ૨૦૨૮

પ્રભુગુણપુષ્પાંજલી સં. આ. જયંતસેનસૂરિ. પ્ર. સૌ. બ્ર. સંઘ ભીનમાલ સં. ૨૦૨૦

સ્તોત્રરાસસંહિતા સં. લલિતપ્રભસાગર. પ્ર. સિદ્ધરાજ જૈન કલકત્તા ઈ.સ. ૧૯૮૬

જિનસ્તોત્રકોશ– ચન્દ્રોદયવિ. તપગચ્છ જૈન સંઘ મુંબઈ સં. ૨૦૧૪

ભુવનકાવ્યકેલી આ. ભુવનતિલકસૂરિ. પ્ર.લ.જૈ.સા. છાણી.

નાકોડાતીર્થસ્તોત્ર એવં મહિમા પ્ર. હિતસ્તક જૈનજ્ઞાન. ઘાણેરાવ. સં. ૨૦૨૯

ભૂગોલભ્રમભંજની સં. **રુદ્રદેવત્રિપાઠી** પ્ર.જંબૂદ્વીપનિ. યોજના કપડવંજ

ભદ્રંકરસાહિત્યસંદોહ આ. ભદ્રંકરસૂરિ પ્ર. ભુવનભદ્રંકર સા.પ્ર. મદ્રાસ સં. ૨૦૪૩]

[**ઉત્તમકુમારચરિત્ર** : ચારુચન્દ્ર. પ્ર.હી.હં. / **ઉ.ચ.** હર્ષસૂરિ. જૈનગ્રંથમાળા.

ભીમસેનચરિત્ર– અજ્ઞાતકર્તૃક. અજિતસાગરસૂરિગ્રંથમાળા. પ્રાંતીજ.]



૧. એજન પૃ. ૨

૨. અર્ધસંસ્કૃત પાઇય કે પ્રાદેશિક ભાષામાં પણ વિજ્ઞપ્તિપત્રો લખાયાં છે.

૩. દ્વિતીય ટિપ્પણમાં નોંધેલી પ્રસ્તાવના (પૃ. ૨)માં નીચે મુજબનાનોં નિર્દેશ છે :– કુંભકળશ, આઠ મંગળ, ચૌદ સ્વપ્ન, રાજમહેલ, નગર, બજાર, ભિન્ન ભિન્ન ધર્મનાં દેવાલય (મસ્જીદ સુદ્ધાં), કૂવા, તળાવ, નદી વગેરે જળાશય, નટ અને બાજીગરના ખેલ અને ગણિકાનું નૃત્ય, ધર્મિક વરઘોડો અને વ્યાખ્યાનસભા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૫૦૭

પ્રકરણ ૩૪ : દૃશ્ય કાવ્યો કિંવા નાટકાદિ રૂપકો

કાવ્યના 'શ્રવ્ય' અને 'દૃશ્ય' એમ જે બે પ્રકારો પડે છે તે પૈકી પ્રથમ પ્રકારનાં કાવ્યો વિષે આપણે પ્ર. ૧૮-૩૩માં વિચાર કરી ગયા એટલે હવે આ પ્રકરણમાં એના અવશિષ્ટ પ્રકારરૂપ 'દૃશ્ય' કાવ્ય કિંવા નાટકનો-રૂપકનો અધિકાર હાથ ધરીશું. રૂપકો શ્વેતાંબરોએ તેમ જ દિગંબરોએ રચ્યાં છે. આથી આના બે વર્ગ પડે છે.

શ્વેતાંબરીય રૂપકો– સૂર્યાભ દેવે મહાવીરસ્વામીના ચ્યવનથી માંડીને એમના નિર્વાણ સુધીના પ્રસંગો રજૂ કરતું નાટક ભજવ્યું હતું એમ **રાયપ્પસેણઈજ્જ** (સુત્ત ૨૪) જોતાં જણાય છે.[૧] આ જાતનું નાટક ચન્દ્ર નામના ઇન્દ્ર વગેરેએ ભજવ્યાનો ઉલ્લેખ **પુપ્ફિયામાં** જોવાય છે.[૨] પણ આ નાટકો લિપિબદ્ધ કરાયાં હોય તો તે આજે તો અપ્રાપ્ય છે. આ હકીકત **પિણ્ડનિજ્જુત્તિ** (ગા. ૪૭૮-૪૮૦)માં નિર્દેશાયેલા **રટ્ઠવાલ** નાટકને, **ઉત્તરજ્ઝયણની** નેમિચન્દ્રસૂરિકૃત વૃત્તિ (પત્ર)માં નોંધાયેલા [૩]**મહુયરીગીય** અને **સોયામણી** એ બે નાટકને તેમ જ **ચતુર્વિંશતિપ્રબન્ધમાં** (પૃ. ૭૮)માં વર્ણવાયેલા **વૃષભધ્વજચરિત્ર** નામના નાટકને અંગે પણ ઘટે છે.

P. ૫૦૮

[૪]**વિબુધાનન્દ**– આ એકાંકી દુઃખાત [૫]નાટકના કર્તા **શીલાંક** ઉર્ફે **વિમલમતિ** છે. એમણે વિ. સં. ૯૨૫માં કે એ અરસામાં રચેલા [૬]**ચઉપન્નમહાપુરિસચરિય** (પૃ. ૧૭-૨૭)માં નજરે પડે છે.

આ નાટકમાં સંસ્કૃતમાં ૩૬ પદ્યો છે. એમાં નીચે મુજબનાં દસ પાત્રો છે :–

૧. સૂત્રધાર
૨. નટી = સૂત્રધારની પત્ની
૩. માધવ = કંચુકી = **રા**જશેખર ભૂપતિનો સેવક
૪. વિદૂષક
૫. ચતુરિકા = ચેડી, રાજ-મહિષની દાસી
૬ **લક્ષ્મીધર** = **ચન્દ્રા**પીડ નૃપનો પુત્ર
૭. **બન્ધુમતિ** = **રા**જશેખરની પુત્રી
૮. **ચન્દ્રલેખા** = **બન્ધુમતિ**ની સખી
૯. **ચિત્રલેખા** = **રા**જશેખરની પત્ની = રાજમહિષી
૧૦. **મદનિકા**

૧-૨. આની વિશેષ માહતિ મેં "પ્રાચીન સમયમાં ભજવાયેલાં જૈન નાટકો" નામના મારા લેખમાં આપી છે. આ લેખ "જૈ. સ. પ્ર. (વ. ૧૯, અં. ૧)માં છપાયો છે.

૩. આ એક જાતની નાટ્યવિધિનું પણ નામ છે.

૪. આનો સંક્ષિપ્ત પરિચય મેં "વિબુધાનન્દ એકાંકી દ્વૈભાષિક દુઃખાન્ત પ્રાચીન નાટક" નામના મારા લેખમાં આપ્યો છે. આ લેખ "જૈન" (સામાહિક)ના તા. ૧૯-૫-'૬૨ના અંકમાં છપાયો છે.

૫. આ નાટક સ્વતંત્ર સ્વરૂપે રોહતકથી ઈ. સ. ૧૯૫૫માં પ્રકાશિત કરાયું છે. એનું સંપાદન પ્રો. પુરુષોત્તમદાસ જૈને કર્યું છે.

૬. આ "પ્રકૃત ટેકસ્ટ સોસાયટી" તરફથી ઈ. સ. ૧૯૬૧માં છપાવાયું છે. [આનો ગુજરાતી અનુવાદ આ. હેમસાગરસૂરિ મ. એ કર્યો છે. અને તે છપાયો છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંગ્રેજી સારાંશ– ડૉ. બ્રુહને (Bruhn) આ સારાંશ **ચઉપન્નમહાપુરિસચરિયના** અંગ્રેજી ઉપોદ્‌ઘાત (પૃ. ૨૭-૨૮)માં આપ્યો છે.

[1]**બુદ્ધિસાગરીય નાટક** (લ. વિ. સં. ૧૦૮૦)– બુદ્ધિસાગરસૂરિએ કોઈ નાટક રચ્યું હતું એમ વર્ધમાનસૂરિએ વિ. સં. ૧૧૪૦-માં રચેલી **મનોરમાચરિયની** પ્રશસ્તિ જોતાં જણાય છે. એ સંસ્કૃત અને પાઇય એમ ઉભય ભાષામાં હશે. ગમે તેમ પણ આ નાટક હજી સુધી તો મળી આવ્યું નથી. P. ૫૦૯

મહાકવિ રામચન્દ્રકૃત અગિયાર રૂપકો– 'કલિ.' હેમચન્દ્રસૂરિના આ વિદ્વાન વિનેયે જાતજાતનાં રૂપકો રચ્યાં છે. જેમકે નાટક, નાટિક, પ્રકરણ અને વ્યાયોગ. આ પૈકી કેટલાંક રૂપકો એકાંકી, પંચાંકી, ષડંકી, સપ્તાંકી અને દશાંકી છે. આ બાબતો હવે થોડાક વિસ્તારથી હું રજૂ કરું છું :–

(૧) **યાદવાભ્યુદય** (લ. વિ. સં. ૧૧૯૫)– આના કર્તા 'કલિ.' હેમચન્દ્રસૂરિના સુપ્રસિદ્ધ શિષ્ય–પટ્ટધર 'કવિકટારમલ્લ' **રામચન્દ્ર** છે. એમની આ કૃતિનો ઉલ્લેખ **નલવિલાસ** ( ) **નાટ્યદર્પણની** વિવૃત્તિ (પૃ. ૪૨, ૬૩ [2]ઈ) અને **રઘુવિલાસ** ( )માં જોવાય છે. એ ઉપરથી આ અમુદ્રિત કૃતિ એ ત્રણે કરતાં પ્રાચીન ગણાય. એની કોઈ સ્થળે હાથપોથી હોય તો તે જાણવામાં નથી.

(૨) **રાઘવાભ્યુદય** (લ. વિ. સં. ૧૨૦૦)– આ નાટકના કર્તા પણ ઉપર્યુક્ત **રામ**ચન્દ્ર છે. એમણે પોતાના **રઘુવિલાસ** નાટકમાં આ કૃતિનો ઉલ્લેખ કર્યો છે. આથી એ એના કરતાં પહેલાંની રચના ગણાય. એ નાટક મળે છે ખરું ? [**બૃહટ્ટીપણિકા** મુજબ આમાં ૧૦ અંક છે. **જૈ. સા. બૃ.** ભા. ૬/પૃ. ૫૮૧]

(૩) [3]**નલવિલાસ** (લ. વિ. સં. ૧૨૦૦)– આના કર્તા પણ ઉપર્યુક્ત **રામ**ચન્દ્ર છે. એમણે આ નાટક દ્વારા પુણ્યશ્લોક **નળ** અને સતી દમયન્તીનો વૃત્તાન્ત રજૂ કર્યો છે એમ કરતી વેળા એમણે કેટલાંક કાલ્પનિક પાત્રો યોજ્યાં છે. વળી કેટલાંક પાત્રનાં નામમાં તેમ જ કેટલીક બાબતમાં ફેરફાર જોવાય છે. જેમકે અહીં નળના પિતાનું નામ **નિષધ** અપાયું છે જ્યારે **મહાભારત** વગેરેમાં **વી**રસેન છે. એમના ભાઈનું નામ **મહાભારતની** જેમ **પુષ્કર** ન આપતાં યુવરાજ **કૂબર** અપાયું છે. **મહાભારતમાં** દમયન્તીની માતાના નામનો નિર્દેશ નથી જ્યારે અહીં એ **પુપ્ફવદી** (સં. **પુષ્પવતી**) અપાયું છે. P. ૫૧૦

મહાભારત વગેરેમાં **નળ** અને દમયન્તી વચ્ચે અનુરાગ ઉત્પન્ન કરનાર તરીકે 'હંસ' પક્ષીનો ઉલ્લેખ છે જ્યારે અહીં નળનો મિત્ર **કલહંસ** એ કાર્ય કરે છે.

મહાભારતમાં ચાર લોકપાલો નળ પાસે દૂતનું કાર્ય કરાવે છે અને સ્વયંવરમાં એ ચાર નળનું રૂપ ધારણ કરતાં પાંચ નળ બને છે. એ વાત આ **નલવિલાસમાં** તેમ જ **વસુદેવહિણ્ડી** વગેરેમાં નથી.

---

૧. આ નામ મેં યોજ્યું છે.

૨. અન્ય પૃષ્ઠો માટે જુઓ મુદ્રિત વિવૃત્તિ (પૃ. ૨૨૭)

૩. આ નાટક ''ગા. પૌ. ગ્રં.''માં ગ્રંથાંક ૨૯ તરીકે ઈ. સ. ૧૯૨૬માં વડોદરા રાજ્યના નરેશ સર **સયાજી**રાવ ગાયકવાડ (ઇ. સ. ૧૮૭૫-૧૯૨૫)ના ''સુવર્ણમહોત્સવ''ના પ્રસંગે પ્રકાશિત કરાયું છે. આની પ્રસ્તાવના (પૃ. ૧૦)માં **જૈન નૈષધચરિતનો** ઉલ્લેખ છે પણ **જિ. ૨. કો.**માં તો આ નામથી કોઈ કૃતિ નોંધાયેલી નથી. [હર્ષપુષ્પામૃત.માં સં. ૨૦૪૦માં પ્રસિદ્ધ થયું છે. ધીરેન્દ્ર મિશ્રનો અનુવાદ છપાયો છો.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મહાભારત વગેરેમાં જે કાર્ય **કલિ** કરે છે તે કાર્ય અહીં **દમયન્તી**નો અભિલાષી **ચેદિરાજ** (કલચુરિપતિ) **ચિત્રસેન**ના ચર-કાપાલિકો કરે છે.

P. ૫૧૧ **મહાભારતમાં** નળને વિકૃત બનાવનાર તરીકે **કર્કોટક** નાગનો અને એમના **દમયન્તી**થી વિયોગની મુદત તરીકે ચાર વર્ષનો ઉલ્લેખ છે જ્યારે અહીં (તેમ જ **વસુદેવહિણ્ડી** વગેરેમાં) એ કાર્ય નળના દેવ થયેલા પિતા **નિષધ** સર્પનું રૂપ લઈ કરે છે અને નળને દમયન્તીથી બાર વર્ષનો વિયોગ રહેશે એ વાત સૂચવે છે.

નલવિલાસ એ સંસ્કૃત તેમ જ પાઈય ભાષાઓમાં ગુંથાયેલા અને ગર્ભાંકથી ગર્ભિત સાત અંકનું નાટક છે. અહીં વૈદર્ભ રીતિ પ્રાધાન્ય ભોગવે છે અને નાટક તરીકે ધીર-લલિત રાજર્ષિ **નળ** છે. એમાં નાટ્યના પ્રાણરૂપ રસના સર્વ પ્રકારોને યથાયોગ્ય સ્થાન અપાયું છે. અંક ૫-૬ 'કરુણ' રસથી ઓતપ્રોત છે.

ઉપયોગ– નાટ્યદર્પણની વિવૃત્તિમાં હેતુ, બિન્દુ વગેરે કેટલીક [1]બાબતો સમજાવતી વેળા આ **નલવિલાસના** અમુક અમુક અંશોનો ઉલ્લેખ કરાયો છે. વળી આ **નલવિલાસનાં** કેટલાંક પદ્યો આ **રામચન્દ્ર**નાં કેટલાંક અન્ય નાટકોમાં જોવાય છે. એકાદ બે પાત્રનાં નામ પણ એવી રીતે એમનાં અન્ય નાટકમાં નજરે પડે છે.

સંતુલન– ચોથા અંકમાં દમયન્તીના સ્વયંવરનું જે મનોમોહક વર્ણન છે એ **સોમ**પ્રભસૂરિએ વિ. સં. ૧૨૪૧માં રચેલા **કુમારવાલપડિબોહ** (પૃ. ૪૯-૫૦)માંના વર્ણન સાથે મોટે ભાગે મળતું આવે છે.[2]

અં. ૨નું ૨૨મું પદ્ય અનેકાન્તવાદનું ઉદાહરણ પૂરું પાડે છે. વિદ્યાજીવીને અલ્પ વેતન મળે છે. એ વાત પૃ. ૮માં દર્શાવાઈ છે. પૃ. ૧૦માં દાક્ષિણાત્ય નારી કેવી હોય તે કહ્યું છે.

P. ૫૧૨ **ઉલ્લેખ** અને **અવતરણ– ગણહરસદ્ધસયગ** ઉપર વિ. સં. ૧૨૯૫માં **સુમતિગણિ**એ જે **બૃહદ્વૃત્તિ** રચી છે એમાં (પત્ર ૩૦૯-૩૧૧માં) આ નાટકના ઉલ્લેખપૂર્વક પ્રથમ અંકગત વિદૂષકનાં હાસ્યકારક વચનો (પૃ. ૪-૭) તેમ જ **કલહંસ**, રાજા, લંબસ્તની વગેરેનાં વચનો ઇત્યાદિને લગતું લખાણ (પૃ. ૨૩-૨૬) પણ આ બૃહદ્વૃત્તિમાં કંઈક ફેરફારપૂર્વક જોવાય છે.

(૪) [3]**કૌમુદી-મિત્રાણન્દ-પ્રકરણ** કિંવા **કૌમુદી-નાટક** (લ. વિ. સં. ૧૨૦૦)– [**કૌ.મિ.રૂપકમ્** આ નામે સિંઘી જૈ.માં છપાયું છે.] આ પણ 'કવિકટારમલ્લ' **રામચન્દ્ર**ની કૃતિ છે. એમાં દસ અંક છે. પૃ. ૨માં કર્તાને વિષે નીચે મુજબનો ઉલ્લેખ છે :–

''श्रीसिद्धहेमचन्द्राभिधानशब्दानुशासनविधानवेधसः श्रीमदाचार्यहेमचन्द्रस्य **शिष्येण** प्रबन्धशतविधान-निष्णातबुद्धिना नाट्यलक्षणनिर्माणापातावगाढसाहित्याम्भोधिना विशीर्णकाव्यनिर्माण (निस्)तन्द्रेण श्रीमता रामचन्द्रेण''

---

१. જુઓ પ્રસ્તાવના (પૃ. ૧૯) ૨. જુઓ પ્રસ્તાવના (પૃ. ૧૫)

૩. આ પ્રકરણ "જૈ. આ. સ." તરફથી વિ. સં. ૧૯૭૩માં છપાવાયું છે. [સિંઘી જૈ. ગ્રં.માં છપાયું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કૌમુદી અને **મિત્રાણન્દની** કૌતુકભરી કથાને અવલંબીને આ નાટક રચાયું છે.

આ નાટકનાં નવ પદ્યો **નલવિલાસમાં** જોવાય છે. આ નાટકનો ઉલ્લેખ **નાટ્યદર્પણની** વિવૃત્તિ (પૃ. ૭૦)માં કરાયો છે. એ હિસાબે આની રચના એ વિવૃત્તિની પૂર્વે થયેલી ગણાય.

(૫) [૧]**રઘુવિલાસ**[૨] (લ. વિ. સં. ૧૨૦૫)– આ નાટકના કર્તા પણ ઉપર્યુક્ત [૩]**રામ**ચન્દ્ર છે. P. ૫૧૩
આ નાટકમાં કર્તાએ નિમ્નલિખિત કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે :–

(૧) **દ્રવ્યાલંકાર** (પ્રબન્ધ), (૨) **નલવિલાસ**, (૩) **યાદવાભ્યુદય** અને (૪) **રાઘવાભ્યુદય**.

આ નાટકનો **નાટ્યદર્પણમાં** અનેક વાર ઉલ્લેખ છે. આઠ અંકના નાટકમાં એના પ્રણેતાએ પોતાને 'સાહિત્યોપનિષદ્‌વિદ્' કહ્યા છે. આ નાટકની શરૂઆત **સીતા** અને **લક્ષ્મણ**ની સાથે **રામે** વનવાસ લીધાના પ્રસંગથી કરાઈ છે. ત્યાર બાદ **રાવણે** કરેલું **સીતા**નું હરણ, **રામ**નો [૪]વિલાપ, **સુગ્રીવ**નું રૂપ લેનાર **વિદ્યાધર**નો નાશ, **વિભીષણે** **રાવણ**નો કરેલો ત્યાગ, **રામ** અને **રાવણ** વચ્ચે યુદ્ધ, **રાવણ**નો નાશ અને **રામ**નો **સીતા** સાથેનો મેળાપ એમ રામના જીવનને લગતી વિવિધ બાબતો આ નાટકમાં આલેખાઈ છે.

આ નાટકનું વસ્તુ **વાલ્મીકિકૃત રામાયણ**ને બદલે મુખ્યતયા જૈન રામાયણો અનુસાર છે.

સારાંશ અને સમીક્ષા– આ બંને બાબત ડૉ. કે. એચ. **ત્રિવેદી**એ પોતાના નિમ્નલિખિત P. ૫૧૪
[૫]પુસ્તક (પૃ. ૨૨૮-૨૩૦)માં અંગ્રેજીમાં રજૂ કરી છે :–

"The Natyadrapana of Ramacandra and Gunacandra A Ctirical Study"

વિશેષમાં પ્રસ્તુત નાટક ઉપરથી કોઈકે [૬]**રઘુવિલાસનાટકોદ્ધાર** રચ્યાનો અને એનું પરિમાણ મૂળ કરતાં લગભગ અડધું હોવાનો અહીં પૃ. ૨૩૦માં ઉલ્લેખ છે. [**રઘુવિલાસનાટકોદ્ધાર**. રામચન્દ્રસૂરિ પ્ર. સિંઘી જૈન ગ્રં. ૭૬]

અવતરણો– પ્રો. **પિટર્સ**ને એમનાં પાંચમા હેવાલના પરિશિષ્ટમાં આ **રઘુવિલાસ**માંથી અવતરણો આપ્યાં છે.

(૬) [૭]**સત્ય-હરિશ્ચન્દ્ર** (લ. વિ. સં. ૧૨૦૫)– આના કર્તા પણ ઉપર્યુક્ત **રામ**ચન્દ્ર છે. એમણે

૧. આને કેટલાકે **રઘુવિલાપ** કહ્યો છે પણ એ ભૂલ છે
૨. આ અમુદ્રિત છે. એની હાથપોથીઓ મળે છે. [આ. સિંઘી જૈ. ગ્રં. ૭૫માં પ્રસિદ્ધ થયેલ છે.]
૩. એમના જીવનવૃત્તાન્તને તથા એમની વિવિધ કૃતિઓના સંક્ષિપ્ત પરિચયને N D R G (સંપૂર્ણ નામ ઇત્યાદિ માટે જુઓ પૃ. ૫૧૪)માં પૃ. ૨૦૯-૨૪૪માં સ્થાન અપાયું છે :–
૪. **વિક્રમોર્વશીયમાં** એનો નાયક સચેતન તેમ જ અચેતન પદાર્થોને સંબોધે છે તેવું કથન આ નાટકમાં પણ જોવાય છે.
૫. આ પુસ્તક "લા. દ. વિદ્યામંદિર" તરફથી ઈ. સ. ૧૯૬૬માં પ્રસિદ્ધ કરાયું છે.
૬. **જિ. ૨. કો.** (વિ. ૧)માં આની આ નામથી તો નોંધ નથી.
૭. આ નાટક "નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી ઈ. સ. ૧૯૨૩માં સંસ્કૃત છાયા સહિત પ્રકાશિત કરાયું છે. [મુનિ **માન**વિજયસંપાદિત "સત્યવિજય ગ્રં." માં પ્રકાશિત.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ છ અંકના આદિમ રૂપક યાને નાટક દ્વારા સત્યવાદી તરીકે સુપ્રસિદ્ધ હરિશ્ચન્દ્રનો વૃત્તાન્ત આલેખ્યો છે. શિકાર કરતા હરિશ્ચન્દ્રને હાથે ગર્ભિણી હરિણીને બાણ વાગે છે. એને કુલપતિની પુત્રીએ પાળી હતી એથી એ દુઃખી થાય છે અને એ મરી જશે એમ જણાતાં એ અનશન કરવા ઇચ્છે છે. એની પાછળ એની માતા પણ તેમ કરવા તૈયાર થાય છે. એની જાણ થતાં કુલપતિ આ હરિશ્ચન્દ્ર પર ગુસ્સે થાય છે. એ ઉપરથી એ રાજા કુલપતિને કહે છે કે આ પાપમાંથી મુક્ત થવા કહો તો હું પૃથ્વીનું દાન દઉં. કુલપતિ એની હા પાડે છે. એવામાં હરિણી મરી ગયાના સમાચાર મળે છે અને કુલપતિની પુત્રી એના ભેગો પોતાનો અગ્નિસંસ્કાર કરવા કહે છે. એને શાન્ત પાડવા માટે હરિશ્ચન્દ્ર લાખ સુવર્ણ આપવાનું કહે છે. આગળ જતાં રાજા સુવર્ણ આપે છે ત્યારે કુલપતિ કહે છે કે આ તો મારાખજાનાનો માલ છે કેમકે પૃથ્વી મને અપાઈ ગઈ છે. એ સાંભળી હરિશ્ચન્દ્ર રાજ્યનો ત્યાગ કરે છે. 'કાશી' જઈ એ પોતાની પત્ની સુતારા અને પુત્ર રોહિતાશ્વને અનુક્રમે પાંચ હજાર સુવર્ણ અને એક હજાર સુવર્ણ લઈ વેચે છે અને પોતે સ્મશાનમાં દાસકર્મ કરે છે. રોહિતાશ્વનું સર્પના દંશથી મૃત્યુ થતાં સુતારા એને સ્મશાનમાં લાવે છે. ત્યાં હરિશ્ચન્દ્ર એનું આચ્છાદન-વસ્ત્ર આપવા કહે છે. એ કસોટીના પ્રસંગે બે દેવો આવે છે અને એના ધૈર્યની અને સત્ય વ્રતની પ્રશંસા કરે છે અને આ બધું તર્કટ હોવાનું કહે છે.

આ [1]નાટકમાં નીચે મુજબની બે ઘટનાઓનો ઉલ્લેખ છે :–

(૧) અંગારમુખને સુતારાનો – હરિશ્ચન્દ્રનો સેવક કુન્તલ મારવા ધસે છે ત્યાં તો અંગારમુખ એને શિયાળ બનાવી દે છે– પૃ. ૧૯

(૨) કુલપતિ સાથે હરિશ્ચન્દ્રના અમાત્ય વસુભૂતિને બોલાચાલી થતાં કુલપતિ એને પોપટ બનાવી દે છે.– પૃ. ૨૨

સન્તુલન– ચતુર્થ અંકમાં એક માંત્રિક સુતારાને રાક્ષસી તરીકે લાવે છે. એ અદ્‌ભુત પ્રસંગને
P. ૫૧૫ રાજશેખરકૃત સટ્ટક નામે [2]**કપ્પૂરમંજરીમાં** ભૈરવાનન્દે નાયિકાને સ્નાન કરતી રંગભૂમિ ઉપર રજૂ કર્યાની બાબત સાથે સરખાવી શકાય. હર્ષકૃત **નાગાનન્દ**ના ચતુર્થ અંકમાં જેમ જીમૂતવાહન શંખચૂડને બચાવવા ગરુડને પોતાનો ભોગ આપે છે તેમ આ નાટકના પાંચમાં અંકમાં હરિશ્ચન્દ્ર રાજકુંવરને બચાવવા એક વિદ્યાધરને પોતાનો ભોગ આપે છે.[3]

પૌર્વાપર્ય– **નાટ્યદર્પણ**ની વિવૃત્તિ (પૃ. ૩૦-૩૬ ઇ.[4])માં આની નોંધ છે એટલે આ નાટક આ વિવૃત્તિ કરતાં પહેલાનું છે. આ નાટક **નલવિલાસની** પછી યોજાયું છે. **નલવિલાસનાં** બે પદ્યો આ નાટકમાં જોવાય છે.

૧. અંગ્રેજીમાં સારાંશ માટે જુઓ N D R G (PP. 224-225)

૨. આના પરિચય માટે જુઓ પા. ભા. સા. (પૃ. ૭૪-૭૫)

૩. જુઓ N D R G (p. 225)

૪. ઇત્યાદિથી સૂચિત પૃષ્ઠો માટે જુઓ આ વિવૃત્તિ (પૃ. ૨૨૮)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૭) [1]**નિર્ભય-ભીમ** (લ. વિ. સં.)– ઉપર્યુક્ત **રામચન્દ્રે** આ એક અંકનો [2]વ્યાયોગ રચ્યો છે.

વ્યાયોગો બહુ ઓછા રચાયા લાગે છે, જો કે **ભાસે મધ્યમ-વ્યાયોગ** રચી એના શ્રીગણેશ માંડ્યા હતા. **પ્રહલાદનદેવનો પાર્થપરાક્રમ** નામનો વ્યાયોગ ઈ. સ. ૧૧૬૩ થી ઈ. સ. ૧૨૧૩ના ગાળામાં રચાયો છે. 'કાલંજર'ના પરમર્દિદેવના મન્ત્રી તરીકે ઈ. સ. ૧૧૭૬થી ઈ. સ. ૧૨૦૩ સુધી કાર્ય કરનારા **વત્સરાજે** પારિભાષિક દૃષ્ટિએ આકર્ષક એવો **કિરાતાર્જુનીય** નામનો વ્યાયોગ રચ્યો છે. વળી **વિશ્વનાથે** ઈ. સ. ૧૩૧૬ના અરસામાં **સૌગન્ધિકાહરણ** નામનો વ્યાયોગ રચ્યો છે. આમ કેટલાક P. ૫૧૭ વ્યાયોગ છે.

પ્રસ્તુત વ્યાયોગમાં **ભીમ બક** રાક્ષસનો વધ કરે છે એ વાત છે આ વિષય **મહાભારતના** 'આરણ્યક' પર્વમાં આલેખાયો છે. અહીં આનો પ્રારંભ **ભીમ** વન્ય વેષમાં રહેલી **દ્રૌપદીને** વનની શોભા જોવા લઈ જાય છે એ હકીકતથી કરાયો છે. આગળ જતાં **બક**ના મંદિરનો પરિચારક એ બંનેને મળે છે. એ કહે છે કે એ રાક્ષસથી બીધેલા લોકો દરરોજ વધ્ય જનને અનુકૂળ વસ્ત્રાદિ ધારણ કરેલા એવા એક માણસને એને સમર્પે છે એ ઉપહાર-પુરુષ આવીને આ વધ્યશિલા ઉપર બેસે છે એટલે **બક** આવી એને ખાઈ જાય છે. એ વાત થાય છે એવામાં એવો એક પુરુષ આવે છે. એની જગ્યાએ **ભીમસેન** બેસી જાય છે અને **દ્રૌપદી** સંતાઈ જાય છે. આગળ ઉપર **બક** બે રાક્ષસો સાથે આવે છે. એક **દ્રૌપદીને** શોધી કાઢે છે. **બક ભીમસેનને** ખસેડી શકતો નથી ત્યારે એ પાંચ છ બીજા રાક્ષસોને બોલાવી એને ઉપડાવે છે. બંને વચ્ચે યુદ્ધ થતાં **બક**નું મરણ થાય છે. એ દરમ્યાન બીકની મારી **દ્રૌપદી** ગળે ફાંસો નાંખી મરવાની તૈયારી કરે છે. ત્યાં તો યુધિષ્ઠિર વગેરે બીજાં પાંડવો આવી પહોંચે છે અને દ્રૌપદીને બચાવે છે. એવામાં **ભીમ** ક્ષેમકુશળ પાછો ફરે છે. પેલો ઉપહાર-પુરુષ બચી જવાથી એનો ઉપકાર માને છે અને એનું શ્રેય ઇચ્છે છે.

આ [3]વ્યાયોગનો પ્રારંભિક ભાગ **નાગાનન્દ** (અં. ૫)નું સ્મરણ કરાવે છે.

ઉલ્લેખ– નાટ્યદર્પણની સ્વોપજ્ઞ વિવૃત્તિ (પૃ. ૬૮)માં **નિર્ભયભીમ-વ્યાયોગનો** ઉલ્લેખ છે. P. ૫૧૮ એ ઉપરથી એમ કહી શકાય કે આ વ્યાયોગ આ વિવૃતિ કરતાં પહેલો રચાયો છે. આ વ્યાયોગનો નવમો શ્લોક **નલવિલાસ** (અં. ૫)માં નવમા શ્લોક તરીકે જોવાય છે.

(૮) [4]**મલ્લિકા-મકરન્દ**– આ પ્રકરણના કર્તા પણ ઉપર્યુક્ત **રામચન્દ્ર** છે. **નાટ્યદર્પણ** (વિવેક ૩, શ્લો. ૧૨૩)ની વિવૃત્તિ (પૃ. ૧૭૧)માં આ પ્રકરણનો ઉલ્લેખ છે આની એકે હાથપોથી જિ. ૨.

---

૧. આ વ્યાયોગ ''ય. જૈ. ગ્રં.''માં વીરસંવત્ ૨૪૩૭માં છપાયો છે.

૨. આનું લક્ષણ ભરતે **નાટ્યશાસ્ત્ર** (અ. ૧૮,)માં આપ્યું છે. એને અંગેનાં આ **નાટ્યશાસ્ત્ર** (અ. ૨૦) ગત ચાર પદ્યો **કાવ્યાનુશાસન** (અ. ૮, સૂ. ૩)ની વૃત્તિ નામે **અલંકારચૂડામણિ** (પૃ. ૪૪૦-૪૪૧)માં ઉદ્ધૃત કરાયાં છે. ૩. આની સમીક્ષા માટે જુઓ N D R G (p. 228)

[૪. આ એલ.ડી.સિરિજ ૯૧માં છપાયો છે. સં. મુનિ પુણ્યવિજય Introduction વી. એમ. કુલકર્ણી.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કો. (વિ. ૧)માં નોંધાયેલી નથી પણ આ **રઘુવિલાસ** તેમ જ ચાર પ્રકાશિત રૂપકો સહિત હવે છપાય છે એમ જાણવા મળે છે.

આ રૂપકમાંનાં બે મુખ્ય પાત્રો તે **મ**લ્લિકા અને **મ**કરન્દ છે. મલ્લિકા એ **વૈ**નતેય નામના વિદ્યાધર અને એની પત્ની **ચ**ન્દ્રલેખાની પુત્રી થાય છે. આ છ અંકના પ્રકરણના પ્રારંભમાં કહ્યું છે કે રાજકુમારી મલ્લિકા રાત્રે **મ**દનના મન્દિરમાં આવી આપઘાત કરવા તૈયાર થાય છે પરંતુ **મ**કરન્દ એને બચાવી લે છે. એ બંને પરસ્પર અનુરાગી બને છે અને મલ્લિકા એને પોતાના કાનના અલંકાર આપે છે– અંક ૧

મકરન્દને જુગારીઓ પકડી જાય છે. ત્યાર બાદ **મ**લ્લિકાનો કહેવાતો પિતા એને છોડવે છે. એ **મ**કરન્દને કહે છે કે સોળ વર્ષ ઉપર મલ્લિકાઓની ઘટામાંથી મને મલ્લિકા મળી આવી હતી. એ વેળા એની મુદ્રિકા ઉપર વૈનતેયની મુદ્રા (seal) હતી અને એના કેશમાંના એક ભૂર્જપત્ર પર લખ્યું હતું કે સોળ વર્ષ પછી ચૈત્ર કૃષ્ણ ચતુર્દશીએ હું આ મલ્લિકાના પતિને અને પાલકને મારી ને માલ્લિકાને લઈ જઈશ. મકરન્દ મલ્લિકાનો બચાવ કરવા જાય છે પરંતુ કાઈક **મ**લ્લિકાને ઉપાડી જાય છે –અંક ૨

P. ૫૧૯ **મ**લ્લિકાને વિદ્યાધરોના રાજ્યમાં લઈ જવાય છે. ત્યાં એ **ચિ**ત્રાંગદને પરણવા ના પાડે છે એવામાં મકરન્દ આવતાં **ચ**ન્દ્રલેખા ગુસ્સે થાય છે.– અંક ૩

મલ્લિકાના ઉપર **ચ**ન્દ્રલેખા પૂરતો જામો રાખે છે એટલે **મ**કરન્દનું કશું વળતું નથી. ત્યાં એક પોપટને મકરન્દનો સ્પર્શ થતાં એ માનવ બની જાય છે. એ **વૈ**શ્રવણ છે અને એને **મ**નોરમા નામની પત્ની છે. એ **વૈ**શ્રવણને એક વૃદ્ધા રતિક્રીડા માટે બોલાવે છે પણ એ ના પાડે છે એટલે એને એ સ્ત્રી કે જે **ચ**ન્દ્રલેખા છે–**મ**લ્લિકાની મા જ છે તે પોપટ બનાવી દે છે અને એની પત્ની **મ**નોરમાને પોતાની પુત્રીની દાસી તરીકે રાખે છે. આ **ચ**ન્દ્રલેખા કુલટા છે અને એ **ગ**ન્ધમૂષિકા નામની સાધ્વીના આશ્રમમાં રહે છે. **મ**કરન્દ ચિત્રાંગદને મળવા જાય છે એટલે એ એને બંદીવાન બનાવે છે.– અંક ૪

વૈશ્રવણ અને **મ**નોરમા **મ**કરન્દને સહાય કરવાનું નક્કી કરે છે. **મ**લ્લિકા **મ**કરન્દ પ્રત્યેનો પ્રેમ પોતાની માતા આગળ જાહેર કરે છે પરંતુ પાછળથી ચિત્રાંગદ પ્રત્યે.– અંક ૫

છઠ્ઠા અંકના વિષ્કંભમાં કહ્યું છે કે **મ**લ્લિકા **ચિ**ત્રાંગદને ચાહતી હોય એવો દેખાવ કરે છે. એ બેનાં લગ્ન થાય તે પહેલાં **ય**ક્ષાધિરાજ અને **મ**લ્લિકાના લગ્ન થઈ જાય છે. આ જ **ય**ક્ષાધિરાજ તે મકરન્દ હોવાનું જણાય છે અને બધાં આ લગ્ન માટે સંમતિ દર્શાવે છે. મકરન્દ સાથે મલ્લિકાનું મિલન એ આ પ્રકરણની પૂર્ણાહૂતિરૂપ બને છે.– અંક ૬

અંગ્રેજીમાં સારાંશ– N D R G (પૃ. ૨૩૦-૨૩૨)માં અપાયો છે.

(૯) **યદુવિલાસ**– આ રૂપકનો **રઘુવિલાસ**ની પ્રસ્તાવનામાં ઉલ્લેખ છે. એ વિશે કશી માહિતી
P. ૫૨૦ N D R Gમાં જણાતી નથી. **જિ. ૨. કો.**માં આ નામથી કોઈ કૃતિ જ નોંધાયેલી નથી. આમાં કૃષ્ણને અંગે કોઇ બાબત હશે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૦) **રોહિણી-મૃગાંક** (લ. વિ. સં.)– આ પ્રકરણના પ્રણેતા પણ ઉપર્યુક્ત રામચન્દ્ર છે. એમણે આનો ઉલ્લેખ **નાટ્યદર્પણની** વિવૃત્તિ (પૃ. ૬૧ અને ૬૮)માં કર્યો છે પણ આ અમુદ્રિત પ્રકરણની કોઈ હાથપોથી જોવાજાણવામાં નથી. એમાં **રો**હિણી અને **મૃ**ગાંક એ બે મુખ્ય પાત્રો હસે.

(૧૧) [૧]**વનમાલા** (લ. વિ. સં.)– આ નાટિકાના કર્તા પણ ઉપર્યુક્ત **રા**મચન્દ્ર છે. એમણે આની નોંધ **નાટ્યદર્પણની** વિવૃતિ (પૃ.....)માં લીધી છે. આ અમુદ્રિત કૃતિની કોઈ હાથપોથી હજી સુધી તો મળી આવી હોય એમ જાણવામાં નથી. આના વસ્તુ વિષે N D R G (p. 233)માં કલ્પના કરાઈ છે.

આ પ્રમાણે 'કવિકટારમલ્લ' **રા**મચન્દ્રે જે[૪] ૧૧ રૂપકો રચ્યાં છે એ પૈકી [૨]**યા**દવાભ્યુદય અને [૩]**રા**ઘવાભ્યુદય એ બેનાં નામના અંતમાં જેમ 'અભ્યુદય' શબ્દ છે તેમ **નલવિલાસ, યદુવિલાસ,** અને **રઘુવિલાસ** એ ત્રણનાં નામના અંતમાં 'વિલાસ' શબ્દ છે.

ચન્દ્રલેખા-વિજય (લ. વિ. સં. ૧૨૦૭)– આ નાટિકાના કર્તા 'કલિ.' **હે**મચન્દ્રસૂરિના P. ૫૨૧
શિષ્ય, નહિ કે ગુરુ[૫]**દે**વચન્દ્રગણિ છે. 'કુમારવિહાર'માં મૂળ નાયક **પા**ર્શ્વનાથની ડાબી બાજુએ રહેલા **અ**જિતનાથના જિનાલયમાં વસન્તોત્સવના પ્રસંગે કુમારપાલની સભાના રંજનાર્થે આ પંચાંકી નાટિકા **શે**ષ ભટ્ટારકની સહાયતાપૂર્વક રચાઈ હતી અને ત્યાં ભજવાઈ પણ હશે. **અ**ર્ણોરાજને પરાસ્ત કરવામાં **કુ**મારપાલે દર્શાવેલી વીરતાનો પ્રસંગ અહીં વર્ણવાયો છે. આમાં નાયિકા તરીકે **ચં**દ્રલેખા વિદ્યાધરી છે. [**ચ.વિ.** પ્રકા. શારદાબેન ચી. એ. સેન્ટર. અમદાવાદ]

માન-મુદ્રા-ભંજન (લ. વિ. સં. ૧૨૧૦)– આ ૧૮૦૦ શ્લોક જેવડા નાટકના કર્તા પણ ઉપર્યુક્ત દેવચન્દ્રગણિ છે. **સ**નત્કુમાર ચક્રવર્તી અને **વિ**લાસવતીના સંબંધને અંગે આ રચાયેલું નાટક હજી સુધી તો મળી આવ્યું નથી.

[૫]**મુદ્રિત-કુમુદચન્દ્ર**[૬] (લ. વિ. સં. ૧૨૧૦)– આ પંચાંકી [૭]નાટક છે. એ દરેકમાં વિષ્કંભક છે. આ નાટકના કર્તા જૈન ગૃહસ્થ **ય**શશ્ચન્દ્ર છે. એઓ 'ધર્કટ' વંશના **ધ**નદેવના પૌત્ર અને **પ**દ્મચન્દ્રના

---

૧. **અ**મરચન્દ્રે પણ આ નામની નાટિકા રચી છે.

૨. આ વાસુદેવ કૃષ્ણને લગતુ નાટક છે. એમાં કંસ અને જરાસંધના વધ અને કૃષ્ણના રાજ્યાભિષેકનો ઉલ્લેખ છે. આ નાટક દશાંકી હશે. જુઓ N D R G (p. 233)

૩. આ બૃ. ટિ. પ્રમાણે દશાંકી નાટક છે. એનો પ્રારંભ **સી**તાના સ્વયંવરથી કરાયેલો લાગે છે અને બાકીની બાબતો **રઘુવિલાસ**ગત વસ્તુના જેવી હશે એમ N D R G (p. 232)માં કહ્યું છે.

૪. એમણે આ પ્રકરણમાં એમના ગુરુ વિષે નીચે મુજબનો ઉલ્લેખ કર્યો છે :–
''विद्याम्भोनिधिमन्थमन्दरगिरिः श्रीहेमचन्द्रो गुरुः''

૫. આ ''ય. જૈ. ગ્રં.''માં વીરસંવત્ ૨૪૩૨માં પ્રકાશિત કરાયું છે.

૬. આનો ગુજરાતી અનુવાદ મેં ઘણાં વર્ષો ઉપર તૈયાર કર્યો હતો પણ એ હજી સુધી તો અપ્રસિદ્ધ છે.

૭. H I L (Vol. II, p. 546)માં આને ખરેખરું જૈન નાટક (genuine Jinistic drama) કહ્યુ છે. એનું કારણ એમ લાગે છે કે એનું વસ્તુ કોઈ અજૈન કૃતિમાંથી લેવાયું નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૫૨૨ પુત્ર થાય છે. 'વાદી' દેવસૂરિએ સ્ત્રી પણ મુક્તિની અધિકારી છે અને એનો દેહ એમાં આડે આવતો નથી એ વાત **સિદ્ધરાજ** જયસિંહની સમક્ષ કર્ણાટકના દિ. **કુમુદચન્દ્ર** સાથેના વાદમાં સિદ્ધ કરી હતી એ વાત આ નાટકમાં રજૂ કરાઈ છે. આ વાદ વિ. સં. ૧૧૮૧માં વૈશાખ સુદ પૂર્ણિમાને દિવસે થયો હતો એમ પ્ર. ચ. (શૃંગ ૨૧, શ્લો. ૧૯૩)માં કહ્યું છે. વિશેષમાં આ વાદના સમયે પ્રજ્ઞાચક્ષુ કવિ **શ્રી**પાલે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. વળી ૩૬ વર્ષના **હેમ**ચન્દ્રસૂરિ આ વાદ વખતે હાજર હતા.

[1]**મોહરાજ-પરાજય** (લ. વિ. સં. ૧૨૩૦)– આના કર્તા જૈન ગૃહસ્થ **યશ**:પાલ છે. એઓ રાજા **અજય**પાલ (ઈ. સ. ૧૧૭૩- ઈ. સ. ૧૧૭૬)ના મંત્રી થાય છે. એ મંત્રી 'મોઢ' વંશના મંત્રી **ધન**દેવ અને **રુ**કિમણીના પુત્ર થાય છે. એમણે આ નાટક થારાપદ્ર (થરાદ)માં 'કુમાર-વિહાર-કોડાલંકાર' **મ**હાવીરસ્વામીના યાત્રામહોત્સવને પ્રસંગે **અજય**પાલના રાજ્યમાં પાંચ અંકમાં રચ્યું હતું. આ રૂપકાત્મક (allegorical) નાટક દ્વારા **કુ**મારપાલનાં લગ્ન 'ધર્મરાજ' અને 'વિરતિ'ની પુત્રી 'કૃપાસુંદરી' સાથે **મ**હાવીરસ્વામી અને 'કલિ.' **હેમ**ચન્દ્રસૂરિની સમક્ષ વિ. સં. ૧૨૧૬ના માગસર સુદ બીજે[2] થયાની હકીકત વર્ણવાઈ છે.

P. ૫૨૩ પ્રસ્તુત નાટકના પ્રથમ અંકના શ્લો. ૨૮ ઉપરથી એમ જણાય છે કે **કુ**મારપાલને (પોતાના તરફની **સિદ્ધ**રાજની કરડી નજરને લઈને) ભટકવું પડ્યું હતું. આ નાટક વિ. સં. ૧૨૨૯ થી વિ. સં. ૧૨૩૨)ના ગાળામાં રચાયેલું હોય એમ જણાય છે.[3] આ નાટક સાહિત્યની જ દૃષ્ટિએ મહત્ત્વનું છે એટલું જ નહિ પરંતુ ગુજરાતની બારમી સદીના ઐતિહાસિક અને સામાજિક સામગ્રીની દૃષ્ટિએ પણ મહત્ત્વનું છે.

આ **મોહરાજપરાજય** (પૃ. ૯૩-૯૫) ઉપરથી એ વાત જણાય છે કે **કુ**મારપાલ જૈન બન્યા તે પહેલાં એમને માંસાહાર પ્રત્યે ખૂબ **આસક્તિ** હતી. એથી એના **પ્રાયશ્ચિત્ત** તરીકે એમણે (પોતાના પિતા **ત્રિ**ભુવનપાલના સ્મરણાર્થે બોત્તેર જિનાલયવાળું મોટું) ત્રિભુવન-વિહાર નામનું જૈન મંદિર અને બીજા બત્રીસ જિનાલયો બંધાવ્યાં હતાં.

[4]**પ્રબુદ્ધ-રૌહિણેય** (લ. વિ. સં. ૧૨૪૦)– આ છ અંકનું નાટક 'વાદી' દેવસૂરિનાં સંતાનીય (? શિષ્ય) જયપ્રભસૂરિના શિષ્ય **રા**મભદ્રે રચ્યું છે. આ નાટક ચાહમાન **સમ**રસિંહદેવ રાજાના

---

૧. આ નાટકને **મોહપરાજય** પણ કહે છે. એ સ્વ. **ચી**મનલાલ દલાલની પ્રસ્તાવના સહિત "ગા. પૌ. ગ્રં." માં ગ્રંથાક ૯ તરીકે ઈ. સ. ૧૯૧૮માં પ્રકાશિત કરાયું છે.

૨. આ દિવસે **કુ**મારપાલે પ્રકટપણે "જૈન" ધર્મ સ્વીકાર્યો એમ કહેવાય છે.

૩. H I L (Vol. II, p. 547) માં રચનાસમય તરીકે ઈ. સ. ૧૨૨૯થી ઈ. સ. ૧૨૩૨નો ગાળો સૂચવાયો છે તે યોગ્ય જણાતો નથી, જો કે "ગા. પૌ. ગ્રં."ના સૂચીપત્રમાં પણ આ જ રચનાસમય છપાયો છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૧૬)માં તો ઈ. સ. ૧૧૭૩ થી ઈ. સ. ૧૧૭૬નો ઉલ્લેખ છે અને એ વાસ્તવિક છે.

૪. આ નાટક "જૈ. આ. સ." તરફથી ઈ. સ. ૧૯૧૮માં છપાવાયું છે. એના નિવેદનમાં **પ્રાચીન જૈન લેખસંગ્રહ** (ભા. ૨)માંનો જાલોરદુર્ગને લગતો લેખ અપાયો છે. [આ. શીલચન્દ્રસૂરિના ગુજ.અનુવાદ સાથે જૈન સાહિત્ય અકાદમી ગાંધીનગરથી સં. ૨૦૫૯માં છપાયું છે.]

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભૂષણરૂપ "પાર્શ્વચન્દ્ર" કુળના [૧]**યશોવીરે** અને એના ભાઈ *અજયપાલે* બંધાવેલા **આદીશ્વર**ના ચૈત્યમાં વિ. સં. ૧૨૪૨ના અરસામાં યાત્રોત્સવને પ્રસંગે ભજવાયું હતું અને એનું વસ્તુ **રૌ**હિણેય ચોરની કથાને લગતું છે. એ કથા હૈમ **ત્રિષષ્ટિ.** (પ. ૧૦, સ. ૧૧, શ્લો. ૧-૧૧)માં વર્ણવાઈ છે. P. ૫૨૪

[૨]**દ્રૌપદી-સ્વયંવર** (લ. વિ. સં. ૧૨૬૦)—આ બે અંકના નાટકના કર્તા જૈન ગૃહસ્થ **વિ**જયપાલ છે. એઓ સુપ્રસિદ્ધ પ્રજ્ઞાચક્ષુ કવિચક્રવર્તી **શ્રી**પાલના પુત્ર કવિ **સિદ્ધ**પાલના પુત્ર થાય છે.[૩] એમનું આ નાટક 'અભિનવ સિદ્ધરાજ' તરીકે ઓળખાવાતા **ભી**મ બીજાના ભોળા ભીમ (વિ. સં. ૧૨૩૫- વિ. સં. ૧૨૯૮)ની આજ્ઞા અનુસાર અણહિલપુરમાં **ત્રિ**પુરુષદેવની સામે વસન્તોત્સવના પ્રસંગે ભજવાયું હતું. આ નાટકનો વિષય **મહાભારતમાં** જોવાય છે.

[૪]**કરુણા-વજ્રાયુધ** (લ. વિ. સં. ૧૨૭૭)– આના કર્તા **વસન્તવિલાસના** રચનારા [૫]**બાલચન્દ્રસૂરિ** છે. એઓ હરિભદ્રના શિષ્ય થાય છે. એમણે આ નાટક પાંચ અંકમાં રચ્યું છે. આનો વિષય એ છે કે ચક્રવર્તી ભૂપતિ **વજ્રા**યુધ પોતાનું માંસ આપી બાજ પક્ષીથી કબૂતરને બચાવે છે. આ બંને પક્ષીઓ તો તે દેવેધારણ કરેલાં સ્વરૂપ છે. આ નાટક વૈદિક હિંદુઓ પૈકી **સિ**બિ રાજાના વૃત્તાન્તનું સ્મરણ કરાવે છે. આ નાટક વિ. સં. ૧૨૭૭ની આસપાસમાં રચાયેલું હોય એમ લાગે છે. આ નાટક મંત્રીશ્વર વસ્તુપાલે કાઢેલા સંઘના મનોરંજનાર્થે 'શત્રુંજય' ઉપર ઋષભદેવના યાત્રા-મહોત્સવને પ્રસંગે ભજવાયું હતું. P. ૫૨૫

[૬]***કાકુત્સ્થકેલિ*** *(લ. વિ. સં. ૧૨૮૦)*– આ નાટકના કર્તા **અલંકારમહોદધિ** વગેરેના પ્રણેતા **ન**રેન્દ્રપ્રભસૂરિ છે. એમણે [૭]૧૫૦૦ શ્લોક જેવડું આ નાટક રચ્યું છે પણ તે હજી સુધી તો મળી આવ્યું નથી. એનું નામ જોતાં એમા 'રઘુ' વંશનો બલ્કે **રામાયણમાં**નો કોઈ પ્રસંગ આલેખાયો હશે એમ લાગે છે. આ નાટકનો ઉલ્લેખ **ન્યાયકન્દલીની રા**જશેખરસૂરિએ વિ. સં. ૧૩૮૫માં રચેલી **પંજિકાની** પ્રશસ્તિમાં છે :

---

૧. આ **ય**શોવીર તે ભાં. **પા**સુના પુત્ર થાય છે એમ વિ. સં. ૧૨૨૧નો લેખ જોતાં જણાય છે. એ **ય**શોવીર જાલોરના જૈન સમાજનો અગ્રગણ્ય નાગરિક હોય એમ લાગે છે. એઓ તેમ જ એમના ભાઈ **અ**જયપાલ ચાહમાન **સ**મરસિંહદેવના માનીતા હતા.

૨. આ નાટક **જિ**નવિજયજીની પ્રસ્તાવના સહિત "જૈ. આ. સ." તરફથી ઈ. સ. ૧૯૧૮માં છપાવાયું છે.

૩. આમ કવિત્વ ત્રણ પેઢી સુધી ઊતરી આવ્યું હતું.

૪. આ નાટક એમાં આવતાં પદ્યોની અકારાદિ સૂચિ સહિત "જૈ. આ. સ." તરફથી ગ્રંથાંક ૫૬ તરીકે ઈ. સ. ૧૯૧૬માં પ્રકાશિત કરાયું છે જ્યારે એનો ગુજરાતી અનુવાદ અમદાવાદથી ઈ. સ. ૧૮૮૬માં છપાયો હતો.

૫. એમની 'સૂરિ' પદવીના મહોત્સવમાં **વ**સ્તુપાલે એક હજાર દ્રમ્મ (ગુ. દામ) ખર્ચ્યાં હતાં.

૬. **વા**દિરાજે **કાકુત્સ્થ-ચરિત્ર** રચ્યું છે. એનો ઉલ્લેખ એમણે પોતાના **યશોધરચરિત્ર** (૧, ૫)માં કર્યો છે.

૭. જુઓ "પુરાતત્ત્વ" (પુ. ૨, પૃ. ૧, ૫)માં છપાયેલી **બૃહત્ ટિપ્પણિકા.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૫૨૬ [1]**હમ્મીર**[2]**-મદ-મર્દન** (લ. વિ. સં. ૧૨૮૨)– આ પંચાંકી નાટક **વી**રસૂરિના શિષ્ય અને ભરૂચના **મુ**નિસુવ્રતસ્વામીના મંદિરના આચાર્ય [3]**જ**યસિંહસૂરિએ વિ. સં. ૧૨૭૯થી વિ. સં. ૧૨૮૫ના ગાળામાં રચ્યું છે. એમણે આ નાટક–પ્રકરણ 'ભયાનક' રસથી ભરેલું નથી પરંતુ નવે રસોથી એ તરબોળ છે એમ કહ્યું છે. એમાં **વી**રધવલ અને **વ**સ્તુપાલને હાથે, ગુજરાત ઉપર દક્ષિણેથી ચઢી આવેલા યાદવ રાજા **સિં**હણનો અને ઉત્તરેથી ચઢી આવેલા **મી**લચ્છીકાર (**અ**લ્તમસ)નો પરાજય કેવી રીતે થયો એ વર્ણવાયું છે. આમ આમાં શુદ્ધ ઐતિહાસિક પ્રસંગ આલેખાયો છે. આ જાતનાં નાટકો સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં વિરલ છે એ દૃષ્ટિએ આ નાટક મહત્ત્વનું છે.

આ નાટકના પ્રથમના બે અંકોમાં ઉપર્યુક્ત **સિંહણ** અને લાટરાજના ભત્રીજા **સં**ગ્રામસિંહના સંગઠનને **વ**સ્તુપાલના જાસુસોએ કેવી રીતે તોડી પાડ્યું એ બાબત રજૂ કરાઈ છે.

ત્રીજા અંકમાં **ક**મલક નામનો દૂત મ્લેચ્છોના ઉપદ્રવથી 'મેવાડ' દેશની થયેલી ખાનાખરાબીનો ખ્યાલ કરાવે છે. **વી**રધવલ આવે છે એવી અફવા ફેલાવીને એ મેવાડવાસીઓને હિંમત આપે છે.

P. ૫૨૭ ચોથા અંકમાં એ વાત છે કે **વ**સ્તુપાલે ફેલાવેલી અફવાને લઈને બગદાદાને ખલીફ **ખ**ર્ખરખાનને હુકમ કરે છે કે **મી**લચ્છીકારને બેડી પહેરાવી મારી આગળ રજૂ કરો. બીજી બાજુ તુરુષ્કોના પરાજય પછી તેમના પ્રદેશો પાછા આપવાનું વચન **વ**સ્તુપાલ કેટલાક રાજાઓને આપે છે અને એ રીતે એઓ એમને પોતાના પક્ષકાર બનાવે છે.

મીલચ્છીકાર પોતાના વજ્જર ઘોરી ઇસફ સાથે વાતમાં રોકાયો છે એવે પ્રસંગે **વી**રધવલની ગર્જના અને એના લશ્કરનો અવાજ સંભળાય છે. એથી ભયભીત બની એ બંને જણ નાસી જાય છે. આથી **વી**રધવલ નાસીપાસ થાય છે પણ શત્રુની પીઠ ન પકડવાની **વ**સ્તુપાલ જે સલાહ આપે છે તે એ માન્ય રાખે છે.

પાંચમાં અંકમાં **વી**રધવલ વિજય સાધી પાછો ફરે છે એ હકીકત અપાઈ છે. **મી**લચ્છીકારના પીર **૨**દી અને **ક**દી બગદાદથી આવતાં **વ**સ્તુપાલે એમને દરિયામાં કેદ કર્યા હતા. એમની સહીસલામતી માટે **મી**લચ્છીકારને **વી**રધવલ સાથે મૈત્રીભરી સંધિ કરવી પડે છે.

આ નાટકના અંતિમ ભાગમાં એવું વર્ણન છે કે **વી**રધવલ **મ**હાદેવના મંદિરે જાય છે અને ત્યાં મહાદેવ પ્રત્યક્ષ થઈ એમને વરદાન આપે છે.

---

૧. આ નાટક ''ગા. પૌ. ગ્રં.''માં ગ્રંથાંક ૧૦ તરીકે ઈ. સ. ૧૯૨૦માં છપાયું છે. આની વિ. સં. ૧૨૮૬માં લખાયેલી એક હાથપોથી જેસલમેરના ભંડારમાં છે. આ નાટકનો ગુજરાતીમાં પરિચય અ. **ભો**ગીલાલ જ. સાંડેસરાએ ઈ. સ. ૧૯૪૮માં છપાયેલા પોતાના લેખસંગ્રહ નામે ''વસ્તુપાલનુ વિદ્યામંડળ અને બીજા લેખો''માં પૃ. ૨૬-૨૭ આપ્યો છે.

૨. H I L (Vlo. II, p. 547)માં આ 'હમ્મીર એટલે અમીર શિકાર યાને સુલતાન સમસુદ્દ-દુનિયા' એમ કહ્યું છે.

૩. એમણે વસ્તુપાલ-તેજપાલની ૭૭ પદ્યની પ્રશસ્તિ રચી છે. એ ગુજરાતની ઐતિહાસિક સામગ્રી પૂરી પાડે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિલક્ષણ ઉલ્લેખ– પૃ. ૪૭માં સિદ્ધપુરની પાસે તો 'સરસ્વતી' નદી (જે સામાન્ય રીતે પૂર્વથી પશ્ચિમ વહે છે તે) પૂર્વ તરફ વહે છે એવો ઉલ્લેખ સિદ્ધપુરના રુદ્રમહાલયના વર્ણન પ્રસંગે કરાયો છે.

ભજવણી– આ પ્રમાણેની વિવિધ હકીકતો રજૂ કરનારું આ ઐતિહાસિક [૧]નાટક **વસ્તુપાલ**ના પુત્ર જયન્તસિંહની આજ્ઞાથી ખંભાતમાં **ભીમેશ્વર**દેવના યાત્રામહોત્સવમાં ભજવાયું હતું. P. ૫૨૮

[૨]**ધર્માભ્યુદય** ([૩]છાયાનાટ્યપ્રબન્ધ) (ઉ. વિક્રમની ૧૩મી) સદી– આના કર્તા **મેઘપ્રભ**સૂરિ છે. આ નાટક દશાર્ણભદ્રનું જીવનચરિત્ર રજૂ કરે છે. એ **પાર્શ્વનાથ**ના જિનાલયમાં યાત્રાપ્રસંગે ભજવાયું હતું. એમાં ૪૨ પદ્યો છે. **પત્તન.સૂચી** (ભા. ૧, પૃ.[૪]૩૮૭)માં આ નાટકની એક તાડપત્રીય હાથપોથીની નોંધ છે. એ ઉપરથી આ નાટકનો રચના-સમય વિક્રમની તેરમી સદી કરતાં અર્વાચીન નથી એમ અનુમનાય છે.

[૪]**જર્મન-અનુવાદ**– આ કૃતિનો જર્મન અનુવાદ થયેલો છે.

પંચનાટક (ઉ. વિ. સં. ૧૪૬૦)– આના કર્તા **માણિક્યદેવ**સૂરિ છે. એમણે વિ. સં. ૧૪૬૪ પહેલાં જે [૫]**નલાયન-મહાકાવ્ય** રચ્યું છે તેની [૬]પ્રશસ્તિમાં એમણે આ કૃતિની નોંધ લીધી છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૦૫)માં આ સૂરિને **મેઘનાટકના** કર્તા કહ્યા છે તો એ નાટક અત્ર પ્રસ્તુત છે કે કેમ તે જાણવું બાકી રહે છે. P. ૫૨૯

[૭]**રંભામંજરી** (લ. વિ. સં. ૧૪૯૦)– આના કર્તા તે [૮]**હમ્મીરમદમર્દન** નામના કાવ્યા રચનાર **નયચન્દ્ર**સૂરિ છે. એઓ 'કૃષ્ણર્ષિ'ગચ્છના જયસિંહસૂરિના સંતાનીય થાય છે. આ નાટિકાનો નાયક **જયચન્દ્ર** (જૈનચન્દ્ર) છે. આ નાટિકા (પૃ. ૮-૯)માં એવો ઉલ્લેખ છે કે (વેણીકૃપાણ) **અમર** (ચન્દ્ર)નું કાવ્ય અંગે લાલિત્ય છે અને **શ્રી**હર્ષની વક્રિમા છે, જ્યારે (આ) નયચન્દ્ર કવિના કાવ્યમાં આ બંને લોકોત્તર (ગુણ) એકસાથે જોવાય છે.

ટિપ્પણ– આ કોઈકે રચ્યું છે.

પ્રબોધચન્દ્રોદય નાટક- આ નામની બે કૃતિ છે. એકના કર્તા **ધર્મસેન** છે તો બીજાના **મુનિસુન્દરસૂરિ**ના શિષ્ય **રત્નશેખર** છે.

---

૧. આ નાટકની એક હાથપોથીના અંતમાં એક પ્રશસ્તિકાવ્ય જોવાય છે. એ "શકુનિકા-વિહાર" નામના મંદિરની ભીંતમાં પત્થરમાં કોતરાવાયું હતું. એમાં **વસ્તુપાલ** અને **તેજપાલ**ના અદ્‌ભત દાનની પ્રશંસા કરાઈ છે. આજે તો આ મંદિરની મસ્જિદ બની ગઈ છે.

૨. આ નાટક પાઇય લખાણની છાયા સહિત "જૈ. આ. સ." તરફથી ઈ. સ. ૧૯૧૮માં પ્રકાશિત કરાયું છે.

૩. આ પ્રમાણેનો ઉલ્લેખ આ નાટકના અંતમાં છે.

૪. આ અનુવાદ Indische Shattentheater (પૃ. ૪૮૬)માં છપાયો છે.

૫. જુઓ પૃ. ૭૨-૭૪ ૬. **નલાયનની** મુદ્રિત આવૃત્તિમાં પ્રશસ્તિ નથી.

૭. આ **રામ**ચન્દ્ર શાસ્ત્રી અને બી. **કે**વળદાસે મુંબઈથી ઈ. સ. ૧૮૮૯માં પ્રકાશિત કરી છે. [વિશેષ માટે જુઓ. 'નયચન્દ્ર ઔર ઉનકા ગ્રંથ રંભામંજરી' **એ.** એન. ઉપાધ્યે, **પ્રેમીઅભિનન્દનગ્રન્થ** પૃ. ૪૧૧]

૮. જુઓ પૃ. ૧૬૬-૧૬૭

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વોપજ્ઞ વૃત્તિ– રત્નશેખરકૃત નાટક ઉપર સ્વોપજ્ઞ વૃત્તિ છે.

શ્રીપાલનાટક (વિ. સં. ૧૫૩૧)– આ નાટક **ધર્મસુન્દરસૂરિ** ઉર્ફે **સિદ્ધસૂરિ**એ વિ. સં. ૧૫૩૧માં રચ્યું છે. એમાં 'રસવતી-વર્ણન' છે.

P. ૫૩૦ [1]**શમામૃત** (ઉ. વિક્રમની ૧૭મી સદી)– આ [2]રત્નસિંહકૃત છાયાનાટક છે. એમાં ૨૮ પદ્યો છે. આ નાટકનો પ્રારંભ નેમિનાથ રાજીમતીને પરણવા જાય છે એ બીનાથી કરાયો છે, જ્યારે પશુઓનો પોકાર થતાં એઓ પાછા ફરે છે ત્યારે લોકાન્તિક દેવો એમને તીર્થ પ્રવર્તાવવા વિજ્ઞપ્તિ કરે છે એ હકીકત દ્વારા નાટકની સમાપ્તિ કરાઈ છે. આ નાટકનાં પાત્રો નીચે મુજબ છે :–

નેમિનાથ, એમનાં માતાપિતા, રાજીમતી અને એની બે સખીઓ, નેમિનાથનો સારથિ અને લોકાન્તિક દેવો.

સૂત્રધાર, નેમિનાથ, સારથિ, નેમિનાથના પિતા સમુદ્રવિજય અને દેવો સંસ્કૃતમાં બોલે છે, જ્યારે નટી, રાજીમતી અને એની સખીઓ વગેરે પાઇયમાં બોલે છે.

વિનયવિજયગણિએ **સુબોધિકા**માં નેમિનાથનું જે ચરિત્ર આલેખ્યું છે તેનો ઘણોખરો ભાગ પ્રસ્તુત છાયાનાટક સાથે મળતો આવે છે.

રત્નસિંહકૃત **શમામૃત** તેમ જ અજ્ઞાતકર્તૃક **છાયાનાટક** નામની એકેક કૃતિની નોંધ **જિ. ૨. કો.** (વિ. ૧)માં પૃ. ૩૭૮ અને ૧૨૮માં અનુક્રમે લેવાઈ છે. બીજી કૃતિ પ્રસ્તુત કૃતિથી ભિન્ન છે P. ૫૩૧ કે કેમ તે જાણી શકાય તે માટે એની હાથપોથી મેળવવા પ્રયાસ થવો ઘટે.

દિગંબરીય રૂપકો

ઉપલબ્ધ દિગમ્બરીય સાહિત્ય જોતાં એમ જણાય છે કે 'શ્રવ્ય' કાવ્યો રચાયાં બાદ ઘણે લાંબે સમયે 'દૃશ્ય' કાવ્યની રચના થઈ છે.

જીવન્ધર-ચરિત (? વિક્રમની ૧૩મી સદી)– આ નાટકના કર્તા [3]**ધર્મશર્માભ્યુદયના** પ્રણેતા દિ. હરિચન્દ્ર છે એવો ઉલ્લેખ કેટલાક કરે છે. જો એ સાચો જ હોય તો આ નાટક વિક્રમની ૧૩મી સદીમાં રચાયેલું ગણાય. આ સંદિગ્ધ બાબતને બાજુએ રાખતાં એમ કહેવાય કે રૂપકોના શ્રીગણેશ દિ.ગૃહસ્થ [4]**હસ્તિમલ્લને**[5] હાથે મંડાયા. એઓ **દેવાગમસ્તોત્ર** સાંભળી સમ્યક્ત્વી બનેલા, 'વત્સ'

---

૧. આ એકાંકી નાટક **વિનયમંડનગણિના** શિષ્ય **જયવંતસૂરિકૃત નેમિનાથસ્તવન** અને **રત્નમંડનગણિકૃત રંગસાગરનેમિફાગ** સહિત ભાવસાર વનમાળી ગોવિંદજીએ વિ. સં. ૧૯૭૯માં ભાવનગરના 'શારદાવિજય' મુદ્રણાલયમાં છપાવ્યું છે. આ નાટક જે હાથપોથી ઉપરથી છપાવાયું છે તે વિક્રમની પંદરમી સદી કરતાં પ્રાચીન નથી એમ આ નાટકના સંપાદક મુનિશ્રી **ધર્મવિજય** (**સંપતવિજયજી**ના શિષ્ય)નું કહેવું છે.

૨. આ નામના છ મુનિવરો થયા છે એમ **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૮૮૬) જોતાં જણાય છે તો આ કોણ એનો નિર્ણય કરવો બાકી રહે છે. ૩. જુઓ પૃ. ૧૭-૧૮

૪. આ તો એમનું ઉપનામ છે. 'સરણ્યાપુર'માં મદોન્મત્ત હાથીને વશ કરવાથી એમને આ ઉપનામ પાંડ્ય રાજા તરફથી મળ્યું હતું. જુઓ **સુભદ્રાહરણ** ઇત્યાદિ.

૫. એમના જીવનવૃત્તાંત અને એમનાં નાટકો વગેરે માટે જુઓ **જૈ. સા. ઈ.** (પૃ. ૨૬૦-૨૬૬)માં છપાયેલો હિંદી લેખ નામે ''નાટ્યકાર હસ્તિમલ્લ''.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ગોત્રના દાક્ષિણાત્ય બ્રાહ્મણ **ગોવિન્દભટ્ટ**ના પુત્ર થાય છે. એમની માતાનું નામ **સ્વર્ણલક્ષી** હતું. એમને [૧]**શ્રીકુમારકવિ**, [૨]**સત્ય-વાક્ય**, **દેવર-વલ્લભ**, **ઉદય-ભૂષણ** અને **વર્ધમાન** એ નામના પાંચ ભાઈઓ હતા અને એ પાંચે કવિઓ હતા.

આ હસ્તિમલ્લના વંશજ [૩]**બ્રહ્મસૂરિએ ત્રિવર્ણાચાર** અને **પ્રતિષ્ઠાતિલક** રચ્યાં છે. P. ૫૩૨

બિરુદો– હસ્તિમલ્લને સરસ્વતી-સ્વયંવર-વલ્લભ, મહાકવિ-તલ્લજ અને સૂક્તિ-રત્નાકર એમ વિવિધ બિરુદો હતાં. વળી પોતાને કન્નડ **આદિપુરાણ**ની પ્રશસ્તિમાં 'ઉભય-કવિચક્રવર્તી' કહ્યા છે.[૪]

સમય– અપ્પય્યાર્યે શકસંવત્ ૧૨૪૧માં પૂર્ણ કરેલા [૫]**જિનેન્દ્ર-કલ્યાણાભ્યુદય** નામના પ્રતિષ્ઠાપાઠમાં હસ્તિમલ્લનો ઉલ્લેખ કર્યો છે. એ તેમ જ બ્રહ્મસૂરિના સમયનો વિચાર કરતાં હસ્તિમલ્લ વિ. સં. ૧૩૪૭ની આસપાસમાં થયાનું અનુમનાય છે.

હસ્તિમલ્લનાં નાટકો (લ. વિ. સં. ૧૩૪૭)– હસ્તિમલ્લનાં નીચે મુજબનાં ચાર નાટકો મળે છે :–

(૧) [૬]**અંજના-પવનંજય**, (૨) [૭]**મૌથિલી-કલ્યાણ**, (૩) [૮]**વિક્રાન્ત-કૌરવ** કિંવા **સુલોચના** P. ૫૩૩ અને (૪) **સુભદ્રાહરણ**

આ ઉપરાંત હસ્તિમલ્લે નિમ્નલિખિત ચાર નાટકો રચ્યાનો ઉલ્લેખ મળે છે. :–

(૧) **અર્જુનરાજ**, (૨) **ઉદયનરાજ** (૩) **ભરતરાજ** અને (૪) **મેઘેશ્વર**.

આ પૈકી **અર્જુનરાજ** તે **સુભદ્રા-હરણ** તો નથી ?[૯]

---

૧. ''ચુનીલાલ જૈન ગ્રંથમાલા''માં ઈ. સ. ૧૯૧૭માં કુમાર કવિની કૃતિ તરીકે છપાયેલા **આત્મપ્રબોધના** કર્તા તે આ છે ?

૨. એમણે **શ્રીમતી-કલ્યાણજી** નામની એક કૃતિ રચી છે. એ નાટક હશે.

૩. એમણે રચેલા **પ્રતિષ્ઠાસારોદ્ધારમાં** હસ્તિમલ્લના પુત્રાદિનાં નામ વગેરેનો નિર્દેશ છે. આ બ્રહ્મસૂરિના પિતામહના પિતામહ તે હસ્તિમલ્લ છે.

૪. આ હસ્તિમલ્લે 'કન્નડ' ભાષામાં **આદિપુરાણ** (પુરુચરિત) અને **શ્રીપુરાણ** રચ્યાં છે. એ જોતાં એઓ સંસ્કૃત તેમ જ કન્નડના પણ સારા જાણકાર જણાય છે, જો કે એમની માતૃભાષા કેટલાકને મતે 'તામિલ' હતી.

૫. આને **આર્હત્-પ્રતિષ્ઠા** તેમ જ **પ્રતિષ્ઠાસાર** પણ કહે છે. એમાં એમણે આ વિષય ચર્ચનારા દિગંબરોનાં નામ ગણાવ્યાં છે. જેમકે **આશાધર**, **ઈન્દ્રનન્દિ**, **એકસન્ધિ**, **ગુણભદ્ર**, **જિનસેન**, **પૂજ્યપાદ**, **વસુનન્દિ**, **વીરાચાર્ય** અને **હસ્તિમલ્લ**.

૬. **અર્હદ્દાસે** પણ આ નામનું નાટક રચ્યું છે. એમાં **હનુમાનના** માતાપિતાને લગતી હકીકત છે. જુઓ પૃ. ૨૬૫

૭. આ પાંચ અંકનું નાટક ''મા. દિ. ગ્રં.'માં વિ. સં. ૧૯૭૩માં છપાયું છે.

૮. આ છ અંકનું નાટક ''મા. દિ. ગ્રં.''માં વિ. સં. ૧૯૭૧માં છપાયું છે.

૯. H I L (Vol. II, p. 546)માં હસ્તિમલ્લે **સીતા-રામ નાટક** તેમ જ કોઈ **મહાભારત-નાટક** રચ્યાનો ઉલ્લેખ છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાનસૂર્યોદય– આ નાટક જે હસ્તિમલ્લ કવિની રચના હોવાનો **જિ.૨.કો.** (વિ.૧, પૃ.૧૪૯)માં ઉલ્લેખ છે તે ઉપર્યુક્ત જ હસ્તિમલ્લ હશે.

[1]**જ્ઞાનચન્દ્રોદય** (લ. વિ. સં. ૧૬૨૦)– આ વિ. સં. ૧૬૧૫માં [2]**રાયમલ્લાભ્યુદય** રચનારા **પદ્મસુન્દર** છે. એઓ **આનન્દમેરુ**ના શિષ્ય **પદ્મમેરુ**ના શિષ્ય થાય છે.

P. ૫૩૪ [3]**જ્ઞાનસૂર્યોદય** (વિ. સં. ૧૬૪૮)– આના કર્તા દિ. **વાદિચન્દ્રસૂરિ** છે. એઓ 'મૂલ' સંઘના ભટ્ટારક **જ્ઞાન**ભૂષણના પ્રશિષ્ય અને ભ. **પ્રભા**ચન્દ્રના શિષ્ય થાય છે. આ નાટક વિ. સં. ૧૬૪૮માં રચાયું છે. એમ લાગે છે કે **કૃષ્ણમિશ્રે પ્રબોધચન્દ્રોદયમાં** જૈન મુનિઓનું જે કઢંગું ચિત્ર આલેખ્યું છે તેના પ્રતિકારરૂપે અ કૃતિ રચાઈ છે. અને એમાં બૌદ્ધોની આ શ્વેતાંબરોની ઠેકડી ઉડાવાઈ છે. આ **પ્રબોધચન્દ્રોદય**ની સાથે આ **જ્ઞાનસૂર્યોદય**નું [4]સંતુલન કરતાં નિમ્નલિખિત સમીકરણો તારવી શકાય :–

પ્રબોધચન્દ્રોદય	**જ્ઞાનસૂર્યોદય**
ઉપનિષદ્	અષ્ટશતી
ઉપનિષદ્નો પતિ પુરુષ	અષ્ટશતીનો પતિ પ્રબોધ
શ્રદ્ધા	દયા

પ્રબોધચન્દ્રોદયને સામે રાખીને પ્રસ્તુત કૃતિ રચાઈ હોય કે પછી **પદ્મસુન્દર**કૃત **જ્ઞાનચન્દ્રોદય** ઉપરથી આ યોજાઈ હોય તેનો નિર્ણય કરવા માટે **જ્ઞાનચન્દ્રોદય** નાટક જોઈ જવું ઘટે.

ઋષભદેવનિર્વાણાનન્દ નાટક– આના કર્તા **કેશવસેન** છે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૫૭)માં ઉલ્લેખ છે. આની હાથપોથી દિગંબરોના ભંડારમાં હોવાનું અહીં કહ્યું છે. એથી એ દિ. કૃતિ હશે. આનું નામ વિચારતાં એમાં **ઋષભદેવ**નો જીવનવૃત્તાન્ત અને ખાસ કરીને એમનો નિર્વાણપ્રસંગ આલેખાયો હશે.

[**ચન્દ્રકેવલિચરિત્ર**– સિદ્ધર્ષિ. પ્ર. કુંવરજી આ. ભાવનગર. ૨૦૩૪.

શ્રીચન્દ્રકેવલિચરિત્ર– ભૂપેન્દ્રસૂરિજૈન સા.સ. આહોર ૨૦૪૨.

યદુસુન્દરમહાકાવ્ય– પદ્મસુન્દરસૂરિ સંપા. ડી.પી.રાવલ. એલ.ડી.સિરિજ ૧૦૫.

રત્નશેખરનરેન્દ્રરત્નાવતીરાજ્ઞી કથાનક– દયાવર્ધન. પ્ર.લ.જૈ.સા. છાણી સં. ૨૦૧૪

રત્નસારચરિત્ર– ત્રૈલોક્યસાગરજી પ્ર. કૈલાસકંચન ટ્રસ્ટ મુંબઈ ૨૦૪૭]



૧. નગીન જે. શાહ સંપાદિત આ નાટક ''સંબોધિ'' વર્ષ ૬/અંક૧-૨માં અને એલ.ડી.સીરીઝ ૮૧ પ્રસિદ્ધ થયું છે.]

૨. જુઓ પૃ. ૭૦

૩. જુઓ પૃ. ૨૬૭

૪. જુઓ **મદનપરાજય**ની હિંદી પ્રસ્તાવના (પૃ. ૫૨)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રકરણ ૩૫ : અજૈન લલિત સાહિત્યનાં જૈન સંસ્કૃત વિવરણો. P. ૫૩૫

અત્ર જે અજૈન લલિત સાહિત્ય પ્રસ્તુત છે તેનો મોટો ભાગ સંસ્કૃતમાં છે અને બહુ થોડો ભાગ પાઈયમાં છે. સંસ્કૃત ભાગને હું નીચે મુજબના છ કામચલાઉ પેટાભાગોમાં વિભક્ત કરું છું :–

(૧) મહાકવિઓનાં કાવ્યો, (૨) ચંપૂ, (૩) બૃહત્ ગદ્યાત્મક કાવ્યો, (૪) ખંડ-કાવ્યો, (૫) શતકો અન (૬) સ્તોત્રો.

આ બધાંનો ક્રમશઃ વિચાર કર્યા બાદ પાઈય સાહિત્યનાં સુભાષિતો અને રૂપકો એમ બે પેટાવિભાગનું નિરૂપણ હું હાથ ધરીશ.

[અ] સંસ્કૃત શ્રવ્ય કાવ્યો [ ]

(૧) મહાકવિઓનાં કાવ્યો [૯]

કાલિદાસ, **ભા**રવિ, **ભ**ટ્ટિ, **મા**ઘ, **શ્રીહર્ષ** અને **ક**વિરાજ 'મહાકવિ' ગણાય છે. એ સૌમાં સમયની દૃષ્ટિએ **કા**લિદાસ પ્રથમ હોઈ એમનાં કાવ્યોથી હું હવે શરૂઆત કરું છું.

(૧) [૧]**રઘુવંશ** (ઉ. ઈ. સ.ની પાંચમી સદી)– આ મહાકાવ્ય સંસ્કૃત સાહિત્યના અભ્યાસીથી અજાણ્યું નથી. એનું નામ જ કહી આપે છે તેમ એમાં રઘુનો વંશ ૧૯ સર્ગમાં વર્ણવાયો છે. **દિ**લીપ નામના ભલા રાજાથી માંડીને **અ**ગ્નિવર્ણ નામના દુષ્ટ રાજા સુધીના [૨]૨૯ની હકીકત અહીં અપાઈ છે. સર્ગ ૧૦-૧૫માં **રા**મચન્દ્રનું ચરિત્ર છે. આ મહાકાવ્યના કર્તા **કા**લિદાસ છે. કુમારિલે એમની P. ૫૩૬ પ્રશંસા કરી છે. **કા**લિદાસનો સમય વિવાદાસ્પદ છે. ઘણાખરા વિદ્વાનો એમના સમય તરીકે ઈ.સ.ના ચોથા સૈકાના અંત અને પાંચમાના પ્રારંભનો ગાળો સૂચવે છે. કેટલાક તો એમને ઈ.સ.ની પહેલી સદીમાં થઈ ગયેલા માને છે. ગમે તેમ એમની પૂર્વે કોઈ સંસ્કૃત કવિએ રાજાઓના વંશનું વર્ણન કર્યું હોય એમ જાણવામાં નથી.

સંસ્કૃત ભાષા ઉપર પ્રભુત્વ મેળવવા માટે જે પાંચ મહાકાવ્યો ભણાવાય છે તેમાંનું આ [૩]એક હોવાથી એના ઉપર જૈન મુનિવરોએ પણ ટીકાઓ રચી છે. એનો હવે હું નિર્દેશ કરુ છું.

---

૧. આનાં વિવિધ પ્રકાશનોની નોંધ D C G C M (Vol. XIII, pt. 2, p. 196)માં લેવાઈ છે. એમાં આ કાવ્યના અંગ્રેજી પદ્યાત્મક અનુવાદનો પણ ઉલ્લેખ છે.

૨. દિલીપ, રઘુ, અજ, દશરથ, રામ, કુશ, અતિથિ, નિષધ, નલ, નાભ, પુંડરીક, ક્ષેમધન્ય, દેવાનીક, અહિમન્યુ, પારિયાત્ર, શીલ, ઉન્નાભ, વજ્રઘોષ, શંખન, વ્યુતિતાશ્વ, વિશ્વસહ, હિરણ્યનાભ, કૌશલ્ય, બ્રહ્મિઠ, પુત્ર, પુણ્ય, ધ્રુવ-સન્ધિ, સુદર્શન અને અગ્નિવર્ણ.

૩. બીજા ચાર મહાકાવ્યો માટે જુઓ પૃ. ૪૪૬

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રઘુવંશનાં સોળ વિવરણો

(૧) **શિશુહિતૈષિણી** (વિક્રમની ૧૬મી સદી)– 'ખરતર' ગચ્છના **જિનપ્રભસૂરિ**નાં સંતાનીય
P. ૫૩૭ કલ્યાણરાજના શિષ્ય [1]**ચા**રિત્રવર્ધને વિક્રમની સોળમી સદીમાં આ વૃત્તિ 'શ્રીમાલ' **સા**લિગના પુત્ર **અ**રડક્કમલ્લની અભ્યર્થનાથી રચી છે. આમાં અનેક ગ્રંથો અને ગ્રંથકારોનો ઉલ્લેખ છે. એની સૂચી એસ. પી. **પં**ડિતની ઈ. સ. ૧૮૭૨ની આવૃત્તિમાં ત્રીજા પરિશિષ્ટરૂપે અપાઈ છે.

(૨) **વિશેષાર્થબોધિકા** (વિ. સં. ૧૬૪૬)– 'ખરતર' ગચ્છના ઉપાધ્યાય **જ**યસોમના શિષ્ય [2]ગુણવિનયે આ વૃત્તિ વિ. સં. ૧૬૪૬માં વિક્રમનગરમાં રચી છે. એમણે [3]**દિ**નકર, [4]**વ**લ્લભ, ઉપર્યુક્ત **ચા**રિત્રવર્ધન અને **જ**નાર્દનની **રઘુવંશ** ઉપરની ટીકાઓનો લાભ લીધો છે. એમણે આ ટીકામાં જે ગ્રંથો અને ગ્રંથકારોનો નિર્દેશ કર્યો છે તેની એક કામચલાઉ સૂચી D C G C M (Vol. XIII, pt. 2, pp. 218-219)માં અપાઈ છે.

(૩) **વૃત્તિ** (લ. વિ. સં. ૧૬૫૦)– આના કર્તા **અ**મરકીર્તિ છે. વિ. સં. ૧૬૫૦ની આસપાસની આ રચના છે.

(૪) **સુબોધિની** (વિ. સં. ૧૬૬૭)– આ લઘુ ટીકા 'વાદી' **ગુ**ણરત્નગણિએ વિ. સં. ૧૬૬૭માં **જો**ધપુરમાં રચી છે.

(૫) **વૃત્તિ** (લ. વિ. સં. ૧૬૭૪)– 'તપા' ગચ્છના **શા**ન્તિચન્દ્રગણિના શિષ્ય **ર**ત્નચન્દ્રગણિએ **નૈષધચરિત**ની ટીકા રચ્યા બાદ વિ. સં. ૧૬૭૪ની લગભગમાં આ રચી છે.

P. ૫૩૮ (૬) **સુબોધિકા** (લ. વિ. સં. ૧૬૮૫)– 'તપા' ગચ્છના **રા**મવિજય-ગણિના શિષ્ય **શ્રી**વિજયગણિએ વિ. સં. ૧૬૭૨થી વિ. સં. ૧૬૯૬ના ગાળામાં ૮૦૦૦ શ્લોક જેવડી આ રચી છે.

(૭) **અર્થાલાપનિકા** (વિ. સં. ૧૬૯૨)– 'ખરતર' ગચ્છના **સ**કલચન્દ્રના શિષ્ય ઉપાધ્યાય **સ**મયસુન્દરગણિએ આ વૃત્તિ વિ. સં. ૧૬૯૨માં રચી છે.

(૮) **સુગમાન્વયપ્રબોધિકા** કિંવા **સુગમપ્રબોધિકા**– 'ખરતર' ગચ્છના **વિ**નયમેરુના શિષ્ય **સુમતિવિજયે** ૧૩૦૦૦ શ્લોક જેવડી આ વૃત્તિ ઈ.સ.ની ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં રચી

---

૧. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૨૫)માં એમને **જિનભદ્રસૂરિ**ના શિષ્ય કહ્યા છે. A B O R I (Vol XV, pp. 109-111)માં **ચા**રિત્રવર્ધનનાં સમય અને એમની ટીકાઓ વિષે નિર્દેશ છે. આ **ચા**રિત્રવર્ધને **સિન્દૂરપ્રકર** ઉપર વિ. સં. ૧૫૦૫માં ટીકા રચી છે. જુઓ **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૪૮) વળી એમણે વિ. સં. ૧૫૧૧માં **નૈષધચરિત** ઉપર અને કોઈક સમયે **મેઘદૂત, શિશુપાલવધ** તથા **કુમારસંભવ** ઉપર તેમ જ **રાઘવપાંડવીય** ઉપર પણ એકેક ટીકા રચી છે.

૨. જૈ. ગ્રં. (પૃ. ૩૫)માં **ગુ**ણવિજય નામ છે તે ભૂલ છે.

૩. એમની માતાનું નામ કમલા અને પિતાનું નામ **ધ**ર્મમંગલ છે.

૪. **રઘુપંજિકાના** કર્તા આ **વ**લ્લભ હેમાદ્રિ, **મ**લ્લિનાથ અને **ચા**રિત્રવર્ધન કરતાં પ્રાચીન જણાય છે. ડૉ. **એસ. કે. ડે.** એ વલ્લભનો સમય ઈ. સ. ની દસમી સદીનો પૂર્વાર્ધ સૂચવ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છે.[૧] આમાં એમણે જે ગ્રંથો અને ગ્રંથકારોનાં નામો આપ્યાં છે તેની સૂચી D C G C M (Vol. XIII pt. 2, p. 236)માં અપાઈ છે.

(૯) **વૃત્તિ**– મુનિપ્રભે આ વૃત્તિ રચી છે.

(૧૦) **વૃત્તિ**– (ઉ. વિ. સં. ૧૭૪૮)– મુનિપ્રભગણિના શિષ્ય ધર્મમેરુએ આ એક અવચૂરિ જેવીવૃત્તિ રચી છે. આની એક હાથપોથી વિ. સં. ૧૭૪૮માં લખાયેલી છે.

(૧૧) **વૃત્તિ**– આના કર્તા ક્ષેમહંસ છે. શું **મેઘદૂતના** ટીકાકાર **ક્ષેમહંસગણિ** તે જ આ છે ?

(૧૨) **વૃત્તિ**– આ ભાગ્યહંસ અને એમના શિષ્યના સંયુક્ત પરિશ્રમનું ફળ છે.

(૧૩) **વૃત્તિ**– આ **સમુદ્રસૂરિ**ની રચના છે.

(૧૪) **વૃત્તિ**– આ **હેમસૂરિ**ની કૃતિ છે.

(૧૫) **ટીકા**– આના કર્તા **મલયસુન્દરસૂરિ** છે. એ ૩૧૨૦ શ્લોક જેવડી છે. P. ૫૩૯

(૧૬) **પંજિકા**– આના કર્તાનું નામ જાણવામાં નથી.[૨]

આ પૈકી **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૨૫-૩૨૬)માં દસની જ નોંધ છે. જે છનો ઉલ્લેખ નથી તેના ક્રમાંક ૩, ૪, ૯, ૧૧, ૧૨ અને ૧૩ છે.

(૨) [૩]**કુમારસંભવ**[૪] (ઉ. ઈ. સ.ની પાંચમી સદી)– આ પણ ઉપમા માટે સુવિખ્યાત અને **રઘુવંશ**ના કર્તા **કા**લિદાસની કૃતિ છે. એ પણ એક 'મહાકાવ્ય' ગણાય છે. એમાં ૧૭ સર્ગ છે. પરંતુ કેટલાક સમીક્ષકોનું એમ કહેવું છે કે ઉમાના **પર**મેશ્વર સાથે–**મ**હાદેવ સાથે સમાગમના વર્ણનની પૂર્ણાહૂતિ તો આઠમા સર્ગમાં થાય છે એટલે એટલો જ ભાગ કાલિદાસનો રચેલો છે. **કુ**મારનો અર્થાત્ **કા**ર્તિકેયનો જન્મ એ જ આ અર્થસૂચક મહાકાવ્યનું મુખ્ય ધ્યેય છે. એથી એ સફળ થયા બાદ **કા**ર્તિકેયને–સેનાનીને હાથે **તા**રકાસુરનો વધ થાય ત્યાં સુધી આ મહાકાવ્યને લંબાવવાની જરૂર રહેતી નથી. વળી આઠમા સર્ગના પછીના સર્ગોની શૈલી શિથિલ છે. એ **કા**લિદાસની જણાતી નથી.

રઘુવંશ કરતાં સુગમ ગણાતા અને પ્રસંગાનુસાર નાટ્યકળાનું અને સંગીતનું વાતાવરણ ખડું કરનારા આ મહાકાવ્યમાંનો ''રતિ-વિલાપ'' **રઘુવંશગત** [૫]''અજવિલાપ''નુ સ્મરણ કરાવે છે. આ P. ૫૪૦ મહાકાવ્યને અંગે નિમ્નલિખિત **તેર જૈન ટીકાઓ** રચાઈ છે :–

૧. જુઓ ABORI (Vol. XIII, pp. 341-343)

૨. **રઘુવંશની** એક વૃત્તિ ઉદયાકરે રચી છે પણ એ ઉદયાકર તો મેવાડના કોઈ અજૈન પંડિત હોય એમ લાગે છે.

૩. આનાં વિવિધ પ્રકાશનોની નોંધ D C G C M (Vol. XIII, pt. I, p. 148)માં અપાઈ છે.

૪. આ નામનું ૧૧ સર્ગનું કાવ્ય જયશેખરસૂરિએ રચ્યું છે. જુઓ પૃ. ૧૬૩-૧૬૫.

૫. ''અજનું આક્રન્દ'' એ નામથી આનો મારો પદ્યાત્મક અનુવાદ ''ગુ. મિત્ર તથા ગુ. દર્પણ''ના તા. ૨૨-૧૧-'૪૨ના અંકમાં છપાયો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧) **બાલાવબોધિની** (વિક્રમની ૧૫મી સદી)– આ ટીકા **જિનભદ્રસૂરિ**એ વિક્રમની પંદરમી સદીમાં રચી છે.

(૨) **ટીકા**– 'ખરતર' ગચ્છના **જિનપ્રભસૂરિ**એ આ રચી છે.

(૩) **ટીકા** (વિ. સં. ૧૭૨૧)– 'ખરતર' ગચ્છના **લક્ષ્મીવલ્લભે** સુરતમાં વિ. સં. ૧૭૨૧માં પોતાના શિષ્ય નામે **લક્ષ્મીસમુદ્ર**ની અભ્યર્થનાથી આ ટીકા રચી છે.

(૪) **વૃત્તિ**– આના કર્તા **જિનચન્દ્રસૂરિ** છે.

(૫) **વૃત્તિ**– આના કર્તા **કલ્યાણસાગર** છે. એ ૨૧૦૦ શ્લોક જેવડી છે.

(૬) **ટીકા**– આ **કુમારસેન**ની રચના છે.

(૭) **પર્યાય**– આ **કલ્યાણહંસગણિ**ની રચના છે.

(૮) **વૃત્તિ**– **બૃ. ટિ.** પ્રમાણે આના કર્તા દિ. **ધર્મકીર્તિ** છે.

(૯) **અવચૂરિ**– આના કર્તાનું નામ જાણવામાં નથી.

(૧૦) **ટીકા**– 'ખરતર' ગચ્છના **જિનભદ્રસૂરિ**ના અનુગામી **જિનચન્દ્રસૂરિ**ના પટ્ટાલંકાર **જિનસમુદ્રસૂરિ**એ સાત સર્ગ સુધીની અને ૨૭૨૮ શ્લોક જેવડી આ ટીકા રચી છે.

P. ૫૪૧ (૧૧) **અવચૂરિ** (વિ. સં. ૧૫૭૪)– 'ઉપકેશ' ગચ્છના **ક્ષમામેરુ**ના શિષ્ય [૧]**મતિરત્ને** સાત સર્ગ સુધીની આ અવચૂરિ વિ. સં. ૧૫૭૪માં રચી છે.

(૧૨) **સુબોધિકા** (લ. વિ. સં. ૧૬૮૫)– 'તપા' ગચ્છના **રામવિજયગણિ**ના શિષ્ય અને **રઘુવંશના** ટીકાકાર [૨]**શ્રીવિજયગણિ**એ વિ. સં. ૧૬૭૬થી વિ. સં. ૧૬૯૬ના ગાળામાં [૩]સાત સર્ગ પૂરતી અને ૧૨૦૦ શ્લોક જેવડી આ કૃતિ રચી છે. એની એક હાથપોથી વિ. સં. ૧૭૧૩માં લખાયેલી છે.

(૧૩) **કુમારતાત્પર્ય, તાત્પર્ય-દીપિકા કિંવા શિશુહિતૈષિણી** (વિક્રમની ૧૬મી સદી)– આના કર્તા **રઘુવંશ**ના ટીકાકાર 'ખરતર' ગચ્છના [૪]**ચારિત્રવર્ધન** છે. એમણે છ સર્ગો પૂરતી આ ટીકા રચી છે.

આ પૈકી **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૯૩-૯૪)માં ૧૧ની નોંધ છે. બીજી (ટીકા) અને સાતમી (પર્યાય)ની નોંધ નથી. વિશેષમાં **જિનસમુદ્રસૂરિ**કૃત ટીકા તે જ **જિનચન્દ્રસૂરિ**ની તેમ જ **જિનભદ્રસૂરિ**ની ટીકા હોય એમ લાગે છે એમ અહીં કહ્યું છે.

---

૧. આ પછીના સર્ગોની અવચૂરિ નથી તે શું એ સર્ગોને પ્રક્ષિપ્ત ગણી જતી કરાઈ છે કે આઠમા સર્ગને અશ્લીલ માની તેમ કરાયું છે કે આ અવચૂરિ અપૂર્ણ છે ? **મલ્લિનાથ**ની પણ આઠ જ સર્ગ સુધીની ટીકા મળે છે.

૨. જુઓ પૃ. ૫૩૮-૫૪૫

૩. આ સંબંધમાં જુઓ ટિ. ૧.

૪. એમની અન્ય ગ્રંથોની ટીકાઓ માટે જુઓ પૃ. ૫૩૬ ટિ. ૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ ઉપરથી ચાર બાબત તારવી શકાય છે :–

(૧) **કુમારસંભવ** ઉપર મુખ્યતયા શ્વેતાંબરોની ટીકાઓ છે.

(૨) વિક્રમની સોળમી સદીની પૂર્વે કોઈ જૈન ટીકા રચાઈ લાગતી નથી. P. ૫૪૨

(૩) એક ટીકા તો છ સર્ગ પૂરતી જ છે અને બે સાત પૂરતી છે.

(૪) સામાન્ય રીતે દિગંબર ગ્રન્થકારોએ શ્વેતાંબરીય ગ્રન્થો ઉપર પણ ભાગ્યે જ વિવરણ રચ્યું છે ત્યારે દિ. ધર્મકીર્તિએ તો અજૈન કાવ્ય ઉપર વૃત્તિ રચી એ આશ્ચર્યજનક ઘટના ગણાય.

(૩) [૧]**મેઘદૂત**[૨] કિંવા **મેઘસન્દેશ** (ઉ. ઇ. સ.ની પાંચમી સદી)– આ પણ રઘુવંશાદિના પ્રણેતા કવિવર **કા**લિદાસની મન્દાક્રાન્તમાં રચાયેલી અને[૩] બે સર્ગ પૂરતી નાનકડી પરંતુ મનમોહક રચના છે. નિર્વાસિત યક્ષ પોતાની પત્નીને મેઘ દ્વારા સન્દેશ મોકલે છે એ આ કાવ્યનો વિષય છે.[૩] આ કાવ્યમાં પ્રસંગવશાત્ 'રામગિરિ'થી 'અલકા' સુધીના માર્ગનું વર્ણન છે. **રા**મચન્દ્રે **સી**તાને **હ**નુમાન મારફતે સન્દેશો મોકલ્યો હતો. આમ રામાયણમાં આ પ્રસંગ યોજાયો છે ખરો પરંતુ એને એક ખંડ-કાવ્યનો વિષય બનાવનાર તરીકે તો **કા**લિદાસ અગ્ર સ્થાન ભોગવે છે. ડૉ. **ર**વીન્દ્રનાથ ટાગોર તો એમ કહેવા લલચાયા છે કે ઉજ્જૈનના રાજદરબારમાં ગોંધાઈ રહેલા કાલિદાસ પોતાના વતનને અરણ્યવાસને ઝંખે છે.[૪] P. ૫૪૩

સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં આ ઉત્તમ ઊર્મિકાવ્યરૂપ **મેઘદૂતનાં** જૈન તેમ જ અજૈન લેખકોને હાથે જેટલાં અનુકરણો થયાં છે એટલાં કોઈ અન્ય કાવ્યનાં થયેલાં જણાતાં નથી. વળી એની પાદપૂર્તિરૂપ કાવ્યો પણ જૈનોએ તેમ જ અજૈનોએ મોટા પ્રમાણમાં રચ્યાં છે.[૫] આવી પરિસ્થિતિમાં આ કાવ્ય ઉપર જૈન ટીકાઓ મળે એમાં શી નવાઈ ? એ સંસ્કૃત સોળ ટીકાઓ નીચે મુજબ છે :–

(૧) **વૃત્તિ** (વિક્રમની તેરમી સદી)– વિ.સં. ૧૨૪૮માં **વિવેગમંજરી** રચનારા અને 'ભિલ્લમાલ' કુળના શ્રાવક **આસડે** આ વૃત્તિ રચી છે એમ **વિવેગમંજરીની બા**લચન્દ્રકૃત ટીકાની પ્રશસ્તિ ઉપરથી જાણી શકાય છે.

(૨) **શિષ્યહિતૈષિણી** (વિ. સં. ૧૪૫૮)– 'વૃદ્ધ' ગચ્છના **ર**ત્નપ્રભસૂરિના શિષ્ય **લ**ક્ષ્મીનિવાસે આ વૃત્તિ રચી છે. આઉફ્રેક્ટે Catalogus Catalogorum (Vol. I, p. 539)માં કહ્યું છે કે આ ટીકા **ર**ત્નપ્રભસૂરિના શિષ્ય **શ્રી**રંગના પુત્ર **લ**ક્ષ્મીનિવાસે વિ. સં. ૧૪૫૮માં રચી છે.[૬]

---

૧. આ કાવ્ય ઘણે સ્થળેથી પ્રકાશિત થયું છે. કેટલાંક પ્રકાશનની નોંધ D C G C M (Vol. XIII, pt. 2, pp. 141-142)માં લેવાઈ છે. આનો ગુજરાતીમાં સમશ્લોકી અનુવાદ શ્રી **હી**રાચંદ કસ્તૂરચંદ ઝવેરીએ કર્યો છે અને એ ''બુદ્ધિપ્રકાશ'' (પુ. અં.)માં ઈ. સ. ૧૯૫૮માં છપાયો છે.

૨. **મે**રુતુંગસૂરિએ તેમ જ વિક્રમે આ નામનું એકેક કાવ્ય રચ્યું છે. જુઓ અનુક્રમે પૃ. ૨૪૯-૨૫૦ અને પૃ. ૪૪૮.

૩. આથી તો આને કેટલાક **મેઘસન્દેશ** કહે છે. જુઓ "Sanskrit Literature" (P. E. N., p. 139)

૪. જુઓ S L (પૃ. ૧૪૦) ૫. જૈન પાદપૂર્તિઓ માટે જુઓ પૃ. ૪૪૭-૪૫૩

૬. શ્રી **અ**ગરચંદ નાહટાએ વિ. સં. ૧૬૪૮ એવો ઉલ્લેખ પ્રશ્નાર્થક ચિહ્ન સાથે કર્યો છે. એમણે પૃ. ૨૮૨માં **લ**ક્ષ્મીનિવાસનો સમય વિક્રમની પંદરમી સદીનો ઉત્તરાર્ધ અને એમણે રચેલી **વૃંદાવન**ની ટીકાનો સમય ''વિ. સં. ૧૪૯૬ (?)'' એમ દર્શાવ્યો છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૫૪૪ (૩) [1]**ટીકા** (લ. વિ. ૧૫૦૫)– **રઘુવંશાદિ**ના ટીકાકાર 'ખરતર' ગચ્છના **ચા**રિત્રવર્ધને વિ. સં. ૧૫૦૫ની આસપાસમાં આ ટીકા રચી છે. એમાં નિર્દેશાયેલા [2]ગ્રંથો અને ગ્રંથકારોની નોંધ D C G C M (Vol. XIII, pt. 2, p. 164)માં લેવાઈ છે.

(૪) **દીપિકા** (વિક્રમની ૧૬મી સદી)– 'ખરતર' ગચ્છના **જિ**નભદ્રસૂરિના શિષ્ય **ક્ષે**મહંસગણિએ વિક્રમની ૧૬મી સદીમાં ૧૧૫૦ શ્લોક જેવડી આ રચી છે.

(૫) **અવચૂરિ** (લ. વિ. સં. ૧૬૭૫)– 'ખરતર' ગચ્છના **જિ**નચન્દ્રસૂરિના શિષ્ય જયમન્દિરના શિષ્ય **ક**નકકીર્તિએ વિક્રમની ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં આ રચી છે.

(૬) **ટીકા** (વિ. સં. ૧૬૯૩)– 'ખરતર' ગચ્છના મહોપાધ્યાય **શિ**વનિધાનના શિષ્ય **મ**હિમસિંહગણિએ પોતાના શિષ્ય હર્ષવિજયને માટે આ ટીકા વિ. સં. ૧૬૯૩માં રચી છે. આમાં જે ગ્રંથો અને ગ્રંથકારો વિષે ઉલ્લેખ છે તેની સૂચી D C G C M (Vol. XIII, pt. 2, p. 148)માં અપાઈ છે.

(૭) **અવચૂરિ** (વિ. સં. ૧૬૯૪)– 'ખરતર' ગચ્છના **જ્ઞા**નપ્રમોદના શિષ્ય ગુણાનન્દના શિષ્ય **વિ**નયચન્દ્રે રાડદ્રહમાં વિ. સં. ૧૬૯૪માં આ અવચૂરિ રચી છે.

(૮) **સુગમાન્વયા** (વિક્રમની ૧૭મી સદી)– આના કર્તા **સુ**મતિવિજય છે. એઓ **વિ**નયમેરુના
P. ૫૪૫ શિષ્ય થાય છે. ૧૫૦૦ શ્લોક જેવડી એમની આ રચના વિક્રમની ૧૭મી સદીની હોય એમ લાગે છે. આની એક હાથપોથી વિ. સં. ૧૮૦૪માં લખાયેલી છે.

(૯) **વૃત્તિ** (ઉ. વિ. સં. ૧૭૦૨)– આ વિ. સં. ૧૭૦૨માં સ્વર્ગે સંચરેલા સમયસુન્દરગણિએ રચી છે પણ એ પૂરી મળી નથી.[3]

(૧૦) **સુખબોધિકા** (વિ. સં. ૧૭૦૯)– **રા**મવિજયગણિના શિષ્ય અને રઘુવંશાદિના ટીકાકાર [4]**શ્રી**વિજયગણિએ **વિ**જયાનન્દસૂરિના રાજ્યમાં આ ટીકા વિ. સં. ૧૭૦૯માં રચી છે.

(૧૧) **ટીકા** (ઉ. વિ. સં. ૧૭૦૯)– આ **વિ**જયસૂરિની રચના છે. એની એક હાથપોથી વિ. સં. ૧૭૦૯માં લખાયેલી છે.

(૧૨) **સુખબોધિકા** (વિ. સં. ૧૭૬૪)– **મે**ઘરાંજગણિએ આ નામની ટીકા વિ. સં. ૧૭૬૪માં રચી છે.

---

૧. આ "ચૌખંબા સંસ્કૃત સિરીઝ"માં છપાઈ છે.

૨. આ પૈકી એક ગ્રંથ તે **ચાન્દ્ર શબ્દાનુશાસન** છે.

૩. જુઓ **સ. કૃ. કુ.** (વક્તવ્ય, પૃ. ૨૮) આ કૃતિ (મહોપાધ્યાય સમયસુન્દર, પૃ. ૫૧)માં એવો ઉલ્લેખ છે કે **મેઘદૂતના** આદ્ય પદ્યના ત્રણ અર્થ **સ**મયસુન્દરગણિએ કર્યા છે. આ ઉલ્લેખ સાચો હોય તો એ અર્થો **મેઘદૂત**ની ઉપર્યુક્ત વૃત્તિનો ભાગ છે કે નહિ તે જાણવું બાકી રહે છે.

૪. જુઓ પૃ. ૫૩૮ અને ૫૪૧

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૧૩) **ટીકા**– ધર્મસુન્દરગણિના શિષ્ય **જિનહંસસૂરિએ** આ રચી છે.

(૧૪) **વૃત્તિ**– આના કર્તા **મહીમેરુ** છે.

(૧૫) **મેઘલતા**– આના કર્તાનું નામ જાણવામાં નથી. એમણે **અભિધાનચિન્તામણિ, અમર** અને **હૈમકોશનો** ઉલ્લેખ કર્યો છે. આનો પ્રારંભ "**प्रणम्य श्रीजिनेशानं**"થી કરાયો છે.

(૧૬) **સુખબોધિકા**– આના કર્તા કવિ મોટજિત્ (મોટજી) છે. એમણે પ્રારંભમાં યુગાદીશને પ્રણામ કર્યા છે. એમણે આ ટીકામાં જે ગ્રંથો અને ગ્રંથકારનાં નામ આપ્યાં છે તેની સૂચી D C G C M (Vol. XIII, pt. 2 p. 154)માં અપાઈ છે. P. ૫૪૬

આ ૧૬ ટીકાઓ પૈકી **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૧૩-૩૧૪)માં ૧૧ ટીકાઓની નોંધ છે. એમાં ક્રમાંક ૨, ૭, ૯, ૧૪ અને ૧૬વાળી ટીકાઓનો ઉલ્લેખ નથી.

(૪) [1]**ઋતુસંહાર** (? ઉ. ઈ. સ. ની પાંચમી સદી)– આના કર્તા તરીકે **રઘુવંશ** વગેરેના પ્રણેતા **કાલિદાસ**નું નામ કેટલાક ગણાવે છે. આ છ સર્ગમાં વિભક્ત અને ભિન્ન ભિન્ન છંદમાં રચાયેલા કાવ્યમાં વર્ષની નિમ્નલિખિત ક્રમે છ ઋતુઓનું વર્ણન છે :–

(૧) ગ્રીષ્મ, (૨) પ્રાવૃષ્, (૩) શરદ્ (૪) હેમન્ત, (૫) શિશિર અને (૬) વસન્ત.

ટીકા– આ ૧૫૩ પદ્યના પ્રકૃતિકાવ્ય ઉપરૂપર નાગપુરીય **હર્ષકીર્તિસૂરિ**ના સતીર્થ્ય **માન**કીર્તિસૂરિના કે પછી એમના શિષ્ય **ગુણાકર**ના શિષ્ય **અમર**કીર્તિસૂરિની રચના છે. એમનો સમય વિક્રમની ૧૭મી સદી છે.

(૫) [2]**કિરાતાર્જુનીય** કિંવા **કિરાતકાવ્ય** (ઈ. સ.ની છઠ્ઠી સદી)– આ પણ એક મહાકાવ્ય ગણાય છે. એમાં ૧૮ સર્ગ છે. **પાંડવો**ના વનવાસથી– 'દ્વૈત' વનમાંના નિવાસથી માંડીને તે **મહેશ્વર** (મહાદેવ) પાસેથી **અર્જુને** 'પાશુપત' અસ્ત્ર મેળવ્યું ત્યાં સુધીની કથા આમાં આલેખાઈ છે. **દુર્યોધન**ના દાવપેચનો સામનો કરવા માટે યોજાયેલી ગુપ્ત યુદ્ધસમિતિનું વર્ણન એ બીજા સર્ગનો વિષય છે. આ આલેખતી વેળા **કૌટિલ્ય**ના **અર્થશાસ્ત્ર** અને **બાર્હસ્પત્ય દંડનીતિ**નો ઉપયોગ કરાયો છે. અર્થગૌરવને માટે સુવિખ્યાત એવા આ મહાકાવ્યના પ્રત્યેક સર્ગના અંતમાં 'લક્ષ્મી' અંક છે. આ ઉપરથી આના પ્રણેતા **ભા**રવિને 'લક્ષ્મ્યંક' કહે છે. એમનો સમય ઈ. સ. નો છઠ્ઠો સૈકો મનાય છે. દંડીએ **અવન્તીસુન્દરી**માં **ભા**રવિનો ઉલ્લેખ કર્યો છે. **કિરાતાર્જુનીય** (સ. ૫)ના [3]૩૯મા પદ્યમાં P. ૫૪૭

---

૧. આનાં વિવિધ પ્રકાશનોની નોંધ D C G C M (Vol. XIII, pt. I, pp. 46-47)માં લેવાઈ છે.

૨. આના વિવિધ પ્રકાશનોની નોંધ D C G C M (Vol. XIII, pt. I, pp. 91-92)માં લેવાઇ છે. પૃ. ૯૨માં આ મહાકાવ્યના જર્મન અનુવાદ થયાનો ઉલ્લેખ છે.

૩. "उत्फुल्लस्थलनलिनीवनादमुष्मा-
दुद्धूतः सरसिजसम्भवः परागः ।
वात्याभिर्विर्यति विवर्तितः समन्ता-
दाधत्ते कनकमयातपत्रलक्ष्मीम् ॥३१॥"

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છત્રનું હૃદયંગમ આકર્ષક વર્ણન હોવાથી કેટલાક ભારવિને ''[૧]છત્ર-ભારવિ' કહે છે.

આ મહાકાવ્ય ઉપર નીચે મુજબની ત્રણ જૈન ટીકાઓ છે :–

(૧) **ટીકા** (વિ. સં. ૧૬૧૩)– 'બૃહદ્' ગચ્છના **૨**ત્નાકરસૂરિના શિષ્ય **વિ**નયસુન્દરે ઉર્ફે **વિ**નયરાગે વિ. સં. ૧૬૧૩માં આ રચી છે.

(૨) **પ્રદીપિકા**– આના રચનાર 'તપા' ગચ્છના **રા**જવિમલના શિષ્ય **મુ**નિવિજયના શિષ્ય દેવવિજયગણિના શિષ્ય **ધ**ર્મવિજય છે. એમનો સમય વિક્રમની ૧૭મી સદી હોવાનું અનુમનાય છે.

P. ૫૪૮ (૩) ટીકા– **મ**હેન્દ્રસૂરિના શિષ્ય **મે**ઘકુમારે આ રચી છે.[૨]

(૬) [૩]**ભટ્ટિકાવ્ય** (ઈ. સ. ની સાતમી સદી)– આ કાવ્યને **રાવણવધ** પણ કહે છે. એનાં કર્તા **ભટ્ટિ**એ **પા**ણિનિકૃત અષ્ટા.નાં સૂત્રોનાં ઉદાહરણો પૂરાં પાડવા માટે રામનું ચરિત્ર યોજ્યું છે. આ સમગ્ર ઉપલબ્ધ સંસ્કૃત સાહિત્યમાં સૌથી પહેલું દ્વ્યાશ્રય-કાવ્ય છે. એમાં [૪]૨૨ સર્ગ છે. **ભટ્ટિ**એ આમાં અલંકારશાસ્ત્રગત કાવ્યના ગુણો વિષે પણ નિરૂપણ કર્યું• છે. વળી એમણે આ કાવ્યમાં પોતાની જન્મભૂમિ તરીકે 'વલભી'નો અને ત્યાંના રાજા તરીકે **શ્રી**ધરસેનનો ઉલ્લેખ કર્યો છે. ભટ્ટિનો સમય ઈ. સ.ની સાતમી સદી ગણાય છે.

જયમંગલા– આ પ્રસ્તુત કાવ્ય ઉપરની [૫]**જયમંગલ**ની ટીકા છે. એમણે આ ટીકાનું નામ **જયમંગલા** રાખ્યું છે અને એને **ભટ્ટિકાવ્યરૂપ** સાગરની નૌકા તરીકે ઓળખાવી છે. આ ટીકાના કર્તા 'બૃહદ્' ગચ્છના [૬]જયમંગલસૂરિ છે અને એઓ વિ. સં. ૧૩૧૯ની આસપાસમાં થયા છે. એમ મુનિશ્રી

P. ૫૪૯ **ચ**તુરવિજયજીએ કહ્યું છે[૭] પરંતુ આ બાબત કોઈ પુરાવો મળે છે ખરો ?[૮]

---

૧. આ નામ તેમ જ અન્ય કવિઓનાં એવાં નામો માટે જુઓ મારો નામે લેખ ''કાવ્યોએ કવિઓને આપેલાં બિરુદો'' આ લેખ ''ફા. ગુ. સ. ત્રૈ.'' (પુ. ૨૬, અં. ૨)માં છપાયો છે.

૨. **રા**જસુન્દર અને **વિ**જયસૂરિનાં નામ ઉપર એકેક ટીકા છે પણ એ ઉપર્યુક્ત **વિ**નયસુન્દરકૃત ટીકાથી અભિન્ન હશે એમ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૯૧)માં કહ્યું છે.

૩. આ કાવ્ય ''બોમ્બે સં. પ્રા. સિરીઝ''માં **મ**લ્લિનાથકૃત ટીકા સાથે બે ભાગમાં ઈ. સ. ૧૮૯૮માં તેમ જ ''નિર્ણયસાગર મુદ્રણાલય'' તરફથી **જ**યમંગલકૃત **જ**યમંગલા સાથે ઈ. સ. ૧૯૨૦માં પ્રસિદ્ધ થયું છે.

૪. દસમા સર્ગમાં અલંકારનાં ઉદાહરણો છે.

૫. જટીશ્વર અને જયદેવ એવાં એમનાં બે નામાંતર છે.

૬. **જૈ. સા. સં. ઈ.** (પૃ. ૪૧૨)માં **વા**સુદેવસૂરિના શિષ્ય **રા**મચન્દ્રસૂરિના શિષ્ય જયમંગલસૂરિએ વિ. સં. ૧૩૧૯માં **ચા**યિગદેવના લેખની પ્રશસ્તિ રચ્યાનો, પૃ. ૪૧૪માં એમના શિષ્ય **સો**મચન્દ્ર વિ. સં. ૧૩૨૯માં **વૃત્તરત્નાકર** ઉપર ટીકા રચ્યાનો અને પૃ. ૬૦૮માં ૧૩મા શતકમાં જયમંગલસૂરિએ **મહાવીરજન્માભિષેક** રચ્યાનો ઉલ્લેખ છે પરંતુ **ભટ્ટિકાવ્યના** ટીકાકાર તરીકે કે **જયમંગલા** નામની કોઈ કૃતિના પ્રણેતા તરીકે કોઈ જયમંગલસૂરિનો એમાં નિર્દેશ નથી.

૭. જુઓ એમનો લેખ ''જૈનેતર સાહિત્ય અને જૈનો''

૮. **જિ. ૨. કો.** (વિ. ૧)માં **ભટ્ટિકાવ્ય** કે એની કોઈ જૈન ટીકા કે **જયમંગલા** નામની કોઈ કૃતિની નોંધ નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૭) [૧]**શિશુપાલવધ** (ઈ. સ.ની સાતમી સદી)– આ પાંચ મહાકાવ્યમાંનું એક છે એમાં 'શ્રી'થી અંકિત વીસ સર્ગ છે. એમાં વાસુદેવ **કૃષ્ણ**ને હાથે **શિશુપાલ** ભૂપનો વધ થયો એ વૃત્તાન્ત વિસ્તારથી અપાયો છે. આના પ્રારંભમાં **નારદ**ના આગમનનું વર્ણન છે. **કિરાતાર્જુનીય**ને સામે રાખી એના જેવું આ મહાકાવ્ય એના પ્રણેતા **માઘે** રચ્યું હોય એમ બન્ને મહાકાવ્યને સરખાવતાં જણાય છે.[૨] એમનો સમય ઈ. સ.નો સાતમો સૈકો ગણાય છે. **શિશુપાલવધ** (સ ૪)ના ૨૦મા પદ્યમાં સૂર્ય અને ચન્દ્રને 'ઘંટા' કહ્યા છે. એથી કેટલાક એના પ્રણેતાને 'ઘંટા-માઘ' કહે છે.[૩]

કાવ્યપ્રકાશ ઉપર કોઈ **ભીમસેને** ટીકા રચી છે. એમાં એમણે [૪]માઘને 'વૈશ્ય' કહ્યા છે. સાથે સાથે એમણે એવો આક્ષેપ કર્યો છે કે **આ શિશુપાલવધ** કાવ્ય તો એના પ્રણેતા પાસેથી ખરીદી લઈ **માઘે** પોતાના નામે ચડાવી દીધું છે.[૫] એ ગમે તે હો પણ **શિશુપાલવધમાં** ઉપમા, અર્થગૌરવ અને પદલાલિત્ય એમ ત્રણ ગુણો છે[૬] અને એના નવ સર્ગનો અભ્યાસ કરનારનો સંસ્કૃતનો બોધ ન્યૂન ન જ ગણાય એવી માન્યતા પ્રવર્તે છે.[૭] P. ૫૫૦

શિશુપાલવધની બે ટીકાઓ

(૧) **ટીકા**– આ મહાકાવ્ય ઉપર વિ. સં. ૧૫૧૦ની આસપાસમાં વિદ્યમાન અને **રઘુવંશ** આદિના ટીકાકાર 'ખરતર' ગચ્છના [૮]**ચા**રિત્રવર્ધને 'ચેચટ' ગોત્રના **ભૈ**રવના પુત્ર **સહસ્સ**મલની અભ્યર્થનાથી ટીકા રચી છે. આમાં એમણે જે ગ્રંથ અને ગ્રંથકારોનાં નામ આપ્યાં છે એની સૂચી D C G CM (Vol XIII, pt. 2, p. 453)માં અપાઈ છે. એ પૈકી **જિ**નેન્દ્રકૃત ન્યાસ અને કવિ તારણ એ બે નામ હું અહીં નોંધું છું.

(૨) [૯]**ટીકા**– આ **સમય**સુન્દરગણિએ રચી છે.

---

૧. આનાં વિવિધ પ્રકાશનોની નોંધ D C G C M (Vol. XIII, pt. 2, pp. 426 અને 439)માં લેવાઈ છે. વલ્લભે રચેલી ટીકાનું નામ **सन्देहविषौषधि** છે.

૨. જુઓ "Sanskrit Literature" (P. E. N., p. 113)

૩. જુઓ ''કાવ્યોએ કવિઓને આપેલાં બિરુદો'' નામતો પૃ. ૫૪૭ ટિ. માં નિર્દેશાયેલો મારો લેખ.

૪. H C S L (પૃ. ૧૫૪-૧૫૭)માં કૃષ્ણમાચારિઅરે કહ્યું છે કે **માઘ** એ ભિન્નમાલના વર્મતાલ રાજાના મંત્રી **સુપ્રભ**દેવના પૌત્ર થાય છે. એ રાજા (?)નો ઉલ્લેખ વિ. સં. ૬૮૨ના શિલાલેખમાં છે.

૫. જુઓ "Sanskrit Literature" (P. E. N., p.112)

૬. સરખાવો :–

''उपमा कालिदासस्य भारवेरर्थगौरवम् । नैषधे पदलालित्यं माघे सन्ति त्रयो गुणाः ॥''

૭. સરખાવો :– **''नवसर्गगते माघे नवशब्दो न विद्यते''**

૮. એ ઓ કલ્યાણરાજગણિના શિષ્ય થાય છે એવો ઉલ્લેખ **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૮૪)માં છે.

૯. આ અપૂર્ણ મળે છે એમ **સ કૃ. કુ.** (વક્તવ્ય, પૃ. ૨૭)માં ઉલ્લેખ છે. આ ટીકાની નોંધ **જિ. ૨. કો.** (વિ. ૧)માં નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૫૫૧ (૮) [૧]**નૈષધીયચરિત** (ઈ. સ.ની બારમી સદી)– આ પાંચ [૨]મહાકાવ્યમાંનું એક છે. એ બાવીસ સર્ગ પૂરતું મળે છે. કેટલાકને મતે એ ઓછામાં ઓછા સાઠ સર્ગનું મહાકાવ્ય છે. એમાં આવતી કેટલીક ઉત્પ્રેક્ષાઓ દુર્ગમ છે. આ મહાકાવ્યના કર્તા **શ્રીહર્ષ** છે. એઓ ઈ.સ.ના બારમા સૈકામાં થઈ ગયા છે. એઓ જાતે "બ્રાહ્મણ" હતા. પ્રથમ સર્ગના અંતમાંના ઉલ્લેખ અનુસાર એમના પિતાનું **હીર** અને માતાનું નામ **મામલ્લદેવી** છે. "ચિન્તામણિ" મંત્રનો જાપ કરી એમણે કાવ્યશક્તિ પ્રાપ્ત કરી હતી એમ કેટલાકનું માનવું છે. આ **શ્રીહર્ષે ખંડન-ખંડ-ખાદ્ય** નામની દુર્બોધ કૃતિ રચી છે. વળી એઓ **વિજયપ્રશસ્તિ, છન્દપ્રશસ્તિ, ગૌડોર્વીશ-કુલ-પ્રશસ્તિ** એમ ત્રણ પ્રશસ્તિના તેમ જ **અર્ણવવર્ણન** અને
P. ૫૫૨ **શિવ-ભક્તિ-સિદ્ધિના** પ્રણેતા છે. ગમે તેમ પણ આ કવિરત્નની વિદ્વત્તા પ્રશંસનીય છે. એમણે આ **નૈષધીયચરિત** દ્વારા [૩]વિદ્વાનોને ઔષધરૂપ ગણાતા મહાકાવ્યમાં **નળ** અને **દમયંતી**ની કથા મનોરમ રીતે આલેખી છે, ઇન્દ્ર, અગ્નિ, યમ અને વરુણ એ ચાર દેવો નળનું રૂપ લઈ સ્વયંવરમાં આવતાં પાંચ નળ જણાય છે. આ પાંચેના ગુણાદિ.સાથે બંધબેસતું થાય એવું એક [૪]પદ્ય આ પ્રસંગને અંગે આ મહાકાવ્યના તેરમા સર્ગમાં છે. આમ આ પંચાર્થી પદ્ય છે. આવી વિશિષ્ટતાવાળા આ મહાકાવ્ય ઉપર નીચે મુજબ **ચાર જૈન ટીકાઓ** છે :–

(૧) **ટીકા** (લ. વિ. સં. ૧૧૭૦)– આ [૫]૧૨૦૦૦ શ્લોક જેવડી ટીકાના કર્તા **મુનિચન્દ્રસૂરિ** છે. એઓ વિ. સં. ૧૧૭૦ની આસપાસમાં વિદ્યમાન હતા.

(૨) [૬]**ટીકા** (વિ. સં. ૧૫૧૧)– આના કર્તા **રઘુવંશ** આદિના ટીકાકાર અને 'ખરતર ગચ્છના કલ્યાણરાજના શિષ્ય **ચા**રિત્રવર્ધન છે. આ ટીકા વિ. સં. ૧૫૧૧માં રચાઈ છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૧૯)માં ઇ. સ. ૧૩૬૮નો ઉલ્લેખ છે તે ભ્રાન્ત છે.

---

૧. આ **નારા**યણકૃત ટીકા સહિત "નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી ઈ. સ. ૧૮૯૪માં પ્રસિદ્ધ થયું હતું. આ મહાકાવ્યનો પ્રા. કે. કે. હંડિકુઈએ કરેલો અંગ્રેજી અનુવાદ એમણે રચેલાં ટિપ્પણો અને એમની પ્રસ્તાવના સહિત ઈ. સ. ૧૯૩૪માં છપાવાયો છે.

૨. આ મહાકાવ્ય ઉપર **રા**મચન્દ્રે ટીકા રચી છે. બાર સર્ગ પૂરતી આ ટીકા **વિ**નયવિજયગણિએ વિ. સં. ૧૬૮૬માં લખી હતી. એની હાથપોથી મળે છે.
આ મહાકાવ્યમાંથી **અનેકાર્થસંગ્રહ** (૨, ૧૮, ૨, ૫૬, ૨, ૨૭૪, ૨, ૨૯૯, ૨, ૩૦૩, ૨, ૫૨૭, ૪, ૧૫૫, અને ૪, ૩૩૯)ની ટીકા નામે **અનેકાર્થકૌરવકૌમુદી**માં અવતરણો અપાયાં છે. વિશેષ માટે જુઓ ડૉ. **અ**રુણોદય ન. જાનીનો "જૈન યુગ" (નવું વર્ષ ૨, અં ૬)માં છપાયેલો લેખ નામે "શ્રીમહેન્દ્રસૂરિ દ્વારા **નૈષધીયચરિત**નો સર્વ પ્રથમ ઉલ્લેખ"

૩. "નૈષધં વિદ્વદૌષધં" એવી લોકોક્તિ છે. જુઓ H C S L (p. 180)

૪. "દેવઃ પતિર્વિદુષિ ! નૈષધરાજગત્યા નિર્ણીયતે ન કિમુ ન વ્રિયતે ભક્ત્યા ।
નાયં નલઃ ખલુ તવાતિમહાનલાભો યયેન મુજ્ઝસિ વરઃ કતરઃ પરસ્તે ॥૩૪॥"
આ પદ્ય ઇન્દ્ર, અગ્નિ, યમ અને વરુણના પક્ષમાં ઘટે છે એમ આ પછીના (૩૫મા) પદ્યમા **શ્રીહર્ષે** જાતે કહ્યું છે અને એ પ્રમાણેના પાંચ અર્થ **નારા**યણે રચેલી ટીકામાં જોવાય છે.

૫. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૨૧૯)માં તો ગ્રંથાગ્ર તરીકે ૧૨૦૦નો ઉલ્લેખ છે તો ખરું શું ?

૬. આ ટીકા છપાયેલી છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૩) **સુખાવબોધ–ખરતર-પટ્ટાવલી** ઈત્યાદિ અનુસાર ૩૬૦૦૦ શ્લોક જેવડી આ બૃહદ્ વૃત્તિ છે. એના કર્તા 'ખરતર' ગચ્છના **જિનરાજસૂરિ** છે. એમનો સમય વિ. સં. ૧૬૭૬થી વિ. સં. ૧૬૯૯નો ગણાય છે. એમનો પરિચય પ્રા. **હુંડિકુઈએ** ઉપર્યુક્ત પ્રસ્તાવનામાં આપ્યો છે. P. ૫૫૩

(૪) **ટીકા** (ઉ. વિ. સં. ૧૬૬૮)– આ **શાન્તિચન્દ્ર**ના શિષ્ય **રત્નચન્દ્રે** રચી છે. આની વિ. સં. ૧૬૬૮માં લખાયેલી એક હાથપોથી ભાં. પ્રા. સં. મંમાં છે. એનું પરિમાણ ૧૩૩૬૪ શ્લોક જેવડું છે.

[પં. **શ્રી**ચન્દ્રવિ. ગણી આનું સંશોધન-સંપાદન કરી રહ્યા છે.]

વિશેષતાઓ– આ **નૈષધીયચરિત**ની અનેક[૪] વિશેષતાઓ છે. એ પૈકી નીચે મુજબની ત્રણ હું અત્ર નોંધું છું –

(૧) આ મહાકાવ્યના પ્રણેતાએ આઠ સર્ગના અંતમાં પોતાની અન્યાન્ય કૃતિઓનો ઉલ્લેખ કર્યો છે. આ કૃતિઓનાં નામ સર્ગાંક સહિત નીચે પ્રમાણે છે :–

અર્ણવવર્ણન (૯), **ખં**ડનખંડખાદ્ય (૬), **ગૌ**ડોર્વીશકુલપ્રશસ્તિ (૭), **છિ**ન્દપ્રશસ્તિ (૧૭), વિજયપ્રશસ્તિ (૫), **શિ**વભક્તિસિદ્ધિ (૧૮), [૧]**સા**હસાંકચરિત (૨૨) અને **સ્થૈ**ર્યવિચારણ (પ્રકરણ) (૪)[૨]

(૨) વાગ્દેવીનો **ચતુર્ભુજની** પત્ની તરીકેનો ૧૧મા સર્ગના ૬૬મા પદ્યમાં નિર્દેશ છે. P. ૫૫૪

(૩) સોળમા સર્ગમાં શ્લો. ૬૬-૧૧૦માં દમયન્તીના સ્વયંવરને અંગેના ભોજનસમારંભનું વર્ણન છે.

(૯) **રાઘવ-પાંડવીય**– આ તેર સર્ગનું અને 'કામદેવ' અંકથી અંકિત દ્વિસંધાન-કાવ્ય છે. એ **રામાયણ** અને **મહાભારત** બંનેની ગરજ સારે છે. એના કર્તાનું નામ *કવિરાજ* છે. કેટલાકને મતે એમનો સમય ઈ. સ. ૮૦૦ની આસપાસનો છે તો કેટલાકને મતે એ ઈ. સ.ની બારમી સદી છે. એમની આ કૃતિ ઉપર નીચે મુજબની **બે જૈન ટીકા** છે :–

(૧) **ટીકા**– આ **રઘુવંશ** વગેરેના ટીકાકાર અને 'ખરતર' ગચ્છીય **ચા**રિત્રવર્ધને રચી છે

(૨) **ટીકા**– આના કર્તા **પદ્મ**નન્દિ છે.

(૨) ચમ્પૂ [૧]

(૧) [૩]**નલચંપૂ** કિંવા **દમયન્તી કથા** (લ. વિ. સં. ૯૭૫)– આ 'હરસરોજચરણ' અંકથી અંકિત [૪]ચંપૂના કર્તા **ત્રિવિક્રમભટ્ટ** છે. એઓ રાષ્ટ્રકૂટના રાજા ઇન્દ્ર ત્રીજા (ઈ. સ. ૯૧૪-ઈ. સ.

૧. આ ચંપૂ છે. આને **નવસાહસાંકચરિત** કહે છે.

૨. અત્ર અપાયેલા સર્ગાંકોનો ક્રમ રચનાઓના ક્રમનો દ્યોતક હોય તો ના નહિ.

૩. આ **ચં**પૂનું **ચં**ડપાલની ટીકા સહિતનું દ્વિતીય સંસ્કરણ "નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી ઈ. સ. ૧૯૦૩માં છપાવાયું છે.

૪. આ ચંપૂના છઠ્ઠા ઉચ્છ્વાસનું ૨૯મું પદ્ય ભોજે **સરસ્વતીકંઠાભરણમાં** ઉદ્ધૃત કર્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

P. ૫૫૫ ૯૧૬)ના દરબારના કવિ થાય છે. એમણે આ ચંપૂમાં છઠ્ઠા ઉચ્છ્વાસના [૧]શ્લો. ૧માં 'યમુના' નદી માટે જે મનોરમ કલ્પના છે એ ઉપરથી એમને 'યમુના-ત્રિવિક્રમ' કહે છે. [૨]એમણે આ ચંપૂમાં સાત ઉચ્છ્વાસમાં **નળ** અને **દમયન્તી**ની કથા આલેખી છે. આના ઉપર નીચે મુજબનાં **ચાર જૈન વિવરણો છે :–**

(૧) [૩]**વિષમપદપ્રકાશ**– આ વિવૃત્તિના કર્તા 'પ્રાગ્વાટ' કુળના **ચંડપાલ** છે. **યશોરાજ, ચંડસિંહ** અને **લૂણિગ** એ એમના અનુક્રમે પિતા, મોટા ભાઈ અને ગુરુ થાય છે. બૃ. ટિ. માં આ વિવૃત્તિનું પરિમાણ ૧૯૦૦ શ્લોકનું દર્શાવાયું છે. આમાં જૈન વ્યાકરણનાં સૂત્રો છે.

(૨) **ટીકા**– 'ખરતર' ગચ્છના **ગુણવિનય**ના ગુરુ **પ્રબોધમાણિક્ય**ે ૧૦૦૦ શ્લોક જેવડી આ રચી છે.[૪] [**પ્રબોધમાણિક્ય**ના શિષ્ય **ગુણવિનયે** આ ટીકા રચી છે.]

(૩) **વૃત્તિ** (વિ. સં. ૧૬૪૬)– 'ખરતર' ગચ્છના **જયસોમ**ગણિના શિષ્ય **ગુણવિનયે** ૮૮૦૦ શ્લોક જેવડી વિ. સં. ૧૬૪૬માં આ રચી છે.

(૪) **ટિપ્પણ**– આના કર્તાનું નામ જાણવામાં નથી.

P. ૫૫૬

(૩) બૃહત્ ગદ્યાત્મક કાવ્યો [૨]

(૧) [૫]**વાસવદત્તા** (લ. વિ. સં. ૬૫૦)– આ કથાના કર્તા **સુબન્ધુ** છે. એમનો સમય ઈ. સ. ૬૦૦ની આસપાસનો ગણાય છે. **બાણ**ભટ્ટે [૬]હર્ષચરિત ( )માં આ **સુબન્ધુ**નો ઉલ્લેખ કર્યો છે. આ સુબન્ધુએ **વાસવદત્તા**માં શ્લેષનો ઉપયોગ કર્યો છે. વળી એમણે મોટા સમાસો યોજ્યા છે. આ **વાસવવત્તાની** કથા નીચે મુજબ છે :–

ચિન્તામણિ રાજાનો પુત્ર **કંદર્પકેતુ** સ્વપ્નમાં એક સુંદર કન્યા જુએ છે અને એની શોધ માટે પોતાના મિત્ર **મકરંદ** સાથે નીકળી પડે છે. રાતે ઝાડ નીચે વિસામો કરતાં એક પોપટ અને પોપટીને એવી વાત કરતાં સાંભળે છે કે 'કુસુમપુર'ના **શૃંગારશેખર**ની કન્યા **વાસવદત્તા**એ એક ખૂબસૂરત યુવકને સ્વપ્નમાં જોયો ત્યારથી એ એને જ પરણવાનો નિશ્ચય કરી બેઠી છે. એ પોતાની દાસી

---

૧. ''उदयगिरिगतायां प्राक्प्रभापाण्डुतायाः मनुसरति निशीथे शृङ्गमस्ताचलस्य ।
जयति किमपि तेजः साम्प्रतं व्योममध्ये सलिलमिव विभिन्नं जाह्नवं यामुनं च ॥१॥''

૨. જુઓ પૃ. ૫૪૭ ટિ. ૨માં નિર્દેશાયેલો મારો લેખ.

૩. આ નિર્ણયસા. તરફથી પ્રકાશિત છે. આમાં જે જૈન વ્યાકરણનાં સૂત્રો હતાં તેને સ્થાને **પાણિનિકૃત અષ્ટા**નાં સૂત્રો આ પ્રકાશિત **વિષમ-પદપ્રકાશ**માં અપાયાં છે એમ એના સંપાદક **ભટ્ટનારાયણ** શર્માએ કહ્યું છે.

૪. [ગુણવિનયઉપાધ્યાયની આ ટીકાનું શ્રીવિનયસાગરે સંપાદન કર્યું છે. ટુંકમાં પ્રસિદ્ધ થનાર છે.]

૫. આ **શ્રીકૃષ્ણસૂરિકૃત વિમર્શિન્યાય** નામની વ્યાખ્યા સહિત ઈ. સ. ૧૯૦૬માં પ્રકાશિત કરાઈ છે. એ ''વાણીવિલાસ'' મુદ્રણાલયમાં છપાવાઈ છે.

૬. આના નાયક તરીકે કનોજના રાજા **હર્ષવર્ધન** (ઈ. સ. ૬૦૬-ઈ. સ.૬૪૬) છે. એઓ **બાણ**ભટ્ટના આશ્રયદાતા અને મિત્ર થાય છે. **હર્ષચરિત**માં **બાણ**ભટ્ટે પ્રારંભમાં આત્મવૃત્તાંત આપી ત્યાર બાદ આ રાજાનું જીવન આલેખ્યું છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તામલિકાને એની શોધ માટે મોકલે છે એ કંદર્પકેતુને મળી એને અંતઃપુરમાં લાવે છે. એક વિદ્યાધર નામે પુષ્પકેતુ સાથે વાસવદત્તાનાં લગ્ન થવાનાં હતાં એટલે એ પ્રેમીયુગલ નાસી જાય છે. આગળ જતાં કોઈ એક તાપસના ઉદ્યાનમાં એ બે જણ ઊંઘે છે. વાસવદત્તા જાગી ફળફૂલ લેવા જાય છે ત્યાં તો બે કિરાત નાયકો એની શોધમાં આવે છે. પરંતુ માંહોમાંહે લડી એ મરણ પામે છે. પોતાના P. ૫૫૭
ઉદ્યાનની દુર્દશા વાસવત્તાને લઈને થઈ એમ માની પેલો તાપસ વાસવદત્તાને શાપ દે છે કે તું નિર્જીવ પૂતળું બની જશે. વાસવદત્તા કાલાવાલ કરે છે ત્યારે એ કહે છે કે કંદર્પકેતુનો અચાનક સમાગમ થતાં તું જેવી હતી તેવી પાછી થઈ જશે.

કંદર્પકેતુ જાગીને જુએ છે તો વાસવદત્તા મળે નહિ. એ આપઘાત કરવાની તૈયારી કરે છે ત્યાં દિવ્ય વાણી સંભળાય છે કે વાસવદત્તા જરૂર મલશે. જંગલોમાં રખડતાં એ એક પૂતળા પાસે આવે છે. એમાં વાસવદત્તાનું સામ્ય જોઈ એ એને આશ્લેષે છે ત્યાં તો એ વાસવદત્તા બની જાય છે.

ટીકા– આ **વાસવદત્તા** ઉપર **ભાનુચન્દ્રગણિ**ના શિષ્ય **સિદ્ધિચન્દ્રગણિ**એ ટીકા રચી છે.

(૨) [૧]**કાદંબરી** (લ. વિ. સં. ૭૦૦)– આનો પ્રારંભ **બાણભટ્ટે** ઉર્ફે **બાણે** કર્યો છે. એમને કેટલાક 'પુલીન્દ્ર' કહે છે. એમણે **હર્ષચરિત**માં એક અઢેલીને ઊભા રહેલા ઘોડાનું જે આબેહુબ વર્ણન કર્યું છે એ ઉપરથી કે પછી **કાદંબરી**માં 'ઇન્દ્રાયુધ' નામના ઘોડાનું જે પરિપૂર્ણ અને મનોરંજકનો વર્ણન કર્યું છે એ ઉપરથી એમને 'તુરંગ-બાણ' પણ કહે છે.[૨] એમનો સમય **સુબન્ધુ** કરતાં પછીનો– ઈ. સ. ૬૫૦ની આસપાસનો છે. **બાણભટ્ટે** શરૂ કરેલી **કાદંબરી** એમના પુત્ર **ભૂષણભટ્ટે** પૂર્ણ કરી છે. કેટલાકને P. ૫૫૮
મતે **કાદાંબરી**નો **ચન્દ્રાપીડ**થી વિયોગ થતાં એને જે દુઃખ થયું તેનું વર્ણન કરતાં **બાણ** પરલોક સિધાવ્યા. આ બાણે જે કોઈ વિષય હાથમાં લીધો એનું એમણે સાદ્યન્ત અને સજીવ ચિત્ર આલેખ્યું છે.[૧] દા. ત. યુદ્ધનું વર્ણન કરતી વેળા શસ્ત્રાદિનો અને અરણ્યના વર્ણનના વખતે વૃક્ષોનો એમણે તાદશ ચિતાર આપ્યો છે.

વિષય– વૈશંપાયન નામનો પોપટ વિદિશાનારાજા **શૂદ્રક** આગળ ઉજ્જૈનના **ચન્દ્રાપીડ** અને ગન્ધર્વ કન્યા **કા**દંબરી વચ્ચેના અનુરાગનું તેમ જ કાદંબરીની સખી **મહા**શ્વેતા અને **પુંડ**રીક વચ્ચેના અનુરાગનું વર્ણન કરે છે. એકાએક **ચન્દ્રાપીડ** અને પુંડરીકના અવસાન થવાથી **કા**દંબરી અને **મહા**શ્વેતાનાં લગ્ન અટકી જાય છે પરંતુ દિવ્ય વાણી સાંભળી એઓ વખત વીતાવે છે.

ઉપર્યુક્ત પોપટ કથા કહી ઊડી જાય છે. ત્યાર બાદ જે સ્ત્રી શૂદ્રક પાસે પોપટ લાવી હતી તે કહે છે પોપટે કહેલી કથા તો એના પૂર્વ જન્મની હકીકત હતી. શૂદ્રક પોતે જ **ચન્દ્રાપીડ** હતો. પછી શાપને લઈને અટકી પડેલા લગ્નો થાય છે.

---

૧. આ ગુરુ-શિષ્યકૃતિ ટીકા સહિત "નિર્ણયસાગર મુદ્રણાલય" તરફથી ઈ. સ. ૧૯૪૮માં પ્રકાશિત થયેલી છે. આ એનું નવમું સંસ્કરણ છે. એમાં **મથુરા**નાથ શાસ્ત્રીકૃત **ચષક** નામનું ટિપ્પણ તથા ઉપોદ્ઘાત છે.
૨. જુઓ પૃ. ૫૪૭ ટિ. ૨માં નિર્દેશાયેલો મારો લેખ.
૩. સરખાવો "**બાણો**ચ્છિષ્ટં જગત્ સર્વમ્"

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ટીકા– આ **કાદંબરી** ઉપર ઉપર્યુક્ત **ભાનુચન્દ્રગણિ** અને એમના શિષ્ય [૧]**સિદ્ધિચન્દ્રગણિ**ના સંયુક્ત પરિશ્રમરૂપે એક [૨]ટીકા રચાઈ છે.

P. ૫૫૯ [૩]**કાદંબરીમંડન** કિંવા **કાદમ્બરીસાર**– માળવાના બાદશાહને **કાદંબરી** સાંભળવાની ઇચ્છા થવાથી એણે 'શ્રીમાલી' જ્ઞાતિના શ્રાવક મંત્રી **મંડન**ને કહ્યું કે મને એ ટૂંકમાં સંભળાવો. આ ઉપરથી મંડને અનુષ્ટુભ્‌માં ચાર પરિચ્છેદ પૂરતી **કાદંબરી** રચી અને એનું નામ **કાદંબરીમંડન** રાખ્યું. એ કાદંબરી કથાના સારરૂપ હોવાથી કેટલાક એને **કાદંબરીસાર** કહે છે. આની એક હાથપોથી વિ. સં. ૧૫૦૪માં લખાયેલી મલે છે.

(૪) ખંડ-કાવ્યો [૮]

(૧) [૪]**ખંડ-પ્રશસ્તિ**– આ ૧૬૦ પદ્યના કાવ્યના કર્તા **હનુમાન** (હનુમત્) છે. એમણે પ્રથમ પદ્યમાં હનુમાનની સ્તુતિ કરી છે. આ કાવ્યમાં વિષ્ણુના દસ અવતરોનું વર્ણન છે. આ કાવ્ય ઉપર નીચે મુજબની **પાંચ જૈન ટીકાઓ રચાઈ છે :**

(૧) **વૃત્તિ** (વિ. સં. ૧૫૦૧)– **ધર્મશેખરસૂરિ**એ વિ. સં. ૧૫૦૧માં આ વૃત્તિ રચી છે.

(૨) **સુબોધિકા** (વિ. સં. ૧૬૪૧)– આ ટીકા 'ખરતર' ગચ્છના ઉપાધ્યાય **જયસોમ**ના શિષ્ય **ગુણવિનયગણિ**એ વિ. સં. ૧૬૪૧માં રચી છે. એની વિ. સં. ૧૬૪૩માં લખાયેલી એક હાથપોથી ''ભાં. પ્રા. સં. મં.''માં છે એનો ગ્રન્થાગ્ર ૨૨૩૬ શ્લોકનો છે.

(૩) **ટીકા**– આના કર્તા **પ્રબોધમાણિક્ય** છે.

P. ૫૬૦ (૪) **ટીકા**– આના કર્તા **રામવિજયગણિ**ના શિષ્ય અને **રઘુવંશ** વગેરેના ટીકાકાર [૫]**શ્રી**વિજય છે.[૬]

(૫) **ટીકા**– આના કર્તાનું નામ જાણવામાં નથી.

આ પાંચ ટીકાઓ પૈકી ત્રીજી અને ચોથીનો **જિ. ૨. કો.** (વિ. ૧)માં ઉલ્લેખ નથી.

(૨) [૭]**ઘટ-કર્પર** (લ. વિ. સં ૫૫૦)– આના કર્તા તરીકે કેટલાક **કાલિદાસ**નું નામ સૂચવે છે તો કેટલાક **ઘટ-કર્પર** એવું નામ સૂચવે છે અને એમનો સમય ઇ. સ. ૫૦૦ની લગભગનો દર્શાવે છે. વિયોગિની વનિતાની દુઃખદ સ્થિતિ અને એણીએ પોતાના વલ્લભને એ અવસ્થા જણાવવા

૧. એમણે **કાદંબરી**નો સાર ગુજરાતીમાં રચ્યો છે. એ ''પુરાતત્ત્વ'' (પુ. ૫, અં. ૪)માં છપાયો છે.
૨. નિર્ણયસાગર મુ. ધ્વારા આ છપાઈ છે.
૩. પાટણની ''હેમચન્દ્રસભા'' તરફથી આ કૃતિ ગ્રંથાંક ૮ તરીકે છપાઈ છે.
૪. આ કાવ્ય **વામનાચાર્યે** સંપાદિત કર્યું છે અને એ ''પંડિત''માં ઇ. સ. ૧૮૭૦-૭૨માં છપાવાયું છે.
૫. જુઓ પૃ. ૫૩૮, ૫૪૧ અને ૫૪૫
૬. જુઓ **ચતુરવિજયજી**નો લેખ નામે ''જૈનેતર સાહિત્ય અને જૈનો'' અહીં કોઈકે રચેલી લઘુવૃત્તિનો પણ ઉલ્લેખ છે.
૭. આને 'ઘટ-ખર્પર' પણ કહે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સવારના મેઘને મોકલ્યાની વાત અહીં વર્ણવાઈ છે. અંતિમ પદ્યમાં એવો ઉલ્લેખ છે કે યમકોમાં મને જીતશે-આ યમકમય કાવ્ય કરતાં વધારે ચડિયાતું કાવ્ય રચશે તેને ઘડાની ઠીબમાં હું પાણી આપીશ. આ ઉપરથી આ કાવ્યનું નામ 'ઘટ-કર્પર' પડ્યું છે.

આ યમકમય કાવ્ય ઉપર **ત્રણ જૈન ટીકાઓ છે :–**

(૧) **વૃત્તિ**– 'પૂર્ણતલ્લ' ગચ્છના **વર્ધમાનસૂરિ**ના શિષ્ય **શાન્તિસૂરિ**એ આ રચના કરી છે. એમનો સમય વિક્રમની ૧૧મી કે ૧૨મી સદી છે.

(૨) **ટીકા**– ''બૃહદ્'' ગચ્છના **રત્નપ્રભસૂરિ**ના શિષ્ય અને **મેઘદૂત** વગેરેના વૃત્તિકાર [1]**લક્ષ્મીનિવાસે** આ રચી છે. P. ૫૬૧

(૩) **ટીકા**– આના કર્તા **પૂર્ણચન્દ્ર** છે.[2]

આ ત્રણ ટીકાઓ પૈકી છેલ્લી બેની **જિ. ૨. કો.** (વિ. ૧) માં નોંધ નથી.

(૩) **મેઘાભ્યુદય**– આ ૩૮ (? ૩૬) પદ્યના લઘુ કાવ્યના કર્તાનું નામ **કેલિ** હોવાનું કેટલાક કહે છે. એની એક હાથપોથી પ્રમાણે એનું 'ઘટ-કર્પર' નામ છે.[3] **કૃષ્ણમાચારિઅરના મતે વૃન્દાવન-કાવ્ય** જે **માનાંકે** રચ્યું છે તેઓ જ આના કર્તા છે. જુઓ H C S L(પૃ. ૩૭૩) **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૧૫)માં કર્તા તરીકે 'માનાંકસૂરિ' નામ છે અને આ કાવ્યનો પ્રારંભ **જિતાલિમાલાથી** હોવાનું અહીં કહ્યું છે.

માનાંક મહીપતિએ **મેઘાભ્યુદય** અને **વૃન્દાવન** એ બે કાવ્યો તેમ જ [4]**ગીતગોવિન્દ** ઉપર ટિપ્પણિકા અને **માલતીમાધવ** ઉપર ટીકા રચ્યાનું મનાય છે. એમનું જ અપર નામ **સાયંકેલિ** હોય તો ના નહિ. એઓ ઈ.સની ૧૨મીથી ઈ.સ.ની ૧૪મી સદીમાં થઈ ગયાનું કહેવાય છે.[5]

આ **મેઘાભ્યુદય** ઉપર બે જૈન ટીકા છે :– P. ૫૬૨

(૧) **વૃત્તિ**– **ઘટકર્પર** વગેરે કાવ્યના ટીકાકાર **શાન્તિસૂરિ**એ આ વૃત્તિ રચી છે.

(૨) **મુગ્ધાવબોધ**– આના કર્તા [6]**લક્ષ્મીનિવાસ** છે. આનો **જિ. ૨. કો.** (વિ. ૧)માં ઉલ્લેખ નથી. [(૩) **માનાંકસૂરિકૃત** ટીકા (ગ્રં.૩૬ શ્લોક)ની પ્રત કોબા કૈલા.જ્ઞાન. ક્ર. ૩૧૧૧૮ માં છે.]

૧. જુઓ પૃ. ૫૪૩ અને ૫૬૨

૨. જુઓ પંજાબના ભંડારની સૂચી (ક્રમાંક ૭૪૨.)

૩. જુઓ D C G C M (Vol. XIII. pt. 2, p,. 187)

૪. આ બાર સર્ગમાં વિભક્ત છે. એનું શ્રી. કેશવલાલ હર્ષદરાય ધ્રુવે ઈ. સ. ૧૯૧૮માં ગુજરાતીમાં ભાષાન્તર કર્યું છે. તેમ જ ઉપોદ્ઘાત પણ લખ્યો છે.

૫. આ સંબંધમાં જુઓ ડૉ. વામનશર્મા મહાદેવ કુલકર્ણીનો નિમ્નલિખિત પુસ્તક ઉપરનો અંગ્રેજી ઉપોદ્ઘાત (પૃ. ૨૦-૨૧) "Jayadeva's Gitagovinda with King Mananka's commentary". આ પુસ્તક ''લા. દ. વિદ્યામન્દિર'' તરફથી ઈ. સ. ૧૯૬૫માં પ્રસિદ્ધ કરાયું છે.

૬. જુઓ પૃ. ૫૪૩

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

(૪) [૧]**રાક્ષસ-કાવ્ય**– આના કર્તા તરીકે કેટલાક **કા**લિદાસનું નામ સૂચવે છે તો કેટલાક **ર**વિદેવનું સૂચવે છે. આ વીસ પદ્યના યમકમય લઘુ કાવ્યનો વિષય પ્રિયતમાની સાથે વનમાં વિહરતાં એના વલ્લભે વર્ણવેલી વનની શોભા છે. આ કાવ્ય ઉપર **બે જૈન ટીકાઓ છે :–**

(૧) **ટીકા**– વર્ધમાનસૂરિના શિષ્ય **શા**ન્તિસૂરિએ આ ટીકા રચી છે. એમણે **ઘટકર્પર** ઇત્યાદિ બીજાં [૨]ચાર કાવ્યો ઉપર પણ ટીકા રચી છે.

(૨) **વૃત્તિ**– ઉપાધ્યાય **જિ**નમતની આ રચના છે. આની નોંધ **જિ. ૨. કો.** (વિ. ૧)માં નથી.

(૫) વૃન્દાવન-કાવ્ય– આના કર્તા ઉગ્રસેનના પુત્ર **મા**નાંક છે.

આ યમકમય કાવ્ય ઉપર **ત્રણ જૈન ટીકા છે :–**

(૧) **વૃત્તિ**– 'પૂર્ણતલ્લ' ગચ્છના વર્ધમાનસૂરિના શિષ્ય અને **ઘટકર્પર**ના ટીકાકાર **શા**ન્તિસૂરિએ
P. ૫૬૩ આ રચી છે. પ્રારંભમાં એમણે કહ્યું છે કે યમકોને લઈને દુર્ગમ એવાં **વૃન્દાવન** વગેરે [૩]પાંચ કાવ્યોની હું ટીકા રચું છું. આ વૃત્તિની એક હાથપોથી વિ. સં. ૧૫૧૬માં લખાયેલી છે. [ગ્રંથાગ્ર ૫૨ શ્લોક]

(૨-૩) **મુગ્ધાવબોધ** (લ.વિ.સં. ૧૪૯૫)– આ [૪]**લક્ષ્મી**નિવાસની વિ. સં. ૧૪૯૬ની આસપાસની રચના છે. **જિ. ૨. કો.** (વિ. ૧, પૃ. ૩૬૫)માં આનો ઉલ્લેખ નથી પણ **રા**મર્ષિની વૃત્તિનો ઉલ્લેખ છે.

(૬-૭) **શિવભદ્ર** (ઉ. વિ. સ. ૧૧૫૦)– આ નામનાં બે લઘુ કાવ્યો છે : (૧) ૧૯ પદ્યનું અને (૨) ૨૮ પદ્યનું આ બંનેના કર્તાનું નામ **શિ**વભદ્ર છે. **કાવ્યાલંકાર** (અ. ૪, શ્લો. ૪)ની ટીકામાં **ન**મિસાધુએ આ કાવ્યમાંથી એક અવતરણ આપ્યું છે. **રા**યમુકુટે પણ આ કાવ્યનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપર **વૃન્દાવન** વગેરે કાવ્યના ટીકાકાર **શા**ન્તિસૂરિની વૃત્તિ છે.

(૮) **વિષમકાવ્ય**– આ અજ્ઞાતકર્તૃક છે.

વૃત્તિ– 'ખરતર' ગચ્છના જિનપ્રભસૂરિની આ વૃત્તિ છે.

(૫) શતકો [૫]

(૧-૩) [૫]**શતક-ત્રય** (ઉ. વિ. સં. ૯૦૦)– આથી **નીતિ-શતક, શૃંગાર-શતક** અને **વૈરાગ્ય-શતક** એ ત્રણ શતકો અભિપ્રેત છે. એના કર્તા તરીકે ભર્તૃહરિનું નામ સુચવાય છે.

---

૧. આ જીવાનન્દ વિદ્યાસાગરના કાવ્યસંગ્રહ (પૃ. ૫૭૨)માં છપાયું છે. હીફર (Hoefer)ના Sanskrit Lesebuchમાં પણ છપાયું છે.

૨. આ કાવ્યો તે (૧) **મેઘાભ્યુદય**, (૨) **રાક્ષસકાવ્ય**, (૩) **વૃન્દાવન** અને (૪) **શિવભદ્ર** છે.

૩. જુઓ ઉપરનું ટિપ્પણ.

૪. જુઓ પૃ. ૩૨૩.

૫. આ પ્રકાશિત છે. જુઓ **જૈ. સં. સા. ઇ.** (ખંડ ૧, પૃ. ૨૯૮)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નીતિશતક વિષે **જૈ. સં. સા. ઈ.** (ખંડ ૧, પૃ. ૨૯૮-૨૯૯)માં મેં વિચાર કર્યો છે એટલે અહીં બાકીનાં બે શતકોનો જ વિચાર કરવાનો રહે છે **શૃંગારશતક**માં પદ્યોની સંખ્યા ભિન્ન ભિન્ન જોવાય છે અને **વૈરાગ્યશતક** માટે પણ એમ જ છે. P. ૫૬૪

આ શતકત્રય ઉપર બે જૈન ટીકાઓ છે :–

(૧) **ટીકા**– આ 'ઉપકેશ' ગચ્છના **સિદ્ધસૂરિ**ના શિષ્ય **ધનસારે** વિ. સં. ૧૫૩૫માં જયપુરમાં રચી છે.[૧] **ભર્તૃહરિ**નાં શતકત્રય ઉપરના સમસ્ત ટીકાકારોમાં આ સૌથી પ્રાચીન છે.[૨] આ ટીકા પ્રો. **દામોદર** ધર્માનન્દ કોસંબીના મતે વાતચીતની જૈન સંસ્કૃત ભાષામાં રચાઈ છે.[૩] [આ ટીકા દીલ્હીથી પ્રસિદ્ધ છે.]

(૨) [૪]**સર્વાર્થસિદ્ધિમણિમાલા**– આના રચનાર 'ખરતર બેગડ' **જિનસમુદ્રસૂરિ** છે. આ સંસ્કૃત ટીકા છે એમ માની મેં અહીં એનો ઉલ્લેખ કર્યો છે. [**વૈરાગ્યશતક**- ઈન્દ્રનન્દીસૂરિ. પ્રા. ટે. સો. માં નકલ છે.]

(૪) [૫]**સૂર્યશતક** કિંવા **મયૂરશતક** (લ. વિ. સં. ૬૭૫)– આના કર્તા તરીકે **મયૂર**નું નામ દર્શાવાય છે. એમનો સમય ઈ. સ. ૬૨૫ની આસપાસનો ગણાય છે. આ શતક દ્વારા એમણે **સૂર્ય**ની સ્તુતિ કરી છે. આમ આ સૂર્યને લગતું સ્તોત્ર છે. એમાં સો કરતાં કેટલીક વાર થોડાંક વધારે પદ્યો જોવાય છે.

અવચૂર્ણિ– આ 'સહસ્રાવધાની' **મુનિસુન્દરસૂરિ**ના કોઈક શિષ્યે **સૂર્યશતક** ઉપર રચેલી અવચૂર્ણિ છે. આની નોંધ **જિ. ૨. કો.** (વિ. ૧)માં નથી. P. ૫૬૫

(૫) [૬]**અમરુ-શતક** (ઉ. વિ. સં. ૮૧૦)– આ નામમાં બે અંશ છે. પ્રથમ અંશ એના કર્તાના નામનો (અમરુનો)દ્યોતક છે જ્યારે દ્વિતીય અંશ આ કાવ્યમાં સોએક પદ્યો છે એ વાતનો નિર્દેશ કરે છે. આના કર્તા તરીકે કેટલાક [૭]**શંકરાચાર્ય**નો ઉલ્લેખ કરે છે તે નવાઈ જેવું છે. **અમરુ**નો સમય ઈ. સ. ૬૫૦ થી ઈ. સ. ૭૫૦નો ગણાય છે. આ કાવ્યમાં **શૃંગાર** રસને બહેલાવ્યો છે. એથી કે પછી અન્ય કોઈ કારણથી આને કેટલાક શૃંગારશતક કહે છે. એમાં નાયક અને નાયિકાની વિવિધ મનોદશા આલેખાઈ છે.

---

૧. જુઓ **શતકત્રયાદિ**.નો ઉપોદ્ઘાત (પૃ. ૨૩)

૨-૩. એજન, પૃ. ૨૩

